1940 - १९४०

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર REGD. NO. B 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ ઓકમચંદ શાહ

વર્ષ : ૧ અંક : ૧૮ | મુંબઈ : ૧૫ જાનેવારી ૧૯૪૦ સોમવાર | લવાજમ રૂપિયા ૨

તાજ


હિમાલયમાં નંદાદેવીના શિખરનું જ્યારે પ્રથમ દર્શન કર્યું ત્યારે ઉપર પર્વતનું શિખર અને નીચે આકાશ જેવા વાદળાં હોવાથી એમ લાગતું કે આ પર્વતશિખર મૈનાકની જેમ આકાશમાં ઊડે છે, ધરતી સાથે એનો સંબંધ જ નથી. અને એ ભ્રમને કારણે હિમાલય પાર્થિવ નથી પણ સ્વર્ગીય વસ્તુ છે એમ જ મનમાં થતું.

પ્રખ્યાત ચિત્રકાર એડમન્ડ ડયુ લેકે ઓમાર ખય્યામની રુબાયતો માટે જે ચિત્રો ચિતર્યાં છે તેમાં પણ નીલ આકાશમાં એક મહેલનાં શિખરો અહરનાં અહર વિરાજમાન છે. જોતાંવેંત ખ્યાલ આવે છે કે આ ગંધર્વનગરી છે.

હમણાં જ્યારે દિલ્લી થઇને આગ્રોહર (પંજાબ) ગયો હતો ત્યારે ટ્રેનમાંથી જમણી બાજુની ઝાડી ઉપર તાજનું શિખર અને એના ચાર મિનારાઓ દેખાયા હતા. તાજના આરસપહાણનો જે ફિક્કો વાદળી રંગ છે એજ રંગનું આકાશ તે દિવસે મળેલું હોવાથી બન્ને એક બીજામાં ભળતાં હતાં અને તાજ એટલો તો ફિક્કો લાગતો હતો કે આ પ્રત્યક્ષ તાજ નથી પણ એનું સ્મૃતિચિત્ર છે એવી મનપર છાપ પડતી.

અને એ જ છાપને કારણે તાજમહાલ ફરી ક્યારે જોઇશ એવી ઉત્કંઠા મનમાં જાગી. આનંદની વાત કે તાજે રાજી થઇ થોડા દિવસમાં એ મુરાદ બર આણી.

અલ્લાહબાદથી અમે કાનપુર ગયા હતા. ત્યાં શ્રી. જમનાલાલજી મળ્યા. તેઓ અમને જયપુર લઇ જવાના હતા. કાનપુરથી આગ્રા ફોર્ટ સ્ટેશન સુધી જતાં જમુનાના પેલી પારના સ્ટેશન ઉપરથી તાજનાં ફરી દર્શન થયાં. સૂરજ પશ્ચિમ તરફ ઢળેલો હતો. તાજ એટલો તો નજીક લાગતો હતો કે નદી ઓળંગી કે એને ભેટી પડયા.



તાજ પોતે સર્વાંગસુંદર છે જ. હવે માણસની બુદ્ધિ એ શોધવા પાછળ દોડે છે કે કયે ખૂણેથી એને જોયો હોય તો વધારેમાં વધારે કાવ્ય મળી શકે છે. અનેક રસિકોએ અનેક બાજુએથી એના ફોટાઓ લીધા છે. મેં એ બધા તો નહિ, પણ ઘણાખરા જોયા છે અને દરેકની ખૂબી પણ તપાસી છે. આ સ્ટેશનના ગુડઝ પ્લેટફોર્મ ઉપરથી તાજનું જે દર્શન થાય છે તે ઉત્કૃષ્ટ છે એમ મને લાગ્યું. આગ્રોહર જતાં જે ઉત્કંઠા ઊપજી હતી તે અહીંના દર્શનથી તૃપ્ત થઇ અને ચિત્ત શાંત થયું. ટ્રેન ઊભી હોવાથી એ દર્શન ધરાઇને થયું હતું એટલે અતૃપ્તિને અવકાશ રહ્યો નહોતો. તાજ વિષેનું મારું બધું કાવ્ય મનમાં ફરી એકવાર જાગૃત થયું અને એક ઉજાણી કર્યાનો આનંદ થયો.

અમે આગ્રા ફોર્ટને સ્ટેશને આવ્યા. શ્રાવણી પૂર્ણિમાનો બીજો દિવસ હતો. વદ પ્રતિપદાને દિવસે ચંદ્રને ઊગતાં બહુ વાર લાગતી નથી. એટલે સંધ્યાની શોભા આથમતા પહેલાં ચંદ્રિકાનું તેજ એમાં ભળી જાય છે. તેથી સંધ્યા ક્યારે પૂરી થઇ અને જ્યોત્સના ક્યારે શરૂ થઇ એની ખબર જ નથી પડતી.

આવે રજનીમુખને ટાણે અમે તાજ પાસે પહોંચ્યા. રસ્તામાં ધોળી કિનારવાળો લાલ કિલ્લો મોગલ ઇતિહાસ બોલતો હતો અને એની ધરતી ઉપર અમે શાહજહાન, મુમતાઝ, જહાનઆરા અને ઔરંગઝેબને સજીવન થઇ હરતાફરતા જોતા હતા.

તાજને બારણે જરાક થોભ્યા વગર અંદર જવાતું જ નથી. દૃષ્ટિ ઘડીક તાજ તરફ જાય અને ઘડીકમાં જમણી બાજુનું આકાશ ચંદ્રને ક્યારે જન્મ દે છે એ કુતૂહલથી જુએ. ગઇ કાલે જ આ ચાંદ અનેક બહેનોને પોતપોતાના ભાઇઓને રાખડી બાંધતાં જોઇ હતી. આજે એ બધી ચંદ્રાનનાઓ ઉત્સુકતાથી એ ચંદ્રની વાટ જોતી હશે. જો વાદળાં વચમાં ન આવ્યાં હોત તો ક્યારનું ચંદ્રદર્શન થયું હોત પણ 'જો સુનરીમેં ઝળક કિનારી' એ વાદળાંઓએ અમારી અને ચંદ્રની વચ્ચે અંતરપટ તાણી અમારી ઉત્સુકતા વધારી હતી.

દરવાજામાંથી તાજ કેવો નાનો અને રૂપાળો બાલક જેવો દેખાય છે! નાના બાલકો જ્યારે ડાવકા થઇને બેસે છે ત્યારે એમના શરીરના પ્રમાણમાં એમનું માથું કાંઇક મોટું દેખાય છે. તાજનું પણ પહેલી જ ક્ષણે એવું જ લાગે છે. અંદર પેસીને જેમ આગળ વધ્યા તેમ તાજ મોટો અને ભવ્ય દેખાવા લાગ્યો. અને નીચે પાણીમાં તેનું પ્રતિબિંબ તરલ અને જીવંત જણાયું. જેટલી વાર મેં તાજ જોયો છે તેટલી વાર એની ઊંચી અને પહોળી

ખુરશીની ભવ્યતા ધ્યાનમાં આવ્યા વગર રહી નથી. તાજની પ્રતિષ્ઠા પોતાના આધારે છે એ એનાથી ભુલાતું જ નથી.

પછી ધ્યાન જાય છે આકાશ તરફ આંગળી ચીંધનારા પ્રાર્થનાશીલ મિનારા તરફ. એ ચાર મિનારાનું અહર્નિશ રક્ષણ છે એટલે જ તાજ સુરક્ષિત છે. મધ્યરાત્રે આ મિનારાઓ એક બીજાને 'આલબેલ' પોકારે છે.

અમે કાંઇક પાસે ગયા. અંધારું વધતું હતું. પ્રકાશ બહારથી પાછો હઠતો હતો. એ નિશ્ચય કરી શકતો ન હતો કે તાજને પ્રકાશિત કરવો કે ન કરવો. વિસ્મૃતિમાંથી સ્મૃતિનું રહેજસાજ ઉદ્દીપન થતું હોય એવી અસર થતી.

હવે પહેલે અંદર જવું કે પ્રદક્ષિણા કરવી? જો અમે બહુ વહેલા આવ્યા હોત તો અંધારું થતાં પહેલાં બહારની શોભા જોવાનું મન થાત, પણ અત્યારનું આકર્ષણ જુદું હતું. જરા વાર થોભીએ તો પેલો કિમિયાગર ઉપર આવશે અને તાજને સોનાચાંદીના રસથી નહેરાવશે એમ અમે જાણતા હતા એટલે અમે સીધા અંદર ગયા. અંદરની દીવાલ પર જે પાનફૂલની ભાત છે તે જોઇને આલ્ડસ હક્સલીના વર્ણનનું સ્મરણ થયું. એને આ ભાત કલાશૂન્ય, બંજરુ અથવા રાશી લાગી. મને પણ એક વખતે એમ જ લાગ્યું હતું. આ વખતે એટલી ખરાબ અસર ન પડી.

છેક ગર્ભગૃહમાં અંદર પહોંચ્યા એટલે આરસપહાણની જાળી કરતાં વધારે સારું પ્રતીક કયું હોઇ શકે? પાસે જઇને જોતાં એ જાળી ઉપર રંગબેરંગી પથરાના કકડા બેસારી ફૂલપત્તીની શોભા ત્યાં આણી છે એમ જણાયું. એક ભાઇ દિવાસળી સળગાવીને પોતાના મિત્રને એ આખી શોભા બતાવતા હતા અને અમે એની પાછળ પાછળ એની મહેનતનો મફતનો લાભ લેતા હતા. જાળીની આસપાસ ફરતાં ફરતાં મારું ધ્યાન દીવાલ પર ગયું. ગર્ભગૃહની વચ્ચે ટીંગાડેલા ફાનસની જાળીની ભાત છાયારૂપે આસપાસની અષ્ટકોણી દીવાલ ઉપર પડી હતી. અને તેથી જાણે દીવાલની પણ જાળી જ બનાવી હોય. અંધારામાં આ બધું જોવાનો વિશેષ આનંદ આવ્યો. ગર્ભગૃહમાંથી બહાર નીકળી અમે ભોંયરામાં ગયા. અંદર ઘણા લોકોની ભીડ હતી તે બહાર નીકળતાંવેંત અમે અંદર ગયા. લોકોનો ઘોંઘાટ હોવા છતાં અંદરની ચીરશાંતિનો ભંગ થયેલો જણાયો નહિ. સાચી કબરો આ ભોંયરામાં છે. અહીં એ પ્રેમી યુગલ પાસે પાસે સૂતું છે. બરાબર વચ્ચે મુમતાઝ મહાલની કબર છે. ઔરંગઝેબની કંજુસાઇને લીધે શાહજહાનને પણ મૃત્યુ પછી પોતાની પ્રિયપત્નીની પાસે જ આરામ લેવાનો લહાવો મળ્યો. એની કબર સહેજ બાજુ પર અને જરાક ઊંચી છે. કોણ જાણે કયાંથી વર્ડઝવર્થની લીટી યાદ આવી.

Twelve steps or more from my
Mother's dear, and they are side by side.

એ મુમતાઝ ગઇ. એનું અખંડ સ્મરણ કરનાર શાહજહાન ગયો. એ બેને એકત્ર સુવાડવાનું ઔચિત્ય બતાવનાર ઔરંગઝેબ પણ ગયો. અને ફકત એ પ્રેમકહાણી પાછળ રહી ગઇ. અને અહીં વાવેલી એ પ્રેમકહાણીમાંથી ફૂલસમી આ કલાકૃતિ ઊગીને આકાશ તરફ અનંતકાળ માટે તાકતી રહી છે.

બૌધ્ધ લોકો ધ્યાન માટે કોઇ સરસ જળાશય, અથવા લીંપી કાઢેલી જમીન અથવા એવી જ કાંઇક આકર્ષક વસ્તુ રાખે છે. એમના જમાનામાં તાજતહાલ નહોતો. નહિ તો એમના શાસ્ત્રોમાં ધ્યાનમૂર્તિ તરીકે તાજમહાલને પણ સ્થાન મળત. હજારો અને લાખો લોકોના એકાગ્ર ધ્યાનમાંથી આ પ્રેમકુસુમ પેદા થયું. જો પ્રેમ મુર્ઝાઇ જાય તો જ આ કુસુમ પણ મુર્ઝાઇ જાય.

બહાર આવીને અમે પ્રદક્ષિણા શરૂ કરી. નૈરૂત્યના ખૂણામાં મિનારાની આંગળીની ટોચે એક સરસ તારો દેખાતો હતો. જાણે દિક્ષીશ્વરના મુગટમાંનો કોહીનૂર. શિખરની ટોચે તારો બેસાડવાથી શોભા કેટલી વધી છે એ લોકોએ બહુ જોયું નહિ હોય અને નહિતર લોકકથામાં અને લોકગીતોમાં એનું વર્ણન કરતાં કવિઓ કોઇ કાળે થાકત નહિ

અમે એ નૈરૂત્યના મિનારા ઉપર જ ચઢયા. કાળમેશ રાત ચંદ્રથી બ્હીને આ મિનારાની અંદર ભરાઇ હતી. ઉપર જવું કે ન જવું એની ચર્ચા બહુ કરવી ન પડી. અંધારામાં પ્રવેશ કરવો, અજ્ઞાતમાં પ્રવેશ કરવો, ભવિષ્યમાં ભુસ્કો મારવો—એ જેટલું બિહામણું છે તેટલું જ આકર્ષક પણ છે. અમે અંધારામાં ચઢયા, એક પછી એક ચઢયા. અનેક હોવા છતાં એકકેનું દર્શન થતું નહોતું. એકબીજાનો સાદ સાંભળતાં ઉપર ચાલ્યા. ગોળ ગોળ ચાલ્યા. પગ ચઢતા જાય, હાથ દીવાલોને પૂછતા જાય, એટલામાં એક બારી આવી. હાશ કરીને અમે બહાર નીકળ્યા. એ બારીની ઊંચાઇએ મિનારાએ એક કટીમેખલા. પહેરી હતી, બારીમાંથી તાજનું દર્શન કરતાં કેટલો આનંદ આવતો હતો! અંધારામાંથી પસાર થયા એને માટે જાણે બક્ષીસ કે પ્રસાદ આપતો હોય એવી રીતે તાજે પોતાનાં દર્શન દીધાં. એટલું ભાથું મળ્યું એટલે અમે નવા ઉત્સાહથી ફરી ઉપર ચઢવા લાગ્યા. હવે તો પગથિયાં ટૂંકાં થવા લાગ્યાં. બીશો નહિ કરીને દીવાલો પડસે આવી. અંધારું જાડું અને ઊંડું થવા લાગ્યું. એનો છાતીપરનો ભાગ વધવા લાગ્યો, એટલામાં બીજી બારી આવી. અહીંથી તાજનો જુદો જ અવતાર દેખાયો. ચંદ્ર પણ ઠીક ઠીક ઉપર આવ્યો હતો. અમારી બાજુ તાજ પર છાયા હતી. એની ડાબી કોર જ ઝળકતી હતી. સગી આંખે સ્પષ્ટ જોવા છતાં કેમે કરીને વિશ્વાસ ન થાય કે જડ પથરાની બનેલી આ માનવકૃતિ છે. એમ જ થતું કે એક અપ્રતિમ કવિતા આંખોને દર્શન દેવા અહીં છતી થઇ છે. એમ જ થતું કે પોતાની શાબ્દિક વ્યાખ્યા સહન ન થવાથી ઔચિત્ય પોતે જ અહીં સર્વતોભદ્ર થયું છે. આટલી બધી સુંદરતા સમજવાની, પારખવાની અને માણવાની શકિત પોતામાં છે એમ જોઇને અમારો પોતાના વિષેનો અભિપ્રાય બહુ ઊંચો થયો. હાથે અમે આવી કૃતિ બનાવી ન શકાયે તેથી શું? એની કદર કરવાને કારણે જ આ કૃતિના કલાધર કારીગરોની ન્યાતમાં જઇને ભળ્યાનું ગૌરવ અમને પ્રાપ્ત થતું હતું. એ ગૌરવને જોરે અમે ઉપર ચઢયા. હવે અમારી દયા ખાવા કોઇ બારી જલ્દી આવી જ નહિ. ધીરજ ખૂટવા આવે ત્યાંસુધી અમે ચઢયા અને અમે આટલી તપશ્ચર્યાનો પૂર્ણ પ્રસાદ મેળવવા પામ્યા. અમે ટોચે પહોંચ્યા. ત્યાં ચબૂતરા તળે બેસી અમે ચંદ્રનાં દર્શન કર્યાં. એ પ્રેમી ચંદ્રને સાક્ષી રાખી અમે અમારી પ્રાર્થના શરૂ કરી:

"आशा वास्य मिदं सर्वम् यत्किंच जगत्यां जगत"

જેમ આ ચંદ્ર પોતાના ઉજ્વળ ચાંદરણાથી આ આખી સૃષ્ટિને ઢાંકી દે છે, સૂતેલી સૃષ્ટિ પર પોતાની શીતળ પછેડી ઓઢાડી દે છે તેવી જ રીતે આચરાચર વિશ્વ ઇશ્વરી તત્ત્વથી ઢાંકી દેવું જોઇએ એ વૈદિક ઋષિનો આદેશ આ મિનારાની ઊંચાઇ ઉપરથી પોતાના મન પર ઠસાવતાં કેટલું

સહેલું લાગતું હતું. બાહ્ય શાંતિ અને હૃદયની શાંતિ એક થઈ ગયાં. હૃદયની પ્રસન્નતાએ જ જાણે આકાશના અરીસામાં વ્યક્ત થવા માટે ચંદ્રનું રૂપ ધારણ કર્યું હતું. એટલો તે વખતનો ચંદ્ર જોઈ આનંદ થયો. અને પેલી ચાંદીની લીટી જેવી જમુના—એ તો ધ્યાનમગ્ન થઈને ચાંદરણું પીતી જતી હતી.

"થંભ્યા જમુનાના નીર."

યોગશાસ્ત્રનો એક સવાલ છે : સમાધિમાં પહોંચ્યા પછી માણસ ફરી દેહભુધ્ધિ ઉપર શી રીતે ઊતરે છે? મારા મનમાં પણ આ મિનારા પર પ્રશ્ન ઊઠ્યો કે અહીંના આ શાંત અદ્વૈતમાંથી શી રીતે સ્મરણ જાગ્યું કે અહીંથી અમારે વખતસર પાછા જવું છે. ત્યારે શું આ કુદરત સાથેનો અદ્વૈત બધું માયારૂપ છે અને સ્ટેશન પર જઈ પકડવાની ટ્રેન જયપુરની ગાડી સત્યરૂપ છે? કે જેથી આ બધો અદ્વૈતાનંદ વિખેરી નાખી અમે ચઢેલાં પગથિયાં રાજીખુશીથી ઊતરવા તૈયાર થયા.

નીચે ઊતરીને તાજમહાલની એક પ્રદક્ષિણા કરી. જેમ જેમ પ્રદક્ષિણા કરતા ગયા તેમ તેમ તાજના મુખ્ય ઘૂમટમાં અમાવાસ્યા, અષ્ટમિ અને પૂર્ણિમા દેખાવા લાગ્યા અને ચાર મિનારા તો એની મેળે આ ચાર પ્રકાર બતાવતા હતા. અમે જે કિનારા પર ચઢ્યા હતા એના પર ચાંદરણાનું ઝાપટું જોરથી પડતું હોવાથી ત્યાં પૂર્ણિમા હતી. એ અમારે માટે પૂર્ણિમા બની હતી, આગ્નિય ખૂણાનો મિનારો એ જ કારણે અમાસ બની હતી. વાયવ્ય ખૂણો અષ્ટમિની શોભા બતાવતી હતી. જ્યારે ઈશાન ખૂણાનો મિનારો તાજ પાછળ ઢંકાઈ ગયો હતો.

અમે ઉત્તર તરફ જઈ જમુનાનું દર્શન કર્યું. ત્યાંથી પૂર્વ તરફ વળ્યા. ત્યાં તાજના એક ગોખલામાં ઊભો રહી પૂર્વ તરફના પ્રાર્થનામંદિરના શિખર ઉપર મેં ચાંદ આણ્યો. એ બાજુની મસ્જિદ સોનાની બની ગઈ હતી. એ કાળી મસ્જિદના શિખર ઉપર ગોળ ચંદ્ર અને એ ચાંદના પેટમાં શિખરની સળીમાં પરોવાયલો ગોળો એટલો તો સુંદર લાગતો હતો કે આંખોને એ ઉજાણીમાંથી ઉઠાડવાની હિંમત ચાલતી નહોતી. જરાક આગળ જઈને જોયું તો માથા ઉપરથી અભિજિત અમી વર્ષે છે. વધતા જતા ચાંદરણાના લીધે આખો તાજ એવો તો ઉઠાવદાર દેખાતો હતો કે જાણે હમણાં મોગલ વંશની આખી તવારિખ બોલી બતાવશે.

તાજના એ ધોળા ઓટલા ઉપરથી અમો નીચે ઊતર્યા. ઉપર હતા ત્યાંસુધી કળાની મસ્તીમાં હતા. ઓટલા નીચે આવ્યા અને પ્રદક્ષિણા કરવા માંડી એટલે મસ્તી ઊતરી અને અંતર વધવાથી મનમાં મસ્તીને ઠેકાણે ભક્તિએ પ્રવેશ કર્યો. અહીંથી મિનારાઓ વધારે ગંભીર દેખાવા લાગ્યા. હવે એ અમારા ન રહ્યા પણ ગંધર્વસૃષ્ટિમાં જઈને પહોંચ્યા. નીચેથી પ્રદક્ષિણા કરતાં હવે તો કશું જોવાની તાકાત ન રહી. આંખો ઘરાઈ હતી. હૈયું છલોછલ ભરાયું હતું. ભેજું વિચારોની ભીડને કારણે નક્કર બન્યું હતું. અને પગ પીધેલા માણસ જેવા જેમતેમ પડતા હતા. એ શરીરનો થાક નહોતો પણ સૌંદર્યપાનનો એ કેફ હતો.

પણ શું આ બધી અસર કેવળ સૌંદર્યસૃષ્ટિની હતી? ના, એમાં મુખ્ય ભાગ તો ભાવનાસૃષ્ટિનો હતો, આજે એ તાજ પાછળ કેવળ શાહજહાન અને એ મુમતાઝ નથી પણ મોગલકાલિન ભારતવર્ષનો આદર્શ છે. પ્રાચીન કારીગરીના પ્રતિનિધિ હિન્દુ શિલ્પિઓ અહીં કામ કરતા હતા. બગદાદ અને ઈસ્તમ્બુલની કારીગરીને લઈ આવેલા ત્યાંના વણઝારા પણ અહીં હતા અને કોણ જાણે દિલ્હીના વૈભવથી આકર્ષાઈને આવેલા કોણ કયા દેશનો હતો અને કોણ કયા દેશનો નહોતો. દરેકની બોલી જુદી, દરેકના સુખદુઃખ જુદા, દરેકની અનુભૂતિ અને અભિરુચિ પણ જુદાં છતાંય એ બધાનો અહીં અપૂર્વ અને સુભગ સંગમ થયો હતો. જે જાતની હૃદયની એકતા ભારતવર્ષ માટે આપણે ઇચ્છીએ છીએ અને જે એકતામાંથી આપણે દુનિયાની સર્વોત્તમ સેવા કરવાની મહેચ્છા સેવીએ છીએ તે અલૌકિક એકતા આ કલામહોત્સવના વાતાવરણમાં એક વખતે સિધ્ધ થયેલી હતી એનો આ જીવતો પુરાવો અમારી નજર આગળ ઊભો હતો.

સીડીનો કઠેરો અથવા હાથની લાકડી જેમ જેમ વપરાય તેમ તેમ તેની સુંવાળપ વધે છે. દરેક જણના હાથની પ્રસન્નતા એનાપર જેમ જેમ ફરતી જાય છે તેમ તેમ એનું તેજ વધે છે એ અનુભવ સાર્વત્રિક છે. આ તાજમહાલ ઉપર પણ અનેક જમાનાના અસંખ્ય પ્રેક્ષકોએ આવી આવીને આ તાજ ઉપર પોતાની આંખો ફેરવી છે અને એના ઉપર પોતપોતાની ભાવનાના પૂર ચઢાવ્યા છે અને એનું ગૌરવ અને એની તાજગી વધારતા ગયા છે.

જે આવે છે તે પોતાના જીવનાનુભવનું ભાથું લઈને અહીં આવે છે અને એ અનુભવ જેટલો ઊંડો હોય તેટલા પ્રમાણમાં આ કળાવિલાસનો અર્થ કરે છે. જાણે કોઈ આચાર્ય આર્ષવાણી ઉપર પોતાના પ્રસ્થાનનું ભાષ્ય કરે છે.

નિર્મળ અરીસામાં જેમ માણસને પોતાનું પ્રતિબિંબ દેખાય છે અને એ અરીસાના પારામાં જો ગુલાબી રંગ હોય તો પોતાની મુખમુદ્રા પણ જેમ કમળ ખીલે છે તેવી જ રીતે દરેક માણસ આ કલાકૃતિમાં પોતાનાં હૃદયનું ઉત્કૃષ્ટ પ્રતિબિંબ દેખી શકે છે. હૃદય જેટલું સમૃદ્ધ હશે તેટલું અહીંનું પ્રતિબિંબ ઊંડું હશે.

ઓટલે અહીં જે અનુભવાય છે તે આત્મદર્શનનો જ આનંદ, આત્મપરિચયનું સમાધાન અને આત્મવિકાસની અમરતા.

ખરેખર આ કળાકૃતિ મૃત્યુંજયની માત્રા છે; અમર પ્રેમનું લાવણ્ય છે:

यत्रतोयेषु लोलेषु चन्द्रमाः साधुनृत्यति

કાકા કાલેલકર

ભવ્યતાનું દર્શન

નિકોલસ રોરીકનાં ચિત્રોનું પ્રદર્શન

આન્તરરાષ્ટ્રિ જેની ખ્યાતિ છે અને જે છેલ્લાં પંદર સત્તર વર્ષથી હિમાલયમાં નિવાસ કરી રહેલ છે તે સુપ્રસિદ્ધ ચિત્રકાર નિકોલસ રોરીકનાં ચિત્રોનું પ્રદર્શન આજકાલ મુંબઇના ટાઉન હોલમાં રજૂ થયેલું છે. આ ચિત્રો કેવળ પાર્થિવ દૃશ્યોનાં સ્થૂળ આલેખનો નથી પણ ભવ્યતા અને અનન્તાને મૂર્ત સ્વરૂપ આપતાં દિવ્ય દર્શનો છે. આ ચિત્રો અને તેના નિર્માતા મહર્ષિ ચિત્રકાર વિષે વધારે વિગતો હવે પછીના અંકમાં આપવામાં આવશે. આ ચિત્રો નજરે નિહાળવાની તક ન ચૂકવા "પ્રબુદ્ધ જૈન"ના વાચકોને ખાસ આગ્રહ કરવામાં આવે છે.

૫.

सच्चस्स आणाए उव्वट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન
સત્યપૂતં વદેદ્વાક્યમ્
ડિસેમ્બર, ૩૧ ૧૯૩૯

કોમી છાત્રાલયો અને ધાર્મિકતા

છાત્રાલય એટલે વિદ્યાર્થીઓને એકત્ર રહેવાનું સ્થાનક. છાત્રાલય એટલે શાળા નહિ પણ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને શાળાનો સમય બાદ કરતાં બાકીનો સમય ગાળવાની એટલે કે રહેવા ખાવા સૂવા રમવા વગેરેની સગવડ આપતી સંસ્થા. છાત્રાલયનો પ્રશ્ન ઘણો વિશાળ છે. અહીં તો માત્ર જૈન સમાજમાં આજકાલ સ્થળે સ્થળે ઊભા કરવામાં આવેલાં છાત્રાલયો અને તેમાં ફરજિયાત પળાવવામાં આવતા કેટલાક ધાર્મિક નિયમો સંબંધે ચર્ચા કરવાનો આશય છે.

આપણાં જૈન છાત્રાલયો અનેક પ્રકારનાં છે અને તેના મુખ્ય મુખ્ય પ્રકારો લક્ષ્યમાં લેવામાં ન આવે ત્યાંસુધી તેમાં પળાવવામાં આવતા નિયમોની યોગ્યાયોગ્યતાનો સાચો વિચાર થઇ ન શકે. કોઇ પણ ચોક્કસ આદર્શ ઉપર ઊભી થયેલી શિક્ષણસંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓ માટે ઊભું કરવામાં આવેલ છાત્રાલયમાં જે ધાર્મિક શિસ્ત યોગ્ય અને વ્યવહારૂ ગણાય તે જ ધાર્મિક શિસ્ત સરકારી કે બાનગી બહારની શિક્ષણસંસ્થાઓમાં ભણતા જૈન વિદ્યાર્થીઓને રહેવાકરવા માટે યોજાયેલ છાત્રાલયમાં વધારે પડતી સખ્ત અને અવ્યવહારૂ ગણાય. વળી પ્રાથમિક શાળાઓ અને હાઇસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને છાત્રાલયોમાં પળાવવામાં આવતા ધાર્મિક નિયમો અને વ્યવહાર કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ઊભાં કરવામાં આવેલાં છાત્રાલયોમાં કેટલા અંશે ઉચિત ગણવા એ પણ એક વિચારવા જેવો પ્રશ્ન બને.

ચોક્કસ ઉદ્દેશ અને આદર્શ ઉપર ઊભી કરવામાં આવેલી શિક્ષણસંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓની સર્વ રહેણીકરણી તે ઉદ્દેશ અને આદર્શને સર્વ પ્રકારે અબાધિત હોવી જોઇએ એ વિષે બે મત હોઇ શકે જ નહિ. દાખલા તરીકે સાધુઓ અથવા તો જૈન ધર્મના આજીવન પ્રચારકો તૈયાર કરવા માટે એક શિક્ષણસંસ્થા ઊભી કરવામાં આવે તો તે સંસ્થામાં ભણતાં વિદ્યાર્થીઓનું છાત્રાલય જીવન પણ જૈનધર્મના સર્વ નિયમઉપનિયમોને અનુસરતું હોવું જોઇએ. આવી સંસ્થામાં ભણતો વિદ્યાર્થી ધાર્મિક પ્રચલિત નિયમો સંબંધમાં કશી પણ છૂટછાટ માગે તો તે આપી શકાય નહિ અને એવી કશી છૂટછાટ લે તો નિભાવી શકાય નહિ. અલબત્ત આવી સંસ્થા અને તેને લગતા છાત્રાલયમાં રહેવાને લગતા નિયમો પચ્ચીસો વર્ષનાં ગાળા દરમિયાન પરિવર્તન પામેલા દેશકાળને ધ્યાનમાં રાખીને જ ઘડાવા જોઇએ. કારણ કે એમ ન કરવામાં આવે અને શાળા અને છાત્રાલયનું જીવન જો ચારેક તરફથી જનાકાળના ધાર્મિક નિયમઉપનિયમની બેડીઓથી બાંધી દેવામાં આવે તો એવી સખ્ત બેડીઓ આજનો કોઇ પણ વિદ્યાર્થી સહન કરી શકવાનો જ નથી. પરિણામે એવી સંસ્થાનો વિદ્યાર્થી કાં તો કેવળ જડ બની જવાનો છે અથવા ધૂર્ત અને પાખંડી બનીવડવાનો છે. આમ છતાં પણ આવાં છાત્રાલયોમાં ધાર્મિક નિયમન બહુ અગત્યનું સ્થાન ભોગવે એ તદ્દન સ્વાભાવિક અને યોગ્ય છે.

સાર્વજનિક હાઇસ્કૂલો કે કોલેજોમાં ભણતા જૈન વિદ્યાર્થીઓની રહેવાસૂવાની સગવડ આપતાં છાત્રાલયો બીજા પ્રકારના છે. અહીં કોમી કે ધાર્મિક સંસ્કૃતિની શાળા અને છાત્રાલય વચ્ચે સંગતિ જાળવવાનો પ્રશ્ન જ હોતો નથી. ઊલટું આ શાળાઓ કે કોલેજોમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે જેને ધાર્મિક કહેવામાં આવે છે તેથી ઇતર પ્રકારનું હોય છે અને ઊલટું તે કારણે જ આવાં છાત્રાલયો ઊભાં કરવાનો આશય વિદ્યાર્થિઓને રહેવાખાવાની સગવડ આપવા ઉપરાંત સરકારી કે સાર્વજનિક નિશાળો કે કોલેજમાં જેને કશું સ્થાન નથી હોતું એવા ધાર્મિક સંસ્કારોની અને તેટલી પુરવણી કરવાનો પણ સાથે સાથે રાખવામાં આવે છે. જૈન છાત્રાલયોમાં અને તેમાં પણ જે છાત્રાલયોના પરિચયમાં હું બહુ વધારે આવ્યો છું તેવા શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ માટેનાં છાત્રાલયોમાં આ હેતુથી નીચેની બાબતોનો ફરજિયાત અમલ કરાવવા ઉપર બહુ ભાર મૂકવામાં આવે છે.

(૧) રાત્રીભોજન નિષેધ
(૨) દેવપૂજા
(૩) ધાર્મિક શિક્ષણ
(૪) સામાયિક તેમજ પ્રતિક્રમણ
(૫) કંદમૂળ તેમજ અમુક તિથિઓએ લીલોતરીનો ત્યાગ.

સાધારણ રીતે જૈન છાત્રાલયોનાં રસોડાં સૂર્યાસ્ત પહેલાં બંધ કરવામાં આવે છે અને કોઇ પણ વિદ્યાર્થી રાત્રીના કશું પણ બાયપીએ નહિ તેવો સખ્ત આગ્રહ રાખવામાં આવે છે. આવા છાત્રાલય સાથે ઘણુંખરું મંદિર જોડાયલું જ હોય છે અને છાત્રાલયના વિદ્યાર્થીઓએ હંમેશા વિધિપુરઃસર પૂજા કરવી જ જોઇએ એવો નિયમ કરવામાં આવેલ હોય છે. દરેક આવાં છાત્રાલયમાં એક ધાર્મિક શિક્ષકની ગોઠવણ કરવામાં આવેલી હોય છે અને દરેક વિદ્યાર્થીએ ધાર્મિક વર્ગોમાં બરોબર હાજરી આપવી અને ધાર્મિક પરીક્ષાઓ પસાર કરવી એવી તેમના માથે ફરજ નાખવામાં આવેલી હોય છે. કેટલાંક છાત્રાલયોમાં દરેક વિદ્યાર્થીને હંમેશાં કે અમુક અમુક દિવસોએ સામાયિક તેમજ પ્રતિક્રમણ કરવાનું ફરજિયાત હોય છે. આવાં છાત્રાલયનાં રસોડાંઓમાં કંદમૂળ સર્વથા નિષિદ્ધ હોય છે અને કેટલાક ઠેકાણે મહિનામાં બાર તિથિ તો કેટલાક ઠેકાણે મહિનામાં પાંચ તિથિ લીલું શાક કરવામાં આવતું નથી. જૈન છાત્રાલયનું આજનું ધાર્મિક નિયમન આટલી બાબતોમાં ઘણુંખરું પરિસમાપ્ત થાય છે અને આજના આપણા ઇતર ધાર્મિક જીવનમાં પણ આ બાબતો ઉપર જ મુખ્યતાએ ભાર મૂકવામાં આવે છે. આટલી બાબતો જે કોઇ આચરે તે સાચો જૈન અને બીજા બધા કહેવાતા જૈન અથવા તો અજૈન-આવી માન્યતા આજનો જૈન સમાજ ધરાવે છે.

આજના છાત્રાલયની સંસ્થા આધુનિક છે અને તેને લગતા પ્રશ્નો પણ આધુનિક જ છે. પૂર્વકાળમાં મોટી સંખ્યામાં એકત્ર ભણતા વિદ્યાર્થીઓના ગુરુકુળો હતા. આ ગુરુકુળો અમુક પ્રકારની ધાર્મિક ભાવનાથી ઊભાં કરવામાં આવતાં અને તેની પાછળ વિદ્યાર્થીઓનું જીવન અમુક પ્રકારે ઘડવાનો આશય રાખવામાં

આવતો. આજે એવા ગુરુકુળો લગભગ અસ્ત પામ્યાં છે અને એ સાથે વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ આપવાનો આખો પ્રબંધ પણ નષ્ટ થયો છે. આજની નિશાળો અને કૉલેજો ભૌતિક તેમજ વ્યાવહારિક શિક્ષણ આપે છે અને વિદ્યાર્થીના જીવનઘડતરનો પ્રશ્ન આજની શિક્ષણસંસ્થાઓમાં હજુ અસ્પૃષ્ટ છે. આ સ્થિતિમાં ધર્મ વિષયમાં આગ્રહ ધરાવનારા અથવા તો સંપ્રદાયને કેન્દ્રમાં રાખીને સમાજના સર્વ પ્રશ્નોના વિચાર કરનારા લોકો ઊગતી પ્રજાને યોગ્ય ધાર્મિક સંસ્કારો આપવાની ખૂબ ચિન્તા અને કાળજી રાખે એ સ્વાભાવિક છે.

બીજી બાજુએ આજનો વિદ્યાર્થી બળવાખોર હોય છે, તેને કોઈ પણ પ્રકારનાં શિસ્ત કે નિયમ સાધારણ રીતે ગમતાં નથી. જે ધાર્મિક નિયમો ઉપર આજે બહુ ભાર મૂકવામાં આવે છે તે નિયમોને આજનો પવન પ્રતિકૂળ છે. ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન વધારે ને વધારે જટિલ અને વિકટ બનતો જાય છે. ધાર્મિક નિયમોનું ફરજિયાત નિયમપાલન વિદ્યાર્થીને ઘડવામાં કેટલે અંશે ઉપકારક છે એ પ્રશ્ન આજે ચર્ચાસ્પદ બનેલો છે. સંભવ છે કે ધર્મના નામે જે બાબત વિદ્યાર્થીને ફરજિયાત આચરવી પડતી હોય તે સામે તેના મનમાં દિનપ્રતિદિન બળવો વધતો જતો હોય. જો આમ બનતું હોય તો જે નિયમો વિદ્યાર્થીમાં ધર્મભાવના પોષવા માટે જ પળાવવામાં આવતા હોય તે જ નિયમોનું પાલન આડકતરી રીતે તેના માનસને ધર્મવિરોધી બનાવવામાં પરિણમતું હોય. આજનો જૈન વિદ્યાર્થી પણ ભિન્ન ભિન્ન રહેણીકરણીવાળા વિદ્યાર્થીઓ વચ્ચે રહે છે અને ભણે છે અને તેથી જેવો આગ્રહ અને આદર અમુક ધાર્મિક વિધિનિષેધો સંબંધમાં તેના વડિલો ધરાવતા હોય છે તેવો આગ્રહ અને આદર આજના વિદ્યાર્થીમાં ટકી રહેવો અસંભવિત છે. આવી ચિત્રવિચિત્ર પરિસ્થિતિને અંગે આજના છાત્રાલયોમાં પ્રચલિત ધાર્મિક નિયમન વિશેષ વિચાર અને ચર્ચાની અપેક્ષા રાખે છે જે હવે પછી.

પરમાનંદ

સામાયિક સ્ફુરણ

ટ્રસ્ટી મહાશયની તુમાખી

સદ્‌ગત શેઠ દેવકરણ મૂળજીનાં ટ્રસ્ટમાં જૈનોને રહેવા માટે સસ્તા ભાડાનાં મકાનો બાંધવા પાછળ સાડા ત્રણ લાખ રૂપીઆની રકમ ખર્ચવાની ગોઠવણ કરવામાં આવી છે પણ તે રકમ જ્યાં સુધી દેવકરણ મેન્શન વેચાય નહિ ત્યાં સુધી કોઈ પણ રીતે છૂટી થઈ શકે તેમ નથી. બીજી બાજુએ દેવકરણ મેન્શનના ભાડાની આવક બહુ સારી થાય છે. આ ઉપરથી એ રકમનું વ્યાજ ખરચવા માંડવાનો નિર્ણય કરીને હાલતુરત તે ટ્રસ્ટના સંચાલકોએ એક ડબલ રૂમની ચાલી માટુંગા ખાતે ભાડે લીધી છે અને ત્યાં કેટલાક જૈન કુટુંબોને વસાવવામાં આવ્યાં છે. આ ઉપરાંત બીજાં મકાનોની તપાસ કરતાં ભાયખલાનાં મંદિરની બાજુએ આવેલી વિશાળ જગ્યામાં બંધાઈ રહેલ નવી ચાલી તરફ તેમનું ધ્યાન ગયું અને તે ચાલી ભાડે આપવા માટે ભાયખલા મંદિરના મુખ્ય ટ્રસ્ટી શેઠ માણેકલાલ પ્રેમચંદ પાસે દેવકરણ મૂળજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ માંગણી કરી. આ માંગણીનો જવાબ શેઠ માણેકલાલ પ્રેમચંદ તરફથી ટૂંકો અને ટચ 'ના'માં આવ્યો. ભાયખલા મંદિરની માલેકીના ઉપર જણાવેલા પ્લોટમાં ત્રણ ચાલીઓ બાંધવાની યોજના છે. એક ચાલી કેટલાક વખતથી બંધાઈ ગઈ છે અને ભાડે અપાઈ ગઈ છે. બીજી હજુ હમણાં જ તૈયાર થઈ છે. ત્રીજી હજુ હવે બંધાવાની છે. આ મકાનો જૈનોના પૈસે બંધાય છે અને આ મકાનોમાં જૈન કુટુંબો વસે એથી વધારે બીજું કાંઈ ઇષ્ટ હોઈ ન જ શકે. અમને આ બાબતની ખબર પડી ત્યારે તે વિષે કશી પણ જાહેરમાં ટીકા કરવા પહેલાં શેઠ માણેકલાલ પ્રેમચંદ પાસે આ આ બાબતનો ખુલાસો માગવો જોઈએ એમ સમજીને અમોએ તેમને એક તા૦ ૧૬–૧૨–૩૯ ના રોજ પત્ર લખ્યો અને તેમાં તેમની પાસે લેખિત ખુલાસાની અથવા તો રૂબરૂ મળવાની માંગણી કરી. આનો પણ અમને હજુ સુધી કશો જવાબ મળ્યો નથી. શેઠ દેવકરણ મૂળજીના ટ્રસ્ટીઓને અપાયલા જવાબમાં બીજું કશું કારણ જણાવવામાં આવ્યું નથી. તેમ જ અમને પણ તેઓએ કશો જવાબ આપવાની પરવા કરી નથી. જાહેર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સમાજ માગે તે દરેક બાબતના ખુલાસા આપવાને બંધાયલા જ છે. ઉપર જણાવેલા વલણ પાછળ પ્રસ્તુત ટ્રસ્ટી મહાશયની તુમાખી અને જાહેર મત વિષેની બેપરવા સિવાય બીજું કશું દેખાતું નથી. આવી તુમાખી સમાજે હરગીજ સહન કરવી ન જોઈએ. અમે આશા રાખીએ છીએ કે શેઠ માણેકલાલ પ્રેમચંદ અને તેમના સાથી ટ્રસ્ટીઓ શેઠ દેવકરણ મૂળજીના ટ્રસ્ટીઓની માગણીનો ફરીથી વિચાર કરશે અને એ માગણી સ્વીકારવામાં તેમને જે કાંઈ અગવડ કે મુશ્કેલીઓ હોય તે વેળાસર જાહેર જનતા સમક્ષ રજૂ કરશે.

મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવકસંઘ

કવિવર અ. ફ. ખબરદારનાં યુનિવર્સિટી વ્યાખ્યાનો

થોડા સમય પહેલાં ગુજરાત–મહાગુજરાતના સુવિખ્યાત કવિવર શ્રી. અરદેશર ફરામજી ખબરદારે મુંબઇ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી કવિતા અને પદ્ય દેહ' ઉપર મર્મસ્પર્શી વિદ્વત્તા અને અનુભવથી ભરેલાં પાંચ વ્યાખ્યાનો આપ્યાં. કવિવર ખબરદારે પોતાનાં જીવનનો મોટો ભાગ મદ્રાસમાં ગાળ્યો અને મોટી ચડતીપડતી જોઈ અને બિછાનાવશ સ્થિતિમાં લગભગ દોઢ વર્ષથી મુંબઇ આવ્યા. કોઈ પણ પરિસ્થિતિમાં તેમણે સાહિત્ય અને કવિતાની ઉપાસના છોડેલી જ નહિ. એ અખંડ ઉપાસનાના અર્કરૂપ પાંચ વ્યાખ્યાનો તેમણે આપ્યા. એ વ્યાખ્યાનોની વિગતવાર ચર્ચાનો મને અધિકાર નથી તેમ જ આવા પત્રમાં તેને અવકાશ નથી. સાક્ષરોની વિદાય થતી પેઢીમાં આજે જે બે ત્રણ ગણના યોગ્ય વ્યક્તિવિશેષો હયાત છે તેમાંના તેઓ એક છે. કવિતા અને પદ્યદેહના વિવિધ અંગો સંબંધમાં તેમના કેટલાક અભિપ્રાયો સાથે આજના સાક્ષરો અને ઊગતા કવિઓને જે કાંઈ મતભેદ હોય તે ભલે રહ્યો. પણ સૌકોઇએ એ તો કબૂલ કરવું જ પડશે કે તેમના અભિપ્રાયો પાછળ આખા જીવનનો અનુભવ અને ઊંડો અભ્યાસ છે. કવિતા પાછળની અખંડ અને એકધારી તપસ્યા છે. તેથી તેઓ જે કાંઈ કહે અને જે કાંઈ અભિપ્રાય રજૂ કરે તે પૂરા આદર અને સન્માનને યોગ્ય છે. માંદગીના બીછાને પડયા પડયા જાણે કે પોતાના જીવનનો છેલ્લો સંદેશ સંભળાવતા ન હોય તેવી અપૂર્વ વિદ્વત્તાભરી કાવ્યમીમાંસા ગુજરાતી જનતા સમક્ષ રજૂ કરવા માટે કવિવર ખબરદારને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. તેઓ હજુ પણ ગુર્જરીગીરાને ચરણે અનેક કાવ્યકૃતિઓ રજૂ કરે અને ઊછરતા લેખકોને કવિઓને યોગ્ય દોરવણી આપતા રહે એમ આપણે પ્રાર્થના કરીએ.

પરમાનંદ

યુગ ઘડે તે યોગી

આ દુનિયામાં ડાહ્યા કરતાં ઓછી સમજવાળા અને પારકાનાં સૂચન કે માર્ગદર્શન ઉપર જીવનારાની સંખ્યા અતિ વધારે છે. તેથી જ થોડાઘણા ડાહ્યાઓની જગતમાં કિંમત છે. તેથી જ તેઓની ગુણપૂજા અને સન્માન થાય છે. આ સમજ, જ્ઞાન અને ડહાપણ સાથે જેટલો ત્યાગ અને સંયમ કે સદ્‌શીલન તેટલી જ ગુણપૂજાની માત્રા વધે છે.

દુનિયાભરમાં, હરકોઇ યુગમાં, આવા જ્ઞાની, ત્યાગી અને સદાચારી માણસોએ જ જગતને, સારાએ વિશ્વને, સાચો જીવનમાર્ગ બતાવ્યો છે અને બારા થઇ જતાં જીવનમાં પુનઃ માધુર્ય અને માણસાઇ પૂર્યાં છે.

આ જ્ઞાનીઓ અનેક સ્વરૂપે, અનેક સ્થળે પ્રજા પાસે રજૂ થયા છે અને સમયના કુમાર્ગી પ્રવાહને પલટી નાખવા જેવું ભગીરથ કાર્ય કરી ગયા છે. સત્યયુગમાં અને કળિયુગમાં એકસરખી રીતે આવા આત્માઓ કામ કરતા જ આવ્યા છે પણ માનવજીવન જેમ વધુ સંકડામણમાં તેમ આવા માણસોની જરૂર વધુ પ્રમાણમાં જગતે અનુભવી છે.

જે જે માણસોએ માનવસુખ માટે માર્ગો શોધી પ્રજાને તે માર્ગે દોરી છે, તે સૌ સાધુઓ જ હતા. તે સૌ સામાન્ય સંસારીથી અતિ પર માનવીઓ હતા. જેણે જેણે જેણે માનવસંસ્કૃતિના પાયા નાખ્યા છે અને ટકાવ્યા છે, જેણે જેણે ગૃહસ્થધર્મના નિયમો બનાવ્યા છે, જેણે જેણે હૃદયના ભાવ ઉચ્ચારવા માટે વાણી, ભાષા યોજી છે, જેણે જેણે જટિલ જંગલો ઓળંગી માણસજાત માટે અવરજવરની કેડીઓ, રસ્તાઓ યોજી માણસ માણસ વચ્ચેનો વ્યવહાર સરળ કર્યો છે, જેણે જેણે પશુને માણસના મિત્ર બનાવી મનુષ્યશક્તિમાં પશુબળનો અજબ સુયોગ સાધી આપ્યો છે, જેણે જેણે રૂઠેલી કુદરતનો પ્રતિકાર કરવા વનસ્પતિ, માટી, મૂળિયાં કે ધાતુઓના ગુણો અને માનવતંતુઓનો મેળ શોધી ઔષધિ આપી છે અને આજના યુગ સુધીમાં માનવઉપયોગી જે જે શોધો, વિજ્ઞાનની, પ્રજ્ઞાનની, કે લીપીજ્ઞાનની આપી છે તે સૌ સાધુઓ છે. પણ પ્રચલિત અર્થમાં આજે પ્રજા સાધુને નથી માનતી. અધ્યાત્મવાદી અને સાંપ્રદાયિકતાની છાપવાળાને જ સંસારીઓ સાધુ માને છે અને પૂજે કે અનુસરે છે.

ડાહ્યા માણસોને જ્યારે લાગ્યું હશે કે વિશ્વના ઉધ્ધાર માટે આવો જ્ઞાનીઓનો, ત્યાગીઓનો કોઇ વર્ગ નિયુક્ત કરવો જોઇએ, જેથી બીજી બધી વળગણોમાંથી તેઓ મુકત થઇ જગતની દોરવણીનું કાર્ય જ કરી શકે ત્યારે સાધુસંસ્થા નામની સંસ્થા અસ્તિત્વમાં આવી હશે, અને તે માટે એવા નિયમો યોજ્યા હશે કે જેથી એ સાધુઓ જગતના માનવીઓની સેવા કરે, ઓછામાં ઓછી જરૂરિયાતે નૈસર્ગિક જીવન જીવે અને સંસારીઓ તેની જરૂરિયાતનો બોજો ઉઠાવે. આ સંસ્થાને કાયમ જીવંત રાખવા, યોગ્ય પદાધિકારી મળ્યા કરે તેટલા માટે દિક્ષા, શિષ્ય વગેરેની યોજના કરી હશે જે આજપર્યંત ચાલુ છે.

આ સાધુસંસ્થાએ હજારો વર્ષ થયાં પ્રજાની સંસ્કૃતિની, માનવતાની અને જીવનની ચોકી સરળતાપૂર્વક કરી છે. સમાજજીવનમાં જ્યાં જ્યાં વિકૃતિ નજરે પડી છે, જ્યાં જ્યાં કોહવાટ અનુભવ્યો છે, ત્યાં ત્યાં સબળોથી આ સાધુઓ ઝૂઝ્યા છે અને પ્રજાના માર્ગને નિષ્કંટક કર્યો છે અને પ્રજાનું લક્ષ્ય આવાં પરિવર્તનો તરફ જોરશોરથી ખેંચ્યું છે. માનવજીવનના પલટાતા માર્ગના ઇતિહાસને ઉખેળવામાં આવે તો જરૂર સાધુઓનો મહાપ્રયાસ દૃષ્ટિ આગળ તરી આવે. એ ઇતિહાસ આવો હોવા છતાં આજના સાધુઓ પરિવર્તનથી, નવા માર્ગથી કે નવીન સંસ્કૃતિથી કેમ ડરે છે?

વીર પ્રભુ મહાવીર તેના પિતામહ કે પૂર્વજોના માર્ગને પલટાવી પ્રજાને નૂતન દૃષ્ટિ આપી શકે, ભગવાન બુદ્ધ તેના પૂરોગામીના માર્ગને પલટાવી શકે, હુતાત્મા જીસસ ક્રાઇસ્ટ પોતાને ભાસેલું સત્ય પોતાના વડિલોના ચાલુ માર્ગ સામે રજૂ કરી સત્ય માર્ગની ઘોષણા રજૂ કરી શકે, ક્રાઇસ્ટના માર્ગની વિકૃતિ દેખી–સામાન્ય સાધુ લ્યુથર બંડ ઉઠાવી સુધારણા કરી શકે, આર્યોના પૂરાણા માર્ગ સામે મનુમહારાજ નૂતન સ્મૃતિ, નવું માનધર્મારણ બાંધી શકે અને પ્રાચિન ધર્મો, જીવનપ્રણાલિકા સામે અનેક હુતાત્માઓ ઝઝી યુગાનુસાર ફેરફાર કરાવી શકે તો આજનો સનાતનનો દાવો અને અચલાયતન સિદ્ધાંતનો સ્વીકાર કરતા આજના ધર્માચાર્યો, સાધુઓની દલીલમાં કેટલું વજુદ છે તે જગતે વિચારવું ઘટે છે. "યુગને ઘડે તે યોગી" એ વાકય જો સાચું હોય તો યુગના ચાલુ પ્રવાહમાં તણાતાં આજના સાધુઓ માટે શું માનવું?

* * * *

આજના યુગમાં સાધુઓ ઘણે ભાગે નીચે મુજબ છે.

(૧) આત્માર્થીઓઃ જેઓ સમાજ સાથે બહુ જ ઓછો અલ્પ નહિ જેવો જ સંબંધ રાખે છે. કોઇ કોઇ વખતે ભ્રમણ કરતાં જનસમુદાયમાં જઇ ચડે તેટલો જ સંબંધ, છતાં પણ જગતને દોરવાનું, પ્રબોધવાનું કોઇ કાર્ય ન જ કરે. આધ્યાત્મિક રીતે એકાંતમાં જીવન પૂર્ણ કરે જગત ઉપર આવા આત્માઓની નૈતિક છાપ પડે પણ બીજું કંઇ તેનાથી સધાય નહિ. આવા સાધુઓ જેમ જગતની દેખીતી રીતે વધુ સેવા કરતા નથી તેમ જગતને તેનો બોજો પણ સંકેવો પડતો નથી.

(૨) અમુક સંપ્રદાયની છાપ લઇને સાંપ્રદાયિક વેષ પહેરી ફરતા વેરાગીઓ. આવા લોકો ખરા સ્વરૂપમાં સાધુઓ હોતા નથી. જગતને જેટલો લાભ આવા વેરાગીઓથી થાય તે કરતાં અનેક ગણો ગેરલાભ થાય છે અને બોજો વધે છે. આવા ભટકતા વેરાગીઓની સંખ્યા અતિ મોટી છે. ભયંકર પ્રકારના ગુન્હેગારો, ચલતાપુર્જાઓ, અને તોફાની માણસો આવા ટોળાઓમાંથી મળે છે. ભટકતા જિપ્સીઓ, બલુચીઓ અને વણજારાની જેવી જ આદતવાળા, પરપીંડ જીવી આ ભટકતા વેરાગીઓ છે. આવાને પોષણ આપનારા અને તે દ્વારા સ્વર્ગમાં જનારાની સંખ્યા પથ્થીભરમાં હરકોઇ સ્થળે અને હરકોઇ સમયે મળે છે. યાત્રાના પવિત્ર મનાતા સ્થળોમાં આવા લોકોનાં અડ્ડાઓ કાયમ હોય છે.

(૩) મંદિર, મઠ, મસ્જિદ, ગિરિજામંદિર કે અન્ય સાધુઓની જગ્યાઓ સાચવીને બેઠેલા મહંતો, મૌલવીઓ, આચાર્યો કે પાદરીઓઃ આ લોકો પણ માનવજીવનમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. આમવર્ગને આકર્ષનારો આ વર્ગ છે. મૂળે સ્થાપકની મહત્તા અને બની કે બનાવી દીધેલા ચમત્કારો કે ચમત્કારિક વાતો ઉપર નિર્ભરતો આ વર્ગ છે. વર્ષો પહેલાં જેમ કવિસમ્રાટ નાનાલાલે કહ્યું હતું તેમ આ વર્ગને 'સુવર્ણ' ચઢી ચૂકયું છે તેથી સેવા દેવા કરતાં લેવામાં તેઓનું લક્ષ્ય વધુ છે. શકિત, યુગદૃષ્ટિ, ત્યાગ અને સંયમની ઓછા તાકાતને અંગે કોઇ પણ નવીન માર્ગનું સૂચન કરવું જેમ આ વર્ગ માટે સંભવિત નથી તેમ તેઓના અંગત સ્વાર્થને લીધે સહિસલામત પણ તેઓને નથી લાગતું એટલે જૂની ધરેડમાં પ્રજાને દોર્યે જાય છે. કોઇ કોઇ સ્થળે અનાથ, અપંગની સેવા જરૂર થાય છે, પણ તે બહાને વધુ સેવા પ્રજા પાસેથી લેવાય છે.

આવી જગ્યાઓ જો વ્યવસ્થિત રીતે સંભાળવામાં આવે અને યુગ અનુસાર પ્રજાના માનસને કે જીવનને ઘડવામાં સાધુઓ આચાર્યો કે મહંતો રસ લે તો ખરેખર આમવર્ગને તૈયાર કરતાં જરા પણ વાર ન લાગે. સો સંસારીઓ ન કરે તે એક સાધુ કરી શકે, પણ—વો દિન કહાંસે?

(૪) અમુક સમય કરતાં વધુ વખત સ્થિરવાસ ન રહેનારો પારિવ્રાજક પરિભ્રમણ કરનારો સાપ્રદાયિક સાધુ: આવા સાધુઓ થોડામાં થોડી, પોતાની જાતથી સંભાળી કે ઉપાડી શકાય તેટલી જ જરૂરિયાતે જીવનારા અને થોડામાં થોડી પ્રજાની સેવા લેનારા હોય છે. વેદાંતી સન્યાસીઓ, પરમહંસો, જૈન સાધુઓ કે બૌદ્ધ ભુંગીઓ આ વર્ગમાં આવે. જ્યાં જ્યાં વાસો વસે ત્યાં ત્યાં ધાર્મિક વિષયો, આધ્યાત્મિક બાબતો કે વેદાંતની ચર્ચા કરે અને પ્રજાના આધ્યાત્મિક જીવનને ટકાવે. પ્રજા તેની જરૂરિયાત પૂરી પાડે.

આ વર્ગ ત્યાગી હોય છે. તેની જરૂરિયાત ઓછી હોય છે. તેના જીવનમાં ચારિત્ર, સંયમ કે સદાચાર માટે ભાવ હોય છે. પણ મોટે ભાગે 'લકીરના ફકીર'. ગતાનુગતિક વૃત્તિને લીધે તેના ત્યાગની સંયમની જેટલી જોઇએ તેટલી છાપ આજના પ્રજાજીવન ઉપર નથી પડતી. જેથી નથી તો તેનું જીવન ધન્ય થતું કે નથી તેના પગ પાસે બેસી શ્રવણ કરનારનું થતું! આજે આ વર્ગ કર્મકાંડ અને શાસ્ત્રીય વાતો આડે સાચું માનવજીવન વીસરી જાય છે. જેથી પ્રજા ઘડાતી નથી પણ આધ્યાત્મ અને જડત્વ વચ્ચે હેતુશૂન્ય ભટકી રહે છે, જ્યારે જગતનો પ્રવાહ કોઇ બીજી તરફ વહી રહેલો છે, જ્યાં સુધી યુગદૃષ્ટિ આ વર્ગમાં નહિ આવે ત્યાં સુધી કંઇ વધારે કલ્યાણ આ વર્ગથી બને તેમ લાગતું નથી.

* * * *

યુગને ઓળખી, આંખ સામે રાખી જે કોઇ જગતને દોરશે તે જ ખરા અંતિમ ધ્યેય પર જઇ શકશે, બીજા નહિ. આ વાત સૌ કોઇએ અને ખાસ કરીને સાધુઓએ વધુ ખ્યાલમાં રાખવાની છે. સામાન્ય પ્રજાગણ તો યુગને કે યુગના પ્રમાદ કે પરિવર્તનને ઓળખી કે સમજી શકતો નથી તેથી જ દોરવણી માટે ગુરુઓ, સાધુઓ તરફ આંખ માંડીને ઉભો છે. કારણ કે તેનામાં શ્રદ્ધા છે કે સાધુ યુગને ઓળખે છે અને સદાય કલ્યાણકારી હોય છે. આ શ્રદ્ધાનો જવાબ સાધુઓએ કેવો વાળ્યો છે તે તેઓ જ કહી શકે. કારણ કે અમારો ઇતિહાસ તદ્દન કોરો પડયો છે.

સાધુની ઓળખ માત્ર તેનાં કપડાં, ટીલાં, ટપકાં કે અમુક નિશાનીથી નથી થતી. જૈન મતે તો સ્પષ્ટ કહ્યું છે કે અમુક ગુણોથી વિભૂષિત હોય તે જ સાધુ. ટૂંકાણમાં આ ગુણો એટલા જ જોઇએ કે:

(૧) સાધુ યુગદૃષ્ટા હોય, યુગને અને માનવજીવનને સમજી સમન્વય કરી શકે તેવી શક્તિવાળો હોય.

(૨) ત્યાગી. લેવા કરતાં દેવાની વૃત્તિવાળો, અકિંચન, અપરિગ્રહી હોય, સેવાપરાયણ હોય.

(૩) નિડર. ગમે તેવા સંજોગોમાં સત્ય કહી તેમજ આચરી શકે તેવો સબળ હોય. 'ફિકર કી ફાકી કરે ઉસકા નામ ફકીર'—આવો નિર્ભય આત્મા હોય.

(૪) ચારિત્રવાન હોય. વધુમાં વધુ કુદરતની નજદિક, નૈસર્ગિક મનુષ્ય હોય. સમાજજીવનનું ઉત્કૃષ્ટ સ્વરૂપ તે સમાજવાદ જેવો જ જેનો જીવનમાર્ગ હોય. અને મનુષ્યનું સંપૂર્ણ વિકસિત સ્વરૂપ તે સાધુ—આ સત્યાર્થ થાય તેવું જીવન હોય. તે સાંપ્રદાયિકતાથી, સંકુચિત રાષ્ટ્રવાદથી પર વિશ્વબંધુત્વમાં માનવાવાળો હોય!

પ્રાચીન અને અર્વાચીન કલ્પના સાધુજીવન માટે આવી જ હતી. આવા મહાનુભાવો સમાજને દોરતા. પણ આજે શું?—અલબત્ત સાધુઓ કહે છે કે તેઓ દુનિયા ત્યાગીને નીકળ્યા છે. તેઓ બધી જાતની જગતની ઉપાધીઓ વમીને નીકળ્યા છે. પણ વાસ્તવિક રીતે તે તદ્દન સત્ય નથી. સાધુઓએ એક દુનિયા તજી બીજી ઊભી કરી છે. જ્યાં તે પાકા સંસારી, પાકા નટખટ, પાકા પરિગ્રહી છે. ત્યાં પણ સાંસારિક દુનિયાની જેમ મોહ, માયા અને અંગત જીવન છે; ત્યાં પણ ઝઘડા છે, ત્યાં પણ ઈર્ષ્યા, અસુયા, અને અસુખ છે, ત્યાં પણ આજે તો સંસારમાં દૃષ્ટિગોચર થતો કોહવાટ અને તેની દુર્ગંધ છે. માત્ર નથી ઘરબારનો બોજો ઉપાડવાની ચિન્તા કે નથી જાતમહેનતથી નીભાવવાની સંતતિ! છતાં પણ ત્યાં પરિવાર અને વંશવેલો છે. તેની મમતા છે અને તેના માટે કરવા જોઇતા શુભ—અશુભ કાર્યોની બિનજવાબદારી તૈયારી છે. ઠાકર ચાકરના વર્ગભેદ તજ્યા છતાં પણ ત્યાં મોટાઇછોટાઇના ઝઘડા છે. ત્યાં પણ સત્તાની—હુકમની બજવણી, દોર અને દંડ, ધાક અને ધમકી છે. કોઇ સંસારી આ દુનિયામાં ડોકિયું કરે તે તેઓને પરવડતું નથી પણ બીજાની દુનિયામાં તેને ડોકિયું કરી કે માથું મારી દખલગીરી કરવાનો અખત્યિાર છે એમ સમજે છે.

બધી સાધુતા કે સાધુસંસ્થામાં આવું હોઈ ન જ શકે.

* * * *

એક અતિ ભાવિક સંસારી ગૃહસ્થે બળતાં હૃદયે નિસાસા-સાહ કહ્યું હતું કે "વ્યાખ્યાનપીઠ પરનો આજનો સાધુ અને પોતાની ઓરડીમાં બેઠેલો સાધુ એક નથી! ઓરડીની બહારો પછી વ્યાખ્યાનપીઠ ઉપરની સુવાસ નહિ લઇ શકાય!" આ સાચું હશે?

* * * *

વાસ્તવિક સાધુજીવન અને આજના સાધુજીવનની કરુણ અસંગતતા નિહાળીને એક નાનકડી ઉમરના ભાવનાશીલ દિક્ષીત સાધુએ ઉચ્ચાર્યું હતું કે 'આવી દુનિયા માટે હું શું પાગલ બન્યો હતો? આવી સૃષ્ટિ માટે મેં મારા અનેક મહદ્ ઉપકારી સ્વજનોને તજ્યા હતા? આ ઝગડા શા. સાધુને જગતની સાથે આવી નિસ્બત શી? સાંસારિક વિવાદગ્રસ્ત બાબતો સાથે અમને ત્યાગીને લેવાદેવા શું? અમે સાધુઓ તો ભૂખી ધાનના ભૂખ્યા, આટલું લઇ દિલમાં કે દેહમાં હોય તે સૌ માનવસેવામાં અર્પણ કરી છૂટવાનો અમારો ધર્મ! પણ અહીં તો એથી તદ્દન ઊલટું. ક્યાં જાઉં? શું કરું?'

કેવું કરુણ સત્ય!

(અપૂર્ણ)

પ્રજલાલ મેઘાણી

શેઠ ગિરધરભાઇ (૮ પાનાનું ચાલું)

ગુમાવ્યો. સમાજને એક સમભાવી સેવકની ન પૂરી શકાય તેવી ખોટ પડી કાઠિયાવાડના ગામડાંઓએ ઉપાશ્રયો, જિનાલયો, પાઠશાળાઓ વગેરેનો સંચાલક ગુમાવ્યો અને એમના કુટુમ્બે...

કુટુંબે કેમ? તેઓશ્રી કોના ન હતા? સૌ કોઇ એમને એટલા જ પ્રેમથી ચાહતા હતા. અને એમની ચાહના પણ સૌ કોઇ તરફ એટલી જ હતી.

એટલે ભાવનગરે એક શાંત છત્ર ગુમાવ્યું.

તેમના પુત્ર મોતીચંદભાઇ સોલીસીટર, શ્રી નેમચંદભાઇ અને બન્ધુ કુંવરજીભાઇ તથા ગુલાબચંદભાઇ વગેરે સંસ્કારી કુટુંબપરિવારને અવલંબન આપતા સદ્ગત ગિરધરભાઇની સેવાભાવનાના કાર્યપ્રદેશને પોષવાની અને તેમના નામની અમર યાદ જાળવવાની આશાપૂર્વક શાસનદેવ સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પો એમ અમો પ્રાર્થીએ છીએ.

'જૈન' પત્રમાંથી સાભાર ઉદ્ધૃત

ભાવનગરનિવાસી

સ્વ૦ શેઠ ગિરધરભાઈ આણંદજી

[એક સ્મરણાંજલિ]

પ્રભાતનો પ્રકાશ હજી પૃથ્વી પર ઢળ્યો ન ઢળ્યો હોય ત્યાં તો માથે ભાવનગરી સફેદ પાઘડી, હાથમાં લાકડી અને માણસના ટેકે સામયિકશાળા તરફ ચાલ્યા જતા એ વૃદ્ધ ગિરધર દાદાને કોઇ બાળક મળે તો તેની સાથે બાળક બનીને, યુવાન મળે તો તેની સાથે યુવાન બનીને જીવનસુધારણાના એક બે સદ્‌વચનો સંભળાવી આગળ ચાલે. આ એમનો નિત્યવ્યવસાય. તેનું પરિણામ પણ સંગીન હતું. ભાવનગરની સામયિકશાળામાં ઉત્સાહ અને આનંદ આના પરિણામે જાગૃત રહેતા, અવનવી પ્રેરણા પણ ઉગતા જીવનને મળી રહેતી અને એક વક્તા હંમેશાં સભાઓ ગજવીને ન સાધી શકે તેટલું તેઓ બે બે મિનિટના અનેક મીઠા વાર્તાલાપોમાંથી સાધી શકયા હતા.

સત્કાર્યોની સાધના એ એમનો જીવનવ્યવસાય હતો, ઊગતા જીવનથી જ તેઓ જ્ઞાતિ અને સમાજસેવાનાં કાર્યોમાં રસ લેતા આવતા. છેલ્લાં છેલ્લાં તો પરમાર્થના કાર્યોમાં તેમનું સારૂંએ જીવન પસાર થતું.

દુકાનના આગલા ભાગમાં તેઓની બેઠક રહેતી. આવતા-જતા જ ચિઠ્ઠીઓ લખી એક પછી એક ભાઇને બોલાવવા શરૂ કરે, કોઇની સાથે જીર્ણોદ્ધારની, કોઇની સાથે જીવદયાની, કોઇની સાથે પાંજરાપોળની, કોઇને ભોજનશાળાની તો કોઇની સાથે ગરીબનાં દુઃખ નિવારણની વાતો ચાલુ જ હોય. અમુક કાર્ય કરવા જેવું છે તેટલી ખબર માત્ર તેમને પડવી જોઇએ. પછી તો તેને અંગે તેના કાર્યકર્તાઓને, રસિકોને, દાતાઓને બોલાવી કે મળીને સતતપણે કાર્ય પાર ઉતારે ત્યારે જ તેઓને શાન્તિ થતી.

સ્થાનિક પાંજરાપોળ, શ્રી વર્ધમાન તપખાતું, સામયિક-શાળા, ભોજનશાળા વગેરે સંસ્થાના પ્રમુખ સંચાલક તરીકે તેમની સેવા અનોખી જ હતી; પણ એક સંસ્થાના અધિકારી હોવા પછી જ તેની સેવા કરવી એ વસ્તુ એમના જીવનમાં ન હતી. કાઠિયાવાડના અનેક નાનામોટાં ગામડાંઓનાં મંદિરો, ઉપાશ્રયો ઉપસ્થિત કરવામાં કે તેનો જીર્ણોદ્ધાર કરવામાં, આયંબીલશાળા કે પાઠશાળાની સગવડ કરવામાં, કોઇ ગરીબની દાદ સાંભળી તેનો માર્ગ કાઢવામાં કે મચ્છીની જાળ છોડાવવામાં– આવાં અનેક કાર્યોમાં તેઓ નિરંતર પરોવાયલા હતા.

ભાવનગર સંઘના પ્રમુખ તરીકેનો તેમનો યુગ એટલો જ ઉજ્જવલ હતો. કેટલીક વખત અધિકારનો અતિરેક વ્યક્તિને અણધારી દિશાએ ખેંચી જાય છે અને તે ધૂતમાં ખરી વસ્તુ સાધવાનું રહી જાય છે. શ્રી. ગિરધરભાઇના જીવનમાંથી એક અધિકારી તરીકેનો બોધપાઠ જુદી જ રીતનો મળે છે. મૂગી અને સાદી શૈલિએ, કર્તવ્યપરાયણતાના સર્વપ્રિય માર્ગે ચાલ્યે જતી તેમની સેવા–કૂચ અધિકારના આકરા પારાને સારી રીતે પચાવી ગઇ હતી. અને એક સેવાભાવી સાદા સેવક તરીકે તેઓ સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકયા હતા. "સંઘપતિ" એટલે સંઘનો શેઠ નહિ પણ સંઘનો સેવકઃ એક નાના બાળ-કને પ્રેમપૂર્વક સાંભળી તેને સંતોષવાની સમતા તેણે કેળવવી જોઇએ. આ સાદું સત્ય તેઓ ભાગ્યે જ ભૂલ્યા હશે.

માગશર શુદ ૭ સોમવારના રોજ તેઓશ્રીએ પોતાનો છેલ્લો શ્વાસ ખેંચી લીધો. સંઘે એક મૂગો સતત કાર્યકર

(અનુસંધાન પાને ૭)

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું કલાદર્શન

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ તરફથી તા૦ ૭-૧-૪૦ ના રોજ રોયલ ઓપેરા હાઉસમાં એક કોન્સર્ટ–કલાદર્શન રજુ કરવામાં આવ્યું હતું.

સંમેલનના પ્રમુખસ્થાને માન્યવર શ્રી. કનૈયાલાલ માણેક-લાલ મુનશી હતા. આજસુધીમાં જુદી જુદી જૈન સંસ્થાઓ તરફથી અનેક નાનાંમોટાં કોન્સર્ટો ભજવાયાં હશે, પણ દરેક કોન્સર્ટમાં એક યા અન્ય પ્રકારની એવી કોઇ ત્રૂટિ જોવામાં આવતી કે જેથી આપણે હજુ આ દિશામાં પાછળ જ છીએ એવો ખ્યાલ કાયમ થયા વિના રહેતો નહિ. આ કોન્સર્ટે એ રીતે સૌ કોઇને સંતોષ આપ્યો હતો એમ કોન્સર્ટ જોનારાઓના ઉદ્‌ગારો ઉપરથી માલૂમ પડતું હતું.

નાટકની પસંદગી બહુ સુંદર હતી. એમ કોન્સર્ટ-ના સર્વ પ્રસંગો માત્ર મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓએ જ ભજવ્યા નહોતા. બહેનોનાં નૃત્ય કે ગરબા તો બહારથી જ આવી શકે. બે નૃત્યકાર શ્રી. પ્રવીણકુમાર અને શ્રી. ચીમન શેઠ કે જેમણે પોતાની નૃત્યકળાવડે સૌ કોઇને ખૂબ આહ્લાદિત કર્યા હતા તે પણ બહારના જ ગણાય. એમ છતાં પણ આખું આયો-જન વિદ્યાલયના વિદ્યાર્થીઓનું જ હતું અને તે માટે તેમને ખરેખર ખૂબ ધન્યવાદ ઘટે છે. વિવિધતા સારા પ્રમાણમાં અને છતાં ઊંચા ધોરણની જાળવણી–એ આ કોન્સર્ટની વિશિષ્ટતા હતી.

પ્રેક્ષકોને વિવિધતા વડે પ્રસન્ન કરવા અને એ સાથે નાટ્ય અને અભિનયની ઉચ્ચ ભૂમિકા ઉપર પ્રેક્ષકવૃંદને આદિથી અન્ત સુધી ટકાવી રાખવું એ જેટલું વિકટ તેટલું જ આવશ્યક છે અને આના અભાવે ઘણાં કોન્સર્ટ અને તેની પાછળ કર-વામાં આવતો દ્રવ્ય તેમ જ સમયનો વ્યય નિષ્ફળ જાય છે. આગામી કોન્સર્ટોના પ્રયોજકો આ બાબતની ખૂબ સંભાળ રાખે અને જ્યાં વિવિધતા અને ઉચ્ચ ભૂમિકાની સુરક્ષા–બન્ને એક સાથે સુસાધ્ય ન હોય ત્યાં ઉચ્ચ ભૂમિકાના ભોગે વિવિધતા આપવાના પ્રલોભનમાં તેઓ ન પડે પણ થોડી પણ સારી અને સંસ્કારપ્રેરક સામગ્રી રજુ કરવાનો આગ્રહ રાખે. કારણ કે જ્યારે કોઇ શિક્ષણસંસ્થા આવો કોન્સર્ટ રજુ કરે ત્યારે તેનો આશય કેવળ મનોરંજનનો હોવો ન જોઇએ પણ સાથે સાથે કાંઇ ને કાંઇ નવું શિખવવાનો અને નૂતન પ્રેરણા આપવાનો હોવો જોઇએ.

સંગીત–અભિનય–નૃત્ય આ સર્વ લલિતકળાઓથી આપણો સમાજ બહુ દૂર છે અને તેથી આપણાં સામાન્ય જીવન શુષ્ક–નિરસ હોય છે. આવા કોન્સર્ટો આપણને લલિતકળાની વિશેષ ઉપાસના તરફ આકર્ષે અને સારૂં ગાનારા, વગાડનારા, અભિ-નય કરનારા તેમજ પ્રવીણકુમાર જેવા નૃત્યવિશારદો આપણા સમાજમાં સારા પ્રમાણમાં પાકે અને આપણા શુષ્ક જીવનમાં રસ–આનંદ–સૌંદર્યની ભરતી લાવે એમ આપણે જરૂર ઇચ્છીએ.

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮-૪૦, મંડાઇ સ્ટ્રીટ. મુંબઇ

કિંમત દોઢ આનો | શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર | REGD. NO. B 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૧૯

મુંબઈ : ૩૧ જાનેવારી ૧૯૪૦ બુધવાર

લવાજમ
રૂપિયા ૨

ખેતી અને ખેડૂત

● હિન્દીના પ્રસિદ્ધ કવિ મૈથિલીશરણ ગુપ્તના "कृषि और कृषक" કાવ્યનો ભાવાનુવાદ ●

અમારી સંપત્તિ ઘટી ગઇ છે; પણ તેનું કારણ હાલમાં પૂર્વના જેવી અનાજની ઉત્પત્તિ થતી નથી એ નથી. જો અન્ય દેશોમાં અહીંથી અનાજ જવું બંધ થાય તો ફરીથી આ દેશ અન્નસંપન્ન બને, ક્રંદન ઘટે અને આનંદ ફેલાય.

ભૂમિનો રસ ઓછો થયો છે. કેમ ન થાય? તેનો કાંઇ યત્ન થતો નથી. યત્ન પણ કેમ કરીને થાય? ખેડૂત તે માટે પરિશ્રમ કરતો નથી. કઇ રીતે તે યત્ન કરે? કરતો બીજો વધી રહ્યો હોય ત્યારે એ વૃથા પરિશ્રમ કરીને શું કરવા મરે?

સૈંકડે પંચાસી માણસો આ દેશમાં ખેતી ઉપર નિર્વાહ કરનાર છે. લાખો મનુષ્યો અર્ધું ભોજન મેળવીને દિવસો વિતાવે છે. જ્યારે લોકોને પેટની પીડા પડી છે ત્યારે બીજી વાત તો તેને સૂઝે જ કયાંથી? જાણીતી ઉક્તિ છે કે "ભૂખે ભક્તિ થતી નથી."

ખેતીની મહત્તા સર્વત્ર પ્રસિદ્ધ છે, પણ આપણા ખેડૂતને જોઇને મનમાં એમ થાય છે કે–હા દૈવ! આ લોકો કેમ કરીને જીવી શકે છે? આથી તો મરવું સારું.

ઓ વિધિ! આ લોકોને તેં ખેડૂત બનાવ્યા તે કરતાં ભિક્ષુક બનાવ્યા હોત તો વધારે સારું હતું.

માત્ર અવર્ષણનો જ નહિ પણ અતિવર્ષણનો પણ તેને ભય છે. પ્રલયથી પણ વધી જનારાં અતિવૃષ્ટિનાં જળ ખેડૂતનું સર્વસ્વ હરી લે છે. દૈવોપિ દુર્બલઘાતક: કહેવાય છે અથવા આ સર્વને અભાગ્ય કહેવું? કિંવા કહો કે પોતાના કર્મનું ફળ કોને ભોગવવું પડતું નથી?

ઋતુવિપર્યય તો અહીં ઘર કરીને રહેલ છે. આ ભાગ્યહીન કૃષકો માટે જ જાણે પ્રકૃતિમાં પણ વિકૃતિ થયા કરે છે. હેમંતઋતુમાં પ્રાયઃ આકાશ જળથી વ્યાપ્ત રહે છે અને વર્ષાની રાત્રીઓમાં શરદનો ચંદ્ર હસે છે.

કદી સારી મોશમ પાકે તો પણ ખેડૂતને કેટલો લાભ મળે છે? ખાવા–પીવામાં, ઋણ ચૂકવવામાં અને બીજમાં બધી ઊપજ પૂરી થઇ જાય છે. અંતે તો બધું અનાજ મહાજન–વાણિયાને ઘેર જાય છે, ખેડૂતને તો અર્ધનગ્ન રહીને ફરીથી હેમંતઋતુમાં કાંપવું પડે છે.

આ દેશના ખેડૂતો પોતાના લોહીનું પાણી કરીને ખેતી કરે છે તો પણ એ અભાગી લોકો દિન–રાત ભૂખના દુઃખથી મરે છે. નિરૂપાય બની ઘરવખરી વેચવાનો તેને સમય આવે છે. રોજની ચાર પૈસાથી વધુ આવક તેને નથી થતી.

જ્યારે અન્ય દેશનો ખેડત સંપત્તિમાં ભરપૂર છે, કંઇ દેશોના મજૂરો રોજના આઠ રૂપીઆ રળી લાવે છે ત્યારે અહીંનો ખેડૂત રોજના ચાર પૈસા મેળવે છે. આ સ્થિતિમાં કેવી રીતે તેનો સંસાર ચાલે? કેમ કરીને તેનો નિર્વાહ થાય?

હમણાં કોઇ રીતે પૂરો પાક આવતો નથી, તો પણ અમારા મનમાં કયારેક શુભાશા જન્મે છે. પણ હિમ અને જીવજંતુનો ઉપદ્રવ થાય છે અને પ્રથમની શુભાશા નિરાશાના રૂપમાં બદલાય છે. હે દૈવ! આ કેવો દુઃખદ યોગ છે?

માથા પર સૂરજ અગ્નિ વરસાવી રહ્યો છે, નીચે ધરતી ગરમીથી બળી–ઝળી રહી છે, પવન ઊનો વાય છે. આ ટાણે જુઓ પેલો ખેડૂત! તેના શરીરમાંથી પરસેવો વહી રહ્યો છે. શોણિત સુકાવીને પણ તે હળ ચલાવે છે. કયા લોભથી આ અગ્નિઆંચમાં તે પોતાના શરીરને બાળે છે?

મધ્યાહ્ન થયો છે. ખેડૂતસ્ત્રીઓ 'ભાત' લઇને ખેતરમાં જાય છે. રોટલા લુખ્ખા છે, શાકની તો ખબર જ નથી. સંતોષથી જે મળ્યું તે ખાઇને ફરીથી એ ખેડૂત પોતાના કામમાં લાગી જાય છે. પેટ ભરીને ભોજન મળે તો માનો કે એનું ભાગ્ય જાગ્યું.

આ કૃષક સ્ત્રીની દશા પર દયા આવે તેમ છે. હિમ, તાપ અને વૃષ્ટિથી સહિષ્ણુ બનેલી એ કૃષક–પત્નીનો વાન કાળો થઇ ગયો છે. નારી–સુલભ સુકુમારતાથી તે રહિત છે. એના અંગો કર્કશ કેમ ન જણાય? તેનું કામ જ જુઓ ને!

આ ખેડૂત સ્ત્રી છાણ ઉપાડે છે, તેને થાપે છે, વહેલી સવારમાં તે ઊઠે છે, અનાજ કાપે છે, પાણી ખેંચે છે, ઘાસ ખોદે છે. આ સિવાયનું પણ બધું ઘરકામ તે કર્યા કરે છે તો પણ તે કયારેક જ પેટ ભરીને અન્ન પામતી હશે.

ઘંટી ચલાવવા કેટલીક રાતોમાં તે જાગે છે–ખરું કહું છું કે ત્યારે એ ગીત ગાવા બેસે છે. એ ગીતથી તેને કયો લાભ મળે છે? શું એ સુખને બોલાવવા ગાય છે કે દુઃખને ભૂલવવા?

ઘનઘોર આકાશમાંથી વર્ષા ટપકી રહી છે, ગગનાંગણમાં ગર્જનાઓ થાય છે, ઘરથી બહાર નીકળતા કડડડ કરતી વીજલી ચમકે છે, આવે ટાણે પણ ખેડૂત ખેતરમાં નિરન્તર કામ કરે છે. કયા પ્રકારના લોભથી તે આજે પણ વિસામો લેતો નહિ હોય?

ઘર બહાર નીકળવું એ મોત જેવું છે, અડધી અંધારી રાત છે, અહાહા, શીત કેવી પડે છે અને ગાત્રોને થથરાવે છે! તો પણ ખેડૂત ધીંગણ બાળીને ખેતરની ઝૂંપડીમાં જાગ્યા કરે છે. એવો તે કેવોક લાભ થવાનો છે કે આવા વિષમ ટાણે પણ તેનાથી આ લોભ તજાતો નથી? (અનુસંધાન પાના ૩)

આપણાં છાત્રાલયોમાં
ધાર્મિક શિક્ષણ અને શારીરિક તાલીમ

[તા૦ ૧૩-૧-૪૦ રવિવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓને ધાર્મિક પરીક્ષા, રમતગમત તેમજ કળાદર્શન સંબંધમાં ઇનામો આપવાના મેળાવડા પ્રસંગે પ્રમુખસ્થાને બીરાજેલ રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર શ્રી. મણિલાલ ભાલાભાઇ નાણાવટીએ વિચાર-પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું અને ઉપર જણાવેલ મુદ્દાઓ બહુ સ્પષ્ટતાથી ચર્ચ્યા હતા. તેમનાં એ વ્યાખ્યાનની નોંધ તેમની પાસે મંજૂર કરાવીને નીચે પ્રગટ કરવામાં આવે છે—તંત્રી]

ધાર્મિક શિક્ષણના પ્રશ્નનો વિચાર કરતાં મને મારી વિદ્યાર્થ્યાવસ્થાના પ્રસંગો યાદ આવે છે. હું કૉલેજમાં ભણતો હતો ત્યારે મને પણ બે વર્ષ આવી જ કોઇ બોર્ડિંગમાં રહેવાનું બનેલું. તે બોર્ડિંગમાં એક ધાર્મિક શિક્ષકની ગોઠવણ કરવામાં આવી હતી અને બોર્ડિંગમાં રહેતા અમો સર્વ વિદ્યાર્થીઓએ તેમની પાસેથી ધાર્મિક શિક્ષણ લેવું એવો ફરજિયાત પ્રબંધ કરવામાં આવ્યો હતો. બોર્ડિંગમાં રહેવા માટે એ ફરજિયાત સરત હોવાથી અમને બધાને ધાર્મિક વર્ગોમાં નિયમિત હાજરી આપવી પડતી હતી પણ અમને કોઇને એમાં જરા પણ રસ પડતો નહોતો. ધર્મશાસ્ત્ર શિખવનાર પંડિતજી બહુ જ વિદ્વાન હતા અને તેમનું સંસ્કૃતનું જ્ઞાન પણ બહુ ઉચ્ચ પ્રકારનું હતું. તેમની શિખવવાની પદ્ધતિ પણ બહુ જ સારી હતી. એમ છતાં અમારી સ્થિતિ તો વેઠે પકડ્યા મજૂર જેવી જ રહેતી. હું થોડું સંસ્કૃત ભણેલો હતો તેથી મને તો ધર્મ-ગ્રંથોમાં કાંઇક સમજ પડતી અને એમ છતાં કેટલાએ પારિભાષિક શબ્દોનો મર્મ હું ગ્રહણ કરી શકતો નહોતો. બીજા વિદ્યાર્થીઓ ઉપર આ ફરજ પાડવામાં કેવળ ક્રૂરતા જ હતી એમ અમને લાગતું. સદ્‌ભાગ્યે એ વખતે ધાર્મિક પરીક્ષાઓ નહોતી કે તેમાં પાસ થાય તો જ બોર્ડિંગમાં રહી શકાય એવો નિયમ નહોતો. આ મારો અનુભવ હતો. આ વિદ્યાલયમાં ધાર્મિક શિક્ષણનો મૂળથી પ્રબંધ કરવામાં આવ્યો છે એમ કહેવામાં આવે છે. હું આશા રાખું છું કે આ વિદ્યાલયના વિદ્યાર્થીઓ રસપૂર્વક ધાર્મિક શિક્ષણ લેતા હશે અને તેમને સારો લાભ થતો હશે. પણ અહીં ભણતા જે વિદ્યાર્થીઓના હું પરિચયમાં આવ્યો છું તેમના કહેવા મુજબ તો આજે પણ એની એ જ દશા ચાલે છે. બે વર્ષ સુધી ધાર્મિક શિક્ષણ લેવા છતાં હું જેવો હતો તેવો જ રહ્યો હતો અને મને કશો લાભ થયો નહોતો.

આમ બનવાનું કારણ શું? ધર્મશાસ્ત્રોનો અભ્યાસ ખરેખર ઉપયોગી અને જરૂરી છે અને તે યોગ્ય રીતે અપાય તો તેથી જરૂર લાભ થવો જ જોઇએ, પણ વાંધો જ અહીં છે. આપણી આખી પદ્ધતિ જ ખામી ભરેલી છે. એક તો આપણા ધાર્મિક પાઠ્યપુસ્તકો કાં તો સાદી સરળ અંગ્રેજી ભાષા કે જે ભાષા વિદ્યાર્થીઓ ભણે છે તેમાં હોવા જોઇએ અથવા તો ગુજરાતી ભાષા કે જે તેઓ બોલે છે તેમાં લખાવાં જોઇએ. સર્વ પારિભાષિક શબ્દો કાઢી નાખવા જોઇએ. બીજું આજના વિજ્ઞાન સાથે ધાર્મિક માન્યતાઓનો મેળ હોવો જોઇએ. ધાર્મિક શિક્ષણમાં અમને રસ આવતો નહોતો તેનું એક મુખ્ય કારણ એ હતું કે અમે જે કૉલેજમાં શિખતા હતા તેની સાથે ધાર્મિક વર્ગમાં જે શિખવવામાં આવતું હતું તેનો કશો મેળ ખાતો નહોતો. જૂની ઢબે અને જૂની રીતે જે કહેવામાં આવે છે તે આપણને સાધારણ રીતે રૂચતું નથી તેમજ ગળે ઊતરતું નથી. થોડાંક વર્ષો પહેલાં મને કેટલોક સમય અમેરિકા રહેવાનું બનેલું. ત્યાં હું જુદા જુદા સંપ્રદાયના ચર્ચો-મંદિરો-વ્યાખ્યાન સભાઓ-માં અવારનવાર જતો. આસ્તિક તેમજ નાસ્તિક-દરેક સંપ્રદાયનાં પ્રવચનો સાંભળતો. આસ્તિક સંપ્રદાયનાં પ્રવચનોમાંથી મને કશું જ નવું જાણવાનું કે શિખવાનું મળતું નહિ, જ્યારે નાસ્તિક ગણાતી મંડળીના વ્યાખ્યાનોમાંથી મને ઘણી વખત નવો પ્રકાશ અને નવી સમજણ મળતી. આપણી બોર્ડિંગોમાં ધાર્મિક શિક્ષણ નિષ્ફળ જવાનું એક કારણ એ છે કે વિદ્યાર્થીઓ હાઇસ્કૂલનાં ધોરણો સુધી ઘણું ખરું પોતપોતાને ઘેર રહીને ભણતા હોય છે અને કૉલેજનો અભ્યાસ શરૂ થવા સાથે આવા વિદ્યાલય જેવી કોઇ ને કોઇ બોર્ડિંગ કે હૉસ્ટેલમાં તે દાખલ થાય છે. આમ બનતાં સોળસ-તર વર્ષ સુધી તેને ધર્મતત્ત્વનું કે શાસ્ત્રગ્રંથોનું કશું ભાન હોતું નથી અને જો ધાર્મિક વર્ગમાં હાજરી ન અપાય તો વિદ્યાલયમાં રહી ન શકાય તેથી ધાર્મિક શિક્ષણ લેવું તે શરૂ કરે છે. આમ પૂર્વ ભૂમિકાના અભાવે મોટી ઉમ્મરે ફરજિયાત લેવું પડતું ધાર્મિક શિક્ષણ તેને માટે ચાલુ કંટાળાનું કારણ બને છે. ધાર્મિક અભ્યાસક્રમ પણ ઘણી વખત વિદ્યાર્થીને જરા પણ રસ પડે તેવો હોતો નથી. જે મોટી ઉમ્મરે પણ સમજતાં બહુ જ મુશ્કેલ પડે તે તેને શિખવવામાં આવે છે. પરીક્ષામાં પાસ ન થાય તો તેને કાઢી મૂકવામાં આવે. તેથી તે ગોખણપટ્ટી કરીને પાસ થઇ જાય છે. પોતાની કોમ તેમજ ધર્મ માટે તેના દિલમાં અભિમાન સ્ફુરે તેટલા માટે જૈન ધર્મનો ઇતિહાસ તેને શીખવવો જોઇએ. જૈન ધર્મ ક્યારે અને કયા સંયોગોમાં શરૂ થયો; કોણ કોણ મોટા માણસો થઇ ગયા અને તેમણે શું શું કર્યું; દેશના ઇતિહાસની ઘટનામાં તેમજ કળા, સાહિત્ય તેમજ વિજ્ઞાનના વિકાસમાં જૈનોએ શું શું ફાળો આપ્યો અને કોણે કોણે નામ કાઢ્યું—આવી ઐતિહાસિક વિગતોની આપણા વિદ્યાર્થીઓને ખૂબ માહિતી આપવી જોઇએ. આપણા વિદ્યાર્થીને એવું ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ કે જેથી તેનું હૃદય તેમજ બુદ્ધિ ખૂબ સંસ્કારી બને, મન નિર્ભય તેમજ દૃઢ બને અને શરીર સ્વચ્છ અને બળવાન બને. તેને અપાતું ધાર્મિક શિક્ષણ સામાન્ય શિક્ષણનું વિરોધી નહિ પણ મદદરૂપ હોવું જ જોઇએ. તે શિક્ષણ લેવામાં તેને આનંદ કેમ આવે એ બાબત ખાસ લક્ષ્યમાં રાખવી જોઇએ.

હવે ધાર્મિક શિક્ષણના વિષય ઉપરથી શારીરિક શિક્ષણ ઉપર આપણે જઇએ. હું ધાર્મિક શિક્ષણ કરતાં શારીરિક શિક્ષણને ઘણું વધારે મહત્ત્વ આપું છું. ધાર્મિક શિક્ષણ ફરજિયાત હોવું જોઇએ કે નહિ એ વિષે બે મત હોઈ શકે છે પણ શારીરિક શિક્ષણ તો ફરજિયાત થવું જ જોઇએ. શરીરની તાલીમમાં આપણો આખો દેશ અને તેમાં પણ આપણે ગુજરાતીઓ અને તેમાં પણ જૈનો સૌથી પછાત છીએ. આ બાબતમાં યુરોપ-જાપાન શું કરી રહ્યાં છે તે જોવાતપાસવાની ખાસ જરૂર છે. અહીં રમતગમતની જે સાધનસામગ્રી હોય છે તે કરતાં પચ્ચીસગણી વધારે સાધનસામગ્રી જાપાનની કોઈ તદ્દન સાધારણમાં સાધારણ ગણાતી શિક્ષણસંસ્થામાં હોય છે. આ ઉપરથી આપણે આ વિષયમાં કેટલા પછાત છીએ તેનો આપ સર્વને ખ્યાલ આવે તેમ છે. આધ્યાત્મિક જીવન માટે જેટલી ધર્મની ઉપયોગિતા છે તેટલી જ ઐહિક જીવનની સુખાકારી માટે કસાયલા શરીરની જરૂર છે. મારું ચાલે તો આ વિદ્યાલય આવા ઘીચ લત્તામાં રહેવા ન દઉં. આજે એવી કેટલીએ નિશાળો જોવામાં આવે છે જેને મકાન ઉપરાંત બીજી કશી પણ છૂટી જગ્યા હોતી જ નથી. જે શિક્ષણસંસ્થાને મોટું

રમતગમતનું મેદાન ન હોય–સારી કસરતશાળા ન હોય–પૂરતાં સાધનો ન હોય–તેને શિક્ષણસંસ્થા કહેવી કે નહિ એ જ મોટો સવાલ છે. આપણામાંના મોટા કે નાના કસરત કે રમતગમતમાં કશું સમજતા જ નથી. પરિણામે નબળાં શરીર અને ટૂંકું આયુષ્ય એ આપણા સમાજની વિશેષતા જોવામાં આવે છે.

જેટલો અગત્યનો પ્રશ્ન વિદ્યાર્થીના શરીરવિકાસનો છે તેટલો જ અગત્યનો પ્રશ્ન તેને અપાતા ખોરાકનો છે. આ વિષયમાં આપણું ખૂબ અજ્ઞાન વર્તે છે. એક વખત જુદી જુદી હૉસ્ટેલોના વિદ્યાર્થીઓના ખોરાકની તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે અમદાવાદનો ગુજરાતી વિદ્યાર્થી સૌથી ઓછા પોષણવાળો અને આરોગ્યને હાનિકર્તા ખોરાક લે છે અને શરીરના બાંધામાં પણ તે સૌથી છેલ્લે નંબરે છે. આ જેટલું તેને લાગુ પડે છે તેટલું જ આપણા વિદ્યાર્થીને લાગુ પડે છે. ગુજરાતીને ખાવાનો ખૂબ શોખ–ફરસાણ વિના ચાલે જ નહિ–વિવિધતા પણ તેને ખૂબ જોઇએ. આ બધાંમાંથી આપણો વિદ્યાર્થી મુક્ત બનવો જોઇએ. તેને ખૂબ પોષણ મળે અને તેનું શરીર સારું બંધાય તેવો–સંગીન પોષક તત્ત્વોથી ભરેલો અને હાનિકર્તા દ્રવ્યો વિનાનો–સાદો ખોરાક તેને આપવો જોઇએ. આ પ્રસંગે આટલી સૂચનાઓ હું આશા રાખું છું કે અસ્થાને લેખવામાં નહિ આવે.

ખેતી અને ખેડૂત : : (૧ લા પાનાથી ચાલુ)

આ અન્ન તો વિદેશીઓ લઇ જશે. તેને લાભ શો છે? પણ ખેર! એને જે અર્ધભોજન મળે છે તેમાં વિઘ્ન ન પડો! હૃદયમાં થાય છે કે શું તેણે જીવનભર આ રીતે મર્યા જ કરવું! હે વિધે! આ લોકોને તારે ભિક્ષુક બનાવવા હતા પણ ખેડૂત કરવા નહોતા!

વર્તમાન સમયમાં ક્યાં આગળ શું બની રહ્યું છે તેનું એને કાંઇ જ્ઞાન નથી. વાયુ કેમ ચાલે છે તેનું પણ એને કશું ધ્યાન નથી. માનો કે આ જગતથી બીજે જ તેઓનો લોક છે. સૂર્ય–ચંદ્ર તપે છે તો પણ તેઓ માટે આ લોક નથી.

એ અકિંચનો પેટભર ભોજનને પરમસુખ માને છે, તો પણ દુર્ભાગ્યયોગે ભરપેટ ભોજનના પણ તેને સાંસા પડે છે. એ દીન–દુઃખી લોકો આ સ્થિતિમાં પણ સંતોષ માને છે અને લાચારીથી પોતાના ભાગ્યને દોષ દે છે.

રોજના દુઃખથી તેઓ દીન બની ગયા છે. સુખની કલ્પના પણ તેમના હૃદયને સ્પર્શતી નથી. આ લોકનો અનુભવ જન્માંધ મનુષ્ય કરી શકતો નથી. મરુધરનું જંતુ સહસા સરસુંદરીનું ધ્યાન કેમ ધરી શકે?

જ્યારેત્યારે તેઓ ગામીણ ગીતો ગાય છે. તેઓનો રાગ બહુધા કરુણ જેવો હોય છે અને ઉત્સવો પણ તેવા જ. એ સિવાય આ દીન લોકો ચિત્તને કઇ રીતે બહેલાવે ભલા? શું આંસુઓથી જ તેઓ ચિત્તને નહવડાવ્યા કરે?

તમે દાર્શનિક હો તો ઇશ્વરનું અસ્તિત્વ સત્ય નહિ માનો. ભૂત–પ્રેતોથી અધિક તેઓ પણ ઇશ્વરને જાણતા નથી. હા દેવ! આ ઋષિભૂમિના આજ કેવા હાલ થયા છે? હા વિધિ! તું કાળ છે, ખરેખર કાળ જ છે, ક્રૂર અને કરાલ કાળ છે!

પાઠક, એમ ન કહીશ કે આવો રાગ ક્યાંથી છેડ્યો? ન કહીશ કે આ ફૂલ કેવું છે કે જેમાં પરાગ નથી? આ કૃષક–કથા નિરસ છે તો પણ તેમાં અમારો ભાગ છે. હૃદયની આગ બહાર નીકળ્યા વિના નથી રહેતી.

અનુવાદક: **રાજપાળ મગનલાલ વહોરા**

શ્રી જૈન યુવક સંઘ

વાર્ષિક સભામાં થએલું કામકાજ
નવા હોદ્દેદારો

શ્રી મુંબઇ જૈન યુવકસંઘની વાર્ષિક સામાન્ય સભા તા૦ ૨૧–૧–૪૦ રવિવારના રોજ શ્રી જૈન શ્વે. મૂર્ત્તિ. કૉન્ફરન્સની ઑફિસના હૉલમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચે મુજબ કામકાજ થયું હતું.

(૧) સંવત ૧૯૯૫ની સાલમાં થયેલ કામકાજનો વૃત્તાન્ત તથા આવકજાવકનો ઑડીટ થયેલો હિસાબ જે અન્યત્ર આપવામાં આવ્યો છે તે કાર્યવાહી સમિતિ તરફથી મંત્રીઓએ રજૂ કર્યો અને તે સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યો.

(૨) નવા વર્ષ માટે આવકજાવકનો અંદાજ રજૂ કરવામાં આવ્યો અને તે સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યો.

(૩) નવા વર્ષ માટે અધિકારીઓ અને કાર્યવાહી સમિતિની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવી.

પ્રમુખ: શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, B.A.LL.B.

ઉપપ્રમુખ: શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ. M.A.LL.B. સોલીસીટર.

મંત્રીઓ, શ્રી. મણિલાલ મોકમચંદ શાહ.

,, ડૉ૦ વ્રજલાલ ધરમચંદ મેઘાણી. L.C.P. & S.

ખજાનચી: શ્રી. અમીચંદ ખેમચંદ શાહ

સભ્યો: શ્રી. વેણીબહેન કાપડિયા

શ્રી. લીલાવતીબહેન દેવીદાસ

શ્રી. ચુનીલાલ કે. કામદાર

શ્રી. તારાચંદ લક્ષ્મીચંદ ડોઢારી

શ્રી. ટી. જી. શાહ.

શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ

શ્રી. વલ્લભદાસ પ્રેમચંદ મહેતા

શ્રી. નાનચંદભાઇ શામજી

શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન

શ્રીમતી જસુમતીબહેન કાપડિયા, ,, મણિબહેન અમીચંદ શાહ — સ્ત્રી વિભાગ તરફથી

શ્રી. હિંમતલાલ તારાચંદ શાહ B. A., શ્રી. દીપચંદ ટી. શાહ — સ્થાનકવાસી વિભાગ તરફથી

શ્રી. અંબાલાલ એલ. પરીખ B. Sc., શ્રી. રમણલાલ ચંદુલાલ શાહ — શ્વે. મૂર્તિપૂજક વિભાગ તરફથી

(૪) ઑડીટર તરીકે શ્રી. બાલચંદ એમ. મહેતા, રજીસ્ટર્ડ એકાઉન્ટર એન્ડ ઑડીટરો.

આટલું કામકાજ થયા બાદ ઉપાહાર સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

सच्चस्स आणाए उच्चट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન
સત્યમૂતં વદેદ્વાક્યમ્
જાનેવારી, ૩૨ ૧૯૪૦

૨: કોમી છાત્રાલયો અને ધાર્મિકતા

રાત્રિભોજનાનષેધ

ધાર્મિકતાના નામે આજે જે જે નિયમોનું કોમી છાત્રાલયોમાં પાલન કરાવવામાં આવે છે તેમાં સૌથી પ્રથમ આપણે રાત્રીભોજનનિષેધનો વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. છાત્રાલયના અનુસંધાનમાં આ બાબત વિષે હું કાંઇ પણ વિચારો રજૂ કરું તે પહેલાં એ સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે સિદ્ધાન્તની દૃષ્ટિએ–તેમજ સંયમની દૃષ્ટિએ–રાત્રીભોજનનિષેધનું ઔચિત્ય તેમજ ઉપયોગિતા અમને હું બરોબર સ્વીકારું છું. આમ છતાં પણ સિધ્ધાન્તને વ્યવહારમાં મૂકતાં આપણે અનેક યમનિયમોના અનુપાલનમાં છૂટછાટ મૂકતા આવ્યા છીએ એ રીતે છાત્રાલયના સંબંધમાં વિચાર કરતાં આ પ્રતિબંધને લગતો આપણો આગ્રહ છોડવો જોઇએ એવો મારો અભિપ્રાય છે. આપણે આગળ વિચાર્યું તેમ કેવળ ધર્મના પ્રચારકો તૈયાર કરવા માટે કોઇ શિક્ષણસંસ્થા ખોલવામાં આવી હોય તો તેને લગતા છાત્રાલયોમાં રાત્રીભોજનનિષેધ જરૂર ફરજિયાત હોવો જોઇએ. કારણ કે આજે ધર્મને લગતી બે પ્રકારની આપણી સમજણ હોય તે સમજણ મુજબના યમનિયમો તે સંસ્થામાં અવશ્ય પળાવા જોઇએ. બીજું, આવા કોઇ છાત્રાલય સાથે "વ્યાવહારિક" શિક્ષણ આપવાની સંસ્થા પણ એ છાત્રાલયના સંચાલકો તરફથી ચલાવવામાં આવતી હોય તો તે શિક્ષણસંસ્થાના વર્ગો એવી રીતે ગોઠવી શકાય કે જેથી સાંજે જમવા પહેલાં રમતગમત તેમજ કસરત માટે તે છાત્રાલયના વિદ્યાર્થીઓને પૂરતો વખત મળી શકે. આવી સગવડવાળી સંસ્થા પણ પોતાનું રસોડું જરૂર સૂર્યાસ્ત પહેલાં બંધ કરે, પણ આજના જે કોમી છાત્રાલયો વિદ્યાર્થીઓને માત્ર રહેવાખાવાની સગવડ આપે છે અને જેમાં રહેતા વિદ્યાર્થીઓ ભણવા માટે અન્યત્ર હાઇસ્કૂલ કે કોલેજમાં જાય છે તે છાત્રાલયોએ સૂર્યાસ્ત પહેલાં પોતાનાં રસોડાં બંધ કરી દેવાનો પ્રબંધ ફેરવવો જોઇએ. પ્રથમ તો આપણે એ સમજી લેવું જોઇએ કે આપણે ત્યાગ સંયમની ગમે તેટલી વાતો કરીએ પણ આપણે આપણાં બાળકોને ભણાવીએ છીએ તે એટલા માટે કે તેઓનાં શરીર અને મનની બધી શક્તિઓ ખૂબ ખીલે અને મોટાં થાય ત્યારે આદર્શ ગૃહસ્થ અને શહેરી બને. ત્યાગ અને સંન્યાસની ગમે તેટલી પ્રતિષ્ઠા કરવામાં આવે એમ છતાં એ અપવાદમાર્ગ જ રહેવાનો છે અને ગૃહસ્થજીવન જ રાજમાર્ગ રહેવાનો છે. આ ધ્યેય ધ્યાનમાં રાખીને જ વિદ્યાર્થીજીવનની સર્વ રીતભાત અને વ્યવહાર ઘડાવાં જોઇએ. આ ધ્યેય સિધ્ધ કરવા માટે જે તાલીમ અપાવી જોઇએ તે બે પ્રકારની છે : મનની અથવા તો બુધ્ધિની અને શરીરની. જેને આપણે 'ભણવું' કહીએ છીએ તે માત્ર બુધ્ધિની તાલીમ હોય છે. અને તે નિશાળના વર્ગોમાં અપાય છે પણ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે જેટલી જરૂર બૌદ્ધિક શિક્ષણની છે તેટલી જ જરૂર શારીરિક કસરત તેમ જ રમતગમતની છે. અને આ માટે આજની દરેક નિશાળ કે કોલેજમાં સારી વ્યવસ્થા જોવામાં આવે છે. પણ બીજું ફરજિયાત હોય છે જ્યારે રમવાનું કે કસરત કરવાનું ઘણું ખરું મરજિયાત હોય છે. સાંજે નિશાળના વર્ગો પૂરા થતા બાદ વિદ્યાર્થીઓ ક્રિડાંગણ તરફ કે કસરતશાળા તરફ દોડે છે. કોઈ ક્રિકેટ તો કોઇ ફુટબોલ, કોઇ બેડમીન્ટન તો કોઇ વોલીબોલની રમતો રમે છે. કોઇ હુતુતુતુ રમતું હોય છે તો કોઇ ઠેકાણે ડ્રીલ ચાલતી હોય છે. કોઈ ડંબેલ્સ તો કોઇ મગદળ ફેરવે છે. આજ સમયે રૂઢિચુસ્ત કુટુંબના કે ઉપર વર્ણવેલ જૈન છાત્રાલયના વિદ્યાર્થીઓ નિશાળમાંથી છૂટી મળતાં ઘર તરફ અથવા તો પોતપોતાની બોર્ડિંગ તરફ ચાલવા માંડે છે અને સૂર્યાસ્ત પહેલાં જમી લેવાની તજવીજમાં પડે છે. શરીરસ્વાસ્થ્ય આજે જૈન સમાજનું સૌથી ઊતરતું અને શરમાવનારું અંગ છે. આજનો જૈન વિદ્યાર્થી બુદ્ધિમાં ગમે તેટલો ચડિયાતો હશે પણ શરીરે તો સાધારણ રીતે માયકાંગલો જ હોય છે. આજ સુધીમાં રમતગમતમાં કોઇ પણ જૈન વિદ્યાર્થીએ મોટું નામ કાઢયું સાંભળ્યું નથી અને તેમાં નવાઇ જેવું શું છે? જૈન માબાપોને આ બાબતનું મહત્ત્વ કે ઉપયોગિતા હજુ સમજાયાં જ નથી. જૈન વિદ્યાર્થીઓમાં આ શોખ નાનપણથી કેળવવામાં આવતો નથી અને તેથી મોટા થયે આ બાબતમાં તેઓ કેવળ ઉદાસીન જ રહે છે. છાત્રાલયના સંચાલકો જૈન સમાજ રખેને દ્રવ્ય નહિ આપે એવા ભયથી અથવા તો આ વિષયને લગતી તીવ્ર લાગણીને લીધે સૂર્યાસ્ત પહેલાં સર્વ વિદ્યાર્થીએ જમી લેવું જ જોઇએ એવો નિયમ સંપ્રદાયપણે પળાવતા હોય છે. આજની સર્વ જાહેર શિક્ષણસંસ્થાઓનો શિક્ષણસમય સવારના અગિયારથી સાંજના પાંચ સુધીનો મુકરર થયેલો છે અને તેમાં હાલ તુરત કશો ફેરફાર થવાનો સંભવ છે જ નહિ. રમતો સમૂહમાં રમાય છે અને કસરતનો ઉત્સાહ પણ સમૂહમાં સૌ સાથે કરવાથી જ ટકી રહે છે. કસરત તો કદાચ સવારે પણ થઇ શકે પણ જુદી જુદી રમતો કે જેના શારીરિક ઉપરાંત બીજા અનેક સામાજિક લાભો છે તે માટે તો સાયંકાળ સિવાય બીજો કોઇ સમય અનુકૂળ પડે તેમ છે જ નહિ. આ લાભ આપણા વિદ્યાર્થીને આપવો હોય તો તેનો સાંજે જમવાનો સમય થોડો મોડો કરવો જ જોઇએ; નહિ તો પછી આપણા વિદ્યાર્થીઓએ રમતગમતના સર્વ લાભોથી વંચિત બનવાનું જ રહ્યું. નબળાં બાંધા, ફિક્કાં શરીર, ઊંડી પેસી ગયેલી આંખો, વ્યક્તિત્વ વિનાની મુખમુદ્રા, ડોળ વિનાનું હલનચલન: આ સર્વ એકત્ર થયેલાં જોવાં હોય તો તેનો નમૂનો જૂની રૂઢિમાં ઊછરતો અને નવી કેળવણીને પોતાના મગજ ઉપર લાદતો આજનો જૈન વિદ્યાર્થી છે અને આનું કારણ તેનામાં પ્રફુલ્લતા અને પ્રાણ–બળ અને આરોગ્ય પોષનાર શારીરિક વ્યાયામ અને રમતગમતનો સર્વથા અભાવ છે. આ બાબત જેટલી હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને લાગુ પડે છે તેટલી જ કોલેજના વિદ્યાર્થીઓને લાગુ પડે છે અને તેથી ઉભય વર્ગના વિદ્યાર્થીઓના છાત્રાલયોમાં પ્રસ્તુત પ્રતિબંધને નરમ કરવાની એકસરખી જરૂર છે. કોલેજના વિદ્યાર્થીઓનો વિચાર કરતાં બીજા પણ સંયોગો આ પ્રતિબંધને શિથિલ કરવાની જરૂરિયાત તરફ આપણને ખેંચી જાય છે. કોલેજમાં ભણનારને અભ્યાસનો બોજો વધે છે અને તેથી તેના માટે રમતગમતની એ જ કારણે જરૂર રહે છે. તે માટે દરેક કોલેજના વિદ્યાર્થીને જુદી ફી પણ આપવી પડે છે.

કૉલેજો સાધારણ રીતે મોટા શહેરોમાં જ ઊભી કરવામાં આવેલી હોય છે. આજના શહેરી જીવનની સર્વ ઘટના સાથે રાત્રી-ભોજનનિષેધનો બહુ ઓછો મેળ જોવામાં આવે છે. શહેરના આનંદવિનોદના અનેક પ્રસંગો સાયંકાળે જ ગોઠવાયા હોય છે. અનેક ઉપયોગી વ્યાખ્યાનો પણ સાંજના વખતે જ રાખવામાં આવે છે. આપણા છાત્રાલયમાં ભણતો વિદ્યાર્થી સૂર્યાસ્ત પહેલાં જમી લેવાના નિયમને લીધે ટેનીસ ફુટબોલ વગેરે તો છોડે જ છે. કારણ કે હંમેશાં બીજે ઠેકાણે તે ક્યાં જશે? પણ કૉલેજમાં કે બહાર અપાતાં ઉપયોગી વ્યાખ્યાનો સાંભળવાનું કે કોઈ વખત કોઇ કોન્સર્ટ અથવા તો કોઇ સિનેમા જોવાનું તે ચૂકતો નથી અને આમ અને છે ત્યારે શું તે ભૂખ્યો રહે છે? આજના વાતાવરણમાં એવી આશા કોઇ પણ વિદ્યાર્થી પાસેથી રાખવી એ વધારે પડતું છે. છાત્રાલયનું રસોડું તો સૂર્યાસ્ત સાથે બંધ થઇ જાય છે. એટલે તે કાં તો પોતાના કોઇ સ્નેહીસંબંધીને ત્યાં અથવા તો કોઇ પણ હોટલ-રેસ્ટોરાંમાં તે જમી લે છે અને આમ બહાર જમતાં તે ખાન-પાનને લગતા બીજા નિયમોની પણ સ્વાભાવિક રીતે ઉપેક્ષા કરતો રહે છે. આ વસ્તુસ્થિતિ વચ્ચે મોટા શહેરના વિદ્યાર્થી-જીવન સાથે બિલકુલ બંધબેસતો નહિ એવો નિયમ પળાવવા જતાં અસત્ય અને સ્વપરવંચના પોષાતા જાય છે. જે છાત્રા-લયના સંચાલકો આ નિયમ પળાવવાનો સંપૂર્ણ આગ્રહ રાખતા હોય છે તેમાંનો મોટો ભાગ પણ પોતપોતાની પ્રવૃત્તિને અંગે રાત્રીભોજન કરતો જ હોય છે અને આની પણ વિદ્યાર્થીનાં મન ઉપર બહુ જ વિચિત્ર અસર પડે છે. રાત્રીભોજન નહિ કરવાનો નિયમ પળાવનાર પાળતા નથીઃ જેની પાસે પળાવવા માગો છો તે પણ સર્વ સંયોગોમાં એક સરખી રીતે પાળી શકતા જ નથી. જો આ નિયમમાં છૂટછાટ મૂકવામાં આવશે તો સમાજ દ્રવ્ય નહિ આપે એ પ્રકારનો ભય આજના સંચાલકોને ખૂબ પીડી રહ્યો છે. છાત્રાલયમાં નિયમો જોઇએ, અને એ નિયમોના અનુ-પાલન માટે સખ્ત આગ્રહ જોઇએ એ મને કબૂલ છે પણ જે નિયમ વાસ્તવિકતાની ઉપેક્ષા કરીને ઘડવામાં આવે છે તે નિય-મનો ભંગ જ નિયમનું ચાલુ સ્થાન લે, અને ધર્મની રક્ષા કરવા જતાં ધર્મ જ હણાય છે. આ માટે આજના સંચાલકોએ ઉપ-રના ભયનો સામનો કર્યે જ છુટકો છે. જે નિયમનું પાલન શક્ય વ્યવહારુ કે આજના સંયોગમાં ઇષ્ટ ન લાગતું હોય તે નિયમ પળાવવાનો સમાજે આગ્રહ ન રાખવો જોઇએ. જે નિયમ સંસ્કારી અને ધર્મપરાયણ માબાપો પોતાનાં બાળકો પાસે પળાવવામાં સાધારણ રીતે અસમર્થ નીવડતા હોય તે નિયમનું પાલન બીજી સગવડના અભાવે છાત્રાલયમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ ઉપર લાદવું એ પણ યોગ્ય નથી. સમા-જની સમક્ષ આ પરિસ્થિતિ યોગ્ય આકારમાં રજૂ થવી જોઇએ અને એ રીતે જરૂરી ફેરફાર કરવો જોઇએ. સાચી વાત જાણવા સમજવા છતાં સમાજ પોતાની એક માન્યતા કે જેનો ચાલુ જીવન સાથે સંબંધ છૂટતો જાય છે તેને આંધળી રીતે વળગી રહેવાનો આગ્રહ રાખે અને એ કારણે છાત્રાલયો પોષાતાં બંધ થાય તો એ દોષ અને જવાબદારી સમાજની છે, પણ સમાજ એવો આંધળો કે જેવકૂફ નથી. એ ઘડી કોઇ કોઇ બાબતમાં સામાજિક આંચકા આવે, પણ આખરે સમા-જનું કલ્યાણ કરનારી અને ઊગતી પ્રજાનો ઉત્કર્ષ કરનારી સંસ્થાઓ સમાજ સદા પોષતો જ આવ્યો છે. આ માટે ઉપરનો ભય ખરી રીતે બિનપાયાદાર છે એમ મારું માનવું છે. આજની સાયંકાલીન ભોજનની પ્રથામાં ફેરફાર ન થાય ત્યાં સુધી પણ જ્યારે જ્યારે કોઇ પણ વિદ્યાર્થીને મોડા આવવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ત્યારે નિયામકની રજાથી તેની થાળી બાજુએ રાખી મૂકવાની સગવડ તો કરવી જ જોઇએ. કારણ કે કોઇ પણ સંયોગમાં વિદ્યાર્થીને ફરજિયાત બીજાને ત્યાં જમવું પડે તે તો ઇષ્ટ છે જ નહિ અને તેથી પણ વધારે અનિષ્ટ તે આ કારણે રેસ્ટોરાંમાં જાય અને જે-તે ખાય તે છે. વિદ્યા-થીને આટલી સગવડ તો જોઇએ જ છીએ અને એટલી છૂટ આપો એટલે તે જ્યાંત્યાં ભટકવાનો છે આવી ગાંડી વાતો કોઇ ન કરે. આપણો વિદ્યાર્થી એટલું બધું અવિશ્વસનીય પ્રાણી નથી. તે પોતાનું હિત શેમાં છે અને પોતે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ તે સાધારણ રીતે બરોબર સમજે છે અને તે મુજબ વર્તે છે. કૉલેજજીવનમાં એવા ઘણા પ્રસંગો આવે છે કે જ્યારે તે સૂર્યાસ્ત પહેલાં પોતપોતાના સ્થાને પહોંચી શકતો જ નથી. જેમ કે યુ. ટી. સી.માં જોડા-યેલો વિદ્યાર્થી. તેની ડ્રીલ અને કવાયત સાંજે જ આવે છે. વળી કૉલેજના ચાલુ અભ્યાસને પરિપોષક બહારનાં વ્યાખ્યાનો ઘણુંખરું સાંજે જ અપાય છે. આવા સંયોગોમાં તેને જમ-વાની સગવડ ન આપવી તે ઉચિત કે ધર્મ્ય નથી અને આખો વિદ્યાર્થીસમૂહ રમતગમતથી વંચિત રહે તે પણ સામાજિક દૃષ્ટિએ ઇષ્ટ નથી. એટલા માટે આ બાબતનો આગ્રહ આપણે છોડવો રહ્યો.

આવા એક નાના વિષય ઉપર આટલી લાંબી પીંજણ કેટલાકને અર્થ વિનાની ને કંટાળા ભરેલી લાગશે. પણ આ બાબત વિષે અમુક વર્ગને ઘણો જ મક્કમ આગ્રહ છે અને એનું પરિણામ આજના આપણા છાત્રાલયોમાં ભણતા વિદ્યાર્થી-ગણને ખૂબ જ શોષવું પડે છે એ મારા અનુભવનો વિષય છે અને તેથી આ પ્રશ્નની વિવિધ બાજુઓ તેઓ ધ્યાનમાં લઇને આ વિષયમાં વિદ્યાર્થીઓનાં જીવન તેઓ સરળ બનાવે એ આકાંક્ષાથી આટલું લાંબું વિવેચન મને જરૂરી ભાસ્યું છે. બાકી રહેલી બીજી બાબતો હવે પછીના અંકમાં આપણે વિચારીશું.

પરમાનંદ

સામયિક સ્ફુરણ

'જૈનયુગ'ને આ ન છાજે

તા૦ ૧૬-૧-૪૦ના 'જૈનયુગ'માં અમદાવાદ દીક્ષા પ્રકરણ એ મથાળા નીચેની નોંધમાં તંત્રીમહાશય આગળ વધતાં નીચે મુજબ જણાવે છે:

"ભાઇશ્રી ભગવાનજી કપાસીનો પત્ર કહે છે કે: 'મિ૦ પરમાનંદ કાપડીઆએ તો તા૦ ૨૫-૧૨-૩૯ ના 'નવસૌરાષ્ટ્ર'માં જાહેર કે છૂપી દીક્ષા કોઇ પણ જાતની થવા ન દેવાની શકિત કેળવવા હાકલ કરી છે' જો આ વાત સાચી હોય તો તે દુઃખકર્તા છે, એટલું જ નહિ પણ ધાર્મિક નજરે વાંધાભારી છે. એક કરતાં વધારે વાર કહેવાયું છે અને પુનઃ ભાર મૂકીને કહેવું પડે છે કે કોઇ પણ સાચો જૈન દીક્ષાનો વિરોધી હોઇ શકે જ નહિ. જે કંઇ મતફેર છે એ છૂપી અને સંતા-કુકડીની રમત સામે છે. કોન્ફરન્સે કદી પણ દીક્ષા જેવી પવિત્ર ક્રિયાનો વિરોધ કર્યો જ નથી અને કરી શકે પણ નહિ; આમ છતાં કેટલાક વ્યકિતગત વિચારોને નામે એ મહાન સંસ્થા સામે બખાળા કાઢવા એ બિલકુલ અયોગ્ય છે. અખિલ હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થામાં જાતજાતનાં ભેજાંઓ હોય અને બિનજવાબદારીભર્યાં સૂર તેઓ કાઢે તેથી સંસ્થાને વગોવવી કે એને ઉતારી પાડવી એ તો એકાદ કપૂતના કારણે ખાનદાન પિતાને નામોશી દેવા જેવું છે."

કોઇ પણ પ્રતિકૂળ વિચારો ધરાવતા કાર્યકર્તા વિષે સમા-જમાં વિપરીત ખ્યાલ ઊભો કરવા માટે આજકાલના છાપાંઓ

અનેક પ્રપંચો કરે છે. તેમાંનો એક પ્રપંચ તે કાર્યકર્તાના કોઈ પણ લખાણના કોઇ પણ વિભાગને બોટું અવતરિત કરવું તે છે. જે 'નવસૌરાષ્ટ્ર'માં પ્રગટ થયેલ મારા લેખનો આધાર લઇને શ્રી. ભગવાનલાલ કપાસીએ પોતાના પત્રમાં, મારા વિષે ઉલ્લેખ કર્યો છે તે લેખમાં પ્રસ્તુત વિચાર નીચે મુજબ લખાયલો છેઃ 'એક પણ સાધુ કે સાધ્વી છૂપી રીતે કે જાહેર રીતે કોઈ પણ છોકરા કે છોકરીને દીક્ષા આપવાની હિંમત ન કરે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી તે આપણું પરમકર્તવ્ય બને છે.' આ લેખ મૂળ 'પ્રબુદ્ધ જૈન'ના તા૦ ૧૫-૧૨-૩૯ના અંકમાં પ્રગટ થયેલો. આ લખાણમાં મારો વિરોધ કોઇ પણ જાતની દીક્ષા આપવા સામે નથી, પણ કુમળી વયના છોકરાછોકરીને દીક્ષા આપવા સામે છે એ સ્પષ્ટ છે. એમ છતાં શ્રી૦ કપાસીએ મારા આ રીતના મર્યાદિત વિરોધને વ્યાપક રૂપ આપી જૈન સમાજમાં મારા વિષે ખોટો ખ્યાલ ઊભો કરવા પ્રયત્ન કર્યો છે, પણ આ બાબતનો મને બહુ હરખશોક નથી.

આવી જ રીતે છાપાંવાળાઓનો બીજો પ્રપંચ કોઇ પણ વ્યકિત સામે ગેરસમજ ઊભી કરે તેવા કોઇ બહારના માણસના લખાણમાં રહેલાં તથ્યાતથ્યની જરા પણ દરકાર કર્યા સિવાય તે લખાણને અવતરિત કરીને 'જો આ વાત સાચી હોય તો' એવી બચાવની બારી રાખી તે ઉપર પોતાને ફાવતી ટીકાઓની ઇમારત ઊભી કરવી તે છે. આ કાર્ય 'જૈનયુગ'ના તંત્રીએ ઉપરના લખાણમાં કર્યું છે અને આ જોઇને મને ખરેખર દુઃખ થયું છે અને તે એટલા માટે કે 'જૈન યુગ'ના તંત્રીને મારી સાથે ગમે તેટલો મતભેદ હોય તો પણ અમે બન્ને એક જ સંસ્થાનાં ભિન્ન ભિન્ન કાર્યો સંભાળતા સાથી અધિકારી છીએ તેથી આ બાબતમાં કાંઇ પણ લખતાં પહેલાં તેમણે એક સાથી તરીકે મને આ લખાણનાં તથ્યાતથ્ય વિષે પૂછવું જોઇતું હતું. બીજું, એ લેખ જેમાં ઉત્તરોત્તર પ્રગટ થયો હતો તે 'પ્રબુદ્ધ જૈન' કે 'નવસૌરાષ્ટ્ર'નો અંક તેમણે બરોબર જોઇ જવો જોઇતો હતો. આવી જ રીતે 'જૈનયુગ' છેલ્લા છેલ્લાં બંધ થયું તે અરસામાં શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળની વ્યાયામશાળાને લગતી તકરારના સંબંધમાં સદ્‌ગત 'પરિવર્તન'માં પ્રગટ થયેલી મારી નોંધ ઉપર પણ તેમણે મનફાવતી ટીકાઓ લખીને મને અન્યાય કર્યો હતો અને પાછળથી તેમને તે બાબતનો ખુલાસો કરવો પડયો હતો.

આમ સત્યથી વેગળા દોડવાની તેમજ પ્રતિપક્ષી વિચારકો સંબંધમાં લખવા જતાં સભ્યતા કે ઔચિત્યની મર્યાદા ઓળંગવાની રીત 'જૈનયુગ' ના તંત્રીને ન છાજે. જેને મરજી પડે તેટલાં શાહી કાગળ બગાડવાનો વાંધો નથી અને જે પોતા સિવાય બીજા કોઇને લેશ માત્ર જવાબદાર નથી તેવા પત્રને ગમે તે ફાવે પણ 'જૈનયુગ' શ્રી. જૈન શ્વેતા. મૂ. કોન્ફરન્સનું મુખપત્ર છે અને એ કોન્ફરન્સનું સ્થાન આજે બહુ નાજુક છે. એ કોન્ફરન્સનું મુખ્ય ધ્યેય ભિન્ન ભિન્ન મત ધરાવતી અનેક વ્યકિતઓ તેમજ વર્ગોને એકત્ર કરવાનું અને સમાજ ઉદ્ધારના કાર્યમાં સંગઠીત કરવાનું છે. એ સંસ્થાના મુખપત્રમાં એવી એક પણ વાત ન આવવી જોઇએ કે જે સત્યથી વેગળી હોય અને જે સૌને ઇષ્ટ એકીકરણની વિરોધી હોય.

'જૈનયુગ'ના એ અંકમાં આજના યુવકો અને યુવક પ્રવૃત્તિ સામે કેટલીક ટીકાઓ છે. તંત્રીમહાશયને કહેવતોનો ઠીક ઠીક શોખ લાગે છે. 'કપૂતના કારણે દાનદાન પિતાને નામોશી દેવી' 'પાડાને વાંકે પખાલીને ડામવો' ઇત્યાદિ. પોતાનાં કથનને માર્મિક બનાવવા માટે આવી કહેવતોનો ઉપયોગ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘ

વાર્ષિક વૃત્તાન્ત

આજે આપણો મુંબઇ જૈન યુવકસંઘ અગિયાર વર્ષ પૂરાં કરીને બારમા વર્ષમાં પ્રવેશ કરે છે. આજે નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિની ચૂંટણી સં. ૧૯૯૪ના આસો માસમાં-તા૦ ૨-૧૦-૩૮ ના રોજ કરવામાં આવી હતી. ત્યારથી આજ સુધીમાં થયેલાં કામકાજ અને બનેલા બનાવોની વિગત નીચે મુજબ છે.

પ્રારંભમાં માટુંગા પ્રતિમા પ્રકરણ ઊભું થયું હતું. રાત્રીના વિમાનમાં બેસીને કોઇ દેવતા આવ્યા અને પોતાના ઘરની બારી વાટે એક ભવ્ય જિનમૂર્તિ મૂકી ગયા એવી એક બાઇના નામે વાત ફેલાવીને માટુંગા બાતે એક જિનમૂર્તિ રજૂ કરવામાં આવી હતી અને એ બાબતને છાપાંદ્વારા ખૂબ પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. વહેમ અને કુતૂહળથી પ્રેરાઇને હજારો માણસો એ મૂર્તિનાં દર્શને માટુંગા તરફ દોડી રહ્યાં હતાં. રાત દિવસ મહેનત કરીને તેમજ કેટલોક ખર્ચ કરીને આ બાબતનું પોકળપણું આપણા તરફથી ખુલ્લું પાડવામાં આવ્યું હતું અને એ રીતે ભોળી જનતાના હજારો રૂપિયાનું આંધણ મૂકાઈ જાય એવી ઘેલછામાંથી સમાજને ઉગારવામાં આવ્યો હતો.

કેટલાક સમયથી યોજવા ધારેલ સામાજિક વ્યાખ્યાનમાળાની આ વર્ષના એપ્રીલ માસમાં શરૂઆત કરવામાં આવી હતી અને તેમાં ચાર વ્યાખ્યાનો નીચે મુજબ થયાં હતાં.

વ્યાખ્યાતાઃ શ્રી. કાકાસાહેબ કાલેલકર. વિષય : સ્ત્રી-પુરુષ સંબંધ.

,, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ,
વિષયઃ લગ્ન, ચારિત્ર્ય ઘડતરનું સાધન.

,, શ્રી. ઝીણાભાઈ દેશાઇ (સ્નેહરશ્મિ),
વિષયઃ 'રૂપજીવિની' પ્રગતિશીલ કે પ્રત્યાઘાતી ?

,, શ્રી. શાંતિલાલ હ. શાહ,
વિષયઃ "હિન્દુ સ્ત્રીઓના કાયદેસર અધિકારો."

આ વ્યાખ્યાનમાળામાં લોકોએ બહુ રસ લીધો નહોતો. અને શ્રોતાઓની હાજરી ઉત્તરોત્તર કમી થતી ગઇ હતી. હવે

કરવામાં આવે છે અને આવી કહેવતો ઘણી વખત અણીદાર ઝેરી શસ્ત્રોનું કામ સારે છે. સામયિક પત્રોનો મુખ્ય ઉદ્દેશ સાચી બીનાઓ પ્રસિદ્ધ કરવી અને વિચારપ્રેરક અને સંસ્કૃતિપોષક ખોરાક પૂરો પાડવો એ છે. આ ઉદ્દેશને બાજુએ રાખીને ઘણી વખત પત્રકારો પક્ષકાર બની જાય છે અને પોતે માની લીધેલા પ્રતિપક્ષ ઉપર પ્રહારો કરવામાં જ પોતાની ઘણીખરી શકિતઓ ખરચે છે. આ ઠીક છે કે અઠીક છે એ જુદી વાત છે પણ લેખિનીનું આ વળણ સ્વાભાવિક છે; તે સત્યનું સંશોધન છોડીને સ્વમતનું સમર્થન અને પરમતના ખંડન તરફજ ઘણુંખરું ઢળતી આવી છે. તેથી આ પરિસ્થિતિને સ્વાભાવિક નબળાઇ ગણીને આપણે ક્ષન્તવ્ય ગણીએ. પણ જ્યારે કોઇ પત્ર જે સંસ્થાનું પોતે મુખપત્ર હોવાનો દાવો કરતું હોય તે સંસ્થાનેજ ઘાતક લખાણ લખવા તરફ ઢળતું દેખાય ત્યારે આપણને કેવળ દુઃખ જ થાય. જે દિશાએ તાજેતરમાં જન્મ પામેલા 'જૈનયુગ'ના તંત્રીએ ગમન કરવા માંડયું છે તે કાંઇક આ પ્રકારની છે આટલું તે સંસ્થાના સૂત્રધારોને સૂચવવું અસ્થાને નહિ ગણાય.

પરમાનંદ

પછીથી આ વ્યાખ્યાનમાળા વિશેષ રસમય અને આકર્ષક બનાવવા પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે.

સંઘના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન' નામના પાક્ષિક પત્રની શરૂઆત કરવાને લગતી પ્રવૃત્તિ આખા વર્ષનો સૌથી વધારે અગત્યનો બનાવ છે. આ બાબત કેટલાક સમયથી ચર્ચાયા કરતી હતી. એ ચર્ચાના પરિણામે થયેલા ઠરાવ અનુસાર શ્રી. મણિલાલ મોકમચંદ શાહના તંત્રીપણા નીચે ગયા મે માસની પહેલી તારીખથી 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થવા લાગ્યું છે. આ પત્રે સારી લોકપ્રીતિ સંપાદન કરી છે અને આજ સુધીમાં પ્રગટ થતા માત્ર જૈન સમાજના જ નહિ પણ અન્ય સમાજના કોમી પત્રોમાં આ પત્રે જુદી-અનોખી-ભાત પાડી છે. લેખકોમાં પણ જૈનેતર સારા સારા વિદ્વાનોનો સહકાર છે અને તેમાં પણ ખાસ કરીને કાકા સાહેબ કાલેલકરે પ્રારંભથી આજ સુધીમાં આ પત્ર ઉપર નાના મોટા અનેક લેખો મોકલીને આ પત્રની પ્રતિષ્ઠામાં ખૂબ વધારો કર્યો છે. આ માટે આ સંઘ તેમનો ખરેખર ખૂબ ઋણી છે. પત્રની ગ્રાહકસંખ્યા કુલ ૩૧૦ ની છે જેમાંથી ૧૬૮ સંઘના સભ્યો છે અને બાકીના ગ્રાહકો બહારના છે. 'પ્રબુદ્ધ જૈન' ની આર્થિક બાજુની વિગતો આગળ ઉપર આપવામાં આવી છે જે ઉપરથી માલૂમ પડશે કે 'પ્રબુદ્ધ જૈન' ખાતે તેનું વર્ષ એપ્રીલની આખરે પૂરું થતાં સુધીમાં મુંબઇ જૈન યુવકસંઘને આશરે રૂા. ૯૦૦) ની ખોટ ખમવી પડે તેમ છે. પણ આ કારણથી આપણે નિરૂત્સાહ કે ચિન્તાતુર થવાની જરૂર નથી. જે સિદ્ધાંતો અને ધોરણ ઉપર 'પ્રબુદ્ધ જૈન' કાઢવામાં આવે છે તે ધ્યાનમાં લેતાં આ ખોટ કલ્પના કે ગણતરી બહારની નથી. 'પ્રબુદ્ધ જૈન' સ્વદેશી કાગળો ઉપર છાપવામાં આવે છે; તેમાં કોઇ પણ પ્રકારની જાહેર ખબર લેવામાં આવતી નથી. અંગત રાગદ્વેષ પોષનારા તીખાં તમતમતાં લેખો લેવામાં આવતા નથી. સત્યને આગળ રાખીને સમાજ તેમજ ધર્મના પ્રશ્નોની ઉચ્ચ ભૂમિકાએ ચર્ચા કરવામાં આવે છે. જૈન સમાજને અંગત પ્રશ્નો વિષે સાચી દૃષ્ટિ આપવી અને વિશાળ દુનિયામાં જે નવા વિચાર અને નવી ભાવનાઓનાં આન્દોલનો ઊઠી રહ્યાં છે તેનો સંપર્ક સાધી આપવો એ આ પત્રનું લક્ષ્ય છે, અને એ લક્ષ્ય જેટલા અંશે સાધી શકાય તેટલા અંશે આ પત્રપ્રવૃત્તિની સફળતા છે. પ્રસ્તુત 'પ્રબુદ્ધ જૈન'ની ખોટને પહોંચી વળવા માટે ગયા વર્ષ દરમિયાન અમોને નીચે મુજબ મદદ મળી છે.

રૂા. ૪૩૮) શ્રી જૈન યુવક પરિષદ ૧૯૩૧
,, ૧૦૦) શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરી
,, ૧૦૦) શ્રી અમીચંદ ખેમચંદ શાહ
,, ૧૬૪) નવા વર્ષની ખોણીના જુદા જુદા ગૃહસ્થો તરફથી

આ રીતે મદદ આપનાર સંસ્થા તેમજ ગ્રહસ્થોનો અમો અહીં આભાર માનીએ છીએ.

દર વર્ષ માફક આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળા પં૦ સુખલાલજીના પ્રમુખપણાં નીચે ગોઠવવામાં આવી હતી અને તેમાં હંમેશ મુજબ લોકોએ બહુ સારો રસ લીધો હતો. આ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ તથા વ્યાખ્યાન વિષયો નીચે મુજબ હતા.

વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
અધ્યાપક ધર્માનંદ કૌસંબી	રાષ્ટ્રધન
પંડિત મહેન્દ્રકુમાર	જીવનમાં તત્વજ્ઞાનનું સ્થાન
શ્રી. રતીલાલ જી. શાહ	
એમ. એ. એલ. એલ. બી.	અધ્યાત્મવાદ-કવિ-અખો અને આનંદઘન
પંડિત દરબારીલાલજી	મહાવિર જીવન
પંડિત દરબારીલાલજી	અહિંસા અને જૈન ધર્મ
સ્વામી આનંદ	ધડવૈયા
પંડિત બેચરદાસ	ધાર્મિક શિક્ષણ
પંડિત મુશાલદાસ	આપણો વ્યવહાર
અધ્યાપક રામનારાયણ વિ. પાઠક	જીવનમાં આદર્શને સ્થાન
શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ	કલ્પસૂત્ર
કાકાસાહેબ કાલેલકર	સ્વામી રામકૃષ્ણ પરમહંસ
પંડિત સુખલાલજી	(બહેનો માટે) તપ અને યોગ
પંડિત સુખલાલજી	ભગવાન નેમિનાથ અને રાજેમતી
શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆ	શ્રી. મહાવીર અને ગૌતમ સ્વામી
કાકાસાહેબ કાલેલકર	સમ્રાટ અને પરિવ્રાટ
મુનિ જિનવિજયજી	જૈન ધર્મ
પંડિત સુખલાલજી	ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર

આ વ્યાખ્યાનમાળા પાર પાડવામાં જે જે જુદા જુદા વિદ્વાનોએ પોતાના કીમતી સમયનો ભોગ આપીને સહકાર આપ્યો છે તેમનો અહીં અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. પંડિત સુખલાલજીએ તો આ પ્રવૃત્તિને પોતાની જ માની છે અને આ પ્રવૃત્તિની સફળતા મોટે ભાગે તેમને જ આભારી છે. જેઓ અમારા છે તેમનો કઇ રીતે ઉપકાર માનવો?

આ વર્ષે ગાંધીજયંતિ પ્રસંગે આપણે ખાદીની ઢૂંડીના વેચાણનું કાર્ય હાથ ધર્યું હતું અને જુદા જુદા સભ્યો-ભાઇઓ તેમજ બહેનોએ મળીને કુલ રૂા. ૧૯૯૦)ની ઢૂંડીનું વેચાણ કર્યું હતું. આ ખાદીની ઢૂંડીઓ વેચવાનો આપણા માટે પહેલો જ પ્રસંગ હતો. આ કાર્યમાં સહકાર આપનાર ભાઇઓ તેમજ બહેનોને ધન્યવાદ ઘટે છે.

ગાંધીજયન્તી પ્રસંગે એક જાહેર સભા હીરાબાગના હોલમાં ગોઠવવામાં આવી હતી જે પ્રસંગે સ્વામી આનંદે મહાત્મા ગાંધીજી ઉપર એક ભારે મનનીય તેમજ અનુભવપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. એક બીજી જાહેર સભા ગત વર્ષના પ્રારંભકાળમાં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેવા જતી એક ટુકડીના સરદાર તરીકે રાજકોટ ઉપડતા શ્રી. મણિલાલ જયમલ શેઠને અભિનન્દન આપવા માટે ભરવામાં આવી હતી. આ સત્યાગ્રહમાં સંઘના સભ્ય શ્રી. દુર્લભજી ઉમેદચંદ પરીખે બહુ જ આગેવાનીભર્યો ભાગ લીધો હતો અને શ્રી. વીરચંદ પાનાચંદ શાહ પણ સૌથી પહેલાં ઉપડેલી ટુકડીના આગેવાન બનીને રાજકોટ ગયા હતા અને જેલવાસી બન્યા હતા, ત્રીજી જાહેર સભા કરાંચીવાળા કુંવરશી ગિરધર તેમની પત્નીની સંમતિ લીધા સિવાય દિક્ષા લેવાને તૈયાર થયેલા તે સામે વિરોધ દર્શાવવા માટે ભરવામાં આવી હતી. આમ આખા વર્ષ દરમિયાન ત્રણ જાહેર સભા મેળવવામાં આવી હતી.

જુદા જુદા કારણે આ કાર્યવાહક સમિતિના વહીવટ દરમિયાન-સંઘની સામાન્ય સભા કુલ ત્રણ ભરવામાં આવી હતી. સંઘની ત્રણ વિભાગ સમિતિઓમાંથી શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ સમિતિની સામાન્ય સભા અને ત્રણ કાર્યવાહી સમિતિની સભાઓ મળી હતી. સ્ત્રી વિભાગ સમિતિની ત્રણ સભા મળી હતી.

વિભાગી સમિતિઓમાંથી સ્ત્રી વિભાગ સમિતિએ કોઇ પણ અગવડમાં સપડાયેલી બહેનને અનતી રાહત આપવાને લગતી એક પત્રિકા બહાર પાડી હતી અને તેને લીધે વર્ષ દરમિયાન ચાર પાંચ ફીસ્સાઓ હાથ ધરવાનો પ્રસંગ આવ્યો હતો. અને તે કારણે સ્ત્રી વિભાગ સમિતિના મંત્રીઓએ ઠીક ઠીક જહેમત ઉઠાવી હતી.

શ્વે. મૂર્તિપૂજક વિભાગની કાર્યવાહક સમિતિએ દશ વર્ષથી ગાઢ નિદ્રામાં પડેલી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાને સક્રિય સ્થિતિમાં મૂકવા માટે એડવોકેટ જનરલ પાસે જરૂરી રજુઆત અને તેને લગતી કેટલીક હિલચાલ ઉપાડી હતી. એ હિલચાલના પરિણામે જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા સચેત બની છે અને તેની હસ્તકના ફંડોનો ઉપયોગ કરવાની થોડી થોડી શરૂઆત થઈ છે.

આ સંઘના બંધારણમાં આજથી દોઢ વર્ષ પહેલાં જે મહત્વના ફેરફારો કરવામાં આવ્યા હતા તેનો અનુભવ કરતાં તે બંધારણ અનુસાર ઊભી કરવામાં આવેલી વિભાગી સમિતિઓએ ચાલુ વર્ષ દરમિયાન ખાસ મહત્વનું બહુ કામ કર્યું નથી અને ઘણું ખરું કામકાજ તો મુખ્ય કાર્યવાહક સમિતિને જ સંભાળવું પડે છે એમ લાગવાથી આ વિભાગી સમિતિઓ રદ કરવાને લગતા અને તેની ઉપયોગિતા અને જરૂરિયાતોની મુખ્ય કાર્યવાહક સમિતિની રચનામાં ગોઠવણ કરવા પુરતા બંધારણના કેટલાક ફેરફારો તા૦ ૨૪-૧૨-૩૯ ના રોજ મળેલી સંઘની સામાન્ય સભાએ કર્યા છે. સંઘના સભ્યોનું લવાજમ રૂા. ૧) વધાર્યું છે અને 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થાય ત્યાં સુધી સંઘના દરેક સભ્યને વિના લવાજમે મળે એવો ઠરાવ કરવામાં આવ્યો છે.

સંવત ૧૯૯૪ની આવક જાવકનો હિસાબ તા૦ ૨૬-૩-૩૯ ના રોજ મળેલી સામાન્ય સભામાં પસાર કરવામાં આવ્યો હતો. સં. ૧૯૯૫ ની સાલનો આવકજાવકનો હિસાબ નીચે મુજબ છે. સં. ૧૯૯૪-૯૫ની સાલમાં પેટ્રન તથા લાઇફ મેંબરોના લવાજમ ખાતે જમે થયેલા રૂા. ૧૬૦૧-૦-૦, સંવત ૧૯૯૫ની સાલના સભ્યોના લવાજમના રૂા. ૩૬૦-૦-૦ અને બેંકના વ્યાજના રૂા. ૬-૧૧-૦ કુલ રૂા. ૧૯૬૭-૧૧-૦ની આવક થઇ તેમાંથી સંવત ૧૯૯૪ની સાલના ખોટના રૂા. ૬૨૧-૧૩-૬ (રૂા. છસો એકવીસ તેર આના છ પાઇ) અને સં. ૧૯૯૫ના ખર્ચના રૂા. ૧૦૭૭-૧૦-૦ મળી કુલ રૂા. ૧૬૯૯-૭-૬ બાદ કરતાં બાકી રૂા. ૨૬૭-૩-૬ આવક ખાતે જમે રહે છે. આનો અર્થ એ છે કે પેટ્રન અને લાઇફ મેંબરોની આજ સુધીમાં એકત્ર થયેલી રકમ ખરચાઈ જતાં આપણી પાસે માત્ર રૂા. ૨૬૭-૩-૬ બાકી રહે છે. આ આપણી આજની આર્થિક પરિસ્થિતિ છે.

'પ્રબુદ્ધ જૈન'ના ખાતામાં સં. ૧૯૯૫ની આસો વદ ૦)) સુધીમાં રૂા. ૩૨૧-૧૦-૬ લવાજમ ખાતે જમા થયા છે અને રૂા. ૬૩૮-૨-૦ની રકમ 'પ્રબુદ્ધ જૈન'ની ખોટને પહોંચી વળવા માટે આપણને મળી છે તે બન્ને રકમ મળીને રૂા. ૯૫૯-૧૨-૬ થાય છે. તે સામે જુદી જુદી બાબતોમાં આસો વદ ૦)) સુધીમાં આપણને કુલ રૂા. ૭૪૯-૨-૩નો ખર્ચ થયો છે અને તે ખાતે રૂા. ૨૧૦-૧૧-૩ બાકી જમે રહે છે.

આ પરિસ્થિતિ વચ્ચે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. આપણી આવક કરતાં ખર્ચનું પલ્લું હંમેશાં નમતું રહ્યું છે અને એમ છતાં કાર્યકર્તાઓની મહેનત અને સમાજની સહાનુભૂતિથી ખર્ચનો ખાડો પુરાતો રહ્યો છે અને આપણું કામ ચાલ્યા કર્યું છે. ગયા વર્ષમાં આપણે 'પ્રબુદ્ધ જૈન' શરૂ કર્યું છે તે આજના સંયોગોમાં અને જે ધોરણે આપણે એ પત્ર ચલાવીએ છીએ તે ધોરણ ધ્યાનમાં લેતાં કદી સ્વાશ્રયી થાય એવો સંભવ નથી. આવતાં વર્ષમાં કાર્યવાહક સમિતિ નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો મનોરથ સેવી રહી છે, ચાલુ જગ્યા બદલીને વધારે ભાડાની વિશાળ જગ્યામાં સંઘની ઓફિસ લઇ જવા વિચાર ચાલી રહ્યો છે. એ જગ્યામાં વાચનાલય તેમજ સારું પુસ્તકાલય ઊભું કરવાની કલ્પના આજે સેવાઇ રહી છે. બહોળું ફંડ પ્રાપ્ત થયે આગળ ઉપર એક સારી વ્યાયામશાળા પણ ખોલવાનો મનોરથ કાર્યવાહક સમિતિની છેલ્લી સભાએ ઠરાવના રૂપમાં રજૂ કર્યો છે. આપણી પાસે આજે મોટા સાહસ ખેડવા જેવી કશી મૂડી નથી. આપણી પાસે ગણ્યાગાંઠ્યા કાર્યકર્તાઓ છે અને તેમને પણ પોતપોતાના વ્યવસાય ખૂબ વળગેલો છે. આ કારણે આપણા મનોરથ મુજબ આપણે સમાજને પૂરતી સેવા આપી શકતા નથી. આમ છતાં આપણે કાંઇક કરીએ એવી તમન્ના આજે સંઘના કેટલાએક સભ્યોના દિલમાં ઊંડી રહેલી દેખાય છે. આજનો સમય મોટી આર્થિક ઊથલપાથલનો છે અને બધી વસ્તુઓના ભાવ વધતા જતા હોવાથી સામાન્ય લોકો ઠીક ઠીક કમાતા બંધ છે. જો આજે આપણા સભ્યો સારા સંખ્યામાં કટિબદ્ધ થાય અને સંઘને માટે આર્થિક મદદો મેળવવાની પૂરા દિલથી કોશિશ શરૂ કરે તો આપણા સંઘની આર્થિક મૂંઝવણ તો સહજમાં ટળી જાય તેમ છે. એટલું જ નહિ પણ આપણે અનેક નવી પ્રવૃત્તિઓ સફળતા અને સ્થાયીપણાની ખાતરીપૂર્વક ઉપાડી શકીએ તેમ છે. આજ સુધી સંઘની સર્વ પ્રવૃત્તિઓનો ભાર ગણ્યાગાંઠ્યા બે પાંચ સભ્યો ઉપર જ પડતો આવ્યો છે. બહારથી દ્રવ્ય મેળવવા માટે સર્વ સભ્યો મહેનત કરવા લાગે અને જુદી જુદી પ્રવૃત્તિઓ અને જવાબદારીઓની વહેંચણી થાય તો એક બે વર્ષમાં આપણી આ સામાન્ય સંસ્થા આપણા સમાજમાં ઘણું જ મહત્વનું સ્થાન પ્રાપ્ત કરે એમાં સંશય જેવું છે જ નહિ. કાળ અને વાતાવરણનો આપણને ટેકો છે; ઊછરતો સમાજ આપણી સાથે છે; આપણે જે વિચારો રજૂ કરીએ છીએ તે સમાજ ઝીલે છે અને પચાવે છે; આપણી સંસ્થા પ્રાગતિક વિચારોની પ્રણેતા અને પ્રાગતિક પ્રવૃત્તિઓની સૂત્રધાર છે અને સદા રહેવી જોઇએ. આ ધ્યેયને આગળ અને આગળ રાખીને કામ કરનારા ભાઇઓ અને બહેનો-યુવક અને યુવતીઓની આપણને ખોટ છે. આપણી નાની સંખ્યામાં પણ એકત્ર થયેલા ભાઇઓ અને બહેનો એવું કાર્ય કરી બતાવીએ કે જેથી સંખ્યાબંધ ભાઇઓ-બહેનો આપણા પ્રત્યે આકર્ષાય, આપણાં કાર્યને પૂરો સહકાર આપે અને આપણી પ્રવૃત્તિને પૂર જોસપૂર્વક આગળ ચલાવે. સંઘના સર્વ સભ્યો પાસે આ અમારી યાચના અને આકાંક્ષા છે.

(સ્થળ સંકોચને લીધે સંઘનું સરવૈયું આપી શકાયું નથી)

યુગ ઘડે તે યોગી

(ગયા અંકથી ચાલુ)

જૈન ધર્મ જગતના સાધુઓની નબળાઈ અને સંસારીઓનું વેવલાપણું દેખીને જ ચેતવણીની લાલબત્તી બતાવી હતી કે "કુસાધુને સાધુ ગણે તે મિથાત્વ; સાધુને કુસાધુ ગણે તે મિથાત્વ' કેવું સુંદર નક્કર સત્ય!

સંસારીઓ! સાધુ કુસાધુના ભેદ તારવજો. ઊજળું એટલું દૂધ માની પીશો નહિ. સમાજને વિપદ્ કે કલહની આગમાં હોમનારા સાધુ સાચા સાધુ નથી. તમારાં જીવનનો સર્વાંગી વિચાર કર્યા વિના, એક નાનકડા ટુકડાને જ વળગી, બાકીનું ગમે તે રીતે ડોહવા દેનારા સાચા સાધુ નથી. મનુષ્યજીવનના નિકટવર્તી સર્વ પ્રશ્નોની છણાવટ અને જ્ઞાન આપવાને બદલે "ભત્તકથા, દેશકથા, રાજકથા" કહેવામાં ચાલુ વિશ્વની કટોકટીની પળે પાપ મનાવનારા સાચા સાધુ નથી. ન સમજાતી ગૂઢ શાસ્ત્રીય વસ્તુમાં દલીલ તો બાજુએ રહી પણ કાનો, માત્રા, મીંડું, પદ, ગાથા ઓછુંવધતું ભણ્યો હોય કે જે કહ્યું છે તેમાં શંકા, કંખા, વિત્તીગીછા, પડપાખંડ, પરસંચા" માટે જબરું પાપ મનાવી, સત્ય બાબતની જિજ્ઞાસા આડે ભીતિજનક પાપની વાડો બંધાવી "આપ્તા વાક્યમ્ પ્રમાણમ્" મનાવી સ્વતંત્ર માનવબુદ્ધિને તાળું દેવરાવનારા સાચા સાધુ નથી. સંસારિક જીવનનો વિચાર સંપૂર્ણપણે કર્યા વિના કેટલાએક માનવઉપયોગી વ્યવસાય આડે પ્રતિબંધ મૂકનારા સાચા સાધુ નથી. તેથી આવો કોઇ 'આદમી' વેષના બળ ઉપર તમારા માર્ગને ડોળવાનો પ્રયત્ન કરે તો જરૂર અટકાવજો. કારણ કે "કુસાધુને સાધુ માને તે મિથ્યાત્વ."

* * * *

મહારાજના વ્યાખ્યાનમાં સાંભળવા જેવું કંઈ નહોતું. નવીન સંદેશ કે સનાતન સત્યની કોઈ કલ્યાણકારી વાત નહોતી. જૂનાનું સ્પષ્ટીકરણ દૃષ્ટીકરણ નહોતું. માત્ર જેમ પાલવે તેમ ફેંકાયેલું એક કલાકનું ટાયલું હતું, જેથી જનસંખ્યા હંમેશાં ઓછી આવતી. આથી અકળાઇને એક દિવસે તે સાધુએ તેમને મળવા આવેલ એક ગૃહસ્થને કહ્યું કે:

સાધુ: તમે બધા નાસ્તિક થઇ ગયા છો, ધર્મ ઉપર કોઇને પ્રીતિ નથી. કોઇમાં સાધુ ઉપર શ્રદ્ધા નથી. દુનિયાનું શું થશે?

ગૃહસ્થ: જે તમારું થશે તે જ અમારું થશે! કોઈ નાસ્તિક તો નથી: હજુ સુધી લોકોમાં શ્રદ્ધા છે. તમને કેમ દેખાતી નથી?

સાધુ: ક્યાં છે શ્રધ્ધા? દુનિયામાં પંચમ આરાના પગલાં સંપૂર્ણ રીતે બેસી ગયાં છે. નહિતર સાધુ ઉપર શ્રદ્ધા ન હોય!

ગૃહસ્થ: શ્રદ્ધા જરૂર છે. પ્રયત્ન કરો તો દેખાશે.

સાધુ: કેમ દેખાય! અહીં મંદિરમાં તો કોઇ આવતું નથી. શું શ્રદ્ધા દુકાનમાં પડી છે?

ગૃહસ્થ: ના, દુકાનમાં નહિ. તમે જોઇ શકો તો જરૂર દેખાય તેમ છે. જુઓ—

(૧) તમારાં વ્યાખ્યાનમાં કંઇ સાંભળવાનું નથી, છતાં પણ ઘણા માણસો, તમારા પગ પાસે એક કલાક સુધી સ્થિર થઇને બેસે છે તેમાં શ્રદ્ધાનાં દર્શન નથી થતાં?

(૨) ગુણ અને કર્મમાં કે જ્ઞાનમાં ઉચ્ચ હોવા છતાં પણ તમને દૃઢ હાથ ઉચ્ચ આસને બેસાડી, તમારા પગ પાસે બેસી દીનતા—અનેક સદ્આત્માઓ દીનતા અનુભવે છે તેમાં શ્રદ્ધાનાં દર્શન નથી થતાં?

(૩) છોકરાંઓ માટે કે પંડ માટે ખર્ચ ન કરે, મહેમાન આવે તો પણ કરકસર કરે તેવા દિલમાં કંઈક તમારા પાત્રમાં નાખવાની સદાય ઉત્કટ ઇચ્છા અને ભાવના રહે છે અને જ્યારે જ્યારે આવો લાભ મળે છે ત્યારે ત્યારે પોતાની જાતને ધન્ય માની દિવસ સુધર્યો માને છે તેમાં શ્રદ્ધા નથી દેખાતી?

(૪) તમે તો ઠીક, પણ તમારા ગુરુએ પણ માન આપવું ઘટે તેવી બેવડ વળી ગયેલી અને અનેક ઉજળા દીકરાની ભાગ્યશાળી માતા ત્રણ વખત ઊઠબેસની વંદણા કરે છે તેમાં શ્રદ્ધાનાં ભવ્ય દર્શન નથી થતાં?

(૫) તમારા કરતાં અનેકગણાં વધારે અભ્યાસી, વિચારક અને જ્ઞાન ધરાવનારા પાકટ અનુભવી વૃદ્ધના તમારા જેવા-તેવા ઉછીના લીધેલા શબ્દો સામે શ્રધ્ધાથી 'સતવાણી' 'ધન્ય ગુરુ' કહી દેવાતા જીકારામાં શ્રદ્ધા નથી ભાસતી?

(૬) તમારા જેવા તેવા બાલિશ ઉચ્ચારો ઉપર પણ હસી છૂટનારા, તમારી અનેક નબળાઇઓ જાણવા છતાં પણ સાધુ—ભેખધારી મહાવીરના વેશધારી—સમજી જોયું ન જોયું કરનારામાં તમને શ્રધ્ધા નથી દેખાતી?

ગુરુજી, તમારી આંખ ખોટી છે. તમારા હૈયામાં કોઇ ભયંકર ભીંત ખડી થઇ ગઈ છે એટલે સાચું દેખાતું નથી. છતાં પણ ઘડીભર માની લઇએ કે સંસારીઓ નાસ્તિક થયા છે તો તેના જવાબદાર કોણ? તમારી જવાબદારી કેટલી? તમારી સેવા, સન્માન અને ઉપાડેલા બોજાના બદલામાં તમે અમારા જીવનની કેટલી સેવા કરી? અમારા જીવન બગડતા અટકાવવા તમે કેટલો પ્રયાસ કર્યો? તમારા ગુરુપદનો કેટલો ઉપયોગ કર્યો? ધર્મ પ્રીતિ કેમ નાશ પામે છે તે વિચાર્યું છે કદી? ગળે ન ઊતરી શકે તેવી બાબતોના સરળ રીતે ખુલાસા કરવાને બદલે શંકા કરવામાં પણ પાપ મનાવી શાસ્ત્ર કોઈ અગમ્ય વસ્તુ છે, તેમાં દલીલ ન હોય, તેમાં ગમે તેવી બાબતો માટે શંકા ન કરાય, પરન્તુ આંખ મીંચીને સત્ય જ માનવું જોઇએ. આવું આવું સમજાવ્યું. અંતે અગમ્યવાદથી માણસો ભડકીને ભાગવા માંડયા. તમે સાચા ધર્મને બદલે સંપ્રદાયનો ખોભળો જ આપ્યો અને તેના પર શ્રદ્ધા રાખવાનું કહ્યું તે આ યુગમાં ન બન્યું. આ સંપ્રદાયના ખોભળાનો પણ ફાવતી રીતે તમે ઉપયોગ કર્યો; તેને ફાવતી રીતે વખાણ્યો કે વગોવ્યો અને તેના ઓઠા નીચે અનેકવિધ સામાજિક ઝઘડા પેસાડી માનવજીવન વિષમય કરી નાખ્યું અને માનવકલેવરના કટકા કર્યા તેનો શો જવાબ ગુરુદેવ આપો છો?

ઘરમાં થી વાવતો બેડૂત પણ એટલું તો સમજે છે કે થી માટે જમીન તૈયાર કરવી જોઇએ. ચિત્ર આલેખનાર પણ સમજે છે કે સુંદર ચિત્ર માટે પાટી સફાઇદાર અને સાફ જોઇએ, જ્યારે આજના યુગમાં ગુરુપદે ચડી બેઠેલા મહાનુભાવો જ એટલું નથી સમજતા કે ધર્મનાં થી વાવવા માટે માણસની ભૂમિકા પ્રથમ સાફ કરવાની જરૂર છે. સાંસારિક, નૈતિક, રાજકીય વગેરે બાબતો સાથે માનવજીવનને અતિ નિકટનો સંબંધ છે તેથી જો એકાદ અંગ પણ પાંગળું રહેશે તો તેટલા પ્રમાણમાં સકળ શરીરમાં પણ પાંગળાપણું જ રહેવાનું અને ત્યાં સુધી માનવજીવન સંપૂર્ણ નહિ થાય!

આ યુગની એક ભયંકર ભૂલ તો એ છે કે માનવજીવનને સમસ્ત જીવન તરીકે સમજવાને બદલે અમુક એક અંગને જ સમજી સુધારવાનો પ્રયાસ કરવામાં આવે છે, જ્યારે બીજા

અંગો કોહવાતા જાય છે જેનું પરિણામ સકળ શરીરના નાશમાં આવે છે. આ વસ્તુ સમજાય છે?

માનવના સઘળા વ્યવહારો ધર્મમય બનાવી દેવા તે જ ધર્મનું-ધર્મના ઉપદેશકોનું લક્ષ્ય હોવું જોઇએ, જ્યારે અહીં તો સંસારિક પ્રશ્નોના નામ માત્રથી સાધુસમાજ ભડકે છે. ધર્મના મૂળભૂત સિદ્ધાંતો, ભૂતદયા, અસ્તેય, સત્યશીલ, અપરિગ્રહ (સંગ્રહ વૃત્તિનો અભાવ), સદાચારી માણસોનું, સાધુઓ અને ત્યાગીઓનું સન્માન અને તેના માટેની યોગ્ય ચિન્તા, માનવશક્તિનો સ્પષ્ટ ખ્યાલ રહે તેટલા માટે મર્યાદાઓની વિચારણા અને શુભની ભાવના અને કામના. આટલા જ સર્વ ધર્મના સિધ્ધાન્તો. આ બધા વ્યવહારમાં ઉતારવાના છે. આ સિવાયનો બીજો કોઇ ધર્મ હજુ સુધી તો જગતે જાણ્યો નથી. ભક્તિ તપ કે બીજા ક્રિયાકાંડો તો ભૂમિકા તૈયાર કરવાનાં સાધનો છે પણ માનવશાન્તિ, વિશ્વબન્ધુતા અને સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ઉપર જણાવેલા સિધ્ધાન્તો જ સમર્થ છે.

સાધુઓ, તમારી સામે માનવ શ્રધ્ધાથી ઊભો છે. તમારી પાસે સિધ્ધાંતની હારમાળા છે તે કેમ બંધ બેસતી થઇ શકે અથવા બંધ બેસતી કરવા માટે માનવના જીવનમાર્ગનો શો શો ફેરફાર કરવો ઘટે તે કદી વિચાર્યું છે? જવાબમાં ના. તમે તો—

ભાષાના, વ્યાકરણના, ઇતિહાસના. ઉચ્ચનીચના ઝઘડા ઊપજાવી સકળ સમાજને કલહ અને અંધકારની ખાઇમાં નાખેલ છે તે ખરું છે કે નહિ!

અમને તો અમારું જીવન સુખમય, શાન્તિમય, કલ્યાણમય, ઉપયોગમય અને પ્રગતિમય બનાવે તેવી જાતના જ્ઞાનની જરૂર છે. અમારા જીવનની શરૂઆતથી અંત સુધી ચોકી કરી સાવધ રાખે તેવા સાધુઓ જોઇએ. પારકાનો સંદેશો સુણાવનારા પ્રચારકોને બદલે સમાજને સનાતન સત્ય સમય અને સંજોગની કસોટી ઉપર કરી વાસ્તવિકતાભર્યો સંદેશો સુણાવનારા ગરવા ગુરુઓ બસે છે. અંગત વિચાર જ સમાજમાં ફેલાવી વેર વધારનારા નહિ, પણ સમાજના વિકારને-વિકારના ઝેરને-ગળી જનારા શિવકલ્યાણ સ્વરૂપ સાધુઓ જોઇએ છીએ. આટલું સમજ્યા પછી જો, મહારાજશ્રી, અમને નાસ્તિક કહેતા હો તો બ્યાજબી છે. બોલો શો જવાબ?

સાધુ: ખરું છે ભાઇ. તારું કહેવું સહી છે, પણ અમે પણ કરીએ શું? યુગ તેવા યોગી છીએ. સમાજ તેવા સાધુ છીએ. જેવા તમે તેવા અમો છીએ.

ગૃહસ્થ: ના, ના, મહારાજ. એમ નથી. જો યુગ તેવો યોગી થઇ જાય તો યોગીનો બસ જ શું છે? યુગને ઘડે તે યોગી! શ્રી મહાવીર, બૌદ્ધ, ઇસસ, શંકરાચાર્ય, મહમદ, અને છેલ્લાછેલ્લામાં દયાનંદ સરસ્વતી, રાજા રામમોહનરાય, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર અને પૂ. ગાંધીજી યુગને ઘડવાની તાકાત ઉપર જ જગતનું સન્માન અને ગુણપૂજા પામી રહ્યા છે. આ ભાવના કે તાકાત જેનામાં હોય તે યોગી: તે જ સાધુ. બીજા તો પારકાનો સંદેશો વહનારા નર્યા કાસદો, ટપાલિયા કે ગ્રામોફોનની રેકર્ડો!

સાધુ: બરું છે ભાઈ!

વિનાશકાળના મહાજનોમાં કહ્યું તેમ જે સમાજના નીતિરીતીના રક્ષપાળ અને સાચી સમજણના દેવાવાળા સાધુઓ અને વ્યવસ્થારક્ષક મહાજનો પોતાનો ધર્મ ભૂલે છે અને યુગને ઓળખ્યા વિના જૂનવાણી વાત ઉપર જ જીવવા કે જિવાડવા માગે છે તે સમાજ બારો ઉપયોગી રહેતો જ નથી. આજની સમાજવિકૃતિનું બરું રહસ્ય અને કારણ આ જ છે.

સમાજ જ્યારે કોહવાટથી ગૂંગળાય છે ત્યારે થોથાના-પાનાના આધાર આડા ધરવામાં આવે છે; માનવજીવન મરણોન્મુખ છે ત્યારે ધર્મની ક્રિયાઓ, કર્મકાંડો અને તેવી ઘેલછાભરી વેવલાઈ ખેલાય છે. અથવા તો કોઇ કોઇ વખતે થીંગડાં દેવા જેવું કામ કરવામાં આવે. પણ પરિણામ કંઇ નહિ. સમાજની મરામત પાયામાંથી જ થવી ઘટે-જો જીવવું હોય તો!

* * * *

સમાજને સાધુ અને મહાજનો વિના જરાપણ ચાલવાનું નથી. તેથી પુનઃ સાધુઓને સંસારમાં ઉતારવા પડશે. ભૂખ લાગી હોય પણ હોટલને અભાવે નજદિકમાં પડેલો પથ્થર જેમ ખાઇ શકાતો નથી તેમ સમાજને સાધુ કે મહાજનની અતિ જરૂર હોવા છતાં પણ બરા સાધુ કે મહાજનને બદલે ગમે તેવાને તે માનવંતુ પદ આપીને માનવજીવનને હલકું નહિ કરી શકાય. સારા સાધુ માટે કદાચ યુગ સુધી રાહ જોવી પડે તો પણ શું? સારા સાધુની ઝંખના સારો સાધુ જન્માવશે એવી ખાતરી છે.

* * * *

આજના સાધુમાં તાકાત છે; પ્રજાને દોરવાની શક્તિ પણ છે, ત્યાગ પણ થોડોક છે. સહન કરી સેવા આપવાની વૃત્તિ પણ કદાચ હશે, પણ નથી નવી યુગદૃષ્ટિ અને નથી જીવનનાં પ્રત્યેક કાર્યને ધર્મમય દેખવાની વિશાળ આંખ!

સાધુઓ કે જેણે પોતાની એક દુનયા તજી છે તે જો બીજી નવી રચેલી દુનિયાને ફગાવી દઇ સમાજના, વિશ્વના એક અંશ રૂપે જીવન જીવતો થઈ જાય તો જરૂર સુંદર રીતે જગતને સેવી શકે!

* * * *

જ્યારે એક દિવસે અતિ શક્તિમાન, મચ્છેન્દ્ર માર્ગ ભૂલ્યા, પોતાની તાકાત ભૂલ્યા, પોતાનું સ્થાન અને ક્ષેત્ર ભૂલ્યા, વર્ષોનો તપ ભૂલ્યા અને ભૂલ્યા પોતાનું પોતાપણું-ત્યારે તેના પગ પાસે બેસી ગુરુદિક્ષા લેતા શિષ્ય ગોરખે પ્રચંડ પુરુષાર્થથી ગુરુને ચેતવ્યા હતા કે—

"જાગ મચ્છેન્દ્ર, ગોરખ આયા"

પ્રત્યેક સંસારી માટે આ પવિત્ર ગંભીર ફરજ આપણા સૂતેલા-માર્ગભૂલેલા મચ્છેન્દ્રોને જગાડવાની આવી છે.

જોઇએ છીએ કે કયો ગોરખ, કયારે અને કયાંથી, ગંભીર વાણીમાં પોકારે છે કે—

ઓ! યુગ જેવા થતા નિર્બળ સાધુ, સાંભળ યુગ જેવો થાય તે યોગી નહિ. પણ યુગને ઘડે તે યોગી. તું યોગી છે?

* * * *

જય જગતના યોગીનો!!!

(સંપૂર્ણ) **ત્રિભુવનદાસ ધ. મેઘાણી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પિપલ પ્રેસ, ૧૩૮-૪૦, મડેાઝ સ્ટ્રીટ, મુબઇ

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Redg. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૨૦

મુંબઇ : ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૦ ગુરૂવાર

લવાજમ
રૂપિયા ૨

હૃદયનો સમભાવ

શાકાહારી લોકો અને માંસાહારી લોકો વચ્ચે એમ તો મને કશો ભેદ જણાતો નથી. પણ એકાદ મજાનું ઘેટું કુદતું હોય, બેં બેં કરતું મા પાસે દોડતું હોય અને વહાલું વહાલું લાગતું હોય તો એને મારવાને એમનો હાથ કેમ ચાલતો હશે એ હું સમજી શકતો નથી. અને પછી એનું માથું શેકીને અને ભાંગીને અંદરથી મગજ કાઢીને ખાતી વખતે માંસાહારી લોકોને કેમ વિચાર ન આવતો હોય કે થોડાક કલાક પહેલાં ઘેટાના આજ બેજામાં માતા તરફ દોડવાની વૃત્તિ જાગી હતી અને કુદરત સાથે એકરૂપ થઈ આનંદ માણવાની અને કુદમ-કુદા કરવાની પ્રસન્નતા હતી. એનો આપણે નાશ કર્યો છે એનો ખ્યાલ એમને કેમ ન આવતો હોય ? એવો પ્રશ્ન મનમાં ઉઠે એટલે હું એ લોકો માટે અસ્વસ્થ થાઉં છું. હું એ ઘેટાને ચાહું છું અને પેલા માંસાહારી એને ચહાય છે એમાં કાંઈ ફરક હશે ખરો ? એવી પણ શંકા મનમાં ઉઠે છે. અને પછી મન કહે છે કે બે જણના ચાહવામાં ફરક તો કાંઇજ નથી પણ ખાવાની ઇચ્છા પ્રબળ થાય એટલે પેલું ચાહવું આથમી જાય છે અને સ્વાદ કરવાની વૃત્તિ જાગતા વેંત એજ યથાયોગ્ય છે એમ હૈયામાં બેસી જાય છે.

જે લોકોને નાનપણથી જ માંસ ખાવાની ટેવ છે એમને માંસ ખાતાં કશી કમકમાટી ન છૂટે એ હું સમજી શકું છું અને એમના પ્રત્યે મારા મનમાં કશો વિપરીત ભાવ ઉઠતો નથી. પણ જે લોકો જન્મે અને સંસ્કારે શાકાહારી છે એવા લોકો જ્યારે મોટપણમાં માંસાહાર કરવા તૈયાર થાય છે ત્યારે તેમના પ્રત્યે મારી ધીરજ ખુટી જાય છે. હું એમને સમજી શકતો નથી.

મારી એ ભાવના પૂજ્ય બાપુજીની આત્મકથામાં ઉત્તમ રીતે વ્યક્ત થઇ છે. બાપુજીએ બકરાનું માંસ ખાધું એટલે એમને થયા જ કરે કે બકરું પેટમાં રડે છે. દરેક શાકાહારીને માંસ ખાતાં એમ જ થવું જોઇએ.

હવે આવી ભૂમિકાવાળો હું જ્યારે ફળ ખાઉં છું અને બીજા લોકોને ટમાટા ચૂસીને કેમ ખાવા એની કળા શીખવવા ટમાટાની અંદર રસની કોથળીઓ કેટલી હોય છે, કઇ રીતે ગોઠવેલી હોય છે, ટમાટા કઇ બાજુથી ચુસાય વગેરે બધું જ્યારે સમજાવું છું ત્યારે એ ફળ પ્રત્યે મારી વૃત્તિ કેવી હોય છે એ પણ હું તપાસું છું. મારૂં તત્ત્વજ્ઞાન મને કહે છે કે પેલો માંસા-હારી અને હું ફલાહારી અમારી વચ્ચે તત્ત્વતઃ ફેર નથી. ઘેટું બેં બેં કરે છે, વહાલ વ્યક્ત કરે છે અને વહાલ માંગી લે છે. બિચારાં ફુલો અને ફળો, ઝાડો અને છોડો બોલી શકતાં નથી, ચાલી શકતા નથી, જાન બચાવવા નાસી શકતાં નથી એટલોજ ફરક. મનુએ કહ્યું છે કે એમની સંજ્ઞા અંતર્ગત હોય છે. **अन्तः संज्ञः भवन्त्येते** । એ બધું હું જાણું છું. એમનું સુખદુઃખ કલ્પનામાં આણી શકું છું. કાવ્યવૃત્તિ ધારણ કરૂં તો એમના દુઃખથી દુઃખી પણ થઇ શકું છું પણ સામે આવે ત્યારે એને ખાતાં કોઇ દિવસે સંકોચ અનુ-ભવ્યો નથી. જેમ વિકારથી મૂઢ થયેલો માણસ ધર્મ અને અધર્મ ભૂલી જાય છે અને ગમે તેટલું અનુચિત કર્મ કરતાં અચકાતો નથી, તેવીજ રીતે સ્વાદનું સ્મરણ થતાં અથવા ભોગ પ્રજ્વલિત થતાં ફળો ખાતાં કે શાકના કકડા કરડતાં માણસને સંકોચ થતો નથી.

એક વખતે એક ગાડામાં જનવરોના હાડકાં અને ચામડાં ભરીને લોકો લઈ જતા હતા. ઘણું કરીને લોકો ઓરિસ્સાના કટામારી નામના ગામડા પાસે હશે. મને મનમાં થયું કે પોતાની જ્ઞાતના જનવરોનાં હાડકાં અને ચામડાં આમ ખેંચી જતા ગાડાના બળદોને શું થતું હશે ? તેઓ બોલી શકતા નથી. હડતાળ પાડી શકતા નથી. પણ માણસની ક્રૂરતાના સાક્ષી થઇ પોતાનીજ જ્ઞાતના બીજા પ્રાણીઓનાં હાડકાં ખેંચી જવાનું કામ કરે છે ઇશુને જે ક્રોસ ઉપર ખીલવામાં આવ્યો એ ક્રોસ એનેજ ઉચ-કીને લઇ જવો પડયો એ કરૂણ દૃશ્ય કેટલાએ ચિતારાઓ ચીતર્યું છે અને કવિએ વર્ણવ્યું છે પણ અહીં એ બળદના ભાઇને એના દેખતાં આપણે મારીએ, ભાઇનો વધ જોઇ એની આંખમાંથી નીકળતાં આંસુને આપણે લૂછીએ નહિ અને ચામડાં ઉતારી, માંસ કાઢી લઇ, હાડકાના કકડા કરી એ બધાં એ ગાડામાં ભરી એજ બળદ પાસે ખેંચાવીએ ત્યારે એને શું થતું હશે ?

આ આખો વિચાર મનમાં આવતાં વેંત પેટમાં કાંઇનું કાંઇ થવા લાગ્યું. મન થયું કે ચાલો માણસાઈ ખાતર પેલા બળદને છોડી દઇએ અને આપણેજ એ ગાડું ખેંચીએ.

સંભવ છે કે અહીં સુધી વાંચકો મારી સાથે સમભાવ રાખી શકશે. પણ હવે પછી જે લખવાનો છું તે વાંચીને તો મને હસી કાઢશે અને કહેશે કે આતો શુદ્ધ ગાંડપણ કહેવાય. બીજા કેટલાક કહેશે કે આગળની વાત લખીને તમે ઉપરની વાતને અન્યાય જ કરો છો. જે દયાભાવ તમે અત્યાર સુધી ઉત્પન્ન કર્યો એ તમે આ રીતે ભૂંસી નાખવાના છો અને માણસને અંતે થશે કે આટલે સુધી તે જવાતું હશે ? દયા-ભાવને અંતજ નથી. એમ જોયા પછી માણસ સ્વભાવિક અનુમાન કાઢે છે કે દયાભાવને અર્થજ નથી.

પણ મારે અહીં દયાનો પ્રચાર કરવો નથી પણ હૃદયની એક સાચી લાગણીનો એકરાર કરીને હૃદય હળવું કરવું છે

પછી એની અસર જે થવાની હશે તે ભલે થાઓ. માંસાહારના પક્ષમાં કે વિપક્ષમાં મારે કશી દલીલ કરવી નથી મારે તો મારી લાગણી ઠાલવવી છે.

એક વખતે એક ગાડામાં મોટા મોટા લાકડાં ભરીને લોકો લઇ જતા હતા. રસ્તાની બન્ને બાજુ મોટાં મોટાં વૃક્ષો નીચેથી માણસને જવાની સગવડ રાખી ઉપર એક બીજાને બાથમાં લેતા હતા અને રસ્તાને તડકામાંથી બચાવતા હતા. મનમાં વિચાર આવ્યો કે આ પ્રેમાળ ઝાડો નીચેના ગાડામાં પોતાનાજ જાત ભાઇઓનાં હાડકાં જોઇ મનમાં શો વિચાર કરતા હશે? વાંકા ચુંકા કે સીધા લાકડાના કટકા એ ખરૂં જોતાં ઝાડોનાં હાડકાંજ છે. માણસને છાયા કરી આપનાર અને ફુલ ફળથી રીઝવનાર ઝાડો ઉપર જ્યારે માણસ કુહાડી ચલાવે છે ત્યારે વનસ્પતિ સૃષ્ટિમાં માણસ વિષે કેવો અભિપ્રાય બંધાતો હશે? જેમને આપણે ઋષિ મુનિઓ કહીએ છીએ અથવા સંત મહાત્મા તરીકે પૂજીએ છીએ તેમને પણ પરોપકારી ઝાડો ઉપર કુહાડી ચલાવતા જોઇ વનસ્પતિઓ કહેતી હશેઃ "જોયા તમારા મહાત્માઓ અને જોયો એમનો દયા ધર્મ. પહેલાં ન્યાય અને કૃતજ્ઞતા શીખે પછી બીજી વાત."

રસ્તાને કાંઠે ઉભા રહેલા વૃક્ષોને લાકડાના ગાડા જોઇ શું થતું હશે એનો વિચાર કરતાં સ્મરણ થયું કે એ લાકડા ભરવાનાં ગાડાં પણ વૃક્ષોના હાડકાનાં જ બનાવેલા છે અને કુહાડીનો હાથો પણ લાકડાનાજ હાડકાનો બનાવેલો છે.

અંગ્રેજોએ એકવાર બે ભાઇઓને બળવાખોર તરીકે ફાંસીની સજા આપી અને પ્રથમ એના ભાઇને હાથે બીજા ભાઇનો ફાંસી અપાવી એનું વર્ણન વાંચતા હું કેટલું ચીડાયો હતો!

હમણાં જલગાંવથી સુરત આવ્યો તે તાપ્તીવેલી રસ્તે નંદુરબાર, બાનબારા, સોનગઢ, બારા બધે સ્થળે લાંબા લાંબા સીધા ક્રમિસરની લાકડા બાંધેલા દેખાય છે. તાપ્તીવેલી રેલ્વેની મુખ્ય આવક આ લાકડીઓ દ્વારા જ છે. આખો મુલક જંગલી છે અને એની અંદર રહેનારા લોકો પણ જંગલી છે. બુધરેલા લોકો બહારથી આવી આ જંગલો અને જંગલી લોકો બન્નેનો કસ કાઢે છે, બન્નેને નીચોવે છે અને એમાં આ જંગલી લોકોને હાથેજ જંગલોનો નાશ કરાવે છે. જંગલી લોકોને અબર નથી પડતી કે જેના ઉપર એમના જીવનનો આધાર છે એ જંગલોનો નાશ કર્યા પછી એમનો નાશ એની મેળે થવાનો છે. સવારે જલગાંવથી અમે ઉપડયા અને સાંજે સુરત પહોંચ્યા. રસ્તામાં દરેક ઠેકાણે જંગલના ઝાડોના હાડકા પડેલા જોઇ હું એટલો તો ગમગીન થયો કે કેમે કરી મારી સ્વાભાવિક પ્રસન્નતા પાછી આવે જ નહિ. માણસને ઘરો બાંધવા છે, ફર્નીચર વાપરવું છે, પેટી પટારા તૈયાર કરવા છે એટલા માટે જંગલના વૃક્ષકુળનો એ સંહાર કરે છે. એ વૃક્ષોએ માણસ પાસે નહોતી માગી જમીન કે નહોતું માંગ્યું પાણી. માણસ આંબા-વાડીના ફળ તોડે, ખેતીમાં લણણી કરે એ સમજ્યા એવી વાત છે પણ જંગલમાં, જ્યાં એની કશી મહેનત નથી, ત્યાં જઇને એ સંહાર અને લૂટ મચાવે એ કેવું? એમ મનમાં આવ્યા વગર રહેતું નથી.

જંગલમાં જઇ પોતાને રહેવા માટે માણસ જગા ખાલી કરે એ પણ વખતે સમજ્યા પણ જંગલથી દૂર શહેરોમાં પોતાની મોજ મજા ચલાવવા માટે જંગલમાં ઘુસીને જંગલનો નાશ કરી પાંદડાં અને ડાલીઓ ત્યાંને ત્યાજ ફેંકી દઇ મુખ્ય મુખ્ય હાડકાં એ શહેરમાં લઇ આવે એ પ્રવૃત્તિ જોઇ માણસના સ્વભાવ વિષે લગભગ નિરાશા જ ઉપજે.

અમે સુરતથી નવસારી ગયા. સ્ટેશન પાસે ઠાકોરભાઇના ઘરમાં બે ત્રણ દિવસ રહ્યાં. ત્યાં પાસે જ એક લાકડા વહેરવાનું યંત્ર ચાલતું હતું. યંત્રથી ગોળ કરવત ચાલ્યા કરે અને એના દાંત ઉપર લાકડાનાં પાટીયાં ચાંપવામાં આવે એટલે એ ભયાનક દાંત લાકડાને વહેરતાં જાય તે વખતે જે અવાજ થાય છે તે કાળજાને વીંધી નાંખે છે. કરવતનું ગોળ પાનું ચીરતું જાય અને અવાજ કરતું જાય. લાકડાના પાટીયાં ધ્રૂજતા જાય અને વેરે રૂપી આંસુ સારતા જાય. ખંભાતમાં શહેર બહાર એ ઘાતકી કર્મ ચાલતું મેં જોયું હતું એટલે નવસારીમાં હવાને વીંધીને જ્યારે એ અવાજ કાન પર અથડાયો ત્યારે તરત હું સમજી ગયો કે વૃક્ષો ઉપરની એ અંતિમ ક્રિયા અહીં ચાલે છે. અને ફરી હું ગમગીન થઈ ગયો. વેરવાનું કામ અખંડ ચાલતું હતું અને મારૂં હૈયું રડતું હતું. હું ઇચ્છું છું કે વાંચકો આ વસ્તુ સાચી નહિ માને. એને કેવળ કાવ્ય કલ્પના જ સમજે–આને કેવળ વર્ણનની શોભા સમજી એને કોરે મૂકી દે. પણ વસ્તુ સ્થિતિ એવી નથી. મને ખરેખર એનું દુઃખ થાય છે. એનો ઇલાજ જડતો નથી. મનુષ્ય જાતમાં જીવદયાનો પ્રચાર પણ જ્યાં હજી પૂરતી જડ ઘાલતો નથી ત્યાં વૃક્ષો પ્રત્યેની આ સમવેદના કોણ સમજે? એટલે અંતરની વેદના અંતરમાંજ શમાવી હું શાંત થાઉ છું.

કાકા સાહેબ કાલેલકર

પરિપૂતિ

ઉપરના લેખ સાથેના પત્રમાં કાકા સાહેબે જણાવેલું કે "આજે 'હૃદયનો સમભાવ' એ એક લેખ મોકલું છું, મારે મન એ યોગ્ય છે પણ ઘણા લોકોને એ યોગ્ય ન લાગે. એ લેખ છપાય તો 'પ્રબુદ્ધ જૈન'માંજ છપાય. એ લખીને મેં મારી ડહાપણની પ્રતિષ્ઠામાં ઉમેરો નથી કર્યો, ઘટાડોજ કર્યો હશે."

આના ઉત્તરમાં મેં જણાવેલું કે આપનો લેખ 'પ્રબુદ્ધ જૈન'ને માટે સર્વ પ્રકારે યોગ્ય છે. અને તેથી આવતા અંકમાં તે જરૂર છપાશે પણ તે લેખ સાથે જૈન ધર્મ જ્યાં જ્યાં હિંસા જુએ છે ત્યાં ત્યાં તે હિંસાનો સ્વીકાર કરતાં જરા પણ અચકાતો નથી–તેનો હિંસા સ્વીકાર મનુષ્ય પ્રાણીથી માંડીને પૃથ્વી-પાણી વાયુ પર્યન્ત પહોંચે છે અને સાથે સાથે જૈન ધર્મની અહિંસા પણ અસાધારણ વ્યાપક અને મૂળસ્પર્શી છે. તે અહિંસા સચિત સંયમ તેમજ અચિત સંયમ ઉભય પ્રકારનો સંયમ ઉપદેશે છે કારણ કે અચિત સર્વનું ઉદ્‌ભવસ્થાન તો આખરે સચિત જ છે–અને એ સાથે હિંસક-અહિંસક માંસાહારી, શાકાહારી અને અણાહારી સર્વ જીવો પ્રત્યે સમ-ભાવ મૈત્રી રાખવાનું શિખવે છે–આ દૃષ્ટિનો કેટલો સુમેળ છે તેને લગતી દિશાસૂચક નોંધ ઉમેરવાની જરૂર લાગે છે.

આ પત્રનો કાકાસાહેબે જે ઉત્તર લખ્યો છે તેનો મુખ્ય ભાગ નીચે મુજબ છે.

" એ લેખ કોઇ ખાસ ઉદ્દેશ કે પ્રચારકી હેતુ મનમાં રાખી મેં નથી લખ્યો. અહિંસાના ઉપાસક તરીકે સૃષ્ટિનું નિરીક્ષણ કરતાં જે કંઈ મનમાં આવ્યું તે લખી કાઢ્યું છે. માણસ દુનિયાને ઉદ્દેશીને લખે છે ત્યારે બની શકે તેટલું ડહા-પણ ઓઢી લે છે પણ જ્યારે આત્મનેપદી વિચાર ચક્ર ચલાવે છે ત્યારે દરેક માણસ અમુક રીતે ગાંડો અથવા ચક્રમ

ગાંધીવાદ અને સમાજવાદ:

: સંસ્કાર અને રોટીનો સમન્વય.

ઘણીવાર માણસો નજીવા અને અલ્પ મતફેરો ખાતર વિરોધી છાવણીઓ ઉભી કરે છે અને પરસ્પર ખંડનમાં પોતાની શક્તિઓ વેડફે છે; અને અન્યના ખંડન ઉપરજ પોતાનું મંડન શક્ય છે, એવી એકાંગી ભ્રમણાને વશ થઇને પોતાના મંડળોના ચિત્ર વિચિત્ર કુંડાળા ઉભા કરેછે. આ ભ્રમણાત્મક માન્યતાને લીધે પરસ્પર સહકાર અને સમન્વયના તત્વો વિરોધના તત્વો કરતાં કેટલા વધુ છે તે જોવાની તેઓ કદી તકલીફ લેતા નથી. અત્યાર સુધી ધર્મો અને પંથોમાં તો આમ ઘણું બન્યું છે; વર્તમાન રાજકારણ અને જાહેર જીવનમાં ગાંધીવાદ અને સમાજવાદ પણ અત્યારે એજ વસ્તુની પુનરાવૃત્તિ કરી રહ્યા છે. પોતાને ગાંધીવાદી અગર સમાજવાદી કહેવરાવતા લોકો ગાંધીવાદ અને સમાજવાદમાં પરસ્પર સહકાર, સુમેળ અને સમન્વયની જાણે કોઇ ભૂમિકાજ ન હોય તેમ અરસ્પરસના ખંડનમાં મચી રહ્યા છે, અને એક બીજા પ્રત્યે નિષેધાત્મક વૃત્તિ ધારણ કરીને એકના અભાવ ઉપરજ બીજાનું અસ્તિત્વ ટકી રહેશે એમ માનીને પોતાની પ્રવૃત્તિ ચલાવે છે; અને તેમની મોટા ભાગની શક્તિ પ્રજાને આગળ લઇ જવાને બદલે પરસ્પર ગજગ્રાહ જમાવીને પોતાની સમતુલા સાચવવામાંજ ખર્ચાય છે.

વાસ્તવમાં જોઇએ તો ગાંધીવાદ અને સમાજવાદ એ અરસ્પરસ વિરોધી ફીલ્સુફીઓ નથી; પરંતુ બન્નેમાં અરસ્પરસના પુરક તત્વો ઘણા મોટા પ્રમાણમાં છે; અને જો બન્નેના સમન્વયની ભૂમિકા ઉપર પ્રજાજીવનની પ્રગતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવે તો દેશ અને દુનિયાને લાભદાયી પરિણામો આવવાની તેમાં શક્યતા છે.

માનવ જીવનના ધારણ, પોષણ અને વર્ધનના બે મુખ્ય તત્વો સંસ્કાર અને રોટી છે. સંસ્કાર એટલે અંગ્રેજીમાં જેને culture કહે છે તે અને રોટી એટલે ઐહિક સંપત્તિ. ગાંધીવાદ એ સંસ્કાર પ્રધાન વિચારશ્રેણિ છે, સમાજવાદ એ રોટી પ્રધાન વિચારશ્રેણિ છે. ગાંધીવાદમાં રોટીનો ઇન્કાર નથી, પણ તેનો પાયો સંસ્કાર ઉપર રચાયલો છે. સંસ્કારને કેન્દ્રમાં રાખીને પછીજ તે બીજી બધી વસ્તુઓને ગોઠવે છે. સંસ્કારની જાળવણી અર્થે તે રોટી તો શું પણ જીવનને પણ ફના કરી દેવાનો આદેશ આપે છે. આદર્શોની જાળવણી કરતાં કરતાં જેટલી રોટી મળે તેટલીજ તેને કામની છે.

જ્યારે સમાજવાદ એ રોટીપ્રધાન વિચારશ્રેણી હોવાથી તેમાં સંસ્કાર ગૌણસ્થાને છે. સમાજવાદમાં સંસ્કારનો ઇન્કાર નથી, પરંતુ રોટીની સિદ્ધિ કરતાં કરતાં સંસ્કાર આવી રહેશે એમ તેમાં માનવામાં આવે છે. રોટી ન મળે ત્યાં સુધી સંસ્કાર એ સમાજવાદને મન શ્રીમંત અને મધ્યમવર્ગી બદલોકોનો (બુર્જવા) પ્રુરસદીયો શોખ છે.

ગાંધીવાદ ગરીબી દુર કરવા ચાહે છે; પણ ગરીબાઇ તેને મન ગુન્હો નથી. ઐહિક સંપત્તિની કંગાલિયત કરતાં માનસિક કંગાલિયત એ ગાંધીવાદની દૃષ્ટિએ વધુ બુરી ચીજ છે. એટલે માનસિક સંસ્કાર સાચવવામાં જે ગરીબાઇને વરવી પડતી હોય તો ગાંધીવાદ તેને વધાવી લે છે, જ્યારે સમાજવાદ માનસિક ગરીબાઇના કારણોમાં સ્થૂલ ગરીબીને ગણાવે છે અને જ્યાં સુધી આમ જનતાની સ્થૂલ ગરીબી દૂર નહિ થાય ત્યાં સુધી માનસિક કંગાલિયત પણ જવાની નથી એમ માનીને સમાજવાદ આગળ ચાલે છે. આથી આ કંગાલીયતને દૂર કરવા માટે બળ, હિંસા કે બીજા ઉપાયો લેવાનું સમાજવાદની દૃષ્ટિએ ત્યાજ્ય નથી.

ગાંધીવાદ અને સમાજવાદ બન્નેનો ઉદ્દેશ માનવસમાજના કલ્યાણનો છે. પણ ગાંધીવાદમાં સંસ્કાર ઉપર વધુ ભાર હોવાથી તે સંસ્કાર સાચવતાં રોટી માટે મથે છે, જ્યારે સમાજવાદની કુચનું પહેલું પગલું રોટી અને પછી સંસ્કાર છે. આથી ગાંધીવાદમાં હૃદયપરિવર્તન, સત્ય, અહિંસા, પ્રેમ અને વિશ્વબંધુત્વના સનાતન આદર્શોની શિતળ પરિભાષા જણાય છે. જ્યારે સમાજવાદમાં પીડિતો અને શોષિતોના પુણ્યપ્રકોપની ભભુકતી જ્વાળા વ્યક્ત થાય છે.

આ દૃષ્ટિએ વિચાર કરતાં બન્ને અરસ્પરસના પુરક છે. બન્નેના સમન્વયમાંજ સમાજની પૂર્ણ પ્રગતિ શક્ય છે; કેમકે સંસ્કાર વગરની રોટી એ પશુજીવન છે, તેમ રોટી વગરના સંસ્કાર એ હવાઇ જીવન છે. ગાંધીવાદના મૂળભૂત આદર્શોને ગુરૂસ્થાને સ્થાપ્યા વગર સમાજવાદ ગમે તેટલો પ્રયાસ કરે છતાં તેથી માનવ સમાજની પૂર્ણ પ્રગતિ શક્ય નથી; કેમકે રોટી એ જીવનનો આદિ અને અંત નથી, ન હોઇ શકે. તેવીજ રીતે સમાજવાદની વૈજ્ઞાનિક વિચારશ્રેણીના જોમ વગર ગાંધીવાદની ગતિ ઘણી ધીમી રહેવાની; અને ગાંધીવાદની અપીલ માત્ર બદલોકો પુરતી રહેવાની. આદર્શવાદી ગાંધીવાદને વાસ્તવવાદી સમાજવાદના ઇંજકશનની જરૂર છે. તેમ વાસ્તવવાદી સમાજવાદને પ્રેરણા માટે ગાંધીવાદના ઇંજકશનની જરૂર છે. અને આ બન્નેના સમન્વય અને સુમિલનની જે નવી ભૂમિકા થાય તેમાં હિંદ અને દુનિયાના પૂર્ણ વિકાસની ચાવી રહેલી છે.

આપણા રાજકારણમાં અને જાહેરજીવનમાં ગાંધીવાદીઓની અને સમાજવાદીઓની પરસ્પર વિરોધી એંચતાણને સ્થાને બન્નેના સુવર્ણસંગમની એકતા સ્થપાય તો ?

જગન્નાથ કેસાઇ

હોય જ છે. આત્મનેપદી. મનોવ્યાપાર દુનિયા આગળ મૂકવાની ધૃષ્ટતા ઉપનિષત્કાલીન લોકો કરતા હતા. આજના જમાનામાં એવા દસ્તાવેજ જવલ્લે જ મળે છે.

છતાં મારા લેખનું પ્રયોજન નીચે પ્રમાણે આપી શકું.

જીવન માત્ર હિંસા ઉપર નભ્યું છે છતાં જીવનની કૃતાર્થતા અહિંસામાં રહેલી છે. કોઇ એવો ફાંફો ન રાખે કે હું પૂર્ણપણે અહિંસક છું. દરેકે પોતાની સમજણ અને શ્રધ્ધા પ્રમાણે હિંસાનો ત્યાગ કરતા જવો અને અહિંસા કેળવતા જવી એ જ ધર્મ છે. શાકાહારી બધા સજ્જન હોય અને માંસાહારી દુર્જન હોય છે એવી જે માન્યતા લોકોમાં ફેલાયલી છે તે ભૂલ ભરેલી છે અને અહિંસાનો પ્રચાર કરવામાં અન્તરાયરૂપ છે. જે વૃત્તિથી આપણે ઝાડોની હિંસા દરગુજર કરીએ છીએ એ જ વૃત્તિથી કેટલાક પશુ પક્ષીઓની હિંસા પણ દરગુજર કરે છે. એટલું જ આપણે સમજીએ તો અનુદારતારૂપી હિંસાવૃત્તિમાંથી બચી જઇએ."

ઉપરનો લેખ તેમજ નીચેનું અવતરણ— બન્ને આપણા અહિંસાને લગતા ઇષ્ટ વિચારો ઉપર નવો પ્રકાશ નાંખે છે. 'પ્રબુદ્ધ જૈન' તે બન્ને માટે કાકાસાહેબનું ઋણ વ્હોરે છે.

—પરમાનંદ

'જૈન બંધુ' અને મુંબઈ જૈન યુવક સંઘનું નાણા પ્રકરણ

'જૈન બંધુ' નામનું સામાહિક પત્ર શ્રી ચીમનલાલ વાડીલાલ શાહના તંત્રી પણા નીચે લગભગ ત્રણ માસથી પ્રગટ થઇ રહ્યું છે. આ પત્રમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને તેના કાર્યકર્તાઓ વિષે ભાતભાતની ટીકાઓ પ્રગટ થઇ રહેલ છે. 'જૈન બંધુ' નાં આવાં લખાણોના કશા પણ ખુલાસામાં ન ઉતરવું એવી અમારી ખાસ ઇચ્છા હતી. કારણ કે મુંબઇ જૈન યુવક સંઘે જૈન સમાજની જે કાંઈ થોડી વધતી સેવા કરી છે, અને કરે છે તે સુવિદિત છે. તેને 'જૈન બંધુ' ની આવી સતત નિંદાની કશી દરકાર રાખવાનું કારણ નથી.

પણ આજ કાલ 'જૈન બંધુ' સામાન્ય ટીકા અને કટાક્ષો ઉપરથી ઉતરીને અમારા સંઘના નાણા પ્રકરણી બાબતો ઉપર કટાક્ષો કરવા લાગ્યું છે. આ બાબત સંઘના કાર્યકર્તાઓની પ્રમાણિકતા અને શુભનિષ્ઠા સાથે સંબંધ ધરાવે છે અને તે બાબતમાં ખુલાસો કરવામાં ન આવે તો લોકોમાં વિના કારણ ગેર સમજુતી ફેલાવા પામે.

'જૈન બંધુ' છેલ્લા બે ત્રણ અંકોમાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના હિસાબ સંબંધે નીચે મુજબ ટીકાઓ કરે છે.

'અન્ય જાહેર સંસ્થાઓના હિસાબો અને વહીવટો જાહેરમાં રજુ થવાની તરફેણ, આગ્રહ અને કાળજી રાખતી આ સંસ્થા પોતાના હીસાબો રજુ કરવા માટે પોતાનું મુખપત્ર હોવા છતાં જાહેરમાં પોતાના હીસાબો અને પોતાની પ્રવૃત્તિનુ સરવૈયું યાને વૃત્તાન્ત રજુ કરવાનું કેમ પસંદ કરતી નથી ?'

'સંઘનાં સઘળાં નાણા તેના એક મંત્રીને ત્યાંજ રાખવાની પ્રથા પણ રખાઈ હોવાનું જણાય છે.'

'બેંકમાં ખાતું ખોલાવી નાણાં રાખવાની ભલામણ થા સુચના ઓડીટર તરફથી થયાનું સંભળાય છે, આમ છતાં બધી રકમ તાત્કાલિક ભરાઇ છે કે કેમ તે હજુ સુધી જાહેર જનતા જાણતી નથી અને જાહેરમાં આ બાબત ઘણી જ ગેરસમજુતી ફેલાઈ છે.'

'જનતામાં ચાલી રહેલી અનેક વાયકાઓ જોતાં સંવત ૧૯૯૪નું આર્થિક સરવૈયું પણ જાહેરની જાણમાં રજુ કરી લોકોમાં ફેલાયલી ગેરસમજુતી દૂર કરવી ઠીક થઇ પડશે.'

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના થઇ ત્યારથી એટલે સં ૧૯૮૫ થી સં. ૧૯૯૨ના આસો વદ અમાસ સુધીનો સાલવાર ઓડીટ થયેલો હીસાબ, સરવૈયું તેમ જ વૃત્તાન્ત સંઘના મુખપત્રમાં છપાઇને પ્રગટ થયેલ છે. તેમજ દશ વર્ષના ઉત્સવ પ્રસંગે કુલ નવ વર્ષનો વૃત્તાંત તથા સં. ૧૯૯૨ સુધીનો હિસાબ તથા સરવૈયું બીજી છાપામાં પ્રગટ કરવામાં આવ્યા હતા. ૧૯૯૩-૯૪-૯૫ના ઓડીટ થયેલો હીસાબ સંઘની સામાન્ય સભા દર વર્ષે સર્વાનુમતે પસાર કરતી આવી છે. પણ તે ગાળામાં સંઘનું મુખપત્ર બંધ પડેલું હોવાથી છપાઇને પ્રગટ થઇ શકયો નથી. સં. ૧૯૯૫ નું સરવૈયું 'પ્રબુધ્ધ જૈન' ના છેલ્લા અંકમાં જણાવ્યા મુજબ આ અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે. સંઘના હિસાબ સંબંધમાં જે કોઈ સભ્યને કે સહાયકને જરા પણ શંકા હોય તે સંઘના ચોપડાઓ સંઘની ઓફીસમાં બેસીને જોઇ શકે છે અને પોતાની દરેક શંકાનું મંત્રી પાસેથી સમાધાન મેળવી શકે છે. આ અમારા હીસાબી સરવૈયા પ્રગટ-થયા-ન થયા તે વિષેનો ખુલાસો છે.

બીજી બાબત બેંકમાં ખાતું ખોલાવવા સંબંધે–શ્રી મુંબઇ જૈન યુવક સંઘ જ્યારથી સ્થપાયો અને પ્રવૃત્તિમય બન્યો ત્યારથી સંઘની આવક જાવકના આંકડાઓમાં મોટે ભાગે તોટો જ રહ્યો છે. એથી કેટલીય વખત સુધી બેંકમાં ખાતું ખોલવાની કે કોષાધ્યક્ષ નીમવાની સંઘને જરૂર કે ઉપયોગિતા ભાસી જ નહોતી. સંઘની આવક જે કાંઈ એકઠી થતી તે મંત્રીને ત્યાં જમે થતી, ખરચાતી અને દર વર્ષની આખરે કેટલીક વખત કાંઇને કાંઇ નાની કે મોટી રકમ મંત્રીની સંઘ પાસે લેણી રહેતી. આ પ્રમાણે સં. ૧૯૯૩ સુધી ચાલ્યું. જ્યારે સંઘે આજીવન-સભ્યો અને મુરબ્બીઓ સ્વીકારવાનું નકકી કર્યું અને સં. ૧૯૯૪ માં એ દ્વારા સંઘને ઠીક ઠીક આવકની શરૂઆત થઇ ત્યારે સંઘની કાર્યવાહક સમિતિએ બેંક ઓફ ઇન્ડીઆમાં ખાતું ખોલવાનો ઠરાવ કર્યો અને તે મુજબ તુરત જ ખાતું ખોલવામાં આવ્યું. ગફલતીથી કે જાણી જોઇને બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું નહોતું અને ઓડીટરના દબાણને વશ થઇને બેંકમાં ખાતું ખોલવું પડયું એ આક્ષેપક સૂચન તદ્દન પાયાવિનાનું અને સત્યથી વેગળું છે.

મુંબઇ જૈન યુવક સંઘ ઉપર ચાલુ આક્ષેપો અને આડકતરાં સૂચનો કરવાનો જે પત્રનો ચાલુ વ્યવસાય થઈ પડયો છે તેની સાથે કોઈ પણ પ્રકારની ચર્ચામાં ઉતરવાનો અમારો ઇરાદો નથી પણ જાહેર જનતા નાણાં પ્રકરણી બાબતમાં અમારા વિષે જરાપણ સંદેહગ્રસ્ત ન રહે એ આશયથીજ આટલો ખુલાસો બહાર પાડવાની જરૂર જણાઈ છે.

પરમાનંદ કુંવરજી કાપડીયા
પ્રમુખ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

જૈન સમાજનાં બે દૃષ્યો

આ પણ સાચું, અને તે પણ સાચું.

૧ "મારા નસીબ કયાંથી કે મારા મકાનમાં જૈન ભાઇઓ આવીને વસે" !

સદ્‌ગત શેઠ દેવકરણ મુળજી સખાવતના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સારાં-હવા ઊજાશવાળાં-મકાનો ભાડેથી મેળવી જૈનોને ઓછા ભાડાથી ભાડે આપવા માટે ભાડુંગા ખાતે શેઠ કરમશી પાંચારી-આએ બંધાવેલી અને પુરૂં ભાડુ આપનારાઓથી ભરાયેલી ચાલી લેવા માટે શ્રી. પાંચારીઆ શેઠ પાસે ગયા અને તે ચાલી ચાલુ ભાડે આપવા વિનંતિ કરી. એ ચાલીનું માસિક ભાડું રૂા. ૪૩૬, પાંચારીઆ શેઠને આવતું હતું. પોતાની ચાલીનો ઓછા ભાડાથી જૈન કુટુંબોને વસાવવા માટે ઉપયોગ થવાનો છે એમ જાણી ઘણીજ પ્રેમાળ લાગણીથી અને પોતાની જગામાં પોતાના સ્વામી ભાઇઓ વસે એનાથી વધુ સુંદર શું હોઇ શકે એમ સમજી લાગણીથી શ્રી પાંચારીઆ શેઠે રૂા. ૩૦૦) ત્રણશોના ભાડે આપવાની ઉદ્ધારતા દર્શાવી અને ટ્રસ્ટીઓએ તે જગા રાખી લીધી. આ ઉપરાંત જે ભાડુતો જગ્યા ખાલી કરતા નહોતા, એવાઓ પાસેથી ચઢેલું ભાડુ લીધા વિના તેમણે જગ્યા ખાલી કરાવી આપી. આ ચાલીમાં જૈનોના સતાવીશ કુટુંબોને ફકત રૂા. ૧૨૬)ના ભાડાથી વસાવવામાં આવ્યા છે. વળી પાંચારીઆ શેઠ પોતે મહીનામાં બે વખત ચાલીમાં આવી ભાડુતોની સુખ સંભાળ રાખે છે અને પોતાની જગામાં પોતાનાં સ્વજનો જ વસ્યાં છે એમ સમજી પોતાને ભાગ્યશાળી માને છે.

૨ 'અમો તમોને અમારી જગ્યા આપી શકતા નથી'.

સુરતના પ્રખ્યાત શેઠ મોતીશાની સખાવતથી શ્રી. ભાયખલાનું જૈન દેરાશર અને જગ્યા જૈન સમાજની માલીકીની બનેલી છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સં. ૧૯૯૫ની સાલનું આવક જાવકનું સરવૈયું

જ

૧૦૦—૦—૦	શ્રી રીઝર્વ ફંડ ખાતે	
૨૮૫–૧૦—૦	વીઠ્ઠલભાઇ પટેલ સ્મારક ફંડ ખાતે	
૧૦૯—૧—૯	શ્રી વ્યા. માલા પુસ્તક ખાતે	
૭—૪—૬	શ્રી જૈન યુવક પરિષદ ખાતે	
૫—૭—૦	શ્રી ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય ખાતે	
૨૧૦–૧૧—૩	શ્રી પ્રબુધ્ધ જૈન ખાતે	
૧૯૬૭–૧૧—૦	શ્રી આવક ખાતે	
	૮૦૦—૦—૦ શ્રી પેટ્રન લવાજમ ખાતે	
	૮૦૧—૦—૦ શ્રી લાઇફ મેમ્બર લવાજમ ખાતે	
	૩૬૦—૦—૦ શ્રી સભાસદના લવાજમ ખાતે	
	૬–૧૧—૦ શ્રી વટાવ ખાતે	
	૧૯૬૭–૧૧—૦	
૨૬૮૫–૧૩—૬		

ઉ

૨૦૬–૧૩—૬	મણીલાલ એમ. શાહના ખાતે	
૭૫૫–૧૧—૦	ધી બેંક ઓફ ઇંડીયા લી. ના ખાતે	
૧૦—૦—૦	શ્રી જીવણલાલ જનીના ખાતે	
૧૭૦૦—૭—૬	શ્રી જાવક ખાતે નીચે મુજબ	
	૬૨૧–૧૩—૬ સા. ૧૯૯૪ની સાલના	
	૫૩–૧૦—૯ શ્રી પરચુરણ ખર્ચ ખાતે	
	૨૬—૧—૯ શ્રી પોસ્ટેજ ખાતે	
	૩૨૮–૧૦—૬ શ્રી પગાર ખાતે	
	૭–૧૫—૦ શ્રી સ્ટેશનરી ખાતે	
	૫૪—૮—૦ શ્રી પ્રચાર ખાતે	
	૩૨૫—૦—૦ શ્રી મકાન ભાડા ખાતે	
	૨૪–૧૨—૦ શ્રી વસંત વ્યા. માલા ખાતે	
	૨૩—૦—૦ છપામણી ખાતે	
	૧—૦—૦ વટાવ ખાતે	
	૨૩૪—૦—૦ શ્રી પર્યુષણ વ્યા. માલા ખાતે	
	૧૭૦૦—૭—૬	
	૨૬૭૩—૦—૦	
૧૨–૧૩—૬	શ્રી પુરાંત જણશ બાકી	
૨૬૮૫–૧૩—૬		

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સં. ૧૯૯૫ નું હિસાબી સરવૈયું.

જ

૧૦૦—૦—૦	શ્રી રીઝર્વ ફંડ ખાતે
૨૮૫–૧૦—૦	શ્રી વીઠ્ઠલભાઇ પટેલ સ્મારક ફંડ ખાતે
૧૦૯—૧—૯	શ્રી વ્યાખ્યાનમાળા પુસ્તક ખાતે
૭—૪—૬	શ્રી જૈન યુવક પરિષદ ખાતે
૫—૭—૦	શ્રી ગુર્જરગ્રંથ રત્ન કાર્યાલય ખાતે
૨૧૦–૧૧—૩	શ્રી પ્રબુદ્ધ જૈન ખાતે
૨૬૭—૩—૬	શ્રી આવક ખાતે (વધારાના)
૯૮૫—૬—૦	

ઉ

૨૦૬–૧૩—૬	મણીલાલ એમ. શાહને ખાતે
૭૫૫–૧૧—૦	ધી બેન્ક ઓફ ઇન્ડીયા લીમીટેડને ખાતે
૧૦—૦—૦	જીવણલાલ જનીને ખાતે
	૯૭૨—૮—૬
૧૨–૧૩—૬	શ્રી પુરાંત જણશ બાકી
	૯૮૫—૬—૦

સમાજના નાના મોટા વર્ગોની ધાર્મિક શ્રધ્ધાએ–તેમજ કેટલાય ગરીબ કુટુંબોએ જાત મહેનતથી મેળવેલી આવકમાંથી ભેટ કરેલા પાઇ પૈસામાંથી લાખોની રકમ જમા થઇ છે અને એ જગ્યા ખુબ ફુલીફાલી વિશાળ બની છે. થોડા વર્ષો પહેલાં આ જગાની વહીવટ અને માલીકી સંબંધમાં કોર્ટમાં કેસ ચાલ્યો હતો. બન્ને પક્ષને હજારોનો ખર્ચ થયો હતો. પરિણામે વહીવટ માટે યોજના નક્કી કરી કોર્ટે ટ્રસ્ટીઓ નીમ્યા હતા. આ ટ્રસ્ટીઓ તરીકે શેઠ માણેકલાલ પ્રેમચંદ રાયચંદ, શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, શેઠ જીવતલાલ પ્રતાપશી અને બીજા કેટલાક મારવાડી સાથના તેમજ સમાજના અન્ય શ્રીમંત આગેવાનો નીમાયા હતા. આ જગામાં હાલના ટ્રસ્ટીઓએ ત્રણ ચાલીઓ બાંધવાનો વિચાર કર્યો છે. એક ચાલી બંધાઇ અને ભાડે અપાઇ ગઇ. બીજી ચાલી તૈયાર થઇ એવામાં જૈન કુટુંબોને ઓછે ભાડે વસવા માટે એ ચાલી **પુરા ભાડેથી** આપવા માટે શેઠ દેવકરણ મુલજી સખાવતના ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓએ એક અરજી કરી. આ અરજીનો જવાબ ટ્રસ્ટીઓ તરફથી ફક્ત એટલોજ મળે છે કે અમો તમને એ જગા આપી શકીએ તેમ નથી. આવા ટુંકા જવાબથી જૈન સમાજમાં ખુબ ઉકળાટ વ્યાપ્યો છે. જે જગા જૈન સમાજના પૈસેજ ફુલીફાલી છે. એ જગા પુરતું ભાડું આપવા છતાં અને તે પણ ગરીબ જૈનોને ઓછા ભાડે હવા ઉજાશવાળા મકાનમાં વસાવવાના ઉમદા આશયથી લેવાની હોવા છતાં જૈન સમાજના એ શ્રીમાનો આવી ઉદાસીનતા દાખવે એ દૃષ્ય ઘણુંજ દુઃખદ છે. કમભાગી જૈન સમાજની નિર્બળતાનો આ સચોટ પુરાવો છે.

ક્યાં કચ્છી પાંચારીઆ શેઠની સમાજના ગરીબો પ્રત્યેની અનુકંપા ! અને ક્યાં આ મનસ્વી ટ્રસ્ટીઓની સમાજ પ્રત્યેની બેદરકારી ભરી બુમારી ! 'પ્રબુધ્ધ જૈન' ના વાંચનારાઓ અને જૈન સમાજના તમામ ભાઇઓ અને બહેનો આનો મુકાબલો કરે !

આપણે ક્યાં છીએ ! અને સમાજમાં ગણાતા શ્રીમંતો ઉપરનો આપણો આંધળો વિશ્વાસ આપણી સમાજના ઉધ્ધારના કાર્યમાં કેટલો વિઘ્ન રૂપ બને છે એનો વિચાર કરવાનો અને યોગ્ય સંગઠન કરી તેનો સામનો કરવાનો સમય આવ્યો છે. આપણે સંયુક્ત સામનો કરવાની તાકાત કેળવીએ, આપણું સંગઠન બળ વધારીએ અને આવા ટ્રસ્ટીઓને સમાજહિતની દૃષ્ટિ ધ્યાનમાં રાખીને કાર્ય કરવાની ફરજ પાડીએ.

મણિલાલ મોકમચંદ શાહ.

सच्चस्स आणाए उव्वट्ठिए मेहावी मारं तरति ।
સત્ય આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ફેબ્રુઆરી, ૧૫ ૧૯૪૦

કોમી છાત્રાલયો અને ધાર્મિકતા

(૩)

(ગતાંકથી ચાલુ)

હવે પૂજા, ધાર્મિક શિક્ષણ અને સામાયિક-પ્રતિક્રમણના ફરજિયાતપણાની યોગ્યાયોગ્યતા વિષે વિચાર કરવાનું ઉપસ્થિત થાય છે. આગળ જણાવ્યું તેમ આજના કોમી છાત્રાલયો બે પ્રકારના જોવામાં આવે છે. એક તો મેટ્રીક સુધીના એટલે કે માધ્યમિક તેમજ હાઇસ્કુલનાં ધોરણોમાં ભણતા વિદ્યાર્થીઓને રહેવા ખાવાની સગવડ આપતાં અને બીજા કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને તે પ્રકારની સગવડ આપતાં છાત્રાલયો. હાઇસ્કુલને લગતા છાત્રાલયોમાં વસતા વિદ્યાર્થીઓ કુમળી વયના અને જેમ વાળો તેમ વળે તેવી પ્રકૃતિના હોય છે. તેમના ઉપર અભ્યાસનો બોજો બહુ હોતો નથી. ચારિત્ર્ય ઘડતરનો ખરો કાળ પણ પંદર સોળ વર્ષની ઉમ્મર સુધીનો ગણાય છે. જીવનભરની અનેક સારી નરસી ટેવોની શરૂઆત તે ઉમ્મર દરમિયાન થાય છે. અને તેથી તેમને નિયમબદ્ધ તેમ જ સારી ટેવોવાળા બનાવવા માટે ઘરમાં તેમ જ આવા છાત્રાલયોમાં તેમની પાસે અનેક બાબતો નિયમરૂપે પળાવવામાં આવે છે. તેમનું વલણ પણ જે વાતાવરણ વચ્ચે તેમને મૂકવામાં આવે અને તેમનું જીવન જે રીતે બાંધી આપવામાં આવે તેને સાધારણ રીતે અનુકુળ બનીને ચાલવાનું હોય છે. આવાં કારણોને લીધે ધર્મને લગતી જે જે બાબતો ઉપર ખાસ ભાર મુકવામાં આવતો હોય તે બાબતો આ ઉમ્મરના વિદ્યાર્થીઓ માટે તેમને બાસ આકરું ન પડે તેમજ વિનાકારણ કંટાળો ન આવે તે રીતે આસપાસના સંયોગો ધ્યાનમાં રાખીને ફરજિયાત બનાવવામાં આવે તેમાં હું વાંધો જોતો નથી. કોઈ-પણ સંપ્રદાયવાળા લોકો પોતાની જ કોમ માટે જે છાત્રાલયો ચલાવતા હોય તે છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓનું ચાલુ જીવન પોત પોતાના સંપ્રદાયની માન્યતા મુજબ ઘડાય એવી આશા તેમ જ અપેક્ષા રાખે તો તેમ કરવાનો તેમને સર્વ પ્રકારે હક્ક છે. અને તેથી અમુક સાંપ્રદાયિક કે ધાર્મિક શિસ્ત માટેનો તેમનો આગ્રહ સ્વાભાવિક તેમ જ ઉચિત છે.

પણ કોલેજના છાત્રાલયોમાં આખી પરિસ્થિતિ બદલાય છે. વિદ્યાર્થી કોલેજમાં આવતાં સામાજિક તેમજ ધાર્મિક રૂઢિ રીવાજો પ્રત્યે તેનું વલણ એકદમ ફરવા લાગે છે. જે યોગ્ય અને હિતાવહ ગણીને તે સ્વીકારતો અને આચરતો તેનાં ઔચિત્ય અને હિતાવહપણા વિષે તેના મનમાં શંકાઓ ઉઠવા લાગે છે. કોલેજ-અભ્યાસના પ્રારંભ સાથે તે એક વિશાળ દુનિયામાં પ્રવેશ કરે છે. ભિન્નભિન્ન સંસ્કૃતિ અને પરસ્પરવિરોધી રીત રીવાજો વચ્ચે ઉછરેલા વિદ્યાર્થીઓનો ત્યાં તેને ભેટો થાય છે. તેનાં રોકાણ અને આકર્ષણો વધે છે. આ વાતાવરણમાં કશું પણ ફરજિયાત તે સાધારણ રીતે સહી શકતો નથી. તો પછી ઉપર જણાવેલી ધાર્મિક બાબતો તેની બાબે ફરજિયાત પળાવવી કે નહિ એ એક વિચારવા જેવો પ્રશ્ન બને છે. પણ આ રીતે તો કોઇ પણ શિસ્તના નિયમો તેને ગમવાના નથી તો શું કોઇ પણ નિયમોનો તેના ઉપર અંકુશ હોવો ન જોઇએ ? જો આ સ્વીકારીએ તો છાત્રાલયો કેમ ચાલે ? અથવા તો છાત્રાલયો અને હોટેલોમાં પછી ફરક જ શું રહે ? છાત્રાલયના વિચાર પાછળજ નિયમબધ્ધ વિદ્યાર્થી જીવનનો ખ્યાલ રહેલો છે. ફાવે ત્યારે આવે, ફાવે ત્યારે જાય અને ફાવે તેમ વર્તે એવી છુટ આપનારું છાત્રાલય મટીને સ્વચ્છન્દાલય બની જાય. તો પછી જેમ બીજા નિયમોનું ઔચિત્ય અને ઉપયોગિતા આપણે સ્વીકારીએ તેમ આ ધાર્મિક ગણાતી બાબતો વિષે પણ એમ કેમ ન ધારવું ? ધાર્મિક નિયમો જો કેવળ બાહ્ય ક્રિયાનો વિષય હોત તો ધાર્મિક ગણાતી દરેક બાબતની બાહ્ય લાભ ગેર લાભનો વિચાર કરીને આપણે તેની જરૂર બીન-જરૂરનો નિર્ણય કરી શકત. જેવી રીતે અંગકસરત કે રમત-ગમતને લગતો નિયમ વિદ્યાર્થી મરજીથી કે કમરજીથી પાળે તો પણ તેને ફાયદો જ થાય એમ વિચારી તેવા નિયમને આપણે ફરજિયાત બનાવવાનું ઉચિત ધારીએ છીએ તેવીજ રીતે આપણે ધાર્મિક બાબતોનો વિચાર કરત. પણ ધાર્મિક બાબતોને ખરી રીતે મન સાથે-દિલ સાથે-જ સીધો સંબંધ છે. જો એમ ન હોત તો મંદિરના પૂજારીઓ અને ભાડુતી ધાર્મિક શિક્ષકો મોક્ષ માર્ગના સૌથી પહેલા અધિકારી બની ગયા હોત. આજનો અનુભવ એવો છે કે કોલેજમાં ભણતો અને ફરજિયાત ધાર્મિકતાના તંત્રવાળા છાત્રાલયમાં રહેતો વિદ્યાર્થી સામાન્ય રીતે પૂજા, ધાર્મિક શિક્ષણ અને સામાયિક પ્રતિક્રમણ પ્રત્યે બૂબ જ અણગમો ધરાવતો માલુમ પડે છે; તે જે કાંઇ કરે છે તે વેઠ પકડયા મજુર માફક કરે છે અને ઘણાખરા વિદ્યાર્થીઓ આ ત્રણે બાબત વિષે જીંદગીભરનો કંટાળો કેળવીને છાત્રાલય છોડે છે. આમ બનવાનાં અનેક કારણો માલુમ પડે છે. એક તો આ વસ્તુઓને ઝીલવા અને રસપૂર્વક આચરવા જેટલી કોલેજમાં ભણવા આવતા વિદ્યાર્થીની પૂર્વ-ભૂમિકા હોતી નથી. કોલેજમાં સામાન્યતઃ અભ્યાસનો બોજો વધતો જાય છે અને તેમાં ફરજિયાત કરવી પડતી આ બાબતો જાણે કે તેનો કિંમતી સમય ચોરી જતી ન હોય એમ તેને આડખીલી રૂપ ભાસ્યા કરે છે. તેમાં વળી જુના રીઢા થયેલા વિદ્યાર્થીઓ નવા વિદ્યાર્થીમાં આ દરેક બાબત વિષે શરૂઆતમાં અણગમો ન હોય તો ઉત્પન્ન કરે છે અને ચાલુ પોષતા રહે છે. વળી આ વિદ્યાર્થીનું નવા મન્થનોથી વલોવાતું માનસ અને કોલેજનું વાતાવરણ પણ તેના આ અણગમામાં નિરંતર વધારો કરે છે. આ ઉમ્મરે અને આ પરિસ્થિતિમાં ગમે તેટલી સુંદર અને હિતકારી વસ્તુ તેના ઉપર લાદવામાં આવે તો તેની કદર તો તે કરી શકતો નથી પણ ઉલટું તે સામે તે જીવનભરની અવમાનતા કેળવે છે. આ બધી બાબતો ધ્યાનમાં લઇને કોલેજને લગતા છાત્રાલયોમાં પૂજા, ધાર્મિક શિક્ષણ કે સામાયિક પ્રતિ-ક્રમણ ફરજિયાત મટીને મરજિયાત બનવા જોઇએ એવો મારો ચોક્કસ અભિપ્રાય બંધાયો છે. હું જો મૂર્તિપૂજાની અગત્ય સ્વીકારતો હોઉં તો મારો જે છાત્રાલય સાથે સંબંધ હોય તે છાત્રાલય સાથે જરૂર એક સુંદર મંદિર ઉભું કરું અને દરેક વિદ્યાર્થીને ભગવાનની પૂજા કરવા પ્રેરું અને વિનવું. પણ પૂજા ફરજિયાત બનવાના કારણે મૂર્તિપૂજાની વિદ્યાર્થીઓને હાથે જે વિડંબના થતી હું જાણું છું તે હું ચાલવા ન દઉં. આવી જ રીતે દરેક છાત્રાલયમાં એક સારો આદર્શ ચારિત્રવાળો ધાર્મિક શિક્ષક હોવો જોઇએ અને ધાર્મિક શિક્ષણ આપવાનો ઉત્તમ પ્રબંધ થવો જોઇએ એ વાત હું

જરૂર સ્વીકારું. આ ધાર્મિક શિક્ષણનો લાભ લેવા પ્રેરાય તે માટે પારિતોષિકો અને શિષ્યવૃત્તિઓનાં આકર્ષણો રાખવામાં આવે તે પણ હું પસંદ કરું પણ આજે કેટલાક ઠેકાણે ધાર્મિક શિક્ષણ કેવળ ડોકટરી ઇન્જકશનો માફક અપાય છે. અને તે ન લે તો અથવા તેને લગતી પરીક્ષામાં પસાર ન થાય તો માથે બરતરફીની તલવાર લટકતી હોય છે એ વસ્તુસ્થિતિ હું સંમત ન કરું. આમ કરવામાં આવશે તો કોઇ પૂજા કરશે નહિ કે ધર્મનું કોઈ ભણશે નહિ એ ભય તદ્દન ખોટો છે. પણ સાથે સાથે આજે બધા વિદ્યાર્થીઓ નામની પૂજા કરે છે અને વેઠે ધર્મનું ભણે છે એ દેખાવ કાયમ નહિ રહે એ સત્ય તો સ્વીકારવું જ રહ્યું. પસંદગી આજનો ચાલુ ભ્રામક દેખાવ અને ખરા દિલથી થોડા વિદ્યાર્થીઓ પૂજા કરે અને ધાર્મિક શિક્ષણ પામે એ બે વચ્ચે કરવાની રહે છે. મને લાગે છે કે આ બાબતોને મરજિયાત રાખવામાં જ સાચી ધાર્મિકતા સંચવાની અને પોષવાની છે. આવી જ રીતે સામાયિક કે પ્રતિક્રમણ લાભકારી તેમ જ ધાર્મિક ઘડતર માટે ઉપયોગી છે એ વિષે બેમત હોવા સંભવ નથી પણ આ બાબતમાં મોટી ઉંમરના વિદ્યાર્થીઓ માટે ફરજિયાતપણું જરા પણ ઇષ્ટ નથી એમ મારું માનવું છે.

ધાર્મિકતાના અંગમાં સમુહ પ્રાર્થનાની પ્રથા વિચારવા જેવી અને દરેક છાત્રાલયોએ અમલમાં મુકવા જેવી છે. સમુહ પ્રાર્થના એટલે સર્વને અનુકુળ કોઇ પણ સમયે સર્વ વિદ્યાર્થીઓ એકત્ર થાય અને થોડો વખત ભજન-સ્તવન-પ્રાર્થનામાં ગાળે. આ પ્રાર્થના સાથે સંગીત હમેશાં જોડાયલું હોય છે. આવી પ્રાર્થનામાં અનેક સાધુ સંતોનાં રચેલાં પદો ગવાય છે અને તેથી સ્વાભાવિક રીતે આવી પ્રાર્થનાઓ સાંપ્રદાયિક સાંકડાપણાથી મુકત હોય છે. આ પ્રથાથી છાત્રાલયનું વાતાવરણ સદા ભાવનામય અને ઇશ્વરપ્રણત રહે છે. અને સાથે સમુહસંગીત જેનો આપણે ત્યાં લગભગ અભાવ જ વર્તે છે, તેને ખુબ ઉત્તેજન મળે છે.

ધાર્મિક શિક્ષણ કયા પ્રકારનું અને કેવી રીતે આપવું એ એક સ્વતંત્ર વિષય છે. તેની વિગતવાર ચર્ચા કરતાં આ લેખમાળા બહુ લંબાઇ જાય. આજે જે રીતે અને જે પ્રકારનું ધાર્મિક શિક્ષણ અપાય છે તેમાં કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને રસ પડતો નથી એ સર્વ સ્વીકૃત અનુભવ અને અભિપ્રાય છે. આજનું કોલેજ શિક્ષણ, આસપાસનું વાતાવરણ અને નવા માનસ ઉપર જામેલું વિજ્ઞાનનું પ્રભુત્વ આ પરિસ્થિતિ વચ્ચે કયા પ્રકારનું ધાર્મિક શિક્ષણ આજના વિદ્યાર્થીમાં રસ ઉપજાવી શકશે એની મને સુઝ પડતી નથી. આમ છતાં પણ ધાર્મિક શિક્ષણ નકામું કે બીનજરૂરી છે એમ પણ કોઇથી કહી શકાય તેમ છે જ નહિ. આપણું ધર્મ સાહિત્ય જીવનને ઉન્નતિગામી સંસ્કારો આપનાર અખૂટ સામગ્રીનો અમૂલ્ય ભંડાર છે. આજ સુધી ઘડાયલી અને સમર્થન પામેલી આપણી સંસ્કૃતિનો સાચો પરિચય પણ આપણા ધર્મસાહિત્ય દ્વારા જ થઈ શકે છે. કોઇ પણ સંસ્કારવાંચ્છુ વિદ્યાર્થી ધર્મસાહિત્યના પરામર્શથી વંચિત રહી શકે જ નહિ. આ રીતે ધાર્મિક શિક્ષણની ખુબજ ઉપયોગિતા છે એમ આપણે કબુલ કરીએ તો પણ આજના 'ધર્મ' વિમુખ અથવા તો ખરી રીતે કહીએ તો સંપ્રદાય વિમુખ બનતા જતા વિદ્યાર્થીમાનસને ધાર્મિક શિક્ષણ કેવી રીતે રોચક બનાવવું એ એક વિકટ પ્રશ્ન બની રહ્યો છે અને તેની કોઇપણ યોજના હજુ સુધી નોંધવા યોગ્ય સફળતાને પામી જાણી નથી. આપણા પ્રસ્તુત પ્રશ્નને અંગે તો અત્યારે અપાતું ધાર્મિક શિક્ષણ કેમ ઓછું કંટાળાભર્યું બને એટલુંજ આપણે વિચારવાનું રહ્યું. આ દિશાએ 'પ્રબુધ્ધ જૈન' ના આગળના અંકમાં માન્યવર શ્રી. મણિલાલ બાલાભાઇ નાણાવટીએ કેટલીક ઉપયોગી સૂચનાઓ કરેલી છે તેથી વિશેષ અહિં કશું ઉમેરવા જેવું રહેતું નથી. વાંચકોને એ લેખ જોઇ જવા વિજ્ઞપ્તિ છે.

હવે છેવટની બાબત કંદમૂળ તેમજ અમુક તિથિઓએ લીલોતરી નહિ આપવાને લગતી વિચારવાની રહે છે. આપણી ધાર્મિક રૂઢિ કંદમૂળ નિષેધ તેમ જ લીલોતરી પરિત્યાગ ઉપર ખુબ ભાર મુકે છે. આજનું વિજ્ઞાન આ બન્નેની પોષક દ્રવ્યો તરીકે બહુ મોટી કિંમત આંકે છે. આજના છાત્રાલયો પુરા ફંડના અભાવે બહુ કરકસરથી ચલાવવામાં આવે છે. આ કરકસરનો સૌથી વધારે અમલ વિદ્યાર્થીને અપાતા ભોજન ઉપર કરવામાં આવે છે. વિદ્યાર્થીને અપાતું ભોજન ખુબ સાદું હોવું જોઇએ એ વિષે બે મત છે જ નહિ. એમ છતાં પણ એ ભોજન પુરું પ્રાણપોષક અને સ્વાદિષ્ટ હોવું જોઇએ એ બાબત પણ એટલી જ ધ્યાનમાં રાખવાની રહે છે. જે છાત્રાલયનો વિદ્યાર્થી પ્રસન્નોદર હશે તેજ છાત્રાલયનું વાતાવરણ હંમેશાં પ્રસન્ન-પ્રફુલ્લ રહેવાનું. પ્રાણપોષક ભોજન તાજી અને લીલી વસ્તુઓની ખુબ અપેક્ષા રાખે છે. સ્વાદિષ્ટ ભોજન વિવિધતાની અપેક્ષા રાખે છે. સાધારણ રીતે છાત્રાલયના ભોજન માટે સસ્તામાં સસ્તા શાક ભાજી ખરીદવામાં આવે છે. જૈન છાત્રાલયમાં કંદમૂળ લવાય નહિ; અમુક તિથિએ લીલોતરી રંધાય નહિ. શાકભાજી સસ્તા હોય તે લાવવાના તેથી શાકભાજીની પસંદગી ખુબ મર્યાદિત બની જાય છે અને તે પણ તિથિનિષેધોને લઇને વિદ્યાર્થીને પુરા પ્રમાણમાં મળતા નથી. આજની ભોજન પ્રબંધની આ પરિસ્થિતિ છે. જે પ્રકારના છાત્રાલયોનો પ્રશ્ન આપણે મુખ્યતાએ ચર્ચ્યો છે તે પ્રકારના છાત્રાલયોમાં ઉપરના પ્રતિબંધોની બહુ જરૂર કે ઉપયોગિતા મને દેખાતી નથી. આમ છતાં પણ આ જ કારણને આગે કરી સમાજનો વિરોધ વહોરી લેવો જોઇએ એટલા મહત્વની આ બાબત નથી. તેથી જો તિથિનિષેધો હળવા રાખવામાં આવે તો વિદ્યાર્થીને અપાતું ભોજન પરિમિત પસંદગીમાં પણ પુરતું પ્રાણપોષક અને વૈવિધ્યવાળું બનાવી શકાય તેમ છે. માત્ર આ બાબતની છાત્રાલયના નિયામક અને સંચાલકોને પુરી ચીવટ હોવી જોઇએ અને શાકભાજીની પસંદગીમાં કરકસરની દૃષ્ટિ કાંઇક ગૌણ બનવી જોઇએ. કેટલાક ઠેકાણે ખાનપાનની ચીજોમાં બીજા પણ અનેક પ્રતિબંધો પાળવામાં આવે છે. આનું પરિણામ વિદ્યાર્થીની ગુંગળામણ અને શોષણમાં જ આવે છે. આવા છાત્રાલયનો વિદ્યાર્થી જાણે કે સદા ભૂખ્યો જ રહે છે અને જેલના કેદીની માફક નિષિધ્ધ ખાનપાનને જ ઝંખ્યા કરે છે. પરિણામે બહારના સંયમ તીવ્રે અંદરનો અસંયમ જ કેળવાય છે અને આ રીતે ધર્મથી જ ધર્મ હણાય છે.

આ લાંબી લેખમાળા પુરી કરું તે પહેલાં એક બાબતની સ્પષ્ટતા કરી લઉં. આ લેખમાળામાં આજના ધાર્મિક નિયમન પરત્વે જે છુટછાટો આપવાને લગતી સૂચનાઓ કરવામાં આવી છે તેનો અર્થ કોઇ એમ ન કરે કે આજે જે છાત્રાલયમાં અમુક નિયમો પાળવાની શરતે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે તે છાત્રાલયના વિદ્યાર્થીઓ એ નિયમો સંબંધમાં ફાવે તેવી છુટછાટ લે તો તે છાત્રાલયના નિયામકોએ કે સંચાલકોએ તે સામે આંખ આડા કાન કરવા જોઇએ અને જેમ ચાલે તેમ ચાલવા દેવું જોઇએ. અમુક નિયમમાં ફેરફાર કરવાની સૂચના કરવી, અથવા તો અમુક નિયમના અનુપાલનને આગે ઉભી થતી અગવડો સંચાલકોના ધ્યાન ઉપર લાવીને તેમાં છુટછાટ મેળવવા માટે હીલચાલ કરવી એ એક બાબત છે અને ચાલુ નિયમને મરજી પ્રમાણે તોડતા રહેવું એ બીજી બાબત છે.

નિયમ એ નિયમ જ છે અને એમાં જ્યાં સુધી કશો ફેરફાર ન થાય ત્યાં સુધી તે નિયમ સૌ કોઇને એક સરખો બંધન કર્તા છે. સંસ્થાના સંચાલકોએ પ્રત્યેક નિયમની વ્યવહારૂતાનો ચાલુ વિચાર કરતા રહેવું જોઇએ અને જ્યારે છુટછાટ કે અપવાદ ઉચિત લાગે ત્યાં અને ત્યારે સમતિ આપવામાં પુરા ઉદાર રહેવુ જોઇએ. પણ એ સાથે જ્યાં સુધી અમુક નિયમમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી તેઓએ તે નિયમ વિદ્યાર્થીઓ પાસે પળાવવા માટે ચોકકસ અને સખ્ત બનવુંજ રહ્યું. શિસ્ત વિનાની સંસ્થા અનર્થકારીજ બને. આ આખી લેખમાળા શિસ્તને ઢીલો કરાવા માટેની રજુઆત નથી પણ કેટલાક ધાર્મિક નિયમોમાં દેશકાળને યોગ્ય ફેરફારની હિમાયત કરવા પુરતોજ છે. છાત્રાલયના સંચાલકો કે વિદ્યાર્થીઓ આ લેખમાળાનો કશો અનર્થ ન કરે તેટલા પુરતી આટલી સ્પષ્ટતાની જરૂર છે.

આ બધા નિયમો પળાવવામાં આવે છે અને ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે તેનો આશય વિદ્યાર્થીની ધાર્મિકવૃત્તિ બને તેટલી સુદૃઢ કરવાનો છે. આવા નિયમો અને ધાર્મિક શિક્ષણને ધાર્મિકતા સાથે બીલકુલ સંબંધ નથી એમ કહી ન જ શકાય. પણ વિદ્યાર્થીઓમાં કેળવવા ધારેલી ધાર્મિકતાને ખરો સંબંધ છાત્રાલયના ચાલુ વાતાવરણ અને સંસ્થાના નિયામક તથા સંચાલકોની ચાલુ જીવનચર્યા. સાથે છે. આ બાબત સૌ કોઇએ ધ્યાનમાં લેવી ઘટે છે. જે ઉપર નહિ હોય તે નીચે ઉતરવાનું નથી. જેમ કુશીલ પતિઓ પતિવ્રતા સતીઓનાં ચરિત્રો વંચાવીને પોતાની સ્ત્રીને પાતિવ્રત્ય શિખવવાની આશા સેવે છે તેવી જ રીતે કેટલાંક સંચાલકો પોતાતા જીવનને વ્યસ્થિત અને ધાર્મિક બનાવ્યા સિવાય વિદ્યાર્થીઓને આવા પ્રયત્નો વડે ધાર્મિક બનાવવાની આકાંક્ષા રાખે છે પણ એ આશા અને આકાંક્ષા બન્ને વ્યર્થ છે. બાળકો બાપાપ શિખામણ આપે છે તે મુજબ કદિ વર્તતા નથી પણ બાપાપ વર્તે છે તેવુંજ બાળકોનું આચરણ ઘડાય છે. આવું જ છાત્રાલયના વિદ્યાર્થીઓ અને તેમના સંસ્થાગત મુરબ્બીઓનું સમજી લેવું. આમ હોવાથી વિદ્યાર્થીઓ જોઇએ તેટલા ધાર્મિક બનતા નથી અથવા તો અધાર્મિકતા તરફ઼ ઢળતા દેખાય છે. એમ માલુમ પડે તો તે માટે વિદ્યાર્થીઓનો દોષ કાઢતા પહેલાં આપણે આપણી જાતનેજ તપાસવી ઘટે છે. ધાર્મિકતા બાહ્ય ક્રિયાનો વિષય નથી પણ સાક્ષાત્ જીવન સાથે સંબંધ ધરાવતી વસ્તુ છે. જે સંસ્થાના સંચાલકો ઉચ્ચ ચારિત્રવાળા તેમ જ ભાવનાશાળી હશે તે સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરથી પ્રેરણા પામીને જરૂર ઉજ્જવળ ચારિત્ર અને ઉત્કૃષ્ટ આદર્શવાળા બનશે એમાં સંદેહ છે જ નહિં. જેવી સમાજ તેવા સાધુઓ તે માફક જેવા આપણે તેવા આપણા વિદ્યાર્થીઓ. આ ન્યાય બન્ને વર્ગને સરખી રીતે લાગુ પડે છે. આ ઉપરથી જે કોઇ નિયમ વિદ્યાર્થી પાસે આપણે મનાવવા માંગતા હોઇએ તે નિયમનો અમલ સંચાલકોના જીવનમાં પણ દૃષ્ટિગોચર થવો જોઇએ. જો હું રાત્રીભોજન કરતો હોઉં, કંદમૂળ ખાતો હોઉં કે સીગારેટ પીતો હોઉં તો મારી નીચેના વિદ્યાર્થીને તે તે બાબતોનો હું કોઇ પણ રીતે નિષેધ કરી ન જ શકું. આજ ન્યાય બીજી બાબતોમાં પણ અમુક અંશે લાગુ પડે છે. આજના છાત્રાલય સંચાલકો આ બાબતોનો પુરો વિચાર કરીને ઉપદેશ અને આચારની સંપૂર્ણ સંગતિ જળવાય તેવું અને તેટલું જ નિયમન ધાર્મિક ગણાતી બાબતોમાં કરે. એમ બનશે તો અને ત્યારેજ વિદ્યાર્થીઓ ઉપર સાચી છાપ પડશે અને ખરી ધાર્મિકતાની તેમને જીવન્ત પ્રેરણા મળશે.

આ મારા વિચારો આપણાં અનેક છાત્રાલયોનાં સંચાલકો સમક્ષ નમ્ર ભાવે હું રજુ કરું છું અને તે એ આશયથી અને એવી આશા સાથે કે તેઓ આ બધી બાબતો વિષેના રૂઢ

"પતિત કોણ ?" : : (૧૦ પાનાથી ચાલુ)

તે કયાં જાય છે કોને મળે છે તેની હવે તેને કશી દરકાર નહોતી. રૂખી વ્યવહારથી રામદાસ શેઠને પરણી હતી. પણ મનથી તેણે માધવ સિવાય કોઇનો સબંધ સ્વીકાર્યો નહોતો. માધવ તો રૂખીનેજ દિનરાત ઝંખી રહ્યો હતો.

રૂખી અને માધવ મળ્યાં; મળીને મન હળવાં કર્યું પૂર્વકાળનાં સ્મરણો તાજાં થયાં; વર્તમાન પરિસ્થિતિ તેઓ બે ઘડી ભુલી ગયાં; એકમેક ઉન્મત્ત બન્યાં, યૌવને યૌવનનો ભોગ ભજવ્યો ! અને થનાર થઈ ગયું.

કેટલોક સમય ગયો અને રૂખીને સાસરેથી તેડું આવ્યું. ન જવા માટે રૂખીએ ઘણાં વલખાં માર્યાં. પણ માએ તેને પરાણે મોકલી. રૂખીનાં હૃદયમાં ફફડાટ હતો. હૃદયના ધબકારે માધવ ગુંજતો હતો.

રૂખીની તબિયત પાછી લથડતી ચાલી. ડોકટરે રૂખીને તપાસી શેઠને ખબર આપ્યા કે રૂખી સગર્ભા છે. શેઠની આંખ ચાર થઇ ગઇ. એનો મીજાજ ગયો. બુઢ્ઢો ઘણી ચારિત્ર્યની વ્યાખ્યા વિચારવા લાગ્યો. રૂખી ભ્રષ્ટ છે. તે તાડુકયો "ચંડાળ મારા ઘરમાંથી નીકળ, તારૂં કાળું કર, તેં શંખણીએ મારા કુળને કલંક લગાડયું" રૂખીને ઘર બહાર કાઢી.

વિધવા ભાભી સાથે વ્યભિચાર સેવનાર એ રામદાસ શેઠ મહાન પવિત્ર હોવાનો દાવો કરી શકે, જ્યારે બીચારી રૂખી ! દુનીયાની દૃષ્ટિએ પાપિણી અને પતિત ઠરે છે. સમાજમાં સ્ત્રી જાતિને તો આવા ઘોર અન્યાય સહન કર્યેજ છુટકો છે, જ્યારે પુરૂષ જાતિને કાંઇ સહેવાનું રહેતુંજ નથી.

રૂખી ચાલી નીકળી, રડતી કકળાતી એ મહામહેનતે સ્ટેશન ઉપર આવી. તેણે માન્યું પિયર જાઉં આસરો મળશે. પણ રૂખીને કયાં ખબર હતા કે પિયરીઆને દીકરી કરતાં સમાજનો ડર વધુ હોય છે.

રૂખીએ બારણું ઠોકયુ, બારણું ઉઘડયું. માને પગે પડી અને હૃદય હાલ્યું. વાત સાંભળતાં જ માએ કહ્યું "રાંડ, કુવો ન મળ્યો તે તારૂં કાળું મોં દેખાડવા તું અહિં આવી ! " અને બારણાં બંધ કર્યાં.

ભૂખી તરસી રૂખી ચાલી નીકળી, વિચાર આવ્યો, માધવ પાસે જાઉં. પણ પોતાનાં એ માધવને કલંકિત કરવા કરતાં બધો ભાર પોતે લઇ દુનિઆમાંથી ચાલ્યા જવાનું જ તેને વધારે ગમ્યું.

ઘોર અંધારી રાતે કુવાને કાંઠે બેઠી, ખૂબ ખૂબ રડી, માધવનું સ્મરણ કર્યું અને ઉભી થઇ, માધવ ! માધવ ! ના પોકાર સાથે રૂખીએ પડતું મૂકયું, કુવામાંથી પડઘો પડયો 'માધવ !'

હં ! હં ! કરતાં કોઇ દોડતું આવ્યું, પણ તે પહેલાં તો રૂખીએ ઝંપલાવી દીધું હતું. અંદર પડી રૂખીને બહાર કાઢી પોતાના ખોળામાં માથું રાખી રૂખીને પંપાળી, રૂખીએ આંખ ઉઘાડી 'કોણ ? માધવ !' તેનો હાથ પોતાની છાતી ઉપર મૂકી હસતાં મોઢે રૂખીએ વિદાય લીધી. રૂખીના ચહેરા ઉપર પરમ શાન્તિ છવાઇ રહી.

મહન્તની વાત સાંભળી મુસાફરોએ પણ નિઃસાસો નાંખ્યો બીચારી રૂખી ! **વેણી બહેન કાપડીઆ.**

મન્તવ્યો બે ઘડી બાજુએ મૂકે અને વિદ્યાર્થીનું સાચું કલ્યાણ કેમ સધાય અને તે સાચો ધાર્મિક કેમ બને એ દૃષ્ટિએ આ લેખમાળામાં ચર્ચેલી દરેક બાબતની બધી બાજુઓ પુનઃ ગંભીરતા પૂર્વક તપાસે અને એ તપાસના પરિણામે આજની રચનામાં જે કાંઇ ફેરફાર કરવા યોગ્ય લાગે તે સમાજ ક્ષોભની કશી પરવા કર્યા સિવાય જાહેરમાં જણાવે અને તે મુજબ અમલ કરે. જો આટલી વિચાર પ્રેરણા આ લેખમાળા ઉત્પન્ન કરી શકશે તો આ લેખો લખવાનો મારો શ્રમ સફળ થયો માનીશ.

(સમાપ્ત) **પરમાનંદ**

"પતિત કોણ ?"

ગામને સીમાડે જંગલ છે. તેની વચ્ચે એક કુવો છે. તેની સામે એક મહન્ત પર્ણકુટિ બાંધી રહે છે. આવતા જતાં મુસાફરો આ મહન્તને ત્યાં વિરામ લે છે. એક દિવસ બે મુસાફરો ત્યાં રાતવાસો રહ્યા છે. રાતના અચાનક બન્ને મુસાફરો જાગ્યા અને થોડે દૂર સુતેલા એ મહન્તને નિસાસો નાંખતાં સાંભળ્યા.

હા ! પ્રભુ પતિત કોણ ?

મુસાફરો અંદર અંદર કહેવા લાગ્યા કે આવા ત્યાગી પુરૂષોનાં હૃદયમાં પણ દુઃખ ભરેલું છે ! એમને તે વળી એવો કયો આઘાત લાગેલો હશે ? આમ વિચારમાંને વિચારમાં સવાર પડી.

પાઠ પૂજા અને જમવા કરવાનું પત્યા પછી એ મહન્ત બેઠા છે, ત્યારે બન્ને મુસાફરોએ એમને પૂછ્યું. ' મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમારે એક વાત પૂછવાની છે '

' બેટા ! ખુશીથી પૂછો.'

"મહારાજ ! ગઇ રાત્રે આપને અમે નિસાસો નાંખતાં સાંભળ્યા છે ત્યારથી અમને વિચાર થયાં કરે છે, કે આવા ત્યાગી પુરૂષને શું દુઃખ હશે ?'

'બેટા, સાંભળો ! આપણા સમાજની ભીતરમાં એટલા કરૂણ બનાવો ભરેલાં છે, જે ભાગ્યે જ બહાર આવે છે. મોટામાં મોટા ગણાતાં, અને મહાન ત્યાગી પુરૂષોના જીવનનો પણ ભૂતકાલ ઘણી વખત બહુ જ દુઃખથી ભરેલો હોય છે. ઘણી વખત હૃદયને લાગેલો સખ્ત આઘાત જ મનુષ્યને સંસારથી વિરક્ત બનાવે છે.

વરસો પહેલાની એક વાત છે તે તમને કહું. આ સામે દેખાય છે તે ખેતરમાં બે બાળકો હમેશાં કલ્લોલ કરતાં તે બન્નેનું નામ માધવ, અને રૂખી હતું. માધવની ઉમ્મર દસેક વરસની, અને રૂખી માંડ સાત વરસની હતી. એ બન્ને વચ્ચેની સ્નેહગાંઠ દિવસે દિવસે વધારે ને વધારે ગંઠાતી ગઈ.

ખેતરમાં આવેલા ઝાડની ડાળી ઉપર બન્ને એક બીજાની સોડમાં લપાઇને બેસતાં અને હીંચકતાં કોઇ કોઇ વખત બન્ને મીઠા સ્વરે એવાં તો ગીત લલકારતાં કે પંખીડાનાં ટોળાં પણ તેઓની આસપાસ આવી વીંટાઇ વળતા. ગાતાં ગાતાં બન્ને કૂદતા અને ખડખડાટ હાસ્ય કરી આખા ખેતરનાં ઝાડનાં પાંદડાને પણ જાણે ખિલખિલાટ હસાવતાં. પંખીઓની પાછળ દોડી દોડીને ઉડાડવામાં તેઓને અજબ આનંદ આવતો. આમ હમેશા આ બન્ને બાળકો મળતા અને કુદરતનો આનંદ માણતા.

આમને આમ વર્ષો વીતી ગયાં. રૂખી મોટી થઈ. ચૌદ વર્ષની રૂખી તેની માને મોટી બૈરી લાગવા માંડી. એક દિવસ રૂખીને માએ બહુ ધમકાવી અને કહ્યું:

"હવે માધવ સાથે તું રખડે તે નહિં ચાલે. બાપરે ! આવી મોટી છોકરી થઈ પણ ભાન છે કે જુવાન છોકરા જોડે ન રખડાય. હવેથી બીલકુલ માધવ પાસે જવાશે નહિ. જો ગઇ તો તારા હાડકાં ખોખરાં કરી નાંખીશ."

રૂખી ગભરાઇ ગઇ કાંઇપણ બોલી શકી નહિ. એક બાજુ ખુણામાં જઇને ડુસકે ડુસકે રડી. અરેરે ! માધવ તું મારા વગર કેમ જીવી શકીશ ? અને મારાથી યે તને જોયા વગર કેમ રહેવાશે ! હા ! પ્રભુ હું શું બહુ મોટી થઇ ગઇ છું ?

માધવ બેઠો બેઠો દૂર દૂર નજર નાંખે છે હજી રૂખી કેમ ન આવી ? સાંજ પડવા આવી, પણ રૂખી ન આવી. માધવને થયું કે નકકી રૂખી મારી ઉપર ગુસ્સે થઇ લાગે છે. મારાથી રીસાણી લાગે છે. પણ કેટલા દિવસ નહિ આવે ? મારા વગર એને ગમેજ શાનું ? આજે નહિ તો કાલે તો જરૂર આવશે. એમ વિચારી નિરાશ થયેલો માધવ ગમગીન ચહેરે ઘેર જઈ ખાટમાં પડયો.

બીજે દિવસે ફરી માધવે રાહ જોવા માંડી, પણ રૂખી દેખાઇ નહિ. દિવસ ઉપર દિવસ ગયા એટલે માધવને શંકા પડી કે રૂખી માંદી તો નહિ થઇ હોય. એટલે એ બીચારો રૂખીને ઘેર ગયો. દરવાજે જ તેને રૂખીની મા ભેટી, 'જા અહિંથી મારા રોયા ! કેમ આવ્યો છે ?' કહીને તે તાડૂકી ઉઠી.

'રૂખીને બે દિવસથી જોઇ નથી એટલે મને એમ થયું કે રૂખી માંદી તો નથી થઈ ને એમ સમજી હું રૂખીની ખબર લેવા આવ્યો છું. રૂખી ક્યાં છે ?'

એ સાંભળતાં વેંત રૂખીની મા એ હાથમાનું ઝાડું ઝુડું માધવનો માથા ઉપર ફેંકયું. ' જા અહિંઆથી ! હવે રૂખી તને મળવાની નથી. આવડો મોટો છોકરો પારકી છોકરીને ભેળવે છે તે તારા મનમાં શું સમજે છે ?'

માધવ રડતો રડતો ચાલ્યો. પોતાના કિસ્મતને દોષ દેવા લાગ્યો. રૂખી પણ બીચારી ઘરમાં બધું સાંભળતી હતી તે ડુસકા લઇને રડવા લાગી. પણ આવી મા આગળ તે શું બોલી શકે ?

એક દિવસ માથી છાની માની રૂખી માધવનાં ખેતરે પહોંચી. બન્ને મળતાં વેંતજ એક બીજાને ભેટી પડયાં અને ખૂબ ખૂબ રડયાં. દારૂણ દુઃખને સમાવી દેવાની શકિત જાણે રડવામાં ન હોય ! ઘરાઇને રડી લઇ આ બન્ને બાળકો સ્વસ્થ થયાં. બન્નેને એકી સાથે વિચાર આવ્યો ને બોલ્યાં ખરેખર ! 'આપણે હવે બાળક મટી જુવાન થયાં છીએ ?'

અણધારેલી આવી પડેલી આ વિપત્તિએ બન્નેનાં દિલમાં યૌવનનો થનગનાટ મચાવ્યો. બાળકો મટી જુવાન બન્યાનું તેમને ભાન થયું અને બન્નેનું મન યૌવનનાં હિંડોળે ચઢયું.

માધવને ગળે હાથ વિંટાળી બન્નેએ ખભાપર માથું મૂકી શાન્તિ અનુભવી રહેલી રૂખીને માધવે હૃદય સરસી ચાંપી, 'માધવ રૂખી તારી જ છે હોં ?' જવાબમાં માધવે એક ચુંબન લીધું. બન્નેની સાક્ષી પૂરાવતો હોય તેમ સૂર્ય વાદળામાંથી ડોકીયું કરી અને બન્ને ઉપર કિરણો ફેંકી રહ્યો. બન્ને બાળકોએ સૂર્યદેવને નમસ્કાર કરી પ્રતિજ્ઞા લીધી. 'અમે બન્ને હમેશાં જીવન મરણનાં સાથી રહીશું.' બધું દુઃખ ભૂલી બન્ને ફરી નાચ્યાં કૂદ્યાં ને જુદા પડતાં પાછા રડયાં અને અંતે છૂટા પડયાં.

હવે તો રૂખીને માધવ બન્ને બહુજ છાના માનાં મળતાં. પોતાના જીવન માટે હવે કયો રસ્તો લેવો તે માટે મુંઝાતાં. માધવના માબાપ તો તૈયાર હતા, પણ રૂખીના માબાપ કોઈ રીતે માને તેમ નહોતું.

રૂખીએ બધી હિંમત એકઠી કરી પિતાને કહ્યું ' બાપા ! માફ કરજો શરમ મૂકી મારે કહેવું પડે છે. મારા માટે વર શોધવાની ખટપટમાં તમે છો. પણ હું તો માધવને જ વરી ચૂકી છું. મારા મનથી તેજ મારો પતિ છે. બીજાની સાથે

લગ્ન કરવા તે મારે માટે મહાન પાપ છે. માટે અમને બન્નેને પરણાવી આશીર્વાદ આપો એવી મારી વિનંતી છે.'

'એટા ! એવી વાતમાં તને ખબર ન પડે. માધવનું કુટુમ્બ તો ગરીબ છે. તેનાં કુળમાં અમારાથી દીકરી દેવાય નહિ. ગામમાં મોહું દેખાડવું ભારે થઇ પડે. શ્રીમંત ઘરના માગાં મૂકી હું એવા હલકા કુળમાં તને દઈ દુઃખી કરવાની મૂર્ખાઈ કદી ન કરું. એનાથી લાખ દરજ્જે સારું ઘર ગોતીશ. તારે તેની ચિંતા ન કરવી.' કેમ જાણે ઘર સાથેજ રૂખીને પરણવાનું હોય !

રૂખી બિચારી રડી પડી, 'બાપા ! એ નહિ બને ! કદી નહિ બને !' પગે પડી કરગરી, 'મને સુખી જોવી હોય તો માધવ સાથેજ પરણાવો !' બાપે રાડ પાડી 'ચાલ બસ !' અને બબડવા લાગ્યા કે 'આજકાલનાં છોકરાં તો વંઠી ચાલ્યા છે !' અને રૂખીને લાત મારી ચાલી ગયા.

આ માતા રૂખીની સાવકી મા હતી. તેણે એક યુક્તિ કરી. રૂખીને મોસાળ મોકલી દીધી. ત્યારબાદ તેના બાપને કહ્યું કે 'મારા પીયરની સામે રામદાસ શેઠ છે. બીચારા હમણાંજ ઘરભંગ થયા છે, ઘર બહુ સારું છે. મુંબઇમાં મોટા બંગલા, વેપાર અને જવાહેરજવાલી છે. ત્યાં આપણે રૂખીને આપીએ. છોકરીને પાનફુલોમાં રાખશે. પાણી માંગે ત્યાં દુધ મળશે. એ બધામાં રૂખી માધવને કયાંય ભૂલી જશે. આપણે ત્યાંજ ચાંદલા કરીએ.'

રૂખી ઘેર આવી ત્યારે ખબર પડી કે તેનું વેવીશાળ કરી નાંખ્યું છે. તેની ચિન્તાનો પાર ન રહ્યો. માધવને મળવા તલપાપડ થઇ રહી. પણ તેની ઉપરના સખ્ત ચોકી પહેરાએ તેને કયાંય છૂટવા ન દીધી. બારીએ ઉભી ઉભી રોજ ઉડતા પંખીને રૂખી વિનવે કે 'મારા માધવને કહેજે કે રૂખીને તું લઇ જા. નહિ તો રૂખી તહારી ઝડપાઈ જશે.'

આ બાજુ માધવે પણ સાંભળ્યું ત્યારથી એ તેજ વ્યથા અનુભવી રહ્યો છે. રૂખીને ઉપાડી જાય પણ કેવી રીતે ? આમ ચિંતામાં ગરકાવ થયેલા માધવને કાંઇ સુઝયું નહિ, અને દિવસો પસાર થવા લાગ્યાં.

અન્તે એ દિવસો આવ્યા અને રૂખીનું ભાગ્યચક્ર ઉંધું ફર્યું. આજે માગશર સુદિ આઠમ છે. રૂખીનાં લગ્નનો આજે દિવસ છે. ઘર આંગણે લીલા તોરણ બંધાઈ ગયાં છે. ફળીમાં મોટો માંડવો છે, ને ડેલીને બારણે શરણાઇ વાગે છે. હરખ ઘેલી સ્ત્રીઓ ઘરેણાંને લુગડાં પહેરી દોડા દોડ કરતી ફરે છે. એક ઓરડામાં રૂખીને ઘેરીને તેની સખીઓ બેઠી છે. રૂખી તો ડુસકે ડુસકે રૂવે છે. સખીઓ વિનવે છે 'હોય બેન અમે પણ સાસરેજ આવ્યાં ને ? બે દિવસ લાગે પછી તો તું અમને બધાંને કયાંય ભૂલી જઇશ બઇને ?' બીચારી સખીઓને કયાં ખબર હતી કે આજે તો રૂખીનું સમાજની વેદી ઉપર બલિદાન દેવાય છે !

ત્યાં તો વાજાં વાગ્યાં, વરઘોડો આવ્યો અને સહુ વરઘોડો જોવામાં મશગુલ બન્યાં. રૂખી બીચારી એકલી પડી. આપઘાત કરવાનું મન થયું, બારીએ પડતું મૂકવા દોડી, પણ ત્યાં તો ઘોડા ઉપર ચઢેલ વરને જોઇને પાછી ફરી અને ત્યાંજ બેભાન પડી ગઈ.

"કન્યા પધરાવો" નો પોકાર મહારાજે પાડ્યો અને રૂખીને ઉંચકીને માયરામાં બેસાડી પણ આ શું ? રૂખી તો બેભાન ઢળી પડી ! માંડવા વચ્ચે શેરબકોર મચ્યો. અરર ! છોડીને ભૂત વળગ્યું કે શું ? સૌ વિમાસણમાં પડ્યાં. પણ રૂખીને તો જીવન ભરનું ભૂત વળગ્યું હતું. પંચાવન વરસનો બુઢ્ઢો ! માથે ધોળા વાળ ! મહામહેનતે બેસી શકે તેવા બુઢ્ઢાને જોઇને જ રૂખી તો બ્રુજ બેભાન થઈ હતી. આ પણ ભૂત જ વળગ્યું કહીએ તો કાંઇ બોટું તો નથી જ ને !

વરપક્ષવાળા બૂમો પાડવા લાગ્યા. 'મહારાજ' ચોઘડીયું જાય છે જલદી કરો.' બેભાન રૂખીને પકડી રાખી બેસાડી. બેભાન બનેલી રૂખીને પણ એ સમપદીનાં શ્લોકનાં બંધન અને પ્રતિજ્ઞા લાગુ પડી ગયાં. એ આજથી એ બુઢ્ઢા રામદાસ શેઠની જ પત્ની લોકોની દૃષ્ટિએ ગણાઇ ગઇ.

રૂખીને જ્યારે ભાન આવ્યું, ત્યારે જુએ છે તો રામદાસ શેઠ પાસે બેઠાં છે અને કહી રહ્યા છે કે 'અરે ! તું જરા પણ મુંઝાઇશ મા ! મુંબઇમાં મોટા મોટા ડોકટરો છે. તને સારું કરી દેશે.' રૂખી તો શેઠને જોઇને જ પાછી મૂર્છા ખાઇ ગઇ.

રૂખી મોટા મહેલમાં આવી છે. મુંબઇ જેવી મોજીલી નગરીમાં એ રહે છે. નોકર ચાકર તેની તહેનાતમાં છે. ખાવા-પીવાની કશી ખોટ નથી. રૂખીને ખુશ કરવા સર્વ કાંઇ થાય છે. પણ રૂખીને તો આ વૈભવ વિલાસ સળગતા દાવાનલ જેવા ભાસે છે. શેઠે ઘણી ઘણી મહેનત કરી પણ રૂખી તેની સામું જોતી નથી. અરે ! આડી પણ ઉતરતી નથી. શેઠને જોતાંજ તેનાં હૃદયમાં હોળી પ્રગટે છે, ને મૂર્છા ખાઇ જાય છે. આમને આમ રૂખીનું શરીર ક્ષીણ થતું ચાલ્યું.

શેઠે ઘણા પ્રયાસો કર્યા પણ રૂખી માની નહિ, એટલે આજે અડધી રાતે શેઠે રૂખી ઉપર બળાત્કાર કરવાનો મક્કમ વિચાર કર્યો. રૂખી નીચે સાદડી ઉપર ગાઢ નિદ્રામાં સુતી હતી. ત્યાં શેઠ ધીમે ધીમે ગયા અને તેની છાતી ઉપર હાથ મૂક્યો. રૂખી બેબાકળી ઉઠીને બારી પાસે દોડી ગઈ. શેઠ સામું જોઇ તે બોલી, 'હું તમારી ઇચ્છા સમજી ગઇ છું પણ તમો જો બળાત્કાર કરશો તો આપઘાત કરીશ. હું તમને પરણીજ નથી મારા મનથી તો હું પરણી ચૂકેલીજ હતી. તેની મૂર્તિ સદાએ મારા હૃદયમાં છે. તમારી આબરૂ જળવવા મારું નામ નહિ લ્યો તો જ હું આ ઘરમાં રહી શકીશ.'

શેઠ રૂખીને પકડવા આગળ ધરચા, ત્યાં પાછળથી કોઇએ તેનો હાથ પકડ્યો. આ આવનાર વ્યક્તિ તે શેઠની વિધવા ભાભી હતી. શેઠને સમજાવી તે પોતાની સાથે લઇ ગઈ. આ ભાભી સાથે શેઠને કેટલાક વખતથી છુપો વ્યવહાર ચાલતો હતો. શેઠને લઇ જઈ સમજાવ્યાં ને શાંત કર્યાં.

થોડા વખત પછી રૂખીને પિયરથી તેડુ આવ્યું. શેઠે તેને રાજીખુશીથી મોકલી આપી. શેઠને રૂખીની બહુ પડી નહોતી. રૂખીએ પોતાના ગામનાં ઝાડવાં નિહાળ્યાં અને તેનાં આનંદનો પાર ન રહ્યો. માએ શ્રીમંત ઘરેથી આવતી છોકરીનાં ઓવારણાં લીધાં ને ઓછી, ઓછી થવા લાગી.

રૂખીની સખીઓ ટોળે મળી 'અરે ! રૂખી આ શું ? આટલી લેવાઈ ગઇ ? હશે ! બહેન ! અહિંઆ પાછી સારી થઇ જઇશ.' એમ કહી સખીઓ છુટી પડી.

રૂખી હવે પરણી હતી; શ્રીમંત ઘરની શેઠાણી બની હતી; રૂખી બહેનનાં માન વધ્યાં હતાં. રૂખીની આ હવે નિશ્ચિંત હતી;

(અનુસંધાન પાના ૮)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો | શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર | Regd. No. B. 4626

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૨૧

મુંબઇ : ૨૯ ફેબ્રુઆરી ૧૯૪૦ ગુરૂવાર

લવાજમ
રૂપિયા ૨

બાપુજીના બે પત્રો

[હું કેટલાંક વર્ષ પહેલાં નાસીક જેલમાં હતો તે દરમિયાન આપણા જાણીતા વિવેચક અને મહાત્મા ગાંધીજીના સ્નેહપાત્ર શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા ઉપર ચરખા જેલમાંથી ગાંધીજીના અઠવાર-નવાર પત્રો આવતા તેમાંથી બે પત્રો મને વાંચવા મળેલા અને તે પત્રોની નકલ મેં તે વખતે કરી રાખેલી. આજે તે પત્રો ફરીને વાંચતાં મને એમ થયું કે તે પત્રોમાં એટલી બધી સુન્દર વિગતો ભરી છે કે તે પત્રો પ્રગટ કરવામાં આવે તો ગુજરાતની જનતા તે પત્રો જરૂર આદર-પૂર્વક વધાવી લેશે. આ માટે શ્રી. કિશોરલાલભાઇની મેં રજા મંગાવી અને તેમણે જાહેર જનતા માટે કેટલાક બીજા જરૂરી વિભાગો કાઢી નાખવાની સૂચનાઓ સાથે સંમતિ આપી. આ માટે તેમનો હું ઉપકાર માનું છું અને આ બે પત્રો અહિં રજુ કરું છું. પરમાનંદ]

પુના તા. ૬-૭-૩૨ (યરવડા જેલ)

ચિ. કિશોરલાલ

તમારા પત્રની રાહ તો જોઇજ રહ્યો હતો. કયાંય લખવાની આવશ્યકતા હોય તેને રોકીને મને લખો એમ હું નથી ઇચ્છતો, પણ જ્યારે સહેજે લખી શકાય એવું હોય ત્યારે તો જરૂર લખજો. દેવદાસને હળવો ટાઇફોડ હતો પણ હવે તે સાવ મુકત થયો છે. તેના કાગળ આવે છે. તેની સારવાર સારી થઇ હતી. વાંચવા વિગેરેનું મળ્યા કરે છે. રામદાસ અહીં છે, મજામાં છે. છગનલાલ, સુરેન્દ્રજી, દરબારી અને બીજા ઘણા તેની સાથે છે. કુરેશી પણ ત્યાં જ છે. રમણીકલાલ, કાન્તિ, સુરેન્દ્ર, વિઠ્ઠલ, પુલચંદ, દીવાન મારતર અને બીજા ઘણા વીસાપુર છે. જમનાલાલ, પ્યારેલાલ, વિનોબા વિ. ધુળીઆ છે. ત્યાં ધમધોકાર ગીતાભ્યાસ ચાલી રહેલ છે. મણીલાલ, સુશીલા, સીતા, પ્રાગજી બધા નાતાલમાં ચાલતા ઝેરી તાવની હડફેટમાં બરોબર સપડાયા હતા, પણ બધાય ઉગરી ગયા. પ્રાગજી જવાબદારી લેવા તૈયાર નથી એટલે મણીલાલ રોકાઇ ગયો છે, અને હવે નહિજ આવે એમ જણાય છે. ગંગાબ્હેન, તારા, મહાલક્ષ્મી, રમા, ગંગાબ્હેન ઝવેરી, ન્હાની બ્હેન, ભકિત બ્હેન, શાન્તા, લીલાવતી, આસર વિ. અહીં છે. મારા હાથને પરિશ્રમથી દરદ છે એમ ડાકટરો માને છે એટલે આરામ આપી રહ્યો છું. એ દરદ જાયું નથી. જ્યારે તેની પાસે અમુક જાતનું કામ લેવાય ત્યારેજ થાય છે. પ્રયોગને ખાતર બીજાનો શેક કરે છે. પણ તે ભાગને આરામ તેજ ઉપાય છે, એમ અહીંનું ડાકટર મંડળ માને છે, એને વિષે વિચાર સરખોયે કરવાની જરૂર નથી. દશેક દિવસ થયાં હું દુધ લઉં છું. વજન ૧૦૪ છે. દુધ લેવાનું કારણ અહીંના મુખીનો આગ્રહ છે. એની ખાસ આવશ્યકતા હતી એમ મેં નહોતું માન્યું, પણ વજન ઘટતું જતું હતું એટલે મેં આગ્રહ છોડયો. પ્રભુદાસનો રેંટીયો પગેથી ચલાવું છું, અને જમણે હાથેથી તાર ખેંચું છું. ઠીક ચાલે છે. સરદાર અને મહાદેવ મજામાં છે, સરદારને નાકનું દરદ હાલ શાન્ત છે. મહાદેવને પગના નળામાં દુખાવો હતો તે અહીં આવ્યા પછી થોડા દિવસમાં મટી ગયો. મહાદેવ ૪૫-૫૦ આંકનું સુતર કાંતે છે, થોડું પીંજે છે, થોડું વાંચે છે, મારૂં લખવાનું તો હોય જ. સરદાર વાંચે છે અને નકામાં બદામી કાગળો વિ. નાં પરબીડીઆં બનાવી જગતની દોલતમાં વધારો કરે છે. સરકારી અને બીજા માલ વચ્ચે અમે ભેદ ગણતા નથી તેથી સરકારી કહેવાતા માલને પણ પોતાનો ગણી બધું ચીવટથી વાપરીએ છીએ. ગાંડીવ રેંટીયો ચલાવવાથી તમે અનુમાન કરો છો એવા ઉપદ્રવ થવા ન જોઇએ. એનું ચક્ર મુદ્દલ પરિશ્રમ વિના ચાલવું જ જોઇએ. સહેજ હાથના ટેલાની જરૂર રહે છે. પણ તમે જો માનતા હો કે તમારી પાસે જે ગાંડીવ છે તે ખુબ હળવું કરે છે એમ છતાં કાંડામાં દુખાવો રહે છે તો એ ભ્રમ ભાંગવાને ખાતર પણ તમારે ઉભા ચક્રવાળો રેંટીયો ચલાવવો જોઇએ. તમારૂં વજન વધે છે એ તો વધામણી જ ગણાય. દમને વિષે ડાકટરનું નિદાન સાચું હોઇ શકે, અને બધ્યે ગ્રેન કવીનીનથી નિકાલ આવે તો એ તો બહુ સારૂં ગણાય.

મેં પ્રાર્થના ઉપર અને સત્યાગ્રહની નિયમાવલી– તો નહિ પણ એના જેવા કાંઇક– ઉપર લખ્યું હતું, પણ એની નકલ મારી પાસે નથી. પણ તમે ઇશારો કરો છો એટલે એ મંગાવીશું અને તેમાં ભુલો રહી ગઇ હશે તે સુધારીશ અને બનશે તો એ તમને પહોંચાડીશ. એ કાંઇ કાગળમાં તો નહિ જ ગણાય, પછી તો થાય તે ખરૂં. આશ્રમમાં કામની જરા સારી પેઠે ભીડ તો રહે જ છે. આશ્રમનો પત્ર પુરસદ મળે ત્યારે શંકરભાઇ લખે છે. એમાં કાંઇક ચીજો અવશ્ય રહી જાય છે. તમારૂં પુસ્તક ધ્યાનપૂર્વક વાંચી જવાનો વિચાર મેં સંધરી રાખ્યો છે, પણ મારી પાસે પુષ્કળ મુદત છે એમ સમજીને જે હાલ વાંચી રહ્યો છું એ છોડીને એના તરફ નથી વળતો. તમે ગીતા પાછી તપાસી ગયા એ તો બહુ ઠીક કર્યું. મને અહીં મોકલશો તો એ મળી શકશે. હું એમ માનતો નથી કે તમે ઓછું વાંચ્યું છે. મારૂં પોતાનું વાંચન સાવ વિચિત્ર જ ગણાય. અત્યારે હું ઉર્દુ વાંચી રહ્યો છું, ચલણી નાણાં વિષે મારૂં અજ્ઞાન અક્ષન્તવ્ય છે, એટલે એમાં થોડો પ્રવેશ કરી રહ્યો છું. બંગાળી પાછળ સેવાભાવ રહ્યો છે અને એ ભાવને વશ થઇને મરણ કિનારે બેઠો ગણાઉં છતાં તામિલનું જ્ઞાન અધુરૂં રહ્યું છે એ ઠીક ઠીક મેળવી લેવાનો લોભ રહે જ છે, અને એજ દૃષ્ટિએ બંગાળી અને મરાઠી, ફ્રેમ કે એનો પણ આરંભ કરી ચુકયો હતો, અને જો અહિંઆ ઠીક ઠીક કાળ જશે તો એ અભ્યાસમાં ઝંપલાવું તો મને નવાઇ નહિ થાય. એવી કોઇ દિશામાં તમારૂં મન કામ કરતું

હોય અને કોઇ નવી ભાષામાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય તો જરૂર કરો. આશ્રમ સ્થાપ્યું ત્યારે જ ભાષાઓ વિષે આપણી એવા પ્રકારની ઇચ્છા તો હતી જ. મારે વિષે એ મુદ્દલ મેળ પડી નથી, પણ હું તમને આ લાલચમાં ફસાવવા ઇચ્છતો નથી. આપણે બધાને વિષે હું તો એકજ વસ્તુની આવશ્યકતા જોઇ રહ્યો છું તે એ કે આપણે જે કાંઇ વાંચ્યું છે તે વિચારીએ, હજમ કરીએ, અને તેને આપણા જીવનનું એક અંગ બનાવી દઇએ. આ દૃષ્ટિએ .....ને તો મેં ત્યાં લગી સલાહ આપી છે કે તેણે ગીતાભ્યાસ, રાયચંદભાઇના લખાણો વગેરે બધું છોડી દેવું અને માત્ર પોતાના કામમાં ગુંથાઇ જઇ તેનોજ વિચાર કર્યા કરવો. કેમકે હું એમ જોઇ ગયો કે તેણે અનાસક્તિ યોગમાંથી અને રાયચંદ ભાઇના લેખોમાંથી ઘણું ગોખી કાઢયું છે, પણ એ બધાનો સવળો ઉપયોગ તેનાથી થઇ શકતો નથી. તેનું હૃદય સાફ છે એવી મારી માન્યતા છે પણ તેની બુદ્ધિ તેને પછાડયા કરે છે. અનેક પ્રકારના તર્ક વિતર્કો કરે છે અને અંતે 'ધૂળની ધૂળ' રહી જાય છે. માર્ક લખ્યું એને સોંસરવું ઉતરી ગયું લાગે છે અને તેનું મન હળવું થયું છે. આ સલાહનું છેવટે પરિણામ ગમે તે આવ્યું, પણ એની પાછળ જે વિચાર શ્રેણી છે તે સાવ ખરોખર છે એમ ઘણા અનુભવો ઉપરથી મને સ્પષ્ટ થયું છે. એથી તમારા જેવાને ધાર્મિક વાંચનની ભલામણ કરવાનું મને સુઝેજ નહિ.

તમારા જે દોષનું દર્શન તમે કર્યું છે તેમાં હું થોડેક અંશે સંમત થાઉં છું, વાદવિવાદમાં ઉતરવાની તમને ટેવ છે એ મેં ઘણી વેળા જોયું છે. એ દોષને તમે તમારા કાગળમાં બહુ મોટું રૂપ આપ્યું જણાય છે, એવું તો મેં નથી જોયું, પણ વાદવિવાદ કરવામાં ઘણું ખરું સકેલી લેવાય તો કાંઇ હરકત નથી એમ હું માનું છું ખરો. એનો અર્થ એ નથી કે કોઇ પૂછે એને તમારે જવાબ ન આપવો જોઇએ. તમારા જેવાને ન પૂછે તો માણસ કોને પૂછે ? એમ જિજ્ઞાસુને પોતાની પાસે હોય તે આપવું તે એક વાત છે અને વિવાદમાં ઉતરવું એ સાવ જોખમી વાત છે. આ મારા લખાણનો વધારે પડતો અર્થ કરીને મુંઝવણમાં ન પડતા; ઉંડા નિરીક્ષણમાં ઉતરીને વ્યર્થ આત્મનિંદા પણ ન કરતા. મારી સંમતિ તમે જે દોષ જોઇ ગયા છો તેને મોટો કરવાને સારૂ નથી પણ એનું પ્રમાણ સમજાવવાને સારૂ છે. વિચિત્ર પ્રકૃતિના માણસોની સાથે સરળતાથી રહેવાને ખાતર મૌનની આવશ્યકતા ભારે છે જ. આપણે સમાજમાં રહ્યા છતાં પૂર્ણ શાન્તિ અનુભવી ન શકીએ ત્યાં લગી ધર્મ જ જાણ્યો નથી એમ માનવુંજ જોઇએ.

'Imitation of Christ' એ ખરા માણસના અનુભવોનો ભંડાર છે એટલે એની અસર પડે જ. આકાશ દર્શનમાં હું કેમ લોભાયો એ પણ હું કહી જાઉં. મારે સારૂ એ ઇશ્વર દર્શનનું એક દ્વાર થઇ પડયું. એ જ્યારે હું એકાએક જોઇ ગયો એટલે એકદમ ત્યાં નજર ફરી. કાકા સાથે હતા, બહુ લલચાવતા હતા પણ મારૂં મન તેને ટાળી રહ્યું હતું. બીજાં કામોમાંથી નવરાશ મેળવીશ ત્યારે એ કરીશ એ વલણ હતું. ૧૯૨૨ની સાલમાં જ્યારે હું અહીં હતો ત્યારે પણ એના પુસ્તકોનો સંગ્રહ કર્યો હતો. તે વખતે પણ કાંઇકને કાંઇક કારણસર તે અભ્યાસ ટેબ્યે જતો હતો. શંકરલાલે તેની મેળે થોડો થોડો અભ્યાસ કરી લીધો. મને 'કાસીઓપિયા' જોવાને ઘણીવાર લલચાવ્યો, જરાક જોઇને પાછો હું તો મારા કામમાં વળગી જતો, પણ આ વખતે અહીં એકાએક એમ થઇ આવ્યું કે આકાશદર્શન એ તો એક ભારે સત્સંગ છે. તારાગણ આપણી સાથે મુંગી વાત કર્યા જ કરે છે. આ બધા વિચારો લંબાવવા નથી ઇચ્છતો ટુંકામાં એટલું જ કે જ્યારે એ વસ્તુ મારે સારૂં ધર્મબાધ થઇ પડી ત્યારે હું તેમાં ખુંચી શકયો અને હવે એમાંથી નીકળાય જ નહિ.

હવે વખત ઘણો થયો, એટલે કાગળ લંબાવતો નથી. આ સાંગોપાંગ પહોંચશે તો વળી બીજી વખતે વધારે લખીશ.

બાપુના આશીર્વાદ.

કાગળ બીજો

ઓગષ્ટ ૧૯૩૨.

(આ પત્ર શ્રી. કિશોરલાલ ભાઇને વેર થઇને પછી તેમને નાસીક જેલમાં મળેલો)

'ગાંધી વિચારદોહન' હજુ હાથમાં લઇ શકયો નથી. આ વખતે કાગળનો ભરાવો બહુ રહે છે. ××××. તાણીને રાત્રીના ઉજાગરા કરીને કાંઇ કરવા ઇચ્છતો નથી. એટલે જે વખત અનિવાર્ય કામમાંથી બચે તેજ વાચનને અપાય. તે બચતા સમયમાં ઉપનિષદનો થોડો અભ્યાસ કરી લઉં છું, અને અગાડીનાં પુસ્તકો જોઇ લઉં છું. આ અઢવાડીઆમાં તો ઉર્દુ પુસ્તકને હાથ નથી લગાડી શકયો, જો કે તે અભ્યાસ આજ લગી થોડો ચાલ્યા કરેલો. આશ્રમનો ઇતિહાસ લગભગ લખાઇ રહ્યો તે પણ હમણાં મુલતવી છે.

જ્યોશીઓના વર્તારા સાચાજ પડે તો તો મારો બાળો બધો ચુંથાઇ જાય, પણ ગ્રહો તેમને વખતોવખત ઠગો દે છે, તેથી મોતના સમયનો વિચાર કર્યા વિના આપણે આગળ ચાલ્યા જઇએ છીએ તેમ જ્યોશીઓના વર્તારાને ગણકાર્યા વિના હું ચાલી રહ્યો છું* અમે ત્રણેય ચાલી રહ્યા છીએ. આરોગ્યનું પુસ્તક હજુ કોઇએ મને મોકલ્યું નથી. એ મળી જાય તો એ તો પહેલી તકે તપાસી જોઉં. એમાં સુધારાવધારા થવાની પૂરી આવશ્યકતા છે જ. કાંતવાના પ્રયોગો સરસ ચાલી રહ્યા છે. મહાદેવ ૮૦ આંક કાંતે છે, સરદાર ૪૦ આંકને પહોંચ્યા છે, હજુ આગળ જશે. આ બે પ્રયોગો ગાંડીવપર. હું મગન રેંટીયો (પગનો) ચલાવું છું. તેની ઉપર ૩૦ આંક નીકળે છે. ૪૦ લગી પહોંચવાની આશા છે. સરદારનો સંસ્કૃત અભ્યાસ સરતના ઘોડાની ગતિએ ચાલી રહ્યો છે. સાતવળેકરની પાઠમાળાનો ૬ ઠ્ઠો ભાગ ચાલી રહ્યો છે. તે ઉપરાંત ગીતાના પાંચ શ્લોક કરે છે. બૂજ વખત આપે છે. કાનડી શીખી રહ્યા છો એ તો બહુજ સારૂં. લિપિ એકજ હોય તો ઘણોજ સમય બચે એ તો છે જ. પણ એ તો રામરાજમાં જોઇશું પણ મારો એવો અનુભવ છે ખરો કે ૨–૩ લિપિનો મહાવરો પડયા પછી બીજી વધારે લિપિઓ ત્રાસ દેતી નથી; કેમકે તેમાં સાંકળ નીકળી પડે છે. ગીતામંથનનાં મળ્યાં છે તેટલાં પ્રૂફ વાંચી ગયો છું. ભાષા સારી લાગી. મૂળના આધારે નવી ગીતા ઉભી કર્યા જેવી છે. તેમાં સુધારાવધારા કરવાની લાલચમાં નથી પડયો, કેમકે તેમ કરવું મને અયોગ્ય લાગ્યું છે. કિશોરલાલે વિચારપૂર્વક જે ગુંથણી કરી છે એ જોવીને એવી રહેવા દેવી ઠીક જણાયું છે. મારી ડાબી કોણી છે તેમજ છે. કાંઇ દુઃખ દેતી નથી. ત્રણેય મજા કરીએ છીએ.

બાપુના આશીર્વાદ.

* આ પત્રના ઉલ્લેખો વિષે શ્રી કિશોરલાલભાઇનો ખુલાસો– ડાબી કોણી વિષે હું જાણતો નથી. જોશીનો ઉલ્લેખ મેં નીચે પ્રમાણે લખેલું તેના ઉત્તરમાં છે– "અમારા જોશીઓ આપના છુટકારાની બાબતમાં કદિ નિરાશામાં પડતા નથી. એમની આશા સફળ થાય તો ગાં. વિ. દો. આગળ ઉપર તપાસવાનો આપનો વિચાર મારી આશા નિષ્ફળ કરે એવી ધાસ્તી છે." કિ. ઘ. મ.

આપણી ધર્મકથાઓ

ધાર્મિક સાહિત્યનાં લક્ષ્યબિંદુ બે હોઇ શકે. સ્વર્ગમનો પ્રચાર અને માનવીને ઉત્કૃષ્ટ જીવન જીવવાની પ્રેરણા. આજે પ્રચારાય છે તે મધ્યયુગી જૈન સાહિત્યમાં આ બેમાનું એક પણ લક્ષ્યબિંદુ જળવાતું નથી અને તેથી એ પુરાણું સાહિત્ય નિર્જન પગદંડી જેવું લગભગ નિરૂપયોગી બન્યું છે.

માનવ સમાજના કલ્યાણની જ્યોત લઇ, જૈન ધર્મ પ્રસર્યો અને વિકસતી વેળા એના કેટલાક આચાર્યોને ઇતર ધર્મોની હરીફાઇ નડી. એ હરીફાઇના કાળમાં સત્ય વિસરાયું અને જૈન કેન પ્રકારે પોતાના ધર્મને ઉંચો તેમજ પુરાણો બતાવવાની, અને ઇતર ધર્મોની નબળાઇઓને બહુ જ મોટી કરી બતાવવાની સ્પર્ધા લગભગ દરેક ધર્મના ધુરંધરોએ શરૂ કરી. આ વેળાના તમામ ધર્મોના સાહિત્યમાં લગભગ પ્રાથમિક અવસ્થામાં રહેતા અસંસ્કારો પણ પ્રવેશ્યા. એણે સ્થિતિચુસ્તતા અને ધર્માંધતા પ્રસરાવી. પોતાનાં કર્મકાંડનું બહુ મૂલ્ય આંકી બીજાની માન્યતાઓ પ્રત્યે અધમ તિરસ્કાર સેવ્યો. પોતાનાં ટોળામાં નહિ તેને નાસ્તિક અને ધર્મના દુશ્મન માન્યા. પરિણામે મૂળ ભાવના અને સનાતન સત્યો કેવળ ક્રિયાકાંડમાં જ મહત્વ પામી રહ્યા.

બુદ્ધિને કે તર્કને એ વેળા સ્થાન રહ્યું નહિ. જવલ્લેજ અસામાન્યોએ પોતપોતાની રીતે આ કર્મકાંડોમાંથી સત્ય તારવીને આત્મ કલ્યાણ સાધ્યું છતાં લોકપ્રવાહ તો પોતાનો કિલ્લો રચી, બુદ્ધિ અને તર્કથી પર એવી શ્રદ્ધાધારે વહ્યા કર્યો.

આ સંજોગોમાં સાહિત્યનું કાર્ય શ્રદ્ધા ટકાવવાનું જ રહ્યું. કેવળ શ્રદ્ધા ટકાવી રાખવા જ પ્રગટતું સાહિત્ય 'બાળ સાહિત્ય'થી વધુ વિકસ્યું નહિ. અને 'બાળ સાહિત્ય'માં ઘડી ઘડી આવતી પરીઓ અને પાંખાળા ઘોડાઓની માફક આપણી અસંખ્ય જૈન કથાઓમાં અગણિત, બુધ્ધિથી અસ્પર્શ્ય એવા ચમત્કારો ભર્યા પડ્યા છે.

પૂર્વજોની ભાવિકતા અને આપણું જ સારું છે એવી શ્રદ્ધા આપણામાં હવે રહી નથી. આપણા કોટ કિલ્લાઓ પુરાણાં નગર કિલ્લાઓની જ્યમ તુટી પડ્યા છે. આપણા કુંડાળામાંથી બહાર આપણે હવે જવા માંડ્યું છે એટલે બાળ માનસને પ્રિય એવી ચમત્કારી વાતો આપણામાં અસર કરતી નથી એટલું જ નહિ પણ બુધ્ધને વેળા કવેળા એમાં અસત્ય ભાસે છે અને એવાં અસત્ય ધાર્મિક ભાવનાને આઘાત પહોંચાડે છે.

ધર્માંધતાના ઝેરની અસરથી આપણે મુકત થતા જઇએ છીએ અને આપણા ધર્મ સિવાયના ધર્મમાં રસ ધરાવતા માનવોને નાસ્તિક નહિ કહેવાની વિવેક બુધ્ધિ કેળવાતી જાય છે એટલુંજ નહિ પણ સર્વધર્મ સમભાવની ભાવના પ્રસરતી જાય છે. એટલે ઇતર ધર્મો પ્રત્યે મધ્ય યુગમાં કાંઈ સ્પર્ધાને કારણે કહેવાયું હોય તો પણ એનો પુનરોચ્ચાર હવે અનાવશ્યક છે. આપણા વિવેકી સાધુઓ એવી વાતો ટાળીને એ પુરાણો વાંચે, વિચારે અને ઉપદેશે એવી આશા છેક જ વ્યાજબી મનાશે.

અંધશ્રદ્ધાના ટકાવ જેટલુંજ જેને કામ કરવાનું હતું એ કથાઓ કેવળ બાળવાર્તાઓથી વધુ વિકસી નહિ એમ હું અગાઉ કહી ગયો. બાળકોની બુધ્ધિ વિકસેલી નહિ એટલે તમે એમની આગળ ઘડી ઘડી ઉડતી પરીઓ, ડુંગર જેવડા હાથીઓ, આપણી માફક વાતો કરતા પંખીઓ અને પશુઓ, ઉડતા ઘોડા અને સિંહો એવું કહો તો એમનાં મનરંજન થશે. એવી સરસ વાર્તાના કર્તા પર મુગ્ધ બની એ તમારી પાછળ પાછળ આવશે.

એજ બાળકને વિકસ્યા પછી. એવી વાતો આકર્ષશે નહિ અને એવી વાતો પુનઃ તમે કરવાનું જરીજ રાખો તો એ તમને કાં તો જુઠ્ઠા અને કાં તો પાગલ ગણશે. કોઇ અસર નિપજાવવાના બદલે તમારું માન ઘટાડવાનાં એ કારણો પૂરાં પાડશે.

જીવનની શરૂઆતની શ્રદ્ધાપૂર્વક અને સાધુઓ સાચુંજ કહે છે એ આસ્થાપૂર્વક માનેલી ધર્મકથાઓ, પ્રાથમિકાવસ્થા વટાવ્યા પછી વધતી જતી બુધ્ધિની કસોટીએ નીરસ અને નિઃસત્વ લાગે છે. એજ વાતોનો પુનરોચ્ચાર ધાર્મિક પ્રત્યાઘાત પ્રેરે છે.

પદ્મસેન રાજા, પદ્માવતી રાણી, પદ્મનાભકુંવર અને પદ્મપુરી નગરી આવા સમપ્રાસિક વિશેષ નામોથી શરૂ થતી કથાઓ અને હજારો રચ્યો અને દશ લાખ ઘોડાઓના ચમત્કારો, આકાશના અભિષેકો અને નવરા ધંધનું ઘડી ઘડી આથડવું આવી કલ્પનાઓ અને કથાઓને સત્ય માનતાં નરનાર આજે પણ હશે પણ એમની સંખ્યા બહુ નથી. બાકી રહ્યા તે મોટા સમુદાયને ધર્મ બોધવોજ હશે તો આવી કથાઓ ઉપયોગી નિવડશે નહિ.

હું આજના વિસમી સદીના ગજથી જૂના સાહિત્યને માપીને એનો ઉપાલંભ કરવા માંગતો નથી. તેમજ એ વેળાની કલ્પનાઓ, એ વેળાની સ્થિતિ-સંજોગો પર રચાયલી વાતો આજે પણ આપણી પ્રેરક અને માર્ગદર્શક બની શકે એમ છે એવું માનનારાઓને આજના આપણા વિકાસનો ઉપાલંભ કરવા દેવા માંગતો નથી.

સાહિત્ય એના યુગનું, યુગના સંસ્કારોનું પ્રતીક મનાયું છે. વિકસતા જતા જીવનનો મેળ સ્થિતિ સ્થાપક સાહિત્ય સાથે કેમ કરીને થઇ શકે તે મને સમજાતું નથી. માનવીના વિકાસની સાથોસાથ એના સાહિત્યે, અને હેમાંયે જીવન પરત્વે સતત જાગૃતિ શિખવતા ધાર્મિક સાહિત્યે તો વિકસવુંજ જોઇએ. એમ ન થાય તો આજે બની રહ્યું છે તેમ એ સ્થિર સાહિત્યથી વિકસેલાં માનવોના જીવનની પકડ નિર્બળ બન્યા પછી એ સાહિત્ય જે ધર્મનું પ્રચારક હશે તે ધર્મના સંસ્કાર અવશેષો દિન પ્રતિ દિન ઓછા થતા જશે.

જૈનો એમના ધર્મ પ્રચાર અંગે ઘણો ભોગ આપે છે. સાધુ અને સાધ્વીઓનાં આ બધાં ટોળાં જૈન સંસ્કારના પ્રચાર અર્થે છે. કેટલીયે જૈન સંસ્થાઓ પણ આ જ કાર્ય કરી રહી છે, એ સૌએ આ દૃષ્ટિથી આપણું સાહિત્ય આજની જરૂરીયાતો પૂરી પાડવા, આજના વિકાસને ઉત્તેજવા, આત્મ કલ્યાણના માર્ગે દોરવા કેટલું સમૃધ્ધ છે એ વિચારી લેવાનું છે.

આજ પહેલાં કેટલાકોએ પુરાણી કથાઓનાં જીવજંતુ ખંખેરી એને નવી ભાષા શૈલી આપી, એવાં પુસ્તકોને નવાં રૂપ રંગ આપી આપણને આપ્યાં છે. પણ કેવળ ભાષા શૈલી બદલવાથી તો એ વાર્તાઓ માત્ર વાંચવા લાયક બને છે એટલું જ. મધ્યયુગી કલ્પનાઓ સંસ્કાર રોપણની અગત્યની અસર ઉત્પન્ન કરવામાં ક્વચિતજ સફળ બને છે.

એટલે હું તો માનું છું કે નવીજ કથાઓ, આજની ભાષામાં, આજના અશ્રધ્ધાળુ માનવીને જૈન સંસ્કાર અને ધર્મમાં રસ લેતા કરવા રચાવી જોઇએ. હજારો સાધુ સાધ્વીઓ કેવળ જૈન સંસ્કારના પ્રચારાર્થે પોષાતા હોય, દર પ્રભાતે જૈન સંસ્કાર પ્રચારની હજારો સભાઓ (વ્યાખ્યાનો) છતાં આપણા કથા સાહિત્યની આ પ્રાથમિક અવસ્થા જૈનોને શોભારૂપ નથી. **તારાચંદ.**

સચ્ચસ્સ આણાએ ઉવટ્ઠિએ મેહાવી મારં તરતિ ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

ફેબ્રુઆરી, ૨૯ ૧૯૪૦

રાષ્ટ્રનિયોજન અને સ્ત્રી વર્ગના પ્રશ્નો

(શ્રી મૃદુલા બહેનને આજે કોણ નથી ઓળખતું? તાજેતરમાં મુંબઇ ઇલાકાના સ્ત્રી સમુદાયની પરિષદ મળેલી જે વખતે 'રાષ્ટ્ર નિયોજનમાં સ્ત્રીઓનો હીરસો' એ વિષય ઉપર શ્રી મૃદુલા બહેને એક મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપેલું. આ વ્યાખ્યાનના પ્રારંભમાં પંડિત જવાહિરલાલના પ્રમુખપણા નીચે રાષ્ટ્ર નિયોજન સમિતિનો શી રીતે અને કયા કયા હેતુથી ઉદ્ભવ થયો અને તે સમિતિએ 'રાષ્ટ્ર નિયોજનમાં સ્ત્રીઓ શું હીરસો આપી શકે' એ બાબતનો અહેવાલ તૈયાર કરવા માટે બહેનોની એક ખાસ પેટા સમિતિ ઉભી કરી છે તેણે આજ સુધીમાં શું કાર્ય કર્યું છે તેને લગતી કેટલીક વિગતો આપી છે. આ બહેનોની પેટા સમિતિના પ્રમુખ રાણી લક્ષ્મીબાઇ રાજવડે છે અને મંત્રી શ્રી મૃદુલા બહેન છે. આ પેટા સમિતિએ સ્ત્રીઓની આધુનિક પરિસ્થિતિને અંગે જરૂરી માહિતી મેળવવા માટે એક પ્રશ્નાવલી કાઢી છે અને તે પ્રશ્નાવલીના સંખ્યાબંધ ઉત્તરો મેળવ્યા છે. આ ઉત્તરોની તારવણી કરીને તે ઉપરથી એક અહેવાલ તૈયાર થઇ રહ્યો છે. શ્રી મૃદુલાબહેનનું આખું વ્યાખ્યાન સ્થળ સંકોચને લીધે અમો આપી શકતા નથી. પણ ઉપર જણાવેલ અહેવાલ સંબંધમાં આગળ વિવેચન કરતાં શ્રી. મૃદુલા બહેન જે કાંઇ જણાવે છે તે ખાસ ઉપયોગી હોવાથી અહિં નીચે રજુ કરવામાં આવે છે. તંત્રી.)

ભવિષ્ય માટે સૂચના

આ કમિટિ પોતાનો અહેવાલ રજુ કરે ત્યાર પછી ભલે એનું અસ્તિત્વ ન રહે; પણ આ કામમાં જેમણે સાથ આપ્યો છે તેવા માણસો સૌ ફરજ મુકત નથી થતા. આપણી સમક્ષ બહુ વિકટ અને સંયુકત કામની જેમાં જરૂર છે એવી પ્રવૃત્તિ ઉભી થાય છે. કમિટિ અહેવાલ કરશે તેથી બધું મળી જશે. એ માનવું ભૂલ ભરેલું છે. કમિટિની ભલામણો અને કાર્યોની સાચી સફળતાને આપણે ઇચ્છતા હોઇએ તો આપણે નીચેના કાર્યો માટે તૈયારી કરવી પડશે.

પ્રચાર

: ૧ : કમિટિનો જે અહેવાલ આવે તેની જે ભલામણો હોય તેનો પૂરો પ્રચાર પ્રજામાં કરી પ્રજાનો ટેકો મેળવવા જરૂરી બધા ઉપાયો લેવા.

ભાવીકાર્ય

: ૨ : કમિટિનો અહેવાલ તો ઉપર જણાવ્યું તેમ સ્ત્રીના પ્રશ્નને તો માત્ર સ્પર્શે જ છે. એ પ્રશ્નોને ઉપાડી લઇ એનું સંશોધન આલુ રાખી યોજનાઓ તૈયાર કરવા તરફ જાગ્રત થવાની જરૂર છે.

સ્ત્રી સંગઠન

: ૩ : કાયદાના અને સમાજના અન્યાયો સામે વિરોધના ફરાવો માત્રથી આપણો પ્રશ્ન નહિ ઉકેલાય. પરિષદોમાં સ્ત્રી સ્વાતંત્ર્યની હાકલો કર્યેથી, કાયદાના સુધારાઓની માંગણી માત્ર કરવાથી પણ આપણો હેતુ સિદ્ધ કરી નહિ શકાએ. આઝાદીની આપણી જે મહત્વાકાંક્ષા છે તેને મૂર્ત સ્વરૂપ આપવા માટે આપણે સ્ત્રીઓનું સાચું, જાગ્રત અને સક્રિય સંગઠન કરવું જોઇએ. આ સંગઠન ઉપર જણાવ્યું તેમ સ્ત્રી સંચાલિત હીલચાલ Feminist Movement ની દ્રષ્ટિએ નહિ, પણ મનુષ્ય તરીકેના હકકનો પુરો લાભ લેવા માટે સ્ત્રીઓની શકિત કેળવવાની દ્રષ્ટિએ હોવું જોઇએ. આને માટે કાર્યકર્તાઓની જરૂર છે. ચોકકસ ધ્યેયથી સ્ત્રીસંસ્થાઓ ચાલવી જોઇએ. આજની મોટા ભાગની સ્ત્રી સંસ્થાઓના ધ્યેય ગમે તેટલા ઉચ્ચ હોય તેમ છતાં તેઓ માત્ર સ્ત્રીઓની રાહતસંસ્થા બની ગઇ છે. સંસ્થાઓએ સમાજઘડતરમાં ફાળો આપવાનો છે અને તે માટે પ્રયત્ન કરવાનો છે. આ દ્રષ્ટિબિંદુ આપણે ભાગ્યેજ જોઇએ છીએ. સ્ત્રીઓની કેળવણી અને તાલીમ હમણાં સુધી બહુ બેદરકારીથી ચાલી રહી છે. પુરૂષોની જરૂરીઆત પ્રમાણે સ્ત્રીની કેળવણીનો વિકાસ થયો છે. મનુષ્ય તરીકેની દુનિયાની જવાબદારી ઉઠાવવા માટે બહુ થોડી સ્ત્રીઓને તાલીમ અપાય છે અને બહુ થોડી સંસ્થાઓ એમ તાલીમ આપનારી પણ છે. સ્વતંત્રતાની વાતો કરવા છતાં કન્યાઓને ગોંધી રાખવામાંજ આવે છે અને તેમને અમુક હદ સુધીજ સ્વતંત્રતા હોવી જોઇએ એવી માન્યતા કેળવાયેલાંઓમાં પણ આજે સારી પેઠે પ્રચલિત છે. આ બધાનું કારણ ચોકકસ ધ્યેય અને નિયોજન વગર પ્રવૃત્તિ ચાલે છે એજ છે. હિંદુસ્તાનમાં ઓછું ભણેલી અને નિરક્ષર સ્ત્રીશકિત વેડફાઇ રહી છે તેને વિવિધ ક્ષેત્રમાં કાર્યકર્તા તરીકે તાલીમ આપવા માટે પાંચ દશ વર્ષનો ખાસ કાર્યક્રમ કે યોજના ઘડવામાં આવે અને એના પર સ્ત્રી સંસ્થાઓ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે તો આપણી પ્રવૃત્તિઓ માટે આપણી પાસે પુરા કર્યાકર્તાઓ મળી રહે એમ છે.

આ બધા પ્રશ્નો આપણું ખાસ ધ્યાન માંગે છે.

સ્ત્રી પ્રશ્નો વિષે નવી દ્રષ્ટિ

: ૪ : આપણે શહેરી અને કેળવાયેલી સ્ત્રીઓ ઘણીયે વાર ભલી લાગણીથી બેહુદ કારીગર અને મજુર વર્ગની શ્રમજીવી સ્ત્રીઓની દયા ખાઇએ છીએ. આવી રીતે શ્રમજીવન જીવતી સ્ત્રીઓ માટે કામનું સારૂં વાતાવરણ આપવા માટે Maternity Benefit Act. કેટલાક ધંધાઓમાં તંદુરસ્તીની દ્રષ્ટિએ સ્ત્રીઓને લેવા ઉપર બંધી વગેરે ચોકકસ નીચે સુધારા માગીએ છીએ. પરંતુ ઘણીએ વાર આવી માગણીઓમાં સફળતા મળ્યા પછી એના વિપરીત પરિણામો જોવાં પડે છે. એવી સફળતાથી સ્ત્રી જનતાની સેવા કર્યાનો સંતોષ આપણે અનુભવીએ છીએ; પણ આવા પરિણામોની કલ્પના વિના ઉપાડેલી અધુરી ચળવળના પરિણામો તરફ તમારૂં ધ્યાન ખેચું તો તમે બોટું નહિ લગાડતા. કોઇ જાતની બાંહેધરીઓ વિના આવા કહેવાતા હકો અપાવવાથી આ શ્રમજીવી સ્ત્રીઓની બેકારી આપણે નોતરીએ છીએ. સંસ્કારી કહેવાતા આપણે આપણા ધોરણે જનતાની તુલના કરીને આપણા માટે જે આકરા પ્રશ્નો છે તે તેઓમાં દાખલ કરવા માંડયા છે. આપણી આર્થિક પરાધીનતામાં આપણે સુખ માનીને જે મનોવૃત્તિનો ભોગ બન્યા છીએ તે મનોવૃત્તિથીજ આપણે આર્થિક રીતે સ્વતંત્ર થવાની જેનામાં શકિત છે તેવી કમાતી સ્ત્રીઓને તોલી રહ્યા છીએ. એટલે સ્ત્રી માટે રાહતો માંગતા પહેલાં એ પગલાં તેને સમૂળગી બેકાર ન કરી મૂકે તે જોવું જોઇએ. બેકાર પરિસ્થિતિ કાયદાથી રોકીને તેને આ લાભ અપાવવો જોઇએ. હાનિકારક ધંધામાંથી તેને અટકાવવાની સાથે તેની આર્થિક સ્વાધીનતા ટકાવવા માટે બીજા ધંધામાં તેને રોકવાની જોગવાઇ રાજ્યે કરવી જોઇએ. એટલે આવા ઉંડા અને મુળગામી નિર્ણયો ઝુલે એવા કોયડાઓ છોડવાની મનોવૃત્તિથી નહિ પણ અનુભવથી સર્વગ્રાહી નજર કેળવીને લેવા જોઇએ. નહિતર જે વિકટ પ્રશ્નો આજે મધ્યમ અને ઉચ્ચ વર્ગના સ્ત્રી સમુદાયને મુંઝવી રહ્યા છે તેને આમ જનતામાં પણ પ્રસારી દઇશું.

સમાન ધોરણ-ચેતવણી.

: ૫ : સ્ત્રીઓને સરખા કામ માટે સરખી મજુરી મળવી જોઇએ, એ માંગણીના વિપરીત પરિણામ ન આવે, સ્ત્રીઓ બેકાર ન બને તે માટે કેવી જાતની સાવચેતી સૂચવવી જોઇએ એનો વિચાર પણ કરવાનો રહે છે. સ્ત્રીઓ કમાશે તો પુરૂષો બેકાર થશે એ દલીલ કેટલી અસ્થાને અને વાહીયાત છે તે પુરવાર કરવાનું અને પ્રજામતને કેળવવાનું કામ સ્ત્રી સંસ્થાઓનું છે.

આર્થિક સ્વાવલંબન.

: ૬ : સ્ત્રીઓના સ્વાતંત્ર્યનો આધાર તેની આર્થિક

સ્વાવલંબનની શક્તિ ઉપર છે એમ આપણે એકમતે કહીએ છીએ, પણ તેને અમલમાં મૂકવા માટે આપણે શું કરીએ છીએ? ખાદી પહેરો, વાપરો એમ કોઇ કહે કે તરતજ તેમાં તમને રાજકારણનો આભાસ થાય છે, રાજકારણ કે સમાજ પ્રશ્નોને અલગ પાડી જ ન શકાય પણ હાલ તે વાદવિવાદનો પ્રશ્ન બન્યો છે, તેમાં ઉંડા ઉતરવાની હાલ જરૂર નથી. દેશની આબાદીનો અથવા તો બેકારીના પ્રશ્નનો ઉકેલ દેશના હુન્નર વિકાસમાં અને જેના પાયામાં લોકહિત (Good of the Community) નો સિધ્ધાન્ત છે તેવી સમાજરચનામાં રહેલો છે. ઔદ્યોગિક પ્લાનીંગનો અર્થજ એ છે કે:—"પ્રજાનું જીવન ધોરણ ઉંચુ થાય, એને ઓછામાં ઓછી અમુક સુખ સગવડો અને સારી રીતે જીવનનાં સાધનો મળે. આ એકલા પૈસાના અર્થમાં નથી. પૈસો એ તો આવી સગવડો અને વસ્તુઓ મેળવવાનું સાધન માત્ર જ છે. રાષ્ટ્રિય આવક આગામી દસેક વર્ષમાં આપણે ખૂબ વધારવી જોઇએ જેથી દરેકને પુરતું મળી રહે."

સ્વતંત્ર દેશમાં દેશના હુન્નરોને વિકસાવવા માટે કાયદાઓ અને જકાત મારફતે સંરક્ષણ મળે છે. આર્થિક સ્થિતિ સુધારવા માટે લેબર કોન્સ્ક્રીપ્શન કરવાની શક્તિ પણ ત્યાં પડી છે. ત્યાં રાષ્ટ્રહિતના ભોગે વ્યક્તિની વિચિત્રતાઓને પંપાળવાની વાત હોતી જ નથી, જ્યારે હિંદમાં બ્રીટનની વેપાર નીતિનો ભોગ થયેલી ગુલામ-પાયમાલ બનેલી આપણી રાષ્ટ્રભૂમિના પ્રશ્નો ઉકેલવા માટે પ્રજાએ સ્વેચ્છાએ વ્હોરી લીધેલા નિયમન અને શિસ્તની જરૂર છે. પ્રજાના મનોબળે આપણે આપણી ગુલામી ફગાવી દેવાની છે. લાલચોમાંથી મુક્ત થવું એ વ્યક્તિના પોતાના હાથમાં છે. કોન્સ્ક્રીપ્શન થાય તો આપણે તેને વશ થઇએ; નહિતર પ્રજાજન તરીકેની ફરજ બજાવવા માટેની મનોવૃત્તિ આપણી ન થાય એ આપણી કેળવણીને લજવે એવી વાત છે. આર્થિક સ્વાવલંબનને માટે સ્ત્રીઓ બીજાની સહાનુભૂતિ માગે છે. સમાજના જુદા જુદા કાર્યોમાં સ્ત્રીઓ ભાગ લઈ શકે તે માટે ઉત્તેજનાર્થે સગવડ માગે છે. સ્ત્રીસંસ્થાઓ સ્ત્રીસંગઠનની પ્રવૃત્તિ તરીકે હુન્નર વિભાગ ચલાવે છે અને સ્ત્રી સભ્યોએ બનાવેલી વસ્તુઓ માટે ખાસ આશ્રય (patronage) પ્રજા પાસેથી માંગે છે. તેના બદલામાં તેઓ પ્રજાના વિશાળ પ્રશ્નોમાં શો સાથ આપે છે? આમ સ્ત્રીઓ, હિંદના કારીગરો, ખેડુત વર્ગ પણ પોતાના નિર્વાહને માટે તેમના હુન્નરોના ઉત્પન્ન માટે તમારો આશ્રય (patronage) માંગે છે. કેળવણીથી જેને સારાસારનું ભાન થયું છે તેવા સૌને ખાદી અને સ્વદેશીના મંત્ર મારફતે કોકી કોકી તેઓ કહે છે કે: 'તમારા ભોજશોખમાં તમારી ફેશનોમાં તમે પરદેશી વસ્તુઓની ખરીદી મારફતે પરદેશીના હાથમાં નાણાં ન વેડફી દો. તમારી આ ઉદાસીનતા અમારા હુન્નરોને, અમારી કળાને પાયમાલ બનાવે છે, અમને બેકાર બનાવે છે, દરિદ્રતાનાં બધાં અનિષ્ટોના ભોગ બનાવે છે. અમારૂં આર્થિક સ્વાવલંબન કુંટવી લઇ તમે આર્થિક સ્વાવલંબન શી રીતે પ્રાપ્ત કરશો?' આનો ઉત્તર આપણે આપવાનો છે. ઠરાવો કરીને નહિ પણ તેનો સમજણ પૂર્વક અમલ કરીને. કારણ એટલું યાદ રાખજો કે આપણાજ સૌના જીવન ટકાવવા માટેનાં સાધનો પેદા કરવામાં હજારોની સંખ્યામાં માણસોને રાત દિવસ મહેનત ઉઠાવી છે, મજુરી કરી છે, એનો બદલો ચીજોની કિંમત આપીને નથી પૂરો આપાતો, નાણાનું મૂલ્ય આખા સમુદાયના કામના પ્રમાણમાં કાંઇ જ નથી. આપણી પાસે દેશ અને સમાજ ફરજોની આશા રાખે છે, તે પૂરી પાડવા કયારે તૈયાર થશો?

કાયદાઓમાં સુધારા માટે મોરચા

:૭: કાયદાના સુધારા કર્યાંએ નિડર સામનો કર્યા વગર કોઇ મેળવી નથી શકયું. તેમાં વિનંતિપત્રો, ઠરાવો કામમાં નથી આવતા. કાયદેસર સમાન હકો પ્રાપ્ત કરવામાં ગેરહાજરી કાયદાઓની અવગણના કરનાર સ્ત્રીસંસ્થાઓ નહી હોય અને સ્ત્રી સમુદાય નહિ હોય ત્યાં સુધી સફળતા મળવી શકય નથી. યુરોપમાં સ્ત્રીઓએ ઘણું સહન કર્યું હિંદમાં એવું સહન કરવાની જરૂર સ્ત્રાઓને હજી તો નથી પડી. પૂ. ગાંધીજીને કારણે અને રાષ્ટ્રિય મહાસભાને લીધે સ્ત્રીઓને અનેક સમાન હકકો મળતા થયા છે. પણ વધુ મેળવવા માટે સ્ત્રીઓએ જાતેજ પોતાના હક સ્થાપિત કરવા પડશે. કાયદાની રાહ જોયા વગર પોતાના ઘરથી પણ શરૂઆત કરવી પડશે. જો માતા થયેલી સ્ત્રી ધારે તો આજે પોતાની પુત્રીઓને મીલ્કતમાં ભાગીદાર બનાવી શકે પણ તેને માટે માતા થયેલી સ્ત્રીને કદાચ થોડી હેરાનગતી ભોગવવી પડે. સુપ્રખ્યાત થયેલી સ્ત્રીહઠથી સ્ત્રીઓ અનેક નિરર્થક વસ્તુઓ મેળવે છે, તો શું પુત્રીને મીલ્કતની અધિકારી ન બનાવી શકે? ઘરકામ, બાળકનો જન્મ એ સ્ત્રીને પરાધીન બનાવનાર નહિ, શરમની, નાલાયકની બાબત નહી, પણ રાષ્ટ્ર અને સમાજના એક કાર્ય તરીકે લેખાય અને તેને માટે સગવડ આપવી એ દેશની, સરકારની અને સમાજની મહેરબાની નહિ પણ ફરજ ગણાય, અને તે ફરજ સ્ત્રીઓ ઉપર કોઇ પણ મુસીબત ઉતાર્યા સિવાય તેઓ બજાવે એવું વાતાવરણ પેદા કરવું એ સ્ત્રીઓનાજ હાથમાં છે.

વર્ધા યોજના.

વર્ધા યોજના સામે સ્ત્રીના સમાન હકમાં માનનારી કેટલીક "જવાબદાર" સ્ત્રી સંસ્થાઓએ વાંધો-ઉઠાવ્યો છે. એ યોજના જાતીય ભેદભાવ વગર સ્વાવલંબી નાગરિક તરીકે પ્રજાને તાલીમ આપવા માટે છે. દશ વર્ષ સુધીની ઉમરનાં બાળકો માટે તે યોજના અત્યારે તો અમલમાં આવી છે. આના અભ્યાસક્રમમાં કન્યાઓને ખાસ સગવડ નથી એવી ફરીયાદને આધારે વિચિત્ર વિરોધના સૂર ઉઠયા છે! કન્યાનો જન્મ, તેની સાથેનો વર્તાવ, તેની કેળવણી, એ બધું દુનિયાના પ્રશ્નોનો સામનો કરવા માટે નહીં પણ સ્ત્રીના જાતીય કાર્યો પાર પાડવાની દ્રષ્ટિએ જ જે હોય તો સ્ત્રીઓને સમાન સ્થાન અને હક પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા સફળ શી રીતે થશે? વર્ધા યોજના અસ્તિત્વમાં લાવી પૂ. ગાંધીજીએ ભવિષ્યની સ્ત્રીને સમાજમાં એક આબાદ સ્થાન પ્રાપ્ત કરવાની જે તક આપી છે તે તકને આભાર સાથે અપનાવી લેવી જોઇએ, નહિ કે તેનો વિરોધ કરવો જોઇએ.

વિધવાઓ-ત્યકતાઓ-વેશ્યાઓના પ્રશ્નો.

:૮:—ત્યકતા અને વિધવાઓનો સવાલ, વેશ્યાનો સવાલ, કહેવાતા ગેરકાયદેસર બાળકનો પ્રશ્ન એ માત્ર અંકુશરૂપી કાયદાઓથીજ નહિ ઉકેલી શકાય. આવા પ્રશ્નોના મૂળ કારણોમાં ઉતરવાની સમજવાની હિંમતભેર તૈયારી હોવી જોઇએ. પૂર્વ ગ્રંથીઓમાંથી મુક્ત બની પોતાના અંગત સ્વાર્થોનો પ્રશ્ન કોરે મુકી વિવિધવાદો (isms) નો ડર રાખ્યા વગર આ અનિષ્ટોના સાચા ઉપાયો વિચારવા જ જોઇએ અને સાચી દિશામાં શરૂઆત કરવી જ જોઇએ.

ભીખારીઓનો પ્રશ્ન:

ભીખારી પ્રશ્ન પણ સ્ત્રીસંસ્થાઓએ ઉપાડયો છે. એ સ્થિતિ સંપૂર્ણ તાબુદ થવી ઘટે, પણ ઉપાય શો? કાયદાનો પ્રતિબંધ? ભિખારીને માટે આશ્રયસ્થાનો? કે એવી હાલત શાથી પેદા થાય છે તેના મૂળમાં ઉતરવાની જરૂર? અને એ રીતે વિચારીને તે હાલતને દુર કરવા માટે યોગ્ય પ્રયત્નો હાથમાં ધરવાની જરૂર? જરા સુખી કુટુંબમાંથી આવતા આપણો જ વિચાર કરીએ. આપણે ઘર છોડવું પડે, આપણા સંજોગો એવા બને કે આપણે નિરાધાર બનીએ, તો આપણામાંથી કેટલા એમ કહી શકીએ એમ છીએ કે આપણે નોકરી હુન્નર કરી નિર્વાહ કરીશું? તે કરવાની ઇચ્છા છતાં આપણામાંથી કેટલાને એ મળશે? કેટલાની શકિત છે? ત્યારે આપણે શું કરીશું? આપણે પણ ભિખારીની હાલતમાં નહિ જઇ પડીએ, તે સ્થિતિથી ટેવાઇ નહિ જઇએ તેની શી ખાત્રી? આ બધા પ્રશ્નોના મૂળમાં જતાં

આપણી સખાવતોનો વિચિત્ર રાહ.

જૈન સમાજમાં અનેક શ્રીમંતો પોતાના પૈસા સમાજના અનેક ધાર્મિક ખાતાઓમાં ધર્મ સમજી આપે છે અને એ સખાવતથી લાખો રૂપીઆ એકઠા થઇ એકજ જગાએ પડી રહે છે, જેનો સમાજને કાંઇપણ લાભ મળતો નથી. એકઠી થયેલી એ લાખો રૂપીઆની મુડીમાંથી ભગવાનના નામની શરાફી પેઢીઓ ચલાવી એ રકમોમાં ઉમેરો કરવાનાં સાધનો હાથ ધરવામાં આવે છે. સખાવત કરનારે જે ભાવનાથી એ પૈસા આપ્યા હોય તેની ભાવના સફળ થતી નથી. દાખલા તરીકે આપણા મંદિરોમાં લાખોની રકમ પડી છે; જેને આપણા ટ્રસ્ટીઓ દેવદ્રવ્ય ગણી સમાજના કામમાં વાપરવાનો વિરોધ કરે છે. પણ આપણા દેશમાં અનેક પવિત્ર તીર્થો કે જે હાલ હવાલ સ્થિતિમાં મુકાયાં છે તેનો જીર્ણોદ્ધાર કરાવવા પાછળ પણ વાપરતાં અચકાય છે. પાસે લાખોની રકમ હોવા છતાં તીર્થના જીર્ણોધ્ધાર માટે જ્યારે માંગણી કરવામાં આવે છે ત્યારે પાંચશો હજાર આપી પોતાનું કર્ત્તવ્ય પુરૂં થયું માને છે અને તીર્થોનો જીર્ણોધ્ધાર કરનાર વ્યક્તિઓને ફંડ માટે જુદી જુદી જગાએ આથડવું પડે છે. આજે કાઠીઆવાડના કેટલાક ભાગોમાં ભીષણ દુષ્કાળ પ્રવર્તી રહ્યો છે. આપણી જીવદયા મંડળી જે પશુધન સાચવવા માટે અનંતો પ્રયાસ કરે છે તેની પાસે

માલુમ પડે છે કે આજની આખી સમાજરચના વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધમાં માલીકીપણાની ભાવના ઉપર જ રચાઇ છે તે જ છે. માલીકી મેળવવા માટે ટકાવવા માટે બીજાનું શોષણ (exploitation) ચાલ્યા જ કરે છે. સમૃધ્ધિવાળા દેશો હોવા છતાં એક બાજુ ત્યાં બેકારી હોય છે, ભૂખમરો હોય છે. બીજી બાજુ પૂરી કિંમત નથી મળતી તે માટે અનાજ, શાકભાજીનો નાશ કરવામાં આવે છે. હિંદમાં પણ ક્યાં આવું નથી બનતું ? આ પરિસ્થિતિ ન બદલી શકીએ ત્યાં સુધી બેસી રહેવું એવો અર્થ કોઇ ન કરે. અત્યારે ચાલે છે તેમ જુદા જુદા પ્રશ્નોના ઉકેલ માટે ભલે પ્રયત્નો ચાલ્યા કરે, પણ જે પ્રયત્નો થાય તેનાથી કોઇને અન્યાય ન પહોંચે, તેની બેહાલ હાલત વધુ બેહાલ ન બને, તેની ચીવટ રખાવી જોઇએ; અને આભ ફાટયું હોય ત્યાં થીગડું મારી નથી શકાતું એવા ખ્યાલે નિષ્ક્રિય ન બનતાં આવા કાર્યોમાં ઉંડા ઉતરીને અને સાહસપૂર્વક પરિવર્તન લાવવાના પ્રયત્ન કરીને સફળતા મેળવવા લાગી જવું જોઇએ.

ગ્રામ્ય અને શહેરી સ્ત્રી સમુહમાં આજે ભારે જાગૃતિ છે, કાંઇક કરવાની, જાણવાની, વિકાસ પામવાની તેમની આકાંક્ષા છે. તેનો લાભ લઇ યોગ્ય ચીલે વાળવા અને ઉપરની ફરજો બજાવવા કોમી, રાજકીય અને આંતરિક મતાન્તરોને બાજુએ મૂકી આપણે સૌ અને અખિલ હિંદની સ્ત્રી સંસ્થાઓ એકત્ર થઇએ એ ખુબ જરૂરનું છે.

ઉપસંહાર—આજે યુરોપમાં અને દૂર પૂર્વના દેશોમાં યુધ્ધનો દાવાનળ સળગ્યો છે, દુનિયામાં મહાન પરિવર્તનો થઇ રહ્યાં છે હિંદનું ભાવી પણ સર્જાઇ રહ્યું છે. ભવિષ્ય કેવું હશે તે કહેવું મુશ્કેલ છે, પણ ભવિષ્યને ઘડવા માટે તેમજ આ પલટાતી દુનિયાની અંધાધુંધી શમી જાય ત્યારે રાષ્ટ્રઘડતરની જે જવાબદારીઓ આવી પડે તેમાં સ્ત્રીઓ પૂરો હિસ્સો લઇ શકે તેને માટે આજથી તૈયારી કરીએ, નહિતર સરમુખત્યારી રાજસત્તાવાળા દેશોમાં બન્યું છે તેમ આઝાદી માટે લડનારી સ્ત્રીઓને લડાઇ પુરી થયે ઘર બેસવાની ફરજ પાડવામાં આવે !!

મૃદુલાબહેન

લાખો રૂપીઆ છે, એમ છતાં દુષ્કાળ અને બીજા એવા પ્રસંગોએ જાહેર પ્રજા પાસે માંગણી કર્યા કરે છે. મેળવેલી રકમમાંથી બચેલી મુડી હોય છતાં એ મુડી કાયમ રાખી પ્રજા પાસે વધુ રકમની માંગણી કરતી જાહેરાતનો શું અર્થ છે એ સમજાતું નથી. પાસેની મુડી ખરચાવા પછી વધુની જરૂરીઆત પડે અને અપીલ કરીએ એ વાસ્તવિક છે, પણ આપણે વણીક હોઇ કોઇપણ રીતે મુડીમાં વધારો કરવાની ભાવનાથી ટેવાઇ ગયેલા છીએ. આપણે વણીક દૃષ્ટિથી જ સર્વ કાર્ય કરીએ છીએ.

આ દાખલાઓ એટલા માટે આપ્યા છે કે દેવદ્રવ્યનો ઉપયોગ સમાજ ઉપયોગી કામોમાં ન થાય એમ માનનારા પણ પોતાના હસ્તકના દેવદ્રવ્યનો ઉપયોગ ઘણી જ સંકુચિત રીતે કરે છે અને બોળી સમાજને અંધારામાં રાખી મુડીમાં વધારો કરે જાય છે અને પોતે મનસ્વીપણે વહીવટ કર્યે જાય છે.

આપણી સમાજના ગણ્યા ગાંઠ્યા શ્રીમંતો બાદ કરીએ તો સમાજનો મોટો ભાગ મધ્યમ અને કનિષ્ઠ વર્ગનો છે. એ વર્ગની આર્થિક સ્થિતિ એટલી દુઃખદ હોય છે કે તેઓ પોતાના કુટુંબ માટે હવા ઉજાસ અને જગાની મોકળાશવાળી જગાઓ ભાડે રાખી શકતા નથી. તેમજ બાળકોને પુરતી કેળવણી આપી શકતા નથી. હવા ઉજાસ વિનાની અને ભેજવાળી જગામાં રહેવાથી શારીરિક તંદુરસ્તી પણ ભોગવી શકતા નથી અને નાના મોટા રોગોમાં સપડાઇ ડાકતરોની દવામાં કમાણીનો મોટો ભાગ ખરચી નાંખે છે. આપણે બધા સમાજના એ વર્ગની મુશ્કેલીઓ સારી રીતે જાણીએ છીએ, છતાં આપણે એ પ્રત્યે તદ્દન દુર્લક્ષ્ય કરીએ છીએ. આપણા પ્રત્યે શ્રીમંતોની બેદરકારીનું પ્રત્યક્ષ પ્રમાણ પાલીતાણા ખાતે કેટલાંક જૈન શ્રીમંતોએ વસાવવા ધારેલ જૈનનગરમાંથી મળી રહે તેમ છે. જે રાજ્યે થોડાં વર્ષો પહેલાં યાત્રીઓ માથે મુંડકા વેરો નાંખી સમાજને અનેક જાતની મુશ્કેલીમાં ઉતારી દર વર્ષે સાઠ હજારની બાદશાહી રકમ પડાવી લીધી છે એ રાજ્ય પ્રત્યે શી રીતે વિશ્વાસ દાખવી શકીએ એ સમજી શકાતું નથી. આવા રાજ્યની પ્રજા બની લાખો રૂપીઆ ખરચવા આપણે તૈયાર થયા છીએ. એ એક દુઃખદ અને કમનસીબ ઘટના છે. આપણે દેશી રાજ્યમાં લાખોની મીલકત ઉભી કર્યા પછી એ રાજ્યના દબાયા રહેવું જ પડશે. જેટલું એ સત્ય વહેલું સમજાય એટલું સારૂં છે. આવા શ્રીમંતો ધારે અને મન ઉપર લે તો મુંબઇ જેવા શહેરમાં આર્થિક મુશ્કેલી ભોગવતા મધ્યમ અને નીચલા વર્ગના માટે સારા હવા ઉજાસ, જગાની મોકળાશવાળા મકાનો બંધાવી તેઓને ઓછે ભાડે આપી તેમની મુશ્કેલી દુર કરી શકે તેમ છે. આપણે ઇચ્છીએ કે સમાજના શ્રીમંતોનું એ તરફ લક્ષ્ય ખેંચાય, અને સખાવતનો ઝરો એ બાજુ વળે. આવી જ રીતે સમાજનાં બાળકોનો શારીરિક વિકાસ વધે એ માટે સ્થળે સ્થળે વ્યાયામશાળાઓ ઉભી કરવાની ખાસ જરૂર છે. આવી એક વ્યાયામશાળા શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી ઘણા વર્ષોથી ચાલતી હતી પણ કોમના કમભાગ્યે શ્રી લાલબાગના દેરાશરના ટ્રસ્ટીઓએ આપખુદપણે બંધ કરાવી. આ પ્રકરણ ઠીક ઠીક ચર્ચાયું છે એટલે મારે એ બાબત વધુ લખવાનું રહેતું નથી. સમાજના બાળકોનું આરોગ્ય સુંદર અને કસાએલું રહે એ જોવાની આપણા ઉપલા વર્ગની ફરજ છે. બીજી કોમોના અગ્રણીઓએ પોતાનાં બાળકો માટે એવી વ્યાયામશાળાઓ જુદા જુદા સ્થળોએ ઉઘાડી છે. તો આપણે પણ આપણા શ્રીમંત વર્ગ પાસે એવી આશા સહેજે રાખી શકીએ. સમાજના ઉપયોગી તત્વો પોષાય અને સમાજની હાજતો પુરી પડે એવા પ્રકારની સખાવતો થવાની જરૂર આપણે સૌ પીછાનીએ; એવી સમજ આપણા સર્વમાં આવે એજ પ્રાર્થના.

મણિલાલ મોકમચંદ શાહ.

આપણાં મંદિરો

[આ લેખ કાકાસાહેબ કાલેલકરે મૂળ હિન્દીમાં લખેલો અને તેનો અનુવાદ શ્રી જેઠાલાલ ઝવેરી એ કરેલો જે 'નવરચના' માસિકમાં પ્રગટ થયેલો. પ્રસ્તુત લેખ કાકાસાહેબે જૈનેતર હિંદુ મંદિરોને ખાસ ધ્યાનમાં રાખીને લખેલો હોઇને તેમાં જણાવેલી કેટલીક બાબતો જૈન મંદિરોને લાગુ પડતી નથી એમ છતાં પણ અનેક મંદિરોનો વહીવટ કરનાર જૈન સમાજને પણ આ લેખમાંથી ઘણું જાણવા-વિચારવા જેવું મળે તેમ છે એમ લાગવાથી એ આખો લેખ ઉધ્ધત કરી અહિં પ્રગટ કરવામાં આવે છે.]

મંદિરની સંસ્થા ઘણી જૂની છે. વૈદિક કાળમાં કદાચ મૂર્તિપૂજા ન હતી. મહાભારત કાળમાં પણ નહિ હોય. મંદિરોમાં જઇ પરમાત્માની ઉપાસના કરવાની પ્રથા કદાચ આપણે બૌધ્ધ સંપ્રદાય પાસેથી શીખ્યા હોઇશું. સંભવ છે કે બાલ્હિક (Balhik) દેશમાંથી આવી વસેલા રોમનો અથવા યવનો પાસેથી આપણે એ લીધી હોય. ઇતિહાસ–સંશોધકો આ પ્રશ્નનો નિર્ણય ગમે ત્યારે કરે, પણ આટલું તો નિર્વિવાદ છે કે હિંદુઓના સામાજિક જીવનમાં મંદિરોને મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે.

માણસને મંદિરની કલ્પના કઇ રીતે થઇ હશે ? કોઈ ભક્તે અથવા સાધકે હૃદયને ઉન્નત કરનારું કોઇ સ્થળ પસંદ કરી ત્યાં પોતાના ધ્યાન અને ભક્તિ માટે કંઇ આલંબન પસંદ કર્યું હશે અથવા રાખ્યું હશે. ત્યાં તેને તેની શ્રદ્ધા પ્રમાણે અથવા ઇશ્વરના અનુગ્રહ પ્રમાણે ધર્મ પ્રાપ્તિ અથવા કામનાસિદ્ધિ થઇ હશે. લોકોને તેની ખબર પડી. પછી તો પૂછવું જ શું ? જેમ કોઇ વૈદ્યના હાથગુણની ખ્યાતિ થતાં જ બધા દર્દીઓ તેની પાસે દોડતાં આવે છે તેમ કોઇ મંદિરની 'જાગતા થાનક'ના નામે ખ્યાતિ થતાં જ બધા આર્ત લોકો તે જ સ્થાન પ્રત્યે દોડતાં આવે છે અને પોતાના ભક્તિભાવથી તેને ભરી દે છે. જ્યારે સાચા હૃદયનું એકોગ્ર સમર્પણ નથી થઇ શકતું ત્યારે માણસ શું કરે ? તેણે હૃદયની અવેજીમાં પોતાની સંપત્તિનું જ સમર્પણ કરવું રહ્યું. રાજા પાસે જ્યારે અરજી લઇને જવું હોય છે ત્યારે ખાલી હાથે આપણે નથી જઇ શકતા. રાજા તો રોજનો ભૂખ્યો જ છે. તેને તૃપ્ત કર્યા પછી જ તે પ્રાર્થના સાંભળે છે. સંસ્કૃતમાં રાજાને અને પરમાત્માને ઇશ્વર જ કહે છે. ત્યારે પરમાત્માનો પણ એવો જ સ્વભાવ હોવો જોઇએ. રાજા જે વાતોથી સંતોષાય છે તે જ વસ્તુઓ ઇશ્વરને પણ અર્પણ કરવી જોઇએ. રાજા ભવ્ય મંદિરમાં રહે છે. ભાટ–ચારણો સવારે બિરૂદ ગાઇ તેને જગાડે છે. ભોગ-વિલાસની સામગ્રી તેની ચારે બાજુએ હંમેશાં તૈયાર હોય છે. પાલખી જેવા સુખકર વાહનમાં બેસી તે સહેલ કરે છે. તેનો રોજનો ખોરાક મિષ્ટાન્ન છે. પત્ર– પુષ્પ– ફળ, ધૂપ– દીપ, પંચામૃત– આ બધી તેની દરરોજની જરૂરિયાતો છે. આ જ વસ્તુઓ વડે દેવતાને સંતોષવા જોઇએ. ખરેખર માણસની કલ્પના જેટલે સુધી પહોંચી શકે ત્યાં સુધી તે દયાળુ પરમાત્માએ નીચે ઉતરવું જ જોઇએ. જે કલ્પના આપણને તેણે આપી નથી તેમાં આપણો શો વાંક ?

આ પ્રમાણે કદાચ મૂર્તિની ષોડશોપચાર પૂજા કરવા માટે જ મંદિરો નિર્માણ કરવામાં આવ્યા હશે. બુધ્ધ અને મહાવીર જેવી વિરકત વિભૂતિઓનાં મંદિરમાં ભોગ વિલાસને સ્થાન ન હોવું જોઇએ. સ્મશાનવાસી યોગીરાજ મહાદેવના મંદિરમાં પણ વૈભવને સ્થાન ન હોવું જોઇએ. પણ બિચારા ભગવાન તો ભક્તને આધીન હોય છે. જ્યારે મહાત્માઓને પણ લોકોની ભક્તિથી હેરાન થવું પડે છે. તો પછી પરમાત્માને તો ભક્તો જે રૂપ આપે અને જે સ્થિતિમાં રાખે તે સ્વીકારવું જ પડશે. આમાં આશ્ચર્ય શું ? ઉનાળાના દિવસોમાં લોકો મૂર્તિને પંખો કરે છે, શિયાળામાં પરમાત્માને રજાઇ ઓઢવી પડે છે, ચોમાસામાં મળોત્સર્ગ થતાં દૂધની સાથે સૂંઠ પણ ખાવી પડે છે !

આરતી વિધિ તો ભગવાન અને ભક્ત વચ્ચેની છે. મંદિરના આ ઉપયોગને સામાજિક કહી શકાય, પણ જ્યારે મૂળ સંસ્થાપકના અનુયાયીઓ વધી જાય છે ત્યારે મંદિરમાં જઇ પૂજા કરવાનો, દર્શન કરવાનો, પ્રસાદ લેવાનો બધાનો હક થઇ પડે છે. જેને આપણે પોતાના ગણીએ છીએ તેમને મંદિરમાં લઇ જઇએ છીએ અને દર્શન પ્રસાદના ભાગી બનાવીએ છીએ. સાથે સાથે આવા સ્થળે જેમ આપણે મૂર્તિના દર્શન વડે કૃતાર્થ થઇએ છીએ તેમ સાધકોની ભક્તિપૂર્ણ આંખો જોઇને પણ આપણે કૃતાર્થ થઇએ છીએ.

આ તો કર્મકાંડ અને ઉપાસનાકાંડની વાત થઇ. સાધુ સંતોએ મંદિરની ઉપયોગિતા તેથીએ આગળ વધારી. મંદિરોને ધર્મોપદેશ અને ભક્તિપ્રચારનાં ધામો બનાવ્યાં અને આ રીતે મંદિરોને સામાજિક જીવનના કેન્દ્રનું રૂપ આપ્યું. તેની મીમાંસા પણ આજે આપણે જાણવી જોઇએ.

૨

કર્મકાંડી લોકો પૂજા કરે છે ત્યારે એકલાં જ કરે છે; જ્યારે ઘણાં માણસો એકઠાં મળી કર્મકાંડી પૂજા કરે છે ત્યારે ઘણી અગવડ પડે છે. પૂજાવિધિની જટિલતાની તો એક મુશ્કેલી છે જ. કર્મકાંડીઓ ઘણે ભાગે સકામ પૂજા કરે છે. દરેકની કામના જુદી હોવાથી સામુદાયિક પૂજા કરવી મુશ્કેલ થઇ પડે છે. મોટા મોટા હોમ–યજ્ઞો, પ્રજા અને સમારાધનામાં સામુદાયિક વિધિ જરૂર પળાય છે, પણ હવે તેના દિવસો ચાલ્યા ગયા છે.

કાશીવિશ્વનાથના મંદિરમાં જુઓ. એક ભક્ત આવે છે, પૂજા કરે છે, અભિષેક કરી ફળ બિલ્લીપત્ર ચઢાવી જાય છે. તે મંદિરની બહાર નીકળે છે તે પહેલાં જ બીજો ભક્ત આવે છે; પહેલાંની પૂજા ફેંકી દે છે અને નવો અભિષેક અથવા પત્ર–પુષ્પ અર્પણ કરે છે. તેની પૂજાની પણ તેજ દશા થાય છે. જે પહેલી પૂજાની એણે કરી હતી. સવારથી બપોર સુધી આ જ ચાલુ રહે છે. લોટ દળાવાની ઘંટીએ એક આવે છે, પોતાનો લોટ દળાવી લે છે. પછી બીજો આવે છે તે પણ તેમજ કરે છે. દરેકનો ઘંટી જોડે સંબંધ છે, પણ દળાવનારાઓમાં પરસ્પર કંઇ સંબંધ હોતો નથી. આદર બુદ્ધિની મંદતાની કલ્પનાથી જ મનમાં વિચાર આવ્યો કે હોટલમાં એક માણસ ટેબલ ઉપર ચા પી ચાલ્યો જાય છે. પછી ટેબલ સાફ કરવામાં આવે છે, બીજા લોકો ત્યાંજ આવી ફરી ચા–કોફી પીએ છે, ફરીથી ટેબલ સાફ કરવામાં આવે છે. પાછા નવા ભક્તો આવે છે; શું આજ દશા મંદિરોની નથી ? પણ મનને ધમકાવી સમજાવ્યું કે આ પ્રમાણે વિચાર કરવો અયોગ્ય છે. ભગવાન તો નિરપેક્ષ છે. ભક્તોના સંતોષ ખાતર બધી જાતની વિટંબણા પૂજા જાણી ગ્રહણ કરી શકે છે. પરમાત્માએ પોતે કર્યું નથી ?

'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ' ।
'पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतं अश्नामि प्रयतात्मनः' ॥

વગેરે. ભગવાનનો ઉપહાસ કરવો વાજબી ન કહેવાય. શરમને લીધે મન દબાઇ ગયું; તો પણ ધીમે અવાજે કહેવા લાગ્યું. આપણે ભગવાનનો ઉપહાસ ક્યાં કરીએ છીએ ? આપણે તો સકામ પૂજા

વડે થનાર ભગવાનનો ઉપહાસ જોઈ મનુષ્ય બુદ્ધિની કદર કરીએ છીએ.

સાધુ સંતોએ કર્મકાંડનું મહત્ત્વ ઓછું કરી ભક્તિ અને ઉપાસનાનું મહત્ત્વ વધાર્યું. ભક્તોમાં એકાંત ઉપાસના પણ થાય છે અને સામુદાયિક પૂજા પણ થાય છે. આ પ્રમાણે સાધુ સંતોએ આપણને મંદિરોનો નવો ઉપયોગ શીખવ્યો. તેમણે બતાવ્યું કે મંદિરોમાં પૂજાની વિધિ ભલે હોય, રાજ વૈભવની શોભા ભલે વધે પણ મંદિરમાં જન સમુદાયને એકઠો કરી ભગવાનનાં ગુણ-ગાન કરવાં અને નીતિ, સદાચાર તથા ભક્તિનો ઉપદેશ કરવો એજ મંદિરની મુખ્ય પ્રવૃત્તિ હોવી જોઇએ. બધા આવો, હળી મળીને રહો, એક બીજાને મદદ કરો અને રાજમાર્ગે ચાલો, આ જ સંતોનો સંદેશો હતો. બસ, કર્મકાંડ અને શોભાકાંડ ગૌણ થયા, અને ભક્તિકાંડ દ્વારા ધર્મ પ્રચારનો કાંડ વધવા લાગ્યો. પરમાત્માના બધાં બાળકો પ્રેમથી એકત્ર થાય અને પ્રેમપૂર્વક બધા સાથે હળી મળી **'परस्परं भावयन्तः'** ઉન્નતિને માર્ગે ચાલે!

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥

આ જ સંતોનો માર્ગ.

નિર્માન-મોહ સાધુસંતો પાસે ઉચ્ચ- નીચભાવને સ્થાન જ ક્યાંથી હોય ? બધાં પરમાત્માના બાળકો, બધાં સરખા અને બધા ભાઇ ભાઇ. વૈશ્ય તુકારામે ગાયું છે–**'आम्ही जातीचे ब्राह्मण,आमचे सोयरे मुसलमान,'** 'અમે જાતે બ્રાહ્મણ છીએ અને મુસલમાનો અમારાં સગાં છે ! આવા સંતોના ઘરમાં દરેકનું સ્વાગત પ્રેમથી થઇ શકે છે. જેને સત્પુરૂષના ઉપદેશની જરૂર રહી નથી તેઓ મંદિરે ન જાય. પરમાત્માનું નામ લેવામાં જેને આસ્થા છે તે બધાં મંદિરમાં એકઠા મળો. સંતોનો આજ કાયદો છે.

મંદિરમાં ત્રણ વિભાગ હોય છે. ગર્ભગ્રહ જ્યાં પૂજા માટે મૂર્તિ હોય છે. આના ઉપરજ મંદિરનું શિખર હોય છે. સભા મંડપ-જ્યાં પુરાણ કીર્તન અને ઉપદેશ-પ્રવચન ચાલે છે. આને નાટય મંદિર પણ કહે છે. કારણ કે આજ સ્થળે ભગવદ્લીલાનો અભિનય કરવામાં આવે છે. ગર્ભ ગૃહ અને સભા મંડપ વચ્ચે જે નાની સરખી જગ્યા હોય છે તેને અંતરાળ કહે છે. કર્મકાંડીઓએ ગર્ભગૃહનું બીજ વાવ્યું, ધ્યાન માર્ગીઓએ અંતરાળ પસંદ કર્યું અને ભક્તિમાર્ગી તથા પુરાણ પ્રિય લોકોએ પોતાના પ્રેમથી સભામંડપ ભરી દીધો. આ પ્રમાણે હિન્દુ ધર્મનું સંપૂર્ણ સ્વરૂપ એક મંદિરમાં સમાયેલું છે. આમાં જ્ઞાન અને ભક્તિના પ્રતિનિધિ સમો સભા મંડપ જ હિન્દુ સમાજનું સાર્વજનિક સ્થાન મનાય છે. ત્યાં સુધી તો માત્ર દર્શન માટેજ નહિ, પરંતુ ધર્મકથા સાંભળવા સંભળાવવા દિંદુમાત્ર જઇ શકે છે.

કર્મકાંડીઓએ પૂજાવિધિ પોતાના હાથમાં રાખી અને સર્વ સાધારણને માત્ર દર્શનના અધિકારી ઠેરવ્યા, તેમાં પણ કંજૂસ બની તર તમ ભાવ જોડી હિન્દુ ધર્મના કટકે કટકા કરી નાખ્યાં. મુસલમાનોએ મૂર્તિઓ ભાંગી હિન્દુ સમાજનું અપમાન કર્યું, સંપત્તિ અને કળાનો નાશ કર્યો, પણ તેથી હિન્દુ ધર્મને કોઇ જાતની હાનિ નથી પહોંચી, પણ આપણા અભિમાની કર્મકાંડી લોકોએ સમાજને ભાંગી છિન્ન ભિન્ન કરી નાખ્યો, હિન્દુ ધર્મને નુકશાન કર્યું અને ભગવાનનો ઇન્કાર કર્યો. આ છિન્ન-ભિન્ન સમાજને સંગઠિત અને સંપૂર્ણ બનાવી ધર્મને પ્રતિષ્ઠિત અને મંડિત કરવો એ જ આજે મંદિરોનું યુગકાર્ય છે.

(અપૂર્ણ)

કાકા કાલેલકર.

કેળવણીની દિશા બદલો

જૈન કોમ શ્રીમંત તથા સમૃદ્ધિમાન ગણાય છે. કોમમાં વકીલો, સોલીસીટરો, એન્જીનીયરો, ઝવેરૂ દલાલો, હીરા-મોતીના વેપારીઓ ઉપરાંત અન્ય ધંધાદારીઓ છે. પણ હજુ ગૃહ ઉદ્યોગો તેમ જ મોટા ઉદ્યોગો તરફ આપણું ધ્યાન જોઇએ તેવું ખેંચાયું નથી. ઔદ્યોગિક સંશોધનની વાત તો બાજુ ઉપર રહી છે.

આજની કેળવણી પાછળ લાખો રૂપીઆ અર્પાય છે. કેળવણીનો પ્રશ્ન એક વિચિત્ર કોયડો છે. હાલ અપાતી કેળવણી સમાજ તેમ જ દેશને બોજારૂપ છે. જૈન કોમ કેળવણી તેમજ હુન્નર ઉદ્યોગમાં પછાત છે. જૈન પ્રજાનો ઉદ્યોગ સાથે ગાઢ સંબંધ થાય તે માટે ઉદ્યોગ અને કારીગરીના શિક્ષણને પોષણ તથા ઉત્તેજન મળવું જોઇએ. આપણે ત્યાં આવી સંસ્થાની સંખ્યા ઘણી ઓછી છે, અને થોડાં શહેરોમાં જ્યાં આવું શિક્ષણ મળી શકે તેમ છે ત્યાં અનેક મુશ્કેલીઓ છે યોગ્ય દોરવણી અને આર્થિક મદદ વડે આજની જૈન પ્રજા ઔદ્યોગિક કેળવણી લેવા પ્રેરાય એવું કરવાની ખાસ જરૂર છે. આ ઉત્તેજન કે આકર્ષણને અભાવે આજનો યુવક મેટ્રીક પસાર કરી કે તરત ભવિષ્યનો વિચાર કર્યા વગર ગમે તે લાઇનનો અભ્યાસ શરૂ કરે છે, અને ઘણા ખરા આર્ટસ કોલેજ તરફ જ ખેંચાયે જાય છે. એવું માની લેવાનું કારણ નથી કે માત્ર બુદ્ધિવાન જ કોલેજમાં જોડાય છે. કોલેજમાં જોડાએલ યુવક થોડાં વર્ષોમાં યુનીવર્સીટીની ઉપાધિ મેળવે છે. ત્યારબાદ હવે શું કરવું એ પ્રશ્ન દરેકને મુંઝવે છે. આવી દશા આપણી કોમના જ યુવકોની માત્ર નથી, પણ બધા યુવકોની આ સ્થિતિ છે. કુદરતી છુપી શકિતને વિકાસ મળવાનું રહેતું નથી, ગમે ત્યાં લાગવગનો લાભ લઈ મનને ન રૂચે તેવી નોકરી સ્વીકારવી પડે છે. મનની બધી આશાઓ નષ્ટ થાય છે, ઉત્સાહી હૃદય ઠંડુ પડી જાય તેમાં નવાઇ નથી. "સુખી" ગણાતી જૈન કોમમાં પણ બેકારીનો પ્રશ્ન તીવ્ર છે. દ્રવ્ય જ્યાં છે ત્યાં ઘણું છે અને નથી ત્યાં રોજના પેટીઆનો સવાલ છે. આ પરિસ્થિતિનો માટે માટે જવાબદાર કોણ ગણી શકાય ? આ પરિસ્થિતિનો અન્ત ક્યારે આવશે ?

મિલ ઉદ્યોગ ઉપરાંત બીજા ગૃહ ઉદ્યોગ તેમજ મોટા ઉદ્યોગમાં આપણે ઝંપલાવવું જોઇએ. ઔદ્યોગિક શિક્ષણ આર્થિક તેમજ રાષ્ટ્રીય રીતે હિતકારી નીવડશે તે વાત ઉચિત છે. ઉદ્યોગનો પ્રદેશ વધવાથી ગરીબ અથવા તવંગર, ભણેલ તેમજ અભણને સારો અવકાશ મળશે. મહાસભા તરફથી રાષ્ટ્રીય નિયોજન સમિતિ હાલ ઘણું અગત્યનું કામ કરી રહી છે, જેની દોરવણીનો લાભ જૈન કોમે તન, મન અને ધનથી પુરે પુરો લેવો જોઇએ. દ્રવ્યની મદદ ઉપરાંત સહકાર, સહાનુભૂતિ અને યોગ્ય દોરવણીની આવશ્યકતા છે. આ બાબતનો પુખ્ત વિચાર કરી હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇ જૈન અગ્રેસરો અને શ્રીમંતોએ વિના વિલંબે ઘટતું કરી જૈન કોમની તેમજ દેશની પ્રગતિમાં યોગ્ય ફાળો આપવો જોઇએ. **એક જૈન યુવક**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૨૨

મુંબઇ : ૧૫ માર્ચ ૧૯૪૦ શુક્રવાર

લવાજમ
રૂપિયા ૨

कामये जीवितं मे स्यादार्तिनाशाय प्राणिनाम् ।

[પ્રાણીઓની પીડાનો નાશ કરવામાં ખરચાઇ જાય એવું જીવન હું માગું છું.]

શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો પત્ર.

(ઇ. સ. ૧૯૩૨ માં ઇગ્લંડના તે વખતના મુખ્ય પ્રધાન રામ્સે મેકડોનલ્ડે જે કોમી ચુકાદો આપ્યો હતો તેમાં હરિજનો માટે હિંદુઓથી જુદી જ મતપ્રદાન વ્યવસ્થા (Separate Electorates) ઉભી કરીને હરિજનોને હંમેશને માટે હિંદુ કોમથી અલગ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેલમાં રહીને આ વ્યવસ્થા રદ કરાવવાનો બીજો કોઇ ઉપાય નહિ દેખાવાથી આખરે આ ઘટનામાં ફેરફાર ન થાય ત્યાં સુધી અનશન ઉપર ઉપર જવાનો ગાંધીજીએ પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો અને એ અનશનના પ્રારંભમાં ગાંધીજી એ શ્રી કિશોરલાલ ભાઇ ઉપર નીચે મુજબ એક પત્ર લખ્યો હતો.)

યરવડા જેલ, **પુના.**
તા. ૨૧–૯–૩૨

ચિ. કિશોરલાલ,

તમને મારૂં પગલું નીતિમય લાગ્યું કે નહિ તે જાણવાની ઇચ્છા તો રહે જ. નાથને શંકા છે. તેને મેં ઉત્તર વાળ્યો છે. તમે વિચાર્યું હોય તો લખજો. પગલું ધર્મને અનુસરતું જણાયું હોય તો તે આપણે સારૂ આનંદોત્સવ છે એ તો સમજ્યું જ હશે.

વલ્લભભાઇના સંસ્કૃત વિષે તમને જે ભય છે તેને સારૂ કારણ નથી. વલ્લભભાઇની ગેડુતી ગુજરાતી તેની પાસેથી કોઇ હરી ન જ શકે. એ પ્રવાહને સંસ્કૃત વધારે મજબૂત કરશે અને આ વર્ષે ભગીરથ પ્રયત્ન કરે છે તે જ આપણે તો વધાવી લેવાની વસ્તુ છે. એની અસર વિદ્યાર્થી વર્ગ ઉપર પડ્યા વિના નહિ રહે. સંસ્કૃત આપણી ભાષાને સારૂ ગંગાનદી છે. એ સુકાય તો ભાષાઓ નિર્માલ્ય થઇ જાય એમ મને લાગ્યા જ કરે છે. એનું સામાન્ય જ્ઞાન આવશ્યક છે એમ ભાસે છે. મને તુરત લખી શકો એવી છૂટ મળી છે.

લી. **બાપુના** આશીર્વાદ

× × ×

[આ પત્રનો શ્રી. કિશોરલાલભાઇએ જે જવાબ આપ્યો હતો તે ઘણો જ કિંમતી અને વિચાર પ્રેરક હોવાથી તેમની સંમતિપૂર્વક તે પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તે પત્રના અન્તભાગમાં જે શ્લોકનો ઉલ્લેખ આવે છે. તે આખો શ્લોક શ્રીમદ્ ભગવત ગીતામાં નીચે મુજબ છે:

न त्वहं कामये राज्यं, न स्वर्गं ना पुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

ભાવાર્થ:– હે ભગવન, તારી પાસે હું નથી રાજ્યની ઇચ્છા કરતો કે નથી સ્વર્ગની ઇચ્છા કરતો, અરે ! મોક્ષની યે મને ઇચ્છા નથી: દુઃખથી તપાયેલાં પ્રાણી માત્રની પીડા દૂર થાય એટલું જ હું ઇચ્છું છું.' શ્રી. કિશોરલાલભાઇ આ પ્રાર્થનામાં સુધારો સુચવે છે. દુઃખીઓનાં દુઃખ દૂર થાય એટલી કામના તેમને મન પુરતી નથી. તેઓ પ્રાણીઓના દુઃખનાશમાં પોતાનું જીવન સદા ખરચાયા જ કરે એવી માંગણી અને પ્રાર્થના કરે છે. આટલી સમજ નીચેનો પત્ર ગ્રહણ કરવામાં ઉપયોગી નીવડશે એમ સમજીને આપવામાં આવે છે. હવે એ પત્ર તરફ પ્રયાણ કરીએ. — પરમાનંદ]

× × ×

નાસીક, સેન્ટ્રલ જેલ,
તા. ૨૪–૯–૩૨.

પૂજ્ય બાપુજીની સેવામાં.

આ પ્રસંગે આપને કેવી રીતે લખી જણાવવું એ વિષે અમે મુંઝવણમાં પડ્યા હતા અને આજે ઇચ્છા કરતો હતો કે જો કોઇ આ મહિને મળવા ન આવે તો વધારેના હકનો ઉપકરી લઉં પણ એની જરૂર હવે રહી નથી.

આપનો ઉપવાસનો સંકલ્પ જાહેર થયો ત્યારબાદ બે ત્રણ દિવસ આપના હૃદય અને વિચાર શ્રેણીનો તાલ હું ન શોધી શકયો તેથી અસ્વસ્થ રહ્યો, પણ પછી એક રાત્રે એકાએક જાણે સમજાઇ ગયા જેવું સીધું પગલું ભાસ્યું તેથી શાન્ત થયો; પણ પગલું ભયરહિત નથી એમ હજુ ભાસે છે. અમદાવાદના મીલ મજુરોની હડતાલ વખતે આપે જે ઉપવાસ કર્યા હતા તેમાં મીલમાલેકો પરત્વે એ ઉપવાસમાં જોયેલો દોષ ગણી શકાય તેટલા દોષથી આ ઉપવાસ મુકત છે એમ મને નથી લાગતું. જો ઉપવાસથી આપના શરીરને જોખમ આવી પડે તો ડો. આંબેડકરે જે ખુનામરકી થવાની અને અસ્પૃશ્યો સ્પૃશ્યો વચ્ચે ડ્રેપ ઉભરાવાની ધાસ્તી પ્રકટ કરી છે તે ધાસ્તી મને પણ છે. × × × × × × ×. આપના ઉપવાસથી ગોમતી સ્થિતિ એ કહે છે તેમ કફોડી (Unenviable) થાય છે એ પણ ખરૂં. આ પગલું લીધા વિના આપને જેલમાંથી બીજો કોઇ ઉપાય રહ્યો જ નહોતો. બ્રિટીશ્વતથી આવતાની સાથે આપની સ્વતંત્રતા હરી લઇ સરકારે આપને નિરૂપાય કરી દીધા. એને લીધે આ પગલાની ધર્મમયતા વિષેની શંકા નિકળી જાય એમ

એકવાર પગલું ધર્મરૂપ કર્યું પછી એનાં કેટલાંક અનિષ્ટ ફળો પણ થઇ શકે તે વિચારથી એ પગલું થોડું જ અટકાવી શકાય? **सर्वारम्भा हि दोषेण, धूमेनाग्निरिवावृताः** । એ વચન પછી લાગુ પડે જ છે.

આ બધી મારા મનની ગડમથલ હતી તે જણાવી પછી તો કવિવર રવીન્દ્રનાથે આપને જે સંદેશો મોકલ્યો છે તે બહુ બંધબેસતો લાગ્યો અને તેવી જ મારા મનની ભાવના રહી છે.

× × ×

આ પ્રસંગે આપની પાસે ઉડી આવવાની ઇચ્છા થાય છે એ આપ ક્ષમ્ય માનશો જ. આપની પાસે થોડા માસ પણ નિકટમાં રહેવાની ઇચ્છા મનમાં જ રહી જશે કે શું એ વિચારથી કોઇવાર નિરાશ થાઉં છું. અને આપની આવી તપશ્ચર્યાના કાળમાં તો મારે હમેશાં દૂર જ રહેવું પડયું છે, એમ બન્યું છે. આપના ઉપવાસ દરમિયાન રોજ હજારેક વાર કાંતવાનો વિચાર રાખ્યો હતો અને બે દિવસ તે મુજબ્ય કાંતું પણ ગઇ કાલથી તો ડાબો હાથ ખેંચી જ શકાતો નથી એટલે મનમાંની મનમાં રહી ગઇ.

સરદારના સંસ્કૃતના અભ્યાસ માટે મારું માન ઓછું નથી. મેં લખેલું તે કેટલેક અંશે વિનોદમાં જ.

અહીંથી ભાઇબહેનોએ આપને અત્યંત વિનયપૂર્વક પ્રણામ લખાવ્યા છે. જુદા જુદા પણ પોતપોતાની રીતે કાંઇક કાંઇક વ્રતો–સંકલ્પો કરે છે અને ઉપવાસ મંગળ પણે પૂરા થાઓ એમ પ્રાર્થના કરે છે.

મારા મનની સ્થિતિ તો શું કહું ? ઘણીવાર તો લાગે છે કે બધું સહીસલામત પાર ઉતરશે. પણ કોઇકવાર મનમાં ધારતી બેસી જાય છે અને એ કલ્પના અસહ્ય થાય છે. પણ મારા મનનું બંધારણજ સામાન્ય રીતે ગભરાટમાં પડનારું નથી. એટલે દેખીતી રીતે હું કાંઈ અશાંતિ ભોગવતો નથી અને અહિંસા એટલે દ્વેષ છતાં ન મારવું તે કે પ્રેમથી પ્રેમીને મારવા તે એવો વિનોદ પણ કરી લઉં છું.

न त्वहं कामये–ઇત્યાદિ એ મંત્ર આપે હમેશાં જપ્યો છે. એના ગુજરાતી અનુવાદમાં એની બીજી લીટી મેં થોડી ફેરવી છે તે આ પ્રસંગે આપના જીવનને વધારે બંધ બેસતી થઇ છે.

ના હું ઇચ્છું સ્વર્ગ વા મહા ઋદ્ધિ,
ના હું ઇચ્છું જન્મમૃત્યુથી મુક્તિ;
હું તો ઇચ્છું સર્વ માર સદાયે,
દો પ્રાણીના દુઃખનાશાર્થ થાયે.

कामये जीवितं मेऽस्यार्तिनाशाय प्राणिनाम् । પહેલી પ્રાર્થના (**कामये दुःखतप्तानां, प्राणिनामार्तिनाशनं**) એ તો કેવળ આ દુનિયામાં એક ઇચ્છાજ રહી શકે. આ પ્રાર્થના અમારા જેવા નહીં પણ આપના જેવા ખરી કરીને બતાવી શકે. વધારે લખી આપના ઉપર બોજો નહિ લાદું. આપનો સદૈવ કૃપાંકિત

કિશોરલાલ ના દંડવત પ્રણામ

'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોને.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ, 'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકોને વિજ્ઞપ્તિ કે હવે પછીના અંકથી સંઘના તેમજ ગ્રાહકોના નામ એમના સરનામાં સાથે ઝપાવી ના પાડતા માણસોજ, 'પ્રબુદ્ધ જૈન'ના કેટલીક નકલો સરનામાંની ચિઠ્ઠીઓ લીધે ટપાલખાના તરફથી પાછી મોકલવામાં આવે છે તો જે સભ્યોને કે ગ્રાહકો પોતાનું સરનામું સુધારવું વા કરવું હોય તેમણે તરત જ એ મજબ્ય એમને લખી જણાવવું કે જેથી બિનજરૂરી મહેનત માથે ભેલાઇવાનો ના પામે.

તંત્રી 'પ્રબુદ્ધ જૈન'

માબાપો માટે કેટલાક નિષેધો

['ઘરમાં બાળક' એ નામના સ્ત્રી સહકારી મંડળ તરફથી ભરાયેલા પ્રદર્શન પ્રસંગે બાળકો સાથે આપણે કેમ વર્તવું જોઇએ તે સંબંધે અનેક પ્રકારની બોધક પત્રિકાઓ વહેંચવામાં આવેલી તેમાંની એક ડો. ફે. એફ્ મસાણીની રચેલી અંગ્રેજી પત્રિકા બહુ ઉપયોગી લાગવાથી નીચે અનુવાદિત કરવામાં આવે છે. પરમાનંદ]

૧. તમારાં બાળકો માદાં પડવાની હાલતાં ચાલતાં આશંકા સેવીને અને કાંઇ જરાક જણાય તો તેને મોટું રૂપ આપીને તમારા બાળકો માટે વધારે પડતી ચિન્તા કરતા નહિ. તેમ કરવાથી તમારા બાળકોને ચાલુ માંદા રહેવાની ટેવ પડી જશે.

૨. રબ્બેને તમારા બાળકોને જ્જ થશે એવી કારણ વગરની બીક રાખીને તેઓ મજબ્યુત, હીંમતવાન અને શકિતમાન બને અને તેમની તન્દુરસ્તી પોષાય એવી ઘર બહારની રમતોથી તેમને વંચિત રાખતા નહિ.

૩. તમારા બાળકોની ઉપર બહુ લાડ કરશો નહિ કે તેમને બહુ પંપાળશો નહિ. એથી તેઓ અશકત અને બરાવલંબી બની જશે.

૪. તમારાં બાળકોની દરેક ઇચ્છા માત્ર તેમને એ પ્રમાણે જોઇએ છીએ એ કારણથી જ પુરી ન કરશો. નહિ તો જ્યારે જીવનમાં એમને અગવડો, ઉપાધિઓ અને જરૂરી ચીજોની ઉણપોમાંથી પસાર થવાનું આવશે ત્યારે તેમને તેમાંથી પોતાનો માર્ગ કાઢતાં ખુબ મુશ્કેલી પડશે.

૫. તમારાં બાળકો ઉપર વધારે પડતું દબાણ ન કરશો કે જોહુકમી ન ચલાવશો. આથી પણ તેઓ મોટા થશે ત્યારે પોતાની મેળે કોઈ પણ બાબતનો નિર્ણય કરવાને અસમર્થ નીવડશે.

૬. તમારાં બાળકોને કોઇ પણ પ્રવૃત્તિમાંથી–જ્યાં સુધી તે પ્રવૃત્તિ અસામાજીક કે ખાસ નુકસાન કર્તા માલુમ ન પડે ત્યાં સુધી–અટકાવશો નહિ કે તેની મના કરશો નહિ.

૭. તમારાં બાળકોને 'ચુપ રહો' અથવા તો 'હેરાન ન કરો' કે 'બજવો નહિ' એમ કહીને એમના તરફ અકકડ કે લાગણી શૂન્ય થતા નહિ અને તમને એમનામાં કશો રસ ન હોય એવી રીતે વર્તતા નહિ. બાળકોને માબાપનાં સહકારની, સહાનુભૂતિની તેમજ મૈત્રિની ખુબજ જરૂર હોય છે.

૮. તમારાં બાળકો પાસે તમારી ઇચ્છા પ્રમાણે કરાવવા માટે જુઠું બોલીને એના તમારી ઉપર રહેલા વિશ્વાસનો નાશ કરતા નહિ. એ જ પ્રમાણે જે શિક્ષાની ધમકીનો અમલ થવાનો જ નથી એવી શિક્ષાની ધમકી કદી આપતા નહિ. 'દુધ નહિ પીએ તો મોટો કુતરો આવીને તને કરડશે' અથવા તો 'હવે જો તું ચોરી કરીશ તો સીપાઇને સોંપી દઇશ' એવું તેમને કદી કહેતા નહિ.

૯. એ કદી ભૂલતા નહિ કે પોતાનાં બાળકો શારીરિક તેમ જ માનસિક ઉચ્ચા પ્રકારનુ આરોગ્ય પ્રાપ્ત કરે અને પરિપૂર્ણ ખીલે તે માટે એક ઉત્તમ ઉપાય માબાપો માટે એ છે કે પોતાનુ ચાલુ જીવન એવી રીતે ઘડવું જોઇએ અને પરસ્પર એવી સુમેળ શાન્તિથી રહેવું જોઇએ કે જેથી તેઓમાં પરસ્પર પુરો પ્રેમ અને વફાદારી છે એવી બાળકોને સતત પ્રતીતિ થયા કરે.

૧૦. એક સ્વાદી અને સરળ વાતની કદી ઉપેક્ષા કરતા નહિ કે વર્તણુક મુદ્દે નિસ્વાર્થ પ્રેમ અને બાળકો સાથેના વ્યવહારમાં ધીરજ અને માયાળુપણું કદી ઓછાં કરતાં નથી.

પૂર્વ ભૂમિકા વિનાનો લીલોતરી ત્યાગ

કૃત્રિમ ધાર્મિકતાનું ચાલી રહેલું નાટક

સમર્થ જૈન પૂર્વાચાર્યોએ સૌ પહેલાં ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવવાનો અને એ રીતે ઘણા લાંબા કાળના મિથ્યાત્વથી લોકોને બચાવી લેવાનો–સમ્યક્ત્વી બનાવીને ક્રમે ક્રમે સમ્યક્ ચારિત્રની ભૂમિકા ઉપર લઇ જવાનો પ્રયત્ન કર્યો છે. ચોક્કસ પ્રકારના ત્યાગ કરી દેવાથી એ ભૂમિકા આપોઆપ મળી જાય એમ કહેવાનો એમનો મુદ્દલ આશય નહોતો. ચિરકાલીન મિથ્યાત્વની છાપો ધોવાનો જેમનો હેતુ હોય તેમને ઉતાવળ ન પાલવે. સમજણપૂર્વક, ત્યાગમાર્ગની સીઢીનાં પગથીયાં જ સૌ કોઇએ ઓળંગવા જોઇએ.

તો પછી આ લીલોતરીના ત્યાગ જેવી અતિશયતાઓ ક્યાંથી આવી? શ્રી સુરજભાનુ વકીલ એનો જવાબ આપે છે :

"જ્યારે ધર્મમાં શિથિલાચાર પ્રવેશ્યો, ઢાઇમાઇથી રહેવાનો અને અમીર ઉમરાવોની જેમ પાલખીમાં બેસી પોતાનો મોભો વધારવાની તાલાવેલી આપણા ઉપદેશકોમાં દાખલ થઇ ત્યારે ભટ્ટારકોએ, પૂજ્યોએ, આચાર્યોએ પણ ભાવશુદ્ધિ કે પરિણામ શુદ્ધિને હરતાળ મારી, ધર્મને નામે ત્યાગ, વિરાગ ને પ્રભાવનાના ભપકભર્યા જલસાઓ શરૂ કર્યા. જૈન ધર્મની અવનતિ તે દિવસથી આરંભાઈ. પરિણામ એ આવ્યું કે જે દેશમાં એક દિવસે કરોડોની સંખ્યામાં જૈનો હતા ત્યાં માત્ર અગીઆર લાખ રહી ગયા, અને એમનામાં પણ મુખ્યત્વે ત્રણ ભાગ પડી ગયા : ૪ લાખ દિગંબર, ૪ લાખ શ્વેતાંબર અને ૩ લાખ સ્થાનકવાસી પાંત્રીસ કરોડની વસતીમાં એક બોબા જેટલા જૈનો રહ્યા છે. એમાંનો મોટો ભાગ માત્ર નામથી જ પોતાને જૈન તરિકે ઓળખાવી રહ્યો છે. કેટલાક તો એવા છે કે જે સિદ્ધાંતોને સમજ્યા વિના એવા પ્રકારની ક્રિયાઓમાં ડૂબ્યા છે કે જે જોઇને લોકો જૈન ધર્મને વગોવે છે."

જૈન ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવવાની, પ્રતિષ્ઠિત અને પ્રચારક ગણાતા મુનિઓ— આચાર્યોને પણ હવે જાણે કે કંઇ જ પરવા નથી રહી. તેઓ પોતે ધર્મના મૂળ રહસ્યથી વિમુખ હોય અને તેથી કરીને એવી કોઇ પ્રવૃત્તિ હાથ ધરવાની એમને ઇચ્છા સરખી પણ ન ઉદ્‌ભવતી હોય એમ બને. પૂજા અને પ્રતિષ્ઠાના, સામૈયા અને સત્કારના, વ્યાખ્યાન શ્રવણ અને વંદનાના આઠ આઠલા જલસાઓ રોજ રોજ ગામે-ગામ, શહેરે શહેરમાં ભજવાય છે, પણ પોતાના અનુયાયીઓમાં, જૈન ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજનારા અને સમજણપૂર્વક ક્રિયાકલાપ કરનારા કેટલા હશે તે વિષે ભાગ્યે જ કોઇ ફીકર કરતું હશે.

ભક્તજનોમાં કેટલા કયા પ્રકારની ભાવનાઓવાળા છે, દયા-ધર્મ પાળવાની એમનામાં કેટલી બુધ્ધિ તથા શક્તિ છે, પાપ કે પુણ્યના સ્વરૂપને સમજવાની કેટલી તત્પરતા છે–આવું બધું તપાસવાની ગુરૂ દેવોને ફુરસદ નથી મળતી તેથી તો તેઓ પહેલે જ ઝપાટે "કોઈ પણ પ્રકારનો ત્યાગ કરવાનો" આગ્રહ કરે છે અને શ્રાવક પણ બીજું કંઇ ન સૂઝવાથી તિથિઓમાં લીલોતરીનો ત્યાગ કરવાની બાધા લઈ ચાલી નીકળે છે. એ ત્યાગ પૂરેપૂરી રાજીખુશીનો કે જ્ઞાનપૂર્વકનો નથી હોતો. જકાતના નાકે પહોંચ્યા પછી ગમે તેમ કરીને દાણ ભરીને છૂટવું જોઇએ તેમ માની તે લીલોતરીના ત્યાગની લાંચ આપી મોકળો થઇ જાય છે.

"લીલોતરીનો ત્યાગ" એ જાણે કે એક ચપરાશ છે. ગમે તેના ગળામાં એ પટ્ટો નાખી દેવાથી તે પોતાને જૈન તરીકે ખુશીથી ઓળખાવી શકે. સરકારી ચપરાશ એના ખરા અધિકારી સિવાય કોઈ પહેરી શકતું નથી અને છતાં પહેરે તો તેને સજા ભોગવવી પડે છે. જૈન ધર્મની ઉપરોકત ચપરાશ પહેરનાર, સાચો જૈની ન હોય તો પણ સજામાંથી છટકી શકે છે. પણ એવા ખોટા દેખાવથી ધર્મની બદનામી થાય છે અને તે પોતે દુર્ગતિનું ભાતું બાંધે છે.

સૌથી અગત્યની અને મહત્વની વાત તો એજ છે કે લોકોને ધર્મનું સાચું સ્વરૂપ સમજાવી એમને સમ્યક્ત્વી બનાવવા જોઇએ. પછી, શાસ્ત્રોમાં ત્યાગનો જે ક્રમવિકાસ બતાવ્યો છે તે રસ્તે ધીમે ધીમે ત્યાગની ઉચ્ચ ભૂમિકા ઉપર લઇ જવા જોઇએ. આમાં ત્યાગી તપસ્વીનું કલ્યાણ છે અને જૈન ધર્મની પ્રતિષ્ઠા છે.

ધર્મ સંપ્રદાયના જેઓ સત્તાધિકારીઓ મનાય છે તેઓ પોતે તો આ સૂચના ઉપર લક્ષ આપે એ સંભવિત નથી લાગતું. પણ હું મારા ભોળા–ભદ્રિક ભાઇઓને કહેવા માગું છું કે કોઇની છેતરપીંડી કે જબરજસ્તીની જાળમાં ભૂલેચૂકે પણ ન સપડાશો. મહાન જૈનાચાર્યોએ શાસ્ત્રમાં જે ત્યાગનો માર્ગ પ્રબોધ્યો છે તે સમજવાનો અને તેને જ અનુસરવાનો પ્રયત્ન કરજો. ખોટી કીર્તિ ખાટી જવા ધર્મની હરેરાજી બોલાવશો મા!

અહીં કોઇ પૂછશે: "તમે લીલોતરીના ત્યાગ ઉપર આટલો મારો કાં ચલાવી રહ્યા છો? ત્યાગ કરનાર ભલે નિર્દયી, પાપી, ભ્રષ્ટ હોય તો પણ જો તે એક વસ્તુનો ત્યાગ કરતો હોય તો તેમાં ખોટું શું છે?" શ્રીયુત સુરજભાનુ એના જવાબમાં કહે છે કે મુનિ ધર્મ એ જૈન ધર્મનું મોટામાં મોટું અંગ છે. હવે જો કોઇ નાટકીયો એવો મુનિવેષ પહેરી, પોતાના હિંસાના વ્યાપારને, જુઠ્ઠાણાને, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહને પણ નિરંકુશપણે ચાલવા દે તો શું તે વેષધારી જૈન ધર્મની મશ્કરી નથી કરતો? કોઇ પણ જૈન એ ઉપહાસ ઘડીભર નભાવી લે ખરો?

'લીલોતરીના ત્યાગનું પણ એ પ્રમાણે ભજવાતું નાટક' બરી રીતે જૈન ધર્મની ખુલ્લી મશ્કરી જેવું જ છે. એટલા સારૂ જ મેં એ બનાવટી–દંભી ત્યાગ પ્રત્યે મારો અવાજ ઉઠાવ્યો છે. એ ત્યાગની રૂઢી બનાવટી અને શાસ્ત્રવિરૂદ્ધ છે. અને મને ઉમેદ છે કે જેને જૈન ધર્મના સિદ્ધાંતો તથા વિધિવિધાનો વિષે થોડી પણ શ્રદ્ધા તથા ભકિત હશે તે આ પ્રકારની આંધળી રૂઢી પ્રત્યે પોતાનો ખુલ્લો અણગમો જાહેર કર્યા વિના નહિ રહે.

ભી.

સાભાર સ્વીકાર

અમોને નીચે જણાવેલ પ્રકાશનો અભિપ્રાયાર્થે ભેટ મોકલવામાં આવેલ છે જે માટે પ્રકાશકોનો અથવા તો લેખકોનો ઉપકાર માનવામાં આવે છે.

શ્રી સિદ્ધર્ષિ–લેખક શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ પ્રકાશક: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર, કીંમત રૂા. ૩.

સદ્‌ગુણાનુરાગી શ્રી. કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભાગ ૨ જો પ્રકાશક: શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ. કીંમત ૦-૬-૦.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यमूर्तं वदेद्वाक्यम्

માર્ચ, ૧૫ ૧૯૪૦

સાધુનો વારસદાર

જેમ સંસારીઓ પોતાનો વંશવેલો ચાલુ રહે તેમ સદાય ઇચ્છે છે તેમ દરેક સાધુસંસ્થા કે સંપ્રદાય પણ ઇચ્છે છે. આટલા માટે યોગ્ય ઉત્તરાધિકારી મેળવવાની ઉત્કટ ઇચ્છા સંસ્થાના સંચાલકોને રહે છે. સંસ્થાના સ્થાપકોએ આ માટેની વ્યવસ્થા અને જોગવાઇ પણ કરેલી હોય છે. સંસારીઓ ગૃહસ્થાશ્રમદ્વારા પોતાનો ભાવી વારસ મેળવે છે અને સંસ્થાઓ પ્રજામાંથી પ્રસંદગી દ્વારા !

ભાવી પદાધિકારીની પ્રસંદગી ચુંટણી કે નિયુક્તિ થયા પછી સંસ્થામાં તેનો પ્રવેશ કરાવવાની ક્રિયાને દીક્ષા લેવી, સંન્યાસ લેવો, ભગવા કરવાં કે સંસાર ત્યાગ કરવો કે એવા એવા પ્રચલિત નામથી ઓળખવામાં આવે છે.

જ્યાં જ્યાં અમુક સિદ્ધાંત, કાનુન કે બંધન સ્વીકારીને કોઇ પણ સંસ્થામાં, સંપ્રદાયમાં કે સામુદાયિક પ્રવૃત્તિમાં દાખલ થવાનું હોય છે ત્યાં ત્યાં તેવી દરેક સંસ્થાના સદસ્યો કે પદાધિકારીયો એક રીતે તો દીક્ષિતજ ગણાય ! સામાન્ય સાંપ્રદાયિક દીક્ષા અને આમાં અમુક પ્રણાલિકા, વિગત કે સમયની મર્યાદાના ભેદ સિવાય બીજો કોઇ તાત્વિક કે સિદ્ધાન્તિક ભેદ છેજ નહિ. "વ્યક્તિગત જીવનને" કોઇ સિદ્ધાન્તિક મર્યાદામાં ગોઠવીને જીવવું અને વર્તવું તેટલોજ એક દીક્ષિત અને દીક્ષા લીધા વિનાના માનવી વચ્ચેનો ભેદ. સમય અને સંજોગ જ્યારે પૂર્વની મર્યાદાને પલટાવે કે બદલે ત્યારે દીક્ષિતનું જીવન પણ પલટાય. તે પણ વ્યક્તિગત રીતે નહિ પણ સામુદાયિક રીતે !

સિદ્ધાન્તિક મર્યાદાવાળું જીવન અલબત્ત દીક્ષિત જીવન જ ગણાય, પરન્તુ સામાન્ય રીતે પ્રજા સાંપ્રદાયિક દીક્ષાને જ દીક્ષાના નામથી ઓળખે છે. સાંપ્રદાયિક દીક્ષા આજના યુગનો એક અતિ અગત્યનો અને બળતો પ્રશ્ન થઇ પડેલો છે. કારણ કે આવી સૌ સંસ્થાઓનું ગુરૂકાર્ય પ્રજાજીવનને ઘડવાનું, દોરવાનું અને જીવન સંગ્રામ માટે કાયમનું યોગ્ય રાખવાનું છે એમ પ્રજાએ શ્રધ્ધાપૂર્વક માન્યું છે.

સમયના વહેવા સાથે સાંપ્રદાયિક સંસ્થાઓમાં અતિમોટા ફેરફારો થઇ ગયા છે. કોઇ કોઇ સ્થળે તો મૂળ આદર્શોને ભૂલી જવાયા છે. અને તેને બદલે તદ્દન ઉલટા આદર્શો સેવાય છે. પોતા પાસે હોય તે પણ ત્યાગીને, ફકીરી લઇ જનકલ્યાણ માટે નીકળી ચુકેલા માનવીઓ સંસ્થાના મૂળ ધ્યેય કે માર્ગને દૂર મૂકી, તેના ત્યાગી, ચારિત્રવાન અને ઉન્નત જીવનમાર્ગી માનવના નામ ઉપર જાગીરો, ગાદીઓ કે તેવી કોઇ ધાર્મિક વિશ્વાસતો જમાવીને આજે બેઠા છે એટલે આ જાતની સાંપ્રદાયિક સંસ્થામાટેનો પદાધિકારી મેળવવામાં મુખ્ય હેતુ તો ગાદી ટકાવી રાખવાનો, ચોરાતો વંશ રાખવાનો અને ગાદીની આસપાસ સાંપ્રદાયિકતા ટકાવે તેવા માણસોનો સમુહ એકઠો કરવાનો હોય છે. સિદ્ધાંતપ્રેમ કે પ્રજાની સેવા કરવાનો હેતુ ભાગ્યેજ દેખાય છે. કોઇ કોઇ સ્થળે સંસ્થાના ગાદીધરો સંસાર માંડે છે અને સામાન્ય સત્તાવાન સંસારી કરતાં વધુ વૈભવ ભોગવે છે. ફેરમાત્ર એટલોજ કે એક ધાર્મિકભીખ ઉપર જીવે અને બીજો પોતાના શ્રમ ઉપર. આવી સંસ્થાનો દીક્ષાનો ઉમેદવાર કાંતો ગાદીધરનો વારસદાર હોય કે ગાદીધરે કે સંસ્થાના સંચાલકોએ પ્રજામાંથી શોધી કાઢેલો હોય. સ્વયંભૂ વૃત્તિથી આકર્ષાયલો ભાગ્યેજ હોય. આવા પંથના સાધુઓ ગાદીને માનવાવાળા અને તેના આશ્રિત જેવાજ હોય છે. અને લગભગ "લાગાં" હકકની રૂએ ફરજિયાત દેવાતી ભીખ ઉપર નભે છે.

કોઇ કોઇ સંસ્થાઓજ માત્ર પોતાના આદિ પુરૂષોના બોધેલા સિધ્ધાંતો, બતાવેલો જ્ઞાન પ્રકાશ, અને સુચવેલો જીવન-માર્ગ ચાલુ રાખી રહેલી છે અને પ્રજાને તે તત્વો હજુ પણ બોધી રહેલી છે અને આ કાર્ય માટેજ પોતાનો વંશવેલો ચાલુ રહે તેમ ઇચ્છે છે. આ બાબતનો સંપૂર્ણ વિચાર આપણે કરીએ તે પહેલાં કેટલી એક સામાન્ય બાબતો વિચારી લઇએ.

સાંપ્રદાયિક દીક્ષા મોટે ભાગે જીવનકાળની હોય છે. બૌદ્ધ માર્ગીઓમાં નિયમ છે કે ગમે તે દરજ્જાનો માણસ હોય પણ તેને ફરજિયાત અમુક સમય પુરતી તો સાધુ દીક્ષા સ્વીકારવીજ પડે છે. સાધુજીવન અને ત્યાગનું સન્માન કરવાની વૃત્તિ આ નિયમમાં હોય તેમ લાગે છે. આવો દીક્ષિત જ્યારે ઇચ્છે ત્યારે પુનઃ પોતાની દુનિયામાં પ્રવેશી શકે છે અને સમાજ તેને સત્કારે છે.

ખ્રિસ્તી લોકો પાદરીઓ તૈયાર કરતી શાળા (College of Divinity) માં અભ્યાસ કરી ઉત્તીર્ણ થયા પછી જ સાધુ થઇ શકે છે અને સમાજ તેને ત્યારેજ સ્વીકારે છે.

દીક્ષા સંબંધી ઉંડો વિચાર કર્યા પછી એમ લાગે છે કે જેની પાછળ અમુક સિદ્ધાંત કે ધ્યેય છે અને જ્યાં જ્ઞાન પ્રકાશ આપવાની કે જન સમાજને દોરવાની કલ્પના છે તેવા સંપ્રદાયો કે સંસ્થા માટે કંઇ વિચાર કરવો યોગ્ય છે. બાકીની ગાદીધારી, મઠધારી કે જાગીરી સંસ્થા કે પ્રજાને અમુક ક્રિયાકાંડો કરાવી સાંપ્રદાયિકતાં ટકાવવા માટેનાજ ધ્યેયવાળી સંસ્થાનો વિચાર કરવાની કશીજ જરૂર નથી. સંસારીની વંશવેલી કે આવી સંસ્થાની વંશવેલી વધારવાની વૃત્તિ લગભગ સરખી છે. એટલે સામાન્ય સંસારીઓ કરતાં એને વિશેષ મહત્વ આપવું યોગ્ય લાગતું નથી.

અમુક સિધ્ધાંતો ઉપર રચાયલી ભાવનાપ્રેમી સંસ્થાઓ માટે અમુક પ્રકારનો ખાસ વર્ગ છે. જે "સાધુ" ના સુંદર નામે ઓળખાય છે. આવા સાધુજીવનના સિદ્ધાંતિક સ્વરૂપને તપાસીએ તો જરૂર લાગ્યા વિના નજ રહે કે "માનવ જાતનું વિકસિત સ્વરૂપ તે સાધુ". આજનાં સમાજનું છેલ્લામાં છેલ્લું વિકસિત સ્વરૂપ જેમ સમાજવાદ – સામ્યવાદ છે. તેમ માનવીનું વિકસિત સ્વરૂપ સાચો સમાજવાદી–સામ્યવાદી છે. "સાધુ અને સમાજવાદી" અતિ નિકટ છે; એટલેજ એમ લાગે છે કે જે સંસ્થામાં આ જાતનું ધ્યેય અને ધ્યેય-વાદીઓ છે તેની ગાદી તેના પદનો અધિકારી પ્રજા તેવીજ તૈયારીવાળો, લાયકાતવાળો અને સંસ્કૃતિવાળો હોવોજ જોઇએ, તે તદ્દન સ્પષ્ટ વાત છે.

અગાઉ આવા જીવનનો ઉમેદવાર તો "આત્મ કલ્યાણ" ને જ લક્ષ્યમાં રાખીને બહાર પડેલો. પરન્તુ તેનો સ્વીકાર કરનારી સંસ્થાનો હેતુ દીક્ષાના ઉમેદવારના આત્મકલ્યાણ ઉપરાંત તેના દ્વારા અમુક જાતનું કામ કરાવવાનો પણ હતો.

(૧) ઉત્તરોત્તર જ્ઞાન કંઠસ્થ કરી પ્રજાને પહોંચાડવું. શરૂઆતમાં છાપવાની કળા તો નહોતીજ પણ લખવાનું પણ બહુજ ઓછું હતું. શિષ્યો ગુરૂપાસે બેસી વર્ષો સુધી પઠન કર્યા કરતાં અને બધું જ્ઞાન, શાસ્ત્રીયવાતો કંઠસ્થ કરતાં. 'શ્રુત યુગ' માં શાસ્ત્રો સૂત્રમાં હતા. જેની ઉપરના ભાષ્યો પણ ગુરૂઓ મોઢેથીજ શિષ્યોને બતાવતા. શાસ્ત્રોના વિભાગો પાડી એકેક શિષ્યને આપવામાં આવતો. સકળ શાસ્ત્ર માટે તે વખતે ઘણા શિષ્યોની જરૂર રહેતી.

દેશભરમાં ફરી વળવા માટે, અન્ય ધર્મીઓ સાથે વાદવિવાદ કરવા માટે, સાધુઓના ટોળાંઓ ફરતાં. ઉપરાંત તે વખતનું ગૃહસ્થજીવન પણ લગભગ ત્યાગી જેવું ઓછી ઉપાધિવાળું હોવાથી ત્યાગ અને સંયમ સ્વીકારવો તેને આકરો ન પડતો.

લખવાની અને છાપવાની કળા ધીમે ધીમે વધતી ગઇ. અને સાધુઓએ કરવાનું કાર્ય પુસ્તકોએ કરવા માંડયું. આજે તો એવો સમય આવી ગયો છે કે અતિ અલ્પખર્ચે દરેકે દરેક વિભાગના છપાયલા શાસ્ત્રીય ગ્રંથો પુરતા પ્રમાણમાં મળી શકે તેમ છે. લોકોની વાંચનની અભિરૂચી જાગી છે એટલે હવે તો સાધુની પાસે બેસી સાંભળવાની વાત ઘર આંગણે વાંચી શકાય છે.

જો જ્ઞાન આપવા માટે જ સાધુ વર્ગનો ખપ હોય તો તે ખપ પૂર્ણ થયો છે. હવે તે માટે સાધુઓની અગાઉ જેટલી જરૂરિયાત નથી! પણ ખરી વસ્તુ એમ નથી. સાધુનું ખરૂં કામ તો "જીવનનો ખરો અભરો" પ્રજા પાસે બતાવવાનો, જાતિ અનુભવથી બોધવાનો, અને શાસ્ત્ર તથા માનવજીવનનો સમન્વય કરી આપવાનો છે. જેમ વૈજ્ઞાનિક ક્ષેત્રમાં અમુક માણસો Specialist નિષ્ણાત હોય છે તેમ સાધુ એ સાંસારિક, ધાર્મિક અને માનવજીવનની બાબતમાં Specialist જેવા ખરેખરા કુશળ માણસો સમજવાના છે. પ્રજાજીવનનો સંપૂર્ણ ખ્યાલ, તેના સંજોગોનું પૂર્ણ જ્ઞાન, સમયધર્મની જાગતી સમજ અને મહાન પુરૂષોએ બોધેલો માર્ગ એ બધાનું જીવતું જાગતું મૂર્તિમંત સ્વરૂપ બનીને પ્રજા પાસે જીવંત સિધ્ધાંત સ્વરૂપ બની જવાનું કાર્ય સાધુનું છે. જીવનના પ્રત્યેક સુંદર કાર્યને પ્રજા સાધુ જીવનમાં આરસીની માફક જોઇ શકે. આવી જીવતી આરસી બનવાનું કાર્ય સાધુનું છે. નમુના વિના નવીન નિશાળિયો કંઇ ન શીખી શકે તેથી જે સંસારીને શીખવવા માગે છે તેમાં Model પ્રતીક બનવાનું કાર્ય સાધુનું છે. એટલે સાધુના મુખ્ય કાર્ય બે છે.

(૧) જ્ઞાન પ્રજામાં ફેલાતું રાખવું.

(૨) ઉન્નત જીવનના પ્રતીક બની પ્રજાને ખરો મૂર્તિમંત આદર્શ પૂરો પાડવો અને તે રીતે સામાન્ય માનવજીવનને ઘડવામાં, દોરવામાં, અને યથાસમયે તેનું વહેણ બદલવામાં પુરા સહાયક થવું.

પહેલું કાર્ય છાપવાની કળાએ કરી નાખ્યું. માનવજીવન અને સિધ્ધાંતનો સમન્વય કરી જીવનને વળાક આપવાનું અને જીવંત પ્રતીક બનવાનું અતિ મહત્વનું કાર્ય સાધુ સિવાય બીજા કોઇથી થઇ શકે તેમ નથી. આ કામ છાપખાનાની, ભાષાની કે વાણીની પરનું છે. એ તો જીવતા જાગતા માનવીનું કાર્ય છે. આજે જગતને, ડોળાયેલી દુનિયાને સાધુનો આટલા કામ પૂરતો જ ઉપયોગ છે. અને આ ઉપયોગ માટે જ સાધુ પોતાનો વંશવેલો ચાલુ રાખવા માગે છે.

આ કામ ન કલ્પી શકાય તેટલું વિકટ છે. અનેકવિધ પૂર્વતૈયારી માંગે છે. આ કાર્ય વજ્રકાય અને પકવ નિશ્ચયી માણસોની અપેક્ષા રાખે છે. સમાજ સમગ્ર સામે સંપૂર્ણતાનું પ્રતિક બની શકે તેવો બત્રીશલક્ષણો માગે છે. પણ.....આજે આપણે શું જોઇએ છીએ? ગમે તેને ગમે ત્યારે ગમે તે પ્રકારે આ અતિ ઉચ્ચ, તરીને તારવાના સ્થળ ઉપર બેસાડી દેવામાં આવે છે. કોઇ કોઇ સ્થળે તો ખરીદીને પણ! સવારે વાસણ માંજતો માનવી કોઇ પણ પ્રકારની પૂર્વ તૈયારી વિના સાંઝે સાધુ બની નમન ઝીલતો થઇ જાય છે! "ચખપલબ્ધ-હંગ મર ટપર" કરતો સરસ્વતી-રિપુ એ પદ સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે. બીજાનું તો ઠીક પણ પોતાનું પણ ન સંભાળી શકે તેવો નિર્માલ્ય માણસ આજનો 'ગુરૂ' બની ઉચ્ચાસને બિરાજી જાય છે. અનેકના વ્યાજબી કરૂણ રૂદનની દરકાર કર્યા વિના રડતી; પીડીત દુનિયાના આંસુ લુછવા બહાર પડે છે. જીવનને આવરી રહેલા કષાયો જીત્યા વિના, બીજાને સંસારની ભ્રમજાળ, માયામાંથી છોડાવવા બહાર પડે છે. હજુ ઘડી પહેલા અનેક પ્રકારના જુઠાણા અનીતિ અને ભયંકર હિંસા આચરનારને બીજી ઘડીએ પંચ મહાવ્રતધારી બનાવી દેવાય છે ત્યાં કહો તે સિધ્ધાંતનું પ્રતીક કેમ બની શકે? જીવંત આદર્શ કયા ગુણ ઉપર થઇ શકે? તે કોનું શું કલ્યાણ કરી શકે?

ઇતિહાસ વાંચતા જણાય છે કે ઠગ, પીંઢારા, ચાંચીઆ કે તેવા પ્રજાપીડકો પોતાના વર્ગમાં પ્રવેશવા ઇચ્છનાર પણ દીક્ષાની આકરી કસોટીમાંથી પસાર થાય ત્યાર પછીજ તેને પોતામાં સમાવતા. ખુની બહારવટીયા પણ નવીન ઉમેદવારની નાડી અને જીવન જોતાં, પાછલા કર્તુકો જોતાં, તેની દુઃખ અને વિટંબણા સહવાની તાકાત જોતાં, કણીએ કણીએ કાયા કપાવીને પણ ગુપ્તતા જાળવવાની દૃઢતા જોતા પછીજ તેનો સ્વીકાર કરતા. જ્યારે તે બધા કરતાં અનેક ગણું કપરૂં, કસોટીવાળું, અને ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું જગત કલ્યાણ કરનારૂં સાધુત્વ આજે ગમે તેવા તે સ્વીકારી શકે છે. વંશવેલી વધારવાની આ કરૂણ તાલાવેલી અને નિર્માલ્યતા માટે શું કહેવું? ઠગ અને પીંઢાર જેટલું પણ ડહાપણ શિષ્યઘેલડા સાધુ નથી દાખવતા! આજુબાજુના બીજા સંજોગોની બાબતમાં નિર્જીવ પુસ્તક પાનાઓ ઉપર નિર્ભર રહી પ્રજાને ગમે તે રીતે સમજાવી દેવામાં આવે છે! ચોધાર આંસુએ રડતાં અપંગ અશક્ત માવિત્રો, ગૃહસ્થાશ્રમમાં પગલા માંડતી મુંગી ગભરૂ પત્ની, નિરાધાર બાળકો અને એવા એવા અનેક કરૂણ દ્રશ્યો કરતાં- વધુ વજન શાસ્ત્રના પાનાને આપીને ઉમેદવારની લાયકાત પૂરવાર કરવામાં આવે છે!

સાધુઓની આ જાતની ચેલક ઘેલછાએ પ્રાચીન સનાતન સત્ય માર્ગને બોધનારી સંસ્થામાં એવી જાતના નિર્માલ્યો, દુષિતો ભેગા કરવા માંડયા છે કે થોડા વખતમાં આવી સુંદર સંસ્થાનું કલેવર પ્રાણવિહિન થઇ જશે. માત્ર મુડદુંજ રહેશે. આજના સાધુ વર્ગમાંથી ચેતન જતાં ચેતન પૂજા કરવાની કે ચેતનના તણખા ઝીલવાની તાકાત પણ કયાં બાકી રહી છે. આટલા ઉપરથી તો જ્ઞાનીઓએ નહિ કહ્યું હોયને કે ધર્મચાળણીએ ચળાશે?

અગાઉના વખતમાં સાધુ સાધુજીવનમાં પ્રવેશ કરતી વખતથીજ કપરી કસોટીએ ચડતો. ગુરૂ કસોટી કરતા, આકરૂં વિકટજીવન, પરિષહ, અને દીલ-દેહની બધી વૃત્તિનું સમજપૂર્વક દમન કરી કરીને આગળ ધપતો. આ ઉપરથી તેઓની દ્રષ્ટિમાં અમુક પ્રકારનું માનસશાસ્ત્રનું જ્ઞાન આવી જતું જેથી સાધુમાર્ગના ઉમેદવારને જોતાંજ તેને પીછાણી જતા. ભાગ્યેજ ભૂલ કરતા. દીક્ષા આપ્યા પહેલા અને પછી પણ પાકી તૈયારી રહેતી. ઉપરાંત આજના જેવું રંગીલુ વાતાવરણજ ત્યારે નહોતું. આજે ગુરૂ વાસણ માંજતો માંજતો ગાદીએ બેઠેલો હોય છે તે અનુક્રમે બુટ પોલીશ કરનારને પોતાની જગ્યાએ બેસાડી દે છે. માનવ અને માનસપરીક્ષા કરવાની શક્તિને અભાવે, અને પોતે પરીક્ષામાંથી પસાર થયેલો ન હોવાથી પરીક્ષા કેમ કરવી તે પણ જાણતો નથી હોતો. સાધુ સંસ્થાનું ઉચ્ચું ધોરણ આ રીતેજ નીચું આવ્યું છે. અગાઉની બાળ-દીક્ષાના બચાવમાં આટલોજ જવાબ હોય શકે.

આજે ધર્મ-કર્મ પ્રીતિનો નાશ સર્વત્ર દેખાઇ રહેલો છે. પ્રત્યેક સંપ્રદાય પોતાની જનસંખ્યા ઘટતી જતી માને છે તેથી ગમે તે રીતે ગમે તેવાને દાખલ કરી સંખ્યા ટકાવવા માગે છે. માનવજીવનની સારમાણસાઇ ઓછી દેખાય છે. વ્યવહારની ખાતર કોઇ અમુક ધર્મના છે એમ મનાવે છે તો કોઇ રાજ-દ્વારી કારણે કે કોઇ અંગત સ્વાર્થની ખાતર અમુક ધર્મના બની રહે છે, જ્યારે હૃદય તદ્દન કોરૂ ધાકોડ હોય છે. જેમ એક કવિ કહે છે કે :-

"સંસાર હે રોટી ધર્મ હે ચૂરણ."

તેમ સંસારરૂપી રોટી હજમ કરી જવા માટે, પચાવી જવા માટે ધર્મરૂપી ચૂર્ણ માણસ વાપરે છે. આ જાતની મનોદશા માટે કોણ જવાબદાર? સાધુઓજ! છેલ્લા દશ પંદર વર્ષમાં સાધુઓને એકથી બીજા કારણે જે શિષ્યો મેળવવાની ઘેલછા લાગી છે અને તેથી આખું સાધુજીવન કલુષિત થઇ ગયું છે તેનો કાળો ઇતિહાસ હવે જગતથી અજાણ્યો નથી! સાધુઓએ આંધળાની આંખ જેવા બાળકોને ચોર્યા છે! સાધુઓએ સંસારમાં પગલાં માંડતી પત્નીના સમજ વગરના પતિઓને ચોરી નારી જીવન ઉપર ભયંકર જુલ્મ કર્યો છે! છતા માવિત્રોએ બાળકોને નમાયા-નબાપા અનાથ બનાવી-દેશની ભાવી દોલતની પ્રગતિ રૂંધી છે! માબાપોને લાંચો આપી તેના બાળકો વેચાવ્યા છે અને તેને મૂંડી નાંખી સાધુપદે સ્થાપ્યા છે! અને આ રીતે પોતાનું શાસન-સત્તા-ચલાવી છે. આ બધાનું પરિણામ સાચા જીવનને બદલે નાટકીય જીવનમાંજ આવ્યું છે. વેષ સાધુનો પહેરવા છતાં પણ દીલ તો વાસણ માંજનારનું કે મૂળ હતું તેવું જ રહે છે. આ જાતના ગુરૂઓનો, સાધુઓને ભરોસે સમાજ પડયો છે. આવા પાસેથી સમાજ માર્ગસૂચન અને દોરવણી માગે છે. કેવી રીતે દોરશે, કયાં દોરશે તે કોણ કહી શકે? પણ એટલું તો ચોકસ છે કે આવા પરપીંડ જીવિત કીડાઓનો બોજો જરૂર સમાજને ઉચકવો પડશે! એ આર્થિક ખોટ જેવી તેવી નથી.

અયોગ્ય દોરવણીથી પ્રજાની જે વિકૃતિ થઇ રહેલ છે, પ્રજાજીવનનું સત્યાનાશ વળી રહેલું છે. તે કલ્પી શકાતું નથી. પ્રજા જીવનમાંથી આની અસર કાઢતાં પણ સદીઓ લાગે છે. હિન્દુ સમાજને કપાળે ચોંટેલી કેટલીએક સામાજીક અદીઓ તે વિકૃતિના જીવન દૃષ્ટાંતો છે!

સાધુ થઇ કલ્યાણ સાધવા નીકળેલો માનવી પણ અમુક વખત જતાં ભૂલાવામાં પડી જાય છે. ખરી વસ્તુસ્થિતિ દેખી કોઇ કોઇ હિંમત કરી નાસી છૂટે છે. બાકીના વેષ નિભાવી બેસી રહે છે. થોડી ઘણી વાચાળતા-થોડી ઘણી વાતચીત કરવાની કુશળતા કેળવી સમાજને આસ્વાદ બનાવી જાય છે. પણ કલ્યાણ તેથી થતું જાતનું કે બીજાનું.

અચાનક ગુરૂપદ મળી જતાં, સંસારીઓ તરફથી વિનય ભાવે મળતાં સન્માન અને સદ્‌ભાવનાને તે જીરવી શકતો નથી. જીરવવા જેટલી ધીરજ ધારી શકતો નથી. તેથી અપાત્રે દાનની માફક તે અહંભાવ તરફ પ્રેરાય છે, જે તેને સાધુતાથી દૂર કરે છે. જગત પાસેથી સાચી સમજ મેળવવાને બદલે, પોતાની ત્રુટીઓ દૂર થાય તેવું જ્ઞાન મેળવવાને બદલે, તે જગતને અકાળે બોધનારો અને જનતાનું વંદન ઝીલનારો બની જતાં સત્ય જ્ઞાનથી વંચિત રહે છે! જગત સાધુ વેશમાંજ બધું જોવાની આદત વાળું બની ગયેલું હોવાથી ધીમે ધીમે તે ત્રુટીઓ તજવાને બદલે તે છૂપાવતો થઇ જાય છે. છેવટે તે ત્રુટીમાં સંપૂર્ણ પાવરધો થઇ જગતની આંખે પાટા બંધાવી શકે છે. અને સંસ્કૃતિનો હત્યારો આ રીતે બની જાય છે.

જગતને કંઇ સામુ આપવાની પૂર્વ તૈયારી, શક્તિ, કે જ્ઞાન ન હોવાથી પરપીંડજીવી થઇ સુસ્તજીવન જીવતો, સવારથી સાંઝ સુધી મહેનત કરી રોટી રળનાર સંસારી ઉપર બોજા રૂપ થઇ પડે છે. આથી તે વ્યક્તિનો સંપૂર્ણ તેજોવધ થઇ જાય છે, આત્મા હણાય છે. અને સાધુ એટલે તરીને તારનારો મટી બુડીને બુડાડનારો બને છે. ધાર્મિક શ્રધ્ધાને કારણે કે સંપ્રદાયના મોહને કારણે અપાત્રને નેતા બનાવી, સુકાની બનાવી, સમાજ દિવસે દિવસે વેવલો, વહેમી, પાખંડી, રૂઢિગુલામ અને પતિત થાય છે-સંસાર સુસાર-સ્વર્ગ મટી નર્કાગાર બને છે.

આ ભિષણ વિકૃતિ અટકાવવા માટે—

(૧) જ્યાં સુધી શિષ્યને દીક્ષા દેનારા ગુરૂઓ પોતે આત્મશુદ્ધિ કરી ઉંચુ જીવન જીવતા ન થાય ત્યાં સુધી દીક્ષાની પ્રવૃત્તિ અટકાવી દેવી.

(૨) સાધુ માર્ગના ઉમેદવારને લાંબો વખત તૈયારી માટે આપવો. અને સમાજના સાર્વજનિક કાર્યોમાં તેને જોડવો કે જેથી સાધુજીવન માટે શક્તિ, જ્ઞાન, અને સમજનો તે સંચય કરી શકે. દીલમાં રહેલી સાધુતાનું માપ પણ આ જાતની સેવાથી નીકળી શકશે.

(૩) જ્યાં જ્યાં અયોગ્ય દીક્ષા લાગે ત્યાં ત્યાં તેનો બોજો સમાજે ઉપાડવાનો ઇન્કાર કરવો અને તેને સાધુ તરીકેનું માન આપતા અટકવું.

× × ×

અયોગ્ય દીક્ષિત સાધુ કાચા પારા જેવો છે, જે સમાજ-શરીરને ફોડી નાંખે છે. પકવ થયા પછીજ જે સમાજને આપવામાં આવે તો તે અનેક રોગને કાઢી નુતન જીવન આપી શકે છે. આટલું શિષ્યોના ધાડીયાં ભેગા કરતા માનવ મકોડાના મદારીઓ સમજે તો કોયડાનો ઉકેલ સહેલો છે.

વ્રજલાલ મેઘાણી.

સામયિક સ્ફુરણ

ઉંદર ઉપર ગણપતિ

પુરાણ કથાઓમાં દેવો અને તેમનાં વાહનો પરસ્પર પ્રમાણને ધ્યાનમાં રાખીને કલ્પાયલાં જોવામાં આવે છે. દાખલા તરીકે વિષ્ણુ અને ગરૂડ, શંકર અને વૃષભ પાર્વતી, અને સિંહ, કાર્તિક અને મયૂર ગંગા અને મગર વગેરે. આની અંદર વાહન વિશાલકાય અને ભવ્ય અને તે ઉપર પ્રતિષ્ઠિત દેવ તનુકાય અને સુંદર, આ કલ્પનામેળમાં ઉંદર અને ગણપતિ અપવાદ રૂપ લાગે છે. ક્યાં નાનો સરખો ઉંદર અને ક્યાં ગજકાય ગણપતિ ? આ બન્નેનો મેળ વિચિત્ર કહેગો અને તેથી ખરેખર હાસ્યાસ્પદ લાગે છે.

સાધારણ રીતે કોઇ પણ સમાજ હિતકારી સંસ્થાનું મકાન જ્યારે બંધાવવામાં આવે છે ત્યારે કોઇ સારા પવિત્ર માણસને હાથે તે સંસ્થાનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવે છે. ઉદ્‌ઘાટન કરનાર સારો અને પવિત્ર માણસ એટલા માટે પસંદ કરવામાં આવે છે કે તેના આશીર્વાદથી જે ઉદ્દેશપૂર્વક મકાન આપવામાં આવ્યું હોય છે તે ઉદ્દેશ પાર પડે એવી આપણી સામાન્ય માન્યતા હોય છે. ઉદ્‌ઘાટન વિધિ એટલા માટે કરવામાં આવે છે કે તે નિમિત્તે સંસ્થાની જનતામાં ઠીક ઠીક જાહેરાત થાય એટલુંજ નહિ પણ સંસ્થાના ફંડમાં એ નિમિત્તે અભિવૃધ્ધિ થાય. પચીસ પચાસ હજારના મકાન પાછળ બસો કે પાંચસો રૂપીઆ આવા ઉદ્‌ઘાટન કાર્ય પાછળ ખરચાય તેના ઔચિત્ય વિષે કોઇ એમત ધરાવતું નથી. પણ આજ કાલ કોઇ કોઇ ઠેકાણે જુદા જ પ્રકારનો વ્યવહાર શરૂ થયો લાગે છે. થોડા વખત પહેલાં રાંધણપુર નિવાસી શેઠ રતિલાલ વાડીલાલે રાંધણપુર ખાતે એક આરોગ્ય ભુવન બંધાવ્યું. એ આરોગ્ય ભુવનમાં રૂ. ૬૮૦૦૦) લગભગ ખરચાયા છે. એવી અટકળ બાંધવામાં આવે છે. આ ઉદ્‌ઘાટન રાંધણપુરના નવાબ સાહેબને હાથે કરાવવામાં આવ્યું. આ નવાબ સાહેબ બીજા નવાબો કે રાજા મહારાજાઓથી જરાપણ જુદી ભાતના છે એમ માનવાને કશું એ કારણ નથી. આ આરોગ્ય ભુવનનો ઉદ્‌ઘાટન સમારંભ બહુ જ મોટા પાયા ઉપર કરવામાં આવેલો અને તે પ્રસંગે શેઠ રતિલાલભાઇ મુંબઇના મોટા જાણીતા શેર દલાલ હોઇને મુંબઇથી મોટા મોટા શ્રીમાનોને તોતરવામાં આવેલા. આ આખા સમારંભમાં વીશ પચ્ચીશ હજાર વપરાયા એવી લોકવાતો ચાલે છે. લોકવાતો સાધારણ રીતે અતિશયતાનું અવલંબન લે છે એમ સમજીને આપણે એમ માનીએ કે એ સમારંભ પાછળ વીશ પચ્ચીશ નહિ પણ પંદરેક હજાર તો ખર્ચાયા જ હશે. આમ હોય તો પણ આમાં અને ઉંદર–ગણપતિના પ્રમાણભંગમાં જરા પણ ફરક દેખાતો નથી. ફરક હોય તો એટલો જ કે ઉંદર ઉપર બેસનાર ગણપતિ કેવળ કાલ્પનિક છે જ્યારે આરોગ્યભુવન જેવો એક સાધારણ મકાન પાછળ થયેલો આવડો ગંજાવર ઉદ્‌ઘાટન ખર્ચ સત્ય હકીકત છે. જેટલી રકમમાંથી મોટી સંસ્થા ઉઘાડી શકાય તે કેવળ ચાર દિવસના ચાંદરણા જેવી મેમાનગતી અને ધાંધલ ધમાલમાં ખરચી નાંખવાનો અર્થ શું ? આની પાછળ આપ બડાઈ અને પોતાની વાહવાહ બોલાવવાની વૃત્તિ સિવાય બીજું શું હોઇ શકે ? દ્રવ્ય બેજી જાય અને સમજુ જનતા આપણો ઉપહાસ કરે બે સિવાય આનું બીજું શું પરિણામ હોઈ શકે ? 'વરઘોડે વાણીયો' એવી પ્રુલણજી વાણીયા વિષે પ્રચલિત કહેવત છે. દુનિયા સુધરે અને આગળ વધે પણ આપણે શું હતા ત્યાંને ત્યાં જ રહેવાના?

શકુન્તલા જૈન કન્યાશાળા

વળી પાછા ત્યાંના ત્યાં !

શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલની ઉદાર સખાવત અને તેમણે એકઠી કરેલી આર્થિક સહાયોના પરિણામે માંગરોળ જૈન કન્યાશાળા શ્રી. શકુન્તલા જૈન કન્યાશાળામાં પરિણમી છે અને થોડા સમયમાં સુસંપન્ન ગર્લ્સ હાઇસ્કુલમાં રૂપાન્તર પામશે એવી આશા રાખવામાં આવે છે. આ કન્યાશાળા માટે તાત્કાલિક પ્રશ્ન પોતાનું મકાન બંધાવી લેવાનો છે. સરખી જગ્યા અને મકાનના અભાવે હાલ તે ભાડાના મકાનમાં પોતાનું કાર્ય ચલાવે છે. આ મકાન ક્યાં બાંધવું તે પ્રશ્ન હજુ અનિર્ણિત સ્થિતિમાં છે. આ પ્રશ્ન સંબંધે કન્યાશાળાનું મકાન જૈનો જ્યાં વિશેષ પ્રમાણમાં વસતા હોય તેવા ધીચ લતામાં બાંધવું કે જરા દૂર ગણાય એવી ખુલ્લી હવાવાળી છુટી જગ્યામાં બાંધવું એ બે વિકલ્પો ચર્ચાઇ રહ્યા છે. થોડા સમય પહેલાં મકાન માટે ખુલ્લી જગ્યા પસંદ કરવામાં આવશે એમ ધારવામાં આવતું હતું. આજે પાછું મુખ્ય જવાબદાર અધિકારીઓનું ધ્યાન ધીચ લતા તરફ આકર્ષાતું સાંભળવામાં આવ્યું છે.

મુંબાદેવી પાયધુની જેવા ધીચ લતામાં બંધાયેલી પન્નાલાલ હાઇસ્કુલનો અનુભવ આ પ્રશ્નનો નિર્ણય કરવા પહેલાં જાણી વિચારી લેવો ઘટે છે. આ હાઇસ્કુલને ક્રિડાંગણ જેવું કશું છેજ નહિ. આજે આ હાઇસ્કુલમાં પાંચસોથી છસો વિદ્યાર્થીઓ ભણે છે. તેના સંચાલકો આ હાઇસ્કુલનો ગમે તેટલો વિકાસ કરવા ઇચ્છે છતાં આજની સંખ્યાથી વધારે સંખ્યાનો સમાવેશ આ મકાનમાં થઈ શકે તેમ નથી તેમ જ કોઇપણ બાજુએ વિશેષ બાંધકામ પણ શકય નથી. શાળાને જરૂરી શાન્ત વાતાવરણ અહિં લભ્ય જ નથી. આજે ધીચ લતામાં આવેલી નીશાળો પણ પોતાનાં મકાનો બદલે છે અને છુટી જગ્યામાં જાય છે. ગોવાલીયા ટેંક ઉપર આવેલા મહાવીર જૈન વિદ્યાલય સંબંધે પણ શ્રી. મણિલાલ બાલાભાઇ નાણાવટીએ કહેલું કે મારૂં ચાલતું હોય તો આ આખું વિદ્યાલય વધારે ખુલ્લી જગ્યા ઉપર લઇ જાઉં. થોડા વખત ઉપર વીલેપારલેની હાઇસ્કુલનું નવું મકાન ક્યાં બાંધવું એ પ્રશ્ન ઉપર આવી જ તકરાર પડેલી. મધ્યવર્તી ધીચ જગ્યા પસંદ કરવી કે જરા દૂર પણ વિશાળ જગ્યા પસંદ કરવી. ભાવનગર સામળદાસ કોલેજ ફેરવવાનો સવાલ ઉભો થયો ત્યારે પણ શહેરીઓએ કોલેજને દૂર લઈ જવા સામે ખુબ અણગમો દર્શાવેલો. આજે આ બન્ને સ્થળના લોકોને દૂર પણ વિશાળ અને ખુલ્લી જગ્યાના લાભ પુરેપુરા સમજ્યા છે. શકુન્તલા કન્યાશાળાના કાર્યવાહકો આ અનુભવ ઉપરથી ધડો લે અને ધીચ લતામાં જગ્યાની પસંદગી કરીને ઉજ્વળ ભાવીની આશા આપતી અને અનેક સ્ત્રી પ્રવૃત્તિની કેન્દ્ર બનવાની શકયતા ધરાવતી સંસ્થાના ભાવીની મર્યાદા બાંધી ન લે એવી આપણે આશા રાખીએ. આવી કન્યાશાળા માટે જે કોઈ જગ્યા નક્કી કરવામાં આવે તે એવી અને એટલી હોવી જોઇએ જ્યાં શહેરની ધમાલ ઓછામાં ઓછી હોય, હવા અને પ્રકાશની પુરી છુટ હોય, ક્રિડાંગણ જોડાયેલું હોય, કમ્પાઉન્ડની દીવાલોથી સુરક્ષિતતા હોય અને ભવિષ્યમાં જરૂરિયાત મુજબ વિશેષ બાંધકામો થઇ શકે એટલી જગ્યાની છુટ અથવા તો સગવડતા હોય. કારણ કે એ કન્યાશાળાના કાર્યવાહકો જરૂર

ધ્યાનમાં લે કે આજે કેળવણી પામતી બહેનોની સંખ્યા ખુબ જ વધતી જાય છે. આજે જેટલી સંખ્યા આ સંસ્થામાં ભણે છે તેથી આવતા દશ વર્ષમાં બમણી અથવા તેથી વધારે કન્યાઓ ભણતી હોવાની જ છે. વિદ્યામંદિર અન્ન ક્ષેત્ર જેવું હોવું જોઇએ. સગવડના અભાવે આવતી કાલે વિશેષ વિદ્યાર્થીઓને લેવાની ના પાડવી પડે એવું કોઇ શિક્ષણસંસ્થાનું નિયોજન તેના સંચાલકોને માટે શોભાસ્પદ નહિ ગણાય. મકાન કયાં બાંધવું તેને લગતી આજની અનિશ્ચિત સ્થિતિમાં આટલી સૂચનાઓ અસ્થાને નહિ ગણાય એવી આશા છે.

મંગળમૂર્તિ મંગળાબહેનનું પરલોકગમન

શ્રીમતી મંગળા બહેનનું છેંતાલીશ વર્ષની અકાળ ઉમ્મરે ચાલુ માસની અગીયારમી તારીખે અવસાન થયું. જે પ્રકારની માંદગી અને જીવનવ્યથા છેલ્લાં બે વર્ષથી તેઓ ભોગવી રહ્યા હતા તે વિચારતાં તેમના માટે અવસાન સિવાય દુઃખ નિવૃત્તિનો બીજો કશો ઉપાય નહોતો. તેમના જવાથી જૈન સ્ત્રી સમાજને એક ઉત્તમ કાર્યકર્તાની ખોટ પડી છે. શરીર અત્યંત સુકુમાર હોવા છતાં સમાજસેવાની તેમનામાં ઉત્કૃષ્ટ ભાવના ભરેલી હતી. ચાર દિવસના ચાંદરણા જેવું તેમનું સૌભાગ્ય કંઇ કાળ પહેલાં લુપ્ત થયું હતું. વૈધવ્યને તેમણે પવિત્ર અને સેવાપરાયણ જીવનથી ખુબ શોભાવ્યું હતું. તેમણે જીવન જીવી જાણ્યું હતું અને આવતા મૃત્યુને પુરી પ્રસન્નતાથી વધાવ્યું હતું. તેમની સાદાઇ, સરળતા અને સ્નેહવત્સલતાને લીધે તેઓ અન્ય અનેક શ્રીમાન બહેનોથી જુદા તરી આવતા હતા. જ્યારે મળો ત્યારે તેઓ પ્રસન્ન જ હોય. પ્રેમથી કામ દેવું અને પ્રેમથી કામ લેવું એ તેમની ખાસીયત હતી. તેમનું આખું જીવન કેવળ કલ્યાણ ભાવનાથી અંકિત હતું તેમનો પવિત્ર આત્મા જ્યાં હશે ત્યાં શાંતિ જ અનુભવવાનો છે અને જગકલ્યાણને પોષવાનો છે. તેમના આદર્શ દૃષ્ટાંતમાંથી અનેક બહેનો પ્રેરણા પામે અને તેમના સેવાકાર્યને આગળ વધારે એવી આપણે આશા રાખીએ.

રાષ્ટ્ર આઝાદીયુદ્ધના પંથે

આપણા દેશનું રાજકીય વાતાવરણ દિનપ્રતિદિન ગરમ બનતું જણાય છે. જનયુઆરીની છવ્વીશમી તારીખે આખા દેશે સ્વાતંત્ર્ય દિન ઉજવ્યો. આ દિવસે રજુ થયેલાં લોકલાગણીનાં ભવ્ય પ્રદર્શનો ખરેખર પ્રોત્સાહક અને પ્રેરણાદાયી હતાં. ત્યાર પછી મહાત્મા ગાંધીજી વાઇસરોયને મળ્યા પણ કશું પરિણામ ન આવ્યું. રાષ્ટ્રીય મહાસભા અંગ્રેજ સરકારને હિંદ વિષેનું ધ્યેય સ્પષ્ટ કરવા અને વિગ્રહ પુરો થવા સાથે હિંદમાં સંપૂર્ણ જવાબદાર રાજતંત્ર સ્થાપવાનું વચન આપવા માટે વારંવાર કહી રહી છે સરકાર આ માંગણીનો ગોળ ગોળ જવાબ આપે છે અને કોમી અનૈકયની વાત આગળ ધર્યા કરે છે. આ કોમી અનૈકય સરકારની રાજનીતિને કેટલું આભારી છે એ વાત સૌ કોઇ જાણે છે. રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિએ તુરતમાં જ ભરાનાર રામગઢ મહાસભા સમક્ષ રજુ કરવાનો ઠરાવ પ્રગટ કર્યો છે. આ ઠરાવ સરકાર પાસે સંપૂર્ણ સ્વાતંત્ર્યની માંગણી કરે છે અને સરકાર આ માંગણી મંજુર ન કરે તો સવિનય સત્યાગ્રહની લડત ઉપાડવાનું સમસ્ત રાષ્ટ્રને આહ્વાન કરે છે. જેવી રીતે આજથી દશ વર્ષ પહેલાં લાહોરમાં ભરાયેલી મહાસભાએ આઝાદી યુદ્ધનું દ્વાર ખુલ્લું કર્યું હતું. તેવી જ રીતે રામગઢમાં ભરાનારી રાષ્ટ્રીય મહાસભા આઝાદી યુદ્ધને ફરી વખત નિમંત્રે અને રાષ્ટ્રના ચિરનિર્મિત ધ્યેયને હાંસલ કરવા તન મન અને ધનના અનર્ગળ ભોગની પ્રજાપાસે માંગણી કરે એવો સંભવ લાગે છે. રામગઢની મહાસભા શું કરે છે એ સૌ કોઇ ભારે કુતુહળ પૂર્વક જોઇ રહેલ છે.

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।

પરમ પાવની ભાગીરથી સ્વર્ગથી ઉતરી આવતાં શંકરની જટામાં અટવાઇ ગઇ અને તેમાંથી છુટતાં અનેક પર્વતો જંગલો અને ગામડાંઓ વટાવતી વટાવતી અને અનેક શહેરો અને ગામડાંઓની ગંદકી સંઘરતી સંઘરતી આખરે ખારા સાગરમાં મળી ગઇ અને ખારી ખારી બની ગઇ. આ પુરાણકથા ઉપરથી ઉપનય ઉતારીને કવિ ભર્તૃહરી કહે છે કે જે કોઇ માણસ એકવાર વિવેકભ્રષ્ટ બને છે. તેનું પતન પારવિનાનું થાય છે. આ ઉપનય મુસ્લીમ લીગના પ્રમુખ મહમદઅલી ઝીણાને સંપૂર્ણાંશે લાગુ પડે છે. એક વખતનો પ્રખર રાષ્ટ્રવાદી ઝીણા આજે એક કોમનો આગેવાન થઇ બેઠો છે અને જ્યાં ત્યાં કોમીવાદનો હુતાસ સળગાવી રહ્યો છે. રાષ્ટ્રીય મહાસભાનો એક વખત અગ્રગણ્ય નેતા આજે રાષ્ટ્રીય મહાસભાના અને એ રીતે સમસ્ત રાષ્ટ્રના પરમ શત્રુનું કાર્ય કરી રહેલ છે. આમ બનવાનું કારણ શું ? ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય મહાસભા પરિણામ શૂન્ય બંધારણ વાદમાંથી મુકત બની સીધી લડતના માર્ગે ચાલી અને ઝીણા જેવા અનેક વિનીતોએ રાષ્ટ્રીય મહાસભાનો પરિત્યાગ કર્યો. સૌથી પ્રથમ રહેવાની અને હોવાની એષણાવાળા ઝીણાનો મહત્વાકાંક્ષી આત્મા ઘવાયો. રાષ્ટ્રીય મહાસભાને છોડીને મુસ્લીમ લીગમાં પ્રથમ સ્થાન મેળવીને તેનો આત્મા સંતોષાયો. પણ આ સ્થાનાન્તર સાથે રાષ્ટ્રહિતને સદા પ્રાધાન્ય આપતા ઝીણાએ કોમીહિત અને કોમીઉત્કર્ષને જ એકાન્ત પ્રાધાન્ય આપવા માંડયું અને તે સાથે વિવેક અને પ્રમાણ બુદ્ધિ લુપ્ત થવા લાગ્યાં. આપણામાં કહેવત છે કે 'વટલી બ્રાહ્મણી તરકડીમાંથી જાય' એનો કોમી અર્થ ન વિચારતાં તાત્વિક અર્થ વિચારીએ તો આવી જ દશા મહમદઅલી ઝીણાની થઇ ગઇ. આજે તે જે કાંઇ બોલે છે તેમજ લખે છે તેમાં અને આપણા સ્વાતંત્ર્યના પ્રખર વિરોધી કોઇ અંગ્રેજમાં કશો જ ફેર દેખાતો નથી. ફેર હોય તો એટલો જ કે આપણો વિરોધી અંગ્રેજ આપણી વિરુદ્ધ બોલી લખીને આપણા જુદા જુદા વર્ગોને બરીરીતે સમીપ લાવે છે અને એક બનાવે છે. જ્યારે ઝીણા હિંદુ અને મુસલમાન વચ્ચે કોમી અન્તર અને ઝેરવેર વધારે છે અને એકને અન્યથી દૂર લઇ જાય છે. કોમી મદિરાથી મદોન્મત્ત ઝીણાને આજ સુધી સ્વીકારાયલી અનેક બાબતો હવે સંમત નથી. સરકારની આપખુદ રાજનીતિ સામે આપણે અને ઝીણા લોકશાસન પધ્ધતિ આજ સુધી માંગતા આવ્યા છીએ; આજે શ્રી. ઝીણા એમ કહે છે કે લોકશાસન પધ્ધતિ હિંદુસ્તાનને બીલકુલ પ્રતિકુળ છે. આપણે કહીએ છીએ કે હિંદુસ્તાન એક દેશ છે તો ઝીણા કહે છે કે હિંદુસ્તાન અનેક દેશોનો એક ખંડ છે. આપણે કહીએ છીએ કે હિંદી પ્રજા એક અને અવિભાજ્ય છે તો ઝીણા કહે છે કે હિંદી પ્રજા હિંદુ અને મુસલમાન બે મોટી અને બીજી અનેક પ્રજાઓનો સમુહ છે. રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય ધ્વજ, રાષ્ટ્રભાષા આ બધાની શ્રી. ઝીણાને આજે કોઇ અગત્ય સુગ છે. ખાદી અને ગ્રામોદ્યોગની વાતોમાં ઝીણાને ગાંધીજીની કેવળ બેવકુફી અને મુર્ખાઇ લાગે છે. આ બધું જોઇને આપણને એમ જ પ્રશ્ન થાય છે કે

આજથી વીશ પચ્ચીશ વર્ષ પહેલાંનો ઝીણા અને આજનો ઝીણા ખરેખર એક જ છે? કેવો અજબ કાયાપલટ?

સદ્‌ગત શ્રી. વિનાયક નંદશંકર મહેતા

આ જાન્યુઆરી માસની સતાવીસમી તારીખે ગુજરાતની એક ગૌરવમૂર્તિ શ્રી. વિનાયક મહેતાનું પંચાવન.વર્ષની ઉમ્મરે અલ્હાબાદ ખાતે અકાળ અવસાન થયું. શ્રી. વિનાયકભાઇના જીવનનો ઘણો ખરો ભાગ સંયુકત પ્રાન્તની સરકારી નોકરીમાં વ્યતીત થયેલો હોવાથી તેમના મોટાભાઇ શ્રી. મનુભાઇ જેટલા શ્રી. વિનાયકભાઇ ગુજરાતને પરિચિત નહોતા; પણ તેમની જીવન-કારકીર્દી કાંઇ ઓછી ઉજ્જવલ નહોતી. તેઓ સૌથી પહેલાં હિંદુ સીવીલીયન આઇ. સી. એસ.ની પરીક્ષા પસાર કરીને આવેલા ત્યારે મુંબઇની ગુજરાતી પ્રજાએ તેમનું ભારે સન્માન કરેલું. તેઓ યુ. પી. સરકારના સૌથી પહેલા ડીરેકટર ઓફ ઇન્ડસ્ટ્રીઝ હતા. કાશ્મીરના અર્થ સચિવ તરીકે તેમણે ત્રણ વર્ષ કામ કરેલું. બીકાનેરની મુખ્ય દીવાનગીરી પણ તેમણે થોડો સમય ભોગવેલી. યુ. પી. સરકારના ઉત્તરોત્તર અનેક મહત્વના અધિકારો તેમને પ્રાપ્ત થયેલા. અવસાન સમયે તેઓ યુ. પી. ના રેવન્યુ બોર્ડના સેક્રેટરી હતા. રાજકારણ ઉપરાંત સાહિત્ય, ઇતિહાસ, તત્વ-જ્ઞાન વગેરે અનેક વિષયોમાં તેમને ખુબ રસ હતો. ગ્રામોદ્ધારની પ્રવૃતિને તેમણે ખુબ વેગ આપ્યો હતો. સંસ્કૃત સાહિત્યના તેઓ પ્રખર અભ્યાસી હતા. તેમનું સૌજન્ય અને પ્રેમવાત્સલ્ય અનુપમ હતાં. ગુજરાતી સીવીલીયનોને તેઓ એક પિતા સમાન હતા. તેમના ઉર્ધ્વગમનથી ગુજરાતે એક પનોતો પુત્ર ગુમાવ્યો છે. તેમના પવિત્ર આત્માને આપણે પરમ શાન્તિ પ્રાર્થીએ.

સ્વ. ગિજુભાઇ સ્મારક.

બાલશિક્ષણના આદ્યદ્રષ્ટા કેળવણીકાર સ્વ. ગિજુભાઇને આજે કોણ નથી ઓળખતું? તેમનું સ્મરણ કાયમ રહે અને તેમનું જીવનકાર્ય ચાલુ રહે તે માટે એક વગદાર સમિતિ નિમ-વામાં આવી છે અને તે સમિતિએ એક વિજ્ઞાપન બહાર પાડયું છે જે અનેક દૈનિક-સામાહિક પત્રોમાં પ્રગટ થઇ ચુકેલ છે. આ સમિતિએ ગિજુભાઇએ 'રચેલું નુતન બાલશિક્ષણ સમગ્ર દેશવ્યાપી કરી શકાય તેવું સર્વાંગ સુન્દર બાલશિક્ષણનું મધ્યસ્થ કેન્દ્ર' સ્થાપવા માટે ગુજરાત અને બૃહત્ ગુજરાત પાસે એક લાખ રૂપીઆની માંગણી કરી છે. ગિજુભાઇની સેવા અને બાલ-શિક્ષણનું મહત્વ વિચારતાં આ માંગણી જરા પણ મોટી ન ગણાય. બાલશિક્ષણમાં રસ ધરાવનાર સજ્જન સન્નારીઓ આ કાળામાં જનતી રકમ ભરીને ગિજુભાઇની અજોડ સેવાની જરૂર કદર કરશે એવી આશા રાખવામાં આવે છે.

ભાષાશાસ્ત્રી પં. બેચરદાસનાં વ્યાખ્યાનો

મુંબઇ યુનીવર્સીટીની શ્રી. ઠક્કર વસનજી માધવજી વ્યા-ખ્યાનમાળાના આશ્રય નીચે અમદાવાદ જૈન સંઘથી એક વખત બહિષ્કૃત થયેલા-પ્રાકૃત-માગધી ભાષાના અજોડ અભ્યાસી પંડિત બેચરદાસે 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ' એ વિષય ઉપર થોડા સમય પહેલાં પાંચ વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યા હતાં. આ સંબંધમાં તા. ૧૮-૨-૪૦ ના અંકમાં જૈન પત્ર જણાવે છે કે

"શ્રીયુત બેચરદાસજીએ પ્રાચીન ભાષાઓનાં ઘડતર અને વિકાસ વિષે ખૂબ અધ્યયન કર્યું છે. બારમા સૈકાથી ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ શરૂ થઇ ત્યારથી માંડી અઢારમા સૈકા સુધીનો ક્રમવિકાસ એમણે આ પાંચ વ્યાખ્યાનોમાં ખૂબ જ પુરાવાઓ અને અવતરણો સાથે રજુ કર્યો છે. પ્રસંગોપાત એમણે "વ્યા-પક પ્રાકૃત" અને લૌકિક સંસ્કૃતના ભેદ પણ બોલી બતાવ્યા છે. સામાન્ય જનને આ વિષયો નીરસ લાગે, પરંતુ સાહિત્યના કોઇ પણ અભ્યાસીને એ મનોરંજક તેમજ બોધક નીવડયા વિના ન રહે. શ્રીયુત કૃષ્ણલાલ મો. ઝવેરી અને શ્રી. મુનશી જેવા ગુજરાતના અગ્રગણ્ય સાક્ષરો એ વ્યાખ્યાનોમાં આટલો રસ લે ત્યારે પંડિતજીના આવા વિશાળ વાચન અને અધ્યયન માટે કોઇ પણ જૈનને અભિમાન સ્ફુરે એ સ્વાભાવિક છે.

અભિમાન લેવા જેવી બીજી વાત એ છે કે ગુજરાતી ભાષાના વિકાસમાં જૈન સાધુ-મુનિઓનો બીજા બધાં કરતાં ઘણો મોટો હિસ્સો છે. એ સઘળું સ્પષ્ટ કરવા જૈન અભ્યાસી જ જોઇએ. પંડિત બેચરદાસજી કહે છે કે સાહિત્યક ગુજરાતીના આદિ વાલ્મીકિ આચાર્ય હેમચંદ્ર જ ગણાવા જોઇએ. અપભ્રંશ જો કે ગુજરાતીની માતા છે પરંતુ વૈદિક યુગના પ્રાકૃતની પણ અસરો એણે ઝીલી છે. શ્રી હેમચંદ્રાચાર્યના સમયની ગુજરાતીને પંડિતજી "ઉગતી ગુજરાતી" તરિકે ઓળખાવે છે.

બારમા-તેરમા સૈકા દરમીયાન શ્રી અભયસૂરિજી, વાદીદે-વસૂરિજી, આચાર્ય હેમચંદ્રજી, શતાર્થી સોમપ્રભ, ધર્મસૂરિ અને વિજયસેનસૂરિની કૃતિઓએ મુખ્ય નામના મેળવી હતી. ચૌદમા અને પંદરમા સૈકામાં પણ શ્રી વિનયચંદ્ર, જિનપદ્મસૂરિ, તરૂણ-પ્રભ, સોમસુંદર, માણિક્યસુંદર અને હેમહંસની કૃતિઓને અગ્રસ્થાન મળ્યું હતું.

એકંદરે ગુજરાતી ભાષાના ઇતિહાસને આજે આજ સુધીમાં જે કંઈ છુટુછવાયું બહાર આવ્યું છે તેમાં પંડિત બેચરદાસ દોશીનાં આ વ્યાખ્યાનોથી એક જુદી જ ભાત પડશે. પંડિતજીએ આ વ્યાખ્યાનો તૈયાર કરવા માટે જે પરિશ્રમ લીધો છે તેનું મૂલ્ય થઇ શકે નહિ. ભવિષ્યમાં એમની તરફથી આવાં વધુ વ્યાખ્યાનો ગુજરાતી જનતાને સાંપડે એમ ઇચ્છીએ."

પંડિત બેચરદાસને ગુજરાતી સાહિત્યની આવી અપૂર્વ સેવા કરવા બદલ જૈન સમાજનાં હાર્દિક અભિનન્દન અને ધન્ય-વાદ ઘટે છે.

કાઠિયાવાડના બે રાજકારણી પુરૂષોનું અવસાન.

કાઠિયાવાડની ધરતી ઉપર પોતપોતાના સમયમાં જેની હાક વાગતી હતી એવા બે રાજકારણી પુરૂષોનું છેલ્લા બે માસ દર-મિયાન અવસાન થયું. એક શેખ મહમદભાઇ બીજા દરબાર વીરાવાળા. શેખ મહમદભાઇ એક વખત જુનાગઢના સર્વ સત્તા-ધીશ દીવાન હતા. ખરી નવાબી તેમને ઘેર હતી. દિલના પાપી નહિ છતાં વિષય વિલાસથી ઘેરાયલું અને દીવાનગીરીના આખર-ના ભાગમાં કોમીવાદથી રંગાયલું તેમનું જીવન હતું. તેમણે જીવનમાં જેવી ચડતી જોઇ તેવી જ પડતી દશામાંથી પસાર થતા જીવનનો તેમણે ઝેરના પ્યાલાથી ચાલીશ વર્ષની સુકુમાર ઉમ્મરે અન્ત આણ્યો. આ રંગબેરંગી જીવનપટનું પ્રુલછાયના તંત્રી નીચેના શબ્દોમાં બહુ સુન્દર સિંહાવલોકન કરે છે.:—

"કહેવાય છે કે શેખ મહમ્મદભાઇ ઝેર પીને પોઢી ગયા. સાંભળીને અરેરાટ ઉઠે છે.

મોત માનવીના જીવનને ડંખોળવા ના પાડે છે. એમના જીવન-પ્રસંગોને અમે ડંખોળવા નથી માગતા. પણ એના ક્રમોતે કાઠિયાવાડના રાજકારણ પર જે કાળલેખ લખ્યો છે તે વાંચ્યા વગર ન રહી શકાય.

શેખ મહમદભાઇ અમીર હતા. સ્વભાવે ને ઉછેરે પણ અમીર જ હતા. દિલથી એ ઉદાર હતા, ફુલણુલાખી હતા. બુદ્ધિમાં ચાણાક્ષ હતા. પણ મહાનુભાવ સરજાએલા એ માનવીના જીવનમાં કોઇએ ઝેરનું ટીપું નીચોવ્યું, કોમી ભેદભાવથી મુક્ત એવા જુનાગઢના વાતાવરણમાં એમના ફરતી ખટપટની આગ સળગાવવામાં આવી. મહાન બનવા સરજાએલા મહમદભાઇની મનોદશા આ અનેકવિધ ચક્રો વચ્ચે રસ્તો ચુકી.

પરિણામે ગુપ્તપ્રયાગના ઝંઝાવાત, વેરાવળના રમખાણ, જુનાગઢના લોહી પ્રપાત.

પરિણામે રાજદ્વારી ખટપટો, દેશી રાજ્યોના ઉચેરા આસનની પરાપૂર્વથી થતી આવતી સ્થિતિ સ્થાનભ્રષ્ટતા અને ઉંડા કોતરમાં ધકકેા.

કોમીભ્રમણા અને કહન દીવાનગીરીના બળે કૃણીધરની કૃણ પર ઉભવા મથતા મહમદભાઇ કૃગોળાઈ ગયા, દૂર...દૂર...કોઇ મુંબઇના મકાનમાં.

એમને થાબડનાર કોઇ પડખે ન ચડયા, નામ પણ પૂછવા ન આવ્યા.

પરિણામે મહમદભાઇના જીવનની પલે પલે ને કટકે કટકે કતલ.

મહમદભાઇનો સ્થિતિપલટો અને તે પછી તેમને રાજ્ય તરફથી પિરસાયે ગયેલાં અપમાનોની પરંપરા આજે એ કોમળ જીંદગીની જે સમાપ્તિ કરી બેઠેલ છે તે આપણા સર્વના દિલદર્દની અરેરાટની અને છેલ્લા એક જ ઉદ્ગારની વાત છે કે "પ્રભુ ! એને હવે શાંતિ દેજે !"

એની કબર પર લખાજો કે એક તેજસ્વી બુદ્ધિમાનને, એક સુકુમાર હૃદયના યુવાનને, એક ગુલાબ ફુલ શા અમીરને કોમવાદની અને રાજપ્રપંચની શરાબીઓએ ચડાવી દઇને એના દોસ્તોએ ને ખુશામદખોરોએ આખરે ૪૦ વર્ષની વયે એને વિષ ઘોળવાની મનોદશાએ ઉતારી મૂકયો."

મહમદભાઇ ગમે તેવા હતાં છતાં એમના કરૂણ અવસાને અને એમની સ્વભાવગત અમીરીએ લોક હૃદયમાં એક પ્રકારની સહાનુભૂતિ ઉત્પન્ન કરી જ્યારે દરબાર વીરાવાળાના અવસાનથી કાઠિયાવાડની પ્રજાએ કેવળ છુટકારાનો જ દમ ખેંચ્યો. એમના વિષેની કુલછાબની અવસાન નોંધ કહેવા જોગ બધુજ કહી નાંખે છે તેથી તે અહિં અવતરિત કરવી યોગ્ય લાગે છે. :—

"કાઠી કુળને, કાઠિયાવાડને, મુસદ્દીગીરીને અને રાજલક્ષ્મીને કલંકિત કરનારી એક કારકીર્દીનો, બાવન વર્ષની વયે નટવરનગર ગામની મ્હોલાતમાં મંગળવારની સાંજે અંત આવ્યો છે. અણુકંપી ક્રૂરતા, મેલી પ્રપંચવૃત્તિ અને અણછીપ કિન્નાખોરી, કાવત્રાખોરીનું વિષવૃક્ષ એક પણ સુકરણી નોંધાવ્યા વગર ઢળી ગયું છે. એનું મોત અણરોયું રહેશે. એ કારકીર્દીની કાતિલ સ્મૃતિઓને બુધવારના પ્રભાતની ચિતાની રાખ પણ ભારી નહિ શકે. લાખો માનવીઓના ઉરભડકાઓમાં એનું પ્રેત ચિત્કારતું રહેશે કે 'આવી બરબાદીને માર્ગે કોઇ પોતાના ઇશ્વરદીધા જીવનને લઇ આવશો નહિ; મારી આખી કારકીર્દીના બહોળા વેરાનમાંથી એક પણ મીઠી વીરડીની વૃથા શોધ કરશો નહિ; ઇશ્વર એને શાંતિ દેજે એવી કૃત્રિમ પ્રાર્થના કોઇ કરશો નહિ; ને મારા જેવાં, મારી પછી ઊગનારાં, ફાલનારાં ને ફુલનારાં અગણિત વિષવૃક્ષોનાં જંગલો જો ન ઉગવા દેવાં હોય, તો કાઠિયાવાડની પ્રજા ! આટલી બધી ગફલત સેવશો નહિ. મારા ઝેરી રોપાને જળ સીંચનારી પ્રજા બાયલી જમાતોને જ પહેલી ઉચ્છેદી નાખજો. વીરાવાળાઓને વિષનાં ઝાડવાંઓ—મૂળ નાખવાની કયારીઓ તો પ્રજાની જ ધરતીમાં છે.'"

પાટણ જૈન મંડળનાં સસ્તા ભાડાનાં મકાનો.

શ્રી પાટણ જૈન મંડળ કેટલાય સમયથી પાટણના જૈનો માટે સસ્તા ભાડાનાં મકાનો બાંધવાનો વિચાર કર્યા કરતું હતું પણ કોઇ સરખાઇભરેલી યોજના ઉપલબ્ધ થતી નહોતી. મંડળના સદ્‌ભાગ્યે એક બાજુએ ઉદારદાતા અને બીજી બાજુએ અનુભવી યોજકનો થોડા સમય પહેલાં યોગ થઇ ગયો. પાટણ નિવાસી શેઠ ખુબચંદ સરૂપચંદે સસ્તા ભાડાનાં મકાનોની યોજના કરવા માટે રૂા. ૭૫૦૦૭ ની રકમ મંડળને ભેટ ધરી; આ ઉપરથી ઝવેરી હેમચંદ મોહનલાલે ચારથી સવાચાર લાખની એક યોજના તૈયાર કરી. ઉપરની રકમમાં મંડળનું રીઝર્વ ફંડ તેમજ મંડળ હસ્તકના બીજા ફંડો ઉમેરવામાં આવ્યાં, તે ઉપરાંત પાટણના જૈન શ્રીમાનો પાસેથી જુદી જુદી રકમો ભેટ મેળવીને રૂા. ૪૧૦૦૭ એકઠા કરવામાં આવ્યા. પરિણામે ઉપરની યોજના મુજબ આજે મરીનડ્રાઇવ ઉપર ત્રણ આલીશાન મકાનો બાંધવામાં આવ્યાં છે. દરેક મકાનમાં ત્રણ ત્રણ રૂમના કુલ ૪૮ બ્લોકો કરવામાં આવ્યા છે. દરેક બ્લોકમાં ત્રણ રૂમ ઉપરાંત સ્વતંત્ર, સંડાસ અને બાથરૂમની સગવડ આપવામાં આવી છે. ત્રણ મકાનમાંથી એક મકાન પુરા ભાડાથી એટલે કે દરેક બ્લોક રૂા. ૫૦૭ ના ભાડાથી આપવામાં આવ્યાં છે અને બાકીના બે મકાનો પાટણના મધ્યમ સ્થિતિના જૈનોને દરેક બ્લોકના રૂા. ૧૫૭ ભાડાથી વસાવવામાં આવ્યા છે. સંસ્થા હસ્તકના જે ફંડો આ યોજનામાં ભેળવવામાં આવ્યા છે તેને ચાર ટકાનું વ્યાજ આપવામાં આવનાર છે અને તે વ્યાજ તેમજ સસ્તા ભાડાના મકાનોની બોટ પુરા ભાડાના મકાનની કમાણીમાંથી નીકળી આવશે એવી ગણતરી રાખવામાં આવી છે. પાટણના જૈનો માટે આ યોજના અને મકાનોની રચના મહાન આશીર્વાદ રૂપ નીવડી છે અને તે યોજના અને રચનાને આવું સુન્દર મૂર્ત સ્વરૂપ આપવા માટે શેઠ ખુબચંદ સરૂપચંદને તેમજ **योजकस्तम दुर्लभः** એ ન્યાયે આખી-યોજના ઘડનાર અને પાર ઉતારનાર ઝવેરી હેમચંદ મોહનલાલને ખરેખર ધન્યવાદ ઘટે છે. મંદિરો અને જમણવારો પાછળ દ્રવ્યનો અનર્ગળ વ્યય કરનાર જૈન સમાજ જનતાની સુખાકારી વધે અને અજ્ઞાન ટળે એવા માર્ગે પોતાના દ્રવ્યનો સદ્‌વ્યય કરવાનું ધ્યાનમાં લે એટલી આ શુભ કાર્યમાંથી જૈન સમાજના શ્રીમાનો પ્રેરણા મેળવે એમ આપણે જરૂર ઇચ્છીએ.

આપણાં મંદિરો

(ગતાંકથી ચાલું)

૩

અસ્પૃશ્યો માટે નવા મંદિરો બાંધવાની આજકાલ સૂચનાઓ કરવામાં આવે છે. આવા પ્રસંગે કંઇક વિશેષ વિચાર કરવાની જરૂર છે.

દેશમાં જૂનાં મંદિરો એટલાં બધાં છે કે તે બધાની વ્યવસ્થા કરવી હિંદુસમાજ માટે અશકય નહિ તો મુશ્કેલ જરૂર છે. વિધવાઓનો પ્રશ્ન જેટલો જટિલ છે તેટલો જ મંદિરોનો પણ છે. અમે એવા અનેક અનાથ મંદિરો જોયાં છે જે કહેવાય છે તો વિશ્વનાથનાં મંદિરો પણ જેમાં વર્ષો થયાં કોઇએ સાવરણી સરખી યે ફેરવી નથી. માટીની મૂર્તિઓ માટે જે નિયમ છે તેજ નિયમ મંદિરો માટે હોવો જોઇએ. જે માટીની મૂર્તિની પૂજા નથી થતી અથવા જે ખંડિત થયેલી છે તેનું દર્શન અશુભ છે, તેને કોઇ તીર્થ અથવા જળાશયમાં પધરાવવી જોઇએ. કેટલાંક ઐતિહાસિક મંદિરોને ઇતિહાસ રક્ષણની દૃષ્ટિએ ખંડિત જ અવસ્થામાં રાખવા હોય તો તે વાત જુદી છે. પણ સામાન્ય રીતે દરેક મંદિર સારા અખંડ રૂપમાંજ ઉપયોગમાં આવે અથવા વિધિ પ્રમાણે તેનું વિસર્જન થવું જોઇએ. જો આપણે આ પ્રમાણે જૂનાં મંદિરોની વ્યવસ્થા કરવા માંગતા નથી, તો પછી નવાં મંદિરો બાંધવાનો આપણને અધિકારજ નથી. જેટલાં મંદિરો છે તેમનું રક્ષણ અને સેવા કરવાની આપણામાં શકિત હોય અથવા જેટલી શકિત અને ઉપયોગિતા જણાય તેટલાં જ મંદિરો રાખવામાં આવે.

આપણે જોઇએ છીએ કે સમાજને નવાં નવાં મંદિરોની જરૂર છે. કર્મકાંડી સાધકોનાં મંદિરોમાં પરિવર્તન કરી ભકિત-માર્ગી ઉપાસકોએ અને સાધુ-સંતોએ જેમ નવાં મંદિરો બનાવ્યા તેમ જ સમાજ હિતૈષી સેવકોને હાથે નવાં મંદિરો રચાવા વાજબી છે. સમાજની જરૂરિયાતમાં જેવું પરિવર્તન થાય છે તેવું જ પરિવર્તન મંદિરની રચના અને વ્યવસ્થામાં પણ થવું જોઇએ.

૧. સૌથી પહેલાં આ વાત થવી જોઇએ કે પૂજાસ્થાન અને પૂજા-મૂર્તિ **'गुहां प्रविष्ट'** અંધારામાં હોય છે તેને બદલે મૂર્તિ માટે **'विवृतं रूढ्ने'** બનાવવું જોઇએ. હજારો અને લાખો લોકો એક સાથે દર્શન કરી શકે એવે સ્થળે મૂર્તિ હોવી જોઇએ.

૨. મૂર્તિનો મૂળ ઉપયોગ દર્શન છે. મૂર્તિને સાફ કરવી. શણગારવી એ તો કોઇ પૂજારીનું કામ છે. દરેક ભકતે ઉભા થઇ મૂર્તિને નવરાવવું. ખવડાવવું વગેરે પ્રકારો સાર્વજનિક મંદિર માટે અનિષ્ટ છે. નિત્ય તૃપ્ત પરમાત્માને ભોગ ધરવાની કંઇ જરૂર નથી. નૈવેદ્ય ધરાવવાથી ધ્યાનમાં કંઇ સગવડ થતી નથી. બેશક પત્ર-પુષ્પ, હોમ, ધૂપ-દીપ હોય, સંગીત હોય, કળા વિધાન હોય. આ બધું જ્યારે સાત્વિક રૂપે હોય છે ત્યારે પ્રસન્નતા વધારે છે અને ધ્યાન-દર્શનમાં મદદગાર થાય છે. ભોગ અને નૈવેદ્યને લીધે સ્પર્શાસ્પર્શનો ઝગડો બહુજ વધી પડે છે. જો ભોગ ધરાવવોજ હોય તો લીલો અને સૂકો મેવો અને ગાયનું દૂધ-આટલુંજ પસંદ કરવું જોઇએ. મૂર્તિની સેવા છે તો નિરર્થક-તેનો મૂળ હેતુ ધ્યાન માટેજ છે. જો આપણે આટલું સમજી જઇએ અને બાળકોની જેમ રમત કરવાનું છોડી દઇએ તો મંદિરોના બધા ઝગડાઓનો નિકાલ આવી જશે.

જો મૂર્તિપૂજા હિન્દુ ધર્મનું આવશ્યક અંગ નથી, તો પછી મંદિરમાં મૂર્તિ પધરાવવીજ જોઇએ એવો આગ્રહ શા માટે રાખવો જોઇએ ? કેટલાંએ એવાં હિન્દુ મંદિરો જરૂર હોઇ શકે છે કે જેમાં ભકિતની ગંભીરતા, પવિત્ર અને શાંત વાતાવરણ હોય, પણ મૂર્તિ કે મૂર્તિપૂજા બિલકુલ ન હોય. એવાં પણ મંદિરો હોઇ શકે કે જેમાં કોઇ એક મૂર્તિની સ્થાપના ન કરવામાં આવે, પણ તહેવાર પ્રમાણે ગમે તે ઇષ્ટ મૂર્તિ પૂજાસ્થાને સ્થાપી શકાય.

આવી પૂજાનો જેને વિરોધ નથી એવા બધા લોકો આવાં મંદિરોમાં પ્રવેશ કરી શકે. મંદિરમાં ધર્મ ચર્ચા, સમાજ ચર્ચા, ઇતિહાસનું અધ્યાપન, બધા ધર્મોનું અધ્યયન વગેરે હોય.

સમાજ અથવા ધર્મને કેન્દ્રસ્થાને સ્થાપી પોતાનું સમગ્ર જીવન સંગઠિત કરવા ઇચ્છીએ તો મંદિરદ્વારા આ કાર્ય સારી રીતે થઈ શકે છે. મંદિરની પાઠશાળા, મંદિરનું રૂગ્ણાલય, સાર્વજનિક સ્નાનાગાર, વાંચનાલય, પુસ્તકાલય, નાટયગૃહ, બેંક, પ્રદર્શન વગેરે અનેક સમાજહિતની પ્રવૃત્તિઓ મંદિર સાથે રાખી શકાય છે. આવા મંદિરની વ્યવસ્થા ધર્મનિષ્ટ, ચારિત્રવત્સલ લોકપ્રતિનિધિ દ્વારા જ થવી જોઇએ. પૂજારીનું કામ કોઇ એક જાતના હાથમાં ન હોય, અને મંદિરમાં આવેલું દાન બીજા કોઇ વિલાસના કામમાં વપરાવું ન જોઇએ. મંદિરનું સ્થાન સર્વોચ્ચ સદાચારનું પોષક હોય. મંદિરનું સંગીત ઉચ્ચ સંસ્કારી હોય, કોલાહલ જેવું ન હોય. કોઇપણ મંદિર વ્યવસ્થાહીન ન હોય.

આવાં નવાં મંદિરોની ઘણી જરૂર છે. મંદિર-મસ્જીદના ઝગડાઓને લીધે કંટાળી કેટલાંએ લોકો મંદિર વિરૂદ્ધ થઇ ગયા છે, પણ તેઓ સમાજ હૃદયને ઓળખતા નથી. મંદિર સામાજિક, ધાર્મિક જીવનનું કેન્દ્ર છે. તેણે હિંદુધર્મની ઘણી સેવા કરી છે, અને નવા રૂપે ઘણી સેવા કરશે.

૪

દુઃખ સાથે કહેવું પડે છે કે દક્ષિણ હિન્દનાં કેટલાંક મંદિરો, અને તેના નમૂના પ્રમાણે બંધાયેલાં વૃન્દાવનનાં બે ભવ્ય મંદિરો બાદ કરીએ તો આપણાં બાકીના મંદિરો ઘણાં જ નાના હોય છે. અને જ્યાં કોઇ એક મંદિરે જરા સરખી પણ લોકપ્રિયતા પ્રાપ્ત કરી કે ત્યાં તરત જ તેની આજુબાજુ પંડાઓનાં ઘર અને બજારની દુકાનો આવી વસે છે. ટ્રેનમાં હોઇએ, હોડીમાં હોઇએ, ભીડ કરીને બેસવું, ભીડ કરીને વસવું એ આપણો જાતિ સ્વભાવ થઇ પડયો છે. નિઃશસ્ત્ર અને અહિંસક હોવાને કારણે આત્મરક્ષણના ખ્યાલથી આપણે ભીડ પસંદ કરી હોય, અથવા શહેરની માંખો જેવો આપણા લોકોનો સ્વભાવ હોવાને લીધે આપણે ભીડ પસંદ કરી હોય, અથવા કોઇ બીજા કારણે આપણે આ રીત અખ્તયાર કરી હોય, પણ આ વાત તો સાચી જ, આપણે હમેશાં ભીડમાં જ રહીએ છીએ. વ્યકિતના વિકાસ માટે માટે આ ભીડ સારી નથી. એક કામ કરવું હોય તો દશ માણસને પૂછવું, અને આટલું પૂછયા કરવામાં આવે છતાં પણ દૃઢ નિશ્ચય પૂર્વક કટિબધ્ધ ન થવું, એ કાંઇ સારો સ્વભાવ નથી. અને આટલું પૂછ્યાં છતાં પણ આપણે પૂછવાની પ્રથા અથવા રીત બરાબર નકકી તો નથી જ કરી; આનું કારણ પણ આ ભીડ છે. મોટા મોટા મેળાઓમાં જે વ્યવસ્થા હોય છે તે તો સેંકડો વર્ષોના રિવાજમાંથી ઉત્પન્ન થયેલી સ્વયંભૂ વ્યવસ્થા છે. અહિંસક, સહિષ્ણુ અને મળતાવડા સ્વભાવને લીધે આપણે લોકો આટલી અવ્યવસ્થા પચાવી શકીએ છીએ. આ જ કારણે આપણાં મંદિરોમાં દાન, ભકિત, ધર્મશ્રવણ અને અખંડ જાગરણ હોવા છતાં તેનો સાચો ઉપયોગ આપણે કરી શકયા નથી. મંદિરમાં ભીડ બહુ હોય છે. પણ તે

'સમાજ' નહિ પણ જમાવ જ હોય છે. કોઇનો કોઇની જોડે સંબંધ જ નહિ. કોઇ કોઇને પૂછે નહિ, કોઈ કોઇનું સાંભળે નહિ. આ અસામાજિક સ્થિતિ કહેવાય. મંદિરમાં પ્રસાદ વહેંચવાની અથવા વેચવાની પ્રથા અત્યન્ત અવ્યવસ્થિત હોય છે. આમાં પણ સુસંગઠિત હિન્દુ સમાજ જરૂર ઘણું ખરૂં સુધારી શકે છે. શીખોએ જેવું ગુરૂદ્વાર પ્રબંધક મંડળ બનાવ્યું છે, તેવી જ હિન્દુ મંદિર પ્રબંધક મંડળની પણ જરૂર છે. આ પ્રબંધ થયેથી થોડા ખર્ચે ઘણી સમાજ સેવા થઇ શકે છે. સૌથી પહેલું કામ આ છે કે મંદિરની આજુબાજુ આપણે જેટલી ખુલ્લી જમીન રાખી શકીએ તેટલી રાખવી જોઇએ. મંદિર સામાજિક સંસ્થા છે તેમાં હજારો લોકો આવશે અને એકત્ર બેસી કઇક વિચારણા પણ કરશે. મંદિરમાં આવવા માટે ચારે બાજુએ પહોળા રસ્તાઓ હોવા જોઇએ. ગાડીઓ, ઘોડાઓ જેવાં વાહનો મંદિર પાસે આવતાં રોકવા જોઇએ. અને આજુબાજુ કયાંઈ પણ અસ્વચ્છતાનું ગંદકીનું નામ સરખું યે રહેવું ન જોઇએ.

મંદિરો હિંદુ ધર્મની રક્ષા માટે હોય છે, તેથી નવાં મંદિરો મારફતે ગૌરક્ષાનો પણ પ્રબંધ થવો જોઇએ. દરેક મંદિર મારફતે આજુબાજુના સમાજને જોઇએ તેટલું શુદ્ધ તાજું અને સત્વ પૂર્ણ ગાયનું ઘી દૂધ મળવાનો પ્રબંધ જરૂર હોવો જોઇએ. મંદિર કોઇ ખાસ વ્યકિતની સંસ્થા નથી, તેથી ત્યાંથી શુધ્ધ સ્વાર્થ અને તેથી ઉપજતી છેતરપિંડી દૂર થવાં જોઇએ. દૂધમાંથી જે આવક થશે તે તો ગોરક્ષાર્થે જ ખર્ચાશે. ગાયના દૂધમાંથી થતી આવક ગોવંશ બચાવવા માટે જ ખર્ચાવી જોઇએ. ગો–બ્રાહ્મણ–પ્રતિપાલન એ જો હિન્દુ ધર્મનું એક ખાસ લક્ષણ છે તો પછી મંદિરો મારફતે એકલા બ્રાહ્મણનીજ રક્ષા શા માટે થાય ? ગાયનું પણ રક્ષણ થવું જોઇએ. અને બધા બ્રાહ્મણોની પણ રક્ષા કયાં થાય છે ? માત્ર ગણ્યા ગાંઠયા પંડાઓ જ ફાવે છે. અને કયારેક લંગડીલૂલી ગાયની પણ રક્ષા થઇ જાય છે, પણ આમાં હિન્દુ સમાજની શોભા નથી. મંદિરો મારફતે ગોવંશની અને બ્રાહ્મણની રક્ષા થવી જોઇએ.

૫

સારાં અને મોટાં મંદિરોની સાથે નાની, કે મોટી, સારી અથવા નામ માત્રની એક સંસ્કૃત પાઠશાળા રાખવામાં આવે છે. જેમાં સંસ્કૃત ભાષા અને ધર્મ શીખવવામાં આવે છે. આપણા સમાજમાં ધર્મશાસ્ત્રનો અર્થ ઘણો સંકુચિત થઈ ગયો છે. ત્યાં મંદિરના સેવક પૂજારીઓનો (અથવા પુરોહિતોનો) કર્મકાંડ અને વેદાંતીઓનો તર્ક અને જ્ઞાનકાંડ અથવા વેદાંત જોજ મુખ્યત્વે ભણાવવામાં આવે છે. પણ ધર્મશાસ્ત્ર તો જીવનવ્યાપી સાર્વભૌમ શાસ્ત્ર છે. તેમાં પ્રાચીન પુરાણો સાથે આધુનિક ક્ષતિહાસ પણ હોવો જોઇએ, અને આચારશાસ્ત્રની સાથે આરોગ્યશાસ્ત્ર અને સંપત્તિશાસ્ત્ર પણ હોવું જોઇએ. સામાજિક ધર્મમાં અર્થશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે. મંદિરોને દાનની હમેશાં જરૂર રહે છે, તો પછી મંદિર દાની લોકોની આર્થિક સુસ્થિતિનો વિચાર કેમ ન કરે ? જેમ રેલ્વેને થ્રીજ વર્ગના મુસાફરોમાંથી સારી આવક થાય છે તેમ જ મંદિરોને પણ ગરીબ લોકોના દાનમાંથી જ સારી આવક થાય છે. અને જેમ રેલ્વે ત્રીજા વર્ગના મુસાફરો પ્રત્યે તુચ્છ દૃષ્ટિએ જુએ છે તેમ જ મંદિરોમાં પણ ગરીબ લોકોની ભકિતની કદર નથી થતી.

દરેક મંદિરની ફરજ છે કે તેની મારફતે ગરીબ લોકોને રાષ્ટ્રવ્યાપી ઉદ્યોગોનું શિક્ષણ બરાબર મળતું જોઇએ. સોના રૂપાની પાટો અથવા ઘરેણાં જેવર બનાવી તેમને તાળામાં બંધ કરી રાખવા એ સામાજિક દ્રોહ છે. મંદિરોનું ધન શહેરની બેંકોમાં અથવા પ્રોમિસરી નોટોના રૂપમાં રાખવું એ પણ પ્રજા હિતનો દ્રોહ છે. મંદિરનો પૈસો પ્રજા–નાથ પરમેશ્વરનો છે. ગરીબ પ્રજાની મદદમાં જ તે વપરાવો જોઇએ. ગામના બેકુતો સરકારી વિદ્યોટી અથવા વાણિયાના દેવાના હમેશાં દેવાદાર બન્યા રહે છે. જો ચારિત્ર્યવાન બેકુતોને મંદિરો તરફથી પ્રસંગે પ્રસંગે નાણાં ઉધાર મળતાં રહે તો તેઓ સર્વનાશમાંથી બચી શકે. કેટલાંક જુનાં મંદિરો પાસે કલ્પનાતીત ધન છે. આ બધો પૈસો પ્રજા હિતમાં જ વપરાવો જોઇએ. સ્વાર્થી વાડાઓએ અને સાધુઓએ કયાંક કયાંક આવો પ્રચાર શરૂ કર્યો છે કે મંદિરના પૈસા સમાજહિતનાં કામોમાં ખર્ચવા પાપ છે. આ ગેરસમજ દૂર કરવી જોઇએ. જે પ્રમાણે મંદિરનાં બેતરો અને બાગો મહેસૂલ લઇ આપવામાં આવે છે, તેજ પ્રમાણે મંદિરના પૈસા પણ મંદિરના ભકતોને મળવા જોઇએ.

[નવરચનામાંથી ઉદ્ધૃત.] **કાકા કાલેલકર.**

'પ્રબુદ્ધ જૈન'ના વાંચકગણને વિજ્ઞપ્તિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ હાલ સુરતમાં બે નવી પ્રવૃત્તિઓ શરૂ કરવા ધારે છે. એક સાર્વજનિક વાંચનાલય અને બીજું સાર્વજનિક પુસ્તકાલય. આ માટે સંઘની ઓફિસ ધનજી સ્ટ્રીટમાં જ નવી અને વિશાળ જગ્યા ફેરવવામાં આવી છે. પ્રસ્તુત વાંચનાલયમાં ઉપયોગી સર્વ સામયિક પત્રો લાવવામાં આવશે અને વાંચવા આવનારને સર્વ પ્રકારની સગવડ આપવામાં આવશે. પુસ્તકાલયમાં ગુજરાતી સાહિત્યને લગતાં તેમ જ જૈન ધર્મને લગતાં બને તેટલાં પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવશે અને પુસ્તકાલયને લગતા નિયમો અનુસાર સૌ કોઇને વાંચવા માટે પુસ્તકો આપવામાં આવશે. આ નવી પ્રવૃત્તિઓમાં 'પ્રબુધ્ધ જૈન' ના વાંચકો નીચે મુજબ સહકાર આપી શકે.

(૧) વર્ષના રૂા. ૩૦૦૭ એમ ત્રણ વર્ષના કુલ રૂા. ૯૦૦૭ ની મદદનાં વચનો મળી જાય તો આ નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ નિશ્ચિંત પણે કરી શકાય. સારૂં વાંચનાલય તેમજ પુસ્તકાલય ચલાવવા માટે રૂા. ૯૦૦૭ પુરતાં છે એમ કહેવાનો આશય છે જ નહિ. પણ એટલી રકમ પ્રસ્તુત કાર્યનું મુહૂર્ત કરવા માટે પુરતી ગણાય. આજ સુધીમાં રૂા. ૬૯૦૭ સુધીનાં વચનો મળ્યાં છે. બાકી રહેલી રકમ નાનાં મોટાં વચનો વડે પુરી કરી આપી સંઘના કાર્યવાહકોને નિર્ભય કરી શકાય.

(૨) ઉપયોગી દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક કે માસિકપત્રોમાંથી કોઇને કોઇ પત્રો વાંચનાલય માટે મોકલી આપવાનું જણાવીને વાંચનાલયના કાર્યને સરળ તેમજ સમૃધ્ધ બનાવી શકાય.

(૩) પુસ્તકાલય માટે જરૂરીયાતના કબાટો કરાવી આપીને તેમજ પોતાની પાસે ખાસ ચાલુ ઉપયોગનાં ન હોય એમ છતાં સારી સ્થિતિનાં અને પુસ્તકાલય સમિતિ સ્વીકારી શકે તેવા પુસ્તકો મોકલી આપીને પુસ્તકાલયના કાર્યને મદદ આપી શકાય.

આ ત્રણે રીતે અમારા આ નવા સાહસને ઉત્તેજવા અમારા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર સર્વે ભાઇ બહેનોને આગ્રહ પૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

સંઘની નવી કચેરીનું ઠેકાણું
સીલ્વર મેન્શન, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ–૩.

મણિલાલ મોકમચંદ શાહ
વૃજલાલ ધરમચંદ મેઘાણી
મંત્રીઓ :
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૨૩

મુંબઇ : ૩૧ માર્ચ ૧૯૪૦ રવીવાર

લવાજમ
રૂપિયા ૨

મહાન વિજેતા ચક્રવર્તી અશોકનો અન્તસ્તાપ

(ચક્રવર્તી મહારાજ અશોકનું નામ કોણે સાંભળ્યું ન હોય ? દિગ્વિજયની યાત્રાએ નીકળેલા અશોકે ઉત્તરોત્તર એક પછી એક દેશ જીતતાં જીતતાં ઇ. સ. પૂર્વે ૨૫૬માં કલિંગ દેશ ઉપર ચઢાઈ કરી અને તે દેશ સર કર્યો. પણ એ વિજય મેળવતાં ભારે ભીષણ માનવસંહાર થઇ ગયો. આ માનવસંહારથી અશોકનો આત્મા કંપી ઉઠયો અને પોતાની મહત્વાકાંક્ષાએ કેટલો મોટો ભોગ લીધો એ જોઇને તેનું હૃદય અન્તરતાપથી શીર્ણ વિશીર્ણ બની ગયું. ત્યારબાદ તેણે દેશો જીતવાની અને લડાઇઓ લડવાની પ્રવૃત્તિનો પરિત્યાગ કર્યો. તેનું આખું જીવન ધર્મસન્મુખ બન્યું અને સ્થળે સ્થળે શિલાલેખો કોતરાવીને ચોતરફ અહિંસા, પ્રેમ અને મૈત્રીની તેણે ઉદ્ઘોષણા કરાવી. અશોકના એ ચિરસ્મરણીય અન્તરતાપને વ્યક્ત કરતા સાણાજગિરિ પર્વત ઉપરથી મળી આવેલા શિલાલેખનો શ્રી. ભીમજીભાઇ સુશીલે કરેલો ગુજરાતી અનુવાદ આજના લોહિપિપાસુ નાના મોટા દિગ્વિજેતાઓને સમ્યગ્દૃષ્ટિ આપે એ આશાપૂર્વક નીચે રજુ કરવામાં આવે છે. પરમાનંદ)

"અભિષેકના આઠમા વર્ષે દેવપ્રિય રાજા પ્રિયદર્શીએ કલિંગ ઉપર વિજય મેળવ્યો. આ યુદ્ધમાં એક લાખ (શત સહસ્ત્ર) માણસો મરાયાં, અને એથી પણ અધિકા બંદીવાન બન્યા. કલિંગ વિજય પછી દેવપ્રિયનું મન ધર્મ તરફ ખેંચાયું. દેવપ્રિયના દિલમાં અત્યંત પશ્ચાતાપ થવાથી, અને કલિંગ વિજયને અંગે અત્યંત અનુતાપ ઉપજવાથી એમનો ધર્મપ્રેમ અત્યંત વૃધ્ધિ પામ્યો છે. નહીં જીતાયેલા દેશો ઉપર અધિકાર મેળવવા જતાં જે વધ કરવો પડે છે, માણસોને મારવા પડે છે અને એમને બન્દીવાન બનાવવા પડે છે તેથી દેવપ્રિય રાજા પ્રિયદર્શીને પોતાના અંતરમાં લાગી આવ્યું છે. વિશેષ ખેદનો વિષય તો એ છે કે બ્રાહ્મણો, શ્રમણો, યતિઓ અને ધાર્મિક ગૃહસ્થો બધે વસે છે, એમાંના કેટલાક ગુરૂજનો, પિતા–માતા વગેરેની સેવા ઉઠાવતા હશે, બંધુ–બાંધવ અને જ્ઞાતિવર્ગની સેવામાં એ બધા તત્પર હશે અને પોતાના નોકરો–દાસ–દાસીઓ તરફ પ્રેમ ધરાવતા હશેઃ કલિંગના યુદ્ધમાં કોણ જાણે કેટલાય એવાં માણસો મરી ગયા હશે, કોણ જાણે કેટલાંય પોતાના પ્રિયજનોથી વિખૂટા પડી ગયા હશે. જેઓ જીવતા રહેવા પામ્યા છે તેમના બંધુ, જ્ઞાતિભાઇઓએ, કુટુંબીઓએ કોણ જાણે કેટલાય અત્યાચાર વેઠયા હશે ? આથી એમને સૌને બહુ દુઃખ થયા વગર ન રહે. દેવપ્રિય રાજા પ્રિયદર્શીને પોતાને આ બધા અત્યાચારોને લીધે બહુ બહુ લાગી આવે છે, ઉંડી મર્મવ્યથા અનુભવે છે. પૃથ્વીના પડ ઉપર એવો એકકે દેશ નથી જ્યાં બ્રાહ્મણો, શ્રમણો અને બીજા ધર્મપરાયણ માણસો ન વસતાં હોય, એવો પણ એકકે દેશ નહી હોય જ્યાં માણસો કોઇ એકાદ ધર્મને નહીં અનુસરતાં હોય. આ કલિંગના યુદ્ધમાં જે આટલા બધા માણસો મરાયાં છે; ઘવાયાં છે, બંધાયા છે અને રીબાયા છે તેમને માટે દેવપ્રિય રાજાને આજે હજારગણું અધિક દર્દ થાય છે, એનું ચિત્ત શોકમાં ડુબી જાય છે આજે હવે દેવપ્રિય સકળ પ્રાણીની રક્ષા અને મંગળને માટે ભાવના ભાવે છે. સકળ પ્રાણીને વિષે દયા, શાંતિ અને નિર્ભયતા રહેવાં જોઇએ એમ તે ઇચ્છે છે. દેવપ્રિય રાજા એને જ ધર્મનો જય માને છે. દેવપ્રિય હવે પોતાના રાજ્યમાં અને સેંકડો યોજન દૂર આવેલા સીમા ઉપરના પ્રદેશોમાં એ પ્રકારનો ધર્મવિજય પ્રવર્ત્તાવવામાં આનંદ માને છે. યવનરાજ એન્ટિયોકાસના રાજ્યમાં અને એન્ટિયોકાસના રાજ્યની સરહદ પછીનાં ટોલેમી, એન્ટિગોનસ, મેગાસ અને અલેકઝાંડર એ ચાર નૃપતિનાં રાજ્યમાં, દક્ષિણે ચોલરાજ્ય અને પાંડય રાજ્ય, તેમજ તામ્રપર્ણી પર્યંત બધાં સ્થાનોમાં, વિશવજિ, યવન, કાંબોજ, નાભાક, નાભપંથી, ભોજ, પિટિનિક, આંધ્ર, પુલિંદ આદિ સર્વ જાતિના રાજ્યોમાં હવે દેવપ્રિયનું ધર્માનુશાસન પળાય છે. જે જે દેશોમાં દેવપ્રિયના દૂત ગયા છે તે તે દેશોની પ્રજાએ દેવપ્રિયનો ધર્મ સાંભળ્યો છે અને પાળ્યો પણ છે. એ રીતે બધે ધર્મનો વિજય થયો છે. દેવપ્રિયને એથી ઘણો આનંદ થયો છે. પણ એ આનંદ એની પાસે તુચ્છ છે. તે પારલૌકિક કલ્યાણને વધુ શ્રેયસ્કર સમજે છે. એટલા સારૂ આ અનુશાસનલિપિ તૈયાર કરવામાં આવી છે. મારા પુત્રો અને પ્રપૌત્રો હવે નવાં રાજ્ય જીતવાની ઉત્સુકતા માંડી વાળે. ધર્મવિજય સિવાયના બીજા કોઇ વિજયની એમને વૃત્તિ ન થાય. અસ્ત્રશસ્ત્રની સહાયથી સાચો વિજય મેળવી શકાતો નથી. ધર્મવિજય જ આ લોકમાં અને પરલોકમાં પણ મંગળકારી છે. એમને ધર્મવિજયમાં જ શ્રધ્ધા રહે: એજ "ઉભય લોકને વિષે હિતકર છે."

'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકોને

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને તેમજ 'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકોને વિજ્ઞપ્તિ કે હજુ પણ અમને 'પ્રબુધ્ધ જૈન' ની કેટલીક નકલો સરનામાની ભૂલ અથવા ફેરફારને લીધે ટપાલ ખાતા તરફથી પાછી મળ્યા કરે છે. વળી બે માસથી સર્વ સભ્યો તેમજ ગ્રાહકોનાં નામ અમો છપાવી નાંખવા માંગીએ છીએ તો જે સભ્યને કે ગ્રાહકને પોતાનું સરનામું સુધારવું કે ફેરવવું હોય તેમણે તુરત જ એ મુજબ અમને લખી જણાવવા કૃપા કરવી કે જેથી છપાયલાં સરનામામાં ભૂલ રહેવા ન પામે.

તંત્રી. 'પ્રબુદ્ધ જૈન'

ડો. મોન્ટીસરી હિંદુસ્થાન ખાતે

ડો. મોન્ટીસરીને હિંદુસ્થાનમાં આવ્યે આજે લગભગ પાંચેક મહીના થવા આવ્યા. તેઓ અહિં આવ્યા બાદ તુરતજ મદ્રાસ ગયા અને ત્યાં તેમણે ત્રણ મહીના બાલ શિક્ષણના વર્ગો ચલાવ્યા આ વર્ગોનો સંખ્યાબંધ ભાઇઓ અને બહેનોએ લાભ લીધો. એ વર્ગોનું કામ પુરૂં થયા બાદ તેઓ આ બાજુ આવ્યા અને અમદાવાદ તેમજ મુંબઈમાં તેમનું ખુબ સ્વાગત સન્માન થયું. બાલ દુનિયા માટે મેડમ મોન્ટીસરીએ જે ભવ્ય કાર્ય કર્યું છે તે વિચારતાં તેમને જેટલું માન આપવામાં આવે તેટલું ઓછું છે. તેમની બાલવિજ્ઞાનને લગતી શોધો અને નવશિક્ષણ પધ્ધતિના પ્રતાપે આજનું બાળક માબાપોના અનર્થકારી દમનથી અને શિક્ષકોની સોટીથી બચી ગયું છે અને સુખ અને સ્વાતંત્ર્યની હવામાં ઉડતું બન્યું છે. બાલક એક સરખા ચોગઠાના ઘાટઘુટ પામવાને સરજાયલું-ચૈતન્ય અને પ્રેરણા વિનાનું-પ્રાણી હવે નથી રહ્યું. માબાપો અને શિક્ષકો બાળકમાં રહેલી અનેક ગૂઢશકયતાઓનું દર્શન કરવા લાગ્યા છે અને તેનામાં રહેલી સ્વયંભૂવૃત્તિ અને સ્ફુરણાઓને સન્માનતા શિખ્યા છે. આ રીતે બાલ દુનિયા ઉપર મેડમ મોન્ટીસરીનો અનહદ ઉપકાર છે. આ અંકમાં તેમના જીવનની આછી રૂપરેખા આપવામાં આવી છે. સાંભળવા પ્રમાણે ડો. મોન્ટીસરી હવે હિંદુસ્થાનમાં જ વસવાના છે અને પોતાની શિક્ષણપધ્ધતિનો પ્રચાર કરવાના છે. આપણી પ્રજાની બાળકો વિષેની કેવળ અજ્ઞાનભરી દૃષ્ટિને સંસ્કારવામાં તેમનો અહિં ચિરનિવાસ ખુબ ઉપયોગી થાય એમ આપણે જરૂર આશા રાખીએ.

આ પ્રસંગે એક બે બાબત તેમના ધ્યાન ઉપર લાવવામાં આવે તો તે અયોગ્ય નહિ ગણાય. પશ્ચિમના દેશો ધનાઢય છે અને સેવાના બદલામાં દ્રવ્યનું વળતર દેવા લેવામાં ખુબ માને છે. એચ. જી. વેલ્સ કે બર્નાર્ડ શો કોઈ પણ સામુદાયિક સંમેલન ઉપર સંદેશો મોકલવાના પણ પૈસા માંગે છે એ જાણીતી વાત છે. પણ આ બાબત ભારતીય માનસ સમજી શકતું જ નથી. ભારતીય માનસ નિર્બાજ અને નિઃસ્વાર્થ સેવાને જ પૂજે છે. અનેક પાશ્ચાત્ય વૈજ્ઞાનિક આ ગરીબ દેશને કિંમતી સલાહો આપવા આવે છે અને તેના બદલામાં ઠીક ઠીક દ્રવ્ય અહિંથી લઇ જાય છે. પરિણામે આપણા દેશને ખીન્ન લાભ થાય છે કે નહિ તેની ખબર નથી પણ દેશની ગરીબાઇમાં તો વધારો જ થાય છે. ડો. મોન્ટીસરી આપણા દેશની આ પરિસ્થિતિ અને આપણું આ પ્રકારનું માનસ બરોબર સમજી લઇને એવી સેવા આપે કે તેમના આગમનને આ દેશની ગરીબ પ્રજા મહાન આશીર્વાદરૂપ લેખે. સાંભળવા મુજબ તેમના કાર્યને મદદ કરવા માટે ફેલોશીપ એજ્યુકેશન સોસાયટી ઉભી થઇ છે અને તેમનાં શિક્ષણ સાધનોનાં કોપીરાઇટ અથવા તો પેટન્ટો મેળવવાની તજવીજ પણ થવાની છે. કોપીરાઇટ અથવા તો પેટન્ટો પાછળ કાંતો સાધનોની શાસ્ત્રીયતા પુરેપુરી જળવાય એ આશય હોઈ શકે અથવા તો એ પ્રકારનાં સાધનો બીજું કોઇ નિષ્પન્ન કરી ન શકે, અને એ રીતે એ સાધનો સારી કમાણીના આવાહક બને એ આશય પણ હોઇ શકે. જો શિક્ષણ સાધનોનાં કોપી રાઇટ કે પેટન્ટો મેળવવાને લગતી યોજના વિચારાઇ રહી હોય તો એ યોજનો બાલશિક્ષણ જે સ્વતઃજ ખુબ ખરચાળ છે અને એ રીતે દેશની આજની પરિસ્થિતિને બીલકુલ બંધબેસતું નથી તેને વધારે ને વધારે ખરચાળ બનાવવા પાછળ પોતાની શકિત અને બુધ્ધિનો ઉપયોગ ન કરે એવી આપણે જરૂર આશા રાખીએ.

મેડમ મોન્ટીસરીએ અમદાવાદ તેમજ મુંબઇ ખાતે આપેલાં વ્યાખ્યાનોમાં કોઇ પણ ઠેકાણે સદ્‌ગત ગિજુભાઇ કે જેણે મેડમ મોન્ટીસરીના નામને આજથી વીશ વર્ષ પહેલાં કચ્છ કાઠિયાવાડ તેમજ ગુજરાતના ઘેર ઘેર પહોંચતું કર્યું હતું અને જેણે જીવનની છેલ્લી ઘડી સુધી મોન્ટીસરી શિક્ષણ પધ્ધતિના પ્રચાર પાછળ પોતાની સર્વ શકિતઓ ખરચી નાંખી હતી તેમનું નામ કે નાનો સરખો ઉલ્લેખ જોવામાં ન આવે એ ભારે આશ્ચર્યજનક તેમજ દુઃખદ લાગે છે. કૃતજ્ઞતા માંગી રહી હતી કે સદ્‌ગત ગિજુભાઇને મેડમ મોન્ટીસરી સ્થળે સ્થળે ખુબ ભાવ ભરી અંજલિ આપે કારણ કે આપણે બધા તો ગિજુભાઇ દ્વારા જ મેડમ મોન્ટીસરીને જાણતા થયા છીએ. તેમણે આજે સંભળાવેલી કેટલીએ વાતો ગિજુભાઈ પાસેથી આપણે અનેકવાર સાંભળી છે. શું પશ્ચિમની સભ્યતા આપણાથી કંઇ જુદા પ્રકારની હશે !

પરમાનંદ

.....

મુંબઈ જૈન યુવક સંઘનું

સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

છેલ્લા અંકમાં જણાવ્યા મુજબ સંઘના વાંચનાલયને લગતાં સર્વ સાધનો લગભગ તૈયાર થઇ ગયાં છે અને એપ્રીલની પંદરમી તારીખથી ઘણું ખરૂં તેને જાહેર ઉપયોગ માટે ખુલ્લું મુકી શકાશે એવી અમારી ધારણા છે.

પુસ્તકાલયમાં આજ સુધીમાં જુદા જુદા સભ્યો સહાયકો તેમ જ શુભેચ્છકો તરફથી નીચેની વિગતે અમને ૬૭૨) પુસ્તકો ભેટ મળી ચુકયાં છે.

૧૯૧	શ્રી મણીલાલ મોકમચંદ
૨૯	શ્રી નાનચંદ શામજી
૧૬	શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રકાશ હા. શેઠ લલુચંદ કરમચંદ
૫	શ્રીમતી લીલાવતી દેવીદાસ
૧૨	શ્રી અંબાલાલ એલ. પરીખ
૧૯	શ્રી તારાચંદ એલ. કોઠારી
૪	શ્રી વાડીલાલ મોતીલાલ શાહ
૭૨	શ્રી ચંદુલાલ ટી. શાહ
૧૨૧	શ્રી જેઠાલાલ રામજી
૬	શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
૪૦	શ્રી રતીલાલ ભીખાભાઇ
૧૫૨	શ્રી અમીચંદ ખેમચંદ
૩	શ્રી જૈનાચાર્ય આત્મારામજી જન્મ શતાબ્દિ હા. ચોકસી
૨	શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.

૬૭૨.

વિશેષ પુસ્તકો મેળવવાની તેમજ ખરીદ કરવાની પ્રવૃત્તિ ચાલુ છે. જેણે પોતાનાં કિંમતી પુસ્તકો અમને આપ્યાં છે તેનો અમે ઉપકાર માનીએ છીએ અને આ પુસ્તકાલયમાં બને તેટલી પુરવણી કરવા સભ્યોને તેમજ શુભેચ્છકોને અમો આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ.

અમીચંદ ખેમચંદ શાહ.
મંત્રી, વાંચનાલય-પુસ્તકાલય સમિતિ.

સામાયિક ચર્ચા.

આપણામાં વ્યવસ્થાનો અભાવ

ગયા ફેબ્રુઆરીની ૨૬ મી એ શ્રી. શ્રવણ બેળગોળામાં શ્રી. ગોમટેશ્વર (બાહુબલીજી) ની મૂર્તિનો મસ્તકાભિષેક થયો. આ પ્રતિમા અજોડ છે અને એનો અભિષેક દર બાર વરસે ભારે ઠાઠમાઠ અને ઉત્સાહ પૂર્વક થાય છે.

આ વર્ષે પણ એજ રીતે એ ઉત્સવ ઉજવાયો. શ્રી. મહિસુર નરેશ તથા એમના યુવરાજ, સર હુકુમચંદજી, રા. બ. શેઠ ભાગચંદજી વગેરે ધનીકો હાજર હતા. અનેક દિગંબર જૈન મુનિઓ તથા પંડીતો પણ હાજર હતા. આસરે એકથી દોઢ લાખ જેટલી જનતાની હાજરી હતી.

આવા ઉત્સવ પ્રસંગે બીજાં સંમેલનો થાય એ અયોગ્ય નથીજ. સામાન્ય સમાજમાં પ્રચાર કરવાનો અવસર આવા ઉત્સવોમાં સહેલો છે.

પણ એ સાથે જે શિસ્ત અને વ્યવસ્થા હોવાં જોઇએ તે આપણો સમાજ હજી કેળવી શકયો નથી. મહિલા પરિષદ તા. ૨૦-૨૧ ને બદલે ૨૧ મી એ મળી. દિ. જૈન મહાસભા જગ્યાના અભાવે તા. ૨૫ મી એ રાતના ૧૦ વાગેજ મળી શકી અને દોઢ કલાકમાં ૧૫ ઠરાવ પૂરા કરી એને વિખરાઇ જવું પડયું.

વ્યવસ્થાને અભાવે કયારે કયો કાર્યક્રમ છે એ ખબરજ ન પડે ઉતરવાની જગા ભોજન વગેરેની સારી ગોઠવણ નહિ. સ્વયંસેવકોની ઓછી સંખ્યા મહેનત કરવા છતાં કામને પહોંચી ન શકે. મેળામાં ચોરીઓ પણ થઇ; અકસ્માતો પણ થયા. જે કળશોની ઉછળામણી થઇ, જેમણે પૈસા ખરચી કળશ લીધા તેમને કળશ ચઢાવવાની તક ન મળી અને બીજાજ કળશ ચઢાવી આવ્યા. સર હુકુમચંદના ભારે પ્રયત્ન છતાં કાંઈ થઇ શકયુ નહિ.

આવા અવસરો માટે આગળથી વિચાર પૂર્વક વ્યવસ્થા કરી તે વ્યવસ્થિત રીતે પાર પાડવાનું આપણે શીખવું જોઇએ.

દિગંબર જૈન મહાસભાનું ૪૪ મું અધિવેશન

શ્રી ગોમટેશ્વરના મસ્તકાભિષેકને પ્રસંગે દિગંબર જૈન મહાસભાનું ૪૪ મું અધિવેશન રા. બ. શેઠ ભાગચંદજી સોનીના પ્રમુખપણા નીચે તા. ૨૩ મી તથા ૨૫ મી ફેબ્રુઆરીએ ભરવામાં આવ્યું હતું

પહેલે દિવસે સ્વાગત પ્રમુખ તથા અધિવેશનના પ્રમુખનાં ભાષણો થયાં.

બીજે દિવસે રાતના દશ વાગ્યા સુધી જગ્યાને અભાવે અધિવેશન ભરી શકાયું નહિ. હાજરી શરૂઆતમાં ૧૦૦ અને છેવટે ૨૫-૩૦ માણસોનીજ હતી. ૧૫ કલાકના અરસામાં ૧૬ ઠરાવ પસાર કરી અધિવેશનની સમાપ્તિ થઈ. એની શરૂઆતમાં પ્રાર્થના અને અંતના આભાર દર્શન વગેરેની ૧૦ મીનીટ બાદ કરીએ તો દરેક ઠરાવને ભાગે સરેરાસ પાંચ મીનીટ આવે.

અધિવેશન ભરવામાં અને કાર્યવાહી પાર પાડવામાં ખૂબજ અવ્યવસ્થા હતી. જ્યાં અધિવેશન ભરવાનું હતું તે મંડપ બીજા કામ માટે રોકાયલો હતો. હાજર રહેલા સુશિક્ષિતોમાંથી ઘણાયે અધિવેશન પ્રત્યે બેદરકારીજ રાખી હતી.

ઠરાવોમાંના બે રાજકારણને લગતા છે.

પાંચમાં ઠરાવમાં ચાલુ યુદ્ધ તથા અશાંતિ વિષે ખેદ, જર્મની તથા રશિયાની નિંદા, બ્રિટન અને ફ્રાંસનું સમર્થન અને મિત્ર રાજ્યોના વિજયની શુભેચ્છા દર્શાવી હતી. રાજકીય ચર્ચામાં ન ઉતરીએ તોય જૈન ધર્મની દ્રષ્ટિએ તો યુદ્ધ અને અશાંતિ વિષે ખેદ દર્શાવવો એજ યોગ્ય છે. એ સિવાયનો ઠરાવ ચર્ચાસ્પદ તો છે જ પણ દિગંબર જૈન મહાસભામાં અસ્થાને પણ છે.

પણ ખરેખરો વાંધો દર્શાવવા જેવો ઠરાવ તો નવમો છે. એમાં સરકારને એવી વિનંતિ કરવામાં આવી છે કે ધારાસભાઓમાં અને રાજકીય ચર્ચાઓ ચાલે ત્યારે નામદાર વાઇસરોય બીજી કોમોની સાથે જૈનોના પ્રતિનિધિઓને પણ પૂછે.

આ ઠરાવ સાથે બીજા જૈન સંઘો સંમત છે કે કેમ તે ખબર નથી. વાઇસરોય સાહેબ જૈનોના પ્રતિનિધિઓને તેડાવે તો તે પ્રતિનિધિ તરીકે કોણ જશે તેની પસંદગી કોણ કરશે તે સ્પષ્ટ કર્યું નથી. એ વાત રહેવા દઇએ.

પણ જૈનોના પ્રતિનિધિઓને રાજકીય ચર્ચા માટે શા માટે જુદા તેડાવવા તે પણ કહ્યું નથી. જૈનોનાં એવાં કયાં રાજકીય અથવા બીજા હિતો છે કે જે રક્ષણ માગે છે અને જે રક્ષણ વિના રહી ગયાં છે. ૨૫-૩૦ માણસની હાજરીમાં આસરે પાંચ મીનીટમાં થયેલા આ ઠરાવનો ઉપયોગ મહાસભાના કાર્યકર્તાઓ આખા દિગંબર જૈન સમાજના અવાજ રૂપે નહિ કરે એવી આશા છે. હાજર રહેલામાંથી બહુજ થોડાઓએ ઠરાવમાં રહેલાં ગૂઢ અનિષ્ટોનો ખ્યાલ કર્યો હશે. મહાસભાના કાર્યકર્તાઓએ ઠરાવને કાગળ પરજ રહેવા દે એવી મારી નમ્ર સૂચના છે.

રાજકીય ચર્ચા વખતે તો ઠીક પણ "ધારાસભાઓમાં" એ શું ? શું ધારાસભાઓમાં જુદો મતદાર સંઘ જોઇએ છીએ ? દિ. જૈન મહાસભાના સંચાલકોએ જુદા મતદાર સંઘના લાભાલાભનો વિચાર જૈનોની દૃષ્ટિએ પણ કદી કર્યો છે ? એમને ખબર છે કે લગભગ દરેક પ્રાંતની ધારાસભાઓમાં જૈનોનું પ્રમાણ તેમની વસ્તીસંખ્યા કરતાં વધારે છે ? એમને ખબર છે કે પ્રધાન મંડળમાં પણ જૈન હતા. તેઓ આજના સાંકડા કોમવાદમાં તણાયા છે કે જૈનોના નામે પોતાની ધનીકતાનો રાજકીય રંગભૂમિ ઉપર દેખાવ કરવા માંગે છે ?

શાંતિલાલ હ. શાહ

જીવ્હાની લોલુપતા.

જીભલડીરે તને ગમતું ખાતાં આવડી અક્કલ કયાંથી રે ?
ખાજ અખાજનો વિચાર કરે ના જે તે ખાવે રાખે રે
ત્રણ તસુની તું તો જબરી રોગી ઉદરને રાખે રે...
જીભલડી રે ૧

છો નાની પણ એકલપેટી સદા સ્વાર્થમાં રમતી રે
પોતાની તૃપ્તિને માટે ધ્યાન અહોનિશ ધરતી રે...
જીભલડી રે ૨

ઉદર તો છે અતિ ઉપકારી સુખ સર્વનું ચાહતું રે
દુઃખ અવરનું જોતાં પહેલાં ખૂબ દુઃખી થઇ જાતું રે...
જીભલડી રે ૩

આખર જીભે છારી ફેલાતી ઉપર ફોલ્લા ઉઠે રે
ભાવે નહિ ભોજન તો ત્યારે દુર્ગંધ મુખથી છુટે રે....
જીભલડી રે ૪

સુખી થવાની હિકમત સાચી સુખી અવરને કર તું રે
પેટ તણી આ શીખ છે સાચી ધ્યાન મહીં જીભ ધર તું રે...
જીભલડી રે ૫

દુઃખ દે છે જે અન્ય જીવને તે ખુદ દુઃખી થાતા રે
કુદરતનો એ અચળ ન્યાય છે રખે ફરી ભુલ ખાતા રે....
જીભલડી રે ૬

ટી. જી. શાહ.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

માર્ચ, ૩૧ ૧૯૪૦

ગાંધીવાદ એટલે સ્યાદ્વવાદ

અથવા

જીવતો જાગતો જૈનધર્મ

આજથી આશરે ત્રીશ વર્ષ ઉપર એક વિદ્યાર્થી તરીકે આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવનું "નીતિ શિક્ષણ" નામે પુસ્તક મેં વાંચેલું. તેમાં એ વિદ્વાન પુરૂષે લખેલું છે કે 'સ્યાદ્વવાદ એ જગતના તત્વજ્ઞાનમાં જૈનધર્મનો મહાન ફાળો છે.' સ્યાદ્વવાદ એટલે શું ?

સ્યાદ્વવાદની ટુંકામાં ટુંકી વ્યાખ્યા આપવી હોય તો એમ કહી શકાય કે પોતે જે વસ્તુને સાચી માને તે જ એકાંતિક સત્ય (Invariable Truth) એવો દાવો ન કરવો તેનું નામ સ્યાદ્વવાદ. જો આ વ્યાખ્યા બરાબર હોય તો ગાંધીવાદ એ જૈનોના સ્યાદ્વવાદની અર્વાચીન આવૃત્તિ જ છે એમ અવશ્ય કહી શકાય. જૈનોએ પોતાનો ધર્મ જ સાચો અને બીજા ધર્મો ખોટા એવો કદાગ્રહ કોઇ કાળે સેવ્યો નથી અને તેથી જ તેઓ સ્યાદ્વવાદની શોધ કરી શક્યા છે. જગતમાં એકાંતિક સત્ય જેવું કશું નથી. એક અંગ્રેજ કવિએ તેથી કદાચ ગાયું હશે કે:–

'Crime is Christian,
When it is really understood.'

અર્થાત્ યુગે યુગે ધર્મ અને નીતિની વ્યાખ્યાઓ બદલ્યા કરે છે. રામાવતારને સમયે એક પત્નીવ્રતમાં નીતિની પરાકાષ્ટા કલ્પવામાં આવેલી અને મહાભારતના કાળમાં દ્રૌપદીને પત્ની ગણનારા પાંચ પાંડવો અનીતિમાન નથી ગણાયા. આજે ખાદીમાં સ્વતંત્રતાની કલ્પના થઇ રહી છે ત્યારે એ ખાદી જ્યારે આપણે પહેરતા ત્યારે આપણે પરતંત્ર કેમ બન્યા ?

આમ સત્ય એકાંતિક ન હોઇ શકે એ કારણે જ જૈનોએ સહિષ્ણુતા કેળવી અને તેમાંથી સ્યાદ્વવાદ અથવા અહિંસાવાદનો જન્મ થયો ? ગાંધીવાદનું મધ્યબિંદુ પણ આ અહિંસાવાદ જ છે. તેથી ગાંધીવાદ એટલે સ્યાદ્વવાદ એમ માનવામાં અંતરાય ન હોઇ શકે. આ તો સિદ્ધાંતની વાત થઇ પણ વિગતોમાં પણ ગાંધીવાદનો જૈન દર્શનની સાથે ઠીક મેળ મળે છે. દાખલા તરીકે જ્યારે ગાંધીજીએ ૧૯૧૫માં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી ત્યારે તેની પુસ્તિકામાં કેટલીક બાબતો એવી હતી કે એ વખતે પણ ઘણાને લાગ્યું હતું કે ગાંધીવાદ એ જૈન તત્વજ્ઞાનનું નવું સ્વરૂપ છે. આશ્રમના નિયમોમાં લખેલું કે આશ્રમમાં રહેનારે સાંજે સૂર્યાસ્ત પહેલાં જમી લેવું પડશે અને રાત્રે બત્તી વગર ચલાવી લેવું પડશે ! જૈનો દિવસ છતાં વાળુપાણી કરી લે છે અને ઉપાશ્રયોમાં દીવાબત્તીની છુટ હોતી નથી એ નિયમો સત્યાગ્રહ આશ્રમના આરંભકાળમાં સ્વીકારવામાં આવ્યા હતા. તે ઉપરાંત જૈનોની અપવાસની પ્રથાને પણ કેટલેક અંશે સત્યાગ્રહના શાસ્ત્રમાં અપનાવવામાં આવી છે. આમ ગાંધીવાદની સરખામણી જૈનશાસન સાથે કરતાં ઘણાં તત્વો મળતાં આવે છે. માત્ર એટલું કહી શકાય કે આર્યસમાજ જેમ હિન્દુ ધર્મ સાથે સઘળી રીતે સંમત છે પણ ફકત જે લોકોને પરાણે વટલાવવામાં આવ્યા હોય તેમને પાછા હિન્દુ તરીકે લેવામાં માને છે તેજ પ્રમાણે ગાંધીવાદ જૈનોના ઘણા ખરા સિધ્ધાંતો અને વિગતો સાથે સંમત હોવા છતાં જૈનોની નિષ્ક્રિયતા (Passivity) માંથી બચવાની બારી ગાંધીવાદે બતાવી છે. અહિંસાવાદીથી આત્મભોગની પધ્ધતિથી પણ આક્રમણ (Aggression) ન દાખવી શકાય એ વહેમને ગાંધીવાદમાં સ્થાન નથી. પ્રસંગ પડયે ગાંધીવાદ પ્રેમબળ વડે આક્રમણકારી થવામાં પણ માને છે. એટલે સંભવ છે કે સ્યાદ્વવાદમાં કાળે કરીને અનાક્રમણનું તત્વ પ્રવેશ પામતાં શિથિલતા આવી ગઇ અને જૈનો આત્મરક્ષણની કળા એક સમુહ તરીકે ખોઇ બેઠા તેમાંથી ગાંધીવાદ ઉગરી જવા પામશે. ક્રીશ્ચીયન ધર્મમાં એમ શિખવવામાં આવ્યું છે કે તને કોઇ એક ગાલ ઉપર તમાચો લગાવે તો બીજો ગાલ પણ ધરજે એ અહિંસાવાદની પરાકાષ્ટા હોવા છતાં ક્રાઇસ્ટના એ ઉપદેશે કયાંય મૂળ ઘાલ્યાં નથી. તેનું કારણ એ હતું કે ક્રાઇસ્ટના ઉપદેશનું પાલન કરવા માટે જે પ્રેમબળ જોઇએ તેવા પ્રેમબળ વા અહિંસાવાદને આચરણમાં મુકતાં નિષ્ક્રિય બની જવાય છે. તેથી ગાંધીવાદે પહેલેથી જ ચોખવટ કરી છે કે અહિંસાવાદમાં આક્રમણનો નિષેધ સર્વથા ન હોય શકે. ૧૯૩૦ માં મીઠાની લડત શરૂ થઇ ત્યાં સુધી સૌ એમ માનતા હતા કે સત્યાગ્રહીથી આક્રમણકારી વ્યુહ રચના ન કરી શકાય. બહુ બહુ તો સત્યાગ્રહી આત્મરક્ષણ અર્થે જ બલિદાન આપી શકે. પણ ધરાસણાના અગરો ઉપર 'ચડાઈ' કરવાનું પગલું દેખીતી રીતે આક્રમણાત્મક (Offensive)–હતું તોપણ ગાંધીજીએ તેની છુટ આપી હતી. એ ઉપરથી એમ કહી શકાય કે જૈનોના સ્યાદ્વવાદને પરિણામે નિર્જીવતા વ્યાપેલી તે વસ્તુ ગાંધીજીના ધ્યાન બહાર ગઇ નથી અને તેથી તેમણે સત્યાગ્રહમાં ચોક્કસ રીતે ઘસારો કરવાની રીતને પણ કબુલ રાખી છે. આટલી વાત બાદ કરતાં ગાંધીવાદ અને જૈનવાદ ઘણી ખરી રીતે અમુક હદ સુધી એક છે. અસ્પૃશ્યતાનો પ્રશ્ન આવતાં સનાતની હિંદુ આર્યસમાજથી જુદો પડી જાય છે તેમ આક્રમણનો પ્રશ્ન આવતાં કદાચ જૂનો જૈનવાદ ગાંધીવાદથી નોખો તરી આવે છે. તેથી જ કદાચ ગાંધીવાદ એ જીવતો જાગતો જૈનવાદ છે. જે તત્વ જૈન દર્શનમાં ખૂટતું હતું તે કદાચ ગાંધીવાદે પુરૂં પાડયું છે. શ્રીમદ્ રાજચંદ્રે ગાંધીજીને અહિંસાનું જે રહસ્ય સમજાવ્યું તે ક્રાઇસ્ટના લુખા પ્રેમબળ અને જૈનોના નિષ્ક્રિય અહિંસાવાદથી કંઇક અંશે જુદું પડે છે. ગાંધીવાદનું પ્રભવસ્થાન સત્ય છે. એક મહાનદીનું મૂળ જેમ ઘણું નાનું હોય છે પણ તેનું મુખ અત્યંત વિસ્તૃત હોય છે તેમ ગાંધીવાદનું મૂળ સત્ય છે અને તેનું મુખ અહિંસા છે. ગાંધીજીના જીવનનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમનું સાધન અહિંસા છે પણ તેમનું સાધ્ય તો સત્ય જ છે. દશ બાર વર્ષની વયે પણ તેમના જીવનમાં સત્યે જે ભાગ ભજવ્યો છે તે ઉપરથી જોઇ શકાય છે કે તેમને સત્યનું દર્શન પ્રથમ થયું છે અને તેમની અહિંસાનો ઉદય તો તે સત્યમાંથી થયો છે. જો એમ ન હોત તો છેક બચપણમાં Kattle શબ્દને બદલે પરીક્ષામાં Cattle શબ્દ લખતાં શિક્ષકે જે 'સૂચના' આપેલી તેનો અમલ તેમણે કર્યો હોત. પણ સત્યનો ભંગ તેમને પોષાય એમ નહોતો; ગાંધીવાદ અને જૈનવાદમાં મુખ્ય વસ્તુ આ છે: જૈનો અહિંસાને સાધ્ય ગણે છે જ્યારે ગાંધીજીને મન તે માત્ર સાધન

સામયિક સ્ફુરણ.

કાલબાદેવી રોડ ઉપર બંધાતું જૈન મંદિર

એક બાજુએ સસ્તા ભાડાનાં મકાનો ઉભા કરવા માટે આનંદ પ્રદર્શિત કરવામાં આવે છે ત્યારે બીજી બાજુએ મોતીના મોટા વ્યાપારી ઝવેરી પુનમચંદ ઘાસીલાલ તરફથી કાલબાદેવી રોડ ઉપર બંધાવવામાં આવતા ભવ્ય દિગંબર જૈન મંદિરને જોઇને થતી ગ્લાનિ પ્રગટ કર્યા સિવાય રહી શકાતું નથી. મુંબઇમાં દિગંબરોની વસ્તી ઘણીજ ઓછી છે. એમ છતાં મુંબઇમાં આજે છ કે સાત દિગંબર મંદિરો અસ્તિત્વ ધરાવે છે, આમાં એક મોટા જિનાલયનો ઉમેરો કરવાનો શું અર્થ છે ? જે કોઇ ગામ કે શહેરમાં બીલકુલ મંદિર ન હોય તેવા સ્થળે એકાદ મંદિર ઉભું કરવામાં આવે તો તે સમજી શકાય તેવું છે. પણ ભરતામાં ભરતી કરવાનો શું અર્થ ? મોટી કમાણી થઇ એટલે તેણે મંદિર બંધાવવું જ જોઇએ ? જરૂર ન હોય ત્યાં મંદિર ઉભું કરવું એ દ્રવ્યનો કેવળ દુર્વ્યય છે. મંદિરો કે મકાનો બાંધવા સંબંધે મ્યુનીસીપાલીટીના તેમજ ઇજનેરી ખાતાના અનેક નિયમો છે પણ હવે એ વખત આવી લાગ્યો છે કે કોઇ પણ મંદિર કે મસજીદ બાંધવાની રાજ્યે રજા આપતાં પહેલાં તેની ઉપયોગિતા અથવા તો આવશ્યકતા પુરવાર કરવાની ફરજ બંધાવનાર ઉપર નાંખવી જોઇએ અને આવી ઉપયોગિતા અથવા તો આવશ્યકતાની પુરી પ્રતીતિ ન થાય ત્યાં સુધી રાજ્યે કદિ પણ મંદિર કે મસજીદ બાંધવાની રજા આપવી ન જ જોઇએ. આ દિશાએ પહેલી તકે કાયદા પૂર્વકનું અનુશાસન થવાની જરૂર છે. બીન જરૂરી મંદિર ઉભા કરવા એ સામાજીક ગુન્હો ગણાવો જોઇએ. સમાજના પ્રાણ-ધારણની બીજી જરૂરિયાતોની ઉપેક્ષા કરવામાં આવે અને શ્રીમન્તાઇનું પ્રદર્શન કરતાં આલીશાન મંદિરો જ્યાં ત્યાં ઉભાં કરવામાં આવે તે ધર્મના નામે ચાલતો એક પ્રકારનો વિલાસ જ છે. એ વિલાસની અટકાયત આજની નૂતન સમાજે કર્યે જ છુટકો છે.

રામગઢ મહાસભા.

રામગઢ મહાસભા ભરાઇ ગઇ અને જે ઠરાવ મહાસભાની કારોબારી સમિતિએ ઘડયો હતો તે ઠરાવ તે જ આકારમાં અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાએ પસાર કરીને આઝાદી યુદ્ધની સમીપ લઇ જનારૂં અતિ મહત્વનું પગલું ભર્યું. નવી લડત શરૂ કરવાને લગતી ગાંધીજીની સરતો બહુ આકરી છે અને તે ક્યારે પુરી પડશે અને લડતની દુંદુભિ વગાડવાને યોગ્ય વાતાવરણ તેમને ક્યારે લાગશે એ હજુ ચોક્કસપણે કહી શકાય તેમ નથી, પણ બીજી બાજુએ સરકારી રાજનીતિના રંગઢંગ બદલાવા લાગ્યા હોય એમ દેખાય છે. સમાજવાદી નેતા શ્રી જયપ્રકાશ નારાયણની ધરપકડ કરવામાં આવી અને તેમને નવમાસની શિક્ષા પણ કરવામાં આવી. હિંદ સંરક્ષણ કાયદા નીચે આજે જ્યાં ત્યાં પકડાપકડીના સમાચારો સાંભળવામાં આવે છે. એટલે એમ પણ બને કે સરકાર એવી કઢંગી પરિસ્થિતિ ઉભી કરી બેસે કે સવિનય સત્યાગ્રહની લડત તુરતમાં જ ઉપાડવા સિવાય ગાંધીજી માટે બીજો કોઇ માર્ગ કે ઉપાય જ ન રહે. આ દિશાએ બીજો એક આવકારદાયક બનાવ એ બનેલ છે કે આ વખતે કોંગ્રેસની અંદરથી મતભેદો અને પક્ષાપક્ષીઓ દૂર થયા છે અને સર્વ પક્ષોએ કોંગ્રેસના ઠરાવને પુરો ટેકો આપ્યો છે. સમાજવાદી પક્ષ જે કોંગ્રેસની ચાલુ નીતિ અને કાર્યવાહીથી અવારનવાર જુદો પડતો રહે છે તે પણ આજે ગાંધીવાદીઓ સાથે એક રૂપ બની ગયો છે. આ એક સુચિહ્ન છે.

જમાલભાઇનો જુદો ચોતરો

આમ જ્યારે રામગઢ મહાસભામાં ભિન્ન ભિન્ન પક્ષોની પુનઃ સ્થાપિત થયેલી એકતા આવકારદાયક લાગે છે ત્યારે શ્રી. સુભાષચંદ્ર બોઝનો રાહ તો ન્યારો જ રહ્યો છે. તેમના નેતૃત્વ નીચેની બંગાળની પ્રાંતિક સમિતિએ તો કોંગ્રેસ સામે બળવો જગાડયો છે અને આજે પરમ ઇષ્ટ એકતાને બાધક મોટી ગુંચ તે સમિતિએ ઉભી કરેલી જ છે. વિશેષમાં મહાસભાનો આગેવાનીમાંથી સ્થાનભ્રષ્ટ થયેલો સુભાષ બાબુએ રામગઢ ખાતે સમાધાનવિરોધી પરિષદ ભરી અને એ પરિષદે સરકાર સાથે કોઇ પણ જાતની સમાધાની નહિ સ્વીકારતાં એપ્રીલની છઠ્ઠી તારીખે અખિલ હિંદ વ્યાપી યુદ્ધ શરૂ કરવાનો પોતાનો નિર્ધાર જાહેર કર્યો. સરકાર સાથે સમાધાનની આશા તો કોઇ સ્વપ્નમાં પણ સેવતું નથી પણ આજે જેનું વર્ચસ્વ જગતભરમાં પ્રતિષ્ઠિત છે તેવા મહાત્મા ગાંધીજી, દેશના અન્ય આગેવાનો અને લડત શરૂ કરવાનો સાચો અધિકાર ધરાવતી અને દેશભરનું પ્રતિનિધિત્વ ધરાવતી રાષ્ટ્રીય મહાસભાને છોડીને આખા દેશની લડતના પોતે સૂત્રધાર બનવાનો સુભાષબાબુએ નિર્ધાર જાહેર કરીને પોતાની જાતને હાંસીપાત્ર બનાવી છે. પોતાના અને બંગા-

---

જ છે. આપણને અદ્વૈતવાદ શિખવે છે કે સાધ્ય અને સાધન પણ એક પ્રકારનું દ્વંદ્વ છે અને તેથી મુમુક્ષુની યાત્રામાં એક પ્રદેશ એવો આવે છે કે જ્યારે સાધન અને સાધ્ય વચ્ચેનો દ્વૈતવાદ ભૂલાઇ જાય છે. ગાંધીવાદની યાત્રાનો સત્યપ્રેમથી આરંભ થાય છે પણ એ યાત્રાનો રાજમાર્ગ અહિંસા હોવાથી અત્યારે જગત ગાંધીવાદમાં અહિંસાવાદનું દર્શન કરે છે પણ વસ્તુતઃ એ સત્યવાદ છે અને તેથી જ ગાંધીજીએ પોતાના 'વાદ'ને સત્યાગ્રહ નામ આપ્યું છે. પણ 'સત્યાગ્રહ' સંજ્ઞાને બદલે 'ગાંધીવાદ'ના નામથી જ સત્યાગ્રહ કદાચ વિશેષ પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે.

મોહનલાલ રૂપાણી

× × × ×

જૈનોની અત્યારની અહિંસા જર્જરિત થઇ રહી દેખાય છે-તેમાંનું જીવન્ત તત્વ કેમ જાણે તેમાંથી સરી ગયું હોય ! જ્યારે ગાંધીજીની-અહિંસામાં તાકાત અને શૌર્ય પ્રત્યક્ષ થાય છે. વિશેષ તો એ કે ગાંધીવાદની અહિંસાની અત્યારની રૂપરેખા ઉપરથી સૂચિત થાય છે કે તે ઘણી ઘણી વિશાળ છે, તેના ગર્ભમાં કોઇ અદ્‌ભૂત શક્તિ સમાયેલી છે. મ. ગાંધીજીને મુખે આરૂઢ થયેલી અહિંસા-વિશ્વ ભરમાં વિચારવાનને મુગ્ધ કરે છે. ત્યારે સંપ્રદાયની બંધીઆર હવામાં ગુંગળાઇ ગયેલી અહિંસાનું દર્શન જૈન સંપ્રદાયમાં થઇ રહેલ છે. ગાંધીજીની અહિંસાથી સર્વજ્ઞ દેવોએ પ્રરૂપેલ અહિંસા શું હશે, તેનું હાર્દ કેટલું વિશાળ અને ગંભીર-ગહન હશે તેનો આપણને ખરો અંદાજ આવે છે.-જ્યારે સંપ્રદાયમાં ચર્ચાતી અને પ્રતિપાદન થતી અહિંસા લગભગ નિર્જીવ એટલે મંદતા અને કેવળ જડતાને ભજતી દૃશ્યમાન થાય છે. ગાંધીજીની અહિંસા સારા વિશ્વને શ્રી તીર્થંકરોની પ્રરૂપેલ અહિંસાના માર્ગ ભણી આવ્હાન કરી રહેલ છે. આ વિચાર યથાર્થ બુદ્ધિએ જૈનો કરે તો અહિંસાના પ્રચારમાં તેમનો ફાળો આ યુગે શું અને કેવો હોય એ સહેજે સમજી શકાય તેમ છે.

મગનલાલ દફ્તરી.

ળાની પ્રાન્તિક મહાસભા સમિતિના મતભેદોનું કંઈ પણ સમાધાન કરી લાઇને બધા સાથે એકરૂપ બની જવા માટે રામગઢ મહાસભા તેમને એક સુન્દર તક સાંપડી હતી. પણ એ તકનો લાભ નહિ લેતાં તેમણે પોતાની પપુડી જુદી વગાડવાનું પસંદ કર્યું છે એ ખરેખર ખેદજનક છે.

ઝીણાનું વાણીમંથન

લાહોર ખાતે મળેલી અખિલ હિંદ મુસ્લીમ લીગના પ્રમુખ સ્થાનેથી જનાબ મહમદઅલી ઝીણાએ તેના આજ સુધીના સર્વ પ્રવચનોને વટાવી જાય તેવું ભાષણ કર્યું છે અને એ ભાષણને અનુરૂપ હિંદુસ્થાનના મુસ્લીમ હિંદ અને હિંદુ હિંદ એવા ભાગલા થવા જોઇએ એવી માંગણી કરનારો ઠરાવ એ લીગના અધિવેશને લગભગ સર્વાનુમતે કર્યો છે. આ બન્ને બીનાઓએ આખા દેશમાં ભારે ચકચાર ઉભી કરી છે. અને દેશના એવા ભાગલા વ્યવહાર છે કે નહિ એ સંબંધમાં છાપાઓમાં અનેક નિવેદનો પ્રગટ થઇ રહ્યાં છે.

અંગ્રેજ સરકારના રાજ્યથી દેશને બીજું અનેક રીતે નુકસાન થયું હશે પણ તેના પક્ષે એક વાત તો સર્વ કોઇએ કબુલ કરવી જોઇએ કે તેની સમગ્ર દેશવ્યાપી સત્તાએ આપણામાં નહિ હતી એવી રાષ્ટ્રીય અસ્મિતા અને એકતા ઉભી કરી છે અને એ અસ્મિતા અને એકતાના બળે આપણ સર્વ જાતિ અને ધર્મના ભેદો ભુલી જઇને એક જ દેશના વાસી અને વતની છીએ અને એક જ દેશ આપણ સર્વની માતૃભૂમિ છે એ ભાવના સૌ કોઇના હૃદયને વધારે ને વધારે સ્પર્શતી રહી છે. રાષ્ટ્રીય મહાસભાએ આ દિશાએ ખુબ બેડાણ કર્યું છે અને સરકાર સામેની બબ્બે વખતની લડાઇઓએ આપણ સર્વને નિકટ લાવવામાં અને એક બનાવવામાં ખુબ ફાળો આપ્યો છે. આપણા આખા જીવનમાં ધર્મભેદ એક ગૌણ અંગ બની રહ્યું છે અને અર્થ, કામ અને મોક્ષ આપણ સર્વનાં સમાન છે એ બાબત આપણે સૌ બરોબર સમજવા લાગ્યા છીએ. ગરીબી કે સરકારી શોષણ હિંદુ મુસલમાન સૌ કોઇનું એકસરખું છે અને તેમાંથી કેમ ઉગરવું એજ આપણ સર્વનો આજે સર્વ સામાન્ય અને જીવતો પ્રશ્ન છે. આ આપણા આખા દેશની પરિસ્થિતિ છે. આવે વખતે ઝીણાએ જે બોંબ ધડાકો કર્યો છે અને મુસલમાન જેવી પ્રમાણમાં ઘણી વધારે અજ્ઞાન અને ધર્માંધ પ્રજાને જે નવે રસ્તે જવાનો તેણે આદેશ કર્યો છે તેના ગર્ભમાં કેટકેટલાં ભયંકર પરિણામો ભરેલાં છે તેનું આજે માપ આવવું મુશ્કેલ છે. આપણો એટલે કે આપણા દેશનો કટ્ટરમાં કટ્ટર વૈરી પણ જેવી વાતો ઉચ્ચારવાની હીંમત ન ધરે તેવી વાતો તે પુરી નફટાઇથી કરી રહેલ છે. ગાંધીજીએ એક વખત હિંદુ મુસલમાનોની ખાસીયતોની ચર્ચા કરતાં કહેલું કે હિંદુ સામાન્યતઃ બાયલો છે અને મુસલમાન સામાન્યતઃ ગુંડો છે. આ ગુંડાગીરીનું મહમદઅલી ઝીણાના બોલે બોલમાં નર્યું પ્રદર્શન ભર્યું છે. આખું ભાષણ કેવળ અહંકારથી ભરેલું છે. જ્યાં ત્યાં કોમી વિગ્રહની ધમકી આપવામાં આવી છે.

અને હિંદના બે ભાગલા એટલે શું અને એનું પરિણામ શું ? આજે ભાગલા વિનાનું હિંદ પણ પોતાના પગ ઉપર ઉભા રહેવાને સમર્થ નથી તો ભેદાયલું હિંદ તો અનેક પરદેશી પ્રજાની શિકારભૂમિ જ બની જાય એમાં બીજું શું સંદેહ હોઇ શકે ? વાણોતાણો માફક વણાયલો હિંદુ અને મુસલમાનોને જુદા શી રીતે કરી શકાય ? જુદા થયેલા ભાગના લઘુમતી પક્ષવાળા હિંદુ કે મુસલમાનની શું દશા થાય ? અને એથી કોને શું લાભ થાય ? આવા ભાગલાની વાતો વિસ્તારવાનું પરિણામ પરદેશી સરકારને જ અહિં ચિરંજીવ બનાવવા સિવાય બીજું શું હોઇ શકે ? આ બધો વિવેક વિસારીને ઝીણા આજે નફટ નાચ કરી રહેલ છે અને જાણે કે હોળીના ફાગ બોલી રહેલ છે ? આમ ટીકા કરીને પણ સ્વસ્થ થઇ શકાતું નથી, કારણ કે ઝીણાની વાતોને આપણે ગમે તેટલી બેહુદી કહીએ કે અવ્યવહાર કહીએ પણ તેનામાં તોફાનો કરાવવાની, આજ સુધીની અનેક રચનાઓ તોડી નાંખવાની અને કોમી દૃષ્ટિએ વિકટ પરિસ્થિતિઓ ઉભી કરવાની ખુબ તાકાત અને શકયતાઓ ભરેલી છે. તે આજે એવા વર્ગનો નાયક બની બેઠો છે કે જે ધર્મના ઝનુનને વશ બનતાં પોતાનો પ્રાણ આપતાં અને બીજાનો પ્રાણ લેતાં બહુ લાંબો વિચાર કરતો નથી. અને આ બધી આખરે તો ઘર ઉઠીજ આગને ? કહેવત છે કે ઘર ફૂટયે ઘર જાય આજે વાડ વેલાને ગળવા બેઠી છે અને તેથી ગમે તેવા આશાવાદીને આવતી કાલ ભારે ભયાનક લાગે છે. ભાવીની ઘટના કયા પ્રકારની છે તેની ખબર પડતી નથી. આજે જાણે કે વર્ષોની રચના અને ગાંધીજી જેવા સન્તની જીવનભર તપશ્ચર્યા બેળે જવા બેઠી છે અને આખો દેશ કોઇ વિચિત્ર દુર્દૈવ તરફ ઘસડાઇ રહ્યો છે આવી ભીતિ મનમાં ઉભી થયા કરે છે. જે કોઇ પણ કોમ કે વર્ગને લાભકારક નથી અને જેમાં સર્વ અનિષ્ટનું મૂળ રહેલું છે તેવી વિચાર સરણિથી પોતાની કોમને ઉગારી લેવાની મહાન જવાબદારી આજના સુશિક્ષિત અને રાષ્ટ્રવાદી મુસલમાનો ઉપર આવી પડી છે. આજે ઝીણા સામે વિરોધના સુરો સંભળાઇ રહ્યા છે. એ વિરોધ પુરૂં બળ પકડે અને ઝીણા પદભ્રષ્ટ થાય તો જ ભાવી કાંઇક ઉજળું બને. **પરમાનંદ**

ચાર પ્રકારના માનવીઓ.

રસ્તાની વચ્ચોવચ્ચ એક મોટો પત્થર મૂકયો હોય તો કેટલાક રાહદારી એવા નીકળે કે જે એની સાથે ઠોકરાયા વિના ન રહે. કેટલાક એવા પણ હોય કે જે પત્થરને જેમનો તેમ રહેવા દઈ પોતે તરીને ચાલે. કોઇ કોઇ એવા હોય કે જે પત્થરને પગ તળે ચાંપી આગળ નીકળી જાય અને કોઇક જ એવો હોય કે જે પત્થરને ઉંચકીને એક કોર ફેંકી દે.

જે માણસ પત્થર સાથે ઠોકરાય છે તે ઉંઘમાં હોય છે; બીજો જે તરીને જાય છે તે બંધારણવાદી; ત્રીજો જે દાણીને જાય છે તે સુધારક અને જે પત્થરને ઉંચકીને ફેંકી દે છે તે ક્રાંતિકારી.

મુસ્કેલીઓ મુંગેમોઢે સહી લે છે તે ગુલામ છે; તરી જનાર ભિરૂ છે; ઉપરથી ચાલ્યો જનાર સાવધ છે; પણ તેને ઉચ્છેદીને ફેંકી દેનાર વીર છે. સમાજ, ધર્મ, રાજકારણ જેવા પ્રદેશોમાં આવી ચારે કોટિના માણસો હોય છે.

× × × ×

અરબી શૈલીએ પણ એવા જ ચાર જાતના માણસો હોય છે. એવાઓની સાથે કેમ વર્તવું તે પણ એમાં બતાવ્યું છેઃ–

એક એ છે કે જે પોતે જાણે છે અને તે જાણે છે કે પોતે જાણે છેઃ આ શાણો નર છે. તેને અનુસરવામાં હરકત નથી.

બીજો એ કે જે જાણે છે છતાં પોતે જાણે છે એમ નથી જાણતો. એ ભાનભુલેલો છે. એની સાન ઠેકાણે લાવવી જોઇએ.

ત્રીજો એ કે જે જાણતો જ નથી છતાં પોતે જાણતો નથી એમ પણ નથી જાણતો. એ મુરખ છે. એનો વિશ્વાસ ન કરતા.

ચોથો જાણતો નથી, પણ પોતે નથી જાણતો એટલું તો જાણે છે જ એ બાળક છે. એને શીખવવાની જરૂર છે.

('જૈન' માંથી ઉદ્ધૃત)

બાઈ કમીબાઈ ટ્રસ્ટ

હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલના મકાનનું ખાતમુહૂર્ત અંધેરી ખાતે સરદાર વલ્લભભાઇ પટેલે થોડા વખત પહેલાં કરેલું. આ સ્કુલ બાઇ કમીબાઇ અને હંસરાજ મોરારજી ચેરીટી ટ્રસ્ટ-માંથી ઉભી કરવામાં આવી છે. આ ટ્રસ્ટનો ઇતિહાસ બહુ બોધક છે. ઉપરના જણાવેલ ખાતમુહૂર્તના પ્રસંગે ટ્રસ્ટી મંડળ તરફથી દિવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ટ્રસ્ટનો ઇતિહાસ રજુ કરતાં જણાવેલું કે "સ્વર્ગસ્થ શેઠ હંસરાજ મોરારજી જ્ઞાતિએ કચ્છી ભાટિયા હતા. તેમણે મુંબાઇ તથા કલકત્તામાં જ્યુટ તથા તથા હેસિયનના વ્યાપારમાં લાખો રૂપીઆ પેદા કર્યા હતા. એમનું અવસાન ઇ. સ. ૧૯૧૪ માં થયું હતું. એમણે એક વિલ કરી પોતાની તમામ મીલ્કત પોતાનાં ધર્મપત્ની સ્વ. બાઇ કમીબાઇને બક્ષીસ આપી હતી. સ્વ. બાઇ કમીબાઇ ઇ. સ. ૧૯૨૨ ના ફેબ્રુઆરી માસમાં ગુજરી ગયાં. એમણે પોતાના મરણ પહેલાં ઘણો વખત વિચાર કર્યો કે મારે શું કરવું ? પતિનો વંશ કાયમ રાખવા માટે એક પુત્ર દત્તક લેવો કે મીલ્કત ધર્માદામાં આપવી ? દત્તક પુત્ર તથા ધર્માદા એ બે વચ્ચે મનમાં સમવિષમ થયા કરતું હતું. એમણે તેથી એ બાબત પર અમારા એક સહટ્રસ્ટી ભાઇ મુળજીભાઇ જેઓ કમીબાઇના નજીકના સગા થાય છે તેમની સલાહ લીધી. ભાઇ મુળજીભાઇએ સમજાવ્યું કે દત્તક લેવામાં પુત્ર કેવો નીકળે, તેની કોને ખબર છે ? વળી લાખો રૂપીઆની મીલ્કત મળવાથી તેનો કદાચ દુરૂપયોગ થવાનો સંભવ રહે. તેના કરતાં આખી રકમ ધર્માદામાં આપવાથી કુટુંબનું નામ અમર થશે. માટે ધર્માદા માટે ટ્રસ્ટ કરવું એજ ઉત્તમ માર્ગ છે. બાઇ કમીબાઇ ની પણ કેળવણી આગળ વધારવાની તથા ગરીબોને માટે વૈદ્યકીય મદદ આપવા અર્થે મીલ્કત ધર્માદા કરવાની ઘણી ઇચ્છા હતી. પોતાના ડો. જહાંગીરજીની સલાહ લેતાં તેઓ પણ શેઠ મુળજીભાઇના તથા બાઇ કમીબાઇના મતને મળતા થયા અને એ બેની સુચના તથા પ્રેરણાથી બાઇ કમીબાઇએ વિલ કર્યું જેમાં એમણે પોતાના પતિ તરફથી મળેલી તમામ મીલ્કત તથા પોતાના પિતા સ્વ. શેઠ કલ્યાણજી લધા તરફથી મળેલી તમામ મીલ્કત– જે બન્ને મળીને લગભગ પચ્ચીશ લાખ રૂપીઆની થતી હતી તે-ધર્માદા આપી. એક અશિક્ષિત ગણાતી બાઇએ પણ દત્તક પુત્ર લેવાથી નામ અમર થાય તે કરતાં ધર્માદામાં મીલ્કત આપવાથી નામ વધારે અમર થાય છે એમ માન્યું તે માટે તેમને અભિ-નંદન ઘટે છે. બાઇ કમીબાઇની ઇચ્છા હતી તે પ્રમાણે એમણે મીલ્કતનો મોટો ભાગ કેળવણી તથા વૈદ્યકીય મદદ જેવાં ઉત્તમ કાર્યોમાં ઉપયોગ કરવા પોતે પોતાના ટ્રસ્ટીઓને ફરમાવ્યું અને તેને પરિણામે બાઇ કમીબાઇ ટ્રસ્ટ અસ્તિત્વમાં આવ્યું આ. ટ્રસ્ટનો અમલ થવામાં કેટલાંક વિઘ્નો આવ્યાં. વચગાળે કોર્ટના ઝગડા શરૂ થયા. ઇ. સ. ૧૯૩૦ માં કોર્ટે નવું ટ્રસ્ટીમંડળ નીમી આપ્યું અને ટ્રસ્ટના વહીવટ માટે એક યોજના નક્કી કરી આપી. આ સ્કીમથી મંજુર થયેલી આઠ સંસ્થાઓ આજે ચાલી રહી છે. બે દવાખાનાં, એક, હાઇસ્કુલ, એક આરોગ્ય-ભુવન અથવા તો સસ્તા ભાડાની ચાલ, એક છાત્રાલય, એક અન્નક્ષેત્ર અને બે ધર્મશાળા. આ ઉપરાંત ઇંગ્લંડની પબ્લીક સ્કુલના ઘોરણે અંધેરીમાં કેટલાક વખતથી 'હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલ' શરૂ કરવામાં આવી છે. આ સ્કુલનાં મકાનો બાંધવા માટે અંધેરી અને વરસોવા વચ્ચે ૬૩૦ એકર જેટલી વિશાળ જમીન ટ્રસ્ટીઓ મેળવી શકયા છે અને તે જમીન ઉપર મકાનો બાંધવા માટે રૂ. ૪૬૨૦૦૭ ની રકમ હાઇકોર્ટે મંજુર કરી છે. એક અશિક્ષિત બહેનની સદ્વૃત્તિ અને શુભ ભાવનાનું કેવું સુંદર અને ભવ્ય પરિણામ !

હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલ.

ઉપર જણાવ્યું તેમ બાઇ કમીબાઇ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તર-ફથી અંધેરી ખાતે કેટલાક સમય પહેલાં 'હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલ' નામની એક અંગ્રેજી હાઇ સ્કુલ શરૂ કરવામાં આવી છે. આ સ્કુલ હાલ ભાડાના મકાનમાં બેસે છે પણ આ સ્કુલને પોતાનાં જરૂરી મકાનો તેમજ ક્રીડાંગણો માટે અંધેરી વરસોવા રોડની બાજુએ કોંગ્રેસ ગવર્મેન્ટ ચાલતી હતી તે દર-મિયાન નામના જ ભાવમાં સો એકર લગભગ જમીન મળી છે, જ્યાં નવાં મકાનોનો પાયો નાંખવાની ક્રિયા હજુ થોડા સમય પહેલાંજ સરદાર વલ્લભભાઇ પટેલના હાથે કરવામાં આવી હતી. આ સ્કુલની અંદર ૯ થી ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થીઓને ભણા-વાની સગવડ છે. અંગ્રેજી પહેલાં ધોરણથી અહિં અભ્યાસ શરૂ કરાવવામાં આવે છે અને મેટ્રીક સુધી ભણાવીને જેને આગળ અભ્યાસ માટે પરદેશ જવું હોય તેને સીનીયર કેમ્બ્રીજ કે લંડન મેટ્રીકની પરીક્ષા માટે તૈયાર કરવાની યોજના કરવામાં આવી છે. આ સ્કુલના હોસ્ટેલમાં ભણતા વિદ્યાર્થીઓજ આ સ્કુલમાં ભણી શકે છે. બહારના વિદ્યાર્થીઓને અહિં દાખલ કર-વામાં આવતા નથી. આ સ્કુલમાં દાખલ થનાર વિદ્યાર્થીએ વાર્ષિક રૂા. ૬૦૭ એટલે માસિક રૂા. ૫૦૭ ની ફી આપવી પડે છે અને તેમાં તેના રહેવા ખાવા તેમજ ભણવા વગેરે સર્વ ખર્ચનો સમાવેશ થાય છે. સામાન્ય નિશાળો કરતાં અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ તેમજ ધ્યેયની અંગે આ સ્કુ-લમાં અનેક વિશિષ્ટતાઓ છે જેનું નિરૂપણ સ્થળ સંકો-ચના અભાવે અહિં અશકય છે. આ સ્કુલની કલ્પના વિલાયતની કેટલીક સારી સ્થિતિનાં બાળકોને ભણવાની પબ્લીક સ્કુલો ઉપરથી અથવા તો શ્રીમન્તો, જમીનદારો તેમજ ઉચ્ચાધિકારીઓના બાળ-કોને ભણવા માટે દહેરાદુન ખાતે ખાસ ઉભી કરવામાં આવેલી 'દુન સ્કુલ' ઉપરથી કરવામાં આવી છે. ફરક માત્ર એટલો કે આ સ્કુલના સંચાલકો તેમજ પ્રયોજકો તેમજ ધ્યેયઘટના એવા પ્રકારનાં છે કે આ સ્કુલનું વાતાવરણ ભારતીય સંસ્કૃતિવાળું રહેશે એમ આપણે નિઃશંકપણે કહી શકીએ. પ્રશ્ન એટલો જ વિચારવા જેવો રહે છે કે આવી અતિશય ખરચાળ અને સારી સ્થિતિનાજ મા-બાપોનાં બાળકો લાભ લઇ શકે તેવી સ્કુલ પાછળ કોઇ પણ ચેરીટી ટ્રસ્ટના પૈસા ખરચાય તે વ્યાજબી ગણાય કે નહિ ? અલબત્ત મુંબાઇની હાઇકોર્ટે આ સ્કુલની યોજના મંજુર કરેલી છે અને તેથી આ સ્કુલના ફાયદેસરપણા સામે કોઇ પ્રશ્ન ઉઠાવી શકે તેમ નથી. વળી આવી સ્કુલની ઉપયોગિતા કે આવશ્યકતાને પણ આપણે જરૂર સ્વીકારીએ પણ બીજી રીતે વિચારતાં આપણને એમ લાગ્યા વિના નહિ રહે કે અમાપ દારિદ્રયવાળા આપણા દેશમાં ધનસંપન્ન નહિ એવા માબાપોના બાળકોને વ્યાપક અને સંગીન કેળવણી આપવાને લગતી કોઇ યોજના પાછળ આવડા મોટા ટ્રસ્ટની રકમ ખરચવાની ગોઠવણ કરવામાં આવી હત તો સદ્‌ગત કમીબાઇની શુભ અને અનુકરણયોગ્ય ભાવના વધારે સાર્થક અને મૂર્તિમન્ત બનત.

પરમાનંદ

ડૉ. મોન્ટેસોરીની જીવન રૂપરેખા.

યુરોપીય કેળવણીનો આખો ઇતિહાસ તપાસો તો એમાં કોઈપણ સ્થળે સ્ત્રીનું નામ નહિ જડે. પહેલવહેલીજ એક સ્ત્રી કેળવણીકાર ઉત્પન્ન કરવાનું માન ઇટલીને ઘટે છે. ડૉ. મોન્ટેસોરીમાં માનવવંશશાસ્ત્રી, શરીરશાસ્ત્રી, માનસશાસ્ત્રી, કેળવણીશાસ્ત્રી અને તત્વેત્તા એ બધાનું એકીસાથે દર્શન થાય છે, બાલકનાં અને બાલમાનસનાં એ ખાસ અભ્યાસી છે. પોતે અપરિણિત છતાં માતાઓની તે માતા છે, બાલસ્વાતંત્ર્યનાં એ યુગ પ્રવર્તક છે.

ડૉ. મોન્ટેસોરી મધ્યમ સ્થિતિનાં, સંસ્કારી માતપિતાનાં એકનાં એક પુત્રી છે. તેમનો જન્મ ઈ. સ. ૧૮૭૦ માં ઇટલીમાં થયો. અગિયાર વર્ષની નાની વયે તેમનામાં કાંઇક કાર્ય કરવાની ઉર્મિ જાગી. ઇટલીમાં તે વખતે સ્ત્રીની પદવી હલકી ગણાતી. સ્ત્રીઓ ભાગ્યેજ ભણતી. મહેતીજી સિવાય બીજા કોઇપણ ધંધાનાં દ્વાર સ્ત્રીને માટે બંધ હતાં. મોન્ટેસોરીએ એન્જીનીયરીંગનો અભ્યાસ શરૂ કર્યો. અહિં તે એકલાંજ વિદ્યાર્થીની હતાં. વિદ્યાર્થીઓ વચ્ચે રહી અભ્યાસ કરવામાં અનેક મુશ્કેલીઓ હતી. મા સવારે શાળામાં મુકવા આવે અને બાપ સાંજે ઘેર તેડી જાય. વિશ્રાંતિ સમયે શાળાના એકાદ ઓરડામાં તેને ભરાઇ રહેવું પડતું અને બારણા પાસે પોલીસ પહેરો રાખવો પડતો. આ મુશ્કેલીઓ વચ્ચે અહિં તે એક સમર્થ ગણિતશાસ્ત્રી બન્યાં. પછી તેનું ધ્યાન દાક્તરી અભ્યાસ તરફ વળ્યું. અહિં પણ સ્ત્રીવિદ્યાર્થી તરીકે એ એકજ હતાં. અખૂટ આત્મબળ અને આત્મશ્રદ્ધા વડે અનેક સામાજીક બંધનોને વટાવી છેવટે તેમણે રોમની વિદ્યાપીઠની એમ. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી.

પછી તેણે પોતાનો દાક્તરી ધંધો શરૂ કર્યો. ભયંકર દર્દીઓને તે પોતાને ઘેર રાખતાં. રોમનાં ગરીબ બાલદર્દીઓને માત્ર દવા જ નહિં પણ જોઇતી તમામ ચીજો પોતાને ત્યાંથી મંગાવી આપતાં. ધંધા વિનાના દર્દીને પોતાના ખર્ચે કામે લગાડતાં. કોઇનું દુઃખ દૃષ્ટિએ પડે કે તુરત તે દૂર કરવાને આગળ આવતાં. આ રીતે તે પોતાની પરોપકારી દાક્તરી જીંદગી ગાળતાં.

દાક્તરી જીંદગીની સાથે સાથે સને ૧૮૯૭ માં રોમમાં મગજનાં દર્દીઓની હસ્પિતાલમાં તેઓ દાક્તર તરીકે નિમાયાં. અહિં ખરેખરાં ગાંડાઓની સાથે મૂઢ અને મંદબુધ્ધિવાળાંઓને પણ રાખવામાં આવતાં. યુવાન ડૉ. મોન્ટેસોરીનું ધ્યાન આમની તરફ દોરાયું. તેને જણાયું કે આ મૂઢબુધ્ધિનો ઉપાય ઔષધ નથી પણ કેળવણી છે. આ વિચારો તેણે ટુરીનની કેળવણી પરિષદમાં જાહેર કર્યા. રોમની વિદ્યાપીઠમાં પણ તેણે આ વિષે ભાષણો કર્યા. આથી કેળવણીના ક્ષેત્રમાં નવોજ પ્રકાશ પડયો. આ પછી ડૉ. મોન્ટેસોરી નિર્બળ મનનાં મનુષ્યોને સુધારવાની સંસ્થાના વિદ્યાધિકારી નિમાયાં. હવે તેમણે પોતાનો દાક્તરી ધંધો છોડયો અને આ નવા કાર્યમાં તન્મયતાથી કામ કરવા માંડયું. સવારના આઠથી રાતના સાત સુધી મંદબુદ્ધિનાં બાલકોને શિખવવામાં સર્વ શકિત રોકતાં.

લંડન અને પેરીસ જઇ મૂઢ બાલકોની શાળાઓની પ્રચલિત પદ્ધતિઓનો જાતે અભ્યાસ કરી પોતાના જ્ઞાનનો વધારો કર્યો. પોતાની શાળાના અખતરાથી જે પરિણામો આવ્યાં તેથી લોકો આશ્ચર્યચકિત થયાં. જેમણે આ પરિણામો નજરે જોયાં તેમણે આ કિસ્સાને તો જાદુઇ કિસ્સોજ માન્યો. આ અખતરા ઉપરથી તેમને સ્ફૂર્યું કે જો આ પદ્ધતિથી મૂઢ બાલકોને આટલો બધો લાભ થાય તોપછી તેજ પદ્ધતિથી શીખનારાં સમધારણ બાલકો જરૂર આગળ વધી જાય અને તેમની પ્રગતિ તો ચમત્કારીજ ગને. તરતજ તેમણે સમધારણ બાલકોની શાળાઓ, તેની વ્યવસ્થા અને તેમાં ચાલતી પદ્ધતિઓનો અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો.

તેમની જ્ઞાનપિપાસા હજી અતૃપ્ત હતી. તત્વજ્ઞાનની પ્રાપ્તિ વિના તેમનો ફાળો તેમને ઉણપવાળો લાગતો હતો, આથી રોમની વિદ્યાપીઠમાં તે તત્વજ્ઞાનનાં વિદ્યાર્થી તરીકે દાખલ થયાં અને તેની મારફત બાલમાનસશાસ્ત્રનો વિશેષ અભ્યાસ શરૂ કર્યો અને છેવટે કેળવણી અને માનવવંશશાસ્ત્રમાં તેમણે સ્નાતકની પદવી મેળવી.

સ્વભાવ, શિક્ષણ અને અનુભવથી તે વૈજ્ઞાનિક તો હતાં જ. તે જ્ઞાનભાથાથી તેમણે ચાલુ શાળાઓનું બારીક અવલોકન કરી લીધું. અદ્યતન શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો જોઇ લીધાં. કેટલાક લેખકોના મર્મ સમજવા માટે મૂળ લખાણમાંથી અક્ષરશઃ તરજૂમા ઉતાર્યા. ખૂબ વાંચ્યું અને વિચાર્યું અને છેવટે પ્રચલિત શાળાઓના દોષોમાંથી વિશ્વનાં બાલકોને કેમ ઉગારવાં તેના વિચારો તેમણે પૂર્ણ શાંતિથી કર્યા અને પોતાના વિચારોને અમલમાં મૂકવાની તક તેઓ શોધી રહ્યાં હતાં. તેવામાં ઇશ્વરે તેમને એક સુયોગ પ્રાપ્ત કરાવ્યો.

ઇટલીના ગરીબ લોકો માટે રહેવાનો પ્રશ્ન ભારે મહત્વનો થઇ પડયો હતો. એ ગરીબ લોકો ગંદકીમાં સડી રહ્યાં હતાં. એ લોકોને ખાનગી જીવન જેવું કશું રહ્યું ન હતું. એક પરમાર્થી સમાજસેવક મી. ટાલમોએ આ ગરીબ વર્ગનો પ્રશ્ન હાથમાં લીધો. તેમાંથી ગરીબ લતાનાં બાલકોની કેળવણીનો પ્રશ્ન મી. ટાલમો પાસે આવ્યો, ટાલમોના કાને ડૉ. મોન્ટેસોરીની પ્રવૃત્તિની ખબરો આવી ચૂકી હતી. તેઓ ડૉ. મોન્ટેસોરીને મળ્યા અને એક યોજના વિચારાઇ. ડૉ. મોન્ટેસોરી પણ એવીજ તકની રાહ જોઇ રહ્યાં હતાં. પોતાનું વિચાર સ્વાતંત્ર્ય સચવાય તેવું કાર્યક્ષેત્ર તેમને મળી ગયું. પરિણામે ૧૯૦૭ ના જાન્યુઆરી માસમાં પહેલવહેલું બાલગૃહ ઉઘડયું. ડૉ. મોન્ટેસોરીએ પોતાના શિક્ષણ વિષયક વિચારો એ ગરીબ બાલકો પર અજમાવ્યા અને તેમાં તેમને સંપૂર્ણ ફત્તેહ મળી. દિનપ્રતિદિન તે બાલગૃહ મારફત ઘણાં બાલગૃહો ઉઘડયાં અને વિજળીને વેગે તેમની ખ્યાતિ દુનિયામાં ફેલાઇ. દેશદેશથી કેળવણીના યાત્રીઓ મોન્ટેસોરી શાળા જોવા આવવા લાગ્યા.

આજે મોન્ટેસોરી પદ્ધતિ પ્રસિદ્ધ છે. યૂરોપ, અમેરીકા અને બીજા અનેક સુધરેલા દેશોમાં એ પધ્ધતિ ઉપર બાલમંદિરો આગળ વધી રહ્યાં છે. હવે તો થોડાંએક વર્ષોથી યૂરોપમાં અને અમેરીકામાં ડૉ. મોન્ટેસોરી ચાર, ચાર કે છ, છ માસનો અભ્યાસક્રમ રાખી મોન્ટેસોરી પદ્ધતિનો તાત્વિક તેમજ વ્યાવહારિક પરિચય શિક્ષણકારોને આપે છે અને દુનિયાનાં જૂદાં જૂદાં સ્થળોમાં મોન્ટેસોરી સોસાયટીઓ સ્થાપી મોન્ટેસોરી પત્રિકા દ્વારા સિધ્ધાંતોનો પ્રચાર કરે છે.

ડૉ. મોન્ટેસોરી એક અસાધારણ પ્રતિભાશાળી બાઇ છે. ડોકટર, તત્વેત્તા અને ગણિતશાસ્ત્રી હોવા ઉપરાંત એક અદ્‌ભૂત માનસશાસ્ત્રી છે. એમનામાં સ્વયંસ્ફુરણા, સર્જનશકિત અને શોધકવૃત્તિની કુદરતી બક્ષિસો છે એમ કહ્યા વિના ચાલતું નથી. એમનું વ્યકિતત્વ આપણા ઉપર સજ્જડ છાપ પાડે છે. તેમના સહવાસમાં આવેલાઓ એમનાથી ચકિત થઈ જાય છે. આજે સીતેર વર્ષની ઉંમરે પણ તેમનું ચેતનવંતુ અને સ્ફુર્તિવાળું શરીર સદાય પ્રવૃત્તિમય રહે છે. તે સુરૂપ છે, આકર્ષક છે, તેમની વાણી મીઠી છે, તેમનો વાકપ્રવાહ સ્વાભાવિક અને સરલ છે. એવી અસાધારણ શકિતને લીધે આખી આલમની સ્ત્રીજાતિને અભિમાન લેવાને કારણ મળે છે. તેમનું જ્ઞાન અગાધ–પ્રત્યેક વિષયમાં તલસ્પર્શી છે, બાલકો સંબંધે તે એટલું બધું જાણે છે કે કદાચ તે જગતને જણાવી પણ શકશે નહિં–આવી પ્રતીતિ તેમના અંતેવાસીઓને થઈ છે. દુનિયા પર આવી પ્રભાવશાળી સ્ત્રીઓ ગણીગાંઠીજ હશે.

સરલાદેવી અંબાલાલ સારાભાઇ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૧
અંક : ૨૪

મુંબઇ : ૧૫ એપ્રીલ ૧૯૪૦ સોમવાર

લવાજમ
રૂપિયા ૨

ક્રાન્તિકારી કેળવણી

(કાશી વિદ્યાપીઠના પદવીદાન પ્રસંગે શ્રી. સંપૂર્ણાનંદે આપેલા વ્યાખ્યાનમાંથી કેટલોક અનુવાદિત વિભાગ—જેમાં તેઓ જણાવે છે કે કેળવણીનો નવો પ્રયોગ ચાલુ રહેશે તો 'મને વિશ્વાસ છે કે અમારા ઘરોમાં માત્ર નગરની મહેલાતોમાંજ નહિ પણ ગામડાંના કુબાઓમાં ફરીને ચિત્રો દીપી ઉઠશે; આકાશ, ઝરણાં, સરિતા, પર્વતમાળા, હરિયાળાં ખેતરો અને રંગબેરંગી વાદળીઓ લોકોના સજીવ ચિત્રો બની જશે.)

આજ દેશને ખૂણે ખૂણે 'ઇન્કિલાબ ઝિન્દાબાદ'નો નાદ ગાજે છે. જે લોકો પોકાર કરે છે એમનું મુખ્ય ધ્યેય તો રાજકીય ક્રાન્તિનું છે. એ રાજકીય ક્રાન્તિમાં આર્થિક અને સામાજિક સંકડામણોની સૌ મુક્તિ જુએ છે. દરેક દેશ માટે આવી ક્રાન્તિની આવશ્યકતા સર્વમાન્ય બની છે. પરંતુ આપણે માટે તો એ જીવન મરણનો સવાલ છે. વર્તમાન અવસ્થા અસહ્ય છે. જે લોકો આજે ઉપર છે એ નીચે જવાનાજ; જે લોકો આજે નીચે છે એ ઉપર આવવાના. અને આપણે સામુદાયિક જીવનનું નવેસરથી સંગઠન કરવું પડશે.

ભૌગોલિક સીમાઓ તુટી પડી છે.

રેલ્વે, તાર અને રેડિયોના વ્યવહારથી આજે ભૌગોલિક સીમાઓ તૂટી પડી છે. પ્રકૃતિની અકલ્પિત શક્તિઓને આપણી તહેનાતમાં હાજર કરી વિજ્ઞાને મનુષ્યના સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય વધાર્યાં છે. વગર પ્રયાસે જગતની સંસ્કૃતિઓનું સમ્મિલન અને સમ્મિશ્રણ થઇ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં એ સંભવિત અને ઇચ્છનીય છે કે મનુષ્યો પરસ્પરના સંઘર્ષોમાં શોષણ અને હરીફાઇને બદલે સહકારનો માર્ગ ગ્રહણ કરે અને વિશ્વ સાથે તાદાત્મ્ય સાધવાનો જે આજે મોકો મળ્યો છે એ ન ચૂકે.

પરંતુ આવી નિઃસ્વાર્થ વૃત્તિ આપણામાં કેવ રીતે જાગૃત કરી શકાય ? મનુષ્ય જીવનમાં ઉથલપાથલ કરવાનું કામ બહુ અઘરું નથી. સત્યાગ્રહ સિવાય બીજા હથિયારો પકડીને જુની સરકારને ઉથલાવી એને સ્થાને નવું તંત્ર સ્થાપી શકાય છે; અત્યારનો આર્થિક ચીલો બદલી દઇને એને બદલે સમાજવાદ કે બીજા કોઇ પ્રકારની વ્યવસ્થા કરી શકાય છે; રોજ્યના ટેકાથી ચાલી રહેલું આજનું સામાજિક સંગઠન સૈન્યબળથી તદ્દન નષ્ટ ન કરી શકાય તો પણ જર્જરિત જરૂર કરી શકાય છે; પણ સવાલ એ છે કે આ બધું પરિવર્તન કેટલા દિવસ ટકી શકે ? માત્ર ઉપરના જરાક ફેરફાર સિવાય એ બધી પુરાણી રીતરસમો પાછી થોડાજ વખતમાં શરૂ થઇ જવાની એટલે કોઇપણ પ્રકારની ક્રાન્તિને જો લાંબા આયુષ્યવાળી બનાવવી હોય તો એના સંસ્કાર લોકોના હૃદય અને મગજ પર પૂરી દૃઢતાથી અંકિત થવા જોઇએ. માટે જ આપણે જેવા મનુષ્ય ઘડવા હોય એવી એમને કેળવણી આપવી પડશે. રશિયા, ઇટલી અને જર્મનીના રાજપુરૂષો આ વાત બૂબ સારી રીતે સમજે છે. તેથી જ તો ત્યાંની સરકારોએ કેળવણીને એક મધ્યમ કક્ષાનો વિભાગ નહિ પરંતુ સર્વોચ્ચ કોટિનો વિભાગ માન્યો છે.

કેળવણીમાં ક્રાન્તિની જરૂર

આપણા દેશની અંદર જ્યારે બીજા પ્રકારની ક્રાન્તિઓ તરફ ધ્યાન ગયું છે ત્યારે સ્વાભાવિક જ ઘણા માણસો કેળવણીના આજના ક્રમમાં ક્રાન્તિ લાવવા ઉપરના કારણોથી તત્પર બન્યા છે. કેળવણીનું ક્ષેત્ર વ્યાપક છે. એનો જેમ જેમ વિચાર કરીશું તેમ તેમ એક વિષયની અંદર બીજા અનેક વિષય સમાયેલા આપણને દેખાશે. આપણે ત્યાં બાલ કેળવણી, પ્રૌઢ કેળવણી, સ્ત્રી કેળવણી, શારીરિક કેળવણી, માનસિક કેળવણી, આધ્યાત્મિક કેળવણી, ઔદ્યોગિક કેળવણી વગેરે દરેક વિષયને પોતાનું ખાસ મહત્વ છે. આપણે એનો પૂર્ણ ગંભીરતાથી વિચાર કરવો જોઇએ. નવાં સાધનોથી કામ લઇ અને જુનાં સાધનોનો નવી રીતે ઉપયોગ કરી આ ક્ષેત્રમાં આપણી શક્તિ રોકવી પડશે.

સાથે સાથે એ સ્મરણમાં રાખવું જોઇએ કે મનુષ્ય એકાંગી પ્રાણી નથી. આજનું બાળક કાલે યુવાન થશે. જે આજ નીચેના ધોરણોમાં અભ્યાસ કરે છે તે કાલે ઉપલા વર્ગમાં જશે. જે આજ વિદ્યાર્થી છે તે કાલે નાગરિક થશે. એ સૌને પોતપોતાના શરીર અને બુદ્ધિને સાથે રાખી સમાજમાં કામ કરવું પડશે. એટલે કેળવણીના ક્ષેત્રમાં આપણો સુધારો ચતુર્વિધ હોવો જોઇએ. નહિતર એક તરફનો સુધારો કરી બીજી તરફ અનુકૂલ પરિવર્તન જો ન કરવામાં આવે તો એવો નિરાશાભાસ ઉભો થશે કે આપણી મહેનતનો પરપોટો ફુટી જશે અને આપણા ધ્યેયમાં આપણે નિષ્ફળ જઇશું.

આપણી સૌન્દર્યદૃષ્ટિ કયાં ?

દિવસે દિવસે આપણું જીવન નીરસ બનતું જાય છે. આપણામાંથી સૌન્દર્યદૃષ્ટિ ચાલી ગઇ છે. આપણે ત્યાં જે આકાશ છે, જેમાં આઠ મહિના સુધી આખી સાત ગ્રહ અને નક્ષત્રોની રમત ચાલે છે, એ બીજે ક્યાં જોવા મળશે ? અંગ્રેજી કવિતા કે માત્ર કાલિદાસની કૃતિઓ વાંચવાથી હૃદયને સૌન્દર્યનો અનુભવ થતો નથી. જે દેશના મંદિરોમાં પણ સત્યનાશી હારમોનિયમ ગાયક સમાજની શોભા વધારે છે તે દેશમાંથી સંગીતશાસ્ત્ર પરવારી બેસે તો પણ નવાઇ નથી. હવે દિવસો બદલાતા જાય છે. આપણે ફરીને સંસ્કૃત આર્ય બનવું છે એટલે આપણાં ઘરોમાં સૌન્દર્યકળાને ફરીથી પ્રવેશ કરાવવો છે. માટે જ અમે અમારા પ્રાંતના અભ્યાસક્રમમાં કળાનો વિષય ઉમેર્યો છે. નાના બાળકોમાં અમે

દેવમંદિર—
જાહેર જીવનનું કેન્દ્ર

તરસ્યાને પાણી પાવું, ભૂખ્યાને અને ખાસ કરીને બ્રાહ્મણોને જમાડવા, ગાયોને ઘાસ આપવું, અનાથ બ્રાહ્મણોના છોકરાઓને જનોઇ આપવી, છોકરા છોકરીઓને પરણાવવાં; તીર્થયાત્રા કરવી કુવા ખોદાવવા, ધર્મશાળાઓ અને મંદિરો બાંધવાં એ જૂના વખતના દાન ધર્મના મુખ્ય પ્રકારો છે. અતિથિ સત્કાર, વિદ્યાધ્યયન કરનાર બ્રાહ્મણ બટુને માધુકરી આપવી અને જનવરોને ગોગ્રાસ કે કાકબલિ જેવું કંઇક આપવું એ વસ્તુઓ નિત્યકર્મમાં ગણાતી. તેથી એને માટે દાનધર્મ એવું મોટું નામ આપાતું નહોતું.

હાલના જમાનામાં આ વસ્તુઓ તરફની શ્રદ્ધા કંઇક ઓછી થઈ છે. દાનના આ પ્રકારો બંધ થયા છે એમ નથી; પણ જુના જમાનાના જ વિચારોમાં રહેલા લોકો તરફથી એ પ્રકારોને થોડું ઘણું ઉત્તેજન મળે છે. સમાજને દોરનાર આગેવાનોએ દાનધર્મને સમાજ–સેવાનું રૂપ આપ્યું છે. કેળવણીની સંસ્થાઓ કાઢવી, દવાખાનાઓ ચલાવવાં આરોગ્યભુવનો બાંધવાં, વાંચનાલયો ખોલવાં, સ્કોલરશિપો સ્થાપવી, ચોપડીઓ લખાવવી, પ્રચાર અને ચળવળ કરવા માટે ફંડો ભરવાં અને ન્યાતની ઉન્નતિ માટે બોર્ડિંગો કાઢવી એ આજની રીતી છે. સમાજની ઉન્નતિની કલ્પના અને ઉહાપોહ જેમ જેમ આગળ વધશે તેમ તેમ નવાં ક્ષેત્રો પણ જડશે. જેમકે મદ્યપાન નિષેધ અને સામાજિક સ્વચ્છતા પાછળ દાનધર્મ કરવાથી આજના જમાનામાં વધારેમાં વધારે પુણ્ય મળવાનુ છે. એ ખ્યાલ ફેલાવવાની જરૂર છે.

પણ આપણી જુની સંસ્થાઓ કે જેની ઉપયોગિતા વિષે રૂઢીગ્રહ સમાજને શંકા જ નથી તે ફરી સજીવન થાય કે કેમ એ જોવાની જરૂર છે. દસ વરસ પહેલાં સનાતની લોકોમાં એવો એક પવન વાતો હતો કે નવા મંદિરો બાંધવા કરતાં જુનાનો જીર્ણોદ્ધાર કરવો એમાં વધારે પુણ્ય છે. કાશીના પ્રખ્યાત તૈલંગ સ્વામીએ ત્યાં એજ મુખ્ય કામ કર્યું હતું. જે જુનાં મંદિરોને સારી આવક થતી હોય એ મંદિરોનો વહીવટ સુધારીને મંદિરોના પૈસા સમાજ સેવામાં ખરચવા. એ પણ સુધારાનો મોટો વિચાર દેશમાં ખુબ ફેલાયો હતો. શીખ લોકોની ગુરૂદ્વારા પ્રબંધક હીલચાલ એ એનું છેલ્લું સ્વરૂપ છે. દક્ષિણમાં કેટલાંક મંદિરોની આવક નાના મોટાં દેશી રાજ્યોની આવક જેટલી હોય છે. ત્યાં મંદિરોની આવકની વ્યવસ્થાનું બિલ પણ પસાર થયું છે. મંદિરોના વ્યવસ્થાપક હોદ્દાની રૂએ (Ex–officio) સત્પુરૂષ તરીકે પૂજાય છે, એ લોકોનું ચારિત્ર્ય કેવું હોય છે એ તો તેઓ જ જાણે. સમાજમાં દરેક મંદિરના વ્યવસ્થાપક વિષે કાંઇ ને કાંઇ કિંવદન્તી ચાલતી જ હોય છે. બધી જ વાતો પાયા વગરની ન જ હોઈ શકે અને બધી જ સાચી હોવાની ખાત્રી કેમ અપાય? કેટલાંક મંદિરોના વ્યવસ્થાપક–બ્રહ્મચારીઓના બાળબચ્ચાં મેં જોયાં છે. એમને વિવેક છોડીને વિગત પુછવા જતાં નફટ થઇને તેઓ કહે છે બ્રહ્મચારી એ અમારી અટક સમજો. આવા લોકોની સંખ્યા ઝાઝી છે એમ નથી પણ સમાજમાં તેઓ નભી શકે એ જ દુઃખની વાત છે.

એટલી વાત ખરી કે મંદિરોના વ્યવસ્થાપકો અભણ, પછાત, બીકણ અને લોભી હોય છે, લાયકાત કરતાં વધારે સત્તા એટલે કે પૈસા વાપરવાની સગવડ હાથમાં હોય એટલે જેટલા જબરદસ્ત સત્તાધારી કે દુર્જન એમના પ્રસંગમાં આવે તે બધાની ખુશામત કરવી તેમને રાજી રાખવા એ તેમનો જીવનધર્મ હોય છે. સરકારી અમલદારોની તો દિવસરાત એમને ખુશામત કરવી પડે છે. રાજા એ વિષ્ણુનો અવતાર છે અને રાજાની અંદર રાજાના નાના મોટા બધા અમલદારો પણ આવી ગયા. પથરાના વિષ્ણુ કરતાં આ જીવતા જાગતા વિષ્ણુ અથવા કાળભૈરવોની ઉપાસના ઉપાસકોને પ્રત્યક્ષ ફલદાયી નીવડે છે. કેટલાક મંદિરો તરફથી પૂજારી બ્રાહ્મણો ઉપરાંત વાજિંત્ર વગાડનાર, નાચનારીઓ વગેરે જાત જાતના ગુણી જનોને પણ વર્ષાસન હોય છે, ત્યાં ધર્મને નામે બધું જ ચાલે છે. આવી સંસ્થાઓ સુધારવી એ અંગ્રેજોના રાજ્યમાં અસાધ્ય નહિ તો દુઃસાધ્ય તો ખરું જ. મંદિરો વિષેના આવા અનુભવ પછી કયો ધર્મનિષ્ઠ કે નીતિમાન દેશપ્રેમી નવાં મંદિરો સ્થપાતાં જોઇ રાજી થાય?

છતાં અસ્પૃશ્યતા નિવારણને અંગે નવાં મંદિરો સ્થાપવાનું આપણા લોકોને સૂઝયું છે. અંત્યજ, ભીલ વગેરે પછાત કોમોને ધર્મજ્ઞાન અને ધર્મથી અવિરોધી એવી કેળવણી આપવાની જરૂર છે જ. એમને શુભ સંસ્કારોની તાલીમ મળે એ પણ એટલું જ જરૂરનું છે. મંદિરો, ઉત્સવો, પૂજા, અર્ચા, વગેરે બાહ્ય વિધિઓ વિષેનો રસ પછાત કોમોમાં ઉજળિયાત કોમો કરતાં જરાએ ઓછો નથી હોતો. એમ પણ કહી શકાય કે પછાત લોકોને ઉત્સવાદિ બાહ્ય પ્રકારોની આવશ્યકતા પણ વધારે છે. આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરતાં એમને માટે મંદિરો બંધાય એ જરૂરનું છે. પણ આપણી નવી હીલચાલ, નવી પ્રેરણા, શુદ્ધ હિન્દુ ધર્મ વિષેનો આપણો આદર્શ અને ભવિષ્ય કાળનાં આપણાં સ્વપ્નાં એ બધાનો વિચાર કરીને આ નવાં મંદિરોની રચના, વ્યવસ્થા પૂજાવિધિ, બીજા રિવાજો, તહેવારો વગેરે બધુંજ વિચારપૂર્વક અને યુક્તરૂપ ગોઠવવું જોઇએ. એક વાર ચીલો પડયો એટલે પછી ફેરવવો મુશ્કેલ થશે. મૂળ સંસ્થાપકોમાં જે વિચારનું બીજ હોય તેજ આગળ ઉગી નીકળવાનું.

એક મંદિરની આસપાસ એટલી બધી વસ્તુઓ સંકળાએલી હોય છે અને આપણે ધારીએ તો મંદિરો મારફતે ધર્મ–સેવાનું એટલું બધું કામ કરી શકીએ એમ છીએ કે નવા મંદિરો વિષે ખુબ જાહેર ચર્ચા થવી જોઇએ. ઘણાં મંદિરો અને તેની પદ્ધતિ–

સંગીતકળાની, ચિત્રકળાની અભિરૂચિ પ્રગટાવવા પ્રયત્ન કરીએ છીએ. એથી બાળકોની અંદર જે સ્વયંસ્ફુર્તિ જાગી છે તે જોઇને હું ઘણીવાર અવાક્ થઇ ગયો છું. અમારો પ્રયોગ જો આગળ ચાલુ જ રહેશે તો મને વિશ્વાસ છે કે અમારા ઘરોમાં, નગરની મહેલાતોમાં જ નહિ પરંતુ ગામડાંના કુબાઓમાં ફરીને ચિત્રો દોરી ઉઠશે; આકાશ, ઝરણાં, સરિતા, પર્વતમાળા, હરિયાળાં ખેતર અને રંગબેરંગી વાદળીઓ ત્યારે લોકોના સજીવ મિત્રો બની જશે. એ વખતે કવિઓની કવિતામાં અને ગામડાનાં સંગીતમાં અજબ જેમનાં આપણે દર્શન કરીશું. અહીંથી સ્નાતક થઇને બહારની દુનિયામાં પ્રવેશ કરનારા તમે સૌ આપણી કેળવણીનો, આપણા રાષ્ટ્રનો અને આજની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનો વિચાર કરજો.

હિંદ હજી આઝાદ થયું નથી અને હિંદને આઝાદી મેળવવા હવે વધુ ઢીલ થશે પણ નહિ. દેશને સ્વતંત્ર કરવો કઠીન છે. હાથમાં આવેલી સ્વતંત્રતા સાચવવી એથીય વધારે કઠીન છે. માટે તમે કાશી વિદ્યાપીઠમાંથી નીકળી આપણા અભણ અસંગઠ્ઠિત, ભીરૂ, અને દરિદ્ર દેશવાસીઓ તરફ નજર રાખજો.

'પ્રવાસી' માંથી ઉધ્ધૃત

ઓનો આસ્તિક બુદ્ધિથી નિરીક્ષણ કર્યા પછી આ વિષયમાં જે વિચારો સૂઝયા છે તે અહીં રજુ કરવાનો વિચાર છે.

૨

પ્રથમ મંદિરની રચનાનો વિચાર કરીએ. આપણાં મંદિરોના સામાન્ય રીતે ત્રણ વિભાગ હોય છે. જેમાં મૂર્તિ હોય છે તે ગર્ભગૃહ, જેમાં કથાકીર્તન ચાલે છે તે સભામંડપ, અને આ બેને જોડનાર વચલું અંતરાલ. મંદિર મોટું હોય તો એની આસપાસ મોટું આંગણું હોય છે. સામે દીપમાળ હોય છે અને એ આંગણાંની ચારે બાજુ ઓશરીઓ હોય છે. આની બહાર કેટલીક દુકાનો તો હોવાની જ. મંદિરના 'સેવકો'નાં મકાનો પણ પાસે જ કયાંક બાંધેલાં હોય છે.

હિંદુ મંદિરોમાં મોટામાં મોટી અડચણ એ કે જેટલા લોકો મંદિરનો લાભ લે છે તેમના પ્રમાણમાં મંદિર હમેશાં નાનું જ હોય. મંદિરની બાંધણી મજબુત હોય, એના ઉપર અદ્‌ભુત કળા રેડેલી હોય, બાસ પટ્ટીથી આણેલા આરસના પથ્થર જડેલા હોય, નવી ઢબના જાજરૂમાં જેવી ચળકતી ચીની માટીની તકતીઓ બેસાડેલી હોય, તેવી તકતીઓથી જમીન અને દીવાલો પણ શણગારેલી હોય છતાં મંદિર તો નાનું જ હોય. પુણ્યના લોભી દાનશૂરો બધું પુણ્ય પોતાને જ નામે જમે થાય એ આશાએ એકલાને જ ખરચે મંદિર બાંધે તો આમ જ થવાનું. મંદિર બાંધવામાં મુખ્ય વિચાર સગવડનો નથી હોતો. પરલોકમાં પુણ્ય અને આ લોકમાં કીર્તિ એ જ પ્રેરક વૃત્તિઓ હોય છે. એક નગરમાં દસ કે વીસ મંદિરો હોય પણ દિવાને–આમ સંધાગાર Town Hallની ગરજ સારે એવું એક પણ મંદિર ન મળે. હવે પછી આપણે જે મંદિરો બાંધીશું તે નાનાં હોય કે મોટાં પણ ગામના બધા જ લોકો જ્યાં ભેગા થઇ શકે એવું વિસ્તીર્ણ આંગણું તો એની સાથે હોવું જ જોઇએ. મંદિરનો વૈભવ વધે અને જાહેરજીવન સમૃદ્ધ થાય તો મોટી પરિષદો બેસી શકે એવું ઉઘાડું ઓમ્ફી–થિએટર (રંગસભા) બાંધી શકાય. એથીએ ગરજ વધે તો એના પર છત પણ બંધાય. પણ દરેક મંદિરની આસપાસ વિસ્તીર્ણ અને ખુલ્લી જગા તો હોવી જ જોઇએ. રિચિરોડ ઉપરની દુકાનો જેવાં સાંકડા મંદિરો બાંધવાથી કશો લાભ નથી.

બીજું આપણા જુના મંદિરોનાં ગર્ભગૃહો બહુ જ મજબુત, અજવાળાં વગરનાં અને સાંકડા હોય છે. મૂર્તિના રક્ષણ કરતાં મૂર્તિના ઘરેણાના રક્ષણનો ખ્યાલ રાખીને જ આ વ્યવસ્થા કરેલી હોય છે. ગર્ભગૃહમાં બેસીને મૂર્તિને અભિષેક કરનાર સ્વર્ગના ઉમેદવારને ગર્ભવાસનો અનુભવ કરાવવાનો ઉદ્દેશ પણ એમાં હોય તો કોણ જાણે? મૂર્તિને આમ ગુંગળાવવાથી ભાવિક લોકોને દર્શનની ભારે અગવડ થઇ જાય છે. હવે પછીનાં મંદિરોમાં મૂર્તિનાં દૂરથી દર્શન થાય એટલા માટે ઉંચા ઓટલા ઉપર તેને ખડી કરવી જોઇએ. મૂર્તિની આસપાસ દીવાલ ને જ હોય. મૂર્તિની ફરતે ચાર આઠ કે વધુ થાંભલા ઉપર જ શિખર ચણેલું હોય તો તે દેખાય પણ સુંદર અને દર્શનેચ્છુ ભક્તોને પણ ભારે સગવડ થાય. મૂર્તિ ઉપર બરાબર અજવાળું પડવાથી **धर्मस्य तत्त्व निहितं गुहायाम्** કહેવાનો વખત ન આવે. બહુ બહુ તો મૂર્તિની પાછળની બાજુ મૂર્તિને ઢાંકે એટલી દીવાલ ચણી લેવી ભીડ રોકવા ખાતર મૂર્તિની આસપાસ ચાર ફુટ ઉંચાઇનો કઠેરો ભલે હોય. પણ આ વ્યવસ્થામાં ભીડને અવકાશ જ નથી. દરેક જણે આગળ ધસીને પોતાને હાથે મૂર્તિની પૂજા કરવાનો રિવાજ કાઢી નાંખ્યો હોય તો ધસારાનું કશું જ કારણ ન રહે.

મંદિર આગળ દીપમાળ બાંધવી હોય તો એ દીપમાળ આખા ગામને પહેરેગીરના મિનારા તરીકે કામ આવે એટલી ઉંચી હોવી જોઇએ. રાતે ભૂલા પડેલા લોકોને દિશા સૂઝે એટલા માટે એ દીપમાળની ટોચ પર એક મોટો દીવો આખી રાત બળતો રાખવામાં આવે તો કોઇ કોઇ ઠેકાણે તો બહુ જ આવકારલાયક ગણાશે. મંદિરનાં આંગણામાં એક બાજુ ઉપર એક મોટો કુવો હોવો જ જોઇએ, જેની આસપાસ ગામના ઘણા લોકો તેમજ વટેમાર્ગુઓ નાહી શકે તેમજ કપડાં ધોઇ શકે અને છતાં ત્યાં કાદવ કે ગંદવાડ થાય નહિ એવીગોઠવણ હોવી જોઇએ. ઘણા લોકો જમવા ભેગા થાય છે, સાંજે ભેગા ફરવા જાય છે તેમ નહાવાને પણ ભેગા થાય એવો રિવાજ પાડી શકાય. નદીના ઘાટ ઉપર લોકો ભેગા થાય છે ખરા પણ એમાં કલહ જેવું વાતાવરણ નથી જામતું. મંદિરને જો આપણા જાહેર જીવનનું કેન્દ્ર બનાવવું હોય તો નગરવાસીઓ અથવા ગ્રામવાસીઓ અનેક રીતે અને અનેક કારણે મંદિરમાં ભેગા થાય એવો રિવાજ પાડવો જોઇએ.

કાકા કાલેલકર.

સમાજ–દર્શન

એક જગ્યાએ મહાલયોમાં રોશની ઝળાંહળાં જગી રહી છે, ભાત ભાતના ભોજનો ચાલે છે, ઉંચામાં ઉંચી જાતના ફરનીચરો શોભી રહ્યાં છે; બીજી જગ્યાએ નોકરી વિના, કામ વિના અને રોટલા વિના હજારો કુટુંબો તારાજ થઈ રહ્યાં છે.

સુધારકો પોતાની માન્યતાઓ પ્રમાણે કુટુંબજીવન જીવી રહ્યાં છે આસપાસનો હવા સુધારાથી ભરી રહ્યાં છે બીજી તરફ રૂઢિચુસ્ત માનવીઓ જીવલેણ લોહી પીતા રીવાજોના ભોગ થઇ પડયા છે.

ધર્મ ધુરંધરો ધર્મ આદરી રહ્યાં છે. ધર્મ–જીવન જીવી જાણનાર તો કેટલા હશે પણ ધર્માંધતા સમાજમાં ફુલીફાલી રહી છે. હજારો શિક્ષણ લઇ રહ્યા છે, લાખો ભણે છે પણ અજ્ઞાનતામાં સબડતા કરોડોને હજુ કોણ પહોંચી શકયું છે?

સૌભાગ્યવતી નારીઓ સ્ત્રીશક્તિ ગણાય છે, સુખદ જીવનના તે લહાવા લઇ શકે છે, લાખો વિધવાઓનો કોઇ જીવન–નિર્વાહ માર્ગ બતાવે છે?

ગ્રંથ રત્નોના ભંડારો ભર્યા છે, દર વર્ષે હજારો ગ્રંથો છપાઇ રહ્યાં છે પણ જીવન–સાહિત્ય કયાં છે?

લાખો ગગનચુંબી મંદિરોના સુવર્ણકળશો જૈન ધર્મની જાહોજલાલી દર્શાવે છે, તેના પૂજકો આજે ઘસાતા–ભૂસાતા જાય છે. સેંકડો નાની મોટી સંસ્થાઓ ખુલતી જાય છે, ચાલી ન ચાલી ત્યાં બંધ પડે છે તેમાં પ્રાણ પૂરનાર કોઇ નથી. રોજબરોજ જમણવારોમાં પાંચ પકવાન થયે જાય છે; બીજે સુકા રોટલાના પણ સાંસા છે.

લાખો રૂપીયા દિન પ્રતિદિન ધર્મશ્રદ્ધાએ ખરચાય છે. નવનવાં ધામો ખુલે છે. બધું સમાજના કલ્યાણને નામે, પણ સમાજની પ્રગતિ કે ઉત્કર્ષ કયાં દેખાય છે?

સમાજનું દુઃખ દર્દ, સમાજની ગરીબી, સમાજનો બેકારી, સમાજનો કુસંપ, સમાજની છિન્ન ભિન્નતા, સમાજના કુરીવાજો કેટલાં ઓછાં થયાં?

આ બધા જટિલ પ્રશ્નોનો સંગઠિત થઇ કયારે વિચાર કરીશું? કયારે અમલી કાર્ય આરંભીશું?

કુલચંદ હરિચંદ દોશી.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

એપ્રીલ, ૧૫ ૧૯૪૦

મર્દની પિતૃભૂમિ

સ્વદેશ ભક્તિના ઉજળા નામે આજે જડવાદી જગતમાં જે ઘોર વર્તન માનવ માનવ તરફ ચલાવી રહેલ છે તે ખરેખર માનવ જાતને નીચું જોવરાવનારૂં છે. પણ તેથી પણ વધુ તો શરમાવનારૂં એ છે કે ડાહી, સંસ્કૃતિવાન, અને નિષ્કલંક ભૂતકાળના ઇતિહાસવાળી પ્રજા તેવા સ્વદેશ ભક્તો — રાષ્ટ્રિય ગુંડાઓના, ભારોભાર વખાણ કરી, પોતાની પ્રજાને તેવી થવા પ્રેરે છે.

એક રાષ્ટ્ર પડોશી બીજા રાષ્ટ્રને ગળી જવા, લૂટી જવા કે તેવા કોઇપણ સ્વાર્થ ખાતર જલ્લાદ પની કોળિયો કરી જવા જ્યારે તૈયાર થાય છે ત્યારે તે હત્યાકાંડના હથિયાર બનેલા ને સ્વદેશ ભક્ત, અને બીજા રાષ્ટ્રના વિનાશને વિજય મનાવવામાં આવે છે, પણ:

"એક પિતા છે આપણો—એક પિતા પરિવાર"

માનનાર ધર્મના મંદિરમાં ઘંટારવ કરી ધર્માચાર્યો તેવા હત્યારા રાષ્ટ્ર માટે વિજયની બંદગી પુકારતા જ્યારે સાંભળીએ છીએ ત્યારે તો માનવની ધર્મભાવના, કેમ જાણે પરવારી ગઇ ન હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. ફ્રાન્સ સાથે ખુનના ખેલ ખેલતા જર્મની માટે, ચીનમાં સંહાર મચાવતા જાપાન માટે કે ઓબીસીનિયાની નિર્દોષ, શાન્ત, શ્રમજીવી ગભરૂ પ્રજાનો વિનાશ કરનાર ઇટલી માટે તેના ધર્માચાર્યો વિજયની બંદગી કરે ત્યારે માનવ સંસ્કૃતિ કેટલી દૂર ગઇ છે તે સ્પષ્ટ દેખાઇ આવે છે.

સંસ્કૃતિવાન દેશમાં આ જાતના આક્રમણો કદી પણ પ્રજાએ કર્યા નથી, પણ જ્યારે જ્યારે જન્મભૂમિ ઉપર વિપદ પડી છે ત્યારે ત્યારે તેનો સામનો કરી—સ્વદેશભક્તિ સાબિત કરી છે, આટલા કારણેજ "ભારતવર્ષ" સંસ્કૃત રાષ્ટ્ર ગણાય છે. સાચો માતૃભક્ત તો એ જ હોઇ શકે કે જે બીજાની માતાની મર્યાદા સાચવી—માન જાળવે અને બ્રષ પડયે માતા માટે ખતમ થઈ શકે. એટલે કે વિશ્વબન્ધુતામાં જે સત્ય અને સક્રિય રીતે માનતો હોય તે જ સાચો સ્વદેશ ભક્ત ગણાય. પણ રાજ્યકીય આંધીએ અનેક સનાતન સત્યો ઢાંકી દીધા છે. એટલે જ પ્રજા રાષ્ટ્રની ગુંડાગીરીને સ્વદેશભક્તિ કહે છે.

આજે માનવ જાત ખરેખર મુંઝાઇ ગઇ છે. એક પછી એક રાષ્ટ્ર જડવાદની આંધીમાં અટવાતો જાય છે. ક્યાંય સાચો માનવી દેખાતો નથી. તે વખતે "માનવમિત્ર મહાત્મા ગાંધીજી" રોમારોલાં કે કોઇ ટાગોર જેવા જ માનવીઓ આ જાતના માનવ સંહાર સામે કરૂણ પોકાર પાડી ઉઠયા છે. આ આપદ્‌કાળમાં જ વિશ્વબન્ધુતા બોધતા "જૈન"ની જગતને અપેક્ષા છે.

જ્યાં દેશની દોલત, જમીન, અને જે કંઇ હોય તે બધું કોઇ એક માનવીની અંગત મિલકત બની ગઇ છે, જ્યાં તેની કૃપા વિના કે તેને બદલો આપ્યા વિના કોઈ પણ પ્રકારનો લાભ કોઇથી પણ ઉઠાવી શકાતો નથી, તેવી ભૂમિ માટે જ્યારે "સ્વદેશ ભક્તિના નામે" નિર્દોષ માનવીને પોતાના જેવા જ બીજા માનવી સામે મરવા, કે મારવા ઉભેલો જોઇએ છીએ, ખૂનના ખાબોચિયામાં તડફડતા માનવીના ખૂનને વિજય માનતો દેખીએ છીએ ત્યારે તો મિલકતદારોની છેતરપીંડી અને કૂટનીતિ માટે કોઇ અજબ તિરસ્કાર ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સૌ કોઇ "મારા પણા માટે, અસ્મિતા માટે" જુઝે, જીવે કે મરે તે તો સમજી શકાય પણ જ્યાં "મારૂં— મારાપણું" નથી તે માટે બીજાને "જુઝતો, જીવતો કે મરતો" કરી મુકવો તે વર્તમાન જડયુગની પાશવતાનો જબ્બર વિજય છે, આ વિજય જેટલીજ દુનિયા પાછી હટી છે.

એક રાષ્ટ્ર તૈયાર થાય તો જરૂર પોતાની સંસ્કૃતિ, ધર્મભાવના, અને માનવતા બીજા રાષ્ટ્ર સુધી લંબાવે, અને તે રીતે એક બીજાના બાહુમાં સમેટાવા મહેનત કરે. માનવના તે એક બીજાના બ્રષને વખતે ઉભા રહે. કુદરતના કોપ વખતે સાથે મળીને કોપનો સામનો કરી દુઃખ ભાર હળવો કરે. માનવ જાતના સુખ—શાન્તિ અને સગવડતા માટે ઉદ્યમશીલ રહે. આ વિના આજે કોઇ પણ અર્થ કે હેતુ રાષ્ટ્રવાદના વિકાસનો નથી. રાષ્ટ્રનું ધ્યેય વિશ્વ સુધી પહોંચવાનું હોવું જ જોઇએ.

પિતૃભૂમિ કે માતૃભૂમિની સંકુચિત મર્યાદાથી મુંઝાઇને એક સહૃદય અંગ્રેજ કવિ "સ્વદેશપ્રેમી" પંડિતોને પૂછે છે કે—

"કહો, કહો, સ્વદેશી પ્રેમી તરીકે માન ખાટી જતા, દુનિયાના ડાહ્યાઓ! વિદ્વાનો! કવિઓ! કોઇ તો કહો કે મર્દનો પિતૃખંડ ક્યાં છે? રાષ્ટ્રને ઉન્નત કરવા મથતા માંધાતાઓ, દેશના ભાગ્ય વિધાતાઓ બતાવો કે નરકેસરીનો ભવ્ય પિતૃખંડ ક્યાં છે?"

× × ×

ભાગ્યવશાત્ જે ભૂમિ ઉપર તે અવતર્યો તે જ તેનો પિતૃખંડ? વિશાળ ખંડની આટલી નાનકડી મર્યાદા બાંધતા, તમારી નાનકડી વેંતથી તેનું માપ કાઢતા અટકજો. સતત જાગતો પવિત્ર અંતરાત્મા દુભાશે. ગણુત્રીબાજ વણિક દ્રષ્ટિની બહારની તે વાત છે. મર્દની ભૂમિ, પિતૃભૂમિ તો બૂરા વ્યોમ જેટલી વિસ્તીર્ણ અને ક્ષિતીજ જેટલી અમર્યાદિત હોય.

× × ×

જ્યાં માત્ર સ્વાતંત્ર્યના નામે સ્વચ્છંદતાનું સામ્રાજ્ય છે, જ્યાં સ્વદેશ ભક્તિના નામે બીજા રાષ્ટ્રનો નાશ છે, જ્યાં માનવતા નાશક ગુંડાઓ સ્વદેશ ભક્તના નામે પૂજાય છે, જ્યાં પ્રભુ તે પ્રભુ અને મનુષ્ય તે મનુષ્ય એટલે હાકર ચાકર, લઘુતા પ્રભુતાના ભેદો છે, અમીરો અને ફકીરો વચ્ચે ફરક છે. જ્યાં વિનાશના વિચારો, શોધો નિરંતર વિચારાઇ રહી છે ત્યાં શું નરવીરનો પિતૃદેશ છે? ના, ના, તે ન હોય. નરકેસરીની આંતરિક સ્વદેશ પ્રેમની લહરીઓ માટે એ નાનકડો પ્રદેશ પૂરતો નથી, પાત્ર પણ નથી.

સિંહ માટે પાંજરા ન હોય, મસ્ત માટે મહાસાગર જ હોય. જગતના ઓ અધૂરા આત્માના માનવીઓ, માતૃભૂમિના બહાને અન્ય જનતાને કચરતા કાયરો! મર્દની ભૂમિ તો વ્યોમ જેટલી વિશાલ અને અંતઃકરણ જેવી અગાધ છે!

× × ×

જ્યાં જ્યાં જનતા પર નિર્દોષ આલ્હાદ તરવરતો હોય, સદૈવ સુવાસિત હાસ્યના પુષ્પો વિકસી રહેલા હોય, વિલાસ, વૈભવ કે વિકાર માટે ઉદાસીનતા છવાયેલી હોય, ત્યાગની તાલાવેલી હોય, જ્યાં જ્યાં મનુષ્યનું આંતરિક જીવન વિશ્વના કોઇ વધુ સુંદર સત્ય

માટે અવિશ્રાંત અસીમ પ્રયત્ન કરી રહેલું હોય, ગુજરાનના ટુકડા માટે પ્રજા પસીનાથી તરબોળ રહેતી હોય.

"નીકો નાની મોટી સૌ જીવોતણી,
તેમાં વહેતું એક અખંડિત વહેનજે"

આવી સબળ માન્યતા હોય. ત્યાં જ એક ખરા મર્દની ભવ્ય ભૂમિ છે. ત્યાં જ તે પૂણ્યાત્માની પિતૃભૂમિ છે. મર્દનો પિતૃખંડ ભૂરા વ્યોમ જેટલો વિશાળ અને દયામાતા જેટલો ઉદાત્ત છે.

જ્યાં એક પણ પ્રભુબાળ ગુલામીમાં કે દુઃખમાં સબડતો હોય તેને બીજો ભાઇ પોતાનો સહાયક હાથ લંબાવી હૈયાની હુંફ આપી રહેલો હોય જ્યાં માનવી પુરાણા વૈરવૃક્ષને ઉખેડી અમી-ઝરણા છાંટતો હોય, જ્યાં પરદુઃખે, પરપતને આંખોના નીર સુકાતાં ન હોય ત્યાં જ ભાગ્યવંત, સ્વદેશભક્ત જવાંમર્દની ભૂમિ. પછી તો તે ભલે દુનિયાના ગમે તે ખૂણામાં હોય. કારણ કે મર્દનું ગૃહ વિશાળ વ્યોમ જેટલું વિશાળ અને કુદરત જેટલું ઉદાર હોય છે.

× × ×

જ્યાં જ્યાં સામ્યતા છે, પક્ષઘાત કરનાર પક્ષપાત નથી ત્યાં ત્યાં મર્દની વિહાર વાટિકા છે.

જ્યાં જ્યાં મનુ સમાજ નિર્દોષ આનંદમાં ગરકાવ છે ત્યાં ત્યાં ધીરવીરના અનંત આત્માના હાસ્ય ભાતના ખોળામાં ખૂંદતા બાળક માફક ઉછળે છે.

જ્યાં જ્યાં અન્યાય, અત્યાચાર, અધર્મ; જુલ્મી જહાંગીરી કે નોકરશાહી જોહુકમી પ્રવર્તે ત્યાં ત્યાં નરકેસરીની સમરભૂમિ છે. ત્યાં ત્યાં તેના સંગ્રામસ્થાન છે— ત્યાં ત્યાં તેના મોરચા છે. કારણ કે સકળ વિશ્વ મર્દનું પોતાનું છે— મર્દ વિશ્વનો થવા માગે છે—

× × ×

પીડિતોની પૃથ્વીપર જેરૂસલેમ સૂજવી ખરો મર્દ ક્રાઇસ્ટ રૂપે સમસ્ત વિશ્વને આલિંગન આપે છે, ભિન્નભિન્ન વેરાઇ રહેલા રાષ્ટ્રોની પ્રજામાં મક્કા શરીફ વસાવી મહમદ બની એકસંપી એકદીલી કરાવી આપે છે.

'छिन्दन्ति मम गात्राणि, मुखं तु परिशुष्यते'

કર્મચ્યુત થતા માનવીને ખરો મર્દ કૃષ્ણરૂપે વિશ્વના કોઇપણ ભાગમાં નવીન કુરૂક્ષેત્ર નીપજાવી નુતન ગીતા બોધી– કર્મયોગી બનાવે છે. તરવારો ધીંઝતા વિનાશ ફેલાવતા, જીવે જીવનો સંબંધ ભૂલી તોફાને ચડેલા ખુની દળને ખરો મર્દ "ભગવાન બુધ્ધ કે પ્રભુ મહાવીર" બની તરવારની તરસ છીપાવી આત્માનાં બળ ઉપર મુસ્તાક રહેતા કરી દે છે.

હિન્દનો 'ગાંધી' હિન્દની મુક્તિ માટે અન્ય જનતાને ન રેસે કે રેંસાવાદે, ઇંગ્લાંડનો સંત એન્ડ્રુસ, પિયરસન, કે "મીરા" ફ્રાન્સનો રોમારોલાં કે રશિયાનો ટોલ્સટોય રાષ્ટ્રની સ્વાર્થી ઘેલ-છામાં–જડતામાં કદી સાથ ન જ આપે. જન્મભૂમિના નામે અન્ય રાષ્ટ્રોને કચડાવા ન દે– તેથી જ બર્ક કે પેન, ગાંધી કે બિસાંટ, રોમારોલાં કે ટાગોર, ક્રાઇસ્ટ કે કબીર, બુધ્ધ કે મહાવીર કોઇ પણ એક દેશના નહિ પણ વિશ્વના છે.

× × ×

જે વિશ્વને ચાહી શકે તેજ દેશને ચાહી કે સેવી શકે.

જે અન્યની માતાને માન આપી શકે તેજ પોતાની માતાને પુજી શકે.

જે વેરના વિષને પી જઇ અમૃત આપી શકે તેજ સ્વદેશની સેવા કરી શકે.

જે જગતની શાન્તિ ચાહી શકે તેજ શાન્તિ પામી શકે.

× × ×

માતૃભૂમિ માટે મરી ખુટવાનો માનવીનો અધિકાર, તેને ઉજ્જ-વલ કરવાનો પુત્રનો ધર્મ પણ તેના નામે લોહી વહેવડાવવાનો નહિ. જ્યાં જ્યાં સેવાની જરૂર હોય ત્યાં ત્યાં મર્દના મંડાણ. મર્દની ભૂમિનું માપ–તેના પિતૃખંડનું માપ–સમાજની નાનકડી વેંતથી નજ કઢાય, સ્વદેશ ભક્તિના ઉફાળે પણ ન થાય, વણિક બેન્જથી તેની ભવ્યતા ન જ કલ્પી શકાય કારણ કે પિતૃખંડ તો ભૂરા વ્યોમ જેટલો વિશાળ અને માતા જેટલો ઉદાર છે.

× × ×

આજના સંક્રાન્તિ કાળમાં મહાત્મા ગાંધીજી આવો સ્વદેશધર્મ-ભક્તિ બોધે છે.

मित्ति मे सव्व भूएसु वैरं मज्झं न केणई,

કહી વિશ્વના જીવમાત્રને બાથમાં લેજો. ભારતવર્ષ તેનો કેવો જવાબ આપે છે તેની ઉપર તેની સંસ્કૃતિનું માપ છે એટલું પ્રત્યેક હિન્દી ન ભૂલે. **વૃજલાલ મેઘાણી**

સ્થાનકવાસી કોન્ફરન્સનું દશમ અધિવેશન

શ્રી અખિલ ભારતવર્ષીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સનું આગામી દશમ અધિવેશન મુંબઈ મુકામે વૈશાખ માસમાં ભરવાનું જાહેર થયું છે. ગત નવમું અધિવેશન અજમેર મુકામે ભરાયાને આજે લગભગ આઠ વર્ષ થવા આવ્યા, આઠ આઠ વર્ષની નિદ્રા પછી પણ સ્થાનકવાસી સમાજ જાગૃત થાય અને પોતાની કોન્ફ-રન્સનું અધિવેશન મુંબઈ જેવા અગ્રગણ્ય સ્થળે ભરે એ ઘણુંજ ઇચ્છવા યોગ્ય છે. પરંતુ માત્ર મેળારૂપ અધિવેશન ભરી વિખરાઇ જવામાં કંઇ સમાજનું શ્રેય નથી થવાનું. કોન્ફરન્સની સ્થાપના થયે આજે પાંત્રીસ પાંત્રીસ વર્ષ થયાં, આ લાંબા અરસામાં કોન્ફરન્સના નવ નવ અધિવેશનો ભરાઇ ચૂકયાં છે. આટલા આટલા વર્ષોમાં અને આટલા આટલા અધિવેશનો ભરાયા બાદ પણ આજે સમાજ કયાં ઉભો છે? સમાજની પ્રગતિમાં કોન્ફરન્સે કેટલો ભાગ ભજવ્યો છે? સમાજની કઇ કઇ અનિવાર્ય જરૂરિયાતો ની પૂર્તિ કોન્ફરન્સ દ્વારા થઇ છે? આ બધા પ્રશ્નો સહજ પૂછાઇ જાય. કોન્ફરન્સના કાર્યકર્તાઓ પાસે આના શા જવાબો છે? ભવિષ્યની કોઇ ચોકસ યોજના કે વિચારણા સિવાય આવા સામાજિક અધિવેશનો માત્ર બે દિવસના મેળારૂપ બની જાય છે. તેમ ન બનાવતાં સમાજ સમક્ષ સમાજ અને રાષ્ટ્ર વિધાયક કાર્યક્રમ રજુ કરી રચનાત્મક પ્રવૃતિમાં આમ જનતાને રસ ઉત્પન્ન કરી સમાજની પ્રગતિમાં વિઘ્ન રૂપ અનેક રીત રીવાજો– રૂઢીઓ અને માન્યતાઓ– સામાજીક પ્રવૃત્તિઓ વગેરેને દૂર કરવાનું મહાન કાર્ય કોન્ફરન્સના આવા જાહેર અધિવેશનોમાં સુંદર રીતે પાર પાડી શકાય. તેને માટે પૂર્વ વિચારણા અને યોજનાની ખાસ આવશ્યકતા છે.

અજમેર અધિવેશન પછીના આ આઠ વર્ષના ગાળામાં અનેક પ્રકારની વિકટ પરિસ્થિતિમાંથી કોન્ફરન્સનું નાવ પસાર થયું છે. આ અધિવેશન યોજનાર કાર્યકર્તાઓના પ્રયાસો સફળ બને અને કોન્ફરન્સના ઉદ્દેશ, પ્રવૃતિ અને મહત્તામાં વધારો થાય તેવા પરિણામો નિપજાવી શકવાની શક્તિ કાર્યકર્તાઓ અને આમ જનતામાં આવે એવી શાસનદેવને પ્રાર્થના છે. **શિરીષ જૈન.**

દીનબંધુ એન્ડ્રુઝ

દીનબંધુ એન્ડ્રુઝ થોડા દિવસો પહેલાં પરલોકવાસી થયા. દીનબંધુ માત્ર એક પ્રાન્ત કે એક દેશના વતની નહોતા પણ વિશાળ વસુધાના એક કુટુંબી જન હતા. તેઓ મૂળ ઇંગ્લાંડના વતની હતા અને એ રીતે ઇંગ્લાંડ વિષેની તેમને સ્વાભાવિક મમતા હતી પણ જ્યાં જ્યાં દલિત જનતા વસતી હોય ત્યાં ત્યાં તેઓ નિરન્તર આકર્ષાયલા રહેતા અને હિંદુસ્થાન તો એમને મન સ્વીકૃત માતૃભૂમિ જેવો બની ગયો હતો. જુદા જુદા સંસ્થાનોમાં વસવાટ કરી રહેલા હિંદીઓના સુખદુઃખના તેઓ નિકટવર્તી સાથી હતા. સંસ્થાનવાસી હિંદીઓનાં દુઃખદર્દો–અગવડોનો અભ્યાસ કરવો, યોગ્ય સ્થાનકોએ રજુ કરવી અને તે દુર કરવા માટે જરૂરી હીલચાલો કરતા રહેવું એ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હતો. તેઓ ઇસુખ્રીસ્તના પરમ ઉપાસક હતા; ખ્રીસ્તી ધર્મ વિષે તેમને અપૂર્વ શ્રધ્ધા હતી; પણ તેમની ઉપાસના અને શ્રધ્ધા બીલકુલ સાંપ્રદાયિક નહોતી; તેમની ધાર્મિકતા સંપ્રદાયની વાડોને ઓળંગી ગઇ હતી. તેમનું આખું જીવન ઇસુખ્રીસ્તના આદર્શ ઉપર ઘડાયું હતું. તેમની માનવતા અપાર અને અસીમ હતી.

આપણા દેશમાં તેમનું સ્થાન અજોડ અને અદ્વિતીય હતું. આપણા દેશની બે મહાન વિભૂતિ–મહાત્મા ગાંધીજી અને કવિવર ટાગોર. ગાંધીજી અને એન્ડ્રુઝનો સંબંધ બે નિકટમાં નિકટ મિત્રોનો હતો. તે સંબંધનો પ્રારંભ દક્ષિણ આફ્રીકાના પ્રકરણથી થયો હતો. છેલ્લાં છેલ્લાં જ્યારે અવસાનગામી માંદગીના બીછાને પડેલા એન્ડ્રુઝને ગાંધીજી જોવા ગયેલા ત્યારે ગાંધીજી જણાવે છે તે મુજબ તેમણે કહેલું કે "મોહન, સ્વરાજ આવી રહ્યું છે. અંગ્રેજો અને હિંદીઓ જો નિશ્ચય કરે તો સ્વરાજ બહુ જલ્દીથી લાવી શકે." આ ઉદ્‌ગારોમાં એન્ડ્રુઝની ગાંધીજી સાથેની ગાઢ મૈત્રી જેટલી વ્યકત થઇ રહી છે તેટલી જ સ્પષ્ટ રીતે એન્ડ્રુઝની હિંદુસ્થાન માટેની સ્વરાજ ઝંખના પ્રગટ થાય છે.

કવિવર ટાગોરને તો એન્ડ્રુઝ 'ગુરૂદેવ' જ ગણતા. તેમનું સર્વ સમર્પણ ટાગોરને જ હતું એમ કહીએ તો જરા પણ અતિશયોકિત નથી. ટાગોરની 'વિશ્વભારતી' સંસ્થામાં તેઓ જોડાયલા હતા. ગાંધીજી અને ટાગોર વચ્ચે તેઓ એક પુલ જેવા હતા. તેમના જવાથી ટાગોરની તો જાણે કે એક પાંખ જ છેદાઇ ગઇ એમ કહેવાય.

સી. એફ. એન્ડ્રુઝના જીવનચર્યા જૈનધર્મીઓને અનેક રીતે અનુકરણ યોગ્ય બની શકે તેમ છે. **उदारचरितानां वसुधैव कुटुम्बकम्** અથવા તો 'मित्ति मे सव्वभुएसु वैरं मज्झं न केणइ' એ સૂત્રોને એમણે પોતાના જીવનમાં મૂર્તિમન્ત કર્યું હતું. પોતપોતાના ધર્મના ચુસ્ત અનુયાયી રહેવા છતાં વિશાળ માનવતા સાથે કેવું તાદાત્મ્ય સાધી શકાય છે તેનું સી. એફ. એન્ડ્રુઝ અપૂર્વ દૃષ્ટાન્ત છે, આજ કારણે જગતે અને ખાસ કરીને હિંદુસ્થાને તેમને 'દીનબંધુ'ના નામથી ઓળખ્યા હતા. વિશ્વ બંધુત્વનો જૈનધર્મનો આદર્શ જે ખ્રીસ્તી આદર્શથી જરાપણ જુદો પડતો નથી તેને અમલમાં મુકે તો દરેક જૈન આવો જ 'દીનબંધુ' બની શકે. ધર્મ પરાયણ છતાં સાંપ્રદાયિક નહિ, અંગ્રેજ છતાં શાહીવાદી નહિ, માનવ માત્રનો પરમ મિત્ર, અનેક દલિતોનો–પીડિતોનો સહાયક અને ઉદ્ધારક દીનબંધુ એન્ડ્રુઝ સ્થળે સ્થળે અવતરો અને આજની વિગ્રહ કલુષિત, મત્સરગ્રસ્ત દુનિયાને સુખ, શાન્તિ અને ઉન્નતિના માર્ગે લઇ જાઓ એજ તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ ઇચ્છતા આપણ સર્વના અન્તરની પ્રાર્થના હો!!!

પરમાનંદ

શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સ્થાયી સમિતિ.

આ સમિતિની બેઠક એપ્રીલ માસની આખરે મળવાની છે. આ સમિતિમાં લગભગ નિષ્ક્રિય જીવન જીવતી કોન્ફરન્સને સજીવ અને સક્રિય કેમ બનાવી શકાય, એ પ્રશ્નનો વિચાર થવાનો છે. આજે આવી અનેક કોમી પરિષદ સંસ્થાઓ મૃતપ્રાય દશામાં ડુબેલી છે. આનાં બે કારણો છે. એક તો દરેક કોમના કેળવાયલા વર્ગમાંથી મોટો ભાગ કોમી પ્રવૃત્તિ વિષે ઉદાસીન બની ગયો છે. બીજું રાષ્ટ્રીય આન્દોલનનો વેગ દિનપ્રતિદિન વધારે ને વધારે પ્રબળ બનતો જાય છે. તેની પાસે કોમી તનુડી કોઇ સાંભળતું જ નથી. આજે આવી કોમી પ્રવૃત્તિ ઇષ્ટ છે કે અનિષ્ટ છે તે તેનાં ઉદ્દેશ અને કાર્ય પધ્ધતિ ઉપર આધાર રાખે છે. જે કોમી પ્રવૃત્તિનો ઉદ્દેશ પોતાની કોમના હકો જાળવવા અને વધારવા પુરતો જ હોય તે કોમી પ્રવૃત્તિ સરવાળે અનિષ્ટ જ બનવાનો સંભવ રહે છે, કારણ કે કેવળ હકક સંરક્ષણ તેમજ સંવર્ધનના ખ્યાલો ઉપર રચાયલી કોમી પ્રવૃત્તિ માણસોને એકદમ સંકુચિત વૃત્તિના બનાવે છે; કોમ કોમ વચ્ચે ઘર્ષણની અનેક શકયતાઓ ઉભી કરે છે; કોમ કરતાં ઘણા વિશાળ એવા રાષ્ટ્ર કારણ ખાતર પ્રજાજનોએ જે પ્રકારનું સમર્પણ અને આત્મભોગ આપવાની જરૂર હોય છે તેવું સમર્પણ કે આત્મભોગ આપવાની વૃત્તિને ઉપર જણાવેલી કોમી પ્રવૃત્તિ મંદ પાડે છે એટલું જ નહિ પણ ઘણું ખરૂં બાધક નીવડે છે.

તો પછી આજની કક્ષાએ સર્વ કોમી પ્રવૃત્તિઓ બંધ કરી દેવી એ જ ઇષ્ટ છે? આ બાબત ઇષ્ટ હોય તો પણ આજના સંયોગોમાં શકય નથી. હિંદી જનતાનો ઘણો મોટો ભાગ હજુ કોમીવર્તુલોની કલ્પના વડેજ સંકળાયેલો છે. કોમ કોમના કેટલાક એવા અંગત પ્રશ્નો હોય છે કે જે સ્વતંત્ર નિર્ણયની અપેક્ષા ધરાવતા હોય છે. અને જેના અંગે બીજી કોમો સાથે અથડામણ ઉભી થવાનો કશો સંભવજ હોતો નથી વળી જે કોમી વર્તુલો આજે મજબુત મૂળ નાંખી બેઠાં છે તેનો રાષ્ટ્ર કારણમાં ઠીક ઠીક લાભ લઇ શકાય એવી પણ શકયતા છે. જે તૈયારીઓ આજે રાષ્ટ્ર સમસ્ત પ્રજાજનો પાસેથી માંગી રહેલ છે તે દિશાએ પોતપોતાની કોમના માણસોને તૈયાર કરવાનું દરેક કોમી સંસ્થાઓ સ્વીકારી લે એટલે કે રાષ્ટ્રીય નવ વિધાનને સંપૂર્ણપણે પોષક અને સમર્થક બનવાનું ધ્યેય કોમ કોમની પ્રતિનિધિ સંસ્થાઓ જો અંગીકાર કરે તો આજની અનેક કોમી સંસ્થાઓ રાષ્ટ્રહિતને બાધક બનવાને બદલે ઘણી રીતે સાધક બની શકે એમ છે. દાખલા તરીકે આજનું રાષ્ટ્રોત્થાન આપણી પાસેથી માંગી રહેલ છે કે આપણામાં કોમી એકતા આવે, અસ્પૃશ્યતા દુર થાય, મદ્યનો બહિષ્કાર થાય, ગૃહઉદ્યોગો અને તેટલું પોષણ પામે, સ્વદેશીને વધારે ઉતેજન મળે, ખાદીનો ઉપયોગ ખુબ વધે, બાળલગ્ન જેવી ખોટી અને પ્રાણશોષક બદીઓ દુર થાય, સ્ત્રી વર્ગ સમાન દરજ્જાને પામે, નિરક્ષરતાનો સર્વથા નાશ થાય વગેરે આજે આ બધાં કાર્યો કોમ કોમના આગેવાનો પોત પોતાની કોમના માણસો પુરતાં સંભાળી લે તો સમગ્ર રાષ્ટ્રકાર્યને કેટલો બધો વેગ મળે? આવા આશય સાથે સંલગ્ન બનેલી કોમી પ્રવૃત્તિ આવકારદાયક બની શકે છે. આજે સુતેલી અને ફરીને જાગ્રતિ શોધતી કોમી પરિષદો આ નવું દ્રષ્ટિબિંદુ ગ્રહણ કરે અને પોતાની સર્વ પ્રવૃત્તિને રાષ્ટ્રીય ભાવનાથી રંગી દે અને એ ધોરણે જ પોતપોતાનો કાર્યક્રમ ઘડે એમ આપણે ઇચ્છીએ.

આ સ્થાયી સમિતિના કેટલાક આગેવાનો શ્વે. મૂ. વિભાગમાં પડેલા પક્ષોને એકત્ર બનાવવાની અને એ રીતે મૃતપ્રાયઃ કોન્ફરન્સને સજીવ અને પ્રાણવાન બનાવવાની હીલચાલ કરી રહ્યા છે. ઉભા થયેલા પક્ષો સંધાય અને પરસ્પર એકતા ઉભી થાય એ કોણ ન ઇચ્છે? પણ આજના ઉગ્ર મતભેદોનું પ્રાબલ્ય વિચારતાં બધા પક્ષો વચ્ચે સ્થાયી એકતા શક્ય કે સંભવિત નથી લાગતી. એમાં પણ જે પક્ષને જ્યાં ત્યાં 'ધર્મ વિરુદ્ધ'ની ગંધ આવ્યા કરતી હોય અને એવી ગંધ આવતા બડકવા અને ભાગવાની ટેવ પડી હોય તે પક્ષને આજના પ્રાગતિક કાળમાં બહુમતી મુજબ નિર્ણયો કરતી અને કાર્ય ચલાવતી પરિષદમાં કેટલું સ્થાન હોઈ શકે એ શંકાસ્પદ છે. આમ છતાં પણ આવી આખી કોમના પ્રતિનિધિત્વનો દાવો કરતી સંસ્થાના આગેવાનોનો ધર્મ છે કે આખી કોમને બને તેટલા એકતાના સૂત્રો વડે સંગઠિત કરવી અને તે દૃષ્ટિએ શક્ય તેટલી એકતા સાધવાની તેમની પ્રવૃત્તિ આવકારદાયક છે અને તે ખાતર ભિન્ન ભિન્ન પક્ષોએ પોતપોતાના સિધ્ધાંત કે સ્વત્વને બાધ ન આવે એવી બાંધ છોડ કરવી એ પણ એટલુંજ અપેક્ષિત છે.

પણ આવી એકતાના અભાવે કોન્ફરન્સ ચાલતી નથી અથવા તો આવી એકતા થયા પછી કોન્ફરન્સનું કામ આગળ ધપાવવામાં જરા પણ મુશ્કેલી નહિ આવે. આ બન્ને માન્યતાઓ ભૂલ ભરેલી અને ગેર રસ્તે દોરવનારી છે. આજનો કાળ અને વિચાર સંઘર્ષણ એવા પ્રકારનું છે કે ભિન્ન ભિન્ન આદર્શો ઉપર ઉભા થયેલા વિચાર પક્ષો એકત્ર થાય તો પણ કયાં સુધી એક સરખા જોડાયલા રહેશે એ શંકાસ્પદ રહેવાનું જ. રાષ્ટ્રીય મહાસભાનો આજ સુધીનો ઇતિહાસ આ બાબતની સાક્ષી પુરે તેમ છે. એકતા થાય તો ઇષ્ટ અને આવકારદાયક છે; ન થાય અથવા ઉભી કરેલી એકતા તુટી પડે તો પણ કોન્ફરન્સનું કામ ચાલવું જ જોઇએ અને જરૂર ચાલે— જો કોન્ફરન્સના કાર્યની પાછળ આખો આત્મા રેડીને અને સમયનો પુષ્કળ ભોગ આપીને સ્થળે સ્થળે ફરનારા પ્રતિષ્ઠાપાત્ર કાર્યકર્તાઓ કોન્ફરન્સને મળે તો. ખામી છે ખુબ ભોગ આપીને કાય કરનારાઓની. આગામી સ્થાયી સમિતિની બેઠક જો કોન્ફરન્સને ચિરંજીવિની બનાવવા માંગતી હોય તો તેણે આવા કાર્યકર્તાઓ શી રીતે ઉભા કરવા એજ એક વિચાર કરવો ઘટે છે.

પરમાનંદ

જૈનો માટે સસ્તા ભાડાનાં મકાનો

આ પત્રમાં ઘણી વખત જૈનો માટે રહેવાના સુખાકારી હવા ઉજસવાળા મકાનો ઓછા ભાડાથી જૈનોને મળી શકે એ માટે લખવામાં આવ્યું છે. તેની કંઇક અસર સમાજમાં થઇ રહી હોય એમ જણાય છે. શેઠ દેવકરણ મુળજી સખાવત ફંડના ટ્રસ્ટીઓએ, તેમજ પાટણ જૈન મંડળ અને શેઠ પ્રેમચંદ રાયચંદના પુત્રોએ એ દિશામાં શુભ શરૂઆત કરી છે.

શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓએ સારાં મકાનો ભાડે લઇ ઓછા ભાડામાં જૈન કુટુંબો વસાવવા પાછળ રૂા. ચાર લાખના વ્યાજની રકમ જેટલી નુકસાની ખમવા માટેનો ઠરાવ કર્યો છે. અને એ ઠરાવ અનુસાર તેઓએ ચાલીઓ અથવા મકાનો તેના માલીકો પાસેથી પુરા ભાડેથી લઇ ઓછા ભાડે જૈન સમાજના દરેક વર્ગને આપવાનો શરૂઆત કરી છે. માટુંગા ખાતે શેઠ પાંચારીઆની ચાલીમાં છવીસ કુટુંબોને માસીક ચાર રૂપીઆના ભાડાથી વસાવી રાહત આપી છે તેવી જ રીતે માટુંગા ખાતે બીજી એક ચાલીમાં છત્રીશ કુટુંબોને રૂા. ચાર અને પાંચના ભાડાથી વસાવ્યા છે. વધુ ચાલીઓ અથવા મકાનો મેળવવા તેના ટ્રસ્ટીઓ પ્રયાસ કરી રહ્યા છે. બન્ને ચાલીઓ હવા ઉજસવાળી અને સગવડભરેલી છે.

પાટણ જૈન મંડળે પાટણના જૈન ભાઇઓ માટે બે મકાનો સસ્તા ભાડાથી મરીન ડ્રાઇવ ઉપર બંધાવ્યા છે. તેનો હેવાલ 'પ્રબુદ્ધ જૈન'માં પ્રગટ થઈ ગયો છે. આ મકાનો રૂા. ૧૫ના માસીક ભાડાથી જેટલી વધુ સગવડ આપી શકાય તેવી રીતે બાંધવા માટે મંડળને ધન્યવાદ ઘટે છે.

વળી પાટણના જૈનોના માટે વધુ એક મકાન કાલબાદેવી રોડ બદામની વાડીમાં મહુંમ અમીચંદ બાબુના સુપુત્રોએ એક લાખ છત્રીશ હજારની કીંમતે ખરીદ્યું છે. તેમાં વીશેક હજારનો ખર્ચ કરી હવા ઉજસ પુરતા પ્રમાણમાં આવી શકે તેવા બન્ને ઓરડાના બ્લોકો ફક્ત રૂા ૫ ના ભાડાથી પાટણના ઓછી આવકવાળા જૈન ભાઇઓને આપવાની ભાવના રાખી છે.

આ ઉપરાંત માટુંગા ખાતે સુરતના દશાઓશવાળ જૈન ભાઇઓ માટે શેઠ પ્રેમચંદ રાયચંદના સુપુત્રોએ બે મકાનો બંધાવ્યા છે. તેમાં એક મકાનમાં બાર બ્લોકો રૂા ૧૬ થી ૨૫ સુધીના ભાડાથી અને બીજા મકાનમાં સત્તર રૂમો રૂા ૫ થી ૧૩ સુધીના ભાડાથી સુરતનાજ દશા ઓશવાળ જ્ઞાતિના જૈન ભાઇઓને આપી કુલે ઓગણત્રીશ કુટુંબોને વસાવવામાં આવ્યા છે.

આ રીતે આપણી સમાજમાં હવા ઉજસવાળા મકાનો પોતાની જ સમાજના ભાઇઓને પુરાં પાડવાની વૃત્તિ વધતી જાય છે એ એક શુભ શરૂઆત છે. સસ્તા ભાડાના મકાનોમાં રહેનાર ભાઇઓને કેવી સગવડ આપવી જોઇએ તે સંબંધમાં આપણે પારસી અને બીજી કોમો તરફથી એવાં મકાનો બંધાય છે તેનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. અને તેથી આવા મકાનો પુરા પાડવાની ભાવનાવાળા આપણા શ્રીમંતો અને કાર્યકરોને પારસી, કચ્છી, ભાટીઆ અને દક્ષિણી કોમોએ બિલ્ડીંગ સોસાયટીઓની સ્થાપના કરી તે દ્વારા આવા પ્રકારના મકાનો પુરા પાડવાની યોજનાઓ અમલમાં મુકી છે તેનો અભ્યાસ કરી એ દિશામાં યોગ્ય પ્રયત્ન કરવાની જરૂર છે જેથી કરીને સમાજના તમામ વર્ગને એમની જરૂરીઆત પ્રમાણે ઓછા ભાડાનાં મકાનો પુરા પાડી શકાય. આપણી સમાજના શ્રીમંતો આવી યોજનાઓ અમલમાં મુકવા માટે તેને લગતા નિષ્ણાતોનો સાથ મેળવવા પ્રયત્ન કરી બિલ્ડીંગ સોસાયટીઓ ઉભી કરે તો તેનો લાભ આપણા સમાજનો નાનો મોટો વર્ગ જરૂર ઉઠાવે અને એ રીતે સમાજને ઉપયોગી જરૂરીઆત પુરી પાડી શકાય. આશા રાખવામાં આવે છે કે આ બાબત તરફ સમાજના શ્રીમંતો પુરું ધ્યાન આપશે અને આજે કરવામાં આવેલી નજીવી શરૂઆતને સારો વેગ આપવામાં આવશે.

મણિલાલ મોકમચંદ શાહ

જૈન મહાજન-સદ્‌ગત સારાભાઈ મોદી કેળવણીના પ્રખ્યાત હિમાયતી

આપણી સમાજમાં અનેક પ્રકારે હજારો રૂપીઆ વાપરનારા શ્રીમંતો છે. કોઇ ધાર્મિક કાર્યોમાં, કોઇ કેળવણીના કાર્યોમાં, કોઇ અન્ય પરોપકારી કાર્યોમાં. પણ એ વાપરવાની પાછળ ઘણા ખરાને કોઇને કોઇ રીતે પોતાની પ્રતિષ્ઠા વધારવાની ભાવના હોય છે. અને એને લીધે કોઇ કોઇ ઠેકાણે પરોપકારી કાર્યો માં વાપરવાની રકમ કરતાં વધારે રકમ એ કાર્યોને શણગારવા પાછળ અને એ નિમિત્તે સમાજમાં પોતાની વાહવાહ બોલાવવા પાછળ વેડફી નાંખવામાં આવે છે. આવા બનાવો આપણી સમાજમાં હમણાં હમણાં વધુ બનતા જોઇને મને સદ્‌ગત શ્રીમાન સારાભાઇ મગનલાલ મોદી યાદ આવ્યા જ કરે છે. તેમણે ફક્ત કેળવણી પાછળ હજારો રૂપીઆ કોઇ પણ જાતની ધામધુમ વિના અને તેને લગતી જાહેરાત પાછળ એક પાઇનું ખરચ કર્યા સિવાય આપ્યા છે. તેમણે કરેલી સખાવતોની કેટલીક વિગત નીચે મુજબ છે.

૩૭૦૦૦) શ્રી મહાવીર જૈન વિદ્યાલયને (શ્રી સારાભાઇ મગન ભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ ફંડ)

૩૧૨૫૦) શ્રી મહાવીર જૈન વિદ્યાલયને (શ્રી સારાભાઇ મગન ભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડ)

૧૨૫૦૦) શ્રી યશોવિજય જૈન ગુરૂકુળને-વિદ્યાર્થીઓ માટે મકાન બંધાવી આપ્યું.

૧૦૦૦૦) શ્રી યશોવિજય જૈન ગુરૂકુળને-વિદ્યાર્થીઓ માટે લોન આપવા.

૫૦૦૦) શ્રી યશોવિજય જૈન ગુરૂકુળને-હુન્નર ઉદ્યોગશાળા ચલાવવા માટે.

૧૦૦૦) શ્રી યશોવિજય જૈન ગુરૂકુળને-સ્વામી વાત્સલ્ય ટ્રસ્ટ ફંડમાં.

૨૫૦૦) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના એજ્યુકેશન બોર્ડને

૬૯૨૫૦)

આ ઉપરાંત બીજી નાની મોટી રકમો મળી કુલ્લે આંકડો એક લાખ દશ હજાર ઉપર થવા જાય છે.

ફક્ત કેળવણીમાંજ આટલું મોટું દાન કરનાર શ્રી. સારાભાઇ મગનલાલ મોદીની જીવન કથા પણ જાણવા જેવી છે.

તેઓશ્રીએ અમદાવાદ ખાતે ખારાકુવાની પોળમાં રહેતા એક ગરીબ પિતાને ત્યાં જન્મ લઇને ગરીબાઇનો પુષ્કળ અનુભવ લીધો હતો. ઘણી જ મુશ્કેલી અને ચીવટાઇથી મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા બાદ વધુ અભ્યાસ માટે તેઓ કાશી ગયા હતા. ત્યાંથી મુંબઇ આવ્યા. એ સમય મુંબઇમાં ગ્રેજ્યુએટ થવા માટે આવનાર વિદ્યાર્થીઓ માટે ઘણોજ મુશ્કેલી ભર્યો હતો. હાલના જેવાં સાધનો તે વખતે ન હતા. તેમજ કેળવણી પ્રત્યે સમાજની રૂચિ ઘણી ઓછી હોવાથી વિદ્યાર્થીઓને જોઇતી મદદ મળતી ન હતી. પણ શ્રી સારાભાઇના સદ્‌ભાગ્યે તેઓને મર્હુમ શેઠ જમનાભાઇ ભગુભાઇએ પુરતી મદદ કરવા ઉપરાંત શેઠ મનસુખભાઇ ભગુભાઇની પેઢીમાં ખાવા પીવા અને સુવાની તેમજ અભ્યાસની બધી સગવડ કરી આપી. પોતે ઘણાં જ ખંતીલા અને મહેનતુ હોઇ જેમના જેમના સહવાસમાં આવતા તેમનો પ્રેમ સંપાદન કરતા. તેઓ બી. એ. એલએલ. બી. થયા બાદ તુરત મુંબઇમાં ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ કરતી શેઠ શેખ આદમ ઇસુફઅલીની કું. માં નોકરી રહ્યા. ત્યાં વધુ અનુભવ મેળવી સીરાજ એ. વાસીની કું. માં જોડાયા. અને ઇમ્પોર્ટ એક્સપોર્ટના ધંધામાં તેમણે સારૂ જ્ઞાન મેળવ્યું. નોકરી કરતાં કરતાં તેઓ સાથે જ બીમા કું ના એજન્સીનું, નાણાની દલાલીનું અને એવું બીજું કામ કરતા હતા. તેથી તેમની આવક વધતી હતી. પોતે સાદાઇ અને કરકસરથી રહેવાને ટેવાયલા હોવાથી તેમની મુડીમાં વધારો જ થતો રહ્યો હતો. આગળ વધતાં તેમણે એલ. કોટવાલની કું ના નામથી ટાઇલ્સનો વેપાર શરૂ કર્યો. એવામાં ૧૯૧૪ ની જગજાહેર લડાઇ શરૂ થઇ. જેથી તેમની આવક વધતી ચાલી. બે વર્ષ પછી એલ. કોટવાલની કું ની ભાગીદારી છુટી કરી પોતે એકલા જ એ કું પની ચલાવવા લાગ્યા વળી સીરાજ એ. વાસીની કું માં રહીને વેપારીઓનો વિશ્વાસ અને પ્રેમ મેળવેલો એ આધારે સારાભાઇ કું. ના નામથી તેમણે ઇમ્પોર્ટ એક્સપોર્ટનું કામકાજ શરૂ કર્યું. ત્રણ ચાર વર્ષ લડાઇના સંજોગે ટાઇલ્સના વેપારમાં સારાભાઇ કું. ના વેપારમાં, બીમાની એજન્સીમાં અને નાણાની દલાલી ઉપરાંત પોતે મેળવેલા વેપારી જ્ઞાનના અનુભવે શેર આદિ ધંધામાં તેઓ સારા પ્રમાણમાં કમાણી કરી શકયા. આમ છતાં પણ સાદાઇ અને કરકસરથી રહેવાના પોતાના નિયમમાં તેમણે કદિ ફેરફાર કર્યો નહિ. જેમ જેમ વધુ મુડી થતી ગઇ તેમ તેમ વિદ્યાર્થી અવસ્થામાં ભોગવેલી હાડમારી યાદ કરી કરીને તેમણે કેળવણી ખાતામાં રસ લેવાનું શરૂ કર્યું. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પોતે સભ્ય થયા, મેનેજીંગ કમીટીનાં ચુંટાયા, હાલ ચાલતા શ્રી મહાવીર જૈન વિદ્યાર્થી લોન ફંડની રચના કરવા કરાવવામાં તેમણે મોટો ફાળો આપ્યો અને પોતા તરફથી ઉપર જણાવેલી મોટી રકમો વિદ્યાલયને સોંપી. ઉપરાંત શ્રી. ચરોતર એજ્યુકેશન સોસાયટીના ધોરણે નિરાધાર જૈન વિદ્યાર્થીઓ માટે શ્રી વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ નામની સંસ્થા સ્થાપવા માટે તેમણે ખુબ જહેમત ઉઠાવી અને પોતે અને પોતાના મિત્રો પાસે તેના શેરો ભરી ભરાવીને એ સંસ્થા ચાલુ કરી. આ સંસ્થાનો ઘણા વિદ્યાર્થીઓએ લાભ લીધો છે અને લે છે. પોતાની જીંદગી દરમીઆન કેળવણી બાબતમાં તેઓએ જેટલો રસ લીધો છે તેટલો રસ તેમણે બીજી કોઇ પણ બાબતમાં લીધો નથી. તેઓશ્રીના નાના બંધુ શ્રી રમણીકલાલ મોદી મહાત્મા ગાંધીજીના ચુસ્ત હિમાયતી બની તેઓ એમના આપેલ આદેશ મુજબ રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે અને આજીવન સેવાવ્રત તેમણે સ્વીકાર્યું છે. તેઓશ્રીના મોટા પુત્ર ભાઇ ચંદુલાલ સારાભાઇ મોદી ચુસ્ત રાષ્ટ્રવાદી છે અને સાન્તાકુઝમાં ખાદી કાર્યાલયમાં પોતે અગ્રગણ્ય ભાગ લે છે. ઉપરાંત આપણા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જોડીઆ સેક્રેટરી છે. તેમના સહકારથી શ્રી મોતીચંદભાઇને સેક્રેટરી તરીકેના કામમાં અને ખાસ કરીને હિસાબી કામમાં ઘણી રાહત મળી છે. આવા સેવાભાવી પુત્ર સમાજને આપવા માટે પણ આપણે સદ્‌ગતના ઋણી છીએ.

આપણા શ્રીમાનો તેમજ વિદ્વાનો પ્રમાદ તેમજ આડંબર ત્યજીને તેમના પગલે ચાલે અને કેળવણીના કાર્યને સંગીન વેગ આપે એ પ્રાર્થનાપૂર્વક મારા એ સદ્‌ગત સ્નેહીના પવિત્ર આત્માને અન્તરની ભાવભરી અંજલિ આપું છું.

મણિલાલ મોકમચંદ શાહ.

સંહતિવાદ (Fascism)

આપણા છાપાઓમાં 'ફેસીઝમ' (અને નાઝીઝમ) શબ્દ ખૂબ વપરાય છે પણ હજી સુધી તેને માટે કોઈ ગુજરાતી શબ્દ ચાલુ થયો નથી. ફેસીઝમ અને નાઝીઝમ વચ્ચે કોઇ ખાસ તફાવત હોય એમ લાગતું નથી એટલે એ ઉભય શબ્દોને અંગે એક જ ગુજરાતી શબ્દની યોજના થાય તો યોગ્ય છે. અંગ્રેજીમાં આ વિષય ઉપર જે કાંઇ વાંચ્યું છે તે ઉપરથી તેમજ હીટલરનું 'મારી લડત' નામનું પુસ્તક વાંચી જવા બાદ એટલું જોઇ શકાયું છે કે મુસોલીની અને હીટલર–બન્નેને બહુમતિવાદ (Democracy) સંતોષી શકયો નથી. એ બન્ને સરમુખત્યારોની પાછળ એમના રાષ્ટ્રોની બહુમતિ (Majority) નથી એવું કોઇ હજુ સુધી સાબીત કરી શકયું નથી. થોડા જ દિવસ ઉપર તેથી જ કદાચ બ્રિટિશ પ્રધાનમંડળના લોર્ડ હેલીફેકસ અને જોન સાઇમન જેવા મુખ્ય સભ્યોને કંઇક–નવીન એકરારો કરવા પડયા છે. લોર્ડ હેલીફેકસ બ્રિટનની સૌથી મહાન ગણાતી ઓકસફર્ડ વિદ્યાપીઠનો કુલપતિ (Chancellor) છે. ઓકસફર્ડના સ્નાતકોને તેણે જણાવ્યું હતું કે બ્રિટનના યુવકો અને જર્મનીના યુવકો વચ્ચે વિચારસરણીનો જે ભેદ છે તેનો સમન્વય થશે જોઇશે—ત્યારબાદ જ જગતમાં શાંતિ સંભવે છે કેમકે જર્મનીનો યુવક વિચારસૃષ્ટિમાં નાઝી છે. તેને લોકશાસનમાં માનતો કરવો પડશે!

લોર્ડ હેલીફેકસ કરતાં પણ આગળ વધીને સર જોન સાઇમને તો એમ કહેલું કે 'જર્મનીના નેતૃવર્ગ અને પ્રજા વચ્ચે જે ભેદ પાડવામાં આવે છે તે મને યથાસ્થિત નથી લાગતો.' આ રીતે બ્રિટિશ મુખ્ય પ્રધાન મી. ચેમ્બરલેનના પોતાના નિવેદનને તેના જ પ્રધાનમંડળનો એક અગ્રગણ્ય સભ્ય અસ્વીકાર્ય ઠરાવે છે. મી. ચેમ્બરલેને હમેશાં કહ્યું છે કે જર્મનીના લોકો સાથે અમારે ઝઘડો નથી. અમારે તો હીટલરશાહી સાથે એટલે કે જર્મનીની પ્રજાના નેતાઓ સાથે મતભેદ છે. છતાં જ્યારે મી. ચેમ્બરલેનના જવાબદાર સાથીઓને કબુલ કરવું પડે કે જર્મનીનો યુવક હીટલરવાદ પાછળ રહેલ વિચારસરણીનો ભકત છે એટલું જ નહિ પણ જર્મનીના નેતાઓ અને લોકો વચ્ચે મતભેદ નથી ત્યારે આપણે શું સમજવું?

આપણે એટલું જ અનુમાન કરી શકીએ કે હીટલરને પોતાની માતૃભૂમિની પ્રચંડ બહુમતિનો ટેકો છે. ફકત હર હીટલરને અને તેના 'ગુરૂ' મુસોલીનીને પોતાના રાષ્ટ્રોમાં માત્ર બહુમતિઓ જ નથી જોઇતી. તેમને તો લઘુમતિઓનું અસ્તિત્વ જ વસમું લાગે છે. બાકી તેમની પાછળ બહુમતિ નથી એવું તો તેમના દુશ્મનો પણ પુરવાર કરી શકયા નથી.

હા, એટલું છે કે બ્રિટનના આગેવાનો હમેશાં લઘુમતિથી સંતોષ માનતા આવ્યા છે. તેઓએ પોતાના રાષ્ટ્રમાં લઘુમતિની હયાતી હમેશાં સાંખી છે. એટલે બ્રિટિશ લોકરાજ્ય અને જર્મન રાષ્ટ્રવાદ વચ્ચે જો કાંઇ તફાવત હોય તો તે સિધ્ધાંત (Principles)નો નથી પણ પ્રમાણ (Proportion)નો છે. મુસોલીની કે હીટલરની ફીલ્સુફીમાં બહુમતિવાદ વિરૂધ્ધ લઘુમતિવાદના એક પ્રકારના ગજ ગ્રાહ (Tug of War)ને અવકાશ નથી. એવી જાતની ખેંચાખેંચ બ્રિટન, ફ્રાંસ, અમેરિકા જેવા ધનાઢય રાષ્ટ્રોને પોષાય. પણ એવો મોજ શોખ (Luxury) જર્મની, ઇટાલી, જાપાન જેવા દેશોને પરવડે એમ નથી. તેઓ ધનહીન છે એટલે તેઓને અખંડ એકતાની આવશ્યકતા છે. રાષ્ટ્રમાં બુધ્ધિભેદ જાગે એ એમને માટે ભયંકર છે, ઇંગ્લાંડની સંપત્તિ એટલી વિશાળ છે કે ત્યાંના સરકાર બહુમતિથી સંતોષપૂર્વક કારભાર કરી શકે છે જ્યારે અતિ મર્યાદિત સંપત્તિવાળા દેશોને બહુમતિની સામે લઘુમતિ હમેશાં ધુરકયા કરતી હોય એવી દયાજનક દશા (જેનો આપણને હિંદમાં વિશેષ અનુભવ છે. આપણે ત્યાં મહાસભાની બહુમતિ સામે મુસ્લીમ લીગની લઘુમતિના આંદોલનને પરિણામે સામ્રાજ્યવાદને કેટલું પોષણ મળી રહ્યું છે તેનો હિંદને જીવતો જાગતો પદાર્થ–પાઠ મળી રહ્યો છે) પાલવે નહિ તેથી જ હીટલરે જર્મનીની પાર્લામેન્ટ (Reichstag) ના મકાનમાં દીવાસળી મૂકી દીધી હતી. અત્યારે લડાઇ ચાલે છે છતાં બ્રિટનની પાર્લામેન્ટ નિરાંતે વાતો કરી શકે છે અને મી. ચેમ્બરલેનની બહુમતિ સામે મી. એટલીની લઘુમતિને ધરાઇને વરાળ કાઢવાની છુટ છે—બાકી તો ચેમ્બરલેનનું પ્રધાનમંડળ પોતાને જે માર્ગે જવું હોય તે માર્ગે નિર્વિઘ્ને જઇ શકે છે કેમકે બ્રિટનની થોડી શક્તિ કે થોડી સંપત્તિ આવી ચર્ચામાં વેડફાઇ જાય તો તેવી કરકસર વગર તેને ચાલી શકે એમ છે. પણ જર્મની જેવા સાધનહીન દેશને, પોતાની સઘળી શકિતઓ ખૂબ જ કંજુસાઇથી વાપરવાની છે અને તેમાં રીશસ્ટાગમાં જર્મનીના મુત્સદીઓ વાતો કરવા મંડી પડે તો તેમને આફરો પડી જાય એમ છે. તેથી હર હીટલરે તલવારના જોરથી પોતાની પાછળ બહુમતિનું બળ છે એવી ખાત્રી પછી લઘુમતિને સાફ કરી નાખી છે. હવે આજે જર્મનીમાં જાહેર રીતે હીટલરના કાર્યક્રમમાં વિઘ્નો નાખી શકે એવા લઘુમતિ પક્ષોની પ્રવૃત્તિ માટે સ્થાન નથી. ચાલતા યુધ્ધે પણ આવો કોઇ ડર ચેમ્બરલેનને નથી તેનું કારણ એ છે કે હાથીની સ્વારી પાછળ થોડાં કુતરા ભસતાં હોય તો તેમાં હાથીની મોટાઇ વધે છે. ઘટી જતી નથી એવો પણ બહુમતિવાદ (Democracy)માં એક શિષ્ટાચાર છે. આ કહેવાતા શિષ્ટાચાર પરત્વ જર્મની અને ઇટાલીએ દુર્લક્ષ કર્યું છે. હાથીને ધીમેધીમે ચાલવાનું હોય છે. તેની પાછળ કુતરાં ભસ્યા કરે તો તેને ઉશ્કેરવાનું કારણ નથી હોતું. પણ હાથી સિવાયના અન્ય પ્રાણીઓને તો અવશ્ય કુતરાંના ભસવાથી મુંઝાઇ જવું પડે છે. કુતરાને ભસતાં બંધ કરવાના બે રસ્તા હોય છે. કાંતો રોટલો નીરીને તેમ કરી શકાય અને નહિ તો તેનો સામનો કરીને. પણ ઘણાખરાં કુતરાં એવા હોય છે કે રોટલો તેમને મંજુર નથી હોતો. તેમને લાકડી જ ગમે છે. જર્મની કાંઇ અહિંસાવાદી દેશ નથી એટલે તેણે લાકડીનો ઉપાય લીધો. રોટલો નાખવાનો માર્ગ તો તેની પાસે છે જ નહિ કેમકે તેની પાસે સામ્રાજ્યનો અભાવ હોવાથી સંપત્તિનો દુષ્કાળ છે. આ ઉપરથી સમજી શકાશે કે સામ્રાજ્યવાદના ઉપાસકો બહુમતિથી પોતાનું કામ ચલાવી શકે છે. પણ રાષ્ટ્રવાદના સેવકોથી લઘુમતિઓનો નાશ કર્યા સિવાય જંપીને બેસી શકાતું નથી. હીટલરને લાગ્યું કે બહુમતિથી પોતે કારભાર નહિ કરી શકે. મહા જર્મની (Greater Germany)નું સ્વપ્ન સિધ્ધ કરવા માટે બહુમતિ નહિ પણ **સર્વાનુમતિ** જોઇએ. આ સર્વાનુમતિની સ્થાપના કરવા માટે તેણે પશુબળનો આશ્રય લીધો છે. પણ તે કાંઇ બ્રહ્મર્ષિ નથી. તે તો રાજર્ષિ છે–ક્ષત્રી છે એટલે સમશેરનો આશરો લેવો તે તેને માટે કોઇ શરમની વાત ન લેખાય. આ સર્વાનુમતિ ગાંધીજી અહિંસાથી રચવા માંગે છે અને અહિંસા વડે ન રચી શકાય તો પોતાનું કામ અધુરૂં ભલે રહી જાય તેની તેમને ફિકર નથી. હીટલરને પોતાનું કામ પડતું મૂકવું ગાંધીજીની માફક ન ગમે એટલે તેણે સર્વાનુમતિની સાધના અર્થે લોહી પણ રેડયું છે. આ લોહી રેડીને પણ રાષ્ટ્રમાં એક અવાજ ઉભો કરવાનું શાસ્ત્ર તેનું નામ ફેસીઝમ અથવા નાઝીઝમ. આ વાદને ઐકયવાદ ગણીએ તો તેને માટે એક લેખકે 'સંહતિવાદ' શબ્દનો ઉપયોગ કર્યો છે તે યોગ્ય લાગે છે. કેમકે **સંહતિ એટલે એકતા.** આમ ફેસીઝમ કે નાઝીવાદ એ બહુમતિવાદને બદલે એકમતિવાદનું શાસન સ્થાપવાની ફીલ્સુફી છે એમ કહી શકાય.

મોહનલાલ રૂપાણી.

દશ વર્ષનો ભૂતકાળ : એક વિહંગાવલોકન

ઇશુ ખ્રિસ્તના ૧૯૩૦ના યાદગાર દિવસો હતા. મહાત્માજીએ આંતરપ્રેરણાને વશ બની. માર્ચ મહિનાના બારમા દિવસે દાંડીના દરીયા કાંઠે મીઠું પકવવા માટે વફાદાર સાથીઓ સાથે પગે ચાલીને જવા માટે નિશ્ચય કર્યો હતો. રાજકીય વાતાવરણમાં ધુમ્મસ પથરાઈ આવી હતી. કશું સ્પષ્ટ જણાતું નહોતું. ઈશ્વરના ભરોસે ભારતવર્ષની નૈયા મઝધારમાં હતી.

એ વખતના વાઇસરોય ઇરવિન સાહેબ અને વડી ધારાસભાના પ્રમુખ ચાણક્ય મુથ્થિ વીઠ્ઠલભાઇ પટેલ આપસમાં ગુફ્તેગો કરતા હતા. અચાનક સરકારી ચક્રો ગતિમાન થયા અને ૧૨ મી માર્ચ આડા થોડા દિવસો હતા ત્યાં તો એક પ્રભાતે ઉઠીને લોકોએ છાપામાં વાંચ્યું કે સરદાર વલ્લભભાઇની ધરપકડ થઇ છે. ભિષ્મપ્રતિજ્ઞા લઇ ભારતસંત ગાંધીજી સાબરમતી આશ્રમને છેલ્લા વંદન કરી દાંડીયાત્રાએ ચાલી નીકળ્યા. ગુજરાતના પાટનગરે ભાવભીની વિદાય આપી. શ્રીમાન પટ્ટણીજી જેવા પ્રધાનમિત્રે પણ બાપુને વળામણાં કર્યા. એંસી જેટલા સાથીદારો સાથે બાપુનો સંઘ પગપ્રવાસથી દાંડીની સન્મુખ થયો.

પછીના ચિરસ્મરણીય ઐતિહાસિક દિવસો વિષે લખતાં આંખો હર્ષાશ્રુથી ભીંજાય છે. ગામેગામ સભાઓ થતી ગઇ. દેશ-વિદેશના પત્રકારો અને ફોટોગ્રાફરોએ બાપુની અદ્‌ભુત અને યાદગાર યાત્રાને સંસાર ભરમાં પ્રસિદ્ધિ આપી. ચૌરીચૌરાનાં પ્રસંગથી સુષુપ્ત બનેલ હિન્દ એક છેડાથી બીજા છેડા સુધી રાજકીય જાગૃતિથી ચેતનવંતો બન્યો. બાપુનું જીવનકાર્ય થોડાજ દિવસોમાં સફળ થયું. ઇરવિન સાહેબની સરકારને મહાત્માની છુટા રાખવાની પોતાની ભૂલ સમજાણી, બાપુની ધરપકડ થઈ. બાપુના આ 'મિશન'ને પ્રથમથી યથાર્થ રીતે જાણનાર વીઠ્ઠલભાઇએ ધારાસભાની ખુરશીને છોડી, જાગૃતિના પૂરને ખાળવા મુશ્કેલ બન્યા. લાખો લોકોએ જેલો ભરી. છેવટે બાપુને છુટા કર્યા અને યાદગાર ગોળમેજી ગાંધી-ઇરવિન સંધિ થઇ એકસાથે સવાલાખ રાજદ્વારી કેદીઓ મુકત બન્યા.

બાપુને ગોળમેજી પરિષદનું આમંત્રણ મળ્યું વિદાયવેળાએ શ્રી મેઘાણીએ ગાયું :

"છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !
સાગર પિનારા અંજલિ નવ ઢોળજો બાપુ !!"

સ્ટીમર ઉપર ટપાલ વાંચતાં આ કાવ્ય જોઇ બાપુએ મીરાં જેહને કહ્યું: ખરેખર કવિએ મારા હૃદયમાં પેસી નેજ આ લખ્યું છે.

ગોલમેજીનું ફારસ ભજવાઇ ગયું. બ્રિટિશ બાળગોરાની ધુન્દ્ર જાળમાં ફસાયા વિના સાવ ભગ્ન હૃદે બાપુ પાછા આવ્યા અને તેમને સ્વાગત આપતાં રાષ્ટ્ર શાયર શ્રી મેઘાણીએ ફરીવાર ગાયું :

"માતા તારો બેટડો આવે ! આશાહિણો એકલો આવે !"

એ ત્રણ વર્ષ રચનાત્મક કાર્ય અંતે સામાન્ય ધારાસભાકીય પ્રવૃત્તિમાં વ્યતીત થયા અને ૧૯૩૫ નો નવો પ્રાંતિક સ્વાશાસનધારો આવ્યો. હોદ્દા સ્વીકારવા કે નહિ ? તે વરદીયો ચર્ચાયો. બાપુની રીતિ હોદ્દા સ્વીકાર થયો જેનું તેનું પણ પ્રજાકીયતે દેશભરમાં રાજ્ય થયું.

અગીયારમાં બાર પ્રાંત મંત્રીમંડળો સ્થપાયા. અંતે કુદરતી ઉભી થતી ગઇ અને બાપુની સહાયથી મહાસભા તેનો ઉકેલ કરતી ગઇ. હરિપુરાની સ્મરણીય મહાસભા ભરાઇ ગઇ. પ્રજાના રાજાના માનીતા મંડાગાંઠ બાપુના બોલવા રહસ્યથી ઉકેલી ગઇ.

ફરી ત્રિપુરી મહાસભા આવી અને પ્રમુખપદના પ્રશ્ને ભારે ઝંઝાવાત ઉભો કર્યો. એજ અરસામાં સદા પાછળ રહેવા ટેવાયલા દેશી રાજ્યોમાં એક સાથે અજબરીતે જાગૃતિનાં પૂર વહ્યાં. રાજકોટ સત્યાગ્રહ એક ટેસ્ટકેસ તરીકે શરૂ થયો. અજબ સમાધાન થયું અને વચનની કિંમત વિનાના રાજનીતિ એ કોયડો થયું. મહાત્માના ઉપવાસ આવ્યા અને હિન્દ હાલી ઉઠ્યું. વડા હાકેમની દરમ્યાનગિરી થઈ. ઉપવાસ છૂટ્યા અને ફેસલા માટે દેશની આંખો દીલ્હી ઉપર ઠરી. સફળ ચુકાદો આવ્યો અને એમ છતાં હિંસાની ગંધે બાપુએ તેનો પરિત્યાગ કર્યો.

લીંબડીનો ભયંકર હત્યાકાંડ શરૂ થયો અને વત્તો ઓછે અંશે તેનું અનુકરણ ઘણા નરેંદ્રોએ કર્યું.

મહાસભાનો તાજ સુભાષબાબુને છોડવો પડ્યો; પીઢ નેતા રાજેન્દ્ર બાબુને તે ધારવો પડ્યો.

કોંગ્રેસ સરકારના યશસ્વી હાથે લોકહિતના કાર્યો થતા ગયા. બારડોલીના વીર ખેડૂતોની જમીનો બારણાં ખખડાવતી પાછી આવી. દારૂ નિષેધનું શક્યવર્તી કાર્ય શરૂ થયું. જે કામ અમેરીકાની સરકાર ન કરી શકી તે કામ હિન્દની કોંગ્રેસ સરકારે કરી બતાવ્યું.

આ સર્વ દરમિયાન હિન્દમાં ફેડરેશન દાખલ કરવા હવરો પ્રયત્ન થયા પણ બાપુકુનિયાલ એ સમૂહતંત્ર આગળને આગળ હડસેલાતું ચાલ્યું.

છમાસ પૂર્વે યુરોપીય વિગ્રહનો પ્રારંભ થયો અને ફક્ત ત્રણ જ અઠવાડીયામાં પોલાંડનો ઘાણ નીકળી ગયો. અનેક જળનૌકાઓ જળશરણ બની. રશીયાની ભૂખે ફીનલેંડ નામના અતિ નાનકડા દેશને લડાઇમાં ઉતરવુ પડ્યું છે. વિદેશમાં આ હત્યાકાંડ રોજ-બ-રોજ નો બન્યો છે. હિંદમાં તેના પ્રત્યાઘાતો વ્યાપારી બજારોથી માંડીને એક પૈસાની ચીજ સુધીમાં જણાઇ રહ્યા છે.

ગાંધી-વાઇસરોય વચ્ચે અનેક મુલાકાતો થઇ ગઇ છે અને સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે તે સર્વનો કરુણ ફેજ થયો છે.

કોમી ભૂતાવળોએ હદ બહારનું તાંડવ શરૂ કર્યું છે. પરિણામે સત્તાના હાથ મજબુત બન્યા છે.

ઘરનો કજીયો વચ્ચે છે. કોમીવાદી નેતાગીરીએ વિવેક ચૂકી જઇ ઘરમાં દવ લગાડ્યો છે.

૧૯૩૭ થી રાખી કાંઠે લીધેલી પ્રતિજ્ઞાં આ વર્ષે પૂરજોસથી ફરી લેવાઇ છે. લોકપ્રભુના ઉત્સાહને માપતું એ પર્વ અનેરું બન્યું છે.

જીવન કલહે વધ્યો છે. આવક ઘટી છે. દુષ્કાળે પોતાનો છાપો જોરથી માર્યો છે. જગત ભરનો શ્વાસ રૂંધાઇ રહ્યો છે. શુદ્ધ હવા અશક્ય બની છે.

આવા વિષમ ટાણે ઇશુના ૧૯૪૦ ના તાપનો માર્ચ માસ પુરો થયો છે. રામગઢ મહાસભા ચંદરોજમાં ભરાઇ ગઇ છે. હિન્દનું ભાવિ નવેસરથી ઘડાવાનાં ચોઘડીયાં વાગી રહ્યા છે.

નથી માલુમ કે શું થશે. જગત અને હિન્દ સંક્રાન્તિ કાલની પ્રસવ વેદનામાંથી પસાર થઇ રહ્યા છે. અહિંસાની પુનિત ધુણી ધખતા ગાંધીનું સેવાયજ્ઞ આજે હિન્દનું મોટું આશાસ્થાન બની રહ્યું છે.

ખરેખર આપણો આ ભવ્ય ભૂતકાળ છે. આજે આપણે નવી ક્રાંતિના ઝંઝાવાતોની ઉભી છોળ વચ્ચે વર્તમાન વાદળ ઘેરું બની ગયું છે. ભાવિના ગર્ભમાં શું રહ્યું છે તે આપણી નાનકડી આંખો ભેદી શકતી નથી. પરંતુ પ્રાર્થના કરીએ કે :—

"ઓગળે જગતિ તારણ તણી ક્રમ જીવનપથ ઉજાળ,
આવતા આગળ ઉપવાસ સ્તંભ માગે હિમત અને નિડરતા"

રાજપાલ મગનલાલ ઘારા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મંડળ વતી પ્રકાશક મણિલાલ મોકમચંદ શાહ, ૨૧૮-૨૨૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : મેસર્સ કાંતિલાલ મિલ્સ પ્રિન્ટીંગ પ્રેસ, ગોવાલીયા ટેંક રોડ, મુંબઇ.

અયોગ્ય દીક્ષા સંબંધે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની જાહેરાત

આપણા સંઘના સભ્યો શ્રી. કકલભાઇ બી. વકીલ, શ્રી. મણિલાલ મોહનલાલ ઝવેરી, શ્રી. ચંદુલાલ મોહનલાલ ઝવેરી તથા શ્રી. ભોગાભાઇ ભુદરભાઇ કોઠારીએ આપેલા રાજીનામામાં જે કારણો દર્શાવ્યા છે તેથી અયોગ્ય દીક્ષા સંબંધમાં સંઘની સ્વીકૃત નીતિ વિષે જાહેર જનતામાં ગેરસમજુતી ઉભી થવાનો સંભવ છે તેથી આજે એકત્ર થયેલ સંઘની કાર્યવાહી સમિતિ નીચે મુજબ જાહેરાત કરે છે.

(૧) અયોગ્ય દીક્ષાને અંગે જે પરિસ્થિતિ ચાલુ છે તેમાં લેશ પણ સુધારો થયો નથી પણ વધુ બગાડ થયો છે, એટલે આ પ્રવૃત્તિ સામે સમાજને કેળવવા માટે દરેક પ્રયત્નો કરવાની તેમ જ બની શકે ત્યારે બ્રીટીશ હિંદમાં તેમજ અન્ય દેશી રાજ્યોમાં અયોગ્ય દીક્ષા પ્રતિબંધક કાયદાઓ કરાવવાની નીતિને મજબુત રીતે મુંબઇ જૈન યુવક સંઘ વળગી રહે છે.

(૨) અયોગ્ય દીક્ષામાં માનનારાઓના માનસમાં કશો પણ ફેરફાર થયો નથી એ પરિસ્થિતિ છતાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની કાર્યવાહક સમિતિના કેટલાક સભ્યો અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ સાથે જે પ્રકારની સમજુતી કરવા માંગે છે તે તરફ આ યુવક સંઘ ભયની દૃષ્ટિએ જુએ છે અને એ પ્રકારની સમજુતી તરફ અણગમો જાહેર કરે છે.

લી.

કાર્યવાહી સમિતિના હુકમથી

મણીલાલ મોકમચંદ શાહ

રા. વૃજલાલ ધરમચંદ મેઘાણી

માનદ મંત્રીઓ

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાચનાલય

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૨
અંક : ૧

મુંબઇ : ૩૦ એપ્રીલ ૧૯૪૦ મંગળવાર

લવાજમ
રૂપિયા ૨

"પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ."

'Lead Kindly Light' એ કાર્ડિનલ ન્યુમનનું ભજન અંગ્રેજીમાં પ્રખ્યાત છે. પૂ. શ્રી ગાંધીજીને એ અત્યંત પ્રિય છે. આ ભજનની શબ્દાવલી દરેક ભક્તહૃદયને આકર્ષે એવી છે. આ ભજનમાંથી એક લીટી 'one step enough for me' ગાંધીજીનું જીવનસૂત્ર બન્યું છે. 'દૂર માર્ગ જોવા લોભ લગીર ના મારે એક ડગલું બસ થાય' એમ એનું માણસ કહી શકે જાણે છે અને અનુભવે છે કે આ સૃષ્ટિ પરમ મંગલ પ્રભુની દોરવણી પ્રમાણે જ ચાલે છે. નોકર જેમ માલીકના હુકુમનું પાલન કરીને સંતોષ માને છે, સીપાહી જેમ સેનાપતિની આજ્ઞાનું પાલન કરતાં પૂર્ણ દેશ સેવા કર્યાનો સંતોષ મેળવે છે. તેવી જ રીતે સાચો ભક્ત તરત કરવા જેવું શું છે એટલું ઇશ્વર પાસેથી જાણી લીધું એટલે બસ છે એમ માને છે.

હિન્દુસ્થાનમાં પાછા આવતાંવેંત ગાંધીજીએ આ ભજન ગુજરાતના કેટલાક કવિઓ આગળ મોકલી તેમની પાસેથી આનું ભાષાન્તર માગ્યું. જે ભાષાંતરો આવ્યાં એમાંથી સ્વ. શ્રી નરસિંહભાઇનું આ ભાષાન્તર ગાંધીજીને વિશેષ ગમ્યું. આનો ભાવ એટલો તો સરસ સમજાવ્યો છે કે એ ભાષાન્તર જેવું લાગતું નથી અને રાગનું કોમળ ગાંભીર્ય પણ શરણાગતીને પોષક છે.

રાગ માંડ–દાદરા તાલ

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવનપન્થ ઉજાળ. ધ્રુવ૦

દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવનપન્થ ઉજાળ. ૧

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂરે નજર ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય. ૨

આજ લગી રહ્યો ગર્વમાં હું ને માગી મદદ ન લગાર,
આપબળે માર્ગ જોઇને ચાલવા હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર. ૩

ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી, સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ. ૪

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ આજ લગી પ્રેમભેર,
ન શ્રે મન તે સ્થિર પગલેથી ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર. ૫

કર્દમભૂમિ કળણભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ઘસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશે નિજ દ્વાર. ૬

રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણવાર. ૭

સ્ખલન–ભૂલ; કર્દમ–કાદવ; કળણ–ગરણ; દિવ્યગણો–દેવદૂતો

કેટલાક દિવસ થયા આશ્રમની પ્રાર્થનામાં દર શુક્રવારે આ ભજન ગવાય છે.

પારસી ધર્મમાં કહ્યું છે કે જીવનનાં બે તત્વો છે– શુભ અને અશુભ. ક્રીસ્તી ધર્મમાં એક તરફ ઇશ્વર અને બીજી તરફ સૈતાન એવા દ્વંદ્વની કલ્પના છે. બૌદ્ધ ધર્મમાં સૈતાનને ઠેકાણે મનુષ્ય જાતિના આંતરિક શત્રુ 'માર'ની વાત આવે છે. માર સાથે લડીને જે વિજય મેળવે તે જીવનવીર, તે જ અર્હત્.

કોઇપણ માણસને આપણે પૂછીએ કે તું ઇશ્વરની ઉપાસના કરે છે કે સૈતાનની, તો એક ક્ષણની રાહ જોયા વગર તે કહેશે કે ઇશ્વરની. પણ માણસ માટેના ઉપાસ્યો બે છે. માણસ કોક–કોકવાર—કોક-કોક જ વાર ઇશ્વરની ઉપાસના કરે છે, બાકી એની અખંડ ઉપાસના ચાલે છે પોતાના અહંકારની. જ્યારે આપણે પ્રહલાદની વાર્તા વાંચીએ છીએ ત્યારે હિરણ્યકશિપુને આપણે હસીએ છીએ કે એણે ઇશ્વરની ઉપાસના રદ કરાવી પોતાની જ ઉપાસના ચલાવી. એ કેટલો અહંકારી અને મુર્ખ હોવો જોઇએ એમ પણ આપણને લાગે છે. એ કથામાં તો આપણે પ્રહલાદના પક્ષના થઇએ છીએ, પણ જીવનમાં આપણે ભગવાનની ઉપાસના ઉથાપીને પોતાની જ ઉપાસના ચલાવનારા હિરણ્યકશિપુ બનીએ છીએ તે વખતે યાદ નથી આવતું. જ્યારે હિરણ્યકશિપુનો મદ ઉતરી જાય છે અને એ સમજી જાય છે કે સર્વત્ર ઇશ્વરનું જ રાજ ચાલે છે, ત્યારે એની અહંકારી વાણી શાન્ત થઇ જાય છે અને ભક્તિનાં વચનો એના મોઢામાંથી નીકળવાં માંડે છે:–

"આજ લગી રહ્યો ગર્વમાં હું ને,
માગી મદદ ન લગાર"

એવો પશ્ચાતાપ થયા પછી હૃદયની જે નિર્મળતા અને નમ્રતા પ્રગટ થાય છે, તેમાંથી જ ઉત્પન્ન થયેલું આ ભજન છે.

'આપ બળે માર્ગ જોઇને ચાલવા હામ ધરી' એ મોટી ભૂલ થઇ એ સમજ્યા પછી માણસ જ્યારે પોતાની મૂઢતા છોડે છે, ત્યારે જ પોતાને મુઢ સમજવાની–માનવાની–અને કહેવાની માણસની તૈયારી થાય છે. એ આત્મપરિચયનો એકરાર કરવાની

વૃત્તિથીજ આ ભજન લખાયું છે.

માણસ જ્યારે અહંકારના તાબામાં સપડાઈ રાતો ચોળ થયેલો હોય છે અને ધમણની પેઠે એનો અહંકારી શ્વાસ ચાલે છે, ત્યારે માણસ ઈશ્વરને ભૂલી જાય છે. પણ તે જ વખતે દુઃખી ઈશ્વર એને સાચવવાનો પ્રયાસ કરે છે અને એની ઇચ્છા ન હોવા છતાં અને એ ન જાણી શકે એવી રીતે એને ઉગારવાની તૈયારી કરે છે.

ઈશ્વરે માણસને એટલી સ્વતંત્રતા આપી છે કે એ ઇચ્છે ત્યારે જ એનો ઉદ્ધાર થાય, એટલે પૃથ્વી કરતાંયે સહિષ્ણુ એવો એ પરમપિતા માણસની હૃદયજાગૃતિની રાહ જોયા જ કરે છે. તુકારામ કહે છે કે માણસ પ્રવાહમાં ડુબે છે અને ભગવાન કિનારે હાથ ફેલાવીને તૈયાર ઉભા હોય છે. 'ભગવાન હું ડુબી જાઉં છું, મને આમાંથી બચાવ,' એમ માણસ હૃદયથી કહે એટલી જ વાર કે ભગવાને એને એ ભવજળમાંથી ઉગાર્યો જ છે. પણ એ જ્યાં સુધી આમ પોતાનો ઉદ્ધાર માગી નહિ લે ત્યાં સુધી ભગવાન લાચાર થઇને મુંગો મુંગો આંસુ સારતો ઉભો જ રહે છે. ભગવાનની આ કરૂણા, આ ધીરજ, અને આ સહિષ્ણુતા જ્યારે ધ્યાનમાં આવે છે અને માણસ મદદ માટે પોકાર કરે છે ત્યારે પોતાની ગફલત માટે એની આંખોમાંથી ઓર જેવા આંસુ દડદડ વહેવા માંડે છે અને એ જ વખતે ભગવાનની આંખોમાંથી સંતોષના આંસુ ટપકવા માંડે છે કે અંતે આ જીવ જાગ્યો, હવે એની સેવા કરી શકાય. આવી ધન્યતાની ઘડીએ માણસના હૃદયમાં શું થાય છે એ આ ભજનમાં પ્રતિબિંબિત થયું છે.

કાર્ડિનલ ન્યુમન જેટલો ભકત છે તેટલો કવિ પણ છે. આ ભજનમાં એણે જે પરિસ્થિતિનું ચિત્ર ચિતર્યું છે, તે જેટલું સ્પષ્ટ છે તેટલું જ ભવ્ય છે. માનસિક ભાવોને એણે જે પાર્થિવ અને પ્રાકૃતિક રૂપ આપ્યું છે, તેની અસર મન અને હૃદય ઉપર તરત થાય છે. જેમ વર્ણન સાથે ચિત્ર આપ્યું હોય તો તે વર્ણન સોંસરું બુધ્ધિમાં તેમજ હૃદયમાં પહોંચી જાય છે, તેવીજ રીતે આ ભજનના ભાવો એના રૂપકને કારણે જડ માણસના હૃદયમાં પણ જાગૃતિ અને અસ્વસ્થતા ઉત્પન્ન કરે છે.

આપણા કવિઓએ પણ જીવનને જંગલની અને અજ્ઞાનને અંધકારની ઉપમા આપી છે. આ જંગલમાં નથી રસ્તા, નથી પ્રકાશ અને નથી કોઇ દોરનાર ભોમીયો અને આવા જંગલમાં ફસાયેલા આપણે એટલા તો થાકેલા, હારેલા અને નિરાશ થયેલા છીએ કે આપણાં પગ પણ સ્થિર રહી શકતા નથી. આગળ ધપવાની તો વાતજ શી ? અને ધપવાનો પ્રયત્ન કરીએ તોએ આ કાંટાળી જમીન મજબુત હોય તો ને ? કોક ઠેકાણે કળણ ભરેલી કર્દમ ભૂમિ તો કોક ઠેકાણે ગિરિવરની કરાળ કરાડ, અને જાણે એટલું બસ નથી એમ તાજેતર પડેલા વરસાદને કારણે ચારેકોરથી ધસમસી આવતા જળ કેરા પ્રવાહો બધી બાજુથી માર્ગ રૂંધી નાખે છે. હવે 'આપ બળે માર્ગ જોઇને ચાલવા' નો વિચાર છોડી દીધો છે. ઈશ્વર પાસેથી મદદ માગવાનું નકકી કર્યું છે. હવે એ હાથ પકડે, આપણને દોરે અને દયામય વૃત્તિથી એક જ ડગલું જોઇ શકીએ એટલો પ્રકાશ આપણાં જીવનપંથ ઉપર પાડે એટલે બસ. એ પ્રેમળ જ્યોતિની સેરની પાછળ પાછળ જતાં બધી અગવડો વટાવીશું અને પ્રભુના બારણા સુધી પહોંચી જઇશું. એટલામાં દુર્દૈવની અસર ઓસરી જશે; રજની પુરી થશે, પ્રભાત ઉજળશે, જીવનપંથ એક છેડેથી બીજે છેડે સુધી સ્પષ્ટ થશે અને જે ઈશ્વરની ભકિત કરીને યાદ આવવાના કારણે હવે આપણે બમણા ઉત્સાહથી કરીએ છીએ, એ જ ભકિતમાં તલ્લીન થયેલા દેવદુતોના– દિવ્યગણોનાં– મનોહર વદનો પણ દેખાશે.

જ્યારે ભયની સ્થિતિમાં હતાં ત્યારે આપણે અભિમાનથી ગર્વ કર્યો, દુન્યવી કારકીર્દિની ભભકથી અંજાયા–લોભાયા– અને ભગવાનને ભુલી ગયા. હવે જ્યારે સાક્ષાત્કાર થયો કે આપણે કંઇ જ નથી, બધે ઈશ્વર જ છે, ત્યારે જાણે આપણો પુનર્જન્મ જ થયો. 'મારે આજ થકી નવું પર્વ' (આ લીંટી મૂળમાં નથી પણ નરસિંહરાવે પોતાના કાળા રૂપે આ ભજનમાં ઉમેરી છે.) હવે છડેચોક ઈશ્વરનો આધાર માંગી એની કૃપાથી જ જીવનયાત્રા પૂરી કરવી છે. હવે ગુમાવેલો વારસો પાછો મેળવવો છે; અને હવે પુરૂષાર્થની પ્રતિષ્ઠા જતી કરી પ્રપન્નની પદવી મેળવવી છે. એને માટે—

'પ્રેમળ જ્યોતિ તારો દાખવી'
મુજ જીવન પંથ ઉજાળ.'

કાકા કાલેલકર

જૈન ધર્મ

(શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા-૮-૪-૪૦ ના રોજ હીરાબાગમાં મળેલી જાહેર સભામાં ભાવનગરનિવાસી માન્યવર શેઠ કુંવરજી આણંદજીએ "જૈનધર્મ" ઉપર આપેલ વ્યાખ્યાનનો સાર નીચે આપવામાં આવે છે. પ્રમુખસ્થાનેથી કાકાસાહેબ કાલેલકરે આપેલ વ્યાખ્યાનનો સાર આવતા અંકમાં આપવામાં આવશે. તંત્રી)

જૈન ધર્મ એ જુદા જુદા બે શબ્દોથી બનેલ છે. અંતરંગ શત્રુઓને જીતનાર તે જિન કહેવાય છે અને તેના અનુયાયી તે જૈન. ધર્મ શબ્દની વ્યુત્પત્તિ **'धारयति इति धर्मः'** અર્થાત્ ધારણ કરે–દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે–તેનું નામ ધર્મ. આ પ્રકારના ધર્મને જેણે પ્રકાશ્યો હોય પ્રકાશનાર પોતે તેવા વીતરાગ અને વીતદ્વેષી જે કોઇ હોય તે આપણા વન્દનને યોગ્ય છે. શ્રી હેમચંદ્રસૂરિ જણાવે છે.

भवबीजांकुरजनना:, रागाद्या: क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

અર્થાત્: ભવના બીજરૂપ રાગાદિ જેના ક્ષય થયા હોય તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહેશ હોય કે જિનેશ્વર હોય તેને મારો નમસ્કાર હો.

શ્રી હરિભદ્રસૂરી પણ કહે છે કે:–

पक्षपातो न मे वीरे, न द्वेषकपिलादिषु ।
युक्ति मद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥

મને વીર પ્રત્યે પક્ષપાત નથી કે કપિલાદિ પ્રત્યે દ્વેષ નથી. જેનું વચન યુકિતયુકત છે, તેજ મને માન્ય છે.

જૈન ધર્મ એ કોઇ ખાસ જ્ઞાતિનો કે વ્યકિતનો ધર્મ નથી પણ દરેક પાળી શકે તેવો ધર્મ છે. એક ભાઇએ જૈન ધર્મનું ટુકું પણ સચોટ સ્વરૂપ જાણવા ઇચ્છા દર્શાવી. મેં કહ્યું:– ભાઇ! નવ તત્વને જાણો એટલે બધું જણાઇ આવશે. કારણકે શાસ્ત્રકારોએ એમાં બધો સમાવેશ કર્યો છે.

જગતમાં બે વસ્તુ છે. જીવ અને અજીવ, બધાનો સમાવેશ આ બેમાં થઇ જશે. જગતમાં જે કાંઇ ઇન્દ્રિય ગોચર છે તે પુદ્ગલ જ છે. છ દ્રવ્યમાં પુદ્ગલ એક રૂપી છે. બાકીના જીવાદિક અરૂપી છે. આત્માને જૈન શાસ્ત્રોએ અનાદિ માનેલ છે. તે વિનાની

પુદ્ગલીક ચીજો પણ અનાદિ છે. દરેક વસ્તુ અનાદિ છે. તેનું રૂપાંતર થયા કરે છે, પણ સર્વથા વિનાશ થતો નથી.

જીવ છે ત્યાં સુખ-દુઃખ છે. અને સુખ-દુઃખ છે ત્યાં તેનું પૂર્વકારણ શોધતાં પુન્ય-પાપ માનવા પડશે. પુન્યનું ફળ સુખ પ્રાપ્તિ છે, પાપનું ફળ દુઃખ પ્રાપ્તિ છે.

પુણ્ય પાપ માટે જણાવ્યું છે કે—

श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रंथकोटिभिः ।
परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥

[કરોડો શ્લોકથી જે કહી શકાય તેવું છે તે અરધા શ્લોકમાં હું કહું છું. પરોપકાર પુણ્યને માટે છે અને પરપીડન અન્યને પીડા ઉપજાવવવી તે પાપને માટે છે.]

જો આટલું આપણ સર્વને બરોબર સમજાય જાય તો પછી વિશેષ કહેવા સાંભળવાપણું રહેતું નથી. તીર્થંકરપણું પણ ત્યારે જ બંધાય છે કે જ્યારે જગતના સર્વ જીવોને ધર્મસન્મુખ કરવાની આત્મામાં પ્રખર ભાવના પ્રગટ થાય છે અને એ પદ ઉદયમાં આવ્યા બાદ તીર્થંકરનું સમગ્ર જીવન અનેક જીવોને ધર્મસન્મુખ કરવામાંજ– તેમનો આત્યન્તિક ઉધ્ધાર કરવાની પ્રવૃત્તિ પાછળ જ વ્યતીત થાય છે.

શ્રી મહાવીર પ્રભુના જન્મ સમયે દેશના મોટા ભાગમાં યજ્ઞના નામે પુષ્કળ હિંસા પ્રવર્તતી હતી. તે કાળે એક મહાન અહિંસક ધર્મપ્રણેતાની જરૂર હતી. ભગવાન મહાવીરનો જન્મ થયો; યુવાવસ્થામાં તેમણે ચારિત્ર્ય અંગીકાર કર્યું. ઘોર તપશ્ચર્યા વડે સર્વ કર્મોનો નાશ કર્યો; તેઓ સર્વજ્ઞ થયા અને અહિંસા ધર્મની સ્થળે સ્થળે ઘોષણા કરી. તેમની યુક્તિપૂર્ણ વાણીથી મુગ્ધ બનીને વેદ ધર્મના સ્તંભરૂપ ગૌતમ આદિ અગિયાર મોટા બ્રાહ્મણ પંડિતોએ તેમની ધર્મદીક્ષા અંગીકાર કરી. આ રીતે હિંસા પૂર્ણ યજ્ઞોની ઘેલછામાંથી તે સમયની પ્રજાને તેમણે મુક્ત કરી.

ઘણાઓને પુણ્ય-પાપના અસ્તિત્વ વિષે શંકા હોય છે; પરંતુ એક સુખી અન્ય દુઃખી, એક નિરોગી અન્ય રોગી એક ધનવાન બીજો નિર્ધન–આદિ જગતમાં દેખાતા દ્વિભાવના કારણો તપાસીશું તો તેના મૂળમાં પુણ્ય પાપ સિવાય બીજું કશુંય નથી એ સ્વતઃ સમજી શકાય તેવું છે.

પુણ્ય અને પાપ એ બન્ને આશ્રવ છે. પુણ્ય એ શુભ આશ્રવ છે અને પાપ એ અશુભ આશ્રવ છે. તળાવમાં જુદા જુદા ગરનાળામાંથી પાણી આવે છે, અને તેથી તળાવ ભર્યું ભર્યું રહે છે. આવીજ રીતે વિષયકષાયાદિથી તેમજ પુણ્ય-કરણીથી પણ આશ્રવ ચાલુ રહે છે. આ રીતે આવનાર શુભાશુભ કર્મને રોકનાર તે સંવર છે. સંવર શું કહેવાય તે ઓળખી લેવાની અને તે મુજબ આચરવાની ખાસ જરૂર છે. સંવર વડે આત્મા સાથે બંધાતા નવા કર્મો રોકી શકાય છે પણ સત્તામાં રહેલાં કર્મોનું શું? તે જ્યાં સુધી વિદારી ન શકાય ત્યાં સુધી કર્મમુક્તિ શક્ય નથી. કર્મ બે રીતે વિદારી શકાય. એક તો કર્મનો પરિપાક થયે ભોગવી લેવાથી, આ કર્મની સ્વાભાવિક નિર્જરા કહેવાય. બીજું બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારના તપવડે સત્તામાં આવેલા કર્મનો નાશ થઇ શકે. આ બીજા પ્રકારની નિર્જરા કહેવાય. તપ એટલે કેવળ ઉપવાસ–એકાસણાં નહિ પણ ધ્યાન, જપ, પ્રતિક્રમણ વગેરેનો પણ તપમાંજ સમાવેશ થાય છે.

અહિં સુધી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર તથા નિર્જરા એમ સાત તત્વોની વાત થઇ. આ કર્મની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ અને આત્મા સાથેના કર્મનો ચાર પ્રકારનો બંધ–એ સર્વ વિગતોનું નિરૂપણ 'બંધ' નામના તત્વ નીચે કરવામાં આવેલ છે. જૈન દર્શનની સૌથી મોટી વિશેષતા તેનું કર્મ વિજ્ઞાન છે. આત્મા કર્મોદ્વારા પોતાના સુખદુઃખનો પોતે જ કર્તા તેમ જ ભોક્તા હોઇને કર્મની ઝીણામાં ઝીણી વિગતો જૈન ધર્મના અનેક ગ્રંથોમાં ચર્ચવામાં આવી છે. આવી ઝીણવટ ભરી કર્મમીમાંસા મારા નમ્ર મત પ્રમાણે અન્યત્ર ભાગ્યેજ જોવા મળે તેમ છે.

આ બધું જાણ્યા પછી શાસ્ત્રકારો નવમું મોક્ષ તત્વ બતાવે છે કે જેથી સંસારથી મુક્તિ થાય. તેની પ્રાપ્તિના હેતુભૂત શુધ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર છે. સમ્યગ્ પ્રકારે જાણવું તે જ્ઞાન અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર.

સમકિતના સ્વરૂપમાં ૭ ભેદ ખાસ સમજવા જેવા છે તે અત્રે ટુંકમાં જણાવું છું. (૧) જીવ છે. (૨) જીવ નિત્ય છે. (૩) કર્મનો કર્તા છે. (૪) કર્મ ના ભોક્તા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય છે.

જીવ અરૂપી હોવાથી પ્રથમ પદ જીવ છે તેમાં ઘણાને શંકા થાય છે. પણ આપણે વિચારીશું તો જીવની સિદ્ધિ અવશ્ય થશે. મૃતકમાં હાથ પગ આદિ સર્વ અંગોની સંપૂર્ણતા હોવા છતાં કેમ તેને બાળી દેવાય છે? કહેવુંજ પડશે કે તે સર્વની ગતિ કરાવનાર જે જીવ તેના જવાથી શરીર નિરર્થક બન્યું અને તેથી તેને બાળી દેવામાં આવે છે. બીજું પદ જીવની નિત્યતા કહે છે. પુદ્ગળનો નાશ પણ પર્યાયથી થાય છે. પરંતુ તે પણ કાયમ જતા નથી. પુદ્ગળનો સંગાથી આત્મા એક પુદ્ગળના નાશથી બીજા શરીરમાં જાય છે. જીવ કર્મનો કર્તા પણ છે. કારણ કે કર્યા વિના કર્મ કેમ લાગે? અને આત્મા કર્મનો ભોક્તા પણ છે. અમુકે મારૂં બગાડયું એમ કહેવું તે મોહ છે. મનુષ્યના પ્રારબ્ધની પ્રબળતા હોય તો ચક્રવર્તી પણ રંકને નુકશાન કરી શકતો નથી. અને અશુભ કર્મની વિશિષ્ટતા હોય તો રંક પણ ચક્રવર્તીનું બગાડી શકે છે. તેથી નિમિત્ત કારણો ઉપર રોષ લાવવો વ્યર્થ છે. શ્વાનને પથરો લાગે તો તે પથરાને કરડશે અને સિંહને તીર લાગશે તો તે તીરને નહીં પકડતાં તીર મારનારને પકડશે. મનુષ્યો પણ આવી બે જાતની પ્રકૃતિના હોય છે. નિમિત્ત ઉપર રોષ લાવવા કરતાં ઉપાદાનરૂપ કર્મને કાઢવા પ્રયત્ન કરવો એજ ધ્યેય છે.

બે મિત્ર હતા. એક સુજ્ઞ હતો બીજો ભદ્રિક હતો. સુજ્ઞને ઘેર એકવાર આગ લાગી અને ઘર બળી ગયું. ભદ્રિક મિત્ર દીલગીરી બતાવવા આવ્યો ત્યારે સુજ્ઞ મિત્ર કહે છે કે 'મારૂં કશું બળ્યું નથી, મારૂં હોય તે બળેજ નહીં અને બળે તે મારૂં નહીં. અમુક સંજોગે આવ્યું હતું તે અન્ય સંજોગે જાય તેમાં શોક શું કરવો? ફરી કયારેક સુજ્ઞમિત્રનો પુત્ર મૃત્યુ પામતાં બીજો મિત્ર દીલગીરી દર્શાવવા આવે છે ત્યારે સુજ્ઞ કહે છે કે 'ઘેર પ્રાહુણા આવે તે જાય તેમાં રડવાનું શું?' આવી નિર્લેપ વૃત્તિ આવે ત્યારેજ આત્માનો ઉદ્ધાર સંભવિત બને છે.

પાંચમા અને છઠ્ઠા પદમાં મોક્ષ છે અને તેનો ઉપાય છે એમ દર્શાવ્યું છે. એક ભાઇએ મને પૂછ્યું કે આ પાંચમા આરામાં મોક્ષ હોય? મેં કહ્યું હા, ચાલો બતાવું. પણ મારી શરત પાળવી પડશે અને તે એ કે સર્વ સંગ પરિત્યાગ કરવો પડશે. આ ઉપાય કઠિન છે પણ તે સેવ્યા વિના ઉપાય

[અનુસંધાન પૃષ્ટ ૮]

ચાર સભ્યોએ આપેલાં રાજીનામાં પાછા ખેંચી લીધાં છે.

× × × ×

શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની અખિલ હિંદ સ્થાયી સમિતિની બેઠક દયાલંકાર શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે એપ્રીલ માસની ૨૭ તથા ૨૮ તારીખના રોજ મળી હતી. પહેલા દિવસે સ્થાયી સમિતિના મહામંત્રીઓએ કૉન્ફરન્સની આજ સુધીની કાર્યવાહી અને વર્તમાન પરિસ્થિતિ સંબંધમાં એક નિવેદન રજુ કર્યું હતું અને ત્યારબાદ પ્રમુખ સાહેબે પોતાનું વ્યાખ્યાન વાંચી સંભળાવ્યું હતું. મહામંત્રીઓના નિવેદનમાં યુવકો સંબંધે જણાવવામાં આવ્યું હતું કે "યુવકોમાં ઉત્સાહ છે, કાર્યશક્તિ છે, સેવાની ધગશ છે પરંતુ તે ટકાવવા માટે જે રીત અખ્તયાર કરવામાં આવે છે, જે દેખાવો થાય છે તેથી તેઓ અપ્રિય થઇ પડે છે." આ કથનમાં કેટલાક ભાઇઓને આક્ષેપ કે કટાક્ષ જેવું લાગે છે. પણ વિશેષ વિચાર કરતાં માલુમ પડશે કે આક્ષેપસૂચક કથન ખરી રીતે તો યુવકોની એક વિશેષતા જ રજુ કરે છે. કારણ કે કોઇને અપ્રિય ન થવું એના જેટલી સમાજ પ્રગતિની બાધક બીજી કોઇ વૃત્તિ નથી. એ વૃત્તિથી યુવકો મુક્ત થયા હોય અને સમાજહિતની ખાતર સત્યવસ્તુ સ્પષ્ટ આકારમાં કહેવાની હિંમત યુવકોમાં આવી હોય અને એ કારણે અપ્રિય થવાની તાકાત યુવકોએ ખરેખર કેળવી હોય તો એ વસ્તુસ્થિતિ માટે યુવકોએ જરા પણ શરમાવાનું કારણ છે જ નહિ. ઉલટું એ તો અભિમાન લેવા જેવી બાબત છે. આવી અપ્રિયતા યુવકોનો જ બ્બરો રહેશે અને તો જ આજ સુધી એક સરખી ધરેડમાં ચાલતા અને અવનતિના ગર્તમાં ડુબતા સમાજને ઉંચે આવવાની આશા બંધાશે. મહામંત્રીઓએ એકતાની વાટાઘાટની જે કેટલીક બીનજરૂરી વિગતો આપી છે તે વિગતો આપી ન હોત તો નિવેદન વધારે મોભાદાર લાગત. પ્રમુખનું નિવેદન ભાષા તેમજ વિચારનિરૂપણની દૃષ્ટિએ આવકારદાયક લાગે છે. આજની વસ્તુસ્થિતિને બને ત્યાં સુધી યથાસ્વરૂપે રજુ કરવાનો તેમાં સ્તુત્ય પ્રયાસ છે.

બીજા દિવસની સભામાં કૉન્ફરન્સ સાથે સબંધ ધરાવતા કેટલાક જૈન આગેવાનોના અવસાન બદલ દીલગીરી જાહેર કરનારા ઠરાવ ઉપરાંત નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) આવતી વસ્તી ગણતરીને અંગે આપણા જૈન ભાઇઓ તથા બ્હેનો પોતાને જૈન તરીકે બરોબર નોંધાવે એ માટે યોગ્ય પ્રચાર કરવા માટે કૉન્ફરન્સ સાથે સબંધ ધરાવતા સર્વે અધિકારીઓને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે.

(૨) આ સ્થાયી સમિતિ કૉન્ફરન્સના આવતા અધિવેશનનું કાર્ય કૉન્ફરન્સના બંધારણમાં ઉદ્દેશ અને કાર્ય–વિસ્તાર સિવાયની બાબતોમાં જરૂરી ફેરફાર (૧) આર્થિક ઉધ્ધાર અને (૨) કેળવણી પ્રચાર–એ ત્રણ બાબતો ઉપર કેન્દ્રિત કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપરના નિર્ણય મુજબ આવતી નાતાલ સુધીમાં કૉન્ફરન્સનું અધિવેશન ભરવાની ગોઠવણ કરવા માટે કાર્યવાહક સમિતિને સૂચના કરવામાં આવે છે.

સામાત કાર્યવાહક સામાતને સૂચના કરે છે.

આ ઉપરાંત એક વિશેષ ઠરાવ કૉન્ફરન્સનું અધિવેશન ભરવા માટે ત્રણ સ્થળો તરફથી મળેલાં નિમંત્રણોની નોંધ લે છે અને આવતા અધિવેશન માટેનું સ્થળ નક્કી કરવાની કાર્યવાહક સમિતિને સત્તા આપે છે.

× × ×

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સમાં 'શાસન પક્ષી' નામથી ઓળખાતા વર્ગનો સહકાર અને સાથ મેળવવાનો કૉન્ફરન્સના કેટલાક આગેવાનોનો પ્રયાસ તે પક્ષના કદાગ્રહ અને પ્રમાણ બહારની માંગણીઓના કારણે ભાંગી પડયો છે.

× × ×

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સાર્વજનિક વાંચનાલયની આજથી શરૂઆત કરવામાં આવે છે. આ વાંચનાલયમાં અંગ્રેજી, ગુજરાતી તેમજ હિંદી–ઉપયોગી ગણાતા ઘણાખરા સામયિક પત્રો મુકવામાં આવનાર છે અને તેનો જાહેર જનતાને લાભ લેવાનો ચાલુ સમય સવારના ૮ શ્રી ૧૧ અને સાંજનાં ૫ થી ૮ રાખવામાં આવેલ છે. આ વાંચનાલય જૈન જૈનેતર સર્વ ભાઇ બહેનો માટે ખુલ્લું છે. સાર્વજનિક પુસ્તકાલયમાં જરૂરી પુસ્તકોનો સંગ્રહ થઇ રહ્યો છે અને તે પણ જાહેર જનતાના ઉપયોગ માટે બહુ જ થોડા વખતમાં ખુલ્લું મુકાવા સંભવ છે.

× × ×

જૈન સમાજના એક જાણીતા આગેવાન ઝવેરી લાલભાઇ કલ્યાણ ભાઇ તા. ૨૪ મીની રાત્રે અતિવેગમાં આવતી મોટર સાથે અથડાઇ પડવાના પરિણામે અવસાન પામ્યા છે, અસાધારણ ચડતી અને પડતીના ઇતિહાસથી ભરેલા અને એમ છતાં એક સરખા આશાવાદી– પ્રસન્ન–જીવનનો આમ એકાએક અન્ત આવ્યો છે.

× × ×

મુંબઇની 'વનિતા વિશ્રામ' નામની સુવિખ્યાત સ્ત્રી સંસ્થાએ હમણાં પોતાનો રજતઉત્સવ ઉજવ્યો. આ ઉત્સવ પ્રસંગે લગભગ અઠવાડીઆ સુધી ચાલે તેવો એક ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ નિમિત્તનું અવલંબન લઇને સંસ્થાના કાર્યવાહકો વનિતા વિશ્રામ માટે પોણો લાખ ઉપરાંતની રકમ એકઠી કરી શકયા છે. સંસ્થાના ભૂતકાળનો ઇતિહાસ જેટલો યશસ્વી છે તે કરતાં આગામી ઇતિહાસ વધારે યશસ્વી અને ઉજ્જવળ નિવડે અને સ્ત્રીજાતિના અનેક પ્રશ્નોનો નીકાલ લાવવામાં ખુબ ઉપયોગી ફાળો આપે એમ આપણે જરૂર ઇચ્છીએ.

× × × ×

રાષ્ટ્રવિદ્રોહી મહમદઅલી ઝીણાની પ્રેરણાથી અખિલ હિંદ મુસ્લીમ લીગે મંજુર કરેલી પાકીસ્તાન યોજના સામે મુસલમાન જનતાનો પ્રખર વિરોધ રજુ કરવા માટે સિંધ પ્રાન્તના માજી મુખ્ય પ્રધાન મહમદઅલી અલાબક્ષના પ્રમુખપણા નીચે દીલ્હી ખાતે એકત્ર થયેલી આઝાદ મુસ્લીમ કૉન્ફરન્સનું અધિવેશન આ પત્ર પ્રગટ થાય છે તે પહેલાં સમાપ્ત થયું હશે. પ્રમુખના ભાષણમાં પાકીસ્તાનની કલ્પના કેટલી વાહીયાત અને અવ્યવહારૂ છે એટલું જ નહિ પણ મુસલમાન કોમને જ કેટલી નુકશાનકર્તા છે

લેખોની સામગ્રી પુરી પાડનાર લેખકોનો હાર્દિક સહકાર છે. એ સહકાર વિના 'પ્રબુધ્ધ જૈન'નું વર્તમાન સ્વરૂપનિર્માણ શકય જ નહોતું. લેખકોમાં સૌથી વધારે સાથ અમારા સહકાર્યકર્તા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ અને સંઘના સહમંત્રી શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીએ આપ્યો છે. પણ તેમનો આભાર અમે

અને સાંસ્કૃતિક જાગૃતિની નવી ઇમારત ઉભી કરવાનો એમણે પ્રયાસ કર્યો. વેદાંત પંડિતોના ચર્ચા મંડળમાં છણી કાઢવાનો વિષય નથી– ગુફામાં બેસી પલાંઠી વાળીને ટટ્ટાર બેસી નાક પકડીને ઉંચે તાણવાની સગવડ કરી આપનાર એ દર્શનશાસ્ત્ર નથી– પણ વેદાંત એ એક સાર્વભૌમ જીવનદર્શન છે એમ સિધ્ધ કરી જીવનને અંગે ઉઠતા તમામ સવાલોનો ઉકેલ આણ-

એનું સચોટ દાખલા દલીલો સાથે બહુ જ સુન્દર નિરૂપણ કરવામાં આવ્યું છે. આખા ભાષણમાં રાષ્ટ્રીય ભાવના, હિંદુ–મુસલમાનની એકતા અને એક અને અવિભાજ્ય હિંદની કલ્પના તરવરે છે. એ કૉન્ફરન્સે પસાર કરેલો મુખ્ય ઠરાવ પણ પ્રમુખના વક્તવ્યનું સંપૂર્ણ સમર્થન કરે છે. એ ઠરાવ નીચે મુજબ છે.

"દેશને સંપૂર્ણ આઝાદ બનાવવાની ભાવનાવાળા મુસલમાનોના અભિપ્રાયને વ્યક્ત કરતી અને પ્રત્યેક પ્રાન્તના મુસલમાન પ્રતિનિધિઓની અને પ્રતિનિધિત્વવાળી આ પરિષદ મુસલમાન કૉમના અને આખા દેશના હિતાહિત સાથે સંબંધ ધરાવતા વિવિધ પ્રશ્નોનો સમગ્રપણે વિચાર કરીને નીચે મુજબ જાહેરાત કરે છે.

હિંદુસ્તાનની ભૌગોલિક તેમજ રાજકીય સીમાઓ એક અખંડ અને અવિભાજ્ય રાષ્ટ્રની જ સૂચક છે અને એ રીતે આ હિંદુસ્તાન હિંદ ભરમાં વસતા સર્વ શહેરીઓની નાત જાત કે ધર્મના ભેદ વિનાની સર્વ સામાન્ય નિવાસભૂમિ છે અને એ ભૂમિની સાધનસંપત્તિના સૌ કોઇ એક સરખા માલીક છે. પોતાનો ધર્મ અને સંસ્કૃતિ જેને પ્રાણથી પણ વધારે વહાલાં છે તે મુસલમાનો આ દેશમાં સર્વત્ર ખુણેખુણે વસી રહેલા છે.

રાષ્ટ્રીય દ્રષ્ટિએ દરેક મુસલમાન હિંદી છે. દેશમાં વસતા સર્વ કોઇના હકકો તેમજ સમાજ જીવનના દરેક કોમની જવાબદારીઓ સૌ કોઇ માટે એક સરખી છે. આ હકકો અને જવાબદારીઓના કારણે પ્રત્યેક હિંદી મુસલમાન અન્ય હિંદી જેટલો જ રાષ્ટ્રીય છે અને સરકારી, આર્થિક તેમજ અન્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેમજ સનંદી નોકરીઓમાં અન્ય દેશવાસીઓ જેટલા જ હકકો ધરાવે છે.

આ કારણને લીધે જ દેશની આઝાદી હાંસલ કરવા માટે પ્રયત્ન કરવાની અને ભોગો આપવાની જવાબદારી અન્ય હિંદીઓ જેટલી જ મુસલમાનોની છે. આ એટલું સાદું સીધું અને સ્પષ્ટ સત્ય છે કે કોઇ પણ સાચી સમજણવાળો મુસલમાન આનો ઇન્કાર કરી ન જ શકે. આ પરિષદ સ્પષ્ટ રીતે અને પુરી મકકમતાથી જાહેર કરે છે કે પોતાના મજહબ અને કૉમી હકકો આબાધિત રહે એ રીતે સંપૂર્ણ આઝાદી એજ હિંદી મુસલમાનોનું ધ્યેય છે, અને એ ધ્યેય જેમ બને તેમ જલ્દીથી સિદ્ધ કરવાને તેઓ પુરેપુરા આતુર છે. આજ ભાવનાથી પ્રેરાઇને તેઓએ ભૂતકાળમાં મોટા ભોગો આપ્યા છે અને ભવિષ્ય કાળમાં એથી પણ વધારે મોટા ભોગો આપવાને તેઓ તૈયાર છે.

બ્રીટીશ શાહીવાદના એજન્ટો તેમજ અન્ય જનો તરફથી એવો આક્ષેપ કરવામાં આવે છે કે હિંદની આઝાદીમાં મુસલમાનો જ મોટી નડતર રૂપ છે એ પ્રકારનાં મુસલમાનો સામેના પાયા વિનાના આક્ષેપનો આ પરિષદ સખ્તમાં સખ્ત વિરોધ કરે છે અને મક્કમતાપૂર્વક જાહેર કરે છે કે મુસલમાનો આ બાબતની પોતાની જવાબદારી બરોબર સમજે છે અને આઝાદીની લડતમાં બીજા વર્ગોથી તેઓ જરા પણ પાછળ રહે એ બાબતને તેઓ આજ સુધીની પરંપરા સાથે અસંગત લેખે છે અને પોતાની કોમ માટે નામોશી ભર્યું ગણે છે."

મહમદઅલી ઝીણાએ ઉભી કરેલી આંધી વચ્ચે આ પરિષદ અને તેનો ઠરાવ શીતળ લહરિ જેવો લાગે છે. આશા છે રાખીએ કે આખી મુસલમાન જનતા આ પરિષદના સંદેશને બરોબર ઝીલે અને સ્વપર વિનાશની પાકીસ્તાનની ગાંડી અને અનિષ્ટપૂર્ણ કલ્પનાથી બચે.

× × ×

સ્થાનકવાસી જૈનોની કૉન્ફરન્સ મે માસમાં મળવા સંભવ હતો તે છએક મહીના બાદ ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પરમાનંદ

કોનો વાંક ?

એકજ માળામાં, એકજ વખતે બે તોરણો બંધાયા, રજુ અને રમુ–પાડોશી પાડોશીના દીકરાઓ; બન્ને એકજ સાથે પરણ્યા. આખા માળામાં આનંદ આનંદ થઇ ગયો. માળાએ પોતાની આખી જીંદગીમાં કદી આવો ભભકો નિહાળ્યો નહોતો. એમાંયે રજુના માબાપનો હરખ તો આજે માતો જ નહોતો. એમની વહુ મધુરી રમુની વહુ સુરભી કરતાં વધારે હોંશીયાર, ચાલાક ને દેખાવડી હતી.

મધુરી અને સુરભીને ઘેર આવ્યે આજે મહિનાઓ થઇ ગયા છે. શ્વસુરના પક્ષમાં સ્વજનની માફક એ બન્ને ઓતપ્રોત થઇ ગઇ છે. મધુરીએ તો પોતાની હોંશિયારીથી, વિવેકથી આખા માળાનાં મન જીતી લીધાં છે. સાસુ, સસરા તો વહુ પછવાડે ગાંડા બની ગયા છે. વહુના વખાણ કરવા એ એમને માટે એક મહત્વનું કાર્ય થઇ ગયું છે સસરા વહુને લક્ષ્મીમાં સિવાય બોલાવતા નથી. સાસુએ મધુરીનું નામ અન્નપૂર્ણા પાડયુ છે.

મધુરી આમ સંસારમાં પોતાનું સ્થાન જમાવતી જાય છે. ત્યાં એક દિવસ સાસુજીએ આવી ખબર આપ્યા, "તને ખબર છે મધુરી, સુરભી તો ભારેવગી છે." વળી તરત જ બીજી પળે સાસુજી બોલ્યાં "બીચારી આવતાં વેંત જ જંજાળમાં પડી. જો ને તું કેવી નસીબદાર છે બેટા? કેવી આનંદથી હરેફરે છે. તું તારે એક બે વર્ષ પેટ ભરીને મઝા કરી લ્યે મા, આપણે કંઇ ઉતાવળ નથી."

એમ એમ કરતાં નવ મહિના વીતી ગયા. એક દિવસ રમુને ત્યાંથી એની બ્હેન સાકર આપવા આવી. બધાંને ખબર પડી કે સુરભીએ પુત્રને જન્મ આપ્યો છે. આ વખતે પણ સાસુજી હસ્યાં અને બોલ્યાં "બિચારી બહુ બ્હેલી મા થઇ."

આજે તો મધુરીના લગ્નને ત્રણ ત્રણ વર્ષ થઇ ગયાં છે. શરમાળ નવોઢામાંથી મધુરી ઘરની કારભારી થઇ ગઇ છે. એણે સંસારને સ્વર્ગમય બનાવી દીધો છે. સાસુ, સસરા ને રજુને મધુરી વગર એક દિવસ પણ રહેવું અઘરું પડે છે. મધુરી વગર સાસુ શકિત વિહોણાં થઇ જાય છે. મધુરી વગરનું ઘર કલ્પી શકાતું જ નથી. મધુરી સારાયે માળાને આંજી રહી છે. ત્યાં વળી એક દિવસ રમુની બ્હેન વધામણી દેવા આવી, "ભાભીને આજે બીજો દીકરો આવ્યો છે." એ ગઇ અને સાસુજી બોલ્યાં "સુરભી લાગે છે નશીબદાર! એટલી વારમાં તો તેને બીજો દીકરો આવ્યો." અને મધુરીની સામે જોઈ બોલ્યાં," નાના છોકરાં ઘરમાં હોય તો કેવી મઝા આવે! ઘર કેવું ભરાઇ જાય." મધુરી સાસુજીનો ભાવાર્થ સમજી ગઇ. મનમાં એ બોલી, " એ ભગવાન, મને તું એક બાળક કેમ આપતો નથી. "

મધુરીને પરણ્યે આજ પાંચ પાંચ વર્ષ થઇ ગયા છે. સુરભીને ત્યાં ત્રણ ત્રણ બાળકો છે. મધુરીનું ઘર ખાલીખમ છે. સાસુસસરાને હવે ચિંતા થવા માંડી છે. મધુરી વંધ્યા તો નહિ હોય. છેવટે એ લોકોએ નકકી કર્યું કે મધુરીને ડોકટર પાસે લઇ જવી. એક સાંજે મધુરીને ડાકટર પાસે મોકલવામાં આવી. ડાકટરે અભિપ્રાય આપ્યો

કે મધુરી વંધ્યા નથી. છતાં સાસુ, સસરાને નિરાંત ન થઇ, એમણે તો અનેક બાધા આખડીઓ રાખી; મધુરીને અનેક માતાઓના સ્થાનકે, બાવાઓ પાસે લઇ જવામાં આવી. મધુરી હવે આખા માળામાં ચર્ચાનો વિષય બની ગઇ. મધુરીના સ્નેહીઓ એની દયા ખાવા લાગ્યા. કોઇ કહે છે, "બિચારીને પુરવભવનાં પાપ નડ્યાં, આવડી મોટી થઇ, પણ ઘેર પારણું બંધાતુંજ નથી." મધુરીના દુશ્મનો તો મધુરીની સામેજ કહે છે, "વાંઝણીના શુકન કોણ લે?"

એમ કરતાં મધુરીને પરણ્યે આજે સાત વર્ષ થઇ ગયાં છે. સાસુ સસરાના એ વર્ષના પ્રયત્ન પર પાણી ફરી વળ્યું છે. એમનો છોકરા માટેનો વલવલાટ અતિ તિવ્ર થઈ ગયો છે. ખુબ વિચારણા પછી છેવટ એ બન્ને નિર્ણય પર આવ્યા કે રજુને બીજીવાર પરણાવવો.

ફરીથી માળામાં આજે આનંદનો પ્રસંગ આવ્યો છે. પાડોશીઓને ત્યાં રજુના લગ્નની મીઠાઇઓ પહોંચી છે. પરંતુ મધુરીનો આજે દુર્ભાગ્યમાં દુર્ભાગ્ય દિવસ છે. ઘરની લક્ષ્મી, અન્નપૂર્ણા ઘરથી વિખુટી પડી એક ખુણામાં બેઠી છે. આજે એની આંખમાં પાણી નથી, એને ભવિષ્યની ચિંતા નથી. એને માત્ર એકજ વિચાર મુંઝવી રહ્યો છે, "શું ડાકટરે ત્યારે ખોટું કહ્યું? આમાં બધો મારોજ વાંક છે? શું મારા પતિનો આમાં લગારે વાંક નહિ હોય?"

ચંદ્રા.

મુંબઇ જૈન યુવક સંઘનું
સાર્વજનિક પુસ્તકાલય

અમારી વિનંતિને માન આપીને સંઘના સભ્યો, શુભેચ્છકો અને સહાયકો તરફથી તા. ૩૧-૩-૪૦ સુધી ૬૭૨ પુસ્તકો ભેટ મળ્યા હતા. તે પછી બીજા પુસ્તકો અમોને ભેટ મળ્યા છે. ભેટ આપનાર દરેક સભ્યોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ અને સંઘના સભ્યો તેમજ શુભેચ્છકોને વધુ પુસ્તકો મોકલી આપવા ફરી વિનંતિ કરીએ છીએ.

લી૦

અમીચંદ ખેમચંદ શાહ

મંત્રી,

વાંચનાલય-પુસ્તકાલય સમિતિ.

૬૭૨) તા. ૩૧-૩-૪૦ સુધી મળેલાં
૫) શ્રી નગીનદાસ દામોદર
૮) સીંધી જૈન ગ્રંથમાળા હા. મુનિ શ્રી જીનવિજયજી તરફથી
૧૯) શ્રી મોહનલાલ આર. પારેખ
૨૬) શ્રી પ્રેમચંદ વેલજી
૧૨) ડો. કાંતિલાલ ધરમચંદ મેઘાણી
૫૩) ભાખરીઆ બ્રધર્સ હા. મોહનલાલભાઇ
૭૫) શ્રી પ્રવીણચંદ હેમચંદ અમરચંદ
૫૯) શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ
૫૨) શ્રી મણીલાલ વાડીલાલ નાણાવટી
૨૫) શ્રી જન્મભૂમિ કાર્યાલય
૧૭) શ્રી મણિલાલ મોકમચંદ શાહ

૧૦૨૩) કુલ એક હજાર તેવીસ

[જૈન ધર્મ... ... ... પૃષ્ટ ૩ થી ચાલુ]

જ નથી. જગતમાં બધા રોગ ઉપર અસરકારી ઔષધિઓ છે, ધનવંતરીએ દિવ્યશક્તિથી દરેક વનસ્પતિને બોલાવી તેનો ગુણ અને નામ આદિ જાણ્યા હતા. આત્મરોગની ઔષધિ છે અને તેના વૈદ્ય પણ છે. ડોકટર કે વૈદ્ય શરૂઆતમાં મળ દૂર કરાવે છે અને પછીજ ઔષધ આપે છે. આંહી પણ તેમ કર્યે છૂટકો છે. પૂર્વ પુરૂષે બતાવેલા ઉપાયને અનુસર્યા વિના શું બને? અપથ્ય સેવવું અને વ્યાધિ દૂર કરવી એ નહીં બને. વૈદક શાસ્ત્ર કહે છે કે—

પથ્ય વિના ઔષધીની શી જરૂર છે? અને
પથ્ય પાળે છે તેને ઔષધીની શી જરૂર છે?

આ બન્ને વાક્યો વિચારવા જેવા છે તેમાં પથ્યની ઉપર ખુબ ભાર મૂક્યો છે. સંસારાસકત જીવોની લાલસા પણ પાપાચરણ રૂપ ત્યાજ્ય કુપથ્ય સેવવાની હોય છે. સુખ મેળવવા અર્થે ત્યાગ કર્યા વિના છુટકો નથી. સૌને ખાનાંપીતાં મોક્ષ મળે તો લેવો છે પણ કષ્ટ સહન કરવું નથી.

ધર્મશાસ્ત્રના મૂળમાં નીતિ છે. નીતિ હોય તોજ ધર્મ દીપે છે. શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોમાં આ વાત મુખ્ય કહેલી છે. માર્ગાનુસારીનો પહેલો ગુણ ન્યાયથી દ્રવ્ય પ્રાપ્ત કરવું તે છે. મુનિઓને પણ તેવા નીતિસંપન્ન ગૃહસ્થના ઘરનો આહાર લેવા જણાવ્યું છે. કારણ કે અનીતિનો આહાર મતિને મલીન કરે છે. ત્યારપછી સદાચારીની સંગત કરવાનું કહ્યું છે. સત્સંગ અને સત્શાસ્ત્ર વિના આત્માનું હિત નથી. સંપ અને ધર્મની પણ ખુબ જરૂર છે. સંપ વિના સુખ નથી. અને ધર્મ વિના જીવન વ્યર્થ છે.

જ્વરના જોરવાળાને ભોજન ભાવતું નથી. તેવીજ રીતે કુકર્મના હૃદયવાળાને ધર્મ રૂચતો નથી. તેની બધી પ્રવૃત્તિ અવળીજ હોય છે.

મારા આખા વકતવ્યનો ટુંકમાં સારાંશ એ છે કે માનવ-ભવ અને સમજણ મલ્યા પછી સાધ્ય નકકી થવું જોઇએ. સાધ્ય નકકી થાય તો તેને અનુરૂપ સિધ્ધિ મળે જ મળે. આંખ બંધ કરી દોડાદોડ કરવાથી કશું વળે તેમ નથી. સમજ્યા વિના જે તે કરવાથી સાધ્ય સિદ્ધ થતું નથી. આત્માને ઉંચે લાવવો એ સાધ્ય છે. અન્ય કોઇપણ ભવમાં આ કાર્ય બનવું મુશ્કેલ છે. સાધ્ય નિર્ણીત થયા વિના થાય પણ શું? જોગવાઇ મલ્યા છતાં કાંઇ થાય એ દુ:ખજનક ગણાય. સત્કાર્ય કર્યા સિવાય ક્યાંથી ઉંચે અવાય? શ્વાનાદિક તિર્યંચોને ઉંચે આવવાનું સાધન શું છે? કાંઇજ નહીં. પણ આપણને તો મુશ્કેલીએ પ્રાપ્ત થાય તેવો માનવ-ભવ મળ્યો છે, આર્ય દેશ મળ્યો છે, સામગ્રી પણ મળી છે, તથા વાસ્તવિક ધર્મને જાણ્યો છે અને ગમ્યો પણ છે છતાં કાંઇ આત્મકાર્ય ન થાય તો એ બધું મળવું વ્યર્થ જવા જેવુંજ ગણાય. જીવનનાં જરૂરિયાતોની-- પરિગ્રહ વિસ્તારની બાદબાકી કરતાં શીખવું જોઇએ. એક સાથે ન ઘટાડાય તો આસ્તે આસ્તે ઘટાડતાં જવું જોઇએ. જેમ જેમ એ ઘટતો જશે, અને જીવન સાદું, પવિત્ર અને સંયમપૂર્ણ બનતું જશે, તેમ આત્મા ઉન્નત કોટિએ પહોંચતો જશે. માણસો વાતો ડાહી ડાહી કરે છે પણ આચારમાં મુકવાની કોઇને ખાસ ચિંતા કે આગ્રહ હોતો નથી. આત્માની ઉન્નતિ સાધવી તેનું વિજ્ઞાન ધર્મશાસ્ત્રોમાં નિરૂપિત કરવામાં આવ્યું છે. આપણે એ ધર્મશાસ્ત્રોના મર્મને સમજીએ; તેમાં ઉપદેશેલી વાતોને આચારમાં મુકીએ અને એ રીતે કેટલાય પુણ્યોના ફળરૂપે મળેલ દુર્લભ મનુષ્યભવને સફળ-સાર્થક કરીએ.

ચીનગારીઓ

૧

વીનુ અને ગજરા.....નહાનપણમાંજ સગપણના સંબંધે જોડાયાં. 'ઉંચા કુળનો છોકરો કંઇ કુંવારો એાછો રહે?' ..... વીનુનું આદર્શ વાતાવરણમાં ઉછરવું.....સેવાનો આદર્શ, અસ્પષ્ટ છતાં પ્રેરક.....આદર્શ-સ્વપ્ન-સૃષ્ટિ દૃષ્ટિ સમક્ષ તરવરતી..... રાષ્ટ્ર સેવા ને ગ્રામ્યોધ્ધારના કોડ.....ગજરા અભણ અને અજ્ઞાન, અસંસ્કૃત અને અસાંસ્કારિક, અભણ માતાની અજ્ઞાન પુત્રી... 'છોકરી મોટી થઇ છે,' 'સાપનો ભારો' ક્યાં સુધી સંધરવો?... "શારદા એકટ'ના છત્ર નીચે માંડ માંડ વીનુનું મેટ્રીકમાં ઉત્તીર્ણ થવું.....વીનુને અઢારમું વર્ષ...પછી? .....શું હોઇ શકે ? લગ્ન ગ્રંથિથી જોડાવું...વીનુની આદર્શ–સૃષ્ટિનુ નાશ પામવું...રૂઢિ બંધન ઓળંગવાના નિશ્ચયોનું ચૂર્ણીભૂત થવું, આદર્શ પતિ અને અભણ બાળા.

વીનુ ઉદાસ અને હતાશ, ખિન્ન અને દુખી.....ગજરાના શિક્ષક તરીકે પણ નિષ્ફળતા.....ગજરા નિરાશ "મારા નશીબ".....વીનુનું મંથન....."આદર્શ હીન જીવન કે ફકીરી? વડીલવાદને તિરસ્કાર...તુચ્છકાર..... વડીલોની શિખામણ "અમે પણ પરણ્યા હતા અને જેવી મળી તેવી નિભાવી હતી!" "પડયું પાનું નિભાવી લ્યો"

તુટતાં તાર .....

જીવન–નૌકા ખરાબે અથડી.....

વીનુ અદૃશ્ય.....વડીલોનો ઉલ્કાપાત "ઉછાંછળો છકેલો...' આ સાંભળવા વીનુ સિવાય બધા હતા.

૨

ધનવંત, લક્ષ્મીનંદનનો પુત્ર...લાડ, કોડ, વૈભવ., સંયમહીન સ્વતંત્રતા.....સ્વતંત્ર અને બીનજવાબદાર.....હલકા વિચાર અને એથીયે હલકી સોબત. ખુશામત, ઢોંગ દંભ.....ચા પાન સોપારી.....નાટક, સીનેમા, નૃત્ય,.....પાર્ટી, "તાજ" દારૂ.....વેશ્યાલય.....

ધનવંત કુલીન હતો. ઘરનાં ઘર હતાં, કુટુંબ ઉંચુ— સાંપત્તિક અને સંસ્કારિક હતું. વૈભવ કુટુંબને જ વર્યો હતો... ઉષા ઉગતું પંકજ .....ભવિષ્યની આશા આપતું, સમાજ–સેવા એને "કંઇક" કરવાની અસ્પષ્ટ ભાવના સેવતું, "કેસરિયા" ની અને નહાનકડો "ધ્વજ" લઇ ઘુમવાની ઉચ્ચાશા રાખતું... ઉગતું પંકજ.....ઉષા.

કુલિનતા અને વૈભવ જોઇ સગપણ. ધનવંત અને ઉષા .....શું સહચર ને શુ સહચરી?' બાપુ, શામાટે એ દારૂડીયા સાથે મારૂં જીવન જોડો છો?".....નિષ્ફળ. "ક્રાન્તિ" ઝીન્દા-બાદ....."નાસી જાઉ કે સમુદ્ર તટનો આશ્રય લઉ....." કંઇ નિશ્ચય નહિં.....પિતાનું કુળ અને આબરૂ પિતાનું નામ અને નાક....."

ધનવંત અને ઉષા પરણ્યા...સગાં, સંબંધીઓ માણ્યા... શરણાઇએ સુર પુર્યા...બે આંખોમાંથી અશ્રુઓ ટપકયા....

ધનવંતને નવું "પુલકું" મળ્યું. એ "જુનું" થાતાં તો "જુનાં થાતાં મધુર પુલકાં ચિન્ત શોધે નવાને." આજે "ઉષા," કાલ . ...

ઉષા, ઉગતું રમ્ય પ્રભાત, સુવર્ણ દિન અને શાંત સંધ્યાં અનુભવ્યા વિનાજ કાળી અંધારી ચૌદશની રાત્રિમાં વિસર્જન પામી.

"ઉષા.....અખંડ સૌભાગ્યવતીનું ચિન્હ સાચવતી, ઉષાનાં છાનાં રૂદન લપાતો, છુપાતો ચંદ્રજ જોતો.....

કુલીનતાની કબરમાં ઉષા હોમાઇ.

૩

અમથાલાલ.....પંચાવન વર્ષે સોળ વર્ષની બાળાના હાથના ઉમેદવાર....."રાચરચીલું, બંગલા, વાડી.....બધુંજ.....બસ, ...ભગવાન આપી રહેશે કોઇ સાચવનારો" બુઢ્ઢી ડોશીમા દરરોજ એમ વિચારતા. "ગાંધીવાળાઓના બાપનું શું જાય....મારૂં ઘર મંડાતું હોય તો?.....સંધ શેઠીયાઓને મીઠાઇને લાંચ .....દસના પંદર હજાર.....લાકડે માંકડુ વળગાડ્યું.....એક વર્ષ પુરૂં થાય તે પહેલાં "પુત્રની" મહેચ્છા મનમાંજ રાખી બુઢ્ઢાજી સ્વર્ગે સીધાવ્યા.....અઢી કરોડ વિધવાઓમાં એકનો વધારો.

પંદર વર્ષની બાળા.....વિધવા.....કાળો સાળુ, અનાથ આંખો, શોકમૂર્તિ-રૂપ, નિસ્તેજ અને ફીકુ મોં, યાચનાભરી અને દયામણી રહેણી.....એક તરેહનો ફડફડાટ "મારૂં કોઇ નથી."

વડીલોનો અત્યાચાર, રંજાડ–તિરસ્કાર–ધિક્કાર–પાવિત્ર્ય મૂર્તિ પર કલંકનાં કાળા છાંટા... હડધુત અને હાડહાડ...

ગામનાં શેઠીયાનું "વિધવા–વિવાહ" માટે વચન...વ્યભિચાર વિશ્વાસઘાત...સમાજના કટકા...સમાજના નેતાઓના ફિટકાર... સમાજના મોવડીઓના ધુત્કાર.....

"પાપિણી...ગામ બગાડયું."

અલોપ...બાળક અનાથાશ્રમની ટોપલીમાં સમાજ-ભ્રષ્ટ પતિતા.

વેશ્યા જીવનમાં પ્રવેશ...દંભી, ઢોંગી પાખંડી નેતાઓ અને શેઠીયાઓનું ચરણમાં આળોટવું.

૪

સળગતા સમાજની નકફટ પતિતા...

સુધાકર.....સમાજ સુધારક...."જ્ઞાતિ, પંથ, ફીરકા,... તોડી નાખવા જોઇએ" એ ઠરાવ હમેશાં પરિષદોમાં મુકનાર અને પ્રબળ વકતવ્યો કરનાર સુધારક....."જુવાન–સંધ" નો મંત્રી.....કુમુદ તેની પુત્રી.....ક્રાન્તિકારી કન્યા.

કુમુદ કર્વે યુનિવર્સિટીની પદવીધર....."મહિલા મંડળ" ની સંચાલિકા.....

સુધાકરનું ફરમાન.....લગ્ન માટે કુમુદને મહીનામાં તૈયાર થવાનો આદેશ.....કુમુદની સાફ "ના" પોતે "સ્વતંત્ર, સમાન અને સંયમી" સમાજજીવન ગાળવા માટે ગમે તે "સેવાભાવી" યુવકને પરણી લેશે .....

સુધારકની ચીમકી.. હજી બીજાં છોકરા છોકરીઓ પરણા-વવા છે.. .. ઘરમાં વહુઓ લાવવી છે... આમ કેમ ચાલશે?

પિતા પુત્રી વચ્ચે ચકમક...

પિતાનો "લગ્ન" માટે વટ હુકમ.

પુત્રીની સાફ ના "મરજી વિરૂધ્ધ થશે તો પરિણામ માટે સુધાકર સર્વાંશે જવાબદાર છે" એમ ધમકી.

પિતાનો "આસુરી" વિદ્યા ઉપર બળાપો. પુત્રીને સમજાવી લેવાશે...લગ્નની તૈયારી.

પુત્રીની મુંઝવણ...કુમુદે સુધાકરનો "નૈતિક હિંમતના અભાવ" ઉપર કટાક્ષભર્યા લેખો લખ્યા .....

"**સિવિલ મેરેજ**"? કે "**સ્નેહલગ્ન**" બંને અયોગ્ય.

"સમાજને દોરવો હોય તો સમાજથી દુર ભાગ્યે પાર નહિં આવે."

લગ્નનો દિવસ...

કુમુદનો સત્યાગ્રહ...નહિં જ પરણવાનો નિશ્ચય..." પિતાની લાજ, આબરૂ, કુળ ખોળનારી નિર્લજ્જ છોકરી..." "કોઇની સાથે જરૂર..." વિ. નિર્લજ્જ, વચનો.

અસહ્ય...અલોપ.

કાન્તિ ઝવેરીયા.

શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી

(ધી નેશનલ ગુજરાતી સ્કુલના દ્વિતીય વાર્ષિક સમારંભ પ્રસંગે શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલે પ્રમુખ સ્થાનેથી આપેલા વ્યાખ્યાનનો સારભાગ)

આ સ્કુલની સ્થાપનાને લગભગ આઠ વર્ષ થયાં છે અને તે મુદત દરમ્યાન તેણે જે પ્રગતિ કરી છે તે સંતોષકારક ગણી શકાય. વિદ્યાર્થીની સંખ્યા ૧૯ ઉપરથી ૨૨૦ ઉપર આવી છે અને તેને જો પુરતા સાધનોથી અપનાવવામાં આવે તો આથી બમણી સંખ્યા થતાં વાર ન લાગે એવો મારો નમ્ર અભિપ્રાય છે. આ સ્કુલ સહશિક્ષણના ધોરણ ઉપર ચાલે છે તે વધુ પ્રશંસનીય છે અને વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે એ જાણી મને બહુજ સંતોષ થયો છે. આજે ઘણી ખરી સ્કુલોમાં માત્ર પરીક્ષાઓ જલદીથી પાસ કરાવવા પુરતું વિદ્યાર્થીઓ પ્રત્યે ધ્યાન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓના મગજ ઉપર એટલો બધો બોજો લાદવામાં આવે છે કે તેના શારીરિક વિકાસને અવકાશજ મળતો નથી અને પરિણામે માઇકાંગલા પોપટિયા જ્ઞાનવાળા અને સરકારી નોકરીની ચાહનાવાળા વિદ્યાર્થીઓ સ્કુલોમાંથી બહાર પડે છે જે દેશને એક બોજારૂપ બને છે. બાલ્યાવસ્થામાં શારીરિક ખીલવણીની વધારે આવશ્યકતા છે. મોટી ઉમર થયા પછી શારીરિક ખીલવણી જોઇએ તેવી થઇ શકતી નથી. જેમ કુમળા મગજ ઉપર જેવી છાપ પાડવામાં આવે તેવી પડી શકે છે તેમ કુમળા અવયવોને જેમ વાળવામાં આવે તેમ વળી શકે છે, તેથી નાની ઉમરમાં કસરત ડ્રીલ વગેરેની વધારે આવશ્યકતા છે. એકલા ચોપડીનાં જ્ઞાનથી વિદ્યાર્થી પોતાનું ભવિષ્યનું જીવન સુધારી શકતો નથી. શારીરિક વિકાસ ન થયો હોય તો તેને ચોપડીનું જ્ઞાન ઉપયોગી થતું નથી. તેથી આ નેશનલ ગુજરાતી સ્કુલમાં શારીરિક ખીલવણી પ્રત્યે જે વિશેષ કાળજી લેવામાં આવે છે તે પ્રશંસનીય છે. બીજી બાબત શિક્ષકોના વિદ્યાર્થી પ્રત્યેના વર્તનની છે. વિદ્યાર્થીઓ પ્રત્યે કડક નીતિ રાખવાથી વિદ્યાર્થી બીકણ–બાયલો બની જાય છે. તેની સાથે પ્રેમથી ચાહનાથી કામ લેવું જોઇએ. માસ્તર સ્કુલમાં મારે છે એવો ખ્યાલ તેના કુમળા મગજ ઉપર કદી પણ બેસવા નહિ દેવો જોઇએ. આંસુ સાથેના શિક્ષણને આ જમાનામાં સ્થાન નહિ હોવું જોઇએ. Education without tears વાળી સ્કુલો યુરોપમાં આજે બહુજ પ્રશંસા પામી છે. આપણે યુરોપની સારી વસ્તુનું અનુકરણ કરવું હોય તો શિક્ષણની બાબતમાં આપણે તેને પગલે ચાલવું જોઇએ.

ખરૂં છે કે આ દેશમાં સ્કુલના શિક્ષકોને પુરતું વેતન મળતું નથી અને તેથી તે પોતાની અંદર રહેલા બીજા અનેક સદ્‌ગુણોને વિકસાવી તેનો લાભ વિદ્યાર્થી વર્ગને આપી શકતો નથી. તે માત્ર પોતાના પગાર પુરતું કામ કરે છે અને ઉદાસીન ભાવે પોતાનો સમય વ્યતીત કરે છે. શિક્ષકો ગમે તેવા કફોડા આર્થિક સંયોગોમાં મુકાયા હોય છતાં તેણે ઉદાર ભાવે પોતાની અંદર રહેલા સદ્‌ગુણોનો લાભ વિદ્યાર્થીને આપવો જોઇએ. શિક્ષકનો ધંધો ઇશ્વરી માનવામાં આવે છે. ભવિષ્યમાં થનારી પ્રજાનો તે ઘડતર પિતા છે. ભવિષ્યમાં પાકનારા નાગરિકોની ઉજ્જવળ કારકીર્દિની ભારે જવાબદારી તેના શિરે છે. એ હકીકત તેણે પુરેપુરી પિછાનવી જોઇએ વિદ્યાર્થી પ્રત્યેના સારા વર્તનનો બદલો એક યા બીજી રીતે તેને જરૂર મળી રહેશે એવા સંતોષ સાથે તેણે પોતાનું કામ આગળ ધપાવવું જોઇએ– શિક્ષકોને પુરતું વેતન મળે તે માટે હમણાં હમણાં સરકાર વધારે કાળજી રાખે છે અને ગ્રાંટો આપતી વખતે સ્કુલની મેનેજમેંટનું આ બાબતમાં ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

મારો મનોરથ

ખેતર માંહિ ખોરડું
ખોરડા માં રહેવું,
ગોરી ગૌવા આંગણે
ઘી દૂધ છાશ ખાવું.

પાસે રૂડાં ઝાડવાં
ઝાડવા માં માળા,
ચકલી કોયલ શુકના
સુણું ગીતડાં રૂપાળાં.

ખળખળ વહેતું ઝરણું
પાણી પાતું જાય,
તાપ સંતાપ દીલના
શાન્ત કરતું જાય.

અતિથિ આશા ભર્યા
હેતે આવી જાય,
ઉજળા દિલનો રોટલો
હરખે ખાતાં જાય.

સાંજ સમયે ચોકમાં
શાન્ત રજની માંય,
ગુણ પ્રભુના ગાતાંગાતાં
હૈયા હળવાં થાય.

ખટપટ કે ધોંધાટમાંથી
ઝટપટ ભાગી જાઉં,
શક્તિ કે સાધન પરમાણે
સેવા કરતો થાઉં.

સહકુટુંબ શ્રમજીવી થઇ, પરસેવે પલળી જાઉં;
હકક હલાલીનું ઉપજાવી, મીઠો ટુકડો ખાઉં.

[ડા. મેઘાણીકૃત 'દુઃખીની દુનીઆ'માંથી]

વિદ્યાર્થી બંધુઓ અને બહેનો, હું તમોને અત્રે ઉપદેશ આપવા આવ્યો નથી. હું પણ તમારામાંનો એક વિદ્યાર્થી છું. તમે જ્ઞાનના અભિલાષી છો. હું વ્યાપારી ક્ષેત્રનો વિદ્યાર્થી છું. જ્ઞાનમાં–વિદ્યામાં–અભ્યાસમાં કોઇ પરિપૂર્ણ થયું નથી. આપણે બધાજ એક યા બીજા ક્ષેત્રના વિદ્યાર્થી છીએ તેથી હું તમો લઘુ બંધુઓને એટલુંજ કહી શકું કે તમારા અભ્યાસમાં હમેશાં અસંતોષી રહેજો–તમારૂં ચારિત્ર્ય ઉચ્ચમાં ઉચ્ચ બનાવવાની કાળજી રાખજો. દાદાભાઇ અને ગોખલે જેવા મહાપુરૂષો થવાની મહત્વાકાંક્ષા સેવજો. ભવિષ્યમાં તમો મહાન નાગરિકો થવાના છો એ ખ્યાલ તમારી નજર આગળ રાખજો, તમારા માતા–પિતા પ્રત્યે વિનય અને વિવેકની મર્યાદા કદીપણ ચુકશો નહિ. તમારા શિક્ષકો પણ તમારા પિતા તુલ્ય છે. એમ માની તેઓની કદીપણ અવગણના કરશો નહિ. વિનય વિના વિદ્યા નથી એ સિદ્ધાંત તમારા કુમળા મગજમાં ઠસાવશો તો તમારૂં ભાવી ખરેખર ઉજ્જવળ છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સાર્વજનિક વાંચનાલય

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કચેરીમાં તા. ૧-૫-૪૦ ચૈત્ર વદ ૯ બુધવારથી સાર્વજનિક વાંચનાલય જાહેર જનતા માટે શરૂ કરવામાં આવશે. આ વાંચનાલયમાં નીચે મુજબના અંગ્રેજી, હીંદી તેમજ ગુજરાતી સામયિક પત્રો મુકવામાં આવશે.

દૈનિકઃ ફ્રી પ્રેસ; ટાઇમ્સ ઓફ ઇંડીઆ, મુંબઈ સમાચાર, જન્મભૂમી.

અઠવાડીકઃ મુંબઇ સમાચાર; પ્રવાસી; પ્રજાબંધુ; પુલછાબ; નવ સૌરાષ્ટ્ર; હરિજન બંધુ; હરિજન; જૈન; જૈન પ્રકાશ; જૈન સંદેશ.

પાક્ષિકઃ પ્રબુદ્ધ જૈન; જૈન યુગ; સમય ધર્મ.

માસિકઃ મોડર્ન રીવ્યુ; સર્વોદય; પ્રસ્થાન; કુમાર; નવચેતન; નવ-રચના; ઉર્મિ; કિશોર; સાહિત્ય અને શિક્ષણ; યુવક; જૈન ધર્મ પ્રકાશ; સુવાસ; આત્માનંદ પ્રકાશ; માધુરી; મોઢ જાગૃતિ; જૈન સત્ય પ્રકાશ; સત્ય સન્દેશ.

આ વાંચનાલય સવારે ૮ થી ૧૧ અને સાંજના ૫ થી ૮ સુધી ખુલ્લું રાખવામાં આવશે. રવિવારે તેમજ જાહેર તહેવારોના દિવસે વાંચનાલય માત્ર સવારના સમયે ખુલ્લું રહેશે. વાંચનાલયના નિયમોને આધીન રહીને સૌ કોઇ આ વાંચનાલયનો લાભ લઇ શકશે.

બંધુ,

અમીચંદ ખેમચંદ શાહ
મંત્રી
વાંચનાલય-પુસ્તકાલય.

સ્થળઃ સીલ્વર મેનસન, પહેલે માળે,
ધનજી સ્ટ્રીટ, પારસી ગલી,
મુંબઇ નં. ૩

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૨
અંક : ૨

મુંબઇ : ૬૫ મે ૧૯૪૦ બુધવાર

લવાજમ
રૂપિયા ૨

ડો. મોન્ટેસોરીની બાલમાનસ મિમાંસા

હમણાં હમણાં ડો. મોન્ટેસોરી ગુજરાતમાં આવી ગયા એટલે દેશમાં તેના વિષે ઠીક ચર્ચા થઇ રહી છે.

કોઇ કહે છે કે તેમની યોજેલી પદ્ધત્તિ ખર્ચાળ છે

કોઇ કહે છે કે એ પદ્ધત્તિ ખૂબ સ્વતંત્રતા આપે છે, અને તે આપણને પોષાય તેવી નથી.

વળી કોઇ કહે છે કે મોન્ટેસોરી પદ્ધત્તિ તદન નાનાં બાળકો માટે જ છે.

એટલે મોન્ટેસરી પદ્ધત્તિ શું છે તેનો બરાબર વિચાર કરવો જોઇએ, અને આપણા દેશને કેવી રીતે અનુકુળ થાય તેનો પણ આપણે વિચાર કરવો જોઇએ. તે ઉપરાંત નિષ્ણાત શિક્ષણશાસ્ત્રીઓએ તેની મીમાંસા કરીને દેશને અનુકુળ રીતે મૂકવી જોઇએ. એટલું તો ચોક્કસ છે કે ડો. મોન્ટેસરીએ જે વાતો, જે સિદ્ધાંતો જે સાધનો અને જે પધ્ધતિ બાળકો માટે મુકયાં છે તે કેવળ કલ્પિત તો નથી જ. કોઇ પણ બુધ્ધિશાળી માણસ વિચાર કરશે તો જણાશે કે તેણે એકેએક બાબત ઉપર ચોકકસ વિચાર અને અવલોકન કર્યા પછી જ તે જનતા પાસે ધરી છે.

આજે આપણને અઢી વર્ષનાં બાળકોને શાળામાં મુકવાનું વિચારતા તો સ્વ. ગિજુભાઇએ કર્યા જ છે. થોડે ઘણે અંશે બાળકોને અવલોકવાનું પણ તેમણે જ શીખવ્યું છે.

ડો. મોન્ટેસોરી તો જન્મથી જ બાળકને અવલોકવાનું આપણને શીખવે છે અને એ વસ્તુ ઉપર નવો જ પ્રકાશ નાંખે છે. પહેલાં આપણે શારીરિક સંભાળ લેવામાં પણ સમજતાં ન હતાં. અને તે સંબંધી કેટલીક ઉંધી માન્યતા ધરાવતા હતા પરન્તુ છેલ્લાં વીશેક વર્ષથી તેમાં ઘણો સુધારો થયો છે. અને ઘણાં ઘરોમાં તો તે સંબંધી ખૂબ કાળજી રખાય છે. પરન્તુ તે માત્ર શરીર પૂરતી જ. અને તેમાં કેટલીએક જગ્યાએ તેનો એટલો બધો અતિરેક થયો છે કે માનસિક વિકાસને દબાવી દઇને સ્થુળ શરીરની સંભાળ લેવાય છે. અને તેથી બાળકને અજાણપણે ખૂબ નુકશાન થાય છે. આ બાબત તરફ આપણું પુરતું લક્ષ્ય રહેતું નથી.

બાળકને જેમ શરીર છે તેમ તેનાં મન અને બુદ્ધિ પણ જન્મથી જ કામ કરી રહેલ છે એમ ડો. મોન્ટેસોરી કહે છે. અને તેને જો બરાબર કેળવીએ તો બાળકના વિકાસમાં ન ધારેલા પરિણામ આવે છે. એટલે બાળકોની કેળવણી જન્મથીજ શરૂ થવી જોઇએ તેમ તેઓ પ્રબોધે છે.

આ કેળવણી કોઇ શિક્ષક કે આયા ન આપી શકે, પરન્તુ ઘરમાં માતા જ આપી શકે અને તે માટે માતાની દૃષ્ટિ બદલાવી જોઇએ. ડો. મોન્ટેસોરી કહે છે કે બાળકને વધારેમાં વધારે માતા સાથેજ ઘર્ષણ થાય છે. અને તેનાથીજ જાણે અજાણે કેટલાય વિરોધો બંધાય છે.

આજનાં માનસ પ્રથ્થકકરણ શાસ્ત્રીઓ માને છે કે આજે જેટલાં વિકૃત બાળકો દેખાય છે (તોફાની, મંદ, અસ્થિર વગેરે) તેનાં બીજ નાનપણમાં જ પડેલાં હોય છે અને તેને તપાસવા માટે બાલ્યાવસ્થા તરફ આપણે જવું જોઇએ અને શોધી કાઢવું જોઇએ કે બાળકના મનમાં કયાં અને કેવી રીતે ! ગુંચ પડી છે! આ સંશોધનના પરિણામે કેટલાંએક બાળકો સુધરતા હશે પણ મોટપણે તેમની ટેવો સુધારવા માટે માનસ પ્રથ્થકકરણ શાસ્ત્રીઓને ખૂબ તકલીફ પડે છે અને સાચી હકીકત ભાગ્યે જ મળે છે. ડો. મોન્ટેસોરી તો એમ કહે છે કે જો બાળકની જન્મથી તે સાત વર્ષ સુધી બરાબર સંભાળી લેવાય તો આજે વિકૃત દેખાતાં બાળકો ઓછાં થઇ જશે. આને માટે તેણે વૈજ્ઞાનિક દૃષ્ટિ વાપરી બાળકનો સંવેદનકાળ (Sensitive Period) શોધી કાઢયો છે. જે સંવેદનકાળ પશુ, પક્ષી, અને વનસ્પતિમાં રહેલો છે અને તે કાળ વખતે જ તેનું વર્ધન (વિકાસ) આપોઆપ થાય છે.

મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચેનો મહત્વનો ભેદ એ છે કે મનુષ્ય પોતાનો સ્વયંવિકાસ બુધ્ધિથી સાધે છે ત્યારે પ્રાણીઓ કુદરતી બળોને સંપૂર્ણ રીતે આધીન હોય છે. અને એ સંબંધમાં 'સક્રિટ ઓફ ધી ચાઇલ્ડ હુડ'માં એક દાખલો આપ્યો છે. પતંગીયા ઝાડનાં થડ પાસે પાંદડાની પાછળનાં ભાગમાં ઇંડા મૂકે છે. તેમાંથી ઇયળ થતાં તેને કુણાં પાંદડાના ખોરાકની જરૂર રહે છે અને કુણા પાંદડા છોડની ડાળીની ટોચે જ હોય છે એટલે કુદરતે તેનામાં પ્રકાશનું આકર્ષણ મૂકયું છે. એ આકર્ષણના બળે ઇયળ ડાળીની ટોચે પહોંચી જાય છે અને કુણાં પાંદડા મેળવે છે. આને તેઓ સંવેદનકાળ કહે છે."

બાળકમાં પણ જ્યારે સંવેદનકાળ આવે છે ત્યારે આજુબાજુનાં વાતાવરણમાંથી પોતાને જોઇતો વિકાસ સાધે છે. અને તે વખતે મોટેરાંઓ તે વાત સમજી લઇ બાળકને વાતાવરણ અનુકુળ અને વ્યવસ્થિત બનાવી આપે તો બાળક પોતાની મેળેજ જોઇતો વિકાસ સાધી શકે છે.

આ બાબતમાં મોટેરાંઓ ખાસ કંઇ ન કરે તો પણ વાતાવરણમાં બાળક મુંઝાય નહિ તેટલું ધ્યાન રાખે તોય બસ છે. ડો. મોન્ટેસોરીએ બતાવ્યું છે કે છ માસ જેટલી નાની ઉંમરમાં બાળક વ્યવસ્થા પ્રિય (રહી ચુસ્ત) હોય છે. એટલે કે એક પરિસ્થિતિ બદલાતા તેના મન ઉપર ચોકકસ અસર થાય છે આ સંબધમાં તેમણે એક દાખલો આપ્યો છે.

"એક બાળકને લઇને તેના માતા પિતા મુસાફરીએ જાય છે. સાથે બધી જાતનાં સુખ સગવડનાં સાધનો છે, એક જગ્યાએ રાત રહે છે રાત્રે બાળક એકાએક રડવા લાગે છે, દાકતરી મદદ લેવામાં આવે છે, પરન્તુ બાળક રડતું બંધ થતું જ નથી. અને ઉલટું વધારે જોરથી રડવા લાગે છે. ડો. મોન્ટેસોરી સાથે હતાં તેમને ખબર મળવાથી તે બાળક પાસે જાય છે અને એક પ્રયોગ કરે છે એક આરામચેરમાં ગાલીચા, ચાદરો વગેરે નાખીને હુંફાળું ઘોડીયા જેવું બનાવે છે. બાળક જે પહોળી પથારીમાં સુતું હતું ત્યાં તે તૈયાર કરેલી ખુરશી લઇ જાય છે. બાળક એ જુએ છે કે તુરત જ ધીમેથી તે ખુરશીમાં સરી જાય છે. અને 'મા' 'હાલા' 'મા' 'હાલા' કરતું સુખપૂર્વક ઉંઘી જાય છે. આ પ્રયોગ ઉપરથી તેમણે જોયું કે બાળકને મોટી પહોળી પથારીમાં હુંફ વળતી ન હતી અને બીજું તેને ઘોડીયું જોઇતું હતું એટલે ઘોડીયા જેવી ખુરશી મળતાં પોતાની મૂળ સ્થિતિ પ્રાપ્ત થયાનું તેણે ભાન અનુભવ્યું અને તેથી તેના મનને આરામ અને સુખ થયું. વાત તો સાવ સાદી છે, પણ ઘણીવાર આપણે જોઇએ છીએ કે માબાપો બાળક સંબંધે વિચાર જ કરતા નથી અને કરે છે તો તેને વ્યવહારમાં મૂકવાની તૈયારી હોતી નથી. આપણે ઘણી વખત અનુભવીએ છીએ કે નાનાં બાળકોને સ્થાનફેર થાય છે કે કોઇ વરઘોડો કે ઘોંઘાટવાળી જગ્યાએ લઇ જઇએ છીએ-ત્યારે તે ખૂબ રડે છે. અને તેને આપણે એમજ કહીએ છીએ કે બાળક કજીએ ચડયું છે. બસ આથી વધારે આપણે આગળ વિચાર જ કરતા નથી.

સંવેદનકાળ દરમ્યાન જો બાળકને સંભાળી લેવાય તો તેની ઘણી શકિતઓને સારો વેગ મળી જાય.

આ સંવેદનકાળ બાળકમાં આવે છે અને ચાલ્યો પણ જાય છે. કોઇ બાળકને આ કાળ પળ બે પળનો તો કોઇને કલાકો અને દિવસોનો આવે છે. મોટેરાંનું કામ માત્ર આ કાળ ઓળખી લેવાનું છે. જો આટલી દૃષ્ટિ મોટેરાંને આવી જાય તો બાળકની કિંમતી શકિતઓનો વ્યય થયો બચી જાય.

આ સંવેદન કાળ તો ઘરમાં માતા જ ઓળખી શકે તેમ છે. બાળકનાં પહેલાં અઢી વર્ષ સુધીનો કાળ તો માતાએજ સંભાળવાનો છે અને તેમાં કોઇપણ સાધનોની જરૂર રહેતી નથી. બાળક પોતાની જાતે જ શિક્ષણ મેળવી લે છે. આપણે તેને શિક્ષણ આપવાની જરૂર રહેતી નથી. આપણું કામ તો એટલુંજ છે કે તેને અનુકુળ વાતાવરણ આપવું કે જ્યાં તે સ્વતંત્રતાથી જીવી શકે અને શરીર અને મનનો વિકાસ સાધી શકે.

બાળકને આવો સંવેદનકાળ હોય છે ત્યારે તેને બીજા કોઇ કાંઇ શીખવી શકતાં નથી. ઘણીવાર આપણે તેને ડોહ માનીએ છીએ. પણ વાસ્તવિક રીતે તેમ નથી હોતું. બાળક તો એ કાળ દરમ્યાન દિન પ્રતિદિન પોતાની જીવનસિદ્ધિ પ્રાપ્ત કરતું હોય છે. આ રહસ્ય સમજી તેના તરફ આદર બતાવવો જોઇએ.

બાળકનાં જીવનમાં જન્મથી માંડીને તે અમુક મોટી ઉમ્મરનું થાય ત્યાં સુધી વિવિધ જાતના વિકાસકાળો આવ્યાં જ કરે છે. આ બધા વિકાસકાળો દરમિયાન બાળક વાતાવરણમાંથી જેને તેટલું પકડી લે છે અને એ રીતે તેનું સંપૂર્ણ ઘડતર થઇ જાય ત્યાં સુધી તે નવું સર્જન કર્યે જ જાય છે. બાળકની આ સર્જનશકિતને લઇને તેને ડો. મોન્ટેસોરી મનુષ્યનો વિધાતા કહે છે.

બાળકના વિકાસસમયની ભિન્નતા જોઇ શકાય તેવી હોય છે. આ સમયની અસર બાળકનાં શરીર તથા મન પર થાય છે. તે વખતે તે પોતાની જ રીતે વાતાવરણના પ્રવાહમાં આસપાસની વસ્તુઓને ગ્રહે છે તેની અસર જીવન ઉપર થાય છે.

એક સમયનો વિકાસ થતાં થતાં સ્વાભાવિક જ બીજો સમય આવે છે અને બીજા સમયનો વિકાસ પૂરો થતાં ત્રીજો સમય શરૂ થાય છે. આમ સમયો બદલાયા જ કરે છે. જેમકે બે વર્ષનું નાનું મધુર બાળક હોય છે તે જ વખત જતાં મોટો છોકરો બની જાય છે. તે વખતે તેના શરીરમાં ફેર પડે છે એટલું જ નહિ પણ તેનાં માનસમાં પણ એટલો જ ફેર પડી ગયેલો હોય છે. તે વખતે પછી તેને નાનપણ જેવાં આકર્ષણ નથી હોતાં.

વાતાવરણમાંથી બાળકને વિકાસની ચાવીઓ મળી જ જાય છે. એટલે એ કુદરતી રીતે જ આગળ વધ્યે જાય છે. આપણે તેને વિકાસમાં મદદરૂપ થઇએ કે નડતરરૂપ થઇએ. તોપણ તે તો તેની મેળે પ્રગતિ કર્યાજ કરે છે. મોટાંઓની અટકાયતને લીધે ઘણી વખત નાનપણમાં બાળકમાં અમુક જે ખામીઓ રહી જાય છે તે પછી સુધરતી નથી પણ જો નાનપણમાંજ તે સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે તો સુધરી જાય છે. બાળકમાં આ ખામીઓ ન રહી જાય અને તે સંપૂર્ણ વિકાસ સાધી શકે. તે માટે ડો. મોન્ટેસોરીએ બાલમાનસનો અત્યંત ઝીણવટથી અભ્યાસ કરીને જે પદ્ધતિ જગતને ચરણે ધરી છે તે તેમનો મહાન ફાળો છે.

ડો. મોન્ટેસોરી બાળકને સ્વતંત્રતા આપવી એમ કહે છે પણ કયાં અને કેટલી સ્વતંત્રતા આપે છે તે આપણે વિચારવાનું રહે છે. આજે ગુજરાતમાં મોટા ભાગની એવી માન્યતા છે કે મોન્ટેસોરીશાળા એટલે બાળકને જે કરવું હોય તે કરવા દે તેવી શાળા, પરન્તુ મદ્રાસમાં થયેલાં ડો. મોન્ટેસોરીના વ્યાખ્યાનોમાં કયાંય બાળકને સ્વચ્છંદી સ્વાતંત્ર્ય આપવું જોઇએ તેવું સૂચન નથી. તેમણે તો બાળક પાસે પુષ્કળ કામ મૂકયું છે અને સાત વર્ષની નાની વયે (જેને આપણે નાની વય માનીએ છીએ અને એ ઉમ્મરે નિશાળે બેસારીએ છીએ) તો સાદાં અપૂર્ણાંકો, ભૂમિતિનાં પ્રાથમિક નિયમો, સાયન્સ, ભૂગોળ, નેચરસ્ટડી, ભાષા, વ્યાકરણ-ઘણું ઘણું શીખી જાય છે એમ બતાવ્યું છે. આ માટે તેમણે સાધનોની અદ્‌ભુત શોધ કરી છે. અને તે સાધનો બાળક પાસે ક્રમસર ધરવામાં આવે તો તે જરૂર આટલું બધું ઝડપથી અને સરળતાથી શીખી શકે.

સમાજમાં વર્તવાના પણ ઘણા નિયમો બાળકો આ ઉમ્મરે શીખે છે. જોકે આમાં તેમને યોગ્ય શિક્ષક, વાતાવરણ અને સાધનની જરૂર રહેજ છે. પણ તે વિષય શિક્ષણ માટે જ તેમનાં સિધ્ધાન્તોને અનુસરવામાં તો આપણા જે સાધનસામગ્રી હોય તેમાં કશોજ બાધ આવતો નથી.

આજે આપણી પ્રાથમિકશાળાઓ પણ જરા દૃષ્ટિ ફેરવે તો આ દિશાએ ઘણું કરી શકે તેમ છે. ડો. મોન્ટેસોરીનાં સાધનો આપણને મોંઘા પડે તેમ છે જ, પરન્તુ બની શકે તેટલાં સાધનો જો સ્થાનિક રીતે ઉપજાવી શકાય તો કામ ઘણું સરળ થાય અને બાળકોની શકિતઓ વ્યર્થ જતી બચી જાય.

એટલે બાળકનું માનસ જાણીને તેના જીવન અને વિકાસને અનુકુળ થાય તે જાતની ક્રિયાઓ તેને મળી આવે તેવું પોષક વાતાવરણ બાળકને ઘર, શાળા, સમાજ વગેરે સ્થળોએ મળવું જોઇએ અને એમ થાયતો બાળકનો સંપૂર્ણ વિકાસ થયા વિના રહે નહિ. બાળકના વિકાસમાંજ મનુષ્યનો વિકાસ છે-માનવતાનું ભાવી બાળજીવન ઉપર અવલંબી રહ્યું છે

નમ્રદાણહેન રાવળ.

આપણે સક્રિય બનીએ અને પક્ષાપક્ષી ભૂલીએ

કેળવણી પ્રચાર અને બેકારી નિવારણ

તા. ૨૭-૪-૪૦ના રોજ મુંબઇ ખાતે મળેલી શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સ્થાયી સમિતિની બેઠકના પ્રમુખ 'દયાલંકાર' શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરીએ પ્રમુખ સ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાંના કેટલાક ઉપયોગી વિભાગો નીચે આપવામાં આવે છે. **તંત્રી.**)

વર્તમાન પરિસ્થિતિ પર ધ્યાન આપતાં આપણે આપણું સંગઠન કરી શકીએ અને શક્તિનો વિચાર કરી શકીએ તો આ મહાસભાનું ગૌરવ વધારી શકીએ એમાં કંઇ શક નથી. આપણા સમાજમાં સમર્થ વ્યક્તિઓ છે, જોઇતું ધન છે, ભણેલા ગણેલાની સંખ્યા ઘણી વધી છે, લોકો વિચારતા થઇ ગયા છે સગવડનાં પુષ્કળ સાધનો મળી શકે છે,– આ સર્વનો ઉપયોગ સમાજના હિતમાં જરૂર થઇ શકે. જો પ્રધાન વ્યક્તિઓમાં આત્મવિશ્વાસ આવે અને આત્મભોગ આપવાની ધગશ જાગે તો ધાર્યું કામ પાર પાડી શકાય. એટલે આપણી આ મહાસભાને ઉંચા પદે લઇ જઇ શકાય અને તે દ્વારા સમાજ-હિતનાં સત્કાર્યો કરી શકાય.

× × ×

ઠરાવોનો અમલ જ્યાં સુધી ન થાય યા તે માટે સક્રિયતા અને ચૈતન બતાવવામાં ન આવે ત્યાં સુધી કાગળ ઉપર રહેલા એ ઠરાવોની કાંઇ કીંમત થતી નથી. આ માટે આપણી પ્રાંતિક સમિતિઓ સબળ અને સેવાભાવી કાર્યકર્તાઓના સંચાલન નીચે મુકવી જોઇએ. કાર્યકર્તા સ્વયંસેવકોનું દળ ઉભું કરવું જોઇએ. આપણા મુખપત્રદ્વારા આપણા કાર્યોની જાહેરાત વખતોવખત આપવી જોઇએ. તેનું તંત્ર કુશળ હસ્તમાં મૂકી તે દ્વારા મહાસભાના ધ્યેય અને ઠરાવો અનુસાર સમાજમાં સુવિચારો, ભાવનાઓ અને યોજનાઓનો પ્રચાર થવો જોઇએ કુસંપ અને કલેશને જરાપણ ઉત્તેજન ન મળે, અઘટિત આક્ષેપોને અવકાશ ન અપાય તે દ્રષ્ટિ લક્ષમાં રાખી સૌમ્યતા, અને સંયમવાળી ભાષા નો સર્વદા ઉપયોગ રાખવો જોઇએ, તીખાં તમતમતાં વાક્પ્રહારો કદી વિજય અપાવી શકતાં નથી એ ધ્યાનમાં રાખવું જોઇએ. અખંડ અને તેમ ન બને તો અમુક સમય માટે સેવા અર્થે ભોગ આપનારા કાર્યકર્તાઓની ઉણપ છે. તેવા કાર્યકરો વિશેષ પ્રાપ્ત થાય ત્યારે સમાજની ઉન્નતિ સત્વર અને સારી રીતે થશે. ત્યાં સુધી સંજોગાનુસાર જે કાર્યકર્તાઓ અને સાધનો મળે તેમનાથી આપણે આપણું કાર્ય ચાલુ રાખવું જોઇએ અને વધુ સાનુકુળ સંજોગો અને સેવાભાવી કાર્યકરો મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ.

× × ×

કેટલાક વિવાદગ્રસ્ત સવાલોને એક બાજુએ રાખી જેમાં સર્વ એકમત થાય એવા અને ખાસ ઉપયોગી જરૂરીઆતવાળા પ્રશ્નો ઉપર પુરતું ધ્યાન આપવું જોઇએ. દરેક કોમ માટે કેળવણી અને બેકારી નિવારણ એ બે પ્રશ્નો હાલ અગ્રસ્થાને ગણાય છે. કેળવણીના બે પ્રકાર પાડી શકાય. એક ધાર્મિક કેળવણી કે જે કે જેનાથી ધર્મનાં તત્વો અને નીતિ સહેલાઇથી સમજાવી શકાય અને જીવનમાં ઉતારી શકાય. આ માટે જૈન ધર્મની ક્રમિક વાંચનમાળા, જૈન તત્વજ્ઞાનને સળંગ સમજાવનારાં પુસ્તકો સારી અને સાદી ઢબે લખાએલાં હોવાં જોઇએ. બીજી વ્યવહારીક કેળવણી કે જે મન, તન અને આત્માની સર્વ શક્તિઓને સપ્રમાણ અને એકી સાથે વિકાસ કરનારી હોવી જોઇએ. હાલની વ્યવહારીક કેળવણીમાં કેટલીક ત્રુટીઓ છે તે દૂર કરવી જોઇએ. કેળવણી લેનારને પોતાનો જીવન નિર્વાહ સહેલાઇથી થઇ શકે એટલી આવડત અને સાધન સંપત્તિ હોવી જોઇએ. આ માટે ગૃહઉદ્યોગો અને હાથની મહેનતવાળા ઉદ્યોગોને પુરતું ઉત્તેજન મળવું જોઇએ.

× × ×

ભણેલા અને બીનભણેલા, સામાન્ય અને મધ્યમ વર્ગમાં બેકારી એટલી બધા પ્રમાણમાં વધી છે કે તેની પરિસ્થિતિ ઉંડા ઉતરી તપાસતાં આપણને અનહદ દુઃખ થયા વગર રહે નહિ. આપણા ભાઇ બહેનો ગરીબાઇમાં રીબાય છે, દુઃખી થાય છે, અને માંડમાંડ પોતાનું દુઃખી જીવન વ્યતીત કરે છે. મુંબઇ અને બીજાં શહેરોમાં માણસોને ભાડાંના મકાનમાં રહેવું પડે છે. તેમની કમાણીનો મુખ્ય ભાગ ભાડામાં જાય છે, એટલે પોતાના કુટુંબનો પુરતો નિર્વાહ થઇ શકતો નથી અને શરીર શક્તિ સારી રહી શકતી નથી. આના નિવારણ માટે સસ્તાં ભાડાની સગવડભરી ચાલીઓ અને સારી જૈન હોસ્પીટલની ખાસ જરૂરીઆત છે. 'પાટણ જૈન મંડળ'ની ચાલીઓ સર કીકાભાઇ પ્રેમચંદ તરફથી બંધાએલાં મકાનોએ જરૂરીઆત કેટલેક અંશે પુરી પાડવા માંડી છે પરંતુ તે જરૂરીઆતના પ્રમાણમાં બહુજ નાની છે. સમાજના શ્રીમંતો તેમજ દ્રવ્યવાન સંસ્થાઓએ આ પ્રશ્ન ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. સ્વર્ગસ્થ શેઠ દેવકરણ મુલજીએ પોતાના વીલમાં સસ્તાં ભાડાંની ચાલીઓ માટે રૂપીઆ ચાર લાખ તથા હોસ્પીટલ માટે રૂપીઆં બે લાખની સખાવત જાહેર કરેલી છે તે પ્રસંશનીય છે અને આપણે ઇચ્છીશું કે એના સંચાલકો જરૂર જલ્દીથી એ યોજનાઓ અમલમાં મૂકે.

× × ×

સંપ, એકતા, સંગઠન એ એકજ મુખ્ય વાતને પોષનારા શબ્દો છે. અંદર અંદર વિચારભેદને કારણે લડવાથી પક્ષો બંધાય છે અને તેથી એકતાને ધક્કો પહોંચે છે, સમાજ છિન્નભિન્ન થાય છે અને સંયુક્ત પ્રયાસ પર આધાર રાખતું મહાન કાર્ય થઇ શકતું નથી વિચારભેદથી હૃદયભેદ થાય એ સ્થિતિ દરેક વ્યક્તિએ દુર કરવાની છે, એકજ ઘરમાં જુદી જુદી વ્યક્તિઓ જુદા જુદા વિચાર ધરાવતી હોય, છતાં તે કુટુંબના સુલેહસંપને જરાયે વાંધો ન આવે એ સ્થિતિ લાવવાની જરૂર છે. ઘર કરતા સંસ્થા મોટી છે. તેમાં તો સર્વાનુમતિથી કાર્ય થાય તો તેના જેવું ઉત્તમ કાંઇપણ નથી, પણ જો વિચારભેદને કારણે તેમ ન બની શકે તો બહુમતિથીજ કાર્ય લઇ શકાય ને તેમાં અલ્પમતિ ધરાવનારાઓને રીસાવાનું સ્થાન હોઇ ન શકે. બહુમતિથી કાર્ય લેવામાં લાંબી ચર્ચામાં બહુ કાળક્ષેપ કરવો કે કદાગ્રહ રાખવો એ યોગ્ય નથી. બહુમતિથી વિરૂદ્ધ જઇને હૃદયભેદ કે પક્ષ પાડવાની નીતિ રાખવી એ ભયંકર છે, એમ થાય તો કોઇપણ સંસ્થા ટકી શકે નહિ, અને એકતાના અભાવે કાર્ય ચલાવી શકે નહિ.

× × ×

જાહેર કાર્યમાં સત્તા કે કીર્તિનો વધુ પડતો લોભ રાખવાથી સંસ્થાને હાનિ પહોંચે છે, અરસ પરસના સહકારથી, ચર્ચા અને નિમંત્રણાથી સર્વ કાર્ય શાંતિપૂર્વક દખલગીરી વગર ચાલે એમ દરેક કાર્યકર્તાએ જોવાનું છે. દરેક વ્યક્તિના શુભાશયથી જણાવેલા વિચારોને સાંભળવા અને લક્ષમાં લેવા ઘટે. દરેકને હૈડે

[અનુસંધાન પાનું ૧૬]

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

મે ૧૫ ૧૯૪૦

દેવદ્રવ્ય

માનવજીવનના અભ્યાસીઓ કહે છે કે માણસમાં ગમે તેટલી ત્રુટીઓ હોય છતાં પણ તેનામાં અમુક પ્રમાણમાં "ત્યાગ," "આપી છૂટવાની વૃત્તિ" અને "પોતાના આનંદમાં બીજાને ભાગી બનાવવાની ભાવના" જરૂર હોય છે. લોભીમાં લોભી માણસ પણ આ વાતથી દૂર નથી. માત્ર તેની ભાવનાનું ક્ષેત્ર અને વિસ્તારનોજ ભેદ હોય છે કોઇનું ક્ષેત્ર તેના તદ્દન નજદીકના માનવીઓ જેટલું જ, તો કોઇનું કોમ, ગામ કે માનવજાત જેટલું તો કોઇનું પ્રાણીમાત્ર જેટલું વિસ્તારવાળુ હોય છે, આ સુંદર વૃત્તિઓ જ તેને અનેક પ્રકારના કાર્યો કરવા પ્રેરે છે. પોતે કમાય અને બીજા ભોગવે, પોતે ખર્ચે અને બીજા તેમાંથી માણે એવી વૃત્તિ તો આપણે સમાજમાં સર્વત્ર નિરંતર દેખીએ છીએ.

અ ધર્મશાળા બાંધે, બીજા તેનો લાભ લે, તેમાં અ ને આનંદ થાય. બ દવાખાનું ઉઘાડે, અજાણ્યા અજાણ્યા તેનો લાભ લે, તેમાં બ ને આનંદ થાય ક ના દિકરો દિકરી પરણે, બીજાઓ લગ્નની મીજબાનીઓ માણે ખર્ચ ક ને થાય છતાં આનંદ માને ડ પાંજરાપોળ સ્થાપે, પશુઓ આશરો પામે, તેમાં ડ ને આનંદ થાય. આ આનંદ તેઓની "અંદરમાં" ગુપ્ત રહેલી આપી છૂટવાની વૃત્તિનું, ત્યાગનું, પરિણામ છે. જગત આ વૃત્તિથીજ આગળ વધ્યુ છે અને જીવવા જેવું રહ્યું છે. આ વૃત્તિ ન હોત તો માનવજાત કે વિશ્વ ક્યાં હોત, શું હોત, તે કહેવુંજ મુશ્કેલ થાત !

માણસની આ વૃત્તિનો લાભ લેનારો, દેનારો, નિકટવર્તી સમાજ તો માનવસમાજ છે એટલે માણસની પ્રથમ દ્રષ્ટિ ત્યાંજ પડે છે. ત્યાંથીજ દ્રષ્ટિની ક્ષિતિજ મર્યાદા લંબાતી જાય છે. શરૂઆતમાં એક માનવીને બીજાનો લાભ લેવાનો પ્રસંગજ ભાગ્યેજ આવતો કારણ કે માનવ જીવનમાં દ્રવ્યને બદલે કાર્ય-વિનિમયની પ્રથા હતી. વૈદ દવા આપે તો બેદુત તેના બદલામાં દાણા આપે વણકર વણી આપે તો, ગવલી દુધ આપે, ગુરૂ ભણાવે તો શિષ્ય સેવા આપે ઉપરાંત સૌ સુખી, સંતોષી, સાધનવાળા, અને ઓછી જરૂરિયાતવાળા હતા. વ્યવસ્થા સંપૂર્ણ "સ્વદેશી" એટલે ગામે ગામનું બધી બાબતમાં સંભાળી લે તેવી જાતની હતી. તેથી બીજાના "દાનનો" લાભ લેવાની જરૂર જ ભાગ્યેજ ઉપસ્થિત થતી.

જ્યારે "માનવીની આપી છૂટવાની વૃત્તિનો" વેગ ઝીલવા કોઇ માનવી તૈયાર કે જરૂરિયાતવાળો ન જોયો ત્યારે તેણે પોતાની દ્રષ્ટિ પશુ, પક્ષી વિગેરે મુંગા સમાજ તરફ વાળી. તેના માટે પાંજરાપોળ, ગૌચર, જંગલો, જળાશયો, વિગેરે બાંધ્યા. સાહિત્ય તરફ વાળી; નુતન સાહિત્ય સર્જાવ્યું. ધાર્મિક વૃતિપોષક મંદીરો. મઠો, પ્રાર્થનાગૃહો, પાઠશાળાઓ, વૈદ્યશાળાઓ તરફ દોડાવી. અંતરની ઇચ્છાને સંતોષી, હૃદયની આ ભાવનાના ફળો પૃથ્વીની શરૂઆતથી માંડીને આજ સુધી માનવી ખાતો આવ્યો છે. અને હજુ પણ ખાશે, આ વૃત્તિએજ વિશ્વની શીકલ બદલી નાંખી છે. આજ વૃત્તિએ જગતને સાધન, સામગ્રી અને સૌંદર્યથી ભર્યું છે. જેમ સમાજ વધુ વ્યવસ્થિત અને સમષ્ટિની દૃષ્ટિવાળો તેમ તેના કાર્યનું જીવન અને ક્ષેત્ર વધુ, ઉપયોગીતા અને પ્રજા ઉપર અસર વધુ.

વ્યક્તિગત વેરાતી મર્યાદિત ઉદારતા અલ્પ જીવી અને સાધારણ ઉપયોગ આપતી. વ્યક્તિગત મહાન આશયને વેગ ન મળતો, પ્રજા વિશાળ સાધનવાળી સંસ્થાઓ પામી ન શકતી અને પ્રજાની વ્યક્તિગત "આપી છૂટવાની વૃત્તિ"નું ક્ષેત્ર વિસ્તીર્ણ ન થતું. તેથી જ ડાહ્યા માણસોએ સામુદાયીકપણે "દાન" આપવાની નવી રીત શોધી કાઢી. જેમ સરકાર વ્યક્તિગત કરવેરાથી અનેક પ્રજાજન પાસેથી ભેગા થયેલા મોટા ભંડોળમાંથી પ્રજા ઉપયોગી ખાતાંઓ ઘણા વિશાળ પ્રમાણમાં "પંચની લકડી અને એકનો બોજ"ની માફક ચલાવી શકે છે તેવી જ પધ્ધતિપર પ્રજાકીય સામાજીક કાર્યો ધર્માદા નિમિત્તે વ્યક્તિગત વેરાતા દાનના પ્રવાહને એકત્રિત કરી વિશાળ પાયા પર ચલાવી શકાય છે. તેથી અનુભવી દીર્ઘદૃષ્ટિવાળા માનવીઓએ "કર" જેવી અળખામણી પ્રથાને બદલે "ધર્માદાનું" નામ આપી ભંડારોને મંદીરો કે તેવા જાહેર સ્થળોમાં મૂકી એકી સાથે ત્રણ કાર્ય કર્યા છે. એક તો અનેક વ્યક્તિઓ પાસેથી નાની નાની રકમમાંથી મોટું ભંડોળ જમા કર્યું. બીજુ મોટા ભંડોળમાં હિસ્સો આપવા છતાં પણ "માલેકી હક્ક"ની સ્વાર્થી અને ડખલગીરી કરનારી આડખીલી દૂર કરી અને ત્રીજું તવંગરી કે ગરીબીના કારણે ઓછું વધતું આપવાથી થતી અનિષ્ટ હરીફાઇ અટકાવી સૌને "યથાશક્તિ" આપવાનો આત્મસંતોષ જન્માવ્યો. ધાર્મિક સ્થળોમાં આ રીતે "શુભ કામ માટે" જોઇતા નાણાં મેળવવાની પ્રથા શરૂ થઇ.

સામાન્ય બાબતોમાં માણસને જમા થયેલાં નાણાં અને તેની વ્યવસ્થા માટે 'કાયદાનું રક્ષણ' હોય છે. અને આ કાયદાનો ડર દુરૂપયોગ કરનારને કે કરવાની વૃત્તિવાળાને જરૂર રહે છે પણ ધાર્મિક બાબતોને લગતા ફંડો માટે 'કાયદાના રક્ષણ'ને બદલે માણસ જેની મર્યાદા ઉલ્લંઘીનશકે તેવી મર્યાદા બાંધી આપી અને નૈતિક ડર સ્થાપી આપ્યો. 'પંચાઉ ધન કાચો પારો સમ-સમજવું–તેનો દુરૂપયોગ કરનારનું બુરું થાય" આવી સામાન્ય જન સમજણ તો છે જ, છતાં પણ તે સમસ્ત ભંડોળને જ ધાર્મિક નામ આપી દીધું કે જેથી ધર્મપ્રેમ, પાપ–ભીરૂતા અને માનેલી અનિષ્ટની ભીતીના કારણે તેનો દુરૂપયોગ કરતાં તે અચકાય.

જુદા જુદા સંપ્રદાયોએ આવા ભંડોળને જુદા જુદા નામો આપ્યાં, **વૈશ્નવોએ 'કૃષ્ણાર્પણ' શૈવ માર્ગીઓએ 'શિવ નિર્મિત્ત'**, મુસલમાનોએ **'વકફ'**, પારસીઓએ **'ધરમખા-તાનું ફંડ'**, ખ્રિસ્તિઓએ **'ચેરીટી'** અને જૈનોએ **'દ્રવ દ્રવ્ય'** ના નામે આવી રીતે એકઠા થયેલા દ્રવ્યને ઓળખાવ્યું. પ્રજા ધર્મ ઉપરનો શ્રદ્ધાને કારણે અને તેની પાછળ નૈતિક રીતે માનેલી અનેક અનિષ્ટની ભીતીએ અંગત ઉપયોગ કદી ન કરતી સમય પલટાયો આ નીતિની 'રક્ષક' મર્યાદા નાશ થવા લાગી, વ્યવસ્થાપકો અને વડાઓ દુરૂપયોગ કરવા લાગ્યા કોઇ કોઇ સ્થળે તો તેને અંગત મીલ્કત મનાવવા લાગ્યા, ત્યારથીજ "કાયદાનું રક્ષણ" શોધવાની અને સરકારની દરમીયાનગીરી મેળવવાની વૃતિ પ્રજામાં આવી પરિણામે આપણા ધર્મમંદીરો અને તેની નાણા પ્રકરણીય બાબતો પ્રજાની નીતિ ઉપર નહિ પણ કાયદાની કલમો ઉપર નિર્ભર બની રહી છે. ત્યારથીજ સાચુ કામ થવાને બદલે "અહેવાલમાં લખવા જેવું અહેવાલી

કામ" થાય છે. અને ત્યારથી સમયાનુસાર ઉભી થયેલી જરૂરિયાતને સંભાળવાને બદલે કે કોઇ શુભ આશય પાર પાડવાના કાર્યને બદલે ભાવીના સ્પષ્ટ ખ્યાલ વિનાના ભૂતકાળમાં કાયદાએ દોરેલી લીટી મુજબજ કામ થાય છે. ખૂદ દેવપૂજા અને અમુક ક્રિયાઓ આજે કાયદાની દોરવણી મુજબજ ચાલે છે, આ પ્રજા જીવનની નીતિમત્તાનું નર્યું દીવાળુંજ છે!

નાણાંની જાળવણી માટે આપેલ નામનો આજે તો બેહુદો અર્થ જ થઇ રહેલો છે, તેનો ઉપયોગ પણ તેવોજ વિચિત્ર થાય છે, ભંડોળ સંબંધમાં પ્રજાની નીતિની મર્યાદા જાગૃત રાખવા માટે યોજાયેલ નામનો ઉપયોગ આજે ભંડોળના ઉપર તેના ઉપયોગની મર્યાદા બતાવવા માટે થઇ રહેલો છે, તેમાંથી પ્રજા માટે નવીન સંસ્કાર, નવીન ઉન્નતિ માર્ગ કે વિકાસ માર્ગની શોધ થવાને બદલે પ્રજામાં વેવલાપણું, ધર્મઘેલછા, અને ભીરૂતા આવે તે રીતે થઇ રહેલો છે તે દ્રવ્યમાંથી નિર્દોષ ઉત્સવો ઉજવવાને બદલે લક્ષ્મીનો ચળકાટ બતાવતા અને ત્યાગી પ્રભુને કુબેરજી જેવા સમૃધ્ધિવાન કે રજવાડી રંગીલા આભુષણધારી બનાવી દેતા ઉત્સવો કરવામાં આવે છે

દેવદ્રવ્ય વધારવાની પરિગ્રહશીલ ભાવનાથી, ધાર્મિક ક્રિયાઓના લીલામો ઉછામણીઓ થતી હોવાથી ગરીબ માણસોથી તેવી ક્રિયાઓ અને ઉત્સવો કે જેને તેઓ હૃદયપૂર્વક અલૌકીક અને અપૂર્વ લાભ સમ માને છે. તેનો આનંદ લઇ શકાતો નથી. તેથી ધીમે ધીમે તેનું મન વિકૃત થાય છે અને ત્યાગના સમભાવના અખાડાસમ ધર્મસ્થાનકો, મંદિરો ઉપરથી મન ઉઠી લક્ષ્મી તરફ વળે છે. સાચી ધર્મપ્રીતિ ધીમે ધીમે આ રીતે જ નાશ પામે છે. અને ક્રિયાકાંડમાંજ પ્રજા ધર્મ માનતી થઇ જાય છે. આ વખતેજ ધર્મ "એક દર્શન" મટી "વાદનું" વાડાનું સ્વરૂપ લે છે. Real Philosophy assumes the shape of Dogma આજે પવિત્રમાં પવિત્ર મનાતા દિવસોમાં મહાન ત્યાગીઓની સંવત્સરી કે સ્મૃતિસમ દિવસોમાં ત્યાગની, સત્ય દર્શનની પ્રતિષ્ઠા કરવાને બદલે નરી લક્ષ્મીપૂજાજ થાય છે લક્ષ્મી દેવીનો કળશ ચડયા વિના "તપ" પણ લુખોજ લાગે છે એટલી હદે નૈતિક વિકૃતિ થઇ ગઇ છે. અતિ મહત્વના પણ ધાર્મિક ન લેખાતા કાર્યની સાધારણ વાતચીત કે ચર્ચા પણ જ્યાં ધર્મ વિરૂદ્ધ ગણાય ત્યાં ધર્મના બહાને, દેવદ્રવ્યના બહાને, કૃષ્ણાર્પણને બહાને કે શિવ નિર્માલ્યના નામે ખણખણતા સીક્કાની જ પૂજા થાય છે, જે જરા પણ ધર્મ વિરૂધ્ધ ગણાતી નથી. આને યુગપ્રભાવજ કહેવો રહ્યોને? ત્યાગ, મુર્ત્તિઓ, પંચ મહાવ્રતધારીઓ, ખાખીયો આવી જાતની પરિગ્રહ પૂજાનો વિરોધ નથી કરતા પણ પક્ષ કરે છે એટલી બધી યુગજડતાની આંધી તેઓની આંખ આડે પણ આવી છે, અને અંતરનો ત્યાગ સરી ગયો છે એમજ સમજવુંને?–પૈસા લીનાનો ધર્મ જગતે એકવાર ફરીને ગોતવો રહ્યોને?

કૃષ્ણાર્પણ થયેલું કૃષ્ણ નિમિત્તે, દેવદ્રવ્ય દેવ નિમિતે જ વપરાય આ એક યા બીજા કારણે પેસી ગયેલી એક જડ માન્યતા છે, કયા કાર્યને દેવનું કાર્ય કહેવું, કયા નિમિત્તને દેવનું કે કૃષ્ણનું નિમિત્ત કહેવું એ એક વિષમ કોયડાના ઉકેલને અભાવેજ કરોડોનું દ્રવ્ય વેડફાય છે, સરકારી લોનો કે ઓચરિયામાં સડે છે–તેમાંથી તોપો, તરવારો અને હત્યારા હથિયારો સર્જાય છે.

વૈશ્નવો કૃષ્ણનો હિંદોલ, ફુલદોલ, છપન્ન ભોગ અને અન્નકુટ કે તેવા કાર્યને, જૈનો નવા મંદિરો બાંધવામાં, પ્રતિમાઓ પધરાવવામાં, દેવને શણગારવામાં, જુના મંદિરોના જીર્ણોધ્ધારમાં આંગી કે વરઘોડો કે એવા ધાર્મિક જલસાઓને દેવ કાર્ય માને છે. શૈવમાર્ગીઓ ધીની દીપમાળ હલનાદીક ક્રિયાઓ અને જળજત્રાઓ ભરવામાં શિવનું (કલ્યાણનું) કાર્ય માને છે, પારસીઓ ચંદનચીરાગ (સુખડનો અગ્ની) સળગતો રાખવામાં જરથોસ્તનું કાર્ય માને છે, અને આ કાર્યોસિવાય કોઇ પણ બીજા કાર્યમાં ભેગા થયેલા દ્રવ્યનો ઉપયોગ નજર કરી શકાય એમ માને છે નવીન યુગ એમ માને છે કે માનવજાતને ઉંચે લાવવાના સઘળાં કાર્યો દેવના કાર્યોજ છે. જે વિશ્વ ઉપર દેવનું વર્ચસ્વ છે તે વિશ્વની સુંદરતા વધે તે બધા દેવના નિમિત્તોજ છે જે જૈનોના દેવ, વૈશ્નવોના કૃષ્ણ કે શિવ માર્ગીઓના શિવ પોતાની પ્રતિષ્ઠા, પૂજા આભુષણો કે આંગીઓ પ્રસાદો કે પ્રાસાદોનેજ પોતાનું કાર્ય માને છે. અને તે માટે જ દ્રવ્યનો ઉપયોગ ધરછે છે એમ કલ્પવું–એ તો દેવમાં આપણા જેટલી જ પામરતાનો આરોપ કરવા બરોબર છે, નહિ, નહિ, દેવ આવા ન હોય, દેવનું દેવાયતન તેના પંડ પૂરતુંજ ન હોય!

દેવદ્રવ્યની બાબતની ચાલુ વિચારસરણી સામે યુગના આંદોલનો ઝીલેલા વર્ગને વાંધો છે. આ વાંધો તેઓને નાસ્તિક ગણાવે છે.

માનવજાત–સમાજ જ્યારે સંઘર હતો, કુદરત અનુકુળ હતી, રાજ્ય વ્યવસ્થા પ્રજાના કલ્યાણની કામનાવાળી હતી, અને પ્રજાજીવન પાસે બહુજ ઓછી સમસ્યાઓ ઉકેલવાની હતી ત્યારે તો ભલે આ જાતનો ઉપયોગ આવકારદાયક ગણાયો હોય, પણ આજે જ્યારે મનુષ્યની આસપાસ બધા સંજોગો પ્રતિકુળ છે, પ્રતિક્ષણે જીવન કલહ વધારનારા નૂતન પ્રશ્નો ઉદ્ભવતા જાય છે, બીજી દુનિયાની સાથે દોડી શકવાની શકિત હોય તોજ જીવી કે ટકી શકાય, નહિતર પાછળ પડી જવાય તેવી સ્થિતિ છે, અને ચારે કોરની શોષણ નીતિથી સમાજ શકિતનું તળિયું દેખાઈ ગયું છે, આપણે નાદાર દશાની નજદીક પહોંચ્યા છીએ અને પ્રજાકીય, રાષ્ટ્રિય ગુલામી ફેડવા પ્રજાને તૈયાર કરવાની અતિ મહત્વની જરૂરિયાત આંખ સામેજ ઉભી છે તે વખતે દેવકાર્યની, દેવનિમિત્તની જરી–પૂરાણી માન્યતા, અને દેવદ્રવ્યના ઉપયોગની મર્યાદા બદલ્યેજ છુટકો છે.

ઘણે સ્થળે સાંપ્રદાયિક જરૂરિયાત કરતાં પણ વધારે મંદિરો બંધાયલાં અને બંધાતાં જોવામાં આવે છે. આમાં મોટે ભાગે તો શ્રીમાનોએ પોતાની નામના ખાતર જ અથવા 'આ અમારૂં મંદિર છે એમ કહેરાવવા ખાતર જ આવાં મંદિરો બંધાવેલા હોય છે આવી ભાવનાથી બંધાયલું મંદિર, મંદિરના મુળ ઉદ્દેશનેજ હણે છે. જે દેવમંદિર ખરે–ખરે પ્રેમ કે ભકિતનું સ્થાનક હોય તો હરકોઇ મંદિરને પોતાનું–નિજનું માનવું જોઇએ. આજે તો એક મંદિરમાં એકઠું થયેલું દેવદ્રવ્ય અન્ય મંદિરને ખાસ જરૂર હોય તોપણ વાપરવા દેવામાં આવતું નથી. પણ વ્યાજનું વ્યાજ ઉપજાવી નાણું એકઠું કરવામાં આવે છે. આ સંગ્રહ કયારે અને કેમ અટકશે તે તો પરમાત્મા જાણે?

જુના મંદિરો જાળવી જીર્ણોધ્ધાર કરી પ્રજા ઉપયોગી રાખવામાં તેનું સ્થાપત્ય જાળવવામાં, પૂર્વ પૂર્વજોની સ્મૃતિ–પૂજા છે પૂર્વજોના પ્રેમનું સંભારણું છે, જ્યાં પ્રાર્થના મંદિર ન હોય ત્યાં બાંધવામાં આવે એ પણ દેવદ્રવ્યનો ઉચિત ઉપયોગ છે. પણ જ્યાં ઘણા મંદિરો હોય ત્યાંજ પૃથ્વીને પાટલે નવા મંદિરો ગોઠવવાને બદલે આજે તો આપણી ઘસાતી જતી સ્થિતિ અને ભાવનાના યુગમાં માનવીના દીલમાં નુતન મંદીરો સ્થાપવાની ભાવના વધુ જરૂરની છે.

ધાર્મિક ઉત્સવો કે જલસાઓ જીવનને ચડેલો થાક ઉતારવા માટે ધર્મનો ઉદ્યોત માટે ભલે ગોઠવાય પણ તેના પાછળની

લક્ષ્મી પૂજ્ય અદ્રષ્ય થવી જરૂરની છે.

ધાર્મિક લીલાઓ, ઉછામણીઓ સદંતર બંધ કરી વ્યાપારી સોદાગીરી અટકાવવામાં નહિ આવે તો "વર્ગભેદના ઝેર" માણસને ક્યાં લઇ જશે. તે કહી શકાય નહિ. ધર્મ હૃદયનો મટી આત્માનો મટી આંગળીના વેઢાનો બની જશે ત્યારે જીવનમાં બાકી શું રહ્યું હશે?

જેટલું મહત્વ સામાજિક ઉત્સવો, તહેવારોનું પ્રજા જીવનમાં છે તેટલુંજ સ્થાન ધાર્મિક ઉત્સવોનું પણ સમજવું. વધુ નહિ. ફેર એટલો કે ધાર્મિક ઉત્સવોમાં જીવન શુચિતાનું સ્થાન પ્રાધાન્યપણે હોય, આજના તહેવારોમાં જલસાઓમાં આ નથી દેખાતુ એટલું કહેવું અતિશયોક્તિ ભર્યું તો નહિજ ગણાય, બાકી તો તહેવારો નથી તો સાધન કે નથી સાધ્ય, પણ વૃત્તિને પંપાળનારા આલ્હાદો છે જે માનવની એકાંત ટળે છે. માનવની એકાંત ટળે અને શુચિતા વચ્ચે તેટલા પૂરતોજ ઉપયોગ ઉત્સવનો છે.

દેવદ્રવ્યનો એક પણ કણ વ્યક્તિગત રીતે કોઇ પણ નજ વાપરી શકે પણ સામુદાયીક કાર્ય માટે તેનો ઉપયોગ અને ઉપભોગ ઇચ્છનીય અને આધુનિક કાળમાં અનિવાર્ય છે.

જેમ પ્રજાકીય નાણાનો ઉપયોગ તેની જરૂરિયાત મુજબ ગોઠવાય છે તેવીજ રીતે દેવદ્રવ્યનો ઉપયોગ કૃષ્ણાર્પણ થયેલા દ્રવ્યનો ઉપયોગ પણ ગોઠવાવો જોઇએ, એટલે જ્યાં જ્યાં સામાન્ય પ્રજાગણ કે રાજ્યસત્તા ન કરી શકે તેવા સૌ માનવવિકાસના કાર્યો દેવ દ્રવ્યમાંથી કરવાના રહ્યા છે. કેળવણી, પશુપાલન, માંદાની માવજત અને દીન દરિદ્રોને રાહત મળે તેવા સૌ ક્ષેત્રો આજે આંખ સામે પડ્યા છે.

શૈવમાર્ગીઓના સૌ સામુદાયીક ક્ષેત્રો શિવનિર્મિત્ત દ્રવ્યમાંથી થાય, વૈષ્ણવોના પ્રશ્નોનો ઉકેલ કૃષ્ણાર્પણ થયેલ દ્રવ્યમાંથી અને જૈનોની સંસ્થાઓ દેવદ્રવ્યનો ભંડોળ સંભાળી લે તો વિસરાઇ જતા મંદિરો, અને પ્રતિમાઓ આપોઆપ આત્મે-આત્મામાં ઉગતી દેખી શકાશે, અને લોકોને પુનઃ ધર્મ તરફ વાળી શકશે. કારણ કે માણસ હજુ માણસ રહ્યો છે અને ઉપકાર કરનારને તે શ્રદ્ધા, માન અને પ્રેમથી દેખે છે. બાકી તો એક બાજુ ભગવાનના મુગટો અને આભૂષણો અને બીજી બાજુએ પોતાનું નગ્ન શરીર, એક બાજુ પ્રભુના પ્રસાદો અને બીજી બાજુએ પોતાને સુકકા રોટલાની તાણાતાણ; એક બાજુ પરમાત્માના પ્રાસાદો અને બીજી બાજુએ પોતાને છાંયડા માટે ઝુંપડાની પણ અછત દેખી એક દિવસે માનવીને પશુ બન્યા સિવાય બીજો આરો નહિ રહે. ધર્મનો આમાં કેટલો હાથ હશે?

વ્રજલાલ ધ. મેઘાણી.

વકીલ વેલચંદભાઇ ઉમેદચંદ અમદાવાદ ખાતે ગુજરી ગયા છે. તેઓશ્રી પાલનપુરના રહેવાસી હતા અને અમદાવાદમાં વકીલાત કરતા હતા અને વકીલ મંડળમાં અને જૈન સમાજમાં ખૂબ માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યા હતા તેઓશ્રી સુધારક વિચારના હોઇ વિધવા વિવાહને ખૂબ ઉત્તેજન આપતા, ઉપરાંત વ્યાયામના તેઓ ખાસ પ્રશંસક હતા જૈન સમાજનું શારીરિક બળ વધે. એને માટે પ્રયત્ન કરતા હતા. ઉપરાંત બાળ દિક્ષાના પ્રખર વિરોધી હોઇ, એવા દરેક કેસમાં ખૂબ સહકાર આપવા ઉપરાંત, કોર્ટમાં ફ્રી કામ કરતા હતા. આવા સુધારક અને સેવાભાવીની ખોટ જલદી પુરી પડે, એમ ઇચ્છી મર્હૂમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

પ્રબુધ્ધ જૈન વિષે મહાજનો શું કહે છે?

શ્રી. રવિશંકર મહાશંકર રાવળ

'પ્રબુદ્ધ જૈન'માં લેખ સામગ્રી એવી વ્યાપક અને ઉચ્ચ પ્રકારની આવે છે કે એને માત્ર જૈન કોમનું પત્ર કહેવા કરતાં સમગ્ર જનતાનું પત્ર ગણવું જોઇએ આ પત્ર મારફત જૈન કોમના ઉચ્ચ આદર્શો બહુ સુન્દર રીતે રજુ કરવામાં આવ્યા છે.

શ્રી. મોહનલાલ રૂપાણી

'પ્રબુદ્ધ જૈન' એક વર્ષથી હું બરાબર નિયમિત રીતે વાંચું છું. જ્ઞાતિઓ કે પંથોએ રાષ્ટ્રનાં અનેક અંગો તરીકે હોય તો કાંઇ વિઘ્નરૂપ ન થાય. 'પ્રબુદ્ધ જૈન' શુદ્ધ રાષ્ટ્રીય દૃષ્ટિએ ચાલે છે. અને સાથે સાથે પોતાના વિશિષ્ટ ક્ષેત્રને માટે પણ ઉપયોગી છે એ એક વર્ષમાં સ્પષ્ટ થઇ ચુકયું છે. આપનો અને આપના સહકાર્યકરોનો પરિશ્રમ સફળ થયો છે એમ મારૂ માનવું છે.

ડા. અમીચંદ છગનલાલ શાહ

'પ્રબુદ્ધ જૈન'માં હાલ જે લેખો આવે છે તે ઘણા વિચાર પૂર્ણ અને માર્ગદર્શક છે. સમાજના આગળ વિચાર ધરાવનાર માનસને તેમાંથી ઘણું જાણવાનું અને વિચારવાનું મળી રહે છે. કોઇ પ્રકારના પ્રહાર કર્યા વગર સમાજમાં ઉત્તમ અને વિચાર પૂર્ણ આંદોલનો ફેલાવવાની ગ્રહણ કરેલી નીતિ એ પત્ર ચાલુ રાખશે એવી આશા રાખું છું. પત્રકારની ખરી ફરજ પોતાના બધ્ધ વિચારોની એકલી પુષ્ટિ કરવી એ નથી, પણ બન્ને બાજુના વિચારો શુધ્ધ વૃત્તિથી રજુ કરવા અને સમાજના વિચારક વર્ગને તેમાંથી પોતાનો મત બાંધવાની તક આપવી– એજ સમાજ સેવા કરવાની અને સમાજને ઉત્કર્ષના માર્ગે લઇ જવાની સાચી પત્ર નીતિ છે. અને સમાજની જ્ઞાન સમૃધ્ધિ પણ તેથી જ વધતી રહે છે.

(૧૩ પાનાનું ચાલુ)

કોન્ફરન્સનું હિત છે એ વિના સંકોચે સ્વીકારવું ઘટે. પોતાની મનમાનતી એક વાત થાય યા ન થાય તો પણ સંસ્થાના કાર્યમાં તેનો મમત ન હોવો જોઇએ. શ્રીમંત કે સામાન્ય, ભણેલા કે ગીન ભણેલા, વૃદ્ધ કે યુવક, સર્વને શાસન પ્રત્યે પ્રેમ છે, સમાજના હિત પ્રત્યે સંપુર્ણ આદર છે. મતભેદ ભલે હોય પરંતુ વખત આવે એ મતભેદને ડુબાડી દેવા જોઇએ અને તેમ કરવામાં જ ખરી માનવતા સમાયેલી છે. દુનિયાના જુદા જુદા દેશોના ઇતિહાસોનું નિરીક્ષણ એમ સ્પષ્ટ દેખાડે છે કે દેશમાં ગમે તેટલા પક્ષો હોય, વિચારભેદો હોય છતાં જ્યારે દેશને માટે આપત્તિનો સમય આવે ત્યારે તે ભૂલી જઇ પક્ષનું નહિ પણ દેશનું હિત શામાં સમાયેલું છે તે વિચારી દેશના રક્ષણ માટે એકત્ર થઇ આપત્તિનો સામનો કરી વિજય મેળવવા સર્વે પક્ષો કટિબદ્ધ થાય છે એ મુજબ જ આપણે પણ આપણા સમાજને માટે કટિબદ્ધ થવું જોઇએ અને એમાં જ ખરૂં જૈનત્વ સમાયેલું છે.

× × ×

છેવટમાં હું ઇચ્છીશ કે આ મહાસભાનું નાવ સહિસલામત કિનારે લઇ જવા આપ સર્વે કુશળ નાવિકો તરીકે તૈયાર થશો. તેની સામે આવતાં અનેક તોફાનોનો સામનો કરી હિંમત અને કાર્યદક્ષતાથી સર્વે બનતા પ્રયત્નો કરવામાં અને ભોગ આપવામાં પાછી પાની નહિ કરશો અને આપણી મહાસભાને વિજયવંતિ કલ્યાણકારી અને ગૌરવવંતી ચાલુ રાખશો અધિષ્ઠાયક દેવો સૌને સન્મતિ આપે, શાસનને જયવંતુ રાખે અને સમગ્ર ભારતવર્ષના શ્રેયમાં જૈન સમાજ પણ સારો ફાળો આપે એવી મારી છેવટની પ્રાર્થના છે.

ૐ શાન્તિ.

સંહતિવાદ વિરૂધ્ધ સામ્રાજ્યવાદ

સંહતિવાદના તત્વજ્ઞાનનો આશ્રય લઇને પોતાની રાષ્ટ્રીય ઉન્નતિ સાધવામાં માનનારા દેશોમાં જર્મની અને ઇટાલી એ બે રાષ્ટ્રો મુખ્યત્વે છે તેથી એ બેના કહેવાતા જોડાણને માટે બ્રિટિશ વર્તમાનપત્રોએ Rome-Berlin Axies એ સંજ્ઞા આપી છે. આપણાં ગુજરાતી છાપાંઓ પણ એ અંગ્રેજી સંજ્ઞાનોજ ઉપયોગ કરે છે અને ઘણીવાર આપણા વાંચવામાં "રોમ-બર્લીન ધરી" એવા શબ્દો આવે છે અંગ્રેજી જાણનારા ગુજરાતી વાંચક વર્ગ માટે તો એ સંજ્ઞાનો અર્થ સમજવો મુશ્કેલ નથી પણ અંગ્રેજી ભાષા ન જાણતો હોય એવો ગુજરાતી વાંચક વર્ગ ઘણો મોટો છે અને એ વિશાળ જનતાને **રોમ-બર્લીન ધરી** એ શું વસ્તુ છે તેનો ઝાઝો ખ્યાલ નથી એટલે એ સંજ્ઞાની પાછળ રહેલ થોડો ઇતિહાસ તપાસીએ. ૧૯૧૪ માં જ્યારે જર્મનીમાં માજી કૈસરનું શાસન હતું ત્યારે જર્મનીએ પોતાના મદદગારો તરીકે ભૂતપૂર્વ હેપ્સબર્ગ શહેનશાહત (જેમાં આજના ઓસ્ટ્રીઆ અને હંગેરીનો સમાવેશ થતો હતો) અને ઇટાલી સાથે કોલકરારો કરેલા પણ ઇટાલીએ ગત મહાયુદ્ધ વેળાએ જર્મનીને મદદ તો ન કરી એટલુંજ નહિ પણ આજની પેઠે તટસ્થ રહેવાને બદલે ઉલટું ઇટાલી જર્મનીની વિરૂધ્ધ લડાઇમાં ઉતર્યું હતું. જ્યારે હર હીટલર જર્મનીનો 'ફુરર' અર્થાત રાષ્ટ્રપતિ થયો ત્યારે તેણે સીનોર મુસોલીનીની અંગત મુલાકાત લઇને એક વાતની ચોખવટ કરી કે જર્મની જ્યારે લડાઇમાં ઉતરે ત્યારે ઇટાલીથી જર્મનીને સહાય ન થઇ શકે તો તેની કાંઇ ચિંતા નથી પણ જર્મનીના દુશ્મનો સાથે ઇટાલીએ જોડાવું નહિ કેમકે ઇટાલી અને જર્મનીના રાષ્ટ્રવાદો વચ્ચે સિદ્ધાંતોની એકતા છે. એટલે કે ઇટાલી અને જર્મની Foster Brothers ઉર્ફે મઝહબી બિરાદરો છે. ટુંકમાં જર્મની અને ઇટાલી એક રીતે તત્વજ્ઞાનની દૃષ્ટિએ **ધર્મભ્રાતાઓ** છે. જેવી રીતે જ્ઞાતિએ જુદા છતાં ધર્મે એક કુટુંબો વચ્ચે મિત્રાચારી હોય છે તેવી રીતે રોમ-બર્લીન ધરી એ પણ એક જાતની આંતરરાષ્ટ્રીય નહિં પણ આધ્યાત્મિક મૈત્રી છે.

આ મૈત્રી ઉર્ફે રોમ-બર્લીન ધરી ઉપર એવો આક્ષેપ મૂકવામાં આવ્યો છે કે ઇટાલી અને જર્મની બેઉ મોટી સલ્તનો ઉભી કરવા માગે છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો જર્મની અને ઇટાલી ઉપર એવાં તહોમતો છે કે નાઝી જર્મની અને ફેસીસ્ટ ઇટાલી સામ્રાજ્યવાદી છે. આ આક્ષેપોનું વિવરણ કરીએ તો તેનો અર્થ એટલોજ થાય કે સંહતિવાદ એ સામ્રાજ્યવાદનું એક નવું સ્વરૂપ છે. બીજી તરફથી હર હીટલર અને સીનોર મુસોલીની તો પોતાના વાદોને સમાજવાદ તરીકે ઓળખાવે છે. સંહતિવાદના રિપુઓ એને સામ્રાજ્યવાદ તરીકે વગોવવાની મહેનત કરે છે ત્યારે આ લડાઇ દરમ્યાન એટલું તો જોઈ શકાયું છે કે જર્મની અને ઇટાલી કઇક પ્રમાણમાં પણ સામ્યવાદી રશીઆ સાથે સમજુતી ઉપર આવી શકયા છે ત્યારે સામ્રાજ્યવાદી બ્રિટન કે ફ્રાંસ સાથે કોઇ જાતનું સમાધાન કરવા અશકત નિવડયાં છે. એ ઉપરથી આટલું અનુમાન થઇ શકે ખરૂં. **સંહતિવાદ અને સામ્યવાદ વચ્ચે જેટલું અંતર છે તેના કરતાં સંહતિવાદ અને સામ્રાજ્યવાદ વચ્ચે વિશેષ વિશાળ અખાત કે ઉપસાગર પડયો છે. હિંદનો સામાન્ય જનસમુહ બ્રિટનનો** એક સામ્રાજ્યવાદી દેશ તરીકે સ્વીકાર કરે છે પણ ઘણાને એવી શંકા ઉપસ્થિત થાય છે કે ફ્રાંસ પણ શું બ્રિટન જેવો જ સામ્રાજ્યવાદી દેશ છે? બ્રિટનનું સામ્રાજ્ય દુનિયાના કયા કયા મુલકો ઉપર વિસ્તરેલું છે તે થોડું વાંચી જાણનાર પણ દુનિયાના નકશા ઉપર જોઇ શકે છે. હિંદ ઉપરાંત અમેરિકામાં કેનેડા, આફ્રીકામાં દક્ષિણ અને પૂર્વ આફ્રિકા અને પાસીફીક મહાસાગરમાં આખો ઓસ્ટ્રેલીઆ ખંડ ઇત્યાદિ દેશોને જગતના નકશા ઉપર બ્રિટિશ સામ્રાજ્ય તરીકે સૌ કોઇ સહેલાઇથી પિછાને છે પણ ફ્રાંસનું સામ્રાજ્ય એટલી જ સહેલાઇથી લોકોને દુનિયાના ગોળા ઉપર દેખાતું નથી. ફ્રાંસનું સામ્રાજ્ય મોટે ભાગે આફ્રિકામાં આવેલું છે અને એક રીતે તો બ્રિટિશ શહેનશાહત કરતાંય ફ્રેંચ પ્રજાસત્તાકની સલ્તનત વધારે મજબૂત છે. ફ્રાંસના સામ્રાજ્યમાં જે લોકોનો સમાવેશ થાય છે તે મુખ્યત્વે અશ્વેત લોકો છે. ફ્રાંસે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ પેઠે રંગદ્વેષનું સેવન કર્યું નથી. ફ્રેંચ રાજનીતિજ્ઞોએ તો મોરોક્કો, ટ્યુનીસીઆ અને અલ્જીરીઆ જેવા ઉત્તર આફ્રિકાના લોકોને લડાઇની તાલીમ આપીને પોતાના જેવા જ ક્ષત્રીઓ બનાવ્યા છે. જ્યારે બ્રિટિશ વાણીઆઓએ તો આખા હિંદને એક મોટી સરખી પાંજરાપોળ જ રાખેલ છે. ફ્રાંસ અને બ્રિટન એ બે રાષ્ટ્રો જગતના સૌથી મોટાં સામ્રાજ્યો ધરાવે છે. એ જ લોકો જર્મની અને ઇટાલી જેવા બે-મુલક રાષ્ટ્રો, ઉપર જ્યારે સામ્રાજ્યવાદી હોવાના આરોપો મુકે છે ત્યારે જરા નવાઇ લાગે એવું છે. હર હીટલર અને સીનોર મુસોલીનીના નેતૃત્વ હેઠળ જર્મની અને ઇટાલી ધીમેધીમે બળવાન થવા લાગ્યાં ત્યારે ફ્રાંસને જર્મનીના પાડોશી તરીકે અને ઇંગ્લાંડને ભૂમધ્ય સમુદ્રમાં ઇટાલીની વધતી જતી સત્તાને લીધે અનુક્રમે પોતાની ખુશ્કી અને દરીઆઇ તાકાત સામે હરીફો ઉભા થતા લાગ્યા. જ્યારે કોઇ તપસ્વી તપસ્યા આદરે ત્યારે ઇંદ્રનું ઇંદ્રાસન ડોલવા લાગે એવી વાતો આપણા પુરાણોમાં આવે છે. એ રીતે હર હીટલર અને સીનોર મુસોલીની જેવા સરમુખત્યારોની ફિલ્સુફી વડે કરીને સંહતિવાદના આંદોલનો યુરોપખંડ ઉપર ફેલાવા લાગ્યા ત્યારે દેવોને દાનવોનો દ્વેષ થાય એમ પારીસ અને લંડનના "દેવતાઓ" રોમ અને બર્લીનના "રાક્ષસો"થી ચોંકવા લાગ્યા. જોતજોતામાં ઇટાલીનો રાજા ઇશીઓપીઆનો શહેનશાહ બની બેઠો અને જર્મનીનો ચેન્સેલર ઓસ્ટ્રીઆનો પણ ફુરર થઇ ગયો. યુરોપખંડ ઉપરની પોતાની સર્વોપરિતા જાણે કે ભૂતકાળની વસ્તુ બની જશે એમ ફ્રાંસને લાગ્યું અને મહાસાગરો ઉપરનું પોતાનું વર્ચસ્વ અસ્ત થશે એમ ઇંગ્લાંડને લાગ્યું. એ બેઉ સામ્રાજ્યવાદી રાષ્ટ્રોને સંહતિવાદમાં પોતાના સામ્રાજ્યોનો ક્ષય દેખાવા લાગ્યો પણ એટલું તો જરૂર કહી શકાય કે સંહતિવાદની શોધ એ વસ્તુતઃ તો સમાજવાદની દિશામાં એક કદમ છે. સંહતિવાદ એ સામ્રાજ્યવાદ નથી પણ એ એક પ્રકારનું રાજદ્વારી તત્વજ્ઞાન છે. સામ્રાજ્યવાદ અને સંહતિવાદની અથડામણમાંથી સંહતિવાદ વિજયી નિવડશે એવી ગણત્રી અસ્થાને છે પણ એટલું તો જરૂર કલ્પી શકાય છે કે સંહતિવાદનો પરાજય થશે ત્યારે સામ્રાજ્યવાદ પણ સારી રીતે ખોખરો થયો હશે અને એ રીતે વર્તમાન યુધ્ધ એ 'દેવો'નો દ્વેષ અને 'દાનવો'ની દુર્બુધ્ધિ અલ્પ અંશે ઘટાડવામાં જો સફળ થાય તો જગતમાં **માનવતા**નું પ્રમાણ તેટલા પ્રમાણમાં વૃદ્ધિ પામશે. **મોહનલાલ રૂપાણી.**

સાર્વજનિક વાંચનાલય

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧-૫-૪૦ ના દિવસથી ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ **સીલ્વર જ્યુબીલી મેનશનમાં** ફ્રી વાંચનાલય શરૂ કરવામાં આવ્યું છે. તેમાં દૈનીક પત્રો, અઠવાડીક, પાક્ષીક અને માસીક પેપરો મંગાવવામાં આવે છે. ટાઇમ સવારના ૮ થી ૧૧ સાંજના ૫ થી ૮ નો રાખવામાં આવ્યો છે. દરેક બંધુઓને તેનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

જૈન ધર્મ અને અહિંસા

(તા. ૮-૪-૪૦ ના રોજ હીરાબાગ હોલમાં મળેલી સભામાં પ્રમુખસ્થાનેથી માન્યવર કાકા સાહેબ કાલેલકરે આપેલ વ્યાખ્યાનનો સારભાગ)

ઘણીવાર અધ્યક્ષસ્થાન એ માત્ર શોભા અને માનનું સ્થાન હોય છે. અને તેથી એ સ્થાન લેતાં કોઇને ક્ષોભ થતો નથી. પણ આજે આ સ્થાને આવતાં મને કાંઇક ક્ષોભ થયો છે. આજની સભાનું પ્રમુખસ્થાન મને આપીને શ્રી પરમાનંદ ભાઇએ મને કફોડી હાલતમાં મૂક્યો હોય એમ મને જણાય છે. કારણ કે હું જાતે બ્રાહ્મણ છું. જૈન ધર્મ વિષે મેં કાંઇ બહુ જાણ્યું નથી. ઘણા માને છે કે મેં ઘણું વાંચ્યું છે. આ પણ બરાબર નથી મેં તો ઘણા અનુભવીઓ પાસેથી મેળવ્યું છે. એ ખરૂં છું આજે હું આ સ્થાને આવ્યો હોઉં તો તે એકજ કારણે કે જીવનભર જેમણે જ્ઞાન સેવન કર્યું છે અને જીવનમાં ઉતાર્યું છે તેવા પુરૂષના અનુભવ વચનો સાંભળવા મળે પછી તે સામાન્ય શ્રોતા તરીકે હોય કે પ્રમુખ તરીકે.

× × ×

ધર્મની વ્યાખ્યા ઘણી થઇ છે. મને લાગે છે કે જે સાધના બતાવે તે ધર્મ જૈનધર્મમાં જેવી સાધના બતાવી છે જેવી સુવ્યવસ્થિત વિચારણા છે તેવી બીજે ક્યાંય મારા જોવામાં આવેલ નથી. આત્મોદ્ધાર માટેની જે વિગતો છે તે મારફત જ માણસ પોતાને મદદ કરી શકે છે. આ સાધના બે દ્રષ્ટિથી થાય છે. પોતા પુરતો વિચારી કરી આત્મશુદ્ધિથી આત્મવિજય કરવો અને અંતે મુકત થવું આ પહેલી સાધના બીજી દિશા એ છે કે તેમાં કેવળ વ્યકિતનો વિચાર ન કરતાં આખા સમાજનો વિચાર કરવો. બધા મળીને સમાજ થાય છે અને તેજ મુખ્ય ગણાય છે. આપણે એક એક ગાત્રનો વિચાર નથી કરતાં પણ સમગ્ર શરીરને વિચારીએ છીએ એ જ રીતે સંગઠનપુર્વકની મનુષ્યનીતિ અહિંસાની સાધના કેમ કરી શકે એ વિચારણીય છે.

મારી માન્યતા મુજબ અત્યાર સુધી મનુષ્ય જાતની બાલ્યાવસ્થા હતી આજ સુધી વ્યકિત પુરતો માર્ગ વિચારવા-બતાવવાથી આપણું નભતું. પણ હવેનું કામ વિકટ છે હવે તો સામાજીક સાધના બતાવવાના દિવસો આવ્યા છે. હવેની સાધના માત્ર આત્મશુદ્ધિની નહીં પણ સમાજ જીવનની શુદ્ધિની છે.

દરેક બાળકને કયારેક એમ થાય છે કે-કાલે જે સમજાતું નહોતું, તે આજે સમજાય છે. મનુષ્યને પણ ઘણીવાર એમ જણાય છે કે અમુક મહાપુરૂષ આ જગતમાં આવ્યા પછી આટલું સમજાયું દરેક ધર્મમાં સાધના બતાવનાર પુરૂષો આવે છે. મુસ્લીમો માને છે કે પ્રફામ મહમદે કહ્યું તે અંતિમ વચન છે. સનાતનીઓ પણ ઇશ્વરના અમુક અવતાર માને છે અને જૈનો પણ ચોવીશ-તીર્થંકરોને માને છે. જૈનો માને છે કે છેલ્લા તીર્થંકર મહાવીર થઇ ગયા હવે કોઇ થનાર નથી આ દલીલ મારે ગળે ઉતરતી નથી. કોઇ એક વ્યકિત-ગમે તેટલી મહાન હોય છતાં તેના જવા સાથે ધર્મશાસ્ત્ર પૂર્ણ થઇ જતું નથી. તો તો પછી માણસ જાત પુરી થઈ ગણાય. વિશ્વ રચના ચલાવનાર અગમ્ય શકિત કાંતો-તૃપ્ત થઇ હોય અથવા તો નિરાશ થઇ હોય એમ જ આ ઉપરથી માની શકાય પણ ખરેખર તેમ નથી. વારંવાર સાધનાનું સંસ્કરણ થવું જ જોઇએ તે કરનાર પણ થવા જ જોઇએ જે કાળે ચાર વ્રતની જરૂર હતી તે કાળે તેમ ચાલ્યું પણ જ્યારે તેમાં ફેરફાર કરી પાંચ કરવા જરૂર પડી ત્યારે તે કરનાર નીકળ્યા અને પાંચ વ્રત થયા. આજ પ્રમાણે વખતોવખત માર્ગ બતાવનાર નીકળે જ છે.

અહિંસા એ સનાતન છે. અમુક પહેલાં તે ન હતી એમ ન કહેવાય. વખતો વખત તેનો પ્રચાર કરનાર મળે છે. અહિંસા સાચી સાધના બ્રહ્મચર્યથી છે એમ મને સદા જણાયું છે. જે વિલાસ કરે છે અને તેમ કરી મરવા માટે બાળકો પેદા કરે છે તે અહિંસક નથી. જો વિલાસ ઘટે તોજ જીવનમાં યથાર્થ અહિંસા ઉતારી શકાય અને સમાજમાં ફેલાવી શકાય.

પુન્ય દુઃખકર છે પણ તેનું ફળ સુખકર છે જ્યારે પાપ દેખીતી રીતે સુખકર છે પણ તેનું ફળ દુઃખકર છે. તેથી વિલાસ સુખકર લાગે તે સ્વભાવિક છે. તે છોડાય તેટલે અંશે અહિંસા ધર્મની સાનિધ્યમાં પહોંચાય વિલાસ દુર કરવા ઇન્દ્રિય વૃત્તિઓને જીતવી પડે છે અને તેનું નામ તપ છે. તેજ અહિંસા છે. આ સાધના વ્યકિતગત અને સામુદાયિક એમ બન્ને રીતે થાય છે એ બતાવનાર તીર્થંકરો અવાર નવાર આવવાજ જોઇએ. અને સનાતન અહિંસા ધર્મ આગળ વધવો જોઇએ.

મનુષ્ય જાતનો મોટો ગુન્હો સજા કરવી તે છે. અન્યને તમે સજા કરનાર કોણ? ગુન્હા બદલ તેણે પ્રાયશ્ચિત કરવું જોઇએ. ગુન્હાની સજા કરવાથી તો હિંસા ઓછી કરવાને બદલે આપણે પ્રતિહિંસા કરવા લાગ્યા સજા કરવાથી સુધારણા થતી નથી. આપણે તેથી ભલે સંતોષ અનુભવીએ પણ વાસ્તવિક રીતે તેથી હિંસા બેવડાય છે. ગુન્હો કરનારની હિંસા અપ્રતિષ્ઠિત છે જ્યારે સજા થાય તેને લોકો સારૂં ગણે છે તેથી એ પ્રતિહિંસા પ્રતિષ્ઠિત છે. આ છે અવળા માર્ગની સાધના આટલું સમજીએ તો અહિંસાનો રસ્તો સમજાશે. ભાવી તીર્થંકરો આપણને જરૂર બતાવશે કે સજા કરવી એ પણ ગુન્હોજ છે ક્રોધી સામે ક્રોધ ન કરીએ તો તેણે શાંત થવું જ રહ્યું.

अतृणे पतितो वह्नि स्वयमेवोपशाम्यति ।

તૃણ વિનાના સ્થાનમાં પડેલ અગ્નિ એની મેળે શાંત થાય છે.

આપણે અહિંસાની બાલ્યવયમાં છીએ. ખુબ ધીરજ અને અખુટ હિંમતની જરૂર છે. માર્ગ લાંબો છે અને કેળવીને કામ કરવાની જરૂર છે. તે માટે ઘણા મહાપુરૂષો આવશે ને રસ્તો બતાવશે.

માત્ર સ્થૂળ હિંસા છોડવાથી બસ નથી જ્યાં ધનના ઢગલા એકત્ર થયા છે તેના પાયામાં પાપ છે-હિંસા છે. અમેરીકામાં કવેકર લોકો અહિંસક છે અને પૈસાદાર પણ છે. હિંદુસ્તાનમાં જૈનો અહિંસક હોવાનો દાવો કરે છે છતાં ધનાઢય પણ છે. દ્રોહ વિના પૈસો મળતો નથી તેથી અહિંસા અને પૈસો એ બન્નેનો મેળ કેમ મળે એ મને તો સમજાતું નથી, તમે કોડીયારૂં પુરો, રાત્રી ભોજન ન કરો, બટાટા ન ખાઓ-એ બધું સારૂં છે પણ એ પ્રારંભની ક્રિયા છે. આપણે તો અહિંસા ધર્મમાં આગળ વધવું છે. જગતમાં યુધ્ધ ચાલે ત્યારે આપણે ઠંડે કલેજે કેમ બેસી શકીએ? રસ્તો શોધવો જોઇએ પરિવર્તનની જરૂર છે. ઘણા કહે છે કે યુધ્ધ તો યુરોપમાં ચાલે છે. આપણે ત્યાં તો ગાંધીજીના પ્રતાપે ઠીક છે. પણ હું કહું છું કે પ્રાંતે પ્રાંતમાં અંદર અંદર ભાગલા પડયા છે ખુણે ખુણે અવિશ્વાસ ફેલાયો છે. આ બધા હિંસાના પ્રતિક છે. યુરોપના હાથમાં શસ્ત્ર છે, આપણે એક બીજાના પગ ખેંચીને પાડીએ છીએ. સરવાળે તો બન્ને સરખા છીએ ત્યાં સમર્થોની હિંસા વર્તે છે. આંહિ અસમર્થોની

જાગતા જૈને વિચાર કરવો જોઇએ અને હિંસકતા, દ્રોહ આદિને દુર કરવા પ્રયત્ન કરવો જોઇએ. એવો માર્ગ બતાવનાર જિનેશ્વરને આપણા વંદન હો!

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાંચનાલય

કિંમત દોઢ આનો. શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાંચનાલય

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૨
અંક : ૩

મુંબઇ : ૩૧ મે ૧૯૪૦ શુક્રવાર

લવાજમ
રૂપિયા ૨

જૈનોની દાનશીલતા

" સળગ્યા જૈને રસશણગાર
લતા મંડપ સમ ધર્મગિર. "

" ગુજરાત " ન્હાનાલાલ

મારા જેવા અન્ય સંપ્રદાયવાળાને આજે આપે બોલવાને આમન્ત્રણ આપ્યું છે તે તમારી ઉદારતા માટે હું આભારી છું. જૈન અને બ્રાહ્મણ એ બે ધર્મોને હું જુદા ધર્મો નથી ગણતો. અતિ પ્રાચીન કાળથી શ્રમણ અને બ્રાહ્મણ હિન્દુ ધર્મની બે મહાન શાખાઓ ગણાતી આવી છે. કોઇ કોઇ વાર જેમ ભાઇઓ ભાઇઓમાં વૈર થાય ત્યારે બન્નેના મનમાં અતિ સંકુચિતતા આવી જાય છે તેમ દેશની પડતી દશામાં આ બન્ને પડોશી સંપ્રદાયોના કેટલાક અનુયાયીઓએ કે પ્રચારકોએ અસહિષ્ણુતા બતાવી છે. પણ જેમ લડનારા ઘણે ભાગે ભાઇઓ હોય છે તેમ એ કહેવત પણ સાચી છે કે "ડાંગે માર્યાં પાણી જુદા ન પડે." ભાઇઓ લડે તો પણ કયારેક પણ એક લોહી દેખાયા વિના ન રહે. તેમ આપણા બન્ને સંપ્રદાયો જીવનમાં સંપીને સહકારથી રહ્યા છે. વિશેષ શું ? સર્વ ધર્મને માન આપવું એ હિંદુ ધર્મનો મહાન સિદ્ધાન્ત છે. ગુજરાતના બ્રાહ્મણ કે જૈન રાજા મહારાજાઓએ હમેશાં બન્ને સંપ્રદાયોને પોષ્યા છે. માત્ર ધાર્મિક તટસ્થતાનો દાવો રાખનાર અંગ્રેજ સરકારે જ સૌથી પહેલાં જણાવ્યું છે કે હિંદુ ધર્મ અને જૈન ધર્મ બન્ને ભિન્ન છે અને છતાં આજે આપણે દરેક જાણીએ છીએ કે આપણે જેમ દેશ, પ્રાન્ત, ભાષા, રાજ્યપ્રકરણી ધ્યેય વગેરેમાં ભિન્ન નથી તેમજ ધર્મમાં પણ ભિન્ન નથી.

જૈન અને બ્રાહ્મણ ભિન્ન સંપ્રદાયો છતાં એકના સિધ્ધાન્તો બીજાએ સ્વીકાર્યા છે. જૈનોના અહિંસામાહાત્મ્યે બ્રાહ્મણ ધર્મ ઉપર અને ખાસ કરીને ગુજરાતમાં તો ઘણી જ અસર કરી છે અને " વૈષ્ણવજન " ગાંધીજીએ તો તેનું સામ્રાજ્ય સ્થાપ્યું છે. તે જ રીતે જૈન શ્રાવકોએ અનેક ધાર્મિક ક્રિયામાં જૈન જૈનેતરનો ભેદ ગણ્યો નથી. આજે આપે મારા જેવા અનેકને આમંત્રણ આપ્યું છે એ આપની પ્રગતિશીલ ઉદારતાનો વિશેષ દાખલો છે.

આ હું માત્ર વિવેકથી કે ઉપચારથી કહું છું એમ ન માનશો. મારા હૃદયની લાગણીથી કહું છું. પણ તે સાથે આ મારા વિષયની પ્રસ્તાવના પણ છે. જૈનોની અમુક અમુક પ્રદેશની ઉદારતા ગુજરાતના ઇતિહાસમાં અમર રહે તેવી છે. પ્રારંભમાં મેં કવિ શ્રી ન્હાનાલાલની પંકિત ઉતારી છે તેમાં કહ્યા પ્રમાણે જૈનોએ ગુજરાતને ખરેખર શણગાર્યું છે. આબુ, દેલવાડા, શેત્રુંજે, ગિરનાર, તારંગા વગેરે નાના મોટા ડુંગરા ઉપર સુંદર સ્થાપત્યના નમુના જૈનોની ઉદારતાનાં સ્મારકો છે. ગુજરાતનું પ્રાચીનમાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્ય આબુનાં વિમળશાહ અને વસ્તુપાળ તેજપાળનાં મંદિરો. તે સિવાય દરેક ગામ કે શહેરમાં એકે બે જૈન મંદિરો હોય જ. અને તેમના મંદિરો એટલે એકાદ મંદિર જ નહિ પણ મંદિરગ્રામ. જાણે કે તેમની સંઘભાવના મંદિરોના સંઘમાં પ્રતીત થતી હોય નહિ.

સૌ જાણે છે કે શ્રાવકોમાં પોરવાળ, ઓસવાળ, શ્રીમાળી વગેરે પ્રખ્યાત કુલો પ્રથમ રજપુતોનાં હતાં. જૈન ધર્મ સ્વીકારતાં રણશૂરા ક્ષત્રિયો મટી તેઓ વેપારસાહસિક શેઠિયાઓ થયા અને યુધ્ધવીર મટી તેઓ દાનવીર થયા. ખરી રીતે તો તેઓ યુદ્ધવીર મટયા તેમાં જૈનધર્મ કરતાં કોઈ જુદું સામાજિક કારણ શોધવું જોઇએ એમ હું માનું છું. કુમારપાળ રાજા લડવાનો ભીરુ નહોતો. ઠેઠ અજમેર સુધી તેની આણ વર્તતી. વસ્તુપાળ તેજપાળ શૂરા લડવૈયા હતા. ગુજરાતે મુસલમાનોનાં આક્રમણો સામે સારો ટકાવ કરેલો છે. તેમાં જૈનોનો ફાળો ઓછો નથી. પણ જૈનોએ યુદ્ધ છોડી વેપાર લીધો તો તેમાં કદાચ તેમની આવડત, સમય પારખવાની શકિત, ફરેલી પરિસ્થિતિ કે આખા સમાજની પડતી એ કારણો પણ તેટલાં જ મહત્વનાં હોય ! અસ્તુ. તે ગમે તે હોય. આ મારે માટે વિષયાંતર છે એટલે તેમાં આગળ જતો નથી. પણ એક વાત નક્કી છે. આપણું યુદ્ધ હવે જ્યારે હિંસા વિનાનું થયું છે ત્યારે જૈન ભાઇઓને યુદ્ધથી દુર રહેવાને એક પણ કારણ રહેતું નથી.

પણ ગમે તે કારણોથી જૈનો યુદ્ધવીર મટી દાનવીર થયા, તો દાનમાં પણ તેમણે જેવી તેવી વીરતા દાખવી નથી. આપણે નશીબે આપણા ઇતિહાસમાં ભયંકર દુકાળોની કદી ખોટ પડી નથી. ગુજરાતને આપણે લીલી વાડી કહીએ છીએ. તેમાં કાચું સોનું પાકે છે એવું અભિમાન ધરીએ છીએ, પણ આ ગુજરાતમાં ભયંકરમાં ભયંકર દુષ્કાળો પડયા છે. આપણા પાકનો આધાર ઘણોખરો વરસાદ ઉપર છે અને કુદરતની જરા પણ ખફા થતાં દુકાળ પડયો જ સમજો. અંગ્રેજ રાજ્યનાં સાધનો વધતાં પણ દુકાળનો સંભવ ઘટયો નથી. અહિં બેઠેલા એવા કોઇ જ નહિ હોય જેમને ચાર-પાંચ માઠાં વરસ ન જોયાં હોય અને એકાદ ભયંકર દુષ્કાળ ન જોયો હોય. છપ્પનિયો મેં જોયો છે અને તેનાં ભયંકર દૃશ્યો હજી મારી આંખ આગળ તરે છે. આવા દુકાળો પહેલાં પણ પડતા. અને ત્યારે ગુજરાતના દાનવીર જૈનો કોમ કે ધર્મનો ભેદ નહિ ગણતાં પોતાના ભંડાર ખુલ્લા મૂકી દેતા !

પણ જમાનો બદલાય છે, પરિસ્થિતિ બદલાય છે, સાધનો અને રહેણી કરણી બદલાય છે, તે સાથે જીવન આખું શું નથી બદલાતું ? અને જીવન બદલાય છે તો તે સાથે દાનની પદ્ધતિ પણ ન બદલાવી જોઇએ ? ભૂખ્યાંને જમાડવાં એ દાન છે તો દેશમાં દુષ્કાળ જ ન પડે તેવાં મોટાં જળાશયો કરાવવાં એ પણ દાન નથી ? આજકાલ જૈનસમાજનું એવું એક પણ અનિષ્ટ નહિ હોય તેની સાથે વિદ્યા–વિજ્ઞાન–સાયન્સ એક કે બીજે, કામચલાઉ કે કેવળ સિદ્ધિપ્રદ ઉપાય નહિ યોજી શકતું હોય ! તો દુષ્કાળ, ગરીબાઇ, રોગચાળો, અજ્ઞાન–એનો સદંતર નાશ થાય, એને માટે મોટી જબરદસ્ત જ્ઞાનશાળા, જ્ઞાનપરબો ઠેરઠેર યોજવી એ આપણા ધર્માદાનું નવું સ્વરૂપ ન હોવું જોઇએ ?

આજકાલ બધી કોમોમાં એક નવીન અભિમાને પ્રવેશ કર્યો છે. નવી વિદ્યાથી આપણામાં સ્વદેશનું અભિમાન આવ્યું, તેની સાથે જ પોતાના પ્રાન્તનું અભિમાન આવ્યું. તેવું જ પોતાની કોમનું પણ અભિમાન આવ્યું છે. કંઇક રાજ્યપ્રકરણી બાબતોમાં કોમી તત્ત્વ ઘુસાડી હિંદની અનેક કોમોને અંદર અંદર લડતી જોવાની સરકારની અભિલાષાનું આ પરિણામ છે. પણ તે સાથે સાથે જમાનાની નવી અભિમાન વૃત્તિના વિકારનું પણ એ પરિણામ છે. દરેક કોમ પોતાનું હિત કરવાને મંડળીઓ રચે છે, પોતાની કોમની શાળાઓ સ્થાપે છે, પોતાની કોમનાં છાત્રાલયો, શિષ્યવૃત્તિઓ વગેરે સ્થાપે છે. કેળવણીમાં આ ભેદભાવ અને ટુંકી દૃષ્ટિથી નુકસાન થાય છે. એ શાળાઓ કે છાત્રાલયોમાં વસનાર વિદ્યાર્થીને પોતાને નુકસાન થાય છે, એ મેં મારી નજરે જોયું છે. આ સંકુચિતતાથી આપણે સર્વેએ મુકત થવું જોઇએ. તમારા દાનવીરો જ્યારે ભૂખ્યાંને જમાડતા ત્યારે કોમ કે નાત નહોતા પૂછતા, પરબે કોઇની નાત પૂછાતી નથી, તો આ જ્ઞાનની પરબે પણ કોઇની નાતજાત શા માટે પૂછાવી જોઇએ ?

આ ઉપરથી જૈનભાઇઓને વધારે માર્મિક લાગે એવા એક પ્રશ્ન ઉપર આવું છું. જૈન દાનવીરોએ સૌથી વધારે પૈસો ચૈત્યો મંદિરો દેરાસરો કરવામાં અને યાત્રાના સંઘો કાઢવામાં ખરચેલો છે. જુના જમાનામાં, જ્યારે ધર્મપ્રચારનું આજ એક મોટામાં મોટું સાધન હતું, ત્યારે આ રિવાજો ખોટા નહિ હોય. પણ અત્યારે આ રિવાજો પ્રમાણે ચૈત્યોથી કે સંઘોથી જૈન ધર્મ વિસ્તાર પામે એવી આશા રાખી શકાય એમ છે ? અત્યારે માત્ર દહેરાના દેખાવથી કે સંઘમાં ખરચાતા પૈસાથી આકર્ષાઇ કોઇ જૈન ધર્મ સ્વીકારે કે એ ધર્મ તરફ તેને આદર થાય એમ માનો છો ? જૈનોમાં જ અત્યારે દેરાસર જવું અને સંઘમાં જવું એને ખરી ધાર્મિક વૃત્તિ કેટલા માને છે ? હવે કોઇ પણ ધર્મ બહારની ગમે તેવી ભવ્ય વિધિથી કે આકર્ષણથી ટકી શકવાનો નથી તો બીજાપર અસર તો કયાંથી જ કરવાનો હતો ? અત્યારે આવા દેખાવો માત્ર કીર્તિના જ રહ્યા છે અને તેને કીર્તિ માનનાર મંડળ પણ દહાડે દિવસે ટુકું થતું જાય છે.

અને ધર્મનો ખરો વિજય શેમાં છે ? ધર્મના અનુયાયીઓ વધ્યા કયારે ગણાય ? અમુક સંપ્રદાયના બાહ્ય ચિન્હો વધારે સંખ્યા ધારણ કરે તેમાં કે તેમના સિદ્ધાંતો જગતના જીવનમાં ઉતરે તેમાં ? જૈન ધર્મના સિદ્ધાંતોનો વિજય શામાં ? વધારે સંખ્યા દેરાસરમાં જાય તેમાં કે દુનિયાનું રાજ્ય પ્રકરણ પદ્ધતિ હિંસા છોડી દે તેમાં ? એટલે જૈન ધર્મનો ભવિષ્યનો વિજય મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે જેટલે અંશે તે પોતાના સિદ્ધાન્તોને જગતના જીવનમાં ઓતપ્રોત કરી શકે તેમાં છે તેટલા એ સિદ્ધાન્તોના

સંઘના સભ્યોને વિનંતિ

શ્રી મુંબઇ જૈન યુવકસંઘ જૈન સમાજના ત્રણે વિભાગના સભ્યોનો બનેલો છે. આપણે આપણી પ્રવૃત્તિને સમાજના બધા ભાગને સ્પર્શી શકે અને સંઘના કાર્યને વેગ મળે તેવી રીતે આગળ ધપાવવા પ્રયત્નશીલ થયા છીએ. આ ભાવનાને પહોંચી વળવા માટે આપણે સમાજનું માનસ કેળવવા માટે "પ્રબુદ્ધ જૈન" પાક્ષિક પત્ર શરૂ કરવાનું સાહસ ખેડયું છે. ઉપરાંત વાંચનાલય અને પુસ્તકાલય જાહેરને માટે ખોલવાનો પ્રબંધ કર્યો છે. આ બન્ને કાર્યો ખૂબ સમૃધ્ધ બનાવે એવા સભ્યોની સેવા મેળવી શકવાને સંઘ ભાગ્યશાળી થયો છે એથી આનંદ થાય છે. હવે સમાજને આપણા ઉદ્દેશો બરાબર સમજાય એવી રીતે કેળવવાની પ્રવૃત્તિ હાથ ધરવાની જરૂર છે અને આને માટે કાંઇક સંગીન યોજના યોજવામાં આવે અને તેને પોતાનીજ ગણી સંઘના સભ્યોમાંથી કોઇ એકાદ બે સભ્યો ઉપાડી લે એ જરૂરનું છે. યુવક સંઘને દશ વર્ષ થયા તેટલા સમયમાં તેણે પોતાની શકિત મુજબ સમાજનું વાતાવરણ કેળવવા માટે ઠીક ઠીક પ્રયાસ કર્યો છે. છેલ્લાં ત્રણ વર્ષથી સંઘનું બંધારણ વધુ વિશાળ બનાવવામાં આવ્યું છે અને તે રીતે ત્રણે વિભાગના સભ્યોનો સાથ સુલભ બન્યો છે. એટલે હવે આપણો પ્રયાસ ફીરકાભેદ સિવાય આખા જૈન સમાજને કેળવવા માટે અને આપણા ઉદ્દેશોનો વધુ પ્રચાર કરવા માટે વધારે મોટા પાયા ઉપર ઉપાડવાની જરૂર છે.

આપણા સમાજના ત્રણે વિભાગમાં અત્યારે નિરાશાજનક વાતાવરણ છવાયેલું છે. સામાજિક, ધાર્મિક કે રાષ્ટ્રીય ઉન્નતિની

માહાત્મ્યના સ્મારકો કે ઉત્સવોમાં નથી. એટલુંજ નહિ, એથી આગળ જઇ હું તો એમ માનું છું કે ભવિષ્યમાં ધર્મનો પ્રચાર કે વિસ્તાર કરનાર વ્યકિત કોઇ પણ એક સંપ્રદાયની નહિ હોય, સંપ્રદાયના વાડાથી પર હશે. હવે ધીમે ધીમે ધર્મ, ફિલસુફી, સમાજશાસ્ત્ર, ચિત્રશાસ્ત્ર અને કાવ્ય નજીક નજીક આવતા જશે. હવે જેને ખરી ધર્મની લાગણી હોય તેણે જગતના જ્ઞાનને વધારે વિસ્તૃત અને સજીવન, જીવનોન્મુખ કરવા પ્રયત્ન કરવો જોઇએ. જૈનભાઇઓનો ધર્માગ્રહ જોઇ કોઇને પણ એકવાર તો આદર થયા વિના પણ ન રહે, ઉપરના માર્ગે તેમનો આગ્રહ નહિ વળે તો તેમનું બધું ધર્મમમત્વ ફોગટ જશે એવી મને ભીતિ રહે છે.

એક બીજી દૃષ્ટિએ પણ વિચાર કરશો. જમાનો બદલાતાં વેપારીઓએ વેપારનું સ્વરૂપ બદલાવ્યું છે કે નહિ ? જુના વેપાર ઉપરાંત મીલ વગેરે પાશ્ચાત્ય ઢબનાં કારખાનાં કાઢયાં છે કે નહિ ? આ નવું સ્વરૂપ એકદમ અપનાવી લેવામાં બ્રાહ્મણધર્માઓ કરતાં જૈનો ઘણા આગળ ગયેલા છે. પછાતબુધ્ધિ ગણાતી બ્રાહ્મણ વૃત્તિ પરદેશ તરફ હજુ નથી વળી. જૈનભાઇઓએ સમુદ્રગમનનો કશો બાધ ન રાખતાં પરદેશના વેપારમાં ઝુકાવ્યું છે, અને અત્યારે દુનિયાનો એવો એક પણ ખુણો નહિ હોય જ્યાં વેપારની સંભવિતતા હોય અને જૈન ન હોય ! તો વેપારમાં તેમણે જીવનને નવો માર્ગ આપ્યો તો ધર્મદાનમાં શા માટે નહિ ? પરદેશના સંસર્ગથી ઉલટું જૈન ભાઇઓએ સૌથી પહેલાં સમજવું જોઇએ કે આપણા ધર્માદાએ નવાં રૂપો લેવાની જરૂર છે.*

રામનારાયણ વિશ્વનાથ પાઠક.

---

* કેટલાક સમય પહેલાં અમદાવાદ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાન માળામાં શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકે આપેલા એક અપ્રગટ વ્યાખ્યાનમાંથી.

એક પણ પ્રવૃત્તિ જોસભેર ચાલતી દેખાતી નથી. સૌ કોઇ જુની ધરેડે ચાલવાનું પસંદ કરે છે. તેવા વખતમાં સંઘના સભ્યોની-યુવકોની-ફરજ છે કે તેઓએ સમાજમાં ચેતન લાવવા આજે કાંઇ સંગીન પ્રયાસ કરવોજ જોઇએ. આમ કરવા માટેની તાકાત ધરાવનાર સભ્યોએ કોઇ વ્યવહારૂ યોજના રચી તેના પ્રચાર કાર્યમાં કામે લાગી જવું જરૂરી છે.

સમાજનું વાતાવરણ નિરાશાથી ભરેલું છે. ઉપરાંત અનેક જાતની આર્થિક સંકડામણમાં પણ સમાજ દબાએલો છે. અને એ સંકડામણના લીધે સમાજમાં જ્ઞાતિના આગેવાનો અને ટ્રસ્ટીઓ તથા સત્તાના લોભી વ્યવસ્થાપકો તરફથી થતી આપખુદ રીતિઓ લાચાર દશાએ સહી લેવામાં આવે છે. પણ અંદરનો જ્વાળા-મુખી ભડભડતો રહે છે. આપણે જો પુરા જોસથી કામ ઉપાડીએ અને સમાજનો વિશ્વાસ મેળવી શકીએ તો આપણે ઘણું સરસ પરિણામ નિપજાવી શકીએ. આ પાછળ અસાધારણ ખંત, ચીવટ, ઠાવકાઇ ભરેલી યોજનાઓ અને પૂરી કાર્યદક્ષતાની જરૂર છે. સંઘના સભ્યો, યુવકોને મારી વિનંતિ છે કે એવી કોઇ પ્રગતિકારક યોજના રચી તેને પાર પાડવા પાછળ જરૂરી ભોગ આપવાને તેઓ કટિબધ્ધ થાય.

મણિલાલ મોકમચંદ શાહ.

.....

'પ્રબુદ્ધ જૈન' વિષે મહાજનો શું ધારે છે.

પંડિત સુખલાલજી

'પ્રબુધ્ધ જૈન' ના શરૂઆતના બે એક અંકો પ્રસિધ્ધ થયા ત્યારેજ તે વિષે અભિપ્રાય લખવા પ્રેરણા થયેલી, છતાં તે વખતે મેં જાણીનેજ મનને રોકયું. જોકે આજે લખું છું તે અભિપ્રાય તે વખતનોજ છે છતાં તે વખતે લખાએલ અભિપ્રાય કરતાં આજે લખાતા અભિપ્રાયમાં એક જાતનો તફાવત છે અને તે એ કે તે વખતે લખાએલો અભિપ્રાય 'પ્રબુધ્ધજૈન' ના ભાવી સ્વરૂપને સ્પર્શતો હોવાથી મોટે ભાગે સાધ્ય કોટિનો અને આશારૂપ હોત જ્યારે આજે લખાતો અભિપ્રાય હવે સિધ્ધ કોટિનો બની જાય છે. કારણ એ છે કે એક વર્ષ જેટલા સમયમાં પ્રસિધ્ધ થએલ 'પ્રબુધ્ધ જૈન' ના અંકો બરાબર વંચાયા પછીજ તે વ્યકત થાય છે અને એની યથાર્થતા આંકવા માટે વાંચકને હવે ભાવી ઉપર અવલંબવું પડે તેમ નથી. અસ્તુ.

જૈન પરમ્પરાના ત્રણે ફિરકાઓના અને કોઇ કોઇ ઉપફિરકાનાં પણ પત્ર-પત્રિકાઓ ભૂતકાળમાં નિકળતાં અને અત્યારે પણ કેટલાંક ચાલુ છે. ગુજરાતી, હિંદી, મરાઠી અને અંગ્રેજી એ ચાર ભાષાઓમાં જૈન પત્ર નિકળતાં અને અત્યારે પણ નિકળે છે. એમાં જે જે પત્ર કે પત્રિકાઓ મુખ્યપણે ધાર્મિક અને સામાજિક પ્રશ્નોની છણાવટ કરનારાં છે તે બધાં લગભગ પોતપોતાના ફિરકાને લક્ષીનેજ ચાલે છે. કોઇ પણ મુદ્દા ઉપર જે ક્ષણે પોતાના ફિરકા બહાર દૃષ્ટી ફેંકી નિર્ભય ચર્ચા કરવાનો પ્રસંગ આવે અને એમાં જોખમ ખેડવા જેવું દેખાય ત્યાં એ બધાં પત્રો ફિરકાબાજજ બની જાય છે અને નિર્ભયતા તેમજ અનેકાન્તદૃષ્ટિને સમેટી લે છે, જ્યારે 'પ્રબુદ્ધજૈન'ના તમામ અંકો એથી સાવ જુદી ભાત પાડે છે. એ ચર્ચાતા મુદ્દા પરત્વે કોઇ એક ફિરકાનું અનુરંજન કે બીજા ફિરકાનું વિરંજન કરવાની નીતિથી સાવ મુકત છે. એ દૃષ્ટિએ જોતાં મને એમ લાગે છે કે 'પ્રબુદ્ધજૈન' ની દૃષ્ટિ-મર્યાદા કોઇ એક ફિરકાનેજ વરેલી નથી. તે દરેક ફિરકાનું પત્ર છતાં કોઇ એકજ ફિરકાનું પત્ર નથી. એ એની ખાસ વિશેષતા છે; જે કમાણીની વૃત્તિ અને દૃષ્ટિસંકોચના અભાવનેજ આભારી છે.

'પ્રબુધ્ધજૈન' ની બીજી વિશેષતા એ છે કે તે દરેક જૈન ફિરકાના વિચારક વર્ગને આકર્ષવા ઉપરાન્ત જૈનેતર વિચાર-કનું પણ ખાસ લક્ષ ખેંચે છે, અને એ રીતે તે જૈન શબ્દની આસપાસ બંધાએલ લાઘવગ્રંથીને ભેદી તેનું ગૌરવ નવેસર સ્થાપવા પોતાની ઢબે પ્રયત્ન કરે છે.

'પ્રબુદ્ધજૈન' ની દૃષ્ટિ શુદ્ધ રાષ્ટ્રીય હોઇ તેની ભૂમિકા નિર્ભેળ સત્ય અને અહિંસાની છે. આ ભૂમિકા સાચવી રાખવા તે ખુશા-મત કે ઉદ્ધતાઇથી કેટલું દુર રહે છે. એ વાત એના દરેક લખા-ણથી સ્પષ્ટ થાય છે. કોઇ પણ જાતની જાહેરાત છાપવાના લોભથી મુકત રહેવું એ પત્રકાર માટે કેટલું અઘરૂં છે તે પત્રકારજ જાણી શકે. વળી પત્ર ચલાવવામાં મદદ કરનારની કશી પણ શેમાં આવ્યા સિવાય તદ્દન તટસ્થપણે વિચારો દર્શાવવા એ કેટલું અઘરૂં છે તે પણ પત્રકાર અને લેખકજ સમજી શકે. 'પ્રબુધ્ધજૈન' આ મુશ્કેલીથી છુટી શકયું છે. તેથીજ એના લખાણમાં ઓજસ અને વિચારમાં તટસ્થતા સચવાતાં હોય એમ લાગે છે.

દરેક ફિરકાબાજ પત્રને પોતાના નિભાવ ખાતર કે કમાણી ખાતર કેટલાક બિનજરૂરી અનિષ્ટો સેવવાં પડે છે. ધર્મગુરૂઓના જ્યાં ત્યાં થતાં સામૈયાં, પધરામણીઓ, વરઘોડા અને બીજા એવાજ ઉત્સવોના નીરસ તેમજ જડતાપોષક સમાચારોથી છાપાનો મોટોભાગ ઇચ્છાએ કે અનિચ્છાએ રંગવો પડે છે. 'પ્રબુધ્ધ જૈને' આ દોષથી મુકત રહી વાચક વર્ગની કંટાળેલી બુધ્ધિને માત્ર વિશ્રાન્તિજ નથી આપી પણ એણે જૈન વાચક વર્ગમાં એક એવી અભિરૂચિના બીજને વાવવાં શરૂ કર્યાં છે કે આગળ જતાં તે જૈન પત્રોની કાયાપલટ કર્યા વિના નહિજ રહે. આ એનો નાનો સૂનો ફાળો ન લેખાય.

એક શરીરમાં એકજ આત્મા વસે છે સૌ એ કોઇ જાણે છે. એક શરીરમાં બે આત્મા વસવાની વાત કોઇ કરે તો તે ઉપહસનીયજ બને છતાંય આપણે સૌ છાપાના તંત્રી કે અધિ-પતિમાં બે આત્મા વસવાની વાતથી ભાગ્યેજ અજાણ્યા હોઇએ. હું એવા ઘણા સમ્પાદક કે અધિપતિને જાણું છું કે જેઓ મુકત મનથી જે વિચારતા હોય અને જેવું માનતા હોય તે અને તેવું પોતાના છાપામાં કદીજ લખવાનું પસંદ ન કરે. ખાસ કરી સ્વાર્થ કે પ્રતિષ્ઠામાં ધક્કો પહોંચવાનો સંભવ હોય ત્યાં તો તેઓ પોતાના આત્માને જુદીજ રીતે વ્યકત કરે અગર ગોપવી રાખે. અંદર અને બહારથી એક રૂપજ રહેવાની નીતિ એ પત્રસમ્પાદક માટે વસમી વસ્તુ છે. 'પ્રબુધ્ધ જૈન' ના વાચકવર્ગે એ જરૂર તપાસી જોવું કે એના તંત્રી તેમજ મુખ્ય લેખકોમાં એક એક આત્મા વસે કે બબ્બે. મેં તો આ વિષે અનુભવ કરીજ લીધો છે.

શ્રી. મગનલાલ પ્રભુદાસ દેસાઇ.

'પ્રબુદ્ધ જૈન' માત્ર જૈન પૂરતી મર્યાદામાં નહિ પણ વ્યાપક સમાજના ધડતરની દૃષ્ટિ એ કામ કરે છે, એમ તેણે પોતાના પહેલા વર્ષમાં બતાવ્યું છે. તે પરંપરા ચાલુ રહે તો સરસ સેવા તે દ્વારા થશે.

અહિંસા અને શાંતિ જગતમાં જો કદી પણ વ્યાપવાનાં હશે તો તેની એકે મુખ્ય શરત એ છે કે, સમાજ અહિંસાનું પાલન જીવનનાં અંગેઅંગમાં વિચારશે ને આચરવા મથશે. પ્રબુદ્ધ-જૈન-સમાજે એ બાબતમાં આગેવાની લેવી ઘટે. અહિંસા ધર્મના એ વારસો છે; આગેવાની એમની છે. 'પ્રબુદ્ધ જૈન' એ વ્યાપક સેવાનું મુખપત્ર બનો એ જ અભિલાષા.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

મે ૩૧ ૧૯૪૦

દીક્ષાનો કૂટ પ્રશ્ન

દીક્ષાના કૂટ પ્રશ્ને એક વખત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના સમસ્ત વિભાગને ક્ષુબ્ધ બનાવી મુકયો હતો. આ પ્રશ્ન ઉપર ધીમે ધીમે બે પક્ષો વિકાસ પામ્યા હતા. એક પક્ષ જુના વિચાર અને વલણવાળો–નાનાં મોટાં જે કોઇ દીક્ષા લેવા માંગે તેને દીક્ષા આપીને જૈન સાધુઓની સંખ્યા જેમ બને તેમ વધારવાના આગ્રહવાળો હતો જે 'શાસનપ્રેમી પક્ષ'ના નામથી ઓળખાવા લાગ્યો. બીજો પક્ષ 'યુવક પક્ષ'ના નામથી ઓળખાવા લાગ્યો કે જેનો વિરોધ શાસનપ્રેમી પક્ષના આક્ષેપ મુજબ દીક્ષાની શુભપ્રવૃત્તિ સામે નહોતો પણ નાનાં બાળકોને માબાપથી વિખુટાં કરીને અથવા તો માબાપને લોભ લાલચમાં ફસાવીને દીક્ષા આપવાની જે પ્રક્રિયા ચાલી રહી હતી અથવા તો મોટી ઉમ્મરનાં પુરૂષો ગૌરી છોકરાંને એકાએક રઝળતાં મુકીને દીક્ષા લઇ લેતા હતા અને આ બધા પ્રસંગોમાં સાધુઓ સંઘની સંમતિ લેવાની કદિ પણ પરવા જ કરતા નહોતા તે પ્રકારની 'અયોગ્ય દીક્ષા' સામે એ પક્ષે મોટી ઝુંબેશ ઉઠાવી હતી. એ આખી ચળવળનું મોંકુ પરિણામ વડોદરા રાજ્યે કરેલા બાળ-દીક્ષાની અટકાયત કરતા કાયદામાં આવ્યું. એ ઉપરાંત અયોગ્ય દીક્ષાના બનાવો આજે બહુ જુજ બની રહ્યા છે એ પણ એ વખતની ઉગ્ર હીલચાલનું જ પરિણામ છે, એમાં કોઇથી ના કહી શકાય તેમ છે જ નહિ. એ હીલચાલના આડકતરા પરિણામ રૂપે સાધુસંસ્થાની પ્રતિષ્ટા ઘણી ઓછી થઇ અને કેટલાક વર્ગમાં સાધુઓ વિષે એક પ્રકારનો અણગમો કેળવાયો એ પણ આજની પરિસ્થિતિ જે કોઇ જાણે છે તેણે સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી. આમ છતાં પણ શિકારી જેમ શિકારની શોધમાં ફર્યા કરે તેમ કેટલાક સાધુઓની શિષ્ય વધારવાની લાલસા હજુ એટલી ને એટલી તીવ્ર ચાલુ છે અને પરિણામે નાનાં છોકરા છોકરી મુંડાયાના કે લાયકાતનો કશો પણ વિચાર કરાયા સિવાય જે આવ્યું તેને દીક્ષા અપાયાના બનાવો અવાર નવાર સંભળાયા જ કરે છે.

બીજી બાજુએ શાસનપ્રેમી પક્ષને વડોદરાનો બાલદીક્ષા પ્રતિબંધક કાયદો કે જેનો હજુ સુધી એક પણ વખત અમલ કરવાનો પ્રસંગ આવ્યો નથી તે ખુબ ખુંચ્યા જ કરે છે અને તે કાયદો રદ કરાવવાની દિશાએ કોઇ પણ પ્રસંગનો કે પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું તેઓ ચુકતા નથી. તેઓ માને છે કે આ જાતનો કાયદો કરીને આપણા ધર્મની બાબતમાં ગાયકવાડ સરકારે હસ્ત પ્રક્ષેપ કર્યો છે જે કોઇ પણ ધર્મપ્રેમી માણસ કોઇ કાળે સહન કરી શકે જ નહિ. તે માટે તે કાયદો પહેલી તકે રદ થવો જ જોઇએ.

આજે દીક્ષાનો પ્રશ્ન પ્રસુપ્ત દશામાં પડયો છે. આજે એ કારણે કોઇ પણ ઠેકાણે કશો ખળભળાટ ઉભો થતો સાંભળવામાં આવતો નથી. આમ છતાં પણ હમણાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ ની સ્થાયી સમિતિની બેઠક મુંબઇ ખાતે ભરાઇ ગઇ તે પહેલાં ઉપરોકત શાસનપ્રેમી પક્ષ જે કેટલાંક વર્ષો પહેલાં જુન્નેર ખાતે મળેલા અધિવેશનના અયોગ્ય દીક્ષા સામેના વિરોધને લીધે ત્યારથી તે આજ સુધી મજકુર કોન્ફરન્સથી રીસાઇને બેઠો છે તેને કોન્ફરન્સમાં એકત્ર કરવા માટે કેટલીક વાટાઘાટો ચાલી રહી હતી તે વાટાઘાટોએ બાલદીક્ષા અને વડોદરા રાજ્યના તેને લગતા કાયદાના પ્રશ્નને જૈન જનતા સમક્ષ પુનઃ ઉપસ્થિત કર્યો હતો. અલબત્ત પ્રસ્તુત એકતાને લગતી વાટાઘાટો શાસન પ્રેમી પક્ષના કદાગ્રહી વલણને અંગે આજે ભાંગી પડી છે. એમ છતાં પણ ઉપસ્થિત થયેલી છાપાજોગી ચર્ચાએ અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાલદીક્ષા સંબંધમાં જે કાંઇ ભ્રમણાઓ ઉભી કરી હોય તે દૂર થાય અને દીક્ષાના આખા પ્રશ્ન સંબંધમાં સામાન્ય જનતાને સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થાય એ આ લેખનું પ્રયોજન છે.

સર્વસ્વત્યાગી, આત્મોન્નતિ કરતા અને સાથે સાથે જગ-કલ્યાણ સાધતા સાચા સાધુઓની જરૂરિયાત કે ઉપયોગિતા વિષે બે મત છે જ નહિ. આવા સાધુઓ જગતને ખરેખર આશીર્વાદ સમાન હોય છે. જગત આજ સુધી ટકયું છે કે આગળ વધ્યું છે એ આવા સન્ત સાધુપુરૂષોને જ આભારી છે. તેથી સામાન્ય વિચારે કોઇ પણ વ્યકિત સંસારનો સ્વાર્થપરાયણ વ્યવહાર છોડીને આત્મ સાધનાના માર્ગે વિચરવાને પ્રવૃત્ત થાય એ આવ-કારદાયક જ લેખાવું જોઇએ.

પણ વાસ્તવિક દુનિયાની વાસ્તવિક પરિસ્થિતિના રૂપ રંગ, આજની સાધુ સંસ્થાનું સ્વરૂપ, કેટલાયે સાધુ નામ ધરાવતા છતાં સાધુત્વ વિહોણા સાધુઓની શિષ્યો વધારવાની ઘેલછા અને તેના અંગે ઉપજતા અનેક અનર્થો ધ્યાનમાં લેતાં કોણ કોને દીક્ષા જેવા આજીવન વ્રતથી કેવા સયોગોમાં બાંધી શકે એ સંબંધમાં સામાજીક સ્વાસ્થ્યની દૃષ્ટિએ અનેક બાબતોનો વિચાર કર્યા સિવાય ચાલે તેમ નથી.

પ્રથમ તો દીક્ષા લેનારની યોગ્યતાનો પ્રશ્ન વિચારવો જોઇએ. દીક્ષાવ્રત પરિપકવ વૈરાગ્યની સૌથી પ્રથમ અપેક્ષા રાખે છે આ દૃષ્ટિએ કાચી ઉમ્મરનાં બાળકો અથવા તો ભૂખમરો કે અસહાયતાના કારણે દીક્ષા લેવાને ઉદ્યુકત થયેલા સ્ત્રી પુરૂષો ભાગવતી દીક્ષા અંગીકાર કરવા માટે કેવળ અયોગ્ય ઠરે છે. આવી જ રીતે કોઇ પણ સાંસારિક આકૃતના કારણે એકાએક ઉછળી આવેલી વૈરાગ્યોર્મિવાળા માણસો પણ પરિપકવ વૈરાગ્યવાળા ન જ ગણાય અને તેથી આવા લોકોને તુરતાતુરત દીક્ષા આપી દેવાની પ્રવૃત્તિ પણ કોઇ પણ રીતે ઉચિત ગણી ન જ શકાય. બીજું દીક્ષા ભારે ગંભીર જબાબદારીવાળું અને આખી જીંદગી સુધી નભાવવાનું અતિકષ્ટમય વ્રત છે. એ વ્રતની કઠિનતા અને ગંભીરતા દીક્ષા લેનારની પૂર્વ તૈયારીના પ્રશ્નને વધારે અગત્યનો બનાવે છે. દીક્ષા લઇને લજવે એને બદલે દીક્ષા ન લે તે વધારે સારૂં આવી સર્વસ્વીકૃત માન્યતા છે. આમ હોવા છતાં પણ આજે અપાતી દીક્ષામાં પૂર્વ તૈયારીનો તો કોઇ વિચારજ કરતું નથી. કેટલાક શિષ્યલોભને વશ થઇને આવે તેને મુંડી નાંખવાની વૃત્તિ ધરાવે છે તો કેટલાક એવી ભ્રમણા સેવે છે કે વૈરાગ્યનો આ વેગ જેને આવ્યો તેને જલ્દીથી દીક્ષા આપી દેવામાં જ તેનું કલ્યાણ છે કારણ કે એ આવેગ ઉતરી ગયો એટલે પાછો એ બીચારો જીવ સંસારની જળજંજાળમાં ડુબી જ જવાનો અને ભોગોમાં ભોગની લાલસાનો ગુલામ બની

સમાજને સફળ બનાવે એજ સાચું દાન

(આચાર્ય વિનોબા ભાવેના એક પ્રવચનમાંથી)

આ ભૂમિ પર અનેક સંતો થયાં છે અને તેમણે ભારતીય જીવનને દાનભાવનાથી ભરી દીધેલ છે. તમે વર્ષભરમાં કાંઇને કાંઇ દાન કરતા હશો. પરંતુ દાન કરતી વખતે તમે કાંઇ વિચાર કરો છો?

આપણા વિચારનો ચીરાગ બુઝાઇ જતાં આપણો આચાર અંધ બની ગયો છે. બુદ્ધિ ખુબજ મહાન વસ્તુ છે. દાન દેતી વખતે તમે શું વિચાર કરો છો? ગમે તેને દાન આપવાથી ધર્મ થાય છે?

× × ×

દાન તથા ત્યાગમાં ભેદ છે. આપણે એ વસ્તુનો ત્યાગ કરીએ છીએ કે જે અનિષ્ટ છે. આપણી પવિત્રતાને વધારવા તેમાં બાધો કરનાર ચીજોનો આપણે ત્યાગ કરીએ છીએ. આપણા ઘરને સ્વચ્છ કરવા માટે ઘરમાંથી કચરો સાફ કરીએ છીએ.

પણ દાનનો અર્થ તેવો નથી. આપણા દરવાજે કોઇ ભીખારી કે બાવો આવી ચડયો, તેને મુઠ્ઠી અનાજ આપ્યું કે પૈસો ફેંકી દીધો તેથી પણ દાનક્રિયા થતી નથી. એ કાર્યમાં તો એપરવાઇ છે. તેમાં કોઇ હૃદય કે બુદ્ધિ નથી. બુદ્ધિ તથા ભાવનાનાં સહયોગથી જે ક્રિયા થાય છે તે ક્રિયા સુંદર થાય છે.

× × ×

જમીન વાવતી વખતે જેમ આપણે જમીન સારી છે કે નહિ તેનો વિચાર કરીએ છીએ, તેવીજ રીતે જેને દાન આપવાનું છે તે વ્યકિત કેવી છે, કેવા પ્રકારની છે તેની તરફ ધ્યાન આપવું જોઇએ. કીસાન જ્યારે બીજ વાવે છે ત્યારે એક દાણામાંથી સો દાણા મેળવવાની આશા રાખે છે તે ખુબ જ કાળજીથી સારા દાણા વાવે છે. દાનની પણ એજ રીત છે. દાન એવી રીતે કરવું કે જેથી તેની કીંમત અનેકગણી વધે. એ દાન એવું હોવું જોઇએ કે જે સમાજને સફળ બનાવે.

× × ×

ભગવાનનો એ કાનુન છે કે દરેક માણસ આપણી પોતાની મહેનતથી જીવે. દુન્યામાં શારીરિક શ્રમ વિના ભિક્ષા માંગવાનો અધિકાર માત્ર સન્યાસીઓને છે. કારણ કે તેઓ બીજી અનેક રીતે સમાજની સેવા કરે છે. પરંતુ આ સિવાય બીજા કોઇને નિષ્ક્રિય રહેવાનો અધિકાર નથી.

× × ×

ગમે તે આપી, દેવું ભોજન કરાવી દેવું, વગર વિચાર્યે આપવું તેથી તો ઉલ્ટો અનર્થ થાય છે. જો કોઇ ગૌશાળાને દાન આપવું હોય તો એ જોવું જોઇએ કે આંહી ગાયોની સંભાળ કેવી રીતે રખાય છે ને આંહી તેમની ઓલાદ સુધારવા પ્રયત્ન થાય છે? આંહી સુંદર અને સ્વચ્છ દુધ મળે છે?

જ્યાં મૃતપ્રાય ગાયો જીવતી હોય, જ્યાં ગંદકી હોય, આવી જાતની પાંજરાપોળોને માટે દાન ધર્મ નથી.

× × ×

દાનનું પણ એક શાસ્ત્ર છે. એ કાંઇ વિવેકશુન્ય ક્રિયા નથી. શાસ્ત્રોમાં "દાન સંવિભાગ" એમ કહ્યું છે. તેનો અર્થ એ છે કે જે વસ્તુઓ એક સ્થળે એકત્રિત થાય તે સર્વત્ર વહેંચી દેવી.

× × ×

સૌથી શ્રેષ્ઠ દાન કયું? તે વિષે સર્વ ધર્મોએ ફરી ફરીને એક વાત કહી છે. "ગુપ્ત દાન શ્રેષ્ઠ દાન છે."

જવાનો. આ પ્રકારની ભ્રમણાને વશ થઇને જે દીક્ષા માંગતો આવ્યો તેની પૂર્વ તૈયારીનો વિચાર કરવાની દીક્ષા આપનાર કેટલાક સાધુઓ જરા પણ જરૂર જોતા નથી. દીક્ષા એ જીવનનું મૌલિક પરિવર્તન છે. એ કાંઇ લડાઇમાં લડવા જવા માટે ઉતેજાયલો ક્ષણજીવી જુસ્સો નથી. એ સંગીન અને જીવનના અન્ત સુધી એક સરખી રીતે ટકી રહે તેવો માનસિક, વાચિક અને કાયિક ત્યાગમાર્ગ છે અને તેવો ત્યાગ મર્મવ્યાપી ઉંડા વૈરાગ્ય વિના કદિ ટકી શકતો જ નથી. આવી યોગ્યતા દીક્ષા લેનારમાં છે કે નહિ તે પોતા માટે તેમજ સમાજ માટે નિર્ણીત કરવાને અર્થે દીક્ષા લેવાને તત્પર થયેલાએ દીક્ષા લીધા પહેલાં બે ત્રણ વર્ષ સુધી દીક્ષિત જેવું વ્રત પચખ્ખાણ પરાયણ ત્યાગી જીવન ગાળીને પોતાની યોગ્યતા સિદ્ધ કરી બતાવવાની ખાસ જરૂર રહે છે. આ ગાળામાં ધર્મશાસ્ત્રોનું સંગીન અધ્યયન પણ દીક્ષાના ઉમેદવારે કરવાનું રહે છે. દીક્ષિત સાધુ સમાજમાં વન્દનયોગ્ય પ્રતિષ્ઠા પામે છે. આ વન્દનયોગ્યતા માત્ર વેશપરિવર્તનથી આવતી નથી પણ એ સામાન્ય માનવીની સરખામણીએ દીક્ષા લેનારમાં મહંતવના અન્તરપલટાની અપેક્ષા રાખે છે. આ અન્તરપલટો પણ દીક્ષા લેનારની પૂર્વતૈયારી સાથે જ ગાઢ સંબંધ ધરાવે છે. દીક્ષા લેનાર સશંકિત અને બુદ્ધિશાળી હોવો જોઇએ અને તો જ તે દીક્ષા જેવું કઠિન વ્રત પાળી શકે અને તેના માટે સમાજને આદરભાવ આવી શકે. આજે તો જેમ ખોડાં ઢોર નિભાવવાને પાંજરાપોળો ઉભી કરવામાં આવે છે તેમજ આજના નિર્માલ્ય અને બુધ્ધિજડ સાધુઓનાં વૃંદો નિહાળીને સાધુસંસ્થા માણસોની જાણે કે પાંજરાપોળો ન હોય એવો આપણને ભાસ થઇ આવે છે.

(અપૂર્ણ)

–પરમાનંદ.

(પૃષ્ટ ૨૪ થી ચાલુ)

કહે છે કે તેમસૂરી કે બીજા કોઇ પણ સૂરીને કોણ શું કરવાના છે? એ રાજાને પણ સાંભળવાના નથી. હું એમને દરવાજે અનશન કરી મરી જઇશ તો પણ એમની અહિંસા કદી એમના મનમાં પ્રેમ, દયા અથવા સત્ય આવવા દેવાની નથી. એવા પંચ મહાવ્રત ધારકને મારી આખરી વિનંતી છે કે મારો છોકરો આપશો નહીં કેમકે હું એને ઉછેરું એવી હાલતમાં નથી. ભલે તમારા પાસે રાખો પણ મને મરવાના પહેલાં એકજ વખત દુરથી પણ મોહું જોવા દો. હું કાંઇ પણ કરી શકું કે કરાવું એવી હાલતમાં નથી આખરે મારી અનાથ વિધવા ગરીબ બેહુંત મજુરણની આ છેવટની મરતી વખતની ઇચ્છા પુરી કરવા પાછી પાછી કરગરીને વિનંતી છે એ ઓ શેતુંજ્યના દાદા તું પુરી કર એમ કહું છું.

મોંઘીબાઇ કચરા રેવાસી કચ્છ વાગડમાં ગામ ખારોઇ વાલીની સઇ દા. દોસી ડામજી હંસરાજ.

ગોરીબાઇ તથા મોંઘીબાઇ રૂબરૂ કહેવાથી સઇ કરી આપી છે. વૈસાક સુદ ૨ ગુરૂવાર સં. ૧૯૯૬.

બાઈ મોંઘીબાઈની કમનસીબ કહાણી

અયોગ્ય દીક્ષાના ખપ્પરમાં અપાયલી ધણીની આહુતિ

(અયોગ્ય દીક્ષાની પ્રથાએ અનેકનાં ઘર ભાંગ્યા છે, અનેક સ્ત્રીઓને નધણીયાતી કરી છે અને અનેક માતાઓને છતે દીકરે વંધ્યા બનાવી દીધી છે. આ નીચે આપેલ એવો જ એક કમકમાટી ઉપજાવે તેવો કીસ્સો છે. તેમાં મોંઘી બાઇ નામની એક કચ્છી બાઇએ પોતાની કમનસીબ કહાણી જેવી કહી તેવી પાલીતાણામાં આવેલા જીવન નિવાસના મુનીમ શ્રી હામજી હંસરાજે નોંધી છે અને માલેગાવવાળા સુવિખ્યાત શેઠ કીસનદાસ ભુખણદાસે અમારી ઉપર મોકલી આપી છે. આ કરૂણ કીરસા સાથે સૂરીસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીનું નામ જોડાયલું છે. અહિંસા ધર્મનો એક પ્રચારક વધારવા માટે આટલી બધી હિંસા ધર્મસંમત બની જતી હશે ખરી? બાળ દીક્ષાના સમર્થકો અને વડોદરા રાજ્યના કાયદાના વિરોધીઓ આખા પ્રશ્નને અહિંસાની દૃષ્ટિથી કદિ નહિ જ વિચારે ? તંત્રી.)

હું બાઇ મોંઘી મરદ શામજી ગોવા ગામ ખારોઇ, કચ્છ વાગડ તાલુકો ભચાઉ જીલ્લો કચ્છ વાગડની રહીશ હાલ હું મારી ગરીબીના કારણે મજુરી કરવા માટે શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં [હું શ્રાવક હોવાથી] આજે આઠ માસથી આવી છું. સાથે મારો ધણી અને મારો રત્ન જેવો દીકરો વરસ સાતનો હતો. અમોએ પહેલા બે ત્રણ માસ અમારાથી બની તે મજુરી કરી, કેમકે તે વખતે ચોમાસુ હોવાથી અમો બંને ધણી ધણીઆણી બાપુ સાહેબ માધવબાપુની ધર્મશાળામાં ચોમાસુ કરવાને રહેલા. જત્રાળુનું કામ કરી પેટ ભરતા હતા. પછી શેઠ મોતી સુખીઆની ધર્મશાળામાં મુનિરાજ શ્રી. કંચનવિજયશ્રી ઉપધાન તપ કરાવવાનો ઢંઢેરો થયો. તે વખતે અમારા ગામ તરફનો એક માણસ અરજણ વાલજી તથા પુનસી વાલજી આ અમારા નાતના બંને ભાઇઓએ મને એમ સમજાવ્યું કે આ મજુરીથી શું મળે છે? ઉપધાનમાં દાખલ થાય તો તારે ખાવા પીવા સારૂં સારૂં મળશે, લાણીમાં પણ મળશે, તમને પેરવાને કપડાં લુગડાં બધા અપાવીશું. ધરમ થશે. એવી લાલચો બતાવી મને ઉપધાનમાં બેસારી. (જો કે મને એક શ્રી નવકાર મંત્ર જ આવડે છે. તે પણ ઉપધાનમાં બેઠા પછી ભણ્યા) તેના લીધે મારે મારા ઘેર જવાનું બંધ થયું અને તેમાંથી માળ પેરીને ઘેરે આવી ત્યાંતો મારા ધણી બીમાર થયા તેને લીધે કલકતાના બાપુ શેઠ અમોને ખાવા તથા દવા અપાવતા કેમકે મારાથી તપસ્યાના લીધે મજુરી થાય નહીં. ધણી બીમાર એ પણ મજુરી કરી શકે નહી. આ અમારી લાચારીનો પુરે પુરો ખ્યાલ ઉપર જણાવેલા અમારા ગામના બન્ને ભાઈ અરજણ તથા પુનસીને હતો. તેણે મને વખત મળે ત્યારે એમ કહેવા માંડયું કે તારા ધણી તો છે ને નથી સરખા છે. તો તમો પછી કયાં કમાવા જાશો? માટે છોકરાને સારા કોઇ મહારાજ પાસે મુકો તો તમારૂં સુધરી જશે. તે દરેક વખતે અમોએ ના પાડી કે અમારે સાધુને છોકરો આપવો નથી. તો પણ એ ભાઇઓ અમારી ગરીબીની હાલતનો લાભ ઉઠાવી છોકરાને ખાવાની લાલચ આપી કોઇ મહારાજ પાસે લઇ જાય. એને નવકાર તથા પંચ દીય એમ બે સૂત્ર ભણાવ્યા હતા. એવામાં પેલો અરજણભાઇ મારા ઘેરે મહાવદ ૪ ના સાંજે આવીને કહેવા લાગ્યો કે–

"તમારે બાજરો જોઇએ છે તો આ લ્યો." એમ કહીને ૫ શેર બાજરી, ૩ શેર મગ, ને ૨ શેર તુવરની દાળ એમ દસ શેર અનાજ આપીને પછે કહેવા લાગ્યો કે છોકરાને ભણવા માટે મહારાજ પાસે મુકો. એનો ભવ સુધરશે ને તારો ભવ સુધરશે–

આમ કીધું ત્યારે મેં એને કીધું કે એ નાનો છે ને એનો બાપ એને ભણાવશે. મારે મહારાજ પાસે છોકરો મેલવો નથી. આમ ચોખું કીધા પછે તે ઊઠી ગયો ને બીજે દાડે મારા જોડે રહેનારા અમારા દેશના ભાઇ મુરજી ઊકાની સાથે મારો છોકરો પુજા કરવા તળેટી ગયો. ત્યાંથી એ પાછા આવ્યા તો તેમના જોડે મારો છોકરો નામે વીરચંદ આવ્યો નહી. જ્યારે મે પુછ્યું તો તે કહેવા લાગ્યા કે એ કયાં ગયો તેની ખબર નથી. ડુંગર ઉપર ગયો કે શું થયું તેની ખબર નથી. તે કારણથી અમો તળેટીએ જોવા ગયા. બધે જોયુ. કયાંએ પત્તો જડયો નહીં. તેજ દાડે સાંજે અમોએ ફોજદારને કીધું. ડુંગર તપાસ-રાવ્યા. કુવા વાવડી તપાસાવી. કયાંએ પત્તો જડયો નહીં. આખરે બીજે દહાડે પાછો પેલો અરજણ આવીને કાંઇ કાંઇ વાતો કરવા લાગ્યો. તેથી મારો તો પુરો શક એના ઉપર આવ્યો ને તે મુજબ હું ફોજદાર સાહેબ તથા કારખાને [આ. ક. પેઢી] કીધું. કાંઇ પત્તો લાગ્યો નહીં આવી રીતે ૨૦–૨૫ દહાડા ગયા બાદ એવી ખબર પડી કે અમદાવાદમાં કોઇ છોકરો વગર ધણીયાતો છે. તેથી કેમે કરી ભાડાનો બંદોબસ્ત કરી છોકરાનો બાપ અમદાવાદ ગયા. ત્યાં છોકરો જોયો તો તે જુદો જ હોવાથી પાછા આવ્યા. પછી ખબર પડી શ્રી નેમસૂરી પાસે પછેગામમાં છોકરો છે તેથી વળી પાછા પછેગામ ગયા. ત્યાંના અપાસરા સામે એક વાણીઆને ત્યાં બેઠા છોકરો માળા પર જતો આવતો જોયો. તેટલામાં તો એક શિષ્ય એમની પાસે આવ્યા ને પુછ્યું કે કેમ શામજીભાઇ કેમ આવ્યા. તો એમણે કીધું કે હું દવા કરવા આવ્યો છું. એમ ખોટું બાનુ બતાવ્યું. તો પણ એમને એ શાનું સાચું લાગે? મહારાજને ખબર થઈ. મહારાજે તરત પોતાના અંગરક્ષક વિગેરેને કહ્યું. એમને અંદર આવવાની મના થઇ ગઇ. તેઓ અપાસરાના દર-વાજે જઈ મહારાજને વાંદવા જવા લાગ્યા, તો માણસોએ એમને મનાઇ કરી તેમણે વધુ કરગરીને કીધું તો તેમને ધકકા મારીને કાઢી મુકયા. આખરે તે પાછા ઘેરે આવ્યા. ને ત્યાંથી વળાગામ આવ્યા ને અપાસરામાં ઊતર્યા. ત્યાં તો બીજે દીવસે મહારાજ આવી ચઢયા ને શ્રાવકોને કીધું કે આ માણસને શા માટે અહીંઆ ઉતાર્યા છે એમ કહી ધમકાવ્યા. આખરે મારા ધણીને ત્યાંથી હાંકી કાઢયા. તો પણ એ પાછા મહારાજને વાંદવાના નિમિત્તે જવા લાગ્યા તો મહારાજના માણસોએ સારોજ માર માર્યો. તેથી પછે છેવટે એમણે મને અહીંઆ પાલીતાણે તાર કર્યો કે "છોકરો નેમસૂરી પાસે છે આવો, હું બીમાર છું" આવો તાર આવવાથી હું તરત મારૂં જે બે ચાર રૂપીઆનું દાગીનું હતું તે ભાંગી વળાગામ ગઇ. ત્યાં અપાસરાના સામે મારો ધણી બેસેલો હતો. ત્યાં હું ગઇ તો તરત ગામના સારા દેખાતા વાણીઆ આવ્યા. અહીંઆ કાં આવ્યા છો છોકરો નથી કાંઇ નથી. ચાલ્યા જાવ. આખરે ભેગા થયેલા વાણીઆઓએ ને એમના માણસોએ અમોને મારપીટ કરી હાકાલી દીધા. છેવટે અમો બન્ને જણા અહીંઆ પાછા રેલથી આવ્યા ને બીજે દાડે મારો ધણી એને બહુ માર લાગેલો હોવાથી મરણ પામ્યા ને હું એક ગરીબ ખેડુત મજુરણ કચ્છ વાગડની આપણા સ્વામીભાઇઓની સ્વામી ભકતી દયા ધરમના ધોરી એમના ભરોસા પર આ પવિત્ર ને શીતળ શત્રુંજયની છાયામાં પેટ ભરવા આવી ત્યાં મને એક નવકાર પણ ન આવડે એવી મને ઉપધાન કરાવ્યું, દાણા ખાવા મળ્યા, ને તપસ્યાતી કરી પુજાવા લાગી ને આખરે **બે ત્રણ મહિનામાં મારો પતિ ને દીકરો બેઈ બેશી ને રોતી કકળતી થઇ.** હવે મને કોઇ અનાજે આપતું નથી કે કામ આપતું નથી. હું લગભગ ગાંડા જેવી થઇ છું. પેટમાં ખાવાને નથી કે ઉભું રહે-વાને જગા નથી. કે મજુરી પણ મળતી નથી એવી થઇ છું. બધા

(અનુસંધાન પૃષ્ટ ૨૩)

નાસીક

પુના અને નાસીક મહારાષ્ટ્રનાં બે મુખ્ય શહેરો છે. પુના તો મહારાષ્ટ્રનું પાટનગર ગણાય, પણ ધાર્મિક કેન્દ્રસ્થાન તરીકે નાસીકની મહત્તા ઓછી ન ગણાય. પુનાની પ્રતિષ્ટાનો પ્રારંભ શિવાજી અને પેશ્વાઓના સમયથી. ગોદાવરી તીરે આવેલ નાસીકની પ્રતિષ્ટા ઘણી જ પુરાતન. આધુનિક કેળવણીનું પુના સુપ્રતિષ્ઠિત મથક. નાસીક પણ એ દિશાએ આજે ઠીક ઠીક પ્રગતિ કરી રહેલ છે.

હિંદુ ધર્મની મુખ્ય ત્રણ શાખાઓ બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ. બ્રાહ્મણ ધર્મની બે ઉપશાખાઓ વૈષ્ણવ અને શૈવ. વૈષ્ણવ સંપ્રદાયના બે અધિષ્ટાતા દેવો, ભગવાન કૃષ્ણ અને મર્યાદાપુરુષોત્તમ શ્રી રામચંદ્ર. મથુરા અને દ્વારિકાનો કૃષ્ણના જીવનચરિત્ર સાથે સંબંધ. તેવી જ રીતે અયોધ્યા અને નાસીકનો શ્રી રામચંદ્રના જીવન સાથે સંબંધ. યમુનાતટ ઉપર આવેલ મથુરામાં જાઓ કે નીલાંબર સમુદ્રતટ ઉપર આવેલ દ્વારિકામાં જાઓ. બન્ને સ્થળે જ્યાં ત્યાં રાધા કૃષ્ણનાં જ મંદિરો અને રાધાકૃષ્ણના જીવનપ્રસંગો સાથે જોડાયલા પુણ્ય સ્થળો જોવા મળવાનાં. આવી જ રીતે સરયુતટ ઉપર આવેલ અયોધ્યા કે ગોદાવરીતટ ઉપર વસેલ નાસીકમાં જ્યાં ત્યાં રામમહિમા જ દૃષ્ટિગોચર તેમજ શ્રવણગોચર થવાનો.

ગોદાવરી, પંચવટી, તપોવન, દંડકારણ્ય આ બધાં સ્થળોને રામના વનવાસી જીવન સાથે કેટલો બધો ગાઢ સંબંધ છે ? રામચરિત્ર અને નાસીકનો તે ચરિત્ર સાથેનો સંબંધ ખરેખર ઐતિહાસિક છે કે નહિ એ વિષે ગમે તેવા મતભેદો અને મતમતાન્તરો પ્રચલિત હોય, પણ લોકમાનસમાં આજ સુધી સીતારામ જીવતા જાગતા છે જ અને નાસીકની આસપાસના પ્રદેશોમાં ફરતાં ફરતાં એ પુણ્યાવતારની જીવનલીલા આપણી કલ્પના સમક્ષ એટલીજ જીવતી જાગતી ખડી થયા વિના રહેતી નથી. શ્રી રામચંદ્ર અહિં રહેતા હતા, શુર્પણખા અહિં આવી હતી, રાવણ સીતાજીને અહિંથી ઉપાડી ગયો હતો, આ સરોવરમાં સીતાજી નહાતાં હતાં—આમ ભિન્નભિન્ન સ્થળોની સ્વાભાવિક રમ્યતા રામચરિત્ર સાથે જોડાયલી જણાતાં અધિકતર મોહક બને છે. અનેક ભાવિક નરનારીઓ નાસીક આવે છે અને રામ સીતાના આદર્શની પોત પોતાના ચિતમાં પુનઃ પુનઃ પ્રતિષ્ઠા કરે છે.

નાસીકની આસપાસનો પ્રદેશ ખરેખર બહુજ સુન્દર અને આકર્ષક છે. લગભગ અઢાર માઇલ ઉપર આવેલ ત્ર્યંબકની બાજુના પર્વતમાંથી નીકળેલી ગોદાવરીનો નાસીકના આંગણામાં થઇને વહેતો પ્રવાહ કેવળ બાલ્યાવસ્થાનો જ ગણાય, એમ છતાં પણ નાની મોટી શિલાઓ અને ખડકો વચ્ચે થઇને આમ તેમ વહેતાં ગોદાવરીપ્રવાહની મોહકતા ખરેખર અનુપમ લાગે છે. એજ ગોદાવરી વધતે વધતે વિશાળકાય બનતી બનતી રાજમહેન્દ્રી આગળ બંગાળાના ઉપસાગરને મળે છે. નાસીક આગળ જ મંદ મસ્ત દેખાતો પ્રવાહ સાગરસંગમના સ્થળે કેટલો બધો ભવ્ય અને અદ્‌ભૂત લાગતો હશે !

સિદ્ધક્ષેત્ર ગજપન્થા

હિંદુધર્મના તિલક સમા રામચંદ્રજીથી અધિષ્ઠિત થયેલી આ નગરીની ઉત્તરે તેમજ દક્ષિણે હિંદુધર્મની જૈન તેમજ બૌદ્ધ શાખાના એક એક તીર્થસ્થાન આવેલ છે અને એ રીતે નાસીક હિંદુધર્મની ત્રણે મુખ્ય શાખાઓનો સુંદર સમન્વય રજુ કરે છે. નાસીકની ઉત્તરે ચારેક માઇલ દુર જૈન તીર્થસ્થાન છે જે સિધ્ધક્ષેત્ર ગજપંથાના નામથી ઓળખાય છે અને જે દિગંબર વિભાગમાં બહુમાન્ય અને સુવિખ્યાત છે. ઉનાળાની રજાના દિવસોમાં સહકુટુંબ થોડા દિવસ નાસીક રહેવા જવાનું બનેલું. એક દિવસ સાંજે ગજપંથાજી જવાને અમે ઘોડાગાડી ભાડે કરીને નીકળ્યા. ચારેક માઇલ ઉપર 'મહુર' નામનું એક નાનું ગામડું આવે છે. ત્યાં એક મોટું જૈનમંદિર છે અને ધર્મશાળા છે. યાત્રાળુઓ અહિં જ આવીને ઉતરે છે અને રહે છે. મંદિર સાદુ સુન્દર છે. ચોકમાં આરસનો બહુ જ આકર્ષક એક ધર્મસ્થંભ છે. અડધોએક માઇલ ગજપંથાની ટેકરી છે. ટેકરીનું ચઢાણ શરૂ થાય છે ત્યાં પણ એક નાનું મંદિર છે. ટેકરી ત્રિશંકુ આકારની એકદમ સીધી છે. ઉપર સુધી પગથિયાં બાંધેલાં છે. પણ ચઢાણ જરા આકરું છે. કેટલાંક પગથિયાં તો એક ફુટ-દોઢ ફુટના છે. ટેકરીની ટોચથી થોડે નીચે મંદિર બાંધેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં ભગવાન પાર્શ્વનાથની ઉંચી ભવ્ય કાળી પ્રતિમા જમણી બાજુએ નજરે પડે છે. એ મૂર્તિ એક ગુફામાં વિરાજે છે અને ટેકરીના કાળા પથ્થરમાંથીજ આખી કોરી કાઢેલી છે. આગળ ચાલતાં બીજી બે ગુફાઓમાં પણ નાની મોટી છુટી છુટી મૂર્તિઓ ગોઠવાયલી છે. બહારથી નાનાં નાનાં બે ત્રણ મંદિરનો દેખાવ કરવામાં આવ્યો છે. પણ ખરી રીતે તો બે ત્રણ ગુફાઓજ દેવસ્થાન બની રહેલ છે. આ નાનાં નાજુક દેવસ્થાનો, કોઇ પણ વસ્ત્રાભૂષણો કે ટીલાં ટપકાંથી વિકૃત નહિ થયેલી તીર્થંકરોની મૂર્તિ, મૂર્તિના દર્શનની આડે આવે એવું કશું રાચરચીલું કે શોભા શણગાર હોય જ નહિ, શુદ્ધ અનુકરણ યોગ્ય સાદાઈ, પવિત્રતા ભર્યું વાતાવરણ, અખંડિત શાન્તિ; સાયંકાળનો વખત હતો. સૂર્ય અસ્તાચળ તરફ નમતો જતો હતો; તેનો આછો તડકો માઇલોના માઇલ સુધી પથરાયલો પડયો હતો. ત્રિશંકુ જેવી આ ટેકરીનો પડછાયો પણ બે ત્રણ માઇલ સુધી લંબાઇ રહ્યો હતો. પવન મંદ મંદ ફરકી રહ્યો હતો. પશ્ચિમ ઘાટની શિખરાવલિ ક્ષિતિજને શોભાવી રહી હતી. આસપાસ ફર્યા; મંદિરમાં બેઠાં; ભગવાનનું સ્તવન કર્યું; અપૂર્વ આનંદ-અનુપમ-શાન્તિ અનુભવતાં અનુભવતાં ઓસરતા જતા પ્રકાશમાં અમે નીચે ઉતર્યા.

આ મંદિર અને તેની અંદર પ્રતિષ્ઠિત દેવમૂર્તિની સાદાઈ સાથે શ્વેતાંબર મંદિરો અને મૂર્તિઓના હાઇમાઢની સરખામણીનો વિચાર મનમાં એકાએક સ્ફુરી આવ્યો અને શ્વેતાંબરોએ વીતરાગ ભગવાનની મૂર્તિની ભાતભાતના આંગી આભૂષણોથી કેટકેટલી વિડંબના કરી નાંખી છે તેનો આબેહુબ ખ્યાલ મન ઉપર તરી આવ્યો. મૂળ મતભેદ તો મૂર્તિને કચ્છનો આકાર રાખવો કે નહિ એટલોજ, પણ એક કચ્છની પાછળ કેટકેટલી વસ્તુઓ દાખલ થઇ ગઇ છે અને વીતરાગની મૂર્તિને કેટલી બધી સરાગ અને સપરિગ્રહ બનાવી દેવામાં આવી છે ? શ્વેતાંબર સંપ્રદાયમાં અનેક પંડિતો અને અનેક આચાર્યો થઇ ગયા; પણ આ વિકૃતિનું તો કોઇએ કદિ નિવારણ કર્યું જ નહિ ? જે મૂર્તિ તે પાછળ રહેતા અધિષ્ઠાતા દેવનું દર્શન કરાવી ન શકે એ મૂર્તિનો ઉપયોગ શું ? મૂર્તિ ઉપર ઉઘાડી આંખ સૂચવનારાં ચક્ષુઓ ચોડીને મૂર્તિની ધ્યાનનિમગ્નતા નષ્ટ કરી; આંગીઓ ચઢાવી મૂર્તિનું નિષ્પરિગ્રહપણું આવરી લીધું; હીરા મોતી માણેકના દાગીનાં પહેરાવીને તેના સંન્યાસ-ત્યાગને લુપ્ત કરી નાંખ્યો. જાકીટ અને ઘડિયાળ પહેરાવીને તેની સર્વ વિશેષતાનો નાશ કર્યો. કળા, કલ્પના કે ધાર્મિકતા—આ સર્વે દૃષ્ટિએ સ્પષ્ટ ભાસતી તીર્થંકર

આરોગ્ય પ્રદર્શન

ગયા મે માસ દરમિયાન મુંબઇમાં ગોવાળિયા ટેંકના મેદાનમાં એક આરોગ્ય પ્રદર્શન મ્યુનિસિપાલિટી તરફથી ભરવામાં આવ્યું હતું. જો કે આ વિષયના ખાસ જાણકારોને તે પ્રદર્શન બહુ સામાન્ય લાગ્યું હતું; પણ મને તે બહુ ગમ્યું હતું તેથી હું તે બે વખત જોવા ગયો હતો. પ્રદર્શનો તો મુંબઇમાં ખુબ ભરાય છે, પણ બાળક અને વૃદ્ધ, સ્ત્રીઓ અને પુરૂષો-સૌને એક સરખું ઉપયોગી એવું પ્રદર્શન તો મારા ખ્યાલથી આ સૌથી પ્રથમ છે. તેનો વિષય જીવનને સ્પર્શ કરતા બીજા બધા વિષયોમાં ઉપયોગિતાની દ્રષ્ટિએ પ્રથમ સ્થાને આવે છે. તેથી આવા પ્રદર્શનની ખુબ જરૂર જણાયા કરતી હતી. વળી મુંબઇ જેવા શહેરમાં કે જ્યાં રહેવાને પૂરતી જગ્યાના અભાવે ખીચોખીચ ખડકાઇને રહેવું પડે છે, ખાવાને ચોકખી ચીજો મળતી નથી, શ્વાસ લેવાને શુદ્ધ હવા હોતી નથી, સૂર્યનાં અને પ્રકાશનાં સ્નાન કે પાન કરાતાં નથી, દુકાળમાં જીવનને ટકાવવાની જ્યાં ઓછામાં ઓછી સગવડતા છે તેવા મુંબઇમાં તંદુરસ્તીનું પ્રદર્શન કેટલું આવકારદાયી અને સ્તુત્ય છે? ખરેખર મુંબઇવાસીઓ તરફથી મ્યુનિસિપાલિટીને આ માટે ધન્યવાદ ઘટે છે.

પ્રદર્શનની શિક્ષણની દૃષ્ટિએ ઉપયોગિતા

આ પ્રદર્શનમાં કેટલો ખર્ચ થયો, કુલ કેટલા માણસોએ લાભ લીધો, મ્યુનિ. ઉપર આ સ્તુત્ય પગલાની શી અસર થઇ તે તો તેનું મોટું ખાતું કદાચ રિપોર્ટ બહાર પાડશે ત્યારે જ જણાશે. પણ પ્રદર્શનમાં શું શું હતું, લોકોને માટે તેણે કેવું કામ કર્યું, લોકો તરફથી તેને કેવો આવકાર મળ્યો એ બધું તો સ્પષ્ટ જોઇ જાણી શકાયું છે. પ્રદર્શન એક સપ્તાહને બદલે બે સપ્તાહ ચાલુ રાખવું પડ્યું એ સૂચવે છે કે લોકોએ ધાર્યા કરતાં વધારે પ્રમાણમાં લાભ લીધો છે, તેમને તે બહુજ લાભપ્રદ અને બોધપ્રદ નીવડ્યું છે અને મ્યુનિ. ના આ પગલાની તેમણે મુક્ત ભાવે પ્રશંસા કરી છે.

પ્રદર્શનમાં જુદા જુદા વિષયોને સ્પર્શતા તુલનાત્મક નમુનાઓ હતા. અનેક વિધ બોધપ્રદ ચિત્રો હતા. દરેક વિષયની સમજણ આપતી અતિ સંક્ષિપ્ત લેખન પાટીઓ હતી. મેજીક લેન્ટર્ન દ્વારા લોકોને જુદા જુદા રોગોની ઉત્પત્તિનો, તેમના વિનાશના ઉપાયો વગેરેનો બોધ અપાતો. જુદા જુદા ડોકટરોનાં જુદી જુદી ભાષાઓમાં જુદા જુદા વિષયોપર બોધપ્રદ પ્રવચનો થતાં. ટુંકામાં મોન્ટીસોરી પદ્ધતિના ગમ્મત સાથે જ્ઞાન આપતા આદર્શ બાળમંદિરની માફક આ પ્રદર્શન એક આદર્શ માનવમંદિર હતું.

તેમાંના સ્વચ્છ અને ગંદા ઘરના જાજરૂના અને પ્રસૂતિગૃહના નમુનાઓ જોનારના મનમાં પ્રવેશ કરી જતાં અને શાંત ભાવે જોતાં માનવીના મનોમંદિરને ક્ષુબ્ધ કરી મુકતાં. ટાઇફોઇડ, મેલેરિયા, ક્ષયરોગ, મરકી કે રકતપિત્ત જેવા દરદોનો ચિત્રો અને લખાણ દ્વારા સહેલાઇથી પરિચય મળી જતો હતો. આદર્શગૃહવ્યવસ્થાનું પ્રદર્શન એક અતિ સુંદર, સુઘડ અને વ્યવસ્થિત ઘરના નમુના દ્વારા કરવામાં આવ્યું હતું. હું ધારૂં છું કે દરેક સામાન્ય સ્થિતિનું કુટુંબ કે જે થોડી જગ્યામાં સારી વ્યવસ્થા રાખવા મથી રહ્યા કરતું હશે તેના મન ઉપર તેણે ભારે છાપ પાડી હશે. જ્યાં ત્યાં થુકવાની, ગળફો ફેંકવાની કે નાકની લીટ ઉડાડવાની આપણી અતિ સામાન્ય ટેવને ત્યાં સારી રીતે ટકોર કરવામાં આવી હતી. કેમ દાંત સાફ કરવા, કેમ, કેટલું અને કેવું ખાવું, કેમ બેસવું, કપડાં કેમ પહેરવાં અરે પાયજામાની, ધાબરાની કે ચડ્ડીની નાડી સુધ્ધાં કેમ બાંધવી એવી નાની મોટી બધી નિત્યોપયોગી હકીકતોનું વૈજ્ઞાનિક રીતે જ્ઞાન કરાવ્યું હતું.

ભારે ખર્ચે તૈયાર કરેલ આ પ્રદર્શનની ખાસ વિશેષતા એ હતી કે તેની પ્રવેશ ફી ન હતી. તેથી સામાન્ય અને ગરીબ લોકોને જોવાની ઘણી પ્રેરણા મળી હતી. ભવિષ્યમાં પણ મ્યુનિ. એ પોતાની આ નિઃશુલ્ક બતાવવાની નીતિ ચાલુ રાખવી જોઇએ. તેની અનેક ફરજોમાંની લોકોને સ્વચ્છતા રાખતા શીખવવાની પણ એક ફરજ છેજ. તેથી ભવિષ્યમાં પણ આવાં પ્રદર્શનો ભરાતાં રહેશે એવી આશા વધારે પડતી તો નજ કહેવાય.

પ્રદર્શનનો લાભ લેનારાઓએ તેના અંકો અને હસ્તપત્રોનો અભ્યાસ કરી પોતાના વ્યવહારમાં વહેલામાં વહેલો જરૂરી ફેરફાર કરવો જોઇએ કે જેથી પોતે નીરોગી બની આસપાસનાંઓને તેમ બનવામાં પ્રેરણારૂપ બને. જીવનનું સર્વ પ્રથમ આવશ્યક સુખ નીરોગિતા છે. તંદુરસ્ત શરીર જ આપણું ધન છે. તેજ આપણું ધર્મ સાધન છે. અફસોસની વાત એ છે કે મુંબઇમાં માણસો પોતાના જીવનપોષક તત્વોની શુદ્ધતા સંબંધી વિચારો જ કરતા નથી. ભૈયો દૂધ આપી જાય, આપણે ગટગટાવી જઇએ. મોદી ઘી, તેલ દઇ જાય અને પતિના સુખેસુખી અને દુઃખે દુઃખી થતી આપણી સ્ત્રીઓ તેને રાંધી આપણી સામે મૂકે અને આપણે લુસપુસ ખાઇને ચાલતા થઇએ. આવી દયામણી સ્થિતિમાંથી આવાં પ્રદર્શનોના શિક્ષણદ્વારા જો આપણી બધી રહેણી કરણી સુધારીશું તો આપણે સુખી અને તંદુરસ્ત બનશું અને આપણી ભાવી પેઢીને પણ આશીર્વાદ રૂપ બનશું.

પં. ખુશાલદાસ.

દેવની મૂર્તિની આ વિડંબના આજે પણ કોઇને કઢંગી લાગતી નથી કે જરા પણ ખુંચતી નથી અને મૂર્તિ પાછળ મંદિરોનો ભભકો પણ વધ્યે જ જાય છે એ ખરેખર માનસશાસ્ત્રીની દૃષ્ટિએ એક મોટો કોયડો છે.

આવા વિચારો ચિન્તવતા અને ચર્ચતા અમે અમારી ગાડી પાસે આવી પહોંચ્યા, અંધારૂં થઇ ગયું હતું. આકાશમાં શુકલ પંચમીનો ચંદ્ર અને શુક્ર ચળકી રહ્યાં હતાં. આખો પ્રદેશ લગભગ નિર્જન હતો. ગાડીમાં બેઠા કે ગાડીવાળાએ અમને લીલી દ્રાક્ષનો એક ઝુમખો આપ્યો. મે તે સ્વીકારતા સંકોચ દર્શાવ્યો. ગાડીવાળો કહે કે 'હું આજે કોઇ ઓળખીતાની વાડીએ ગયો હતો. વાડીવાળાએ દ્રાક્ષના બે ઝુમખા મને આપ્યા હતા. એક હું ખાઇ ગયો. અહિં આવ્યો એટલે મને થયું કે અહિં તો તમને પાણી બાણી નહિ મળે. ઉપર ચઢી ઉતરીને આવશો એટલે તમે થાકી ગયા હશો-તરસ્યા થયા હશો તેથી આ ઝુમખો મેં ખુલ્લો હવામાં રાખી મુકયો છે. તે ગરમ હતો તે હવે ઠંડો થઇ ગયો છે તો તમને જરૂર કામ લાગશે!' ગાડીવાળાની આ ભાવભરી ભેટથી અમને ભારે આશ્ચર્ય થયું. અમારી અને તેની ઓળખાણ કેટલી? નાસીક શહેરમાંથી તેની ગાડીમાં અમે બેઠા ત્યારથી અહિં સુધીની. રસ્તામાં તેના સુખદુઃખની કેટલીક વાતો પુછેલી. એટલોજ અમારો અને તેનો સંસર્ગ. ગાડીવાળો જાતનો મુસલમાન-પણ હિંદુ મુસલમાન તો ઉપરના ભેદો. દરેકની અંદર તો એકજ આત્મા અને એક સરખી માનવતા ભરેલી હોય છે. ગાડીમાં બેઠા અને અમારામાં તેણે સહાનુભૂતિનો અનુભવ કર્યો. એ અનુભવે તેનામાં માનવતા જાગૃત કરી અને તે તેના ભાવભર્યા મીઠી દ્રાક્ષના ઝુમખામાં મૂર્તિમન્ત બની. ગાડી છોડતી વખતે ફરાવેલ ભાડા ઉપરાંત દ્રાક્ષના બદલામાં મેં બે આના આપવા માંડ્યા, પણ તે બે આના તો તે કાંઇ લે ખરો! નાનો સરખો બનાવ અને નાની સરખી વાત, પણ તેની અમારા દિલ ઉપર સચોટ છાપ પડી ગઇ. **પરમાનંદ**

(અપૂર્ણ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આને. | શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર | Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ

વર્ષ : ૨
અંક : ૪

મુંબઇ : ૧૫ જુન ૧૯૪૦ શુક્રવાર

લવાજમ રૂપિયા ૨.

નાસીક

પાંડવગુફા (ગતાંકથી ચાલુ)

નાસીકની [illegible] માઇલ ઉપર બોમ્બે આગ્રારોડની [illegible]ની ઉભેલી છે. ડાબી બાજુની ટેકરી મોટી છે, જમણી બાજુની ટેકરી નાની છે. મોટી ટેકરી ઉપર એક લાઇનમાં [illegible] નાની મોટી ગુફાઓ છે. આ ગુફાઓ 'પાંડવગુ[illegible]' તરીકે ઓળખાય છે. અને ગુપ્તવાસ દરમિયાન પાંડવો [illegible] એમ આપણને [illegible] આવે છે. કેટલીક [illegible] નાની મોટી મૂર્તિઓ છે. આ મૂર્તિ યુધિષ્ઠિરની છે, આ અર્જુન છે, આ ભીમ છે, આ કૃષ્ણ છે એમ જુદી જુદી મૂર્તિઓને મહાભારતના કેટલાક પાત્રો સાથે જોડી દેવામાં આવેલ છે અને એ રીતે એ બાજુ જોવા આવનારની ધર્મશ્રદ્ધામાંથી પાઇ પૈસો ખેરવવામાં આવે છે. પણ કોઇ પણ થોડું ઘણું સમજનારને પ્રથમ દર્શને જ માલુમ પડી આવે છે કે આ ગુફાઓ અને તેમાં પ્રતિષ્ઠિત થયેલી દેવમૂર્તિઓને પાંડવો સાથે કશો સંબંધ છે જ નહિ. જેણે કેનેરી, કાર્લા, કે અજન્ટાની ગુફાઓ જોઇ હશે તે આ ગુફાઓનું શિલ્પ, કોતરકામ, બાંધણી તેમજ મૂર્તિઓના આકારો જોઇને તુરત જ કહી દેશે કે આ બધી બૌદ્ધ ગુફાઓ છે અને તેમાંની સર્વ મૂર્તિઓ ભગવાન બુદ્ધની અથવા તો તેમના જીવન સાથે સંબંધ ધરાવતી ભિન્ન ભિન્ન વ્યક્તિઓની છે. આ રીતે આ સ્થળ બૌધ્ધોનું અને ભગવાન બુધ્ધ વિષે આદરમાન ધરાવતા સર્વ કોઇનું યાત્રાસ્થાન બની રહેલ છે.

અક્ષયતૃતીયાનો દિવસ હતો. આગળથી નક્કી કરેલી યોજના મુજબ સવારના નાહી ધોઇ તૈયાર થઇને બળદગાડીમાં બેસીને બધાંએ પાંડવગુફા જવું અને આખો દિવસ ત્યાં પસાર કરવો એવો અમારો કાર્યક્રમ હતો. પાંડવગુફા અમારા નિવાસસ્થાનથી સાતેક માઇલ દૂર હતી. સવારના નવેક વાગ્યે અમે ઉપડ્યા. પાંડવ ગુફા મેં આગળ અનેકવાર જોયેલી; એમ છતાં આજે ત્યાં જવાની અને ત્યાં આખી બપોર રહેવાની મારી આતુરતા પહેલા જેટલી જ ઉત્કટ હતી. રમણીય સ્થળોની એજ વિશેષતા છે કે પ્રત્યેક પરિચયે તે નવનવીનતાનો જ અનુભવ કરાવે. અમારા નિવાસસ્થાનથી થોડેક આગળ ચાલ્યા એટલે અમારી બળદગાડીએ પાકી સડકનો રાજમાર્ગ છોડયો અને પાંડવગુફા સમીપ લઇ જતા ગાડાના ચીલા ઉપર આગળ ચાલવા માંડયું. ગાડું પાલાવાળું હતું એટલે માથા ઉપરના તડકાથી અમે સુરક્ષિત હતા. પણ સમય ઉનાળાનો હતો. બાજુએ આવતો તડકો અમને ઠીક ઠીક તપાવતો હતો. પવનની લહરીઓ કોઇ ઠંડી તો કોઇ જરા ગરમ અવાર નવાર ફરકયા કરતી હતી અને પ્રવાસને પ્રસન્ન બનાવ્યા કરતી હતી. ધુળના પણ ગોટાઓ અમારાં નાક ગળાંને અવારનવાર ગુંગળાવ્યા કરતા હતા. આમ તડકો, પવન અને ધુળનો અનુભવ કરાવતો, સમુદ્રના ઉંચા નીચા મોજાં-ઓ ઉપર આમ તેમ ડોલા ખાતી હોડી જેવી સમઅસમ ચીલાઓ ઉપર આમ તેમ ઢળતી અને અંદર બેઠેલાઓને આગળ પાછળ ઉછાળતી બળદગાડીનો પ્રવાસ રોમાંચક લાગતો હતો. પાંડવગુફા અમારે મન એક યાત્રાનું સ્થાન હતું. જલદિ પહોંચવાની કે તુરત પાછા આવવાની કોઇને ઉતાવળ નહોતી. એક દિવસમાં અનેક સ્થાનો જોઇ નાંખવાની મોટરમાનસને અનુરૂપ અમને ઘેલછા નહોતી. યાત્રાની ભાવના સાથે બળદગાડીનો પ્રવાસ એટલો બધો સંગત લાગતો

અવળવાણી

આ દશા સદ્‌ગુરૂ થકી આવે, ભલા રે આ દશા૦ ટેક.
ઘાંચીને બાંધીને ફેરવે ઘાણી, જલ અગ્નિને તપાવે, હાંરે હરિ જલ૦
ઘોળી જળ વિણ ઘેાતીયું ધોવે, અન્ન મનુષ્યને ખાવે,
સોનારને સુવર્ણ તાવે : આ દશા૦ ૧
દેખાય નિત્ય વદનમાંહ્ય દર્પણ, જનનીને પુત્ર ઝુલાવે, હાંરે હરિ જનની૦
ગોવાળને ચારવા જાય ગોધો, સાપ ગરૂડને ડરાવે,
ઉંડે બાળકને ઉડાવે : આ દશા૦ ૨
તંગ ભીડે અસવારને તોરી, ઢોલીને ઢોલ બજાવે, હાંરે હરિ ઢોલીને૦
પુસ્તક બેસી પુરાણીને વાંચે, ખેડુતને બીજ વાવે,
બિન્દુ માંહ્ય સિન્ધુ સમાવે; આ દશા૦ ૩
સંપ કરી શ્વાન કાશીએ ચાલ્યા, ચોપગને ચાર્યા આવે, હાંરે હરિ ચોપગ૦
સિંહ ડર્યો સસલાની શેહમાં, જનની સુતાને ધાવે,
પાપી માંહ્ય ગંગા ન્હાવે, આ દશા૦ ૪
આંખ સુણેને દેખાય કર્ણે, વાયુને વૃક્ષ હલાવે, હાંરે હરિ વાયુને૦
કાજનું શિષ હલાલ કરે અજ, ધનુષને તીર ચલાવે,
કુંભારને ચાક ફિરાવે; આ દશા૦ ૫
પંગુ ગરૂડ સમો પંથ કાપે, મેરૂને કોડી ઉઠાવે, હાંરે હરિ મેરૂને૦
બોબડો વેદ ચારે ચટ બોલે, અભણ ભણ્યાને ભણાવે,
જીભ વિણ ગંધર્વ ગાવે; આ દશા૦ ૬
અગ્નિને ટાઢ બારે માસ પીડે, ભુખ્યાને લાંઘણ ભાવે, હાંરે હરિ ભુખ્યાને૦
ચિત્ર ઉડી ચિતારાને રંગે, થાળને દેવ ધરાવે,
રૂષિરાજ પથ્થર હસાવે; આ દશા૦ ૭

હરજીવન કુંવરજી ન્યવાડી.

હતો કે એ વખતે કોઇ ભોટરવાળો આવીને નિમંત્રણ આપે તો પણ વાહન બદલવાનું અમારામાંથી કોઇને પણ મન ન થાય. ચોતરફનો પ્રદેશ વૃક્ષ-વિરલ હોવા છતાં ઉંચાણ નીચાણ વાળો હોવાથી અને ચારે બાજુનું ક્ષિતિજ ઘણું ખરું નાની મોટી ગિરિમાળોથી આચ્છાદિત હોવાથી આસપાસનું દૃષ્ય અદ્‌ભુત અરણ્ય શોભા ધારણ કરી રહ્યું હતું. મધ્યાહ્ન કાળે અમે પાંડવ ગુફાની ટેકરી સમીપ પહોંચ્યા ઉપર ચઢ્યા. એક ઘણીજ વિશાળ ગુફા આરામ માટે પસંદ કરી.

આ ગુફાના ગર્ભાગારમાં ભગવાન બુધ્ધની બેઠેલી અને ઉપદેશ આપતી એક ભવ્યમૂર્તિ છે. બન્ને બાજુએ એક ઉભી મૂર્તિ છે. આવી એક જ રીતે ગર્ભદ્વારની બન્ને બાજુએ એક મોટી અને એક નાની એમ બબ્બે મૂર્તિઓ નજરે પડે છે. આ મૂર્તિઓ દ્વારપાળ જેવી લાગે છે. આ ગુફા સહેજે હજાર માણસોની સભા મેળવી શકાય એટલી વિશાળ છે. નાના સરખા અવાજનો પણ મોટો પડઘો પડે છે. ગાનારને અનુગામી વાદ્યની જરૂર પડતી જ નથી. ગાનારના અવાજ અને તેના પ્રતિધ્વનિ વચ્ચે હમેશા હરીફાઇ ચાલે છે. પ્રતિધ્વનિ ગાયકને પહોંચી વળવા દોડાદોડ કરે છે, પણ ગાયકનું ગાન આગળને આગળ ચાલે છે. ગાયકના આરોહ અવરોહની પાછળ પ્રતિધ્વનિના આરોહ અવરોહની ભરતિ ઓટ કોઇ જુદોજ શ્રવણાનંદ આપે છે.

ગુફાના એક ખુણે બધાંએ સાથે મળીને ભોજન કીધું અને શ્રમસ્વસ્થ થયા બાદ મંડળીએ ગાનતાન આરંભ્યું. ભગવાન બુદ્ધની અમીદૃષ્ટિથી પુનિત થયેલું પવિત્ર વાતાવરણ, ભક્તિ પ્રણુત ભજન અને સ્તવન, તેનું ચાલુ પુનરાવર્તન કરતો ઘોર પ્રતિધ્વનિ, ગુફાના પ્રવેશદ્વારમાં પશ્ચિમાકાશ તરફ ઢળતા સૂર્યનો વહી રહેલો પ્રકાશપ્રવાહ, ચોતરફ જામી રહેતી અદ્‌ભુત શાન્તિ, દૂર દૂર નજરે પડતા સપાટ પ્રદેશો, ખેતરો અને નાસીક શહેરનો લલિત વિસ્તાર આ સર્વનો અનુભવ અને તેમાંથી નિપજતો આનંદ શબ્દવર્ણનની મર્યાદામાં સમાઇ શકતો નથી. અહિં જુદી જુદી ગુફાઓમાં ભગવાન બુધ્ધની નાની મોટી ભિન્ન ભિન્ન આસન અને મુદ્રાવાળી અનેક મૂર્તિઓ છે. કેટલીક સાધારણ તો કેટલીક ખરેખર સુન્દર, કેટલીક મૂર્તિઓ કદમાં મોટી હોય અને આકારમાં બહુ ઉતરતા પ્રકારની હોય; તેથી ઉલટું કેટલીક મૂર્તિઓ કદમાં નાની છતાં કળાપૂર્ણ અને ભારે ભાવવાહી હોય. કોઇ ઠેકાણે ધ્યાનસ્થ, કોઇ ઠેકાણે ઉપદેશ આપતી, કોઇ ઠેકાણે ઉભેલી તો કોઇ ઠેકાણે નિર્વાણ સમયનું સૂચન કરતી શયનસ્થ-જ્યાં જુઓ ત્યાં ભગવાન બુદ્ધનું જ દર્શન અને ભગવાન બુદ્ધની જ છાયા. પચ્ચીસો વર્ષ પહેલાં જીવનલીલા વિસ્તારનાર એ મહાન વિભૂતિની પ્રતિભા કે પ્રભુતા આજ પણ એટલી જ માનવ ચિત્તને મુગ્ધ કરી રહી છે. તે મહાન અને આપણે પામર. તેની અને આપણી વચ્ચે આટલું બધું અંતર કેમ? શું તે કોઇ અજોડ બુધ્ધિશાળી પુરૂષ હતા? તેમના સરખી અને તેમનાથી પણ બુધ્ધિમત્તામાં ચડિયાતી અનેક વિભૂતિઓ આ વિશાળ પૃથ્વીપટ ઉપર વિચરી ગઇ છે અને આજે પણ વિચરતી હશે. જે માટીના આપણે બનેલા છીએ તેજ માટીના ભગવાન બુધ્ધ બનેલા હતા. એમ છતાં આજે તેમને આખું જગત વંદે છે. આવું વિશ્વવ્યાપી વન્દન પ્રેરે એવું તે તેમનામાં શું હતું? તેઓ સત્યના પરમ ઉપાસક હતા. સત્યની ખોજ એજ તેમના જીવનનો મુખ્ય હેતુ હતો. સત્યોપાસના પાછળ ઐહિક જીવનના સુખવૈભવ તેમણે તુચ્છ ગણ્યા હતા. બીજું તેમનામાં સર્વ ભૂત પ્રાણી માટે અપાર અનુકંપા હતી. તેમની સત્યશોધ માત્ર પોતાનાજ ઉધ્ધાર માટે નહોતી પણ તે વડે તેમની આકાંક્ષા જરા, વ્યાધિ અને મૃત્યુના ચગડોળમાં ચગદાતી અને પીડાતી જનતાને રાહત અને ઉન્નતિનો માર્ગ શોધી આપવાની હતી. ત્રીજી વિશેષતા તેમનામાં રહેલી મન વાણી અને કર્મની એકતા હતી. આ કારણુત્રિપુટિએ તેમને બુધ્ધ બનાવ્યા અને આપણે તેના અભાવે અબુધ્ધના અબુધ્ધજ રહ્યા. તેમણે જગતને આપેલી સમજણ શું આપણને હસ્તગત નથી? તેમણે સમજાવેલું સત્ય શું આપણી બુદ્ધિને ગમ્ય નથી? આ બધું ય છે એમ છતાં આપણામાં સત્યને જાણવાની ઝંખના જેને 'બ્રહ્મજિજ્ઞાસા' કહેવામાં આવે છે તે નથી; સત્ય પાછળ મરી ફીટવાની તમન્ના નથી; ઐહિક સુખપ્રાપ્તિ પાછળ આપણું ચિત્ત દિન રાત ભટકે છે અને તેથી આપણી સ્થિતિ સતત ગતિમાન છતાં ત્યાંના ત્યાં એવી ઘાણીના બળદ જેવીજ કેવળ વર્તુલગામિની રહે છે. વર્તુલના પરિઘને છોડીને ઉન્નતિના ક્રમ ઉપર આપણે પગલાં માંડીએ નહિ ત્યાં સુધી આપણા ઉદ્ધારની પ્રબુદ્ધ જૈન બનવાની વાતો અર્થ વિનાનો પ્રલાપ જ બને છે.

આવી વિચારશ્રેણિમાં વિચરતાં વિચરતાં સાંજ પડવા આવી અને અમે નીચે આવ્યા અને બળદગાડીમાં બેસી નિવાસસ્થાન તરફ અમે કુચ શરૂ કરી. સૂર્ય ધીમેધીમે પશ્ચિમ ક્ષિતિજની કોર ઉપર આવીને ઉભો અને સુરમ્ય કિરણાવલી સકેલતો સકેલતો ક્ષિતિજને પેલે પાર અલોપ થઈ ગયો. એ જ ક્ષિતિજની ઉપર પશ્ચિમાકાશમાં અક્ષયતૃતિયાની ચંદ્રપાંદડી અને તેની ઉપર પૂર્ણકળાએ ખીલી નીકળેલો શુક્રનો ગ્રહ શંકરના કપાળ ઉપર શોભતા ત્રિલોચન અને ચંદ્રકળા માફક શોભવા લાગ્યા. આ ઉભય આકાશપ્રવાસીઓની અદ્‌ભુત તેજોમયતા વિષે મુગ્ધતા અનુભવતાં અનુભવતાં દિવસ જ્યારે રજનીમાં પલટાઇ ગયો અને ગાઢ બનતા જતા તિમિરમાં સૃષ્ટિના ઉંચા નીચા પદાર્થો જ્યારે એકરૂપ બની ગયા ત્યારે અમારૂં નિવાસસ્થાન અમારી સમીપ આવીને ઉભું રહ્યું.

(સમાપ્ત) **પરમાનંદ**

પ્રકીર્ણ વર્તમાન

શ્રી જૈન શિક્ષણ સમિતિ

શ્રી ધ્યાવર જૈન ગુરૂકુલના ગત વિજયાદશમીએ ઉજવાયેલ વાર્ષિકોત્સવ પ્રસંગે ગુરૂકુલની વર્તમાન શિક્ષણ પધ્ધતિ અને કાર્યદિશા અંગે સલાહ અને સૂચના આપવા માટે જૈન જૈનેતર શિક્ષણ શાસ્ત્રીઓની એક સમિતિ નીમવામાં આવી હતી જેના સંયોજક શ્રી જયેન્દ્રકુમારજીને નીમવામાં આવ્યા હતા. તે સમિતિની એક બેઠક તા. ૧-૬-૪૦ ના રોજ બપોરના ત્રણ વાગે શ્રી નાનાભાઇના પ્રમુખપણા નીચે હિરાબાગમાં મળી હતી જેમાં શ્રી કાકા કાલેલકર, પં. સુખલાલજી, શ્રી જૈનેન્દ્રકુમારજી, મહાત્મા ભગવાનદીનજી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વગેરે ઉપસ્થિત હતા. શરૂઆતમાં ગુરૂકુલના કુલપતિ શ્રી સરદારમલજી છાજેડે સૌનું સ્વાગત કરતાં સર્વેનો આભાર માન્યો હતો. બાદમાં સમિતિના સંયોજક શ્રી જૈનેન્દ્રકુમારજીએ સમિતિ સમક્ષ કાર્યની રૂપરેખા રજુ કરી હતી. બહારગામથી આવેલ સંદેશ વાંચી સંભળાવ્યા હતા. ઉપરાંત આજની બેઠકમાં સૈદ્ધાન્તિક ચર્ચા જ કરવાની હોઇ ચર્ચાનો પ્રારંભ કરતાં શ્રી. કાકાસાહેબ કાલેલકરે જણાવ્યું કે જૈનધર્મ તો જે કોઇ અહિંસા સત્ય વગેરે જૈનોનાં સિદ્ધાંતોને માન્ય રાખે તેને સર્વ કોઇને અપનાવે છે. હું માનું છું કે જૈનધર્મ તો વિશ્વધર્મ થવા સરજાયલો છે. એટલે

ગુરૂકુલમાં જૈનેતર વિદ્યાર્થી-હરિજન વિદ્યાર્થીને પ્રવિષ્ટ કરવા સબંધેનો પ્રશ્ન ઉપસ્થિત થાય જ નહિ. જૈન ધર્મમાં જો હરિજન સાધુ થઇ શકે તો પછી હરિજન વિદ્યાર્થી ગુરૂકુલમાં કેમ પ્રવિષ્ટ ન થઇ શકે. આ ચર્ચા પરત્વે ઉપસ્થિત સર્વેએ પોતપોતાના વિચારો લંબાણથી પ્રગટ કર્યા. ગુરૂકુલના કાર્યકર્તાઓ તરફથી જણાવવામાં આવ્યું કે ગુરૂકુલમાં કોઇ પણ પ્રકારનો જ્ઞાતિભેદ રાખવામાં આવતો નથી. આજ સુધી હરિજન વિદ્યાર્થીને દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. ત્યારબાદ શિક્ષણ પધ્ધતિ ઉપર ચર્ચા શરૂ કરવામાંહ આવી હતી. જે ઉપર પણ લંબાણ ચર્ચા થયા બાદ બન્ને પ્રશ્નો શ્રી. નાનાભાઇ, શ્રી. જૈનેંદ્રકુમારજી, શ્રી. ચીમનલાલ ચકુભાઇ તથા શ્રી વનેચંદ દુર્લભજી ઝવેરીની બનેલી પેટા સમિતિને સોંપી તે દિવસનું કામકાજ પુરૂ કર્યું હતું.

બીજા દિવસની બેઠક રવિવાર તા. ૨-૬-૪૦ ના રોજ બપોરના ૨-૩૦ વાગે તેજ સ્થળે મળી હતી જેમાં પેટા સમિતિનો હેવાલ રજુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સમિતિનું કાર્ય આગળ ચાલ્યું હતું. ખાસ કરીને ગુરૂકુલની શિક્ષણ પધ્ધતિ ઉપર ખુબ લંબાણપૂર્વક ચર્ચા થઇ હતી. જેના પરિણામે ગુરૂકુળની શિક્ષણ પધ્ધતિ સંપૂર્ણ સ્વતંત્ર હોવી જોઇએ, શિક્ષકોએ પણ શારીરિક પરિશ્રમમાં સંપૂર્ણ સહકાર આપવો, સમિતિની સૂચના મુજબ પધ્ધતિમાં ફેરફાર થતાં આર્થિક મુશ્કેલી આવી પડે તો કાર્યકર્તાઓએ પુરા સહકારથી તેનો સામનો કરી ગુરૂકુલનો નવો આદર્શ અમલમાં મુકવો, ગુરૂકુલના નામ પ્રમાણે એવા આદર્શ ગુરૂ મળી જતાં ગુરૂકુલનું તંત્ર તેમને સોંપી દેવાનો તેમજ કોઇ પણ ઉંચનીચ કે જાતિભેદ સિવાય વિદ્યાર્થીઓને દાખલ કરવાનો નિર્ણય કરી બીજા દિવસની મીટીંગનું કાર્ય પૂર્ણ કર્યું હતું.

ત્રીજા દિવસની બેઠક તા. ૩-૬-૪૦ ને સોમવારના રોજ થઇ હતી. જે સમયે ગુરૂકુલને સાર્વજનિક રાખવું કે માત્ર જૈનોને માટે જ રાખવું તે વિષય ઉપર ખૂબ લંબાણ ચર્ચા થઇ હતી. છેવટ શ્રી. નાનાભાઇ, મહાત્મા ભગવાનદીનજી, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. જૈનેન્દ્રકુમારજી, શ્રી. વનેચંદ ઝવેરી વગેરે પાંચની કમીટી ઉપર આ પ્રશ્ન છોડી સમિતિનું કાર્ય આટોપી લેવામાં આવ્યું હતું. ત્રણ દિવસની વિદ્વાનોની સતત વિચારણાને અંતે ગુરૂકુલના કાર્યકર્તાઓને અનેક નવા દૃષ્ટિબિંદુઓ જાણવાના મળ્યા. એક જૈન સંસ્થા તરીકે સાંપ્રદાયિક બની રહેવા છતાં કેટલે કેટલે અંશે રાષ્ટ્રીય-વિશાળ બની શકે તે સંબંધી વિદ્વાન શિક્ષણ શાસ્ત્રીઓના બહુમૂલ્ય આદર્શો સમિતિમાં ઉપસ્થિત થયા તે એક યા બીજી રીતે સંસ્થાના ભવિષ્ય માટે ઉજ્વળ આશા આપે છે. ગુરૂકુલના કાર્યકર્તાઓ ગુરૂકુલને એક આદર્શ સંસ્થા બનાવવાના જે કોડ સેવી રહ્યા છે તેમાં તેમને સફળતા મળો એજ પ્રાર્થના છે. **જૈન પ્રકાશમાંથી**

મે માસનાં પરલોક ગમન

એવો એક પણ મહીનો ખાલી નહિ જતો હોય કે જ્યારે કોઇને કોઇ વિશિષ્ટ વ્યકિત કાળના કોળીયાને વશ બનીને આપણી વચ્ચેથી અલોપ થઇ ન હોય. આમાં પણ મે મહીનો એવો ગયો કે જે દરમિયાન એક પછી એક આવા માઠા સમાચારો આપણે ચાલુ સાંભળતાજ રહ્યા. શરૂઆતમાં પ્રખ્યાત ક્રીકેટર અમરસિંહના પરલોકગમનના સમાચાર આપણે સાંભળ્યા. જેણે દેશ પરદેશમાં ઉત્તમ પ્રકારની રમત દેખાડીને દેશના ગૌરવમાં વધારો કર્યો હોય તેના અવસાનથી ક્રીકેટની રમતમાં રસ ધરાવતા-ન ધરાવતા સૌ કોઇને ખેદ થયા વિના રહેજ નહિ.

× × ×

બીજો બનાવ બન્યો સદ્‌ગત શેઠ આનંદીલાલ પોદ્દારના સ્વર્ગગમનનો. તેમની ઉદારતાની આજે ચોતરફ પ્રશંસા ગવાઇ રહી છે. કેળવણી ઉપર તો તેમનો સૌથી વધારે પક્ષપાત. એક બાહોશ વ્યાપારી અને ઉચ્ચ ચારિત્રના સજ્જન. તેમનાં સ્મારકો આજે સ્થળે સ્થળે નજરે પડે. તેમાં પણ સાન્તાક્રુઝની હાઇસ્કુલ સૌથી મોખરે છે. તેમની ઉદારતાનો આંકડો આજે લગભગ રા. પંદર લાખનો અડસટ્ટાય છે. પોતાને પ્રાપ્ત થયેલું અઢળક ધન સારા ક્ષેત્રમાં વેરી વેરીને તેમણે આ ભવ તેમ જ પરભવને સાર્થક કર્યા છે.

× × ×

ત્રીજી ખેદપૂર્ણ નોંધ લેવી ઘટે છે શ્રી હિમાંશુરાયના અકાળ અવસાનની. સીનેમાની દુનિયામાં તેમણે પ્રવેશ કર્યો તે પહેલાં હિંદી સીનેમા બધી જ રીતે પછાત અને ઉતરતી કોટિએ હતો. ઉંચા સંસ્કારી સ્ત્રી પુરૂષો સીનેમા સાથે સંબંધ ધરાવવામાં ભારે હીણપત સમજતા. સદ્‌ગત હિમાંશુરાય અને દેવિકારાણીએ સીનેમાની દુનિઆમાં પ્રવેશ કરીને સીનેમાને નવી પ્રતિષ્ટા અને પ્રતિભા આપી છે. હિમાંશુરાય ખરેખર એક સંસ્કારમૂર્તિ હતા. તેમણે પોતાની સર્વ શકિતઓ આજના રજતપટોને નવસંસ્કાર, ઉચ્ચકોટિનું સૌન્દર્ય, અને ઉત્તમ પ્રકારના અભિનયથી વધારે આકર્ષક અને સમાજસ્પર્શી બનાવવા પાછળ ખર્ચી હતી. તેમના જવાથી હિંદી સીનેમાએ એક જબરો કળાકાર ગુમાવ્યો છે અને દેવિકારાણીએ સાચો જીવનસાથી ગુમાવ્યો છે.

× × ×

લોકપ્રસિધ્ધિથી સાધારણ રીતે દુર રહેલા એમ છતાં ગુજરાત કાઠિયાવાડના કાર્યકર્તાઓને સુપરિચિત વઢવાણના એક લોકસેવક ચીમનલાલ વૈષ્ણવનું અકાળ અવસાન પણ ભારે ખેદપ્રદ બન્યું છે. વઢવાણના પ્રુલચંદભાઇને આજે સૌ કોઇ જાણે છે. તેમની સોડમાં રહીને શ્રી ચીમનભાઇએ વર્ષો સુધી એકસરખી લોકસેવા કરતાં કરતાં પોતાના જીવનનો અંત આણ્યો છે. શાન્ત ખુણે બેસીને કામ કરવાની ટેવવાળા હોવા છતાં માતાની હાકલ સાંભળીને છેલ્લી સવિનય સત્યાગ્રહની લડતમાં તેઓ જોડાયલા અને લાંબી મુદ્દતનો જેલવાસ તેમણે ભોગવેલો. તે જેલવાસે તેમને ક્ષયનું દર્દ આપ્યું જે આખરે જીવલેણ નીવડ્યું. તેમના ૩૩ પત્રો એક પુસ્તકાકારે થોડા સમય પહેલાં બહાર પડેલ છે. તે વાંચતાં તેમનો આત્મા કેટલો સંસ્કારપ્રચુર હતો અને તેમનું માનસ કેવા કેવા ઉન્નતિગામી મંથનોમાંથી પસાર થયું હતું તેની આપણને ઠીક ઠીક ઝાંખી થાય છે. જગજ્જાણીતા ગાંધી કે નહેરૂ એક જ છે, પણ જગપ્રસિધ્ધિ નહિ પામેલા આપણા દેશમાં ખુણેખાંચરે સેવા કરનારા અને સાચું વીરત્વ દાખવનારા ગાંધી નહેરૂ અનેક છે. શ્રી. ચીમનભાઇ એમાંના એક હતા. તેમના પવિત્ર આત્માને આપણે પરમ શાન્તિ ઇચ્છીએ.

શ્રીમતી ઇન્દુમતી બહેન મુંબઇ જૈન યુવક સંઘની કચેરીમાં.

તા. ૯-૬-૪૦ રવિવારના રોજ અમદાવાદના જાણીતાં કાર્યકર્તા શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલ નગીનદાસ શેઠ સંઘના મંત્રીઓના નિમંત્રણને માન આપીને સંઘની કચેરીમાં આવ્યા હતાં જે પ્રસંગે સંઘની કાર્યવાહક સમિતિનાં સભ્યો તેમજ અન્ય કેટલાક ભાઇ બહેનો હાજર થયા હતા. ઇન્દુમતી બહેન સાથેના વાર્તાલાપ દરમિયાન તેમણે જે સંસ્થા સાથે પોતાનો ગાઢ સંબંધ છે તે શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારનો ઉત્તરોત્તર કેમ વિકાસ થયો તે સંબંધમાં બહુ જ ઉપયોગી નિવેદન કર્યું હતું. તે ઉપરાંત પ્રૌઢ શિક્ષિણની પ્રવૃત્તિમાં તેમજ ખાદી કાર્યમાં પોતાને થયેલા કેટલાક અનુભવો તેમણે રજુ કર્યા હતા. દોઢ કલાક સુધી તેમની અને અન્ય સભ્યો વચ્ચે બહુ રસમય વાર્તાલાપ થયો હતો. જેના અન્તે સામાન્ય ઉપાહાર બાદ સભા વિસર્જન થઇ હતી.

પરમાનંદ

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જુન ૧૫ ૧૯૪૦

દીક્ષાનો કૂટ પ્રશ્ન

[ગતાંકથી ચાલુ]

દીક્ષા લેનારની યોગ્યતાનો વિચાર કરતાં એક બીજી પણ અતિ અગત્યની બાબત વિચારી લેવાની રહે છે. દીક્ષા જેમ નિર્માલ્યજનોને પેટ ભરવાની સગવડ આપનારી સંસ્થા નથી તેવીજ રીતે માથે ઉભેલી જવાબદારીઓને હેલીને જ્યાં કોઇ પુછી શકે નહિ અને કોઇ બોલાવી શકે નહિ એવી સામાજિક સગવડ કરી આપવી એવો પણ આ દીક્ષા પ્રવૃત્તિના પ્રયોજકોનો હેતુ હોઈ નજ શકે. કોઇપણ ઉદાત્ત આદર્શ કે ધ્યેય પાછળ જીવનની સર્વશક્તિઓ એકત્ર કરવાનો કે જરૂર પડયે પોતાના સર્વસ્વનો ભોગ આપવાનો દરેક માનવીને સ્વાભાવિક હકક છે. માણસ સંયોગોને આધીન પ્રાણી છે એમ છતાં સર્વકાળે સંયોગોની અધીનતા સ્વીકારીને જ માણસે ચાલવું જ જોઇએ એવી ગુલામી સ્વીકારીને માણસે જન્મ લીધો નથી. સંયોગો ઉપર સ્વારી કરીને ચાલવામાં જ સાચો પુરૂષાર્થ રહેલો છે. પણ આનો અર્થ કોઇ એમ ન કરે કે તરંગ કે ધુન આવી કે માણસ પોતાની સર્વ જવાબદારી અને તેના અંગે ઉપસ્થિત થતા સર્વ કર્તવ્યધર્મો ફગોળીને ચાલતો થઇ શકે છે. અન્ય માર્ગે જવાનો નિર્ણય કરવા પહેલા પોતાના માથા ઉપરની જવાબદારીનો બ્યાજબી અને વ્યવહાર નિકાલ માણસે કરવો જ રહ્યો અને તે માટે અન્ય માર્ગે જવામાં જેટલો વિલંબ જરૂરી લાગે તે માણસે સ્વીકારવો જ રહ્યો. આનો અર્થ એ થયો કે બૈરી છોકરાંને એકાએક રઝળાવીને દીક્ષા લેનાર પોતાને પ્રાપ્ત ધર્મની ઉપેક્ષા કરે છે અને અન્યના સુખ દુઃખની બેપરવા કરીને દીક્ષા લેવામાં પોતાના જ કેવળ સુખસગવડ શોધે છે. આ દીક્ષા પાછળ કશો પણ પરમાર્થ નથી પણ કેવળ સ્વાર્થ છે. જે ગૃહસ્થધર્મની જવાબદારી અદા કરી શકયો નથી તે શ્રમણધર્મની જવાબદારીઓનું યોગ્ય વહન શી રીતે કરી શકશે એ પણ એક પ્રશ્ન રહે છે. આવો ગૃહત્યાગ કેવળ ધાર્મિક બનાવ નથી પણ સામાજિક બનાવ છે અને સમાજને આવા ઉછૃંખલ ગૃહત્યાગ આડે નિયંત્રણો મુકવાનો સંપૂર્ણ હકક છે. રાજ્યે પણ આ બાબતમાં ઉચિત શાસન કરવું જ જોઇએ.

કોઇ એમ કહેશે કે એક બાજુથી તમે એમ કહો છો કે પોતપોતાના આદર્શ મુજબ માણસને જીવન ઘડવાનો સંપૂર્ણ અધિકાર છે અને બીજી બાજુથી આ કારણે કરવામાં આવતા ગૃહત્યાગનો તમે વિરોધ કરો છો. આ તો પરસ્પર વિરોધી વાત થઇ. પણ વસ્તુતઃ એમ નથી. મારો વિરોધ ખાસ કરીને ધુન આવતાં ઘર છોડીને ભાગનાર સામે છે. જેનામાં સાચો વૈરાગ્ય ઉગેલો છે, જેનો સાંસારિક વિષયોમાંથી ખરેખર રસરાગ ઉડી ગયો છે તે બહુ લાંબો વખત કુટુંબ વર્તુલમાં પુરાઇને રહી શકતોજ નથી. પોતાના માથા ઉપરની જવાબદારીઓનો મહેનત મજુરી તેમજ અન્ય સ્નેહીજનોના અવલંબનથી કાંઇને કાંઇ નિકાલ તે થોડા સમયમાં લાવી શકે છે. વળી તેની કુટુંબજીવન વિષેની નીરસતા અન્ય કુટુંબીઓમાં કાળાન્તરે પ્રત્યાઘાતી નીરસતા નિપજાવ્યા વિના રહેતી નથી અને એ રીતે અન્ય સ્વજનોની સંપૂર્ણ અનુમતિ સાથે પોતાના માર્ગે તે વિદાય લઇ શકે છે. બીજો એ પણ વિચાર ધ્યાનમાં લેવા જેવો છે અને તે એ કે અલબત્ત ત્યાગી સાધુ જીવનમાં આત્મસાધનાની કેટલીક સરળતા છે એમ છતાંપણ વેશપલટામાં અને સંસારના ઔપચારિક વિધિઓ વડે કરાયલા ત્યાગમાં આત્મસાધના શકય છે અને અન્યથા તેવી સાધના શકય જ નથી એ વિચાર કેવળ ભ્રમણામૂલક છે. સંસારમાં રહીને ધર્મ સાધવાની કાયરતાના કારણે જ માણસ ઘણી વખત સાધુ થવાને લોભાય છે. ગૃહસ્થ જીવનમાં ઉત્કૃષ્ટ સાધુત્વની સાધના એ એક વીરોચિત પુરૂષાર્થ છે. પણ આ ચર્ચા અહિં આપણને વિષયાન્તર કરાવે છે. અત્યાર સુધીમાં કોણે કેવા સંયોગોમાં દીક્ષા લેવી યોગ્ય છે ને પ્રશ્નની કેટલીક બાજુઓ આપણે વિચારી. તેનો સાર નીચે મુજબ છે.

દીક્ષા તે જ લઇ શકે અને તેને જ અપાવી જોઇએ કે:–

(૧) જેનું ચિત્ત પરિપકવ વૈરાગ્યથી રંગાયલું હોય.

(૨) જેની ઉમ્મર દીક્ષાને યોગ્ય હોય.

(૩) જેનામાં દીક્ષા જેવું કઠિન વ્રત પાળવા માટે સર્વ પ્રકારે યોગ્યતા હોય.

(૪) જેની દીક્ષા લેવા માટે પૂર્વ તૈયારી હોય અને જેને તે માટે બે ત્રણ વર્ષની તાલીમ હોય.

(૫) જે સાંસારિક જીવનને લગતી જવાબદારીઓથી મુકત થયો હોય–અથવા તો પોતાના કુટુંબીજનોને સંતોષ થાય એવી રીતે જેણે પોતાની જવાબદારીઓને પહોંચી વળવાની યોગ્ય વ્યવસ્થા કરી હોય.

આ તો દીક્ષા લેનારની યોગ્યતાની વાત થઇ. પણ જ્યાં સુધી ઉપર મુજબની યોગ્યતાની ચોકકસાઇ કરવાની વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી શિષ્ય પરિગ્રહ બને તેટલો વધારવો એજ જ્યાં આજના કેટલાક સાધુઓનું એકાન્ત લક્ષ્ય જોવામાં આવે છે ત્યાં યોગ્યતાની સઘળી વાતો અધ્ધર જ રહી જવાની અને આજે જે પ્રકારની અવ્યવસ્થા ચાલે છે તે પ્રકારની અવ્યવસ્થા ચાલ્યાજ કરવાની. ઉપર મુજબના યોગ્ય ઉમેદવારને જ દીક્ષા આપવામાં આવે તે માટે ઉમેદવારના નિકટવર્તી સંબંધી જનોનો તેમજ જે ગામ યા શહેરના સંઘનો તે સભ્ય હોય તે ગામ યા શહેરના સંઘનો અનુમતિ પત્ર દીક્ષા આપનારે મેળવવો જોઇએ. તે ઉપરાંત જે ગામ યા શહેરમાં દીક્ષા અપાવાની હોય તે ગામ યા શહેરના સંઘની પણ અનુમતિ મેળવીને દીક્ષા આપનાર ગુરૂએ દીક્ષાના ઉમેદવારને જાહેરમાં દીક્ષા આપવી જોઇએ. આવું પાકું નિયમન થવું ઘટે છે. જેને ખરેખર દીક્ષા લેવી છે અને જે દીક્ષા લેવાને ખરેખર યોગ્ય છે તેને આવી અનુમતિઓ મેળવવામાં જરાપણ મુશ્કેલી આવતી જ નથી. જેવી રીતે લગ્ન કરવાની બાબતમાં વરકન્યાના માબાપને જ્ઞાતિની ચોકી રજુ કરવી પડે છે તેવી જ રીતે દીક્ષાની બાબતમાં દીક્ષા દેતા સાધુએ લાગતાવળગતા સંઘો તેમજ સ્વજનોની અનુમતિઓ મેળવવી જ જોઇએ. આ યોજના સામે એવો વાંધો રજુ કરવામાં આવે કે આવાં બધાં બંધનો મૂકશો તો કોઇ દીક્ષા જ નહિ લે. આ વાત જો બરોબર હોય તો એનો અર્થ એમ જ થયો કે આજકાલ જે દીક્ષાઓ અપાય છે તેમાં સાચી યોગ્યતાવાળું કોઇ હોતું જ નથી. પણ ખરી રીતે આવી ભીતિ અસ્થાને છે. ખરી વાત એમ છે કે આપણા માનસ બંધારણમાં–જીવન સંસ્કારમાં–ત્યાગનું–ભાવનાનું ઓછું વધતું સીંચન મૂળથી જ થએલું હોય છે.

સામયિક સ્ફુરણ

વિશ્વવ્યાપી વડવાનળ

આજે સૌ કોઇનાં ચિત્ત એક જ વિષય ઉપર કેન્દ્રિત થઇ રહ્યાં છે. યુરોપમાં આજથી નવ માસ પહેલાં આરંભાયેલા વિગ્રહે છેલ્લા માસ દરમિયાન જે રૂદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે તેણે આજે બીજા બધા પ્રશ્નોને ગૌણ બનાવી દીધા છે અને હવે શું થશે એને લગતી ચિત્ર વિચિત્ર કલ્પનાઓ વડે માનવ માત્રનું માનસ ઘેરાઇ ગયું છે. જર્મની સામે લડતા મિત્રરાજ્યો એક એક દિશાએથી પાછા પડતા જાય છે અને આજની પૃથ્વીના નકશાનો ભારે રંગપલટ થઇ રહ્યો છે એ જોતાં આવતી કાલ કેવી પડવાની છે તે વિષે સૌ કોઇનાં મનમાં ભારે ચિન્તા પેઠી છે. ધારો કે જર્મનીના ભીષણ આક્રમણ સામે મિત્રરાજ્યો ટકી ન શકે અને પરિણામે જર્મનીનું પ્રભુત્વ વિશ્વવ્યાપી બને તો આજની દુનિયાની અને આપણા દેશની શું સ્થિતિ થાય તેની કલ્પના ભારે ભયાનક લાગે છે. જર્મનીના વિજયમાં દુનિયાને માટે અને ખાસ કરીને હિંદુસ્થાન જેવા દબાયલા અને નિઃશસ્ત્ર દેશ માટે કશી પણ નવી આશા કે ઉત્કર્ષનું કારણ દેખાતું જ નથી. આજે ભાવી જેટલું અંધકારમય ભાસે છે તેટલું કદિ કોઇ કાળે ભાસતું નહોતું. કોઇ પણ વિષમ પરિણામની કલ્પના સાથે આખા દેશમાં અશાન્તિ અને અનવસ્થાનાં કંઇ કંઇ કલ્પનાચિત્રો ઉભાં થાય છે અને મનને અસ્વસ્થ બનાવી દે છે. જે ભયંકર પ્રલયનો ઝંઝાવાત યુરોપની દુનિયા ઉપર ઉતરી આવ્યો છે તેની ઝાળ આ બાજુએ આપણા દેશ ઉપર પણ ગમે ત્યારે ફેલાય— તેવા સમયે આપણે શું કરવું અથવા તો આપણે શું કરી શકીએ એ પ્રશ્ન સરકારને તેમજ દેશનેતાઓને ખુબ મુંઝવી રહેલ છે. દેશની પ્રજાને નિઃશસ્ત્ર રાખી સૈકાઓ સુધી દેશ ઉપર સ્વામિત્વ જાળવી રાખવાનો લોભ રાખનાર સરકારને પોતાની આખી રાજનીતિ કેટલા ખોટા ધોરણ ઉપર રચાયલી હતી. તેનું આજે ભાન થઇ રહ્યું છે. આજે તે દેશરક્ષણના કાર્યમાં પ્રજાને જોડવા માટે અનેક યોજનાઓ સરકાર રજુ કરી રહી છે અને પ્રજાને તેમાં બને તેટલો સહકાર આપવા નિમંત્રી રહી છે. આ યોજનાઓ અણીના સમયે આપણને કેટલી મદદ રૂપ બનશે તે તો હવે જોવાનું રહે છે પણ જે કાંઇ થઇ રહ્યું છે તે ઘણું જ મોહું છે એ કોઇ પણ તટસ્થ ભાવે જોનારને લાગ્યા વિના રહે તેમ નથી. યુધ્ધની શરૂઆતથી ગાંધીજી સરકારને પોતાની રાજનીતિ હિંદુસ્થાનને અનુલક્ષીને સ્પષ્ટ કરવા વારંવાર કહી રહ્યા હતા. હિંદુસ્થાનને યુધ્ધના અન્તે સ્વાધીન શાસન બનાવી દેવાની અને તે ધ્યેય અનુરૂપ આજના રાજ્યતંત્રમાં તાત્કાલિક મહત્વના ફેરફારો કરવાની જાહેરાત સરકારે કરી દીધી હોત તો આજે આટલા ટુંકા સમયમાં પણ હિંદુસ્થાન પોતાના બચાવ માટે ઘણી તૈયારી કરી શકયું હોત અને રાષ્ટ્રીય મહાસભાએ સરકારને આ દિશાએ ખુબ સાથ આપ્યો હોત. પણ આ દિશાએ સરકાર એક સરખી ઉદાસીન રહી અને પરિણામે આજે આપણો દેશ એવી વિષમ સ્થિતિમાં મુકાયો કે જેનો ઉકેલ સરકારને માટે કે આપણા માટે ખરેખર ઘણો જ અટપટો બની ગયો છે.

આજે ચોતરફ અશાન્તિ અને ગભરાટ જોવામાં આવે છે. ગરીબ કરતાં શ્રીમાનો વધારે મુંઝાયલા દેખાય છે; પ્રજા કરતાં કદાચ રાજાઓની મુંઝવણ વધારે હશે. આ સ્થિતિમાં આપણે શું કરવું તે સંબંધમાં ગાંધીજીએ બહુ દિશાસૂચક નિવેદન બહાર પાડયું છે. તેઓ આજના સંયોગમાં કશો પણ ગભરાટ અનુભવવાનું કારણ દેખતા નથી. જે જ્યાં હોય ત્યાં સ્થિર રહીને પોતપોતાનું કાર્ય કર્યા કરે– બેંકોમાંની ડીપોઝીટો ઉપાડવા દોડે નહિ– અને સોનું ખરીદી ખરીદીને જમીનમાં દાટે નહિ. જ્યારે આફત આવશે ત્યારે આ બેમાંથી એક પણ વસ્તુ કામ લાગવાની નથી. પોતે સ્વસ્થ અને નિર્ભય બને અને ચોતરફ એવું જ વાતાવરણ ફેલાવે. આવા ગભરાટનો ગુંડાઓ લાભ લેવાને સાધારણ રીતે પ્રેરાય છે. એ પરિસ્થિતિનો સામનો કરવાને પ્રજાના જુદા જુદા વર્ગો તૈયાર રહે. આ સામનો ગુંડાઓથી ડરવાથી નહિ થઇ શકે. માટે પ્રજા ડર છોડે, પુરૂષાર્થ કેળવે અને ભાઇ-ભાંડુ કે પાડોશીના રક્ષણ અર્થે જરૂર પડયે પોતાના જનમાલ ગુમાવવાને તૈયાર રહે. આજની પરિસ્થિતિમાં ગાંધીજી કહે છે તે જ સાચી સલાહ છે અને તે મુજબ વર્તવામાં જ આપણી ખરી સહીસલામતી છે.

કાળીપ્રકોપ

જગતે પૂર્વે કદિ નહિ જોયેલો કે સાંભળેલો એવો માનવ-સંહાર આજે યુરોપની રણભૂમિ ઉપર ચાલી રહ્યો છે. જે સંસ્કૃતિ અને વિજ્ઞાનવિકાસ જગતના સુખ, સગવડ અને સભ્યતા પોષવા અને વધારવાનો દાવો કરતાં હતાં તે સંસ્કૃતિ અને વિજ્ઞાનવિકાસમાંથી જ આજનો ઘોર સંગ્રામ અને અશ્રુતપૂર્વ માનવ સંહાર જન્મ પામ્યો છે. કોમીવાદ અને સંપ્રદાયવાદની સંકીર્ણતામાંથી દેશ દેશની પ્રજાઓ છુટી થઇ અને વિશાળ દેખાતા રાષ્ટ્રવાદને વરી પોતાનો દેશ આગળ કેમ વધે, દેશના વ્યાપાર ઉદ્યોગ કેમ વિકસે, બીજા દેશોની હરોળમાં પોતાના દેશને કેમ વધારે પ્રતિષ્ઠા ભર્યું સ્થાન મળે એ ધ્યેય સામે રાખીને દેશ દેશની પ્રજાઓએ અનેક યોજનાઓ હાથ ધરી અને અનેક પ્રવૃત્તિઓ ચલાવી. વિજ્ઞાનની નવી નવી શોધો થતી ગઇ અને તે શોધોનો લાભ પામીને કેટલાક દેશો ખુબ આગળ વધતા ગયા અને પછાત દેશોને ચુસતા ગયા. આગળ વધેલા દેશો વચ્ચે હરીફાઇ વધી– રાષ્ટ્રીયતાના નામે પોતાનો દેશ ગમે તે રીતે કેમ આગળ વધે અને બીજા દેશો કેમ પાછા પડે એજ આગળ વધેલા દેશોનું એકાન્ત લક્ષ્ય બની ગયું. આ હરીફાઇમાં જેને વધારે મળી ગયું તે બીજાનો ભાગ પાડે નહિ અને ન મળ્યું તે દેશ કોઇ રીતે જંપીને બેસે નહિ. આજના કે આગળના યુરોપીય વિગ્રહનું મૂળ કારણ આ છે. એક કાળે ધર્મના નામે

આપણામાંથી અનેકને અવારનવાર ત્યાગ સંન્યાસના તરંગો આવતા જ હોય છે. આપણા તરંગો સ્થાયી હોતા નથી અને પરિણામે આપણે જ્યાંના ત્યાં રહીએ છીએ. જ્યારે આપણામાંથી એવા કોઇને કોઇ નીકળે જ છે અને નીકળવાના છે કે જેઓ પૂર્વ સંસ્કારના બળે તેમજ આ જીવનમાં પોષાતી ધાર્મિક ભાવનાઓના પરિણામે ત્યાગમય જીવન તરફ ખેંચાતા જ રહે છે. અને જેઓ એક યા અન્ય પ્રકારના ત્યાગમય જીવનને સ્વીકારે ત્યાર પછી જ સાચી શાન્તિ અનુભવે છે. ઉપરની મર્યાદાઓથી પોલા વૈરાગ્ય ઉપર ચાલી રહેલો આજકાલનો શિષ્યવ્યાપાર બંધ થવાનો જ, પણ બીજી બાજુ સ્વપરનું ખરેખરૂં કલ્યાણ કરનાર સાચા સાધુઓ સમાજને મળવાના. સાધુઓની સંખ્યા અલ્પ થશે પણ એ અલ્પ સાધુઓ વડે સમાજ અને સંસાર વધારે ઉજળો બનશે અને આપણા ધર્મનો સાચો ઉદ્યોત થશે.

પરમાનંદ

અનેક લડાઇઓ થયેલી અને અનેક માણસો ક્રમોતે કપાઈ મુએલા. આજે પોત પોતાના રાષ્ટ્રના નામે માનવ જાતે પ્રચંડ આત્મ સંહાર આરંભ્યો છે અને તેમાં દિન પ્રતિ દિન અસંખ્ય આદમીઓ હોમાતા જાય છે. કોઇ મોટો ધરતીકંપ થાય છે ત્યારે તે પણ ઘણો મોટો ભોગ લઈ જાય છે પણ આજના યુરોપીય સંગ્રામ આગળ ધરતીકંપથી થતી માનવી કે મીલ્કતની હાનિ બહુ નજીવી લાગે છે. વળી જ્યારે ધરતીકંપ જેવો કુદરતી પ્રકોપ થાય છે ત્યારે માનવીના દિલમાં કદિ કલ્પવામાં ન આવે એવો દયા અને અનુકંપાનો પ્રવાહ વહેવા માંડે છે; માનવી એક-દમ નમ્ર બની જાય છે અને આફતમાં સપડાયેલા માનવ બંધુને બને તેટલી મદદ પહોંચાડવાને પ્રેરાય છે. આમ કુદરતી પ્રકોપ જ્યારે માનવીમાં ગુપ્તપણે રહેલી અનેક ઉચ્ચ વૃત્તિઓને જાગ્રત કરે છે અને પોષે છે ત્યારે આ માનવ પ્રયોજિત ભીષણ સંગ્રામ પારવિનાના માનવીઓ અને મીલ્કતનો નાશ કરે છે એટલું જ નહિ પણ માણસોના દિલમાં ઝેરવેર અને ક્રોધની નવી ટશરો જ્યાં ત્યાં ફુટી નીકળે છે અને પૂર્વકાળનાં બંધાયલા વેર ઝેરની તૃપ્તિ સાથે જ નવાં વેરઝેરનું વાવેતર શરૂ થાય છે. માનવી આજે મગતરાંની માફક મરે છે; કુટુંબોના કુટુંબો તારાજ થઇ રહ્યાં છે; કોઇને કોઇ મદદ કરી શકે– મરતાંને બે ટીપાં પાણી આપી શકાય એવો પણ ક્યાંય અવકાશ દેખાતો નથી. મરેલા, અધમુઆ માનવી-ઓના દેહો ઉપર થઇને ચાલી જતી ટેંકો યુધ્ધક્ષેત્ર ઉપર શબોના નવા ઢગલાઓ રચતી જાય છે. કાળનો ભારે ભયાનક કોપ આજે જગત ઉપર વરસી રહ્યો છે અને કોઇ કાળે નહિ કરેલું એવું–પગલે પગલે સમસ્ત વિશ્વને કંપાવતું–અને પ્રલયકાળને નોતરતું–એવું કાલકરાલ નૃત્ય કાળી નાચી રહી છે. દુનિયાને ખુણે બેઠેલો જેને આ ઝેરવેર સ્પર્શ્યા નથી એવો કોઇ પ્રભુપરાયણ આદમી મૂકભાવે વિસ્મયપૂર્વક આ પ્રલયતાંડવ જોઇ રહ્યો છે અને પોતાની અસહાયતા વિચારી અંદરને અંદર સમસમી રહ્યો છે.

એક ડાંગે— એક ડચકારે

છેલ્લા 'પુલકાબ'માં ભાઇશ્રી મેઘાણીએ ઉપરના મથાળાથી આજની દુનિયાની પરિસ્થિતિ ઉપર કટાક્ષ કરતું એક સુન્દર કાવ્ય રચીને પ્રગટ કર્યું છે જે નીચે મુજબ છે.

એક દિ' ડાકર ભાન ભૂલ્યો, એણે તાણેલ ભેદનો લીટો;
એકને થાપ્યો માનવીને એણે, એકને કીધેલ ઘેટો.
માનવીને આવા ભેદ નો ભાવ્યા, ભૂંસી નાંખી ભેદ–રેખા;
એક ડાંગે એક ડચકારે એણે, મેંઢા ને માનવી હાંકયાં.
ધાનની મુઠી દેખાડીને દૂરથી, હાંકીયાં ખાટકી વાડે;
'શિસ્ત' કીધાં ભેળાં શિપ ઝુકયાં સભ, કાતિલ કાળ કુવાડે.
મેંઢાનાં બાળની મૂઢતા એટલી, નાંખીઆ શોષ બેંકારા;
માનવી ડાહ્યો, ન મોં જ ફાડયું: એના, બોડાણું ખંભ બિનારા.
કોણ મેંઢા કોણ માનવી એવી, હાય ! નો રે'ત નિશાની;
સમરથ નીકળ્યા, શોધી કાઢી એણે, ખાંભિયું મોટી ને નાની.

લસ્કરમાં લડતા યોદ્ધાઓ પાળીયા ખાંભી, પાળીઆ કે મીનારા ચણીને તેમના સ્મરણને કાયમ રાખવાની પ્રથા ન હોત તો કવિ કહે છે કે 'કોણ મેંઢા અને કોણ માનવી' એની નિશાની ન રહેત; પણ આ તો આજે એ ભૂતકાળની વાત બની ગઇ છે કે જ્યારે કતલખાનામાં ઘેટાંઓ કરતાં યુધ્ધના કારણે માનવીઓની કતલ પ્રમાણમાં ઓછી થતી હતી અને રાષ્ટ્ર ખાતર પ્રાણાર્પણ કરતા વિરલ શુરવીરોનું સ્મરણ કાયમ કરવાની સમાજને ત્રેવડ હતી. પણ આજના વિજ્ઞાનની મદદ વડે જે અસંખ્ય માણસોનો સંહાર થઇ રહ્યો છે તે પરિસ્થિતિમાં 'કોણ ઘેટાં કોણ માનવી' એ નિશાની જરાપણ રહેવા પામી નથી. ઘેટાંઓની કતલ થાય છે તેનો ઉપયોગ માણસોના આહાર પુરતો પણ છે એટલી આપણે કાંઇક રાહત ચિન્તવીએ પણ માફક મચ્છર માફક આજે માણસો મરી રહ્યાં છે તેની પાછળ તો એક માણસની અથવા એક પ્રજાની મહત્વાકાંક્ષા તૃપ્ત થવા સિવાય બીજો કશો પણ ઉદ્દેશ જોવામાં આવતો નથી. આજના ઘોર સંગ્રામમાં હોમાતા અસંખ્ય માનવીઓ માટે તો નથી ખાંભી કે નથી પુલની બે પાંખડી. સર્વ સત્તાધીશ જરા સરખી ડાંગ ફેરવે છે કે ડચકારો કરે છે અને ભયાનક દાવાનળ ફાટી નીકળે છે અને લાખો માણસો તેમાં હોમાઇ જાય છે. તેથી આજે તો આગળની પંક્તિઓ જ વધારે ઉચિત અને સત્ય અનુભવાય છે કે " માનવીને આવા ભેદ નો ભાવ્યા ભૂંસી નાંખી ભેદ-રેખા" માનવી અને મેંઢાનો આજે ખરેખર કશો જ ભેદ રહ્યો નથી!

અંધકારમાંથી ઉજાશ

દેશી રાજ્યમાં ઉગતું પ્રજાતંત્રનું પ્રભાત

ગયે વર્ષે મહાત્મા ગાંધીજી હૃદયદ્રાવક નિરાશાનો કડવો ઘુંટડો પીને રાજકોટથી પાછા ફર્યા ત્યારબાદ ચોતરફ એવી માન્યતા બંધાઇ રહી હતી કે આપણો જ્યાં સુધી અંગ્રેજ સર-કાર સાથેના ઝગડાનો છેવટનો નીકાલ નહિ થાય ત્યાં સુધી દેશી રાજ્યોમાં લોકશાસિત રાજ્યતંત્રના વિકાસની જરાપણ આશા રાખવી નિરર્થક છે. આપખુદ રાજાઓ સ્વેચ્છાથી રાજસત્તા છોડે નહિ અને કોઇ રાજા કદાપિ આગળ આવીને પોતાની પ્રજાને જવાબદાર તંત્ર આપવા માંગે તો પણ અંગ્રેજ સરકાર તેને તેમ કરવા દે નહિ. પણ આજ કાલ બનતા બનાવો આ માન્યતાને થોડી થોડી શિથિલ કરી રહી હોય એમ લાગે છે. વડોદરા સર-કારે પોતાની પ્રજાને નવું બંધારણ આપ્યું અને તેમાં લોકશાસ-નનું તત્ત્વ બહુ જ મર્યાદિત સ્વરૂપમાં દાખલ કર્યું. રાજકોટમાં વીરાવાળાની કુટિલ કારકીર્દીનો તેમના અવસાન સાથે અન્ત આવ્યો; તેમની જ મહેરબાનીથી આગળ આવેલા શ્રી. ચીનાઇએ ચાર દિવસના ચાંદરણા જેવી દિવાનગીરી ભોગવી અને તેમના સ્થાને શ્રી. અંકલેશરીઆ આવ્યા. આ નવા દિવાને કંઇ કાળથી સુતેલી પ્રજા પ્રતિનિધિ સભાને જાગ્રત કરી છે અને આગળની રાજનીતિને થોડો પલટો આપીને લોકશાસનની દિશાએ પોતે થોડાંક આગળ પગલાં ભરવા માંગતા હોય એમ તેમના કેટલાંક કાર્યો ઉપરથી ભાસ થાય છે. નિઝામના રાજ્યમાં તો વડોદરા અને રાજકોટ પહેલાં કેટલાંક નવા પગલાં ભરાઇ ચુકેલાં છે. આજ કાલમાં ભાવનગર મહારાજાએ પણ રાજકીય સુધારાને લગતી એક અગત્યની જાહેરાત કરી છે. આ જાહેરાત મુજબ ૩૩ ચુંટાયેલા ૨૬ નિમાયલા અને ૬ અધિકારની ૨૪એ એમ કુલ ૫૫ સભ્યોની એક ધારાસભા ઉભી કરવામાં આવશે અને આ ધારાસભામાં ચોકકસ મર્યાદાઓ સાથે પ્રશ્નો પૂછવાની, ઠરાવો રજુ કરવાની, ખાનગી બીલો લાવવાની, બજેટની ચર્ચા કરવાની તેમજ ચોકકસ બાંટા પર મત આપવાની સત્તા સભ્યોને આપવામાં આવી છે. વય; કેળવણી અને મીલ્કતની લાયકાતો ઉપર મતાધિકાર આપવામાં આવ્યો છે અને ભયાતો, ગરાશીયાઓ અને મુસલમાનો જેવી લઘુમતી કોમોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. આજે આ રીતે અપાતી સત્તાઓ બહુજ મર્યાદિત અને અનેક પ્રકારના નિયંત્રણોથી જટિલ બનાવેલી હોય છે અને આપેલું કોઇ પણ વખતે લઇ લેવાની રાજાઓની કુલ મુખ્તયારી હોય છે પણ કેવળ અંધકાર અને દિશાશૂન્ય પરિસ્થિતિમાં આટલી શરૂઆત પ્રજાઓમાં

મહાવીરજીવન અને આજની પરિસ્થિતિ

(અમદાવાદમાં હંસરાજ પ્રાગજી હોલમાં તા. ૨૦-૪-૪૦ ના રોજ શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના આશ્રય નીચે મહાવીર જયંતી ઉજવવામાં આવેલી તે પ્રસંગે પંડિત સુખલાલજીએ આપેલું મનનીય વ્યાખ્યાન.)

ભગવાન મહાવીરની જયંતી ત્રણ રીતે ઉજવી શકાય. (૧) તેમની જીવનકથા સાંભળીને (૨) ઇતિહાસ સાહિત્યનો આશ્રય લઇ ભગવાનનો જીવન સંબંધી વિચાર કરીને અથવા તો (૩) જે વર્તમાન પ્રશ્નો નિરાકરણ માંગી રહ્યા છે; હજુ પણ જેના નિરાકરણ માટે આપણે મુંઝવણમાં છીએ–એવા બધા ગુંચવણ ભરેલા પ્રશ્નોની વિચારણામાં ભગવાનનું જીવન સહાયક થઇ શકે છે કે નહિ એ રીતે પણ વિચારી શકીએ છીએ. આજે મહાવીર જયંતી પ્રસંગે પહેલા બે પ્રકારો ઉપર વિચારવું હું ઉચિત ધારતો નથી, કારણ કે તે બન્ને પ્રકારોનો આશ્રય આજ સુધી દરેક જયંતી પ્રસંગે લેવાયલો છે. એટલે મેં તો ત્રીજા પ્રકાર ઉપર જ વિચાર કરવાનું પસંદ કર્યું છે આજસુધી આપણે સૌ

નવી આશાનાં અંકુરો રોપે છે અને જો પ્રજા આ તકનો પુરો લાભ લે તો થોડા કાળમાં એવી બળવાન પ્રથાઓ ઉભી કરી શકાય અને મતાધિકાર અને ચુંટણીઓનો લાભ લઇને પ્રજાને રાજકારણમાં એટલી હદ સુધી કેળવી શકાય કે જેના પરિણામે જે પ્રજાકીય તંત્રની નાના સ્વરૂપે આજે શરૂઆત કરવામાં આવી છે તેને અન્તિમ વિકાસની કોટિ સુધી લઈ ગયા સિવાય આજના રાજ્યો સમક્ષ બીજો કોઇ માર્ગ રહે જ નહિ. અન્ય રાજ્યોમાં પણ આ પ્રકારની સત્વર શરૂઆત થાય અને દેશી રાજ્યની પ્રજાઓ સર્વ પ્રકારે સરકારી પ્રજાની હરોલમાં જલ્દિથી આવીને ઉભી રહે એવી આપણે આશા રાખીએ.

હિંદી સંરક્ષણ કાયદા નીચે ચાલી રહેલી ધરપકડો

આજે હિંદી સંરક્ષણ કાયદા નીચે ચોતરફથી ધરપકડો થયાના સમાચાર દૈનિક પત્રોમાં પ્રગટ થઇ રહ્યા છે. એક પણ દિવસ એવો જતો નથી જ્યારે કોઇને કોઇ કાર્યકર્તાની એક યા અન્ય સ્થળે ધરપકડ કરવામાં આવી ન હોય. આજના બારીક સમયમાં સરકારના કોઇ પણ કાર્યની ટીકાને ઉપરના કાયદાની એક અથવા તો બીજી કલમ લાગુ પાડતાં બહુ મુશ્કેલી પડે તેમ નથી. જે સરકારને મોટું યુદ્ધ ચલાવવાનું છે તે પોતાની હકુમતના પ્રદેશમાં વધારે પડતી સાવધ બનીને ચાલે અને જેની પ્રવૃત્તિ ઉપર અંદેશો આવે તેને અટકમાં પુરી દેવા પ્રેરાય તે સ્વાભાવિક છે. પણ આજે ચાલી રહેલી સંખ્યાબંધ ધરપકડો ઉપરથી સરકાર આજે પુરજોસમાં દમનનીતિના માર્ગે છે એવી માન્યતા સામાન્ય જનતામાં પોષાવા લાગી છે. એક બાજુ પ્રજાનો સંરક્ષણ કાર્યમાં સરકાર પુષ્કળ સહકાર માંગે છે અને બીજી બાજુથી પ્રજાજનોમાં કાર્ય કરતા અનેક નાના મોટા માણસોને સંરક્ષણના કાયદા નીચે જેલમાં પુરવામાં આવે છે– આ બન્ને બાબત પરસ્પર સંગત નથી લાગતી. સરકાર જે કાંઇ કરે છે તે પોતાની દૃષ્ટિએ વ્યાજબી કરતી હશે પણ આવી ચાલુ ધરપકડોથી પ્રજાની લાગણી ખુબ ઘવાતી જાય છે. આ બાબત તરફ સત્તાધીશોનું ધ્યાન ખેંચવું એ દરેક પત્રકારની ફરજ છે. આજના સંયોગોમાં આથી વિશેષ સંભાલોચના કરવી જરૂરી નથી તેમ ઉહાપણ ભરી નથી.

—પરમાનંદ

સ્થિત માર્ગેજ ચોક્કસ વસ્તુ સાંભળતા આવ્યા છીએ. જેમકે ભગવાન ક્યારે જન્મ્યા, ક્યારે દીક્ષા લીધી વગેરે; પરંતુ આપણે સ્વતંત્રપણે કંઇ પણ વિચાર કરતાં નથી. આથી ત્રીજી–દૃષ્ટિએ વિચારણા કરવી બધી રીતે યોગ્ય થશે.

સૌથી પહેલી વાત તો એજ કે ભગવાન મહાવીરની જયંતી જૈનોની એકલાની નજ હોય; પરંતુ આજે તો જૈનોજ એ જયંતીમાં માને છે. જૈનોમાં પણ ભાગલા છે. સૌ એક સ્થળે એકઠા થઇ એ જયંતી નથી ઉજવતા અને ભાગલાય વહેચાતાં વહેચાતાં ખુબજ વિભાગોમાં વહેંચાઇ ગયા છે. આથી હવે મહાવીર જયંતીમાં કોઇને રસ રહ્યો નથી. બીજા લોકો આપણી આવી મનોવૃત્તિ પરથી સમજે છે કે આ સમાજ નર્યો વેપારી સમાજ છે અને વિદ્વાનો પણ આવીજ ફરીયાદ કરે છે. તેઓ આવી જયંતીમાં રસ પણ લેતા નથી અને જ્યારે તેમને આવા પ્રસંગે ભાષણ વિગેરે માટે નિમંત્રણ આપવામાં આવે છે ત્યારે તેમાંથી માત્ર એકજ નાનકડો વર્ગ આવે છે. આનું કારણ એ છે કે જૈનસમાજમાં વિચાર-દરિદ્રતા અને વિદ્વાશૂન્યતાનું સામ્રાજ્ય પ્રસરેલું છે.

બીજા કોઇપણ ધર્મનો દાખલો લ્યો, કૃષ્ણ વિષે વિવેચન કરનારાં ઘણા મળી આવશે. રામ, કૃષ્ણ, જીસસ, બુદ્ધ કોઇની પણ જયંતી પ્રસંગે ભાગ લો તો તમને દેખાશે કે એ જયંતીમાં વિવેચન કરનારા વિદ્વાનો મોટા પ્રમાણમાં હશે. ઉત્તર હિંદુસ્થાન વિષે કહી શકાય કે અહિંની જયંતીમાં જેટલા શ્રોતાઓ રસ લઇ રહ્યા હોય છે, તેટલા જ વિદ્વાનો અને વિચારકો ત્યાં તેવી સભાઓમાં હાજર હોય છે. આ દૃષ્ટિએ જૈન સમાજ પછાત ગણાશે. આમાં જૈન પરંપરાનીજ ખામી છે. જૈન સમાજમાં વિચારકો ઓછા છે, વિવેચન કરનારા ઓછા છે, એ હકીકત ખરેખર દુઃખદ છે. અત્યારે એમાં મુખ્ય કારણ આપણી સંકુચિત મનોવૃત્તિનું છે. આવી જયંતીઓ ઉજવાય છે તે એટલું સમજીને ઉજવાય છે કે તે વ્યક્તિઓ આપણી પરંપરાની છે. મહાવીર જયંતી પણ તે રીતેજ ઉજવાય છે; પરંતુ ખરી રીતે તો મહાવીરનું જીવન એ માનવજાતની સંપત્તિ છે. ભગવાન મહાવીર બિહાર અને મગધમાં વિચર્યા, માટે એ પ્રાન્ત જયંતી ઉજવે તેમાં તો નવાઇ હોવી ન જોઇએ પરંતુ દરેક પ્રાન્ત, દરેક સંપ્રદાય મહાવીરની જયંતી ઉજવે, કારણ કે તે જયંતી એકલા જૈનોની નહિ પરંતુ માનવ માત્રની છે. અલબત્ત એ જયંતી સૌ પહેલા આપણી છે. પરંતુ બધાનો તે પર સરખો હકક હોવો જોઇએ. થોડાં વર્ષોપર બિહારી બ્રાહ્મણ બ્રાહ્મણેતર દરેક છાત્રોએ બનારસમાં મહાવીર જયંતી ઉજવી હતી. તે પ્રસંગે ડૉ. આનંદ શંકર ધ્રુવ પ્રમુખસ્થાને હતા. આ વસ્તુ બીજાઓએ અપનાવવા જેવી છે. મહાવીર જયંતી ઉજવાતી હોય તે વખતે અન્ય સંપ્રદાયના વિદ્વાનો અને શ્રોતાઓ ભાગ લે, તે જ રીતે જ્યારે કૃષ્ણ જયંતી કે બીજી જયંતીઓ ઉજવાતી હોય ત્યારે જૈનોએ તેમાં રસ લેવો જોઇએ. મને તો મહાવીર જયંતીમાં જેટલી શ્રધ્ધા છે તેટલીજ શ્રધ્ધા બુધ્ધ, રામ કૃષ્ણ, જીસસ વગેરેની જયંતીમાં છે અને હું માનું છું કે એવી શ્રદ્ધા દરેક વ્યક્તિમાં હોવી જોઇએ. ભગવાન મહાવીરની વિશિષ્ટતા તેમની અહિંસામાં છે. એ હકીકત ૨૫૦૦ વર્ષ પહેલાંની છે. પણ તેના નામથી આજે આપણે ગૌરવ લઇએ છીએ. મારા જોવામાં પણ તેનાથી થોડી ઉષ્મા આવે છે. એક બાજુ આ રીતે આપણે અહિંસા વિષે ગૌરવ લઇએ છીએ અને તેની શ્રેષ્ઠતાનો દાવો કરીએ છીએ, જ્યારે બીજી બાજુ મંદિરો, ગચ્છો, શ્રાવક, સાધુ વગેરેના એક બીજા વચ્ચેના સંબંધોમાં પેદા

થતી ધુંચોનો ઉકેલ પણ નથી કરી શકતા. એક બાજુ અહિંસાની વાતો કરીએ છીએ, અને બીજી બાજુ માનવતાનો છાંટોય નહિ. ત્યારે શું ભગવાન મહાવીરની અહિંસામાં કાંઇ તેજ રહ્યું છે કે નહિ? અથવા તો શું આપણે અહિંસાના ખરા અર્થને સમજતા નથી? હું ધારૂં છું કે આપણે અહિંસાનો ખરો અર્થ બરાબર સમજતા નથી. જૈનધર્મ નિવૃત્તિપ્રધાન મનાય છે; પણ આપણે નિવૃત્તિના અર્થને સમજ્યા નથી. આપણે સૌ કોઇ માનીએ છીએ કે નિવૃત્તિ એટલે ઉપાધિમાંથી મુકત થવું, છુટવું. તો પછી પ્રશ્ન એ થશે કે ઉપાધિ એટલે શું? સામાન્યતઃ વિચારતાં દરેક વ્યકિતને કંઇને કંઇ ઉપાધિ જણાશેજ. કુટુંબની ઉપાધિ, સ્ત્રી પુત્રાદિની ઉપાધિ, પૈસાની ઉપાધિ, પતિ–પત્નીના ખટરાગથી થતી ઉપાધિ આવી તો કેટલીય ઉપાધિ–સામાજિક, રાજકીય કે આર્થિક દરેકને હોય છે. આવી ઉપાધિમાંથી છુટવા તે તે વ્યકિત જરૂર ઇચ્છે; પરંતુ એ કંઇ નિવૃત્તિ નથી. આજે તો શહેર સુધરાઇના પ્રમુખને રાષ્ટ્રીય કે સામાજિક કાર્યકરને વધુમાં વધુ ઉપાધિ હોય છે. ઉપર કહ્યા મુજબ ઉપાધિમાંથી છુટવું એનું નામ નિવૃત્તિ હોય જૈન સમાજનો કોઇપણ સભ્ય શહેરસુધરાઇનો પ્રમુખ કે સામાજિક કે રાષ્ટ્રીય કાર્યકર પણ ન થઇ શકે; અથવા તો તેણે આ અર્થના નિવૃત્તિ માર્ગને ત્યજીને કાર્ય કરવું રહ્યું. આ પ્રશ્ન મુંઝવણભર્યો છે. પણ શું ભગવાનની અહિંસા મુંઝવણમાં નાખે એવી છે? તેમણે બાર વર્ષનું તપ શું એટલાજ માટે કર્યું હતું? આવોજ મુંઝવણભર્યો પ્રશ્ન પ્રવૃત્તિ માટે પણ છે. આજે પ્રવૃત્તિ બંધનરૂપ મનાય છે. પ્રવૃત્તિ અથવા યોગ એ કર્મબંધનનું કારણ છે, માટે પ્રવૃત્તિ કરવી જોઇએ નહિ, પરંતુ એ એક વિચારવા જેવો પ્રશ્ન છે કે ગૃહસ્થ કે ત્યાગીનું જીવનચક્ર પ્રવૃત્તિ વગર ચાલે ખરૂં? જો તમે ન ચાલે એમ કહેતા હો તો એમ જ થયું કે પ્રવૃત્તિ જોઇએજ. વળી પ્રશ્ન એ ઉભો થશે કે પ્રવૃત્તિ તો બંધનું કારણ છે; એટલે વળી નવી મુંઝવણ ઉભી થાય છે. આ બધી મુંઝવણો તો કુરૂક્ષેત્રમાં બે સૈન્ય વચ્ચે ઉભેલા વિષાદમગ્ન અર્જુનની મુંઝવણ જેવી છે, બાણ ફેંકી પણ શકાતું નથી અને પકડી રાખી પણ શકાતું નથી. અહિં મારે કહી દેવું જોઇએ કે આ બધી મુંઝવણોનો ખુલાસો ભગવાન મહાવીરના જીવનમાંથી આપણને મળી રહે છે. ત્યારે હવે કોઇ એમ પ્રશ્ન કરશે કે નિવૃત્તિ સંબંધી તો ઠીક, પણ પ્રવૃત્તિમાં ભગવાનની અહિંસા કે ભગવાનનું જીવન કઇ રીતે સહાયક થઇ શકે. જેમકે લગ્ન એ પ્રવૃત્તિનું કામ છે તો એમાં શી રીતે ભાગ લઇ શકાય? આરંભ સમારંભ એ પણ પ્રવૃત્તિમાંજ ગણાય, તો એ શી રીતે થઇ શકે? એટલે એમાંથી નિવૃત્તિ લેવી જોઇએ. અને આ વિચારણાને એટલી હદ સુધી ખેંચી જઇ શકાશે કે ધર્મની પેઢીઓ, ધર્મમંદિરો વગેરેની ચર્ચા પણ શી રીતે થઇ શકે? પરંતુ ખરી વસ્તુસ્થિતિ એ છે કે હવે આપણે તર્કજાળમાં પડી આવી ઉપેક્ષા ન દાખવી શકીએ. દલીલો તો ગમે તે રીતે થઇ શકે. ગાંધીજીને સફળતા મળે તો આજેજ કોઇ કહે કે ગાંધીજી નવું શું કરે છે? મહાવીર અને બુધ્ધે અહિંસાને પહેલેથીજ વિચારી આચરી બતાવેલ છે અને જો ધારી સફળતા ન મળે કે મોડું થાય તો એમ કરી શકે કે ગાંધીજી, મહાવીર અને બુધ્ધ જેટલી અહિંસાની ભૂમિકાએ કયાં હતાં? અગર તો રામ-કૃષ્ણ જેવી શસ્ત્રભૂમિકાએ પણ કયાં હતાં? આજના તર્કશાસ્ત્રે મોટે ભાગે માણસને ખુબજ કુતર્ક કરતાં શીખવ્યું છે. એક ઉદાહરણ જોઇએ. ગાંધીજીની પ્રવૃત્તિમાં આડખીલી કરનાર શ્રી સુભાષબાબુ અને ઝીણા પણ, ગાંધીજી સફળ થાય તો પોતાનો બચાવ એમ જરૂર કરવાના કે અમે એ રીતે પાનો ન ચઢાવ્યો હોત તો ગાંધીજી અને તેમના અનુયાયીઓ જાગ્રત અને વ્યવસ્થિત ન થાત. અમારી સમાધાનવિરોધી હીલચાલ અગર તો દેશવિભાગની હીલચાલ એ માત્ર ગાંધીજી અને તેમના અનુયાયીઓને સાવધ તેમજ મકકમ કરવા પુરતી જ હતી. એજ ન્યાયે અત્યારના નિવૃત્તિની ગેરસમજવાળા જૈનો પ્રવૃત્તિ ઉપર જ જીવવા અને નભવા છતાં, તેમજ પ્રવૃત્તિ વગર એક શ્વાસ માત્ર લેવા અશકત છતાં પ્રવૃત્તિની વિવિધ દિશાઓ વિષે અસંબંદ્ધ પ્રશ્નો કરે છે, એટલે ખરી રીતે નિવૃત્તિ અને પ્રવૃત્તિના અર્થને આપણે ભુલ્યા છીએ. એક દાખલાથી આ વાત વધુ સ્પષ્ટ થશે. મુખ્યપણે મારવાડમાંજ સ્થાનકવાસી સંપ્રદાયમાં તેરાપંથી નામનો એક સંપ્રદાય છે. પૈસાની દ્રષ્ટિએ એ સંપ્રદાય મોભાદાર છે. એ સંપ્રદાયના આચાર્યોએ ભગવાનની અહિંસાનો અર્થ માત્ર નિવૃત્તિ એવોજ કર્યો અને એ નિવૃત્તિને એટલી હદ સુધી સ્વીકારવામાં આવી કે સામે મકાન બળતું હોય, તેમાં માનવભાઇઓ બળી રહ્યા હોય તો પણ તેને બચાવવાની પ્રવૃત્તિ કરવી નહિ. તે વખતે તે સંપ્રદાયના સાધુ કે શ્રાવક એમજ કહેશે કે જો માણસને બચાવીશું તો એ વધુ પાપ કરશે. આ એ લોકોનો નિવૃત્તિ ધર્મ છે. પણ ધારો કે તેજ વખતે કોઇ તેરાપંથી વ્રતધારી શ્રાવક કે સાધુ મકાનમાં બળી રહ્યો હોય તો એમને તે લોકો બચાવશે કે નહિ? જો બચાવશે તો શું બચનાર પોતાના જીવનમાં કંઇ પણ અંશે કર્મબંધ નથી કરવાના? શું તે બચનાર સર્વથા વીતરાગ કે કર્મબંધમુકત છે?

દિગંબર સંપ્રદાયનો એક દાખલો લઇએઃ—

દિગંબર સાધુઓ વસ્ત્રની ઉપાધિ રાખતા નથી. તેઓ તો કહે છે કે એમાંજ સાધુતાની નિશાની છે. આ માન્યતા વધારે નિવૃત્તિના વિચારમાંથી આવી છે. કંઇ પણ વસ્ત્ર–પરિગ્રહ રાખવાનો નહિ છતાં આશ્ચર્યની વાત તો એ છે કે જ્યારે એજ નગ્ન સાધુ વિહાર કરશે ત્યારે પોતાના જીવન અને માનેલા આચારધર્મને નભાવવા, પોતાની સાથે બળદગાડી અને બે ચાર પરિચારકો રાખશે. આમ કેમ? તેમનું પોતાનું જીવન બચાવવા કે આચારધર્મને નભાવવા માટે બીજાને ઉપાધિમાં નાંખવાની કાંઇ જરૂર? બીજાએ આ રીતે શા માટે તેમની ગુલામી સ્વીકારવી?

પરંતુ દિગંબર અને તેરાપંથીનો પરિહાસ કરવો શ્વેતાંબરો માટે સહેલો છે. હવે શ્વેતાંબર પક્ષની એકાદ વાત લઇ તેમના જ નિવૃત્તિ–પ્રવૃત્તિ સંબંધીના વિચારોની અસંગતિ જોઇએ. તેરાપંથી સંબંધી મેં મકાનને આગ લાગવાના ઉદાહરણથી વાત કરી; પણ હું તો કહું છું કે જ્યારે આખા દેશને ગુલામીની આગ લાગી હોય અને ખાસ કરી દુકાળની આગ લાગેલી હોય ત્યારે શ્વેતાંબર સમાજનો કોઇપણ સાધુ કે શ્રાવક એમાં નાશ પામતાં પશુ કે માનવીની ઉપેક્ષા કરી શકે ખરો? આજ સુધી જુદા જુદા ધર્મસ્થાનોમાં લાખો રૂપીઆ એકઠા થયેલા પડયા છે. તે કાં તો નકામાજ ઉપાધિ રૂપે પડયા રહે છે. અથવા તો જુદી જુદી રીતે ભરખાય છે. તે ધાર્મિક દ્રવ્ય જ્યારે કચ્છ અને કાઠિયાવાડમાં દુષ્કાળ સર્વભક્ષી બની રહ્યો છે ત્યારે કામમાં નહિ આવે તો કયારે કામમાં આવશે? કાઠિયાવાડ અને કચ્છમાં લગભગ સોએ પંચોતેર ઢોર મરી ગયા છે એવે વખતે ભગવાનના હારો, મુગટો, ધરેણાં વગેરે શણગારો કે બીજું ધાર્મિકદ્રવ્ય જો જીવનસૃષ્ટિને બચાવવાના કામમાં નહિ આવે તો એથી વધારે

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૫

મુંબઇ : ૩૦ જુન ૧૯૪૦ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

'ધારાળાના ગોર' શ્રી રવિશંકર મહારાજના અનુભવો

વિદ્યાર્થીઓ સાથેનો વાર્તાલાપ

(શ્રી રવિશંકર મહારાજ જેઓ ગુજરાતના એક અખંડ સેવાધારી સજ્જન છે અને જેમને 'ધારાળાનાં ગોર'નું બીરૂદ પ્રજાએ બક્ષેલું છે, તેઓ પોતાના સેવા-જીવનના રોમાંચકારી અનુભવો ભાગ્યે જ કોઇને કહે છે. તેઓ પ્રસિદ્ધિથી દૂર ભાગનારા છે. કલમ હાથમાં લઇને લખવાના તેઓ પ્રચંડ વિરોધી છે. જીવનને અખંડ સેવામાં પરોવી દેવાની મુંગી દીક્ષા તેમણે લીધેલી છે. જ્યારે એવી કોઇ મંડળી નમી હોય કે જ્યાં તેઓ ભાવી સેવાયજ્ઞનાં બીજ જુએ છે, ત્યારે દિલ ખોલીને તેઓ વાતો કરે છે. આવી એક વાતચીત ચરોતર છાત્રાલયના વિદ્યાર્થીઓ સમક્ષ તેમણે કેટલાક વખત પહેલાં કરી હતી. તે અનુભવપ્રચુર હોઇને 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો માટે 'ગુજરાત સમાચાર' માંથી સાભાર ઉધ્ધૃત કરીને પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

વર્ધાના ઉદ્યોગો.

આ વાર્તાલાપની શરૂઆત 'વર્ધાના સંબંધમાં આપ કાંઇ વધુ જણાવશો ? મેં થોડું વાંચ્યું છે પણ વધુ જાણવું છે' એવા એક પ્રશ્નથી થઈ હતી. એ પ્રશ્નના ઉત્તરમાં રવિશંકર મહારાજે જણાવ્યું કે :—

"વર્ધા એટલે ગાંધીજી અને ગાંધીજી એટલે વર્ધા-એટલે એમાં કશું કહેવાનું હોય નહિ. ત્યાં એક શિક્ષણવર્ગ કાઢવામાં આવ્યો છે અને કેટલાક વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા છે. એક વર્ગ ૧ વર્ષને માટે, બીજો ૬ વર્ષને માટે છે અને ત્યાં અભ્યાસ પુરો કર્યા પછી દરેક વિદ્યાર્થીએ ગામડામાં કામ કરવા જવું પડે છે. બીજું ત્યાં ચામડાનો ઉદ્યોગ ચાલે છે બંગાળમાં સતીશ બાબુએ ચામડાંનો ઉદ્યોગ ઘણો જ ખીલવ્યો છે. કાઠીઆવાડના મારા એક ઓળખીતા ભાઇએ મને ઉદ્યોગ માટે પુછેલું અને મેં તેમને ત્યાં મોકલેલા. પહેલાં તો તેમને સતીશબાબુએ પાસે પડેલી એક મરેલી ભેંસનું ચામડું ઉતારી લાવવા કહ્યું. એ ભાઇ ચામડું ઉતારતાં બેભાન બની ગયા. પરંતુ પાછળથી તેઓ ટેવાઇ ગયા. તે ઉદ્યોગ શીખીને વતનમાં આવ્યા; પરંતુ સમાજના સાથના અભાવે તે ઉદ્યોગ તેઓ ખીલવી શકયા નહિ; એટલે ફરીથી ત્યાં તેમને જવું પડયું. તે દરેક ચમાર ભાઇને પોતાના ધંધાના વિકાસ અર્થે બોલાવે છે અને ત્યાં તેમણે ધંધો શરૂ કરેલ છે. જીવતા ઢોરના ચામડામાં કુમાશ વધારે હોય છે, જ્યારે મરેલા ઢોરના ચામડામાં હોતી નથી; એટલે મરેલા ઢોરના ચામડામાં વધારે કુમાશ લાવવા જેમ બને તેમ સારો પ્રયત્ન કરવામાં આવે છે.

બીજો ઉદ્યોગ ત્યાં તેલઘાણી સંબંધીનો છે. આખા હિંદમાંથી સારી જાતની ઘાણીઓના નમુના એકઠા કરવામાં આવ્યા છે અને શામાંથી કેટલી સહેલાઇથી વધારે તેલ નીકળી શકે તેનો પ્રયોગ કરવામાં આવે છે.

ત્રીજો ઉદ્યોગ ત્યાં મધ બનાવવાનો છે. દરેક ફળ પુષ્પના ઉપરથી મધ કેવી રીતે ઉતરે વગેરે શિખવવામાં આવે છે. વધુમાં કાંતવા-વણવાનું એ બે પ્રધાન અંગો છે જેના વિષે વધુ કહેવાનું કાંઇ છે નહિ."

રાહુ અને કેતુ

છેલ્લો મુદ્દો વર્ધા કેળવણીનો છે. આ પ્રશ્નપર શ્રી રવિશંકર મહારાજે ઘણી લાંબી ચર્ચા કરી હતી. એમણે આજની કેળવણીને કેતુ અને ઉદ્યોગને રાહુ કહ્યા હતા. જ્યાં સુધી ઉદ્યોગ ન હોય ત્યાં સુધી કેળવણી નકામી છે. કેળવણી વગરનો ઉદ્યોગ પાંગળો છે. એટલે એ વસ્તુ ઘણી જરૂરી છે કે કેળવણી અને ઉદ્યોગને મેળ ખાવો જોઇએ. ઉદ્યોગવાળા મારા જેવા માણસને ઓછું ખાવાનું જોઇએ છે (અલબત વજનમાં નહિ), જ્યારે ભણેલા માણસને વધારે ખાવાનું જોઇએ છે. આ સંબંધી એમણે શ્રી. અબ્બાસ સાહેબની વાત કરી હતી. એમણે કહ્યું. 'રવિશંકર ભાઇ, તમે કેટલું બધું ખાઓ છો ?' મેં તેમને જવાબ આપ્યો 'તમારા કરતાં ઘણુંજ ઓછું. મારે દિવસ દીઠ ખોરાકનો ખર્ચ ફકત છ પૈસા છે અને હું તમારા કરતાં ભાત વજનમાં વિશેષ ખાઉં છું, જ્યારે તમો વજનમાં ખોરાક થોડો ખાઓ છો છતાં એ ઘણો કિંમતી હોય છે. એટલે તમે તમારા ખોરાકની વધુ કિંમત આપો છો અને એ રીતે તમો મારા કરતાં વધુ ખાઓ છો. તમો તમારા પૈસા બચવા જોઇએ અને એને બદલે વધુ ખરચો છો, જ્યારે હું ઓછા ખરચું છું.

પ્રૌઢ શિક્ષણમાં પદવીધરોનું સ્થાન.

ત્યારબાદ પ્રૌઢ શિક્ષણનો પ્રશ્ન છેડાયો હતો. તેમણે કહ્યું "તમે ગામડામાં જઇને શું કરશો ? તમે ભણેલા હો; M. A. M. sc. કે B. sc. હો,. પણ ત્યાં તમારૂં ભણતર કામ આવે એમ નથી. ગામડાના લોકોને શાની જરૂર છે તેની તમોને ખબર છે ? તેમને જરૂર છે રોટલાની અને રોટલામાં વધારો કરનારની; એટલે તમારે તેમને માટે એ વિચાર કરવાનો કે તમો તેમને શું નવું આપી-બતાવી શકો એમ છો ? તમારા ભણતરની એમને કિંમત નથી. તમારૂં ભણવાનું એમને નહિ ગમે અને બલ્કે શીખવવા જતાં કેટલુંક તમેજ એમની પાસેથી શીખીને આવશો જે તમે જાણતા નથી. વિજ્ઞાનનો વિદ્યાર્થી તેને શું આપી શકશે ? શું તે ગામના તળાવની લીલ સદંતર કાઢી નાખવાનો કોઇ ઇલાજ બતાવશે ? આંબાના મ્હોરપર પડતાં તીડ અને છોડને નુકશાનકારક જીવડાં નિવારી શકશે ? એટલે કહેવાનું એટલુંજ કે તમે તેને કાંઇ ઉપયોગી થઇ પડો તો તે તમારૂં શિક્ષણ જરૂર ગ્રહણ કરે; પરંતુ તમારે કેટલીક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે. સેવાભાવી એટલે તમને સેવા

ગમે છે અગર ભાવે છે એમ નહિ. એટલે તમારે તેમના તરફથી સેવાનો સ્વીકાર કરવો ન જોઇએ, પણ તમારે તેમની સેવા કરવાની છે. તમારે તમારા અંગત ઉપયોગની કેટલીક વસ્તુઓ ઓછી કરવી પડશે; કારણ તેઓ નકલ કરવામાં શુરા હોય છે. તમારી ઉપરચોટીઆ વસ્તુઓ જે નૈતિક દૃષ્ટિએ બીન ઉપયોગી છે તેને તેઓ ગ્રહણ કરશે એટલે તમારે સાવચેતી રાખવાની કે તમારી અણઘટતી વસ્તુઓ તેઓ ગ્રહણ ન કરે. તમારે તમારાં સાધનો ઘણાંજ ઓછાં રાખવાં જોઇએ. બહારના ભપકા અને ટાપટીપવાળાં વસ્ત્રોનો મોહ છોડવો પડશે. સ્વચ્છતા અને સાદાઇ રાખવી પડશે. નહિ તો તમારૂં બોહું અનુકરણ થવાનો પુરો સંભવ છે.

શહેરનું અનુકરણ.

હું એક વખત ધારાળાના ગામમાં ગયો હતો. હું તેમના ઘણાજ નિકટ સંબંધમાં આવેલો હતો. તેમાંના એકને ત્યાં ગયા પછી મારૂં સ્વાગત કરવા માટે એક માણસ જીંજરની બાટલી લઇ આવ્યો. હું ચા કે બીડી એવી કોઇ પણ વસ્તુના વ્યસનવાળો ન હોવાથી તેમણે જીંજરથી મારો સત્કાર કરવા ધાર્યો, પણ મેં તે લેવાની ના પાડી. તેમણે મને સમજાવ્યું કે જીંજર તાવ મટાડે છે મેં કહ્યું મને તાવ આવતો જ નથી, આવ્યો નથી. તેમણે કબુલ કર્યું કે મારૂં શરીર કુંજ છે. મેં તેમને શીશી ફોડી નાખવાનું કહ્યું અને ફરીથી ન વાપરવાનો બોધ કર્યો. મને લાગી આવ્યું કે એક બાટલીની કીંમત છ પૈસા થાય અને એટલામાં તેઓ ત્રણ શેર બાજરી લાવી પોતાના કુટુંબનું પોષણ કરી શકે. તે લોકોએ તો કહ્યું કે એ બધી બાટલીઓની પેટીઓ વડોદરાથી લાવવામાં આવે છે અને દરરોજ ગામમાં પણ પેટી વપરાય છે. એટલે મારૂં કહેવું એ છે કે શહેરની અણઘટતી અને બોજારૂપ કેટલીક વસ્તુઓ આ રીતે ગામડામાં ઘુસી જાય છે?"

ગામડાંઓનું માનસ અને કેળવણી.

ત્યારબાદ તેઓને શ્રી. રવિશંકર મહારાજે પાટણના ગામડાંના લોકોના માનસની વાત કરી હતી. ગામડાંના ભરવાડો ઘી વેચવા પાટણ શહેરમાં આવે. ઘી વેચી પૈસા લીધા પછી હોટલમાં જઇ ચાવાળાને એક સ્પેશીયલ 'કપ' (કપ) બનાવવાનું કહે. ધોળી બીડી પીએ. તેલવાળાને ત્યાંથી બોબામાં બે પૈસાનું માથામાં નાખવાનું તેલ લઇ માથામાં નાંખે અને એક હાથમાં વીંટ્યા વિનાનો ફેંટો ને ખુલ્લું માથું રાખી આનંદ માણે. આવી રીતે સહેજમાં સવા આનાનો ખરચો કરે છે કે જેના વડે તે આખો એક દિવસ પોષણ મેળવી શકે અને આ બધું તે શહેરમાંથી એટલે શહેરીઓ પાસેથી શીખી અનુકરણ કરે છે. આપણામાંના ઘણા લોકોને રેંટીઓ શિખવવો હોય તો તેમને ઘણી અડચણ પડે છે; કારણ આપણે ભણેલા છીએ. માલ, ચમરખું કે દામણી અગર ત્રાક સારી સ્થિતિમાં ન હોય તો શિખવનાર માણસની આપણને જરૂર પડે છે, જ્યારે રાનીપરજના લોકોને આવી જરૂર પડતી નથી. ફકત જો આપણે તેમની પાસે બેસી રેંટીઓ ફેરવીએ અને પછી ત્યાં રહેવા દૂર ઉઠી જઇએ તો આપણા ગયા બાદ તેઓ તેજ રેંટીઆ પર બેસી આબેહુબ આપણા જેવું કાંતે છે. એ મુશ્કેલીનો આપમેળે ઉકેલ કરી લે છે. એક શિક્ષિત કાંતનારને ફાળકો ભાંગી જતાં ત્રાક પરથી સુતર ઉતારવાની મુશ્કેલીથી કાંતવાનું તેને બંધ રાખવું પડે છે, જ્યારે રાનીપરજના લોકો તેજ જગ્યાએ ઘુંટણ અને પગની પાટલીના અંતરમાં અથવા બે ઘુંટણ વચ્ચેના અંતરમાં ત્રાક પરથી સુતર સારી રીતે ઉતારી શકે છે.

લુંટારાની વચ્ચે

ત્યારપછી તેઓશ્રીએ પોતાનો વડોદરા સ્ટેટમાં આવેલા ધારાળા ગામનો ત્યાંના લોક ચોરી, લુંટફાટ અને ધાડનોજ ધંધો કરતા હતા તેમને લગતો પોતાનો અનુભવ કહ્યો. તે ગામમાં સેંકડે ૯૯ ટકા ચોરની વસ્તી છે. તેમાં પણ કેટલાક ભણેલા હોઇ જેવું તેવું લખી શકે છે. એક વખત પોલીસ અમલદારના સુચનથી હું ત્યાંના લોકોના સમાગમમાં આવવા લલચાયો અને તેમની પાસેથી ગોકળભાઇ નામના માણસનું સરનામું લઇ ત્યાં ગયો. ગામમાં એવો રીવાજ છે કે કોઇએ કોઇનું ઘર બતાવવું નહિ. મેં પુછ્યું પણ કોઇ બતાવેજ શાનું? હું પુછતો પુછતો પાંચ છ પટેલીઆ બેઠા હતા ત્યાં ગયો. જ્યાં ઉપલા ગોકળનો પિતા પણ બેઠો હતો. તેમણે પણ મને જવાબ આપ્યો નહિ એટલે હું ત્યાંથી ચાલતો થયો; પરંતુ ગોકળના પિતાએ આવી મને જતો રેકયો અને પોતાના ઘર આગળ લઇ જઇ 'અમારી સ્ત્રીઓ લાજ કાઢે છે' એટલે ફળીમાં આગળ ન વધવાનું કહી મને કોટમાં બેસાડયો.

ત્યાં મેં તેને કેટલીક વાતો પુછવા માંડી.

પ્રશ્ન—તમો શું ધંધો કરો છો?

ઉત્તર—કાંઇ નહિ દાદા, ખેતીનો.

પ્રશ્ન—ખેતી સારી ચાલે છે?

ઉત્તર—એવીસ્તો, વરસ એવાંજ છે કે કાંઇ કસ ન મળે.

પ્રશ્ન—પહેલાંનાં વર્ષો કેવાં હતાં?

ઉત્તર—ઘણાં સારાં દાદા, સારૂં મળતું.

પ્રશ્ન—કેવી રીતે?

ઉત્તર—જપાટી લાવતા, દાદા, હજુ કોકવાર જપાટી લાવીએ છીએ.

આટલી વાત થયા પછી ડોસાને કાંઇ શક આવ્યો. એને લાગ્યું કે હું સરકારી માણસ હોઇશ. એટલે મને બેસાડી એ ગામના લોક પાસે ગયો તેણે તેમને બધી વાત કરી અને કહ્યું કે જો તેઓ તેની સાથે નહિ આવે તો ભોળપણમાં તે બધી વાત મને કહી દેશે. એટલે તે બધાને બોલાવી મારી પાસે વાતો કરવા આવ્યો. મેં તેમને પણ ઉપર પ્રમાણે સવાલો પુછતાં તેઓ જપાટી લાવે છે એવી હકીકત કહી અને વધુમાં જણાવ્યું કે તેમની આ આદતને લઇને દિવસમાં ત્રણ વખત હાજરી લેવામાં આવે છે અને ગેરહાજર રહે તો પુષ્કળ દંડ થાય છે. તેમણે એ વિષે મને ફરીઆદ કરી કે આથી તેમને ઘણો ત્રાસ છે.

મેં કહ્યું—તમારી હાજરી નીકળી જાય તો?

તેઓએ જવાબ આપ્યો—દાદા! એ ન નીકળે.

મેં કહ્યું—ન નીકળે તો કાંઇ નહિ; પણ તમારે ખર્ચ કાંઇ કરવાનો નથી. ફકત એક માણસને ખાવા માટે ખીચડી આપવી પડશે. પ્રયત્ન કરી જુઓ સફળતા મળશે.

ધારાળાની વચ્ચે.

તેઓએ હા પાડી. પરંતુ ખીચડીની વાતને લઇને મારા ભોજન સંબંધી પુછપરછ કરી અને મને ખાવા જણાવ્યું. મેં હા પાડી. મને તળાવમાં જઇ નાહી આવી એક ઘડો પાણી લાવી રાંધવા કહ્યું અને ખીચડી આપી. ત્યાંના લોકો ફકત ચોમાસામાં નહાતા હતા સ્ત્રીઓ ત્રણ ચાર માસે નહાતી અને તેમના શરીરમાંથી ઘણી દુર્ગંધ છુટતી. આવી તેમની દુર્દશા હતી. મેં ખીચડી ખાધી અને વિદાય થયો; પરંતુ એમના ઉદ્ધારનો પ્રશ્ન મારા મનમાં રમતો થયો. મને લાગ્યું કે મારે તેમની વચ્ચે રહી કાંઇક શીખવવું જોઇએ અને મેં તેમને મારા વિચાર

આપણે સાહસિક ધંધાદારી અને ઉદ્યોગપતિ ક્યારે બનીશું?

વર્ષો પહેલાં આપણો સમાજ વેપારમાં ઘણો આગળ વધેલો હતો. આપણા સાહસિક વેપારી બંધુઓ દૂરદૂરના દેશ-દેશાવરમાં ભ્રમણ કરી લાખોનો વહીવટ કરી પુષ્કળ દોલત ભેગી કરતા હતા અને તેમણે વેપારી આંટ ખુબ વધારી હતી. ઉપરાંત તેઓ દરી-આપારની જહેમતભરી મુસાફરીઓ ખેડવામાં ખુબ પ્રખ્યાત હતા. આવા સાહસિકપણાને લઇને આપણો સમાજ તે વખતે ખુબ વૈભવી હોવા સાથે રાજદરબારમાં પણ તેની પ્રતિષ્ઠા ખુબ હતી. પણ ક્રમે ક્રમે જેમ જેમ આપણામાંથી વેપારી સાહસિકપણું ઓછું થતું ગયું તેમ તેમ આપણો વૈભવ અને પ્રતિષ્ઠા ઓછી થતી ગઇ. આજે આપણો સમાજ ઘણાભાગે નિર્માલ્ય દશા અનુભવે છે. તેમાંનો એક નાનો વર્ગ ખુબ શ્રીમંત છે, તેમાંનો મોટો ભાગ સટ્ટામાં હજારો રૂપીઆની હંમેશાં હાર-જીત કરે છે. આ વર્ગનું ઉદ્યોગ તરફ બીલકુલ ધ્યાન ખેંચાયું નથી. આ ખરેખર દુઃખદ બીના છે. આપણા સમાજમાં અમુક શ્રીમંતો કે જેની સંખ્યા ગણી-ગાંઠી છે તેમણે પોત-પોતાના ક્ષેત્રમાં નામ કાઢ્યું છે. અમદાવાદવાળા શેઠ અંબાલાલ સારાભાઇ અને શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ મીલ ઉદ્યોગ હાથ કરી પોતાનો બનાવ્યો છે. મહારાષ્ટ્રમાં વાલચંદ હીરાચંદે સીંધીઆ સ્ટીમ નેવીગેશન કંપનીમાં જોડાઇ વહાણવટાના ધંધાને પરદેશી હરિફાઇમાંથી કૃતેહમંદ રીતે પસાર કરી એ કંપનીને આ દેશમાં પહેલે નંબરે મુકી છે અને તે ઉપરાંત રેલ્વે અને ગવર્નમેન્ટ ખાતાના મોટા મોટા ઓર્ડરો મેળવી લેવામાં પણ પરદેશી કુાં. ઓની હરિફાઇમાં તેઓ મોખરે રહ્યા છે. વળી દેશના ખાંડના ઉદ્યોગમાં સફળતા મેળવી આપવા માટે તેમણે ખુબ જહેમત ઉઠાવી છે. તેમજ તેમના ભાઇ શેઠ લાલચંદ હીરાચંદે મહારાષ્ટ્રમાં શેરડીનો પાક વધુ પ્રમાણમાં મેળવવા લાખો રૂપીઆના ભડોળની લીમીટેડ કંપની ઉભી કરી છે. આવી રીતે બીજા પ્રાંતોમાં પણ કેટલાક જૈનો ઉદ્યોગ તરફ ઢળેલા હશે, પણ શ્રીમંતોનો મોટો ભાગ તો પોતાના ચાલતા સટ્ટાના જ ધંધામાં પડયો પાથર્યો રહે છે. તેવા શ્રીમંતોને હું મારવાડી ભાઇઓનું અનુકરણ કરવા અને પોતાની મુડી ચાલુ આવક આપનારા ધંધા અને ઉદ્યોગોમાં રોકવા વિનંતિ કરું છું. મારવાડી ભાઇઓ જેવા કે શેઠ આણંદીલાલ પોદાર, ગોવિંદરામ શેખશરીઆ, વીસભર, બીરલા, પીરામલ કે જેઓ સટ્ટા વડે જ ગરીબાઇમાંથી શ્રીમંત બનેલા છે, તેઓએ પોતાની મુડી સારી આવક આપનારા બીજા ધંધા અને ઉદ્યોગોમાં રોકી હજારોની ચાલુ આવક આવતી કરી છે, આ તેમની વ્યાપારી કુનેહ બતાવે છે આપણા સમાજમાં એંકીંગનું, વીમાનું, વેપારનું અને વિજ્ઞાનનું જ્ઞાન ધરાવનારા યુવકો સારા પ્રમાણમાં બહાર પડયા છે કે જેઓ આજે મદદના અભાવે અને આર્થિક સંજોગોના લીધે બેકારી ભોગવે છે. તેઓના જ્ઞાનનો લાભ આપણા શ્રીમંતો મેળવે અને અનુભવી કુશળ કાર્યકરોની સીધી દેખરેખ નીચે નાના મોટા ઉદ્યોગોમાં પોતાની મુડી રોકી ચાલુ આવકનો ઝરો શરૂ કરી સમાજમાં વ્યાપેલી બેકારીનું અને તેટલું નિવારણ કરે. કેટલાક નાના ઉદ્યોગો પાંચ દશ હજારથી શરૂ થઇ શકે તેમ છે અને સારી આવક આપી શકે તેવા હોય છે. આવા ઉદ્યોગોના જાણકાર યુવાનોનો સાથ મેળવે. આવી યોજનાઓનો વધુ અભ્યાસ કરે. આ ઉપરાંત કસાએલાં અને અનુભવી માણસોનો સહકાર સાંધી મોટા ઉદ્યોગોમાં પણ ઝંપલાવે અને તેમ કરી સમાજની બેકારી દુર કરવા માટે જરૂર પોતાનો ફાળો આપે. સટ્ટાના વેપારી શ્રીમંતોએ "સટ્ટાની લક્ષ્મી ખુબ ચંચળ છે" એ સૂત્ર યાદ રાખવા વિનવું છું અને સાહસિક ધંધાદારી અને ઉદ્યોગપતિ થવા તેમને પ્રાર્થું છું.

મણિલાલ મોકમચંદ શાહ.

જણાવ્યા. પણ તેમને મારા પર વિશ્વાસ ન હતો અને હું સરકારી હોવાનો તેમને સંદેહ રહેતો એટલે ગામને પાદર એક બાવાની ખાલી નવ ફુટ પહોળી ને બાર ફુટ લાંબી ઓરડીમાં મને રહેવા જણાવ્યું. હું તેમનો ગોર હોવાથી દરરોજ તેઓ દાળ, ચોખા, મીઠું, હળદર ને કેરવાર ઘી આપી જતા. મારે તળાવમાં નહાવા જવું પડતું. મેં સારી રીતે બેસી નવાય એવું સાધન માગ્યું ત્યારે એક લાકડાનું ઢીમચું આપ્યું, જેના પર હું નહાતો અને પંચીયું, બંડી ધોતો. હું આખો દિવસ રેંટીયો કાંતતો અને રાતના કંઠક વાંચતો.

(અપૂર્ણ) —ગુજરાત સમાચારમાંથી

પ્રકીર્ણ વર્તમાન

ઉદાર સખાવત.

શ્રી શકુન્તલા જૈન કન્યાશાળામાં ચાલુ બજેટ મુજબ જેટલી કન્યાઓને દાખલ કરી શકાય તેથી ઘણી વધારે અરજીઓ આવતાં શ્રીમાન્ કાન્તિલાલ ઇશ્વરલાલે દર વર્ષના રૂા. ૫૦૦૭ એમ બે વર્ષ માટે કુલ રૂા. ૧૦૦૦૭ આપીને આવેલી બધી અરજીઓ મંજુર કરવાની સરળતા કરી આપી છે તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

મેટ્રીકની પરીક્ષામાં પહેલા નંબરે.

શ્રી વાલજી ગોવિંદજી દેસાઇ જેમને ગુજરાત કાઠિયાવાડના સંસ્કારી અને વિદ્યાપ્રિય વર્ગમાંથી કોઇ ન જાણતું હોય એમ બને જ નહિ. તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી. મહેન્દ્ર આ વર્ષની મેટ્રીકયુલેશનની પરીક્ષામાં પહેલા નંબરે ઉત્તીર્ણ થયા છે, અને સંસ્કૃત ભાષાના વિષયમાં ૧૦૦ માંથી ૯૭ માર્ક તેમણે મેળવ્યા છે. વાલજીભાઇની યુનીવર્સીટીની કારકીર્દી ખુબ ઉજ્જવલ હતી જ, પણ ભાઇ મહેન્દ્રની કારકીર્દી એથી પણ વધારે યશસ્વી અને ઉજ્જવલ બનશે એવી આ અસાધારણ કૃતેહ ઉપરથી આશા બંધાય છે. તેમને આ યશપૂર્ણ વિજય પ્રસંગે જૈન સમાજના હાર્દિક અભિનંદન ઘટે છે. જનતા જાણતી નહિ હોય પણ ભાઇ મહેન્દ્રનું આવું સુંદર પરિણામ કોઇ પણ શિક્ષણ સંસ્થાને જરા પણ આભારી નથી. શ્રી. વાલજીભાઇએ નરમ ગરમ તબિયતના ગાળામાં અને નાના મોટા હવાફેરના પ્રસંગો દરમિયાન પોતાના પુત્રને જે શિક્ષણ આપેલું તેનું આવું પ્રશસ્ય પરિણામ આવ્યું છે. આ રીતે પુત્ર સાથે પિતાને પણ ખરેખર ધન્યવાદ ઘટે છે.

એક સુધારો

તા. ૩૧-૫-૪૦ ના અંકમાં પ્રગટ થયેલ શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકનો લેખ કેટલાક સમય પહેલાં અમદાવાદ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાન માળામાં તેમણે આપેલા એક વ્યાખ્યાન ઉપરથી તૈયાર કરવામાં આવ્યો છે એમ જણાવ્યું છે તેમાં અમદાવાદ જૈન યુવક સંઘના બદલે જૈનત્વ પ્રચારક મંડળ સમજવું. અમદાવાદના જૈન યુવક સંઘે પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરી તે પહેલાં ઉપર જણાવેલ જૈનત્વ પ્રચારક મંડળ તરફથી આવી વ્યાખ્યાનમાળા યોજવામાં આવતી હતી. આ વ્યાખ્યાનમાળામાં અપાયલા અને હજુ સુધી પ્રગટ નહિ થયેલાં પં. સુખલાલજી વગેરેનાં કેટલાંક ઉપયોગી વ્યાખ્યાનો હવે પછી અંકોમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

સચ્ચસ્સ આણાએ ઉવટ્ઠિએ મેહાવી મારં તરતિ ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

જુન ૩૦ ૧૯૪૦

જીવનસંગ્રામ

'જ્યારે ફરવા નીકળું, બહાર શહેર બજાર,
બહુ દુખિયા નજરે પડે, નહિ સુખીયો સંસાર."

ક. દ. ડા.

ઉપર લખી સ્થિતિ જોયા પછી જ હિંદુધર્મના મહાન પ્રચારક વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદે ધર્મ આડે માનવને ભૂલતા સમાજને અનુલક્ષીનેજ કહ્યું હતું કે–

Religion we have plenty, but what we need is a piece of bread to be put in hungry mouths in India to-day. Bread is the only religion at present in India.

ધર્મભૂમિ આર્યાવર્તમાં ધર્મભાવના તો પૂરતા પ્રમાણમાં છે. પરન્તુ આજે તો ભારત વર્ષનો મુખ્ય બળતો પ્રશ્ન રોટીનો જ છે. રોટલી એજ આધુનિક હિન્દનો ધર્મ છે.

ભારતમાં–હવે તો પૃથ્વીભરમાં–રોટીનો પ્રશ્ન, બેકારીનો પ્રશ્ન એટલે કે જીવનકલહ એટલી કટોકટીની સ્થિતિએ પહોંચ્યો છે કે જો તેનો ઉકેલ સવેળા નહિ આવે તો ભાનભૂલ્યો માનવ સમાજ એક દિવસે–

પેટનો બળ્યો ગામ બાળે તેમ,
રખે ધર્મ નીતિ બળી જાય;
ગોપાળા આ લે તારી માળા,
ભૂખ્યા ભજન શે' થાય!

તેમ નીતિ, રીતિ, માણસાઇ અને માનવ સંસ્કૃતિ બાળી દેશે. જડવાદી જગતમાં આજના ભીષણ ઘર્ષણો કરણ જીવનકલહના અણઉકેલ્યા પ્રશ્નને કારણેજ છે. Haves and have-nots–સાધનસંપન્ન અને સાધનવિહીન વચ્ચેની અથડામણનું પરિણામ છે. તેથીજ જગત આજે પરમાત્માને ભૂલ્યું છે સ્વાર્થ આડે પરાર્થને ભૂલ્યું છે, અને પશુતા પામતું જાય છે. વર્ગવિગ્રહ આ વાતનો અચુક પૂરાવો છે.

જીવનકલહ એટલો કપરો બનતો જાય છે કે તે સંગ્રામમાં માણસ આગળ પાછળનો કંઇપણ વિચાર કર્યા વિના જે કંઇ સાધન મળે તેથી જુઝે છે. અને તેની ઓથે "ટકવા માગે છે." જ્યાં સુધી પોતાની પાસેનું સારૂં હથિયાર હોય છે ત્યાંસુધી તેથી પછી જેમ જેમ સાધનની તંગી પડતી જાય છે તેમ તેમ દુરનું, પારકાનું જે કંઇ પ્રાપ્ત થઇ શકે તેનો ભોગ આપીને અને છેવટે પોતાની પ્રજા દેશ, ઉન્નત ભાવના અને સારાસારનો વિચાર ભૂલીને "પંડનો" પણ ભોગ આપી ટકી શકાતું હોય તો ટકવા માગે છે. આ વખતે માણસ માણસ મટી 'ટકવાની' ધૂન અને કામનાવાળું કોઇ કળપૂતળું જ બને છે. જેમાં પુનઃ મનુષ્યત્વ–માનવતા સજીવન કરવી હોય તો બહુજ પ્રબળ પુરૂષાર્થની અપેક્ષા રહે છે. ભયંકર જાતના ગુન્હેગારો, કાયદાભંગી બહારવટિયાઓ અને પારકાનું ખૂંચવી જનારા હરામખોરો કે લોહીપિપાસુ રાષ્ટ્રનેતાઓ જીવન–કલહને ન સંભાળી કે ઉકેલી શક્યા તેનાં જ સ્વાભાવિક પરિણામો છે. આધુનિક જગત આ જાતનાં કળપૂતળાંઓનું જ ભરેલું છે તેમ સામુદાયિક અશાન્તિ ઉપરથી લાગે છે.

આજે તાકાદવાન, જ્ઞાનવાન સગી આંખે પોતાની શક્તિ અને સમજને પોતાની સામેજ વેડફાતી જોઇ બેઠો છે.

આજે જીવનની અતિ અગત્યની જરૂરિયાતને પણ મેળવી ન શકતો આદમી આલીશાન પ્રાસાદો અને સ્વાદુ પ્રસાદો સામે ટગર ટગર જોતો બેઠો છે!

આજે દિલ–દેહનો દર્દી જગતના વિપુલ સાધનો સામે જ્ઞાનની વચ્ચમાં તદ્દન વિસરાયેલો પડયો છે!

આજે પોતાની મહેનત અને પસીનાથી મળેલી રોજી કે રોટલીને કોઇ તાકાદવાન લક્ષ્મી કે જુથ્થના બળે કે કોઇ સંગ્રાહક વાલી કે વડિલના સંગ્રહબળે લૂટાતી જોઇ રડતો, નિસાસા નાંખતો બેઠો છે!

આજે વર્ગ, વર્ણ, સ્થિતિ કે સંસ્કારભેદના કારણે પોતાની રોટલી અને જીવનનિર્વાહની આડે ભયંકર અંતરાયો ઉભી થયેલી જોઇ માનવી હતાશ થઇને લમણે હાથ દઇને બેઠો છે!

આજે સ્ત્રી કે બાળકો પૃથ્વીને પાટલે સૃષ્ટિનું સૌદર્ય વધારવાને બદલે પૃથ્વીની શિકલ બદસુરત કરતા શાપિત વ્યક્તિઓ સમ ઉભા છે!

જીવનકલહનો ઉકેલ ન કરી શકવાથી ઉપલી સૌ વ્યક્તિઓ આજે ગમે તે રીતે, ગમે તેવા સાધને, ગમે તે પરિણામ આવે તેની પરવા કર્યા વિના જુઝી રહી છે. જેથી નથી તો તે પૂરેપૂરા જુઝી શકતા કે નથી જગતમાંથી દુઃખી વ્યક્તિની સંખ્યા કમી કરી શકતા, ઉલટું દુઃખના ઉપાયોમાંથી નવું દુઃખ દુનિયા માટે જાગે છે.

આજે જીવનકલહ એક પ્રજાને ગુલામીમાં નાંખે છે; બંધનમાં નાંખે છે તો બીજી પ્રજાને મારણહાર, સર્વ સત્યાનાશક વૈજ્ઞાનિક શોધો અને તે દ્વારા જગતનો પ્રલય કરવાનું સુઝાડે છે.

આજે એક પ્રજા અતિશયતાથી–અતિવિલાસથી મરે છે તો બીજી પ્રજાનો પ્રાણ તંગીમાં સીજી જાય છે. પણ ધર્મના પોકારો, પ્રભુની પૂજાઓ અને પ્રજ્ઞાનના પ્રવચનો જેમના તેમ ચાલ્યા જ કરે છે, માત્ર વચ્ચમાં કોઇ કોઇ વખતે કોઇ ફાવતાને વખાણે છે તો કોઇ અણગમતાને નિન્દે છે. અને તે સૌ જીવનકલહથી દૂર હોય–પર હોય તેમ ધર્મનાયકો "જગત પાપી થયું છે." કહી દૂર ભાગે છે. સમકિતધારીઓ આ રીતે જ મિથ્યાત્વીઓનો ત્યાગ કરે છે, પણ કોઇ પણ માયનો પુત ધર્મનો સાચો મર્મ અને કર્મ બતાવતું નથી. આજનું જગત્ આટલા આટલા રોકાઓના ધર્મપ્રવચનો, પુસ્તકો, શાસ્ત્રો અને નીતિરીતિની મર્યાદાઓની મીમાંસા સુણી સુણીને પણ વધુને વધુ ધર્મવિમુખ થતું જાય છે. તેનું કારણ ધર્મનું સાચું ક્ષેત્ર સમજવાનો અભાવ તો નહિ હોય ને?

માનવજીવનકલહ અને તેના નિવારણ માટે જીવનસંગ્રામ નિરંતરના છે. અને જીવન સાથે જડાયા જ છે. પછી ભલે તે માનવી રામયુગમાં હોય કે રાવણયુગમાં, સતયુગમાં હોય કે સેતાનયુગમાં. પણ તેના ગુણદોષની ન્યુનાધિકતા તો સંગ્રામની રીતિ ઉપર જ અવલંબે છે.

માનવી સવારે જાગે છે અને રાત્રે સુએ છે ત્યાં સુધીમાં

તેનો મુખ્ય સમય આ જ કલહ અને તેના ઉપાય કરવામાં જ જાય છે. રાત્રે કદાપિ કપરી સ્થિતિમાં સ્વપ્ના પણ આવતા હોય તો ના ન કહેવાય !

આ પૃથ્વી અઢળક સાધન; સામગ્રીથી ભરેલી છે. પણ તેને ઉપયોગમાં લેવા યોગ્ય બનાવવા માટે તેના પૃથક્કરણ, કે સમીકરણ, એકીકરણ કે વિનિમય કરી કરી કુદરતના ઢાંકયા ભેદો ખોલી ખોલી, કુદરતના અનેક તત્વો સાથે સંગ્રામો ખેલ ખેલીને જ માનવીને ટકવાનું–જીવવાનું અને આગળ વધવાનું–રહેલું છે, એક ડાહ્યા માણસે જીવનને સંગ્રામ અને નિરંતર ગતિ કરતો પ્રવાહ કહેલો છે.

આખા માનવજીવનનો બારીક અભ્યાસ કરવામાં આવે તો સમજાય છે કે ગર્ભાવસ્થામાં બાળકો બીજી કોઇપણ જાતની સાનભાન કે ચેતના નથી પામતાં પણ 'ટકવાની' સાન અને તે માટે પોષણ મેળવવાનું જરૂર જાણે છે.

જન્મ્યા પછી સમજણો થાય ત્યાં સુધી તેનાં જીવનકાર્યો બીજાએ જ કરવાનાં હોય છે, પણ 'ટકવાનું' અને તે માટે પ્રત્યેક પ્રત્યેક અણુઓ પરમાણુઓ દ્વારા સંગ્રામ ખેલવાનુ તો તે જાણે છે. જે જે વાતો અને સમજ તે મેળવવા માગે છે તેમાં પણ મુખ્ય ધ્વનિ તો 'ટકવાનો' જ હોય છે. આ 'ટકવા' માટે જે પુરૂષાર્થ કરવો પડે છે તે જ જીવનસંગ્રામ !

સમજણ આવ્યા પછી, દુનિયાના જ્ઞાનીઓના પ્રવચનો સાંભળ્યા પછી, દુનિયાની અસારતા જાણ્યા પછી, અને ધર્મ અને મોક્ષ કે મુક્તિની અગમ્ય વાતોમાં ચંચુપાત કર્યા પછી પણ તેનું મુખ્ય કાર્ય તો "ટકવાનું", જીવનસંગ્રામ ખેડી જીવન કલહ શમાવવાનું જ હોય છે, દિવસના ચોવીસ કલાકમાંથી માનવીનો વધુમાં વધુ સમય, શક્તિ અને સમજનો ભોગ આ જીવનસંગ્રામ પાછળ જ જાય છે. એ તો આપણે રોજ જોઇએ છીએ.

કોઇને આ સંગ્રામ સાધારણ પ્રયત્ન જેટલોજ લડવો પડે છે તો કોઇને આત્મા વલોવાઇ જાય તેટલો વિકટ હોય છે. આ વિકટ સ્થિતિમાં કુદરતનો જેટલો હાથ છે તે કરતાં વધુ હાથ સમાજની ગેરવ્યવસ્થા અને સંગ્રામ ખેડવાની અણ-આવડતનો છે.

સાધુઓ અને ત્યાગીઓ, મહાનુભાવ મહાત્માઓ અને મદાંધ મહારાજાઓ માટે પણ એ જ અટલ કુદરતનો નિયમ છે. તે સૌની આંખ સામે એ જ જીવનકલહ અને એજ જીવનસંગ્રામ ઉભા છે.

કોઇ કહેશે કે ધનિકો, મહારાજાઓ અને સાધુઓને કયાં જીવનસંગ્રામ ખેડવા પડે છે ? તેનો જવાબ એટલો જ કે તેને લડવાનો સંગ્રામ બીજા લડી આપે છે. એટલે બીજા ઉપર બમણો ભોગ નાંખીને તેઓ પોતાના જીવનકલહનો પ્રશ્ન પતાવી દે છે. આ જાતની પતાવટ હવે જગતને સાલવા માંડી છે.

દયા, દાન કરનારા પણ શું કરે છે? ક ખ ને મદદ કરે છે એટલે હવે પોતાનો જીવન સંગ્રામ પૂરો લડી શકતો નથી તેથી ક ખ ની વતી તેનો સંગ્રામ લડે છે. આ વાત સૌ ક્રિયાઓમાં એકસરખી–જ્યાં જ્યાં મદદ, દયા, કે દાનની અપેક્ષા હોય છે ત્યાં ત્યાં સમજવાની! રાજાને લડવો પડતો જીવનસંગ્રામ પ્રજા લડે, સાધુઓનો સંસારીઓ લડે, બાળકનો તેના ભાવિત્રો લડે, વૃદ્ધભાવિત્રોનો તેનાં સંતાનો લડે આ સામાન્ય વાત છે. સ્વેચ્છાપૂર્વક લાગણીથી–અનુકંપાથી જ્યાં બીજાના સંગ્રામો લડવાની વૃતિ હોય છે તેને દયા, દાન, વાત્સલ્ય, કે તેવા ઉચ્ચ નામથી આપણે ઓળખીએ છીએ. પણ જ્યાં સંગ્રામ બળપૂર્વક ફરજિયાત બીજા પાસે લડાવવાનો હોય છે ત્યાં તેને ચોરી, લુંટ, જુલ્મ કે પશુતા કે એવા હલકા નામથી ઓળખવામાં આવે છે. આ એક જ આધુનિક વર્ગભેદના ઝેરનું કારણ છે. પહેલી જાતની સંગ્રામભૂમિ માણસના આત્માનો વિકાસ બતાવે છે. બીજી રીતિ પતન !

આપણે હિન્દુઓ તો કર્મ અને પુનર્જન્મના સિધ્ધાંતને માનીએ છીએ. પશ્ચિમની પ્રજા પણ ધીમે ધીમે પુનર્જન્મ અને કર્મના અટલ નિયમને માનતી થતી જાય છે. ફેર માત્ર એટલો કે Evolution કે Revolution ? ઉત્ક્રાન્તિવાદ કે કર્મથી થતી જતી ક્રાન્તિ ? આ બન્ને વચ્ચે હજુ તાત્વિક ભેદ ચાલુ છે. આપણે આપણી હિંદુ સંસ્કૃતિ પ્રમાણે "કર્મ તેવું જીવન" જ્યારે માનીએ છીએ ત્યારેજ આપણને ધર્મ, નીતિ, અને અમુક સિધ્ધાંતને અનુલક્ષીને દોરાયેલા જીવનની કિંમત અને અર્થ સમજાય છે. ઉત્ક્રાન્તિવાદના સિધ્ધાંત મુજબ ધીમે ધીમે અમુક ચોકકસ સ્થિતિ નકકીજ છે એવી બીનજવાબદાર આશા માનવીમાં પ્રગટે છે, જ્યારે 'કર્મ તેવા જીવન'માં પુરૂષાર્થ અને ભાવનાની પ્રેરણા જાગે છે. કર્મ મુજબ જીવનનું ઘડતર થતું હોવાથી તેના માટે ચોકકસ નિયમન અને મર્યાદા જરૂરની છે.

જગતની માનવદુનિયામાં જીવનકલહ અને સંગ્રામજ એક અગત્યનું કર્મ છે તેથી તે કર્મ જેમ વધુ નિર્દોષ, સ્વ-પરને લાભદાયક, અને સરળ બને તે કાયમ જોવાનું છે. ડાહ્યા જગતના અનુભવી અને દીર્ઘદ્રષ્ટિવાળા યુગપ્રધાન પુરૂષોએ અમુક રેખા દોરી આપી, જીવનસંગ્રામ કેમ સરળ અને સુંદર બને તે જગતને બતાવ્યું, જેથી માનવીને સંગ્રામ ખેડવા છતાં પણ અશાન્તિ ન રહે, ઉપાધિ ભર્યું જીવન હોવા છતાં પણ તેથી મુંઝાઇને આડે માર્ગે ચાલવા ન માંડે, કાયમનાં ઘર્ષણો હોય છતાં પણ સ્વ-પરથી પર કોઇ અખંડ-જીવન વહેન ચાલ્યું જાય છે અને તેનાં આપણે સૌ બિન્દુઓ છીએ તેવો ખ્યાલ નિરંતર જાગ્રત રહે, અને પોતાનો સંગ્રામ બીજાના જીવન કલહને વધારનારો ન બને. આ માર્ગ સૂચન, આ સાદી અને ઉપયોગી સલાહ એટલે ધર્મ ! **ધર્મનું મુખ્ય કાર્ય માનવજીવનકલહને— જીવનસંગ્રામને શુધ્ધ, ઉપયોગી, નિરૂપદ્રવી અને સરલ રાખવાનું છે. બાકીના બીજા ધર્મનાં વિધાનો તેની ચિત્તશાન્તિ, આત્માના આલ્હાદ, દ્રષ્ટિ અને આંતરિક જીવનસૃષ્ટિ નિર્મળ રાખવા માટે જ છે.** આ માર્ગસૂચન સતત ચાલુ રહેવું જ જોઇએ. જેથી કાયમ માનવ જાગૃત રહે, સજાગ રહે, પાકું ચણતર કરનાર જેમ તે ચણતર પાકું બને ત્યાં સુધી તેને પાણી છાંટયા જ કરે છે, તેમ જેને જીવનચણતર પાકું કરવાનું છે તેણે આ ધર્મજળ પોતાના કર્મને છાંટયા જ કરવું જોઇએ. કાચા કાદવિયા મકાનને તેનો ખપ ન હોય, કારણ કે તેનું આયુષ્ય જ અલ્પ કલ્પીનેજ તેનું ચણતર કરવામાં આવે છે.

ધર્મ અને માનવનો સંબંધ-ધર્મ અને જીવનસંગ્રામ (કર્મ) ના સંબંધ ઉપરથી આપણે સમજી શકીશું. છતાં પણ અફસોસની વાત છે કે આજે ધર્મનો ખરો ઉપયોગ અને દૃષ્ટિ સમાજમાંથી લુપ્ત થઇ ગયાં છે. **ધર્મને સીધો મુક્તિ સાથે જોડી દેવામાં આવ્યો છે ત્યારથી માનવી અને ધર્મનો સંબંધ ઢીલો પડયો છે.** કર્મ અને મુક્તિને અવશ્ય સંબંધ છે. ધર્મનું કાર્ય કર્મ (જીવનસંગ્રામ) ને શુધ્ધ

રાખવાનું છે. મુક્તિ આપવાનું સીધે સીધું નહિ જ. છતાં પણ આજે આખા જીવનમાં જેટલો મુક્તિનો વિચાર થઇ રહેલો છે તેટલો બદલે તેથી ઓછો પણ માનવજીવનનો થતો નથી. જ્યારે જ્યારે ધર્મઓધકો માર્ગસૂચન કરતા હોય છે, જ્યારે જ્યારે નીતિ નિયમોની ચર્ચાઓ થતી હોય છે, ત્યારે ત્યારે આપણે કોઇ બીજી દુનિયામાં બેસી, જીવનની બીજી કોઇ જરૂરિયાત, બીજી કોઇ બાજુ બીજો કોઇ પ્રશ્ન ન હોય તેવા જડ પૂતળાંની ચર્ચા કેમ કરતા ન હોઇએ તેમ લાગે છે. માનવીને જન્મવાનું, જીવવાનું અને તે અંગે પ્રત્યેક કાર્ય કરવાનું હોય છે. તે કેમ ધર્મમય બને, તેટલા માટે સમાજવ્યવસ્થા સુરૂપ રાખવાનું અતિ ઉપયોગી કાર્ય કરવાને બદલે આજે ભજન અને ભક્તિ, તપ અને તાન, મુક્તિ કે મોક્ષ, જપ અને ક્રિયાકાંડમાંની દુર્ઘટ ચર્ચાઓ જ થાય છે, જેથી મુક્તિ તો મળતી નથી, પણ જીવનસંગ્રામ પણ શુધ્ધ અને સરલ નથી રહેતો. ચોરી, જુહાણું, લૂંટ, બદમાશી, હરામખોરી, દ્રોહ, અસત્ય અને એવાં પતન વ્યક્તિગત જીવનસંગ્રામની અશુધ્ધિનું પરિણામ છે. જ્યારે સત્તા, લોભ, લડાઇ, સંહાર, કારસ્થાનો હત્યાકાંડો, સ્વદેશ પરદેશના વૈમનસ્યો અને ભાઇ ભાઇ વચ્ચેના ભેદની દીવાલો રાષ્ટ્રીય જીવનસંગ્રામની અશુધ્ધિનું પરિણામ છે તેથી જ્યાં સુધી આ અશુધ્ધિ ન અટકે ત્યાં સુધી લડાઇ ન અટકે, નાકામબંધી ન અટકે અને નિરંતરના વેરે ન અટકે ! ધર્મ પોતાનું કર્તવ્ય ભૂલ્યો છે–ત્યાં રડ્યે શું વળશે?

* * *

આર્યાવર્તના ધાર્મિક સ્થાપત્યોને દેખીને આપણે તેના ભારોભાર વખાણ કરીએ છીએ, તેને નિભાવી રાખવા કરોડોનું ખર્ચ રાખવામાં આવે છે, પરદેશી યાત્રાળુઓને તેની કળા જોવા નોતરીએ છીએ, કવિઓ તેની ઉપર કાવ્યો અને લેખકો લેખો લખીને કૃતકૃત્ય થઇ જાય છે અને તેના નિયંતાઓને અંજલિયો આપે છે.

આવાં સ્થાપત્યો કાં તો શોભાના ગાંઠિયા જેવા બીનઉપયોગી પડયાં રહે છે–કાં તો કોઇનો મૃતદેહ આત્મા અને આંખો વીંચીને છેલ્લો આરામ તેમાં પામતો હોય છે–કાં તો હવા ઉજાશ કે માંદગીની જીવંત અસર કદીપણ ન સ્પર્શી શકે તેવા દેવ–દેવીઓને તેમાં પધરાવીને પૂજવામાં આવે છે. તે સ્થાપત્યોની બરોબર સામે જ પડેલા જીવતા માણસોના ઝુંપડા અને તેના માટેના સ્થાપત્યોની કલ્પના પણ તે મંદિરોના ઉપાસકોને આવતી નથી. આ ઝુંપડાઓમાં જીવતો દેહધારી દેવ ચોવીસ કલાક રહેવાનો છે, તેનાં વૃદ્ધ માવિત્રો અને નાના બાળકો જીવવાના છે તેનું ગૃહસ્થી જીવન વિતવાનું છે અને તેના જીવનને હવા ઉજાશ, અને સુંદરતાના સ્પર્શ વડે નુતન દૃષ્ટિ અને પ્રાણ આપવાનાં છે. આવા માનવીના આવાસની કલ્પના જેમ શિલ્પીઓને, શિલ્પીઓના આશ્રિતોને અને તેના પ્રેરણાદાતાઓને આવતી જ નથી તેમ મુક્તિ, સ્વર્ગ, મોક્ષ, દેવસ્થાન, દેવલોક અને તેવી તેવી સૌંદર્યમય દ્રષ્ય અને અદ્રષ્ય કલ્પના આડે ધર્મનાયકોને જેના માટે ધર્મ છે તેવા માનવીના જીવનની કલ્પના પણ આવતી નથી. કારણ કે **ધર્મની વિકૃત ભાવનાએ માનવી કરતાં દેવને વધુ મોટા કલ્પ્યો છે. તેથી દેવ માટે વધુમાં વધુ સુંદર વસ્તુ, વધુમાં વધુ ચર્યા કે લક્ષ્ય અપાય તેમાં પુણ્ય અને પુણ્યથી મુક્તિ મનાય છે. તેવીજ રીતે ધર્મનું પરમ કર્તવ્ય જીવન સંગ્રામનું નિયમન કરી તેને શુધ્ધ, ઉપયોગી, સરળ અને નિરૂપદ્રવી રાખવાનું છે તે વિસરીને મુક્તિ માર્ગની**

સંઘનું સાર્વજનિક પુસ્તકાલય તથા વાંચનાલય

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પુસ્તકાલયને આજ સુધીમાં નીચે મુજબ પુસ્તકો ભેટ મળ્યાં છે.

૧૦૨૩ તા. ૧-૫-૪૦ ના 'પ્રબુધ્ધ જૈન'ના પ્રગટ થયેલા લીસ્ટ મુજબ.

૮૦	શ્રીયુત ચીમનલાલ પોપટલાલ	તરફથી
૮	,, વલ્લભદાસ ફુલચંદ	,,
૨૦	,, વાડીલાલ સાંકળચંદ	,,
૩૩	,, કાન્તિલાલ ડી. કોરા	,,
૨૨	,, વાડીલાલ ગગલભાઇ	,,
૧૨૫	શ્રી જૈન ધર્મ પ્રચારક સભા	,,
૧૫	,, જન્મભૂમિ કાર્યાલય	,,
૧૩૨૬		

ઉપર મુજબ પુસ્તકો ભેટ આપનાર બંધુઓ તેમજ સંસ્થાનો અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. હજુ સુધી પુસ્તકાલયમાંથી પુસ્તકો આપવાનું શરૂ કરવામાં આવ્યું નથી. સારી સંખ્યામાં પુસ્તકો એકઠા થાય અને ભિન્ન ભિન્ન રૂચિવાળા વાંચકોને જોઇતું સાહિત્ય આ પુસ્તકાલયમાંથી મળી રહે એટલો સંગ્રહ થાય ત્યારબાદ પુસ્તકો બહાર વાંચવા આપવાનું શરૂ કરવાની ધારણા છે. આ પ્રવૃત્તિ વિષે સદ્‌ભાવ ધરાવનાર સર્વે બંધુઓને આ પુસ્તકાલય સમૃધ્ધ કરવાની દિશાએ જે રીતે બની શકે તે રીતે મદદરૂપ થવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

× × ×

સંઘના વાંચનાલયનો લાભ દિનપ્રતિદિન વધારેને વધારે ભાઇઓ લેતા જાય છે, આસપાસ આટલું સમૃધ્ધ સાર્વજનિક વાંચનાલય છે નહિ. એવું એક પણ અગત્યનું પત્ર કે સામયિક નથી કે જે આ વાંચનાલયમાં ન આવતું હોય. વળી લડાઇનો સમય છે તેથી લોકોમાં સમાચારો વાંચવાની ઉત્તેજના ખુબ રહે છે. અત્યારે સરેરાશ ૩૫ થી ૪૦ ભાઇઓ નિયમિત વાંચવા આવે છે. વાંચનાલય સવારના ૮ થી ૧૧ અને સાંજના ૫ થી ૮ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. જે ભાઇઓ હજુ સુધી આ વાંચનાલયમાં ન આવ્યા હોય તેમને મુલાકાત આપવા વિનંતિ કરવામાં આવે છે.

અમીચંદ એમચંદ શાહ
મંત્રી, પુસ્તકાલય વાંચનાલય સમિતિ.

અટપટી ગલ્લીઓમાં ગોટવાઇ ગયું છે તેથીજ માનવ-જીવન વિકૃત થયું છે.

× × ×

જીવનકલહ, જીવનસંગ્રામ અને ધર્મ આ લોકના માનવીઓ માટે છે તેથી ધર્મે આ લોકનો સંપૂર્ણ વિચાર અને નિયમન કર્યેજ છુટકો છે. આ લોકનો વિચાર કર્યા વિના પરલોકનો વિચાર ખરી રીતે નહિ જ થઇ શકે. જીવનકલહ અને જીવનસંગ્રામને સંપૂર્ણપણે નહિ સમજવામાં આવે–તેનો ઉકેલ કાઢવામાં નહિ આવે તો ધર્મ કે નીતિનો કંઇ ઉપયોગ રહેશે જ નહિ.

'માનવજીવનના અનેક પ્રશ્નો તે તેનો કલહ, તેનો ઉકેલ કરવાનો પ્રયત્ન તે સંગ્રામ અને એ સંગ્રામનું નિયમન કરનાર માર્ગ તે ધર્મ' આટલું જ સમજાય તો ધર્મ અને જીવન વચ્ચે વર્ષો ગયેલું અંતર કાપી શકાશે. ધર્મ, ગુરૂ અને માનવસમાજનો સંબંધ સમજી શકાશે અને માનવજીવન ધન્ય બનાવી શકાશે.

વ્રજલાલ ધ. મેઘાણી.

બાળદીક્ષા

'દીક્ષાનો કૂટ પ્રશ્ન' એ મથાળા નીચે 'પ્રબુદ્ધ જૈન'ના આગલા બે અંકોમાં પ્રસિધ્ધ થયેલા લેખમાં બાળદીક્ષા સંબંધમાં હું શું ધારું છું એનું સામાન્ય સૂચન આવી જાય છે. એમ છતાં પણ આ વિષય વધારે વિગતવાર સમાલોચના માંગે છે એમ સમજીને આ લેખ લખવા હું પ્રેરાયો છું.

જૈનદીક્ષા એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપી પંચ મહાવ્રતનું અણિશુધ્ધ અનુપાલન કરવાનું જીવનવ્રત. આ વ્રતની કઠિનતા વિષે બેમત છે જ નહિ. આ વ્રતને અંગીકાર કર્યા પછી ન ફાવે ત્યારે છોડી દેવાય એવી કોઇ વ્યવસ્થા જ નથી. એટલે કે એક વખત સાધુ થયા પછી કોઇ સંસારમાં પાછો આવવા ધારે તો તેને કાયદાથી કોઇ અટકાવી શકતું નથી, પણ એમ કરવાથી ધર્મસમાજમાં તેની ખુબ જ અપ્રતિષ્ઠા થાય છે અને તેને કોઇ કશી મદદ કરતું નથી કે ટેકો આપતું નથી, તેથી સમાજમાં તેની દશા ઘણું ખરું ત્રિશંકુ જેવી જ થાય છે. આ કારણે સાધારણ રીતે દીક્ષા લીધા બાદ સંસારમાં પાછા આવવાનો કોઇ વિચાર કરતું નથી, પણ એની એ સ્થિતિમાં ઠીક અઠીક રીતે પોતાનું જીવન પુરું કરે છે. આ વ્રત જીવનના અન્ત સમય સુધી પાળવાનું છે એવી દીક્ષા દેતી વખતે સમજણ આપવામાં આવે છે.

પણ આ સમજણ- વ્રતની કઠિનતાનું આ ભાન તે કાચી ઉમ્મરે જે બાળકને દીક્ષા અપાય છે તેને પુરેપુરું હોય છે એમ માની લેવામાં આપણે આપણું અજ્ઞાન પ્રદર્શિત કરીએ છીએ અને એમ માનવામાં અન્ય જનોને આપણે છેતરીએ છીએ.

પણ વાત તો એમ છે કે જેઓ આવી બાળદીક્ષાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા હોય છે તેમને દીક્ષા લેનાર દીક્ષાની કઠીનતા કે ગંભીરતા નથી સમજતો હોતો તે તો ઉલટું ઇષ્ટાપત્તિ સમાન બને છે. તેમની વૃત્તિ બાળકની અજ્ઞાન દશાનો લાભ લેવાની જ હોય છે. તેઓ કેટલાક એવી દયાપણુભરી દલીલ રજુ કરે છે કે કાચી અને અપરિપકવ સ્થિતિમાં દીક્ષા આપવાથી તેના ઉપર ધાર્મિક સંસ્કારો વધારે મજબુતપણે બેસાડી શકાય અને તેને પાકો ધર્મિષ્ટ બનાવી શકાય. આવો સાધુ જ ધર્મનો સાચો ઉદ્યોત કરી શકે. આવી સમજણ ફેલાવીને કેટલાકને ભોળવવામાં આવે છે અને અન્યના છોકરાઓને ભગાડવામાં તેવા લોકોનો ઉપયોગ કરવામાં આવે છે-આમ ધર્મના નામે અધર્માચરણની પરંપરા ચાલ્યા કરે છે.

કોઇ પણ અપરિપકવ વયના છોકરાને જીંદગી સુધી પાળવાના કોઇ વ્રત નિયમથી બાંધી લેવો એ યોગ્ય નથી તેમજ, ધર્મ્ય નથી. કોઇ પણ બાળક વ્રતકાઠિન્યના અજ્ઞાનને કારણે તમે કહો તેવું વ્રત અંગીકાર કરવા તૈયાર થશે, પણ ઉમ્મર વધતાં અને માનસિક શક્તિઓ અને વૃત્તિઓ વિકાસ પામતાં તે વ્રત તે તોડવાનોજ છે. પોતે અજ્ઞાન દશામા લીધેલું જીવન વ્રત તોડ્યા વિના તે રહી શકતો નથી અને સાથે એ વ્રત પોતે તોડી રહ્યો છે એનું ચાલુ ભાન એક પ્રકારની અનિષ્ટ નૈતિક હાનિ નિપજાવે છે અને તેની જાતને વિષે અશ્રધ્ધા ઉત્પન્ન કરે છે. દીક્ષા જેવા વ્રતથી કોઇ પણ બાળકના આત્મા ભાવીને બાંધી દેવાનો કોઇ પણ માણસને અધિકાર છે જ નહિ. વળી આ પ્રથા બીજા પણ અનેક અનિષ્ટોથી ભરેલી છે. કોઇના છોકરાં ભગાડવાં, આર્થિક બીડમાં આવેલા માબાપોને લોભ લાલચમાં ફસાવવા, અનેક સાચાં જુઠાં કરવાં, માબાપને અધ્ધર રાખી છોકરાને મુંડી નાંખવા- આ બધું બાળદીક્ષાના ગર્ભમાં સમાયલું હોય છે. આ બધી બાબતો વિચારતાં અઢાર વર્ષ પહેલાં કોઇને પણ દીક્ષા આપવાની પ્રવૃત્તિ સમજુ સમાજે ચાલવા દેવી ન જ જોઇએ.

જેમ જેમ વધારે વિચાર કરું છું તેમ તેમ બાળદીક્ષા અને બાળલગ્ન વચ્ચે મને ઘણું મોટું સામ્ય દેખાય છે. બાળ-લગ્નના સમર્થનમાં જે દલીલો વાપરવામાં આવતી હતી તે જ દલીલો બાલદીક્ષાના પક્ષમાં વાપરવામાં આવે છે. પહેલી દલીલ શાસ્ત્રસ્મૃતિના સમર્થનની. મનુસ્મૃતિમાં પુત્રીને રજોદર્શન પહેલાં પરણાવી દેવાની સ્પષ્ટ આજ્ઞા છે. જૈન ધર્મશાસ્ત્રમાં નાની ઉમ્મરના બાળકોને દીક્ષા દેવાનો કોઈ પણ ઠેકાણે નિષેધ કરવામાં આવ્યો નથી. બાળલગ્નની પ્રથાએ કન્યાવિક્રયના અનિષ્ટને જન્મ આપ્યો. બાલદીક્ષાની પ્રવૃત્તિએ કેટલાક માબાપોને પતિત બનાવ્યા. બાળલગ્નના સમર્થનમાં કેટલાક નાનપણમાં પરણેલા માણસોનાં ગૃહજીવન કેટલા સુખી હતા એવા દાખલાઓ રજુ કરવામાં આવતા. આવી જ રીતે બાળદીક્ષાના હિમાયતીઓ હેમચંદ્રાચાર્ય જેવાના દાખલાઓ પોતાની પ્રવૃત્તિના ટેકામાં રજુ કરે છે. એવા અપવાદ દૃષ્ટાંતોથી કોઇ પણ વાંધા ભરેલી પ્રવૃત્તિ સમર્થિત થઇ શકતી નથી. શાસ્ત્રે નિષેધ ન કર્યો હોય એવી અનેક બાબતો કાળભેદે કરીને અને ભૂતકાળના કડવા અનુભવો ધ્યાનમાં લઇને નિષિધ્ધ કરવી પડે છે. હેમચંદ્રાચાર્ય બનવાની જે આત્મામાં શક્યતા હશે તે પકવ ઉમ્મરે દીક્ષા લેશે તો પણ હેમચંદ્રાચાર્યજ બનવાના છે. કેટલાક એવી દલીલ કરે છે કે 'વૈરાગ્યને ઉમ્મર સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ નથી. કેટલાકને વૃધ્ધત્વ સુધીમાં પણ કોઇપણ પ્રકારનો વૈરાગ્ય ઉપજતો નથી તો કેટલાક બાળપણથી ધર્મપરાયણ હોય છે. આનું કારણ પૂર્વભવના સંસ્કાર છે. પૂર્વકર્મના સંસ્કાર બળે વૈરાગ્યવાસિત બાળકને દીક્ષા લેતાં શા માટે અટકાવવો?' આ દલીલ અવળી વાતને ઉજળાં કપડાં પહેરાવવા બરોબર છે. આ દલીલ સ્વીકારીએ તો પણ આવો વૈરાગ્યવાસિત બાળક અઢાર વર્ષ સુધી ખોટી શા માટે ન થાય? પૂર્વકર્મપ્રેરિત વૈરાગ્ય કાંઇ એવો કાચો પોચો હોઇ ન શકે કે ઉમ્મર વધતાં એકાએક કાચા રંગની માફક ઉડી જાય. તેના વૈરાગ્યની સ્થિરતામાં આપણે અશ્રધ્ધા શા માટે રાખવી? એક અપવાદ સંમત કરવા જતાં બીજી બધી રીતે અનિષ્ટ લાગતી પ્રથાને કેટલું બધું ઉત્તેજન મળે? જે બાળકનું માનસ વિશિષ્ટપણે ધર્મપરાયણ લાગતું હોય અથવા તો જે બાળક ભવિષ્યમાં મોટો સાધુ બને એવી તેના માબાપની મનોકામના હોય- અને આવી મનોકામના મને તદ્દન સ્વાભાવિક અને ઉચિત લાગે છે- તે બાળકને સાધુજીવનને અનુરૂપ વાતાવરણમાં ઉછેરવામાં આવે, સાધુઓના ચાલુ સહવાસમાં રાખવામાં આવે અને ઉચ્ચ પ્રકારની તેને ધાર્મિક કેળવણી આપવામાં આવે અને અઢાર વર્ષની ઉમ્મર પુરી થયે તે બાળકની સ્વાભાવિક ઇચ્છાને માન આપીને તેને દીક્ષા આપવામાં આવે તેમાં કશું વાંધો કાઢવા જેવું મને લાગતું નથી. પણ બાળલગ્નની માફક કાચી ઉમ્મરે દીક્ષિત બનાવવાની પ્રથાનો તો હવે ઉચ્છેદ થવોજ જોઇએ.

કેટલાક લોકો આ વિચાર તો સ્વીકારે છે પણ વડોદરા રાજ્યે આ બાબતમાં નિયમન કરનારો જે કાયદો કર્યો છે તે સામે તેમનો મોટો વિરોધ છે. તેમનું એમ કહેવું છે કે 'દીક્ષા આપવાની બાબત કેવળ ધાર્મિક છે અને આ કે અન્ય ધાર્મિક બાબતમાં

કોઇ પણ રાજ્ય હસ્તક્ષેપ કરે એ કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય ગણી ન શકાય.' આના જવાબમાં પ્રથમ તો એ કહેવાનું છે કે નાનાં બાળકોને દીક્ષા આપવાની પ્રવૃત્તિ કેવળ ધાર્મિકક્ષેત્રમાં અન્તર્ગત થતી નથી, પણ સામાજિક ક્ષેત્રને નિકટપણે સ્પર્શ કરતી બાબત છે. સમાજનો ધર્મ કુટુંબોના સ્વાસ્થ્ય અને હિતની રક્ષા કરવી અને તેને બાધક કોઇ રૂઢિ, પ્રથા કે પ્રવૃત્તિનો અટકાયત કરવી તે છે. માબાપ અને બાળકોનાં બનેલાં કુટુંબમાં બાપ કમાતો હોય, મા ઘર સંભાળતી હોય અને છોકરાંઓ મોટાં થતા હોય, આવી સર્વસાધારણ સુઘટિત કુટુંબ રચનાને લાત મારીને કોઇ એકાએક દીક્ષા લેવા માટે ઘર છોડીને ભાગી જાય અથવા તો આવા કુટુંબમાં ઉછરતા બાળકોમાંથી કોઇને ભગાડી મુકવામાં આવે અથવા તો કોઇ બાપ લોભ લાલચ કે ધર્મઘેલછાને વશ થઇને પોતાના એકાદ બાળકને કોઇ જોગી સંન્યાસી કે સાધુને જાયુક માટે સોંપી દે તો એવી મનસ્વી રીતે વર્તન ચલાવતા બાપને અટકાવવાનો તેમજ તેની બેવકુફીથી હોમાઇ જતા બાળકને બચાવવાનો સમાજને હક્ક છે એટલું જ નહિ પણ સમાજની એક અનિવાર્ય ફરજ છે અને જ્યારે ધર્મ-ગુરૂઓ કે સંઘસમુદાય આવી બાબતમાં કશું પણ નિયમન કરવાને સમર્થ નથી કે ઇચ્છતા નથી એમ માલુમ પડે ત્યારે ખાસ કરીને અને એમ ન હોય તો પણ સમાજસ્વાસ્થ્યની આવી મૌલિક બાબતમાં જરૂરી અનુશાસન કરવાની દરેક રાજ્યની પણ ખાસ ફરજ છે. કોઇ પણ માણસ દીક્ષા ન લે ત્યાં સુધી સમાજ બંધારણને અનુસરીને ચાલવાને બંધાયલો છે. દીક્ષા લીધા બાદ ભલે તે પોતાનો સંપ્રદાયયુરૂ કહે તેમ વર્તે. કેવળ દીક્ષા શબ્દ વપરાવાથી કોઇ પણ વર્તન ધાર્મિક ક્ષેત્રની હકુમતનું બની જતું નથી.

પણ કોઇ પણ બાબત ધાર્મિક ગણાય છે એટલા માટે તે સંબંધે કોઇ પણ રાજ્ય કશો કાયદો કરી ન શકે એ દલીલ પણ વ્યાજબી નથી. હિંદુસ્થાનમાં ધર્મના નામે એટલી બધી કુરૂઢિઓ પોષાય છે અને એટલા બધા સડાઓ અને પાખંડો ઉંડા મૂળ ઘાલીને બેઠા છે કે આ સર્વ બાબતોને ધાર્મિક ગણવામાં આવે તો હિંદુસ્થાન કોઇ કાળે ઉંચે આવવાની આશા રાખી શકે જ નહિ. સતીનો રીવાજ પણ ધાર્મિક જ હતો. બાળલગ્નને પણ કેટલાય ધાર્મિક સ્વરૂપ આપે છે. વિધવાવિવાહના પ્રશ્નને પણ ધર્મ સાથે જ ઘણા જોડે છે. દેવદેવીઓ આગળ ધરાતાં સંખ્યાબંધ પશુઓનાં બલિદાન પણ ધાર્મિક જ ગણાય છે. દેવસ્થાનોની વેડફાઇ રહેલી લાખો કરોડોની મીલ્કતો ધાર્મિક હકુમતની જ લેખવામાં આવે છે. આ બધી બાબતોમાં સમાજને આગળ લઇ જવાના ધ્યેયવાળી સરકારે કાયદાઓ કરવાના જ રહ્યા. જ્યાં જ્યાં મનુષ્યના સ્વાભાવિક હકકોનો કે જરૂરી વિકાસનો અવરોધ થતો જોવામાં આવે ત્યાં ત્યાં પ્રગતિવાંછુ સરકારે કાયદેસર પગલાંઓ લીધે જ છુટકો છે. આ દૃષ્ટિએ વિચારતાં વડોદરા સરકારનું બાળ-દીક્ષાની અટકાયત કરનારૂં પગલું ખરેખર આવકારદાયક છે અને અન્ય રાજ્યો તેમજ સરકારે અનુકરણ કરવાયોગ્ય છે એમ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી.

જો આજે આગળ વધતા દેશકાળનો સ્થિતિચુસ્ત વર્ગ વિવેકપૂર્વક વિચાર કરે તો તેમને જરૂર લાગવું જોઇએ કે ધર્મ સંસ્થાનો સાચો ઉત્કર્ષ આવી અયોગ્ય દીક્ષાઓને પોષવાથી કે ઉત્તેજન આપવાથી સાધી નહિ શકાય, પણ તેમને માટે ધર્મોત્કર્ષનો ખરો માર્ગ તો એ છે કે જેવી રીતે ખ્રીસ્તી લોકો પોતાના ધર્મ પ્રચારઅર્થે ઉંચી કોટિના પાદરીઓ તૈયાર કરવા માટે મોટી મોટી ધર્મસંસ્થાઓ ઉભી કરે છે કે જ્યાં પાદરી બનવાનો મનોરથ સેવતા ઉગતી ઉમ્મરના વિદ્યાર્થીઓ પોતાના તેમજ અન્યના ધર્મશાસ્ત્રોની રીતસરની તાલીમ પામે છે અને જેને રીતસર પાદરી બનવા પહેલાં ભિન્ન ભિન્ન કોટિની પરીક્ષાઓ પસાર કરવી પડે છે અને એ અભ્યાસક્રમ દરમિયાન જેને આ સંસ્થા છોડીને અન્ય માર્ગે જવાની ઇચ્છા થાય તેને તેમ કરવાની સંપૂર્ણ છુટ હોય છે—આવી સાચા અને સમર્થ સાધુઓ તૈયાર કરવાની સાધનસંપન્ન શિક્ષણ સંસ્થાઓ ખોલવી જોઇએ. આવી સંસ્થાઓમાં ભવિષ્યમાં સાધુ થવાના ઉમેદવારને જરૂરી ઐહિક જ્ઞાન, વૈજ્ઞાનિક કેળવણી, ધર્મપ્રચારમાં ઉપયોગી થાય તેવી ભિન્ન ભિન્ન ભાષાઓનું જ્ઞાન, અનેક દર્શનશાસ્ત્રોનો મર્મગ્રાહી પરિચય અને શરીર ખડતલ બને અને મન મજબુત બને એવી તાલીમ મળવી જોઇએ અને સાથે સાથે જૈન ધર્મશાસ્ત્રોમાં પણ બધી રીતે નિપુણ બનવો જોઇએ. આવી રીતે ૭ સાત વર્ષનો અભ્યાસક્રમ પુરો કરે, જુદી જુદી પરીક્ષાઓમાંથી અને કસોટીઓમાંથી પસાર થાય ત્યારે જ દીક્ષા અંગીકાર કરવાને તે યોગ્ય બને. જેઓ સાધુ સંસ્થાની મહત્તા સ્વીકારે છે તેમને ઉપર જણાવેલી ખ્રીસ્તી સંપ્રદાયની પાદરીઓ તૈયાર કરવાની સંસ્થાઓ જાતે નિહાળવાની હું ભલામણ કરૂં અને તે ધોરણ અને ક્રમ ઉપર સાચા અને સમર્થ સાધુઓ તૈયાર કરવાની સંસ્થા જૈન સમાજમાં ઉભી કરવાનો હું આગ્રહ કરૂં. સાધુસંસ્થા વિષે મમત્વ ધરાવનારને એવો આગ્રહ હોવો જોઇએ કે અમારા સાધુઓમાં એવો એક પણ હોવો ન જોઇએ કે જેને જોઇને જગત હસે અને એ રીતે જૈન ધર્મને હાંસીપાત્ર બનાવે. ઉપર જણાવેલી સંસ્થાઓ જ સાચી યોગ્યતાવાળા સાધુઓ નિષ્પન્ન કરવાનો સાચો માર્ગ છે. એવી સંસ્થામાંથી પસાર થયેલો સાધુ જૈન સમાજની તો ખુબ સેવા કરશે, પણ વિશાળ જનતાની પણ અનેક કલ્યાણ કરતી પ્રવૃતિઓમાં પણ સંગીન ફાળો આપી શકશે. આજના સાધુને પોતાના ઉપાશ્રયથી અન્યત્ર ઉભા રહેવાનું કશું ઠેકાણું જ નથી. પોતાને વન્દન કરનાર નાની સરખી ટોળીની બહાર તેને વિષે કોઇ ઠેકાણે આદર સન્માન નથી. સામાજિક કે સાહિત્યના કોઇપણ ક્ષેત્રમાં તેમને કશું સ્થાન નથી. મહાન ક્રાન્તિકારી ભગવાન મહાવીરના આવા નિર્માલ્ય સત્ત્વહીન વારસો અયોગ્ય દીક્ષા પધ્ધતિને જ આભારી છે. કાં તો આ સંસ્થાને મૂળમાંથી સુધારવી રહી! નહિ તો મોટે ભાગે નિર્માલ્ય અને સંસારમાં જેને કશું કામ કે ઠેકાણું ન હોય એવા માણસોને પોષનારી પાંજરાપોળ જેવી આ સંસ્થાને બંધ કરવી રહી. આ સંસ્થા બંધ થશે તો અવશ્ય કેટલીક આદરયોગ્ય ધર્મપરંપરાનો લોપ થશે તેમજ ભોળાં શ્રદ્ધાળુ નરનારીઓનું એક મહત્વનું અવલંબન તુટી જશે, પણ તે સામે જેમ દેશી રાજાઓ આજે સરકારી હિંદની સ્વાતંત્ર્ય પ્રાપ્તિમાં ખોટી આડખીલ બનીને બેઠા છે તેમ સામાજિક સર્વપ્રગતિને રૂંધી રહેલા આજના ધર્મધુરંધરો અલોપ થતાં સામાજિક પ્રગતિનો માર્ગ ઉલટો વધારે સરલ થશે એવું મારૂં નમ્ર મન્તવ્ય છે.

સાધુ સંસ્થાને ઉદ્ધારવી કે નષ્ટ કરવી એનો નિર્ણય આજની અને આગામી જૈનપ્રજાએ કરવાનો છે.

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. વાંચનાલય.

પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. વાંચનાલય.

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨ અંક : ૬ મુંબઇ : ૧૫ જુલાઇ ૧૯૪૦ રવિવાર. લવાજમ રૂપિયા ૨

'ધારાળાના ગોર' શ્રી રવિશંકર મહારાજના અનુભવો

વિદ્યાર્થીઓ સાથેનો વાર્તાલાપ

(ગતાંકથી ચાલુ)

લોકસેવા અને લોકોનો વિશ્વાસ

આ અરસામાં એક દિવસ ફોજદાર આવ્યા. તેમણે ગામલોકોને મારા વિષે પૂછતાં તેમણે મારું નામ ફોજદારને જણાવ્યું. ફોજદાર મને ઓળખતો હતો. લોકોની ગેરહાજરીના કારણે તે કેસ કમીટ કરવા આવ્યો હતો. તેણે મને બોલાવવા મોકલ્યો તે પહેલાં એક જણા પાસેથી રૂા. ૫૦) લેવાની વાત મારા કાને આવી હતી. મેં તેના કહેણને પાછું વાળ્યું, પરંતુ તેની ઘણી વિનંતિ પછી મારે જવું પડયું. તેણે મને નમન કર્યું. મેં તેની સાથે એક મીનીટ વાત કરી અને કહ્યું કે 'કાંઇ લીધું હોય તો પાછું આપી દેજો'. તેણે કહ્યું કે 'હું કાંઇ લેતો જ નથી'. મેં કહ્યું 'એ તો જરા ટેવ હોય તો છોડી દેવી. બીજું શું ?' પછી હું ત્યાંથી ચાલી ગયો. આથી તેનો ત્રાસ ઓછો થયો અને લોકોને મારામાં થોડો વિશ્વાસ પેદા થવા લાગ્યો. પછીથી એક હાજરીફોજદાર આવ્યો અને કેટલાક પાસેથી કેસબજવણીના રૂપિયા લીધા. આથી એક માણસ બોલાવવા આવ્યો. મેં ચોખ્ખી ના પાડી. પરંતુ તેણે જણાવ્યું કે મારા જવાથી તેમને રાહત મળશે. હું ગયો. તેમને જમીન પર છોડાવવા પડતા અને તેના ફોજદાર બે રૂપીયા લેતો. મેં ફોજદારને પૈસા પાછા આપવા કહ્યું. તેમણે હાથમાં લીધેલા કેસ સિવાયના બધા પૈસા પાછા આપી દીધા. બાકીના ત્રણેને છોડાવવા માટે મારી પાસે સાધન ન હતું. મેં મોતીભાઇ અમીનને વડોદરા કાગળ લખ્યો કે: 'તમે ચાણસ્માના મુન્સફને કંઇ કહી શકો એમ હો તો મને પત્ર લખશો.' તેમણે મને પત્ર મેળવી આપ્યો, જે મારે મુન્સફને આપવાનો હતો. હું પત્ર લઇને ચાણસ્માના મુન્સફ પાસે ગયો. દરવાજે મળવા માટે પુછતાં સાહેબે 'વખત નથી' એમ જણાવ્યું. પણ નોકર મને જવાબ આપે તે પહેલાં હું તેમની પાસે ઠેઠ ઘુસ્યો.

નવો અનુભવ

મુન્સફે પુછ્યું—તમો મને મળવા માગો છો ?

મેં કહ્યું—જી હા.

મુન્સફ—શું કામ છે ?

મેં જવાબ આપ્યો—આ કાગળમાં લખેલું છે. (મેં કાગળ આપ્યો)

મુન્સફે કહ્યું—હમણાં કંઇ નહિ. કોર્ટમાં આવજો. શી વસ્તુ સંબંધી વાત છે ?

મેં જણાવ્યું—તમારી કોર્ટમાં ધારાળાના ત્રણ કેસ આવવાના છે, તેમની મારી માટે આવ્યો છું.

મુન્સફે પુછ્યું—મારી માટે તમે શું કહેવા માંગો છો ?

મેં કહ્યું—ફકત આઠ આના દંડ અને કેદની સજા માફ.

મુન્સફે ઉત્તર આપ્યો—એ મારાથી નહિ બની શકે. મારે ઉપરી અમલદારને જવાબ આપવાનો છે.

મેં જણાવ્યું—જવાબ હું લાવી આપું. જેની કહો તેની ચીઠ્ઠી આપું.

એક પછી એક સેવા પ્રસંગો

આ સાંભળી સાહેબ ચોંકી ગયા. તેમણે કાગળ માંગ્યો અને વાંચ્યો અને જમવાનો આગ્રહ કરતાં મેં ના પાડી. તેમણે જણાવ્યું કે: તે ત્રણ દિવસની સજા કરી તેમને છોડી મુકશે. એક રાત્રે જેલમાં પુરી બીજે દિવસ રાખી ત્રીજે દિવસે છોડી મુકશે. હું ત્યાંથી ચાલી નીકળ્યો. આ દરમિયાન ગામલોકો મારા વિષે ખુબખુબ વિચાર કરવા લાગ્યા અને હું કયાં ગયો હોઇશ તે માટે પણ વિચારવા લાગ્યા. મારા પાછા ગયા પછી મને જણાવ્યું કે: તમારે મદદે આવવું પડશે. મદદનો અર્થ હું સમજ્યો નહિ, પણ પાછળથી મુદ્દત એવું સમજાયું. મેં ઘણી ના પાડી અને તેમણે ઘોડું તથા બીજાં સાધનો આપવા મને સમજાવ્યો. મેં કહ્યું કે 'હું આવીશ નહિ. સાહેબ ઘણા દયાળુ છે અને ત્રણ દિવસની ધરતી શિક્ષા કરી છોડી દેશે'. લોકો મારી પાસેથી નિરાશ થઇ પાછા ફર્યા; પણ જ્યારે દંડ વગરની ત્રણ દિવસની સજા થઈ ત્યારે તેઓએ મને જણાવ્યું કે ફકત ત્રણ દિવસની સજા થઇ. આથી એ લોકોને મારા ઉપર વધુ ને વધુ વિશ્વાસ આવવા લાગ્યો. ગામમાં તળાવ ખોદવાનો, કુવો ખોદવાનો અને નિશાળ બંધાવવાનો વિચાર થયો. તેમણે મદદ માટે રૂા. ૮૦૦) આપ્યા. ફરી ગયો એટલે ૬૫૦૦) આપ્યા અને ત્યારપછી રૂા. ૨૫૦૦) આપ્યા એટલે તળાવનું કામ પુરું થયું. કુવો પણ ખોદાવ્યો અને નિશાળ પણ શરૂ થઇ તળાવનું કામ શરૂ થયું તે વખતે એ લોકો પાસે ખાવા અનાજ ન હતું. એટલે મેં અમદાવાદ મારા મિત્રને કાગળ લખવાથી તેણે બે આની ખોટ ખાઇ જવાર વેચવાની શરતે મને જવાર આપી. ગામમાં દર વધુ હતા એટલે તેઓ મારે ત્યાંથી લઇ જતા, પરંતુ મને રોકડા પૈસા આપવા પડતા. પણ પૈસા ન હોવાથી તે ત્રણ રૂપીએ મણ જવાર ઉધારે લેવા મંડયા. મને ઘણું દુઃખ થયું. મેં સમજાવ્યા, કારણ કે તેથી તેમને ઘણું નુકશાન થતું હતું. હું જવાર સવા રૂપીએ વેચતો હતો. તેમણે ઉધાર માંગી. મેં વિશ્વાસ રાખી ઉધાર આપી અને દિવાળી પર પૈસા આપવાનું વચન આપ્યું

અને મારા પૈસા ચુકતે આપી દીધા.

બીનઆવડતે સેવાભાવ નિષ્ફળ કેમ જાય ?

લોકોને સેવાભાવી કરવા હોય તો કાંઇ સૂત્રો સાથે રાખીને જવાની જરૂર નથી. જ્યારે આપણે સેવાના કાર્યમાં પડવું હોય ત્યારે સેવા તરત જણાઇ જાય છે. મેં ઉપલી હકીકત માટે કાંઇ વિચાર કર્યો ન હતો, પરંતુ મને મદદ અનાયાસે મળી ગઇ અને મારો સેવાભાવ સફળ થયો. કેટલીક વખત ખોટી છાપ પડવાને લઇને સેવા અફળ પણ નીવડે છે. દાખલા તરીકે વેલચંદ એંકર અને મોહનભાઈ. એ બે ધાડા મિત્રો હતા. મોહનભાઇ એમની પાસે ગરીબો વિષે વાત કરતાઃ એથી એમને ગરીબોની પાછળ પૈસા ખરચવાનું મન થયું. પાટણ પાસેના એક ગામમાં જમીન વેચાતી રાખી. ખેતી કરાવી લોકોને મજુરી આપવા માંડી. ભુખે મરતા લોકોએ ચાર આનાનો દર ઘણી ખુશીથી સ્વીકાર્યો. પણ વેલચંદભાઇએ પાંચ આના આપવા માંડયા. લોકોએ ધાર્યું કે આ લોકો દાન કરવા આવેલા છે. લોકોએ મજુરીના દર વધારે માંગવા માંડયા. ખેડાણ જમીનમાં પોતાનાં ઢોર પેસાડવા માંડયાં અને ઘણું નુકસાન કરવા માંડયું. આથી તેમને લાગ્યું કે આ લોકો કાંઇ દેવ નથી પણ રાક્ષસ છે. તેઓ મારો હેતુ સમજી શકતા નથી અને મને લૂંટવા ધારે છે. એટલે તેમની સાથે કેવી રીતે વર્તવું તેની સમજ ન પડવાથી તેમનો તે અખતરો નિષ્ફળ ગયો.

મોંઘી સોંઘી વિગતો.

મોંઘી વસ્તુ એટલે જુલ્મ અને સોંઘી વસ્તુ એટલે છેતરપીંડી. આપણે સોંઘી વસ્તુ લેવા માંગીએ પરંતુ વેચનારને તેની કેટલી કીંમત પડી હશે તેનો ખ્યાલ આપણને આવતો નથી. જરૂરને વખતે વેચનાર ખરીદીથી ઓછી કિંમતે વસ્તુને વેચે અને આપણને થાય કે આપણે છેતરાતા નથી. પરંતુ દુઃખ થતું નથી કે આપણે તેને છેતર્યો. તેના જીવનનો આપણને ખ્યાલ આવતો નથી.

મોંઘી વસ્તુ એટલે ફકત જુલ્મ છે. ડોકટર, વકીલ કે કોઇ ધંધાદારી વ્યકિત ગજા ઉપરાંત ચાર્જ કરે છે અને આપણી જીંદગીનો ખ્યાલ કરી શકતા નથી. આપણે તેમને આપી શકીશું કે નહિ એનો તેમને વિચાર આવી શકતો નથી. કોઇ લકકડ-ફોડાને બે આનાથી વધુ માંગે તો બીલકુલ આપવા કોઇ તૈયાર થતું નથી, જ્યારે ઉપલી વ્યકિતઓ તેમની ખરેખર અલ્પ સેવા બદલ રૂા. ૨૭ થી ૨૫ સુધીનો આકરો ચાર્જ લે છે કે જે ગરીબ માણસની વર્ષની કમાણી હોઇ શકે. આપણે કરકસર શીખવી જોઇએ. કરકસરને હું ખાનદાની સમજું છું, જ્યારે કંજુસાઇને પાપ સમજું છું.

અજબ અપરિગ્રહ.

હું મારી જાત માટે ફકત બે બંડી શીવડાવું છું. હાથે કાંતું છું. બે ધોતીયાં અને એક ટોપી બનાવી લઉં છું. તે સિવાય બીજું કાંઇ પહેરતો નથી અને વર્ષ માટે આથી વધુ વસ્તુની જરૂર નથી. કપડાં જાતે ધોઉં છું અને લાંબી મુદત ટકી શકે તે માટે જ્યાં ઘસું ત્યાં ચીવટ અને સાવચેતી રાખું છું. જો હું આમ ન કરૂં અને વધારે ખરચું તો મને જરૂર લાગે કે મેં મારા દેશની વધુ સંપત્તિ વાપરી છે. આપણે બચાવ કેમ કરવો તે જાણવું જોઇએ. દાખલા તરીકે ગાંધીજી એક ઘણા જ નાના આસન પર બેસે છે. મોઢું ધોવા માટે એક નાની લોટીમાં પાણી અને નાની પીચદાની રાખે છે. એક વખત મોહનભાઇએ પુછ્યું "તમે આમ શા માટે કરો છો ? પાણી ક્યાં ખુટી જવાનું છે ? " તેમણે કહ્યું "તમે જે આખો લોટો મોઢું ધોવા માટે વાપરો છો તેમાંનું અર્ધું પાણી વગર ઉપયોગે ઢોળી દો છો." ગાંધીજી પાણીનું એક પણ ટીપું જમીન ઉપર પડવા દેતા નથી અને બધું પીચદાનીમાં ભેગું કરે છે અને આ રીતે પાણીનો પણ વ્યાજબી ઉપયોગ કરે છે. એક વખત મોહનભાઇ દિશાએ ગયા. ત્યાંથી એક માટીનુ મોટું ઢેકું લઇને આવ્યા. ગાંધીજીએ કહ્યું "તમારે વાપરવું થોડું અને આટલા મોટા ઢેકાનું શું કામ ? આથી તો ઉલટું બાકીના ઢેકાથી તમે ગંદગી વધારશો અને ઘર આગળ રોગ ફેલાવશો." સમજવાનું એટલું કે દરેકે વ્યાજબી વસ્તુ શું હોઇ શકે તેનો પ્રથમ ખ્યાલ કરવો ઘટે.

ન્યુ એરા હાઇસ્કુલના વિદ્યાર્થીઓ સાથે વાતચીત

એક વખત ન્યુ એરા હાઇસ્કુલના વિદ્યાર્થીઓને ગામડામાં આવવા આમંત્રણ આપ્યું. પહેલાં તો તેઓ મસુરી અને બીજા હવા ખાવાના સ્થળે જતા, પણ ગામડાંનો આ તેમનો પહેલો જ પ્રવાસ હતો. હમો શુકલતીર્થ સુકામે ગયા. જ્યારે હું તેમની પાસે વાતચીત કરવા બેઠો ત્યારે તેઓ બધા એકદમ વાતચીત લખવા મંડી પડયા. મેં કહ્યું "લખવાની કાંઇ જરૂર નથી. તમો ફકત સાંભળી લ્યો અને મગજ પર ઠસાવી લ્યો." પરંતુ આશ્ચર્ય એ કે તેમણે મારી સૂચના પણ લખી લીધી. કહેવાનું એટલું કે તેઓ આટલા જ વ્યવહાર જ્ઞાનવાળા હતા. મેં તેમને ગામનાં ઘરો બતાવ્યાં અને શહેરના ઘરો વચ્ચેનો તફાવત સમજાવ્યો શહેરમાં નાવાનો, બેસવાનો, સુવાનો, ખાવાનો દરેક વસ્તુ માટે જુદો ઓરડો હોય, જ્યારે ગામડામાં એક જ ઘરમાં સર્વે વસ્તુનો સમાવેશ કરવો પડે. મેં ખર્ચ વિષે તેમને અંદાજ પુછ્યો તો તેમણે કહ્યું કે 'માણસ દીઠ તેમનો પરચુરણ ખર્ચ માસિક ૬ થી સાત રૂપીયા હશે.' મેં જણાવ્યું 'મારો દિવસનો સરેરાશ પરચુરણ ખર્ચ ત્રણ પૈસાનો છે એટલે માસિક દોઢ રૂપીયો.' આ સાંભળી તેઓ ચોંકી ગયા. જ્યારે મારે તેમના ખર્ચના આંકડા તપાસવા પડે છે ત્યારે મને સમજણ નથી પડતી કે તેઓનો ખર્ચ કોણ નભાવે છે ? કારણ કે આવક અને જાવકના આંકડા મળતાજ નથી. તેઓનું નાવ પ્રભુ ચલાવે છે. વંદે માતરમ્.

(સમાપ્ત) ગુજરાત સમાચારમાંથી.

લાંબુ જીવન કેમ જીવાય ?

ન્યુયોર્કના એક જાણીતા પત્રકાર શ્રી. વીલીયમ લીરીનુ તેમની એકાશીમી વર્ષગાંઠ પ્રસંગે અભિનન્દન કરતા તેના કેટલાક સ્નેહીઓએ તેઓ આટલું લાંબુ આયુષ્ય શી રીતે પ્રાપ્ત કરી શકયા તે વિષે માર્ગદર્શક સૂચનાઓ માંગી તેના ઉત્તરમાં તે પત્રકાર મહાશયે નીચેની શિખામણ આપી હતી.

૧ કદિ પણ પ્રોમીસરી નોટ–પુરજા– ઉપર સહી કરો નહિ કે તે સંબંધમાં કોઇની વતી બાંહેધરી આપો નહિ.

૨ કદિ વાયદાનું વેચાણ કરો નહિ –જે તમારૂં પોતાનું ન હોય અથવા તો તમારા પોતાના કબજામાં ન હોય તેનું વેચાણ કરો નહિ.

૩ તમારા બીસ્સામાં શું પડે છે તે કરતાં પણ તમારા પેટમાં શું પડે છે તે સંબંધમાં વધારે સંભાળ રાખો.

૪ સવારે પુરો નાસ્તો કરો

૫ આઠ કલાક બરોબર ઉંઘો.

૬ મદ્ય કે એવા કોઇ ઉત્તેજક દ્રવ્યનું કદિ સેવન ન કરો.

પરમાનંદ

હરેક બ્રિટનવાસી પ્રત્યે

ગાંધીજીની પયગંબરી વાણી

(એવું એક પણ અગત્યનું સામયિક પત્ર નહિ હોય જેણે મહાત્મા ગાંધીજીનો આ લેખ પ્રગટ કર્યો નહિ હોય. તો પછી એ જ નિવેદનની અહિ પુનઃ પ્રસિદ્ધિ શા માટે ? આજે યુરોપમાં ચાલી રહેલ માનવસંહારથી દુનિયાના મોટામાં મોટા 'હરિજન'ની આંતરડી કકળી ઉઠી છે. તેમને એક યા અન્ય પક્ષની યુદ્ધની નીતિરીતિમાં કશો મહત્વનો તફાવત દેખાતો નથી. ગ્રેટબ્રિટન ઉપર જર્મન સેનાની આંધી ચઢી આવવાની આજે ઘડીઓ ગણાઇ રહી છે. રાંભવ છે કે આ પ્રગટ થાય તે પહેલાં જર્મનીના રાહ જોવાતા ભીષણ હુમલાની શરૂઆત થઇ ગઇ હોય. આ આંધીની આગલી ઘડિએ દુનિયાના એક મહાન પુરૂષે ગ્રેટબ્રિટનના બ્રજનીઓએ અહિંસાના ધ્યેયને સ્વીકારીને કેમ વર્તવું અને શું કરવું એ સંબંધમાં ટૂંટલીક સ્પષ્ટ સ્પષ્ટ વાતો કહી દીધી છે. એમના પ્રત્યેક ઉદ્‌ગાર પાછળ ભગવાન મહાવીર, બુદ્ધ કે ઇસુખ્રીસ્તનો આત્મા બોલી રહ્યો છે—પોકારી રહ્યો છે. કહેનારે કહી નાંખ્યું છે—સાંભળનાર સાંભળે યા ન સાંભળે. 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો એ નિવેદન ફરી ફરીને વાગોળે એ આશયથી અહિં તે પુનઃ પ્રગટ કરવું જરૂરી લાગ્યું છે. પરમાનંદ)

સને ૧૮૯૬ માં દક્ષિણ આફ્રિકામાં મજુરો, વેપારીઓ અને તેમના ગુમાસ્તાઓ તરીકે ગયેલા મારા દેશભાઇઓની વતી એ દેશમાં વસતા પ્રત્યેક બ્રિટનવાસીને ઉદ્દેશીને એક અપીલ મેં બહાર પાડી હતી. એની અસર થયેલી. તે કાળનું મારૂં કાર્ય મારી નજરે ગમે તેટલું મહત્વનું છતાં આજે જે કાર્યને ખાતર હું આ અપીલ કરવા પ્રેરાઉં છું તેની સરખામણીમાં તે તદ્દન નજીવું હતું.

હરેક બ્રિટનવાસીને—પછી તે અત્યારે ગમે ત્યાં વસતો હોય—ઉદ્દેશીને હું અપીલ કરૂં છું કે ભલા થઇ તલવાર મ્યાન કરો અને પ્રજાઓ વચ્ચેના અરસપરસ સંબંધ તેમજ બાબતોની સમજુતીને સારૂ લડાઇને બદલે અહિંસાનો માર્ગ અખત્યાર કરો.

તમારા રાજધુરંધરોએ પોકારીને જાહેર કર્યું છે કે આ લડાઇ લોકશાસનની રક્ષાને ખાતર છે. બીજી પણ ઘણી દલીલો એની તરફેણમાં અપાઇ છે. તે બધી તમારી જીભને અગ્રે છે. મારો મુદ્દો એ છે કે લડાઇને અંતે—ગમે તે પક્ષ જિતે તોયે—લોકશાસનનું પ્રતિનિધિત્વ કરવા કોઇ લોકશાસન જ રહેવા પામશે નહિં. આ લડાઇ માનવજાતિ ઉપર શાપ અને ચેતવણીરૂપે ઉતરી છે.

આ લડાઇ શાપરૂપ છે. કારણકે આજસુધી કદી ન જાણેલી હદ સુધી એ માણસને હેવાન બનાવી રહી છે. એમાં લડનારા ન લડનારા એવા ભેદમાત્ર ભૂંસાઇ ગયા છે. કોઇ માણસને કે કોઇ ચીજને મૂકવાની વાત નથી. જૂનું તો જાણે શાસ્ત્ર બની ગયું છે. નાના દેશની રક્ષા કરવાનો બ્રિટનનો કોલ હતો. એ બધા એક પછી એક ભરખાઇ ગયા. ઓછામાં ઓછું હાલ તુરતને માટે તો તેમની હસ્તી ઊઠી ગઇ.

આ લડાઇ ચેતવણીરૂપે પણ છે. ચેતવણી એમ કે જો માણસ ઇશ્વરનો હાથ જોઇને ચેતશે નહિ તો તે પશુ જ બની જશે. સાચે જ, આજે એ પોતાનાં કરતૂકોથી હેવાનને પણ શરમાવી રહ્યો છે. આ લડાઇ જાગી ત્યારે જ મને આ આગાહી થઇ હતી. પણ તે પોકારીને કહેવાની મારી હિંમત નહોતી. પણ અતિ મોડું થાય તે અગાઉ એનો પોકાર કરવાની અંતે ઇશ્વરે મને હિંમત આપી છે.

હું હથિયાર મ્યાન કરવા તમને અપીલ કરૂં છું તે એટલા સારૂ નહિ કે તમે થાકીને આવી રહ્યા છો, પણ એટલા જ સારૂ કે લડાઇ મૂળે જ ભૂંડી વસ્તુ છે. તમારે નાઝીવાદનો નાશ કરવો છે. અધકચરી રીતે એને સ્વીકારીને તમે તેમ કદી નહિ કરી શકો. તમારા સિપાઇઓ જર્મનોના જેવું જ નાશનું કાર્ય કરી રહ્યા છે; ફેર એટલો જ છે કે કદાચ તમારા સિપાઇઓ એ કામમાં જર્મનોના જેટલા પાવરધા નથી. જો એમ હશે તો તમારા સિપાઇઓને પણ જલદી જ તેમના કરતાં વધુ નહીં તો તેમના જેવા પાવરધા બન્યે જ છુટકો. બીજી કોઇ શરતે તમારાથી લડાઇ જિતાવાની નથી. બીજા શબ્દોમાં કહું તો તમારે નાઝીઓને માથે પછાડો એવા ધાતકી થવું રહ્યું. ગમે તેવા ન્યાય્ય કાર્યને સારૂ પણ અત્યારે મિનિટે મિનિટે જે નરી આંધળી કતલ ચાલુ છે તેવી કતલ ધર્મ્ય ગણી શકાય નહિ. હું કહું છું કે જે કાર્યની સિદ્ધિને ખાતર અત્યારે ચાલી રહી છે તેવી ધાતકી ક્રિયાઓ કરવી પડે તે કાર્ય ધર્મ્ય કે ન્યાયસરનું કહી શકાય નહિ. બ્રિટન હારે એમ હું નથી માંગતો. તેમ નર્યા પશુબળમાં—પછી તે ભુજબળ હો કે બેજાનું—તે જીતે એ પણ હું નથી માંગતો. તમારું ભુજબળ સાબિત થઇ ચૂકેલી વસ્તુ છે. તમારું બુદ્ધિબળ પણ ભુજબળના જેવું જ નાશકશક્તિમાં અદ્વિતીય છે એનું દર્શન કરાવવું શું જરૂરી છે ? મને ઉમેદ છે કે નાઝીઓ જોડે એવી હીણી હરીફાઇમાં ઊતરવા તમે નહિ ઇચ્છો.

હું તો તમને એથી વધુ ઉદાત્ત અને વધુ શૂરાતનભર્યો માર્ગ સૂચવવાનું સાહસ કરૂં છું—જે શૂરામાં શૂરા સિપાઇને પણ શોભા આણે. હું માગું છું કે તમે શસ્ત્ર છોડીને નાઝીવાદ સામા ઝૂઝો. —અગર જો હું યુધ્ધની જ પરિભાષા વાપરીને કહું તો—તમે અહિંસક શસ્ત્રોથી લડો. નાઝીવાદનો સામનો તમે વગરહથિયારે કરો. હું ઇચ્છું છું કે તમારા હાથમાં રહેલાં હથિયાર તમારૂ કે માનવજાતિનું રક્ષણ કરવા અસમર્થ છે એ ઓળખીને તમે તે હેઠાં મૂકી દો.

મારૂં માનો તો તમે હર હિટલરને અને સીનોર મુસોલીનીને બોલાવીને જેને તમે તમારા કબજાના મુલકો કહો છો તેમાંના જે તેમને જોઇએ તે ઉપાડી લેવા કહી દો. અસંખ્ય સુંદર મકાનો સાથેનો તમારો સુંદર ટાપુ પણ ભલે તેઓ કબજે લે. એ બધાનો તમે એમને સુખે કબજો લેવા દેજો. એક માત્ર તમારા આત્માનો કબજો ન આપજો. તમારાં મનનો કબજો ન આપજો. એ ભાઇઓને તમારાં ઘરબાર લઇ લેવાં હોય તો તમે એમને ખાલી કરી આપજો. તમને ખાલી કરી ચાલ્યા જવા પણ ન આપે તો તમે પુરૂષ સ્ત્રી બાળકો તમામ ભલે કતલ થઇ જજો, પણ એમનું શરણું ન કબુલજો. આ ક્રિયાને અગર રીતને જ મેં અહિંસાત્મક અસહકારને નામે ઓળખાવી છે, જેનો પ્રયોગ હિંદમાં પુષ્કળ અંશે સફળ થઇ ચૂક્યો છે. તમારા હિંદમાના પ્રતિનિધિઓ મારા આ દાવાનો કદાચ ઇનકાર કરશે. જો તેઓ તેવું કરે તો મને તેમને માટે શોક જ થાય. તેઓ કદાચ તમને એમ પણ કહે કે અમારો અસહકાર શુધ્ધ અહિંસાત્મક નહોતો, દ્વેષમાંથી તે જનમ્યો હતો. જો તેઓ એવી સાક્ષી પુરશે તો હું એ વાતનો પણ ઇનકાર નહિ કરૂં. જો એ પ્રયોગ સર્વાંશે અહિંસાત્મક હોત, જો બધા અસહકારી તમારા પ્રત્યે સદ્‌ભાવથી સભરભર્યા હોત તો તો હું એટલે સુધી કહેવાની

(અનુસંધાન પૃષ્ટ ૫૨)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જુલાઇ ૧૫ ૧૯૪૦

આપણી ઘટતી જતી સંખ્યા

જૈનોની ઘટતી જતી સંખ્યા ઉપરનો ક્રિયાશુન્ય પ્રલાપ આજે જૈન-જગતમાં જાહેર છે. ધર્મના ઝંડાધારી સાધુઓ અને તેના અનુગામી સંસારીઓ સૌ એક સરખી રીતે શુષ્ક-વાણીમાં આ પ્રલાપ કર્યે જ જાય છે; છતાં ભાગ્યે જ જણાય છે કે આ પ્રલાપ શા માટે અને કઇ દ્રષ્ટિએ છે ? જૈનત્વની ભાવના ઘટતી જાય છે તેથી છે કે ગણિતની દૃષ્ટિએ વસ્તીપત્રકમાં જૈનોની સંખ્યા ક્રમતી દેખાય છે અને રાજ્યકીય બાબતોમાં મહત્વ પણ ન મળે તેટલી હદે સંખ્યા ઘટી ગઇ છે તેથી છે ? આ એક પ્રશ્ન છે. છતાં પણ દિનપ્રતિદિન આપણી ઘટતી સંખ્યા કેમ અટકાવી શકાય તેનો ઉપાય ભાગ્યે જ થાય છે. પ્રલાપ કરનારાઓ આ દિશામાં શું કરી શકે, અને ઘટમાં તથા ઘટના ઉપાયમાં તેની કેટલી જવાબદારી છે તે વિચારાતું પણ નથી. સૌને પ્રસંગ આવ્યે નિરર્થક રડવું સુઝે છે. પણ રૂદન અટકાવવાનું, આંસુ લૂછવાનું સુઝતું નથી. એટલે રૂદન તો અટકતું નથી જ, પણ અશ્રુપાત ઉપર રૂદન કરવાનું કામ વધે છે; પરિણામે નિર્બળતા અને નિર્માલ્ય કારૂણ્ય સિવાય કંઇપણ વધુ ફળ સમાજ પામતો નથી.

"આતો પંચમ આરો છે, અતિ વિષમ છે, તેમાં ધમ નહિ રહે" આવું આવું કંઇક શ્રી કેવળી ભગવાન ભાખી ગયા છે તે કોઇ પણ ઉપાયે મિથ્યા ન જ થઇ શકે તેવી જુઠ્ઠી દ્રઢ માન્યતા અને આશ્વાસને અને શ્રી ભગવાનના પરમ સત્યરૂપ વાક્યોને ખોટા કરવાની ધૃષ્ટતા સંસારીઓને ન શોભે, તેથી તો જૈન સમાજ મૂંગો થઇને નથી બેઠો ને ? પરમ જ્ઞાની અને દીર્ઘ-દ્રષ્ટિવાળા મહાનુભાવોના માનસ દર્શનને જગત આવી રીતે સમજશે તેમ તો કોઇએ નહિં જ ધાર્યું હોય ! માનવજીવનની વિકૃતિ અને પતનની આગાહી ચેતવણીની લાલબત્તીરૂપ લેખવાને બદલે સ્વીકૃત, અચલાયતન સિદ્ધાંત તરીકે સમજવામાં જ મોટામાં મોટી ભૂલ થઇ છે. તેમ કહ્યા વિના ચાલે તેમ નથી. પ્રગતિ માટેના પ્રજ્ઞાના પુરૂષાર્થને અટકાવી દે તે જાતની નિશ્ચયાત્મક સ્થિતિની આગાહી કરી પ્રજ્ઞાના ઉત્સાહ ઉપર ઠંડુ પાણી રેડવાનું ઘોર પાપ કોઇ અદનો માણસ પણ ન કરે ત્યારે જગતના જ્યોતિર્ધરો તો કેમ જ કરે ?

જડવાદી પરદેશીઓના સંસર્ગે, વિલાસની અતિશયતાએ, ખડતલ જીવનના અભાવે અને સમાજની નિયમન શક્તિની ખામીએ કરીને અલબત્ત જૈનોની જનસંખ્યા મોટા પ્રમાણમાં ઘટી છે અને આ ઘટ સરકારી અહેવાલોમાંથી દેખી શકાય છે. (જૈનોને પોતાનું સ્વતંત્ર વસ્તિપત્રક નથી) પરંતુ "જૈનભાવ" વધ્યો છે કે ઘટ્યો છે તેજ અતિ મહત્વનો પ્રશ્ન છે. છેલ્લા દાયકા થયા લોકોના ધાર્મિક વિષય સંબંધના માનસમાં જબ્બર ફેરફાર થયેલ છે. લોકોનું ધર્મઝનુન-ધર્મરાગ અને અમુક ધર્મના જ ગણાવાની અભિરૂચિ ઓસરી ગઇ છે. દેખીતી રીતે પ્રજ્ઞાનો મોટો ભાગ સાંપ્રદાયિક ધર્મમાંથી-મઝહબી ધર્મમાંથી છુટવાની વૃત્તિવાળો બનતો જાય છે, છતાંય વ્યવહાર, રાજ્યકીય કારણો અને સમાજથી અલગ ન થવાની ભિરૂતાભરી ભાવનાથી હજુ સંપ્રદાયને, મઝહબને વળગી બેઠો છે. બાકી તો હૃદયથી તે સંપ્રદાયની બાબતોમાં હાથ ધોઇનેજ બેઠો છે.

વિશેષ ધર્મને બદલે સામાન્ય, માનવધર્મ- ધર્મના મૂળભૂત સિધ્ધાંતો- તરફ લોકો આજે વળતા જાય છે. અલબત આ ફેરફાર માન્યતામાં કે વાણીમાં જ બહુધા દેખાય છે. ક્રિયામાં વર્તનમાં તેઓ સમય સમયના પલટા લેતા અચકાતા નથી. માનવી જડવાદી બનતો જાય છે છતાં પણ આધ્યાત્મવાદનો ઝભો ઓઢ્યા વિના તે રહેતો નથી. તરબી અને તરવાર, સંહાર અને સર્જનહારની પ્રાર્થના, એક પિતાનો સૌ પરિવાર એવી માન્યતા અને અસ્પૃશ્યતા સાથોસાથ જતાં આપણે કયાં નથી જોતા ? આ વિષમતા જ્યારે સામાજીક વ્યવસ્થા સુધરશે અને સામાન્ય માનવ ધર્મને મહત્વ મળતું થશે ત્યારે ધીમે ધીમે સુધરશે

છેલ્લા છેલ્લા થયેલા મહાન્ પુરૂષો ટોલ્સટોય, લેનીન, રોમાંરોલાં, ગાંધીજી અને ટાગોર જેવા જગતશિક્ષકોના માર્ગદર્શનથી લોકો મઝહબી ધર્મમાંથી માનવધર્મ તરફ વળતા જાય છે. ભાવધર્મ કરતાં કર્મધર્મને વધુ પ્રાધાન્ય આજે મળે છે. ભિન્નભિન્ન દર્શનો જોતાં અનુભવીઓ એમ લાગ્યું છે કે **"જૈનદર્શન એટલે નિર્ભેળ માનવ ધર્મ"**. આટલા માટેજ બનાર્ડશો જેવા જબ્બર વિચારક અને ક્રાન્તિકારી તત્વજ્ઞે એક વખત ઉચ્ચાર્યું હતું કે "તે પોતે કોઇપણ સંપ્રદાયમાં (મઝહબમાં) માનતા નથી, છતાં પણ દર્શન તરીકે તેને પસંદગી કરવાની જ હોય તો તે જૈન-મતને જ, દર્શનને જ સ્વીકારે, કારણકે તે સંપૂર્ણ દર્શન છે. સંપૂર્ણ માનવધર્મ છે અને તે ધર્મ જ જગતને એક સાંકળે કોઇ વખતે પણ સાંકળી એક કરશે."

આખા જૈનદર્શનમાં વ્યકિત પૂજા કયાંય પણ દેખાતી નથી. ગુણપૂજાને જ સ્થાન છે. જૈનમતનું શિક્ષણ જીવનના પ્રત્યેક કાર્યમાં અને પ્રત્યેક સ્થિતિમાં, પ્રત્યેક સમયે અને પ્રત્યેક માનવીથી જીવનમાં પ્રત્યક્ષ ઉતારી શકાય તે જાતનું છે. કોઇ ગુરૂગાદીની મહત્તા પર કે દિવ્ય ચમત્કાર ઉપર આ ધર્મનાં મંડાણ નથી. "જૈન ધર્મ નર્યો કુદરતી મનુષ્યનો સહજ ધર્મ છે."

અહિંસા, સત્ય, અસ્તેય અને ચારિત્ર્ય તો સામાન્ય રીતે દરેક ધર્મના સિધ્ધાંતો છે જ. પણ જૈનમત તે ઉપર વધુ ભાર મૂકે છે અને ધર્મના મહાન્ વ્રતો તરીકે માને છે. પણ આજની સુધરેલી અને આગળ વધેલી નૂતન દુનિયા સમાજવાદના જે સૂત્રો બોધે છે અને જેની તરફ જગત આખું મીટ માંડીને ઉભું છે તે સૂત્રોથી પણ વધારે ઉન્નત કોટિના સૂત્રો જૈન મતના મહાન્ વ્રતો રૂપે (પાંચમું અપરિગ્રહવ્રત અને છઠું દિશાઓની મર્યાદા બતાવતું વ્રત) પ્રજ્ઞા પાસે કયારના રજુ થયેલા છે જ.

માનવતાભુલ્યા જગતને સાચો ધર્મ મહાત્મા ગાંધીજી, ટોલ્સ-ટોય કે લેનીન જેવા જ બોધી રહેલા છે. જગત્ આજે ચકિત થઇને તે માર્ગ તરફ વળતું જાય છે. એટલે લાગે છે કે ભલે સાંપ્રદાયિક, ક્રિયાકાંડી, અને અહેવાલમાં લખાતો "જૈન" ઘટતો હશે, પરંતુ જૈનત્વની ભાવના દિન પ્રતિદિન વધુને વધુ વ્યાપક બનતી જાય છે. જગતૂના વિવાદગ્રસ્ત પ્રશ્નોની છણાવટ કે ચોખ-વટ સૈધ્ધાંતિક રીતે કરવાની ભાવના જગતભરમાં તીવ્ર બનતી જાય છે. આમાં ચોકખું જૈનત્વ જ ભર્યું છે. સાંપ્રદાયિક દ્રષ્ટિએ તે સૌ જૈનો નથી એમ લાગ્યા કરે છે. પણ મહાવીરમાર્ગનો જૈન વધે છે તે શંકા વગરની વાત છે.

સંપ્રદાયમાં સિધ્ધાંતની ઝીણવટ અને સૂક્ષ્મ વિગતો અને તેના આચાર વિચારનું મહત્ત્વ વધુ હોય છે એટલું સ્વીકાર્યા વિના રહેવાતું નથી સાંપ્રદાયિક રીતે જૈનની સંખ્યા અવશ્ય ઘટતી જાય છે. તે જરૂર અટકાવવાની જરૂર છે. આપણે જૈનોની સંખ્યા કોઇ પણ રાજ્યદ્વારી પ્રશ્ન સિધ્ધ કરવા માટે નથી વધારવી, આપણે બીજાને મુકાબલે સંખ્યામાં ઉચ્ચ સ્થાનમાં આવીએ તે આપણો હેતુ નથી. પરંતુ જૈનમત તે સંપૂર્ણ માનવ ધર્મ છે, તે તેના સંપૂર્ણ સ્વરૂપે સંપૂર્ણ વિગતો અને ઝીણવટ સાથે વધુમાં વધુ માણસોના હૃદય સુધી પહોંચી પુનઃ મનુષ્યત્વ પ્રગટાવે, ચારેકોરથી વમાતો વિષને વિદારી મૈત્રી સાધી આપે અને "જીવોની નાની મોટી સૌ નીકોમાં એક અખંડિત જીવન વહેન વહી રહેલું છે" તે સમજાવી જગત્ ભરમાં "અભય" નું વાતાવરણ ઉભું કરે તેટલા માટે આવા ઉન્નત દર્શનનો પ્રચાર કરવો જરૂરનો છે.

કોઇપણ સિધ્ધાંતિક માન્યતાવાળાની સંખ્યા ભાવનામાંથી જન્મે છે અને ભાવના વાતાવરણમાંથી ઘડાય છે. વાતાવરણ તૈયાર કરવાનું ગુરૂકાર્ય પ્રચારકો અને સાધુઓનું છે, જેઓ વાણી અને વર્તનથી જગતને પોતાના તરફ આકર્ષી જે માર્ગ ઉપર પોતે ચાલતા હોય છે તે માર્ગ ઉપર બીજાને ચાલતા કરી શકે છે. સાધુઓનો સાંપ્રદાયિક રીતે આ મહત્વનો ઉપયોગ છે.

જગત્ એક વખતે જડવાદી હતું, સંહારક, હત્યારું બની ગયું હતું, અનેક દેવદેવીઓમાં અને તેની તૃપ્તિ નિમિત્તે અનેક નિર્દોષ પ્રાણીઓના રક્તપાતમાં માનનારું હતું. જીવનમાં કોમળ લાગણી જેવું તત્વ નહોતું રહ્યું, તેવા સમયે એકલા હાથે પિતા મહાવીર અને બુધ્ધ ભગવાને પ્રબળ પુરૂષાર્થથી લોકોને નૂતન દ્રષ્ટિ આપી હતી.

આફ્રિકાના અંધારા ખંડમાં કે જ્યાં ભાગ્યે જ બહારના કોઇપણ માનવબાળે પગ પણ મૂકયો હશે, જ્યાં ભાગ્યે જ કોઇ પણ પ્રકારનો સંદેશો કોઇએ પહોંચાડયો હશે, ત્યાં જઇ પશુ જેવા માનવીઓની વચ્ચમાં વસી સાધુઓએ માનવસેવા દ્વારા શરૂઆત કરી જગતને પિતા ઇસુનો પ્રેમસંદેશ પહોંચાડયો છે અને તેમ કરતાં તે ભેખધારીઓએ પોતાના વહાલા વતનનો, સુખસગવડતાનો, કુટુંબકબીલાનો ત્યાગ કરી, જંગલી સાથે જંગલી થઇ તેની ભાષા, રીત રીવાજ, પહેરવેશ, ખોરાક અને જીવનની રીતિ સ્વીકારી શ્રમથી ખતમ થઇ જવાય કે રોગથી બેજાર થઇ જવાય ત્યાંસુધી કાર્ય કર્યું છે. ત્યારેજ વાતાવરણ, ભાવના અને સંખ્યા વધ્યા છે.

હઝરત પયગમ્બર સાહેબે જંગલીઓને ઇસ્લામની દીક્ષા પ્રબળ પુરૂષાર્થથી આપી છે અને તેમ કરતાં કંઇ ઓછું સહન નથી કર્યું.

બૌદ્ધ ધુંગીઓએ– બૌદ્ધ મતના ફેલાવા માટે અંધારા જંગલો ઉલેચ્યા છે, યાતનાઓ ભોગવી છે અને ભ્રમણ કરી કરીને પૃથ્વીને પગ તળે કાઢી છે– બીજી પ્રજાઓની ભાષા શીખી– તેમાં બૌદ્ધ સિદ્ધાંતો વણી પ્રજાને ભગવાન બુધ્ધનો સંદેશો પહોંચાડયો છે.

હિન્દભરમાં માત્ર વીશ વર્ષના અલ્પ સમયમાં પૂજ્ય મહાત્માજી જેવા એકલ સુકલકડી કાયાધારી માનવી નૂતનયુગ પ્રવર્તાવી શકયા છે તે વાત સુવિખ્યાત છે. એક સાચા મીશનરીની માફક ભ્રમણ કરી લોકસમુદાય સાથે સંપર્ક સાધી તેના આત્મા સુધી નૂતન સંદેશો પહોંચાડયો છે તે જ તેમના વિજયની ચાવી છે.

ઉપલી બધી વાતોના મુકાબલે આધુનિક જૈનસમાજ કયાં ઉભો છે?– સાધુઓની સંખ્યા અલબત્ત અગાઉ કરતાં કમી થઇ ગઇ છે તોપણ જૈનત્વનું વાતાવરણ ફેલાવવા માટે સંખ્યા ઠીક પ્રમાણમાં છે. છતાંય શા માટે મહાવીરના માર્ગના અનુયાયીઓની સંખ્યા ઘટતી હોવાની ફરિયાદ છે? પ્રચારકોના પુરૂષાર્થની ખામી તો નથી ને? કારણ કે આજે વાતાવરણ સૌકાઓનું જામેલું પડયું છે, વાતાવરણના ફેલાવનારા મોટી સંખ્યામાં તૈયાર ઉભા છે, જગતનું અજ્ઞાન અને અજડ વાતાવરણ બદલાઇ સમજદાર, ભાવનાશીલ અને ઓછું વહેમી બન્યું છે. છતાંય શા માટે સંખ્યા વધવાને બદલે ઘટે છે? લોકોને જૈનત્વનો ખ્યાલ આપનારા જૈન–મંદિરો અને ઉત્સવો પ્રજાની વચમાં છે. છતાંય કેમ વાતાવરણ ફેલાતું નથી અને સંખ્યા વધતી નથી? આ પ્રશ્નોનો ઉત્તર દુઃખદ છે. વાતાવરણ તૈયાર કરનારો ખાસ વર્ગ તે આપણો સાધુવર્ગ છે. પણ કમભાગ્યે તે સાધુઓ વિશ્વના હોવા છતાં પણ વિશ્વના લગભગ મટી માત્ર વાણિયાના ગોરજી જ બની બેઠા છે. આજે તેમને વાણિયાઓની ઘી ચોપડી કુણી-રોટલી, વંદના, વૈયાવચ્ચ અને આલીશાન હવાશીલ ઉપાશ્રયની બહાર ડોકુ ઉંચી કરવાની ફુરસદ કે જરૂરિયાત નથી. નિત્યે યંત્રવત્ અરધોક કલાક કોઇક અગમ્ય વાતો, જોડકણાં અસ્પષ્ટ ભાષામાં સંભળાવી પોતાના કાર્યની ઇતિશ્રી થઈ માને છે અને કૃત્યકૃત્ય થઇ જાય છે. શ્રાવકોમાં પણ અતિ પરિચયથી અવજ્ઞા જન્મે છે તેથી લોકલાજે યંત્રવત્ સાંભળી યંત્રવત્ આવ્યા તેમ ચાલતા થાય છે. મોટે ભાગે ક્રિયાકાંડી ધર્મનો બોધ આપવામાં આવે છે, જે સાંભળી સાંભળી સમાજ લગભગ રીઢો થઇ ગયો હોય છે.

શ્રાવકો તો મહાવીરના સંદેશાને સમજી ચૂકેલા છે, પણ જેના કાન પર કદી પણ આ સંદેશો પડયો નથી તેવાઓની પાસે ભાગ્યે જ સાધુઓ જતા હશે. ગામડામાં ખુદ જૈનો માટે જ્યાં સાધુઓનો સદંતર અભાવ છે, ત્યાં જૈનેતરોની તો વાત જ શી કરવી? સાધુઓને મોટા શહેરોનો મોહ વધતો જાય છે એટલે નાના નાના ગામડાઓ કે જ્યાં જૈનેતરોનો પણ સંપર્ક પુરી રીતે સાધી શકવાનો યોગ હોય છે ત્યાં જતા જ નથી એટલે વાતાવરણ, ભાવના અને સંખ્યા કેમ વધે?

જૈન સાહિત્ય જ્યારે રચાયું હતું ત્યારે લોકભાષામાં જ રચાયું હતું. સંશોધનકારો કહે છે કે સંસ્કૃત જેવી દેવ ભાષાને તજીને જૈન શાસ્ત્રકારોએ તે વખતની અર્ધમાગધી ભાષા કે જે તે વખતે લોકભાષા હતી. તેમાંજ સાહિત્ય રચ્યું છે. આજે તે ભાષા લોકભાષા કે પ્રચલિત ભાષા રહી નથી તો ચાલુ લોકભાષાઓમાં શા માટે જૈન ગ્રન્થોને નથી ઉતારવામાં આવતા કે જેથી જૈન અને અજૈન સૌને સહજ અને સરળ બને? પુરાણી મૃતઃપ્રાય ભાષા મોટા ભાગને માટે અગમ્ય છે. એટલે કદાચ તેવા ગ્રન્થો થોડા ભાગમાં વંચાતા હશે તો પણ તેનું હૃદય તો નહિંજ સમજાતું હોય. લોક ભાષામાં શાસ્ત્રનું સર્જન ભાવના ફેલાવવાની દૃષ્ટિએ અતિ મહત્વનું છે.

જ્યાં જ્યાં મહાવીર ભગવાનનું કામ દેખાય ત્યાં ત્યાં જૈન દૃષ્ટિ ન દેખવાની કરૂણ નિર્બળતા કે સંકુચિતતા આપણી ભાવનાને વિસ્તીર્ણ થતી અટકાવે છે. જ્યાં જ્યાં અહિંસાનું કાર્ય હોય, જ્યાં જ્યાં અસ્તેય કે સત્યના પાલનની પ્રવૃત્તિ હોય, જ્યાં જ્યાં ચારિત્ર્ય અને અપરિગ્રહની ભાવના હોય ત્યાં ત્યાં અપ્રગટપણે જૈન દર્શન જ પ્રગટ છે એમ માની તેને સાથ આપવામાં આપણે ખુબ ઢીલા રહેલા છીએ.

જૈનત્વ વધારવા માટે તો—

(૧) સાધુઓની કેટલીએક રૂઢ મર્યાદાઓનો પુનઃ વિચાર કરવો અને સમયાનુસાર થોડાક ફેરફારો કરવા કે જેથી તે વધારે

સામયિક સ્ફુરણ

વર્ષા આવી.

ઋતુરાણી વર્ષા આવી. પૃથ્વીને તપાવતી અને જીવનને બેચેન બનાવતી ગ્રીષ્મ ચાલી અને સૃષ્ટિને નવપલ્લવિત બનાવતી અને નિરસ જીવનને જળસીંચિત કરતી વર્ષા આવી. આકાશમાં જળથી ભરેલાં વાદળાંઓ ઉભરાય છે અને જ્યાં ત્યાં એમાંના પાણી હલવાય છે. સમુદ્ર આજે મસ્ત બન્યો છે અને તેના પ્રચંડ મોજાંઓ કીનારાના બધો તોડી રહેલ છે. નદી–નાળાંઓમાં પાણી વહેવા લાગ્યાં છે અને ચોતરફ લીલી હરીયાળી પથરાઈ રહી છે: આકાશ ગરજે છે અને ઝબકતી વીજળી ઘોરઅંધાર રાત્રીને આંખોને આંજી નાંખતા પ્રકાશથી ક્ષણ બે ક્ષણ અજવાળે છે. ઝાડપાન નવા પાણીમાં નહાય છે અને ચોતરફ વીંઝતા વાયુમાં ડોલે છે. પર્વતશિખરોને ધુમ્મસના ઢગો ઘેરી વળે છે અને શુષ્ક અને બિહામણા લાગતા ટેકરા ટેકરીઓ આજે કોઇ જુદી જ ભવ્યતા ધારણ કરે છે. વિરામ અનુભવતાં ઝરણાંઓ ખળખળ વહી રહ્યાં છે અને આસપાસના પ્રદેશોને મુખરિત બનાવી રહ્યાં છે. ગ્રીષ્મમાં સંભળાતો પંખીઓનો કલરવ કાંઇક આછો બન્યો છે પણ મુંગી અને અને શુષ્ક લાગતી વનસ્પતિનો કલ્લોલ વધ્યો છે. અખિલ સૃષ્ટિ આજે અપાર રમ્ય બની છે અને નવસર્જનથી પુલકિત બની રહી છે. વરસાદની રાહ જોતી ચિન્તામગ્ન બનેલી જનતા આવતી વર્ષાને વધાવી રહી છે અને નવી આશાઓ પડે પ્રફુલ્લ બની રહી છે.

કોઇ કહે છે કે ઋતુઓમાં વસન્ત શ્રેષ્ટ છે. પશ્ચિમના દેશોમાં ભીષણ શિશિર પાછળ આવતી કલ્યાણકારિણી વસન્ત ત્યાંના લોકોને મન કદાચ સર્વશ્રેષ્ટ લાગતી હશે, પણ પૃથ્વીને નવયૌવન અર્પતી અને સર્વત્ર શીતળતા અને પ્રસન્નતા પ્રસરાવતી વર્ષા તો ખરેખર અજોડ છે. આમ તો દરેક ઋતુ ચોકકસ વિશેષતા ધરાવે છે પણ કુદરત અને માનવ–ઉભયને મસ્ત બનાવતી–ડોલતી અને ડોલાવતી–રસ સીંચતી અને રસિકતા ઉત્તેજતી–વિશ્વના ગર્ભમાં રહેલા અનન્ત સૌન્દર્યને પ્રગટાવતી અને શ્રમિત માનસને પ્રફુલ્લ બનાવતી વર્ષા તો ખરેખર અવર્ણનીય છે.

વર્ષા આવી પણ ઉલ્લાસ કેમ નથી ?

આમ વર્ષા તો આવી અને વરસવા પણ લાગી. એમ છતાં માણસનાં મન આજે કેમ અસહ્ય ચિન્તાના ઓજા નીચે દબાયલાં–ઉદ્વિગ્ન અને ક્ષુબ્ધ– દિસે છે ? ચોતરફ આનંદમંગળનું નાટક ભજવાઇ રહ્યું છે એમ છતાં માણસને એમાં કેમ કશો પણ રસ નથી ? એનું કારણ તો એ છે કે આજે આપણી દુનિયામાં જે ઉલ્કાપાત ઉભો થયો છે અને જેની જ્વાળા ચોતરફ ફેલાતી ચાલી છે તેણે માણુસજાતને બેચેન બનાવી દીધી છે. આજે 'બળીયાના બે ભાગ' 'મારે તેની તરવાર' એ જ ન્યાયનીતિએ શકિતશાળી પ્રજાનાયકોના માનસનો કબજો લીધો છે. જર્મનીનો કાલકરાલ પંજો સ્વસ્થ બેઠેલી પ્રજાઓને થથરાવી રહ્યો છે. પોલાન્ડ, ડેન્માર્ક, નોર્વે, હોલાન્ડ, બેલ્જિયમ અને છેવટે ફ્રાન્સ આટલા દેશો ઉપર આજે જર્મનીની આણ ફરકી રહી છે. સદીઓથી સદા સ્વતંત્ર ફ્રાન્સ વીશ વર્ષ પહેલાં જે દેશને પોતે નમાવ્યો હતો તે જ દેશની શકિત અને સત્તા સામે ઢળી પડયું છે. ઇંગ્લાંડ સામે ઇતિહાસમાં કદિ નહિ બનેલા એવા જર્મન હલ્લાનો ભય ઝઝુમી રહ્યો છે. તકનો લાભ લેવા પાછળથી જર્મની સાથે જોડાયલું ઇટાલી પણ પડેલા ફ્રાન્સને ફાવે તેમ ચુસી રહ્યું છે. સ્પેનની આંખ પોર્ચુગાલ તરફ કરડી થયેલી સંભળાય છે. જાપાન ઇન્ડોચાયના ઉપર ઘુરકે છે. રશીયાએ ફીનલેન્ડ, લીથુનીઆ, એસ્થોનીઆ અને લેટવીઆ જેવા બાલ્ટીક સાગર આસપાસના દેશો ઉપર તો પોતાની સત્તા જમાવી દીધી છે અને હવે પોતાનો બાહુ બાલ્કન રાજ્યો તરફ લંબાવી રહેલ છે. મુંબઇની નજીકમાં અરબ્બી સમુદ્રમાં 'પઠાણ' સ્ટીમર દુશ્મનોએ ડુબાડી છે. એડન ઉપર ઇટાલીએ બોંબમારો કર્યો છે અને હવે તો ફ્રાન્સનું જીબુટી તેમના હાથમાં આવી રહ્યું છે. આપણા દેશ ઉપર પણ જાણે કે બહારના હલ્લા અને અંદરની અશાન્તિનાં ભયો ઝઝુમી રહ્યાં લાગે છે. આજ કરતાં આવતી કાલ ઉત્તરોત્તર વધારે ને વધારે બિહામણી બનતી જાય છે. વ્યાપાર બધા સ્તબ્ધ અને શૂન્ય બની ગયા છે. મીલ્કતવાળાને જાનમાલની ચિન્તા પડી છે; સાધારણ માણસોને આવતી કાલ કેમ વટાવશું તેની મુંઝવણ આવી પડી છે. નાણું ફરતું બંધ થયું છે અને સારા સારા વ્યાપારીઓની આંટ તુટતી ચાલી છે. અસહાય દેશ અને નિઃશસ્ત્ર પ્રજા જાણે કે કશાં પણ અવલંબન વિનાની બની ગઇ હોય એવી કોઇ વિચિત્ર મનોદશા અનુભવી રહી છે. આ સ્થિતિમાં અને આવા સંયોગોમાં આથી હજારગણી વધારે રમ્ય વર્ષા પણ

છુટથી ધર્મ પ્રચાર કરી શકે. સાધુઓએ ઓછા સુખશીળિયા થઇ ખડતલ થવું અને લોકગણમાં ભળી શકાય તેવા બનવું જરૂરનું છે.

(૨) અજૈનોનો પરિચય વધુને વધુ સાધી, જ્યાં અજૈનત્વ દેખાય ત્યાં વધારે સમય અને શકિત આપી પ્રજાને સત્યમાર્ગનું દર્શન કરાવવું. હિંસકોની વચ્ચમાં જઇને અહિંસાનો બોધ–મહાવીર ભગવાનનો સંદેશો–લઇને જ્યારે ' મર્દ સાધુ ' ગંભીરતાથી "મા હણો મા હણો," કહીને ઉભો રહેશે ત્યારે કોઇ પણ વખતે જગતે તેને સાંભળવો પડશે તે શંકા વગરની વાત છે.

(૩) સરળ અને સર્વમાન્ય ધર્મસાહિત્યસર્જન લોકભાષામાં કરી પ્રજામાં ખુબ ફેલાવવું.

(૪) જ્યાં જ્યાં જૈનત્વનાં તત્વો દૃષ્ટિગોચર થાય, જેની જેની પ્રવૃતિમાં જૈનત્વનો ભાવ દેખાય તેને સક્રિય સહાય અને સહકાર આપવો. આજે મ. ગાંધીજી આખો યુગપલટો, દેશ પલટો અહિંસાના વિધાનપર કરવા માંગે છે. જૈનોનો તે પ્રવૃત્તિમાં સંપૂર્ણ સાથ હોવો જ જોઇએ, જે મહાવીર પ્રભુના સિધ્ધાંતોનો ફેલાવો ઇચ્છતા હોઇએ તો.

(૫) જૈનત્વનો પ્રચાર કરવા અર્ધસાધુઓ જેવા યતિઓ અને વીરસંઘની યોજના, હિન્દ સેવક સંઘની પધ્ધતિ ઉપર ઉભી કરવી.

(૬) જૈનસંસ્થાઓમાં તેમ જ જૈન ઉત્સવોમાં અજૈનોને આકર્ષી જૈન સિધ્ધાંતમાં રસ લેતા કરવા.

(૭) જૈનોએ પોતાનું સ્વતંત્ર 'કેળવણી મંદિર' ખોલી નાનાં બાળકોથી જ જૈનભાવનાની શરૂઆત કરાવવી અને માત્ર ક્રિયાકાંડી ધર્મ નહિ પણ સિદ્ધાંતિક ધર્મ સમજાવવો.

આટલું થશે તો એક દિવસે પણ આપણી ઘસાતી સંખ્યા અને સંખ્યા ઉપર વેરાતા આંસુઓ લૂછાશે. લૂખા અરણ્ય રૂદનને કોઇ સાંભળતું નથી **પરમ પુરૂષાર્થી ધર્મ, કેવળી-ભાખ્યા પંચમ આરાને પણ પલટાવી શકે છે એટલું સમજાય તો જૈનત્વનો ફેલાવો કોઇ મોટી વાત નથી.** પણ.....?

વ્રજલાલ ધ. મેઘાણી.

માણસના મનને પ્રફુલ્લ બનાવી શકે તેમ છે જ નહિ.

રાષ્ટ્રીય મહાસભા અને ગાંધીજી

રામગઢની રાષ્ટ્રીય મહાસભાએ આવા કટોકટીના સમયમાં રાષ્ટ્રીય મહાસભાને યોગ્ય માર્ગે દોરવાની જવાબદારી મહાત્મા ગાંધીજી ઉપર નાંખી હતી. થોડાક સમય પહેલાં વર્ધા ખાતે મળેલી કાર્યવાહક સમિતિએ ગાંધીજીને આ જવાબદારીથી મુક્ત કર્યા છે. આ ઉપરથી લોકોમાં અનેક તર્કવિતર્કો ચાલી રહ્યા છે. કેટલાક કહે છે કે આ ઠરાવથી ગાંધીજીએ કોંગ્રેસ સાથેનો સર્વ સંબંધ તોડી નાંખ્યો છે; બીજા કહે છે કે રાષ્ટ્રીય મહાસભાએ અહિંસાની સ્વીકૃત નીતિને હવે ફેંકી દીધી છે. આ બન્ને માન્યતા વધારે પડતી અને તેથી જ ખોટે માર્ગે લઈ જનારી છે. ગાંધીજીનો કોંગ્રેસ સાથેનો સંબંધ એમ તોડયો તુટે એવો નથી અને કોંગ્રેસ એમ અહિંસાની નીતિને હંમેશના માટે તિલાંજલિ આપતી જ નથી. આ તો આપણા દેશ માટે જે અસાધારણ સંયોગો ઉભા થઇ રહ્યા દેખાય છે તેમાં કોંગ્રેસે શું કરવું અને કેમ વર્તવું એ પ્રશ્ન ઉપર સાધારણ અહિંસાવાદી અને સંપૂર્ણ અહિંસાવાદી વચ્ચે ઉભા થયેલા મતભેદની આ ઠરાવથી સ્પષ્ટતા કરવામાં આવી છે. આપણે અહિંસાની મોટી મોટી વાતો કરતા હોઇએ છીએ, પણ આપણા જીવનમાં એ અહિંસા ખરેખર કેટલી ઉતરી છે અને કયા સંયોગોમાં આપણે અહિંસાને વળગી રહીએ છીએ અને કયા સંયોગોમાં અજાણપણે પણ આપણે તે અહિંસાને છોડીને ચાલીએ છીએ તેનું આપણને સ્પષ્ટ ભાન હોતું નથી. અહિંસાના સ્વીકારને અંગે આપણે કોઇ ઉપર આક્રમણ ન કરીએ કે બળજોરી ન વાપરીએ એ બરોબર છે. પણ ધારો કે કોઇ બે લુચ્ચા લફંગા આપણા ઘર ઉપર ચઢી આવ્યા તો તેવા વખતે આપણે કેમ વર્તીશું ? આપણે સ્વાભાવિકપણે એમ કહી દેવાના કે એવા પ્રસંગે તો એ લુચ્ચા લફંગાને મારી હઠાવીને કાઢી જ મુકવાના. આ પ્રસંગે કોઇ શુદ્ધ અહિંસાવાદી એમ કહે કે આવા વર્તનનો અહિંસાના સિદ્ધાન્ત સાથે મેળ નથી મળતો. તો આપણે તેને એમ જ જવાબ આપીશું કે એ મેળ ન મળતો હોય તો ભલે અમે એટલા બોળા અહિંસાવાદી ગણાઇએ, પણ એમ કાંઇ એવા લુચ્ચા લફંગાઓને ઘરમાં દાખલ થવા ન દેવાય. આજ મતભેદ કોંગ્રેસની કાર્યવાહીના સૂત્રધારો અને ગાંધીજી વચ્ચે પડયો છે અને તે બાબતની જ ઉપરના ઠરાવથી ચોખવટ કરવામાં આવી છે. કોંગ્રેસે જુદા જુદા પ્રાન્તોનો વહીવટ કર્યો તે દરમિયાન તોફાન અને કોમી હુલ્લડો દબાવવા માટે કોંગ્રેસ સરકારને બળ અને હિંસાનો આશ્રય લેવો પડયો હતો. આવા બળ અને હિંસાના ઉપયોગ સામે ગાંધીજી અવારનવાર લખ્યા કરતા હતા અને આપણી કહેવાતી અહિંસા કેટલી પોલી છે તે તરફ પ્રજાનું ધ્યાન ખેંચ્યા કરતા હતા. પણ એમ છતાં ગાંધીજી કોંગ્રેસને નીભાવતા હતા અને જરૂરી દોરવણી આપ્યા કરતા હતા. અત્યારે તો પ્રશ્ન ઉભો થયો છે કોઈ પણ પ્રકારના હલ્લા, હુલ્લડ કે તોફાનના પ્રસંગે પ્રજાને જરૂરી રક્ષણ આપવાનો. આ રક્ષણ શસ્ત્રસજ્જતા માંગે છે અને જરૂર પડે ત્યારે 'પશુબળ' ના ઉપયોગની અપેક્ષા રાખે છે. આ પ્રસંગે પ્રજાગણોની પ્રતિનિધિ હોવાનો દાવો કરતી રાષ્ટ્રીય મહાસભાએ શું કરવું ? આવતા હલ્લા કે તોફાનનો રીતસર સામનો કરવાની તૈયારીઓ કરી પ્રજાને બને તેટલું રક્ષણ આપવું કે શુદ્ધ અહિંસાના પરિબળમાં જે સમાઇ શકે તેટલો અને તે રીતનો સામનો કરી બાકી બને તે જોયા કરવું અને થાય તે થવા દેવું ? પહેલો માર્ગ અહિંસાને એકાન્તપણે અને નિરપવાદ રીતે નહિ સ્વીકારનાર કાર્યવાહક સમિતિના સભ્યોનો હતો. બીજો માર્ગ ગાંધીજીનો હતો. આ પ્રશ્ન ગાંધીજી અને કાર્યવાહક સમિતિ વચ્ચે લાંબા વખતથી ચર્ચાયા કરતો હતો; પણ છેવટની ચોખવટ થતી નહોતી. આજની અસાધારણ પરિસ્થિતિએ બન્ને પક્ષને ચોખવટ કરવાની ફરજ પાડી. ગાંધીજીની આજ સુધી જે રીતે રાષ્ટ્રીય મહાસભાને દોરવણી મળતી હતી તે રીતે દોરવણી નહિ મળે એટલી મહાસભાની તેમજ આખા દેશની કમનસીબી ગણાય. એમ છતાં પણ આ પ્રશ્ન સંબંધેની ચોખવટ તો આવકારદાયક જ ગણાવી જોઇએ. સન્તના પગલે આપણે ચાલી શકતા ન હોઇએ તો તે પાછળ ખાલી ઘસડાવાનો કાંઇ અર્થ જ નથી. આપણો માર્ગ આપણે જ શોધી લેવો રહ્યો. આમ છતાં પણ ગાંધીજી હંમેશા આપણી સાથે જ છે અને પોતાના સિધ્ધાન્તને બાધ ન આવે એમ આપણને દોરવાના પણ છે જ એ આપણું મોટામાં મોટું આશ્વાસન અને અવલંબન છે. ગાંધીજી જુદા પડે છે એમ છતાં આપણી પડખે જ છે એ આપણે કદિ ન ભુલીએ બીજી રીતે વિચારીએ, તો એમ પણ કહી શકાય કે ગાંધીજી અને આપણી વચ્ચેની મીલનભૂમિકા આ ઠરાવથી વધારે ચોખ્ખી અને સ્પષ્ટ થઇ છે અને એ રીતે બન્ને વચ્ચેનું અન્તર વધવાને બદલે ઘટયું છે. કોઇને કશું જ મનમાં રાખીને વર્તવાનું કારણ હવે રહેતું નથી અને પરસ્પર ગેરસમજુતી ઉભી થવાનો ભય મદ્દાને માટે દૂર થયો છે. ગાંધીજી દુનિયાના મહાન જ્યોતિર્ધર છે. તેમની પાસેથી પ્રકાશ મેળવીએ અને આપણી ચાલે ચાલીએ. સન્તપુરૂષ અને સાધારણ માનવી વચ્ચે આવો જ વ્યવહાર ઘટે છે. છેલ્લાં છેલ્લાં પ્રગટ થયેલા ગાંધીજીનો 'મુદ્દાના પ્રશ્નો' ઉપરનો લેખ અને રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિનો 'સહકાર જોઇતો હોય તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપો' એવી માંગણી રજુ કરતો ઠરાવ ગાંધીજીની દોરવણી અને આપણી મર્યાદાના પુરેપુરા નિદર્શક છે. ગાંધીજી દુર રહીને પણ આપણને દોરવાના જ છે એમાં શંકા છે જ નહિ. **પરમાનંદ.**

પામરતાનું મૂળ

સર્વસાધારણ સાત ભૂલો

માનવીને માનવદેહ મળ્યો છે મહાન બનવા માટે– પશુમાંથી દેવ બનવા માટે પણ સાધારણ રીતે માનવી મહાન બનતો નથી અને આવ્યો તેવો– પામરનો પામર રહી– મળેલું આયુષ્ય પુરું કરી વિદાય થાય છે. એક અનુભવી સન્નારીએ રજુ કરેલી સાત ભૂલો અથવા તો સાત પ્રકારની ભ્રમણાઓમાંથી મુક્ત બની માનવી પોતાનું જીવન ઘડે તો તે કેટલો મહાન બને અને તેની સાથે જગત પણ કેટલું આગળ વધે ?

૧. બીજા લોકોને છુંદીને જ આગળ વધી શકાય છે એવી ભ્રમણા.

૨. જેમાં ફેરફાર થઇ શકે તેમ ન હોય કે સુધારો થઇ શકે તેમ ન હોય એવી બાબતોમાં ચિન્તા કરવાની ટેવ.

૩. અમુક બાબત આપણે કરી શકતા નથી તેથી તે બાબતને અશકય માની લેવાનો તેમ જ મનાવવાનો આગ્રહ.

૪. મહત્વની બાબતો સિદ્ધ કરવા ખાતર નાની નાની બાબતો જતી કરતા શિખવાની ના.

૫. વાંચન અને અભ્યાસ વડે મન અને બુદ્ધિને સંસ્કારવાની તેમ જ વિકસાવવાની બાબતમાં ચાલુ બેદરકારી.

૬. આપણે જે રીતે માનતા હોઇએ અને જે રીતે રહેતા હોઇએ તે રીતે અન્ય લોકોને માનવા માટે અને રહેવા માટે ફરજ પાડવાનો પ્રયત્ન.

૭. કરકસરની ટેવનો અભાવ. **પરમાનંદ**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

શ્રી સારાભાઇ મગનભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ફન્ડ

લોન માટે કુલ ૧૩૯ અરજીઓ આવી હતી તેમાંથી ૧૦૦ અરજીઓના રૂા. ૧૬૯૮૫ મંજુર કરવામાં આવ્યા તેની વિગત નીચે મુજબ છે.

ચુનીલાલ કૃષ્ણચંદ ગજ્જર, રૂ. ૧૨૦, શાન્તિલાલ દેવચંદ શાહ, રૂ. ૧૨૦, અમૃતલાલ કસ્તુરચંદ શાહ, રૂ. ૧૮૦, શાન્તિલાલ દયાળજી દોશી, રૂ. ૧૨૦, મોહનલાલ કરસનજી મહેતા, રૂ. ૧૨૦, ગોબર રવજી મહેતા, રૂ. ૨૪૦, રસીકલાલ ચીમનલાલ શાહ, રૂ. ૧૮૦, અમૃતલાલ મોતીલાલ શાહ, રૂ. ૧૮૦, મણિલાલ ગીરધરલાલ શાહ, રૂ. ૧૮૦, ભોગીલાલ સોમચંદ શાહ, રૂ. ૧૮૦, વીરચંદ કેસરીચંદ શાહ, રૂ ૧૮૦, કેશવલાલ પુજીરામ શાહ, રૂ. ૧૮૦, જયંતિલાલ શંકરલાલ કાપડીઆ, રૂ. ૨૦૦, રસિકલાલ મુળચંદ શાહ, રૂ. ૧૮૦, દલીચંદ જેચંદ શાહ, રૂ. ૧૮૦, રમણલાલ ભોગીલાલ મહેતા, રૂ. ૧૮૦, જેચંદભાઇ ચુનીલાલ શાહ, રૂ. ૨૦૦, અમૃતલાલ મણીલાલ મહેતા, રૂ. ૧૮૦, બાબુલાલ ઘેલાભાઇ શાહ રૂ. ૧૮૦, રમણીકલાલ નારણદાસ બગડીયા, રૂ. ૧૨૦, ભાઇલાલ લલ્લુભાઇ શાહ, રૂ. ૧૮૦, ભૂપતરાય વચ્છરાજ દોશી રૂ. ૨૦૦, કેશવલાલ નરોતમદાસ શાહ રૂ. ૧૮૦, વિરચંદ ભાઇચંદ શાહ રૂ. ૨૨૦, કાન્તિલાલ દીપચંદ શાહ રૂ. ૧૮૦, મણીલાલ પુરૂષોત્તમ દોશી રૂ. ૧૮૦, ધ્રુવદન સારાભાઇ નાણીઅેરવાલા રૂ. ૧૮૦, રસીકલાલ ચંદુલાલ શાહ રૂ. ૧૮૦, અમૃતલાલ લક્ષ્મીચંદ વાધર, રૂ. ૧૮૦, નેમીચંદ પુનમચંદ ઓસવાળ રૂ. ૧૫૦, દીપચંદ મોતીચંદ શાહ, રૂ. ૧૮૦. સાકરલાલ ભાઇચંદ શાહ રૂ. ૧૨૫, છોટાલાલ નવલચંદ શાહ રૂ. ૨૬૦, રાયચંદ મુલચંદ શાહ રૂ. ૨૦૦ હિંમતલાલ હરખચંદ મેહતા રૂા. ૧૮૦, નેમીચંદ ચીમનલાલ કુવાડીયા રૂ. ૧૫૦, કાંતિલાલ મોતીચંદ શાહ રૂ. ૧૨૦, ગુણવંત લાલ પુનમચંદ ગાંધી રૂ. ૨૦૦, અંબાદાસ નરસીભાઇ દોશી રૂ. ૧૨૦, રમણીકલાલ દુર્લભજી ટોલીયા રૂ. ૧૨૦, દુલેરાય પ્રભુદાસ માટલીઆ રૂ. ૧૨૦, ધીરજલાલ મગનલાલ ઝવેરી રૂ. ૨૦૦ લખમસી ભારમલ નીસાર રૂ. ૨૦૦, મોહનલાલ ભીમરાજ ભટેવરા રૂ. ૧૨૦, મનસુખલાલ લલુભાઇ માસ્તર રૂ. ૧૨૦, શાંતિલાલ ચીમનલાલ શાહ રૂ. ૧૮૦, હીરાલાલ હરગોવીંદદાસ ગાંધી રૂ. ૨૦૦, રસીકલાલ જેસીંગલાલ શાહ રૂ. ૨૦૦ કાંતિલાલ ભોગીલાલ શાહ રૂ. ૧૮૦, જયંતિલાલ શકરચંદ શાહ રૂ. ૨૦૦, વસંતલાલ દુર્લભજી ટોલીયા રૂ. ૧૨૦, રમણલાલ કોદરલાલ શાહ રૂ. ૨૦૦, ડાહ્યાલાલ ભોગીલાલ શાહ રૂ. ૧૮૦, ચંપકલાલ ઓછવલાલ દોસી રૂ. ૯૦, ચંપકલાલ મગનલાલ શાહ રૂ. ૧૫૦, નવીનચંદ્ર જયંતિલાલ શાહ રૂ. ૧૨૦, લાલજી દેવરાજ શાહ રૂ. ૧૮૦, પુનમચંદ ફતેહચંદ શાહ ૧૬૦, નવલચંદ કુંવરજી માટલીયા રૂ. ૧૦૦, શાન્તિલાલ કુંવરજી શાહ રૂ. ૧૫૦, સેવંતિલાલ પુનમચંદ શ્રોફ રૂ. ૧૮૦, નેમચંદ લલ્લુભાઇ શાહ રૂ. ૧૮૦, અમૃતલાલ મણીલાલ શાહ રૂ. ૨૦૦, દલસુખભાઇ અમૃતલાલ મહેતા રૂ. ૨૦૦, મણીલાલ ખુસાલભાઇ પટેલ રૂ. ૧૮૦, બાબુલાલ મણીલાલ મહેતા રૂ. ૨૦૦, ભોગીલાલ હડીસીંગ શાહ રૂા. ૧૮૦, જયંતીલાલ મગનલાલ કાપડીઆ રૂ. ૧૫૦, નાગજી જેચંદ મોરખીઆ રૂ. ૨૦૦, જેસંગલાલ ત્રીભોવનદાસ શાહ ૧૮૦, ચિનુભાઇ વાડીલાલ શાહ રૂ. ૧૮૦, પોપટલાલ પાનાચંદ શાહ રૂ. ૧૨૦, અમૃતલાલ હેમચંદ શાહ રૂ. ૧૨૦, કેશરીચંદ મણીલાલ શાહ રૂ. ૧૨૦, મનસુખલાલ અમૃતલાલ દોશી રૂ. ૧૨૦, કેશવલાલ છોટાલાલ શાહ રૂ. ૧૨૦, ચીમનલાલ છોટાલાલ શાહ રૂ. ૧૨૦, ચીમનલાલ કાનજી શાહ રૂ. ૧૮૦, નટવરલાલ નાથાલાલ શાહ રૂ. ૧૮૦, ભોગીલાલ મુળજીભાઇ શાહ રૂ. ૧૨૦, ચંદુલાલ ખીમચંદ શાહ રૂ. ૨૦૦, રસીકલાલ જેઠાલાલ શાહ ૨૦૦. નાથુરામ દીપચંદ મારવાડી રૂ. ૧૫૦, નાથાલાલ પુંજીરામ શાહ રૂ. ૧૬૦, હાઉસીલાલ સકરચંદ રૂ. ૧૮૦. હીરાલાલ લલ્લુભાઇ શાહ રૂ. ૧૫૦, સુરજમલ માવજીભાઇ મોરખીયા રૂ. ૧૮૦, ચીનુભાઇ ભીખાભાઇ શાહ રૂ. ૨૦૦, કુમારી કાન્તાબેન ખીમચંદ ગાંધી રૂ. ૩૦૦, કુમારી અનસુયા અમૃતલાલ શાહ રૂ. ૨૦૦, રમણીકલાલ છોટાલાલ તલસાણીયા રૂ. ૧૮૦, કાન્તીલાલ રતનચંદ શાહ રૂ. ૧૮૦, માણેકલાલ વાડીલાલ શાહ રૂ. ૨૦૦, બાલચંદ સોમચંદ શાહ રૂ. ૨૦૦, વિનોદકુમાર અંબાલાલ દતારા રૂ. ૧૫૦, ચીનુભાઇ મણિલાલ શાહ રૂ. ૨૫૦, ચંદુલાલ વસનજી ગાથાની રૂ. ૨૦૦, શ્રીપાલ દલીચંદ સાખલા રૂ. ૧૫૦, છબીલદાસ રતનસી શાહ રૂ. ૧૨૦, મહેન્દ્રકુમાર ગુલાબચંદ મરચન્ટ રૂ. ૧૫૦,

(પૃષ્ટ ૪૭ થી ચાલુ)

હિંમત કરત કે એ સ્થિતિમાં તમે જે હિંદના માલેક હતા તે તેના નિશાળિયા બનત અને અમારા કરતાં કયાંએ વધુ કુશળતા દાખવીને આ અમોઘ શસ્ત્રને તમે સંપૂર્ણ બનાવી લીધું હોત અને તે વડે આજે તમે જર્મની અને ઇટાલિયન મિત્રોના ભયનો સામનો કર્યો હોત. જો આમ થયું હોત તો ખરેખર યુરોપનો છેલ્લા થોડા મહિનાનો ઇતિહાસ કોઇ જુદી જ રીતે લખયો હોત. નિર્દોષોનાં લોહીના દરિયા વહેવડાવવામાંથી, આટલી બધી નાની પ્રજાઓના બળાત્કારમાંથી અને દ્વેષના તાંડવમાંથી યુરોપ બચી ગયું હોત.

આને એવા માણસની અપીલ ન ગણજો કે જે પોતાનું કામ જાણતો નથી. ૫૦ થી વધુ વર્ષના અરસાથી અખંડપણે અહિંસા અને તેની શકયતાઓનું હું શાસ્ત્રીય ચોકસાઇપૂર્વક આચરણ કરતો આવ્યો છું. કૌટુંબિક, સંસ્થાગત, આર્થિક તેમજ રાજદ્વારી ક્ષેત્રોમાં-તમામ જીવનવ્યવહારોમાં-મેં એને અજમાવી જોઇ છે અને મને એક પણ એવો દાખલો યાદ નથી જેમાં એ નિષ્ફળ ગઇ હોય. જ્યારે કયાંક તે નિષ્ફળ નીવડયાનો ભાસ આવ્યો છે ત્યાં મારી પોતાની અપૂર્ણતાઓને જ મેં તેને સારુ જવાબદાર ગણી છે. હું મને પોતાને સંપૂર્ણ માનતો નથી, પણ સત્ય—જે ઇશ્વરનું જ બીજું નામ છે—તેનો ઉત્કટ શોધક હોવાનો દાવો મેં કર્યો છે. એ શોધમાંથી મને અહિંસા જડી છે. એનો પ્રચાર મારું જીવનકાર્ય છે. એ કાર્યને ચલાવવા સિવાય જીવનમાં મને બીજો કશો રસ નથી. બ્રિટિશ પ્રજાનો જીવનભરનો અને સાવ નિસ્પૃહ મિત્ર હોવાનો મેં હમેશા દાવો કર્યો છે. એક કાળે હું સલ્તનતનો પણ ચાહનારો હતો. મને લાગતું કે બ્રિટિશ સલ્તનત હિંદને કલ્યાણકારી હતી. જ્યારે મેં જોયું કે એ સલ્તનત એની હાડપ્રકૃતિથી જ એવું કશું ભલું કામ કરી શકે એમ નહોતું, ત્યારે પછી એ સામ્રાજ્યવાદનો સામનો કરવા સારૂ અહિંસક રીતનો મેં પ્રયોગ કર્યો ને હજુ કરી રહ્યો છું. મારા દેશનું અને જે થવાનું હોય તે થાઓ તમારા પ્રત્યેનો મારો પ્રેમ કાયમ છે અને રહેશે. એમાં ઓટ નહિ આવે. મારી અહિંસા વિશ્વવ્યાપી પ્રેમ માગી લે છે અને તમે એના નાનાસુના અંશ નથી. એ પ્રેમનો પ્રેરાયો હું આ અપીલ તમને કરી રહ્યો છું. ઇશ્વર મારા એકેક શબ્દમાં એનું બળ પૂરો. એનું નામ લઇને જ હું આ અપીલ લખવા બેઠો ને એને જ નામે હું એને પૂરી કરું છું. પ્રભુ તમારા રાજધુરંધરોને મારી આ અપીલનો સાદ સાંભળવાનું શાણપણ અને હિંમત આપો.

ના. વાઇસરોયને મેં કહ્યું છે કે મારી આ અપીલના હેતુને પાર પાડવાની દિશાએ સમ્રાટની સરકારને મારી સેવાઓ કશા વહેવાર ખપની જણાય તો તે આપવા હું તૈયાર છું.

નવી દિલ્હી, ૧-૭-૪૦ **મોહનદાસ કરમચંદ ગાંધી**

શાસ્ત્ર અને શસ્ત્ર

શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર ?

હિન્દુસ્તાનમાં શાસ્ત્રને ઉત્પન્ન કરનાર, તેને સાચવનાર, વિકસાવનાર અને તે દ્વારા શક્ય હોય તેવી બધી પ્રવૃત્તિ કરનાર જે વર્ગ તે બ્રાહ્મણ તરીકે મુખ્યપણે જાણીતો છે. એજ રીતે શસ્ત્ર રાખનાર, વાપરનાર જે વર્ગ તે મુખ્યપણે ક્ષત્રિય તરીકે જાણીતો છે. શરૂઆતમાં બ્રાહ્મણ વર્ગનું કાર્ય શાસ્ત્ર દ્વારા લોકરક્ષા એટલે સમાજરક્ષા કરવાનું હતું. તેમજ ક્ષત્રિય વર્ગનું કાર્ય શસ્ત્રદ્વારા સમાજ રક્ષણ કરવાનું હતું. એ બન્ને રક્ષણ છતાં તેનું સ્વરૂપ મૂળમાં જુદું હતું. શાસ્ત્રમૂર્તિ બ્રાહ્મણ જ્યારે કોઈને બચાવવા માંગે ત્યારે તેના ઉપર શાસ્ત્રનો પ્રયોગ કરે એટલે તેને હિતબુદ્ધિથી, ઉદારતાથી અને સાચા પ્રેમથી વસ્તુસ્થિતિ સમજાવે. આમ કરી તે પેલા આડે રસ્તે જનારને કદાચ બચાવી જ લે અને તેમ કરવામાં સફળ ન થાય તો પણ તે પોતાની જાતને તો ઉન્નત સ્થિતિમાં સાચવી રાખે જ. એટલે શાસ્ત્રનું કાર્ય મુખ્યપણે વક્તાને બચાવવાનું રહેતું જ. સાથે સાથે શ્રોતાને પણ બચાવી લેવાનું બની આવતું અને જો કોઇવાર તેમ ન બને તો શ્રોતાનું અનિષ્ટ થાય તેવો ઉદ્દેશ તો ન જ રહે. શસ્ત્રમૂર્તિ ક્ષત્રિય જો કોઇના આક્રમણથી પોતાની જાતને બચાવવાનો હોય તો તે શસ્ત્રદ્વારા પેલા આક્રમણકારીને મારીનેજ પોતાને બચાવી લે. એ જ રીતે બીજા કોઇ નિર્બળને બચાવવા માંગે ત્યારે પણ પેલા બળવાન આક્રમણકારીને મારીને જ અગર હરાવીને જ નિર્બળને બચાવી શકે. એટલે શસ્ત્રરક્ષણમાં એકની રક્ષા કરવા જતાં મોટે ભાગે બીજાનો નાશ સંભવે છે. એટલે કે સામાને ભોગે જ આત્મરક્ષા કે પરરક્ષા સંભવે છે. આટલા તફાવતને લીધે જ શાસ્ત્રનો અર્થ એવો છે કે શાસન કરી એટલે સમજાવીને કોઈને બચાવવાની શક્તિ જે ધરાવે તે શાસ્ત્ર અને બીજાને હણી એકને બચાવવાની શક્તિ જેમાં હોય તે શસ્ત્ર. આ તફાવત સાત્વિક અને રાજસ પ્રવૃત્તિના તફાવતનું સૂચક છે. એ તફાવત હોવા છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય પ્રકૃતિ જ્યાં સુધી પોતાના સમાજરક્ષાના ધ્યેયને યથાર્થપણે વફાદાર રહી, ત્યાં સુધી તે બન્ને પ્રકૃતિઓએ પોતાની મર્યાદા પ્રમાણે નિઃસ્વાર્થપણે કામ બજાવ્યા કર્યું અને શાસ્ત્ર કે શસ્ત્રનો મોભો સચવાઇ રહ્યો.

પણ વખત જતાં એ શાસ્ત્રદ્વારા પ્રાપ્ત થએલ પ્રતિષ્ઠાનાં ફળો ચાખવાની અને ભોગવવાની લાલચ પેલા શાસ્ત્રમૂર્તિ વર્ગમાં દાખલ થઇ. એ જ રીતે શસ્ત્રમૂર્તિ વર્ગમાં પણ શસ્ત્રસેવાદ્વારા જનમેલ પ્રતિષ્ઠાનાં ફળો આસ્વાદવાની ક્ષુદ્ર વૃત્તિ જન્મી. પરિણામે ધીરે ધીરે સાત્વિક અને રાજસ પ્રકૃતિનું સ્થાન તામસ પ્રકૃતિએ લીધું અથવા તેમાં તામસપણું દાખલ થયું અને એવી સ્થિતિ આવી કે શાસ્ત્રમૂર્તિ વર્ગ શાસ્ત્રજીવી બની ગયો અને શસ્ત્રમૂર્તિ વર્ગ શસ્ત્રજીવી બની ગયો. એટલે કે બન્નેનું મુખ્ય ધ્યેય રક્ષણ મટી આજીવિકા પુરતું થઇ ગયું. શાસ્ત્ર અને શસ્ત્ર દ્વારા મુખ્યપણે આજીવિકા સાધવી, પોતાની ભોગવાસના તૃપ્ત કરવી, આવી વૃત્તિ જન્મતાં જ શાસ્ત્રજીવી બ્રાહ્મણવર્ગમાં તડા પડયા. એક બીજાની અદેખાઇ કરવા લાગ્યા ભક્તો, અનુયાયીઓ અને શિષ્યો કે જેમને અજ્ઞાન અને કુસંસ્કારથી બચાવી લેવાનું પવિત્ર કામ બ્રાહ્મણવર્ગને સોંપાએલું હતું તેઓને તે રીતે બચાવવાને બદલે પેલો શાસ્ત્રજીવી વર્ગ પોતાના હાથમાં પડેલા અભણ અને ભોળા વર્ગની સેવા શક્તિનો અને તેટલો પોતાના લાભમાં વધારેમાં વધારે ઉપયોગ કરવાની હરીફાઇમાં પડયો એટલે શિકારીની પેઠે એક શાસ્ત્રજીવી પોતાની શાસ્ત્રજાળમાં અને તેટલા વધારેમાં વધારે અનુયાયીઓને બાંધી રાખવા બીજા શાસ્ત્રજીવી સાથે વિવિધ રીતે કુસ્તીમાં ઉતરવા લાગ્યો અને આચાર્ય સિધ્ધસેન કહે છે તેમ એક માંસના ટુકડા માટે લડનાર બે શ્વાનોમાં કયારેક મૈત્રી બંધાય, પણ બે સગા ભાઇ શાસ્ત્રજીવી એટલે વાદી હોય તો તેમાં મૈત્રીનો કદી જ સંભવ નથી હોતો એ સ્થિતિ સમાજમાં આવીને ઉભી રહી. બીજી બાજુ શસ્ત્રમૂર્તિ વર્ગ પણ શસ્ત્રજીવી થઇ ગયો. એટલે તેમાં પણ ભોગવૈભવની હરીફાઇ અને કર્તવ્યચ્યૂતિ દાખલ થયાં. તેથી અનાથ અગર આશ્રિત પ્રજાવર્ગનું પાલન કરવામાં પોતાની શક્તિ રોકવાને બદલે એ વર્ગ સત્તા અને મહત્તા વધારવાની પાછળ ગાંડોતુર થયો. પરિણામે એક શસ્ત્રજીવી અને બીજા શસ્ત્રજીવી વચ્ચે કોઇ અનાથ અગર નિર્બળની રક્ષાને કારણે નહિ પણ અંગત દ્વેષ અને વૈરને કારણે યુદ્ધ શરૂ થયાં અને એ યુદ્ધાગ્નિમાં જે લાખો અને કરોડોની રક્ષા વાસ્તે તે વર્ગ સર્જાયો હતો અગર જેઓની રક્ષાને નિમિત્તે તે વર્ગને આટલું ગૌરવ પ્રાપ્ત થયું હતું તેજ લાખો અને કરોડો લોકો હોમાયા. આ રીતે આપણા આર્યાવર્તનો ઇતિહાસ શાસ્ત્ર અને શસ્ત્ર બન્ને દ્વારા વિશેષ કલુષિત થયો અને એ જ સબબ છે કે આ દેશમાં લાખો નહિ પણ કરોડો શાસ્ત્રજીવી વર્ગની વ્યક્તિઓ હોવા છતાં અજ્ઞાન અને વિખવાદનો પાર નથી, એટલું જ નહિ પણ ઉલટું એ વર્ગે અજ્ઞાન અને વિખવાદ વધારવામાં કે પોષવામાં પણ નાનો સુનો ભાગ નથી ભજવ્યો. શુદ્ર અને સ્ત્રી વર્ગને તો જ્ઞાનના અનધિકારી ગણી તે વર્ગે તેમની પાસેથી માત્ર સેવા જ લીધી છે. પણ ક્ષત્રિય અને વૈશ્યવર્ગ કે જેમને જ્ઞાનના અધિકારી ગણ્યા હતા તેમનામાંથી પણ અજ્ઞાન દૂર કરવાનો પેલા શાસ્ત્રજીવી વર્ગે પોતાનાથી શક્ય હોય તેવો કંઇ વ્યવસ્થિત પ્રયત્ન વ્યાપક રીતે કરેલો નથી. શસ્ત્રજીવી વર્ગ પણ અંદરો અંદરની અદેખાઇ, ભોગવિલાસ અને કલેષને પરિણામે પરરાષ્ટ્રના આક્રમણથી પોતાના દેશને બચાવી ન શકયો અને છેવટે પોતે પણ ગુલામ થયો. વડવાઓએ હાથમાં શાસ્ત્ર કે શસ્ત્ર લેતી વખતે જે ધ્યેય રાખેલું તે ધ્યેયથી તેમની સંતતિ ચ્યૂત થતાંજ તેનું અનિષ્ટ પરિણામ એ સંતતિ અને એ સમાજ ઉપર આવ્યું. શાસ્ત્રજીવી વર્ગ એટલો બધો નબળો અને પેટભરૂ થઇ ગયો કે તે પૈસા અને સત્તા માટે સત્ય વેચવા લાગ્યો. તે શાસ્ત્રજીવી વર્ગ રાજા મહારાજાઓની ખુશામત કરે અને મોટપ માને. શસ્ત્રજીવી વર્ગ પણ કર્તવ્યપાલનને બદલે દાન દક્ષિણા આપીનેજ પેલા ખુશામતી વર્ગ દ્વારા પોતાની ખ્યાતિ સાચવી રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આમ બન્ને વર્ગના બુદ્ધિ અને સત્તાના તેજમાં બીજા આશ્રિત લોકો ચગદાઇ ગયા અને છેવટે આખો સમાજ નિર્બલ થઇ ગયો.

આપણે આજે પણ મોટે ભાગે જોઇએ છીએ કે કોઇ ઉપનિષદ્ અને ગીતાપાઠી તે શાસ્ત્રો વાંચી પાછળથી હિસાબ મુકે છે કે દક્ષિણામાં કેટલું ઉત્પન્ન થયું. સપ્તાહમાં ભાગવત વાંચનાર બ્રાહ્મણની દૃષ્ટિ માત્ર દક્ષિણા તરફ હોય છે. મોઢું અભ્યાસને લીધે બબ્બે શ્લોકો ઉચ્ચાર્યે જાય છે અને આંખ કોણે દક્ષિણા મુકી અને કોણે ન મુકી એ જોવા તરફ ફર્યા કરે છે. દુર્ગા સપ્તશતિનો પાઠ કરનાર મોટે ભાગે દક્ષિણા આપનાર માટે કરે છે. ગાયત્રીના જપ પણ દક્ષિણા દેનાર માટે થાય છે. એક યજમાન પાસેથી દક્ષિણા કે સીધું મેળવવા શાસ્ત્રજીવી વર્ગની અંદરોઅંદર જે મારામારી થાય છે તેને એક રોટીના ટુકડા માટે લડતા

(10)

બે શ્વાનો સાથે સરખાવી શકાય. જમીનના એક ટુકડા માટે પણ બે શસ્ત્રજીવીઓ હવે કોર્ટે એજ રીતે લડે છે. વિશેષ શું ? શાસ્ત્રજીવીવર્ગમાં જે સ્વાર્થ અને સંકુચિતપણાનો દોષ દાખલ થયો તેની અસર બૌધ્ધ અને જૈનના ત્યાગી ગણાતા ભિક્ષુકવર્ગ ઉપર પણ થઈ. આ બે વર્ગમાં અંદરોઅંદર કુસંપ અને વિરોધ દાખલ થઇ ન અટકતાં તે તેના પેટાભેદોમાં પણ દાખલ થયો. દિગંબર જૈન ભિક્ષુ શ્વેતાંબર ભિક્ષુને અને શ્વેતાંબર ભિક્ષુ દિગંબરને હલકી દૃષ્ટિથી જોવા લાગ્યો. ઉદારતાને બદલે બન્નેમાં સંકુચિતતા વધવા અને પોષાવા લાગી. અંતે એક શ્વેતાંબર ભિક્ષુવર્ગમાં પણ શાસ્ત્રને નામે ખુબ વિરોધ અને તડ જન્મ્યા અને આધ્યાત્મિક ગણાતાં તેમજ આધ્યાત્મિક તરીકે પૂજાતાં શાસ્ત્રોનો ઉપયોગ એક યા બીજી રીતે દ્રવ્ય ઉત્પન્ન કરવામાં, વિરોધી સાથે કડવાશ વધારવામાં અને પોતપોતાની અંગત દુકાનો ચલાવવામાં થવા લાગ્યો. આ રીતે શાસ્ત્રે શસ્ત્રનું સ્થાન લીધું અને ખરી રીતે તો શુદ્ધ શસ્ત્રનું પણ નહિ પરંતુ ઝેરી શસ્ત્રનું સ્થાન લીધું. તેથીજ આજે જો કલેષ કંકાસનાં બીજ વધારે દેખાતાં હોય અગર વધારે વ્યાપક રીતે કલેષ કંકાસ ફેલાવાની શકયતા દેખાતી હોય તો તે ત્યાગી કહેવાવા છતાં શાસ્ત્રજીવી વર્ગમાં જ છે અને એની અસર જ્યાં ત્યાં આખા સમાજ ઉપર વ્યાપેલી દેખાય છે.

આ તો બધી અત્યાર સુધીની ભૂતકાળની વાત થઇ. પણ હવે વર્તમાનમાં અને ભવિષ્યમાં શું કરવું એ એક પ્રશ્ન ઉભો થાય છે. શું શાસ્ત્ર નિમિત્તે પ્રસરેલું વિષ કે શસ્ત્રદ્વારા ફેલાયેલું વિષ શાસ્ત્ર અને શસ્ત્ર બન્નેના નાશથી-ધ્વંસથી-દૂર થઇ શકે ? કે તે માટે બીજો કોઇ રસ્તો છે ? એ બન્નેના નાશથી કદી કલેષ વિષનો નાશ થઇ ન શકે. યુરોપમાં શસ્ત્ર ઘટાડવાની અને નષ્ટ કરવાની વાતો ચાલે છે, પણ વૃત્તિ સુધાર્યા સિવાય એ શસ્ત્રોના નાશથી કદી શાન્તિ આવવાની નથી-આવી શકે નહિ. કોઇ કહે કે એક જ વેદનો ઝંડો ફરકે તો કલેષ, કંકાસ અને ઝઘડા જે અનેક પંથો નિમિત્તે થાય છે તે ન થાય. કોઇ કુરાનભક્ત પણ એમ જ કહેવાનો. પણ આપણે ભ્રમમાં ન રહેવું જોઇએ કે એક વેદના અનુયાયીઓ અને એક કુરાનને માનનારાઓ વચ્ચે પણ એટલી જ મારામારી છે. જ્યારે એક ઝંડાની નીચે બીજા વધારે આવશે ત્યારે પણ અત્યારે હશે તે કરતાં મારામારી વધશે. ત્યારે એવો કયો ઉપાય છે કે જેથી વેરનું ઝેર મટે ? ઉપાય એકજ છે અને તે ઉદારતા તેમજ જ્ઞાનશકિત વધારવી તે. જો ઉદારતા અને જ્ઞાનશકિત આપણામાં વધે તો આપણે ગમે તે શાસ્ત્રને માનતા હઇશું છતાં અથડામણીનું કારણ બીજા સાથે કે અંદરોઅંદર આપોઆપ દૂર થશે. આજે પંથ કે સમાજ જે ભાગી રહ્યાં છે તે તો શાંતિ અને એકસંપી. આ તત્વ ઉદારતા અને જ્ઞાનવૃદ્ધિ સિવાય કદી સંભવી નથી શકતું. ભિન્ન-ભિન્ન શાસ્ત્રને અનુસરનાર જુદાજુદા પંથો અને વર્ગો માત્ર ઉદારતા અને જ્ઞાનવૃદ્ધિને બળે જ હળીમળી એકસંપીથી કરવાનાં કામો કરી શકે. આપણે ઘણાય એવા પુરૂષોને જોઇએ છીએ કે જેઓ એક પંથ કે એક શાસ્ત્રના અનુગામી નથી, છતાં એકદિલ થઇ સમાજ અને દેશનું કામ કરે છે અને આપણે એવા પણ ઘણા માણસો જોઇએ છીએ કે જેઓ એક જ સંપ્રદાયના શાસ્ત્રોને સરખી રીતે માનવા છતાં એક બીજા સાથે મળીને કામ કરવાની વાત તો બાજુએ રહી પણ એક બીજાનું નામ પણ સહન કરી શકતા નથી. આ વસ્તુસ્થિતિ આપણને શું સૂચવે છે તે હવે કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. જ્યાં સુધી મનમાં મેલ હશે, એકબીજા પ્રત્યે આદર અગર તટસ્થતા નહિ હોય અને લેશ પણ અદેખાઇ હશે ત્યાં સુધી ભગવાનની સાક્ષીએ એક શાસ્ત્રને માનવાના અને અનુસરવાના ગમે તેટલા સોગંદ લેવા છતાં કદી એકતા નહિ સધાવાની, શાન્તિ નહિ જ સ્થપાવાની. એ વસ્તુ જો ધ્યાનમાં ન ઉતરે તો કહેવું જોઇએ કે તે ઇતિહાસ અને માનસશાસ્ત્રને સમજી નથી શકતો.

આપણો સમાજ અને દેશ કલેષના વમળમાં સંડોવાયો છે. તે આપણી પાસે વધારે નહિ તો એટલી આશા રાખે જ છે કે હવે આપણે કલેષ ન પોષીએ. આપણે ઉદારતા અને જ્ઞાન વૃત્તિ કેળવીએ તો જ સમાજ અને દેશની માગણીને આપણે વફાદાર રહી શકીએ. જૈનતત્ત્વજ્ઞાનમાં અનેકાંતને અને જૈન આચારમાં અહિંસાને મુખ્યસ્થાને મુકવામાં આવેલ છે. તેનો ઉદ્દેશ માત્ર એજ છે કે તમે જૈન તરીકે અંદરો અંદર અને બીજા સમાજો સાથે ઉદારતાથી અને પ્રેમથી વર્તો. જ્યાં ભેદ અને વિરોધ હોય ત્યાંજ ઉદારતા અને પ્રેમનું કામ પડે છે અને ત્યાંજ તે અંતઃકરણમાં છે કે નહિ અને છે તો કેટલા પ્રમાણમાં છે એની પરીક્ષા થાય છે. એટલે આપણે જૈનપણાને જો સમજતા હોઇએ તો સીધી રીતે કબુલ કરવું જોઇએ કે ઉદારતા અને પ્રેમવૃત્તિ દ્વારા જ આપણે ધર્મરક્ષા કરી શકીએ અને બીજી કોઇ રીતે નહિ જ. શાસ્ત્રની ઉત્પત્તિ અને તેના ઉપયોગનો ઉદ્દેશ એજ છે. જો એ ઉદ્દેશ એનાથી ન સાધીએ તો એ રક્ષણને બદલે ઝેરી શસ્ત્રની પેઠે ભક્ષણનું કામ કરશે અને શાસ્ત્ર પોતાનું માત્રાગૌરવ નષ્ટ કરી શસ્ત્ર સાબીત થશે.

ઉદારતા બે જાતની, એક તો વિરોધી અગર ભિન્ન ધ્યેયવાળા પ્રત્યે તટસ્થપણું કેળવવાનો અને બીજી આદર્શ મહાન બનાવવાની. જ્યારે આદર્શ તદ્દન આંકડો હોય, અંગત કે પંથ પુરતોજ હોય ત્યારે માણસનું મન સ્વભાવે જ વિશાળ તત્વનું બનેલું હોવાથી એ સાંકડા આદર્શમાં ગભરાય છે અને ઝેરવેરની બારીઓ બહાર આવવા શોધે છે. એ મનની સામે જો વિશાળ આદર્શ રાખવામાં આવે તો તેને જોઇતું ક્ષેત્ર મળી જાય છે અને તેની શક્તિ કલેષ કંકાસ વાસ્તે ફાજલ રહેતીજ નથી. એટલે ધર્મપ્રેમી થવા ઇચ્છનાર દરેકની એ ફરજ છે કે તે પોતાનો આદર્શ વિશાળ ઘડે અને તે માટે મનને તૈયાર કરે બીજું માણસને જ્ઞાનની ભૂખ સ્વભાવે જ હોય છે. એ ભૂખ તેણે જુદા જુદા પંથોના, ધર્મોના અને બીજી અનેક શાખાઓના શાસ્ત્રોનો સહાનુભૂતિપૂર્વક અભ્યાસ કરીનેજ શમાવવી. જો સહાનુભૂતિ હોય તો જ બીજી બાજુને બરાબર સમજી શકાય. આ રીતે આપણામાં આજે ઉદારતા અને જ્ઞાનવૃધ્ધિ પ્રગટાવવાની ભાવના આપણે પેદા કરીએ.

પંડિત સુખલાલજી.

(જૈનત્વ પ્રચારક મંડળ તરફથી ચોપાટી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાન ઉપરથી.)

'પ્રબુદ્ધ જૈન'

જૈન સમાજનું અજોડ સંસ્કારપ્રચુર પાક્ષિક શ્રી મુંબઇ જૈન યુવકસંઘના મુખપત્રના ગ્રાહક થાઓ :—વાર્ષિક લવાજમ રૂા. ૨). સભ્ય બનો વાર્ષિક લવાજમ રૂા. ૩).

લખો :—તંત્રી, **'પ્રબુદ્ધ જૈન'**
૪૫-૪૭, ધનજીસ્ટ્રીટ, **મુંબઇ-૩.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4260.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨ મુંબઇ : ૩૨ જુલાઇ ૧૯૪૦ રવિવાર. લવાજમ રૂપિયા ૨
અંક : ૭

ગાંધીજીની આગમવાણી

અહિંસા ! અહિંસા ! અહિંસા !

उर्ध्वबाहु विरौम्येष, न च कश्चिच्छृणोति मे !

હાય ઉચ્ચા કરી, ભુમ પાડી કહું, તોય મ્હારું નહિ સાંભળે કો' !

(મહાત્મા ગાંધીજીને છેલ્લા જીવન માસમાં ભારતના રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિએ રાષ્ટ્ર દોરવણીની જવાબદારીથી મુક્ત કર્યા ત્યારે ઐતિહાસિક બનાવના પીઢ દિવસે મળેલી ખાદી સેવા સંઘની સાધારણ સભામાં ગાંધીજીએ હિંદી ભાષામાં એક લાંબું અંતરંગ પ્રવચન કર્યું હતું, જે 'સર્વોદયના જુલાઇ માસના અંકમાં પ્રગટ થયું હતું. આ પ્રવચન અહિંસાના ઉપાસકોને અતિ ઉપયોગી લાગવાથી વધુ લાંબુ હોવા છતાં ગુજરાતી ભાષામાં ઉતારી અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. આ પ્રવચનમાં ગાંધીજીએ પોતાનું હૃદય ઠાલવ્યું છે; આત્માનો એકરાર કર્યો છે; અહિંસાના માર્ગે પોતાની સાથે કોણ ન આવે તો પોતે એકલા ચાલવાનો નિર્ધાર જાહેર કર્યો છે. આપું પ્રવચન એક સળંગ કાવ્ય છે, તેના પદ્ય પદ્ય આગમવાણી જેવું છે. પ્રબુદ્ધ જૈનના વાચકો આ જીવંત આગમપ્રવાહને ઝીલે અને હૃદય તથા બુદ્ધિની શુદ્ધિ કરે ! પરમાનંદ.)

મારી સામેના.

આજ બુધ્ધી એ જગત સમક્ષ અહિંસા અને ગ્રામ્ય-ઉદ્યોગના વિચારો અને કાર્યક્રમ ધર્યા છે. એની આગે એ ન હતો કે મારી પાસે કોઇ સિદ્ધાન્તો તૈયાર પડયા હતા, અથવા તો મેં કોઇ ઐતિહાસિક નિર્ણય કરી લીધો હતો. પરંતુ તે છતાં એ વિષય પરના મારા કેટલાક વિચારો તો છે જ. પચાસ વર્ષ ઉપરાંત મેં એકજ ચીજની સાધના કરી છે. ભૂલે મેં જ્ઞાનપૂર્વક વિચારો નહિ કર્યા હોય, તેમ છતાં વિચારો તો થતા જ રહ્યા છે. એને તમે મારા અંતરનો અવાજ કહો અગર અનુભવનું પરિણામ કહો એ જે છે તે આપની સમક્ષ રજુ કરું છું. પચાસ વર્ષથી હું એની આદરનો અવાજ સાંભળી રહ્યો છું.

'અહિંસા' શબ્દની નિષેધાત્મકતા.

જે અહિંસક છે તેના હાથમાં ચાહે તે ધંધો હોય પરંતુ તેમાં તે વધારે ને વધારે અહિંસા લાવવાનો પ્રયત્ન કરશે જ. વસ્તુસ્થિતિ એ છે કે હિંસા વગર કોઇ પણ ઉદ્યોગ ચાલી શકતો નથી. એક રીતે જીવનને માટે હિંસા અનિવાર્ય માલમ પડે છે. આપણે તો હિંસા ઘટાડવા ઇચ્છીએ છીએ અને બની શકે તો તેનો લોપ કરવો ચાહીએ છીએ. મતલબ એ છે કે આપણે હિંસા કરીએ છીએ, પરંતુ અહિંસા તરફ ડગલાં માંડવા ઇચ્છીએ છીએ. હિંસાનો ત્યાગની આપણી કલ્પનામાંથીજ અહિંસા નીકળી છે, અને તેથી આપણને નિષેધાત્મક શબ્દ 'અહિંસા' મળ્યો છે. અહિંસા નિષેધાત્મક શબ્દ છે.

અહિંસાની મર્યાદિત વ્યાખ્યા.

જે અહિંસાને માને છે, તે જે ઉદ્યોગમાં પડશે તેમાં ઓછામાં ઓછી હિંસા કરવાનો પ્રયત્ન કરશે પણ કેટલાક ઉદ્યોગો એવા છે કે તેમાં હિંસા વધારે છે. જે માણસ સ્વભાવથીજ અહિંસક છે, તે એવા ચોક્કસ ઉદ્યોગો છોડી જ દે છે. દાખલા તરીકે તે કસાઇનો ધંધો કરશે એવી કલ્પના પણ કરી શકાતી નથી. મારા કહેવાનો આશય એ નથી કે માંસાહારી કદીય અહિંસક બની શકતો નથી. માંસાહાર જુદોજ ચીજ છે. હિંદુસ્તાનમાં થોડાક બ્રાહ્મણો અને વૈશ્યોને બાદ કરતાં બાકીના સઘળા લોકો માંસાહારી છે, છતાં પણ તે અહિંસાને પરમ ધર્મ માને છે. આપણે માંસાહારની હિંસાનો હિસાબ કરી શકતા નથી. જે માણસો માંસાહારી છે તે બધા જ હિંસાવાદી નથી. માંસાહારી મનુષ્ય અહિંસક નથી એમ હું કેવી રીતે કહી શકું ? એનાથી વધારે અહિંસક મનુષ્ય કયા મળશે ? પરંતુ તે પણ પહેલાં તો માંસાહારી જ હતા. પાછળથી તેમણે માંસાહાર છોડી દીધો હતો. છતાં માંસાહારી હતા ત્યારે પણ તેઓ અહિંસક હતા. માંસાહાર છોડયા પછી, પણ કોઇ કોઇ વખત, જ્યારે તે પોતાની અહિંસાને ત્યાં જતા, ત્યારે માંસ ખાઇ લેતા, અથવા દાકતરો આગ્રહ કરતા ત્યારે પણ તેઓ માંસ ખાઇ લેતા હતા. પરંતુ તેથી તેમની અહિંસા થોડી ઓછી થઇ જવાની હતી ? તેથી અહિંસા આપણી અહિંસાની વ્યાખ્યા પરિમિત છે. આપણી અહિંસા મનુષ્યો સુધીજ મર્યાદિત છે.

હિંસક અને અહિંસક ઉદ્યોગ.

પરંતુ માંસાહારી અહિંસક પણ ચોક્કસ ચીજ તો છોડીજ દે છે, જેમકે તે કોઇ દિવસ શિકાર રમશે નહિ. હિંસા વધારતી પ્રવૃત્તિઓમાં કદિ ભાગ લેશે નહિ. યુધ્ધમાં પડશે નહિ. યુધ્ધના શસ્ત્રાસ્ત્રોના કારખાનામાં કામ કરશે નહિ. એનાં માટે નવા શસ્ત્રોની શોધ કરશે નહિ વગેરે. મતલબ એ કે તે એવો કોઇ પણ ઉદ્યોગ નહિ કરે કે જે હિંસા પરજ રચાયેલો હોય અથવા હિંસા વધારતો હોય.

હવે જણ ઉદ્યોગો એવા હોય છે કે જે જીવનને માટે જરૂરના છે, પણ તે હિંસા વગર ચાલી શકતા નથી, જેમકે ખેતીનો ઉદ્યોગ. એવા ઉદ્યોગો અહિંસામાં આવીજતમ છે. એનો અર્થ એ નથી કે તેમાં હિંસા નથી થતી, અથવા તે વગર હિંસાએ ચાલી શકે છે, પરંતુ એનો પાયો હિંસા નથી અને તે હિંસાને વધારતા નથી. એવા ઉદ્યોગોમાં થનારી હિંસા આપણે

ઘટાડી શકીએ અથવા એને અપરિહાર્ય-હિંસા સુધી લઇ જઇ શકીએ છીએ. કારણ કે આખરે કયા ઉદ્યોગોને અહિંસા સાથે અનિવાર્ય સંબંધ છે એ આપણે કહી શકતા નથી. એ તો આપણી ભાવનાપર નિર્ભર છે. જો આપણું હૃદય અહિંસક હશે તો આપણા ઉદ્યોગોમાં પણ અહિંસા લાવીશું.

અહિંસા માત્ર બાહ્ય વસ્તુ નથી. માની લો કે એક માણસ છે. તે પુરતું કમાય છે અને સુખથી રહે છે. કોઇનું દેવું કરતો નથી. પણ બીજાની માલ મિલ્કત પર હંમેશાં દૃષ્ટિ રાખે છે. એક કરોડના દશ કરોડ કરવા માંગે છે. તો આવા માણસને હું અહિંસક નહિં કહું. એવો એક પણ ધંધો નથી કે જેમાં હિંસા થતી નહિં હોય. પરંતુ કેટલાક ધંધાજ એવા છે. કે તે હિંસાને વધારે છે. અહિંસક માણસોએ તેવા ધંધાઓને વર્જ્ય ગણવા જોઇએ. બીજા અનેક ધંધાઓમાં જો હિંસાને સ્થાન છે, તો અહિંસાને પણ સ્થાન છે-જો આપણાં દિલમાં અહિંસા ભરી હશે તો. આપણે અહિંસક વૃતિથી જ એ ધંધા કરીશું. આપણે એ ઉદ્યોગોનો દુરૂપયોગ કરીએ એ જુદી વાત છે.

પ્રાચીન ભારતની અર્થવ્યવસ્થા.

મારી પાસે કોઈ ઐતિહાસિક દાખલો નથી. પરંતુ હિંદુસ્થાન કેટલોક સમય સુખી રહ્યું હતું એવી મને ખાત્રી છે. એ જમાનામાં લોકો પોતાના ધંધા પરોપકારબુધ્ધિથી કરતા હતા. એમાંથી આજીવિકા તો પ્રાપ્ત કરતા જ હતા. પરંતુ એ ધંધા સમાજને હિતકારી જ હતા. મારો કંઇક એવો ખ્યાલ છે કે જેમણે હિંદુસ્થાનમાં ગામડાંઓનું નિર્માણ કર્યું, તેમણે સમાજસંગઠ્ઠન પણ એવા પ્રકારનું કર્યું, કે જેમાં શોષણને કે હિંસાને માટે કમમાં-કમ સ્થાન રહે. એમણે મનુષ્યના અધિકારનો ખ્યાલ નહિં કર્યો, પરંતુ તેના ધર્મનો ખ્યાલ કર્યો. તે પોતાની પરંપરા અને યોગ્યતા અનુસાર સમાજના હિતને પોષક ઉદ્યોગ કરતો. એમાંથી એને રોટલો તો મળી રહેતો હતો એ જુદી વાત હતી. પરંતુ એમાં કરોડોને ચૂસવાની ભાવના ન હતી. લાભની ભાવનાને બદલે ધર્મની ભાવના હતી. તે ધર્મનું આચરણ કરતે. અને રોટલો તો તેને આપો-આપ મળી રહેતો. ઉદ્યોગ કરવાનો ઉદ્દેશ વ્યક્તિગત નફો કરવાનો નહિં હતો. સમાજનું સંગઠ્ઠન જ એવા પ્રકારનું હતું. દાખલા તરીકે ગામમાં સુતારની જરૂર પડતી હતી; તે ખેતી માટે ઓજારો બનાવતો. ગામ તેને પૈસા નહિં આપતું, પરંતુ તેને અનાજ આપવામાં આવે એવું બંધન ગ્રામ્ય સમાજ પર નાખવામાં આવ્યું હતું. સુવ્યવસ્થિત સમાજમાં તેને ન્યાય મળતો હતો. એ જમાનાનો સમાજ સુવ્યવસ્થિત હતો એમ હું માનું છું. તે વખતે આ ઉદ્યોગોમાં હિંસા ન હતી.

એક ઉદાહરણ.

મારી માન્યતા પાછળ પુરતી સાબીતી છે. નાનપણમાં હું જ્યારે કાઠિયાવાડનાં ગામડાંઓમાં જતો ત્યારે લોકોમાં તેજ હતું. તેમનાં શરીર હૃષ્ટપુષ્ટ હતાં. આજ તેઓ નિસ્તેજ થઇ ગયા છે. ઘરમાં બે વાસણો પણ નથી. આ ઉપરથી મને એમ લાગે છે કે તે વખતે આપણો સમાજ સુવ્યસ્થિત હતો. તે વખતે તેનું જીવન અહિંસક હતું. અહિંસક જીવનને માટે જરૂરના સઘળા ઉદ્યોગો સારી રીતે ચાલતા હતા. અહિંસક જીવન માટે જે ઉદ્યોગો અનિવાર્ય છે તેમનો અહિંસા સાથે સીધો સંબંધ છે.

શરીરશ્રમ.

એમાં શારીરિક મહેનત પણ આવી જાય છે. માણસ પોતાના શ્રમથી થોડી જ ખેતી કરી શકે છે. પરંતુ જો લાખો વીઘા જમીનના બે ચારજ માલીક થઇ જાય તો બાકીના બધા મજુર થઇ જાય છે. હિંસા વગર આમ બની શકતું નથી. કદાચ તમે એમ કહેશો કે તે મજુર નહિં રાખે. યંત્રોથી કામ ચલાવશે. તો પણ હિંસા આવી જ જાય છે. જેની પાસે એક લાખ વીઘા જમીન પડી છે, તેને એ અભિમાન તો આવી જાય છે કે 'હું આટલી જમીનનો માલિક છું'. ધીમે ધીમે બીજાઓ ઉપર સત્તા જમાવવાની તેને લાલચ થાય છે. યંત્રોની મદદથી તે દૂર દૂરના લોકોને પણ ગુલામ બનાવી લે છે અને તેઓને ખબર પણ પડતી નથી કે તેઓ ગુલામ બની રહ્યા છે. એ લોકોએ ગુલામ બનાવવાની એક સફાઇદાર યુકિત શોધી કાઢી હોય છે. ફોર્ડને તો તમે જાણો છો ને? તે એક કારખાનું બનાવી બેઠો છે. કેટલાયે લોકો તેને ત્યાં કામ કરે છે. તે પ્રલોભનો આપે છે, જાહેરખબરો કાઢે છે. એણે હિંસક પ્રવૃત્તિનો એવો મોહક રસ્તો શોધી કાઢયો છે કે આપણે તેમાં જઇને ફસાઇ જઇએ છીએ અને આખરે ભસ્મીભૂત થઇ જઇએ છીએ. આપણે એ બાબતનો વિચાર કરવાનો છે કે આપણે એમાં ફસાવા ચાહીએ છીએ કે બચી જવા ચાહીએ છીએ.

મારો વધારે દાવો.

જો આપણે આપણી અહિંસાને અખંડ રાખવા માંગતા હોઇએ તો એનો આપણે રસ્તો શોધવો પડશે. મારો તો એ દાવો છે કે સત્ય, અહિંસા વગેરે જે યમો છે, તે ઋષિ મુનિઓ માટે નથી. જુના લોકો એમ માને છે કે મનુએ જે યમો બતાવ્યા છે, તે ઋષિ મુનિઓ માટે છે, વ્યવહારૂ મનુષ્યો માટે નથી. મેં આ વિશેષ દાવો કર્યો છે કે અહિંસા સામાજિક વસ્તુ છે; માત્ર વ્યકિતગત નથી. મનુષ્ય કેવળ એક વ્યકિત નથી; એ પિંડ પણ છે અને બ્રહ્માંડ પણ છે. એ પોતાના બ્રહ્માંડનો ભાર પોતાની બાંધે લઇને ફરે છે. જે ધર્મ વ્યકિતની સાથે ખતમ થાય છે તે મારા કામનો નથી. મતલબ એ કે આખો સમાજ અહિંસાનું પાલન કરી શકે છે અને આજ પણ તે કરી રહ્યો છે. મેં એ વિશ્વાસ પર ચાલવાની કોશિષ કરી છે અને મને લાગે છે કે એમાં હું નિષ્ફળ નથી નીવડયો.

અહિંસા સમાજનો પ્રાણ છે.

મારે માટે અહિંસા સમાજના પ્રાણસમાન છે. એ સામાજિક ધર્મ છે. વ્યકિત સાથે ખતમ થનારો ધર્મ નથી. પશુ અને મનુષ્યમાં એજ ભેદ છે. પશુમાં જ્ઞાન નથી. મનુષ્યમાં તે છે. અને તેથીજ અહિંસા તેની વિશેષતા છે. એ સમાજ માટે પણ સુલભ હોવી જોઇએ. સમાજ એના બળ પરજ ટકી રહ્યો છે. કોઇ સમાજમાં એનો થોડો વિકાસ થયો છે તો કોઇમાં વધારે પરંતુ એના વગર સમાજ એક ઘડિ પણ ટકી શકે નહિં. મારા આ દાવામાં કેટલું સત્ય છે તેની તમે તપાસ કરજો.

તમારૂં કર્તવ્ય.

હું જે એમ કહ્યા કરૂં છું, કે સત્ય અને અહિંસાથી જે શકિત ઉત્પન્ન થાય છે, તેની તુલના બીજી કોઈ શકિતની સાથે કરી શકાય નહિં. શું એ સાચું છે? એની પણ તમારે તપાસ કરવી જોઇએ. આપણે એ શકિતની સાધના કરીને આપણા જીવનમાં તે બતાવવી જોઇએ. ત્યારે જ આપણે તેનું પ્રત્યક્ષ પ્રમાણ આપી શકીએ. મારા દાવાની પરીક્ષા કરવી એ ગાંધી સેવા સંઘનું કર્તવ્ય છે. શું અહિંસા લોકોએ કરવા જેવી ચીજ છે? શું વ્યવહાર માટે હિંસા અહિંસાનું મિશ્રણ જરૂરી છે? શું અહિંસા જુનો પુરાણો સામાજિક ધર્મ છે? આપણે એની

(અનુસંધાન પૃષ્ટ ૬૧)

ગાંધીજીનું વસિયતનામું

[આજથી પચ્ચીસ વર્ષ પહેલાં, દક્ષિણ આફ્રિકાની લડતને અંતે ગાંધીજીને ખબર મળેલા કે એમનું ખુન થવાનું છે. એ સમયે એમણે પોતાના ભાઇને કુટુંબની વ્યવસ્થા કરવા માટે જે પત્ર લખેલો તે અહીં 'ગાંધીજીની સાધના'માંથી લઇને મુકયો છે. આ પુસ્તકમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના જીવનના કેટલાયે અદ્‌ભુત પ્રસંગો સંધરવામાં આવ્યા છે. ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લેવા ઇચ્છનારે આ પુસ્તક વાંચી જવા જેવું છે. તંત્રી]

કેપટાઉન

ચિ. છગનલાલ ફાગણ શુદ ૧૪, ૧૯૭૦

આ ઘડીએ મને પુરસદ છે. જોહાનિસબર્ગમાં મારા પ્રાણ લેવાના પ્રયત્ન પાછા થાય છે એમ મેઢ લખે છે. એમ બને તો ઇચ્છવા યોગ્ય છે ને મારૂં કાર્ય સંપૂર્ણ થયું ગણાશે. તે કારણથી ડરીને મારે જોહાનિસબર્ગથી દૂર નથી રહેવું. એવા સંજોગોથી કે બીજે પ્રકારે પણ મારૂં અચાનક મૃત્યુ થાય તો મેં બીલવેલા કેટલાક વિચારો તમારી પાસે મેં નથી મૂકયા એ અહીં લખી નાંખવા ધારૂં છું

કુટુંબસેવા પ્રથમ કરવી એ વાકય પરમાર્થદૃષ્ટિએ બહુ વાસ્તવિક છે. તે જેનાથી થઇ શકે તે જ કોમસેવા કે દેશસેવા કરી શકે છે. કુટુંબસેવા કોને કહેવી એજ વિચારવાનું રહ્યું છે. શુષ્ક વર્તન એ વિચાર સહેલાઇથી બતાવી દે છે એમ લાગે છે.

મને એમ જણાય છે કે આપણે જે ચાકરીની કે રાજદ્વારી જીંદગી ભોગવતા આવ્યા છીએ એ અનિષ્ટ છે. આપણું કુટુંબ પંકાયેલું છે, એટલે લૂંટારાની ટોળીમાં આપણે ઓળખાઇએ છીએ. વડીલોનો દોષ કાઢયા વિના કહી શકાય કે, તેઓએ પ્રજાની ચાકરી તો કરી હશે પણ આપ-સ્વાર્થને અંગે એ થઇ છે. સાધારણ દૃષ્ટિએ જોતાં તેઓએ ઠીક ન્યાય કર્યો જણાય છે. એટલે કે, રૈયત પર જુલ્મ થોડો કર્યો. અત્યારે કુટુંબ પાયમાલ સ્થિતિમાં છે. જો નોકરી ન મળે તો બધા રખડે. ભારે નજર પહોંચતા નારણદાસ મુંબઇમાં ગુલામી કરે છે. બીજા કુટુંબીઓ રખડે છે અથવા રાજખટપટમાં પડયા રહી પેટિયું મેળવે છે. બધા પ્રજાની ઉત્પત્તિ કરવામાં અને પરણાવવા વગેરેમાં રોકાયા છે. મા વહુનો મહાન લોભ પોતાના છોકરાને પરણાવવાનો છે.

આમાંથી કેમ ઉગરીએ ? રસ્તો બની શકે તો કેરવવો. પ્રથમ તો ખેડૂત જ બનવું. તેમાં અસહ્ય કષ્ટ આપણા કહ્યણ ભાગ્યને લીધે પડે તો વણકર વગેરેની મજૂરી કરવી. જે દશાએ ફ્રિનિકસમાં રહીએ છીએ તે દશાએ રહેવું. ઓછામાં ઓછી હાજતો રાખવી. ખોરાકની પદ્ધતિ બને તેટલી જે વિચારી છે તે સાચવવી. દૂધને પવિત્ર વસ્તુ માની છે તે લેવી તો પણ અપવિત્ર ગણીને લેવી. આ મહાન ફેરફાર છે. તેનાં મૂળ ઉંડાં છે ને તેનાં પરિણામ સજ્જડ છે. તે બધાને માન્ય હો કે ન હો એ જુદી વાત છે. પણ કરોડોને તે વસ્તુ અલભ્ય છે એ જાણીને પણ તજવા યોગ્ય છે. એ શુદ્ધ માંસ છે ને અહિંસા-ધર્મનું વિરોધી છે એ વિચાર કોઇ કાળે મારા મનમાંથી જનાર નથી. આ દેહે દૂધ, ઘી આદિ તો લેવાય એમ સૂઝતું નથી. બને તેમ અગ્નિનો ઓછો ઉપયોગ કરી રહેણી ચલાવવી. કુટુંબના જે છોકરાઓ આવવા માગે તેને આપણે રાખવા ને લેવા. તેઓ ઉપરના વિચારને ન અનુસરે તો ન રહી શકે. વિધવાઓ જે આવી રહેણીમાં ન દાખલ થવા માગે તેને માનપૂર્વક જણાવવું કે એ રહેણીને ધોરણે ચાલતાં જણ દીઠ જે ખર્ચ થાય તેથી દોઢું તેમને આપીને ઋણ પતાવીશું. એ સિવાય બીજુ નહિ આપી શકીએ. કોઇને પણ વરાવવા પરણાવવાની ઉપાધિમાં પડવું જ નહિ. મોટા થયે જે પરણવા માગશે તે પોતે જોઇ લેશે. છોકરીઓ હોય તેને સારૂ વર શોધવો જ પડશે. તો જે તુલસીને પત્રે વરશે તેને દઇશું. એક પાઇનું ખર્ચ નહિ કરીએ. તેવો વર નહિ મળે ત્યાં લગી રાહ જોઇશું અને છોકરીને ધીરજ રાખતાં શીખવીશું. આમ કરતાં વાતો સાંભળવી પડશે, તિરસ્કાર થશે, તે બધું પ્રેમપૂર્વક સહન કરીશું. જો આપણું વર્તન અખંડિત રહેશે તો કશી અડચણ નથી આવવાની. પ્રજાની ઉત્પત્તિ કરવી એ આપણા ધર્મનું અંગ નથી. સંસારને ફેલાવવો એ આપણું કર્તવ્ય નથી. જે સંસાર છે તેમાં ખરડાયા વિના એ પ્રમાણે રહેવું કે જેથી આપણને અને બીજાને મોક્ષ સુલભ થઇ પડે, એ જ જિંદગીનું રહસ્ય જણાય છે. ને તેમાં આપ-સેવા, કુટુંબસેવા, કોમસેવા ને રાજસેવા આવી જાય છે. એ દશા આવે ત્યાં આપણે થોભવાનું નથી.

ઉપરના વર્તનમાં જે મળશે તે પણ કુટુંબી જ થશે. તેમાં રાવજીભાઇ, મગનભાઇ, પ્રાગજી ને જે કોઇ બીજા આવશે તેને લઇશું

મારૂં અકાળ મૃત્યુ થાય તો ઉપર પ્રમાણે તમારે વર્તન કરવું એવી મારી ભલામણ છે. તમારે ફ્રિનિકસ એકાએક ન છોડવું. પણ ઉદ્દેશો ધ્યાનમાં રાખી રહેવું. મગનલાલની મને પૂરી આશા છે. જમનાદાસ ઘડાઇ જાય તો તેનામાં તે સત્ત્વ છે. તેનામાં આગ્રહ પણ છે.

મારા મૃત્યુથી વિધવાઓ, જેનો બોજો મારે ખાસ ઉપાડવાનો રહ્યો છે, તેમને સારૂ તમારે પૈસા દાકતર મહેતા પાસે માગવા. તે ન મળે તો તમે જે ઉપરના ઉદ્દેશોને મળતા છો તેમણે અનેક સંકટો સહી, વેઠ કરીને પણ એટલું પુરૂં પાડવું. હરિલાલે પોતાનું જોઇ લેવું પડશે. છોકરાઓને તમને કે જે દેશમાં હોય તેને સોંપે. પુલીની પાસે પૈસો છે એટલે તેને કાંઇ આપવાપણું નથી. હવે રહ્યાં ગોકીબેન, નંદકોરભાભી ને ગંગાભાભી તથા ગોકુળદાસની વહુ. તે સાથે રહે તો તેમની મહેરબાની, તેમનું ભૂષણ. જો ન રહે તો દરેકને નોખું પોષણ આપવું. છોકરાંઓનો કબજો સોંપી દઇએ. પણ જો જ્યાં બીજાં રહેતાં હોય ત્યાં આવે તો વધારે ઠીક ગણાશે. આમ કરતાં તેઓના પોષણનો બોજો બધો મળીને રૂ. ૪૦ નથી આવવાનો. બાનો પણ તે જ વરાડ સમજવો. બાએ તો સમજવું જોઇએ કે તેઓની સાથે જ રહે. તેણે પણ છોકરા-ઓને સોંપી દેવા જોઇએ. જે છોકરા પોતાની માનો બોજો ઉપાડે તેને તો છૂટ જ હોય. ઉપરનો જવાબ જે છોકરાઓ આપણી મદદ માગે તેને સારૂ છે હરિલાલ બાનો બોજો ઉપાડી તેને રાખે તો ભલે. નંદકોરભાભીને રાખે તે વિશેષ. ગોકીબહેનનું ને ગોકાની વહુનું જ પછી તો રહે, તથા ગંગાભાભીનું. કાકુ પોતાની બાનો બોજો ઉઠાવે તો પણ ઠીક જ છે. ને સામળદાસ પોતાની માનો. તમે જે રહેણીએ રહો તેથી વિશેષની આશા કોઇ નહિ રાખી શકે. એ જ રહેણીને હું શ્રેષ્ઠ ગણું છું. ત્યાં ઉપરના વિચાર ક્રૂર નથી લાગતા. આ ન્યાય ગરીબી પાયા ઉપર છે ને તે જબરો પાયો ગણાય છે.

મારા મરણ પછી આ કાગળનો ઉપયોગ ગમે તેને બતાવવામાં કરજો. હાલ તો મગનલાલ, રાવજીભાઇ, મગનભાઇ, પ્રાગજી અને જમનાદાસ વાંચજો. આટલા જણા બીજે કયાંય તેની ચર્ચા ન કરે એવું હું માગી લઇશ. એટલાએ પણ ન વાંચવો જોઇએ એમ તમને લાગે તો તમે જેને યોગ્ય લાગે તેને જ વંચાવજો.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

જુલાઇ ૩૧ ૧૯૪૦

અહિંસાની ઉત્ક્રાન્તિ

ભૂતકાળના ગર્ભાગારમાં ઉંડે ઉંડે આપણે નજર નાંખીએ છીએ તો અહિંસાનો વિચાર માનવીમાં માનવતા પ્રગટી તે ઘડિથી પ્રાદુર્ભાવ પામ્યો હોય એમ માલુમ પડે છે એ ઘડિ કઇ હતી તે તો આજ સુધીમાં શોધાયલો ઇતિહાસ કહી શકે તેમ નથી. પણ એક કાળે એવી સ્થિતિ કલ્પી શકાય છે કે જ્યારે માનવી અને પશુ વચ્ચે માનવીની કર્મકુશળતા સિવાય બીજો કશો પણ તફાવત નહિ હોય, જ્યારે માનવી મનુષ્યેતર સૃષ્ટિનો ફાવે તેવો ઉપભોગ કરતો હશે, એટલું જ નહિ પણ સશક્ત માનવી પોતાના સ્વાર્થ ખાતર અન્ય નિર્બળ આદમીઓ ઉપર પણ ગમે તેવાં આક્રમણો કર્યે જતો હશે અને કોઇની ગરદન ઉપર હથિયાર ચલાવતાં તેનો હાથ જરા પણ પાછો પડતો નહિ હોય. આવી પરિસ્થિતિ ચાલતી હશે એવામાં એકાએક તેને વિચાર આવ્યો હશે કે "મારો કોઇ પ્રાણ લેવા આવે તો જેમ મને ભારે દુઃખ થાય છે તેમ જેનો પ્રાણ લેવાને હું પ્રવૃત્ત થાઉં છું તેને પણ એટલું જ ભારે દુઃખ કેમ નહિ થતું હોય ? જે મને ન ગમે તે તેને પણ કેમ ગમે ? અને જો આમ છે તો જેમ સામેનો માણસ મને જરા પણ ઇજા ન થાય એમ વર્તે એવી હું તેના તરફથી અપેક્ષા રાખું છું તે મુજબ તેને પણ મારાથી જરાએ ઇજા ન થાય એવી રીતે જ મારે તેની સાથે વર્તવું જોઇએ. અન્યથા વર્તું તે યોગ્ય ન કહેવાય" આ વિચારમાળામાંથી અહિંસાવૃત્તિનો ઉદ્‌ભવ થયો હશે; ધર્મબુધ્ધિની જાગૃતિ થઇ હશે.

અનેક પશુપક્ષીઓ પણ એ કાળે નિર્દોષ જીવન ગાળતા હતા અને આજે પણ ગાળે છે. કેટલાંય પશુપક્ષીઓ એ કાળે નિરામિષ આહારી હતા અને આજે પણ છે. આ કારણે તેમને અહિંસક કહેવા એ વ્યાજબી નથી. પશુપક્ષીઓ સંજ્ઞાપ્રધાન પ્રાણીઓ છે; તેઓ પોતાની સંજ્ઞાના આદેશ અનુસાર હિંસા—અહિંસા આચરે છે. આ ઉપરથી તેઓ ખરી રીતે હિંસક કે અહિંસક ઠરતા નથી. હિંસા અહિંસાને જાગૃત હૃદય અને બુધ્ધિ સાથે સંબંધ છે અને એ જાગૃત હૃદય અને બુધ્ધિ માત્ર માનવ જાતને જ વરેલી છે. એક જ સરખા સંયોગોમાં એક માણસ બુધ્ધિપૂર્વક માંસાહાર કરે છે, બીજો માણસ બુધ્ધિપૂર્વક નિરામિષ ભોજન સ્વીકારે છે; એક માણસ સમજી કરીને અન્ય ઉપર શસ્ત્ર પ્રયોગ કરે છે, બીજો માણસ અન્યથા વિચાર કરીને કોઇ ઉપર હિંસક આક્રમણ કરતાં અચકાય છે—પાછો ફરે છે. જેવો જેનો નિર્ણય અને તે મુજબ જેવી જેની પ્રવૃત્તિ હોય છે તે મુજબ તે માનવી હિંસક યા તો અહિંસક ઠરે છે.

ઉપર જણાવ્યું એ મુજબ માનવીના માનસમાં એક વખત અહિંસાની વૃત્તિનો ઉદ્‌ભવ થયો, પછી તો તે વૃત્તિ દિન પ્રતિદિન પોષાવા અને સંવર્ધિત થવા લાગી. તે જ વિચાર અને વૃત્તિના આધારે માનવીકુટુંબો અને માનવસમાજની રચના થવા લાગી. તે જ ભાવનામાંથી મોટી મોટી ધર્મસંસ્થાઓ ઉભી થવા લાગી. તે જ કલ્પનામાંથી જેમ આસપાસ વસતા માનવીઓ પ્રત્યે તેમ જ ચોતરફ વિચરતી પશુસૃષ્ટિ પ્રત્યે પણ અહિંસાની દયાની ભાવના ફેલાવા લાગી. આ અહિંસાવિકાસના ઇતિહાસનું મોટામાં મોટું સીમાચિહ્ન તે ભગવાન બુદ્ધ અને મહાવીરનો યુગ. ભગવાન બુધ્ધે જગતને માનવબન્ધુતાનો સંદેશ આપ્યો અને માનવીના જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુનાં દુઃખો જોઇને કરૂણાપરાયણ બનેલા તેમણે જગતના લોકોને તે દુઃખચક્રમાંથી ઉગરવાનો માર્ગ દર્શાવ્યો. ભગવાન મહાવીર આથી પણ આગળ ગયા અને માત્ર મનુષ્યસૃષ્ટિ નહિ, માત્ર પશુસૃષ્ટિ નહિ, પણ જડ ગણાતી છતાં ચૈતન્યથી ભરેલી વનસ્પતિની સૃષ્ટિ સુધી તેમણે અહિંસાની પરિધરેખાને લંબાવી અને **मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ** । એ સૂત્રની તેના વાસ્તવિક અર્થમાં ઉદ્‌ઘોષણા કરી. માણસે પોતાના જીવનમાં અહિંસા કેવી રીતે ઉતારવી અને સંપૂર્ણાંશે આચરવી એ પ્રશ્નની અપૂર્વ ઝીણવટભરી તેમણે મીમાંસા કરી અને અહિંસક આચારનું અદ્‌ભૂત શાસ્ત્રીય વિજ્ઞાન રચ્યું. આ આખું અહિંસાશાસ્ત્ર વ્યક્તિના આધ્યાત્મિક મોક્ષને ધ્યેયસ્થાને રાખીને રચવામાં આવ્યું હતું. સમાજના ઐહિક કલ્યાણ અકલ્યાણની દૃષ્ટિ તેમાં ગૌણ હતી. સંસાર તો છે એવોને એવો ચાલવાનો છે; સમાજનું ચક્ર પણ હિંસા અહિંસાના ચિત્રવિચિત્ર ચીલા ઉપર ચાલ્યા કરવાનું છે; રાજકારણનો તો પાયો જ હિંસા ઉપર છે; સમાજ સુધારવાની વાતો કરવી તે આખરે કોડી ઘોઇને કાદવ કાઢવા જેવું છે. અનાદિ કાળથી આત્મા કર્મબંધોથી જકડાયલો છે; તે કર્મબંધોનું મૂળ રાગદ્વેષ અને તેમાંથી પરિણમતી હિંસા છે. સમાજ સાથે જેટલો ગાઢ સંબંધ તેટલા રાગદ્વેષના નિમિત્તો વધારે અને તે નિમિત્તો હિંસક આચાર તરફજ વ્યક્તિને આખરે ઘસડી જવાના. માટે જે વ્યક્તિને કર્મબંધોથી મુકત થઇને આધ્યાત્મિક મોક્ષ—પારલૌકિક મુકિત—મેળવવાની આકાંક્ષા હોય તેણે સમાજ સાથેનો સંબંધ તોડી નાંખવો અને દેહનો અધ્યાસ બને તેટલો કમી કરવો, રાગદ્વેષનાં મૂળ છેદવાં અને હિંસાને પોતાના જીવનમાંથી સંપૂર્ણાંશે નાબુદ કરવી.

આ રીતે પ્રરૂપાયેલી અહિંસાએ માનવવ્યકિત માટે તો એક ભવ્ય આદર્શ અને તેને પહોંચી વળવાને યોગ્ય કાર્યક્રમ રજુ કર્યો પણ સમાજનાં વહેણ તો વહેતાં હતાં એવાં જ લગભગ વહેતાં રહ્યાં. શુધ્ધ અહિંસકની દૃષ્ટિએ રાજકથા—દેશકથા—વર્જ્ય ગણાવા લાગી. આ અહિંસાશાસ્ત્રમાં સમાજથી પોતાનો સંબંધ ઉત્તરોત્તર કમી કરીને આધ્યાત્મિક દિશાએ આગળ વધવા ઇચ્છનાર માટે ઉત્તરોત્તર ઉચ્ચતર ગુણસ્થાનકોની સરસ આયોજના કરવામાં આવી હતી. પણ સમાજમાં રહેનાર માણસે કેમ વર્તવું. સમાજના અને રાજ્યસત્તાના

મને લાગે છે કે કાગળ એટલો સંપૂર્ણ છે કે તમને જે પ્રશ્નો ઉઠશે તેનો જવાબ તમને તેમાંથીજ મળી રહેશે. છતાં જે કાંઇ રહી ગયેલું લાગે તે મને પૂછજો. મારી સાથે ચર્ચા કરવી હોય તો પ્રશ્ન લખી રાખજો. મારાથી મતભેદ થાય તે બેધડક થઇ જણાવજો.

તમને પોતાને વિશેષ પંડતી જવાબદારી લાગે તો તે પણ જણાવજો. જે તમને સૂઝે તે બધી ટીકા કરજો.

મોહનદાસના આશીર્વાદ.

તા. ક.—મણિલાલ ત્યાં નથી. નહિ તો તેને પણ વાંચવાની રજા આપત. હાલ આ કાગળની નકલ ન કરશો. ઠીક લાગે તો રજીસ્ટર કરી તેને વાંચવા મોકલજો ને પાછો મંગાવજો.

અન્યાયો અને ત્રાસો નિવારવા માટે શું કરવું, એક રાજ્ય અન્ય રાજ્ય ઉપર આક્રમણ કરે ત્યારે પ્રજાજનોએ શા શા ઉપાય હાથમાં લેવા એ બધી બાબતો સંબંધમાં અહિંસાની દૃષ્ટિએ કશો ખુલાસો તત્કાલીન અહિંસાશાસ્ત્રમાં જોવામાં આવતો નહિ. એ વખતની અહિંસામાં માણસે હિંસા ન કરવી એ વાતની મુખ્યતા હતી પણ કોઇને રક્ષણ આપવાની કે ઉગારવાની, પીડિત, ત્રાસિત અને તિરસ્કારાયલા વર્ગને બચાવવાની, અથવા તો સમાજના કે રાજ્યના અઘટિત શાસનોનો સામનો કરવાની બાબત મુખ્યતાએ નહોતી. 'સમાજ તો એવો જ હોય; રાજ્ય તો એમ જ ચાલે; દરેક વર્ગની ઉંચી નીચી સ્થિતિ તેમના કર્મને આધીન છે' આવું જ વલણ એ સમયની અને લગભગ આજસુધી ચાલી આવતી અહિંસાની દૃષ્ટિમાં જોવામાં આવે છે. ઉલટું જે જૈનધર્મ વ્યક્તિને પોતપોતાના કુટુંબ અને સમાજનો પરિત્યાગ કરીને એટલે કે તે સાથે અસહકાર કરીને નિવૃત્તિમાર્ગ લેવાનું કહે છે તે જ જૈનધર્મ રાજ્યો અને રાજ્યાધિપોને શાન્તિ ઇચ્છે છે. એનો અર્થ એટલો જ છે કે 'એ બધા તંત્રો ચાલતા હોય તેમ ભલે ચાલે! તું તેને સુધારનાર કોણ? તું તારું સંભાળ અને તારા આત્મકલ્યાણનો વિચાર કર!' આ સાર તત્કાલપ્રરૂપિત અહિંસામાંથી નીકળતો હોય એમ લાગે છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે એ અહિંસાના વિચાર પાછળ વ્યક્તિનું કલ્યાણ મુખ્યપણે જોવામાં આવે છે. અહિંસાનું વ્યક્તિગત આચરણ જરૂર સમાજકલ્યાણમાં પરિણમે છે, એમ છતાં પણ એ ઇષ્ટ પરિણામ ધ્યેયના સ્થાને નહોતું, કેવળ આનુષંગિક હતું.

આ વિવરણનો અર્થ કોઇ એમ ન કરે કે આ રીતે અહિંસાના પૂર્વદૃષ્ટાઓ કોઇ રીતે ન્યૂન હતા અથવા તો તેમની દૃષ્ટિ સંકુચિત હતી એમ કહેવાનો કે સૂચવવાનો મારો આશય છે. કાળે કાળે યુગપુરુષો પાકે છે, જનતાના સુખકલ્યાણને પોષક સનાતન જીવનસિદ્ધાન્તો રજુ કરે છે, પોતપોતાના કાળને અપેક્ષીને તેમાંના કોઇ એક સિદ્ધાન્ત ઉપર તો કોઇ અન્ય સિધ્ધાન્ત ઉપર વધારે ભાર મૂકે છે અને તેને અનુલક્ષીને તત્કાલીન પરિસ્થિતિને અનુરૂપ જીવનવ્યવહાર અને આચારનિયમો તારવે છે. પોતાના કાળને ઉપેક્ષીને તેઓ કાંઇ કહે એ તો બને જ નહિ. એ તો અપ્રસ્તુત આલાપ કહેવાય. પોતાના કાળને અપેક્ષીને તેમણે જે કાંઇ વિધાનો કર્યાં હોય તે તે આકારમાં જ આગામી કાળને લાગુ પાડી શકાય જ નહિ. કાળની મર્યાદા 'સર્વત્ર'–અલ્પજ્ઞ– સૌ કોઇને લાગુ પડે જ છે.

ભગવાન બુધ્ધના અને મહાવીરના સમયમાં અને આજના સમયમાં કેટલો ફેર છે? તે કાળ એ હતો કે જ્યારે સમાજની સમસ્યા આટલી બધી જટિલ નહોતી, ઉંચા–નીચાનો ભેદ આટલો તીવ્ર નહોતો, જીવનસંગ્રામ આટલો કઠણ નહોતો, એક રાજ્યનું અન્ય રાજ્ય ઉપરનું આક્રમણ પ્રજાના ચાલુ જીવન ઉપર આજની માફક બહુ વ્યાપક અસર કરતું નહોતું, વિજ્ઞાન કેવળ બાલ્યાવસ્થામાં હતું અને તેની સંરક્ષક કે સંહારક, સુખદાયક કે દુઃખવર્ધક શંકિત આજની સરખામણીએ કેવળ નજીવી હતી, કામ ઓછું હતું, નવરાશ વધારે હતી, શહેરો ઓછાં હતાં અને તે પણ આટલાં વિસ્તૃત નહોતા, ગ્રામ્યજીવન જ મુખ્ય સ્થાને હતું, અને એકાન્ત અને શાન્તિ પુષ્કળ હતાં. ચાલુ વાતાવરણ જ પારલૌકિક વિચાર અને ચિન્તનને પોષક હતું અને સમાજવ્યવસ્થામાં આધ્યાત્મિક જીવનને મહત્ત્વનું સ્થાન હતું. આ પરિસ્થિતિમાં અહિંસાનું વધારે વ્યાપક નિરૂપણ એ કાળે સંભવિત જ નહોતું.

બીજું અહિંસાને મનુષ્યજીવન સાથે સીધો સંબંધ હોવાથી જેમ જેમ માનવજીવન પલટાતું જાય છે અને સમાજ રચના વધારેને વધારે જટિલ બનતી જાય છે તેમ તેમ અહિંસાને લગતા પ્રશ્નોમાં ફેરફાર તેમ જ સુધારા તથા વધારા થતા જ જાય છે. અહિંસાનો સિદ્ધાંત એક અને સનાતન એ બરોબર, પણ તે સિધ્ધાન્ત ઉપરથી નિપજતા આચારવિચાર પલટાતા જાય છે. વળી આજે એક ક્ષેત્રને અહિંસાનો વિચાર લાગું પાડવામાં આવે તો આવતી કાલે માણસની બુધ્ધિ આવા કલ્યાણકલ્પદ્રુમને બીજા ક્ષેત્રમાં વાવવાનો શા માટે વિચાર ન કરે? વળી જો અહિંસાથી વ્યક્તિનું પારલૌકિક શ્રેય થતું હોય તો તેનું ઐહિક શ્રેય પણ અહિંસાવડે કેમ ન સધાય? જો અહિંસાને વ્યક્તિગત જીવન ઉપર લાગુ પાડવામાં આવે તો સામાજિકજીવન ઉપર પણ શા માટે લાગુ ન પાડવી? જો વ્યક્તિ અહિંસક બનીને, પોતાની જાતનો ભોગ આપીને સમાજ કલ્યાણ સાધી શકે તો સમાજ એવી જ રીતે અહિંસક બનીને, પોતાના ટુંકા સ્વાર્થોનો ભોગ આપીને રાષ્ટ્રને ઉન્નત કેમ ન બનાવે અને એવી જ રીતે રાષ્ટ્ર અહિંસાને અખત્યાર કરીને જગતનો સમગ્ર ઉદ્ધાર કેમ ન સાધે? અહિંસા જો સાચો અને સનાતન સિદ્ધાન્ત હોય તો તેની માત્ર વ્યક્તિગત મોક્ષસાધના પુરતી જ ઉપયોગિતા હોઇ ન શકે, પણ વ્યકિત તેમ સમાજના ઐહિક જીવનના સર્વ અંગઉપાંગો ઉપર પણ તે લાગુ પડવી જોઇએ અને તેનાથી સાર્વત્રિક કલ્યાણ થવું જોઇએ. આવી રીતની વિચારસરણીમાંથી આજે ગાંધીજીના અહિંસાવાદનો જન્મ થયો છે. આજ વિચારના ટોલ્સ્ટોય, થોરો જેવા અનેક પુરોગામીઓ થઇ ગયા છે, પણ તેને ચોક્કસ આકાર આપનાર અને આખી દુનિયાના તારણહાર તીર્થ તરીકે રજુ કરનાર ગાંધીજી છે. આ ગાંધીવાદનો વિચાર અને તેને અનુસરવા મથતા આપણી મર્યાદાઓનો વિચાર હવે પછી કરીશું.

(અપૂર્ણ.)

—પરમાનંદ.

સામયિક સ્ફુરણ

દીક્ષાની ઘેલછા

એક નવો જ અનુભવ

થોડા દિવસ પહેલાં એક ભાઇનો અણધાર્યો મેળાપ થયો. તેમની પાસેથી દીક્ષાની ઘેલછાની એક નવી જ કથા સાંભળી. આજ સુધી અયોગ્ય દીક્ષાના જે કોઇ બનાવો સાંભળેલા તેનું વર્ગીકરણ કરવું હોય તો સાધારણ રીતે ચાર રીતે થઈ શકે. (૧) બૈરી છોકરાંને એકાએક રઝળાવીને દીક્ષા ગ્રહણ કરનાર યુવાનના કીસ્સાઓ (૨) ચોરી છુપીથી ભગાડેલા છોકરાઓને ખાનગી રીતે અપાતી દીક્ષાના બનાવો. (૩) લોભ લાલચને વશ બનાવી માબાપો પાસેથી દીક્ષા આપવા માટે પડાવી લેવામાં આવતા છોકરાઓના કીસ્સાઓ (૪) કેવળ ભુખમરો કે અસહાયતામાંથી છુટવા માટે લેવાતી દીક્ષાઓ. પણ આ એક એવા માબાપની કથા સાંભળી કે જેઓ પોતાનાં સંતાનોને તેમની ઇચ્છા હોય કે ન હોય તો પણ દીક્ષા અપાવવામાં જ જીવનની કૃતિકર્તવ્યતા માને છે અને જેઓ એ જ રીતે અને એ જ ધ્યેયથી પોતાનાં છોકરાંઓને ઉછેરે છે અને ફરજિયાત કઠણ જીવન ગળાવે છે. આ માબાપ અમદાવાદના વતની છે. તેમને ચાર દીકરીઓ અને બે દીકરા છે. દીકરાઓ ઉપર તો બહુ બળાત્કાર ન ચાલે, પણ દીકરીઓ ઉપર તેઓ બહુ જ સખ્તાઇ વાપરે. ધાર્મિક ગણાતા સર્વ નિયમો બહુ સખ્તાઇથી

પળાવે. કંદમૂળ તો શ્રાવકના ઘરમાં હોય જ નહિ; રાત્રે ખવાય નહિ; બાર તિથિ લીલોતરી નહિ; ઠંડુ પાણી પીવાય નહિ; તળાઈ કે ખાટલા ઉપર સુવાય નહિ; સ્વાદિષ્ટ ભોજનો કરાય નહિ; ઉજળાં કપડાં પહેરાય નહિ; કપાળમાં ચાંદલો થાય નહિ; કોઇના લગ્ન ઉત્સવમાં ભાગ લેવાય નહિ. સામાયિક પ્રતિક્રમણ ફરજિયાત કરવાના. વિવાહ સંબંધની વાતો ન જ થાય. માત્ર દીક્ષા-દીક્ષા-દીક્ષાનું જ રટણ કરવાનું. છોકરી ક્યારે મોટી થાય અને કોઇ સાધ્વીને વહોરાવું એની જ માબાપ રાહ જોયા કરે. માબાપની ઇચ્છા પ્રમાણે જ જો બધાં બાળકો ઘડાયા હોત તો પ્રગતિના નામ ઉપર તાળું દેવાત. માબાપની કડકાઇ બધાં છોકરાં સહન કરી શકતાં નથી. તે રીતે મોટી દીકરી માબાપ સામે થઇને પરણી ગઇ; બીજી બે દીકરીને 'ગરણીજી' બનાવવાની મુરાદમાં માબાપ સફળ થયા. હવે આવ્યો વારો ચોથી દીકરીનો. પાણી પહેલાં પાળ બાંધવી જોઇએ એ દૃષ્ટિએ મુનિ રામવિજયજીએ– આજના રામચંદ્રસુરીએ– તે બહેનને નવ વર્ષની ઉમ્મરે ચોથા વ્રતની - આજીવન બ્રહ્મચર્યની– બાધા આપેલી. નવ વર્ષની ઉમ્મરે આ બહેન બ્રહ્મચર્ય શું અને અબ્રહ્મચર્ય શું– એમાં શું સમજતી હશે ? પણ એ ન સમજે એ જ મહારાજને મન દૃષ્ટાપત્તિ હશે. આ બહેન મોટી થઇ તેમ માબાપના દમન સામે તેનું મન બળવો કરતું ગયું. તેણે ભોંય સથારો છોડ્યો- ગરમ પાણી પીવું બંધ કર્યું. આમ બનતાં માબાપનો જુલમ વધતો ચાલ્યો. છોકરીને સંસાર તરફ ખેંચાતી જોઇને માબાપ રોષે ભરાય. 'તારે તો ઢેડને પરણવું છે. ભંગીને પરણવું છે. મુસલમાનને પરણવું છે' એમ મેણાં મારે અને રોષ ઉપર કાબુ નહિ રહેતાં કદિ કદિ પોતાની દીકરીને વેલણે વેલણે મારે. છોકરીની ઉમ્મર વધતી ગઇ તેમ તેનું મન સંસાર તરફ વળતું ગયું અને મારા માબાપ મને બળાત્કારે કોઇકને કોઇક ઠેકાણે દીક્ષા અપાવી દેશે એ ભયથી તે ખુબને ખુબ મુંઝાવા લાગી. પોતાના કોઇ નજીકના સગાની તેણે મદદ માગી. 'મને જે મળે તેની સાથે પરણાવી દો. તે ગરીબ હોય, ન કમાતો હોય તેનો મને વાંધો નથી. તે જૈન ધર્મી હોય તો બસ છે.' આ નજીકનો સગો આ બહેનને એ રીતે ઠેકાણે પાડવાની તજવીજ કરવા લાગ્યો અને તેનો હાથ પકડવાને તૈયાર હોય એવા કોઇ ભાઇને તેણે શોધી કાઢ્યો. આ બધી વેતરણ ચાલતી હતી એવામાં સુરતથી એ છોકરીના માબાપ ઉપર પત્ર આવ્યો કે 'ચાર પાંચ દિવસ બાદ બીજી એક છોકરીને દીક્ષા આપવાની છે તો સાથે સાથે તેમની દીકરીને દીક્ષા અપાવવાનો વિચાર હોય તો તેમણે તેને લઇને તુરત જ સુરત આવવું." આ પત્ર ઉપરથી ત્રણ ચાર દિવસ બાદ એ માબાપે પોતાની લગભગ વીશ વર્ષની ઉમ્મરની દીકરીને લઇને સુરત જવાનો નિર્ણય કર્યો. આ બાબતની પેલી બહેનને ખબર પડી અને તેના મનમાં ફાળ પડી. તે દોડી પોતાના સલાહકાર સગા આગળ અને આગળની ગોઠવણ મુજબ બીજે દિવસે સવારના નવ વાગે દેરાસર દર્શન કરવા જવાના બહાને ઘેરથી નીકળી અને સંકેત કરેલા સ્થાને પહોંચી ગઇ. ત્યાં તેનું નક્કિ કરેલા એક યુવાન સાથે વિધિસર લગ્ન થયું. છોકરી દેરાસરથી પાછી આવી નહિ એટલે માબાપે શોધાશોધ કરી મુકી. છોકરીનો રાત્રે પત્તો બાધો. માબાપ સગા વહાલાં અને બે ચાર પડોશી સાથે છોકરી જ્યાં હતી ત્યાં ગયાં અને બારણાં તોડી છોકરીને કબજે કરીને ઘેર લઇ આવ્યા. આજે એ બનાવને બે માસ થવા આવ્યા છે. છોકરી આજે એના નજીકના સગાના કબજામાં છે. છોકરી કહે છે તે સત્ય હોય તો તેની સ્થિતિ ઓલમાંથી ચુલમાં પડવા જેવી બની છે. તેના કહેવા મુજબ તે પરણવા ઇચ્છતી હતી જૈન વાણીયાને અને પરણી બેઠી છે કોઇ ઉતરતી ગણાતી જ્ઞાતિના યુવાનને. હવે તે નથી દીક્ષા લેવા માંગતી, નથી પોતાના માબાપ સાથે રહેવા માંગતી અને નથી પોતાના પરણ્યા પતિ પાસે જવા ઇચ્છતી. પરણનાર કહે છે કે હું એક મુંઝાયલી બાઇનો હાથ પકડવા ગયો અને આજે બધેથી હું રખડી પડ્યો. આમાંથી કોણ સાચું અને કોણ ખોટું અને કોણે શું કરવું જોઇએ અને કોણે કેમ વર્તવું જોઇએ એ બધા પ્રશ્નોનો અહિં કાંઇ નિર્ણય કરવાનો નથી. પણ દીક્ષાની ઘેલછા કેવા અનર્થો નિપજાવે છે તેનું આ સચક દૃષ્ટાન્ત છે. અહિં જણાવેલી સર્વ હકીકત હું સમજ્યો છું ત્યાં સુધી તદ્દન સાચી અને બરોબર બનેલી છે. ઉપર વર્ણવેલા માબાપની ઘેલછા તેમ જ નિષ્ઠુરતા કોઇ અજબ પ્રકારની છે. પોતે ગૃહસંસાર ચલાવ્યે જાય અને પ્રજોત્પત્તિ કર્યે જાય અને પોતાનાં જણ્યાં બાળકોને એમ કહે કે 'તમારા માટે તો ઓઘો અને મુહપત્તિ છે' જાણે કે કોઇ શિષ્યલોભી સાધુ કે સાધ્વીને આ રીતે શિષ્યો પુરાં પાડવાનો તેણે લેખિત કરાર કર્યો ન હોય!

શ્રી. ઝીણાની તોછડાઇ.

થોડા સમય પહેલાં રાષ્ટ્રપતિ મૌલાના અબુલ કલામ આઝાદે શ્રી મહમદઅલી ઝીણાને પાકીસ્તાનની યોજના બાબતે રાખીને હિંદુમુસલમાનની એકતાને લગતી કોઇ યોજના વિચારવાને કાંઇ અવકાશ હોય તો જણાવવાની વિનંતિ કરનારો એક તાર કર્યો હતો. તેનો શ્રી. ઝીણાએ તારથી જે તોછડાઇ ભરેલો જવાબ આપેલો અને પ્રગટ થવા માટે છાપાઓ ઉપર મોકલી આપેલો તે સૌ કોઇ જાણે છે. શ્રી. ઝીણાનો આ વિનિપાત કેવળ સ્વાભાવિક છે; તેમની પ્રકૃતિના મૂળમાં ગુંડાગીરીનું તત્વ રહેલું જ હતું એમ ઘણા લોકો માને છે. આમ છતાં પણ તેમનું જાહેરજીવન પ્રારંભમાં પુરી સભ્યતાવાળું અને રાષ્ટ્રીય ભાવનાથી ભરેલું ગણાતું. એક વખત રાષ્ટ્રીય નેતાઓમાં તેમને અગ્રસ્થાન હતું. જ્યારથી રાષ્ટ્રીય મહાસભા ઉપરથી વિનીતોનું પ્રભુત્વ અસ્ત પામ્યું, અસહકાર અને સત્યાગ્રહનો યુગ શરૂ થયો, ગાંધીજી અને જવાહિરલાલ આગળ આવ્યા ત્યારથી તેમનું પ્રભુત્વ લય પામ્યું. પોતે ગુમાવેલું અગ્રસ્થાન પાછું મેળવવાની શોધમાં તેમને કોમીવાદ હાથ લાગ્યો અને ત્યાં પોતાનો અડ્ડો જમાવ્યો. આજ તો તેઓ મુસ્લીમ લીગના મુખી બની બેઠા છે. અને જે કોઇ તેમની સામે આવે તેના તરફ તેઓ ઘુરકે છે. તેમની ચૌદ માંગણીઓ પુરી કરો ત્યાં ચોત્રીશ માંગણીઓ રજુ કરે છે અને એ ચોત્રીશ માંગણીઓ સંતોષવાનો વિચાર કરો ત્યાં પાકીસ્તાનની યોજના લાવીને સામી ધરે છે. હિંદુઓ સામે તેના દિલમાં હાડોહાડ ઝેર ભર્યું હોય તેમ તેનાં ભાષણો અને નિવેદનો ઉપરથી સ્પષ્ટ દેખાય છે. રાષ્ટ્રીય મહાસભાને જ્યાં ત્યાં ઉતારી પાડવામાં તેઓ કોઇ વિજેતાનો આનંદ અનુભવતા લાગે છે અને હિંદુ મુસલમાનની એકતાની વાતને તેઓ હાલતાં અને ચાલતાં ઠેબે મારે છે. આ બધું કેવળ ગુંડાગીરી જ છે. આમ છતાં પણ તેમણે જે હદે મૌલાના અબુલ કલામ આઝાદ ઉપરના જવાબમાં વાણીની સભ્યતા ગુમાવી દેખાય છે તે હદ સુધીની અસભ્યતા આગળ ઉપર કદી દાખવ્યાનું જાણવામાં નથી. આજે જેવા ઝીણા અંદર છે તેવા જ બહાર પ્રગટી નીકળ્યા છે. અંદરથી જ્યાં દિન પ્રતિ દિન અધઃપતન થઇ રહ્યું હોય ત્યાં ઉપરની શિષ્ટતા કયાં સુધી જળવાઇ રહે ? તેમના આ પ્રકારના વર્તનથી આપણને તો આઘાત લાગ્યો છે જ; પણ તેની

(અનુસંધાન પૃષ્ઠ ૬૫)

(પૃષ્ટ ૫૬ થી ચાલુ)

પાછળ મંડયા રહેવું કે એ છોડી દેવી ? આ બધી બાબતોનો નિર્ણય તમારે કરવાનો છે. આપણા જીવનદ્વારા અહિંસાની શક્તિ પ્રગટ કરવી એ આપણું કર્તવ્ય છે.

આપણે આજ સુધી અહિંસાનો પ્રયોગ કર્યો નથી.

આપણે એ કર્તવ્ય નથી કરી શકયા એનો અનુભવ કાલે થયો. મહાસભાના મહામંડળે (High command) કાલે જે ઠરાવ કર્યો તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે પરીક્ષામાં આપણે ઉત્તીર્ણ નથી થયા. મહામંડળ માટે એ શરમની વાત નથી. એ તો મારા માટે શરમની વાત છે. મારામાં એટલી શક્તિ નથી કે મારી વાત તીરની માફક સીધી તેમનાં હૃદય સુધી પહોંચી જાય. કોંગ્રેસમાં પણ હું તો મુખ્ય કાર્યકર્તા હતો. પરંતુ હું એમના દિલ ઉપર મારી અસર કરી શક્યો નહિ. એમાં શરમ તો મારી છે. એનાથી એ સિધ્ધ થયું કે આજ સુધી જે અહિંસાનો આપણે આશ્રય લીધો હતો એ સાચી અહિંસા નહિ હતી. એ નિઃશસ્ત્રોની અહિંસા હતી. પરંતુ હું તો કહું છું કે અહિંસા બળવાનોનું શસ્ત્ર છે. આપણે આજ સુધી જે કાંઇ કર્યું છે તે અહિંસાને નામે બીજું જ કાંઇ કર્યું છે. એને આપણે બીજું કાંઇપણ કહીએ, પરંતુ અહિંસા તો નહિ જ કહી શકીએ. એ શું હતું એ હું નહિ બતાવી શકું. કાકા સાહેબ, વિનોબા કે કિશોરલાલને પુછો. આપણે આજ સુધી કર્યું તેને શું નામ આપવું તે તેઓ બતાવે. પણ હુ એટલું જાણું છું કે એ અહિંસા નહોતી. મારી આગળ તો શસ્ત્રધારી પણ બહાદુરીમાં અહિંસક વ્યક્તિની બરોબરી કરી નથી શકતો. એ શસ્ત્રધારી શસ્ત્રની અપેક્ષા રાખે છે એટલા માટે તે અશકત છે. અહિંસા અશકતોનું શસ્ત્ર નથી.

મારો દોષ.

તો પછી તમે મને પૂછશો કે મેં શા માટે જનતા પાસે એ શસ્ત્રનો ઉપયોગ કરાવ્યો ? શું હું તે વખતે એ નહોતો જાણતો ? હું જાણતો તો હતો. પરંતુ તે વખત મારી દૃષ્ટિ એટલી શુદ્ધ થઇ ન હતી. મારી દૃષ્ટિ શુદ્ધ હોત તો મેં લોકોને કહ્યું હોત કે "હું તમારી પાસે જે કાંઇ કરાવી રહ્યો છું તેને તમે અહિંસા ન કહેજો. તમે અહિંસાને લાયક નથી. તમે ડરપોક છો. તમારા દિલમાં હિંસા ભરેલી પડી છે. તમે અંગ્રેજોથી ડરો છો. જો તમે હિંદુ હો તો મુસલમાનોથી ડરો છો. અને મુસલમાન હો તો તગડા હિંદુઓથી ડરો છો. એથીજ જે પ્રયોગ તમારી પાસે હું કરાવી રહ્યો છું તે અહિંસાનો પ્રયોગ નથી. આખો સમાજ ડરપોકોથી ભરેલો છે. તેઓમાંનો હું એક છું." મારે સાફ સાફ કરી દેવું જોઇતું હતું કે "આપણે સામનો કરવાની જે નીતિનો પ્રયોગ કરી રહ્યા છીએ, એ સાચી અહિંસા નથી." મેં જૂઠી ભાષાનો પ્રયોગ કર્યો. જો હું એમ નહિ કરત, તો આ કરૂણ કથા જે કાલે બની તે અસંભવિત થાત. એને માટે હું મને પોતાને ગુન્હેગાર માનું છું.

આપણો હેતુ શુધ્ધ હતો.

એ કરૂણ કથા તો છે જ, પરંતુ તેમ છતાં મને તેનું દુઃખ નથી. આપણે ખોટો પ્રયોગ ભલે કર્યો હોય, પણ તે શુધ્ધ હૃદયથી કર્યો હતો. જે અહિંસા નહિ હતી તેને અહિંસા માની આપણે કામ કર્યું. આપણું કામ તો બગડી ગયું. પરંતુ એમાંથી એક પાઠ મળ્યો. આજ સુધી આપણે જે કાંઇ કર્યું તે આપણે ડરના માર્યા કર્યું. એથીજ સફળતા નથી મળી. પરંતુ આપણો હેતુ શુધ્ધ હતો અને તેથી જ આપણને ભગવાને બચાવી લીધા. ખોટી નીતિને ખરી સમજીને આપણે અધિકારસ્વીકાર પણ કર્યો. ત્યાં પણ અહિંસાની પરીક્ષામાં આપણે ઉતીર્ણ નહિ થયા. ત્યારથીજ મને તો લાગતું હતું કે આપણે અધિકારત્યાગ કરવોજ પડશે. ભગવાને આપણી લાજ રાખી. ગમે ત્યારે આપણે અધિકારનો ત્યાગ કરવાનો જ હતો. ભગવાને જ આપણને નિમિત્ત આપી દીધું. આપણે આપણી મરજીથી જ અધિકાર ત્યાગ કર્યો. કોઇએ આપણને ત્યાંથી કાઢી મૂક્યા નથી. આપણામાંથી ઘણાના દિલમાં અધિકારનો મોહ પેદા થયો હતો. કેટલાક લોકોને થોડા પૈસા પણ મળવા માંડયા હતા. પરંતુ મહાસભાનો હુકમ થતાંજ સૌ પોતપોતાના અધિકારો છોડી અલગ થઇ ગયા હતા. જેમ સાપ પોતાની કાંચળી ફેંકી દે છે તેમ ઓહ્દાઓનો ત્યાગ કરી સૌ અલગ થઇ ગયા. આપણે જાણી લીધું કે ઓહ્દા નકામા છે. આપણે ત્યાં બેઠા હતા ત્યારે પણ સરકારે આપણને લડાઇમાં સામેલ કરી દીધા અને આપણને તેની ખબર સુધ્ધાં ન પડી. ભગવાને જ આપણી લાજ રાખી; કારણ કે આપણે ત્યાં રહ્યા હોત તો આપણી દુર્બળતાનું જ પ્રદર્શન થાત.

શુધ્ધ અહિંસક પ્રયોગનો અવસર.

આજ આ બીજો અવસર આવી ગયો. યુરોપમાં મહાયુધ્ધ શરૂ થઇ ગયું. જગતને બળવાન અહિંસાનો પ્રયોગ બતાવવાનો અવસર આવી ગયો. આ આપણી પરીક્ષાનો સમય છે. એમાં આપણે ઉતીર્ણ નથી થયાં. આજ દેશને બાહ્ય આક્રમણનો ભય નથી. મને લાગે છે કે બાહ્ય આક્રમણ નહિ થાય. પરંતુ સલ્તનત કમજોર થશે તો ગુંડાઓને મોકો મળશે. ચોર ડાકૂ વગેરે આપણા ઘરોપર હુમલા કરશે. જો આપણી અહિંસા બળવાનની અહિંસા છે, તો આપણે એના પર ક્રોધ નહિ કરીશું. તેઓ આપણને પત્થર મારશે, ગાળ દેશે, તો પણ આપણે એના પર દયા રાખીશું. આપણે તો એમ કહીએ કે તેઓ મુર્ખાઇમાં આવું કરે છે. આપણે એમના પર દ્વેષ ન કરતાં દયા રાખવી જોઇએ અને મરી ફીટવું જોઇએ. જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધી તેઓ એક પણ બેટીને હાથ લગાડી ન શકે એવા પ્રયત્નમાં આપણે મરવું જોઇએ.

કારોબારી સમિતિની સ્થિતિ.

એ પ્રમાણે ચોર, ડાકુ અને આતતાયીઓ હુમલાઓ કરે તો લોકો પોતાનું રક્ષણ કેમ કરે ? એ એક પ્રશ્ન ઉપસ્થિત થયો. મહાસભાના મહારથીઓએ જોયું કે શાંતિ-સેના તો ઉભી થઇ શકે તેમ નથી. ત્યારે મહાસભાએ લોકોને આદેશ શું આપવો ? શું મહાસભા નામુદ થઇ જાય ? એથી એમણે ગઇકાલનો ઠરાવ કર્યો. એમણે જોયું કે સંપૂર્ણ અહિંસાનો પ્રયોગ દેશની શક્તિ બહારનો છે. દેશને લશ્કરની જરૂર છે.

મારા પર હમેંશાં પત્રો આવે છે કે "અંધાધુંધી થવાની છે. તમે રાષ્ટ્રિય સેના બનાવો, અને એને માટે લોકોની ભરતિ કરો." પણ મારાથી એ થઇ શકે એમ નથી.

મારી સ્થિતિ.

મેં તો અહિંસાની જ સાધના કરી છે. હું ડરપોક હોઉં કે ગમે તેવો હોઉં પણ બીજી સાધના કરી શકતો નથી. પચાસ વર્ષ સુધી મેં અહિંસાની જ સાધના કરી છે. મહાસભા દ્વારા પણ હું એજ વાત સિદ્ધ કરવા માંગતો હતો. હું ચાર આનાનો સભ્ય પણ નહિ હતો. પરંતુ હું કહેતો હતો કે હું ચાર આના વાળા સભ્ય કરતાં વધારે છું, કારણ કે મહાસભાના કાર્યક્રમનું નેતૃત્વ હું કરતો હતો. મારી નૈતિક જવાબદારી ચાર આના વાળા સભ્ય કરતાં વધારે હતી. હવે હું એ નૈતિક બંધન પણ કાલથી છોડી આવ્યો છું. કારણ કે હવે હું મારો પ્રયોગ કોની દ્વારા કરૂં ? આજ સુધી તો કોંગ્રેસ દ્વારા કરતો હતો.

કારોબારી સમિતિ અને હું.

આજ સુધી મહાસભાએ મને સાથ આપ્યો. પરંતુ જ્યારે વર્તમાન યુદ્ધ શરૂ થયું અને હું સીમલાથી પાછો ફર્યો ત્યારથી વાત બીજી બની. સીમલામાં મેં વાઇસરાયને કહ્યું હતું કે 'મારી સહાનુભૂતિ તમારી તરફ છે. પરંતુ અમે તો અહિંસક છીએ. અમે તો માત્ર આશીર્વાદ આપી શકીએ. જો અમારી અહિંસા બળવાનોની અહિંસા છે તો અમારા નૈતિક આશીર્વાદથી જગતમાં તમારું બળ વધશે.' પરંતુ મેં જોયું કે મારા વિચારો સાથે મહાસભાના મહારથીઓ સહમત થઇ શકતા નથી. એમણે એમનું જુદ્દા પ્રકારનું વક્તવ્ય રજુ કર્યું. જો તેમણે મારી નીતિ સ્વીકારી હોત તો મહાસભાનો ઇતિહાસ જુદો જ લખાયો હોત.

જો મેં બળપૂર્વક કહ્યું હોત કે મારી નીતિ માનવીજ જોઇએ, તો રાજેન્દ્ર બાબુ, સરદાર અને બીજા સભ્યો માની લેત. તેઓ કહી દેત કે 'અમે તમારી સાથે ચાલીશું'. પરંતુ એ તો દગાબાજી કહેવાત. એમાં અહિંસા નામની પણ નહિં રહેત **અહિંસાનું પહેલું લક્ષણ સચ્ચાઇ અને ઇમાનદારી** છે. મેં હમણાં જ કહ્યું છે કે **અહિંસા બળવાનોનું શસ્ત્ર છે. બળવાનનું તો શું પણ બલિષ્ઠનું તે શસ્ત્ર છે. ક્ષમા તો વીરનું ભૂષણ છે.** દુર્બળનું નહિં. જબરજસ્તીથી કોઇ પણ ચીજ માની લેવી તે દુર્બળતા જ છે. એથી મારા કહ્યા પ્રમાણે તેઓ મારી વાત માની લેત તો એ દગાબાજી કહેવાત. જે ચીજ હું માનું છું એ જો એમની બુદ્ધિને મંજુર નહિં હોય તો જે સાચું હોય તેજ તેમણે કહેવું જોઇએ. આ દૃષ્ટિથી તેમણે જે કાંઇ કર્યું છે તે ઠીકજ કર્યું છે.

મહાસભા અને હું હવે સહધર્મી રહ્યા નથી.

પરંતુ મારી અહિંસક વાણી હવે એમની વતી બોલી શકતી નથી. અત્યાર સુધી તેઓ સરકારને કહેતા હતા કે "તમે અમારી વાત માનતા નથી, તો અમે પણ નૈતિક દૃષ્ટિથી તમને સહાયતા નહિં કરી શકીએ. તમે તમારી ફરજનું પાલન જ્યાં સુધી નહિં કરો ત્યાં સુધી અમે તમારી સાથે સહયોગ નથી કરી શકતા." મારી અહિંસક વાણી કોંગ્રેસ તરફથી આ બધું કહી શકતી હતી. એમાં મારી અહિંસાના પ્રયોગની સામગ્રી મોજુદ પડી હતી. આજે તે નથી. હવે તો કોંગ્રેસનું મહાજન અને હું સહમત નથા રહ્યા. સક્કરના લોકોએ મને પુછ્યું. તેમને પણ મેં કહ્યું કે તમે તમારો રસ્તો લો. એમણે જોયું કે તેઓ મારી સલાહ પ્રમાણે ચાલી શકતા નથી. એમને મારપીટનો રસ્તો ઉચિત લાગ્યો. હવે તેઓ મારા સહધર્મી નથી રહ્યા. એજ વાત કાલના ઠરાવથી સ્પષ્ટ થઇ છે. સક્કરમાં પણ કોંગ્રેસવાળા છે. એમને અને કોંગ્રેસના મહાજનોને મારી નીતિ પર નથી લાવી શકયો એથી હું છુટો છું. આ કરૂણ કથા છે. કોંગ્રેસના મહામંડળે મને કહી દીધું છે કે "અમે અમારી મર્યાદાની બહાર નહિં જઇ શકીએ. તમને સ્વતંત્ર કરીએ છીએ. તમે બળવાનની અહિંસાનો પ્રયોગ કરવાને સ્વતંત્ર છો."

આપણી દુર્બળ અહિંસક નીતિ.

આજ સુધી આપણે જે અહિંસા કરી તેમાં એ વાત રહી હતી કે આપણે અહિંસા દ્વારા અંગ્રેજોનું રાજ્ય છીનવી લઇશું. આપણે એ લોકોનો હૃદયપલટો ઇચ્છતા નહિં હતા. આપણા દિલમાં કરૂણા નહિં હતી. દ્વેષ અને ક્રોધ હતો. આપણામાં તો ગાળો ભરી પડી હતી. આપણે એમ, નહિં માન્યું કે તેમનું હૃદય બગડયું છે અને તેની દયા કરવી જોઇએ. પરંતુ આપણે તો તેમને ચોરો અને લુંટારાઓ માન્યા. જો એને આપણે મારી શકતા હોત તો ઘણું સારું એવી વૃત્તિથી આપણે અસહકાર કર્યો અને સવિનય-ભંગ કર્યો. જેલમાં જઇ બેઠા ત્યાં નખરા કર્યા.

અહિંસાના નામનો પ્રભાવ.

પરંતુ તેમાંથી પણ કાંઇક સારું પરિણામ આવ્યું. અહિંસા આપણી જબાન પર હતી. એનું કાંઇક શુભ પરિણામ આવ્યું. થોડી ઘણી સફળતા મળી ગઇ. રામનામના વિષયમાં મેં સાંભળ્યું છે કે રામનું નામ લેવાથી આપણે તરી જઇએ. તો પછી રામ પોતે જ આવી જાય તો શું થાય ? અહિંસાના નામે પણ આટલું કર્યું, તો જો આપણા દરેકમાં સાચી અહિંસા આવી જાય તો આપણે આકાશમાં ઉડવા લાગીએ. જે ઉડવાની શક્તિ હીટલરનાં વિમાનોમાં નથી, તે શક્તિ આપણામાં આવશે. આપણા શબ્દ આકાશને ભેદી ચાલ્યા જશે. આ પૃથ્વી આસમાન બની જશે.

ગાંધી સેવા સંઘનું કર્તવ્ય.

આજ સુધી ગાંધી સેવા સંઘે જે કામ કર્યું છે તે નકામું હતું, પરંતુ સાચા દિલથી કર્યું હતું તેથી તે તદ્દન નિષ્ફળ નથી ગયું. આપણે ભુલ કરતા હતા. પરંતુ તેમાં દગાબાજી નહિં હતી. તો પણ જે કાંઇ કર્યું છે તેને આપણું ભૂષણ તો નજ કહી શકીએ. આજે કસોટીનો મોકો આવ્યો છે. કોંગ્રેસનું મહાજન તો ઉત્તીર્ણ નથી થયું, પણ હવે જોવાનું છે કે ગાંધી સેવા સંઘ શું કરી શકે છે ? ગાંધી સેવા સંઘના લોકો જો જનતામાં અહિંસા જાગૃત કરી શકશે તો કોંગ્રેસના મહાજનોને પણ ખુશી જ થશે. સંઘના લોકો જો કોંગ્રેસના મહાજનોને કહેશે કે 'તમે શામાટે એમ કહો છો કે અહિંસાનું પાલન ન થઇ શકે ? અમે તો અહિંસક છીએ અને અહિંસક જ રહીશું, તો કોંગ્રેસનું મહાજન નાચી ઉઠશે. તમે લોકો ગાંધી સેવા સંઘમાં માનવાવાળા છો. તમારામાંથી કેટલાક કોંગ્રેસમાં પણ છે અને કેટલાક નથી. પણ હું તો તેમાં નથી રહ્યો. જે લોકોનાં નામ કોંગ્રેસના દફ્તરમાં મોજુદ છે તેઓ જો અહિંસક છે, તો તેઓએ કારોબારી સમિતિને કહેવું જોઇએ કે 'અમે અહિંસામાં જ માનીએ છીએ.' પરંતુ એટલું કહી દેવાથી જ કામ ચાલશે નહિં. તમારા હૃદયમાં સાચી અહિંસા હોવી જોઇએ. એવી જાતની અહિંસા જો કોંગ્રેસના સભ્યોમાં હશે તો તેઓ અખિલ હિંદ મહાસભા સમિતિમાં કહેશે કે 'અમે તો અહિંસક છીએ.' કોંગ્રેસના અધિવેશનમાં પણ તેઓ કહેશે કે 'અમે તો અહિંસક છીએ.' જ્યાં સુધી તમને લાગે કે તમારું અહિંસાનું ટટ્ટુ કોંગ્રેસમાં ચાલે એમ છે, ત્યાં સુધી તમે ત્યાં રહેજો અને નહિં તો નીકળી જજો. કોંગ્રેસનો ધર્મ એક અને તમારો ધર્મ બીજો- એ રીતે કામ ચાલી શકે નહિં. ત્યારે તો આપણે સાફ સાફ કહી દેવું જોઇએ કે અમે લોકોના પ્રતિનિધિ બની શકતા નથી.

દિલની અહિંસા.

જો તમે કોંગ્રેસમાં રહીને અહિંસાનો પ્રચાર કરવા માંગતા હો તો તમારે ખબરદાર રહેવું જોઇએ. જો હું દિલથી પણ કોઇને મારવા ચાહું તો મારી અહિંસા ત્યાં જ પુરી થાય છે. હું શરીરથી નથી મારતો તેનો અર્થ એ છે કે હું દુર્બળ છું. કોઇ આદમીને લકવો થાય તો તે મારી શકતો નથી. એવી જાતની મારી અહિંસા થઇ જાય છે. જો તમે દિલથી પણ અહિંસક હો તો કોંગ્રેસના મહાજનોને કહી શકો છે કે અમે શુધ્ધ અહિંસાના પ્રયોગ માટે તૈયાર છીએ. આવી સ્થિતિમાં તમારે તમારી હાલતનું પરીક્ષણ કરવું પડશે. સવારથી સાંજ સુધી તમે જે જે કાર્યો કરશો તે તે દ્વારા તમારે શુધ્ધ અહિંસાની સાધના કરવી પડશે. કેવળ દેખાવ પુરતી નહિં કે કેવળ ભાવુકતાથી નહિં.

ભાવુક ન બનતા.

જો આપણે ભાવુક બનીશું તો વહેમમાં ફસાઇ જઇશું. ભાવુકતાની બાબતમાં મને એક કિસ્સો યાદ આવે છે. મારા પિતાજી પાસે એક સજ્જન આવ્યા કરતા હતા. ઘણાજ ભાવુક અને વહેમી હતા. જ્યાં કોઇ છીંક ખાય ત્યાં બેસી જાય. એમના ઘરથી મારે ઘેર આવતાં પાંચ મિનિટ થતી હતી, પરંતુ એ ભાઇને પચાસ મિનિટ લાગતી. છીંકોને લીધે બિચારા રોકાઇ જતા હતા. આવી રીતે ભાવુકતાથી આપણે સર્વ કામોમાં પાછા હઠીએ છીએ. હું એવું ઇચ્છતો નથી. આપણે એવા ભાવુક બનવું ન જ જોઇએ.

અહિંસાને સ્વભાવસિદ્ધ બનાવો.

જે કાંઇ આપણે કરીએ તે ધર્મની ભાવનાથી કરવું જોઇએ. હું અહીં બોલવા આવી ચઢયો છું તે મારો ધર્મ સમજીને આવ્યો છું. મૌન તો મારો સ્વભાવ થઇ ગયો છે. મૌન મને મીઠું લાગે છે. એ મારો વિનોદ થઇ ગયું છે. માણસનું કર્તવ્ય જ્યારે સ્વભાવસિદ્ધ થઇ જાય છે, ત્યારે તે તેનો વિનોદ થઇ જાય છે. તો પછી કર્તવ્ય શું રહ્યું ? એ તો તેનો સ્વભાવ થઇ ગયો; આનંદ થઇ ગયો. મારે માટે તો મૌન સ્વભાવસિધ્ધ થઇ ગયું છે. એવી રીતે અહિંસા આપણામાં સ્વભાવસિધ્ધ થઇ જવી જોઇએ. જ્યારે કર્તવ્ય સ્વભાવસિધ્ધ થઇ જાય છે ત્યારે તે આપણો સ્વધર્મ બની જાય છે. એવી રીતે તમે દિવસભર જે કરશો તેની સાથે અહિંસાનો તાર પણ ચાલતો રહેશે. તમે જૂઠા તર્કશાસ્ત્રના આધાર પર હો તો પણ તમારે માટે અહિંસા એજ પરમ ધર્મ બની જશે. જૂઠા તર્કશાસ્ત્રને માયા કહેવામાં આવે છે. બીજાઓને માટે ખરેખર એ માયા છે. પરંતુ જ્યાં સુધી આપણે એમાં ફસાયા છીએ ત્યાં સુધી આપણા માટે એ માયા નથી આપણે માટે તે સત્ય જ છે. હું માનું છું કે આ ચરખા ઉપર જેમ જેમ હું તાર કાઢતો જાઉં છું, તેમ તેમ હું સ્વરાજની વધારે નજદીક આવતો જાઉં છું. એ માયા હોઇ શકે છે. પરંતુ તે મને પાગલપણાથી બચાવે છે. એવી રીતે તમારે પણ અનુસંધાન કરવું જોઇએ.

અહિંસક ઉપકરણનો યજ્ઞ.

આ ચરખો મારે માટે અહિંસાની સાધનાનું સાધન છે. એ જડ વસ્તુ છે. પરંતુ એની સાથે જ્યારે જ્યારે હું મારી ચેતન વસ્તુને મીલાવી દઉં છું. ત્યારે જે મધુર અવાજ નીકળે છે, તે અહિંસક હોય છે. એમાં જે લોહું છે, તેનાથી ખુન પણ થઈ શકે છે. પરંતુ તેને મેં આ ચરખામાં મનુષ્યના હિતને માટે લગાડયું છે. હું એનું આખું અંગ સ્વચ્છ રાખું છું. જો એમાંથી મધુર અવાજ ન નીકળે તો તે હિંસક બની જાય છે. આપણે તો અહિંસાનો યજ્ઞ કરવાનો છે, યજ્ઞસામગ્રી તદ્દન શુધ્ધ હોવી જોઇએ. ખરાબ લાકડું અને ખરાબ લોહું લગાવીશું તો ખરાબ ચરખો બનશે. એનો અવાજ કર્કશ હશે. યજ્ઞની સામગ્રી એવી નહિં હોઇ શકે.

આવા પ્રકારના અનુસંધાનથી જો આપણે દરેક ક્રિયા કરીશું તો આપણી અહિંસાસાધના શુધ્ધ થશે. શુધ્ધ સાધનાને માટે શુદ્ધ જ સામગ્રીઓ જોઇએ. ચરખાને મેં શુધ્ધ ઉપકરણ માન્યું છે. જે મનથી યજ્ઞ કરે છે, તેને તેની સામગ્રીઓ પણ પ્રિય લાગે છે. એથી જ મને ચરખો પ્રિય લાગે છે. એનો આવાજ મીઠો લાગે છે. મારે માટે તે અહિંસાનું સંગીત છે.

તમે મારાથી આગળ વધો.

મને ખબર નથી કે આવી સાધનાને માટે કોને કેટલાં વર્ષ લાગે. કોઇને હજાર વર્ષ પણ લાગે, તો કોઇ એક જ વર્ષમાં તે સાધના કરી શકે. મેં પચાસ વર્ષ સુધી સાધના કરી છે, એટલે હું જલ્દિ પૂર્ણ થઇ જઇશ અને તમે હજી હમણાં જ શરૂઆત કરી છે, માટે તમને વધારે વખત લાગશે—આવું અભિમાન કે મોહ મને નથી. આવું અભિમાન મિથ્યા છે. હું તો અપૂર્ણ છું. ડરપોક છું. આટલાં વર્ષો થયાં હું અપૂર્ણ રહ્યો. પરંતુ એમ પણ હોઇ શકે છે કે કોઇ માણસ આજ શરૂ કરી જલ્દિ પૂર્ણ થઈ જાય. એથી મેં પૃથ્વીસિંહને કહી દીધું હતું કે "તમારામાં હિંસક વીરત્વ તો હતું. મારામાં એ પણ ન હતું. જો તમે સાચા દિલથી અહિંસાને અપનાવશો તો ઘણા જ જલ્દિ સફળ થશો. મારાથી પણ આગળ જશો."

હું સફળ શિક્ષક બનવા માંગું છું.

મારા કરતાં બીજા લોકો જો આગળ જશે તો હું નાચી ઉઠીશ. જો તેઓ મને હરાવી શકે તો હું મને સાચો શિક્ષક માનીશ. એજ રીતે મારી સફળતામાં હું માનતો આવ્યો છું. મેં લોકોને જોડા બનાવવાનું શિખવ્યું છે. હવે તેઓ મારાથી આગળ વધી ગયા છે. આ પ્રભુદાસ રહ્યા કે જેને જોડા બનાવવાનું મેં શિખવ્યું હતું. એ વખતે તો એની ઉમ્મર નાની હતી. તે આજે મારાથી આગળ વધી ગયેલ છે. બીજો સેમ હતો. એ તો કારીગર હતો. એણે તો એ કળા હસ્તામલકવત્ કરી નાંખી છે. એ બધાય મારાથી આગળ વધી ગયા. કારણ કે મારા દિલમાં ચોરી નહોતી. જે કાંઈ હું જાણતો હતો તે સર્વ એ લોકોને શિખવી દેવાને હું અધીરો હતો. એ લોકોએ મને હરાવી દીધો. એ મને ખૂબ ગમ્યું. એની મતલબ એ છે કે હું સાચો અને સફલ શિક્ષક છું જે હું અહિંસાનો એવી રીતે પુરો શિક્ષક હોઇશ તો જે લોકો મારી પાસેથી અહિંસાના બોધપાઠ લે છે તેઓ મારાથી આગળને આગળ વધશે. મારામાં જે કાંઇ ભર્યું પડયું છે તે સઘળું તેઓને આપી દેવા હું ચાહું છું. જે લોકો આશ્રમમાં મારી સાથે રહે છે તેઓ જો મારાથી આગળ નહિ વધી શકે તો તેનો એ અર્થ થાય છે કે હું સફળ શિક્ષક નથી.

તમે મારા સહસાધક છો.

તમે અહિંસાની સાધનામાં મારાથી આગળ વધો જાઓ એવી મારી ઇચ્છા છે. કારણ કે હું સિધ્ધ નથી. તમે મારા સહસાધક છો. મારી પાસે અહિંસાનું જે ધન છે તે હું ઘેર ઘેર વહેંચવા માગું છું. તેમાં કસર કરવી નથી. તમારે તમારા દિલમાં વિચાર કરવો જોઇએ કે "જે કાંઇ હું આપી રહ્યો છું તેનું અમે આખી ભૂમિમાં સિંચન કરીએ. એ તો બુઢો થયો છે. અમે તો જુવાન છીએ. અમે એનું દીધેલું ધન વધારીશું." આવો વિચાર કરી આગળ વધશો તો હું તમને આશીર્વાદ આપીશ.

હું એકલો નથી.

હું જાણવા માગું છું કે તમારામાંથી કેટલા મારી સાથે આવવા માંગે છે. જો કોઇ પણ નહિં આવે તો હું એકલો પણ જવાનો જ છું. હું સિત્તેર વર્ષનો થઇ ગયો છું તો પણ હું વૃધ્ધ છું એમ માનતો નથી. હું કદિ એકલો તો નથી જ. અને કોઇ નહિં તો ભગવાન તો મારી સાથે રહેશે જ. મને એકલાપણું કદિ લાગ્યું નથી. તમને જો અહિંસાના માર્ગમાં શ્રધ્ધા હોય તો તમે તમારી પરીક્ષા કરજો. કેટલા જણ આ રસ્તે ચાલવા તૈયાર છે એની શોધ કરજો ! કોંગ્રેસવાળાઓને ઢંઢોળી જુઓ ! એ બધી તપાસ હું નહિં કરી શકું. શું તમે કોંગ્રેસના મહાજનોને અહિંસાની શક્તિ આપી શકો છો? તેઓ શું કરે? તેઓ તો લાચાર હતા. લોકોમાં અહિંસાનું એક બિંદુ પણ ન જુએ, ત્યારે તેઓ કહી જ દેને કે

"અમે શું કરીએ? તમારો રસ્તો નહિં લઇ શકીએ." મેં જેવી રીતે મારૂં પદ છોડ્યું તેવી રીતે તેઓ નથી છોડી શકતા. હું અહિંસાને મારી વ્યકિતગત સાધના માનું છું. તેઓ તેમ નથી માનતા.

મેં કોંગ્રેસ કેમ છોડી ?

આ ઉપરથી મેં ૭ વર્ષ પર મહાસભા છોડી દીધી હતી તે ઠીક કર્યું હતું એમ તમો સમજી શકશો. એ રીતે એની મેં વધારે સેવા કરી. તે વખતે જ મેં જોઇ લીધું હતું કે મહાસભામાં કેટલાક લોક એવા આવી ગયા છે કે જેઓ અહિંસામાં માનતા નથી, જેમને અહિંસાએ સ્પર્શ શુદ્ધાં નથી કર્યો. હું તેમની પાસેથી કઇ રીતે કામ લઇ શકું ? સાથે સાથે મેં એ પણ જોયું હતું કે અહિંસાના કેટલાયે પૂજારીઓ મહાસભાની બહાર પડેલા હતા. તેથી મને અલગ થઇ જવાનું જ ઠીક લાગ્યું હતું. આજ તમે જોઇ શકો છો કે મેં ઠીક જ કર્યું હતું. કારણ કે મેં જોઇ લીધું હતું કે હું બીજી કોઇ પણ રીતે સેવા કરી શકું નહિં. અહિંસા સિવાય મારી પાસે બીજી કોઇ પણ શક્તિ નથી. ત્યારે કોંગ્રેસમાં રહી હું બીજું શું કરી શકું ? મારામાં જે કાંઇ શક્તિ છે તે અહિંસાની જ છે. હું મારી અપૂર્ણતાઓ જાણું છું. મારી અપૂર્ણતાઓ મારાથી વધારે બીજો કોઇ પણ જાણતો નથી. તો પણ માણસ અભિમાની હોય છે. તેથી હું મારી જે અપૂર્ણતાઓ જોઇ શકતો નથી તે તમે જોઇ શકો છો, અને જે તમે નથી જોઇ શકતા તે હું આત્મપરીક્ષણથી જાણી લઉં છું. આ રીતે બનેને હું જોડી લઇ શકું છું.

અહિંસા એ જ મારૂં બળ છે.

મારામાં અહિંસાની અપૂર્વ શક્તિ છે તે હું જાણું છું. પરંતુ જે કાંઇ શક્તિ છે, તે અહિંસાની જ છે. લાખો મારી પાસે આવે છે. પ્રેમથી મને અપનાવે છે. સ્ત્રીઓ મારી પાસે નિર્ભય થઇ રહી શકે છે. મારી પાસે એવી કઇ ચીજ છે ? મારી પાસે માત્ર અહિંસાની જ શક્તિ છે. બીજું કાંઇ જ નથી. અહિંસાની એ શક્તિ હું નવી જ રીતથી જગતને આપવા ચાહું છું. એ સિધ્ધ કરવા માટે આપણે શું કરી રહ્યા છીએ એનો હિસાબ હજી હિંદુસ્થાનને આપવો બાકી છે. દુનિયામાં આજે જે શક્તિ પ્રગટ થઇ રહી છે તેની સામે હું હારવાનો નથી. પરંતુ આપણે સચ્ચાઈ અને સાવધાનીથી કામ લેવાનું છે. નહિં તો આપણે હારી જઇશું.

હીટલરની શક્તિનું રહસ્ય.

જો આપણે આપણી બધી શક્તિઓ અહિંસાની સાધનામાં નહિં રોકીશું. તો આપણે જીતી નહિં શકીએ. હીટલર જ જુઓને ? જે ચાજમાં તે માને છે તેમાં પોતાના સમગ્ર જીવનની શક્તિઓ તે રોકી દે છે. પુરા દિલથી અને સંપૂર્ણ શ્રધ્ધાથી તે તેમાં મંડ્યો રહે છે. તેથી હું હીટલરને મહાપુરૂષ માનું છું. તેને માટે મારા અન્તઃકરણમાં પુષ્કળ કદરદાની છે. તે શક્તિમાન પુરૂષ છે. આજે તે રાક્ષસ થઇ ગયો છે. જે મરજીમાં આવે તે કરે છે. નિરંકુશ છે. પરંતુ આપણે તો એના ગુણો જોવાના છે. એની શક્તિનું રહસ્ય આપણે પકડવું જોઇએ. તુલસીદાસજીએ આપણને એ વાત બતાવી છે. તેમણે રાવણની પણ સ્તુતિ કરી છે. મારા મનમાં રાવણને માટે પણ આદર છે જો રાવણ મહાપુરૂષ ન હોત તો તે રામચંદ્રજીનો શત્રુ પણ ન થઇ શકત. રામચંદ્રજી અસાધારણ હતા. રાવણ તેમનો અસાધારણ શત્રુ હતો.

હીટલરની એકાગ્રતા.

મારી સમક્ષ તો એ બધી કાલ્પનિક કથા છે. પરંતુ તેમાં સાચું શિક્ષણ ભર્યું પડ્યું છે. હીટલર પોતાની સાધનામાં નિરંતર જાગૃત છે. એના જીવનમાં બીજી કોઇ ચીજોને સ્થાન જ નથી. કોઇ કોઇ વખત તે ચોવીશ ચોવીશ કલાક જાગે છે, એની એક ક્ષણ પણ બીજા કામમાં જતી નથી. એણે એવી એવી ચીજોની શોધ કરી છે કે તેને જોઇને જ લોકો દિગ્મૂઢ બની જાય છે. એની ટેંકો આકાશમાં ઉડે છે અને પાણીમાં પણ ચાલે છે. તે જોઇને લોકો દિંગ થઇ જાય છે. એણે એવી વાતો કરી બતાવી છે કે જેનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. તે કેટલી સાધના કરી શકે છે ! ચોવીશ કલાક શ્રમ કર્યા છતાં તે પોતાની બુદ્ધિ તીવ્ર રાખી શકે છે. હું એ પુછું છું કે આપણી બુદ્ધિ કયાં છે ? આપણે જડવત્ કેમ છીએ ? કોઇ આપણને સવાલ પુછે ત્યારે આપણી બુધ્ધિ કેમ કુંઠિત થઇ જાય છે ?

આપણી બુદ્ધિ તેજસ્વી બનો !

હું વાદવિવાદ નથી ઇચ્છતો. માત્ર વાદવિવાદમાં તો આપણે હારી જ જઇશું. આપણે તો શ્રધ્ધાયુકત બુધ્ધિ બતાવવાની છે. એનું નામ શકિત છે. અહિંસાનો અર્થ માત્ર ચરખો ચલાવવો એમ નથી, પણ એમાં ભકિત હોવી જોઇએ. જો ભકિત પછી આપણી બુદ્ધિ તેજ ન થાય તો માની લેજો કે આપણી ભકિતમાં ત્રુટિ છે. હીટલરની વિદ્યાને માટે જો બુધ્ધિનો ઉપયોગ છે તો આપણી વિદ્યા માટે તેનો કેટલાગણો ઉપયોગ છે. આપણે એમ નહિં સમજવું જોઇએ કે અહિંસાના વિકાસ માટે બુધ્ધિનો કોઇ ઉપયોગ નથી.

બુધ્ધિના ઉપયોગનું ક્ષેત્ર.

તમારી બુધ્ધિના ઉપયોગનું ક્ષેત્ર બતાવવાને મેં આ પ્રશ્ન રજુ કર્યો છે. એ મૌલિક પ્રશ્ન છે. એનો જવાબ તમે એક દિવસમાં આપી શકો નહિ. વિપક્ષી જે કહે તેનો અનાદર કરવો ન જોઇએ. તેમની દૃષ્ટિએ એ પ્રશ્નનો વિચાર કરીને તેમને તેમની ભાષામાં સમજાવવાનું આપણું કામ છે. આપણે આપણું કામ છોડી દેવું એમ હું કહેતો નથી. એ તો આગ્રહપૂર્વક ચાલવાનું જ છે. પરંતુ જો જાગૃત રહીને કાર્ય કરશું તોજ સિદ્ધિ મળશે. આપણી બુદ્ધિ જો મંદ હશે તો આપણું કામ બગડી જશે.

મારૂં દર્દ.

એ દૃષ્ટિએ કાલે જે હરાવ થયો તે તમને અધ્યયન અને મનનનો મોકો આપશે. એ હરાવથી આપણી આબોહવા સુધરી જવી જોઇએ. મહાસભાના મહામંડળને આ હરાવ શા માટે કરવો પડ્યો ? એ વાતની આપણે તપાસ કરવી જોઇએ. જે લોકો એમ કહેશે કે મહાસભાના લોકો ડરપોક છે, તેઓ દેશદ્રોહ કરશે. તેઓએ જે વાતાવરણ જોયું, તેનો આ હરાવ પડ્યો છે. હું એ આબોહવાનો પ્રતિધોષ થઇ શકતો નથી. કારણ કે અહિંસા મારી વ્યકિતગત સાધના પણ છે. મહાસભાની એ સાધના નથી. મારે તો એમાં જ મરી ફીટવું છે. કોંગ્રેસના પ્રતિનિધિ મારા જેવું નહિં કરી શકે. તેમની સાધના અલગ છે. તેથી હવે તેઓ નથી મારી સાથે આવી શકતા કે નથી હું તેમની સાથે જઇ શકતો. તેમને માટે તો મારા દિલમાં ધન્યવાદ જ છે. આટલે દૂર સુધી સાથે ગયાં છતાં હું તેમના પર મારી અસર શા માટે નથી પાડી શક્યો એ વાતનું દુઃખ પણ મને છે. તેઓએ મને તેઓનો માર્ગદર્શક માન્યો હતો. ભારે શ્રધ્ધાથી તેમણે મારા હાથમાં ધુરા સોંપી હતી. છતાં પણ હું તેમના દિલમાં શ્રધ્ધા નથી પેદા કરી શક્યો તેનું મને દર્દ છે.

રચનાત્મક કાર્યક્રમનું મહત્વ.

તમે આ વિષયનું મનન કરજો. આપણે તો અહિંસાની સાધના વીરના શસ્ત્રના રૂપમાં કરવાની છે. એ વાત ઘણી મોટી છે. આપણે એમ ન સમજીએ કે આપણે જેલ જવાની શક્તિ વધારવાની છે. આપણે તો એ બતાવવાનું છે કે રચનાત્મક કાર્યક્રમ સ્વરાજ્યનું અવિભાજ્ય અંગ છે. આપણે એમ નથી સમજ્યા કે ચરખો આપણને સ્વરાજ્ય અપાવશે. "ગાંધી કહે છે માટે ચરખો ચલાવી લ્યો! એથી ગરીબોને થોડું ધન મળે છે," આ આપણી વૃત્તિ રહી છે. રચનાત્મક કાર્ય જ સ્વરાજ્ય અપાવી શકે એમ છે એ સિદ્ધ કરવાની તમારામાં તાકાત આવી જવી જોઇએ. એનો અર્થ એ નથી કે તમે રોજ થોડા કલાક કાંતી લીધું, બે ચાર મુસ્લિમો સાથે દોસ્તી કરી લીધી, અછુતો સાથે જરા હળીમળી લીધું અને સમજી લીધું કે આપણે સ્વરાજ લાયક બની ગયા. તમારે તો એમ માનવાનું છે કે રચનાત્મક કાર્યક્રમમાં જ સ્વરાજ આપાવવાની શક્તિ છે. રચનાત્મક કાર્યક્રમની પછી લડાઇ આવવાની છે એવી માન્યતા તમારી હોઇ ન શકે. એ કાર્યક્રમમાં જ સ્વરાજની તાકાત છે.

મેં ઉલટો જ પ્રયોગ કર્યો.

આ દેશમાં અહિંસાનો પ્રયોગ મેં ઉલટો જ કર્યો. ખરી રીતે તો રચનાત્મક કાર્યક્રમથી જ શરૂઆત કરવાની હતી. પરંતુ મેં સવિનયભંગ તેમજ અસહકારનો જેલ જવાનો કાર્યક્રમ રાખ્યો. મેં લોકોને એમ ન સમજાવ્યું કે આ તો પાછળથી આવનારી ચીજ છે. તેથી તે આંદોલનો સફળ થઇ નહિ શકયા.

કાનુનભંગનો અધિકાર.

મને નડિયાદનો કીસ્સો યાદ આવે છે. 'રોલેટ એકટ સત્યાગ્રહ'ના વખતની એ વાત છે. એ વખતે મેં કહી દીધું હતું કે મારી હિમાલય જેવડી ભૂલ થઇ હતી. જે લોકોએ જ્ઞાનપૂર્વક કાનુનનું પાલન કર્યું નહોતું તે લોકોને મેં કાનુનભંગ બતાવ્યો. એ લોકોને મારે કહેવું જોઇતું હતું કે 'આજ સુધી સરકારી દંડ કે શિક્ષાના ભયથી તમે જે કરી રહ્યા હતા તે પહેલાં તો પોતાની ઇચ્છાથી કરો. ત્યારબાદ જ તમને કાનુનભંગનો અધિકાર પાપ્ત થશે'

ઇશ્વરે મને કેમ પસંદ કર્યો!

એ બધી અધુરી અહિંસા હતી. એમાં મારૂં ડરપોકપણું હતું. હું મારા સાથીઓને નારાજ કરવા માંગતો નહતો. સાથીઓના ડરથી કાંઇ પણ કરતાં અચકાવું એમાં હિંસા છે. એમાં અસત્ય છે. મોતીલાલજી, વલ્લભભાઇ અને બીજાઓને નારાજ કરવાનો મને ડર હતો. શા માટે મને એ ડર લાગ્યો? એ બધી મારી ત્રુટિઓ હતી. એ બધી હું તટસ્થ થઇને જોઇ શકું છું. તેનું મને પ્રત્યક્ષ દર્શન થાય છે કારણ કે મારામાં અનાસકિત છે. એ ત્રુટિઓને માટે મને નથી દુઃખ કે નથી પશ્ચાતાપ. જેવી રીતે હું મારી સફળતાઓ અને શકિત પ્રભુએ આપેલી માનું છું અને તેને જ હું અર્પણ કરૂં છું, તેવી જ રીતે મારા દોષો પણ ભગવાનના ચરણે જ મૂકું છું. પ્રભુએ મારા જેવા અપૂર્ણ મનષ્યને આવા મોટા પ્રયોગ માટે શા માટે ચુંટયો? હું અહંકારથી નથી કહેતો પરંતુ મને ખાત્રી છે કે પરમાત્મા ગરીબોમાં કંઇક કામ કરાવવા ઇચ્છતા હતા તેથી તેમણે મને પસંદ કર્યો મારા કરતાં વધારે પૂર્ણ માણસ હોત તો તે આટલું કામ કરી ન શકત. પૂર્ણ માણસને તો કદાચ હિંદુસ્થાન ઓળખી પણ ન શકત તે બિચારો તો વિરકત થઇને કોઇ પર્વતની ગુફામાં જ ચાલ્યો જાત. તેથી ઇશ્વરે મારા જેવા અશકત અને અપૂર્ણને આ દેશ માટે લાયક માન્યો. હવે મારા પછી જે આવશે તે પૂર્ણ જ હશે! હું એમ કહું છું કે એ પૂર્ણ પુરૂષ તમે બનો!! મારી અપૂર્ણતાઓ તમે પુરી કરો!!!

(પૃષ્ઠ ૬૦ થી ચાલુ)

સાથે કાર્ય કરનારા અનેક મુસલમાન અગ્રણીઓ પણ આથી આશ્ચર્ય અને શરમ અનુભવી રહ્યા છે. ભિન્ન પક્ષ અને ભિન્ન મત ગમે તેવા હોય, પણ શિષ્ટતા–સભ્યતા–માનવતાનો વિશિષ્ટ ગુણ છે. એ ગયા પછી માનવી રાક્ષસ બને છે અને એવો માણસ જે સમાજનો નેતા હોય તે સમાજ પણ દુર્દૈવને જ નોતરે છે. તેનું અગ્રસ્થાન જ્યાં સુધી તુટે નહિ, ત્યાં સુધી હિંદુ મુસલમાન એકતા કેવળ અસંભવિત બની જાય છે.

ઇશ્વર અને ધર્મને નામે!

હમણાં હમણાં છેલ્લાં દશ મહીનાથી ચાલી રહેલ યુરોપીય વિગ્રહમાં નાનું સરખું 'સમર વેકેશન' પડયું હોય એમ લાગે છે. હીટલર ઇંગ્લાંડ ઉપર આજે ચઢાઇ કરશે–આવતી કાલે ચઢાઇ કરશે એમ રાહ જોતાં જોતાં ફ્રાન્સ પરાજિત થયા બાદ લગભગ વીશેક દિવસ નીકળી ગયા. એમ છતાં હજુ સુધી હીટલરનું ઇંગ્લાંડ ઉપર થનારૂં ભીષણ આક્રમણ શરૂ થયું નથી સંભવ છે કે હીટલર આજસુધીમાં મેળવેલું સુવ્યવસ્થિત કરવામાં ગુંથાયો હોય, સંભવ છે કે ઇંગ્લાંડ ઉપરનું આક્રમણ ધમકી આપવામાં આવે છે એટલું સહેલું સુતરું માલુમ પડયું નહિ હોય અને તેથી હીટલર વધારે સજ્જ થવામાં રોકાયો હોય; એ પણ સંભવિત છે કે ઇંગલાંડને આમ રાહ જોતું રાખીને હીટલર કોઇ બીજા જ સ્થળો ઉપર ઘા કરવાની તજવીજમાં હોય. આ બધા વિકલ્પોમાંથી કયો સાચો ફરે છે તે તો હવે જોવાનું રહે છે.

આ ઉપરની શાન્તિના ગાળામાં હીટલરે એક મોટી જયઘોષણા દાખવનારૂં અને ઇંગ્લાંડને ધમકી આપનારૂં ભાષણ કર્યું છે, અને તેના જવાબમાં લોર્ડ હેલીફેકસે ગમે તેવા હુમલાને પહોંચી વળવાની ઇંગ્લાંડની તૈયારી રજુ કરનારૂં અને આખરે ઇંગ્લાંડનો જ વિજય થનાર છે એ બાબતની ખાત્રી આપનારૂં ભાષણ કર્યું છે. આ બન્ને ભાષણોની વિગતો ચર્ચવાનો અહિં આશય નથી, પણ બન્ને ભાષણોમાં ઇશ્વર અને ધર્મને નોતરવામાં આવ્યા છે તે જરાક વિચિત્ર લાગે છે. હીટલર પોતાના દિગ્વિજયનો સર્વ યશ ઇશ્વરને આપે છે અને ઇશ્વરી સંકેત સિદ્ધ કરવાનું નમ્ર સાધન બનવા માટે ઇશ્વરનો ઉપકાર માને છે. જો 'might is right,' 'બળ એ જ સત્ય', 'બળજોરી એ જ ઇશ્વરેચ્છા' એ જ ઇશ્વરી નિયમ હોય તો તો હીટલર કહે છે તે બરોબર છે એમ આપણે જરૂર કહીએ. પણ આવા વિગ્રહોમાં અને તેના ઉલટ–સુલટ પરિણામોમાં ઇશ્વર કયાં છે અને તેની યોજના શું છે તેની કાંઇ કલ્પના જ થઇ શકતી નથી. વળી આ વિગ્રહ ઉપસ્થિત કરવામાં ઇશ્વરનો કેટલો હાથ છે અને ઇશ્વર સામે બળવો કરી રહેલા મદમત્ત માનવીનો કેટલો કાળો છે તેની પણ આપણને કાંઇ ખબર પડતી નથી. આ વિગ્રહમાં અને તેમાં મળતા એક યા અન્ય પક્ષના વિજયથી પરિણામમાં બિચારા ઇશ્વરને સંડોવવામાં ન આવે તો વધારે સારૂં! ભોળી પ્રજાને યુધ્ધપ્રમત્ત રાખવા માટે ઇશ્વરના નામનો આમ શું કામ દુરૂપયોગ કરવામાં આવતો હશે!

આવી જ રીતે આ યુધ્ધ ખ્રીસ્તીધર્મના બચાવ માટે છે એવો લોર્ડ હેલીફેકસનો દાવો પણ આપણા ગળે ઉતરતો નથી. આ લડાઇના પ્રયોજન પાછળ સત્ય, ન્યાય, નીતિ, લોકશાસનની રક્ષા ઇત્યાદિ હેતુઓ રહેલા છે એમ કહેવામાં આવે તો આપણે તે સામે વાંધો ન ઉઠાવીએ. જો કે તટસ્થ રીતે જોનારા ઇતિહાસવેત્તાઓ આવા કાળાન્તરે ઉપસ્થિત થતા વિગ્રહોમાં કારણ–કાર્ય સંબંધથી વધારે જોવાની કે કબુલ કરવાની ના કહે છે અને

આપણે કયારે જાગૃત થઈશું?

લાંબા વખતથી મારા મનમાં એક વિચાર ઘોળાયા કરે છે કે આપણો સમાજ હાલની શોચનીય સ્થિતિમાંથી કયારે જાગૃત થશે? આપણા સમાજમાં સુંદર વિચારકો, વિદ્વાન પંડિતો, ભણેલા ગણેલા વકીલ બેરીસ્ટર અને ડોકતરો, પ્રવીણ આંકડાશાસ્ત્રીઓ, ઇજનેરો અને વિજ્ઞાનવેત્તાઓ અને તે ઉપરાંત શ્રીમંતોનો સારો જેવો વર્ગ હસ્તી ધરાવે છે. છતાં આપણા સમાજની આવી ગરીબાઇ કયા કારણને આભારી છે એ કલ્પી શકાતું નથી?

મ્હને સમજાય છે ત્યાં સુધી આપણી અંધશ્રદ્ધા, સાગ ખોટાની સમજણ પૂર્વક વિચાર કરવાની અશક્તિ, અને રૂઢિઓના ગુલામી બંધનોના પરિણામે આપણી આજની આ સ્થિતિ થઇ છે. મહાત્મા ગાંધીજીએ અહિંસાનો દુનિયાભરમાં પ્રચાર કરીને જૈન ધર્મના મુખ્ય સિધ્ધાંતનો જગતને પરિચય કરાવ્યો છે. પરંતુ તેમના અહિંસાના આદેશને આપણે જ જૈન ધર્મના અનુયાયીઓએ જ પુરો અપનાવ્યો નથી. અહિંસા સાથે નિકટપણે જોડાયેલા સત્યને ભૂલવાના પરિણામે આપણી શોચનીય દશા થઇ હોય એમ પણ લાગે છે.

સાધુ અને શ્રાવક વર્ગનો મોટો ભાગ જુનવાણીનો ભોગ બનેલો છે. તેઓ અંધશ્રદ્ધા અને રૂઢિઓની ગુલામીને વધુ મજબુત બનાવવાની ખેવના રાખે છે. સાધુઓ ભોળા શ્રીમન્ત શ્રાવકો દ્વારા આખા સમાજને એ બંધનોથી બાંધી રાખે છે. ભોળી જનતા તેનો ભોગ બને છે, જેના પરિણામે આવી શરમાવનારી દશા તેઓ ભોગવે છે.

જૈન ધર્મની 'સ્વામીભાઇ'ની સગાઇ આપણે વિસરી ગયા છીએ; ધર્મબંધુત્વની ભાવના આપણામાંથી ઓસરી ગઇ છે. પરિણામે આપણે ઘણું ગુમાવ્યું છે. અસહ્ય ગરીબાઇને કારણે આપણે આપણામાં રહેલી શકિતને ભુલી ગયા છીએ. શ્રીમન્તો તરફથી વારે કવારે થતી સખાવતના ટુકડા માટે ખુશામતીઆ બની આપણે લક્ષ્મીનન્દનોના પૂજારી બની ગયા છીએ અને તેમના સારાં નરસાં કામની આપણે વિચારણા કરી શકતા નથી. આ પરિસ્થિતિએ આપણને અસહાય અને નિર્માલ્ય બનાવી દીધા છે.

સમાજની ભોળી જનતાની આ દશા આપણો ભણેલો વર્ગ સારી રીતે સમજી શકે છે, છતાં સમાજ આગળ ખરું સત્ય મૂકતાં તેઓમાંનો મોટો ભાગ ડરે છે અને જેઓ સાચું સત્ય મૂકવા પ્રયાસ કરે છે તેનો ઉપહાસ કરે છે; કારણ કે તેઓને ભોળી જનતાને ખોટી બાબતોથી ચેતવવા માટે અને સમાજને સાચા માર્ગે દોરવા માટે કાંઇ પણ પરિશ્રમ લેવો નથી, અને દૂર રહી તટસ્થ ભાવે થાય તેં જોયા કરવું છે.

ત્યારે આંખ ફરે છે વિચારકો અને યુવાનો પ્રત્યે વિચારકો જોકે નાની સંખ્યામાં છે છતાં તેઓ લખાણોથી તેમજ વ્યાખ્યાનો દ્વારા ભોળી જનતાને અંધશ્રધ્ધા અને રૂઢિનાં ગુલામી બંધનોનાં માઠાં ફળોનો ઠીક ઠીક ખ્યાલ આપી રહ્યા છે, સારા ખોટાનો વિવેક શિખવી રહ્યા છે અને નગ્ન સત્ય સમાજ આગળ કાંઇ પણ સંકોચ કે ડર વિના મુકી રહ્યા છે. આમ છતાં પણ સ્વભાવે તેઓ શાન્ત હોવાથી ખડતલ પ્રવૃત્તિમાં રહેલા જોખમી વાતાવરણથી તેઓ ડરતા અને દૂરના દૂર રહે છે અને સમાજને પુરતી સેવા આપી શકતા નથી.

એક યુવાન વર્ગ જ એવો છે કે જે જાગૃત થઇ સંગઠિત થાય તો સમાજને અંધશ્રદ્ધા અને રૂઢિઓની ગુલામીનો ભોગ થતો જરૂર બચાવી શકે. આજના યુવકમાં ચેતન છે, અને સારા નરસાની પરીક્ષા કરવાની બુદ્ધિ છે, અને વ્યવસ્થિત રીતે ખડતલપણે ચીવટાઇથી ધારેલા કાર્યને પહોંચી વળવાની તાકાત છે. ફકત તેઓ જરા સુંવાળાપણું છોડી દે અને એકત્ર થઇને કાર્ય હાથમાં લે તો યુવકોની નેતાગીરી સ્વીકારે અને તેના કાર્યની કદર કરે એવો એક વર્ગ સારી સંખ્યામાં સમાજમાં છે. એટલે યુવકો જે કાર્ય હાથમાં લે તે પાર પડવામાં બહુ મુશ્કેલી આવવા સંભવ નથી. મને મારા યુવક બંધુઓમાં પુરો વિશ્વાસ છે. તેમને સમાજની હાલની વિકટ સ્થિતિમાંથી સવેળા જાગૃત કરવાના કાર્યમાં પોતાની સર્વ શકિતઓને વહેતી કરવા પ્રેમભાવે પ્રાર્થના કરું છું.

મણિલાલ મોકમચંદ શાહ.

જણાવે છે કે આ વિગ્રહનું પણ મૂળ કારણ તો વીસ વર્ષ પહેલાં થયેલી—જર્મનીને કાંઇ કાળ સુધી દબાયલી રાખવાના હેતુથી રચાયલી—વર્સેલ્સની સંધિ જ છે, એમ છતાં પણ આ વિગ્રહનો પ્રારંભ તો હર હીટલરની કેવળ આક્રમણકારી નીતિને આભારી છે એ આપણે જરૂર કબુલ કરીએ અને તેથી તેની સામે લડતો પક્ષ જે કાંઇ ઉચ્ચ આશયો રજુ કરે તે આપણે સ્વીકારી લઇએ તો પણ આમાં ખ્રીસ્તીધર્મના બચાવ અને રક્ષણની વાત બે રીતે બેહુદી લાગે છે. એક તો આજની યુરોપની દુનિયા કહેવાય છે ખ્રીસ્તી ધર્મની અનુયાયી, પણ તેના આખા જીવનમાં એટલી બધી અનાસ્થા અને નાસ્તિકતા ભરેલી દેખાય છે તેને ખ્રીસ્તીધર્મી કહેવાનો બહુ અર્થ જ નથી. અને બીજું ખ્રીસ્તીધર્મના સિધ્ધાન્તો જે રીતે આપણે સમજીએ છીએ તે તો એમ કહે છે કે Resist not the evil —તું અસત્યનો સામનો ન કર —તને એક ગાલ ઉપર લપાટ મારે તો બીજો ગાલ ધર—તારી કોઇ ટોપી લઇ જાય તો તેને તારો કોટ આપ. આ સિધ્ધાન્તો અનુસાર ખ્રીસ્તીધર્મના નામે આવી ખુનખાર હિંસક લડાઇ શકય ન જ બને કે ધર્મસંમત પણ બની ન જ શકે. સાચી ખ્રીસ્તી પ્રજાએ આવા સંયોગમાં કેમ વર્તવું જોઇએ તે તો મહાત્મા ગાંધીજીએ 'હરેક બ્રીટનવાસી પ્રત્યે' ઉપરના લેખમાં બરોબર દર્શાવ્યું છે. એ પ્રમાણે વર્તવાની જે પ્રજાની તૈયારી ન હોય તેણે ધર્મ કે ઇશ્વરને આ વિનાશકારક વિગ્રહમાં સંડોવવો ન જ જોઇએ. એમ કરવાથી જે પ્રવૃત્તિ કેવળ રકતવર્ણી છે તે કદી ધવળવર્ણી બની શકવાની નથી.

પરમાનંદ

ગાંધીજીની આગમવાણી

આ પ્રેરણાદાયી પ્રવચન સ્વતંત્ર પુસ્તિકાના આકારમાં પ્રગટ કરવામાં આવેલ છે. પર્યુષણ કે એવા ધાર્મિક પ્રસંગોએ બહેંચવા માટે ખાસ ઉપયોગનું છે. તેની કીંમત દરેક નકલનો અરધો આનો રાખવામાં આવેલ છે. પોસ્ટેજ અલગ. જેને ખપ હોય તેણે મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાંથી મંગાવી લેવી અથવા તો પોસ્ટ સ્ટેમ્પ સાથે નીચેના સરનામે લખી મોકલવું.

તંત્રી, 'પ્રબુદ્ધ જૈન'
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઇ-૩.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક વાંચનાલય.

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨ અંક : ૮ મુંબઇ : ૧૫ ઓગસ્ટ ૧૯૪૦ ગુરૂવાર. લવાજમ રૂપિયા ૨

નાથજી સાથેનો વાર્તાલાપ

(પરિચય—આપણું નામ કેદારનાથ, પણ સ્નેહી સંબંધીજનો જેમને 'નાથજી'ના નામથી ઓળખે છે; વતન જેમનું મહારાષ્ટ્ર છે; વય જેમની આશરે પચાસ છે; શાળા કે કોલેજનો જેમનો અભ્યાસ જુજ છે; પણ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ ગહન અને પારદર્શી છે અને આધુનિક સામાજિક તેમજ રાજકીય પ્રશ્નો વિષે જેઓ સંપૂર્ણ માહિતી ધરાવે છે; હિમાલયમાં જેઓ એક કાળે સારી રીતે વિચરેલા છે; કાકા સાહેબ કાલેલકર, આચાર્ય કૃપલાનીજી, સ્વામી આનંદ વગેરેના જેઓ નિકટ સ્નેહી છે; કિશોરલાલભાઇ જેમને પોતાના ગુરૂ સમાન લેખે છે; ગાંધીજીના જેઓ પરમ સન્માનિત છે; વિચારસરણી જેમની સ્વતંત્ર છે; જાહેરાતથી જેઓ સાધારણ રીતે દૂર રહે છે; શાન્તિ જેમને સદા પ્રિય છે, એમ છતાં જિજ્ઞાસુ જનોના પ્રશ્નોનાં સમાધાન કરવા પાછળ જેઓ કલાકના કલાક સુધી થાકતા કે કંટાળતા નથી; શરીરે જેઓ સુદૃઢ છે અને ચહેરો જેમનો તેજસ્વી, શાન્ત અને પ્રભાવશાળી છે; સ્વભાવે જેઓ સાદા અને મિલનસાર છે; અને આજીવન જેઓ બ્રહ્મચારી છે—આવા સામાન્ય જનતાને અગોચર છતાં વિદ્વત્તા, અનુભવ તેમજ ચારિત્ર્યની પવિત્રતાના કારણે આપણા હૃદયમાં સહજ આદર અને ભક્તિભાવ ઉત્પન્ન કરે તેવા—મહાનુભાવ સાથે નીચેની નોંધના યોજકને પરિચયસુયોગ પ્રાપ્ત થયેલો. એ પરિચય દરમિયાન અનેક વિષયો અને પ્રશ્નો ઉપર નાથજીનાં મન્તવ્યો તેમને જાણવા મળેલાં, જેની તેમણે એક ટૂંકી નોંધ કરી હતી. તેમના અસ્ખલિત વાણીપ્રવાહ સાથે સરખાવતાં આ નોંધ બહુજ અપૂર્ણ, મર્યાદિત અને ઉપર ટપકે થયેલી છે એમ આ નોંધના યોજક જણાવે છે. એમ છતાં એ નોંધ જેવી છે તેવી પણ અનેક જિજ્ઞાસુઓને ઉપયોગી થશે એમ સમજી અહીં પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

અનુભવ વધે તેમ માન્યતા બદલાય.

અમે એક દિવસે સાંજના સમયે સમુદ્ર કિનારે રેતીમાં બેઠા હતા. ત્યાં દૂર પશ્ચિમમાં સૂર્યાસ્ત થતો હતો. તે જોઇ પૂજ્ય નાથજી બોલ્યા કે, 'સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે અને પૃથ્વી ગોળ છે એ શોધ નહોતી થઇ, ત્યાં સુધી મનુષ્યને માટે આ એક અણઉકેલ્યો અદ્‌ભુત કોયડો હતો. કોઇએ બુદ્ધિ ચલાવી 'સૂર્ય જેવો પાણીમાં પાછળ જાય છે તેજ વખતે એક હોડી ત્યાં તૈયાર ઉભી હોય છે. તેમાં સૂર્યને બેસાડી રાતોરાત મજલ કરી બીજે છેડે પહો ફાટતાં લાવીને મૂકી દે છે.' આ શોધ પછી ઘણે કાળે બીજાએ આગળ બુદ્ધિ ચલાવી— 'નહિ ભાઇ, એવો હોડીવાળો કોણ નવરો હોય તે રોજ લાવે ને લઇ જાય. વાત એમ નથી, પણ જે સૂર્ય આથમે છે તે ઉગતો નથી, સૂર્ય સળગતો ગોળો છે. પાણીમાં પડતાં જ તે બુઝાઇ જાય છે અને બીજે દિવસે ઉગે છે તે નવો બીજો સૂર્ય હોય છે. સૂર્ય રોજ નવા નવા ઉગે છે.' પછી કેટ-પછી કેટલોક કાળ ગયા બાદ નવી શોધ થઇ કે, 'સૂર્ય સ્થિર છે, પૃથ્વી તેની આસપાસ ફરે છે. પૃથ્વી ગોળ છે. તેનાં કારણો બતાવ્યાં. એક જગ્યાએથી માણસ નીકળે અને સીધો ને સીધો ચાલ્યો જાય તો પાછો તે ત્યાં ને ત્યાં આવે છે. એ બતાવે છે કે પૃથ્વી ગોળ છે. દૂરથી આવતા વહાણનો પ્રથમ થોડો ભાગ દેખાય છે, ધીમે ધીમે આખું દેખાય છે. ચંદ્ર સ્વયં પ્રકાશ નથી, તેથી તેની કળા વધતી ઓછી લાગે છે. જેટલા ભાગમાં સૂર્યનો પ્રકાશ પડે તેટલો ભાગ પ્રકાશે છે.'

મનુષ્યનું મિથ્યાભિમાન.

રેતીનો એક કણ હાથમાં લઇને તેમણે કહ્યું કે, "બ્રહ્માંડને હિસાબે આપણી પૃથ્વી આ કણ જેવડી છે. તેમાં એક દેશ, અને એ દેશમાં એક માણસ કેટલો? છતાં તેનું અભિમાન કેવડું? એનું કારણ બુદ્ધિ છે."

ચેતન: જાગૃત અને સુપ્ત.

બીજા કોઇ પ્રસંગે તેમણે જણાવ્યું છે કે; "સર્વ પદાર્થોમાં ચેતન રહેલું છે; પરન્તુ કેટલાકમાં સુપ્ત અવસ્થામાં છે. વનસ્પતિ, અન્ન વગેરેમાં ચેતન છે, તેથી તેમાંથી પોષણ મેળવીને પ્રાણી માત્ર સજીવ રહે છે. લાકડાને કોરી ખાનાર જીવડો લાકડામાંથી પોષણ મેળવે છે તે બતાવે છે કે લાકડામાં પણ ચેતન છે. સૃષ્ટિમાં રહેલા ચેતન તત્ત્વમાંથી પોષણ પામીને જ મનુષ્યનાં દેહ, બુધ્ધિ, મન વગેરે વિકસિત રહે છે. માણસ સૃષ્ટિના નિયામક મહાન ચૈતન્ય સાથે એકતા અનુભવી શકે છે એ માન્યતા માત્ર છે એ કોઇએ નજરે જોયું નથી. પણ એવી માન્યતાથી માણસમાં મનુષ્યત્વના આવશ્યક ગુણોનો વિકાસ થતો હોય, ને જગતનું શુભ થતું હોય તો એ ભાવના સારી છે.

માણસને જાગ્રત અવસ્થામાંજ સુખદુઃખ છે. ઉંઘતા માણસને ગોશીકે સર્પ બેઠો હોય કે ઉર્વશી બ્રુને સરખું જ છે. એમ જ્ઞાનેશ્વરે કહ્યું છે.

પુનર્જન્મ અને કયામત.

પુનર્જન્મ કે કયામત એ પણ માન્યતાઓ જ છે. પ્રમાણસિદ્ધ નથી, કોઇની થાપણ ઓળવીશ તો આવતે ભવે વ્યાજ સાથે ચૂકવવી પડશે, કયામતને રોજ એનો જવાબ આપવો પડશે, એવા વિચારથી માણસ થાપણ ઓળવે નહિ તો તે માન્યતાથી જગતનું શુભ છે. એ રીતે માન્યતાનો ઉપયોગ થાય ત્યાં સુધી એમાં નુકસાન નથી, પણ કોઇ ગરીબને ત્યાં જન્મ્યો એ પૂર્વભવના પાપે, વગેરે કારણે કોઇ કોઇને તુચ્છકારે અથવા જાતને નિંદી અપુરૂષાર્થી બને ત્યાં એ માન્યતા નુકસાનકારક છે.

સર્પના મંત્ર

સર્પના મંત્ર છે. એની સાધના અને નિયમો આકરા છે. મંત્રથી સર્પ કેમ ઉતરી જાય છે તે સમજાતું નથી પણ ઉતરે છે તે નક્કી. (નાથજી પોતે મંત્ર જાણે છે અને ઉતારે છે)

મંત્રથી સર્પ સધાય તો સામા માણસની દુષ્ટવૃત્તિ કેમ ન સધાય? એની શોધ માટે વિચારો ચાલ્યા જ કરે છે. મંત્રશક્તિના મૂળ દ્રષ્ટાનું તપ મંત્રને કાર્યસાધક બનાવે છે.

પ્રાર્થના અને ચિન્તન.

પ્રાતઃકાલનો ચારથી છનો સમય ઉત્તમ છે. રાત્રીના થાકેલાં શરીર, મન તથા બુદ્ધિ પ્રાતઃકાલે તાજાં થયાં હોય છે. નવા કામમાં જોડાવાને વાર હોય છે. એ વખતે પ્રાર્થના, સ્વાધ્યાય, ચિંતન આદિ કરવાથી મનની શાન્તિ કાર્ય દરમિયાન પણ બે ચાર કલાક સુધી જાળવી શકાય છે. ફરી બપોરે અર્ધોએક કલાક શરીર, મનનો થાક ઉતારવા એ પ્રમાણે ગાળવો અને છેક સાંજે પણ એ મુજબ. મુસ્લિમ ધર્મમાં પાંચ વખત નમાજ પઢે છે અને હિન્દુ ધર્મમાં ત્રણ વખત સંધ્યા પૂજા કરે છે તે આ કારણે હોય એમ લાગે છે.

કર્મકાંડી જડતા.

પ્રાર્થના એકજ જાતની રાખવાથી કર્મકાંડની જડતાવાળી સામ્પ્રદાયિકતા આવી જવાનો ભય રહે છે.

નિત્યકર્મ.

દાતણ, શૌચ, સ્નાન, કપડાં ધોવાં– ચારે કામ અર્ધા કલાકમાં પતાવી દે તેને હું પાસ કરું. એટલી ચીવટ અને ઝડપ આપણામાં હોવી જોઇએ. કપડાં ઉજળાં કરવાની જરૂર નથી. સ્વચ્છ થાય એટલે બસ. ખેડૂતનાં કપડાંમાં લાલ માટી હોય છે તે ગંદકી નથી. માત્ર મેલ ન જોઇએ.

સંકલ્પબળ.

મન સાથે કોઇ પણ વસ્તુ કરવાનો નિર્ણય કર્યો એટલે તે પ્રમાણે થવું જ જોઇએ. ધાર્યા પ્રમાણે ન બન્યું હોય એવો મને અનુભવ નથી. ધાર્યું તે પ્રમાણે થવું જ જોઇએ. ન થાય તો વારંવાર મડ્યા રહેવું.

ભક્તિ અને કર્મમાર્ગ.

ભક્તિમાર્ગમાં નામકીર્તન, નૃત્ય વગેરે ઉન્માદકારી વસ્તુઓ છે. તેનો કશો વિશિષ્ટ ઉપયોગ નથી. એ ભાવો કાર્યમાં પ્રત્યક્ષ થવા જોઇએ. ભગવાન બુદ્ધના દિલમાં દયા ભરી હતી. રસ્તે જતાં લંગડાતું ઘેટું મળ્યું, ખભે મૂકી ચાલ્યા. બધાં ઘેટાંની કતલ થવાની અને યજ્ઞાર્થે હોમ થવાની ખબર મળતાં પોતાનું બલિદાન આપવા તૈયાર થયા. રાજાનો હૃદયપલટો કરાવ્યો. આનું નામ દયાભાવ. તુકારામના જીવનમાં એ વસ્તુ ડગલે ને પગલે જણાય છે. પોતાના પુત્ર માટે શેરડી લઇ આવતા હતા. રસ્તામાં ગામના છોકરાં ટોળે વળ્યાં. દરેકને અકકેક સાંઠો આપતા આવ્યા. ઘેર આવ્યા ત્યારે આખા ભારામાંથી એક સાંઠો રહ્યો. એમનાં પત્નીએ રોષ કરીને તુકારામની પીઠમાં સાંઠો માર્યો. બે કકડા થઇ ગયા. એજ વખતે એક છોકરો પાછળ ઉભો હતો એને એક કકડો આપ્યો ને એક પોતાના બાળકને. આવા અનેક પ્રસંગો એમના સંતજીવનમાં પડયા છે. રામકૃષ્ણ પરમહંસ સમર્થ વ્યક્તિ હતા, પણ તેમના જીવનના ઇશ્વરીભાવો પ્રત્યક્ષ જગતને એટલા ઉપયોગી ન થયા. પોતે એ ભાવોથી જેટલે અંશે ચિત્તશુધ્ધિ સાધી એટલે અંશે નિરુપાધિક, સંતોષી જીવન જીવી ગયા. પણ માત્ર એ પ્રકારનું ભક્ત જીવન જીવવાથી સમાજ ચાલી ન શકે. દાખલા તરીકે એક કુટુંબમાં દસ માણસો છે. એમાં એક ભક્ત છે. આખો દિવસ નામ-સંકીર્તનમાં મસ્ત રહે છે. બીજાને થયું કે આ રીતે મારે પણ મારી મુક્તિ સાધવી. એ પણ એમાં ભળ્યો. એમ કરતાં દસેય ભક્ત બન્યા. જમવાનો સમય થયો. ભોજન તૈયાર ન હતું. રાંધનારી બાઇઓ બાળા ફેરવતી હતી. વસ્તુ લાવનાર પણ બાળા ફેરવવામાં રોકાયો હતો. વસ્તુ માટેના નાણાં કમાનાર બાળા લઇને બેઠા હતા. આમ કેવળ ભક્તિમાર્ગમાં ખાનપાન પડયાં રહ્યાં. અનાસક્તભાવે કરેલ કર્મયોગથી જ સમાજનું ધારણપોષણ શક્ય છે.

કુટુંબ જીવન.

સંસારમાં સ્વાર્થ હોય ત્યાં સુધી સ્ત્રીપુત્રાદિને પોતાનાં માનવા; પછી સ્વાર્થ સરે એટલે સન્યાસી થઇ હિમાલય ચાલ્યા જવું એ પણ સમાજહિતાર્થે અધર્મ્ય વસ્તુ છે. દરેકને ખાનપાન, આશ્રય માટે શ્રમ કરવો જ પડે છે.

કઇ જાતનું કર્મ કરવું તે સંસ્કાર, મર્યાદા વગેરે જોઇને કરવું જોઇએ. કાર્ય ધર્મ્ય છે કે કેમ? સમાજના હિતાર્થે છે કે કેમ? તે કુશળતાથી થઇ શકે તેમ છે કે કેમ? આપણી સર્વ શક્તિ તેની મારફત પ્રગટ થઇ શકે છે કે કેમ? એ બધી વસ્તુઓનો વિચાર કરવો જોઇએ. વંશપરંપરાગત ધંધો બાળપણથી હાથ કરવામાં આવે તો તેમાં સહેલાઇથી પાવરધા થઈ શકાય છે.

શ્રમજીવી અને બુદ્ધિજીવી.

આપણી જેવા બુધ્ધિજીવી માણસોથી તાપ સહન થઇ શકતો નથી. બોજો ઉઠાવી શકાતો નથી. શરીરશ્રમ અમુક હદ સુધીજ થઇ શકે છે. એનું કારણ નાનપણના અને વંશપરંપરાગત સંસ્કાર છે.

એક વખત નાગપુર નજીક કોઇ ગામે હું ગયો હતો. સખત તાપના દિવસો હતા. સૂર્ય આકરો હતો. એ વખતે અમે બે જણ રસ્તે ચાલ્યા જતા હતા. ત્યાં બે ખેડૂત પોતાના ખેતરને શેઢે ઉભા ઉભા વાત કરતા હતા રસ્તાને કાંઠે નજીકમાંજ સુંદર ઘટાદાર વૃક્ષ હતું. અમે એ ખેડૂતોને કહ્યું, "ત્યાં તાપમાં ઉભા છો તે અહિં આવી છાયે ઉભા રહીને વાતો કરોને?" તેઓ કહે, "હવે ત્યાં ને અહિં બધું સરખું જ છે ને!" જવાબ સાંભળી અમે તાજુબ થઇ ગયા. ઉગ્ર તાપ અને શીતલ છાયા બન્ને એ લોકોને મન લગભગ સરખું જ હતું. આપણી જેવા બુદ્ધિજીવીથી એટલી સમાનતા કેળવી નહિ શકાય. એ તો નાનપણથી સ્વભાવગત હોય તો જ થઇ શકે.

એક વાર હિમાલયમાં અમે એક પહાડી મજુરને લઇને ચડતા હતા. બંગાળી બે ત્રણ ભાર મજુરે ઉપાડયો હતો. પીઠે સામાન બાંધ્યો હતો અને બંધનના પટા માથે કપાળ આગળ ઢળતા રાખ્યા હતા. સપાટાબંધ એ ચડતો હતો. ઉપર પહોંચ્યા પછી અમે એને કહ્યું, "તું આ ઓટલે જરાવાર બોજો મૂક, થાક ખા ત્યાં અમે ધર્મશાળામાં ઓરડીની તપાસ કરી આવીએ." એટલે એ કહે છે, "તમ તમારે નિરાંતે તપાસ કરો, હું ઉભો છું." એનો ભાર જોઇ અમને દયા આવતી હતી, પણ એને મન એ વાતનું કશું ન હતું. આટલી વજન ઉપાડવાની શક્તિ બચપણના સંસ્કાર હોય તોજ આવે. એજ રીતે અમારાં પુસ્તકો જોઇ એ મજુરો આશ્ચર્યથી કહેતા 'આટલા નાના માથામાં આટલી બધી ચોપડીઓ કેમ કરીને ભરો છો? અને સરસરાટ લખ્યે જાઓ છો?'

કુટુંબમાં જેને જે સહજ હોય તે કાર્યમાં તે રસ આવે, કુશલતા પણ જલ્દિ પ્રાપ્ત થાય અને એનો ભાર ન લાગે. એમાં એક વસ્તુનો ખ્યાલ રાખવો જોઇએ કે એ કર્મ સમાજહિતનું હોવું જોઇએ. દરેકને ખોરાક, પોષાક, આશ્રય, બુદ્ધિ અને મનોવિકાસની સગવડ– આટલું સમાન રીતે મળવું જોઇએ. એ દૃષ્ટિએ સમાજના કામ ગોઠવવાં જોઇએ.

સમાનભાવ.

શ્રમજીવીનું સન્માન યોગ્ય રીતે કરવું જોઇએ. દાખલા તરીકે કોઇ માણસ આવે એટલે આપણે એને પૂછીએ. 'ક્યાં કામ કરો છો?' એ કહેશે 'મીલમાં'. આપણે મન ઢીલું કરી મોં સહેજ ફેરવી કહીશું 'ઠીક'.

બીજો કોઇ આવશે. આપણે પૂછીશું 'ક્યાં કામ કરો છો?' એ કહેશે 'હજુર ઓફીસમાં.' આપણે ઉભા થઇને કહીશું, 'આઇએ, ઉપર બેસિયે.' પછી ભલેને મીલનો નોકર સવાસોનો મહીનો કમાતો હોય અને હજુરનો કારકુન પચીસ રૂપરડી મેળવતો હોય! કડિયો સાહ રૂપીઆ કમાય છે છતાં પચીસના પગારદાર કારકુન જેટલું સન્માન એને નહિ મળે. આ અસમાનતા સમજુ માણસના વર્તનમાં પણ જોવામાં આવે છે. આપણે કોઇપણ કામ કરવામાં હીણપત ન માનવી જોઇએ. જરૂર પડયે ચક્કી પીસવી અને પાયખાનું પણ સાફ કરવું. ભંગીનું સુદ્ધાં અન્ય જેટલું જ સન્માન કરવું જોઇએ.

ભંગી બાળકોની કેળવણી.

ભંગી બાળકોને પોતાના ધંધાનું મહત્વ સમજાવવું જોઇએ. પરંતુ એના ઉપર એ કામ કરવાની ફરજ પાડી ન શકાય. ભંગીના ધંધાને વધારે સ્વચ્છ, સરળ અને માનભર્યો કરવો એ ભંગી સેવકોની ફરજ છે. આપણું મગજ એમાં ચલાવવું જોઇએ. હાલમાં ભંગીના બાળકો થોડાં ભણે છે; તેથી તે ભણેલા બાળકોને ધંધા પ્રત્યે સૂગ ચડે છે. વધારે ભણશે પછી નહિ ચડે અને ધંધો છોડવાનો વિચાર પણ નહિ કરે. તેમને આશ્રમમાં રાખી ભણાવતાં ધરથી જુદા પડી જવા જેવી ટેવો કેળવાય છે એ ખરૂં છે; પણ ઉમ્મર લાયક થતાં સમજ આવ્યે ઘરમાં ભળશે. એકાદ પેઢી જતાં સુધારો બન્ને બાજુથી થશે.

વચલે રસ્તે મળવાનું છે.

સેવકોએ ભૂખે મરીને સેવા કરવાની નથી. આપણી આવશ્યકતાઓ ઘટાડી તેમની થોડી વધારી વચલે રસ્તે બન્નેએ મળવું જોઇએ. આદર્શ સમાજમાં કોઇ કામ હલકું નહિ ગણાય. દરેક માણસ દરેક કામ કરવામાં સરખું માન સમજશે. છતાં બુદ્ધિશાળીને માન તથા પૈસો વધારે મળવાનાં જ. લાકડાં વહેરનાર મજુર અને ઘડનાર સુતારની મજુરીમાં ફેર રહેવાનો જ. જેમાં બુદ્ધિનો ઉપયોગ વધારે તેનું મહત્વ વધારે રહેવાનું જ. કારણ બુદ્ધિશાળી માણસ અનેકની મજુરી બચાવી લે છે. સમાજ એના બુદ્ધિશાળીની બુદ્ધિ સતેજ રહે, રાષ્ટ્રને ઉપયોગી થાય તે માટે તેને ખાનપાન, આરામ વગેરેની વધારે સગવડ આપશે જ. આજે મહાત્માજી કહે કે હું તો આઠ કલાક ખેતરમાં કામ કરીને કમાઇશ અને મજુરીમાંથી બે આના મળશે તેમાંથી રોટલો દાળ ખાઇશ તો સમાજ તેમને મના કરશે. એમનું મગજ રાષ્ટ્રની મિલ્કત છે. એનો પૂરેપૂરો ઉપયોગ લેવા માટે એને જરૂરી ખાનપાન અને આરામ આપવો જ જોઇશે. એમાં સમાજનું કલ્યાણ છે. માત્ર શરીરશ્રમ કરનારને રોટલાથી થાલી શકશે. બુદ્ધિનું કામ કરનારને દૂધ ઘીની વિશેષ જરૂર રહેશે. એ દુંગળી ને રોટલો ખાવા જશે તો તે માંદો પડશે.

જાહેર સભા

પુસ્તકાલયના ઉદ્‌ઘાટનની જાહેરાત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના શરાફ બજારમાં આવેલા બુલીયન એક્સચેંજના હોલમાં (ચોથે માળ) તા. ૧૭–૮–૪૦, શ્રાવણી પૂર્ણિમા સવારના નવ વાગે માજી વડા પ્રધાન **શ્રી. બાળા સાહેબ ખેરના** પ્રમુખપણા નીચે એક જાહેર સભા મળશે. આ પ્રસંગે સંઘનું પુસ્તકાલય ખુલ્લું મુકાયાની શ્રી ખેર સાહેબ જાહેરાત કરશે. સર્વે સભ્યોને તેમજ આ પ્રવૃત્તિમાં રસ લેતા સજ્જનોને તથા સન્નારીઓને વખતસર હાજર રહેવા વિનંતિ કરવામાં આવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

૬૨ વર્ષ માફક આ વર્ષે પણ શ્રાવણ વદ ૬૧ તા. ૨૯–૮–૪૦ ગુરૂવારથી ભાદરવા શુદ ૪ તા. ૫–૯–૪૦ ગુરૂવાર સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. સ્થળ : સી. પી. ટેંક ઉપર આવેલ હીરાબાગનો હોલ. સમય : સવારના ૮॥ થી ૧૦॥. વિગતવાર કાર્યક્રમ હવે પછી બહાર પડશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

કાર્યક્ષેત્ર.

માણસે ઉપર કહ્યા પ્રમાણે શક્તિ, મર્યાદા, કુશળતા, રસ, સંસ્કાર વગેરેનો વિચાર કરી પોતપોતાનું કર્મક્ષેત્ર નક્કી કરવું જોઇએ અને તેમાં પૂર્ણપણે પોતાનો વિકાસ કેમ સધાય તે તરફ લક્ષ આપવું જોઇએ. ફળની ચિંતા ન કરવી. છતાં કાર્યની પરિપૂર્ણતા અર્થે એનું સતત ચિંતન કરતા રહેવું જોઇએ. એમાં જ એના મનનો સંતોષ અને સંમાધાન હોવાં જોઇએ.

આનંદ અને સંતોષ.

આનંદ અને સંતોષમાં ફેર છે. સમુદ્રની લહરિ જેવો આનંદ છે. એ ઉછળે છે તે વધારે નીચે જવા માટે. લહરિની જેમ આનંદ શાશ્વત વસ્તુ નથી. સંતોષ એ ઝાકળ જેવો છે. તે ક્યારે મળે છે તેની ખબર પડતી નથી. સવારમાં વહેલા ઉઠીને જોઇએ છીએ તો ઝાડપાન પર સુંદર ઝાકળ બિન્દુઓ પથરાએલાં જણાય છે અને વાતાવરણમાં સુવાસ તથા ઠંડક પસરાવતા પથરાયાં હોય છે. સંતોષ એના જેવો છે. કોઇ અજ્ઞાની જ્ઞાની થતાં સુખી થયો. અભણ ચાર આંકડા ભણીને મજા અનુભવતો થયો. એના સુખે આપણને સુખ થાય છે. એનું નામ સંતોષ. સંત તુકારામ પણ એમ જ કહે છે. 'જે બીજાને સુખે સુખી થાય છે તે જ ખરો સુખી છે.' રસ્તે જતાં કોઇ ગાડીમાંથી પડી ગયો એને દવાખાને લઇ જઇ પાટા–પીંડી કરાવી તેને ઘેર પહોંચાડયો. એને શાન્તિ મળી. એના પડધારૂપે આપણને નિરાંત વળે છે તેનું નામ સંતોષ. પણ એવા સંતોષને કોઇ શોધતું ફરતું નથી. એમ કોઇ ઇચ્છે નહિ કે કાલે પેલો પડી ગયો હતો તેમ આજે કોઇ પડે તો સારૂં! મને એની સેવા કરવાની તક મળે ને એને પરિણામે મારા મનને સંતોષ વળે. એ તો સહજ હોવું જોઇએ. કોઇ ડોકટર કહેશે, 'આ સાલ ઠીક કમાણી થઇ' તો એમાં રાજી થવું? અને મસાણનાં લાકડાં વેચનાર કહેશે 'આ વખતે માલ બરાબર ન ખાધો' તો આપણે દુઃખી થવું? એ આપણું કામ નહિ. કોઇ શહેરમાં આપણે જઇએ અને ત્યાંના આગેવાન માણસો હોંશે વાતો કરે કે અમારા શહેરમાં ગાંડાની ઇસ્પીતાલ છે, અથવા તો અમારા અનાથાશ્રમમાં આટલાં બધાં બાળકો છે વગેરે. આમ વાત કરનારને વિષે શું કહીશું? ગાંડાની ઇસ્પીતાલ હોવી એ શાની નીશાની છે? શહેરમાં સમાજ વ્યવસ્થા એવી કેવી કે માણસો ગાંડા થઇ જાય છે? માબાપ વિનાનાં બાળકને સાચવનાર કોઇ સગા વહાલાં નહિ મળ્યાં ત્યારે અનાથાશ્રમ ઉભો કરવો પડયો ને? આ આદર્શ શહેરની નિશાની ગણાય?

મુશ્કેલીમાં માર્ગ.

કોઇ આશ્રમ કે શિક્ષણ સંસ્થાનો કારભાર ચલાવતાં કેટલીક વાર આપણે મુશ્કેલીમાં આવી પડીએ છીએ, મુંઝવણ થાય છે અને વિચાર થાય છે કે આશ્રમમાં બાળકો છે, મકાનની સગવડ છે, પાણી છે, શિક્ષક છે પણ વાર્ષિક ખર્ચનું શું? ફરી ફરીને વિચાર કરતાં ત્યાં આવીને વાત અટકે છે ને ઠોકર ખાય છે. વળી પાછી વિચારગાડી ચકકર ફરીને ત્યાં આવી ટકરાય છે. એમ કરતાં કરતાં એક ને એક ઠેકાણે ફરી ફરીને મન આવે છે ને ટકકર ખાય છે. એમ કરતાં જેમ એકજ ઠેકાણે ટાંકણું માર્યા કરીએ તો ત્યાં ગાબડું પડે છે તેમ ત્યાં ગાબડું પડે છે અને માર્ગ સૂઝે છે.

[અપૂર્ણ] **રામનારાયણ નાગરદાસ પાઠક.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ઓગસ્ટ ૧૫ ૧૯૪૦

અહિંસાની ઉત્ક્રાન્તિ

(ગતાંકથી ચાલુ)

જેવી રીતે આગળ આપણે જોયું કે માનવીમાં માનવતાના જન્મ સાથે જ અહિંસાવૃત્તિનો ઉદ્‌ભવ થયો, પણ એ અહિંસાવૃત્તિમાંથી સ્થાયી જીવનશાસ્ત્રનું નિર્માણ તો આપણા દેશમાં ભગવાન બુદ્ધ અને મહાવીરના સમયથી જ થયું. તેવી જ રીતે દુનિયાના ઇતર ભાગોમાં અહિંસાવૃત્તિનો ઉદ્‌ભવ તો કંઈ કાળથી થયેલો, પણ ખ્રીસ્તી ધર્મના ઉદ્‌ભવે એ વૃત્તિને મનુષ્ય-જીવનનું એક મહત્વનું અંગ બનાવ્યું. એ ધર્મના ઉત્પાદક ઇસુ ખ્રીસ્તે અહિંસામય જીવન જીવી બતાવ્યું અને એ સમયના લોકોને ભ્રાતૃભાવનો સંદેશો આપ્યો. તેમના ધર્મપુસ્તક બાઇબલના 'જોન' રચિત પ્રકરણમાં અપાયલું 'ગિરિપ્રવચન' પ્રેમ-સેવા-સમભાવની જ એક અપૂર્વ ગીતા છે. 'મેથ્યુ' રચિત પ્રકરણમાં પણ એક સ્થળે ઇસુ ખ્રીસ્ત પોતાના અનુયાયીઓને ઉદ્દેશીને કહે છે કે "તમે આજ સુધી સાંભળતા આવ્યા છો કે કોઈ તમારી આંખ ફોડે તેની તમે આંખ ફોડી નાંખો અને દાંતને બદલે દાંત ખેંચી કાઢો! પણ હું તમને કહું છું કે અન્યાયી કે અધર્મીનો સામનો ન કરો! પણ તમને જે કોઈ જમણા ગાલ ઉપર તમાચો મારે તેની સામે ડાબો ગાલ ધરો અને કાયદાથી લડીને જે કોઈ તમારો કોટ લઈ લે તેને તમારી કામળી પણ આપી દો અને જે તમને એક ગાઉ બસડીને લઇ જાય તેની સાથે તમે બે ગાઉ ચાલો અને જે માંગે તે તેને આપો અને જે કોઇ ઉધાર લેવા આવે તેને તમે પાછો ટાળો નહિ". આવી જ રીતે એજ પ્રકરણમાં અન્યત્ર ઇસુ ખ્રીસ્ત કહે છે કે " તમને આજ સુધી કહેવામાં આવ્યું છે કે તમે તમારા પાડોશીઓને ચાહજો અને દુષ્મનોને ધિક્કારજો! પણ હું તમને એમ કહું છું કે તમારા દુષ્મનોને પણ તમે ચાહજો. તમને જે શ્રાપ આપે તેને આશીર્વાદ આપજો! તમને તિરસ્કારે તેનું તમે ભલું કરજો! અને જે તમારા વિષે મત્સરભાવ ચિન્તવે અને તમને ત્રાસ આપે તેના માટે પ્રાર્થના કરજો! આ રીતે જ જે પિતા સ્વર્ગમાં વસે છે તેના તમે ખરા પુત્ર બની શકશો; કારણ કે તેઓ તો જેઓ સારા છે તેમજ ખરાબ છે તે બન્નેને પોતાના સૂર્યનું સરખું અજવાળું આપે છે અને ન્યાયી અને અન્યાયી ઉભય ઉપર વરસાદની એક સરખી મહેર વરસાવે છે. જે તમને ચાહતા હોય તેને તમે ચાહો એમાં તમે એવું મોટું પુણ્ય શું કર્યું? અને તમારા ભાઇઓને જ તમે સલામ કરો તેમાં તમે બીજાથી વિશેષ શું કર્યું? તમારી આસપાસના દોકો પણ શું એમ નથી કરતા? જેવી રીતે તમારો દિવ્ય પિતા પૂર્ણ છે તેવી જ રીતે તમારે પણ પૂર્ણ બનવું જોઇએ "

ખ્રીસ્તી ધર્મના કહેવાતા અનુયાયીઓએ આજ સુધી ગમે તેમ વર્તન કર્યું હોય અને આજે લડાઇના નામે ગમે તેટલી તેઓ હિંસા આચરી રહ્યા હોય, પણ ખ્રીસ્તી ધર્મનો મર્મ તો ઉપર વર્ણવ્યો તે જ હતો અને છે અને તે મર્મને હૃદયમાં ધારણ કરીને અનેક ખ્રીસ્તી સાધુ સન્તો આદર્શ જીવન જીવી ગયા છે અને સ્વપરનું કલ્યાણ સાધી ગયા છે. ખ્રીસ્તી ધર્મની દયા, અહિંસા, મનુષ્ય કોટિ સુધી જ લંબાયેલી જોવામાં આવે છે તેનું મૂળ તો તે ધર્મની સૃષ્ટિનિર્માણને લગતી એક મુખ્ય માન્યતાને આભારી છે કે જે એમ પ્રરૂપે છે કે ઇશ્વરે પ્રથમ ચર-અચર દેખાતી જડ સૃષ્ટિ ઉત્પન્ન કરી અને તેની અંદર દિવ્ય પ્રાણોથી પ્રાણવાન એવા 'આદમ' અને 'ઇવ' ને મુકયા, જેમાંથી આ આખા માનવ સમાજનો વિકાસ થયો. આ માન્યતાએ પશુપ્રાણીઓને આત્મતત્વથી વંચિત બનાવ્યા અને તે કારણે માનવદયાના અનધિકારી ઠરાવ્યા. બીજી બાજુએ માનવસમાજનું કલ્યાણ અને સેવાને ખ્રીસ્તી ધર્મમાં ખુબ પ્રાધાન્ય આપવામાં આવ્યું. દીન, દુઃખી, દલિત, માંદા, કોઢીઆ, પતીઆની સેવા ઉપર જે ભાર ખ્રીસ્તી ધર્મ મૂકે છે તે અન્ય ધર્મસંપ્રદાયોમાં જોવામાં આવતો નથી.

પણ આ બધી દયા, પ્રેમ, વિશ્વબંધુત્વની વાતો મોટે ભાગે વ્યક્તિગત આત્મસાધના સાથે જોડાયલી રહી. તેની અસર સામુદાયિક જીવન ઉપર જરૂર સારા પ્રમાણમાં પડતી રહી, પણ રાજ્યતંત્રોથી નિર્માતું સામુદાયિક જીવન તો આખરે પશુબળ ઉપર જ નિર્ભર બની રહ્યું. કાળાન્તરે ગઇ સદીમાં રશીઆમાં ટોલ્સ્ટોયનો જન્મ થયો. તે ભારે ધર્માત્મા હતો; ચિન્તક હતો; સમાજ અને રાજકારણના પ્રશ્નોનો પ્રખર વિવેચક હતો. આજ સુધી અહિંસાનો અર્થ એટલો જ કરવામાં આવતો હતો કે પોતાના જીવનને બને તેટલું નિરવદ્ય બનાવવું, હિંસક પ્રવૃત્તિઓથી બને તેટલા અળગા રહીને અપરિગ્રહી પવિત્ર જીવન ગાળવું અને બને તેટલી ઇશ્વર સાધના કરવી. પણ સાથે સાથે તેમાં એક તત્ત્વ ઉમેરાયું. પોતાની માન્યતા મુજબ વર્તવામાં સમાજ કે રાજકારણ કટ્ટિ આડે આવે તોપણ પોતાની માન્યતાને વળગી રહેવું અને તેમ કરતાં ગમે તેટલાં કષ્ટો સહેવાં-પ્રાણનું બલિદાન આપવાનો પ્રસંગ આવે તો તેમ કરતાં પાછા હઠવું નહિ. આ બાજુ કે તે બાજુ પોતપોતાની ધાર્મિક માન્યતા ખાતર શાન્ત નિરવરોધ પ્રાણબલિદાન અપાયાનાં અનેક દૃષ્ટાન્તો બન્યાં જ કરતાં હતા. આવા બનાવોએ અહિંસાનો આદર્શ જનસમાજ સમક્ષ જીવતો અને જાગતો રાખ્યો હતો, એટલું જ નહિ પણ તેમાં અહિંસક સાધનાની કંઇ કંઇ ઝાંખી થવા લાગી હતી. પણ અહિંસાવૃત્તિનું પ્રયોગક્ષેત્ર તો હજુ સુધી ધાર્મિક માન્યતાઓના પ્રદેશ પુરતું જ મર્યાદિત રહ્યું હતું. સમાજ કે રાષ્ટ્રના પ્રશ્નો ઉકેલવામાં, રાજ્યના અન્યાયો દુર કરવામાં કે પર રાજ્યનાં આક્રમણોનો સામનો કરવામાં અહિંસાવિચારનો ભાનપૂર્વક કટ્ટિ ઉપયોગ કરવાનું કોઇને સુઝતું જ નહોતું. મોટા સામાજિક ફેરફારો વિચારોના સ્વાભાવિક પરિવર્તનમાંથી પરિણમતા અથવા તો કોઇ બળવાન વ્યક્તિ સમાજપરિવર્તક વિચારો એવા જોરથી સમાજ સમક્ષ મુકતી અને તેને અનુસરનારૂં અનુયાયીવૃંદ એવી ઉગ્રતાથી કામ કરતુ કે તે સામે સમાજની બહુ મોટી બહુમતી હોય તો પણ નમી જતી અને નવા વિચારો અને નવા આદર્શોને અપનાવી લેતી. આવી જ રીતે રાજ્યવહીવટમાં ચાલી રહેલા અન્યાયો પણ કાંતો કહેવાતી બંધારણપૂર્વકની હીલચાલથી દૂર કરાતા અથવા તો રાજ્ય કરતી સંસ્થા ઉપર સીધું કે આડકતરૂં અસાધારણ દબાણ લાવીને તે તે અન્યાયો રદ કરવાની રાજ્યસંસ્થાને ફરજ પાડવામાં આવતી. આવાં ચાલુ દબાણો આવવા છતાં પણ જો રાજ્યસંસ્થા મક્કમ રહેતી તો આખરે હિંસાપૂર્ણ બળવો થતો અને રાજ્યક્રાન્તિ આવીને ઉભી રહેતી.

પરરાજ્યના હિંસક સાધનો સિવાય અન્યથા બચાવ થઈ શકે એવું આજ સુધી કદિ કોઇને સુઝયું જ નહોતું અને આજે પણ ગાંધીજી સિવાય બીજા કોઇને આ કલ્પના હજુ વ્યવહારૂ લાગતી જ નથી. આમ સામાજિક, રાષ્ટ્રીય, કે આન્તરરાષ્ટ્રીય કોઇ પણ પ્રદેશમાં અહિંસાના વિચારને સ્પષ્ટપણે હજુ સુધી સ્થાન મળ્યું જ નહોતું. વ્યકિત અને સમાજનો જીવનને ઘડવામાં બળવાન ભાગ ભજવનારા સાધુસન્તો સમાજ અને રાષ્ટ્રની સામાન્ય પ્રવૃત્તિઓથી ઘણું ખરૂં અલગ રહેતા અને લોકોને પોતપોતાના માનેલા લીધેલા ધર્મમાર્ગે ચાલવાનો અને ઇશ્વરપ્રાપ્તિ તરફ વળવાનો ઉપદેશ આપતા. આ આખી વિસંવાદી પરિસ્થિતિ તરફ મારી સમજ પ્રમાણે સૌથી પ્રથમ ટોલ્સ્ટોયનું ધ્યાન ખેંચાયું. બાઇબલનું વેદ વાકય–Resist not the evil–અસત્યનો–અધર્મનો–સામનો ન કરો–આ વાકયે તેના મનમાં ભારે મન્થન ઉભું કર્યું. અસત્યનો – અધર્મનો સામનો ન કરવો એટલે શું? અસત્ય અધર્મને નમી જવું? આમ કેમ બને? આ ઉપદેશ આપનાર ઇસુખ્રીસ્તે જ તે સમયની વહેમ અને અજ્ઞાનથી ભરેલી ધાર્મિક માન્યતાઓનો જબરજસ્ત સામનો કર્યો હતો અને તે સામનામાં જ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું તો શું ઇશુનો ઉપદેશ અને આચરણ બન્ને પરસ્પરવિરોધી હતા? આમ તો ન જ બને. વધારે વિચાર કરતાં તેને માલુમ પડયું કે સામનો ન કરવો એનો અર્થ હિંસાથી– પશુબળથી– સામનો ન કરવો એટલો જ હોઇ શકે. હિંસા એ અધર્મ છે. અધર્મ સામે અધર્મ વાપરવાથી અધર્મ જ વૃદ્ધિને પામે. બાકી તો જેનામાં ધર્મબુધ્ધિ છે તેણે અધર્મનો વિરોધ તો કરવો જ રહ્યો. આ ઉપરાંત ટોલ્સ્ટોયને આજની આખી સંસ્કૃતિ, સમાજરચના, મુડીવાદ, સર્વ વ્યવસ્થા કેવળ હિંસા ઉપર જ રચાયલી માલુમ પડી. હાથમજુરીનો મોભો ગયો અને યન્ત્રોએ માનવીના મોટા મોટા સમુહોને સ્થાનભ્રષ્ટ કર્યા. મજુરો પરસેવા અને લોહીથી દ્રવ્ય ઉત્પાદન કરે અને મુડી ધરાવનાર ગણ્યા ગાંઠયા માણસો એ દ્રવ્ય ઉપર કેવળ એશઆરામ કરે. રાજ્યતંત્રો દબાયલાને દબાવે અને નબળાં રાજ્યો ઉપર આક્રમણ કરે. આખી વ્યવસ્થાના મૂળમાં તેને કેવળ પશુબળ અને હિંસા ભરેલી માલુમ પડી. આ સામે તેના મનમાં ભારે બળવો ઉભો થયો. તેના મનમાં વસી ગયું કે જો જગતમાં સુખ અને શાન્તિ લાવવા હોય તો આ આખી રચનાનો નાશ કરવો જોઇએ અને જે સમાજમાં બળજોરી, બેકારી, અત્યુત્પાદન અને બુર્જુવા–એશઆરામી વર્ગ– ન હોય એવી સમાજરચના ઉભી કરવી જોઇએ. આ ક્રાન્તિ મારફાડ કરીને નહિ પણ લોકોના હૃદયનો પલટો કરી એટલે બળવો જગાડીને નિપજાવવી જોઇએ. આવી રીતે ટોલ્સ્ટોયે ખ્રીસ્તી ધર્મશાસ્ત્રોના અધ્યયનમાંથી જ પ્રેરણા મેળવીને અહિંસક વિરોધના તત્વને જન્મ આપ્યો અને તે તત્વ સામાજિક અને રાજકીય પ્રશ્નોને લાગુ પાડવાનો પ્રયત્ન આરંભ્યો એ અરસામાં 'થોરો' નામના તત્વચિન્તકે અસહકારના સિધ્ધાન્તને જગત આગળ બહુ અસરકારક રીતે રજુ કર્યો. તેની પ્રરૂપણાનો સાર એ હતો કે કોઇ પણ માણસ જે સમાજ તેમજ રાજ્યતંત્ર નીચે વસતો હોય તેના ન્યાય અન્યાયથી નિરપેક્ષ રહેવાનો દાવો કરી શકે જ નહિ. સમાજ અને રાજ્યતંત્રના અવલંબન વડે જ દરેક માણસ સુખપૂર્વક જીવે છે અને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવે છે. તેથી તે સમાજરચના કે રાજ્યતંત્રના પાયામાં રહેલા ન્યાય અન્યાયોમાં દરેક વ્યકિતની ભાગીદારી રહેલી છે. તેથી જ્યારે પણ કોઇ પણ વ્યકિતને એમ ભાસે કે પોતાનો સમાજ કે પોતા ઉપર ચાલી રહેલો રાજ્યબહીવટ ચોક્કસ પ્રકારનો અન્યાય કરી રહેલ છે કે અત્યાચાર આદરી રહેલ છે ત્યારે તે વ્યકિતનો ધર્મ થઇ પડે છે કે તેણે તે સમાજ કે રાજ્યબહીવટ સાથે અસહકાર કરી તે અન્યાય–અત્યાચાર–ટાળવાનો પ્રયત્ન કરવો. આખરે સમાજ વ્યકિતઓની બનેલી છે; રાજ્યસંસ્થા પણ વ્યકિત વ્યકિતના સીધા કે આડકતરા સહકાર ઉપર જ ચાલે છે. તેથી આ સહકાર જ્યારે વ્યકિતમાં વ્યકિત ઉમેરાતાં મોટો સમુહ એકત્ર બનીને પાછો ખેંચી લે કે તુરતજ એ સમાજ કે રાજ્યનું તંત્ર અટકી પડે અને ખેંચી લેવાયલો સહકાર પાછો મેળવવા માટે તે સંસ્થાએ ચાલુ અન્યાયો બંધ કરવા જ પડે. કોઇ પણ પ્રકારના હિંસક સાધનોનો ઉપયોગ કર્યા વિના– એક પણ માણસનું લોહી રેડયા સિવાય આવો અસહકાર મોટામાં મોટી રાજ્ય ક્રાન્તિ નિપજાવી શકે.

અહિંસાના વિચારને આ રીતે ટોલ્સ્ટોય, થોરો જેવા મહાપુરૂષોદ્વારા સામાજિક તેમ જ રાજદ્વારી પ્રશ્નો ઉપર લાગુ પાડવાના પ્રયત્નો શરૂ થયા. ચોતરફ આ વિચારો ફેલાવા લાગ્યા. રશીઆમાં સામ્યવાદની પ્રાથમિક ભૂમિકા ટોલ્સ્ટોયે રચી, જેમાં અહિંસાના ખ્યાલને પુરૂ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. પણ તે સામ્યવાદના આદ્યવિધાયક કાર્લ માર્કસે અહિંસાના તિલાંજલિ આપી અને યેન કેન પ્રકારેણ વર્તમાન સમાજરચનાનું સામ્યવાદી પરિવર્તન સાધવા ઉપર જ તેણે ખૂબ ભાર મુકયો. ટોલ્સ્ટોય અને થોરોએ સત્યાગ્રહ અને અસહકારનાં વાવેલાં બીજને અમલી રૂપી દ્વારા જલસીંચન કરી વૃક્ષરૂપે વિકસાવવાનું કાર્ય તો ગાંધીજીએ જ દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતદ્વારા કર્યું. આ લડતનો ઇતિહાસ સૌ કોઇ જાણે છે. ત્યાં વસતા હિંદીઓ બળજોરીથી લડવા નીકળ્યા હતા તો બધુ ગુમાવી બેસત. એવા સંયોગોમાં સત્યાગ્રહનો ધર્મમય માર્ગ ત્યાંની હિંદી પ્રજાને દેખાડીને એટલું જ નહિ પણ એ માર્ગે આખી પ્રજાને દોરીને ત્યાંની સંસ્થાને પ્રજાની વ્યાજબી માંગણીઓ સ્વીકારવાની ફરજ પાડી. અહિંસાના ઇતિહાસમાં આ અભૂતપૂર્વ બનાવે વિચારક દુનિયાનું ખૂબ ધ્યાન ખેંચ્યું. ત્યારબાદ ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા અને પ્રજા પાસે નાના અથવા મોટા ક્ષેત્રમાં સત્યાગ્રહનો અમલ કરાવીને તેમણે અનેક સફળતાઓ મેળવી. ગાંધીજીના આ અહિંસાત્મક અસહકાર અને સત્યાગ્રહનું વિશેષ વિવરણ અને આજની પરિસ્થિતિ વિષે વિશેષ ચર્ચા હવે પછી કરીશું.

[અપૂર્ણ]

પરમાનંદ.

સમાચાર કર્ણિકા

ગયા પખવાડીઆમાં અનેક અગત્યના બનાવો બની ગયા છે. ઇંગ્લાંડ ઉપર જર્મનીના મોટા પાયા ઉપર થનાર ધસારાની હજુ રાહ જોવાયા જ કરે છે, પણ આફ્રીકાની બાજુએ બ્રીટીશ સોમાલીલેન્ડ ઉપર ઇટાલીનું આક્રમણ વધતું જાય છે; શેંઘાઇમાંથી અંગ્રેજ લશ્કર પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને જાપાન ફ્રેંચ લોકોના કન્ડિા ચાઇના ઉપર ધસી રહ્યું છે. જ્યારે મોટા મોટા રાજ્યો સામસામા વિગ્રહ ચલાવી રહ્યા છે, ત્યારે તટસ્થ ગણાતા રશીઆ અને જાપાન જેવા રાજ્યોની નજીક નજીકના દેશ–પ્રદેશો ગળી જવાની ભારે ભુખ ઉઘડી છે. જર્મની અને ઇંગ્લાંડના પરસ્પર વિમાની હુમલાઓ ચાલી રહ્યા છે અને તેના પરિણામે જર્મન પ્રદેશોની મોલે મીલ્કતને ભારે નુકસાન થઇ રહ્યું છે એમ સરકારી ખબરપત્રી જણાવે છે.

* * *

પુનામાં મળેલી અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભા સમિતિની બેઠકમાં કારોબારી સમિતિનો– વિગ્રહનો અન્ત આવતાંની સાથે હિંદને સંપૂર્ણ આઝાદ જાહેર કરવાની માંગણી કરતો અને તે દરમિયાન તુરતમાં જ આજની વડી ધારાસભાના લોકનિયુક્ત સભ્યોમાંથી પ્રજાકીય સરકાર ઉભી કરીને તેને હિંદના રાજ્યવહીવટની સર્વ હકુમત સોંપવાની માંગણી કરતો અને તે માંગણી જો સરકાર સ્વીકારે તો આજના વિગ્રહમાં બને તેટલી મદદ કરવાનું વચન આપતો–ઠરાવ બહુમતીથી મંજુર કરવામાં આવ્યો હતો.

* * *

આના ઉત્તરમાં સરકાર તરફથી એવી મતલબની જાહેરાત કરવામાં આવી છે કે 'ડોમીનીયન સ્ટેટસ'–સાંસ્થાનિક સ્વરાજ્ય– આપવાની સરકારી નેમનું આજે ફરીથી સમર્થન કરવામાં આવે છે. લડાઈ પુરી થયા બાદ હિંદને અનુકુળ બંધારણ ઘડવા માટે દેશમાં રહેલા અગત્યના સર્વ પક્ષોના પ્રતિનિધિઓની એક પરિષદ બોલાવવામાં આવશે. આગામી કોઇ પણ બંધારણી ફેરફારોમાં બે બાબતની ખાસ સંભાળ રાખવામાં આવશે. એક તો હિંદ સાથેના લાંબા સંબંધને અંગે અંગ્રેજ સરકારને માથે જે કેટલાક હિતો સંભાળવાની ખાસ જવાબદારીઓ રહેલી છે તેને બાધક હોય એવો કશો ફેરફાર આગામી રાજ્યતંત્રમાં કરવામા નહિ આવે; તદુપરાન્ત લઘુમતી વર્ગોના સર્વ બાબતની પુરી સંભાળ લેવામાં આવશે. આ સંબંધમાં આગળ વધીને સરકારી યાદી જણાવે છે કે હિંદી પ્રજાકીય જીવનમાં મોટી લાગવગ ધરાવતા અગત્યના વર્ગો જે રાજ્યતંત્રની સત્તા સ્વીકારે નહિ એવા કોઇ પણ રાજ્યતંત્રને આજની રાજ્યવહીવટી સત્તા સોંપવામાં નહિ આવે તેમજ એવા વર્ગોને આવા રાજ્યતંત્રને ફરજિયાત આધીન બનવું પડે એવી કોઇ પણ પરિસ્થિતિ સરકારને સંમત નહિ હોય. વિગ્રહ ચાલે તે દરમિયાન સરસુબાની કારોબારી સમિતિમાં પ્રજા-પ્રતિનિધિઓને ઉમેરવાની અને સરકારી હિંદના તેમજ દેશી રાજ્યના પ્રતિનિધિઓની એક સલાહકાર સમિતિ ઉભી કરવાની આ જાહેરાતમાં દરખાસ્ત કરવામાં આવી છે.

* * *

ઉપરની જાહેરાતથી હિંદી પ્રજામતને સંતોષ થયો લાગતો નથી. હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખને આ જાહેરાત સંબંધમાં ચર્ચા કરવા માટે નામદાર વાઇસરાયે નિમંત્રણ આપેલું, પણ ત્યાં મીલનભૂમિકાનો અભાવ છે ત્યાં વિશેષ ચર્ચાનો કશો અર્થ નથી એમ સૂચવી નામદાર વાઇસરાયને મળવાની મૌલાના અબુલ કલામ આઝાદે અનિચ્છા દર્શાવી છે.

* * *

હિંદ સંરક્ષણ ધારા નીચે સરકારે બીન સરકારી સ્વયં-સેવક દળોને લશ્કરી પોશાકને મળતો પોશાક પહેરીને ફરવાની તેમજ હથિયાર, લાઠી, કે એવા કોઇ સાધનો સાથે અથવા તે વિના લશ્કરી કવાયત, કુચ, કસરત કે હીલચાલ કરવાની મનાઈ ફરમાવનારા હુકમો કાઢયા છે. આ હુકમોનું વ્યાજબીપણું દર્શાવવા માટે સરકારે લાંબુ નિવેદન કર્યું છે. આ હુકમોએ પ્રજાના ઘણા મોટા વર્ગમાં આશ્ચર્ય તેમજ રોષની લાગણી પેદા કરી છે.

* * *

કવિવર ટાગોરને ઓકસફર્ડ યુનીવર્સીટી તરફથી ડોકટરની ડીગ્રી એનાયત કરવાને લગતો શાન્તિનિકેતનમાં એક ભવ્ય મેળાવડો યોજાયો હતો. સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્ અને સર મોરીસ ગ્વાયરે ઓકસફર્ડ યુનીવર્સીટીના પ્રતિનિધિ તરીકે આ સંમેલનમાં ભાગ લીધો હતો. સર રાધાકૃષ્ણનનું કવિવરને ઉદ્દેશીને ઉદ્બોધન અને કવિવરનો ઉત્તર ઉભય વાંચવા જેવાં અને મનન કરવા યોગ્ય હતાં.

* * *

શ્રી. વિજયસિંહ નાહર અને ભંવરમલ સિંઘીના સંયુકત સંપાદકત્વ નીચે છેલ્લી જાન્યુઆરી માસથી 'તરૂણ ઓસવાલ' નામનું એક હિંદી માસિક પ્રગટ થઇ રહ્યું છે. જૈન સમાજમાં સાંપ્રદાયિક ભાવનાથી કેવળ મુકત એવી જે કેટલાક પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં આ પત્ર વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ પત્ર પ્રાગતિક વિચારોનું પક્ષકાર છે અને ગાંધીજીનાં વિચારોનું સમર્થક છે. એ પત્રના સંપાદકો તેમજ શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા–ત્રણે મિત્રોએ મળીને આજે અહિંસાના પ્રશ્ન ઉપર દેશભરમાં જે ચર્ચા ચાલી રહી છે તે સંબંધમાં સાધુમુનિરાજો તેમજ વિચારક લેખાતા કેટલાક આગેવાન શ્રાવકો ઉપર એક પરિપત્ર મોકલ્યો છે. આ પરિપત્રમાં તેમણે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા છે.

(૧) જૈન ધર્મને અનુસાર અહિંસાની શું વ્યાખ્યા છે? આજે જે અહિંસાની વ્યાખ્યા કરવામાં આવે છે તે તે વ્યાખ્યાથી આપના ધારવા મુજબ ભિન્ન છે? આપના અભિપ્રાય મુજબ અહિંસાની પૂર્ણ વ્યાખ્યા શું હોઇ શકે?

(૨) બહારના આક્રમણથી અથવા તો હિંદુ-મુસલમાન રમખાણ કે લુંટફાટ જેવા દેશની અંદર ઉભા થતા ઝગડાથી હથિયાર કે લશ્કરની મદદ વિના કેવળ અહિંસાત્મક રીતિથી દેશનું રક્ષણ થઇ શકે એ આપ સંભવિત માનો છો?

(૩) જો એમ ન હોય તો શું અહિંસા જીવનનો સર્વ-વ્યાપી સિધ્ધાન્ત બની શકતો નથી?

(૪) જો અહિંસાત્મક રીતિથી દેશની રક્ષાનો પ્રશ્ન સંભાળી શકાય તેમ હોય તો તે કઇ રીતે અને શું કરવાથી?

(૫) જૈનશાસ્ત્ર કે સાહિત્યમાં એવું કોઇ ઉદાહરણ આપના ધ્યાનમાં છે કે જ્યારે દેશ અથવા તો રાજ્યની રક્ષા માટે અહિંસાત્મક ઉપાયો હાથ ધરવામાં આવ્યા હોય?

(૬) જૈન શાસ્ત્રોમાંથી આપની જાણ મુજબ એવાં ઉદાહરણો મળી શકે છે ખરાં કે જેમાં દેશ અથવા ધર્મની રક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં જૈન આચાર્યોએ હિંસાથી રક્ષા કરવાનો આદેશ આપ્યો હોય અથવા તો એવા આશયની પ્રેરણા કરી હોય?

આ પ્રશ્નો આજની જૈન જનતાએ–સાધુ તેમજ શ્રાવકે– ગંભીરપણે વિચારવા યોગ્ય છે. આ પ્રશ્નના વિગતવાર ઉત્તરો પર્યુષણ પહેલાં મોકલી આપવા જૈન વિચારકોને વિનંતિ કરવામાં આવે છે.

* * *

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં શ્રી વલ્લભદાસ પ્રભુચંદ મહેતાએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રતિનિધિ તરીકે ઉમેદવારી જાહેર પાડી છે. ભાઇશ્રી વલ્લભદાસ જૈન યુવક સંઘના જુના અને જાણીતા કાર્યકર્તા છે અને આજના કેળવણીના પ્રશ્નમાં તેઓ આગળ પડતા વિચારો ધરાવે છે. વિદ્યાલયની સમિતિના સભ્યોને ભાઇશ્રી વલ્લભદાસને પોતાનો મત આપવા વિનંતિ કરવામાં આવે છે.

એક વિલક્ષણ લગ્ન.

"ચાણસ્માથી ત્રણેક માઈલ દૂર આવેલા પીપળ ગામના વતની શ્રી. ભગવાનદાસ હકમચંદ શાહને વીશ વર્ષની ચંપા નામની એક પુત્રી છે. કુ. ચંપાનું ધર્મપરાયણ ચિત્ત જૈન ધર્મની ભાવનાઓને અનુસરી દીક્ષા લેવાના મનસુબા ઘડતું હતું એમ કહેવાય છે. એની પૂર્વતૈયારીરૂપે કોઇ મુનિમહારાજ પાસેથી એણે ચતુર્થવ્રત (બ્રહ્મચર્યવ્રત) પણ અંગીકાર કર્યું હતું. દીક્ષાસ્વીકારની એની ઇચ્છાને એનાં માતપિતા પરિપોષીને ઉત્તેજતાં હતાં એમ પણ વાત મળી છે. પણ એક દિવસે અચાનક કુ. ચંપા અલોપ થઈ ગઇ અને પછી તો સમાચાર મળ્યા કે એણે વડોદરા જઇને સ્નેહલગ્ન કરી લીધું છે. એ પોતે જ્ઞાતિએ વીશાશ્રીમાળી જૈન વણિક છે, જ્યારે એનો પતિ દશા શ્રીમાળી જૈન વણિક છે. વિચિત્ર વાત તો એ છે કે યુવતી જે દીક્ષાની ઇચ્છાને પડતી મૂકીને પરણી છે, તો એને પતિ થનાર યુવક દીક્ષા ગ્રહણ કર્યા પછી ને ચાર પાંચ મહિના સુધી સાધુજીવન ગાળ્યા પછી પરણ્યો છે. આમ આ બન્ને ત્યાગરંગી પંખીડાં લગ્નના એક સમાન વૃક્ષ પર બેસી ગયાં છે.

માતપિતાને ભ્રમમાં ભટકાવવા માટે જો ત્યાગનો અંચળો કુ. ચંપાએ ઓઢી લીધો હોય તો આપણા સમાજના રૂઢિચુસ્ત વાતાવરણમાં પિતાને આશ્રયે જીવન ગુજરતી, ને એના કરમથી અંજાતી કન્યા આવો માર્ગ અખત્યાર કરે એ સમજી શકાય એમ છે. પણ આ લગ્નની પૂર્વભૂમિકા વિશે કશું જ જાણવાનું મળતું નથી. કદાચ ભાવના કાચી હોય ને રાગ ને ત્યાગની વચ્ચે હંસું ઝુલતું હોય એમ પણ બન્યું હોય. પણ જો દીક્ષા લેવાની ઇચ્છા સાવ ગલત ન હોય તો આ લગ્નને કેમ ઘટાવવું તેની ઝટ સૂઝ પડે એમ નથી.

જીવનવ્રતો એટલાં બધાં સસ્તાં બની જાય કે સગવડે તેમને વળોટીને વ્રતમાં સમાતી ભાવનાથી બગભર ઉલટું જ આચરણ થઇ શકે તો તે સ્થિતિ વધાવી લેવા જેવી તો નથી જ. દીક્ષા પ્રત્યે હું ઉદાસીન છું. જેની બુધ્ધિ ને શ્રધ્ધા એને જહને ચોંટતી હોય તે ભલે એના પુરૂષાર્થને એ દિશામાં દોડાવે. પરાણે દીક્ષા લેવડાવવાની ને એ માટે તરકટો કરવાની પ્રવૃત્તિ પ્રત્યે તો દરેકને નફરત જ હોવી ઘટે. પણ કોઇ પણ જીવનભાવના કે વ્રતને જીવનમાં પાળી પોષીને પછી એને ઉશેટી દેનારાંની મનોવૃત્તિની તો દયા જ આવે છે. પોતાની ભૂલ સુધારવાનો સૌને હક્ક છે; જે ભ્રામક લાગ્યું હોય, જે ધ્યેયગામી છે એમ સિદ્ધ થતું ન હોય તે તજી દેવાનો પણ સૌને હકક છે. આ ઘટનામાં એવા હકકની અજમાયશ થઈ હોય તો આ લગ્નને અભિનંદવાનું મન થાય.

આખી પરિસ્થિતિની આરપાર જોતાં તો એમ લાગે છે કે દીક્ષા લઇને તેને છોડી દેનાર યુવક તથા દીક્ષા લેવા ઉપર ભાવ દાખવનારી યુવતી એ બેઉ સાધુજીવનની રંગરોગાનવાળી મહત્તાથી આકર્ષાઇ એ માર્ગ તરફ ઢળ્યાં હતાં, જ્યારે મનોવૃત્તિ જુદું જ કહી રહી હતી. વસ્તુતઃ તેઓ મનોવૃત્તિને સંયમથી પુષ્ટ કરવાને બદલે તેનું દમન કરી રહ્યાં હતાં. એ દમનના પ્રવાહમાં એકે દીક્ષા લીધી હોવી જોઇએ અને બીજીએ દીક્ષાનો નિશ્ચય કર્યો હોવો જોઇએ. પરંતુ દમન જ અસહ્ય થતાં તેઓએ પોતાને માટેનો યોગ્ય માર્ગ શોધી લીધો છે અને એજ તેમનો સાચો મનોભાવ છે. દીક્ષિતોનાં જીવનમાં લાંબે કાળે ભયકર બંડો જાગે તે કરતાં આવાં વેળાસરનાં બંડો જાગે તે તરફ જૈનોએ સહાનુભૂતિ દાખવવી જોઇએ." ('પ્રજાબંધુ'માંથી ઉધ્ધૃત)

પરાધીન

ગરીબ માબાપના કુટુંબમાં કમળાનો જન્મ થયો, ત્યારે માબાપના હર્ષનો પાર રહ્યો નહિ. આડોશી પાડોશીઓએ કમળાને જોઇને નક્કી કર્યું કે કમળા ખુબજ સુંદર થશે. અને એ લોકોની વાત એકદમ સાચી ઠરી. કમળાની ઉમર વધવા માંડી, એમ એમ એનું રૂપ વધવા માંડયું. સોળ વર્ષની કુમળી વયે તો કમળા એ ગામની અજોડ રૂપસુંદરી ગણાવા લાગી. ગામના યુવાનોની નજર કમળા પર ઠરવા માંડી, પરંતુ એ લોકોને કયાં ખબર હતી કે કમળાને તો બ્હારગામનો કોઇ શેઠીઓ ઉપાડી જવાનો છે.

કમળાની ઉમર વધવા માંડી, એમ એમ માબાપની ચિંતા પણ વધવા માંડી. એમને થયું કે આટ આટલાં રૂપ કોને ઘેર સમાશે ? ગામમાં તો એમની નજર કયાંય ઠરતી નહોતી. ગામના બધા જુવાનિયા એમને મન કમળા માટે ગરીબ ને એથી નાલાયક લાગ્યા. છેવટે ગરીબ માબાપની નજર ઠરી પાસેના શહેરના નગરશેઠના છોકરા મોહનરાય પર. મોહનરાયના પિતા જગુશેઠ શહેરમાં ખુબ આગળ પડતા ને ધનવાન ગણાતા હતા. એમની જાહોજલાલી અને વૈભવો લોકોને આંજી દે તેવાં હતાં. આવી જાહોજલાલીમાં,–અસંખ્ય નોકરો અને ઘોડાગાડીઓની વચમાં–મોહન ઉછર્યો હતો. કમળાના માબાપે જ્યારે કમળા માટે માંગુ નાખ્યું ત્યારે પહેલાં તો જગુશેઠે નાસંમતિ દર્શાવી, પણ છેવટે કમળાને જોયા પછી એમને લાગ્યું કે કમળા એમના ઘરમાં શોભશે અને તેથી એમણે વેવિશાળ નક્કી કર્યું.

આજે તો કમળાનો હરખ માતો નહોતો. સાસરેથી આવેલા હીરામોતીના દાગીના પહેરી કમળા ચારેબાજુ રૂમઝુમ ફરતી હતી. કમળાની સખીઓને મન કમળા હવે કમળાશેઠાણી બની હતી. કમળા જ્યાં જાય ત્યાં આજે લોકો એના એવા ભાગ્યની અને એના માબાપની પ્રશંસા કરી રહ્યા હતા. કમળાના માબાપ દાગીના ને કપડાનો ઢગલો જોઇ રાજીરાજી થઇ ગયા હતા. નહાના નહાના ભાઇબહેનો ખુબ આનંદમાં આવી જઇ બોલતાં હતાં કે "બહેન ખુબ પૈસાદાર થશે, આપણને મઝા પડશે." કમળા પણ આજે કંઇ એવાજ વિચારો કરી રહી હતી. એણે પોતાનો બુઢ્ઢા બાપાને જોઇને નક્કી કર્યું કે "હું પરણીશ પછી મ્હારા બાપાને કામ નહિ કરવા દઉં. હું કહીશ કે બાપા ! તમારે મ્હારા જેવડો પૈસા દાર દીકરો હોય તો તમે તેના પૈસા ખ્યો કે નહિ ? તો પછી મ્હારા પૈસા કેમ લેતા નથી ?" પછી એને વિચાર આવ્યો પોતાની બ્હાલી બાનો. એને થયું "ના, ના, બા આ ગામમાં રહે અને હું પેલા શહેરમાં આટલી મઝા કરૂં એ ન જ બને." છેવટે એણે નક્કી કર્યું કે " બા, બાપા માટે શહેરમાં મ્હારા બંગલા નજીક એક ઘર બંધાવીશ અને બાને ત્યાં પણ હું રસોઇઆ નોકર મોકલીશ." આમ વિચારતી કમળાના મ્હોં પર સંતોષ છવાયો, ત્યાં એની નજર પડી પોતાના લાડીલા નહાના ભાઇ પર. એકદમ એણે પોતાના ભાઇને પાસે બોલાવ્યો, અને બોલી; "રમુ આ વર્ષે તું પહેલે નંબરે પાસ થઇ જજે હોં ! હવે તો જો હું તને વિલાયત ભણવા મોકલીશ. પછી છે ને, તું મોટો ડોકટર થઇને આવજે" રમુ તો એકદમ બહેનને વળગી પડયો અને બોલ્યો, 'અહાહા, હું વિલાયત જઇશ. કેવી મઝા".

આખું વર્ષ કમળાએ ભવિષ્યમાં પોતે શું કરવું, અને પોતાના માબાપને કેવી રીતે સુખી કરવાં તેના વિચારો કર્યા કર્યા. એમ એમ કરતાં છેવટે લગ્નનો દિવસ આવી પહોંચ્યો. જગુશેઠ પોતાના દીકરાને પરણાવવા ખુબ મોટી જાન લઇને આવ્યા. નાત

જમણેથી ને ગામજમણેથી એમણે સારાયે ગામને થોડા દિવસ ગાંડું બનાવી મૂક્યું. છેવટે કમળાને વિદાય કરવાનો દિવસ આવ્યો. વિદાય કરતી વખતે કમળાની બા ખુબ રોવા માંડી. બધાંય ઉદાસ થઇ ગયાં. કમળાએ કહ્યું "રડે છે શું કામ બા, થોડાજ દિવસમાં તને મ્હારી પાસે બોલાવીશ."

સાસરામાં આવતાં કમળાની આખી જીંદગી જ ફેરવાઇ ગઇ. ગરીબ માબાપની દીકરી એકદમ પૈસાદાર કુટુંબમાં વહુ થઇને આવી છે. ડગલે ને પગલે સાસુ કંઇને કંઇ બાબતમાં કમળાને ટોકયા કરે છે. કોઇ દિવસ કહે છે, 'આ સાડીની જોડે આ દાગીના પહેરો' અને કોઇ દિવસ કહે છે 'આ સાડીની જોડે આ ચંપલ પહેરો.' એક દિવસ કમળાને ચાલીને ફરવા જવાની ઇચ્છા થઇ. સાસુએ એકદમ સમજાવ્યું કે આપણાથી તો મોટરગાડી વગર જવાયજ નહિ. બીજે દિવસે કમળાની દાસીએ એને કહ્યું કે "તમે તો મોટા ઘરની વહુ, તમારાથી ખડખડ હસાય નહિ કે બહુ મોટેથી વાતો થાય નહિ. તમારે તો મોભામાં રહેવું જોઇએ." કમળાને થયું, 'ઓહો શું મોટા ઘરની મોટાઇ છે !'

કમળાની બ્હેનપણી સાવિત્રી આજ શહેરમાં પરણી હતી. એક દિવસ એ કમળાને મળવા આવી. વાતમાંને વાતમાં એણે કમળાને કીધું, "તમે આટલા પૈસાદાર શું કામ બે ત્રણ માસ્તરો રાખી સંગીત વગેરે શીખતા નથી". કમળાને આ વાત ગમી. રાત્રે જ્યારે એણે પોતાના પતિને વાત કરી ત્યારે એમણે એકદમ ઠંડકથી કહી દીધું કે 'ઘરમાં માસ્તરો ઘુસાડવા એ મને ગમતું નથી.' કમળા તરત બોલી, 'તો બાઇ રાખી આપો !' પતિ આંખ સહેજ ઉંચી કરી બોલ્યા, 'બૈરાંઓ પછવાડે એવા પૈસા બગાડવાનો અમારા ઘરનો રિવાજ નથી.' કમળાને થયું. 'હું ગરીબ માબાપની દીકરી પૈસાદારના રીતરિવાજ કયારે જાણીશ ?"

એક દિવસ સાસુએ કમળાને કહ્યું "વહુ, આજે ખરીદી કરવા જવાના છીએ, માટે બપોરે તૈયાર રહેજો." બપોરે કમળા સાસુજી સાથે એક પ્રખ્યાત કાપડીઆની દુકાને ગઇ. ત્યાં ભાતભાતની સાડીઓ જોઇ એને થયું, "મ્હારી બહેનો માટે પણ સાડીઓ લઉં." એણે સાસુને કહ્યું "બે સાડી વધારે ખરીદીએ તો ! મ્હારી બહેનો માટે લેવી છે," સાસુ બોલ્યા, "ટાણે અવસરે બહેનોને આપજો" કમળાને થયું 'પૈસાદારો ભારે જબરાં."

કમળાનો ભાઇ આ સાલ મેટ્રીકમાં આવ્યો છે. એણે બહેનને કાગળ લખ્યો કે 'મ્હારે આટલી ચોપડીઓ જોઇએ છીએ, માટે તું ખરીદીને મોકલ.' કાગળ વાંચીને કમળા વિમાસણમાં પડી. એને થયું સાડીના બનાવ પછી પૈસા માંગવા કે નહિ. છેવટે હિંમત કરી એક દિવસ એણે મ્હેતાજીને કહ્યું "મ્હારે પચ્ચીશ રૂપીયા જોઇએ છે." મ્હેતાજી બોલ્યા, "મોટાં બાઇની રજા વગર અમારાથી કંઇ અપાય નહિ." કમળા તો એકદમ ભોંઠી પડી ગઇ. એને થયું 'મ્હેતાજી આગળ મ્હેં શું કામ મોભો ખોયો" ?

કમળાને સાસરે આવ્યે છ મહિનાં થઇ ગયા છે. એને પિયર જવાની ખુબ ઇચ્છા છે. પણ સાસુ સસરાનો એવો મત છે કે વહુ ગરીબ માબાપને ત્યાં જઇ આપણા સંસ્કાર ભૂલી જશે. છેવટે એક દિવસ કમળાના ભાઇનો કાગળ આવ્યો. એમાં જણાવ્યું હતું કે "બાપાની છેલ્લી ઘડી છે, તને જોવા ઇચ્છે છે" ને પાછું લખ્યું'તું કે 'જે તારાથી બની શકે તો થોડી દવાઓ ને ફળો લેતી આવજે" સાસુએ પિયર એક દાસી અને ભૈયાને સાથે લઇને જવાની રજા આપી. કમળાને થયું 'મ્હારા માબાપ આને કયાંથી ખવરાવશે ?' પિતાની દવાઓ માટે કમળાએ પતિને ડરતાં ડરતાં કહ્યું "મ્હારા પિતા માંદા છે એટલે થોડા પૈસા જોઇએ છે." આ વાત સાંભળીને પતિ બોલ્યા. 'તને પાળવા બંધાયા છીએ કે તારા માબાપને ?' આ વખતે કમળાને ખુબ દુઃખ થયું. એને થયું "આના કરતાં કોઇ ગરીબને પરણી હોત તો સારૂં હતું."

બે મહિને કમળા જ્યારે પિયરથી સાસરે આવી, ત્યારે એણે પોતાના રૂમમાં ઠેર ઠેર દારૂના શીશા જોયા. એણે દાસીને પૂછયું, 'ઘરમાં આ બધું કોણ લાવે છે ?" દાસીએ કહ્યું "મોહનબાબુ.' ને કમળાને માથે વજ્ર પડયું. એણે સ્વપ્ને પણ ધાર્યું નહોતું કે પતિ દારૂડીયો હશે. કમળાએ પતિને વિનવવાનું નકકી કર્યું. હિંમત કરીને દારૂથી ચકચુર થયેલા પતિ પાસે ગઇ. પતિને ખુબ વિનવ્યો. પણ જવાબમાં માર ને લાતો સિવાય કંઇ મળ્યું નહિં. છેવટે પતિએ સંભાળાવ્યું કે "બહુ ડહાપણ કરીશ તો તારા પર બીજી લાવીશ".

દુઃખી કમળાને થયું કે "આ ઘર છોડીને કયાંક જતી રહું". પણ એની બીજી જ પળે થયું, "હું કયાં જઇને રહીશ ? મારૂં પેટ કોણ ભરશે ?" આવા વિચાર કરતી હતી, ત્યાંજ કમળાની નજર રૂમમાં કામ કરતી દાસી પર અને જોડેના બંગલામાં કામ કરતી મજુરણ પર પડી. તરતજ કમળાએ મોટો નિસાસો નાંખ્યો ને બોલી "હે ઇશ્વર ! આ મજુરણ જાણે છે કે મજુરી કરીને પેટ ભરી શકાય. આ દાસીને ખબર છે કે પેટ ભરવું એ કંઇ મોટી વાત નથી. પણ હું પૈસાદાર કુટુંબની વહુ, આ બોટાં માનમર્યાદા છોડીને કયાં જઉં ને કેવી રીતે પેટ ભરૂં ?" **ચંદ્રા**

જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક

ઉપરોકત સ્મારકના ટ્રસ્ટ બોર્ડ તરફથી નિવેદન કરવામાં આવે છે કે 'જૈન ધર્મ' અને 'જૈન સાહિત્ય' અથવા તો તે અંગેની પ્રાચીન શોધખોળ તથા પુરાતત્વને લગતી કૃતિઓ તૈયાર કરાવવી તેમ જ પ્રગટ કરવી એ ઉપરોકત સ્મારક કાર્યનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી જૈન- જૈનેતર વિદ્વાનો તેમ જ લેખકોને પોતાની પાસે તેવા પ્રકારની કૃતિઓ, લેખો કે યોજનાઓ- જે કાંઇ હોય તે- નીચેના ઠેકાણે મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

મોહનલાલ દીપચંદ ચોકસી
માનદ મંત્રી.

ઠે. ઝવેરાનો જુનો માળો, ચોથો માળ, તાંબાકાંટો, **મુંબઇ**, ૩.

ગાંધીજીની આગમવાણી

આ પ્રેરણાદાયી પ્રવચન સ્વતંત્ર પુસ્તિકાના આકારમાં પ્રગટ કરવામાં આવેલ છે. પર્યુષણ કે એવા ધાર્મિક પ્રસંગોએ વહેંચવા માટે ખાસ ઉપયોગનું છે. તેની કીંમત દરેક નકલનો અરધો આનો રાખવામાં આવેલ છે. પોસ્ટેજ અલગ. જેને ખપ હોય તેણે મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાંથી મંગાવી લેવી અથવા તો પોસ્ટ સ્ટેમ્પ સાથે નીચેના સરનામે લખી મોકલવું.

તંત્રી, 'પ્રબુદ્ધ જૈન'
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, **મુંબઇ-૩.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૯

મુંબઇ : ૩૧ ઓગસ્ટ ૧૯૪૦ શનિવાર.

લવાજમ
રૂપિયા ૨

પર્યુષણ વ્યાખ્યાનમાળા શા માટે ?

આ વ્યાખ્યાનમાળાના ઉદ્દેશ વિષે કંઇક ખુલાસો કરવો યોગ્ય છે. આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ ગુરુપદ મેળવવાનો અગર તો કોઇનું વાસ્તવિક ગુરુપદ નષ્ટ કરવાનો નથી. એજ રીતે આનો ઉદ્દેશ પૂજા પ્રતિષ્ઠા મેળવવાનો અગર અર્થપ્રાપ્તિનો પણ નથી. જે લોકો શ્રધ્ધાળુ છે અને આદર ભક્તિથી પજુસણની ચાલતી પરંપરામાં રસ લે છે તેમને ક્રિયાકાંડમાંથી અથવા તો વ્યાખ્યાન–શ્રવણમાંથી છોડવવાનો પણ આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ નથી. ત્યારે આનો ઉદ્દેશ શો છે એ પ્રશ્ન તો રહે જ છે.

આજે વિશ્વ સાથેના સંબંધની દૃષ્ટિએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ અને સમાજ તેમજ કુટુંબની દૃષ્ટિએ કેટલાય પ્રશ્નો ઉભા થયા છે અને ઉભા થતા જાય છે અને એ પ્રશ્નો છેક જ અસ્થાને નથી; ધાર્મિક સંબંધ વિનાના પણ નથી. એટલે તેની વ્યવહાર દૃષ્ટિએ અને ધાર્મિક દૃષ્ટિએ ચર્ચા કરવી પ્રાપ્ત થાય છે. ગમે તેટલો મોટો મુડીદાર અને બીજાની પરવા વિના પોતાનું તંત્ર ચલાવ્યે રાખનાર એક એકલવાયા વ્યાપારી જૈનને કોઇ રાષ્ટ્રસેવક જઇને કહેશે કે તમે સ્વદેશી કપડાં પહેરો ! અને તો ખાદી સ્વીકારો ! કોંગ્રેસનું ફરમાન છે. જૈન ધર્મ પણ પહેલાં પડોસી ધર્મનો અભ્યાસ કેળવી પછી જ વિશ્વધર્મી થવાની શક્યતા દર્શાવે છે. તો આ સાંભળી પેલા પૈસાદાર જૈનને રાષ્ટ્રીય અને ધર્મદૃષ્ટિએ સ્વદેશી વસ્તુ વિષે વિચાર અગર નિર્ણય બાંધ્યા વિના નહિ ચાલે. ધારો કે એક ભાઇ ખૂબ શાંત અને વયોવૃધ્ધ છે. તેમની વિધવા લઘુ પુત્રી, ભગિની અગર પુત્રવધૂએ કાંઇક ભૂલ કરી છે અને ભૂલને પરિણામે તે ધર્મસંકટમાં આવી છે. ગમે તેવો શાંત, અલિપ્ત, અને જગતથી બેપરવા રહેવા તે પ્રયત્ન કરતો હશે. છતાં તે વખતે તેને સામાજિક પ્રશ્નનો ધાર્મિક દૃષ્ટિએ ઉકેલ કરવો જ પડશે. એ ગર્ભહત્યા થવા દેશે કે પ્રસૂતિગૃહમાં એ બાઇને મોકલી બન્ને જીવને બચાવી લેશે કે એ જાહેર હિમ્મત દાખવી જો એ બાઇ ઇચ્છતી હશે તો એનું પુનર્લગ્ન કરશે ? એ એક કોયડો છે. વડિલને પૂછ્યા વગર કોઇ વિધવાએ ચુપચુપ લગ્ન કર્યું તો સામાજિક નિંદાના ભયથી એના વડિલો એને ધુત્કારી કાઢવામાં ધર્મ માનશે કે એને પ્રેમથી અપનાવી લેવામાં ? એ પ્રશ્ન પણ આવશે. પિતા પરદેશગમન અને અંગ્રેજી ભણતરથી ગમે તેટલો વિરૂધ્ધ હશે. પણ છોકરાઓ અને છોકરીઓ જો એ રસ્તે જતાં હશે તો શું તેમનો ત્યાગ કરશે કે તેમને અપનાવી તેમનામાં કોઇ દોષ ન દાખલ થવા પુરતીજ સંભાળ રાખશે ? એ પણ એક કેળવણી અને ધાર્મિક દૃષ્ટિએ પ્રશ્ન છે. એક બાજુ કોઇપણ જાતનું સામુદાયિક અગર ધાર્મિક દ્રવ્ય કયાંય અને કયાંય જમે પડયું હશે અને કદાચ ધીરે ધીરે બરબાદ પણ થતું જતું હશે. તે જ વખતે કોઇ અસાધારણ રાષ્ટ્રીય જરૂરીઆત આવી પડી, અગર આર્થિક મુશ્કેલીથી સામાજિક વિપ્લવ ઉભો થયો, અગર ધાર્મિક ગુરૂઓને મોટે ખર્ચે કેળવવાની તક આવી પડી અને પછી કોઇ પ્રશ્ન કરશે કે પેલા અનામત પડી રહેલ પૈસાનો આ બાબતોમાં ઉપયોગ કરી શકાય કે નહિ ? અને ન કરી શકાય તો શા કારણે ? તેમજ કરી શકાય તો કઇ શરતે ! આ બધા પ્રશ્નો પણ આજે ન હોય તો કાલે આવવાના. એટલે એકંદર આખું જ જીવન બધા પ્રશ્નોને લગતા સમયાનુકુળ અને સતર્ક ખુલાસા માગે છે.

આ માટે વિચારજાગૃતિ જોઇએ. વિવિધ જાતનું વાચન અને મનન જોઇએ. નિર્ણય શક્તિ જોઇએ. આ પ્રશ્નો તરુણ અને વૃધ્ધ વર્ગમાં આજે ચર્ચાઇ રહ્યા છે. હાઇસ્કુલ અને કોલેજના તરુણ વિદ્યાર્થીઓ, વકીલો, ડોકટરો, પ્રોફેસરો, અને બીજા કેળવાએલા લોકોના માનસમાં જ્યારે અને ત્યારે આવા જ પ્રશ્નો ઉભા થાય છે. ઘણા ખરા તો આવા પ્રશ્નોનું નિરાકરણ ધાર્મિક અને પોતાની પરંપરાની દૃષ્ટિએ કરવા માંગે છે. વળી આવા વિચાર–પ્રેમીમાં કેટલોક વર્ગ એવો છે કે તેને ચાલુ પજુસણની પરંપરામાં રસ નથી. એટલે તે આવા પુણ્ય દિવસોમાં મળેલ વખતનો ઉપયોગ કાં તો ગપગોળામાં અને કાં તો રખડપટ્ટીમાં અને કાં તો અવ્યવસ્થિત તર્ક જાળમાં કરે છે. આને બદલે તેઓને વિચાર કરવાની, વિચાર સાંભળવાની અને નિર્ણયો બાંધવાની તક આપવામાં આવે તો તેઓ કદાચ ક્રિયાકાંડની દૃષ્ટિએ નહિ, છતાં વિચાર અને સદાચારની દૃષ્ટિએ તો જૈન બની રહેવાના.

જમાનો જ્યારે વિચારજાગૃતિ અને જ્ઞાનનું ખેડાણ માંગે ત્યારે એને યોગ્ય રીતે એ વસ્તુ પુરી પાડવામાં જ લાભ છે. એટલે આ વ્યાખ્યાનમાળા ખરી રીતે પજુસણની જે પ્રાચીન પરંપરા ચાલે છે તેની સામયિક પુરવણી માત્ર છે. વધારે સારૂં અને યોગ્ય કાર્ય તો ત્યારે થશે કે જ્યારે ધર્મગુરુઓ પોતેજ ધર્મસ્થાનોમાં આ બધા પ્રશ્નો ઉપર વિચારપૂર્વક અને ઉદારતા-પૂર્વક અસાધારણ પ્રકાશ નાંખશે. એ સમય જલ્દિ આવે તે માટે જ આ વ્યાખ્યાનમાળા છે. જ્યારે ચોમેર જિજ્ઞાસા, જ્ઞાન અને વિવિધ વિચારોનું વાતાવરણ ઉભું થશે, ત્યારે આચાર્ય મહારાજાઓને એ ભૂમિકામાં આવવું સહેલું થઇ જશે, કારણ કે તેઓશ્રી ધર્મસ્થાનોમાં રહે છે અને તે સ્થાનોમાં પ્રકાશ બહુજ ધીરે ધીરે પ્રવેશ કરે છે. તેથી આવી વ્યાખ્યાનમાળાઓ માત્ર જિજ્ઞાસુઓને પગથીએ ચઢાવવા પુરતી જ છે.

પંડિત સુખલાલજી

+ જૈનત્વ પ્રચારક મંડળે કેટલાંક વર્ષો પહેલાં યોજેલી વ્યાખ્યાનમાળામાં અપાયેલ અપ્રગટ વ્યાખ્યાન ઉપરથી.

સમાચાર કર્ણિકા

સાર્વજનિક પુસ્તકાલય ઉદ્ઘાટન સમારંભ

તા. ૧૭–૮–૪૦ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલ સાર્વજનિક પુસ્તકાલયના ઉદ્ઘાટનનો સમારંભ મુંબઇ ઇલાકાના માજી વડા પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો. સભામાં ભાઇ બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રારંભમાં કુમારી ચંદાબહેન દુર્લભજી ઉમેદચંદે પ્રાર્થના ગીત ગાઇ સભળાવ્યું. ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ પ્રસંગોચિત નિવેદન સાથે શ્રી. બાળા સાહેબ ખેરને સભાનું કામકાજ શરૂ કરવા વિજ્ઞપ્તિ કરી. ખેર સાહેબની આજ્ઞાથી પુસ્તકાલયના મંત્રી શ્રી અમીચંદ ખેમચંદ શાહે નીચે મુજબ નિવેદન કર્યું હતું.

પુસ્તકાલયના મંત્રીનું નિવેદન

જૈન સમાજના ભૂતકાળમાં જેને જેને જ્યારે જ્યારે ફીક લાગ્યું ત્યારે ત્યારે ધર્મ અને સમાજના નામે અનેક રૂઢીઓ દાખલ કરવામાં આવેલી. આ રૂઢિઓને પોષવા ધનીકો છુટે હાથે ધનનો ઉપયોગ કરી રહ્યા હતા. સાધારણ વર્ગ રૂઢિઓના દબાણથી હાલ-હવાલ થઇ રહ્યો હતો. કોઇ કોઇ ઠેકાણે ચીનગારીઓ મૂકાતી તેને સત્તાના જોરે દબાવી દેવામાં આવતી. તેવા વખતે જગતના સર્વોત્તમ પૂજ્ય બાપુજીએ કંઈ કાળથી ઘોરતા ભારતને કુનેહથી જાગૃત કરવા અનેકવિધ પ્રવૃતિઓ શરૂ કરી. તેની અસર જૈન સમાજના યુવક વર્ગ ઉપર પણ થઇ અને જૈન યુવાન વર્ગ જાગૃત થયો. તેણે આજથી અગીયાર વર્ષ પહેલાં આ યુવકસંઘની સ્થાપના કરી.

સ્થાપના કરીને તરતજ ધાર્મિક ને સામાજિક રૂઢિઓ સામે, તેના સત્તાધીશોની સત્તા તોડવા સમાજને કેળવવા આંદોલન ઉભું કર્યું. અનેક શહેરોમાં યુવક સંઘોની સ્થાપના થઇ યુવક પરિષદો ભરાઇ. પ્લેટફોર્મ ને પ્રેસનો ફીક ફીક ઉપયોગ થયો. યુવક વર્ગ જાગૃત બન્યો અને ધર્મ તથા સમાજના ઠેકેદારોની સત્તાઓના શસ્ત્ર બુઠાં થયાં.

ધર્મના બની બેઠેલા ઠેકેદારો, સમાજના પટેલો અને તેમની હામાં હા ભણનાર ધનીકો વચ્ચે સગા ભાઇઓ જેવો સંબંધ હોય છે, એટલે રૂઢિના બંધનો તોડવાનો પ્રયત્ન કરનાર સંસ્થા માટે મખમલનુ બીછાનું હોતું નથી, પણ કાંટાનું બીછાનું હોય છે. એટલેજ રચનાત્મક કાર્યક્રમ એને માટે મુશ્કેલ થઇ પડે છે. કારણ રચનાત્મક કાર્યક્રમ નાણાંની પૂરી સગવડ માગે છે.

છતાં યુવકસંઘના એ ખ્યાલમાં જ છે કે આજની બેકારી માટે કંઇ કરવું જોઇએ, સમાજના બાયકાંગલા યુવકો અને બાળકો માટે વ્યાયામશાળા ઉભી કરવી જોઇએ, મુંબાદેવી ને પાયધુની જેવા ભરચક લત્તામાં એક પણ વાંચનાલય અને પુસ્તકાલય નહિ હોવાથી વાંચનાલય તથા પુસ્તકાલય કાઢવું જોઇએ. આવાં અનેક ઉપયોગી કાર્યો કરવાની સંઘની ઇચ્છા છે અને એ ઇચ્છાએજ સંઘની કાર્યવાહી સમિતિએ તા. ૧૬–૧–૪૦ ના રોજ વાંચનાલય અને પુસ્તકાલય કાઢવાનો ઠરાવ કર્યો.

તમને એમ લાગશે કે આ ઠરાવનો અમલ કરવામાં સાત સાત મહિનાનાં વહાણાં વાયાં. તમારું કહેવું સાચું છે. જો સંઘનુ ચાલત તો સાત દિવસમાંજ ઠરાવનો અમલ થાત. પરંતુ સંઘના અંદાજપત્રનું ઉધાર બાજુનું ત્રાજવું હમેશ માટે નમતું જ રહે છે. એટલે નાણાં એકત્ર કરવા એક સમિતિ નીમેલી. આ સમિતિનો મુખ્ય આધાર સંઘના સભ્યો ઉપર જ હતો કારણ કે જે સંસ્થા ધર્મના બની બેઠેલા ઠેકેદારોની સામે માથુ ઉંચુ કરે, ચોરીછુપીથી ગર્ભરૂ બાળકોને સંતાડી, ભગાડી તેમજ અનેક પેતરા રચી દીક્ષા આપવામાં પાવરધા બનેલાઓની સામે મોરચા બાંધે, વડોદરા જેવા રાજ્યમાં અયોગ્ય દીક્ષા અંગે કાયદા ઘડાવે, અયોગ્ય રસ્તે ધનને વેડફી નાખનાર સામે આંગળી ચીંધે–એવી સંસ્થાને પૈસાની મદદ કરવા જતાં ગુરૂજી કોપાયમાન થઇ જાય, એટલે એવા ઘેલા ભકતો તરફથી આર્થિક મદદની કશી આશા ન રાખતા સંઘના સભ્યોમાંથીજ સમિતિએ ત્રણ વર્ષ માટે વર્ષના બે હજારનાં વચનો મેળવ્યાં અને તા. ૧–૫–૪૦ થી સંઘની ઓફીસમાં વાંચનાલય શરૂ કરવામાં આવ્યું આ વાંચનાલયમાં રોજીંદા ૪, અઠવાડીક ૧૧, પાક્ષિક ૪, ને માસિક ૨૩ મળી કુલે ૪૨ છાપાં આવે છે. તેમાં જાણીતા રજાના દિવસો સિવાય હંમેશા સવારના ૮ થી ૧૧ સાંજના ૫–૮ વાંચનાલય ખુલ્લું રાખવામાં આવે છે. તેનો સરેરાશ ૪૦ ભાઇઓ લાભ લે છે.

જે પુસ્તકાલય આજે ખુલ્લું મુકાવાનું છે તેમાં ૨૨૨૦ પુસ્તકો છે, એ પુસ્તકોનાં ૪૦ ભાઇ બહેન સભ્યોએ ૧૫૮૦ પુસ્તકો ભેટ આપ્યાં છે, અને ૬૪૦ ખરીદ કર્યાં છે. પુસ્તકોમાં હીંદી ૧૨૫, અંગ્રેજી ૧૪૫ અને ગુજરાતી ૧૯૫૦ છે અને તેમાં જૈન ધર્મને લગતાં ૩૭૫ નો સમાવેશ થઇ જાય છે.

જે ભાઇ બહેનોના ઘરમાં કબાટની શોભા પૂરતાં જ પુસ્તકો પડયાં હોય, તેમ જેઓની પાસે નાણાં અંગે ઉઘરાણું કરવા સમિતિ ન જઇ શકી હોય તે સર્વેને પુસ્તકો તેમજ નાણાં આપવા આ પ્રસંગે વિનંતિ કરૂં તો અયોગ્ય નહિ લેખાય.

જે ભાઇ બહેનોએ વાંચનાલય તેમજ પુસ્તકાલયના એનો છાપાં પુસ્તકોઅને નાણાં આપીને આ પ્રવૃત્તિને વેગવતી કરી છે તેમજ જેમણે બીજી જે કાંઇ મદદ કરી છે તે સર્વનો અહિં અન્તઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે

ત્યાર બાદ પ્રસંગોચિત્ત વિવેચન કરતાં શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ કાર્નેગી પુસ્તકાલયની દેશવ્યાપી પ્રવૃત્તિનો સુન્દર ખ્યાલ આપ્યો. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે જણાવ્યું કે પુસ્તકાલય એ જાહેર-મત-કેળવણીનું એક અતિ અગત્યનું સાધન છે. તે વડે વિચારકેળવણીની મોટી સગવડ પુરી પાડવામાં આવે છે. દેશ દેશની સરકારો આજે લોકકેળવણીને લગતાં સર્વ સાધનો ઉપર નિયંત્રણ મુકી રહી છે. શિક્ષણ સંસ્થા ઉપર અંકુશ; છાપાઓ ઉપર અંકુશ; પ્રગટ થતા સાહિત્ય ઉપર અંકુશ; સીનેમા અને રેડીઓ ઉપર અંકુશ. પોતાના અસ્તિત્વને બાધક હોય એવા સત્યનું પ્રકાશન પણ રાજ્યદ્રોહની કલમ નીચે આવી જાય છે. આ અંકુશોથી સાહિત્ય પ્રકાશનો અને છાપાઓ મુક્ત થવાં જોઇએ અને સત્ય જ્ઞાન પ્રાપ્ત થવાની લોકોને પુરી સગવડ મળવી જોઇએ. પહેલાનું સાહિત્ય અને કળાકૃતિઓ ઘણું ખરૂં ધનવાનોનું મનરંજન કરવા અર્થે નિપજતી હતી. આજનું સાહિત્ય ભદ્રલોકના (મધ્યમ વર્ગના) જીવનનું પ્રતિબિંબ હોય છે. આગામી સાહિત્ય અને કળાકૃતિઓ આમ જનતાના જીવનની પુરેપુરી પ્રતીક બનવી જોઇએ. ત્યારબાદ શ્રી. શાન્તિલાલ શાહે વિવેચન કરતાં સાહિત્ય સંગીત અને કળા એ તો ધનવાનોના મનોરંજનના સાધનો હોઇને તેથી વંચિત રહેતી આમ જનતાને પુંછડા શિંગડા વિનાના પશુઓ કહેવામાં આવે છે તે પાછળ બુઝર્વાની મનોદશા સિવાય બીજું કશું નથી. ધર્માચાર્યો અને ધનવાનો એકમેકના પ્રભુત્વનું સમર્થન કર્યા કરે છે અને ગરીબોને દબાયેલા રાખે છે; ગરીબોને

ધર્મસાહિત્યનું અનુપાન કરાવીને ઘેનમાં રાખવામાં આવે છે અને પૂર્વ કર્માનુસારિણી આજની સ્થિતિમાં સંતોષ માની લેવાનો ઉપદેશ આપવામાં આવે છે. આ ઘેનમાંથી જે છોડાવે અને સ્વતંત્ર વિચાર અને સ્વતંત્ર બનવાની તમન્ના જે જાગૃત કરે એજ સાચું સાહિત્ય કહેવાય ત્યાર બાદ સમારંભપ્રમુખ શ્રી. બાળ સાહેબ ખેરે એક ભાવનાપૂર્ણ હૃદયંગમ વ્યાખ્યાન આપ્યું, જે આ અંકમાં અન્યત્ર વિગતવાર આપવામાં આવ્યું છે. ત્યારબાદ સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે પ્રમુખ સાહેબ તેમજ અન્ય સજ્જન સન્નારીઓનો ઉપકાર નિવેદન કરતાં કેટલુંક પ્રસંગોચિત વિવેચન કર્યું અને અન્તિમ 'વન્દે માતરમ્' સાથે સભા વિસર્જન કરવામાં આવી.

મહુવા જૈન બાલાશ્રમ ઉદ્‌ઘાટન

તા. ૧૫-૮-૪૦ ના રોજ મહુવા ખાતે શેઠ કશળચંદ કમળશીએ રૂ. ૩,૫૦૦૭ ના ખર્ચે બંધાવેલ એક બાલાશ્રમનુ મકાન શ્રીમાન્ કાન્તિલાલ ઇશ્વરલાલના હાથે ખોલવામાં આવ્યું હતું. આ સમારંભનું પ્રમુખસ્થાન ભાવનગર રાજ્યના દિવાન શ્રી. અનન્તરાય પટણીએ લીધું હતું. શેઠ કશળચંદનું જીવન આર્થિક ચડતિ પડતિના ચક્રમાંથી અનેકવાર પસાર થયું છે. જ્યારે જ્યારે પાસે ધન આવ્યું ત્યારે સારાં સારાં કાર્યોમાં તેમણે ઠીક ઠીક સખાવતો કરી છે. આજે તેઓ ચડતિપડતિના ચક્રના અવરોહ સ્થાને છે એમ છતાં તેમણે આજ સુધીમાં કરેલી અનેક સખાવતોથી આજે પણ તેઓ ખરેખર ધનવાન છે.

શ્રી. શકુન્તલા કાં. ઈ. કન્યાશાળા.

શ્રી શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ જૈન કન્યાશાળા પોતાનો વિકાસ ઝડપભેર સાધી રહી છે. આજથી અઢી વર્ષ પહેલાં જે સંસ્થા કેવળ ત્રણ અંગ્રેજી ધોરણ સુધી ભણાવનાર સામાન્ય કન્યાશાળા હતી તે તેના ફંડની ઉત્તરોત્તર વૃદ્ધિ તેમ જ કાર્યકર્તાઓનાં ખંત અને ઉત્સાહના પરિણામે એક બાજુ એક બે વર્ષમાં એક સાધનસંપન્ન ગર્લ્સ હાઇસ્કુલ બનવાની સ્થિતિએ પહોંચી રહી છે; અને બીજી બાજુએ તે કન્યાશાળા એથી પણ ઓછા સમયના ગાળામાં પોતાનું મકાન પ્રાપ્ત કરવાની આશા સેવી રહી છે. આ કન્યાશાળાને આ સ્થિતિએ પહોંચાડવાનો સૌથી વધારે યશ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલને ઘટે છે, જેમણે ઉત્તરોત્તર આ સંસ્થાને મોટી મોટી સખાવતોથી પોષી છે, એટલું જ નહિ પણ જેમણે પોતાનાં સ્થાન અને લાગવગનો ઉપયોગ કરીને અનેક ધનિક જૈનો પાસેથી સંસ્થા માટે સારી સારી રકમો મેળવી આપી છે. આજે મરીનલાઇન્સ સ્ટેશન પાસે ક્વીન્સ રોડ ઉપર કન્યાશાળાના મકાન માટે સાડા તેરસો વાર જમીનનો પ્લોટ લગભગ સવાલાખની કીંમતે ખરીદવામાં આવ્યો છે અને તે ઉપર પોણા બેથી બે લાખ રૂપીઆ ખરચીને કન્યા શાળાની બધી જરૂરિયાતોને પહોંચી વળે તેવું મકાન બાંધવાની યોજના નક્કી કરવામાં આવી છે. આ એક મોટું સાહસ છે. આજની આર્થિક પરિસ્થિતિમાં આ યોજનાને પહોંચી વળવા માટે તેમજ આખી શાળાને મેટ્રીક સુધીનાં રીતસરના હાઇસ્કુલના ધોરણો પર્યન્ત પહોંચાડવા માટે ઓછામાં ઓછા હજુ બીજા બે લાખ રૂપીઆ એકઠા કરવા જ જોઇએ. આ માટે એક વગદાર કમીટી નીમવામાં આવી છે અને તેની શુભ શરૂઆત તરીકે શેઠ માણેકલાલ ચુનીલાલે રૂ. ૨૫,૦૦૭, શેઠ હીરાલાલ અમૃતલાલે રૂ. ૧૦,૦૦૭ અને શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલે બીજા રૂ. ૧૮,૦૦૭ આ સંસ્થાના નવા ફંડફાળામાં ભર્યા છે. મુંબઇનો જૈન સમાજ વિદ્યાર્થીઓ માટે એક સારી હાઇસ્કુલ હોવાનું અભિમાન ધરાવે છે; તેવી જ રીતે કન્યાઓ માટે એક સરસ હાઇસ્કુલ પ્રાપ્ત કરે એ ઇષ્ટ છે, અતિ આવશ્યક છે. મુંબઇના જૈન ધનવાનો બને તેટલી મદદ કરીને આ કાર્ય જલ્દિથી પાર ઉતારે એમ આપણે જરૂર ઇચ્છીએ.

'સત્ય સંદેશ' ઉપર સરકારની વક્ર દૃષ્ટિ

પંડિત દરબારીલાલજીના નેતૃત્વ નીચે 'સત્ય સંદેશ' નામનું એ હિંદી માસિક કેટલાક સમયથી નીકળતું હતું અને ધાર્મિક તેમજ સામાજિક પ્રશ્નોની નિડર સમાલોચના કરતું હતું. ઓગસ્ટ માસના અંકમાં ઉધમસિંહને ફાંસી અપાયાના સમાચાર છાપવા સાથે અમુક ટીકા કરવા બદલ હિંદી સંરક્ષણ ધારા નીચે મધ્ય પ્રાંતીય સરકારે રૂા. ૫૦૦૭ ના જમીન માગ્યા છે. પરિણામે 'સત્ય સંદેશ' હવેથી બંધ કરવાનો તેના સંચાલકોએ નિર્ણય કર્યો છે.

સ્વ. મણિલાલ ઘડિયાળી

ભાવનગર ખાતે યુવક પ્રવૃત્તિમાં બહુ સારો રસ ધરાવનાર અને જૈન સમાજના સ્થાનિક કાર્યોમાં ભાગ લેનાર શ્રી. મણિલાલ ઘેલાભાઇ ઘડિયાળીનું ગયા પખવાડીઆ દરમિયાન અવસાન થયું છે. આ બાબતની ખેદ પૂર્વક નોંધ લેવામાં આવે છે

કલકત્તામાં પર્યુષણ વ્યાખ્યાન માળા અને અન્ય સ્થળોએ પણ

કલકત્તાના તરૂણ જૈન સંઘ તરફથી આ વર્ષે ભારે આકર્ષક પર્યુષણ વ્યાખ્યાન માળા ગોઠવવામાં આવી છે. આ વ્યાખ્યાન માળામાં કલકત્તાના સ્થાનિક અનેક વિદ્વાનો ડો. કાલીદાસ નાગ, શ્રી. સતીશચંદ્ર ગુપ્તા. શ્રી. ગગનવિહારી મહેતા વગેરે ભાગ લેવાના છે એટલું જ નહિ પણ પંડિત સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, મહાત્મા ભગવાનદીનજી, પંડિત દરબારીલાલજી, શ્રી. જૈનેન્દ્રકુમારજી આદિ અનેક વિદ્વાનોને પણ નિમંત્રણ આપવામાં આવ્યા છે. મુંબઇ ખાતે કચ્છી દશા ઓસવાળ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ આવી એક વ્યાખ્યાન માળાની યોજના કરી છે અને અમદાવાદ જૈન યુવક સંઘે દરવર્ષ માફક આ વખતે પણ રસપૂર્ણ વ્યાખ્યાનમાળા ગોઠવી છે.

—શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિની ચુંટણીમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની પ્રતિનિધિ શ્રી વલ્લભદાસ પ્રભુચંદ મહેતા ચુંટાયા છે.

વિચાર કર્ણિકા

દરેક માણસને પોતાની જન્મગત ખાસિયતો હોય છે તદુપરાંત જન્મ્યા ત્યારથી તે ખાસિયતોને વશવર્તીને માણસ જગતના સંસર્ગથી અનેક પ્રકારના મન્તવ્યો જીવનના જુદા જુદા ક્ષેત્રો પૈકી બાંધે છે. તે જન્મગત ખાસિયતો ઉપરાંત તે મન્તવ્યો તેજ તે માણસ. તેનાથી વિરૂધ્ધ તે વર્તી જ શકતો નથી. એજ વસ્તુ જગતની વ્યકિત વ્યકિતની છે માટેજ 'મુંડે મુંડે મતિર્ભિન્ન' એવું અનુભવવાક્ય આખું જગત ઉચ્ચારે છે.

બાહ્ય વસ્તુઓ સદાએ આપણી ઇચ્છા અને માન્યતા અનુસાર જ બનવાને બંધાયેલી નથી. પણ આપણું મન તો બાહ્ય વસ્તુઓના સારા નરસાપણાના પ્રત્યાઘાતોથી સુખી કે દુઃખી થતું આપણે અટકાવી શકીએ છીએ. જેટલું આપણે તેમ કરવામાં અસમર્થ નિવડીએ, તેટલી આપણી કેળવણી, સંસ્કૃતિ અને જીવનજડ કાચી અને જગતમાં જન્મ્યા પછીની આપણે જે સાચી કમાઇ કરવાની છે તે અધુરી.

સુંદર વિચારો એ સુંદર જીવન નથી, એ તો ખાલી બુધ્ધિનો વૈભવ છે. માણસના જીવનને સુખદુઃખની લાગણીઓથી બચવા માટે તેનો કાળો નજીવોજ છે.

—એક મિત્રના પત્રમાંથી.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ઓગસ્ટ ૩૧ ૧૯૪૦

અહિંસાની ઉત્ક્રાન્તિ

(ગતાંકથી ચાલુ)

અહિંસાને વ્યક્તિગત જીવન ઉપર લાગુ પાડીને કઇ સીમા સુધી લઇ જઈ શકાય અને એ રીતે વ્યક્તિગત જીવનને કેવી રીતે પરિપૂર્ણ બનાવી શકાય એ સંબંધમાં ઇસુ ખ્રીસ્તે, ગૌતમ બુધ્ધે કે મહાવીર સ્વામીએ પોતપોતાની રીતે જગતને જે કાંઇ શિખવ્યું તેનો આપણે કેટલોક વિચાર આંગળના બે લેખોમાં કર્યો. અહિંસાને આથી વધારે વ્યાપક ક્ષેત્રમાં ઉતારવાનું અને ખાસ કરીને રાજકીય ક્ષેત્રમાં આપખુદ સત્તાની સામે સફળ વિરોધ કરવાના એક સાધન તરીકે વાપરવાનું કામ તો તે જ વ્યક્તિથી થઇ શકે તેમ હતું કે જેની નસેનસમાં અહિંસા જ વહેતી હોય અને સાથે સાથે જેનામાં રાજ્ય કરતી સત્તાના જુલ્મ, ત્રાસ, અન્યાય સામે દબાયલી પ્રજાનું પરિત્રાણ કરવાની અનિવાર્ય વૃત્તિ બળવાનપણે કામ કરતી હોય. આજ સુધી જે જે શુધ્ધ અહિંસા-પરાયણ જીવન ગાળનારા સાધુ પુરૂષો થઇ ગયા તે સર્વે મોટા ભાગે અન્ય સાંસારિક તેમ જ સામાજિક બાબતો માફક રાજકીય બાબતો પરત્વે પણ કેવળ વિરકિત ધરાવનારા જ હતા. બીજી બાજુએ જુલ્મી રાજસત્તાની ચુડમાંથી ચુંગળાતી પ્રજાને છોડવનાર દેશ દેશમાં અનેક સ્વાતંત્ર્યવિધાયકો થઇ ગયા કે જેનાં આજે પણ મુકતકંઠે માન ગવાય છે; પણ તેઓની સામે કદિ અહિંસાનો આદર્શ હતો જ નહિ. તેઓ બળ સામે બળ વાપરવામાં માનતા અને તે મુજબ જ પોતાની પ્રજાને દોરીને તેઓએ સ્વાધીનતા-આઝાદી- હાંસલ કરી હતી. ત્યારે ઉપરની બન્ને સરતો પુરી પાડે એવા તો જગતના પુણ્યયોગે આજે ગાંધીજી આ અવનિ ઉપર આવ્યા. દક્ષિણ આફ્રીકામાં કેવળ બેરિસ્ટર તરીકે ધંધો કરવા માટે તેઓ ગયા અને જતાંવેંતજ ત્યાં વસતી હિંદી પ્રજા ઉપર વર્તી રહેલો અને વધતો જતો ત્રાસ જોઇને તેઓ ક્ષુબ્ધ બન્યા; શરૂ કરેલી બેરીસ્ટરી એને ઠેકાણે રહી; અને પોતાના જાતભાઇઓના બચાવના માર્ગો યોજવામાં તેઓ ગુંથાયા. કોઇ પણ સમજાવટને અનુકુળ બનવાની ના પાડતી અને આખરે હડધૂત કરીને હિંદી પ્રજાને પોતાના લાંબી વસવાટની ભૂમિમાંથી હાંકી કાઢવાની મુરાદ સેવતી સર્વ સત્તાધીશ ગોરી રાજસત્તાનો વિરોધ શી રીતે કરવો અને હિંદી પ્રજાના હકકોનું સંરક્ષણ શી રીતે કરવું એ પ્રશ્ન ગાંધીજીને ભારે મુંઝવવા લાગ્યો. બળવો કરવો, મારામારી કરવી, જ્યાં ત્યાં ખુનો કરવા, ગોરી પ્રજાને બને તેટલી રંજાડવી-આમ કરવાથી ધ્યેયની સફળતા થાય તેમ હતું જ નહિ અને એમ કરવાથી સફળતા મળે તો પણ ગાંધીજી એ માર્ગે કદિ જાય તે તો બનેજ નહિ. અહિંસાનું અનુપાન ગાંધીજીએ ગળથુથીમાંથી જ કર્યું હતું. પોતે કોઇને આંગળી સરખી પણ અડાડે નહિ; તે અન્ય કોઇની મારપીટ કરવાનો તો આદેશ કેમ જ આપે? આ મન્થનમાંથી તેમને સત્યાગ્રહની યોજના તેમણે તે વખતે હયાતી ધરાવતા સન્તપુરૂષ ટોલ્સ્ટોયને જણાવી અને ટોલ્સ્ટોયે જાણે કે પોતાનો બીજો કોઇ સમાનધર્મી પૃથ્વીને બીજે છેડે જન્મ્યો હોય એમ આનંદમાં આવી જઇને એ યોજનાને ખુબ ખુબ આવકારી. ત્યાર પછી બનેલા ઇતિહાસે દુનિયાને જણાવ્યું કે પશુ-બળ સિવાય બીજી એક એવી શકિત છે કે જેને સંગ્રહિત કરીને ગમે તેવી નિશ્ચળ રાજ્યસત્તાને હંફાવી શકાય છે અને દબાયેલી નિઃશસ્ત્ર પ્રજાની વ્યાજબી માંગણીઓ સ્વીકારવાની ફરજ પાડી શકાય છે. આ અનુભવ સાથે ગાંધીજી હિંદુસ્થાનમાં આવ્યા. હિંદુસ્થાનમાં રાજકીય આન્દોલન લગભગ દશ પંદર વર્ષથી શરૂ થયું હતું. દેશમાં વિનીત અને ઉદ્દામ-એમ બે પક્ષો પડી ગયા હતા. એક પક્ષ કેવળ બંધારણપૂર્વકની રાજકીય હીલચાલમાં જ માનતો હતો અને એમ કરતાં જે કાંઇ ધીરે ધીરે મળે તેથી સંતોષ માનીને આગળને આગળ પ્રયત્ન ચાલુ રાખવાનું પ્રજાને કહેતો હતો. તેને બ્રીટીશ પ્રજાના ન્યાયીપણામાં ભારે વિશ્વાસ હતો. બીજા પક્ષનો આવી બંધારણપૂર્વકની હીલચાલમાંથી વિશ્વાસ ઉઠી ગયો હતો અને ઉગ્ર હીલચાલ વડે એવું લોકબળ ઉભું કરવું કે જેની સામે સ્થાપિત સરકાર ટકી શકે જ નહિ અને આપણને સ્વરાજ્ય આપવાની તેની ઉપર ફરજ પડે-આ ધ્યેયપૂર્વક કામ કરી રહ્યો હતો. સરકારનું દમન પણ ચાલુજ હતું અને દેશદ્રોહના કારણે ઉદ્દામ પક્ષના એક યા અન્ય દેશનેતાને પકડી પકડીને અવાર નવાર જેલમાં પુરવામાં આવતા હતા. બંગાળામાં એક એવો પણ નાનો સરખો વર્ગ ઉભો થયો હતો કે જે બોંબોવડે મોટા મોટા અંગ્રેજ અધિકારીઓનાં ખુન કરીને સ્થાપિત રાજ્યસત્તાને મુંઝવવા માંગતો હતો અને એ રીતે અકળાયલી રાજસત્તા આપણને સ્વરાજ્ય આપી દેશે એમ માનતો અને મનાવતો હતો. આ પરિસ્થિતિ વચ્ચે ગાંધીજી આપણી વચ્ચે આવ્યા અને અંદરથી ખુબ ઉછળેલી અને એમ છતાં નિઃશસ્ત્રપણાને લીધે અસહાયતા અનુભવતી પ્રજા સમક્ષ તેમણે અસહકાર અને સત્યાગ્રહના સિધ્ધાન્તો રજુ કર્યા. ચંપારણ, ખેડા, બોરસદ જેવા નાના નાના ક્ષેત્રમાં સત્યાગ્રહનો અમલ કરીને પ્રજા ઉપર ગુજરતા સ્થાનિક અન્યાયો રદ કરવાની અંગ્રેજ સરકારને તેમણે ફરજ પાડી. પરિણામે પ્રજા તો જાણે કે પોતાના ઉદ્ધારની એક નવી ચાવી મળી ગઇ હોય એમ નવી આશા વડે ઉછળવા લાગી. આમેય તે આપણી પ્રજાની- અથવા તો સામાન્ય જનસ્વભાવની કહીએ તો પણ ખોટું નથી-એ ખાસીયત રહી કે લોહી જોવું કે રેડવું આપણને કદિ ગમે જ નહિ. એથી લોહી રેડયા સિવાય-ખુનની નદીઓ વહાવ્યા સિવાય-સ્વરાજ સમીપ જવાનો— પ્રજાની આઝાદી હાંસલ કરવાનો— કોઇ આપણને રસ્તો બતાવે તો આપણી નિશસ્ત્ર પ્રજા તે માર્ગને જરૂર વધાવી લે એમાં શંકા જેવું હતું જ નહિ. અસહકારનો અર્થ એ હતો કે આપણી પ્રજા ઉપર આપણા જ માણસો વડે જ અંગ્રેજી રાજ્ય ચાલે છે. એ પ્રજાના માણસો જો પોતાનો સહકાર ખેંચી લે તો અંગ્રેજી રાજતંત્ર ચલાવવું અશકય થઇ પડે. સત્યાગ્રહનો અર્થ એ હતો કે ગેરવ્યાજબી સરકારી કાનુનોનો એક પછી એક ભંગ કરવા માંડવો અને એમ કરતાં જે કાંઇ સહન કરવાનું આવે તે સહન કરવું. આ સત્યાગ્રહની યોજનામાં છેવટે નાકરની લડતનો પણ સમાવેશ થઇ શકે. રાજકીય લડતનો આ પ્રકાર પણ જો પ્રજાનો મોટો ભાગ ઉપાડી લે તો આખરે સ્થાપિત રાજસત્તાને પ્રજાની માંગણીઓ સંતોષ્યા સિવાય ચાલે જ નહિ અને એમ ન કરે તો એક વખત એવો આવે કે જ્યારે આખું રાજ્યતંત્ર અટકી પડે અને પરિણામે પ્રજાના હાથમાં જ આવીને પડે. આ આખો કાર્યક્રમ પાર પાડ-

વામાં રાજ્ય કરતી સંસ્થાના એક પણ માણસને હાથ અડાડવાનો નહિ, કોઇને લેશ માત્ર ઇજા કરવાની નહિ. પોતાની પ્રકૃતિ અને પરિસ્થિતિને અનુકુળ આવો ઉદ્ધારમાર્ગ કઇ પ્રજા પકડી ન લે ? આ યોજનામાં અનેક જોખમો હતાં; અનેક ભયસ્થાનો હતાં. પણ આઝાદીની તમન્ના જે પ્રજામાં એકવાર પ્રજ્વલિત થઇ છે તે જોખમો કે ભયસ્થાનોનો વિચાર કરવા બેસતી જ નથી. તે કામ વિનીતોનું છે અને તેઓ તો આજ સુધી તેજ કામ કર્યા કરે છે. ૧૮૫૭ ના કેવળ હિંસક રાજકીય આન્દોલન બાદ આજ સુધીના હિંદી ઇતિહાસમાં બે ભીષણ આન્દોલનો ઉભાં થયાં. એક ૧૯૨૦-૨૨ નું અસહકારનુ આન્દોલન; બીજું ૧૯૩૦-૩૨ નું સત્યાગ્રહનું આન્દોલન. આ બન્ને આન્દોલનના પરિણામે પ્રજા ખૂબ આગળ તો વધીજ છે, નવાં બળ, નવી શકિતઓ, નવો વિશ્વાસ જન્મ પામ્યાં છે. પણ હજુ સ્વાધીનતા આપણે ઘેર આવી નથી— આપણા ઉપર રાજ્ય તો હજુ અંગ્રેજ સરકારનું ચાલે છે. ધારેલા ધ્યેયને આપણે કેમ પહોંચી ન શકયા તેનાં કારણો ઘણાં છે, પણ તેની સમાલોચનાને અહિં સ્થાન નથી અહિં તો પ્રસ્તુત બાબત એટલી જ છે કે આપણી રાજકારણી લડતમાં તેમજ સામાજિક લડતમાં પણ અહિંસાએ હવે નિશ્ચળ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આવી બાબતોમાં અહિંસાને કશું સ્થાન જ હોઇ ન શકે એ ભણેલાઓનો મોટો વહેમ હતો તે વહેમ છેલ્લા વીશ વર્ષની ઇતિહાસઘટનાએ નાબુદ કર્યો છે. જેવી રીતે આઝાદીની પ્રાપ્તિ અર્થે તેવી જ રીતે અસ્પૃશ્યતા નિવારણ ની દિશાએ કે મદ્યનિષેધની દિશાએ સત્યાગ્રહનો એક યા અન્ય પ્રકારનો અમલ થયો છે અને થઇ રહ્યો છે. રાષ્ટ્રીય મહાસભાએ પોતાના સર્વ કાર્યક્રમમાં અહિંસાને અગ્રસ્થાન આપ્યું છે. અહિંસા આજે કેવળ નકારાત્મક વૃત્તિ નથી રહી કે જેની ચલણી બાજુ કેવળ નિર્માલ્યતા જ હતી. પણ અહિંસાને એક શકિત તરીકે આજના વિચારકોએ સ્વીકારી છે અને અનુભવી છે. અહિંસા એટલે કે માત્ર થાય તે થવા દેવું અને બેસી રહેવું અને 'ઇશ્વર ઇશ્વર' નું નામ જપ્યા કરવું એવી ઠુંઠી અને ગેરરસ્તે દોરવનારી સમજ નથી રહી, પણ જ્યાં જ્યાં અધર્મ કે અન્યાય થઇ રહ્યો હોય ત્યાં ત્યાં સામનો કરવાની એક જ રીત છે અને તે વ્યવસ્થિત પશુબળના ઉપયોગની-એમ આજ સુધી માનવામાં આવતું હતું તેના બદલે માનવી પોતાની માનવતા જાળવીને અહિંસક ઉપાય વડે તે તે અધર્મ કે અન્યાયનો સફળ સામનો કરી શકે છે એ આજ સુધીમાં આ બનેલા અનેક સત્યાગ્રહના બનાવોએ પુરવાર કરી આપ્યું છે જેમ અમુક પરિસ્થિતિ અસહ્ય બનતાં તે સામે અમુક માણસો કે અમુક વર્ગ હલ્લો કરવાના છે એ સાંભળતાં સુલેહ શાન્તિના રક્ષકો ચમકે છે, તેવી જ રીતે અમુક બાબતમાં સત્યાગ્રહ થવાનો છે એ સમાચાર પણ રાજસત્તાને આજે ચમકાવે છે અને અકળાવે છે. ગાંધીજીનો આ મોટો સંદેશો છે કે કોઇ પણ અન્યાયભરી પરિસ્થિતિનો સામનો કરવાને માનવીએ પશુ બનવાની જરૂર છે જ નહિ-ઉલટું પશુબળનો ઉપયોગ કરવાથી પશુબળ સામે પશુબળનો જ ગુણાકાર વધે છે-પણ આવા પ્રસંગે માનવી પોતાની માનવતા પુરેપુરી જાળવી શકે છે અને એમ છતાં પણ કોઇ પણ અન્યાયનો પુરેપુરો પ્રતિકાર કરી શકે છે.

આમ ગાંધીજી આપણને અસહકાર અને સત્યાગ્રહદ્વારા અહિંસાના માર્ગે દોરી રહ્યા છે અને આપણે દોરાયા છીએ. મોટા મોટા દેશનેતાઓ અને અખિલ હિંદની રાષ્ટ્રીય મહાસભા પણ ગાંધીજીના પગલે આજ સુધી ચાલી છે અને તેમની અહિંસાને બને તેટલી અપનાવે છે. આમ

મહાસભાની નીતિ

યુરોપીય યુધ્ધ પછી મહાસભાની નીતિમાં મોટો ફેરફાર થયો છે. આ ફેરફાર માટે જેઓ મુખ્યપણે જવાબદાર છે, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, શ્રી. રાજગોપાલાચારી, સરદાર વલ્લભભાઇ, તેઓ પ્રજાને એમ બતાવવા પ્રયત્ન કરી રહ્યા છે કે ફેરફાર થયો જ નથી. થયેલ ફેરફાર ઇષ્ટ અથવા જરૂરી છે કે નહિ તેની ચર્ચા હું હાલ નથી કરતો. પણ ફેરફાર થયો નથી એમ કહેવું બરાબર નથી. ફેરફારની ઇષ્ટતા અથવા જરૂરીઆતનો વિચાર કરીએ તે પહેલાં શું ફેરફાર થયો છે અને તેનાં પરિણામો શું છે તે બરાબર સમજ લેવાની જરૂર છે.

મહાસભાએ ૧૯૧૯ થી અહિંસાની નીતિ સ્વીકારી છે. અલબત્ત એ નીતિનો પ્રયોગ બ્રીટીશ સરકાર સામેની લડત પુરતો જ રહ્યો હતો. મહાસભા રાજ્ય ચલાવવાની જવાબદારી સ્વીકારે ત્યારે તે પોલીસ અથવા ફોજ વિના રાજ્ય કરશે અથવા દેશનું બાહ્ય આક્રમણથી રક્ષણ કરવા માટે મહાસભા ફોજ ન જ રાખે, પણ અહિંસક સામનો કરશે એવું મહાસભાએ જાહેર કર્યું ન હતું. પણ તેમ કરવાની મહાસભાને કોઇ જરૂરીઆત ઉભી થઇ ન હતી. પણ ગાંધીજી જે રીતે અહિંસા સમજ્યા છે અને દેશને સમજાવી રહ્યા હતા તે ઉપરથી કોઇ પણ વિચારવાન માણસને તો સ્પષ્ટ હોવું જોઇતું હતું કે ગાંધીજી માટે તો અહિંસાના ગર્ભમાં આ વસ્તુઓ અનિવાર્ય રીતે સમાયેલી હતી જ. વળી બ્રીટીશ સરકાર સામેની લડતમાં પણ જે અહિંસાને ગાંધીજી અપનાવી રહ્યા હતા અને પ્રજાને અપનાવવા સમજાવી રહ્યા હતા તે ઉપરથી પણ સ્પષ્ટ હતું કે ગાંધીજીની કલ્પનાની અહિંસા ઘણી વ્યાપક છે અને તે અહિંસા મહાસભાએ સ્વીકારી છે તેમ ગાંધીજીની માન્યતા હતી. ગાંધીજીએ અહિંસાને આંતર શુધ્ધિનું મહાન શસ્ત્ર માન્યું છે. ગાંધીજીની અહિંસાની કલ્પના અત્યન્ત વ્યાપક છે. અહિંસક માણસમાં વિશ્વપ્રેમ હોય, દુશ્મન પ્રત્યે પણ પ્રેમ હોય, ક્રોધ ન હોય, અભિમાન ન હોય, નમ્રતા હોય વગેરે. બ્રીટીશ સરકાર સામેની લડતમાં અહિંસક શસ્ત્રનો ઉપયોગ તેમના ઉપર માત્ર દબાણ લાવવા માટે નહિ પણ તેમનો હૃદયપલટો કરાવવા માટે હતો. સ્વેચ્છાએ સ્વીકારેલ ત્યાગ અને આપેલા ભોગથી સામાનાં હૃદયમાં રહેલ રામને જગાડવા અને તેનો હૃદયપલટો કરવો તે એ લડતનો પાયો હતો. તેવી લડતમાં દુશ્મનની મુશ્કેલીઓનો લાભ લેવાની વૃત્તિને સ્થાન નથી. કોઇ રાજદ્વારી ચતુરાઇને સ્થાન નથી. તેનો પાયો સત્ય અને અહિંસા છે. એ અહિંસા કોઇ નિર્બળોનાં સંખ્યાબળને કારણે ઉત્પન્ન થતાં દબાણ ઉપર અવલંબતી નથી, પણ સબળની નિડરતા ઉપર અવલંબે છે. જ્યારે જ્યારે આપણી લડતમાં સફળતા નથી મળી, ત્યારે ત્યારે ગાંધીજીએ તેનું એક જ કારણ આપ્યું છે અને તે આપણામાં સાચી અહિંસાની ખામી. રચનાત્મક કાર્યક્રમનો બીજો ગમે તે લાભ અને ઉપયોગ હોય, પણ ગાંધીજીને મન

છતાં આજ પ્રશ્ન ઉપર ગાંધીજી અને રાષ્ટ્રીય મહાસભા આજે જુદાં પડતાં દેખાય છે-એનું શું કારણ ? આ પ્રશ્નનું વિવરણ કરવામાં ન આવે ત્યાં સુધી અહિંસાની ઉત્ક્રાન્તિની સમાલોચના અધુરી ગણાય, પણ તે પ્રશ્નનો વિચાર આવતા અંક ઉપર મુલતવી રાખીએ તો ?

(અપૂર્ણ) પરમાનંદ.

તો તેનો મુખ્ય ઉપયોગ આપણામાં રહેલ અહિંસા વૃત્તિને વિકસાવવા માટે જ છે. તેથી જનતાને આર્થિક લાભ થાય અથવા મહાસભા અને જનતાનો સંપર્ક વધે એ તો છે જ. પણ એ બધાની પાછળ ગાંધીજી તો એવા એક અહિંસક સમાજની રચના કરી રહ્યા હતા કે જેની સ્થાપનાનો મુખ્ય આધાર વ્યક્તિની અહિંસક વૃત્તિ ઉપર જ રહેલો છે. અસહકાર અને સત્યાગ્રહ એ લડતના ક્રિયાત્મક અંગો છે. પણ તેનો પાયો તો રચનાત્મક કાર્યક્રમ જ છે.

આવા પ્રકારની અહિંસા મહાસસભાએ સ્વીકારી હતી અને તેને અમલમાં લાવવા મહાસભાવાદીઓ પ્રામાણિક પ્રયત્ન કરી રહ્યા છે એમ ગાંધીજીની માન્યતા હતી અને મહાસભાવાદીઓએ ગાંધીજીને તેમ મનાવવા પ્રયત્ન કર્યો હતો. મહાસભાના વિરોધીઓએ ઘણી વખત ટીકા કરી હતી કે આવા ધાર્મિક કાર્યક્રમને- આવાં આંતરશુધ્ધિનાં પ્રયોગને– એક રાજકીય સંસ્થામાં સ્થાન નથી. ત્યારે ગાંધીજી અને મહાસભાવાદીઓએ જવાબ આપ્યો હતો કે રાજકારણ અને ધર્મને જુદું માની શકાય જ નહિ અને રાજકારણમાં ધર્મને સ્થાન આપવાનો આ એક મહાન અને અજોડ પ્રયત્ન હતો.

આજ ધોરણે મહાસભાએ વારંવાર પોકારીને કહ્યું હતું કે બ્રીટન કોઇ શાહીવાદી યુધ્ધમાં સંડોવાય અથવા પોતાના શાહી હિતોના રક્ષણ માટે બ્રીટન કોઈ યુધ્ધ કરે તો મહાસભા તેવા યુધ્ધમાં કોઇ જાતની મદદ આપી શકે નહિ.

ગાંધીજીને મન તો બ્રીટન યુધ્ધમાં જોડાય ત્યારે તેનું કારણ ન્યાયી હોય તો પણ અહિંસાની દ્રષ્ટિએ નૈતિક ટેકો અને સહાનુભૂતિ આપવા સિવાય હિંદ બીજી કોઇ જાતની મદદ કરી ન જ શકે.

બ્રીટન અત્યારે જે યુધ્ધમાં સંડોવાયું છે તે શાહીવાદી યુદ્ધ છે તે મહાસભાએ ઘણી વખત જાહેર કર્યું છે. બ્રીટનની યુદ્ધનીતિની ચોખવટની માંગણી મહાસભાએ ઘણી વખત કરી છે છતાં તેનો કાંઇ સ્પષ્ટ જવાબ મળ્યો નથી, તેમજ બ્રીટીશ નેતાઓએ જ્યારે જ્યારે તે વિષે કાંઇ કહ્યું છે ત્યારે યુરોપની સ્વતંત્રતા અને યુરોપમાં પ્રજાસત્તા કાયમ રાખવા માટે આ યુધ્ધ છે તેમજ કહ્યું છે. હિંદની સ્વતંત્રતા આપવા માટે આ યુધ્ધ છે તેવું કહ્યું જ નથી. અલબત હિંદની સહાનુભૂતિ સંપૂર્ણપણે બ્રીટન પ્રત્યે છે તેમાં શંકા જ નથી. નાઝીવાદનો નાશ હિંદ પણ ઇચ્છે છે. છતાં બ્રીટન જ્યાં સુધી પોતાનો રાહ બદલે નહિ ત્યાં સુધી મહાસભા પાસેથી સક્રિય મદદની આશા બ્રીટન નજ રાખી શકે. હિંદને બ્રીટને હિંદની પ્રજાની મરજી વિરૂધ્ધ આ યુધ્ધમાં સંડોવ્યું તે સામે મહાસભાને વિરોધ છે. મહાસભાએ એમ કહ્યું છે કે હિંદ પાસેથી મદદ જોઇતી હોય તો સ્વતંત્ર હિન્દ જ તેનો નિર્ણય કરી શકે. હિંદ સ્વતંત્ર ન હોય ત્યાં સુધી એ નિર્ણય કરવાનું હિન્દને રહેતું જ નથી. સ્વતંત્ર હિન્દ શું નિર્ણય કરશે એ અત્યારથી ન જ કહેવાય. પોતાના હિતનો વિચાર કરી હિન્દની પ્રજા તેનો નિર્ણય કરશે. સ્વતંત્ર હિન્દ બ્રીટનને પૂર્ણપણે મદદ કરવાનું સ્વીકારે અથવા તટસ્થ રહેવાનું પણ સ્વીકારે. જ્યાં સુધી હિન્દને સ્વતંત્ર રીતે એ વસ્તુનો નિર્ણય કરવાની બ્રીટન તક ન આપે ત્યાં સુધી હિન્દની ઐચ્છિક મદદની કોઇ આશા બ્રીટન રાખી શકે નહિ: બ્રીટને ફરજિયાત હિન્દને યુદ્ધમાં સંડોવ્યું તેના વિરોધ તરીકે મહાસભાએ પ્રથમ પગલું પ્રધાનમંડળો ખેંચી લેવાનું લીધું અને તે વિરોધને અમલમાં મુકવા વિશેષ પગલાં શું લેવાં તે મહાસભા વિચારી રહી હતી અને પ્રજા એમ માનતી હતી કે મહાસભાના મોવડીઓ એ જ વિચાર કરી રહ્યા છે.

આજે પરિસ્થિતિ શું છે?

મહાસભાની કાર્યવાહક સમિતિએ એમ જાહેર કર્યું છે કે બ્રીટીશ સરકાર સામેની લડત માટે તો મહાસભા અહિંસા સ્વીકારે છે, પણ આંતરિક અરાજકતાથી અથવા બાહ્ય આક્રમણથી દેશનું રક્ષણ કરવા મહાસભા પોલીસ અને ફોજનો ઉપયોગ કરશે. આનું કારણ એમ અપાય છે કે અહિંસાનો મહાન પ્રયોગ કરવાને દેશ તૈયાર નથી અને દેશના પ્રતિનિધિઓ તરીકે દેશની શકિત જોઇને જ નેતાઓએ નિર્ણય કરવો રહ્યો. મહાસભા કોઇ ધર્મપ્રચાર કરવા માટેની મીશનરી સંસ્થા નથી, પણ એક રાજકીય સંસ્થા છે જેનું ધ્યેય દેશની સ્વતંત્રતા મેળવવાનું છે. તે ધ્યેયની સિદ્ધિ અર્થે અહિંસાનો સાધન તરીકે મહાસભાએ સ્વીકારી છે. જગતમાં અહિંસા ધર્મને ફેલાવો કરવો એ મહાસભાનું ધ્યેય નથી. આ નિર્ણય કરવામાં મહાસભાના નેતાઓએ ભારે પ્રમાણિકતા અને હીંમત બતાવી છે. તેઓ ગાંધીજીની હાએ હા કરી શકતા હતા. પણ ગાંધીજીના મતની વિરૂદ્ધ જઇને પણ આ નિર્ણય કરવામાં નેતાઓએ દેશની ભારે સેવા કરી છે. દેશની પરિસ્થિતિનું તેમણે સાચું માપ કાઢ્યું છે. ગાંધીજી એમ માને છે કે રાજાજી અને સરદાર ભીંત ભૂલ્યા છે અને મહાસભાએ આ નિર્ણય કરીને પોતાની પ્રતિષ્ટા ઓછી કરી છે અને અધોગતિને માર્ગે જઇ રહી છે. છતાં આ નિર્ણય જ સાચો નિર્ણય છે તે વિષે આ લેખકને જરાય શંકા નથી. અહિંસાની તત્ત્વચર્ચામાં અહીં ઉતરવું નથી.

પણ આ નિર્ણય ઉપરથી એક વિશેષ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. મહાસભાએ એમ જાહેર કર્યું છે કે બ્રીટીશ સરકાર સામેની લડત માટે તો મહાસભા અહિંસાને જ વળગી રહે છે તેનો અર્થ શું ? તે અહિંસા કેવા પ્રકારની ? તે અહિંસા ગાંધીજી કલ્પે છે એવી છે કે કોઇ બીજા પ્રકારની ? હું એમ માનું છું કે ગાંધીજી કલ્પે છે તેવી અહિંસા તે નથી. ગાંધીજીની અહિંસાની કલ્પના શું છે તે મેં ઉપર જણાવ્યું છે. એવી અહિંસા જો પ્રજામાં આવી હોય તો પછી બ્રીટીશ સરકાર સામેની લડત માટે શું કે બાહ્ય આક્રમણ માટે શું ? તે તો એક જ હોય. એ અહિંસા માનસિક છે. એવું માનસપરિવર્તન થયું હોય, એવી સમજની અહિંસા પ્રજાએ અપનાવી હોય તો ગમે તેવી લડત માટે પ્રજા તેનો જ ઉપયોગ કરે એવી અહિંસા જેણે કેળવી હોય તે બ્રીટીશ સરકાર સામે લડતા અહિંસક રહી શકે અને બાહ્ય આક્રમણથી બચાવ કરવા હિંસક સાધનો સ્વીકારે એમ ન બને. એ અશકય છે. ખરી હકીકત એમ છે કે અહિંસા શબ્દના બે અર્થો થાય છે. ગાંધીજી એક અર્થ કરે છે. મહાસભાના નેતાઓ બીજો અર્થ કરે છે. મહાસભાના નેતાઓને મન અહિંસા એટલે શાન્તિમય પગલે કામ લેવું, હિંસક સાધનોથી નહિ. એમાં બ્રીટીશ સરકારના હૃદયપલટાને કોઇ સ્થાન નથી. તેમાં બ્રીટન તરફનાં કોઈ પ્રેમને સ્થાન નથી. એ એક લડતની રીત છે. હિંસક બળવો અશકય છે. તેનો વિચાર કરવો મૂર્ખતા છે. એટલે બેઠા બળવાથી એવું બળ જમાવવું કે ધાર્યું પરિણામ આવે. તેમાં અસહકારને પુરું સ્થાન છે. ગાંધીજીની કલ્પનાના સત્યાગ્રહને નહિ. તેનું ધ્યેય એટલું જ છે કે શાન્તિમય લડતથી બ્રીટીશ સરકાર ઉપર એવું દબાણ ઉત્પન્ન કરવું કે આપણી માંગણી સ્વીકારવાની તેને ફરજ પડે. આ ધોરણે રચનાત્મક કાર્યક્રમનું સ્થાન પણ ફરી જાય છે. આ નીતિનાં પરિણામો વ્યાપક છે. તેથી મહાસભાની નીતિમાં મોટો ફેરફાર થાય છે તે સ્વીકારવું જ રહ્યું.

અન્યાયોપાર્જિત મિલકતનું દાન

પ્રશ્ન—ધારો કે એક માણસે ગરીબોનું લોહી ચુસીને લાખો રૂપીઆ ભેગા કર્યા હોય અને આપની જેવા મહાત્માને આપ્યા હોય અને આપે તે રૂપીઆ ખરેખર કોઇ પારમાર્થિક કાર્યમાં વાપર્યા હોય, તો જેણે લાખો રૂપીઆ ઉપર મુજબ એકઠા કર્યા તે પાપમુક્ત થાય ખરો કે નહિ ? એ અનીતિને માર્ગે કમાયેલા રૂપીઆનું દાન સ્વીકારીને આપે કંઇ નીતિભંગ કર્યો કહેવાય કે નહિ ? જ્યાં આવી જ ઘટમાળ ચાલતી હોય ત્યાં માણસ કઇ રીતે શુધ્ધ રહી શકે ? આ અનીતિને—મજુર શોષણને-અહિંસા કઇ રીતે પહોંચી વળે ?

ગાંધીજીનો ઉત્તર—હું મહાત્મા સાચે જ છું એમ માનીને આપણે આ સૂચનાનો ઉકેલ કરીશું. જેણે તમે ધારો છો એ રીતે લાખો રૂપીઆ એકઠા કર્યા હોય તેનું પાપ એમાંથી હળવું થતું નથી. જો તેણે તેવી કમાણી પોતાની પાસે જ રાખી હત, તો તે તેમ કરીને વધારે દોષભાગી બનત. એમ કરવાને બદલે તેણે જો શુદ્ધ ભાવથી મેલી કમાણીનું દાન કર્યું હોય તો તે દ્રવ્યપુરતા ઉપર જણાવેલા વધારે દોષથી તે બચી જાય છે. એ ધનનું વળી એક ધર્મ પરિણામ પણ આવે ખરું કે તે કરોડપતિ પોતાના દ્રવ્યનો આવો સદુપયોગ થતો જોઇને અનીતિથી કમાવાનું સદાને માટે છોડવાને પ્રેરાય. પણ આવું ધન લેવાથી હું તો કશું પાપ કરતો જ નથી કે દોષભાગી બનતો જ નથી. જેમ ગટરનો ગંદો પાણી સમુદ્રમાં પહોંચતાં સમુદ્રજળની શુદ્ધિનો ભાગીદાર બની જાય છે તેમ આ મેલા પૈસા પણ જ્યારે શુદ્ધ કામમાં વપરાય છે ત્યારે શુદ્ધ જ થાય છે. આ વિચારસરણિ પાછળ આપણે એક વાત સ્વીકારી જ લીધી છે કે દાન કરનારની દાનત સાફ છે અને મને પોતાનું દ્રવ્ય આપીને તે પોતાનો કશો સ્વાર્થ સાધવા માંગતો નથી, તેમ જ હું પણ એ દ્રવ્યદાન સ્વીકારીને કશો સોદો કરતો નથી.

ગરીબનું શોષણ દશ વીશ કરોડપતિનો નાશ કરવાથી મટવાનું નથી, પણ ગરીબનું અજ્ઞાનૂ દુર કરવાથી. તેમજ તેનું શોષણ કરનાર ધનિકો સાથે તેને અસહકાર કરવાનું શિખવવાથી જ તેનું શોષણ અટકશે. તેથી શોષણકર્તાઓનો પણ હૃદય પલટો થશે. મેં આગળ વધીને એમ પણ કહ્યું છે કે આખરે આવા અસહકારથી મજુર અને મુડીદારનો સંબંધ સરખી ભાગીદારીમાં પરિણમશે. દોષ મુડીમાં નથી પણ તેના દુરૂપયોગમાં જ છે. એક યા અન્ય આકારમાં મુડી તો હંમેશા રહેવાની જ છે.

(હરિજન ઉપરથી)

યુધ્ધ પ્રત્યે પણ મહાસભાની નીતિમાં એવો જ ફેરફાર થયો છે. બીનશરતી નૈતિક મદદ થી માંડીને શરતી ફોજી મદદ સુધી આપણે આવ્યા છીએ. બ્રીટીશ સરકાર હિન્દની સ્વતંત્રતાનો હક સ્વીકાર અને તુરતમાં પ્રજાકીય સરકારની સ્થાપના કરે તો હિન્દ લડતમાં પુરતી મદદ કરશે એવું મહાસભાએ જાહેર કર્યું છે. આ એક સોદો છે. તેમાં કાંઇ ખોટું નથી. તે કદાચ વ્યાજબી છે. સાચું વલણ એ જ હોય કે સ્વતંત્ર હિન્દ યુધ્ધ પ્રત્યેનું પોતાનું વલણ નકકી કરે. પણ તો પછી હિન્દની સ્વતંત્રતા સ્વીકારવાનું બ્રીટનને કારણ શું રહે ? એટલે યુદ્ધમાં મદદ આપીશું એ લોભ આપવી રહી.

પણ આ લેખાણ લખાઇ રહ્યું છે, ત્યારે આ બધા પ્રશ્નો ભૂતકાળના થઇ જતા જણાય છે. બ્રીટીશ સરકાર પોતાનો નિર્ણય જાહેર કરી દીધો છે અને તે મહાસભાને માન્ય નથી. મહાસભા હવે પછી શું કરશે તે જાણવું રહ્યું.

"અહિંસા"

કર્તાના ગુણ જેનામાં હોય તેજ રાજા થઇ શકે. જેમ બીજા ધંધામાં તેમ આમાં પણ નાનપણથી રાજકાજની તાલીમ મળે તો રાજકર્તાનો પુત્ર વિશેષ સારો રાજકર્તા નીવડવા સંભવ છે. પણ આજે એમ નથી. આજે તો ગમે તેવો હોય તો પણ રાજાનો પુત્ર રાજનો વારસ ગણાય છે. એવો હકક આગળ કરનાર રાજાને ઓપરેશન કરાવવાનો પ્રસંગ આવ્યો હોય તેવા વખતે તેને કોઇએ કહ્યું હોય કે તમારા સર્જન પાસે ઓપરેશન નહિ કરાવતાં તેના દિકરા આગળ ઓપરેશન કરાવો તો તે કરાવશે ? જેમ સર્જનનો દિકરો શરીરશાસ્ત્ર ભણ્યા વિના સર્જન થઇ શકતો નથી, એને કોઇ દવાખાનામાં રાખતું નથી તેમ રાજાનો દિકરો તાલીમ વિના રાજા થઇ શકે નહિ.

હૃદય પલટો.

વ્યકિતમાં હૃદયપલટો શકય છે, પણ જે વ્યકિતની પાછળ આખો સમાજ છે તેનો પલટો શકય નથી. વ્યકિતનું હૃદય પીગળે છતાં તેની પાછળ બેઠેલો સમાજ તેને કાર્યમાં રોકી રાખે. વાઇસરોય એ વ્યકિત નથી, એક સમાજનો પ્રતિનિધિ છે. તે જ રીતે રાજકોટનો રાજા એક વ્યકિત તરીકે સ્વતંત્ર નહોતો, એની પાછળ રાજની સંસ્થા હતી.

પ્રજાબળ કેળવવાની જરૂર.

સત્તા અને ધન વ્યકિતઓ પાસેથી લઇ સમાજની માલિકીનું કરવા માટે પ્રજાબળની જરૂર છે, પછી તે હિંસક હો યા અહિંસક. હિંસક બળ માટે તૈયારી જોઇએ તે આજે આપણી પાસે નથી. અહિંસક માટે એક યોજનાશાસ્ત્ર કેટલીક તાલીમ– આજે આપણી પાસે છે. પ્રજા કેળવણી એ અહિંસક બળ પેદા કરવાનું મુખ્ય સાધન છે. રચનાત્મક કાર્યો એ પ્રજાકેળવણીનાં સાધન છે રાજાઓ અને મુડીદારોનો સામાજીક

બ્રહ્મચારી સમાજ થશે તો જગત અટકી પડશે અવા ભય અસ્થાને છે. અટકી પડે તો એમાં કશું ગુમાવવાનું નથી પ્રજોત્પાદનની વૃત્તિ સાહજિક છે, પ્રાણી માત્રમાં એ કુદરતી છે. એથી મનુષ્યે એને વશ વર્તવું એમ સિદ્ધ થતું નથી. પશુમાં ઇર્ષ્યા, ક્રોધ વગેરે સ્વાભાવિક છે, તેથી મનુષ્યે એને વશ વર્તવું એ યોગ્ય નથી. એ વૃત્તિઓને વિવેકપૂર્વક કાબુમાં રાખવામાં તેને તિલાંજલિ આપી પૂર્ણ મનુષ્ય થવામાં જ માનવીની વિશેષતા છે. એવા વિકાસથી માણસને મળેલી અદ્‌ભુત વિવેકબુધ્ધિની અક્ષિશ સફળ થશે. એમાં જ ખરો પુરૂષાર્થ છે. અશકયને શકય બનાવવા મથવું એ માનવસ્વભાવ છે.

આવો વિકાસ સાધતાં કોઇ એક વ્યકિત સીધી ધ્યેય પર પહોંચી શકતી નથી. પોતાની આસપાસના સમાજના વિકાસ સાથે એ કુંડાળામાં આખો સમૂહ આદર્શના મધ્યબિંદુ તરફ આગેકૂચ કર્યે જાય છે.

દૈવી અને આસુરી વૃત્તિ.

દૈવી અને આસુરી વૃત્તિઓ મનુષ્ય માત્રમાં સ્વભાવગત રહેલી છે એટલે આસુરી વૃત્તિ તદ્દન નાશ પામશે એમ માનવું ભૂલ ભરેલું છે–આવી કોઇ દલીલ કરે તો તેનીજ દલીલને ઉલટાવી એમ કહી શકાય કે માણસના સ્વભાવમાં બન્ને વૃત્તિઓ રહેલી છે તો આપણે આસુરી શામાટે પસંદ કરવી ? દૈવી જ પસંદ કરવી અને તે તરફ આપણી જાતને અને સમાજને દોરવા પુરૂષાર્થ કરવો. દૈવી સંપત્તિનો વ્યકિત અને સમષ્ટિમાં વિકાસ કર્યે જવો એ જ માનવજીવનનો લહાવો છે.

સાહિત્ય અને કલા.

જે સાહિત્ય ઉપરોકત આદર્શ સમાજ તરફ લઇ જવામાં માનવજાતને મદદ કરે તેવું સાહિત્ય રચવું જોઇએ. કલા પણ

એ જ ઉદ્દેશને લક્ષ્યમાં રાખી નિર્માણ કરવી જોઇએ.

એક મિત્રે સુંદર હાથીદાંત ઉપર ઉત્તમ કારીગરીથી એક તમુનો મને બતાવ્યો. એકુતને હળ હંકારતો એમાં કોતર્યો હતો. મને એની કિંમત પૂછી. મેં ઠપકાપૂર્વક કહ્યું. 'પાંચ રૂપિયા' એ હસીને કહે નહિ એરી.' એટલે મેં કહ્યું જે માણસને આમા નીતર્યો તેની કિંમત સમાજમાં પાંચ રૂપીઆ છે. એના કલાકારને ભલે તમે એરી રૂપિયા આપ્યા. આમ વર્ગના હિતને સમજે, તદર્થ પ્રેરણા આપે અને તેમની સ્થિતિ સુધારે એવી કલા તેજ કલા છે એના પ્રત્યે સહાનુભૂતિ જગાડે એવી કલા પણ ઉપયોગી છે

આજની લડાઇ.

આજકાલની નહિ પણ પૂર્વકાળમાં પણ જે લડાઇઓ થઇ છે તે આમ વર્ગના હિત માટે કદી લડવામાં આવી જ નથી. રાજાઓ સ્ત્રીને પાતર, રાજ્યવૃદ્ધિને ખાતર, વેપારને સારૂ લડાઇઓ કરે છે, છતા તેમાં મોટે ભાગે ગરીબોજ હોમાય છે. આજનું યુદ્ધ એમાં અપવાદરૂપ નથી. એમાં આમ વર્ગને કશા લેવા દેવા નથી, છતાં એમનો ભોગ લેવાય છે. હિટલર કે ચર્ચીલના એમાં વાળ વાંકા નહિ થાય. ખરી રીતે એ બન્નેને અખાડામાં ઉતારવા જોઇએ કે જેથી કુસ્તી કરીને દુઃ ખેલીને પતાવી લે.

સમયની જરૂરીયાત મુજબ નેતાઓની ફેરબદલી.

ચારિત્र्यવાન માણસો દરેક વખતે મોખરે નથી દેખાતા. તેનું કારણ એ છે કે સામાજીક કે રાજકીય પ્રવૃત્તિઓમાં જે સમયે જે ગુણવિશેષની ખાસ જરૂર હોય છે તે ગુણવિશેષ જેનામાં પ્રધાનપણે હોય એવા માણસો જ આગળ આવે છે વાઇસરોયને મળવા જવું હોય તો તેમાં ભુલાભાઇ જોઇએ, સુરેંદ્રજી ન ચાલે. એવી બુદ્ધિશાળી કોઇ હોય કે જે પુરો ચારિત્र्यશીલ પણ હોય તો તો સોનામાં સુગંધી ભળી કહેવાય.

ગોળમેજી પરિષદમાં મહાત્માજી ગયા તો કેવળ બુદ્ધિશાળી કરતાં તેમનો પ્રભાવ ઘણો વધારે પડયો. પરંતુ કદાચ હિંસક બળવો ફાટી નીકળે અને તેની આગેવાની લેવાની હોય તો મહાત્માજી ન ચાલે. એને માટે તો શરીરબળ અને યુદ્ધકળાનો વિશારદ સેનાપતિ રાષ્ટ્રે પસંદ કરવો પડે. એ વખતે મહાત્માજી પાછળ પડી જાય. સરદાર વલ્લભભાઇ જેવા બધા કામમાં મોખરે રહી શકે. ગામને પાદર વાઘ આવ્યો હોય ત્યારે ઉપાશ્રયમાંથી સાધુ મુનિરાજને ન બોલાવાય. એ વખતે તો ધાંચીવાડનો કોઇ અલમસ્ત ધાંચી જ શોધવો પડે. પછી ભલે એ બ્રાહ્મી પીતો હોય, દારૂ પીતો હોય કે માંસ ખાતો હોય.

શરીરબળ, બુદ્ધિબળ અને મનોબળ–ત્રણેનો સુમેળ હોય તેવો માણસ સર્વ કામે મોખરે રહે છે. ભીષ્મ આજન્મ બ્રહ્મચારી હતા. છતાં એ કાલમાં પુરૂષોત્તમ તો કૃષ્ણ જ ગણાયા. એ ઉપરોકત ત્રણે બાબતમાં સંપૂર્ણ હતા.

ત્રિકાલાબાધિત સત્ય !

સત્ય અહિંસા વગેરે ત્રિકાલાબાધિત નથી. સમાજરચનાને અંગે વિકસતા સિધ્ધાંતો છે. અહિંસા જીવને ન મારવામાં છે એમ મનાતું હતું. પણ વાઘરડાને રીબાતો જોઇ તેને મારવામાં હિંસા નથી, અથવા તેમાંજ દયાધર્મ છે એમ માનવું પણ યોગ્ય ગણાય છે. એક માણસને પોતાનો રોગ અસાધ્ય હતો. એણે આપઘાત કરી દેહ છોડવાનો વિચાર કર્યો. એને મેં ઉપવાસ કરી પ્રાણ છોડવાની સલાહ આપી. તેની ઇચ્છાથી હું સારવાર કરવા જઇ રહ્યો. છેલ્લા દિવસોમાં એને રીબાતો હું જોઇ ન શકયો. એનાથી પણ પીડા સહી જતી ન હતી. એની સંમતિથી મેં એને પારણું કરાવ્યું. એ બન્ને કાર્યમાં દયાવૃત્તિ જ મુખ્યપણે હતી.

આત્મહત્યા.

આપઘાત દરેક ધર્મમાં પાપ મનાયું છે. પણ કોઇ સતી સ્ત્રી શિયળ રક્ષણાર્થે ભારીએથી પડતું મૂકી પ્રાણ ત્યાગ કરે તો ? એટલે આમાં પણ સત્ય અહિંસાની વ્યાપ્યા સમાજનું શુભ નજર સામે રાખીને જ કરવી પડે છે.

ઇશ્વરી શક્તિ.

ઇશ્વર છે કે નહિ તેની તકરાર કરવી નકામી છે. કેમ કે એક મહાશકિત છે જે વિશ્વમાં ચેતન રૂપે વ્યાપી રહી છે. એને ઇશ્વરી શક્તિ માની શ્રધ્ધા બળે કોઇ મહાન કાર્યો કરે, પોતાનું અને સમાજનું હિત સાધે તો તેવી શ્રધ્ધા ઉપકારક છે. 'દરિદ્રનારાયણ એજ પ્રભુ' એનો અર્થ લોકસેવા એજ કર્મયોગ, એજ માનવીને પૂર્ણત્વ પ્રાપ્ત કરવાની સીડી.

કાર્યમાં સમાભાવ.

'બોલાવા વિઠ્ઠલ, પહાવા વિઠ્ઠલ, કરાવા વિઠ્ઠલ' એમ તુકારામે ગાયું. આમ ગાઇને ઉન્મત થઇને તેઓ બેસી ન રહ્યા. પણ એ તત્વ તેમણે પોતાના જીવનમાં ઉતારી બતાવ્યુ. પોતનાં બાળકોને માટે શેરડીનો ભારો લઇ આવતાં ગામનાં છોકરાં અકકેક લઇ ગયા. તોય એમને મન દરેક બાળક પોતાનુંજ હતું એટલે રાજી થતાં થતાં ઘેર આવ્યા. ઘેર આવતાં એક જ સાઠો રહ્યો જોઇ એમની સ્ત્રીએ ક્રોધથી બરડામાં માર્યો. બે કટકા થઇ ગયા. તે વખતે એક છોકરો પાછળ ઉભો હતો એને એક કટકો આપ્યો અને એક પોતાના છોકરાને. આનું નામ અભેદભાવ–સમભાવ.

જે ભાવ વાણીમાં–હૃદયમાં–હોય, તે જ ભાવ કાર્યમાં પણ પરિણમવો જોઇએ. તુકારામે ગાયું છે કે:—

જે કા રંજલે ગાંજલે, ત્યાંસિ હ્મણે જો આપુલે ।
તોચિ સાધુ ઓળખાવા, દેવ તેથેચિ જાણાવા ।
મૃદુ સમાજ્ય નવનીત, તૈસેં સજ્જનેચે ચિત્ત ।
જ્યાસિ આપંગિતા નાહિ, ત્યાસિ ધરીં જે હૃદયીં ।
દયા કરણે જે પુત્રાસિ, તેચિ દાસા આણિ દાસીં ।
તુકા હ્મણે સાંગો કિતી તોચિ ભગવંતાચી મૂર્તિ ।

ભાવાર્થ :—જેઓ પીડિત અને રીબાયેલા છે તેમને જે પોતાના ગણે તેને જ ખરા સાધુ તરીકે ઓળખો અને ઇશ્વર પણ ત્યાંજ છે એમ જાણો ! માખણ માફક અંદર અને બહારથી સજ્જનનું ચિત્ત કેવળ મૃદુ હોય છે. જેને કોઇ પોતાનું ગણતું નથી તેને તે પોતાના હૃદયમાં ધારણ કરે છે. જેટલી પ્રીતિ પોતાનાં બાળકો ઉપર તે રાખે છે, તેટલી જ પ્રીતિ તે દાસ દાસી ઉપર તે ધરાવે છે. તુકારામ કહે છે કે હું કેટલું કહું ? તે તો ભગવાનની જ મૂર્તિ છે.

આ કર્મયોગી સંતનું પરમ પદ છે. એમાં ભકિતમય કાર્ય અને કર્મયોગી દેહનો સુમેળ છે. એજ વસ્તુ સમાજને દૈવી ભાવ પ્રત્યે ખેંચી જઇ શકે છે.

સંતસમાગમ

સંતસમાગમ પારસમણિ ગણાય છે, પણ એથીએ એનો ગુણ વિશેષ છે. પારસમણિ લોખંડને સોનું કરે છે, પારસ, પારસ બનાવતો, જ્યારે સંત તો ભકતને પોતા સમાન બનાવે છે. સદાચરન કરતાં સત્સમાગમ ચડે છે. વાચનમાં આપણને પોતાની બુધ્ધિશકિત અનુસાર ગ્રહણ કરવાનું હોય છે, જ્યારે સમાગમમાં તો સંત પોતાનું હૃદય બુધ્ધિ વગેરે સામી વ્યકિતમાં જોડે છે અને પ્રેરણા સિંચે છે અને ભકતને ભાવપૂર્વક ખેંચે છે, એટલે એમાં સાધકને વિશેષ લાભ મળે છે. [અપૂર્ણ]

શ્રી. બાળાસાહેબ ખેરનું પ્રવચન

[શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની સાર્વજનિક પુસ્તકાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખસ્થાનેથી શ્રી. બાળાસાહેબ ખેરે લગભગ પોણો કલાક સુધી હિંદી ભાષામાં એક ભારે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. તે પ્રવચનની ગુજરાતી નોંધ શ્રી. ખેરસાહેબ પાસે સંમત કરાવીને નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.]

મૌલિક પરિવર્તન

પ્રથમ તમારા સંઘના બંધારણ વિષે એક બે બાબતો જણાવીશ. તમારા બંધારણ ના પ્રારંભમાં જણાવ્યું છે કે– "આજના પ્રગતિશીલ વિચારો અને ભાવનાઓની દૃષ્ટિએ આપણી કાળજુની સમાજવ્યવસ્થા જે મૌલિક પરિવર્તન માંગી રહેલ છે તેને લગતી સમજણ અને સાહિત્યનો જૈન સમાજમાં ફેલાવો કરવો"

આ તમારા સંઘનો એક ઉદ્દેશ છે. આ 'મૌલિક પરિવર્તન'ની કલ્પનામાં બધું આવી જાય છે. તમારા ધર્મની માન્યતા પ્રમાણે ઈશ્વર માણસના સુખ દુઃખનો નિપજાવનાર નથી. માણસના સુખ દુઃખનો આધાર તેના કર્મ ઉપર છે. તમારી ધાર્મિક માન્યતા મુજબ આત્માની શક્તિ અનંત છે અને તેના સ્વાતંત્ર્યનો રોધ કરી શકે એવું કોઇ નથી, આત્માનો સંપૂર્ણ વિકાસ કરવો એ જૈન ધર્મનું ધ્યેય છે. તેથીજ આત્માના વિકાસને દબાવનારી પ્રવૃત્તિનો સામનો કરવો એ દરેક જૈનનો ધર્મ થઇ પડે છે. આજે જગતભરમાં વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર મોટામાં મોટું આક્રમણ ચાલી રહેલું છે. આજનું નાઝી કે ફેસ્સિટ રાજતંત્ર એટલે વ્યક્તિસ્વાતંત્ર્યનો સંપૂર્ણ નાશ. પ્રજાશાસક ગણાતા રાજતંત્રો પણ વ્યક્તિસ્વાતંત્ર્યનો ઓછો રોધ કરતાં નથી. આ પ્રજાદમનનો નિર્ભયપણે સામનો કરવો એ દરેક સાધુચરિત મનુષ્યનું પરમ કર્તવ્ય બને છે. તુલસીદાસ કહે છે તેમ "જે જે સાધુ થયા જગતમાં, તે જગથી નહીં બીતા." અનિષ્ટ સમાજપ્રણાલિથી છુટો પડીને ચાલે તેજ સાધુ. સાચા સાધુને કોઇ રાજસત્તા દબાવી શકતી નથી. આવા સાધુઓ સમાજનું જે પરિવર્તન કરે એ મૌલિક જ હોય. આવો સુંદર આદર્શ રાખવા માટે તમારા સંઘને ખરેખર ધન્યવાદ ઘટે છે. તમારા બંધારણમાં શિસ્તપાલનના જે નિયમો છે તે પણ ખરેખર યોગ્ય અને આદરણીય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **आचारः प्रथमो धर्मः** । આચાર એજ સૌથી પહેલો ધર્મ છે. તમારું બંધારણ અનેક કોમી સંસ્થાઓને આદર્શરૂપ છે.

પુસ્તકાલય

હવે જે પુસ્તકાલય ખુલ્લુ મુકાયલું જાહેર કરવાને આજે આપણે એકત્ર થયા છીએ એનો વિચાર કરીએ. જ્ઞાનપ્રસારનું સૌથી ઉત્તમ સાધન પુસ્તકાલય છે. રેડીઓ અથવા તો વ્યાખ્યાન જ્ઞાનપ્રસાર માટે પ્રમાણમાં ઉતરતાં સાધન ગણાય, કારણ કે રેડીઓનું યંત્ર કાંઇ ગામડે ગામડે વસાવી શકાય નહિ અને વ્યાખ્યાન તો બહુ ઓછા માણસો સાંભળી શકે. દુનિયાના ઉદ્ધાર માટે, દુનિયાને જાગૃત કરવા માટે, ગરીબોને જ્ઞાન આપવા માટે આવાં પુસ્તકાલયો સ્થળે સ્થળે ઉઘાડવાની ખરેખર જરૂર છે. આ પુસ્તકાલય સાર્વજનિક ઉપયોગ માટે છે એ સંઘની શોભામાં ખરેખર વધારો કરનારૂં છે.

નિરક્ષરતા નિવારણ કયાંથી થાય ?

આજે આપણે કેળવણીમાં આટલા બધા પછાત છીએ, અને આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ આટલું બધું મોટું છે તેનું કારણ આપણી સરકાર છે. અહિંની સરકારે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાની લોકલ બોર્ડને કે મ્યુનીસીપાલીટીને સત્તા આપ્યાને આજે કેટલાંય વર્ષો થયાં, એમ છતાં નિરક્ષરતાનિવારણમાં આપણે ઘણા જ પછાત છીએ. આટલાં વર્ષો જવા છતાં આજે આખી પ્રજાનો માત્ર સાતથી આઠ ટકા એવો ભાગ છે કે જે કાંઇક લખી વાંચી જાણે છે. આનું કારણ એ છે કે આ બાબત પાછળ સરકારને કશી ધગશ નથી અને તે માટે જોઇતાં નાણાં સરકાર પુરાં પાડતી નથી. આવડા મોટા દેશમાં આવા પાંગળા પ્રયત્નો વડે નિરક્ષરતાનું નિવારણ શી રીતે થાય ?

સરકારી સ્વાતંત્ર્ય

સરકાર આપણને સ્વાતંત્ર્ય આપે છે પણ તે દારૂ પીવાનું, ઘોડદોડની સરતોમાં જવાનું, કલબોમાં ગંજીપાવડે જુગાર ખેલવાનું. બીજે બધે તો નિયંત્રણ, નિયંત્રણ અને નિયંત્રણ જ છે. લોકો રોટી માંગે છે, કપડાં માગે છે, ભણતર માંગે છે. એ આપવા માટે – આખા દેશની મોટામાં મોટી જરૂરિયાતો પુરી પાડવા માટે – સરકાર શું કરે છે ? ઇંગ્લાંડ સ્વતંત્ર હતું તો પ્રજાએ આખા દેશમાંથી નિરક્ષરતા નાબુદ કરવાનો ઠરાવ કર્યો અને દશ વર્ષના ગાળામાં ૯૮–૯૯ ટકા નિરક્ષરતા નાબુદ કરી. આજે તો ઇંગ્લાંડમાં એક પણ માણસ એવો નહિ જડે કે જેને વાંચતા લખતાં આવડતું ન હોય. પચાસથી વધારે વર્ષ પહેલાં સ્થળે સ્થળે પુસ્તકાલયો ઉભાં કરવાની ત્યાંની સરકાર પાસે માંગણી કરવામાં આવી ત્યારે ત્યાંની સરકારે આ માટે નાનો સરખો કર નાંખવાની સ્થળ સ્થળની મ્યુનીસીપાલીટીને સત્તા આપી અને પરિણામે ગામડે ગામડે લાઇબ્રેરીઓ ઉભી થઇ. આપણે ત્યાં આમાંનું કાંઇ જ નથી. આજ સુધીના અનેક અનુભવો ઉપરથી આપણને માલુમ પડયું છે કે જ્યાં સુધી આપણો દેશ સ્વતંત્ર અને સ્વાધીન ન બને ત્યાં સુધી કોઇ પણ ક્ષેત્રમાં આપણે સંગીન પ્રગતિ સાધી શકવાના નથી, તેમજ જે 'મૌલિક પરિવર્તન'નો તમારા બંધારણમાં ઉલ્લેખ છે તે મૌલિક પરિવર્તન આપણે સિધ્ધ કરી શકવાના નથી. આ કારણે આપણામાંના કેટલાકે રાજકારણના ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે. પણ આનો અર્થ એવો નથી કે બીજા ક્ષેત્રોમાં હાલ કશું કામ કરવા જેવું નથી. આપણા જીવનનાં અનેક ક્ષેત્રો સાફસુફી માંગે છે અને તે દિશાએ તમારા જેવી સંસ્થા ઘણું કામ કરી શકે તેમ છે.

સાહિત્ય એટલે શું ?

અહિં એક ભાઇએ કટાક્ષમાં કહ્યું કે પ્રસિધ્ધ લોકોક્તિ– **साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुपुच्छविषाणहीनः** । (સાહિત્ય, સંગીત અને કળા વિનાનો માણસ પુંછડું અને શીંગડા વિનાનો સાક્ષાત પશુ જ છે) એ બરોબર નથી; કારણ કે સાહિત્ય, સંગીત કે કળા એ તો માત્ર શ્રીમાનો કે રાજા મહારાજાઓનું કેવળ મનરંજન કરવાનાં સાધનો છે, તો પછી જે સાહિત્ય સંગીત કે કલાનો ઉપભોગ ગરીબ લોકોને ભાગે આવતો જ નથી અને જે સાહિત્યાદિમાં લોકજીવનનું પ્રતિબિંબ પડતું નથી તેના પરિચયથી વંચિત રહેતા લોકોને પશુ સમાન કેમ લેખાય ? જો સાહિત્ય, સંગીત કે કળાના વાસ્તવિક સ્વરૂપને સમજવા આપણે પ્રયત્ન કરીશું તો આપણને માલુમ પડશે કે ઉપરનો કટાક્ષ બરોબર નથી. એક અંગ્રેજ લેખકે સાહિત્ય એટલે શું એ વિષે નીચેના શબ્દોમાં સરસ આલેખન કર્યું છે. Literature is the record of the actions of the

heroes for the guidance of posterity—આગામી પેઢીઓની દોરવણી અર્થે વીરપુરૂષોનાં ચરિત્રની કરવામાં આવેલી નોંધ એ જ સાચું સાહિત્ય છે Hero—વીરપુરૂષ—એટલે શું ? જે ઘોર સંહાર કરે—જન માલની ખુવારી કરે—તે કાંઇ ખરો વીર ન કહેવાય. જે ધર્મ ખાતર—સત્ય ખાતર—અન્યની રક્ષા ખાતર—પોતાના સર્વસ્વનું બલિદાન આપે તે જ ખરો વીર કહેવાય. રામચંદ્રજીના ચરિત્રનો વિચાર કરો. તેઓ ધર્મ ખાતર રાજપાટનો ત્યાગ કરે છે; દારૂણ યુદ્ધ કરી રાવણના દુષ્ટ રાજશાસનનો અન્ત આણે છે અને તેના પંજામાંથી પોતાની પ્રાણસમાન પત્ની સીતાને છોડાવે છે. રાજધાનીમાં પાછા આવે છે. અને સુખના બે શ્વાસ ખેંચે છે, એવામાં સીતાને સાથે રાખવા સામે લોકોનો મોટો વિરોધ ઉભો થાય છે. આ પ્રસંગે પ્રજાનું અનુરંજન એ જ જેણે પોતાનો કેવળ ધર્મ લેખ્યો છે એવા રામચંદ્રજી શું કહે છે ? **स्नेहं दयां तथा सौख्यं, यदि वा जानकीमपि । आराधनाय लोकस्य, मुंचतो नास्ति मे व्यथा ॥** સ્નેહ, દયા, સુખ, એટલું તો શું પણ સાક્ષાત્ જનકીનો પણ લોકોની આરાધના ખાતર ત્યાગ કરતાં મને લેશ માત્ર વ્યથા થવાની નથી. આવા મહાપુરૂષનું ચરિત્ર વર્ણવવાની વાલ્મીકી કે તુલસીદાસ જેવાકવિને પ્રેરણા થાય છે અને રામાયણ રચાય છે. આ જ ખરું સાહિત્ય છે. આવું સાહિત્ય માત્ર ધનવાનોનું મનોરંજન કરવાને નથી સર્જાતું. આ તો લોકોનું સાહિત્ય છે અને આવા સાહિત્યમાંથી લોકો આદર્શજીવનનાં પ્રેરણાપિયુષ પીએ છે. આવું સાહિત્ય માનવીની માનવતાને પ્રજ્વલિત રાખે છે. આવા સાહિત્યનો જેને પરિચય નથી એવા માણસ અને પશુમાં મહત્વનો બીજો શું ફરક હોઇ શકે ? સાહિત્ય વિષે આપણે જે વિચાર્યું તે જ સંગીત અને કલા વિષે કહી શકાય. સાચું સાહિત્ય, સંગીત કે કલા લોકજીવનના પરિસ્પર્શમાંથી જ નિષ્પન્ન થાય છે અને લોક જીવનને True-Good-Beautiful સત્ય, શિવ અને સુન્દર—આ શ્રેયત્રિપુટીનો સતત સંસ્કાર આપ્યા કરે છે.

આપણે આજે કયાં જઇ રહ્યા છીએ ?

આજની દુનિયાની મોટમોટી ઉથલપાથલ જોઇને આપણને સર્વને પ્રશ્ન થઇ રહ્યો છે કે આપણે આજે કયાં જઇ રહ્યા છીએ ? આપણે સત્યની સમીપ જઇએ છીએ કે દૂર ? જે મૌલિક પરિવર્તનની આપણે વાતો કરીએ છીએ તે શું છે ? અને કેવું હોવું જોઇએ ? આપણે 'સ્વરાજ સ્વરાજ' કરી રહ્યા છીએ તે હવું કેવું ? આજે તો એક બાજુ મોજ—શોખમાં ડુબેલા—ભોગવિલાસમાં રચેલા પચેલા—ગણ્યા ગાંઠ્યા શ્રીમાનો છે અને બીજી બાજુએ ભુખે મરતા પાર વિનાના ગરીબો છે. સ્વયં વાંચતાં લખતાં આવડે એવામાં સોમાં માત્ર આઠ માણસો છે. સબળો નબળાને કચરે છે અને ઉપરનો વર્ગ નીચેનાને દબાવે છે. આપણા આગામી સ્વરાજ્યમાં પણ આની આજ હિંસાપૂર્ણ પરિસ્થિતિ ચાલવાની હોય તો એ સ્વરાજ્યનો આપણા માટે કે આપણી અગણિત પ્રજા માટે કશો અર્થ નથી.

જૈનો અને અહિંસા.

જૈનોના નામ સાથે અહિંસા અનિવાર્યપણે જોડાયેલી છે. જૈનોનું નામ સાંભળું છું કે મારી સામે અહિંસા આવીને ઉભી રહે છે. ઇતિહાસ વાંચુ છું અને જૈનોના પ્રાચીન ગૌરવનું મને ભાન થાય છે. વિજયનગરમાં એક કાળે જૈન રાજવીઓની પરંપરા ચાલેલી અને તેમણે અહિંસા ધર્મનો ખુબ પ્રચાર કરેલો. આમ છતાં આજે આપણે ત્યાં અહિંસાના નામની આટલી બધી ચીડ કેમ છે ? આપણા તિર્થંકરોએ આપણને પાશવી-બળનો ઉપયોગ કરવાનું કહ્યું નથી, પણ ઇશ્વરીબળ વડે સૌ કોઇને જીતવાનું કહ્યું છે. ઇશુખ્રિસ્તે પણ આજ ઉપદેશ આપ્યો છે. તુકારામે કહ્યું છે કે 'ચિત્ત શુદ્ધ હોતા, શત્રુ મિત્ર હોતા'.

સર્વધર્મસર્વભાવ

મારે મન આ મારો ધર્મ અને આ પારકો ધર્મ એવું કશું છે જ નહીં. બધા ધર્મોને હું મારા ગણું છું અને જે ધર્મમાં જે સારૂં તેને હું મારૂં લેખું છું. આ રીતે જૈનોનો અહિંસાવાદ મને ખુબ ગમે છે અને 'હું જૈન છું. હું જૈન છું' એમ મારૂં હૃદય પોકારે છે, ખ્રીસ્તી ધર્મનો ઉદાત્ત ભ્રાતૃભાવ મને અતિ પ્રિય છે અને 'હું ખ્રીસ્તી છું, ખ્રીસ્તી છું' એમ મારૂં દિલ પોકારે છે. સત્યનો પુજારો કોઇ એક ધર્મ કે સંપ્રદાયને મળ્યો નથી.

આજ સુધી માનવીએ શું કર્યું ?

માનવવંશનો દસ લાખ વર્ષ પહેલાં પ્રાદુર્ભાવ થયો છે એમ આજના સંશોધનકારો કહે છે. આજ સુધી માનવીએ મોટી મોટી મહેલાતો બાંધી અને તોડી એ સિવાય બીજું શું કર્યું છે ? આજ સુધી આપણે સૌ હિંસાના માર્ગે ચાલ્યા છીએ અને ફરી ફરીને હતાં ત્યાંને ત્યાં જ આવીને ઉભા છીએ ગાંધીજી આજે આપણને અહિંસાનો નવો માર્ગ દર્શાવી રહ્યા છે. કેટલાક ગાંધીજીને હસે છે. અમારા મહારાષ્ટ્રના કેટલાક છાપાઓ તો તેમને 'દીવાના'જ વર્ણવે છે. પણ દરેક ક્રાંતિકારની શરૂઆતમાં એવી જ સ્થિતિ હોય છે.

ક્રાન્તિ એટલે શું ?

આપણે સૌ 'ક્રાન્તિ ક્રાન્તિ' કરીએ છીએ. જ્યારે કોઈ પણ દેશમાં એકાએક વિપ્લવ થાય છે અને ખુનની નદી વહેવા માંડે છે. ત્યારે આપણે તેને 'ક્રાન્તિ'ના નામે ઓળખીએ છીએ. પણ ખરી રીતે ક્રાન્તિ આ નથી. આ તો એક બનાવ છે. એ બનાવની પહેલાં અમુક પ્રજામાં કેટલાંક વર્ષો પહેલાંથી ચાલી રહેલું સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં આમૂલાગ્ર વિચારપરિવર્તન એ જ સાચી ક્રાન્તિ છે. આપણે ત્યાં પણ આવી વિચાર—ક્રાન્તિની જરૂર છે અને તે કામ તમારા જેવા યુવક સંઘોએ કરવાનું રહે છે.

દ્રવ્યની વિષમતા દુર કરો.

આજ આપણે ત્યાં ચોરીઓ થાય છે, લુંટફાટ થાય છે, ખુનો પણ થાય છે. ચોરને, લુંટારૂને કે ખુનીને શિક્ષા પણ થાય છે. એમ છતાં પણ આ અનર્થો અટકતા નથી. આનું કારણ આપણી આખી સમાજ—વ્યવસ્થાના મૂળમાં રહેલી દ્રવ્યવહેંચણીની વિષમતા છે. એ વિષમતા જ્યાં સુધી દૂર કરવામાં નહીં આવે, ત્યાં સુધી ઉપર જણાવેલા અનર્થોની પરંપરા ચાલ્યા જ કરવાની છે. આ સંબંધમાં ટોલ્સટોયનું 'What then must we do' ત્યારે કરીશું શું ?' એ પુસ્તક ખાસ વાંચવા જેવું છે. તેની અંદર એક બાજુ શ્રીમંત લોકોનો ભોગવિલાસ પાછળ ચાલી રહેલો અનર્ગળ દ્રવ્યવ્યય અને બીજી બાજુએ ગરીબ લોકોને ભોગવવી પડતી પાર વિનાની હાડમારીઓ—એ બન્નેનું ભારે વાસ્તવિક ચિત્ર રજુ કરવામાં આવ્યું છે. આજનો ધનવાન ભોગવિલાસની સાધન સામગ્રીઓ વધાર્યે જ જાય છે અને તેથી ધરાતો નથી અને સાથે સાથે નાનું સરખું દાન કરીને મનનો સંતોષ મેળવવા પ્રયત્ન કરે છે. તેને ભાન નથી કે જ્યારે અનેક માણસો ભુખભેગા થાય છે, ત્યારે જ તેને ભોગ ભોગ-

વવા યોગ્ય સંપત્તિ મળે છે. આપણા દીલમાં સતત બળતરા રહેવી જોઈએ કે જ્યાં સુધી એક પણ આદમી ભુખ્યો રહે છે, ત્યાં સુધી મને કે તમને બે વખત ખાવાનો હક્ક નથી. આટલા જ માટે જૈન ધર્મમાં અપરિગ્રહ ઉપર આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે.

આજની મનોદશા

આજે લોકોમાં કામ અને તેટલું થોડું કરવું અને વેતન વધારે મેળવવું એ સર્વસામાન્ય વૃત્તિ થઇ પડી છે. આજની વ્યવસ્થા અને વેતનધોરણ પણ આવા જ પ્રકારના છે. જેમ પગાર વધારે તેમ કામ ઓછું. હજારનો પગાર હોય અને ત્રણ જ કલાક ઓફીસનું કામ કરવાનું હોય. આ વૃત્તિ અને આ ધોરણ ખોટાં છે. સાચી વૃત્તિ તો એ જ હોઇ શકે કે વધારેમાં વધારે કામ આપવું અને ઓછામાં ઓછું જરૂર પુરતું લેવું. ખરો સુખી કોણ અને ખરેખર સારો માણસ કોણ તે સંબંધે એક કવિએ સરસ વ્યાખ્યા આપી છે. 'He alone is happy who enjoys doing the work which has to do and he alone is good who does it to the best of his abilities.' 'પોતાને કરવાનું કામ જે આનંદપૂર્વક કરે છે, તે જ ખરો સુખી છે અને તે કામ પાર પાડવામાં જે કશો પણ શક્તિ-સંકોચ કરતો નથી, તેજ ખરેખર સારો માણસ છે.

ગાંધીજી અને જૈનો

ગાંધીજી આજે ન્યાયી દ્રવ્યવિભાગ થાય એવી સમાજ-રચના માંગે છે અને તેની સાધના માટે અહિંસા અને અપરિગ્રહને આગળ ધરે છે. જૈનો અહિંસાના પૂજારી હોવાનો દાવો કરે છે. તેમના ધર્મશાસ્ત્રોમાં અહિંસાની જે ઝીણવટ ભરી સામાલોચના કરવામાં આવી છે અને અપરિગ્રહની જે વિગતવાર મીમાંસા જાણવા મળે છે, તેવી અન્યત્ર જોવા કે સાંભળવામાં આવતી નથી. આમ હોવાથી ગાંધી-જીના કાર્યને આગળ વધારવાની સૌથી મોટી જવાબદારી જૈનોને માથે રહેલી છે.

હજુ ગુલામી જીવે છે.

આજે આપણે ચોતરફ જે જુલમ અને ત્રાસ વર્તી રહેલો જોઇએ છીએ, તેથી આપણો આત્મા ખળભળી ઉઠવો જોઇએ. હમણાં જ આપણી નજીકમાં વસતા ત્રણ લાખ જેટલા આદિ-વાસીઓ (aborigines) ની કેવળ ગુલામી ભરેલી પરિસ્થિતિ સંબંધે એક સરકારી રીપોર્ટ મારા જોવામાં આવ્યો. એ લોકોની સ્થિતિ મેં નજરે પણ નિહાળી. તેઓની ગુલામીના વિતકોની હું શી શી વાતો કહું ? મારા સાંભળવા પ્રમાણે તેમાંના એક માણસને કામ નહીં કરવા બદલ ભડભડતી ભઠ્ઠીમાં બાળી નાંખવામાં આવ્યો હતો. બીજી એક બાઇને ૭ મહીનાનું બાળક હતું. તે બાઇ પાસેથી કામ લેનાર કોઇ ઇજારદારની કુવૃત્તિને વશ ન થવા માટે તે બાઇનું બાળક તે ઇજારદારે ઝુંટવી લીધું હતું. આવા આવા અનેક બનાવો જ્યાં સુધી આપણા દેશમાં બની રહ્યા છે, ત્યાં સુધી આપણે આંખો વીંચીને નિરાંતે કેમ સુઇ શકીએ ? અને સ્વસ્થ ચિત્તે આનંદમજ્જ શી રીતે માણી શકીએ ? આ જાતની આપણામાં બેચેની આવવી જોઇએ. આમાંથી આપણે કાંઇને કાંઇ માર્ગ કાઢવો જ રહ્યો. આ બધાના મૂળમાં પહેલી પરાધીનતા અને દ્રવ્યની વિષમવિભાગી વ્યવસ્થા આપણે દુર કરવી જ રહી. આ આપણે શી રીતે દુર કરીશું ? ગાંધી-જીએ આને માટે અહિંસા અને અપરિગ્રહનો માર્ગ બતાવ્યો છે. એ માર્ગમાં જેને શ્રધ્ધા ન હોય તે ભલે બીજા માર્ગે જાય અને જે કર્તવ્ય સુઝે તે કરે. પણ જેને શ્રધ્ધા હોય તેણે તો એ મહાપુરૂષે આપણા માટે જે ચિરાગ સળગાવ્યો છે તેને અનુ-સરીને જ ચાલવું રહ્યું અને એ માર્ગે જ આજની વસ્તુસ્થિતિમાં પલટો લાવવો રહ્યો. તમને દીન દલિત જનતાના ઉધ્ધાર માટે કદાચ આટલી બધી ધગશ ન હોય અને કેવળ અંગત મોક્ષ-સ્વાર્થી મોક્ષ-જ તમારી સર્વ પ્રવૃત્તિઓનો પ્રેરક હેતુ હોય તો પણ તમારાં ધર્મશાસ્ત્રો કહે છે તેમ તમારે અહિંસા અને અપરિગ્રહને આચારમાં અખત્યાર કરવાના જ રહ્યાં. આ રીતે આજના તમારા ચાલુ જીવનની દિશા તો બદલ્યે જ છુટકો છે. સંચય અને સુખ એ બે પાછળ આપણે સૌ કશા પણ વિરામ વિના ભટકયા કરીએ છીએ અને આપણા અમૂલ્ય જીવનને વેડફી નાંખીએ છીએ. આજે આપણે આપણા જીવનને પલટીએ અને સંચય અને સુખને બદલે જ્ઞાન અને સેવાને જીવનના પ્રવર્તક હેતુઓ બનાવીએ.

પુસ્તકાલય ઉદ્‌ઘાટનની જાહેરાત

આજ મેં તમારો ઘણો વખત લીધો છે. પણ દિલની વાતો કહેવા બેસીએ છીએ ત્યારે સમયનો ખ્યાલ નથી રહેતો. આજના આપણા સંમેલનનો હેતુ મુંબઇ જૈન યુવક સંઘે જે સાર્વજનિક પુસ્તકાલય તૈયાર કર્યું છે તેના ઉદ્‌ઘાટનને જાહેરાત આપવાનો છે. આ કોઇ પણ પ્રકારના કોમી ભેદભાવ વિનાની જ્ઞાનપ્રચારની પ્રવૃત્તિને હું આવકારું છું. જ્ઞાનપ્રચાર જેવી માનવજીવનને ઉપકારક બીજી કોઇ પ્રવૃતિ હું જોતો નથી. આપણી સર્વ અવનતિનું મૂળ જ્ઞાનતૃષ્ણાનો અભાવ છે. જ્યારે લોકોમાં જ્ઞાનપિપાસા જાગશે ત્યારે આજે ચોતરફ વ્યાપેલી મૂઢતાનો નાશ થશે; માનવીની બુદ્ધિ જ્ઞાનસીંચનથી નવપલ્લવિત થશે; હૃદય જાગૃત થશે અને સેવાસન્મુખ બનશે. તમારૂં પુસ્તકાલય લોક-માનસમાં સત્યશોધ અને જ્ઞાનતૃષ્ણા જાગૃત કરે અને અહિંસા તેમજ અપરિગ્રહની ભાવના પોષાય તેવા સાહિત્યનો ચોતરફ ફેલાવો કરે એ શુભેચ્છા સાથે તમોએ તૈયાર કરેલું પુસ્તકાલય ખુલ્લું મુકાયેલું જાહેર કરું છું અને તમારી આ શુભ પ્રવૃત્તિને સર્વ પ્રકારની સફળતા ઇચ્છું છું.

માત્ર એ પ્રશ્ન પૂછો કે 'કેવી રીતે જીવ્યા તમે' ?

એક અન્યોક્તિ.

(મન્દાક્રાન્તા)

રસ્તે જાતાં સુભગ દીઠું મેં પુષ્પ એ એક ત્યાં તો,
ડોલન્તું તે પવન લહરીમાં રમન્તું હતું ને;
ફેલાવન્તું સકળ દિશમાં સૌરભ સ્વાત્મની ને,
અર્પે શોભા સ્થળ સકળને આત્મસૌન્દર્યથી તે.
પૂછ્યું મેં તો "અતિ સરસ હે પુષ્પ ! ખીલ્યું ભલે તું,
શાન્તિ દેતું શ્રમિત મનને રમ્ય સુવાસથી ને;
વરસે વિશ્વે ઝરણ મધુરું પ્રેરણામૃતનું તું
આવું સારું જીવન પણ હે ! કેટલું અલ્પ તારું ?
પુષ્પ પ્યારા ! દિનકર તણો અસ્ત થાતાં પહેલાં
કરમાવાનું તવ નસીબમાં શું નહીં છે લખાયું ?"
પ્રત્યુત્તરમાં સ્મિતમુખ કરી પુષ્પ એ ત્યાં વદીયું.
"ના ના જાણ્યો જીવન પથનો મર્મ હે સુજ્ઞ બંધુ !

(અનુષ્ટુપ્)

નજીવો પ્રશ્ન એ છે કે 'કેટલું જ જીવ્યા તમે' ?
મિત્ર એ પ્રશ્ન પુછો કે 'કેવી રીતે જીવ્યા તમે' ?

અનન્તરાય જાદવજી શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૦

મુંબઇ : ૧૫ સપ્ટેંબર ૧૯૪૦ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

અહિંસાનાં નવાં લેખાં

[છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પોતે હાજર રહી શકે તેમ નહિ હોવાથી એ પ્રસંગ નિમિત્તે આજનો જૈન સમાજ જે મોટે ભાગે વ્યાપારીઓનોજ બનેલો છે તેને ખાસ ધ્યાનમાં રાખીને શ્રી. કિશોરલાલભાઈએ 'અહિંસાનાં નવાં લેખાં' એ મથાળાવાળો એક વિચારપ્રેરક લેખ અમારા ઉપર મોકલી આપ્યો હતો જે સાભાર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.]

દુનિયાના મહાન ધર્મોમાં જૈનોએ પોતાને અહિંસાના ખાસ સંરક્ષક (ટ્રસ્ટી) માન્યા છે. અહિંસાના કેટલાક અંગોનું-ખાસ કરીને ખાનપાનના ક્ષેત્રમાં-તેમણે બહુ જતનથી પોષણ કર્યું છે અને કોઇ પણ પ્રાણીના રક્તપાતની કલ્પના સુધ્ધાં સહન ન થઇ શકે તેટલી પોતાની વૃત્તિઓને નાજુક કરી છે. સેંકડો વર્ષના સંસ્કારોથી અહિંસા વિષે તેમના મનમાં તીવ્ર આદર રહ્યો છે અને તેમને માટે અહિંસા એજ પરમ ધર્મ છે એવું દલીલોથી ઠસાવવાની જરૂર રહી નથી.

દુનિયામાં અને હિંદુઓમાંયે ઘણી જાતિઓ એવી છે કે જેઓ કહે છે કે અહિંસા અમે સમજી જ શકતા નથી; એ માનવસ્વભાવની વિરુદ્ધ વાત છે; એ આત્મઘાતી સિધ્ધાંત છે; એ શારીરિક દુર્બળતા અને માનસિક કાયરતાને પોષનારી વસ્તુ છે; એનો અતિરેક થયો છે; વગેરે.

અહિંસા પ્રત્યે ઝોક હોવા છતાં આ વિચારોની જૈનો ઉપર ખાસ કરીને નવી પેઢીની ઉપર-અસર થઈ નથી એમ ન કહેવાય. મને લાગે છે કે જૈનોનીયે નવી પેઢી આજે એમજ વિચારતી હશે કે અહિંસા પરમ ધર્મ એટલે શ્રેષ્ઠ ધર્મ ખરો, પણ હિંસા માટેયે કાંઇક સ્થાન તો હોવુંજ જોઇએ, અથવા તો મુનિઓ માટે અહિંસાની મર્યાદા જુદી, સંસારીઓ માટે જુદી. સંસારીઓને કેટલીક હિંસા માટે પરવાનગી માની લેવી જોઇએ. ખાન-પાનના ક્ષેત્રમાંયે અહિંસાની જુની મર્યાદા હવે પાળવી અશક્ય છે. એમ જૈનોમાંથી ઘણા માનતા થયા હશે. દા. ત. જૈન દાક્તરો અને મંદવાડમાં જૈનોમાંથી ઘણા કોડલિવર, લિવર તથા બીજા માંસજન્ય પદાર્થો, વેકસીનો, ઇંડા વગેરેનો ઉપયોગ કરવા જેટલા મનના કઠણ બન્યા હોય તેવા લોકો યુધ્ધ વગેરે જેવી બાબતોમાં તેમનામાં અને અહિંસાને ન વરેલા લોકોમાં બહુ વિચારભેદ હશે કે કેમ એ શંકા છે. દંગા, ફિસાદ કે શત્રુની ચઢાઈ સામે પણ અહિંસાથી જ કામ લેવાની ગાંધીજીની સૂચના બીજાઓની જેમ તેમને પણ અવહેવારૂ અને અહિંસાની એકાંગી સાધનાથી ઉત્પન્ન થયેલી ઘેલછા જેવી લાગતી હોય તો નવાઇ નથી. જૈનગ્રંથોમાંથી યુધ્ધ ધર્મને અનુકુળ પ્રમાણો પણ શોધી કાઢવામાં આવે છે.

આ સ્થિતિમાં અહિંસાને નવેસરથી, ફરીથી અને પાયા-થીજ વિચારવાની આપણને સૌને જરૂર ઉભી થઇ છે. જે ચીલા-ઓમાં રહીને આપણે અત્યાર સુધી અહિંસાધર્મનો વિચાર અને આચાર સેવતા આવ્યા છીએ, તે ચીલાઓને છોડીને સ્વતંત્ર દૃષ્ટિએ વિચાર અને તેને અનુરૂપ આચાર શોધવાની જરૂર છે.

હિંસા—અહિંસાનો પ્રશ્ન આજના જમાનામાં આપણે મુખ્ય-ત્વે માણસ—માણસ વચ્ચેના વ્યવહારમાં તપાસવો જરૂરી છે. માણસ—માણસ વચ્ચેનો વ્યવહાર હિંસાત્મક, અસત્ય અને અશુધ્ધ રહે; અને મૂગાં પ્રાણીઓ સાથેના વ્યવહારમાંજ આપણે અહિંસાને મર્યાદિત રાખીએ, તો તેમાં તારતમ્યભંગનો દોષ થાય છે. ગાંધીજીએ જે અહિંસાની સાધનાનો આજે આરંભ કર્યો છે તે માનવવ્યવહારોની બાબતમાં છે.

આખી દુનિયાનો માનવસમાજ અસ્વસ્થ થયેલો છે. એ અસ્વસ્થતા કુદરતના કોઇ ભારે કોપને લીધે નથી; કોઇ વાઘ-સિંહ વગેરે જંગલી પશુઓના એકાએક વધી ગયેલા ત્રાસને લીધે નથી. પણ મનુષ્ય—મનુષ્ય વચ્ચેના વ્યવહારોને લીધેજ છે. માણસજ આજે માણસને મારે છે, પીડે છે, લૂટે છે તથા અનેક રીતે રીબાવે છે, અને તેથીજ આખો માનવસમાજ આજે મોટા સંક-ટમાં આવી પડેલો છે.

યુદ્ધનો દાવાનળ તો પ્રત્યક્ષ જ બધા જોઇએ છીએ, પણ એ દાવાનળના મૂળમાં શોષણની આગ તપે છે. અનેક નાના માણસોને ચુસી એક મોટો માણસ થાય છે અને અનેક નિર્બળ પ્રજાઓને ચુસી એક બળવાન પ્રજા થાય છે અને તેવી બેચાર પ્રજા થાય છે ત્યારે પરસ્પરની ઇર્ષાથી એક બીજાનાં લોહી રેડવા તૈયાર થાય છે. લોહી રેડવામાંયે ચૂસનારા લોકોનાં પોતાનાં લોહી રેડાતાં નથી, પણ તેમાંયે નાના અને નિર્બળોનો જ સંહાર થાય છે. જો આ ભયંકર હિંસાને આપણે અટકાવી ન શકીએ તો આપણા ઉકાળીને સો ગણણે ગાળેલાં જંતુહીન પાણી અને બધીએ જાતના સંકલ્પ છોડીને મેળવેલો આહાર અને સંપૂર્ણ સાવધ-ગિરી સાથે કરેલો વિહાર પણ આપણી અહિંસાને તેજસ્વી દેખાડી શકશે નહિં.

માટે આપણે અહિંસાને વિચારવાની દિશા જ બદલવી રહી. યુધ્ધોની હિંસા અટકાવવાનો માર્ગ આપણે સિદ્ધ કર-વો જ જોઇએ.

આ યુગના યુધ્ધોનો વિચાર કરતાં આપણને માલમ પડે છે કે આજના યુદ્ધની પાછળ 'તારા રાજ્ય કરતાં મારૂં રાજ્ય મોટું કરૂં.' એવી જુના વખતના રાજાઓની અંગત સ્પર્ધા નથી, પણ 'તારા વેપાર કરતાં મારો વેપાર વધારૂં' એવી પ્રજાકીય સ્પર્ધા છે. દરેક વેપારીને અને વેપારી પ્રજાને જેટલી

જાતનાં કારખાનાં કાઢી શકાય, જેટલા ઉદ્યોગો વધારી શકાય, તેટલા વધારી, પોતાનો જ માલ આખી દુનિયામાં ખપે એવા કોડ છે. દરેકને એક એક બન્દર કબ્જે કરી લેવા છે. એક એક સામ્રાજ્ય તે એવા વેપારીઓનાં સંગઠનો છે એમ કહીએ તો ચાલે. પ્રત્યક્ષ લડાઈ પણ એ રીતે એક વેપારનો જ વિષય થઈ પડેલી છે. કારણ કે લડાઇનો સરંજામ પણ ઉદ્યોગ અને કારખાનાની બાબત છે અને તેને પણ બન્દરો કબ્જે કરવાના હોય છે. લડાયક વિમાનો, મોટરો, ટેંકો, એમ્બ્યુ વગેરે સર્વે ચીજો વેપારનો વિષય છે અને તે બધે તેમાં વેપારીને લાભ છે. એટલે લડાઇ થવામાં અને ચાલવામાંયે વેપારીને આનંદ થાય છે. એને કમાણીનો પ્રસંગ હાથ આવતો લાગે છે.

આ દૃષ્ટિએ જોશું તો માલમ પડશે કે આજની હિંસાના પાપ માટે પ્રત્યક્ષ લડાઇમાં લડવાવાળા સિપાઇઓ જવાબદાર છે તેના કરતાં વેપાર જ વધારે જવાબદાર છે.

અને છતાં આશ્ચર્ય તો એ છે કે વેપારીઓ તો હમેશાં સ્વભાવે શાંતિપ્રિય જ હોય એમ મનાય છે. મારામારી, રક્તપાત વગેરે એમને કદી ગમતાં નથી. તેમાંએ આપણા દેશમાં વેપારી એટલે મોટે ભાગે જૈન, વૈષ્ણવ કે પારસી. ત્રણે શાંતિના ઉપાસક; જૈન-વૈષ્ણવ તો અહિંસા પરમો ધર્મનો જપજપવાવાળા.

આનો સીધો અર્થ એ થયો કે માણસજાતે પોતાનો વેપાર સુધારવો રહ્યો. ખોટો—હિંસાનો-અધર્મનો—વેપાર સંકેલી, સાચો – અહિંસાનો-ધર્મનો—વેપાર ખીલવવો ઘટે. જે ઉદ્યોગ —વેપારથી નફાનું પ્રમાણ ઘણું મોટું થઇ શકે, નાના માણસો નિર્બળ પ્રજાઓ વગેરે ચૂસાઇ જાય, લડાઇ થાય અથવા લેવાય તો સારૂં એવી ઇચ્છા થાય એવા ઉદ્યોગ—વેપારને બંધ કરવા ઘટે.

એક જ માણસને અનેક જાતના ઉદ્યોગ ધંધામાં પડવું તે અધર્મ છે. માણસ પોતાના નિર્વાહ માટે એક ધંધો શોધી લે. પોતાની મુડી અને મહેનત તેમાં જ રોકે. પણ ઝવેરાત, કાપડ, લોઢું, તેલધાણું, મોટર અને વહાણ બધી જાતના ઉદ્યોગોમાં એક જ માણસે પડવું એ અધર્મ કર્મ વિના થઇ ન શકે; કારણ એમાં લોભને થોભ નથી અને જ્યાં લોભ છે ત્યાં અહિંસા શક્ય નથી.

ખરૂં પૂછતાં, રૂપીઓ જાતે વાંઝિયો છે. એક રૂપીઓ સો વર્ષ રાખી મુકીએ તોયે તે રૂપીઓ ને બે આની થશે નહિં. તે રૂપીઓ આપણે ન વાપરી શકીએ અને બીજાના હાથમાં આવે તો તેની પાસેથે તેના રૂપીઓ ને બે આની કરવાની કરામત નથી પણ એ રૂપીઆનું બી લાવીને તે વાવે અથવા કપાસ લાવી ઉપર મહેનત કરી કાંતે તથા વણે કે કાચો માલ લાવી તેમાંથી કાંઇક ઉપયોગી પદાર્થ બનાવે, તો તે મહેનતની કિંમત બે આના કે ચાર આના મુકી શકાય. એ રૂપીઓ આપણો ગણાતો, માટે આપણે એની ઉપર વ્યાજ માગીએ એનો અર્થ એ થયો કે તેની બે આનાની મહેનતમાંથી તે આપણને થોડોક ભાગ આપે.

આપણે પોતે કોઇ જાતનો ઉદ્યમ કરવા માટે આપણો રૂપીઓ વાપરી શકતા નથી અથવા વાપરવા ઇચ્છતા નથી. કોઇ મહેનત મજુરી કરી શકનારા બેકાર, વણકર કારીગર વગેરે ન હોય તો આપણો રૂપીઓ આપણી તીજોરીમાં પડયો રહે. રાજ કે ચોર લુંટી ન જાય અથવા દાન કરવાની આપણામાં સદ્બુધ્ધિ ન આવે અથવા ઘરમાં કોઇ ઉડાઉ દિકરો ન પાકે તો આપણા દિકરાની કે કુટુંબમાં છેવટે રહી ગયેલી કોઇની વિધવા કદાચ તેને વટાવીને દુઃખના દહાડામાં ઉપયોગ કરી શકે, પણ વટાવ્યા વિના એ રૂપીઓ સો વર્ષ તીજોરીમાં પડીનેયે આપણને સવાસોળ આના બનેલા દેખાડી નહિં શકે. રાજબદલાથી કિંમત ઘટી જવાનો સંભવ તો રહે જ.

સાચું પૂછતાં આપણે આપણો રૂપીઓ ઉપજાઉ કામમાં વાપરી ન શકીએ અને તેથી પડયો રહે તથા લૂંટાવા ચોરાવાની ધાસ્તી ઉપજાવે, તે કરતાં કોઇ ઉદ્યમી પ્રમાણિક કારીગર તેનો ઉપયોગ કરે અને આપણને જ્યારે જોઇએ ત્યારે પાછો આપવા બંધાય તે આપણા લાભની વાત ગણાય. તેને માટે જો તે રૂપીઆની રખવાળીનું થોડું ભાડું માગે, એટલે સોળ આનાને બદલે પંદર કે સાડા પંદર આના જ પાછા આપવા બંધાય તોયે ગેરવાજબી ન કહી શકાય. એક કાળે આવું થતું યે ખરૂં. પોતાને ત્યાં કોઇ અનામત મૂકી જાય તો મોટા શરાફ તેને વ્યાજ આપવાને બદલે રખવાળીનો વટાવ સામો લેતા. નાની નાની અનામતો ઉપર આજેય કેટલીક સંસ્થાઓ વ્યાજ નથી આપતી અને દરદાગીનો સંભાળવાનું મહેનતાણું લે છે. આનું કારણ એ છે કે પૈસો દાગીનો વગેરે કીમતી મનાતી વસ્તુઓ-વટાવીને ઉપયોગમાં લાવવામાં ન આવે અને સંઘરવી જ પડે તો તે એક જંજાળ જ ગણાય. એવી જંજાળ સ્વીકારનાર પોતાનું મહેનતાણું લે એમાં નવાઇ ન ગણાય

પણ આજે તો આર્થિક રચનાના અટપટા કીમિયાથી આપણી મુડીનો સંભાળીને ઉપયોગ કરનાર આપણી પાસે વટાવ માગતો નથી. પણ ઉલટો જાણે આપણે ઉપકાર કરતા હોઇએ તેમ સામો વ્યાજ આપે છે. એટલે કે દિવસ આખો મહેનત કરી રૂપીઆની ચીજને અઢાર આનાની બનાવે, તો તે વધારાના બે આનામાંથી આપણને ઘર બેઠા ભાગ આપે છે અને પગલે પગલે એ વ્યાજ એ રીતે ઉમેરાતું જાય છે કે મહેનત કરનારને પોતાને તો એક વારનું પેટીઉ પણ નીકળી શકતું નથી અને આપણને વાડી-બંગલા અને શહેરના શોખો પ્રાપ્ત થાય છે.

આ એક દાખલાથી સમજશે. મુંબઇના કોઇ ફર્નિચર બનાવનાર સુતારનો વિચાર કરીએ. એમાં મુખ્ય ચીજ તો લાકડું, પાલીશ વગેરે થોડોક માલ અને સુતારની મહેનત એટલાં જ છે. પણ સુતારને ઓજાર જોઇએ, માલ રાખવા-મૂકવા એક દુકાન જોઇએ અને માલ વેચાય નહિં ત્યાં સુધી ખાવાની ખોરાકી જોઇએ. એની પાસે ઓજાર માટે પૈસા નથી; આપણી સીલકમાંથી આપણે એને વ્યાજે પૈસા આપીએ છીએ; એની પાસે લાકડું વગેરે ખરીદવા માટે પૈસા નથી; વળી તે માટે વ્યાજે પૈસા આપીએ છીએ. માલ રાખવા મૂકવા દુકાન નથી; આપણા મકાનનો આપણને ન વાપરવાનો ભાગ આપણે એને ભાડે આપીએ છીએ. માલ વેચાય ત્યાં સુધી એની પાસે ખોરાકી નથી; આપણે તે માટે તેને નાણાં વ્યાજે ધીરીએ છીએ. તે પછી એક રૂપીઆના લાકડા વગેરે પર આખો દિવસ મહેનત કરી તે એક સુંદર ખુરસી બનાવે છે. આપણી પાસે હજુ ઘણી સીલક બાકી છે, તેથી આપણું મન એ પ્રત્યે આકર્ષાય છે અને આપણે એની પાંચ રૂપીઆ કીંમત આપવા તૈયાર થઇએ છીએ. એટલે કે એક રૂપીઆના માલપર ચાર રૂપીઆની મહેનત થઇ એમ કહેવાય. પણ આપણે જાણીએ છીએ કે સુતારને તો સવા કે દોઢ રૂપીઆથી વધારે રોજી પડતી નથી. ત્યારે બાકીના અઢી પોણાત્રણ રૂપીઆ કોને મળ્યા? દેખીતું છે કે એ વ્યાજ, દુકાન ભાડું, ખોરાકી ઉપર નફો—વગેરેના રૂપમાં આપણનેજ પાછા મળ્યા. આનો અર્થ એ થયો કે સુતાર ચાર રૂપીઆની મહેનત કરે, તેમાંથી એણે પોણો ભાગ તો જુદા જુદા બેઠાભાગીદારોને

આપવો પડે છે. વળી એ ભાગીદારોનો માત્ર નફામાં જ ભાગ હોય છે, નુકસાનમાં નહિં.

આ આર્થિક વ્યવસ્થાથી આપણે એટલા બધા ટેવાઇ ગયા છીએ કે આમાં ગેરવાજબી શું છે એજ આપણામાંથી ઘણાને સમજાતું નથી. પણ જો આપણે સીધો વિચાર કરીશું તો આપણને દેખાઇ આવશે કે સોના-ચાંદીનો સિક્કો જાતે વાંઝિયો છે. એમાં નફો ઉત્પન્ન કરવાની શક્તિ નથી. મજુરની મહેનત એજ વધારાની કિંમત છે; માટે વ્યાજ એટલે કારીગર કે મજુરની મહેનતમાંથી લેવાનો ભાગ. એ ભાગ જો એટલો મોટો હોય કે આપણને સાહેબીમાં રાખી શકે અને મહેનત કરનારને પોતાને હંમેશાં તંગીમાં જ રાખે, તો તે વ્યવસ્થામાં હિંસા હોવી જ જોઇએ.

જેમ વિકટોરીઆવાળાના ઘોડાને માત્ર ખોરાકી જ મળી શકે છે, દલ્લાની કમાણી રૂપીઓ થાય કે દશ રૂપીઆ થાય, તેના ભાગમાં ફરક પડતો નથી, તેમ આપણા દેશમાં મહેનત મજુરી કરનારને માત્ર માંડ ખોરાકી જ મળી શકે છે. સારા વર્ષનો કે તેજીનો લાભ એને મળતો નથી.

વેપારનું જો આ આવશ્યક લક્ષણ કે પરિણામ હોય તો તે વેપાર, તે વેપાર ટકાવનારી સામાજિક તથા રાજ્યવ્યવસ્થા, તથા આંતરરાષ્ટ્રિય નીતિ અને દેશરક્ષાની સામગ્રી-બધી હિંસાની જ પરંપરા કહી શકાય.

અહિંસાનાં આ નવાં લેખાં છે. આપણે આપણા વેપારમાં એને ગણતા શિખવાના છે. જો માનવસમાજના વ્યવહારમાં એને આપણે દાખલ ન કરીએ તો ઝીણા જીવોની રક્ષા માટે લેવાતી સર્વે ફીકર અને દાનવૃત્તિ અહિંસાની કેકડી કર્યા બરાબર પણ થઇ શકે. જીવદયાને હું નકામી માનું છું એમ ન સમજવું. એ આવશ્યક છે. એ માટે જે થાય છે, તેમાં કાંઇક સુધારાની જરૂર ભલે હોય. પણ તેને ઓછી કરવા સૂચવતો નથી; પણ માનવવ્યવહારમાં અહિંસા દાખલ કરવાની જરૂરિયાત એના કરતાં ઘણા વધારે મહત્વની છે.

એ માટે આવા પ્રકારના વ્યક્તિગત નિશ્ચયો કરી શકાય.

(૧) મનુષ્યની હિંસા કરનારી પ્રવૃત્તિઓ કે વેપારોમાં ખાનગી કે ધર્માદા પૈસો રોકવો નહિં.

(૨) કોઇ પણ વેપારમાં મુડી પર બે કે અઢી ટકાથી વધારે વ્યાજ ઉપજે એટલો નફો કરવો નહિ.

(૩) સટ્ટો જુગારના જેવો જ સમજવો.

(૪) જાતે મહેનત-મજુરી કરનારને પૈસા ધીરવાનો પ્રસંગ આવે તો તેને મુંબઇ જેવા શહેરમાં ઓછામાં ઓછો દોઢ-બે રૂપીઆનો રોજ પડે નહિં ત્યાં સુધી તેની પાસે વ્યાજ લેવું નહિં.

(૫) પોતાની માસિક કમાણીની એક મધ્યમસર મર્યાદા બાંધવી. એથી વધારે કમાણી કરવી નહિં. વધારે થતી હોય તો તે રકમની ઉપરની બધી રકમ સાર્વજનિક હિતના કામોમાં અથવા મહેનત-મજૂરી કરનાર વર્ગને પગભર કરવામાં વાપરવી.

(૬) દાન કે ધર્માદાના નાણાંનો સંઘરો કરવો નહિં. તેને ખરચી નાંખવા પ્રયત્ન કરવો, વધારવા નહિં.

(૭) નોકર ચાકરને તથા કારીગર-મજૂરોને પુરૂં અને ઉદારતાથી મહેનતાણું આપવું. સારે માઠે પ્રસંગે તેમને મદદ કરવી, તથા પોતાના ભોગો ઓછા કરી તેમની જરૂરિયાતો પૂરી પાડવી.

(૮) પોતાની પાસે પૂરતો પૈસો હોય તો યે ભોગો ઓછા કરવા, અને સાદાઇ તથા સંયમથી રહેવું. પોતાના ભોગો અને અંગત ખરચો દ્વારા પૈસાની રેલછેલ દેખાડવામાં મોટાઇ માનવી નહિં.

(૯) પોતાની જરૂરિયાતની વસ્તુઓ બનતાં સુધી તેને બનાવનાર કારીગરની પાસેથી સીધી ખરીદવી. તેમને મજુરીએ રોકનાર વેપારીઓ કે કારખાનાવાળાઓ પાસેથી નહિં. આ રીતે મીલનું કાપડ, કે મોટા કારખાનાઓમાં બનેલા માલને વાપરવો નહિં, પણ ખાદી, ગ્રામોદ્યોગ અને હાથ-કારીગરીના માલને ઉત્તેજન આપવું.

આ રીતે આપણે આપણો વેપાર સુધારીને પવિત્ર બનાવીએ તો ગાંધીજીની ભાષામાં જરા ફેરફાર કરીને કહી શકાય કે "અધેય સંતોષ ફેલાય, ખોટી હરિફાઇઓ માટે, ધર્મા દૂર થાય, કોઇ ભૂખે ન મરે. જન્મ-મરણ સમતોલ થાય, વ્યાધિઓ ઘટે અને યુદ્ધોયે અટકે. રાજાઓ તથા અમલદારો સાહેબી અને શિરજોરી કરે, વૈશ્યો વાડી-બંગલા બાંધે અને ફાંમતી વસ્ત્રો તથા દાગીનામાં ઢંકાઇ જાય અને જ્ઞાનદાતા શિક્ષક અને મહેનત કરનાર કારીગર તથા મજુર ઘરબાર વિનાના થઇને તંગીમાં સબડે એવી દયાજનક સ્થિતિ અહિંસાધર્મનું શુદ્ધ પાલન થતું હોય તો ન હોવી જોઇએ".

પર્યુષણના પવિત્ર દિવસોમાં આ ઉપર વિચાર કરવા વિનંતિ કરૂં છું. **કિશોરલાલ મશરૂવાલા.**

શ્રી ઉમાશંકર જોષીને અભિનન્દન

ચાલુ સાલનો રણજિતરામ સુવર્ણચંદ્રક શ્રી ઉમાશંકર જોષીને મળ્યો છે એ માટે અમારાં તેમને હાર્દિક અભિનંદન. દર વરસે સાહિત્યનાં જુદાં જુદાં ક્ષેત્રોમાંથી ગમે તે એક ક્ષેત્રમાં ઉંચા પ્રકારની સંસિદ્ધિ પ્રાપ્ત કરનાર આપણા સાહિત્ય સેવકોમાંથી એકની આ ચંદ્રક માટે વરણી કરવામાં આવે છે. આ વરણીનું ક્ષેત્ર ઘણું વિશાળ રાખવામાં આવ્યું છે એમ જેમને એ ચંદ્રક મલ્યો છે તેમના નામની યાદી ઉપરથી જોઇ શકાશે. શ્રી કનુ દેસાઇ અને શ્રી રવિશંકર રાવળ જેવા કળાકાર, સ્વ. શ્રી ગીજુભાઇ બધેકા જેવા શિક્ષણ શાસ્ત્રી, શ્રી રમણલાલ દેસાઇ જેવા નવલકથાકાર, શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ જેવા પત્રકાર તથા શ્રી ચંદ્રવદન મહેતા જેવા નાટકકારને પોતપોતાનાં ક્ષેત્રોમાં ઉંચી સંસિદ્ધિ બદલ આ ચંદ્રક અર્પણ થયો છે. પ્રત્યેક પ્રકારની સર્જન પ્રવૃત્તિ વિશાળ સમભાવની અપેક્ષા રાખે છે. સમભાવને અભાવે સારામાં સારા કળાકારની શક્તિ પણ કુંઠિત બને છે. આ દૃષ્ટિએ આ પ્રકારના ચંદ્રકની યોજના અભિનંદનીય છે એટલું જ નહિ પણ આપણી બધી સર્જક શક્તિના વિકાસ માટે આવશ્યક છે.

ભાઇ ઉમાશંકરને આ ચંદ્રક અર્પી ગુજરાતની સાહિત્ય રસિક જનતાએ આપણા એ તેજસ્વી યુવાન કવિની કાવ્ય પ્રતિભાનું જે બહુમાન કર્યું છે તે પૂરેપૂરી રીતે ઉચિત છે. ઘણી નાની ઉમ્મરે આપણા એ યુવાન સાહિત્યકારે સાહિત્યનાં ઘણાં ઉંચા શૃંગો સિધ્ધ કર્યા છે. કિશોરાવસ્થા વટાવી યૌવનને આંગણે માંડ પગ મૂકયો હશે ત્યાં એમણે 'વિશ્વ શાન્તિ' જેવું એક અતિ ગંભીર વિચારપ્રધાન કાવ્ય આપી ગુજરાતની વિદ્વતાને મુગ્ધ કરી. સ્વ. સાક્ષર શ્રી નરસિંહરાવ જેવાએ એ કાવ્ય ઉપર વિસ્તૃત અવલોકન લખી એ તરૂણ કવિની પ્રતિભાની ઉંડી કદર કરી. એ પછી તો કાવ્ય, નાટકો, ટૂંકી વાર્તા, નિબંધ આદિ અનેક ક્ષેત્રો એમણે ખેડયાં. એમનો છેલ્લો બહાર પડેલો કાવ્યસંગ્રહ 'નિશીથ'. એમની કાવ્યશક્તિ હજુ તો વિકાસોન્મુખ જ રહી છે અને વધુને વધુ સારાં કાવ્યો આપણને મળતાં જ રહેશે એના અચૂક પુરાવારૂપ છે. આવી સંસિધ્ધિ મેળવવા માટે ભાઇ ઉમાશંકરને ફરીથી અમારાં હાર્દિક અભિનન્દન.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

સપ્ટેંબર ૧૫ ૧૯૪૦

અહિંસાની ઉત્ક્રાન્તિ

(ગતાંકથી ચાલુ)

ગાંધીજીએ આપણી સમક્ષ જે અહિંસાત્મક કાર્યક્રમ રજુ કર્યો અને આપણા સ્વાતંત્ર્યની અવરોધક રાજસત્તાનો સામનો કરવા જે પ્રકારનો અસહકાર કે સત્યાગ્રહ કરવાનું કહ્યું તેની બે બાજુ હતી. એક તો બાહ્ય બાજુ એટલે કે સરકારી શાળા, કચેરી કે ધારાસભાનો બહિષ્કાર કરવો, સરકારી નોકરીઓ છોડી દેવી, અમુક કાયદાકાનુનનો સવિનય ભંગ કરવો, અમુક કર ન ભરવો કે અમુક સરકારી કાર્યમાં સહકાર ન આપવો ઇત્યાદિ. આ બાહ્ય પ્રકારની દિશાએ પ્રજાએ પોતાની તાકાત પ્રમાણે કાંઇને કાંઇ કરી બતાવ્યું અને સાથે સાથે કોઇ પણ પ્રસંગે સરકારી સત્તાનો હિંસક સામનો નહિ કરવા પુરતો સ્તુત્ય સંયમ પણ દાખવ્યો. આ સંયમમાં અપવાદો બન્યા જ નથી એમ ન કહેવાય, પણ મોટે ભાગે એ સંયમ અખંડિત જળવાઈ રહ્યો હતો.

પણ ગાંધીજીની અહિંસાની બીજી બાજુ એ હતી કે આપણે આપણા પ્રતિપક્ષી વિષે જરા પણ દ્વેષ, મત્સર કે ક્રોધ ચિન્તવવો નહિ, તેનું સદા ભલું ઇચ્છવું અને તેના ભલા માટે ઇશ્વરને સદા પ્રાર્થના કરવી. આમ કરવાથી એક વખત પ્રતિપક્ષીનો હૃદયપલટો થશે અને આપણી સ્વરાજ્યની માંગણીને સરકાર જરૂર મંજુર રાખશે એવી સદા શ્રધ્ધા સેવવી. આ આન્તર બાજુ તરફ પ્રજાએ મૂળથી જ બહુજ ઓછું ધ્યાન આપ્યું. ઘણા ખરાને મન ગાંધીજીનો અસહકાર અને સત્યાગ્રહ રાજ્ય કરતી સત્તા ઉપર દબાણ લાવવાનો જ એક સરસ અને નિઃશસ્ત્ર પ્રજા માટે કેવળ વ્યવહારૂ ઉપાય હતો. આપણામાં ક્રોધ તો સ્વાભાવિક જ હતો અને પ્રતિપક્ષીના હૃદયપલટાની વાતને આપણામાંના ઘણા ખરા હસતા. પથ્થર પીગળે પણ આવા પ્રતિપક્ષીનો હૃદયપલટો કદિ થાય જ નહિ એમ આપણામાંના ઘણા ખરા માનતા. આમ અહિંસાના મૂળ તત્ત્વને અન્તરથી નહિ સ્વીકારવા છતાં કેવળ રાજકીય હેતુ બર લાવવા માટે ગાંધીજીની યોજના સિવાય બીજો કોઇ માર્ગ વ્યવહારૂ નથી અને એ યોજનાને પ્રજા મોટા પાયા ઉપર અમલમાં મુકે તો પરદેશી સત્તાને જરૂર સત્તાભ્રષ્ટ કરી શકાય એમ બુધ્ધિપૂર્વક સમજીને ગાંધીજીને અનેક સારા સારા માણસોએ સાથ આપ્યો અને એ સાથ આપતાં આવી પડેલી યાતનાઓ ભોગવી. અહિં આશ્ચર્યજનક તો એ જ છે કે અહિંસાદ્રષ્ટિને ધ્યાનમાં રાખીને યોજાયેલ કાર્યક્રમ શુધ્ધ રાજકીય દૃષ્ટિએ પણ એટલો જ વ્યવહારૂ માલુમ પડયો અને તેને લીધે શુધ્ધ અહિંસાપાલનમાં આપણામાંના માનનારા અને નહિ માનનારા સૌ આજ સુધી ગાંધીજીની આગેવાની નીચે સાથે ચાલ્યા. વચગાળે સરકારી હિંદના અગિયાર પ્રાન્તોમાંથી સાત પ્રાન્તોના રાજ્યવહીવટની જવાબદારી કોંગ્રેસે માથે લીધી. આ રાજ્યવહીવટ જ આપણને અથવા તો રાષ્ટ્રીય મહાસભાને ગાંધીજીથી છુટું પાડનારૂં બળવાન નિમિત્ત બને તેવો સંભવ હતો. આ રાજ્યવહીવટ દરમિયાન નાના મોટાં કોમી હુલ્લડો અથવા તો મજુરોની હડતાળોના કેટલાક એવા પ્રસંગો બની ગયા કે જ્યારે કોંગ્રેસ સરકારને રમખાણો અને હુલ્લડો દબાવવા ખાતર લશ્કરી બળનો ઉપયોગ કરવો પડેલો. આ સામે ગાંધીજી બહુ જોરથી લખતા રહ્યા; એમ છતાં રાષ્ટ્રીય મહાસભા સાથેનો તેમનો સંબંધ કાયમનો કાયમ રહ્યો. યુરોપીય વિગ્રહનો ગયે વર્ષે આરંભ થયો; હિંદુસ્થાનના ભાવી વિષે સરકારે પોતાની રાજનીતિ સ્પષ્ટ ન કરી; લોકોમાં અસંતોષ વધવા લાગ્યો; સત્યાગ્રહની લડત આવી રહી છે એમ બણકારા વાગવા શરૂ થયા. રામગઢની મહાસભાએ ગાંધીજીને ફરીથી પ્રજાના સરમુખત્યાર બનાવ્યા. ગાંધીજીએ એ મુખીપણું સ્વીકાર્યું. યુરોપની લડાઇ આગળ વધવા લાગી અને તેનું સ્વરૂપ વધારે ને વધારે ભીષણ બનવા લાગ્યું. સરકારે હિંદ વિષેની પોતાની રાજનીતિની વધારે ચોખવટ કરવા માંડી. કોંગ્રેસને આથી સંતોષ થયો નહિ એમ છતાં સમાધાનીની આશા કાંઇક બંધાવા લાગી. વાઇસરોય અને ગાંધીજી વચ્ચે વાટાઘાટો ચાલતી જ રહી. જો સરકાર સાથે આપણી સમાધાની થાય અને કોંગ્રેસની માંગણીઓ જો સ્વીકારવામાં આવે તો આપણે શું કરવું ? સરકારને આજે ચાલી રહેલા વિગ્રહમાં સાથ આપવો કે નહિં ? સાથ આપવો તો કયા પ્રકારનો ? કેવળ નૈતિક કે લશ્કરી અને આર્થિક ? આપણા દેશમાં આપણું શાસન સ્થપાય પછી આપણે શું કરવું ? પરદેશી આક્રમણ સામે બચાવ કરવા માટે સૈન્ય રાખવું કે નહિ ? દેશમાં પણ ગમે ત્યારે કોમી રમખાણો થાય-બીજાં પણ હુલ્લડો થાય તેવા વખતે રાજશાસનની જવાબદારી ધારણ કરતાં આપણે શસ્ત્રબળના ઉપયોગથી તેની અટકાયત કરવી કે નહિ ? આવા પ્રશ્નો એકાએક ગાંધીજી અને અન્ય રાષ્ટ્રનેતાઓ વચ્ચે આવીને ઉભા રહ્યા. અહિંસા જેના દિલમાં મુખ્ય સ્થાને છે તે દેશના કોઇપણ સંયોગમાં શસ્ત્રબળના ઉપયોગને સંમત કરે જ કેમ ? એની આગળ તો અહિંસાનીજ વાત હોય અને અહિંસાનીજ યોજના હોય, એમણે તો સશસ્ત્ર બ્રીટનને પણ જર્મની સામે શસ્ત્ર નહિ ઉગામવાની હાકલ કરી હતી. બીજી બાજુએ જેમાં સશસ્ત્ર સૈન્ય રાખવાનું જ નહિ એવી હિંદુસ્થાનના ભાવી રાજ્યતંત્રની ઘટના કારોબારી સમિતિના સભ્યોએ કે અન્ય રાષ્ટ્રનેતાઓએ કદિ કલ્પેલી જ નહિ. આખરે ગાંધીજીને મન અહિંસા મુખ્ય હતી; આપણી જેવા ઘણા ખરાને મન સ્વરાજ્ય-સ્વાધીન રાજ્યતંત્ર—અહિંસામય હોય તો ખરેખર આવકારદાયક અને એ જો શક્ય ન હોય તો અહિંસા-હિંસા મિશ્રિત રાજ્યતંત્ર-એ મુખ્ય વસ્તુ હતી. ગાંધીજીની અહિંસાને સ્વીકારીને ચાલનારામાં પણ મન, વાણી અને કર્મથી અહિંસાનું પાલન કરનારા ઘણાજ ઓછા હતા અને છે અને બાકીનામાં કેટલાક અર્ધદગ્ધ અને બીજા આજે અન્ય કોઇ વ્યવહારૂ માર્ગ નજરે નહિ પડવાથી આ રીતે પણ સરકારનો અસરકારક સામનો થઇ શકે છે અને લડતની ભૂમિકા ઉંચી અને ઉંચી જળવાઇ રહે છે એમ સમજીને ગાંધીજીને અનુસરનારા હતા અને છે. વચગાળાના નાના સરખા રાજ્યવહીવટે જેમ આપણી તાકાતનું ભાન કરાવ્યું હતું તેમજ આજના રાજ્યવહીવટમાં હજુ અહિંસાપાલનને કેટલો ઓછો અવકાશ છે એનો પણ ઠીક ઠીક ખ્યાલ આપ્યો હતો. વળી એ પણ પ્રશ્ન વિચારવા જેવો રહે છે કે રાષ્ટ્રીય મહાસભાનું આખરી ધ્યેય શું છે ? રાષ્ટ્રને સ્વાધીનસત્તાક બનાવવાનું કે અહિંસા જેવા એકાન્ત આદર્શનો કોઇ પણ ભોગે અને કોઇ પણ સંયોગમાં દેશ પાસે અને આખરે આપણા જગત પાસે અમલ કરાવવાનું ? સરકાર સામે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

લડત કરવાની હોય ત્યારે જેવડે અસરકારક પરિણામ આવે એટલે આવશ્યક દબાણ સરકાર ઉપર લાવી શકાય તેમ હોય અને સાથે સાથે અહિંસા પણ જળવાતી હોય એવા કોઇ માર્ગે ગાંધીજી જેવા આપણને દોરે અને આપણે તેમને જરૂર અનુસરીએ. પણ જ્યારે માથા ઉપર તંત્રની જવાબદારી આવે ત્યારે કેવળ અહિંસાથી તંત્ર ચલાવવું અશક્ય જ છે એવો આપણને આગળનો તાજો જ અનુભવ હતો. અહિંસાના વ્યક્તિગત અનુપાલનમાં આપણે કરડવા આવતા સર્પને ન વારીએ અને ફાડી ખાવાને ધસી આવતા વાઘ વરૂને ન મારીએ, પણ કોઇ ગામની રખેવાળી જો આપણે માથે લીધી હોય તો ગામને રંજાડતા સર્પ કે વાઘ વરૂની હિંસા આપણા માટે અનિવાર્ય બનવાની જ. આજ અનુભવ મ્યુનીસીપાલીટીના સૂત્રધારોનો પણ છે. આવી જ રીતે કોમી રમખાણો કે બીજાં હુલ્લડો અટકાવવામાં બીજા ઉપાયો નિષ્ફળ નિવડતાં સશસ્ત્ર દમન કર્યા સિવાય ચાલવાનું જ નથી. આજે આપણે અહિંસાની આટ-આટલી વાતો કરીએ છીએ છતાં કોઇ પણ કોમી રમખાણને દાબવા માટે સરકાર ચાંપતા ઉપાયો નહિ લે તો સરકાર સામે પણ આપણે મોરચા પોકાર ઉઠાવવાના. પણ આ ચાંપતા ઉપાયો એટલે હુલ્લડખોરો સામે શસ્ત્રોનો તાત્કાલિક અને જરૂર મુજબ ઓછો કે વધતો ઉપયોગ નહિ તો બીજું શું ? આવું જ વલણ અને વર્તન સરહદી આક્રમણો સંબંધમાં સમજવટના ઉપાયો નિષ્ફળ ગયે આપણે અખત્યાર કરવાનાજ. બીજી પણ એક બાબત વિચારવા જેવી છે. અહિં આપણે જે પ્રકારની અહિંસાની વાત કરીએ છીએ તેનો એક અર્થ એ પણ છે કે પોતાની જાતનો ભોગ આપીને સમુદાયનો લાભ સાધવો. આવીજ રીતે સમસ્ત રાષ્ટ્રે અહિંસા અંગીકાર કરવી એટલે સમય આવ્યે પોતાના સર્વસ્વના ભોગે પણ જગતમાં અહિંસા અને શાન્તિ સ્થાપવા કટિબદ્ધ થવું. આપણી અહિંસાએ નિવૃત્તિ માર્ગીઓનો જનાનો છોડ્યો છે અને સમાજ અને રાષ્ટ્રના વિશાળ ક્ષેત્રમાં તે અહિંસા પોતાની શક્તિનો પ્રભાવ દર્શાવી રહેલ છે. પણ કોઇ પણ મહાન આદર્શ ખાતર દેશનો પણ ભોગ આપી દેવા તત્પર થવું એ હજુ આજે તો આપણી કલ્પનાક્ષિતિજની સીમા બહાર છે. રાજ્યવિધાયકોના માથે જેમ પ્રજાને દોરવાની જવાબદારી છે તેવી જ રીતે પ્રજાના બળાબળનું માપ પણ બરોબર ધ્યાનમાં રાખીને રાજ્યવહીવટના વિધિનિષેધો તેમણે ઘડવાના રહે છે. જેનું એકાન્ત લક્ષ્ય અહિંસા છે અને જે અહિંસા-વિચારથી ખરેખર ઓતપ્રોત બની ગયા છે, તેઓ જરૂર એમ કહી શકે કે જો આખરે કોંગ્રેસ હિંસાઅહિંસાના મિશ્ર માર્ગે ચાલવાની હોય તો એવી કોંગ્રેસમાં અમને રસ નથી. આમ કહેનારની પ્રમાણિકતા વિષે અથવા તો ઉપરના કારણે તેઓ કોંગ્રેસનો ત્યાગ કરે તો તેના લીધે તેમના વિષે જરા પણ અનાદર ચિન્તવવો એ યોગ્ય નથી. ગાંધીજીએ આજ સુધી આપણને અહિંસાના માર્ગે દોર્યા, પણ રાજ્યતંત્રની જવાબદારી લેવાનો આજે કે કાળાન્તરે જ્યારે પણ પ્રસંગ આવશે ત્યારે ગાંધીજી હયાત હશે તો તેમનાથી અથવા તો અહિંસા સંબંધે તેમના જેટલો આગ્રહ ધરાવનાર કોઇ પણ રાષ્ટ્રનેતાથી કોંગ્રેસ જેવી સંસ્થાને એટલે કે આપણા જેવા ઘણા ખરાને આ બાબત પુરતા જુદા પડવાનો પ્રસંગ આવશે એવી ભીતિ રહે છે.

—પણ આ તો બધી આપણા દેશની રાજકારણ પુરતી અને તેના અહિંસા સાથેના વધતા ઘટતા સંબંધ પુરતી આપણે વાતો કરી. પણ એ ઉપરથી કોઇએ એમ સમજવાનું નથી કે અહિંસાના ઉપયોગને હવે મર્યાદા આવી રહી છે અને અહિંસાનો વહેવા માંડેલો પ્રવાહ હવે અટકી જવાનો છે. અહિંસા તો હવે ઉપાશ્રય અને મઠમાંથી બહાર અને રાજદ્વારે આવીને ઉભી છે અને ત્યાંથી કદિ પાછી ફરવાની છે જ નહિ. આજ સુધી માત્ર પરલોકને અજવાળતી અહિંસા હવે આપણા ઘરખુણાને તેમજ શેરીચૌટાંને અજવાળી રહી છે અને સામાજિક તેમ જ રાજકારણજીવનની અનેક સમસ્યાઓ ઉપર નવો પ્રકાશ નાંખી રહી છે. આપણું પરિવર્તન પામતું રાજકારણ આજે કદાચ અહિંસાને પુરેપુરી અપનાવી ન શકે અને એજ કારણે આજનો આપણો સૂત્રધાર આવતી કાલે લઘુમતીમાં કદાચ જઇને બેસે. છતાં સશક્ત અને સ્વાધીન હિંદ આખરે તો અહિંસાને જ વેગ આપવાનું છે.

આજે એક બાજુએ અહિંસા ધર્મનો મોટામાં મોટો પયગંબર જગતને અહિંસાની આગમવાણી સંભળાવી રહ્યો છે– અહિંસાની દિગન્ત વ્યાપી ઉદ્‌ઘોષણા કરી રહ્યો છે. બીજી બાજુએ હિંસાનું જ મૂર્તિમાન સ્વરૂપ જાણે કે કાળભૈરવ પ્રગટ્યો ન હોય એવો બૃહત્ જર્મનીનો ભાગ્યવિધાતા હર હીટલર હિંસાનો દિગ્વિજય સાધી રહ્યો છે. માણસોની શ્રદ્ધા પાછી ડગમગવા લાગી છે. અહિંસાનો વિચાર તેને ખૂબ ગમે છે અને બીજી બાજુએ હિંસાને વિજયવતી થતી તે નિરખે છે. અહિંસા, ધર્મ, સત્ય, ન્યાય, નીતિના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરતો માનવી પાછો ઠોકર ખાઇને પડ્યો છે અને 'માણસ પણ શું આખરે પશુ જ છે ?' એવી ભ્રાન્તિ સેવી રહ્યો છે. પણ આથી નિરાશ બનવાનું કશું જ કારણ નથી. હજુ માણસ હિંસાથી ધરાયો નથી એટલે વારંવાર તે હિંસાના ચકડોળે ચઢે છે અને ઘુમરીઓ ખાધા કરે છે. પણ માણસ એક વાર હિંસાથી ત્રાસવાનો છે, હિંસાની નિષ્ફળતા જ માત્ર નહિ પણ તેની ઘાતક પરંપરા તેના દિલમાં ઉતરવાની છે. સંભવ છે કે ગાંધીજી કહે છે તેમ આજે ચાલી રહેલી લડાઇ હિંસાની છેલ્લી હોળી બને; કારણ કે આજના યુદ્ધમાં ચાલી રહેલો અગણિત નિર્દોષ માનવીઓનો સંહાર આપણા દિલમાં હિંસા અને હિંસક પ્રવૃતિઓ પ્રત્યે એકાન્ત અને મર્મસ્પર્શી જે ઘૃણા નિપજાવી રહ્યો છે તે જો સ્થાયી સ્વરૂપ પકડે તો જરૂર માનવજાત હિંસાના માર્ગેથી પાછી ફરે અને જેવી રીતે નિરામિષાહારી કોઇપણ સંયોગમાં માંસાહારનો વિચાર સરખો કરતો નથી તેવી જ રીતે કેવળ હિંસા હિંસા અને હિંસાથી થાકેલી, ત્રાસેલી, કંટાળેલી માનવજાત પોતાનો કોઇ પણ હેતુ કે કે સ્વાર્થ સિદ્ધ કરવા ખાતર એક પણ માનવીને જરાપણ ઇજા પહોંચાડવાનો કદિ વિચાર નહિ સેવે. એ સમય આવશે ત્યારે અહિંસા ઉપદેશ કે સમજવટનો વિષય નહિ રહે, પણ માનવ જીવન એક સ્વાભાવિક વૃત્તિ બની જશે.

આજ સુધીની દુનિયાની પરિસ્થિતિનું એક બીજું તત્વ પણ વિચારવા જેવું છે. આજની અવનવી વૈજ્ઞાનિક શોધોએ દુનિયાની સ્થૂલ દિવાલો તોડી નાંખી છે; દૂર ગણાતા દેશો નજીક આવ્યા છે; વિમાનો એક ખંડમાંથી બીજા ખંડમાં જોતજોતામાં લઇ જઇ શકે છે; રેડીઓની શોધ વડે દુનિયાના કોઇ પણ ખુણે બનતી બીનાના સમાચાર દુનીયાના બીજે ખુણે મોકલી શકાય છે. આન્તરરાષ્ટ્રીય વ્યાપાર ખુબ જ વધેલો છે અને એક દેશની ચીજો અન્ય દેશમાં સહેલાઇથી મોકલી શકાય છે. આમ હોવા છતાં આપણા વર્તમાન માનસમાં આન્તર રાષ્ટ્રીયતા હજુ ઉગીજ નથી; હજુ રાષ્ટ્રીય ભાવનાનું ઝનુન મનમાંથી ખસતુંજ નથી. મારો દેશ અન્યથી જુદો છે; મારા દેશના

સ્વાર્થો અન્યથી ભિન્ન છે. જો હું નબળો છું તો સબળો થવા માંગું છું અને સબળ બનીને અન્ય નબળા દેશો ઉપર આક્રમણ કરવાનો મનોરથ સેવું છું. બીજું આજના વિજ્ઞાને માણસ જાતની શક્તિ ખૂબજ વધારી છે અને એ શક્તિને પચાવવા યોગ્ય નૈતિક સાધનામાં અલ્પશક્તિવાળા માનવી જેટલી જ આજની માનવજાત પછાત છે. બાળકના હાથમાં તલવાર આવે અને તે અણસમજને વશ થઈને આમ તેમ ફેરવે અને આસપાસના માણસોને ઘાયલ કરી બેસે એવી આજે આખી માનવજાતની દશા છે. આજ બાહ્ય અન્તર ઘટ્યું છે અને સૌ કોઈ એકમેકની સમીપ આવ્યા છે. આજે એક જ માણસ વિજ્ઞાનની મદદ વડે સંખ્યાબંધ માનવીઓનો સંહાર કરી શકે છે. આ પરિસ્થિતિને જીરવી શકે એવી માનસિક ઉન્નતિ એટલે કે આધ્યાત્મિક ઉદારતા–વિશાળતા–પ્રેમ આપણામાં હજુ કેળવાયાં નથી પરિણામે આજે ચોતરફ કાતિલ હરીફાઈ અને ઘાતક સંહાર આપણે જોઈ રહ્યા છીએ. પણ આ દુનિયાની ચિરસ્થાયી પરિસ્થિતિ હોઈ ન જ શકે. નહિ તો દુનિયાનો સ્વયમેવ જ નાશ થઈ જાય. આજે નવી શક્તિનો માનવીને કેફ ચઢ્યો છે. એ થોડા કાળમાં જ ઉતરશે અને અન્યના રક્ષણમાં જ પોતાનું રક્ષણ રહેલું છે એવી સ્વસંરક્ષણની વૃત્તિ જનતાના માનસમાં ઉભી થશે અને ત્યારે જનતા અહિંસા તરફ અભિમુખ બન્યા વિના રહેશે જ નહિ. હિંસા જેટલી આજની સત્ય વસ્તુસ્થિતિ છે તેટલીજ અહિંસા આવતી કાલની નિશ્ચિત ઘટના છે.

આપણે આટલી લાંબી સમાલોચનાવડે જોયું કે માનવજીવનના ઇતિહાસમાં અહિંસાનો વિચાર અને આચાર ઉત્તરોત્તર વિકાસ પામતો ગયો છે માણસનું પ્રવૃત્તિક્ષેત્ર જેમ જેમ વ્યાપક બનતું ગયું છે તેમ તેમ તે ક્ષેત્રને અહિંસાનો સંસ્કાર આપવાનો માનવી પ્રયત્ન કરી રહ્યો છે. કોઈ વાર તે આગળ વધ્યો છે તો કોઈ વાર પાછળ પડયો છે; પણ અહિંસાનો હંમેશને માટે ત્યાગ કરીને તેણે હિંસાની ગુલામી કદિ સ્વીકારી નથી. જ્યાં અહિંસાના વિચાર કે આચારને અવકાશ કે સ્થાન જ ન હોય એમ માનવામાં આવતું ત્યાં અહિંસા માર્ગ કરી રહી છે અને પોતાની પ્રભુતા સિદ્ધ કરી રહી છે. વ્યક્તિગત જીવનથી આગળ વધીને સમાજ તેમ જ રાજકારણના પ્રશ્નોને અહિંસા સ્પર્શી રહી છે અને રાષ્ટ્રના નવવિધાનમાં અહિંસાનો વિચાર પુરો અવકાશ પામી રહેલ છે. આજ વિચાર હજુ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિને સ્પર્શી શક્યો નથી. League of Nations-પ્રજા સંઘની સ્થાપના આ દિશાએ એક શુભ પ્રયાસ હતો. પણ તે આગળ ફાલ્યો કે ફુલ્યો નહિ; કારણ કે તે સંઘના સૂત્રધારોમાં કેવળ સ્વાર્થ અને હિંસાવૃત્તિ ભરેલી હતી અને સુલેહ–શાંતિ–અહિંસાનો માત્ર બાહ્યાડંબર જ હતો, પણ કાળાન્તરે સાચો પ્રજાસંઘ સ્થપાવાનો જ છે અને તે વડે અહિંસાના સામ્રાજ્યની સ્થાપના થવાની જ છે. પણ તે ત્યારે જ બનશે કે જ્યારે પ્રત્યેક દેશમાં એક એક ગાંધી પાકશે. આજે ગાંધીજી એકલા છે, અને એક પરાધીન–નિશસ્ત્ર અને અવનત દશામાં ડુબેલા દેશના આગેવાન છે. આવતી કાલે સ્વાધીન અને સશસ્ત્ર દેશો પણ એક એક ગાંધીને જન્માવશે અને પોતપોતાના દેશની પ્રજાને અહિંસાના માર્ગ તરફ વાળશે. એ દિવસ આવશે ત્યારે આજના સંહારક યુધ્ધો ભૂતકાળનાં બની જશે અને પરસ્પરના હિતને પોષક એવી અન્યોન્ય સહકારી વિશ્વવ્યવસ્થા જન્મ પામશે.

એ સોનેરી યુગ જલ્દિથી સમીપ લાવવા માટે આપણે શું કરીએ ? આ પ્રશ્નજ આપણે હવે વિચારવો રહ્યો. સંપૂર્ણ અહિંસામય જીવન વ્યક્તિ કે સમષ્ટિ માટે અશક્યજ છે. જીવન એટલેજ એક રીતે હિંસા છે. તેથી અહિંસામય જીવન જીવવું એટલે હિંસાથી બને તેટલું નિવૃત્ત જીવન અખત્યાર કરવું. આ રીતે આપણા અંગત જીવનને બને તેટલું અહિંસામય બનાવીએ આપણા સામાજીક જીવનને પણ અહિંસાની દૃષ્ટિએ બને તેટલું નિર્મળ બનાવીએ. જ્યાં જ્યાં આપણા વ્યક્તિગત કે સામાજિક જીવનમાં હિંસા ભરી હોય–અન્ય વર્ગોના વ્યાજબી હકકો ઉપર અઘટિત આક્રમણ થતું હોય, કોઈ દબાયલું, અવમાનિત, કે તિરસ્કૃત હોય, અનેક ભુખે મરતા હોય અને માત્ર ગણ્યા ગાંઠયા લોકો વૈભવ મહાલતા હોય,—આ સર્વ દિશાએ અહિંસા અને ન્યાયની સ્થાપના કરીએ. આમ આન્તર બાહ્ય અનેક પરિવર્તનો સાધીને આપણા રાષ્ટ્રની સમગ્ર વ્યવસ્થાને બને તેટલી અહિંસાપૂર્ણ બનાવીએ આજે આપણને સૈન્યવિહોણા રાજ્યતંત્રની ઘટના અવ્યવહારૂ લાગે છે; પણ ઉપર જણાવેલી સાધના સાધતાં સાધતાં આપણો સશકત સ્વાધીન દેશ એ કક્ષાએ પહોંચશે કે જ્યારે અન્ય રાષ્ટ્રોનો સહકાર મેળવીને સૈન્યવિહોણા રાજ્યતંત્રનું ગાંધીજીનું સ્વપ્નું સાચું પાડશે. ત્યારે પૃથ્વી ઉપર સ્વર્ગ અવતરશે અને અંધકાર હશે ત્યાં સર્વત્ર અજવાળું પ્રગટશે. આજની અન્યાયી વિષમ દ્રવ્યવ્યવસ્થાનો અન્ત આવશે અને સર્વત્ર સંતોષ સુખ અને શાશ્વત શાન્તિની સ્થાપના થશે. એ ઉજ્જવલ દિવસની પ્રાર્થના કરતાં કરતાં આપણે અહિંસાનાધર્મના માર્ગ ઉપર આપણો પ્રવાસ ચાલુ રાખીએ અને આપણા વ્યક્તિગત તેમજ સામુદાયિકજીવનને અહિંસાવડે બને તેટલું નિર્મળ અને પ્રકાશવાહી બનાવીએ ! ! !

સમાપ્ત પરમાનંદ

પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાની સફળતા

આજથી લગભગ દશ વર્ષ પહેલાં અમદાવાદના કેટલાક સુધારક વિચારના યુવાન ભાઇઓએ પંડિત સુખલાલજીને પર્યુષણ પર્વમાં ઉપાશ્રયમાં વંચાતા એકજ ઢબના વ્યાખ્યાનોને બદલે સમાજને કાંઈક વધુ વિચારવાનું અને જાણવાનું મળે એ આશયથી પર્વના આઠે દિવસે જુદા જુદા વ્યાખ્યાનકારો પાસે ધાર્મિક અને સામાજીક વિષયો વિષે વ્યાખ્યાનો ગોઠવવાની વિનંતિ કરી હતી. પંડિત સુખલાલજીએ એનો સ્વીકાર કરી એજ વર્ષમાં પર્યુષણ વ્યાખ્યાન માળાની શરૂઆત કરી હતી. તે વખતે વ્યાખ્યાનમાળાની જરૂરીઆત દર્શાવનારા કારણોની તેઓશ્રીએ સમાલોચના કરી હતી. જે તા. ૧–૯–૪૦ના 'પ્રબુદ્ધ જૈન'ના અંકમાં આપવામાં આવી છે. પંડિતજીએ તે વખતે દર્શાવેલા વિચારો અને ભાખેલી ભવિષ્ય વાણી આજે સાચી પડતી જણાય છે; કારણકે અમદાવાદમાં શરૂ થએલી વ્યાખ્યાનમાળાની હિલચાલ જુદા જુદા ગામના સંઘોએ તે પછી પોતપોતાના સ્થાનોમાં ઊપાડી લઇ તેની શરૂઆત કરવા માંડી છે. મુંબઇમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે છેલ્લાં આઠ વરસથી વ્યાખ્યાનમાળાની શરૂઆત કરી છે અને નિયમિત રીતે હીરાબાગના હોલમાં જુદા જુદા પ્રખ્યાત અને વિચારક વિદ્વાન વ્યાખ્યાનકારોને બહારગામથી તેમજ મુંબઇમાંથી બોલાવી તેઓની પાસે જુદા જુદા વિષયોના વ્યાખ્યાનો આપાવે છે અને કહેવાને આનંદ થાય છે કે મુંબઇની જૈન સમાજે ખુબ સહકાર આપી આ વ્યાખ્યાનમાળાને વધાવી લીધી છે.

આ વરસે વ્યાખ્યાનમાળાનું વૃક્ષ વધુ ખીલવા પામ્યું છે. કલકત્તા ખાતે ત્યાંના યુવકોએ મોટા પાયા ઉપર વિદ્વાન વ્યાખ્યાન-

કારોને પોતાને ત્યાં આમંત્રી વ્યાખ્યાનમાળા શરૂ કરી છે. તેને પધ્ધતિસર ગોઠવવા માટે પંડિત સુખલાલજીને ખાસ આગ્રહપૂર્વક બોલાવવાથી તેઓશ્રી ત્યાં ગયા હતા. ઉપરાંત મુંબઇમાં કચ્છી વિ. ઓ. ભૂતપુર્વ વિદ્યાર્થી મંડળે માંડવી પર કચ્છી ભાઇઓ વધુ લાભ લે તે માટે એક વ્યાખ્યાનમાળા ગોઠવી હતી. શ્રી માલેગાવ ખાતે ત્યાંના ઉત્સાહી ભાઇઓએ પણ આવી જ વ્યાખ્યાનમાળાની શરૂઆત કરી છે. મુંબઇમાં શ્રીયુત કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીયા છેલ્લાં બે ત્રણ વર્ષથી પોતાના રહેવાના મકાને પંડિત ભગવાનલાલજીને બોલાવી આઠે દિવસ તેમની પાસે જુની પ્રથા અનુસારનાં ધાર્મિક વ્યાખ્યાનો અપાવે છે. આ વર્ષે આનો લાભ પણ ઘણા ભાઈ બહેનોએ લીધો હતો. વળી આ જાતની વ્યાખ્યાનમાળાનો ત્રણ વર્ષ પહેલાં 'જૈન યુગ'માં સખ્ત રીતે વિરોધ કરનાર 'જૈન યુગ'ના તંત્રી ભાઇશ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ આ વ્યાખ્યાનમાળાની જરૂરીઆત હવે પીછાણી તેને આવકારી છે અને માંડવી પરની વ્યાખ્યાનમાળામાં તેઓશ્રીએ એક વ્યાખ્યાન પણ આપ્યું છે. આવી રીતે શરૂઆતમાં વ્યાખ્યાનમાળાની વિરૂધ્ધતા જેટલા પ્રમાણમાં હતી તે હવે બહુ ઓછી થવા પામી છે એટલે પંડિતજીએ દશ વર્ષ પહેલાં વાવેલાં બીને હવે ફળફુલ આવવા લાગ્યાં છે અને હવે એમ સમજાય છે કે થોડા સમય બાદ ઉપાશ્રયમાં રહેતા મુનિરાજોને પોતાનું સ્થાન ટકાવી રાખવા માટે સાવચેતીના ઉપાયો તરીકે આગળ વધતા જમાના તરફ ધ્યાન આપવું જ પડશે અને સમાજને રૂચિકર થાય તેવાં વ્યાખ્યાનો આપવા માટે જુની રઢીમાં ફેરફાર કરવો પડશે. આ માટે તેઓમાંના આત્માર્થી અને વિચારક સાધુઓએ ઉપાશ્રયની બહારની દુનીઆના વિદ્વાનોના નિકટ સહવાસમાં આવી પોતાના જ્ઞાનનો વધારો કરવો જ પડશે.

આ વર્ષે અપાયેલાં જુદા જુદા વ્યાખ્યાનકારોના વ્યાખ્યાનથી શ્રોતાઓને ખુબજ સંતોષ થયો છે. નાના મોટા વર્ગના શ્રોતાઓની હિરાબાગના હોલમાં સાતે દિવસે ભરચક હાજરી અને સંપૂર્ણ શાંતિના વાતાવરણ ઉપરથી આ બાબતની પ્રતીતિ થાય છે. આ ઉપરાંત છેલ્લે દિવસે ભાંગવાડી થીએટરમાં તેના ખુણે ખુણામાં ગોઠવાઇ ગયેલી માનવમેદની અને થીએટરમાં બહાર સગવડ અગવડ ખમી શાંતિ રાખી ઊભા રહેલા ભાઇઓની હાજરી ઉપરથી પણ આ પ્રવૃત્તિ કેટલી બધી આવકારદાયક બની છે તે જણાઇ આવે છે.

આપણે આશા રાખીએ કે આવા પ્રકારની પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા હજુ બીજા અનેક મોટા મોટા સ્થળોએ ઉભી કરવામાં આવશે અને એ રીતે લોકોને પૂર્વ કાળના ધાર્મિક વિચારો સાથે નવા જમાનાના આદર્શો અને ભાવનાઓનો વધારે ને વધારે પરિચય આપવામાં આવશે. વિચારક્રાન્તિ વિના જીવનક્રાન્તિ શક્ય નથી અને લોકોની વિચારક્રાન્તિ સાધવાનો આ એક ઉત્તમ ઉપાય છે. તેથી આવી વ્યાખ્યાનમાળાઓને બને તેટલું ઉત્તેજન આપવું અને ન ચાલતી હોય ત્યાં ઉભી કરવી એ આજના જૈન યુવકોનું ખાસ કર્તવ્ય છે.

મણિલાલ મોકમચંદ શાહ

કલકત્તામાં પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રથા ફેલાતી જાય છે અને નવા નવા સ્થળોએ આવી વ્યાખ્યાનમાળા યોજાતી જાય છે એ ખરેખર આનંદજનક છે. કલકત્તાના તરૂણ જૈન સંઘે યોજેલી વ્યાખ્યાનમાળાના વકતાઓ અને વ્યાખ્યાનવિષયો નીચે મુજબ હતા.

પંડિત સુખલાલજી	પર્યુષણ પર્વનું મહત્ત્વ અને ઉપયોગિતા
મહાત્મા ભગવાનદીનજી	સફળતાની કુંચી
શ્રી. ગગનવિહારી મહેતા	દેવ અને પુન્યરી
શ્રી. જૈનેન્દ્રકુમાર જૈન	ધર્મ શું છે ?
આચાર્ય વિજયેન્દ્ર સૂરી	પર્યુષણ પર્વાધિરાજ કર્તવ્ય
ડોકટર કાલીદાસ નાગ	વિશ્વ સંસ્કૃતિમાં જૈન ધર્મનું સ્થાન
શ્રી. વિન્ધ્યસિંહ નાહર	મહાવીર જીવન
પંડિત સુખલાલજી	જૈન શાસ્ત્રોમાં અહિંસાનું વ્યાપક સ્વરૂપ
પંડિત દરબારીલાલજી	ભગવાન મહાવીરની અહિંસા
શ્રી. સતીશચંદ્ર ગુપ્તા	અહિંસાનો પુનરૂધ્ધાર
શ્રી. જૈનેન્દ્રકુમાર જૈન	સીમિત સ્વધર્મ અને અસીમ આદર્શ
શ્રીમતી હીરાકુમારી દેવી	નારી અને ધર્મ
કાકાસાહેબ કાલેલકર	અહિંસા અને વિશ્વવિપ્લવ
પંડિત દરબારીલાલજી	નિશ્ચય અને વ્યવહાર ધર્મ
કાકાસાહેબ કાલેલકર	મહાવીર, બુધ્ધ અને ગાંધી
શ્રી. હજારીપ્રસાદ દ્વિવેદી	જૈન સાહિત્ય

આ વ્યાખ્યાનમાળા કેટલા વિસ્તીર્ણ વિચારપ્રદેશને વ્યાપી રહી છે તે દર્શાવવા માટેજ ઉપરની વિગત આપવી જરૂરી ધારી છે. આ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્કારપ્રચારનું એક અતિ મહત્વનું સાધન બની રહેલ છે અને લોક કેળવણીમાં અગત્યની પુરવણી કરી રહી છે.

આભાર નિવેદન

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં જે અનેક વિદ્વાનો અને પંડિતોએ અમને સહકાર આપ્યો છે તે સર્વનો વ્યકિતગત નિર્દેશ નહિ કરતાં અમે અન્તઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. સાથે સાથે હીરાબાગના ટ્રસ્ટીઓએ શરૂઆતના સાતે દિવસે કશું પણ લવાજમ લીધા વિના હીરાબાગના હોલનો ઉપયોગ કરવા દીધો અને ભાંગવાડી થીએટરના માલીકે પણ છેલ્લા દિવસની ભવ્ય સભા માટે એજ રીતે અમને સર્વ પ્રકારની સગવડ કરી આપી તે માટે તે બન્નેનો પણ અમે ખૂબ ખૂબ ઉપકાર માનીએ છીએ.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ખાદી હુંડી અને સંઘના સભ્યો

તા. ૨૪-૯-૪૦ થી શરૂ થયેલી ગાંધી જયન્તી તા. ૬-૧૦-૪૦ સુધી ચાલશે. આ જયન્તી દરમિયાન શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ખાદી હુંડીનું વેચાણ કરવાનું કાર્ય હાથ ધર્યું છે. એ વેચાણના શુભ કાર્યમાં સંઘના સર્વે સભ્યોને બને તેટલો સાથ આપવા વિનંતિ કરવામાં આવે છે. ખાદી રાષ્ટ્રના રચનાત્મક કાર્યક્રમનું એક મહત્ત્વનું અંગ છે તેમજ અહિંસાની દૃષ્ટિએ ખાદી ખરેખર આદરણીય છે. વેચવા માટે સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ પાસેથી સંઘના કોઇપણ સભ્યને જોઇતી હુંડી મળી શકશે. ગયે વર્ષે રૂ. ૨૦૦૦) આસપાસની હુંડીનું વેચાણ કર્યું હતું. આ વર્ષે તે કરતાં બમણું કે ત્રણગણું વેચાણ કરી આપવા માટે સર્વ સભ્યોના શક્ય સહકારની માંગણી કરવામાં આવે છે.

રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિએ
ના. વાઇસરોયની જાહેરાત ઉપર

કરેલો ઠરાવ

[આ ઠરાવ ખરી રીતે આગળના અંકમાં પ્રગટ થવો જોઇતો હતો. પણ એ અંકમાં અવકાશના અભાવે પ્રગટ કરવો રહી ગયો હતો. આજે એજ ઠરાવ ઉપર અખિલ હિંદ મહારાભા સમિતિ મુંબઈમાં એકત્ર થતી હોવાથી એ ઠરાવની વિગતો 'પ્રબુદ્ધ જૈન' ના વાંચકોના ધ્યાન ઉપર રહે એ દૃષ્ટિએ એ ઠરાવનું પ્રકાશન આજે પણ ઉપયોગી છે એમ ધારી પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.]

ના. વાઇસરોયે ઓગસ્ટની આઠમી તારીખે બ્રીટીશ સરકારની સત્તા સાથે કરેલી જાહેરાત અને તેની વિશેષ સમજુતી આપતું હિંદી સચિવે આમની સભામાં કરેલું ઓગસ્ટની ૨૪ મી તારીખનું ભાષણ-બન્ને કારોબારી સમિતિએ વાંચ્યાં છે. વર્તમાન મડાગાંઠના ઉકેલ માટે અને હિંદી રાષ્ટ્રીય મહાસભા પોતાનો અસહકાર પાછો ખેંચી લે અને હાલના કટોકટીના સમયમાં હિંદના તંત્રસંચાલન અને રક્ષણના વિષયમાં હિંદના તમામ લોકોનો સહકાર મેળવી આપવાને શક્તિમાન થાય એ માટે પૂના ખાતે મળેલી અખિલ હિંદ મહાસભા સમિતિએ કરેલા ૨૮ મી જુલાઇના ઠરાવમાં જે વ્યવહારૂ સૂચનાઓ અને મિત્રાચારીભરી દરખાસ્ત કરી હતી તેનો અંગ્રેજ સરકાર તરફથી જે અસ્વીકાર કરવામાં આવ્યો છે તેની કારોબારી સમિતિ ખેદપૂર્વક નોંધ લે છે.

બ્રીટીશ સરકાર તરફથી થયેલી જાહેરાત અને તે ઉપરનાં નિવેદનો અને ભાષણો વાંચીને કારોબારી સમિતિએ દુઃખ અને રોષ અનુભવ્યાં છે. આ જાતનાં નિવેદનોમાં હિંદના સંપૂર્ણ સ્વાતંત્ર્યના સ્વાભાવિક હકકનો ઇન્કાર કરવાનો પ્રયત્ન વ્યકત થાય છે અને હિંદના રાજકાજમાં બ્રીટનનું વર્ચસ્વ કાયમ રહેવું જોઇએ એવા દાવાઓનું ફરીને સમર્થન કરવામાં આવ્યું છે હિંદને વહેલી તકે બ્રીટીશ કોમનવેલ્થ (પ્રજાસંઘ)ના એક સ્વતંત્ર અને સમાન એકમ તરીકે સ્વીકારવાના તેમના વચનને આ દાવાઓ પોકળ અને અર્થ વિનાના બનાવી મુકે છે. આ દાવાઓ અને દુનિયામાં આજ કાલ બની રહેલા બનાવો કારોબારી સમિતિની ચાલુ માન્યતાને મજબુત કરે છે કે શાહીવાદી સતાના વર્તુલની અંદર રહીને હિંદ પોતાનો સ્વતંત્ર વહીવટ કરી શકે તેમ છે જ નહિ અને તે માટે તો હિંદે સ્વાધીન અને સ્વતંત્ર રાષ્ટ્રનો દરજ્જો મેળવવો જ રહ્યો. આમ કરવાથી વિશ્વની શાન્તિ અને પ્રગતિ અર્થે રચાતા કોઇ પણ અન્ય રાષ્ટ્રોના પ્રજાસંઘમાં જોડાવામાં અને સક્રિય ભાગ લેવામાં હિંદને કશો અન્તરાય કે અટકાયત નડવાની જ નથી.

"બ્રીટીશ સરકારવતી કરવામાં આવેલા નિવેદનમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે હિંદી જનતાના ચુંટાયેલા પ્રતિનિધિઓની તરફેણમાં જઇને બ્રીટીશ સરકાર પોતાની સત્તા અને જવાબદારીનો ત્યાગ કરશે નહિ અને તેથી જ્યાં સુધી રાજસ્થાની પ્રજાથી જુદા એવા નરેન્દ્રો અથવા તો સામાન્ય પ્રજા માંહેનો એવો કોઇ પણ વર્ગ અથવા તો પરદેશના સ્થાપિત હિતો હિંદી જનતામાંથી ચુંટાયેલા પ્રતિનિધિઓએ ઘડી કાઢેલા કોઇ પણ બંધારણ સામે વાંધો ઉઠાવતા હશે ત્યાં સુધી દેશની વર્તમાન આપખુદ અને બીનજવાબદાર વહીવટ પધ્ધતિ ચાલુ જ રહેશે. બ્રીટીશ સરકારની આવા પ્રકારની જાહેરાત પ્રજાગણો વચ્ચે કુસંપ અને ઝગડાની ઉશ્કેરણી સમાન જ છે અને અંદર અંદર મળીને સમાધાન સાધવાની અને બધા પક્ષોના વ્યાજબી દાવાઓનું યોગ્ય નિરાકરણ કરવાની ઇચ્છા રાખતા દેશના બધા તત્વો ઉપર પ્રાણઘાતક ફટકો મારનારી છે" એવો કારોબારી સમિતિનો અભિપ્રાય છે.

વિશેષમાં કોંગ્રેસે કોઇ પણ લઘુમતી ઉપર દબાણ લાવવાનો કદિ વિચાર સરખો કર્યો નથી, તેમજ બ્રીટીશ સરકારને આમ કરવાનું કોંગ્રેસે કદિ સૂચવ્યું નથી. આમ છતાં હિંદની પ્રજાના યોગ્ય રીતે ચુંટાયલા પ્રતિનિધિઓની બનેલી લોકપ્રતિનિધિ સભાદ્વારા દેશના બંધારણનું આખરી નિરાકરણ કરવાની કોંગ્રેસની માંગણીને દબાણ તરીકે જણાવીને ખોટી રજુઆત કરવામાં આવી છે અને લઘુમતીઓના પ્રશ્નને હિંદની પ્રગતિ માટે મહાન અંતરાયસમો બનાવી દેવામાં આવ્યો છે એ જાણીને કારોબારી સમિતિને ભારે ખેદ થાય છે. લાગતાવળગતા લઘુમતી પક્ષોના ચુંટાયેલા પ્રતિનિધિઓ સાથે એકમતી સ્થાપીને લઘુમતી વર્ગોના વ્યાજબી હકકોને પુરેપુરું રક્ષણ આપવામાં આવશે એવો રાષ્ટ્રીય મહાસભાએ ઠરાવ કર્યો છે.

પરિણામે કારોબારી સમિતિ એવા નિર્ણય ઉપર આવ્યા વિના રહી શકતી નથી કે બ્રીટીશ સરકાર વતી કરવામાં આવેલાં આ નિવેદનોમાં જે વલણ વ્યકત થાય છે તે વલણ, હિંદની રાષ્ટ્રીય જીવનમાં મતભેદો ઉત્પન્ન કરવાને અને ચાલુ મતભેદો જાળવી રાખવાને અને તેમને તીવ્ર બનાવવાને બ્રીટીશ સત્તાધીશો એકધારા ચાલુ યત્નો કરી રહેલા છે એવી હિંદમાં ફેલાઇ રહેલી લાગણીને ટેકો આપે છે.

૧૯૧૯ ના હિંદી બંધારણ અનુસાર રચાયેલી વર્તમાન મધ્યસ્થ ધારાસભાના જુદા જુદા ચુંટાયેલા મંડળોનો વિશ્વાસ ધરાવતા સભ્યોની બનેલી એક કામચલાઉ રાષ્ટ્રીય સરકાર રચવાની કોંગ્રેસે માગણી કરી છે, પરંતુ હિંદીવજીરે આ માગણીને 'અણઉકેલ બંધારણીય પ્રશ્ન ઉપસ્થિત કરશે' એમ કહી સ્વીકારી નથી અને તપાસ કર્યા વિના એ માગણી લઘુમતીની વિરૂદ્ધ છે અને બહુમતીની તરફેણમાં જનારી છે એવી સરકારી જાહેરાતમાં ટીકા કરવામાં આવી છે એ હકીકતની કારોબારી સમિતિ આશ્ચર્ય સાથે નોંધ લે છે.

કારોબારી સમિતિનો અભિપ્રાય છે કે કોંગ્રેસની દરખાસ્તોનો અસ્વીકાર કરીને બ્રીટીશ સરકારે સ્પષ્ટપણે બતાવી આપ્યું છે કે યુદ્ધ પ્રયત્નોમાં સહકાર મેળવવાના તાત્કાલીક હેતુ માટે પણ બ્રીટીશ સરકાર હિંદપરની કોઇ પણ સત્તા છોડવાની ઇચ્છા રાખતી નથી. એમ લાગે છે કે લોકશાહી પદ્ધતિદ્વારા પોતાના દેશનું પોતાના હાથે જ તંત્ર ચલાવવાના હિંદીજનતાના અધિકારને માન્ય રાખવાની દિશાએ કંઇ પણ આપવાને બદલે હિંદની બહુમતીઓની ઇચ્છા અને મહત્વાકાંક્ષાની ઇચ્છાના વિરોધી માણસો અને જુદા પડતા મંડળોનો સહકાર મેળવીને પોતાનું કામકાજ ચાલુ રાખવાનું બ્રીટીશ સરકાર વધારે પસંદ કરશે અને આવા કાર્ય માટે પ્રાન્તોમાં અથવા તો મધ્યસ્થ તંત્રમાં ચુંટાયેલા પ્રતિનિધિઓનો સહકાર મેળવવાની બિલકુલ પરવા નહિ કરે.

આ બધાં કારણોને લઇને કારોબારી સમિતિ એવા નિર્ણય ઉપર આવી છે કે બ્રીટીશ સરકાર વતી કરવામાં આવેલાં આ નિવેદનો બ્રીટીશ સરકારે પોતાના યુધ્ધ હેતુઓમાં જાહેર કરેલા લોકશાસનના સિધ્ધાન્તોથી સદંતર વિરૂધ્ધ છે એટલું જ નહિ પરંતુ હિંદુસ્થાનના હિતની પણ વિરૂધ્ધ છે અને તેથી બ્રીટીશ સરકારની આ દરખાસ્તોનો સ્વીકાર કરવામાં કે એનો સ્વીકાર કરવા માટે દેશને સલાહ આપવામાં કોંગ્રેસ પક્ષકાર બની શકે નહીં. વિશેષમાં કોંગ્રેસની કારોબારી સમિતિ માને છે કે આ સરકારી જાહેરાતો અને દરખાસ્તો કોંગ્રેસની માંગણીને જરાય પહોંચી વળતી નથી, એટલુંજ નહિ પણ સ્વતંત્ર અને સંયુકત હિંદના વિકાસમાર્ગમાં ભારે અંતરાય રૂપ થઇ પડે તેમ છે. તેથી જાહેર સભાઓ ભરીને તેમજ બીજી રીતે તથા પ્રાન્તિક ધારાસભામાં પોતાના ચુંટાયલા પ્રતિનિધિદ્વારા બ્રીટીશ સરકારની આવી વલણને વખોડી કાઢવાની હિન્દી જનતાને કારોબારી સમિતિ હાકલ કરે છે.

નાથજી સાથેનો વાર્તાલાપ

[ગતાંકથી ચાલુ]

કાર્યકર સંમેલન.

એક જ સ્થળે લાંબા વખત સુધી એકને એક કાર્ય કરવાથી જડતા આવી જવાનો સંભવ છે. એને માટે મેં દરેક કાર્યકરો માટે-નેતાઓ માટે પણ-એક સૂચના કરી હતી કે છ બાર મહિને પ્રાંતિક કાર્યકર્તાઓએ એક અનુકુળ સ્થળે પંદર દિવસ માટે એકત્ર થવું જોઇએ અને પરસ્પર સંપર્ક સાધવો જોઇએ. આ રીતે વિચારવિનિમય કરીને તાજા થઇ કાર્યમાં લાગી જવું જોઇએ.

ગાદીનો મોહ.

મારા પ્રત્યેના માનને લીધે તમે મને ગાદીએ બેસાડો, પણ હું એ ગાદી સાથે લઇને ફરું, જ્યાં જાઉં ત્યાં ગાદી મળે તેમ ઇચ્છું, મનમાં પણ તમારાથી ઉંચો છું તેમ માનું. મારા દિકરાને પણ એવું માન મળે તેમ ઇચ્છું તો આજના મહન્તો માફક ગાદીના માન માટે નાલાયક ઠરું.

પ્રમાણિક મજુરી.

શ્રમથી અને નિષ્ઠાથી પેદા કરેલ શુદ્ધ મજુરીનું અન્ન અને અનીતિથી મેળવેલ અન્નમાં કેટલો ફેર છે તે નાનકના એક કિસ્સામાં વર્ણવેલ છે. એમાંથી ચમત્કારનો ભાગ બાદ કરવો. એક શ્રીમંત ઝવેરાત લઇને અને એક ખેડુત અનાજ લઇ ગુરૂ નાનક પાસે આવ્યા. એક મુઠીમાં રત્ન અને બીજી મુઠીમાં અનાજ લઇ ગુરૂ નાનકે બન્ને હાથની મુઠી બંધ કરી, હાથ ઉંચા કરી કહ્યું 'જુઓ તમારા બન્નેના ધનમાં આટલો ફેર છે.' તેઓ જુએ છે તો ખેડુતના અનાજમાંથી દુધની શેર છુટી અને રત્નમાંથી લોહીની ધાર. પ્રમાણિક મજુરીથી જ સમાજ ટકી શકે અને શાંતિપૂર્વક સૌ માનવી જીવી શકે.

બ્રહ્માનંદનો ભ્રમ.

સમાજને ઉપયોગી હોય તેવા ધંધામાંથી જ આજીવિકા મેળવવી એ વ્યાજબી છે. કોઇ કહેશે મને તો સંગીતમાં જ નિજાનંદ પ્રગટે છે. માટે એમાંથી આજીવિકા મેળવીશ. જો એ સંગીત સમાજને ખરેખર શુભ તરફ લઇ જનારૂં હોય તો તેમાં ગેરવ્યાજબી જેવું કશુંજ નથી. પણ એ કેવળ મનોરંજન જ હોય તો તે નિરર્થક છે. એક વખત એક સંગીતશાસ્ત્રી મને મળ્યા હતા. તેઓ ઉસ્તાદ હતા. એક બે ચીજ ગાઇને મને કહે "કયોંજી, આપકો સંગીતકા કૈસા શૌખ હૈ?" મેં કહ્યું "બહોત નહિં"! "અરે છે, છે, મુઝે તો સંગીત મે બ્રહ્માનંદ મિલતા હૈ." સંગીત પુરૂ થયું. તંબુરો નીચે મુકયો. ચા પીવા લાગ્યા ચામાં સાકર થોડી ઓછી પડેલી. ઉસ્તાદ એકદમ પોતાની સ્ત્રી ઉપર ખીજાયા, જાણે કે દુર્વાસા જોઇ લ્યો. મેં ધીમેથી કહ્યું "કયોંજી. આપકા બ્રહ્માનંદ ઐસા કૈસા હૈ? શક્કર કમતી હુઇ તો એકદમ ચલા ગયા?" આમ આપણી પરીક્ષા આપણે કરવી જોઇએ. આનંદ અને સંતોષનો પ્રથમ કહ્યો તે ભેદ સમજવો જોઇએ, નહિંતર ભ્રમ પેદા થાય.

પ્રાર્થના કેમ અને કયારે કરવી ?

પ્રાર્થના સમયે ટટ્ટાર બેસવું જોઇએ. એથી જ્ઞાનતંતુઓની ગતિ ઉર્ધ્વ થાય છે. સુતાં સુતાં ઉંઘ આવી જવાનો સંભવ છે. પ્રાતઃકાળમાં ઉઠવું સારૂં છે. પણ છ સાત કલાક ઉંઘ પુરી કરવા માટે એટલા વહેલા સુઇ જવાની જરૂર છે. જાગી ગયા પછી આળસ કરીને પડયા રહેવું સારૂં નહિં. આળસ ન કરવી. સ્ફુર્તિ અને નવચેતનનો અનુભવ થાય તો જાણવું કે ઉંઘ પુરી થઇ છે. આળસુને સુસ્તી રહ્યા કરે છે કાચી ઉંઘવાળાને આંખો બળે છે, શરીર ભારે લાગે છે.

પતિ પત્નીના પ્રશ્નો.

પત્નીનો વિરોધ અમુક હદ સુધી સહન થઇ શકે છે અથવા તો સહન કરવો જોઇએ. તેને સંસ્કાર, જ્ઞાન, વાતાવરણ તથા વિચારો મેળવવાની તક વગેરે આપણી સાથે સરખાવતાં ઘણું જુજ હોય છે, એટલો તેનો મતભેદ સહી લેવાની જરૂર છે. પરંતુ અતિશય આગ્રહી સ્વભાવ હોય તો અને પરસ્પરના ઘર્ષણથી ઘરમાં કે કામમાં ભલીવાર થતી ન હોય અને ઉન્નતિ રોકાતી હોય તો તેને સ્વાવલંબી બનાવવી અને જુદા રહેવાની તેની ઇચ્છા હોય તો જુદા રહેવાની તેને સગવડ કરી આપવી. મને આશ્રમવાસીઓના અનેક કુટુંબોના અનુભવો છે. સ્ત્રીઓ મોટે ભાગે સંકુચિત વિચારની હોય છે. તેમને ઉપર કહ્યું તેમ નવા વિચારો ઝીલવાની તક મળતી નથી હોતી. એટલે પ્રથમ અને ઉત્તમ માર્ગ તેનો સ્વભાવ સહન કરી તેને સન્માર્ગે વાળવાનો છે. ન છુટકે જ જુદા રહેવાની સ્થિતિ સુધી પહોંચવાનું છે. પતિ ઉપર પોતાનો જેટલો હક છે તેટલો જ તેની માતાનો, પિતાનો, ભાઇનો, બહેનનો, મિત્રનો, રાષ્ટ્રનો છે એ વસ્તુ પત્નીએ સમજવી ઘટે છે. પતિ નિશાળે કે ટ્યુશન માટે આખો વખત બહાર રહેશે તો પત્નીને ગુસ્સો નહિં આવે, પણ આશ્રમમાં કે પરોપકારાર્થે બહાર રહેશે તો એ ખીજાશે. આમાં સ્વાર્થ સિવાય બીજું કશું નથી. પોતાની પત્નીને ખોરાક, પોષાક, આશ્રય, બુધ્ધિ અને મનના વિકાસની સગવડ આપવી આટલી પતિની જવાબદારી છે. જરૂરીયાતનું ધોરણ સંસ્કાર તથા ઉછેર મુજબ નક્કિ થઇ શકે છે. ગામડાનું અને શહેરનું, ગરીબ વર્ગનું અને મધ્યમ વર્ગનું, શ્રમજીવીનું અને બુધ્ધિજીવીનું જરૂરિયાતોનું ધોરણ અલગ હોય છે. તૃષ્ણાને અન્ત નથી એટલે એની મર્યાદા કયાં અને કેટલી બાંધવી તે પોતે નક્કિ કરવું જોઇએ. પત્નીને કયાં અન્યાય થાય છે, પોતે કયાં નબળાઇથી વશ થાય છે. અને કયાં પોતે અધર્મને માર્ગે ચાલે છે એ સૌ કોઈ જાણે છે. એમાં બીજાનો મત નકામો છે.

જોડો કયાં ડંખે છે એ ગમે તેટલો કુશળ મોચી હશે તોય નહિં જાણી શકે. એ તો પહેરનારને જ કહેવું પડે છે. કુશળ ડોકટર પણ કયાં દુઃખે તે કહ્યા વિના જાણી શકતો નથી.

કજીયાની પતાવટ.

કજીયાની પતાવટ જે સ્થળે કજીયો થયો હોય ત્યાં થઇ શકતી નથી. ઘર બહાર અન્ય સ્થળે જવાથી જલ્દિ પતી જાય છે. થોડો વખત જુદા વાતાવરણમાં રહેવાથી અલગ નિવાસ રાખવાથી—અન્યોન્ય પ્રત્યે તથા કજીયાના કારણ વિષે તટસ્થ વિચાર થઇ શકે છે.

વર્ધા યોજના.

વર્ધા યોજનામાં મૂળ વસ્તુ ઉદ્યોગ દ્વારા બુદ્ધિવિકાસ છે. પદાર્થ સાથેનું જ્ઞાન એજ ખરૂં જ્ઞાન છે. પોતાનું ભણતર પુસ્તકમાંથી કે ગુરૂમુખેથી ન આપતાં પોતાની અંદર પડેલી બુદ્ધિને આપ મેળે વિકસવાની તક મળે તેવા ઉદ્યોગ મારફત આપવું એ વર્ધા કેળવણીનો મુખ્ય હેતુ છે. ભૂગોળનું શિક્ષણ નકશાદ્વારા ન આપતાં સો માઇલનો પ્રવાસ વિદ્યાર્થીઓને કરાવવો જેથી નદી, પર્વત, દિશાઓ, સૂર્ય, ચંદ્ર, તારા, સમુદ્ર વગેરે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ થાય અને વનસ્પતિ, પક્ષી, તેમજ પશુસૃષ્ટિને વિદ્યાર્થીઓ ઓળખતાં અને સમજતાં શિખે.

કાંતણ ઉદ્યોગ.

વણાટ સિવાય કોઈ બીજા ઉદ્યોગનું શાસ્ત્ર તૈયાર થયું નથી, જેથી એને જ પ્રધાનપદે સ્થાપવામાં આવે છે. વળી સૌથી સહેલો અને અગત્યનો પણ એ ઉદ્યોગ છે. સસ્તાપણામાં પણ એનો નંબર પ્રથમ છે. જુદા જુદા ધંધાના શાસ્ત્રો થશે તેમ તે પણ શાળાઓમાં દાખલ કરવામાં આવશે અને બાળકોને વિવિધતા મળશે. બાળકોને પોતાની બુદ્ધિ વિકસાવવાની વધારેમાં વધારે તક વર્ધા યોજનામાં રહેલી છે.

ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં.

ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં, શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ । એનો અર્થ એટલો જ છે કે શિષ્યને બ્રહ્મજ્ઞાન અનુભવગમ્ય થયા પછી ગુરુને કશું કહેવાની જરૂર રહેતી નથી અને શિષ્યોને સંશય રહેતા નથી. મહાત્માજીએ મૌનં રાખવાની પદ્ધતિ શા માટે અંગીકાર કરી છે? તે તો નિરર્થક બકવાદ વધી ગયો છે તેના ઉપર અંકુશ મુકવા માટે. ઉપરના વાક્યમાં શંકરની બ્રહ્મજ્ઞાનનિમગ્ન અવસ્થા જોઈને સનત્કુમારને બ્રહ્મજ્ઞાનનો અનુભવ કેમ થયો છે તે બતાવ્યું છે. જ્યાં સુધી ઘડો અધુરો હોય ત્યાં સુધી ભં ભં બોલે છે.

નિરભિમાની સંત.

સંતો અનેક થઈ ગયા, પણ તુકારામ જેટલી નિરાભિમાનતા બીજા ઓછામાં જણાય છે. એક અભંગમાં એ કહે છે 'લોકો મને સંત કહે છે પણ મારા કેટલા અવગુણો છે તે હું જ જાણું છું. પેટમાં શૂળ ચાલે અને ઉપર ચંદનનો લેપ કર્યાથી શું વળે? ઉલટી વધારે બળતરા ચાલે. કેટલાક કહે છે અમે જ માત્ર આપને સંત કહીએ છીએ એમ નથી; અનેક સત્પુરુષો અને મહાત્માઓ પણ આપને સંત કહે છે.' સંત તુકારામ એમને જવાબ આપે છે 'એ મહાપુરુષો તો બ્રહ્મસ્વરૂપ છે. એમની નજરમાં મારા અવગુણો કયાંથી વસે? બાકી હું જાણું છું કે મારામાં કેટલા દોષ હજુ ભરાઈ રહ્યા છે.'

પ્રમાણિક વ્યાપારી.

વેપારીએ પોતાની પ્રમાણિક મજુરી લેવી જ જોઈએ. વેપારમાં કેટલીક વખત ભાવની ચઢઉતર થવાથી નુકસાન પણ થાય છે. એટલે તે પ્રમાણે તેણે સારા વખતમાં નફો લેવો જોઈએ. પોટ ન જાય અને કુટુંબની જરૂરીયાત પુરી પડી રહે તેટલો નફો ચડાવી વેપાર કરવામાં વૈશ્યધર્મ રહેલો છે. દુકાળના સમયમાં તેના માટે ખાસ ધર્મ ઉભો થાય છે. જેમ ભીડવખતે ક્ષત્રિય માથું મૂકી પ્રજાનુ રક્ષણ કરે છે, તેમ આવા સમયમાં પોતાનો ધાસદાણાનો સંગ્રહ સસ્તે ભાવે લોકહિતાર્થે ખુલ્લો મૂકી વૈશ્ય પોતાનો ધર્મ પાળી શકે છે. આવે વખતે આ તેનો વિશેષ ધર્મ છે. આવા સમયમાં નફો લેવો તે લુંટ છે, લુંટાયેલાઓને લુંટવા જેવું છે.

ઐરણની ચોરી અને સોયનું દાન.

માણસ આખો દિવસ સાચો ખોટો વેપાર કર્યા કરે છે, સાંજ પડયે મંદિરે જઈ ભગવાન સામે હાથ જોડે છે અને કાનમુટ પકડી બન્ને ગાલે હળવી થપાટ મારે છે અને પાપની માફી માંગે છે. આ રીતે લુંટારાને માફી મળતી નથી. બીજાને શિક્ષા કરતી વખતે જોરથી થપાટ મારવી અને પોતે દેવ પાસે ક્ષમા માગતાં ગાલે આંગળી અડાડવી એ દંભની પરાકાષ્ટા છે, દેવને છેતરવા જેવું છે. લાખોની ખોટી રીતે કમાઈ કરી, તેમાંથી સો બસોનું દાન કરીને ફુલાવું, અથવા નામ કરવું, પાપનું પ્રાયશ્ચિત કર્યાનો સંતોષ મેળવવો એ આ જમાનાનું પ્રધાન લક્ષણ થઈ પડયું છે.

માનવીમાં છુપાયેલી શક્તિઓ.

માણસ પોતાની શક્તિ ધારી રીતે ધારેલી દિશામાં ખીલવી શકે છે. એની પાછળ પડીને તેણે પડવું જોઇએ. તો અંદર રહેલી શક્તિઓ જરૂર ખીલી ઉઠે. એક કસરતબાજ યુવાને ત્રણ કલાકમાં થોડીક મીનીટ ઓછીએ ૨૭ માઇલની દોડ કરી. એ વાત જાહેર પડતાંજ હોંસીલા યુવાનો દોડ પાછળ પડ્યા. બીજે વર્ષે બીજા એક યુવાને પોણાત્રણ કલાક ઉપર થોડી મીનીટે ૩૦ માઇલની દોડ કરી. પછી દર વર્ષે એવા દોડનારાની સંખ્યા વધતી જ ગઇ. આ એક દૃષ્ટાન્ત છે.

ખોરાક અને નિરોગિતા.

દરેકને એક સરખો જ ખોરાક માફક આવતો નથી. જેવી પ્રકૃતિ તેવો ખોરાક. પેટમાં ભાર ન કરે એવો ખોરાક લેવો જોઇએ. નિરોગિતાની નિશાની એ છે કે શરીર છે કે કેમ તેની ખબર ન પડે. કયાંક દુઃખતું હશે તો મન ત્યાં દોડશે, એ અવયવ તરફ લક્ષ જશે, એટલા પુરતું એ અવયવ નાદુરસ્ત સમજવું. જેવું શરીરની નિરોગિતા વિષે તેવુંજ મન વિષે સમજવું.

રજોગુણ-સત્વગુણ વિવેક.

મનની પ્રવૃત્તિ એ રજોગુણ છે. મમત્વ અને આસક્તિથી કરેલ કાર્યવિચાર રજોગુણી સમજવો. પરમાર્થભાવથી અનાસક્તપણે કરેલ કાર્ય સત્વગુણી જાણવો આ રીતે રજોગુણ ઓછો કરી સત્વગુણની વૃદ્ધિ કરતા જવી જોઇએ. એમ કરતાં માણસ સત્વગુણપ્રધાન થઇ શકે છે.

સમાપ્ત **રામનારાયણ નાગરદાસ પાઠક**

બનાવટી ફુલોને

તમારે રંગો છે,
અને આકારો છે,
કલાકારે દીધો તમ સમીપ આનંદ કણ છે,
અને બાગોમાંના કુસુમ થકી લાંબુ જીવન છે.

ઘરોની શોભામાં,
કદી અંબોડામાં
રહો છો ત્યાં જોઇ ઘડિક ભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઉચરતું.

પરન્તુ જાણ્યું છે?
કદી વા માણ્યું છે?
શશીનું, ભાનુનું ક્ષિતિજ પરથી ભવ્ય ઉગવું?
વસન્તે વાયુનું રસિક અડવું વા અનુભવ્યું?

ન જાણો નિંદુ છું;
પરન્તુ પૂછું છું–
તમારા હૈયાના ગહન મહીયે આવું વસતું:
દિનાન્તે આજે તો સકલ નિજ આપી ખરી જવું?

'કુમાર' ના સૌજન્યથી **પ્રહ્લાદ પારેખ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

Jain Library

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પુસ્તકાલય

પ્રબુદ્ધ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પુસ્તકાલય

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૧

મુંબઇ : ૩૦ સપ્ટેંબર ૧૯૪૦ સોમવાર.

લવાજમ
રૂપિયા ૨

એ ગાંધી સંતસુજાણ

(અગ્નિશિખા છંદ)

અંધારાના ગઢ ભેદીને, આવ્યું એક કિરણ અણમોલ,
રણની ધગધગતી રેતીમાં પુઠતું અમીઝરણું રસલોલ;
દસ દિશનાં લોચન મીંચાતાં
જન જનનાં તનમન ધુંધવાતાં,
ભારતનું ઉર રહ્યું ભરતું ત્યાં ફરી ઉતર્યો પ્રભુબોલ :
લાવ્યો કોણ પરમ એ વાણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ !

જીતાં પણ મૂએલાં બોખાં અહીં તહીં ફરતાં ભારતભોમ,
જ્યાં નહિ લેવા દમ પૂરો, થથરે શીત પડે કે ધોમ;
જ્યારે માના કેશ વિંખાતા,
સુત ભય હિંસામાં ભટકાતા,
રડતા ભ્રાતાથું પ્રિય ભ્રાતા, ત્યારે સાંધી ધરણી વ્યોમ
કોણે પુકારયા સૌમાં પ્રાણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ !

હાલ્યાં ચેતન મૃત મટ્ટીમાં ફાલ્યાં જડ હૃદયેથી ફૂલ,
હિમટગલેથી ભડકા ઊઠયા, ઝબકી સોનારજ ભરધૂળ;
પથ્થરની પ્રતિમા ત્યાં ચાલી,
પુટી મૂશળમાં પણ ડાળી,
જનજનના મનમાં નવરંગે પાછી ઊગી આશ અતુલ
એવી વર્તા કોની આણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ !

નહિ વીરત્વ વસે તરવારે, નહિ શૂરત્વ વસે કો બાથ;
છે વીરત્વ ખરું અંતરમાં એ સૌ શીખ્યાં સાચી ગાથ;
મૃત્યુ વિષે નવજીવન લાધ્યું,
જીવનમાં નવચેતન સાધ્યું,
મરીને જીવવાનો નવમંત્ર મળ્યો એ કોને પાવન હાથ ?
કોણે દીધી એ રસલ્હાણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ ?

સત્ય અહિંસા સ્નેહતણા મર્મો જ્યાં ઉઘડયા તારક પેઠ,
દેહળજે માનવ દિનદિન શિર ધારે દુનિયાની વધુ વેઠ;
કુટંનનો કસ આંકાવીને,
નવ નવ તાવણીમાં તાવીને,
ત્યાં આ આતમકિમિયું દેખાડીને બાંધ્યું પશુબળ ભેદ;
કોણે સ્પર્શ્યા એ ઊંડાણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ ?

હરિજનમાં હરિજન થઈ બેઠા, સુરજનમાં સુરજનના રાજ;
કોડો કેરા હૃદયવિસામા, લાખોની લાખેણી લાજ !
જગનાં પાપ ઉઠાવ્યાં માથે,
જગ પર ઢોળ્યાં અમૃત હાથે,
અર્ધ ઉઘાડા અંગે જીવી ઢાંકયો ધૂંજતો દલિત સમાજ :
એનાં જડશે કયાં પરિમાણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ !

ધીકે ધગધગ જેનું હૈયું નિશદિન માનવબાંધવ માટ,
પેટ ભરી મૂઠી અન્ને જે સૂએ તૂટી ફૂટી ખાટ :
આકાશે તારકશા ઊડે,
જેના ઉરતણુખા દુઃખ ઊંડે,
એવો કોણ ઊભો જગ સામે ભારતરક્ષક આત્મવિરાટ ?
કોનો એ અવતાર પ્રમાણ ?—
એ ગાંધી સંતસુજાણ,
એ ગાંધી સંતસુજાણ,
એ નવભારતનો પ્રાણ !

જુગજુગનો એ અમ્બર જોગી, જુગજુગનો એ નવઅવતાર;
ભારતજનના પ્રિય બાપૂજી, રંકોના એકલ આધાર :
એનું કીધું કોથી થાશે ?
એનું કીધું કેમ ગવાશે ?
જુગજુગ જીવો પુણ્યપરાર્થી, કરતા સત્યતણો ટંકાર !
સાધો સતત જગકલ્યાણ !
હો ગાંધી સંતસુજાણ
હો ગાંધી સંતસુજાણ,
હો પળપળના અમ પ્રાણ !

અરદેશર ફ. ખબરદાર.

મૂર્તિપૂજા

વિષયપ્રવેશ

દરેક સમાજે પોતાની સંસ્થાઓ અને સામાજિક પ્રથાઓ વખતો વખત તપાસવી ઘટે છે અને જુના સાથે સમભાવ રાખી, ચાલતી પ્રવૃત્તિ બરોબર સમજી લઇ, ભવિષ્ય ઉપર દૃષ્ટિ રાખી જોઇતા ફેરફાર કરવા ઘટે છે. મૂર્તિપૂજાની પ્રથા અથવા સંસ્થા બધી બાજુએથી તપાસવાનો વખત આવ્યો છે. મૂર્તિપૂજાનો જેને વિરોધ નથી તે જ પ્રમાણે મૂર્તિપૂજા વિષે જેને હવે ઉત્સાહ રહ્યો નથી એવા એક સામાન્ય માણસને ઉપજતા આ કેટલાક વિચારો છે.

મૂર્તિપૂજા ધર્મસાધનાનું આવશ્યક અંગ નથી, એમ હું માનું છું. એની સાથે એમ પણ હું માનું છું કે મૂર્તિવિધ્વંસકો કહે છે તેમ આપણા દેશમાં જેટલી મૂર્તિપૂજા ચાલે છે એમાં અનૈતિક એવું કશું નથી. મૂર્તિપૂજાનો આશ્રય માણસના ચિત્તને આવશ્યક નથી અને છતાં માણસ એવો આશ્રય લે તો તેમાં શરમાવા જેવું કશું નથી. મૂર્તિપૂજા દ્વારા મોક્ષ નજીક આવ્યો હોય એમ માન્યામાં નથી આવતું, એની સાથે મૂર્તિપૂજા દ્વારા અને ખાસ કરીને મંદિરોની સ્થાપના દ્વારા આપણે સંસ્કૃતિને ઘણો વેગ આપ્યો છે, સમાજનું સંગઠન કર્યું છે, ધાર્મિક સાહિત્ય, સંગીત, કલા અને ઉત્સવો ખીલવ્યાં છે અને અમુક હદ સુધી આખી પ્રજામાં એ સર્વોદય સંસ્કારો ફેલાવવાની સગવડ કરી છે એ સ્પષ્ટ છે. આપણી પ્રજાની રસિકતા, સંસ્કારિતા અને ધાર્મિકતા વ્યક્ત કરવા માટે મંદિરોનો ઉપયોગ ઘણો થયો છે. એટલે આપણાં મંદિરો આપણી ભક્તિનાં ભાજન થઇ પડે છે એ બધી રીતે યોગ્ય છે. પણ એનો અર્થ એ નથી કે મૂર્તિપૂજા અને મંદિરોની સંસ્થામાં કશા મૌલિક ફેરફાર કરાય જ નહિ. જીવતો સમાજ આગળ પાછળનો પૂર્ણ વિચાર કરી પોતાના ધર્મમાં તેમજ ધાર્મિક સંસ્થાઓમાં-સમાજમાં તેમજ સામાજિક રૂઢિઓમાં-આવશ્યક ફેરફારો કરવાને હંમેશ હકદાર છે એમ સમજીને જ આ લેખ ઘણાં વર્ષો પહેલાં લખાયો હતો. આજે પણ મારા એ અભિપ્રાયમાં ફેરફાર થયો નથી. આપણાં મંદિરો વિષે મેં આના પહેલાં અનેક લેખો લખ્યા છે. વરતેજમાં હરિજનો માટેનું મંદિર સ્થપાયું તે વખતે મૂર્તિઓની સ્થાપના મારે હાથે જ થઇ હતી. તે વખતના મારા લેખમાં મૂર્તિપૂજાની મેં બધી બાજુએ મીમાંસા કરી છે. આ વિષય ઉપર આદરપૂર્વક સંગીન વિચારની જરૂર છે. અમુક માણસ મૂર્તિપૂજાનું સમર્થન કરે છે કે વિરોધ કરે છે એટલું જોઇને ગભરાઇ જવું કે ભડકી જવું એ આજના જમાના માટે અને આપણા હિતની દૃષ્ટિએ અયોગ્ય છે

મૂર્તિપૂજા

હિંદુ ધર્મમાં સાચું જોતાં મૂર્તિપૂજાનો આગ્રહ કે વિરોધ એમાંથી એકકે નથી. મહાપ્રયાસ કરતાં વેદમાં મૂર્તિપૂજાનો ઉલ્લેખ શોધી કાઢી શકાય કે નહિ એ સવાલને ઝાઝું મહત્વ નથી. મહાભારતમાં મન્દિરનો ઉલ્લેખ કર્યાને નથી એ સિધ્ધ કરવાની પણ જરૂર નથી. આપણા આચારધર્મનો બધો આધાર શ્રૌત અને ગૃહ્યસૂત્રો ઉપર છે. એમાંથી જ સ્મૃતિઓનો વિસ્તાર થયો છે. માણસ સાવ અકડાઇ જાય એટલી વિગતથી એ સ્મૃતિ સાહિત્યમાં આચાર ધર્મ બતાવ્યા છે. એમાં મૂર્તિપૂજા, દેવમંદિરો વિગેરેની ભાંજગડ છે જ નહિ એટલે હિંદુ ધર્મ જો કે મૂર્તિપૂજાનો વિરોધી નથી તો યે હિંદુ ધર્મના મૂળમાં મૂર્તિપૂજા નથી એ વિષે બે મત હોઇ ન શકે. પછી મૂળ હિંદુધર્મનું એ પ્રધાન અંગ તો ક્યાંથીજ મનાય? ત્યારે આ મૂર્તિપૂજા આવી ક્યાંથી?

મૂર્તિપૂજા અને મૂર્તિનિર્માણ વચ્ચે ભેદ કરવો જોઇએ. મૂર્તિઓ તો પ્રાગ્‌ઐતિહાસિક કાળથી બનતી હશે. મોહેન-જો-દરોમાં જે માટીની મૂર્તિઓ જડી છે એમાં એક મૂર્તિ પૂજારીની હોય એવું અનુમાન કરવામાં આવ્યું છે અને બીજી બે નાની મૂર્તિઓ વિચિત્ર શિરોવેષ્ટન પરથી કૃષિદેવતાની હશે એવી કલ્પના કરવામાં આવી છે. એ પણ માટીની જ છે. પશુપક્ષીઓની મૂર્તિઓ તો અનેક પ્રકારની જડી આવી છે. પણ એ બધી પૂજનના સાધન તરીકે વપરાતી હતી કે નહિ એ કહેવું મુશ્કેલ છે. જેને કૃષિદેવતાની મૂર્તિ તરીકે ઓળખવાનો પ્રયત્ન થાય છે એ કદાચ નોકરાણીની મૂર્તિઓ હોય એમ પણ બને. કારણકે માથા ઉપર જાણે બે બાજુ બે ટોપલા કાવડની પેઠે બેસાડયા હોય એવું એમનું શિરોવેષ્ટન છે.

સવાલ એ મૂર્તિઓ કયાંથી પેદા થઇ એ નથી. પણ પૂજનના સાધન તરીકે મૂર્તિઓ આપણે ત્યાં કયાંથી ચાલી આવી અથવા કયારની વપરાવા લાગી એ સવાલ છે.

કેટલાક માને છે કે બૌદ્ધોએ તેમજ જૈનોએ આ દેશમાં મૂર્તિપૂજા દાખલ કરી. પ્રાચીન બૌદ્ધ કોતરકામમાં પહેલાં બુદ્ધની મૂર્તિ કોતરતા ન હતા. એક ઘોડો જીનકસેલો સવાર વગરનો કોતરેલો હોય અને આસપાસ ભકતોનો મેળો બતાવ્યો હોય એટલે માની લેવાનું કે ઘોડા પર બુદ્ધ ભગવાન બિરાજમાન છે. બુદ્ધ ભગવાનને મૂર્તિ દ્વારા વ્યકત કરાય નહિ એવી આમન્યા રખાતી હશે.

કેટલાક બૌદ્ધો કહે છે કે એ સંસ્થા પહેલાં અમારામાં હતી જ નહિ. એ તો તંત્રમાર્ગનો ચેપ છે. તાંત્રિકોની અસર નીચે મહાયાન પંથ ઉદ્‌ભવ્યો અને પછી પરલોકનાં સુખદુઃખનાં ચિત્રો અને વિમાનો લોકોને બતાવી લોકોની શ્રદ્ધા જાગૃત અને દૃઢ કરવના પ્રયત્નો થવા લાગ્યા. એ વખતનો આ મૂર્તિપૂજા સંપ્રદાય દેખાય છે. વધારે સંભવિત એ લાગે છે કે મૂર્તિપૂજા આપણે ત્યાં ગ્રીસમાંથી આવેલી હોય. પત્થરનું કોતરકામ યવન (ગ્રીસ-આયોનિયા) દેશથી બાલ્હિક દેશમાં થઇને હિંદુસ્તાનમાં પહોંચેલું છે. કળારસિક સંસ્કારી અને ઉત્સવપ્રિય આર્યોને-પછી તે વેદધર્મી હોય, જૈનધર્મી કે બૌદ્ધધર્મી-સુંદર સુંદર મૂર્તિઓ, તેમની પૂજા, ઉત્સવો, રથયાત્રા, ઉંચાં મંદિરો અને એમાં ચાલતા ભોગો બધું ગમી ગયું હશે. ભારતકાલને અન્તે યજ્ઞની પ્રથા મોળી પડી હતી જ. એની અવેજીમાં લોકોને કલ્પના માટે કંઇક ખાદ્ય જોઇતું હતું જ. એટલે મૂર્તિપૂજા એમને ફાવતી આવી હશે. રાજ્ય દૃઢ કરવાના મુખ્ય ઉપાયો ત્રણ (૧) લશ્કરી સામર્થ્યથી લોકોને દબાવવા, (૨) કેળવણી અથવા પ્રચાર દ્વારા લોકોનાં હૃદયો અથવા લાગણીઓ કબજે કરવી અને (૩) જનતાની ચિત્તવૃત્તિ રંગાઇ જાય એવા ઉત્સવ, 'સમાજો', યાત્રાઓ વગેરે ચલાવી લોકોની ખુશામત કરવી. મુસલમાનો હિંદુસ્થાનમાં આવ્યા એ પહેલાં જે અનેક જાતો આ દેશમાં આવીને વસી તેમણે અહીંનો ધર્મ સ્વીકાર્યો, અહીંના ધાર્મિકોને ઉત્તેજન આપ્યું, તેઓ અહીંની ભાષા બોલવા લાગ્યા અને અહીંના થયા. પછી તો એ લોકોની સારી નરસી કલ્પનાઓ; માન્યતાઓ અને રૂઢિઓ પણ આપણે ત્યાં દાખલ થવા વગર રહે જ કેમ? આમ હિંદુ ધર્મ ગંગા નદીના પ્રવાહની પેઠે ખૂબ બહોળો અને કાદવવાળો થયો. મૂળ વૈદિક ધર્મ અત્યંત શુદ્ધ હતો, એમાં જરાએ ભેળ નહોતો. એમ કહેવાની અહીં મતલબ નથી. પણ મૂળ ધર્મ, મૂળ સમાજની પેઠે એક-

રૂપ, સુશ્લિષ્ટ અને પ્રાણવાન હતા. જ્યારે પાછળનો ખીચડો અવ્યવસ્થિત, શિથિલ અને મેદસ્વી થઇ ગયેલો એમાં શક નથી. 'નવો મુસલમાન વધારે અલ્લા અલ્લા બોલે' એ કહેવત પ્રમાણે આ બહારથી આવેલા રાજાઓ અને જમાતો દેશી લોકોની રૂઢિઓનું અને લાગણીનું વધારે ચુસ્તપણે પાલન કરે અને જાત-જાતના ઉત્સવો અને મંદિરો ચાલતા કરી પોતાનું પારકાપણું મટાડવાનો પ્રયત્ન કરે એ પણ સંભવે. ગમે તે હો, પણ હિંદુ સમાજમાં અને હિંદુ ધર્મમાં મૂર્તિપૂજાની જડમૂળો ખૂબ ઉંડે ગઇ છે એ વાત નિર્વિવાદ છે.

કહેવત છે કે માણસ ગરાસને માટે સગા ભાઇને પણ મારે અને પોતાનો ધર્મ પણ છોડે. મૂર્તિપૂજા અને મંદિરોની સ્થાપના એ કેટલાક બ્રાહ્મણોનો ગરાસ થઇ પડયો. સામાન્ય લોકોને પણ ત્યાગ તપસ્યા, અને ચિત્તશુદ્ધિના અઘરા ધર્મ કરતાં

देवान् भावयतानेन, ते देवा भावयन्तु वः ।

એ ન્યાયે દેવોને ખવડાવવા પીવડાવવા એટલે દેવો પણ આપણને ખવડાવશે, પીવડાવશે, એ સહેલો ભુક્તિ-મુક્તિની લાલચ બતાવનાર ધર્મ ગમી ગયો અને મંદિરો અને મૂર્તિપૂજા આખરે હિંદુ ધર્મનું લોકમાન્ય અંગ થઇ પડયું.

મૂર્તિપૂજા હિંદુસ્તાનના અનાર્ય કે જંગલી લોકો પાસેથી આર્ય લોકોએ ધીમે ધીમે લીધી હશે એવી પણ એક કલ્પના છે. નાથદ્વારાની શ્રીનાથની બિહામણી છબી, પૂરી-જગન્નાથજીની વિચિત્ર મૂર્તિ વગેરે પ્રકારો આપણે સૌંદર્યોપાસક ગ્રીસ દેશ પાસેથી ન જ લીધા હોય. આપણે ત્યાંના એક વિદ્વાન એમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે મૂર્તિવિધ્વંસક મુસલમાનો અહીં આવ્યા તે પહેલાં-ઘણા વખત પહેલાં-લિંગપૂજા વગેરે પાર્થિવ-પૂજા અરબસ્તાનથી જ હિંદુસ્તાનમાં આવી હોવી જોઇએ. આજની મૂર્તિપૂજા એ ઉપર વર્ણવેલા બધા જ પ્રવાહોમાંથી નીતરી હોય એમ પણ બને!

સગુણ નિર્ગુણ ઉપાસના તેમજ વ્યક્તાવ્યક્તગતિના સવાલો તો નોખા અને બહુ જુના છે. મૂર્તિપૂજા આવી એટલે એજ સગુણ-ઉપાસના છે એમ લોકોને થઈ ગયું અને કર્મકાંડ, તંત્રમાર્ગ, ભક્તિ વગેરે ભાવનાપ્રધાન અને કલાપ્રચૂર માર્ગોને મૂર્તિપૂજા ઉન્નતિનો એક અસરકારક ઉપાય જણાયો. અવ્યક્ત ગતિ કરતાં વ્યક્ત ગતિ ઓછી કલેશકારક હોઇ શકે છે. નિર્ગુણ ઉપાસના કરતાં સગુણ ઉપાસના વધારે સાર્થ, અને સમાધાનકારક છે એ પણ કબુલ કરીએ. પ્રાકૃત લોકો માટે વ્યક્ત અને સગુણજ ઠીક છે એ ખરૂં. પણ એ ઉપરથી એમ નથી સિદ્ધ થતું કે અજ્ઞાન, અબોધ અને વહેમશીલ લોકો માટે મૂર્તિ-પૂજા જોખમકારક નથી. સામાન્ય લોકો અને ત્યાં સુધી ઉદાર-ચરિત સંત સત્પુરૂષોની સેવા સુશ્રુષા કરે અને સત્સંગ દ્વારા ધર્મબોધ મેળવે એ સગુણોપાસનાનો એક પ્રકાર છે. ઇશ્વર એ પરમ પિતા છે, માતા છે. માલેક છે, પતિ છે. માશુક છે, મિત્ર છે, ગુરૂ છે, આચાર્ય છે, એમ ગમે તે એક અથવા અનેક સંબંધો કલ્પી ઇશ્વરના ન્યાયી, દયામય, કલ્યાણકારી, જ્ઞાનદાયી, ક્ષમાવાન વગેરે અનેક સદ્‌ગુણોનું ધ્યાન ધરી ઇશ્વરની ભક્તિ કરવી એજ સાચી વ્યક્તગતિ છે, સગુણોપાસનાનો મુખ્ય અર્થ પણ એજ છે, મુસલમાનો, શિખ લોકો, પ્રાર્થનાસમાજીઓ, પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ વગેરે બધા આ રીતે જ સગુણોપાસના કરે છે. પ્રાકૃત લોકોને માટે એજ યોગ્ય છે.

ખરૂં જોતાં, જડ અને વહેમી લોકો માટે નહિ પણ વિશિષ્ટ સંસ્કારો પામેલા અને તત્વજ્ઞાનમાં આગળ વધેલા પણ કલાસિક, કર્મપરાયણ લોકોને માટે જ મૂર્તિપૂજા કામની છે. ઇશ્વર સર્વત્ર છે એ તત્વનું સાચું રહસ્ય જેઓ સમજી શકે છે, તેમને માટે જ મૂર્તિપૂજા ધાર્મિકતા કેળવવાનું એક નિર્દોષ સાધન થઇ શકે છે જો કે મૂર્તિપૂજા એ સર્વશ્રેષ્ઠ સાધન તો ન જ ગણાય. જડબુધ્ધિવાળાઓ માટે જ મૂર્તિપૂજા છે એમ કહેવામાં આવે છે; પણ જડ સમાજ મૂર્તિપૂજાનું રહસ્ય સમજી શકતો નથી. એની દૃષ્ટિએ મૂર્તિ એ એક મોટું ભૂત છે. એના મનમાં મૂર્તિ સાથે બીક અને ડર જ આવી શકે છે. અને એની પૂજા તો બળિયાને શરણ જઇ બચી જવાનો ઉપાય જ હોય છે. એને માટે તો મૂર્તિપૂજા નિર્ભયતા અને સ્વતંત્રતાની વિનાશક છે. અંદરથી પોલી એવી લાકડાની મોટી મૂર્તિ બનાવી એ મૂર્તિના હાથમાં મુકેલો ભોગ એ હાથને પાછળથી બાંધેલી એક છુપી દોરી ખેંચવાથી મૂર્તિના મોઢામાં પડી જવાની વિગતો આપણે કયાં નથી વાંચી? હિંદુસ્થાન બહારના દેશોમાં મૂર્તિપૂજાએ અવર્ણનીય અત્યાચારોને ઉત્તેજન આપ્યું છે અને હિંદુસ્થાનમાં મૂર્તિપૂજાએ પછાત ફોમો માટે અગણિત વહેમોને જન્મ આપ્યો છે. તત્વજ્ઞાનની કેળવણી જેમને મળી તેઓ બેશક મૂર્તિપૂજામાંથી ઘણો લાભ ઉઠાવી શકયા. પણ એવાઓમાંથી જેઓ શુધ્ધ આત્માર્થી એટલે મોક્ષાર્થી હતા તેઓ તરતજ મૂર્તિપૂજાને વટાવી આગળ ગયા. મૂર્તિપૂજાનો બચાવ કરતાં સ્વામી વિવેકાનંદે એક વાર કહ્યું છે કે 'મૂર્તિપૂજાથી જો રામકૃષ્ણ પરમહંસ મળતા હોય તો મૂર્તિ-પૂજા ઘણું જીવો!' પૂજારી રામકૃષ્ણ પરમહંસનો ધંધો જ મૂર્તિ-પૂજાનો હતો પણ આખરે એમાંથી તેઓ પણ નીકળી જ ગયા હતા. ફુલો ઝાડ પર જ ઇશ્વરને અર્પણ છે તે તોડીને મૂર્તિને માથે શા માટે ચઢાવવાં એમ તેઓ કહેતા અને ભાવાવેશમાં આવે એટલે મૂર્તિની પૂજા કરવાને બદલે પોતાનીજ પૂજા કરતા. એમણે મૂર્તિપૂજા આખર સુધી છોડી ન હતી, પણ આગળ જતાં તેઓ મૂર્તિપૂજાનું યથાર્થ સ્વરૂપ સમજી ગયા હતા.

એટલે ધ્યાનપૂર્વક તપાસતાં જણાશે કે મૂર્તિપૂજા એ સાવ જડ લોકોને માટે હિતકર નથી તેમજ અત્યન્ત સંસ્કારી અને અને ગંભીર લોકો માટે પણ એ નથી. જેને મૂર્તિપૂજાની ટેવ પડી ગઇ છે, તેને તે છોડવા માટે માનસપૂજા એ વચલું પગથીયું છે. આપણા સાધુ સંતોએ મૂર્તિપૂજાનો મોટે ભાગે સીધો વિરોધ નથી કર્યો પણ પૂજાને બદલે ભજનને જ પ્રાધાન્ય આપ્યું છે.

જેમ ખ્રિસ્તી ધર્મે અનેક દેવો આગ્રહપૂર્વક કાઢી નાંખી એક દેવની સ્થાપના કરી એટલે લોકોએ-ફેમકે અનેકતા એમના હાડમાંથી ગઇ નહતી તેથી-અનેક સંતોની પૂજા ચાલુ કરી, તેમ એકેશ્વરી ધર્મના આગ્રહી અરબસ્તાનમાં અને તુર્કસ્તાનમાં પવિત્ર સ્થળો, પવિત્ર કબરો, કુરાનના મંત્રોનો ઉચ્ચાર અને એમાંથી થતાં ચમત્કાર વગેરે અનેક પ્રકારો પેદા થયા.

ધર્મ ખરૂં જોતાં શાસ્ત્રો અને ધર્મગુરૂઓના કૃતવાઓ ઉપર આધાર નથી રાખતો, પણ શુદ્ધ સાત્વિક ભાવનાઓ, શુદ્ધ બુદ્ધિ, સારા નરસાનો વિવેક કરનાર વિવેચક શક્તિ અને પવિત્ર પુરૂષોના અનુભવ ઉપર આધાર રાખે છે. ધર્મ એ જીવંત વસ્તુ છે. શાસ્ત્રના શબ્દોનું પ્રામાણ્ય લઇ બેસવું એ જ જડપૂજા અથવા બુતપરસ્તી છે હૃદયમાંથી પરમાત્માને અને એણે આપેલી જીવન્ત ધર્મવૃત્તિને બહેડી એને કેટલાક શાસ્ત્રો, ગ્રંથો અને જુના રિવાજોને બેસાડવા એમાં ધર્મનું હડહડતું અપમાન થાય છે.

આપણે એ ધ્યાનમાં રાખવું ઘટે છે કે સમાજ પોતાને બળે અંદરથી એટલે સ્વેચ્છાથી પ્રગતિ ન કરે તો એને પરાણે બાહ્ય દબાણથી ફેરફાર કરવા પડે છે. આખરે થવાનું તે થઇ જ જાય છે, પણ ક્રમને કરવાથી જે વિકૃતિ ઉત્પન્ન થાય છે તેની અસર લાંબા કાળ સુધી ટકે છે. ઇશ્વરની મૂર્તિ બનાવવાથી

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૩)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

સપ્ટેંબર ૩૦ ૧૯૪૦

જૈન સમાજમાં એકતાનો અભાવ

જ્યારે એક પહાડની ટોચ પર પડતું પાણી જુદી જુદી દિશાઓમાં નાની નાની ધારાઓ બની વહી નિકળે છે ત્યારે એને કંઇ સ્વરૂપ, ઉપયોગ કે ધ્યેય હોતું નથી. અથડાઇ કુટાઈ આખરે એ ધારાઓ સુકાઇ જાય છે. પણ જ્યારે એ બધી ધારાઓ એકત્ર થઇ એકજ દિશામાં વહેવા માંડે છે ત્યારે તે નદીનું સ્વરૂપ ધારણ કરે છે. સેંકડો માઇલોના વિસ્તારને એ રસાળ બનાવે છે. પોતાના મીઠા જળથી અનેકની તૃષા શાંત કરે છે. પોતાના કિનારાને લીલાંછમ વૃક્ષોથી વિભૂષિત બનાવી શીતળ છાંયડો પુરો પાડે છે અને આખરે સાગર-મીલનના પોતાના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરે છે. ઐકયનું આવું જ પરિણામ હોય છે. એક જ ધ્યેયની પ્રાપ્તિ માટે મથતી સંસ્થાઓ ઐકયના અભાવે પોતાની શકિતઓ જુદા જુદા માર્ગે વેડફી નાંખે છે અને પરિણામે એ પોતાના ધ્યેયથી દૂર ને દૂર રહે છે અને કોઇ ઉપયોગી કાર્ય પણ સફળતાથી પાર ઉતારી શકતી નથી.

આપણા જૈન-ધર્મમાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી એવા અનેક પંથો અત્યારે છે, અનેક સામાજીક સંસ્થાઓ છે. દરેક જુદા જુદા માર્ગે પ્રયાણ કરી રહેલ છે. દરેક પક્ષ પોતાના પક્ષનું શ્રેષ્ઠત્વ સાબિત કરવા માટે બીજા પક્ષને તોડી પાડવામાં જ પોતાના પક્ષનો વિજય માને છે. પોતે ખરે માર્ગે છે અને બીજા માર્ગ ભૂલ્યા છે એના વિષે વાદવિવાદ અને ચર્ચાઓ ચલાવવામાં, એને જ પોતાનું ધ્યેય બનાવી એ ધ્યેયની પૂર્તિ માટે ખુબ પ્રયત્નો કરવામાં જ પોતાના પક્ષની મહત્તા માને છે. એક પક્ષની થોડી વ્યકિતઓ બીજા પક્ષમાં ભેળાય તો બીજા પંથવાળા ખુબ આનંદ માને છે, પણ તેઓ બુદ્ધિને તકલીફ નથી આપતા કે આખરે તેમણે નવો વધારો તો નથી કર્યો; માત્ર મૂળ મુડીમાંથી જ એ વ્યકિતઓને ખેંચવામાં આવી છે. સંખ્યા પરથી કોઇ પક્ષનો વિકાસ માની ન લેવાય. એમ તો બકરાંના ટોળા સામે એક સિંહ બસ થઇ પડે છે. સંખ્યા એ વિકાસવૃદ્ધિનું ચિન્હ ન માની શકાય.

પરસ્પર મત-પંથના ઝગડા તો આપણા સમાજમાં સહજ બની ગયા છે. વ્યકિતઓથી માંડી જુદી જુદી સામાજીક, ધાર્મિક કે દેશને લગતી ચળવળો કરતી સંસ્થાઓ અને છેવટે ત્યાગી ગણાતી સાધુસંસ્થા પણ-આ બધાંને બારીકાઇથી જોઇશું તો માલુમ પડશે કે પોતાની વિશિષ્ટતા સ્થાપન માટે કરવા પરસ્પરને તોડી કે ઉતારી પાડવાના દોષથી તેમાંથી કોઇ મુકત નહિ હોય. પોતાના પક્ષના શ્રેષ્ટત્વ માટે બીજા પક્ષની ભુલો, ઉણપો અને નબળાઇઓ શોધવામાં જ પોતાનો સમય વ્યતીત કરે. અને એમાંજ પોતાની ઉન્નતિ માની બેસે. જ્યારે એનો અતિરેક થાય છે ત્યારે એ વ્યકિત કે સંસ્થા પોતાના ધ્યેયને ભૂલી પોતાના પ્રતિપક્ષીને મહાત કેમ કરવો એને જ પોતાનો આદર્શ બનાવી મૂકે છે. પરિણામ તો આખરે એ આવે છે કે બીજાને તોડી પાડવાના પ્રયત્નો કરતાં આપણે પોતાનેજ તોડી પાડીએ છીએ અને પોતાના વિકાસને રૂંધી નાખીએ છીએ.

આજે જેમના નામે જુદા જુદા સંપ્રદાયો અને ધર્મો ચાલે છે તે તે ધર્મના સંસ્થાપકોએ પોતે આત્મમંથન કરી જે વસ્તુ મેળવી તે જગત્ સમક્ષ મૂકી. જેમને એ વસ્તુની જરૂર હતી તેમણે એનો સ્વીકાર કર્યો. એમનો માલ દરેક વ્યકિત ખરીદી શકતી હતી. એમણે વાડ બાંધી સંપ્રદાયો રચવાનો વિચાર સ્વપ્ને પણ સેવ્યો નહોતો. પણ પાછળથી એમના અનુયાયીઓ મૂળ પુરૂષનો હેતુ ભુલી જઇ માત્ર એમના શબ્દો પકડી બેસી ગયા. શબ્દોનો આત્મમંથન કરી મેળવેલા જ્ઞાનદ્વારા નહિ, પણ સ્વબુદ્ધિ પ્રમાણે અર્થ કરવા માંડયો. એથી મૂળ હેતુ ભુલી જવાયા અને માત્ર ક્રિયાઓ રહી ગઇ. પાછળના અનુયાયીઓ બુદ્ધિના દ્વાર બંધ કરી, વિવેકને કુંઠિત બનાવી, માત્ર આત્મ-પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખી વાડા બાંધી બેસી ગયા અને મૂળ પુરૂષના નામે સંપ્રદાયો શરૂ કરી દીધા; ધ્યેયને ભૂલી આત્મ-પ્રશંસાના મોહમાં તણાઇ મૂળ પુરૂષના હેતુને હણી. નાંખવા લાગ્યા; સત્યને વાડાની મર્યાદામાં પુરવાના પ્રયત્ન આદરી એને વિકૃત બનાવવા માંડયું; મુકિતનો આદર્શ ભુલી પંથના મમત્વમાં પડયા અને પછી તો બીજા ધર્મ કરતાં પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે એના પ્રતિપાદનમાં જ પોતાના પક્ષનો ઉત્કર્ષ માનવા લાગ્યા.

એક વૃક્ષને પાણી પાવાને બદલે જો સૌ કોઈ એ વૃક્ષમાંથી મરજી પડે તેમ ડાખળાં પાંદડાં તોડયા કરે તો થોડા સમયમાં એ વૃક્ષ છિન્નભિન્ન થઇ જાય. તેમ જ્યારે એક ધર્મમાંથી જુદા જુદા માર્ગો પ્રવર્તે તો એ ધર્મ વિકસિત થવાને બદલે છિન્ન ભિન્ન થઇ જાય. ભગવાન મહાવીરે વાવેલા જૈન ધર્મના વૃક્ષને બચ્ચે લોટા પાણી પાઇ વિકસિત કરી નવપલ્લવિત બનાવવાને બદલે આપણે એના મરજી પડે તેમ ડાખળાં પાંદડાં તોડવા લાગ્યા. એ નાની નાની ડાખળીઓ પોતાના વાડામાં વાવી અને ખરૂં મૂળ વૃક્ષ પોતાના વાડામાં છે એમ કહેવા માંડયું. એવી રીતે મૂળ વૃક્ષના અસ્તિત્વને ભયમાં આણ્યું. આત્મમંથન કરી મેળવેલ અનુભવનાં જ્ઞાન અદૃશ્ય થયાં અને માત્ર નિર્જીવ શબ્દો રહી ગયા. શબ્દો અને ગાથાઓના અર્થનાં ચુંથણાં થવા લાગ્યાં. ધર્મના સિધ્ધાંતોના પ્રચારને બદલે આત્મ પ્રશંસાના પ્રચાર થવા લાગ્યા. ભગવાન મહાવીરે માનવ માત્ર માટે સરજેલા ઉદાર સિધ્ધાંતોપર માલેકીની મહોર લગાવી આપણે બેસી ગયા. પરિણામે જૈનો બનાવવાને બદલે જનમવા લાગ્યા. આત્મ-મંથન કરી જ્ઞાન મેળવવાને બદલે પંડિતો પાસેથી જ્ઞાન મેળવવા માંડયું. જગતના કોઇ પણ મહાપુરૂષને આપણે પંડિતો પાસેથી જ્ઞાન મેળવી જ્ઞાની બનેલો નથી સાંભળ્યો. આજે તો જ્ઞાન શબ્દોના ભંડારમાં ભનાય છે. છટાભર્યા વ્યાખ્યાનો આપી વ્યાખ્યાન-વાચસ્પતિ બનનારા મોટા જ્ઞાનીઓમાં ખપવા લાગ્યા છે. સાચા આત્મજ્ઞાનીને ઉપદેશની ઝડીઓ વરસાવવી નથી પડતી. એનાં નિર્મળ નયનો આત્માની અકથ્ય ભાષાદ્વારા હૃદયને તળીએ પહોંચી જઈ આપણા જીવનને મૂળથી પલટાવી નાંખે છે. સંસારની અસારતા સમજાવવા એમને દાખલા દલીલો નથી આપવી પડતી. એમનો એક સ્પર્શ માત્ર સંસારનું સત્ય સ્વરૂપ સમજાવવા બસ થઇ પડે છે. પ્રતિદિન શબ્દોના ઘોડા વહાવવાની પણ એમને જરૂર પડતી નથી. એમનો અખૂટ જ્ઞાનભંડાર માનવ માત્રને માટે ખુલ્લો હોય છે. પોતાનો માલ ખપાવવા એમને પ્રચાર કરવો નથી પડતો. મિથ્યાત્વનો ભય બતાવી ભકતોને પકડી રાખવાની કોશિષ એમને નથી કરવી પડતી. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે તો જન્મો સુધી સાધના કરવી પડે છે. એને માટે અખૂટ ધૈર્ય જોઇએ. પંડિત બનવા સમયની મર્યાદા નક્કી કરી શકાય, પણ આત્મજ્ઞાન મેળવવા તો

કાળની મર્યાદા કામ ન આવે. છતાં જેઓ અદ્‌ભૂત જ્ઞાન પ્રાપ્ત કરવા નિશ્ચય કરે છે તેઓ સમયની પરવા કર્યા વિના પ્રાપ્ત કરીને જ વિરમે છે. ભગવાન મહાવીર જેવા ત્રણ જ્ઞાન સહિત જન્મેલા પરમ પુરૂષને પણ સાડા બાર વર્ષ સુધી અવિશ્રાંતપણે પૂર્ણ જ્ઞાન મેળવવા પ્રયત્નો કરવા પડયા હતા. આજે તો એકાંતમાં જનસમુદાયથી દૂર રહી મૌનપણે સાધના કરતા સાધુ-સાધ્વીઓ આપણને ભાગ્યે જ નજરે પડે છે. એકાંતવાસ કરી મનની સર્વવૃત્તિઓને આત્મામાં જોડી, આત્મા ઉપર છવાયેલા અજ્ઞાનના વાદળાં ભેદી, આત્મજ્યોતિ પ્રગટાવનારા આત્માઓ આજે મળવા મુશ્કેલ થઈ પડયા છે. છતાં એમનો અભાવ નથી. આત્મપ્રશંસાથી દૂર રહી એવા આત્માઓ પોતાના જ્ઞાનનો લાભ બીજાને મૌનપણે આપ્યા કરે છે. મત-પંથના વાડાથી એઓ પોતાને દૂર રાખે છે. એમને વાદવિવાદમાં સમય વેડફી દેવાની જરૂર નથી પડતી. શબ્દોની સાઠમારી ચલાવી પોતાની વિદ્વતાનું પ્રદર્શન કરવાની એમને ઇચ્છા નથી હોતી. એ તો અનંત આનંદ પ્રાપ્ત કરી એ આનંદમાં મસ્ત રહે છે. જે ઇચ્છે તેને એ આનંદનો લાભ આપે છે. જગતમાં રહેવા છતાં એઓ જગતથીપ ર હોય છે. આવા પુરૂષો જ સાચા ત્યાગી સાધુ હોય છે. સંકુચિતતા તો એમની પાસે સ્વપ્ને પણ નથી સંભવતી. જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં ઉદારતા છે, વિશાળતા છે. ઝગડાઓ તો ત્યાં ક્યાંથી સંભવે ? સર્વ જીવોમાં પોતાનું પ્રતિબિંબ નિહાળતા મહાત્માઓ કોઈની નિંદા કરતા નથી કે નથી મત-પંથ માટે ઝગડતા. સંપ્રદાયો રચવાથી તેઓ દૂર રહે છે. એમનો માર્ગ તો સ્વયં વિકસિત થાય છે.

આજે તો એવા મહાત્માઓને અભાવે જ્યાં જુઓ ત્યાં સંકુચિતતાનું સામ્રાજ્ય આપણા જૈન-સમાજમાં સ્થાપિત થઇ ગયું છે. આત્મજ્યોતિ પ્રગટાવી સંસારના ક્લેશથી ત્રાસેલા માનવોને સત્ય સુખને માર્ગે દોરવાને બદલે પોતાના મતની શ્રેષ્ઠતા સાબિત કરવા ગાથાઓ અને શબ્દોના ઉતારા શોધવામાં જ સમય વ્યતીત કરી દેવાય છે. પોતે વાડામાં પુરાઇ બીજાઓને વાડામાં પુરી સંખ્યાવૃદ્ધિ કરવામાં જ કેટલાક પોતાના પથની પ્રગતિ માને છે. પણ સત્યને શોધી સત્યનો પ્રચાર કરવાની કોઇને તમન્ના નથી. ભગવાન મહાવીરે વાવેલા મહાન જૈન ધર્મરૂપી વૃક્ષને વિકસિત કરવાને બદલે એને છિન્નભિન્ન કરી નાખતાં આજે આપણને સંકોચ નથી થતો. અજ્ઞાનથી ઘેરાએલી આપણી બુધ્ધિ કશું જોઇ કે વિચારી શકતી નથી. આત્મ-પ્રતિષ્ઠાના આકર્ષણથી અળગાં રહી પોતાના ધ્યેયને સિદ્ધ કરવાના પ્રયત્નો આપણા માટે મુશ્કેલ થઇ પડયા છે. એક બીજાને તોડી પાડી આખરે આપણે પોતાની જ ઉન્નતિને રોકી રહ્યા છીએ. એ આપણે સમજતા થઇશું ત્યારે આપણે આપણા-આપણા સમાજ અને ધર્મનો-વિકાસ સાધી શકીશું. સામાજીક કાર્ય કરતી સંસ્થાઓનો આદર્શ હોય છે કે પોતાના સમાજની ઉન્નતિ કરવી. એને માટે જુદા જુદા માર્ગોદ્વારા કાર્ય કરવામાં આવે છે. પણ જ્યારે એ સંસ્થાઓ પોતાના માર્ગે જવાને બદલે બીજી સંસ્થાપર ઇર્ષ્યા ભોગવવાની હરીફાઇ આદરે છે ત્યારે એ ભૂલી જાય છે કે પોતે જેથી સમાજની ઉન્નતિ નહિ પણ અવનતિ કરી રહી છે. ધાર્મિક હરિફાઇઓ આદરી ધર્મને જેમ છિન્નભિન્ન કરી નાખવામાં આવ્યો છે તેમ સામાજીક સંસ્થાઓ એવી હરિફાઇથી પોતાની જાતને છિન્નભિન્ન થતી અટકાવે. નહિ તો સમાજની ઉન્નતિ કદી નહિ થાય. આપણે તો એકયદ્વારા સમાજની ધર્મની ઉન્નતિનો એક માત્ર આદર્શ સફળ કરવાની જ ભાવના સેવવી જોઇએ. આત્મ પ્રતિષ્ઠાના મોહ છોડી માત્ર ધ્યેયની સિધ્ધિને જ સર્વ કંઇ માની સંતોષ પકડવો જોઇએ. જ્યાં સુધી એકયનાં મૂલ્ય આપણને નહિ સમજાય ત્યાં સુધી જૈન સમાજ કે ધર્મની ઉન્નતિ નહિ સંભવે. **સરલા સુમતિચંદ્ર શાહ.**

ભણીને કરશું શું ?

(વિદ્યાર્થી સમક્ષ આપેલ એક વ્યાખ્યાન)

પ્રાથમિક કેળવણી વખતે માબાપોને અણસમજને લીધે તેમજ બાળ માનસના અભ્યાસની ખામીને લીધે બાળકોની કુદરતી વૃત્તિઓ શી છે તે સમજાતું નથી. બાળક મોટું થતાં સંસ્કાર-દોષ કે સંગતિદોષથી પડેલી ટેવો તેના સ્વાભાવિક વલણોને ધીમે ધીમે ફેરવવા માંડે છે અને પરિણામે તેનું આખું માનસ ફરી જાય છે. આ કારણે બાળકને કઇ જાતની વિશિષ્ટ કેળવણી આપવી અને તેની કુદરતી શક્તિને વિકસાવવી તે જાણી શકાતું નથી.

માધ્યમિક કેળવણી વખતે પ્રાથમિક કેળવણીની પડેલી છાપ વિદ્યાર્થીની ખરી વૃત્તિને ડોળી નાંખે છે. એટલે ખાસ પસંદગીને અભાવે કોઇ શક્તિ વિશેષપણે ન ખીલતા બધી બાબતમાં કામચલાઉ ઉપરચોંટીયું જ્ઞાન મળે છે, જેને લીધે ભણતરનો કોઈ વિશેષ હેતુ વિદ્યાર્થીઓ કે વાલીઓના ધ્યાનમાં હોતો જ નથી. બધાં ભણે છે જ, જમાનો ભણતરનો છે એમ માની ભણવામાં કે ભણાવવામાં આવે છે. કોઇ સારી નોકરી મળી જાય અને રોટલો પેદા કરતા થઇએ તેટલો જ હેતુ કેળવણીનો મોટે ભાગે માનવામાં આવે છે. આ ખરો હેતુ નથી. કેળવણીના નામને સાર્થક કરે તેવા વિદ્યાર્થીઓ કોઇ કોઇ વખતે મળી આવે છે, જે અકસ્માત અને બહારના શિક્ષણનો પ્રભાવ ગણાય. ચાર આશ્રમોની વ્યવસ્થા જે વખતે હિન્દમાં હતી ત્યારે કેળવણીનો જે હેતુ હતો તેજ ખરો હેતુ છે. પ્રાચીન અર્વાચીનનો સુભગ સંજોગ દેશકાળ અનુસાર થાય તો હેતુ વગર થતા ઘણાં કાર્યો હેતુસર થવા માંડે તે ચોકસ છે.

ત્રણ આશ્રમોની સિધ્ધિ અર્થે શક્તિ, જ્ઞાન અને જોમ પ્રાપ્ત કરવાનો હેતુ તે કાળે બ્રહ્મચર્યાશ્રમ એટલે કે આજના ભણતર કાળનો હતો. પહેલા આશ્રમમાં શીખેલું બીજા આશ્રમોનાં કાર્યોમાં યોજાતું. વિદ્યાર્થી તે વખતે એટલુંજ વિચારતો કે "હું જ્ઞાન પ્રાપ્ત કરીશ, શારીરિક સંપત્તિ કેળવીશ તો ગૃહસ્થાશ્રમ દીપાવીશ, સંસાર સ્વર્ગસમ બનાવી મારી ફરજ પૂર્ણપણે બજાવી શકીશ અને પછીથી જીવનપગથીએ ચડી જગત સેવા-સ્વસેવા-લીધેલા જ્ઞાનના બળથી કરીશ. મારે દેવાનાં અનેકના દેણાં દઈ મારૂં જીવન સાર્થક કરીશ." આટલોજ તે વખતે ભણતરનો ખ્યાલ હતો. આજે તો ગરીબ ભણવા માંડે કે નોકરી ઉપર નજર માંડે છે. મગરનાં બચ્ચાં જેવાં ઇંડામાંથી નીકળે કે તુરત પાણી ભણી દોડે છે તેવીજ રીતે શાળામાંથી નીકળી વિદ્યાર્થીઓ નોકરી માટે સરકારી ઓફિસે અને ખાનગી પેઢીઓમાં દોડે છે. તે વખતે લીધેલા જ્ઞાનનો ઉપયોગ થશે કે નહિ તેનો ખ્યાલ ભાગ્યે જ રહે છે.

ધનિકો ભણે નહિ અને ભણે તો ભણતરનો ઉપયોગ જગતની ગુલામીનાં બંધનો મજબુત કરી વિલાસને વધારી જગતને ગરીબી ઝેર જેવી કરી નાંખે તેવી રીતે વર્તે !!!—

રોટલા રળવા ખાતર આગળ કોઈ નહોતું કેળવણી લેતું. કેળવણીનો મફત લાભ આપવાને બદલે વેચેવી તે રાક્ષસી અને મહદ્ પાપનું કાર્ય ગણાતું. નૈસર્ગિક શકિતઓના વિકાસના હેતુથી કેળવણી લેવાતી અને જનકલ્યાણ માટે વપરાતી. રોટલા રળવાનો પ્રાધાન્ય હેતુ નહોતો. જેમ જેમ વિલાસ વધ્યો, વૈભવની ભાવના વધી, તેમ તેમ કેળવણી વેચાતી ગઇ; કેળવણીના લાભો વેચાવા લાગ્યા ! આજે રળવું તે પ્રાધાન્ય હેતુ. જનકલ્યાણ પ્રાધાન્ય હેતુની પ્રાપ્તિ પૂરતો જ હેતુ-અથવા તો સ્વાર્થ સાધવાનું હથિયાર !

વૈદ્યો કે ડાકટરો જનોના દુઃખ દર્દ દૂર કરી શાન્તિ પમાડવાના પવિત્ર ખ્યાલથી નિઃસ્વાર્થપણે જ્ઞાનનો ઉપયોગ કરતા. "રોકડિયા" નહોતા. શાસ્ત્રાજ્ઞા પણ તેવી જ છે.

વકિલો–ન્યાયશાસ્ત્રીઓ અન્યાય અટકાવી સત્ય ન્યાય અપાવવા અને નિર્દોષને બચાવવા ધર્મ દલાલી કરતા. રોકડિયા કે નાણાના સગા નહોતા.

સાહિત્યાદિકના અભ્યાસીઓ પ્રજ્ઞની કેળવણીના ક્ષેત્રો સંભાળતા. પ્રજ્ઞ અને રાજ્ઞની શુદ્ધિ રાખવાનું ગુરૂ કાર્ય કરી પ્રજ્ઞ અને રાજ્ઞ વચ્ચે જોડનારી કડી જેવા રહેતા અને પ્રજ્ઞની નીતિનું જતન કરતા. રોટલા માટે સૌને ખેતીવાડી હતી જેમાંથી જરૂરિયાત પ્રમાણે બધું મળી રહેતું. સંતોષ અને સાદાઇ તથા સંગ્રહ તરફ દુર્લક્ષ હોવાથી તેઓની શાન્તવૃત્તિ વિપથગામી થતી જ નહિ.

હુન્નર ઉદ્યોગના માટે ખાસ કેળવણી તે વખતે નહોતી અપાતી. સૌને હુન્નર કે કળાકૌશલ્ય વારસામાં ઉતરતા અને કેળવણી ગૃહમાં મળતી. તે વખતે સમાજમાં ગુણ કર્મ અનુસાર ચાર જ મુખ્ય વર્ણો હતા. એટલે સૌ પોતપોતાના ક્ષેત્રમાં કુશળતા મેળવતા, સમાજની જરૂરિયાત પૂરી પાડતા, પેટ ભરતા અને તેમાંને તેમાં રચ્યાપચ્યા રહીને કળાને આગળને આગળ વધારતા. સૌ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ અનુસાર દેશને ચરણે પોતાની શકિત સમર્પી અખીલ રાષ્ટ્રને ઉજ્વળ રાખતા. આ વ્યવસ્થાથી દરેક વિદ્યાર્થી પહેલો કેળવણી લઇને શું કરવું તે જાણી શકતો. આજે વર્ણાશ્રમની વ્યવસ્થા વીંખાણી છે. કુળના ઉતરી આવેલા સંસ્કારોનો ઉપયોગ થતો બંધ થયો છે એટલે ભણીને શું કરવું ? તેનો નિર્ણય ભણતર પૂરૂ કર્યા પછી જ કરવાનો રહે છે. એક હેતુ મનમાં ધારીને કામ કરવું અને કામ પૂરૂ થયા પછી હેતુ ધારવો તે બન્ને વચ્ચે રહેલો તફાવત આજે પ્રાચીન અર્વાચીન કેળવણીની પદ્ધતિમાં છે.

દાખલા તરીકે દરજીનો દિકરો પોતાના ઘરમાં દરજી કામ ઘણાં વર્ષ સુધી જોઇ જોઇને તેજ સંસ્કારમાં દૃઢ થયેલો હોય છે. છતાં આ સંસ્કારનો ઉપયોગ ન કરતાં તદ્દન નવીન વકીલાતનો ધંધો લઇ બેસે છે એટલે તેને તેના સંસ્કાર મેળવતા પણ લાંબો વખત લાગે. વૈદનો દિકરો હમેશાં ઘરમાં દર્દ અને દર્દી, ઉપચાર અને ઔષધથી ટેવાયેલો હોય તે ટેવ, તે નિરીક્ષણ, તે સંસ્કાર ભવિષ્યમાં તેને કામ લાગતા નથી; કારણ કે તે વૈદ થવાને બદલે ઇન્જીનિયર થઇ બેસે છે. વડિલોએ વસાવેલાં અમૂલ્ય સાધનોનો ઉપયોગ પણ તે કરી શકતો નથી. આ આજની કેળવણીની તાસીર ? તે ઉપરાંત આજે કેળવણીના ક્ષેત્રમાં એકજ માપથી બધા વિદ્યાર્થીઓની શકિત મપાવા લાગી છે. બાળકોનું કુદરતી વલણ કઇ દિશામાં ઢળે છે તે ભાગ્યે જ જોવામાં આવે છે. કોઇને ખાસ કેળવણી આપવામાં આવતી નહિ હોવાથી વિદ્યાર્થીઓ માટે કોઇ વિશિષ્ટ ખીલવણીને સ્થાન રહ્યું જ નથી. વિશિષ્ટ શકિત સિવાય ખાસ આદર્શ કે ધ્યેય પણ શું હોય ? આજે તો છેલ્લી ઘડી સુધી વ્યાપારી, ખેડુત, કારીગર, વણકર કે ક્ષત્રીયોને પ્રિય કે અપ્રિય, જરૂરના કે બીનજરૂરી, વિદ્યાર્થીથી સાધ્ય કે અસાધ્ય, તેના દેશને અનુકુલ કે પ્રતિકુલ બધા વિષયોની પાછળ કાળક્ષેપ અને શકિતવ્યય કરવામાં આવે છે. તેથીજ આપણી શાળાની કેળવણીનો ગૃહવ્યવસ્થામાં બહુજ નજીવો ઉપયોગ થઇ શકે છે. પોતાના ઉપયોગની ખાતર બહુ થોડા ભણતા હોય તેમ લાગે છે. સૌને બીજા માટે જ ભણવું હોય કે ભણીને ભૂલવું હોય તેમ દેખાય છે. પરિણામે કુંજર બોદાને ઉંદર જ કઢાય છે. આજે ભૂમિતિમાં નિપુણ વિદ્યાર્થી પોતાના ગૃહમાં ભૂમિતિનો ઉપયોગ કરી શકતો નથી. મોટા સિધ્ધાંતો સિધ્ધ કરનાર પથારી કે ચોપડીઓ સરળતાથી ઓછા સ્થળમાં ગોઠવી જાણતો નથી. કારણ કે તેણે સૂત્રો ગોખ્યા છે પરીક્ષા માટે કે ભવિષ્યમાં બીજાને શીખવવા માટે ! પોતા માટે કંઇ ઉપયોગ વિચાર્યો જ નથી ! વિષયનું ખરૂં હાર્દ તે સમજ્યો જ હોતો નથી.

કેમીસ્ટ્રીનો કેટલો ઉપયોગ આજે આપણા વિદ્યાર્થીઓ કરે છે ? શરીરરચના અને ખોરાકના તત્વોનો અભ્યાસ કરનાર ખરા તત્વો પોતાના પંડ માટે વાપરી જાણતો નથી ! ગણિતશાસ્ત્રનો અભ્યાસી આવક જાવકનો ખરો ખ્યાલ બાંધી દિવાળામાંથી બચવા જરા પણ તૈયાર નથી. આ આપણી કેળવણી ! ત્યાં પ્રશ્ન પણ કેમ પૂછી શકાય કે "ભણીને કરશો શું ?"

અધૂરી અને અપૂર્ણ કેળવણી લીધા પછી તેના ઉપયોગ માટે અનિવાર્ય મૂડીની બાબતથી કેળવણીની પાછળ કોઇ ખ્યાલ–ધ્યેયને સ્થાન નથી. જુના નવાની આ સરખામણી એટલે આપણા પ્રશ્નનો ઉત્તર મળી ગયો તેમ નથી. અત્યારના સંજોગો, સાધનો, અને સ્થિતિ જોઇને વિચાર કરવો રહ્યો કે "ભણીને કરશું શું ?"

કેળવણી એક સાધન છે તે દ્વારા આપણે સુખ અને શાન્તિ મેળવવા માંગીએ છીએ. પછી તો સંજોગ અને સમયને લીધે આપણે ગમે તે સ્થાનમાં મૂકાઇએ તે અતિ મહત્વની બાબત નથી. "સુખ અને શાન્તિ" કોઇ સ્વાર્થી કે એકલપેટો વિચાર નથી. ખરાં સુખ અને શાન્તિને આપણે સમજીએ તો જણાયા વિના નજ રહે કે ખરાં વ્યક્તિગત સુખ અને શાન્તિ અનેકનાં સુખ અને શાન્તિ સાથે જોડાયેલાં છે. આજુબાજુના જેટલા સુખી અને શાન્તિમય હશે તેટલા જ આપણે રહેવાના છીએ. ધારો કે એક માણસ સુખી અને શાન્તિમય છે, પણ કુટુંબની અન્ય વ્યક્તિઓ તેવી નથી તો તે માણસ ખરા સુખનો સ્વાદ લઇ શકશે ? ધારો કે તે કુટુંબ આખું સુખી, શાન્તિમય અને સંસ્કારી છે પણ તેનો સમાજ બહુજ કલહમય અને કુસંસ્કારી છે તો તે કુટુંબ સુખે જંપી શકશે ? તે માણસે પોતાના સુખ અને શાન્તિ માટે કુટુંબને, કુટુંબે સમાજને તેવી જ સ્થિતિમાં લાવવા પડશે ! એક વ્યક્તિના સુખ અને શાન્તિનો આધાર કુટુંબ ઉપર, સમાજ ઉપર, ગામ ઉપર અને છેવટે રાષ્ટ્ર ઉપર રહેલો છે. એટલે આપણી કેળવણીનો હેતુ તો રાષ્ટ્રના સુખ શાન્તિ વધારવામાં જ પરિણમે છે !

આપણા ભણતરને ભણીને ભૂલવા જેટલો જ કે અન્ય માટે જ ઉપયોગ કરવા જેટલો હેતુ નથી. જે જે ભણતર ભણીએ, જે જે કળાનું શિક્ષણ આપણે મેળવીએ, જે જે સત્યો કેળવણી દ્વારા આપણે જાણીએ, તેનો જગત લાભ ઉઠાવે કે નહિ તે જોયા વિના પહેલો ઉપયોગ આપણે પંડથી શરૂ કરી વિશ્વ સુધી લંબાવવો રહે છે. જેનો ઉપયોગ આપણે ન કરીએ તેનો જગત કદી નહિ કરી શકે ; દરેકે દરેક વિષય આપણા પોતાના ઉપયોગમાં લઇ શકાય તેમ છે. છતાં પણ તેનો ઉપયોગ ન કરીએ તો પછી બીજું ધ્યેય આપણે કયું ધારી શકીએ ? ભણીને શું કરી શકીએ તે ભણનારે વિચારી લેવું.

આપણે આપણી કેળવણીનો લાભ બીજાને આપવાનો છે; કારણ કે આપણે આપણા સુખ માટે, સગવડતા માટે અને ખૂદ આપણી હૈયાતી માટે અનેકના દેવાદાર છીએ. આપણા માટે અનેકે પોતાનો ફાળો આપ્યો છે. આ બધાનાં દેણાં દેવાનાં છે. જેમ શકિત વધુ પ્રબળ, સાધન વધુ વિપુલ તેમ દેણું દેવાની શકિત પણ પ્રબળ બને છે. આ દેણું દેવાની તૈયારીનો કાળ તે આપણો કેળવણીનો કાળ. ઋણમુકત થવાની વૃત્તિ તે કેળવણીનો હેતુ. આ હેતુની પ્રાપ્તિ માટે સાધનરૂપ શકિતનો સંચય અને વિકાસ તે કેળવણીનું ફળ, "ભણીને શું કરવું ?" તે પ્રશ્નનો ઉત્તર.

(પૃષ્ઠ ૯૯ નું ચાલુ)

અને એને જાત જાતના ઉપચાર આપવાથી માણસની પ્રૌઢ બુધ્ધિનું કદાચ અપમાન થતું હશે, પણ ઈશ્વરનું એ અપમાન થાય છે એ તો ગળે નથી ઉતરતું. પહેલી વાત એ છે કે ઈશ્વરનું માનઅપમાન માણસના હાથમાં છે જ નહિં. માણસે પોતાના સ્વભાવ ઉપરથી જ ઈશ્વરને 'જેલસ ગોડ' એટલે 'મત્સરી દેવ' બનાવ્યો. મત્સરી પતિ, મત્સરી રાજા, મત્સરી ઉસ્તાદ અને મત્સરી દેવ–બધા એક જ કોટિના છે. ઈશ્વર એક હોવા છતાં એના અનેક ગુણો અને વિભૂતિઓ પરત્વે અનેક દેવો માણસે કલ્પી કાઢયા. એટલે એક ઈશ્વર ઉપરાંત દેવદેવીઓ તો કાલ્પનિક છે. આટલા દેવો જોઇ પરમાત્માને ચીડ શાની આવે? ઈશ્વર જાણે છે કે ભૂલથી પણ આ લોકો અંતે મને જ પૂજે છે. માણસ જાતમાં કેટલી અપૂર્ણતા છે. એની ગરજ શી છે, એને કયી રીતે સમાધાન મળે છે એ બધું શું ઈશ્વરથી અજાણ્યું છે? હૃદયમાં રહી હૃદયને પ્રેરનાર અંતર્યામી શું હૃદયનો ભાવ નથી જાણી શકતો?

મૂર્તિપૂજાથી જેમ લાભો છે તેમજ કેટલાંક નુકસાનોનો સંભવ છે. તેમાંનું એક મોટું નુકશાન છે તે ધર્મરહસ્ય જાણવામાં એથી આવતો અંતરાય એ છે. જડ પાર્થિવ પદાર્થની મૂર્તિ બનાવ્યા પછી અન્ય પદાર્થો કરતાં એનામાં વિશેષ શક્તિ છે એમ માનવાની ભૂલ આપણને હમેશાં નડે છે. માણસની ભાવના એક ઠેકાણે ચોંટે છે અને બીજે ઠેકાણે નથી ચોંટતી એ સ્વભાવગત ભેદ છે. પણ એને વસ્તુગત ભેદ માનવો અથવા એવી ભ્રમણાને ઉત્તેજન આપવું એ ઇચ્છવાયોગ્ય નથી.

માણસમાં ભોગ ભોગવવાની, કલાનો આનંદ લેવાની, ઉત્સવો ઉજવવાની અને ટોળે મળી લહેર કરવાની વૃત્તિ છે. એ વૃત્તિ એકદમ મારી મરે નહિં. અમુક દૃષ્ટિએ આ બધી વસ્તુઓ મારવા કરતાં ડહાપણપૂર્વક વિશિષ્ટ કાળમાં કેળવવાથી જ એમનું ખરાબ સ્વરૂપ ટાળી શકાય છે. તેથી સમાજના પ્રાચીન આગેવાનોએ ધર્મનો અને સાર્વત્રીક વાસનાઓનો સંબંધ જોડી દીધો. એક બાજુએ આથી લાભ થયો. ભોગાદિકમાં ધાર્મિક વૃત્તિનો પ્રવેશ થાય એ કાંઇ નાની સુની પ્રગતિ નથી. પણ એની સાથે ધર્મમાં–ધર્મ વિષેના ખ્યાલમાં, ધાર્મિક આદર્શમાં ભોગાદિક મેલી વસ્તુઓ ઘુસી ગઈ એ એ વસ્તુની બીજી બાજુ. એને ઇષ્ટ કોણ ગણી શકે? મધમાં પાણી રેડવાથી પાણીનો સ્વાદ સુધર્યો, પણ તેટલે જ દરજ્જે મધનો સ્વાદ બગડયો અથવા ઉતર્યો. એના જેવું જ આ છે. ધર્મનો ફેલાવો વધારવા માટે, ધર્મ લોકપ્રિય કરવા માટે, જે ઇલાજ કરવા ગયા તેને જ કારણે ધર્મ કંઈક મેળો કરવો પડયો. આથી ઘણા લોકો જે બીજી રીતે ધર્મની અસર તળે ન આવત તે સહેજે આવી ગયા. પણ ધર્મની ગતિ અને ધર્મનું તેજ કેટલું ઓછાં થયાં એની ના પડાય? દરેક ધાર્મિક વસ્તુ પ્રત્યે માણસના હૃદયમાં શ્રદ્ધાભક્તિ હોય જ એટલે ગમે તે કારણે જે વસ્તુ એક વાર ધર્મમાં ઘુસી તેનાં મુળિયાં જીવનમાં એવું તો જોર પકડે છે કે તે અધર્મને પોષક છે એવી ખાત્રી થયા પછી પણ એને દૂર કરવું મુશ્કેલ થઇ જાય છે. પ્રાણીઓનું બલિદાન, દેવદાસીઓની પ્રથા, પૂજામાં તાંબુલાદિનો ઉપયોગ, અસ્પૃશ્યતા, પ્રતિનિધિ મારફતે પાપક્ષાલન અને પુણ્યપ્રાપ્તિ, ભૂતપ્રેતોની પૂજા, દ્રવ્યો બાળીને થતો યજ્ઞ વગેરે કેટલીએ ઘાતક અને ભ્રમોત્પાદક વસ્તુઓ ધર્મમાં ઘુસી જવાના કારણે જ અત્યાર સુધી ટકી છે અને હજી આપણને નડે છે. મૂર્તિપૂજાનું પણ આમજ થયું છે. રામકૃષ્ણ પરમહંસ શરાબ પીતા નહિં, છતાં પૂજામાં વપરાયેલું મદ્ય એમને પ્રસાદ તરીકે આપવામાં આવે એટલે એ મદ્યમાં એક આંગળી નાંખી એનો સુક્ષ્મ છાંટો મોઢામાં ઉડાડતા અથવા એજ આંગળી વતી કપાળ ઉપર મદ્યનો ચાંદલો કરતા. એમણે માંસ છોડી દીધું ત્યાર પછી પ્રસાદનું માંસ કોઇ એમને આપે તો તે માથે ચઢાવી એક કોરે મુકી દેતા. આવી રીતે મૂર્તિપૂજામાંથી કેટલીએ અનિષ્ટ વસ્તુઓ પોતાની આવરદા લંબાવ્યે જાય છે. ભોગમાં સંયમ દાખલ કરવાના પ્રયત્નમાં ભોગજ વધારે દૃઢ થયો. મૂર્તિપૂજાદ્વારા કલ્પના શક્તિને–રસવૃત્તિને એક બાજુએ કેળવણી મળી તો બીજી બાજુએ એ જ વસ્તુઓની પ્રગતિ ઉપર અંકુશ મુકાયો.

જેમ નદીના પ્રવાહમાં એકાદ વાંસ બાંધી રાખવાથી કેટલોએ કચરો અને લીલ એની આસપાસ બાઝી રહે છે તેમ મૂર્તિપૂજાની આસપાસ કેટલાએ વહેમો અને સામાજીક સડાઓ ટકી રહ્યા છે. આપણાં મંદિરો સામાજીક છે પણ સાર્વજનિક નથી, તેથી ઘણી સામાજીક સંપત્તિ ખાનગી બની જાય છે. પરિણામે એનો દુરૂપયોગ અથવા અનુપયોગ થાય છે. નામધારી રાજાના પ્રધાનોમાં જે દોષો આવે છે, તે બધા દેવસ્થાનોમાં આવી જાય છે.

પણ આ તો કેવળ નુકસાનની બાજુ બતાવી. બીજી બાજુથી લાભ પણ અનેક છે જે મારા અનેક લેખોમાં મેં આગળ ઉપર બતાવ્યા છે અને તેથી તેની અહિં પુનરૂક્ત કરવાની હું જરૂર જોતો નથી. સરવાળે લાભ વધારે છે કે હાનિ વધારે છે એ તપાસવું જોઇએ. પણ તે સવાલને કોઇ બીજે વખતે છેડીએ.

કાકા કાલેલકર

કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના આપણે દેવાદાર છીએ. આ દેણું વખતે પ્રભુ કે કુદરત, કોઇ અગમ્ય શક્તિ કે માનવ જાતને ન ભૂલીએ. જે સામ્યતા, જે નિઃસ્વાર્થતા, જે પ્રેમ અને દયા આપણને નિરંતર મળ્યા કરે છે તે સાત્વિક ગુણો આપણે જગતમાં રેલવીએ, કુદરતની કે રાષ્ટ્રની કે સકળ માનવ જાતની સુંદરતા બગડવા ન દઇએ. આ આપણી કેળવણીનું લક્ષ્ય હોવું જોઇએ! જે કેળવણી રાષ્ટ્રને ગુલામીમાં જકડે, માનવકુળના ઉચ્ચ નીચ જેવા ભાગલા પાડી નાંખે, જગતના ઉપયોગી તત્વોનો નાશ કરે તે કેળવણી ખરી કેળવણી નથી. તેમાંથી કદાચ અન્ય તરફ અંધના પ્રગટી સ્વાર્થપટુતાજ આવશે પણ કેળવણી એટલે 'Education–E away and Duco I lead' અંધકારમાંથી દૂર લઇ જવા જેવો પવિત્ર અર્થ ફલિત નહિ થાય.

સુખ અને શાન્તિ પ્રાપ્ત કરી, વિશ્વભરના દેણાં દેવાં માટેનો શક્તિસંચય અને વિકાસ એજ કેળવણીનો હેતુ છે. ધ્યેય નક્કી કર્યા પછી ગમે તે સ્વરૂપમાં રહી ફરજ બજાવીએ તેમાં હરકત નથી. સરકારી નોકર તરીકે કે રાષ્ટ્રના સૈનિક તરીકે, લુહાર તરીકે કે રાજ્યના સ્થંભ તરીકે, વ્યાપારી તરીકે કે વૈદ્ય તરીકે. ગમે તેમ રહી આપણે આપણા આદર્શો પાર પાડીએ એટલે આપણી કેળવણી સાર્થક થાય.

આ હેતુની સિધ્ધિ માટે અત્યારની કેળવણી તદ્દન પૂરતી નથી. માટે ખૂટતાં તત્વો આપણે ગૃહજીવનમાંથી કે બહારથી તેમાં મેળવવાં જ પડશે!

શારીરિક અને નૈતિક કેળવણીનો જ્યારે સુંદર યોગ બનશે ત્યારે ખરો લાભ લઇ શકાશે. આપણા ધ્યેયને, આદર્શને અનુરૂપ કેળવણીની સંસ્થાઓ આપણા જ દેશના અનુભવીઓ ચલાવી શકે. આ માટે આપણે આપણું તંત્ર ચલાવવા જેવી સ્થિતિમાં જેમ જલ્દિ આવીએ તેવી સ્થિતિ જલ્દિ પ્રાપ્ત કરવાની જરૂર છે. આ માટે વિદ્યાર્થીઓ પોતાનું સ્થાન ક્યાં છે તે નક્કી કરી શકે છે.

જ્યાં સુધી કેળવણીની અત્યારની રીતિઓ સુધરે નહિ ત્યાં સુધી ખૂટતું આપણે ચીવટથી બહારનું મેળવવું, બીનઉપયોગી હોય તેટલું ભૂલવું જરૂરનું છે. પરતંત્ર રાષ્ટ્રની કેળવણી ગુલામો બનાવવા પૂરતી હોય છે. તેમાં વિશ્વભરનો વિચાર ન જ હોય માટે પરતંત્રતાની બેડીઓ તોડવા જ્યારે દેશ કટિબધ્ધ થયો છે ત્યારે વિદ્યાર્થીઓની ફરજ શું છે તે તેઓએ વિચારી લેવું અને પોતાનું યોગ્ય સ્થાન શોધી લેવું.

સર હેનરી કોટન કહે છે કે "ભણેલાંઓ દેશની આંખ અને જીભ છે." તે મુજબ એ વિદ્યાર્થીઓ આપણા દેશની સત્ય દેખનારી આંખ બનો, સ્પષ્ટ ભાખનારી જીભ બનો અને દેણું દઇ દેનાર રૂણછોડ બનો તેમ જન્મભૂમિ ઇચ્છે છે.

છેવટમાં જીંદગી એટલે સંગ્રામ, જીંદગી એટલે ફરજ અને કરજ!! આ સંગ્રામ અને ફરજ કરજની બજાવણી માટેની તૈયારી તે કેળવણી અને તે જીવનનો ઘડતરકાળ તે આજનો તમારો વિદ્યાર્થીકાળ એટલું સમજશે તો શું અને શા માટે ભણવું તે સહજમાં સમજશે.

પ્રજલાલ ધ. મેઘાણી

વિદ્યાર્થી માનસ.

આજકાલના વિદ્યાર્થીઓ વિષે ઘણી ફરીયાદો કરવામાં આવે છે. તેઓ બેદરકાર, બીનજવાબદાર, અવિવેકી, ધર્મભાવનારહીત છે, તેમની સ્ત્રી-પુરૂષ-વ્યવહારની નીતિ ભ્રષ્ટ છે વગેરે કહેવામાં આવે છે. આવા આક્ષેપો તદ્દન બીનપાયાદાર નથી, છતાં ઘણા ઉતાવળીયા અને અતિશયોક્તિભર્યા છે તેમાં જરાય શંકા નથી. વિદ્યાર્થીઓ પોતે પણ કદાચ પુરી રીતે પોતાનું માનસ સમજતાં નથી. તેને માટે જોઇતી આત્મનિરીક્ષણની તેમને ટેવ નથી. એટલે પોતાની જાતને ન સમજવાથી તેમાંનાં કેટલાક આવા આક્ષેપો માની લે છે, કેટલાક તેનો પ્રબળપણે વિરોધ કરે છે. વિદ્યાર્થીઓના દેખાતા આવા વર્તનનું મૂળ તપાસવાનો બહુ ઓછો પ્રયત્ન કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓનું વર્તન સામાજીક પરિસ્થિતિ લક્ષમાં લઇને સમજવું જોઇએ. આજે જગતમાં મોટી ક્રાન્તિ થઇ રહી છે. જીવનના દરેક ક્ષેત્રમાં-સામાજીક, રાજકીય, આર્થિક, નૈતિક-પરિવર્તન થઇ રહ્યું છે. આપણી આચાર-વિચાર-પ્રણાલિકાઓ જડ અને નિરૂપયોગી માલૂમ પડતાં તુટતી જાય છે. આપણા વર્તનના વિધિનિષેધો પ્રત્યાઘાતી અને હાનિકારક માલૂમ પડે છે. નવા આદર્શો અને નવા વિચારો દુનિયાને ઘેરી રહ્યા છે. પશ્ચિમની સંસ્કૃતિનો વિનાશ સમીપ આવ્યો છે. રશિયા એક નવી જ સંસ્કૃતિ ઘડી રહ્યું છે, નવી જ સમાજરચના કરી રહ્યું છે. હિંદુસ્તાનમાં પણ નવો યુગ શરૂ થયો છે. ગાંધીજી જગત સમક્ષ નવો જ આદર્શ રજુ કરી રહ્યા છે. ગાંધીજીએ નવજીવન આપ્યું છે અને પ્રજાની શક્તિઓને જગાડી છે. જુના આચારવિચારો તૂટી પડયા છે, પણ નવા આચારવિચારો હજી સ્થિર નથી થયા. બધુંય ભસ્મીભૂત થતું જણાય છે. ઉગતા માનસના વિદ્યાર્થીઓ ઉપર આ બધાની સૌથી પ્રબળ અસર થાય છે. જુની વસ્તુમાં એને શ્રદ્ધા નથી રહી. આંધળી શ્રદ્ધા એને માટે શક્ય નથી. બુદ્ધિની સરાણે એ બધું માપી રહ્યો છે તે નિર્ણય કરી શકતો નથી. તેની અથડામણો ભારે જબરી છે. નવું માર્ગદર્શન તેને કોઇ લાધ્યું નથી એટલે તેનું વર્તન નિશ્ચિત ધોરણ રહિત છે. તેથી તે બેદરકાર અને બીન જવાબદાર લાગે છે. પણ તે ઇરાદાપૂર્વક નથી વિદ્યાર્થીકાળ જ 'ગદ્ધા-પચ્ચીશી' નો છે. સામાન્યપણેય તેનાં મનોમન્થન ભારે હોય છે. વિદ્યાર્થી અનેક સ્વપ્નાંઓ રચે છે. તેમાં પોતે તેનો સૂત્રધાર હોય છે. કાંઇક કાંઇક કરી નાંખવાની ભાવનાઓ તે સેવે છે, નિરાશ થાય છે, પછડાય છે, અથડાય છે. તેનું વ્યક્તિત્વ હજી ખીલતું છે. સામાજીક પરિસ્થિતિની વિષમતાઓ, ગરીબાઇ, ભાવીની અનિશ્ચિતતા વગેરે તેને અકળાવે છે. લક્ષ્મીપૂજનના આ યુગમાં તેને લક્ષ્મીનંદનો પ્રત્યે, જગત સાથે તિરસ્કાર છે, છતાં માણસની કીંમત આંકવાનું એ એક જ મૂલ્ય જગતે સ્વીકાર્યું હોઇ લક્ષ્મી પાછળ તે પણ દોડે છે. જેનો પોતે તિરસ્કાર કરે છે તેજ પ્રાપ્ત કરવાનાં સ્વપ્નાં સેવે છે. તે ભાવનાશીલ છે, કાંઇક તરંગી છે, આવેગમય છે, વિદ્યાર્થીનું વર્તન સમજવા આ બધી હકીકતો લક્ષમાં રાખવાની જરૂર છે.

આજના વિદ્યાર્થીનું એક ખાસ લક્ષણ હોય તો તે દંભનો અભાવ છે. તેને દંભ પ્રત્યે તિરસ્કાર છે. તેને દંભી શિક્ષકો ગમતા નથી. વિવેકને નામે દંભનો આશ્રય લેવાવાળાઓ પ્રત્યે તેને અણગમો છે. પણ પોતાનામાં દંભ નથી એ દાખવવા જતાં તેનું વર્તન કેટલીક વખત અવિવેકી અને ઉધ્ધત થઇ જાય છે. દંભ ન હોવો છતાં વિવેક જાળવવો તે કળા હજી વિદ્યાર્થી શીખ્યો નથી. તેને માટે આત્મવિશ્વાસ જોઇએ, નિડરતા જોઇએ. વિદ્યાર્થી હજી તે પુરી રીતે કેળવી શકયો નથી. તેનું વર્તન સ્વભાવિક નથી. તેનામાં હીનભાવ (Inferiority Complex) ખૂબ છે. તેને ઢાંકવા તે પોતાના વર્તનમાં વેગ મૂકે છે. તેમાં પોતે પણ તણાય છે.

બીજું આજના વિદ્યાર્થીમાં જીવનનો ઉલ્લાસ (Love of Life) પુષ્કળ છે. તેને સમૃદ્ધ અને વિવિધ જીવન જીવવું છે. ગરીબાઇ પ્રભુને પ્યારી હશે! આજના વિદ્યાર્થીને તો નથીજ. પરભવને માટે આ ભવે કષ્ટ સહન કરવા એ તૈયાર નથી. જુના જમાનાના માણસો ભોગવિલાસમાં પૂરા રચ્યાપચ્યા રહેતા હોય તો પણ તેનાં ઉપર ધર્મ અને નીતિનો ઓપ દાખવી શકે છે. વિદ્યાર્થી એવો કોઇ દંભ કરવા તૈયાર નથી. તેનું જીવનનું ધોરણ ઉંચું છે. જીવનની જરૂરીઆતો ઓછી કરવામાં તે માનતો નથી. તે ઘણી વખત બેશરમ દેખાય છે. અહીં પણ વિદ્યાર્થી બીજે છેડે જતો હોય તેવું જણાય છે. તેણે સમતા નથી મેળવી. ઇદ્રિયનબંધોની જડતા તેને તોડવી છે, પણ બીજું કોઇ ધોરણ તે હજી નક્કી કરી શકયો નથી. જીવનના ઉલ્લાસને નામે, કળાને નામે, તે નીતિના સિધ્ધાંતોને અવગણતો જણાય છે. તેનામાં સાહસવૃત્તિ ખૂબ છે, પણ સાચી નિડરતા નથી. તેનામાં અભિમાન છે. સાચું સ્વમાન કેળવી શકયો નથી. સમાજની વિષમતાઓ તેને ઘેરે છે તેમાંથી તે છુટી શકતો નથી, છતાં છુટવા સતત પ્રયત્ન કરે છે. લક્ષ્મીનંદનો પ્રત્યે તેને તિરસ્કાર છે, છતાં લક્ષ્મી મેળવવા તેનાં વલખાં છે. અત્યારે જેમ પહેરવેશ ઢીલો થઇ ગયો છે તેમ વિચારો પણ ઢીલા થઈ ગયાં છે.

વિદ્યાર્થીએ આમાંથી છુટવું જ જોઇએ. પોતાની વૃત્તિઓનું બારીકાઇથી પૃથક્કરણ કરવું જોઇએ. વૈજ્ઞાનિક જેટલી ઝીણવટથી પદાર્થોનું પૃથક્કરણ કરે છે તેટલી જ ઝીણવટથી પોતાની વૃત્તિઓનું પૃથક્કરણ કરી પોતાના વર્તનનું મૂળ તેણે શોધવું જોઇએ અને પોતાનું ધ્યેય અને વર્તનનું ધોરણ નક્કી કરવું જોઇએ. સુકાન વિનાના નાવ પેઠે ધસડાયે ન ચાલે. પોતાનાં આચાર વિચારનાં ધોરણો ઘડવાં જોઇએ. તેના સિધ્ધાંતો નકકી કરવા રહ્યા. જુનાં મૂલ્યો માન્ય ન હોય તો નવાં મૂલ્યો નકકી કરવાં રહ્યાં. પતંગને ઉડવા જેમ દોરીની જરૂર છે, નદીને વહેવાં જેમ કાંઠાની જરૂર છે તેમ જીવન માટે ધ્યેય અને ધોરણની જરૂર છે. પોતાનું જીવન સ્વાયત્ત બનાવવું રહ્યું. ક્ષણિક આવેગોને વશ બની પરાધીનપણે જીવવું એમાં જીવનનો આનંદ નથી. વિદ્યાર્થી ઉપર વિશેષ જવાબદારી છે. પોતે મહા સમુદ્રમાં એક બિન્દુ માત્ર છે અને પોતે શું કરી શકે એવી પામરતા ન રહેવી જોઇએ. પોતે ગમે તેવા નાના ક્ષેત્રમાં હોય તો પણ પોતાના વર્તનનું ધોરણ નકકી કરવું અને તે મુજબ વર્તવું. વિદ્યાર્થીઓની ટીકા કરવાવાળાઓએ જેમ વિદ્યાર્થીની પરિસ્થિતિનો ખ્યાલ કરવાની જરૂર છે તેમ વિદ્યાર્થીઓએ પોતે પણ પોતાનો વિચાર કરવો રહે છે. નિર્દંભ હોય છતાં અવિવેકી થવાની જરૂર નથી, જીવનનો ઉલ્લાસ હોય છતાં અસંયમી થવાની જરૂર નથી સ્વમાની હોય છતાં અભિમાની થવાની જરૂર નથી, નિડર અને સાહસિક હોય છતાં બીનજવાબદાર અને બેદરકાર થવાની જરૂર નથી, નમ્ર હોય છતાં પામર થવાની જરૂર નથી.

આજના વિદ્યાર્થી ઉપર મને પોતાને ખૂબ શ્રધ્ધા છે. તેના વિષે જેઓ નિરાશ છે તેમની સાથે હું બીલકુલ સંમત નથી. હું તેવાઓને નમ્રપણે સુચવું છું કે વિદ્યાર્થીના માનસને સમજવા પ્રયત્ન કરી તેને તેઓ મદદ કરશે તો તેઓ જુદાંજ પરિણામો મેળવશે.*

ચીમનલાલ ચકુભાઇ શાહ.

*શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આપેલા વ્યાખ્યાનનો સાર.

'બડાભાઈ' વેરિઅર એલ્વીન

[થોડા સમય પહેલાં આ લેખના લખનાર ડૉ. અહેરામ ખંભાતા દ્વારા શ્રી. વેરિઅર એલ્વીનનો મને પરિચય થયો અને ગોંડ પ્રદેશમાં તેઓ જે કાંઇ પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તે જાણવાનો મને લાભ મળ્યો. એલ્વીન સાહેબ ડૉ. ખંભાતાના એક નિકટ વર્તી મિત્ર થાય. ૧૯૩૦-૩૧ ની સત્યાગ્રહની લડત દરમિયાન જેઓ 'ફાધર એલ્વીન' તરીકે મુંબઇ તેમજ ગુજરાતના કાર્યકર્તાઓમાં ખૂબ જાણીતા થયેલા તેજ આ એલ્વીન સાહેબ. 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને આ ભલા પરગજુ અંગ્રેજનો પરિચય આપવા મેં ડૉ. ખંભાતાને વિનંતિ કરી અને તેમણે આ લેખ લખી આપ્યો. એ લેખને 'પ્રબુધ્ધ જૈન'ના વાંચકોને પરિચિત ભાષાનો સંસ્કાર આપવા પુરતો મૂળ લેખમાં કરવામાં આવેલો થોડો ઘણો ફેરફાર મારો છે. બાકીનું બધું જ ડૉ. ખંભાતાનું છે. આવા સુન્દર લેખ માટે 'પ્રબુધ્ધ જૈન'ના વાંચકો ડૉ. ખંભાતાના ઋણી બને છે. પરમાનંદ.]

ભારતવર્ષની પવિત્ર ભૂમિ ઉપર ફરવા અને ચરવા માટે સેંકડો સદીઓથી ચારે ખંડના કાળા, ગોરા અને પીળા અનેક લોકો આવી ગયા છે. પણ સ્વ. દીનબંધુ એન્ડ્રુઝ અને વેરિઅર એલ્વીન જેવા ગોરાઓ તો આ ભૂમિ ઉપર ગણ્યાગાંઠ્યા આવ્યા હશે ! બાકીના બધા તો હિંદમાતાનું આર્થિક કે આધ્યાત્મિક ધન લૂંટવાના હેતુથી જ આવ્યા છે અથવા તો પારસીઓ માફક પોતાના દેશમાં નિરાશ્રિત બનતા આ દેશમાં આશ્રય શોધતાં આવીને વસ્યા છે. આમાંના કેટલાક અહીં થોડો સમય ભટકી ભમીને પોતાને માર્ગે ચાલતા થઈ ગયા છે.

ભાઇ એલ્વીન સાથે મને દશ વર્ષનો પરિચય છે. હિંદ પ્રત્યે મેં તેમનો એકધારો પ્રેમ અનુભવ્યો છે. તેઓ ઇંગ્લેન્ડના એક અગ્રગણ્ય કુટુંબના સુપુત્ર છે. તેમણે ઑકસફર્ડ યુનિવર્સિટીમાં ઉંચુ શિક્ષણ મેળવ્યું. વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દી ભારે ઉજ્જવલ હતી. તેમણે તે દરમિયાન અનેક સ્કોલરશીપો અને ઇનામો મેળવ્યાં હતાં. અભ્યાસ પુરો કર્યા બાદ દુન્યવી જીવનમાં આગળ વધવા માટે પુરતી સગવડો હોવા છતાં એ ભાઇએ બધુ ખ્રિસ્ત અથવા સંત ફ્રાંસિસની માફક કેવળ સેવાપરાયણ જીવન અખત્યાર કરવાનો નિરધાર કર્યો. થોડા સમયમાં તેનું ધ્યાન હિંદુસ્થાન તરફ ખેંચાયું અને હિંદ તરફ તેઓ આવવા નીકળ્યા. સત્ય અને જ્ઞાન પ્રત્યે એમનો આત્મા સતત આકર્ષાતો રહેતો. આખી માનવજાતિ માટે તેમના હૃદયમાં નિઃસ્વાર્થ પ્રેમનો ઝરો વહ્યા કરતો. જીવ માત્ર તરફ એકતાની ભાવના તેમના દિલમાં સદા જાગૃત રહેતી. આને લીધે ભાઇ એલ્વીને પોતાના જીવન માટે ગરીબાઇ અને સાદાઇ સ્વીકારી લીધાં.

સને ૧૯૨૭ માં હિંદુસ્થાનમાં આવ્યા બાદ તેઓ પુનામાં સ્થપાયેલ "ખ્રિસ્ત સેવાસંઘ"માં જોડાયા. તે સંબંધ થોડો વખત ચાલ્યો. એવામાં મહાત્મા ગાંધીજી સાથે તેમનો મેલાપ થયો. ગાંધીજીની સલાહને અનુસરીને ગુજરાતની ભીલ પ્રજાના પિતા સમાન શ્રી. ઠક્કરબાપા સાથે તેઓ કેટલોક સમય રહ્યા અને તેમની આખી પ્રવૃત્તિનો અને દેશના પછાત ગણાતા વર્ગોની પરિસ્થિતિનો તેમણે સારો અભ્યાસ કર્યો. પરિણામે તેવી જ પ્રજા વચ્ચે વસવાનો અને તેમનો સેવાદ્વારા ઉધ્ધાર કરવાનો તેમના દિલમાં મનોરથ ઉભો થયો. આ સેવા માટે તેમણે મધ્ય પ્રાંતમાંના સાતપુડા પર્વતની ખીણોમાં આવેલા મંડલા પ્રદેશમાં વસવાટ કરતી જુની ગોંડ પ્રજા વચ્ચે જઇને વસવાનો નિર્ણય કર્યો. બીસામાં માત્ર ૧૦૦ રૂપિયા લઇને તેઓ ગોંડ પ્રજા વચ્ચે જઇને વસ્યા અને તેમની અસહ્ય કરૂણાજનક સ્થિતિમાંથી તે પ્રજાને ઉંચે લાવવા માટે તેમણે ભગીરથ પ્રયાસ શરૂ કર્યો. તેમની સાથે પુનાના "ખ્રિસ્ત સેવાસંઘ" ના બીજા એક સભ્ય ભાઇ શામરાવ હિવેલ પણ તે સંસ્થાનો ત્યાગ કરીને ગોંડ પ્રજાના ઉધ્ધારકાર્યમાં જોડાયા. આ બન્ને કાળા ગોરા ભાઇઓની જોડી રેલ્વે લાઇનથી પચ્ચાસ માઇલ કરતાં વધારે દૂરના જંગલોમાં આવેલ–ઝાડોની ઘટામાં છૂપાયેલા–'કરંજીયા' નામના નાના ગામડામાં જઇને બેઠી. ત્યાં વસીને ગોંડ જેવી અતિ પછાત અને અંધકારમાં ડૂબેલી પ્રજાના તેઓ ધીમે ધીમે મિત્ર બન્યા–રાહબર બન્યા–અને તેમની અનેક પ્રકારની સેવા કરવામાં તેઓ આરપાર પરોવાઇ ગયા.

બીજા પાદરીઓ માફક ભાઇ એલ્વીન બધુ ખ્રિસ્તના ચુસ્ત અનુયાયી હોવા છતાં ગોંડ જેવી પછાત પ્રજાને ખ્રિસ્તી ધર્મના પંથે વાળી લેવાની જાળ પાથરવાનો તેઓ સ્વપ્ને પણ વિચાર સેવતા નથી. દેશના ખૂણે ખૂણે સ્થપાયેલા અનેક મિશનરી સંપ્રદાયોના સભ્યોથી એમની પ્રવૃત્તિ બિલકુલ જુદા પ્રકારની છે. એમનો મૂળ અને એક જ હેતુ સાદાઇમાં રહી, સેવાભાવી જીવન ગુજારી, કાળા ગોરા અમલદારો અને ઉચ્ચ કહેવાતા મુડીદારોથી થઇ રહેલા અન્યાયોમાંથી અને જુલ્મોમાંથી આ ઘોર જંગલોમાં પથરાઇ રહેલી ગરિબડી રાંક પ્રજાને છોડાવવાનો છે. તેમના આ પ્રયાસોના પરિણામે અત્યારે દૂર દૂરની ખીણોની ફાટમાં વસવાટ કરતી, સંપત્તિવાળા શહેરી લોકોથી ત્યજાયેલી, માટીનાં ઝૂંપડાઓમાં જીવન ગુજારતી, સદીઓથી દબાયેલી અને છૂંદાયેલી અને કોઇ પણ જાતના વિકાસને નહિ પામેલી એક સાદી ભોળી પ્રજાનાં કેવળ નગ્ન શરીરે વિચરતાં બાળકો માટે દશથી બાર શાળાઓ ઉભી થવા પામી છે, તેમજ અનેક વ્યાધિઓથી પીડાતા દર્દીઓને માટે બે ચાર કેન્દ્રોએ ઔષધાલયો પણ ચાલુ થઇ ગયા છે. રક્તપિત્ત જેવા ભયાનક દર્દથી પીડાતા ત્રીસથી પાંત્રીસ નિરાધાર દુર્ભાગી જીવો માટે એક આશ્રમની પણ વ્યવસ્થા ચાલુ થઇ ગઇ છે.

એ ઉપરાંત ખેતી કરવાનું, શાકભાજી ઉગાડવાનું, ફળફુલાદિના બાગો ખીલવવાનું અને શરીરસ્વચ્છતાના નિયમોનું પાલન કરવાનું એ પ્રજાને શિક્ષણ આપવામાં આવે છે, એટલું જ નહિ પણ કેટલાક હાથહુન્નરોમાં તેમજ ગ્રામોધ્ધારનાં અનેક સામાન્ય ઉદ્યોગોમાં ત્યાંના લોકોને યથાશક્તિ રસ લેતા કરવામા આવ્યા છે. આ દેશનાં તેમજ પરદેશનાં અનેક દાનપરાયણ ભાઇઓ તથા બહેનો તરફથી મળતી પૈસાની મદદ વડે ખેતી માટે તેમજ નહાવા ધોવાનાં તેમજ પીવાનાં પાણી માટે ત્યાં વસતા દેહાતીઓને મજૂરી આપીને કૂવા ખોદાવવાનું કામ ચાલુ છે. લોહીચૂસ વ્યાપારીઓના અને નાણાં ધીરનારાઓનાં ઘાતકી પંજામાંથી આ ગરીબ નિર્દોષ લોકોને બચાવી લેવાના દરેક પ્રયત્ન કરવામાં આવે છે. વળી આ લોકોને શરાબની બદીમાંથી છોડાવવા અને કરના ભારમાંથી મુક્તિ અપાવવા, ભાઇ એલ્વિન ગામના પટેલ, પોલિસ, જીલ્લા મેજીસ્ટ્રેટ, કલેકટર અને મધ્ય પ્રાન્તના ખુદ ગવર્નર સુધીના અમલદારોને મળતા રહે છે અને તેમની સમક્ષ ગોંડ પ્રજાના દુઃખદર્દો રજુ કરીને તેમને માટે જરૂરી રાહત મેળવે છે.

ભાઇ એલ્વીનનું જીવન વૃત્તાન્ત 'કોસી આર્યુ' નામની એક ગોંડ કન્યા સાથે તેમણે કરેલ લગ્નની હકીકત વગર અધુરું ગણાય. ભાઇ એલ્વીન ગોંડ પ્રજા વચ્ચે કામ કરવા ગયા ત્યાં સુધી તો બ્રહ્મચારી જ હતા. ત્યાં જવા બાદ અને તે લોકોની વચ્ચે કેટલોક સમય વસવા બાદ તેમને માલુમ પડયું કે ગોંડ

પ્રજા એકલવાયા બ્રહ્મચારી જીવનમાં બીલ્કુલ માનતી જ નથી તેમજ મોટી ઉમ્મરના એકલવાયા પુરૂષ માટે તે પ્રજા બીલ્કુલ આદર ધરાવતી નથી. ગોંડ પ્રજાનાં હાડમાં એવી માન્યતા પ્રસરેલી છે કે જે સ્ત્રી અથવા પુરૂષ લગ્નની ગાંઠથી જોડાય નહિ તે સ્ત્રી કે પુરૂષ કુદરતના નિયમની વિરૂદ્ધ વર્તે છે અને તેથી તેવો જીવ મૃત્યુ બાદ રાક્ષસી અવતાર પામે છે. ત્યાંની પ્રજા સાથે આત્મીય ભાવ કેળવવા માટે ભાઇ એલ્વીનને લગ્ન કરવાની અનિવાર્ય જરૂર ભાસી. તેમની સામે બે વિકલ્પ હતા. કાં તો પોતાની જેવી ભાવનાવાળી કોઈ અંગ્રેજ સ્ત્રીને પરણવું અથવા તો ગોંડ જાતિની કોઇ કન્યા સાથે લગ્ન કરવું. પોતાની સમાન ભાવનાવાળી અંગ્રેજ સ્ત્રી મળે ક્યાંથી ? પોતે કોઇ ગોંડ કન્યાને પરણે તો ત્યાંની પ્રજામાં તેઓ વધારે સરળતાથી ભળી શકે. પરિણામે ગયા એપ્રિલ માસમાં તેમણે એક ગોંડ કન્યા સાથે લગ્ન કર્યું છે. આ કન્યાનું નામ 'કોસી આર્મૂ' છે. તે પોતાને સૂર્યવંશી કહાવે છે. ગોંડ પ્રજાના ઇતિહાસમાં આ બનાવ પહેલ વહેલો જ હોઈ શકે. વિવાહ પ્રસંગે ગામના લોકોએ ખુબ આનંદ કર્યો હતો. લગ્ન બાદ ભાઇ એલ્વીનને ગોંડ લોકો પોતાના એક કુટુંબીજન જ લેખતા થઇ ગયા છે. ભાઇ એલ્વીન આ લગ્ન વિષે પોતાના મિત્રોને લખતાં જણાવે છે કે "સમાજ કેવી નજરે જોશે તેનો પૂર્ણ ખ્યાલ કરી લીધા પછી જ મેં ગોંડ કન્યા સાથે મારો વિવાહ સંબંધ કર્યો છે. એ વિવાહ કરવા પાછળ મારો હેતુ જગતને એ દેખાડી આપવાનો છે કે મારો આત્મા ગોંડ પ્રજા સાથે જોડાઇ ગયો છે અને હું કેવળ સેવા-ભાવથી આત્માની ઉંડાઇમાં તેમની જોડે એકતા ભોગવતો થઇ ગયો છું. વળી મને માલુમ પડયું છે કે મને એક આદર્શ પત્ની મળવા પામી છે. મનોરંજક સહવાસ આપનાર, વિનોદી સ્વભાવની, સુન્દર સંગીતભરી, પૂર્વકાળના કોઇ રાજકુટુંબમાંથી ઉતરીઆવેલી ખરેખરી સૂર્યવંશી કન્યાને હું વર્યો છું. 'કોસી આર્મૂ' ના કુટુંબીજનો આ લગ્ન વિષે સંતોષ તો જરૂર દર્શાવે છે એમ છતાં પણ તેઓમાંના કેટલાક એવી માન્યતા અવશ્ય ધરાવે છે કે ગોંડવંશી રાજપુત્રી પોતાથી કાંઇક ઉતરતી પંક્તિના પુરૂષને વરી છે."

ભાઇ એલ્વીનના આજ સુધીના જીવનની આ રૂપરેખા છે. ટુંકમાં કહીએ તો ભાઇ એલ્વીન તેમ જ ઉપર જણાવેલા ભાઇ શામરાવ બન્ને સેવાપરાયણ તેમજ ઇશ્વરપરાયણ હોઇને પોતાથી બનતું સર્વ કાંઇ કરી રહ્યા છે. તેમની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઇ છે અને ગોંડ પ્રજા સાથે ગાઢ સહવાસથી ત્યાંની લોકપરિસ્થિતિને લગતું તેમનું જ્ઞાન એટલું બધું બહોળું બની ગયું છે કે તે ઇલાકાના ફકત નાના અમલદારો જ નહિ પણ. ખુદ ગવર્નર પણ ગોંડ સમાજના સવાલો ઉપર જ્યારે ત્યારે ભાઇ એલ્વીનની સલાહ લે છે. વળી જ્યારે સત્તાધિકારી સરકાર માટે નાના અમલદારો જ્યારે વાર્ષિક રીપોર્ટો ઘડે છે ત્યારે તે રીપોર્ટોમાં ભાઇ એલ્વીનના પ્રગટ થયેલા અનુભવો અને વિચારો પ્રમાણ રૂપે અવતરિત કરે છે. આવી નિઃસ્વાર્થ અને ઉત્તમ સેવા વડે ભાઇ એલ્વીને અને શામરાવ હિવેલે ગોંડ પ્રજાનાં હૃદય એટલાં બધાં જીતી લીધાં છે કે એ પ્રદેશની આખી પ્રજા આ ગોરાકાળા સહધર્મી ભાઇઓની અનુપમ જોડીને 'બડાભાઇ' અને 'છોટાભાઇ' જેવા પ્રેમભર્યા નામથી ચારે દિશાએ ઓળખતી થઇ ગઇ છે.

સામ્રાજ્ય ચલાવી રહેલ નાના મોટા સત્તાધિકારીઓના હાથે, દયાહીણા મુડીદાર વર્ગને હાથે, આંધળા બની લુંટ ચલાવતા વ્યાપારી વર્ગથી, હૈયાશૂન્ય નાણાં ધીરનારાઓથી, જંગલનાં ફાડી ખાનાર વાઘ, વરૂ, રીંછ જેવા પશુઓથી, મેલેરીયા, કોલેરા, શીતળા જેવા જીવલેણ વ્યાધિઓથી, ભૂત-પિશાચ આદિ દેવદેવી-ઓના ભાત ભાતના વહેમોથી, અન્ન પાણી વિના ભૂખ તરસથી અને જલ્દિ વિદારી ન શકાય એવા અજ્ઞાન-અંધકારથી સદીઓ થયાં પીડાઈ રહેલી નિરાધાર સરળ ભોળી પ્રજાની વહારે એક સાચો પરમાર્થી, ઑકસફર્ડ યુનીવર્સિટીની બી. એ., એમ. એ. ની પદવી પામેલ ગોરો ભાઇ દેશવટો લઇ, જાતભાઇઓનો સહવાસ છોડી દઇ, ઘરબારનું સુખ ત્યજી, માબાપ અને ભાઇ બહેનોનો વિયોગ સહન કરી લઇ મોટામોટા ઓધ્યાઓ ભોગ-વવાની અભિલાષાઓને ડોકર મારી, ગરીબડાં લોકો માટે બધું જ કરે અને આપણા જેવા વતનવાસીઓ આ બધું દૂર બેઠાં બેઠાં નિહાળ્યા કરીએ અને આપણાં એ ત્યજાયેલાં અને તિરસ્કારાયેલાં ભાઇબહેનો માટે કશું ન કરીએ-આનાથી વધારે શરમાવનારૂં આપણા માટે બીજું શું હોઇ શકે ? હિંદનાં સાડા સાત લાખ ગામડાંઓમાં કંગાળ હાલતમાં સબડી રહેલ આવા કોટિ કોટિ જીવોને પ્રકાર પ્રકારના જુલ્મ અને અંધકારની બેડીઓમાંથી મુકિત અપાવવા માટે ઇશ્વર કૃપાથી દરેક વાતે સારી સ્થિતિમાં મુકાયલાં ભાઇ બહેનો જો પોતાની નાનીસરખી આંગળી હલાવશે નહિ તો એક નહિ પણ દશ વીસ 'મહાત્માજીકી જય'ના નાદ પોકારતાં પણ આ દેશને ખરેખરી ટકાઉ આઝાદી મળવાની નથી.

બહેરામ ખંભાતા.

'ચીમનભાઇએ ઠીક સંભળાવ્યું !'

આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલો લેખ થોડા સમય પહેલાં શ્રી. મહાવીર જૈન વિદ્યાલયમાં યોજાયેલ એક પ્રીતિભોજન પ્રસંગે શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે 'વિદ્યાર્થી માનસ' ઉપર આપેલા વ્યાખ્યાનનો સાર છે. આ પ્રીતિભોજનમાં વિદ્યાલયના કાર્યવાહકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉપરનું વ્યાખ્યાન એ બન્ને વર્ગને ઉદ્બોધક હતું. હું એ પ્રસંગે હાજર હતો અને તેથી એ વ્યાખ્યાન સંબંધે કાર્યવાહકોમાંના કેટલાક અંદર અંદર શું વાતો કરતા હતા અને વિદ્યાર્થીઓ પણ અંદર અંદર કેવી ચર્ચા કરતા હતા તે સાંભળવાની મને ભારે રમુજ પડી હતી.

કાર્યવાહકોની ચર્ચાનો સાર એ હતો કે "ચીમનભાઇએ વિદ્યાર્થીઓને આજે ઠીક સંભળાવ્યું ! તેઓને સાકરના પડમાં ઠીક કવીનાઇન ખવરાવ્યું ! તેઓને કહી દીધું કે તમે તરંગી છો; તમારામાં વિવેકનો અભાવ છે; તમે Inferiority Complex-લાઘવ ગ્રંથી-ના ભોગ બનેલા છો; તમારામાં ઉધ્ધતાઇ છે; લાલાસિતા છે; પરભવમાં-ધર્મમાં-તમને શ્રધ્ધા નથી; તમને ઉડવું બહુ ગમે છે; પણ તમને નિયંત્રણમાં રાખનાર દોરીની ખુબ જરૂર છે" ઇત્યાદિ.

વિદ્યાર્થીઓ પણ અંદર અંદર કાંઇ આવી જ વાતો કરતા હતા કે "ચીમનભાઇએ આપણું માનસ બરોબર વ્યકત કર્યું છે. મેનેજીંગ કમીટી આપણને સમજી જ શકતી નથી તેને ચીમનભાઇએ ઠીક સંભળાવ્યું છે. આપણે ભાવનાશીલ છીએ; આપણામાં દંભનો અભાવ છે અને તેથી વડિલોના દંભ અને દેખાવને આપણે સહન કરી શકતાં નથી. આપણી સ્વમાનની વૃત્તિ ક્યાં અને કેવી રીતે દુભાય છે તેનો સેક્રેટરીઓને ખ્યાલ જ હોતો નથી. સ્પષ્ટવકતૃત્વ એ તો આપણી વિશેષતા છે; આપણને આપણું જીવન ત્યાગ વૈરાગ્ય અને વ્રતોથી વેડફી નાંખવાને મળ્યું નથી. આપણે શકિતવાળું જીવન જીવવા અને માણવા સરજાયા છીએ. ઉન્નત ઉડ્ડયન એ આપણો સ્વભાવિક ધર્મ છે અને એ ઉડ્ડયન વૃત્તિને દાબી દેવાનું જ કાર્ય મેનેજીંગ કમીટી કરતી આવી છે" ઇત્યાદિ.


મનુષ્ય સ્વભાવ આવો જ છે ? સૌ કોઇ પરલક્ષી જીવન જીવે છે. પોતાને કઇ વાત લાગુ પડે છે અને પોતાના વલણમાં શું સુધારો કરવો જોઇએ એ કોઇ ભાગ્યે જ વિચારે છે ! દુનિયા એમ જ ચાલે છે !

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન



તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૨

મુંબઇ : ૧૫ ઑક્ટોબર ૧૯૪૦ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

અર્ણવોનું આમંત્રણ

પર્યુષણ પર્વમાં

અતિથિ જે નિયમિતપણે આવ્યા કરે તો એ અતિથિ મટી જાય છે અને ઘરનો જ માણસ થઇ બેસે છે. આ પર્યુષણ પર્વમાં પહેલે વરસે આવ્યો સ્વાભાવિક ઉત્સાહથી; બીજે વરસે આવ્યો સારાસરખા એકબે વ્યાખ્યાનો સાંભળવાના લોભથી; પછી ત્રીજે વરસે રમાનાભાઇએ અને મણિભાઇએ વહિવટનો હક્ક આગળ કરી આમંત્રણને બદલે હુકમ છોડયો અને આ વરસે તો આમંત્રણે મોકલતાં તમારો વિષય કયો એમ જ પૂછ્યું અને પરમાનંદભાઇએ તો મને વિષય પણ સૂચવ્યો.

જેના આવ્યાની તિથિ નથી તે અતિથિ. મારું તો દર પર્યુષણપર્વે અવવાનું નક્કી જ થયું લાગે છે એટલે હવે હું અતિથિ રહ્યો નથી પણ ઘરનો જ થઈ ગયો છું.

જૈન ઉત્સવમાં જૈનેતરોને પણ બોલાવવા જોઇએ એવી ઉદાર નીતિને લીધે આપ મને બોલાવવા લાગ્યા. જૈનો સ્વભાવે અહિંસક હોય છે. મુસલમાન, ખ્રિસ્તિ કે બૌદ્ધ લોકોની પેઠે ઉગ્ર પ્રચાર વૃત્તિ ધરાવતા નથી; આટલે એમના સહવાસમાં આપણે સુરક્ષિત છીએ એમ માની જૈનોનો સહવાસ મેં વિશ્વાસપૂર્વક સેવ્યો. મને શી ખબર કે નિરાગ્રહી પ્રચારમાં જૈનો એટલા બધા પાવરધા છે. પર્યૂષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ અમદાવાદમાં થયો. પછી મુંબઇમાં શરૂઆત થઇ. હવે આ વ્યાખ્યાનમાળાનો ચેપ કલકત્તા સુધી પહોંચ્યો છે અને ત્યાં પણ મારે જવાપણું રહે છે. એટલે હવે તો હું લગભગ જૈન થઇ ગયો છું. જેઓ સ્યાદ્વાદમાં માને છે, અનેકાન્તની દૃષ્ટિ ખરેખર સેવે છે તેઓ કોઇની સાથે ગમે તેટલા મતભેદો થાય તો એ દરગુજર કરે છે. એટલુંજ નહિ પણ મતભેદોને પણ સ્વીકૃતિ આપી મોટામાં મોટો સમન્વય સાધે છે. એટલે હું કેટલે દરજ્જે જૈન છું અને કેટલે દરજ્જે બ્રાહ્મણ છું એનું પ્રમાણ કાઢયા વગરજ મને તેઓ આત્મીય ગણવા લાગ્યા છે.

અને હવે તો એક જૈન બાળાએ અમારું ઘર શોભાવ્યું છે એટલે કેવળ વૃત્તિથીજ નહિ પણ સામાજિક બંધનથી પણ અમે કંઇક જૈન થઇ ગયા છીએ. મને એમાં કશું જ અજુગતું લાગતું નથી. ભારતીય સંસ્કૃતિની એ ખૂબી જ છે કે રહેણીકરણી અને વિચારસરણીમાં સામ્ય દેખાય, અનુકૂળતા જળવાય તેમ તેમ વ્યાપક રીતે સમન્વય સાધતા જ જવું. શ્રમણ અને બ્રાહ્મણ હજાર હજાર વરસ એકત્ર રહે અને એક બીજામાં ભળે નહિ એ બને જ કેમ ? હું તો હિન્દુ, જૈન, બૌદ્ધ, શીખ, બ્રાહ્મો લિંગાયત આદિ આપણા બધાજ વિભાગોને એક જ કુટુંબના કુટુંબીઓ ગણું છું.

અને જો આપણે રહેણીકરણીમાં સુગાળવા ન રહ્યા હોત તો અત્યાર સુધીમાં પારસીઓ પણ આપણા જ કુટુમ્બમાં ભળી ગયા હોત. મહાત્મા ઝરદસ્તની શિખામણ આપણા મહાત્માઓની શિખામણથી જુદી નથી જ. દુનિયાભરના સંતો એકજ રીતે વિચારતા અને કહેતા આવ્યા છે. સંતો કહેતા આવ્યા છે :—

" પહુંચે તિનકી એકહી બાત,
સબ સાધોંકા એકમત,
યે બિચકે બારહ વાટ. "

જેઓ સત્ય જ્ઞાન સુધી પહોંચ્યા છે તે બધા એક જ રીતે બોલે છે, બધા સાધુઓનો અભિપ્રાય એક જ હોય છે. વચલા અવકચરા લોકો જ અનેક રસ્તાઓ બતાવી ઝગડા પેદા કરે છે.

હું આશા રાખું છું કે પર્યૂષણપર્વના આ જ્ઞાનસત્રમાં આવતે વરસે કોઇ પારસીને પણ પોતાના ધર્મની ખૂબી સમજાવવા માટે આપ નોતરશો.

પણ આ પર્યુષણપર્વો કેવળ 'ધર્મ'ની જ ચર્ચાથી ભરી ન દઇએ. કોઇ 'ધાર્મિક' વિષય પસંદ કરવા કરતાં કોઇ સામાન્ય વિષય પસંદ કરી એમાં ધાર્મિક વૃત્તિ જાળવી અને ભરી શકીએ તો આ પર્વનો ઉદ્દેશ વધારે સારી રીતે ફળીભૂત થાય એમ મને લાગવાથી મેં આજનો વિષય બિલકુલ વ્યવહારનો જ લીધો છે. એ વિષયમાં વખતે ધાર્મિક દૃષ્ટિ હું ન પણ ખીલવી શકું. પણ એનું વાતાવરણ ધર્મને અવિરોધી રહે એટલું તો સાચવી શકીશ જ.

આ પર્વોમાં જ્ઞાન, સદાચાર, રસિકતા અને તપસ્યા આ ચાર તત્ત્વોનો ઉહાપોહ થવો જોઇએ. સંસ્કૃતિને પરિપુષ્ટ કરવા માટે જ્ઞાન જરૂરી છે. ધર્મવૃદ્ધિ માટે સદાચારની મીમાંસા થવી જોઇએ. આનંદ મેળવવા માટે રસિકતા ખેડવી જોઇએ અને અંતે મોક્ષના અધિકારી થવા માટે તપસ્યાનું ખડતલપણું અને તપસ્યાની તેજસ્વિતા પણ ખિલવવાં જોઇએ.

આપણી ધાર્મિકતા દહાડે દહાડે કૃત્રિમ થતી ગઇ એટલે પરલોકનું જીવન આપણે સંકુચિત બનાવ્યું અને પરલોકની જ વાતો આપણે કરવા લાગ્યા. ધર્મ જો પરલોકની વાતો છોડી દે, અને દેવલોકની જ વાતો કરે તો એ 'દેવલોક' જ પામશે. ધર્મનું એમ જ થઇ ગયું છે. હવે આપણી ધર્મચર્ચામાં ઐહિક જીવનના તમામ પાસાઓની ચર્ચા કરવી જોઇએ અને એ રીતે ધર્મને જીવન સાથે જોડી દેવો જોઇએ.

આજનો મારો વિષય એ જ વૃત્તિથી મેં લીધો છે.

ઉપોદ્ઘાત

ઘણા વરસ ઉપર ત્રણ પરજ વિષે મેં એક લેખ લખ્યો હતો. જેમ સામાજીક શ્રમવિભાગને અંગે આપણે ચાર વર્ણ

કહ્યા છે તેજ પ્રમાણે ભૌગોલિક સ્થિતિ પરત્વે આ ત્રણ પરજની જીવનવ્યવસ્થા આપણે વિચારવાની રહે છે.

પહાડી અથવા રાનીપરજ, ખેતીપરજ અને દરિયાપરજ એ તે ત્રણ પરજ છે. અહીં મુંબઇના આસપાસનો જ વિચાર કરીએ તો લોણાવળા ખંડાળાથી માંડીને સહ્યાદ્રિની તળેટીમાં આવેલ પાલી સુધી જે પહાડી લોકો વસે છે તે રાનીપરજ કહેવાય. એજ લોકો શિવાજીના માવળે લોક તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. પાલીથી થાણા સુધી ખેતી ઉપર ગુજરાન ચલાવનાર અથવા બાગબગીચા બનાવીને થોડી કમાણી કરનાર લોકો તે ખેતીપરજ છે; અને થાણાની આ બાજુ દરિયાને કિનારે જે કોળી કે વારલી લોકો ફેલાયા છે અને પોતાની હોડીમાં દરિયો ખેડી પોતાનું ગુજરાન ચલાવે છે તે દરિયાપરજ છે.

આપણે સુધરેલા સામાન્ય લોકો ખેતીપરજમાં જ ખપી જઇએ છીએ. ગુજરાતના બ્રાહ્મણ, વાણિયા, પટેલ, ગરાસીયા બધા જ ખેતીપરજ છે. બારૈયા અને પઢિયાર લોકોને ખેતીપરજ કહેવા કે રાનીપરજ એ એક સવાલજ છે. ડાંગના ડુંગરોમાં રહેનારા ભીલ, કાતુડી, કોંકણી, કોલચા વગેરે લોકો રાનીપરજના છે. આ રાનીપરજના લોકો સ્વભાવે સ્વતંત્ર મિજાજના હોય છે. મોટે ભાગે શિકાર કરીને પોતાની આજીવિકા ચલાવે છે જેઓ ડુંગરા છોડી નીચે મેદાનમાં આવ્યા છે તેમના સ્વભાવમાં તેટલો ફેર પડયો છે. પણ જે લોકો ખરેખરા પહાડમાં રહે છે તે બધા બહાદુર, સ્વાતંત્ર્યપ્રેમી, સ્વાવલંબી અને વહેમી હોય છે. અજાણ્યા લોકો પ્રત્યે તેઓ હમેશા સાશંક રહે છે. કુદરત સાથે લડી લડીને માંડ આજીવિકા મળતી હોવાથી સંસ્કૃતિના નાજુક અંગો ખિલવવાનો એમને સમય નથી મળતો. શિકાર પાછળ દોડતા છતાં એ લોકો પોતાનું જંગલ છોડી બીજા જંગલમાં જતાં બીએ છે. પહાડી લોકોનો આ સ્વભાવ મેં કાશ્મીર તરફ પણ જોયો છે અને અસમ પ્રાન્તમાં પણ જોયો છે. વરસાદ, તોફાન, રેલ, જંગલી પશુઓ અને જંગલી પડોસિઓ બધા સાથે લડીને જ જીવવાનું હોવાથી અથવા એમના હુમલા સામે ટકવાનું હોવાથી પહાડી માણસ હમેશ ચપળ, સાવધાન અને અવિશ્વાસી હોય છે.

કુદરતે યોજેલો બીજો વર્ગ તે ખેતીપરજનો છે. રાનીપરજનો સાથી કુતરો અને બાજ પક્ષી હોય તો ખેતીપરજના સાથી ગાય, બળદ અને ભેંસપાડા હોય છે. ગાય, બળદ જેવા દૂધાળા જનવરોનો સાથ મળવાથી ખેતીપરજ લોકો ખોરાકમાં બહુ જલદી અહિંસક થઇ શકયા. બળદની મહેનતને લીધે અનાજ ખૂબ મળવા લાગ્યુ. અને ગાયને ખેતીમાંથી ચૂણ કપાસિયા વગેરે ખોરાક મળવાથી તે વધારે દૂધ દેવા લાગી અને રૂઇ, કપાસના તેમજ ઊનના કપડાં પુરતા પ્રમાણમાં મળવા લાગ્યાં એટલે શરીરની ઉષ્ણુતા ટકાવવા માટે વધારે પડતો ખોરાક ખાવો પડતો હતો તે હાજત ઓછી થઇ. પરિણામે માણસ માંસાહાર છોડી શકયો. ગાય તથા બળદે માણસને પોતાનું સર્વસ્વ અર્પણ કરી એને માંસાહાર વિના જીવવાની સગવડ કરી આપી એટલા ખાતર પણ કૃતજ્ઞ થઇને આપણે ગાય બળદનું રક્ષણ કરવું જોઇએ.

આર્ય સંસ્કૃતિ હળ ચલાવીને કરેલી ખેતી ઉપર આધાર રાખે છે. અરણ્યજીવી માણસ જંગલના ઝાડોને અને વનદેવને પૂજે છે જ્યારે ખેતીજીવી માણસ જમીનને અને પોતાના ઓજારોને પૂજે છે. અરણ્યજીવી પોતાની જાતની સ્વતંત્રતા ચાહે છે. સ્થાનત્યાગ કરતાં એને સંકોચ નથી; જ્યારે ખેતીજીવી માણસ પોતાની જમીન માટે પોતાના પ્રાણ પાથરશે. જમીન સાચવવા એ પોતાની જાતને પણ જતી કરશે. એ ક્ષેત્રીય હોય છે અને તેને ક્ષત્રીય પણ થવું પડે છે. જ્યાં ખોરાક મળે ત્યાં જવાને બદલે જ્યાં પોતે વસ્યો છે ત્યાં જમીન ખેડીને ખાતર પાણીની જોગવાઇ કરીને એ અન્નસમૃધ્ધિ વધારે છે અને તેથીજ મોટાં મોટાં શહેરો એ સ્થાપી શકયો છે વ્યવસ્થાશક્તિ વધવાથી એ સામ્રાજ્ય પણ સ્થાપી શકયો છે.

અરણ્યજીવી માણસ લડતી વખતે અચૂક ટેકરી ઉપર જઇને પહોંચવાનો. જેટલો ઉંચે જાય તેટલો એ સલામત અને ઉપરથી નીચેના લોકો ઉપર રેલની પેઠે ધસી જવાની ભારે સગવડ પણ હોય છે અને મજા પણ હોય છે.

માણસ કૃષીજીવી થયો છે એટલે એને ઉંચાઇ કયાંથી મળવાની ? એણે ખાઇ ખોદીને ઉંચા કિલ્લા બાંધ્યા. જ્યાં ગાયો અને ઘેટાં પુરવાના હોય ત્યાં બરણે ગોપુરો બાંધ્યા અને લડાઇ વખતે નાનાં નાનાં ગોપુરો દોડાવી શકાય એ હેતુથી ઉંચા ઉંચા રથ તૈયાર કર્યા. જમીનપરથી તીર ફેંકવા એના કરતાં રથને ટોચે ચઢીને ત્યાંથી તીર ફેંકવામાં ઘણી સગવડ હતી. તીર દૂર સુધી પહોંચતા અને સામાના તીરથી બચી જતા.

એક રીતે જોતાં અરણ્યજીવી અને કૃષીજીવી લોકો એકમેકના પૂરક હોય છે. પહાડી લોકો રક્ષણનો ભાર પોતાને માથે લે અને કૃષક લોકો પોષણનો ભાર ઉપાડે તો બન્નેની શકિત અને જીવનસિદ્ધિ અનેકગણી વધવાની. જુના વખતમાં મોટાં મોટાં શહેરો પહાડીઓના આશ્રયે જ ટકી શકતા હતા.

મગધ સામ્રાજ્યની રાજધાની રાજગૃહ અને મરાઠાઓની રાજધાની સતારા કે પૂના આ વાતનાં ઉત્તમ ઉદાહરણો છે. ચારે કોર પહાડ અને વચમાં ખુલ્લી પહોળી જગ્યા જ્યાં મળે ત્યાં જ નગરો સ્થપાય એમાં આશ્ચર્ય શું ! હું તો નગરી શબ્દનો અર્થ જ **नगैः रक्षिता** એટલે કે પહાડીઓથી રક્ષણ મેળવતી વસ્તી એવો કરું છું.

આપણા ઇતિહાસમાં આપણે અરણ્યજીવી અને કૃષીજીવી લોકોનાં પરાક્રમો જ મોટે ભાગે વર્ણવ્યા છે. કુદરતનો ત્રીજો વર્ણ જે દરિયાપરજ, તેને તો આપણે વિસારી મુકયા છે. જ્યાં સુધી હું જોઇ શકું છું ત્યાં સુધી આપણા દેશનો હવે પછીનો જમાનો આ દરિયાપરજનો હશે એટલે એ દરિયાનું આમંત્રણ આપ સહુને આપવા આવ્યો છું.

(અપૂર્ણ) **કાકા કાલેલકર**

શંભૂમેળો.

મુંબઇથી દેહરી સુધી દર વખતે હું એકલી જ જઉં છું. હંમેશા સ્ત્રીઓના ડબામાં કલકત્તા સુધીનું કોઇનું કોઇ સંગાથી મળી જાય છે. પણ આ વખતે તો ગાડીને ઉપડવાની તૈયારી થઇ ત્યાં સુધી કોઇ ભાઇસાહેબે આ તરફ પગલાં માંડયાં નહિ. છેવટે સગાંવ્હાલાની ચિંતા વધી. બધાને થયું કે બે, બે રાત સુધી ડબામાં એકલી, એને કંઇ થાય તો ખબર પણ કોને પડે ? પણ મ્હારૂં નસીબ તેજ હતું. સીટી વાગી ત્યાં જ એક ડોશીમા આવી પહોંચ્યાં. બાએ પૂછયું. "કયાં જાવ છો ડોશીમા ?" ડોશીમા બોલ્યા, 'મોગલસરાઇ.' બધાએ હાશનો ફૂટકારો ખેંચ્યો અને તરત જ ડોશીમાની પથારી મ્હારી પાસે જ બાએ આગ્રહપૂર્વક કરાવી.

ગાડી ઉપડી અને મને થયું, ડબામાં આ બદબો કયાંથી આવે છે ! મેં તરત જ પાયખાનું તપાસ્યું. એ તો એકદમ સાફ હતું. બીજી જ પળે મ્હારી નજર ડોશીમાં તરફ પડી. મેં જોયું કે ડોશીમાનાં કપડાંમાંથી અને શરીરમાંથી દુર્ગંધ સારાયે ડબામાં ફેલાતી હતી. પછી તો ડોશીમાનું બારીક નિરીક્ષણ ચાલ્યું. એના વાળમાં લાખો જૂઓ બદબદતી હોય એમ લાગ્યું. એનું શરીર, કપડાં, અને દેદાર જોઇને ઘડીભર માટે ભયંકર તિરસ્કાર થયો. મને થયું એને કહી દઉં કે ' માતાજી, આપ દુસરી જગેપર સો જાવ.' પણ બીજી જ પળે એની ગરીબાઈ અને અજ્ઞાનતા મને યાદ આવ્યાં અને થયું. 'ગરીબ હિંદુસ્તાન આવાજ લાખો અને કરોડો માણસોથી બનેલો છે. એનાથી દૂર આપણે કયાં સુધી ભાગી શકીશું?' મેં ડોશીમાને મ્હારી ભાંગીતૂટી હિંદીમાં પૂછ્યું "માતાજી, આપકી પાસ ટીકીટ હૈ કે નહિ ?" માતાજીએ હા તો કહી, પણ મેં જોયું કે દરેક દરેક સ્ટેશને માતાજી ઉંઘમાંથી જબકીને પાયખાનામાં ઘુસી જતાં હતાં. વખત પસાર થતાં ઘૃણા દયામાં પરિણમી. મેં ડોશીમાને પૂછ્યું "માતાજી આપ કભી સ્નાન કરતી હો કે નહિ ?" માતાજી બોલ્યા, "હમ તો સાધ્વી લોગ, સ્નાન કરનેકી હમારી લીયે જરૂરત નહિ હૈ. ગંગામે જા કર સ્નાન કરેંગે." માતાજીના જવાબે મને વિચારમાં નાંખી દીધી. આ હિંદુસ્થાન, આ એના અજ્ઞાન, ગરીબ રહેવાસીઓ ! એનો ઉધ્ધાર કયારે કરી શકાશે !

એક રાત ડોશીમાં જોડે માંડ માંડ વીતાડી. ત્યાં તો બીજી સવારે બે મરાઠી બ્હેનોએ અમારા ડબામાં ખુબ કોલાહલ સાથે પગપેસારો કર્યો. એમના નિસ્તેજ મોઢા જોઇને જ થયું કે. એમના જીવનમાં ઉત્સાહ નથી, એમને જીવનની ખરી મઝા માણવાનો અવસર આવ્યો નથી. યુવાન છતાં એ બન્ને બ્હેનોને ઘડપણે આવરી લીધી હોય એવું લાગતું હતું. એમના આવ્યા પછી એકજ કલાકે ડબામાં એક શરમજનક બનાવ બન્યો. કોઇ બિચારો ભૈયો ટીકીટ ન હોવાથી, યા ચાલતી ગાડીએ બીજો કોઇ ડબો હાથમાં ન આવવાથી, અમારા ડબાના બહારના પગથીયાપર ચઢી ગયો. અમારામાંની પેલી બે મરાઠી બ્હેનો એમની જીંદગીમાં આ પહેલવહેલી વાર એકલી મુસાફરીએ નિકળી હતી. જનાના ડબામાં આ એક પુરૂષને જોતાં એમણે તો ચીસાચીસ કરી મૂકી. એકે ગાર્ડમાસ્તરને રાડો નાખવા માંડી. એ વખતે એમના મોઢા પરનો ગભરાટ જોઇ મને હસવું ને દયા આવ્યાં. મનમાં થયું આવી બીકણ બાઇઓ એમના બાળકોને કેવી કેળવણી આપશે ? આ ચીસોથી પેલો ગરીબ ભૈયો તો એટલો ગભરાઈ ગયો કે એના ડોળા આમ તેમ ફરવા લાગ્યા, જીવના જોખમે એ ચાલતી ગાડીએ ઉતરી ગયો. પણ આ કોલાહલની અસર આજુબાજુના ડબા ઉપર જુદીજ જાતની થઈ. આજુબાજુના લોકોને થયું, કે સ્ત્રીઓના ડબામાં કોઇ ભયંકર કામ થઇ રહ્યું છે ને એમણે તરત સાંકળ ખેંચી. ગાડી ઉભી રહી. અમારા ડબાની આજુબાજુ લોકો ભેગા થયા અને વાત સાંભળી હસતાં હસતાં જતા રહ્યા. આ બધા કોલાહલમાં પણ પેલા ગંદા ડોશીમા તો ઘોરતાંજ રહ્યાં. એમને જોતાં મને થયું કે એક બાજુ આ ડોશીમા ને બીજી બાજુ આ બીકણ સ્ત્રીઓ એમાં કોણ સારૂં ને કોણ બરાબ ?

બપોરના ચાર વાગ્યાં ને જબલપુરથી એક બીજા એમના રાચરચીલા સાથે ચઢયાં. ઓજલ પડદામાં રહેનાર આ બીબી એમના છોકરાની કેવી ભાવજત કરતા હશે તે જાણવાની મને તિવ્ર જિજ્ઞાસા થઇ અને સાચેસાચ રાતના બાર વાગ્યા સુધીમાં એ બીબીએ અવનવા પાઠ મને શીખવી દીધા. હજી તો જબલપુરથી ગાડી ઉપડી પણ નથી ત્યાં બીબીજનના મોટા દીકરાએ પૂછ્યું. "અમ્મા, પિતાજી કિધર બૈઠે હૈં?" શી ખબર શાથી બીબીજનને આ સવાલ ગમ્યો નહિ. "શેતાન ચુપ નહિ રહેતે હૈં !" એટલું બોલીને એને છોકરાના મોઢા માથામાં એક ટપલી લગાવી દીધી. અને એ પંદર વર્ષનો છોકરો, માની સામે દાંતીયા કાઢતો કાઢતો, પોતાના નહાના ભાઇ બ્હેનો પર ચીડ કાઢી એમને રડાવતો રડાવતો, એક ખુણે જઇને મોઢું ચઢાવીને બેઠો. થોડીવાર થઇ ત્યાં બીબીની નહાની છોકરીએ પંખો માંગ્યો. મોટી બ્હેને પંખો આપ્યો ખરો, પણ આપતાં પહેલાં પંખાની દાંડી વતી એને મારી. આઠ કલાક મ્હારે કેવા લોકોની વચમાં ગાળવાના છે તે મને સમજાયું. છોકરાંઓની ગાળો, પાંચ પાંચ મીનીટે એમને પડતો માર અને એમના રડવાના અવાજે આખા ડબાને રડતો કરી મૂકયો.

બે એક કલાક પછી બીબીએ એક કેરી મોટા છોકરાને ચૂસવા આપી. નાના ભાઇબ્હેનો ભિક્ષુકની આંખે મોટા ભાઇ સામે જોઇ રહ્યા. મોટાભાઇએ કેરીને બરાબર ન્યાય આપ્યો, ગોટલો એકદમ સાફ કર્યો ને છોતરાનો કસ લઇ લીધો પછી નાના ભાઇ બ્હેનો પર ઉપકાર કરતો હોય એમ એ છોતરૂં ને ગોટલો એમની આગળ ફેંકયા. નાના બાળકોએ છોતરા માટે લુંટાલુંટ કરી. છેવટે છોતરૂં બાળકો ખાઈ ગયા. અને ગોટલાનો ન ખવાય એવો ભાગ બ્હાર ફેંકાયો. કેરીવાળા દેશમાંજ માણસોને કેરીની તાણ છે.

આ બધામાં છેવટે મોગલસરાઇ આવ્યું. ત્યાંથી હીરાના દાગીના પહેરેલ આઠ દશ મદ્રાસી બાઇઓ અમારા ડબામાં આવી. એ બધાએ તો સીધું મારા પર જ આક્રમણ કર્યું. મ્હારી પથારી પર આવી આવીને ગોઠવાઇ ગયા. મેં કહ્યું. "આપ દુસરી જગેં પર બૈઠેનેં !" પણ મ્હારી ભાષા ન સમજવાથી એ લોકો બધાં ખડખડાટ હસી પડયાં.

આ બધા બનાવથી હવે તો હું કંટાળી ગઇ. એ રાતના અનુભવે મનને વિષાદપૂર્ણ કર્યું હતું, મગજ થાકી ગયું હતું. મનમાં થયું કયારે બાર વાગે ને ઊતરી જઉં. પણ કેમે કરીને બાર વાગતા નહોતાં જે મ્હારે સારે નશીબે વધારેને વધારે બ્હેનોના અનુભવો મળ્યે જતા હતા. **ચંદ્રા.**

સંઘના સભ્યોને

આ વર્ષ પુરૂં થવા આવ્યું છે છતાં દિલગીરી સાથે જણાવવું પડે છે કે કેટલાક સભ્યોનાં ચાલુ વર્ષનાં લવાજમ આવ્યા નથી જ્યારે કેટલાક સભ્યોના આ વર્ષ તેમજ ગયા વર્ષનાં પણ લવાજમ આવ્યાં નથી. આસો વદ ૦)) સુધીમાં જે સભ્યોનું ચાલુ તેમજ આગળના વર્ષનું ચઢેલું લવાજમ નહિ મોકલવામાં આવે તે સભ્યો સંઘના બંધારણ મુજબ આપોઆપ સભ્ય તરીકે બંધ થાય છે. તેથી જે જે સભ્યોનાં લવાજમ ન આવ્યા હોય તેમને જેમ બને તેમ જલ્દિથી મોકલી આપવા આગ્રહ પૂર્વક વિનંતિ કરવામાં આવે છે. સંઘ ચાલુ આર્થિક મુશ્કેલી વચ્ચે નવાં નવાં જોખમ ખેડે છે તેમાં સભ્યોનાં લવાજમ પણ જો નિયમિત વસુલ ન થાય તો સંઘની વિવિધ જવાબદારીઓને પહોંચી વળવું અશક્ય થઇ પડે. માટે આ બાબતમાં આળસ કે પ્રમાદવશ નહિ બનતાં તે તે સભ્યો તરફથી ચઢેલાં લવાજમ રૂ. ૩ અથવા રૂ. ૬ વિના વિલંબે મોકલી આપવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે. મંત્રીઓ, **મુંબઇ જૈન યુવક સંઘ.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वचेद्वाक्यम्

અકટોબર ૧૫ ૧૯૪૦

ઉલ્લાસ કે ઉન્માદ !

આપણા સમાજમાં યોગ્ય દોરવણીને અભાવે આજે સર્વથા ઉલ્લાસને બદલે ઉન્માદ જ દેખાય છે. સારી કે નરસી દરેક બાબતમાં મનુષ્ય જેમ ગાંડા બની ગયા ન હોય તેમ જ વર્તે છે અને પ્રસંગની ખરી ગંભીરતા ગુમાવે છે. આપણા લગ્નોત્સવો જુઓ, આપણા ધાર્મિક પ્રસંગો જુઓ, આપણી દેશોદયની રીતિઓ તપાસો, અગર તો મરણ સમયના કરૂણ અને ગંભીર પ્રસંગોનું અવલોકન કરો તો જરૂર જણાશે કે પ્રાણ અને ચેતના જગવનાર ઉલ્લાસને બદલે ભાન અને સારાસારનો વિચાર ભૂલાવી દેનાર ઉન્માદ જ તેમાં છે. આ કારણે જ પ્રજાજીવન ચેતનવંતુ રાખી, સંસ્કાર અને સંસ્કૃતિ ટકાવી રાખનાર અને સાંસારિક વ્યવહારનો થાક ઉતારી પ્રફુલ્લતા પ્રસરાવનાર ઉત્સવો અને પ્રસંગો આજે તો થકવી નાંખનાર કરૂણ તંગીમાં હડસેલી દેનાર અને મરણતોલ કરનાર જ બને છે અને છીછરાપણું, વેવલાઇ અને વિકૃતિ પ્રવેશે છે તે વધારામાં !

જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે ત્યારે શક્તિ, સમય, સંજોગ અને આસપાસનાની ઉપર કે ખૂદ આપણી જાત ઉપર ભાવીમાં થનારી અસરનો વિચાર કર્યા વગર જ આપણે ઉન્માદવશ થઇ કાર્ય કરીએ છીએ અને હેરાન થઇએ છીએ. આજે આપણા ગરીબ સમાજમાં મનુષ્યોને પૂછો કે તમારાં દુઃખ, તંગી, અશાન્તિ, ઉદ્વેગ અને અંધકારમય ભાવીનું કારણ શું છે ? હીરા જેવા યુવકોને પૂછો કે છતી શક્તિએ વિકાસ રૂંધાઈ જવાનું કારણ શું છે ? એકના બે લખી આપી કહારે અનાજ લેનાર અને વ્યાજના ભારણમાંથી ઉંચો ન થનાર કોઇ બેટુત મળે તો પૂછો કે તારી આ પરવશ અને અસહાય દશાનું પગરણ કયારથી મંડાયું ? દર્દથી પીડાતા અને કષ્ટમય રાત્રી દિવસ વિતાવતા કોઇ દીન દર્દીને પૂછો કે વર્ષોની મહેનત પછી પણ જીંદગીની ખાતર થોડું ઘણું ખર્ચ કરવાની કમતાકાદ કેમ આવી ? વિશાળ જગ્યામાં વસી દૂધ, દહીં પર જીવનારને પૂછો કે કયા પાપે તને પરદેશની દસ ફુટ લાંબી અને સાત ફુટ પહોળી અંધારી અને દુર્ગંધ મારતી કોટડીમાં પૂર્યો ? પ્રભુએ નવરાશને વખતે ઘડેલી દેવના ચક્ર જેવી જોડીમાં એકને આંહિ અને બીજીને હજાર ગાઉ છેટે વર્ષો થયા ઝુરતી જુઓ તો પૂછો કે કયા ભવના પાપ ઉભર્યા છે કે આમ વિયોગમાં ઝુરો છો ? દીકરાના લગ્ન માટે દીકરીને વેચતા બાપને, (હાલમાં દીકરા વેચાય છે) ધણીનું કારજ કરી રોટલા માટે રડતી વિધવાને પૂછો કે શા માટે રૂવો છો ? વ્યક્તિગત વાતો છોડી સમાજને પૂછો કે તમારા પનારે પડેલા માનવીઓ માટે પ્રગતિપોષક સંસ્થાઓ કેમ નથી ? ગરીબ-દર્દીઓ અને અનાથો માટે—સગવડતા કેમ નથી ? આ સૌ પ્રશ્નોનો એકજ મૂંગો જવાબ મળે છે કે ' ઉન્માદ ! ' તે સૌના સાંસારિક દુઃખનું મૂળ કારણ ઉત્સવ વખતની ઉડાઉગીરી અને ઉન્માદ જ હોય છે. આપણે આપણા પ્રસંગો, ઉત્સવો માણી શકીએ, આપણી સાથે સંકળાયેલા સૌ માણી શકે અને ભવિષ્ય માટે સુંદર છાપ પાડનાર બને તે વાતમાં ગાફેલ રહ્યા અને ખરો ઉલ્લાસ ભૂલી ઉન્માદે ચડ્યા તેજ કારણ ! સમાજને સાચો ઉલ્લાસ કોણ સમજાવશે આવા ધાંધલિયા યુગમાં ?

× × ×

અકબર બીરબલની એક રમુજી વાત છે. તેમાં બાદશાહ પૂછે છે કે ' બીરબલ, ડાહ્યામાં ડાહ્યા ગણાતા વાણિયા નીશો કરી ભાન ભૂલે ખરા કે ?' ત્યારે બીરબલ જવાબ આપે છે કે " હા, નામવર ! જ્યારે આંગણે વરો—ખરો કે ઉત્સવ હોય ત્યારે તે બીજા બધા કરતા વધુ નીશો કરે અને ઉન્મત્ત બને, પણ આ નીશો જુદી જાતનો કે જેની અસર જીંદગી સુધી પહોંચે." આ એક રમુજી વાત છે, પણ તે પાછળ દુઃખદ સત્ય રહેલું છે. અત્યારે આપણે આપણા ઉત્સવોમાં કે પ્રસંગોમાં-પછી તો તે લગ્ન પ્રસંગ હોય કે ધાર્મિક ઉત્સવ હોય, મરણનો પ્રસંગ હોય કે દેશોદયનો હોય—નીશાના ઘેનમાં ભાન ભૂલીનેજ કામ કેમ કરતા ન હોઇએ તેમ વર્તીએ છીએ.

× × ×

જે જે કાર્યની પાછળ કંઇ હેતુ ન હોય, જેનો ઉપયોગ ન હોય, જે કરવામાં કરનારની શક્તિનો કે તે શક્તિના બીજા સુંદર ઉપયોગનો ખ્યાલ ન રખાતો હોય, બુધ્ધિ જેવી દોરનારી વસ્તુને બદલે કોઇની દોરેલી લીટીએ જ જવાનું હોય અને કાર્ય કર્યા પછી પસ્તાવો કરવા જેવું હોય તે બધા કાર્ય ઉન્માદનાંજ પરિણામ કહેવાય ! નીશામાં ચકચુર બનેલો ન કરવાનુંજ કરે છે, જ્યાં જરૂર ન હોય ત્યાં ખુમો પાડે છે, સુવા યોગ્ય સ્થળ ન હોય ત્યાં લોટી પડે છે. અક્કલનો બતાવેલો માર્ગ તેને સુઝતો નથી અને નીશાનું ક્ષણિક સુખ જતું રહેતાં બીસ્સું ખાલી થશે, બાળબચ્ચાં રખડી જશે અને ટાંટીઆ ઢીલા થઇ જશે તેનો વિચાર પણ તે કરતો નથી. આ બધું આપણે દારૂડિયા કે અફીણીની દુનિયામાં જોઇએ છીએ. આપણા સાંસારિક વ્યવહારના પ્રસંગોમાં પણ આપણે શું નિહાળીએ છીએ ? દાખલા તરીકે લગ્ન વખતે જે જે કાર્યો થાય છે તે કાર્યોના નિમિત બનેલા ઘર કન્યાના જીવનમાં વિલાસ, વિકાર અને વિષયવાસનાના પોષણ વિનાનું કયું જીવનપ્રેરક, ઉલ્લાસપ્રેરક, તત્ત્વ ઉમેરાય છે ? ધાર્મિક ઉત્સવો અંગેના કાર્યોથી પણ ધર્મ તત્ત્વ પોસવાને બદલે કોઈ વિષયી તત્ત્વ જ પોસી જાય છે. જે કાર્ય કરવા યોગ્ય છે તે કરતા નથી અને ન કરવાનું કરીએ છીએ અને બીજાને કરવા નોતરીએ છીએ. ત્યારે કહો આમાં અને દારૂડિયામાં શો ફેર ? આ બધા ઉન્માદ દશાનાં જ પ્રગટ ચિન્હો છે ?

× × ×

લગ્ન પ્રસંગ—એ વ્યક્તિના પવિત્ર સાંસારિક જોડાણ વખતે બન્નેના જીવનમાં અજબ ઉલ્લાસ પ્રગટે અને પવિત્ર પ્રસંગનું ગાંભીર્ય બરોબર ધ્યાન ઉપર રહે તેવું શાન્ત વાતાવરણ જામે તે માટે, ઉદ્વેગ ઉપજાવનાર ઉન્માદ દશા આસપાસનામાં પણ ન જ હોવી જોઇએ. પરણનાર દંપતી પોતાની જવાબદારી સમજી વળેલા અને ઉલ્લાસ પ્રેરનાર મિત્રોની હાજરીમાં સરળ રીતે, સૌમ્ય રીતે જો પ્રસંગ ઉકેલે તો અત્યારે નજરે પડતી દુઃખદ દશા, કુટુંબોના માણસોની હાડમારી, તંગી અને ધમાલમાં બાળકોની રખાતી બેદરકારી અટકી જાય.

મૂળમાં તે લગ્નની યોજનામાં ઉન્માદ દશા જ છે. વ્યક્તિને વિસરી કુળમર્યાદા, મોટાઇ, કુલીનપણું અને દાયજો કે પૂરત

ઉપર વિશેષ લક્ષ્ય અને લહાવો લેવાની ઘેલછા સર્વત્ર દેખાય છે. આવા ઠોકી બેસાડેલા કઢંગા લગ્નોમાં પણ બેસુરાં વાજાં, સંગીતની મસ્કરી જેવા બરાડાઓ, અંધતા ફેલાવતી અને માણસને બીનજરૂરી લાગતી ભડકા જેવી બત્તીઓ, ઉપવન અને કીલ્લોલતા પક્ષીઓ કે ટહુકતા મોરલાની હાંસીરૂપ વાડીઓ અને મોરલાઓ, જમવાના લોભી હોળીના ગેરૈયા જેવા જનૈયા, નાટકી વાદ્યાઓ, મુખીઆનાં પ્રદર્શનો જેવી છાબો, ગૃહસ્થાશ્રમનો અનુભવ અપાતી શીખોને બદલે ખખડતા રૂપિયા, દાગીના કે કપડાથી જ અપાતી શીખો, બે ડગલાં ચાલવા માટે ત્રણ જણાએ પકડેલો ઘોડો તથા ભર શિયાળામાં ચીરડુક ચીરડુક બોલતો અર્થવિહીન પંખો અને છત્રી કયા પવિત્ર પાક ઉદ્દેશથી લગ્નમાં દાખલ થયા હશે તે સમજાતું નથી. અગાઉ ગમે તે ઉપયોગ હોય પણ આજે તો બધું વિચિત્ર અને નાટકી લાગે છે અને ઉદ્દેશ વગર જ કરવામાં આવે છે આ બધું આ યુગમાં અટકાવવાની જરૂરિયાત હવે આવી પહોંચી છે. ભાવનાપ્રેરક સંગીત, લગ્નજીવનનો મહિમા સમજાવતાં ગાણાંઓ, શાસ્ત્રીય પદ્ધતિએ શીખવા માટે એક વખત ચાલતું સંગીત ભૂલવું અને જ્ઞાનીઓએ નવું જન્માવવું અતિ અગત્યનું છે.

અપૂર્ણ **વ્રજલાલ ધ. મેઘાણી**

સામયિક સ્ફુરણ

ટ્રસ્ટીઓની સંચયવૃત્તિ

આ અંકમાં અન્યત્ર સમાજ, ધર્મ તેમજ અર્થકારણ ઉપર મૌલિક વિચારો રજુ કરનાર શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાનો "દાનોના ટ્રસ્ટી" એ મથાળાનો એક લેખ પ્રગટ કરવામાં આવ્યો છે તે જૈન બંધુઓએ ખાસ વાંચવા અને વિચાર કરવા જેવો છે. એ અન્યત્ર પ્રગટ થયેલો લેખ અહિં ફરીથી પ્રગટ કરવાનો આશય એ છે કે આપણા જૈન સમાજમાં મંદિરોના તેમજ અન્ય અનેક સંસ્થાઓના વહીવટ ચાલે છે અને તેને લગતા ટ્રસ્ટોના ઘણા ટ્રસ્ટીઓને તે લેખમાં જણાવેલા મુદ્દાઓ લાગુ પડે છે. તે લેખમાં મુખ્ય આક્ષેપ તો એ છે કે આજના દાનના ટ્રસ્ટીઓમાં મોટે ભાગે પોતાને સોંપાયલા ધનનો સદ્વ્યય કેમ કરવો તે વિચાર અને વૃત્તિ ગૌણ જોવામાં આવે છે અને ટ્રસ્ટની મીલ્કતમાંથી બને તેટલો ઓછો વ્યય કેમ કરવો, તે મીલ્કતને બચાવવી કેમ એટલું જ નહિ પણ વધારવી કેમ એ ખ્યાલ પ્રધાનપણે જોવામાં આવે છે. આપણાં મંદિરોમાં એકત્ર થતાં નાણાંની જે રીતે તેના ટ્રસ્ટીઓ તરફથી વ્યવસ્થા થતી જોવામાં આવે છે તે ઉપરની વાતને બરોબર પુરવાર કરી આવે છે. તેઓની ચાલુ ચિન્તા મીલ્કતના રોકાણને લગતી જ હોય છે. આ વખતે આટલી મીલ્કત વધી, આ ડીપોઝીટની મુદત પુરી થવા આવી, હમણા નીકળેલી લોનમાં નાણાં રોકીએ તો વધારે વ્યાજ મળશે, અમુક મીલ્કત કે ડીબેન્ચર્સમાં નાણાં રોકવાથી આગળ ઉપર બહુ લાભ થવા સંભવ છે—આવી જ ચિન્તા અને ચર્ચા મંદિરની મીલ્કતના ટ્રસ્ટીઓ કરતા હોય છે—પછી તે ગોડીજીનાં ટ્રસ્ટી હો કે શાન્તિનાથજીના. પણ એકત્ર થયેલાં નાણાંઓના સદ્વ્યયની યોજનાઓ કોઇ વિચારતું કે ચર્ચતું સાંભળવામાં આવતું નથી. એકત્રિત દેવદ્રવ્યના વ્યયની જુના વિચાર પ્રમાણે ચોકકસ મર્યાદા છે અને ટ્રસ્ટીઓ એ મર્યાદાથી બંધાયલા છે એ વાત સ્વીકારીએ તો પણ એ મર્યાદાની અંદર જુનાં મન્દિરોના જીર્ણોદ્ધારનો તેમજ જ્યાં જ્યાં મંદિર ન હોય ત્યાં બંધાવી આપવાનો સમાવેશ થાય છે. આજે સ્થાપત્ય અને ધાર્મિક ભવ્યતાના નમુનારૂપ અનેક જીનમંદિરો મેવાડ, મારવાડ તેમજ અન્ય પ્રદેશોમાં જર્જરિત થઇ રહ્યા છે અને વિનાશ તરફ ધસી રહ્યા છે, જ્યારે મોટા શહેરોમાં આવેલા મંદિરોના તેમજ કેટલાક તીર્થોના ટ્રસ્ટીઓ પોતાને હવાલે પડેલી મીલ્કતના રોકાણની ફેરબદલીની જ વાતો વિચાર્યા કરે છે.

આ બાબત માત્ર મંદિરના ટ્રસ્ટીઓને લાગુ પડે છે એમ નથી. બીજી સંસ્થાઓના ટ્રસ્ટીઓનું પણ લગભગ આવું જ વલણ જોવામાં આવે છે. કેટલાક કેસોમાં દાનમાં અપાયલી રકમનુ વ્યાજ જ વાપરવું એ સરતે દાન અપાયલું હોય છે. આવી બાબતોમાં ટ્રસ્ટીઓને કશો વિકલ્પ હોતો નથી. પણ બીજે કેસોમાં સંસ્થા સારૂં કામ કરે છે—જીવદયા, પરોપકાર કે કેળવણીનું કામ કરે છે—એમ સમજીને કશી પણ સરત વિના સમાજ એ સંસ્થાને પુષ્કળ ધનથી નવાજતી જ રહે છે. આ રીતે એકત્ર થતા ધનમાંથી જે આશય નિમિત્તે એ દાન આપવામાં આવ્યું હોય છે એ આશય પાછળ થોડું વધતું દ્રવ્ય ખરચાય છે. પણ પરિણામે સંસ્થાની મુડી તો વધ્યા જ કરે છે. વળી દુષ્કાળ, મહામારી કે જલ પ્રલય જેવી દેશ ઉપર કોઇ આફત આવે, સમાજની વિશ્વાસપાત્ર સંસ્થાઓ રાહત કાર્ય માટે સમાજ પાસે દ્રવ્ય માંગે, લોકો કરગરીને માગો તેટલું દ્રવ્ય આપે, તે દ્રવ્યમાંથી કેટલુંક ખરચાય પણ કેટલોક વધારે પડે અથવા તો પાડવામાં આવે અને સંસ્થાની મુડી વધતી ચાલે, મૂળ મુડીમાં જરા પણ ઘટાડો થવો ન જોઇએ એવી સરત અથવા તો સમજુતીથી ટ્રસ્ટના વહીવટ કરવામાં આવે અને ટ્રસ્ટનાં રોકાણ કરવામાં આવે. સમાજનાં દુઃખ દર્દો એટલાંને એટલાં જ રહે, જીવદયા અને પરોપકારના નિમિત્તો જરા પણ ઘટે નહિ, ભુખમરો, બેકારી કે નિરક્ષરતાથી સમાજ એટલો ને એટલો શોષાયા કરે, પણ સંસ્થાની મુડી તો વધ્યા જ કરે. વળી નાના ક્ષેત્રમાં નાની સરખી સંસ્થા ઉભી કરવામાં આવે અને મીલ્કતના વ્યાજમાંથી સંસ્થા નભી શકે એ હેતુ રજુ કરીને એ એ સંસ્થા માટે પોતાની લાગવગના ક્ષેત્રમાંથી હજારો અને લાખોની રકમ એકત્ર કરવામાં આવે એ પણ ઉપર જણાવેલ મનોદશાનું જ રૂપાન્તર છે.

આ પ્રકારની સંચયવૃત્તિનો ત્યાગ કરવામાં નહિ આવે અને એકત્ર થયેલા આવા ધનનો જ્યાં સુધી સત્વર સદ્વ્યય કરવાની બાબત ઉપર ખૂબ ભાર મૂકવામાં નહિ આવે ત્યાં સુધી આપણી અનેક સંસ્થાવતોનો મોટો ભાગ વન્ધ્યાવસ્થામાં જ રહેવાનો છે અને કોઇ પણ આસમાની સુલતાનીના પ્રસંગે સદન્તર વિનાશને પામવાનો છે. આ કારણે જૈન સમાજે માન્યવર શ્રી કિશોરલાલભાઇના લેખમાં જણાવેલા વિચારો ખૂબ ગંભીરપણે વિચારવાની અને તે મુજબ અનેક સંસ્થાવતોના ટ્રસ્ટીઓને સચેત કરવાની ખાસ જરૂર ઉભી થઇ છે.

નેમ-રાજુલનો સંવાદ નહિ ભજવાય !

ગઇ વિજયાદશમીના દિવસે શ્રી. શકુન્તલા કાં. ઇ. કન્યાશાળાએ ચાલુ શિરસ્તા મુજબ પોતાનો વાર્ષિક ઉત્સવ ઉજવ્યો. આ ઉત્સવની સભાલોચના કરવા પહેલાં તે ઉત્સવના અંગમાં એક બનાવ બની ગયો તેની જરા નોંધ લઇએ. આ ઉત્સવ નિમિત્તે ભગવાન નેમનાથ અને રાજુલના જીવનના અમુક પ્રસંગો ભજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને તે કારણે જરૂરી સંવાદો રચાવીને કન્યાશાળાની બાળાઓ પાસે તૈયાર કરાવવામાં આવ્યા હતા. આ બાબતની જાણ થતાં કેટલાક સ્થિતિચુસ્ત ભાઇઓએ ભગવાન નેમનાથના જીવનના પ્રસંગો ભજવાય તે સામે વાંધો ઉઠાવ્યો અને પરિણામે સંસ્થાના જવાબદાર કાર્યવાહકોએ એ આખો પ્રસંગ વિજ્યા દશમીના ઉત્સવમાંથી રદ કર્યો. કાર્યવાહકોએ આ કાર્ય ઉચિત કર્યું કે નહિ તે એક જુદો જ પ્રશ્ન છે. પણ આજે પણ દુનિયા

જ્યારે આટલી બધી આગળ વધી છે અને પોતાના વિચારોનો અને ધર્મનો ચિત્રો, રંગભૂમિ અને રજતપટો દ્વારા અનેક વિચારકો અને ધર્મ-પ્રવર્તકો ચોતરફ ખૂબ ફેલાવો કરી રહ્યા છે, ત્યારે હજુ જૈન સમાજમાં એવો વર્ગ છે કે જે તીર્થંકરોના ચરિત્રોને રંગભૂમિ ઉપર ઉતારવામાં પોતાના ધર્મની હીણપત અને પોતાના પૂજ્ય પુરૂષોની આશાતના સમજે છે. આ ખરેખર ખૂબ શોચનીય છે ! એક કાળે કહેવાય છે કે જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા આજ કરતાં અસાધારણ મોટી હતી. આજે જૈન સમાજની સંખ્યા ઉત્તરોત્તર કમી કેમ થઇ રહી છે ? જૈન ધર્મ હિંદુધર્મની અન્ય શાખાઓ જેવો નથી કે તેમાં જન્મે એ જ તે શાખાનો અનુયાયી થઇ શકે. જૈન ધર્મ કોઈ પણ સ્ત્રી કે પુરૂષ અંગીકાર કરી શકે છે. જૈન ધર્મ આટલો બધો પ્રચારસુલભ હોવા છતાં જૈનોની સંખ્યા ઘટી જવાનાં અનેક કારણોમાં એક કારણ એ પણ છે કે જૈનોએ ધર્મપ્રચારની કળા અને વિવિધ પધ્ધતિઓ વિસારી દીધી છે અને અન્ય વર્ગો માફક આજના જૈનો પણ કેવળ સ્થિતિજડ થઇ ગયા છે. નાટક ધર્મપ્રચારનું તેમજ ધાર્મિક ભાવનાઓના પ્રચારનું એક અગત્યનું સાધન છે અને જ્યારે કેવળ જડ પથ્થર ભગવાનની મૂર્તિનો આકાર ધારણ કરીને ભગવાનનો પાઠ ભજવે તેમાં ધાર્મિક ભાવનાને કશી ક્ષતિ પહોંચતી નથી એમ માનવામાં આવે છે, ત્યારે અનન્ત શક્તિના આત્માને ધારણ કરનાર માનવી કોઇ પણ તીર્થંકરનો રંગભૂમિ ઉપર પાઠ ભજવતાં કયા ધાર્મિક તત્વને હાનિ કરી શકે તેમ છે અથવા તો કઇ રીતે જૈન ધર્મની હાંસી કરાવવાનું નિમિત્ત બની શકે છે એ કલ્પનામાં નથી આવતું. આજે રામ કૃષ્ણ, બુધ્ધ કે જીસસનાં જીવનચરિત્રો જગજાહેર છે, કારણ કે ચિત્રો, નાટકો અને રજતપટો દ્વારા તેમને જગદ્વ્યાપી પ્રસિધ્ધિ મળેલી છે, જ્યારે ભગવાન ઋષભદેવ, નેમનાથ, પાર્શ્વનાથ કે મહાવીરના જીવનની વિગતો દુનિયાના બહુ જ ઓછા લોકો જાણે છે; કારણ કે આજની દુનિયાનાં પ્રચારક સાધનોનો જૈન સમાજે બહિષ્કાર કર્યો છે. જૈન સમાજની આ જડતાએ જૈન ધર્મના વિકાસને જેટલું નુકસાન કર્યું છે તેટલું નુકસાન અન્ય કોઇ કારણથી નથી થયું. જૈનો હજુ પણ સમજે અને સુધરે !

જૈન સમાજમાં વિધવા પુનર્લગ્ન

શ્રી કાન્તિલાલ ગાંધી જેઓ ક્રીકેટ ક્લબ ઓફ ઇન્ડીઆના મેનેજર તરીકેનો મહત્વનો હોદ્દો ધરાવે છે તેમણે પોતાની જ જ્ઞાતિની એક વિધવા બહેન ચંપા સાથે તાજેતરમાં પુનર્લગ્ન કર્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. બહેન ચંપાના પ્રથમ લગ્નનું આયુષ્ય માત્ર અઢાર દિવસનું હતું. આવાં બહેનને વિધવા કહેવી એ એક રીતે અત્યુક્તિ જ ગણાય. પણ સમાજ આવી બહેનને વિધવા ગણે જ છે અને ગમે તેટલી મોટી વાતો હાંકનારા આજના યુવાનોમાંથી ભાગ્યે જ કોઇ આવી બહેન સાથે લગ્ન સંબંધથી જોડાવાને તૈયાર હોય છે. આ આપણો ચાલુ અનુભવ ધ્યાનમાં લેતાં ભાઇ કાન્તિલાલનું પગલું સ્તુત્ય અને અભિનન્દન યોગ્ય ગણાવું જોઇએ. આ લગ્નને બન્ને પક્ષનાં સ્વજનોના તેમ જ ગોંડલનું મહાજન કે જેની સાથે પ્રસ્તુત બહેનનો સંબંધ છે તેણે પણ સંમત કર્યું છે એ ખરેખર આનંદ અને સંતોષની વાત છે અને એ સચવે છે કે વિધવાલગ્ન વિષેની સમાજની સુગ હવે સારા પ્રમાણમાં નાબુદ થવા લાગી છે.

જૈ. શ્વે. મૂ. કોન્ફરન્સનું આગામી અધિવેશન.

પ્રસ્તુત કોન્ફરન્સનું પંદરમું અધિવેશન આવતા ક્રીસમસમાં નીંગાળા મુકામે ભરવાની જવાબદારી નીંગાળા સંઘે ઉપાડી છે અને આ દિશાએ જરૂરી પ્રવૃત્તિઓ શરૂ થઇ ગઇ છે. આ કાર્યના આગેવાન શ્રી. મણિલાલ જેમલ શેઠ છે જેઓ મુંબઇના જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ છે અને મુંબઇની પ્રાન્તિક મહાસભા સમિતિના એક જાણીતા સભ્ય છે. કોન્ફરન્સનું આ અધિવેશન બહુ લાંબા વર્ષોના ગાળે મળે છે અને આ અધિવેશનમાં કેળવણી અને બેકારીનિવારણને લગતા જ પ્રશ્નો ચર્ચવાની મર્યાદા કેટલાક સમય પહેલાં ભરાયેલી અખિલ હિંદની સ્થાયી સમિતિમાં સ્વીકારવામાં આવી છે. આજ સુધી જૈ. શ્વે. મૂ. કોન્ફરન્સનું ગાડું જે રીતે ચાલ્યું છે તે જોતાં સામાન્ય પ્રજામાં કોન્ફરન્સની પ્રવૃત્તિ વિષે ખરેખર બહુ જ મન્દતા અને ઉદાસીનતા પ્રવર્તે છે એમ છતાં પણ આજના સાધુઓ તેમજ શ્રીમાન શેઠીઆઓની આપખુદી અને સ્થાપિત હિતો સામે જનતાનો અવાજ રજુ કરવાની અને જનતાના અવાજ મુજબ આજની અનેક જૈન સંસ્થાઓની પુનર્ઘટના કરવાની શક્યતા કોઇ પણ સંસ્થામાં હોય તો તે આવી લોકપ્રતિનિધિત્વ ધરાવતી કોન્ફરન્સમાં જ છે. લોકોની સંસ્થા તો આવી કોન્ફરન્સો જ થઇ શકે છે. ઉપર જણાવેલી શક્યતાને સક્રિય આકારમાં મૂકવાનો આધાર લોકોના સહકાર ઉપર જ રહે છે. આ અધિવેશનનો ચર્ચા તેમજ કાર્યનો પ્રદેશ મર્યાદિત છે એમ છતાં પણ એ મર્યાદિત પરિસ્થિતિ જ કોન્ફરંસને સાચી પ્રાણવાન બનાવવા માટે હાલ જરૂરી છે. જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને આ કોન્ફરંસને અને તેટલો સહકાર આપવા અને તેના ઘાટઘુટમાં તેમજ કાર્યવાહકોમાં જરૂરી ફેરફારો કરીને સાચી સેવા આપતી અને સમાજને ખરી દોરવણી આપતી સંસ્થા બનાવવાની વિનંતિ કરવામાં આવે છે.

કન્યાશાળાના મકાનનો પાયો

શ્રી. શકુન્તલા કાં. ઈ. જૈન કન્યાશાળાના મકાનનું ખાત મુહૂર્ત આસો શુદ્ધ ૯ ના દિવસે સૌ. શકુન્તલા બહેનના હાથે કરવામાં આવ્યું. શ્રી. મુંબઇ માંગરોળ જૈન સભાને સ્થાપિત થયાને લગભગ પચાસ વર્ષ થવા આવ્યા. આ સંસ્થા કેટલાંક વર્ષોથી એક જૈન કન્યાશાળા ચલાવતી હતી અને જૈન કન્યાઓને અંગ્રેજી ત્રણ ધોરણ સુધી શિક્ષણ આપતી હતી. એ સભાના કામકાજમાં લોકોને બહુ જ સાધારણ રસ હતો અને કન્યાશાળા પણ ચાલુ ઢબ મુજબ ચાલતી હતી.

આવી સંસ્થા ઉપર જ્યારે કોઈ શ્રીમાનોનું મમત્વ જાગે છે ત્યારે તે સંસ્થાનું ભાગ્ય ઉઘડે છે અને તેની આર્થિક દુર્બળતા દુર થવા સાથે એ સંસ્થામાં નવા પ્રાણ અને નવું ચેતન પ્રગટતું દેખાય છે. મુંબઇ અને માંગરોળ જૈન સભા અને તેના હસ્તક ચાલતી માંગરોળ જૈન કન્યાશાળાના સંબંધમાં પણ એમજ બન્યું. સંસ્થાની કોઇ સુભગ ઘડિએ શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆ આ સંસ્થા પ્રત્યે આકર્ષાયા અને તે હસ્તક ચાલતી કન્યાશાળાને તેમણે અપનાવી. માંગરોળ જૈન કન્યા શાળાનું શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ કન્યા શાળામાં રૂપાન્તર થયું; કન્યા શાળાનું ફંડ વિપુલ અને વિપુલ થતું ચાલ્યું; હાઇસ્કુલનાં ધોરણો ખોલવાનો અને એ ત્રણ વર્ષમાં મેટ્રીકના ધોરણ સુધી કન્યાશાળાને પહોંચાડવાનો નિર્ણય કરવામાં આવ્યો; મરીનલાઇન્સ સ્ટેશનની સમીપ બેકબેના દરીયાનું દર્શન કરતો ૧૩૦૦ વારનો પ્લોટ ખરીદવામાં આવ્યો અને બાળ ધોરણથી માંડીને હાઇસ્કુલ સુધીનાં સર્વ કન્યા ધોરણોની જરૂરિયાતોને પહોંચી વળે તેવું મકાન બાંધવાના ઇરાદાથી આશો શુદ્ધ ૯ ના દિવસે પાયો નાંખવામાં આવ્યો.

આજે કેળવણી લેતી બહેનોની સંખ્યા વધતી જ જાય છે અને તેથી ભય રહે છે કે આ મકાન બંધાઇ રહે અને મેટ્રીક સુધીનાં ધોરણો શરૂ થાય એટલામાં જ એ સ્થિતિ ઉભી થશે કે આ પ્લોટ ઉપર ગમે તેટલું મોટું મકાન બાંધવામાં આવે તો પણ ભણતી કન્યાઓનો સમાવેશ કરવા માટે સાંકડું માલુમ પડશે. આ સંભાવના એક રીતે તો શુભસૂચક જ લેખાવી જોઇએ.

પણ અહિં આ સંભાવના રજુ કરવાનો આશય એ છે કે એ મકાન માટે જે પ્લાનો વિચારવામાં આવે છે તેમાં પહેલો બીજો માળ કુટુંબી ગૃહસ્થોને ભાડે આપવાની કલ્પના રાખવામાં આવી હોય એમ જાણવામાં આવ્યું છે. આ બાબત સાચી હોય તો પહેલા બીજા માળની બટના ઉપરના માળો કરતાં અન્ય પ્રકારની કર્યા સિવાય છુટકો જ નથી. કન્યાશાળાના મકાનમાં કુટુંબીઓના વસવાટ બીજી રીતે પણ ઇચ્છવા યોગ્ય નથી; પણ મકાનની એકરૂપતાની દૃષ્ટિએ પણ આવો પ્લાન ઇષ્ટ નથી. વળી આજની સંખ્યા ઉપરથી કાર્યવાહકો રખે ભૂલ કરે કે તેઓ પહેલો બીજો માળ ફાજલ પાડી શકશે અને તેની આવકનો લાભ કન્યાશાળાને આપી શકશે.

આ કન્યાશાળામાં આજે મફત શિક્ષણ આપવામાં આવે છે અને સારા અને ધનવાન કુટુંબની બહેનો પણ આ કન્યા શાળામાં ભણે છે. આજ બહેનો બીજી સંસ્થાઓમાં પુરી ફી આપીને ભણતી હોત. આજનું શિક્ષણ દિન પ્રતિ દિન ખરચાળ બનતું જાય છે. શિક્ષકો ઓછા પગારમાં પણ મળે અને વધારે પગારના પણ મળે. પણ જેવો પગાર આપો તેવી શિક્ષણશક્તિ સંગ્રહિત કરી શકો. સંગીન શિક્ષણ અને મફત વિદ્યાદાનનો મેળ લાંબો વખત ટકી શકતો નથી. ખર્ચ વધતો જાય એમ કાર્યવાહકોને કરકસર કરવાની ફરજ પડે અને તેનું પરિણામ શિક્ષણના સ્વરૂપ ઉપર પણ પડયા વિના ન રહે. આ બાબત આજે કે આવતી કાલે એ સંસ્થાના કાર્યવાહકોએ વિચારવી જ જોઇએ અને જેટલી તે વહેલી વિચારાય અને નક્કી થાય તેટલું વધારે ઇચ્છવા યોગ્ય છે. આ પ્રસંગે શ્રી. મુંબઇ માંગરોળ જૈન સભા કન્યાશાળા માટે આટલા લાંબા સમયે પોતાનું મકાન પ્રાપ્ત કરવાની સ્થિતિએ પહોંચે છે તે માટે તે સભાને અને એ સ્થિતિ સાધી આપનાર ઉદાર શ્રીમાનોને ખરેખર ધન્યવાદ ઘટે છે.

શ્રી શકુન્તલા જૈન કન્યાશાળાનો વાર્ષિક ઉત્સવ.

દર વર્ષ માફક આ વર્ષે પણ વિજયા દશમીના દિવસે પ્રસ્તુત કન્યાશાળાએ પોતાનો વાર્ષિક ઉત્સવ ઉજવ્યો હતો અને તે પ્રસંગે આ કન્યાશાળામાં ભણતી બહેનોએ તેમજ મહિલા સમાજ સાથે જોડાયેલી કેટલીક બહેનોએ એક રસમય કાર્યક્રમ રજુ કર્યો હતો. આ કાર્યક્રમની કેટલીક વિગતો હજુ જરૂર સુધારણા માંગે છે અને આ કાર્યક્રમની રજુઆત ગમે તેટલી સુંદર અને સફળ હોય એમ છતાં પણ આ દિશાએ કામ કરતી બીજી જાણીતી શિક્ષણ સંસ્થાઓની હજુ આપણે પાછળ છીએ–આગળ નથી–એમ પણ કબુલ કરવું જોઇએ. આમ છતાં પણ આગળના ઉત્સવો અને તેમાં રજુ થતા કાર્યક્રમો સાથે આ વર્ષના કાર્યક્રમની સરખામણી કરતાં મોટો તફાવત એ માલુમ પડતો હતો કે આજ સુધી જે કાંઇ રજુ થતું હતું તે નાટકી હતું, યાંત્રીક લાગતું, તે પાછળ ગાનાર, નાચનાર કે અભિનય કરનાર બહેનોનો આત્મા નહોતો દેખાતો, કરવું પડે છે, કરવું જોઇએ, કર્યા વિના ન ચાલે એવા જ ભાવથી બધી બહેનો પોતપોતાને સોંપાયેલ પાઠ ભજવતી, જ્યારે આ વખતના કાર્યક્રમ પાછળ કન્યાઓમાં કોઇ જુદોજ ઉલ્લાસ અને થનગનાટ દેખાતો હતો. તેઓ માત્ર આપણને રીઝવવા ખાતર જ ગાતી કે નાચતી નહોતી. ગાયન અને નૃત્યમાં રહેલો કુદરતી આનંદ તેઓ જાતે અનુભવતી અને માણતી હોય એમ સ્પષ્ટ તરી આવતું હતું. આજ સુધી સંગીત બહારથી ઘસડી આવેલી અને બાળાઓ ઉપર લાદેલી વસ્તુ દેખાતી હતી. આજે સંગીત શાળાના વાતાવરણમાં–અંગ ઉપાંગમાં–પ્રસરી રહ્યું હોય એમ રાસ કે ગરબા લેતાં લેતાં આનંદ અને તન્મયતાથી ઉછળતી કન્યાઓના હાવભાવ ઉપરથી કોઇને પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નહોતું. આ પ્રગતિ ખરેખર આવકારદાયક ગણાય અને તે માટે કન્યાશાળાના શિક્ષણગણને જરૂર ધન્યવાદ ઘટે. **પરમાનંદ.**

'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકોને

'પ્રબુદ્ધ જૈન' નું બીજું વર્ષ તા. ૧–૫–૪૦થી શરૂ થયું છે. 'પ્રબુદ્ધ જૈન' ના કેટલાક ગ્રાહકો તરફથી ચાલુ વર્ષના લવાજમના રૂ. ૨ હજુ સુધી મળ્યા નથી. તે ગ્રાહક બંધુઓને ચઢેલું લવાજમ મનીઓર્ડરથી અથવા બીજી કોઇ રીતે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. જે જે ગ્રાહકોનાં તા. ૩૦–૧૦–૪૦ સુધીમાં લવાજમ નહિ આવે તેમને હવે પછીનો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે જે કૃપા કરીને સ્વીકારી લેવાની વિનંતિ કરવામાં આવે છે.

'પ્રબુદ્ધ જૈન' અને દિવાળી

દીવાળી આવે છે; એક વર્ષ પુરું થશે; બીજા વર્ષનો પ્રારંભ થશે. આ મંગળ પ્રસંગે 'પ્રબુદ્ધ જૈન' ને યાદ કરવા અમો પ્રબુદ્ધ જૈનના વાંચકો, ગ્રાહકો અને પ્રશંસકોને વિજ્ઞપ્તિ કરીએ છીએ. પ્રબુદ્ધ જૈને જૈન સમાજના સામયિકોમાં જુદી જ છાપ પાડી છે; વિશાળ વિચારો અને ઉચું સાહિત્ય તેણે સારા પ્રમાણમાં પુરું પાડયું છે અને તે સેવા આઠ પાનાને બદલે અઢાર નવાર દશ પાના અને કદિ કદિ બાર પાના આપીને તેણે બજાવી છે. ઉંચા ધોરણ ઉપર રહીને અને ચોકકસ આદર્શોને વલગી રહી સેવા આપનાર આ પત્રની ગ્રાહક સંખ્યા હજુ બહુ થોડી હોવાથી દર વર્ષે લગભગ રૂ. ૭૦૦ ની ખોટ આવે છે. આ ખોટ 'પ્રબુદ્ધ જૈન'ને ચાહનારા વર્ગે પુરી કરવી રહી. દીવાળી અને બેસતા વર્ષના મંગળ અવસરે 'પ્રબુદ્ધ જૈન'ને યાદ કરવા અને તેને પડતી આર્થિક ખેંચમાં રાહત આપવા અને દીવાળીની ખોણીરૂપે કાંઇને કાંઇ મદદ આપવા સંઘના સભ્યોને તેમજ 'પ્રબુદ્ધ જૈન'ના પ્રશંસકોને પ્રાર્થના કરવામાં આવે છે.

ખાદી હુંડીનું વેચાણ.

ગયા વર્ષ માફક આ વર્ષે પણ ખાદી હુંડીનું વેચાણકાર્ય સંઘના સભ્યોએ હાથ ધર્યું હતું. ગયા વર્ષનું વેચાણ રૂ. ૨૦૦૦) લગભગ પહોંચ્યું હતું. આ વર્ષનું વેચાણ વધ્યું છે અને લગભગ રૂ. ૩૦૦૦) સુધી પહોંચ્યું છે. જે જે ભાઇ બહેનોએ આ પવિત્ર કાર્યમાં સહકાર આપ્યો છે તે સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. સંઘના સભ્યો તરફથી ખાદી હુંડીના થયેલાં વેચાણની વિગતવાર નોંધ આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

આગામી વસ્તી ગણતરી.

જૈન બંધુઓને વિજ્ઞપ્તિ કે આગામી વસ્તી ગણતરીને અંગે તમારી પાસે સરકારી કે મ્યુનિસિપાલિટીના માણસો નોંધ કરવા આવે ત્યારે ખાસ ધ્યાન રાખીને કહેવાનું કે :—

ધર્મે–જૈન (કોલમ નં. ૪)
જ્ઞાતિ–વાણીયા, ઓશવાલ, પોરવાડ, ભાવસાર વિગેરે જે હોય તે (કોલમ નં. ૩)

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

આપણી જૈન પાઠશાળાઓ

થોડા દિવસ પહેલાં એક 'ધર્મપ્રેમી' મિત્ર મારે ત્યાં આવી ચઢ્યા. વાતચીતમાં એમણે મારી પુત્રીને પૂછ્યું: 'તને સામાયક આવડે છે કે ?'

છોકરીએ મારા સામે જોયું. 'સામાયક' શબ્દ એને માટે તદ્દન નવો હતો. એટલે મારે ખુલાસો કરવો પડ્યો. 'સામાયકમાં એ નહિ સમજે.'

મારા મિત્રને જરા દુઃખ થયું. એક વખતે હું જૈન શાળાઓનો આચાર્ય હતો, અને મારાં બાળકો 'સામાયક' ન જાણે, એ વાત એમને ગમી નહિ. પછી ધાર્મિક શિક્ષણ અંગે અને આપણી જૈનશાળાઓ વિષે ચર્ચા થઇ. મારા વિચારો જાણી મારા કર્તવ્યની વાસ્તવિકતા એમને સમજાઇ. છતાં 'કંઇ નહિ તો ધાર્મિક વાતાવરણ મેળવવા માટે મારે બાળકોને જૈનશાળાએ મોકલવાં જોઇએ.' એવો તેમનો અભિપ્રાય હતો.

આપણી ધાર્મિક શિક્ષણની સંસ્થાઓ સામે તો હું એક તહોમતનામું ઘડી શકું એવો કડવો અનુભવ મને થયો છે. એ સંસ્થાઓમાં અહીં તહીં થોડા ફેરફાર કે સુધારાઓ કર્યે દી વળવાનો નથી એવી મારી ખાત્રી થઇ છે. એમાં તો મૂળગત ફેરફારો અને શિક્ષણવિષયક ક્રાન્તિની જ જરૂર છે, એમ હું માનું છું અને ચાલુ વ્યવસ્થા નીચે એ થવું અશક્ય હોઇને જૈનશાળાના આચાર્યપદેથી મારે દૂર થવું પડ્યું છે.

આ આપણી સંસ્થાઓમાં જે કેટલીક મુખ્ય ખામીઓ છે, તે જ આ લેખમાં જણાવીશ.

(૧) પ્રથમ તો જેમને શિક્ષણ કે કેળવણીના વિષયનો કશો શાસ્ત્રીય અભ્યાસ કે અનુભવ નથી, માત્ર ધાર્મિક-ખરું કહું તો સાંપ્રદાયિક-લાગણીઓને જેઓ વશ છે, એવા પીઢ ગૃહસ્થોના હાથમાં આ સંસ્થાનો સંપૂર્ણ વહીવટ અને કાબુ છે. શિક્ષણ કે ધર્મવિષયક નવી દૃષ્ટિવાળા વિચારકો કે જુવાનોને એમાં સામેલ રાખવામાં આવતા નથી. પરિણામે જૈન શાળાઓનું શિક્ષણ જુની ઘરેડમાંથી નીકળતું નથી, તેમ જ નવા વિચારનો શિક્ષક તેમને પોષાતો નથી.

(૨) મુખ્યત્વે જૈન શાળાઓ દેરાસર કે ઉપાશ્રયની નજદિકમાં અથવા તો એના જ કમ્પાઉન્ડમાં હોય છે, તો કોઇ વાર મોટી બજારના લત્તામાં કે ગંદી સાંકડી શેરીમાં હોય છે. કોઇ પણ શાળા આવા વાતાવરણમાં ચલાવી શકાય નહિ. બાળકોનાં મન ઉપર વાતાવરણની ખૂબ અસર નીપજે છે.

(૩) આ શાળાઓમાં અપરિચિત માગધી ભાષામાં લખાયેલાં ક્રિયાજ્ઞાનનાં પુસ્તકો ગોખાવવામાં આવે છે. જેનો પોતે અર્થ સમજતાં નથી, એવા શબ્દો ગોખવામાં બાળકને કંટાળો આવે છે. વળી તેનો અર્થ સમજવામાં પણ બાળકને રસ પડતો નથી. કારણ કે એમાં માત્ર ક્રિયાના પાઠો જ હોય છે. એ સમજવા માટે પૂર્વભૂમિકા તરીકે કેટલુંક પ્રાથમિક જ્ઞાન આવશ્યક છે, જે તેમને મળેલું હોતું નથી.

(૪) જૈન શાળાના શિક્ષણમાં વાર્તા, કાવ્ય, ધર્મ સંબંધે પ્રાથમિક જ્ઞાન, સાહિત્ય, જગતના જૂદા જૂદા ધર્મોનાં મૂળતત્વો વિગેરેનો સમાવેશ થતો નથી. ક્વચિત એવું શિખવાય છે ત્યાં તે શરૂઆતમાં હોવાને બદલે પાછળના અભ્યાસક્રમમાં ગોઠવેલું હોય છે. ત્યાં પહોંચ્યા પહેલાં ઘણાં ખરાં બાળકો શાળામાંથી નિવૃત્ત થાય છે. એટલે ખરું શિક્ષણ એમને મળતું નથી.

(૫) ધાર્મિક શિક્ષણ સાથે વ્યવહાર અને નીતિનું શિક્ષણ, રાષ્ટ્રીય દ્રષ્ટિ, સંસ્કૃત કે હિંદુસ્તાની ભાષાનું જ્ઞાન, સંગીતાદિકળા વિગેરે બાળકોને આ શાળાઓમાં મળવું જોઇએ તે મળતું નથી. ચારિત્ર્ય અને સંસ્કારનું જે ઘડતર એમાં થવું જોઇએ તે પણ થતું નથી; પરંતુ ક્રિયાજડતા, સાંપ્રદાયિકતા ધર્મઘેલછા વિગેરે અવગુણોનો તેમનામાં પ્રવેશ થઇ જાય છે.

(૬) આવી સંસ્થાઓ માટે જેવા સંસ્કારી, શિક્ષિત, ચારિત્ર્યશીલ અને ભાવનાશાળી શિક્ષકો જોઇએ તેવા મળતા **નથી** તેનું મુખ્ય કારણ અતિ ટુંકા ચાર-ચાર કે છ-છ રૂપિયાના પગારો છે. ધર્મ જેને આપણે ઘણી ઉંચી વસ્તુ માનીએ છીએ, એના અધ્યાપકને આપણે નીચામાં નીચો પગાર આપવા માંગીએ છીએ. ખરી રીતે આપણને ધર્મની કે શિક્ષણની કિંમત નથી.

(૭) કેટલીક શાળાઓના વિદ્યાર્થીઓને પ્રેતભોજન જમાડવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓના સંસ્કારમાં બગાડો થાય છે. કેટલેક ઠેકાણે વિદ્યાર્થીઓને કોઇને ત્યાં જમવા લઇ જવામાં આવે છે અને ત્યાં તેમની સાથે ભિક્ષુક જેવું વર્તન ચલાવવામાં આવે છે. જ્યાં આવું ચાલે છે, ત્યાં કોઇ સ્વમાનપ્રિય માણસ પોતાનાં બાળકને કેમ મોકલે ?

(૮) જૈનશાળાનાં બાળકોને લીલોતરી, કંદમૂળ તથા રાત્રી ભોજન વિગેરે સામે સૂગ કેળવવામાં આવે છે અને મુહપત્તી-બંધન કે ચૈત્યવંદનને ફરજીયાત કરી, એવી નજીવી બાબતોનું મહત્વ વધારવામાં આવે છે; પરંતુ એમના શરીર વિકાસ, સ્વચ્છતા, બુધ્ધિ વિકાસ, સહનશીલતા વિગેરે કેળવવા તરફ કશું લક્ષ અપાતું નથી. તેમને અહિંસાને નામે ડરપોક અને સત્યને નામે વેવલા બનાવવામાં આવે છે. સાચી વીરતા અને સેવાના ખ્યાલો તેમની પાસે મુકવામાં આવતા નથી. એમનાં જીવનઘડતર વિષે કોઇ પરવા કરતું નથી.

આ શાળાઓની સ્થિતિમાં આ મૂળભૂત ખામીઓ દૂર કરીને યોગ્ય ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી સુજ્ઞ વડીલોએ પોતાનાં બાળકોને જાતે ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ. એમ ન બને તો નાનપણમાં એ શિક્ષણથી ભલે એ વંચિત રહેતાં ! મોટી ઉમરના થતાં તેમની આગળ તટસ્થ દૃષ્ટિનાં અને સદ્ જ્ઞાનનાં પુસ્તકો મૂકીને ધાર્મિક શિક્ષણ આપવું એ સારું છે. આવી શાળાઓમાં મોકલીને તેમને બગાડવાનું પાપ માબાપોએ ન વહોરવું જોઇએ. **જટાશંકર મહેતા.**

તારી પાંખો દેને પંછી!

તારી પાંખો દેને પંછી, જઇ હું આભ અટારી ઉડું !
સરસર સરતી વાદળીઓને, પલમાં પકડી લાવું !
ઝમુક ઝમુક થઇ ઝળકી જાતાં, તારલીયા બોલાવું !
સૂણવા ગાન ગગનનું રૂડું, જઇ હું આભ અટારી ઉડું ! ૧
શશિ ભાનુ ભેરૂ ભેળા થઇ, સંતા કુકડી રમતાં !
દોટ મૂકી દરિઆમાં બેસે, જળકન્યાને મળતાં !
પકડી બન્ને અત્રનિ આણું, ગાવા નિસર્ગનું ગાણું ! ૨
પાંખ આપ તું પંખી વ્હાલા, વિજલીને બતલાવું !
કેમ શકે સરકી એ મૂજથી, ખીસ્સામાં સરકાવું !
પૂરી હૈયે હું લાવું, આવી વ્યોમ ગીત ગાઉં ! ૩
રંગીશ તહારી પાંખો પંછી, મેઘ ધનુના રંગે !
નિહારિકાયે સ્નાન કરીને, આવું જળ ઢિલ ચંગે !
પાછળ પૂંછડીઓ આવે, ભલે નિજ પૂચ્છ ફફડાવે ! ૪
પલભર પાંખો દે તું પંછી, દેવદ્વાર ખખડાવું !
હૈયાની જ્વાળા સૌ હલવી, હલકે હૈયે આવું !
ગીતડાં ઉર થકી ગાઉં, જગમાં પ્રભુતાને પથરાવું ! ૫

હિંમતલાલ તા. શાહ.

એક ભુખ્યા ભિક્ષુકને રોકડો જવાબ

"રાવસાહેબ રાવસાહેબ!"

એક દિવસ રાત્રે આઠ વાગે મારા દરવાજા ઉપર ઉભેલા એક માણસના શબ્દો મેં સાંભળ્યા. હું સમજી ન શક્યો કે આ વખતે મારું શું કામ હશે?

"શું આપ મને ચાર આના આપી શકશો?"

આવો માણસ કોણ હશે? અથવા તો એ ભિક્ષુક હોય તો પણ કોઇ જુદી જાતનો લાગે છે! સાધારણ રીતે તો જ્યાં સુધી ભિક્ષુકને પૈસા ન મળે અથવા મળવાની બાબતમાં તેને પુરે પુરી નિરાશા ન થાય ત્યાં સુધી એ માંગતો જ રહેવાનો અને પોતાની કમનસીબી ગાયા કરવાનો. પરંતુ આ આવનાર તો કોઇ જુદોજ લાગતો હતો. તે એવી રીતે માંગતો હતો કે જાણે કે તે પોતાની કોઇ લેણી રકમ વસુલ કરવા આવ્યો હોય. પહેલાં પહેલાં તો મને એમ લાગ્યું કે મારું કાંઇ કામ એણે કર્યું છે એના પૈસા મારી પાસે માંગવા આવ્યો છે. એટલા માટે મેં પૂછ્યું કે 'શેના ચાર આના?' મને લાગ્યું કે અખિલ ભારત સંઘના કેન્દ્રસ્થ ભંડારથી સ્ટેશન સુધી માલ લઇ જવાનું ભાડું માંગવા કોઇ ગાડીવાળો આવ્યો હશે.

પછી દરવાજાની થોડેક અંદર આવીને તે ફરીથી બોલ્યો "હું ભૂખ્યો છું; એટલા માટે માંગી રહ્યો છું."

એ ભીખ માંગતા અચકાતો હતો. એ ઉપરથી લાગતું હતું કે એ બીનઅનુભવી ભિખારી હતો મેં એને સાફ કહી દીધું કે "હું તને કાંઇ આપી શકતો નથી. અહીંથી ચાલ્યો જા." પાછળથી મને માલુમ પડયું કે એ કોઇ કારીગર હતો. એણે મને કહ્યું હતું કે "હું એક બેકાર સુથાર છું. ગામ ઘણું મોટું છે છતાં કામ શોધતાં શોધતાં થાકી ગયો છું. પાસે એક કોડી નથી. એટલા માટે ખાલી પેટે પીડાતો રીબાતો હું જ્યાં ત્યાં ભટક્યા કરું છું."

મેં એને મારી પાસે ન બોલાવ્યો. એનું મોઢું જોવાની પણ મેં હિંમત ન કરી. મને એ બીક લાગી કે કદાચ એનું ચિન્તાભર્યું ભુખ્યું મોઢું જોઇશ તો મારાથી ચાર આના આપ્યા વિના રહેવાશે નહિ. એ ચાર આનાથી બે આના ઉપર આવ્યો અને બે આનાથી એક આના ઉપર આવ્યો. તો પણ હું એકનો બે ન થયો. એ બીચારો ખૂબ દુઃખી થતો ભારે પગલે પાછો ચાલતો થયો.

એ ખરેખર ભુખ્યો અને દુઃખી માલુમ પડતો હતો. 'શું એને પૈસા આપવા એ મારું કર્તવ્ય હતું? શું હું સર્વ સભ્ય દેખાતા બેકાર કારીગરોને આ રીતે સહાયતા કરી શકું છું? મીલની હરીફાઇના પરિણામે જે હજારો વણકરો બેકાર થઇ ગયા છે તેમના માટે હું શું કરી શક્યો છું?" એકજ જવાબ મળ્યો કે 'હું લાચાર છું, લાચાર છું.' ભારત વર્ષની સર્વ બેકારી અને લાચારીના આપણે અસહાય સાક્ષી છીએ.

પણ એ સુથાર કે જેને મેં રોકડો જવાબ દઇ દીધો હતો તેના સંબંધે શું? એને શું હું જમવાનું પણ કહી શકતો નહોતો? શું હું એની પાછળ જઇને એને બોલાવી લાવું? જો હું એને બોળવા જાઉં તો લોકો મારી મશ્કરી કરશે કે સાહેબ એક ભૂખ્યા ભીખારીની શોધમાં નીકળ્યા છે.

કેવલ મનની દુર્બલતાથી અથવા તો શરીરની જડતાથી એ કારીગરની મેં તપાસ ન કરી, પરંતુ મારા અન્તરાત્માએ મને બેચેન બનાવી મૂક્યો.

આવી પરિસ્થિતિમાં બીજાના ઉપર દોષ નાંખવો એવી આપણી રીત છે. મેં પણ એમજ કર્યું. "દેશના બેકાર કારીગરોને કામ અથવા તો અન્ન દેવાની શું સરકારની ફરજ નથી? જરૂર એ ફરજ તો સરકારનીજ છે. તો પછી એવી નકામી ઉપાધિ ધારણ કરી હું શું કામ હેરાન થાઉં?" એક રીતે દલીલ હતી તો ખરી. પરંતુ હું મારા ચિત્તને શાન્ત કરવામાં સફલ ન થયો.

હનુમન્તરાય કૌજલગી

ટિપ્પણી–શ્રી કૌજલગીને જે અનુભવ થયો એવા અનુભવો મારા જેવા ઘણા લોકોને કોઇને કોઈ વાર થયા હશે. લગભગ એક વર્ષ પહેલાં વર્ધાના એક સજ્જન મારી પાસે આવ્યા. એક દિવસ પહેલાં એમની પાસે એક નૌજવાન આવ્યો અને ખાવાને માટે બે ચાર આના માંગવા લાગ્યો. જેમ આપણે ચાલુ વર્તીએ છીએ તેવી રીતે એ સજ્જને પણ એ નૌજવાનને તમારી જેવા તગડા જવાનને ભીખ માંગતા શરમ આવવી જોઇએ વગેરે વગેરે ઉપદેશ આપીને ખાલી હાથે રવાના કરી દીધો. બીજે દિવસે સવારે સાંભળ્યું કે કોઇ એક જુવાન માણસે રેલ્વેના પાટા ઉપર સુઇને આત્મહત્યા કરી છે. આ બનાવ નજીકમાંજ બનેલો હોવાને કારણે પેલા સજ્જનને કુતુહલ થયું અને એ પણ શબ જોવાને ગયા. એને અજાયબી પૂર્વક માલુમ પડયું કે એ તો પેલો જ નૌજુવાન હતો કે જેને પોતે કડક શબ્દો સંભળાવીને હાંકી કાઢ્યો હતો. આ જોઇને એ સજ્જન બીચારા બહુ દુઃખી થયા. એ દુઃખી થાય કે ન થાય, પરંતુ એક જીવ તો ગયો. અનેક આશાઓનો ભંડાર જેનો નષ્ટ થઇ ચુક્યો હતો એવો એ બીચારો હવે થોડોજ પાછો આવવાનો હતો? ફરી પણ આપણને વિચારવું ઘટે છે કે આવા મામલામાં આપણું શું કર્તવ્ય છે? શું ભીખ માંગવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી શકાય ખરૂં? અથવા તો આપણે તેને કામ ન આપી શકીએ તો શું કરવું? હું તો એ નિશ્ચય પર આવ્યો છું કે કમમાં કમ આપણી જેવા મધ્યમ અથવા સારી સ્થિતિવાળા લોકોએ કોઇપણ ભુખ્યાને 'કેમ કામ કરતો નથી? કેમ ભીખ માંગે છે' એટલું કહીને એવા લોકોને ટાળવા એ ઠીક નથી આપણી દેવાની શક્તિ અથવા શ્રધ્ધા ન હોય તો તેની મારી માંગી લેવી અને બીજી કોઇ વ્યકિતને શોધી લેવાની તેને વિનંતિ કરવી. કામ કરવાનો ઉપદેશ તો ત્યારેજ આપી શકાય કે જ્યારે આપણે પોતે તેને કામ કરવાની સગવડ કરી આપીએ અથવા તો તેને કામ મળે એવી કોઇ ચોકકસ જગ્યા દેખાડી શકીએ.

શું આપણે પ્રતિજ્ઞાપૂર્વક એમ કહી શકીએ એમ છે કે જે રોટલો આપણે ખાઇએ છીએ એમાં આપણો પૂરેપૂરો પસીનો ભર્યો છે? આપણા કોલેજમાં ભણતા છોકરા છોકરીઓ રજામાં બે ત્રણ મહીના મોજમજા કરે છે એ શું કામ કરીને પેટ ભરે છે? અથવા તો એવી સરત મૂકવી ઠીક છે કે દરેકે કામ કરીનેજ ખાવું જોઇએ? યોગ્ય રીત તો એ લાગે છે કે દરેકને એમ કહેવું કે ખાધા પછી કામ કરવાનું કબુલ કરો અને આ ખાવાનું ખાઇ લ્યો! ભગવાને પણ પહેલાં ખવરાવ્યું છે, અથવા તો ખાવાનો પ્રબંધ કર્યો છે અને પછી કામ કરવાનો ધર્મ શિખવ્યો છે. માનવ નીતિ એ ધર્મથી ઉલટી કેમ હોઇ શકે?

કિશોરલાલ ઘ. મશરૂવાળા

[સર્વોદયના સપ્ટેંબર માસના અંકમાંથી ઉદ્‌ધૃત]

દાનોના ટ્રસ્ટી

આ લેખમાં રાજનીતિમાં વપરાતા ટ્રસ્ટી શબ્દનો વિચાર કરવો નથી. પણ આર્થિક અથવા સાર્વજનિક કામો માટે નિમાતા ટ્રસ્ટીઓના ધર્મોનો થોડોક વિચાર કરવો છે.

ગૂજરાતીમાં ટ્રસ્ટી માટે જૂના શબ્દો વાલી અને પંચ છે. હાલમાં સંરક્ષક, નિધિપ એવા શબ્દો પણ વપરાવા લાગ્યા છે.

મૂળે ઇંગ્લંડમાં ટ્રસ્ટીની યોજના સગીર, ગાંડા કે બીજી રીતે પોતાની મિલકતનો વહીવટ કરવાને નાલાયક હોય અથવા ભવિષ્યમાં અધિકારી થવાના હોય તેમની મિલકતનું રખોપું—વાલીપણું—કરવા થતી એમ જણાય છે. દેખીતું છે કે એવા વાલીનું કર્તવ્ય એ જ હોય કે તે મિલકતને સારામાં સારી રીતે સાચવવી, એમાંથી જે ખર્ચ કરવો પડે તે ઘણી કરકસરથી કરવો, અને અંતે જ્યારે હકદારને તે સોંપવાનો વખત આવે ત્યારે મિલકત વધીને તેના હાથમાં જાય એમ જોવું. આ કામ વિશ્વાસુ માણસોને જ સોંપી શકાય, અને 'ટ્રસ્ટી' શબ્દનો અર્થ 'વિશ્વાસુ માણસ' એટલો જ થાય છે. તે ખરા અધિકારીના બાપની જગાએ હોય, માટે ગૂજરાતીમાં તે વાલી કહેવાય છે.

પણ આગળ જતાં વિશ્વાસુ માણસનો ઉપયોગ કરવાનું ક્ષેત્ર વધ્યું. જ્યારે કોઇ માણસ પોતાની મિલકત કોઇક સારા કામમાં બરાબર રીતે ખર્ચાય તે માટે કોઇ વિશ્વાસુ માણસને સોંપે, ત્યારે તેને માટે પણ ટ્રસ્ટી શબ્દ વપરાશમાં આવ્યો આપણે એને 'પંચ' કહીએ છીએ.

પણ આમ બંને જાતના વિશ્વાસનાં કામો માટે ટ્રસ્ટી શબ્દ વપરાશમાં આવવાથી બંનેના ધર્મો વચ્ચેનો ભેદ ધ્યાનમાંથી નીકળી ગયો છે અને ખોટી સમજણ ઉત્પન્ન થઈ છે. સંરક્ષક શબ્દ યોજવામાં એ ગોટાળાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

ઉપર કહ્યું તેમ વાલીનો ધર્મ મૂળ રકમને સાચવવી, વધારવી અને યોગ્ય કાળે સાચા હકદારને સોંપી દેવાનો છે. એટલે તે ખરેખર ધનનો 'સંરક્ષક' જ છે.

પણ પંચનો ધર્મ કાંઇક જુદા પ્રકારનો છે, એની મુખ્ય ફરજ ધનને વધારવાની નથી પણ દાતાના હેતુઓ સિદ્ધ થાય તે રીતે, વાપરવાની છે. જ્યાં સુધી વપરાઈ નથી ત્યાં સુધી એને વેડફાતી કે બગડતી અટકાવવા માટે એની રક્ષા કરવાની ફરજ ઉભી થાય છે ખરી; પણ તે આનુષંગિક ધર્મ છે. પંચની મુખ્ય ફરજ તો પોતાને સોંપાયેલી મિલકતના સંરક્ષક બનવાની નહિ, પણ સુવ્યયી—સારી રીતે ખરચનાર—બનવાની છે.

પણ માણસમાં એક બાજુથી દાનવૃત્તિ હોય છે અને બીજી બાજુથી ધનસંગ્રહમાં તીવ્ર આસ્થા હોય છે. તેને લીધે દાન કરનારા તેમજ તેના પંચો બંને દાનની મિલકતના સંરક્ષક બની રહેવાનો ધર્મ જ માનતા થયા છે.

કાયદાએ પણ તેવી સગવડ કરી આપેલી છે. દા. ત. ખાનગી ટ્રસ્ટની બાબતમાં દીકરાના દીકરા સૌ કોઇ વ્યાજ જ ખાય, કોઇ મૂડીને અડી જ ન શકે એવું ટ્રસ્ટ કરી શકાતું નથી. મૂડી ખરચી ન નાંખવાનું બંધન અમુક હદ સુધી જ મૂકવાની કાયદાની છૂટ છે. પણ દાન માટે કાઢેલી રકમમાં આવું બંધન હમેશ માટે મૂકી શકાય છે. દાનવૃત્તિ પર સંગ્રહવૃત્તિએ કેટલો કાબૂ જમાવેલો છે તેનું આ ઉદાહરણ છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં મૂડી ન વાપરવાની શરત નાખવામાં દોષ સમજવો જોઇએ. દાનવૃત્તિમાં સંગ્રહવૃત્તિનું મિશ્રણ કરવું તે દૂધમાં પાણી મેળવ્યા બરાબર છે. છતાં એ મુદ્દાને જવા દઇએ. ભલે દાનની શરતોની મર્યાદામાં પંચો રહે.

પણ દાનની શરતોની હદમાંયે સંરક્ષકપણાનો ધર્મ સમજનાર પંચો પોતાની જ સંગ્રહવૃત્તિથી દાનનો અધૂરો ઉપયોગ કરે છે. અધિકારપૂર્વક વાપરી શકાય તેટલીયે રકમની છેલ્લામાં છેલ્લી પાઇ ખરચી નાંખવાને બદલે જે ટ્રસ્ટી કરકસર કરી બચત કરે તે વધારે કર્તવ્યનિષ્ઠ ગણાય છે. આ દેખાડે છે કે પંચના મન ઉપર સંરક્ષકપણાનો સંસ્કાર દૃઢ હોય અને સુવ્યય કરવાનો સંસ્કાર હોય તે બેમાં ઘણો ભેદ પડી જાય છે. સંરક્ષકપણાના સંસ્કારને લીધે એક દાનની સો રૂપિયા ઉપજ થતી હોય તો પંચોતેર કે એંશી રૂપિયા ખરચી, વીસ-પચીસ રૂપિયા બચાવવાની વૃત્તિ થાય છે. સુવ્યયનો સંસ્કાર હોય તો નવ્વાણું રૂપિયા ખરચ્યા અને એક રૂપિયો બાકી રહી જાય તો એમ લાગવું જોઇએ કે એટલે એક રૂપિયો ન વપરાયો એ ટ્રસ્ટીની ફરજ બજાવવામાં ઊણપ આવી.

પંચનો પ્રધાન ધર્મ દાનની શરતો પ્રમાણે દાનને પૂરેપૂરું ખરચી નાંખવાનો છે. નછૂટકે જ એમાં ઉગારો થવો જોઇએ. એમાં નાંખેલી શરતોની મર્યાદા ઉપરાંત તો વધારો ન જ થવો જોઇએ. જો અમુક વખત સુધીમાં પંચ એ રકમ ન વાપરી શકે તો એનો જુદી રીતે ઉપયોગ કરવાનો રસ્તો પંચે સૂચવવો જોઇએ અને કાયદાએ પણ તેવી ફરજ તેના પર નાંખવી જોઇએ. તેમ તેઓ રસ્તો ન કાઢે તો કાયદાએ લોકહિતમાં તેને વાપરવાની રીતો કાઢવી જોઇએ.

પણ આમ થતું નથી. તેને પરિણામે કરોડોના ધર્માદા વગર-વપરાયે વચ્ચે જ જાય છે અને છેવટે, લાંબે કાળે, કોઇ ને કોઇ ખાનગી વ્યક્તિઓને પચી જાય છે. ટ્રસ્ટી કે મહેતા ઉચાપત કરે છે અથવા પોતાની ખાનગી મિલકતમાં ભેળવી નાંખી પોતાની મિલકત સાથે તેનુંયે દેવાળું કાઢે છે, અથવા કોર્ટ દરબારમાં ખપી જાય છે. આને જ અંગે એક બીજી પણ વિચારવા જેવી બાબત છે. દાનની મિલકતને 'સહ્ય જમીનગીરીઓ'માં જ રોકવાની એક ફરજ સાધારણ રીતે પંચો ઉપર નાંખવામાં આવે છે. ખરું પુછતાં, દાનની મિલકતને દાન સિવાય બીજા કામમાં વાપરવાની ફરજ નાંખવા બરાબર આ છે. માનો કે એક દાતા પાંચ લાખ રૂપિયા શિક્ષણકામમાં વાપરવા ધારેછે. ઉપર જણાવેલી સંગ્રહવૃત્તિની માયાથી તે એવી શરત કરે છે કે એનું વ્યાજ જ માત્ર વપરાય. ભલે એ મોહ થયો તો થયો. પણ પંચ એ પાંચ લાખ રૂપિયા શિક્ષણકામને લગતા કોઇ વ્યવસાયમાં રોકવાને બદલે સરકારી લોનમાં કે મારગેજમાં કે છેવટે કોઇ બૅંકમાં મુદતી ડિપૉઝીટ તરીકે રોકે છે. એનો અર્થ એ થયો કે સરકારે જે કામ માટે લોન કાઢી હોય, કે મારગેજની મિલકત જે કામમાં વપરાતી હોય, કે બેંક જે વેપારોમાં પૈસા ધીરતી હોય તેવાં કામોમાં દાનની મૂડી વપરાય છે. મતલબ કે એક હાથે દાન કર્યું અને બીજે હાથે વેપાર ખેડ્યો કે સટ્ટો કર્યો કે લડાઇએ કરી. સાચું જોતાં શિક્ષણના દાનનું રોકાણ શિક્ષણકામમાં જ થવું જોઇએ. દા. ત. શાળાના મકાન માટે, અથવા શિક્ષણ પુસ્તક પ્રકાશન માટે. એવાં કામમાં ઓછું વ્યાજ મળે તો તેથી અસંતોષ ન માની શકાય. કારણકે દાનની પાછળ નફો કરવાની વૃત્તિ હોવી જ ન જોઇએ.

પણ દાનના ટ્રસ્ટી પોતાની સુવ્યયી થવાની ફરજ સમજવાને બદલે સંરક્ષક થવાની ફરજ સમજતા હોવાથી આવું બધું થાય છે. [હરિજનબંધુમાંથી] **કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૩

મુંબઇ : ૩૧ ઓકટોબર ૧૯૪૦ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૨

ભગવાન મહાવીર

[તા. ૧૦-૬-૪૦ ના રોજ મુંબઇના રેડીઓ સ્ટેશન ઉપરથી નીચેનો વાર્તાલાપ રજુ થયેલો તે ઓલ ઇન્ડીઆ રેડીઓના સૌજન્યથી અત્ર પ્રગટ કરવામાં આવે છે. ભગવાન મહાવીરનો નિર્વાણદિન અને નૂતન વર્ષના પ્રારંભદિનની સંધિ ઉપર પ્રગટ થતા 'પ્રબુદ્ધ જૈન'માં આ લેખનું પ્રકાશન સવિશેષ સમયોચિત બને છે. તંત્રી.]

ભારતવર્ષમાં જૈન સમાજની વસ્તી આશરે ચૌદ લાખની ગણાય છે. તે સમાજ ત્રણ વિભાગમાં વહેંચાયલો છે. શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર મૂર્તિપૂજક, અને સ્થાનકવાસી. પ્રથમ બે વિભાગ મૂર્તિપૂજનને સ્વીકારે છે, ત્રીજો વિભાગ મૂર્તિપૂજની અગત્ય કે ઉપયોગીતા સ્વીકારતો નથી. આ સિવાય ત્રણે વિભાગની માન્યતાઓમાં બીજો કોઇ ખાસ મહત્ત્વનો ભેદ નથી. આ જૈન સમાજ ભગવાન મહાવીરપ્રરૂપિત જૈન ધર્મનો અનુયાયી છે. જૈન ધર્મ જુદે જુદે સમયે થયેલા કુલ ચોવીશ તીર્થંકરોની એક પરંપરા રજુ કરે છે જેમાંના આગળના બાવીશ તીર્થંકરો પુરાણ કાળમાં અન્તર્ગત થાય છે, જ્યારે પાછળના શ્રી પાર્શ્વનાથ સ્વામી અને શ્રી મહાવીર સ્વામી બન્ને ઐતિહાસિક વ્યકિતઓ તરીકે સિદ્ધ થયેલા છે. શ્રી પાર્શ્વનાથ સ્વામી આજથી લગભગ ૨૭૦૦ વર્ષ પહેલાં થયા અને ત્યારબાદ લગભગ ૨૭૫ વર્ષના ગાળે ભગવાન મહાવીરનો સમુદ્ભવ થયો. આગળના તીર્થંકરોએ કાળે કાળે જે જે ધાર્મિક માન્યતાઓનો પ્રસાર કરેલો તે માન્યતાઓને ભગવાન મહાવીરે પોતાના દેશકાળને અનુરૂપ નવું સંસ્કરણ આપ્યું અને આજે જૈન ધર્મને લગતી જે જે માન્યતાઓ પ્રચલિત છે તેને ભગવાન મહાવીરે કરેલા આ નૂતન સંસ્કરણ સાથે સીધો સંબંધ રહેલો છે.

ભગવાન મહાવીરના મહાન ધર્મકાર્યને સમજવા માટે તેમના કાળની પરિસ્થિતિ યથાસ્વરૂપે સમજી લેવી જરૂરી છે. એ કાળ એ હતો કે જ્યારે બ્રાહ્મણ વર્ગ સામાન્ય સમાજનો સર્વ સત્તાધીશ હતો અને રાજકારણમાં પણ બ્રાહ્મણો પુષ્કળ પ્રભુત્વ ધરાવતા હતા. ધાર્મિક પ્રવૃત્તિઓમાં યજ્ઞયાગાદિ મુખ્ય સ્થાને હતા અને યજ્ઞકાર્યોમાંજ જીવનની ધર્મકર્તવ્યતા સમજાતી હતી. આખા સમાજમાં વર્ણભેદની અભેદ્ય દિવાલો ચણવામાં આવેલી હતી અને નીચેના થરના લોકોને ઉંચે આવવાનો જરા પણ અવકાશ નહોતો. સ્ત્રીઓનો દરજ્જો પણ પુરૂષો કરતાં ઘણી ઉતરતી કોટિનો મનાતો હતો અને સ્ત્રીઓ સન્યાસના અધિકારથી વંચિત ગણાતી હતી. એ સમયમાં અનેક સંપ્રદાયો ઉભા થયા હતા અને પરસ્પર ખૂબ ઝગડતા હતા. સમગ્ર જીવનમાં હિંસા ખૂબ વ્યાપેલી હતી અને તે કાળે પ્રવર્તમાન યજ્ઞો હિંસાનાં જ બની ગયાં હતાં. વેદ ઇશ્વરપ્રણીત મનાતા અને વેદવાક્ય એ મોટામાં મોટું પ્રમાણ ગણાતું. લોકજીવન ઉપર બ્રાહ્મણ, વેદ અને યજ્ઞનું ભારે સામ્રાજ્ય જામેલું હતું.

આ સામે લોકમાનસમાં ખૂબ મન્થન ચાલી રહ્યું હતું અને આ પ્રકારની ગુલામીમાંથી છુટવાની આતુરતા સેવાઇ રહી હતી. એ કાળમાં વર્તમાન પરિસ્થિતિ સામે અનેક વ્યકિતઓએ વિરોધ કરવા માંડયો હતો. આ સર્વમાં અગ્રસ્થાને ભગવાન બુદ્ધ અને મહાવીર હતા. આ બન્ને મહાન વિભૂતિઓનાં નામ આજે પણ એટલાં જ ઉજ્જવલ અને સુવિખ્યાત છે. આમાંથી ભગવાન મહાવીરે એ કાળની જનતાને શું સંદેશ આપ્યો? કયો ધર્મ શિખવ્યો? પહેલાં તો તેમણે મનુષ્ય મનુષ્ય વચ્ચે સમાનતા અને બંધુતાના ઉપદેશ કર્યો. કોઇ ઉંચ કુળમાં જન્મ્યો એટલે ઉંચો અને નીચા કુળમાં જન્મ્યો એટલે હંમેશા નીચો રહેવાને સરજાયલો–એ માન્યતાનો તેમણે સખ્ત વિરોધ કર્યો. બ્રાહ્મણ બ્રાહ્મણ કુળમાં જન્મ્યો એટલે જ કાંઇ ઉંચો નથી. શુદ્ર પણ સ્વપ્રયત્ન વડે બ્રાહ્મણત્વને પામી શકે છે અને મોક્ષમાર્ગનો અધિકારી બની શકે છે. ઉંચા નીચાનો અહંકાર એજ મોટું અજ્ઞાન છે. સૌ સરખા છે. સૌએ એક બીજાને ચહાવું અને એક બીજા માટે સહેવું–સર્વ ભૂત પ્રાણી વિષે મૈત્રી ચિન્તવવી–એજ સાચો ધર્મ છે. આવી જ રીતે સ્ત્રી અને પુરૂષ બન્નેને દરેક બાબતમાં સમાન અધિકારે સ્થાપિત કર્યા.

કોણે પેટાવ્યો દીવડો !

કોણે સાહેલી ! આજ પેટાવ્યો દીવડો ?
ઘેરાં અંધાર મહિં મોંઘો આ દીવડો ?
સૂતેલા નીરને જગાડે આ દીવડો ?
મોંઘો કો દીવડો.
કોણે સાહેલી ? આજ પેટાવ્યો દીવડો ? ૧

સૂરજના તેજ થકી નોખો એ દીવડો,
ભીડા મયંક થકી શીતો એ દીવડો,
તારલીના તેજથી અનેરો એ દીવડો,
મોંઘેરો દીવડો.
કોણે સાહેલી ! આજ ચેતાવ્યો દીવડો ? ૨

કોઇ તોફાની અનિલ–લ્હેરે લ્હેરાય ના,
મૂકયો નિગૂઢ ઓનો જ્યોતિ ઝંખાય ના,
દેવોના મૂલથી ય એને મૂલાય ના,
એવો એ દીવડો.
કોણે સાહેલી ! અમર પેટાવ્યો દીવડો ? ૩

સુન્દરજી ગો. બેટાઇ.

પુરૂષ માફક સ્ત્રી પણ ઉન્નત જીવન જીવવાની અને સંન્યસ્ત અંગીકાર કરવા સુધીની અધિકારી છે એ વિચારને તેમણે ખૂબ વેગ આપ્યો. તેમના મતે વેદ માનનીય ગ્રંથ છે એ બરોબર, પણ તેમાંજ લખ્યું છે તે જ અને તેટલુ જ સાચું એમ કહેવું કે વિચારવું તે એક પ્રકારની માનસિક ગુલામી છે. સાર–અસાર, સત્ય–અસત્ય, ધર્મ–અધર્મનો વિવેક કરવાની દરેક માણસમાં બુદ્ધિ શક્તિ રહેલી છે. તે શક્તિને ખૂબ ખીલવવી અને કેળવવી જોઇએ અને તેના આદેશ અનુસાર જીવન ઘડવું જોઇએ. જીવનને ઉન્નત બનાવવાનો કે પરલોકમાં ઉંચી ગતિ પ્રાપ્ત કરવાનો માર્ગ યજ્ઞો નથી, પણ યમનિયમયુકત સંયમપરાયણ જીવન છે. યજ્ઞયાગ અને ઉન્નત ગતિની પ્રાપ્તિ વચ્ચે કશો પણ કારણ–કાર્યનો સંબંધ શોધ્યો જડતો નથી. માત્ર બાહ્ય ક્રિયાકાંડથી મોક્ષ મળતો નથી. મોક્ષપ્રાપ્તિ માટે આન્તર્શુદ્ધિજ આવશ્યક છે. આન્તર્શુદ્ધિનું મુખ્ય સાધન અહિંસા છે; બીજું સાધન સંયમ છે; ત્રીજું સાધન તપ છે. આજ ઉત્કૃષ્ટ ધર્મ છે અને આ વડે જ અપાર ભવોદધિ તરી શકાય છે.

ભગવાન મહાવીરે કર્મના સિધ્ધાન્તને ખૂબજ વિકસાવ્યો છે. આ સિદ્ધાન્તનો સાર એ છે કે આપણા સર્વ સુખ દુઃખનો આધાર આપણા આ જન્મના કે આગલા જન્મના કર્મો ઉપર જ રહેલો છે. આપણને બહારની કોઇ વ્યકિત સુખ આપી શકતી નથી કે આપણું દુઃખ લઇ શકતી નથી. આજની સ્થિતિ આગળના પ્રારબ્ધનું પરિણામ છે. આજે આપણે જે કરીશું અને આજે આપણે જેમ વર્તીશું તે મુજબ જ આગામી સુખ દુઃખનું નિર્માણ થવાનું છે. આ સિધ્ધાન્ત માણસ જાતમાં સદા આન્તર નિરીક્ષણ અને પુરૂષાર્થને પ્રેરે છે. ઇશ્વરકર્તૃત્વનો કે ઇશ્વરદ્વારા સુખ દુઃખની નિષ્પત્તિનો જૈન ધર્મ ઇન્કાર કરે છે.

ભગવાન મહાવીરે જનતાને પાંચ મહાવ્રત જીવનમાં ઉતારવાનું કહ્યું છે તે પાંચ મહાવ્રત આ પ્રમાણે :– અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. અહિંસા તો ધર્મ માત્રના મૂળમાં જ રહેલી છે. સત્ય વિના કોઈ મુમુક્ષુ એક ડગલું પણ આગળ ભરી શકે જ નહિ. અસ્તેય અહિંસા અને સત્યમાંથી જ ફલિત થાય છે. બ્રહ્મચર્ય પવિત્ર જીવનનો પાયો છે. અપરિગ્રહ વિના સાચી અહિંસાનું અનુપાલન અશકય છે. આ પાંચ વ્રતોના પાલન પડે જ માણસ ઉન્નત ગતિ સાધી શકે છે અને મોક્ષની અન્તિમ કક્ષાએ પહોંચી શકે છે.

ભગવાન મહાવીરે તપ ઉપર ઘણો ભાર મુકયો છે. આત્મા સ્વયંપ્રકાશ છે–સ્વયંજ્યોત છે. જ્ઞાન કોઈ બહારથી આવતી વસ્તુ નથી. કર્મોનાં આવરણોને અંગે અંદરનું જ્ઞાન ઢંકાયલું રહે છે અને તેથી જ આપણે અપૂર્ણ, અજ્ઞાનથી ભરેલું પામર જીવન જીવીએ છીએ. આ કર્મોનાં આવરણો દૂર થાય તો આપણામાં રહેલું અનંત જ્ઞાન પ્રગટ થાય. આત્મતત્વનો આપણને સાક્ષાત્કાર થાય. આપણે અપૂર્ણ મટી પૂર્ણ બનીએ–સર્વજ્ઞ બનીએ. આ કર્મોનો નાશ કરવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન તપ છે. તપનો પ્રભાવ અને શક્તિ અવર્ણનીય છે. આત્માર્થી જીવોનો તપ એ જ સાચો પુરૂષાર્થ છે. ભગવાન મહાવીરે તપનો ઉપદેશ કર્યો અને પોતાના જીવનમાં તેમણે એટલું બધું તપ કર્યું કે તેમની જોડે કોઇ પણ તપસ્વીને તુલનામાં મુકી શકાય તેમ છે જ નહિ. તેઓ આજ કારણને લીધે 'દીર્ઘતપસ્વી'ના બિરૂદથી શાસ્ત્રસુવિખ્યાત બન્યા છે.

ભગવાન મહાવીરે પ્રરૂપેલ જૈનદર્શનની વિશેષતા તેના ગર્ભમાં રહેલા અનેકાન્તવાદમાં દૃષ્ટિગોચર થાય છે. આ અનેકાન્તવાદ એમ કહે છે કે દરેક કથન કે પ્રતિપાદનનું સત્ય સાપેક્ષ જ હોઇ શકે. કોઇ પણ પદાર્થને અનેક દૃષ્ટિબિન્દુઓથી તપાસવા–નિહાળવામાં ન આવે ત્યાં સુધી તે વિષે સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થઇ ન કહેવાય. દરેક કથનમાં દરેક માન્યતામાં અંશતઃ સત્ય અને અંશતઃ અસત્ય રહેલું છે. આ સત્ય–અસત્યની તારવણી કેમ કરવી તે જે શિખવે તે જ અનેકાન્તવાદ. આજ વિચારમાંથી આજે મહાત્મા ગાંધીજી પ્રરૂપી રહ્યા છે તે સર્વધર્મસમભાવ નિષ્પન્ન થાય છે. એક રીતે એમ પણ કહેવાય કે બુદ્ધિની અહિંસા એટલે અનેકાન્તવાદ. અનેકાન્તવાદ સ્વીકાર્યા સિવાય સાચી અહિંસા કદિ પ્રાપ્ત થતી નથી.

ભગવાન મહાવીર પહેલાં અહિંસાનું તત્વ પ્રરૂપનાર, અનેક મહાપુરૂષો થઇ ગયા. પણ અહિંસાના વિકાસમાં ભગવાન મહાવીરે મોટામાં મોટો ફાળો આપ્યો છે. ભગવાન મહાવીરની અહિંસા એક બાજુએ કેવળ મનુષ્ય સૃષ્ટિ સુધી જ મર્યાદિત રહેતી નથી, પણ પશુપક્ષી તિર્યંચ સુધી જ માત્ર નહિ, પણ વનસ્પતિ, પૃથ્વી, પાણી, તેજ અને વાયુ સુધી પહોંચે છે અને બીજી બાજુએ માત્ર નિરામિષ આહાર જેવી બાહ્ય ક્રિયામાં તેમની અહિંસા પર્યાપ્ત થતી નથી, પણ મન, વાણી અને કર્મની સંપૂર્ણ શુધ્ધિ અને પવિત્રતા સુધી લંબાય છે. તેમણે અહિંસા દૃષ્ટિએ માનવ જીવનનું અનોખું જ શાસ્ત્રનિર્માણ કર્યું છે.

અપરિગ્રહનો વિચાર એ પણ ભગવાન મહાવીરની એક અસાધારણ વિશેષતા છે. યમ, નિયમ, સંયમના તત્વો એમના સમયમાં અજાણ્યા નહોતા. પણ સર્વ અનર્થનું મૂળ પરિગ્રહ-વિસ્તારમાં જ રહેલ છે એ બાબત તરફ ભગવાન મહાવીરના સમય સુધીના વિચારકોનું કે તત્ત્વવિવેચકોનું પુરતું ધ્યાન ખેંચાયું નહોતું. આજે ટૉલ્સ્ટૉય કે ગાંધીજી પણ આજ વિચારને ખૂબ આગળ ધરે છે

ભગવાન મહાવીરના સમયનું લોકજીવન બાહ્યાચારો અને ક્રિયાકાંડોમાં તરબોળ થયેલું હતું. બાહ્ય જીવન ગમે તે પ્રકારનું હોય, ચાલુ પૂજાપાઠ કર્યા, યજ્ઞયાગાદિના સમારંભ કર્યા એટલાથી જ જીવનની સફળતા મનાતી. ભગવાન મહાવીરે લોકોને સાચો ધર્મ શેમાં રહેલો છે તે સમજાવ્યું; યજ્ઞયાગાદિમાં રહેલી અપાર હિંસા તરફ તેમનું ધ્યાન ખેંચ્યું; ધર્મના બાહ્ય આકાર ઉપર જ ચોંટેલી તેમની દૃષ્ટિ સન્મુખ સત્યમય જીવનતત્વનું સ્વરૂપ રજુ કર્યું.

આ ભગવાન મહાવીરનો આજથી ૨૫૩૮ વર્ષ પહેલાં ચૈત્ર શુદ તેરસના દિવસે બીહાર પ્રાન્તમાં આવેલ ક્ષત્રીયકુંડ ગ્રામમાં જન્મ થયેલો. તેમના પિતાનું નામ રાજા સિદ્ધાર્થ; તેમની માતાનું નામ રાણી ત્રીશલા; ભગવાન મહાવીરનું સાંસારિક નામ વર્ધમાન. તેમના મોટાભાઇનું નામ નંદિવર્ધન. જન્મથી જ તેમનું ચિત્ત સંસારથી વિરકત હતું અને આત્મતત્વના ચિન્તન તરફ ઢળેલું હતું. માતપિતાને ગ્લાનિ ન થાય એમ વિચારી તેમના જીવતા સુધી વર્ધમાન અથવા તો મહાવીર સંસારમાં રહ્યા. માતપિતાના પરલોકગમન બાદ ૩૦ વર્ષની ઉમ્મરે તેમણે સંસારનો ત્યાગ કર્યો; પોતાના સર્વસ્વનું તેમણે દાન કર્યું અને ધર્મપ્રવ્રજ્યા અંગીકાર કરી. સંન્યાસ–દીક્ષા લીધા બાદ સાડાબાર વર્ષ સુધી તેમણે ઘોર તપ કર્યું. કોઇ કોઇ સમય તેમણે એક એક માસના ઉપવાસ કીધા; કોઇ કોઇ વખત અમુક સંયોગોમાં અને અમુક રીતે જ આહાર મળે તો લેવો એવો નિયમ કરી દિવસોના દિવસ સુધી તેમણે અનશન કર્યું; અનેક શહેરોમાં, ગામડાંઓમાં અને જંગલોમાં તેમણે પરિભ્રમણ કર્યું; હિંદુસ્થાનની પૂર્વ સરહદ ઉપરના અનાર્ય

ગણાતા દેશોમાં પણ તેમણે વિહાર કર્યો; જાત જાતનાં કષ્ટો અને પરિષહો વેઠ્યાં; આધિદૈવિક તેમ જ આધિદૈવિક અનેક ઉપદ્રવો તેમણે સહન કર્યા. દીર્ઘ તપ, ધ્યાન અને નિર્જરાના પરિણામે સાડી બેંતાલીશ વર્ષની ઉમ્મરે બીહાર પ્રાન્તને શોભાવતા શિખરજીની શિખર માળાની બાજુએ આવેલી ઋજુવાળુકા નદીના તીરે તેમને કેવળ જ્ઞાન થયું; આત્મતત્વનો તેમને સાક્ષાત્કાર થયો. સાચા માનવધર્મની તેમને પરિપક્વ પ્રતીતિ થઈ. આ રીતે તેમણે જે અન્તરના ઉંડાણમાં જોયું અને અનુભવ્યું તેનો જગતને તેમણે ઉપદેશ કરવા માંડ્યો; સ્થળે સ્થળે તેમણે ધર્મ પર્યટન કર્યું; અહિંસા અને અનેકાન્તવાદ જેના મૂલમાં રહેલા છે તેવા જૈન ધર્મની તેમણે પ્રતિષ્ઠા કરી. અનેક સ્ત્રી પુરૂષો-પંડિતો અને અપંડિતો-સર્વ ભૂત માત્ર પ્રત્યે મૈત્રી ઉપદેશતા જૈન ધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. બ્રાહ્મણધર્મવિશારદ અને એ સમયના એક મોટામાં મોટા યાજ્ઞિક બ્રાહ્મણ ગૌતમ અને બીજા દશ બ્રાહ્મણો તેમના પ્રથમ શિષ્યો અને ગણધરો થયા. ચંદનબાળા તેમની પ્રથમ સાધ્વી થઇ. સાધુ. સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની તેમણે સ્થાપના કરી

પ્રચલિત માન્યતાઓની વિરૂદ્ધ નવાં જ સત્યોની ઉદ્ઘોષણા કરનાર ભગવાન મહાવીર સામે લોકવિરોધ ન થાય એ તો સંભવે જ નહિ. તેમણે બ્રાહ્મણ વર્ગની સર્વોપરી પ્રતિષ્ઠાની અવગણના કરી હતી; વેદની અપૌરૂષેયતાનો અસ્વીકાર કર્યો હતો; ધર્મ પ્રાપ્તિમાંયે યજ્ઞયાગાદિની નિરર્થકતા અને તેમાં રહેલી હિંસાના કારણે પાપમયતા સામે તેમણે પોતાનો મજબુત અવાજ ઉઠાવ્યો હતો. આ કારણે સ્થળે સ્થળે તેમને વિરોધનો સામનો કરવો પડયો હતો. તેમની સમભાવથી ભરેલી અને મૈત્રી તથા કરૂણા વડે આર્દ્ર બનેલી પ્રતિભા સામે સૌ કોઈ નમી પડતા અને વિરોધ ભાવે સમીપ આવતા લોકો શિષ્ય ભાવ સ્વીકારી જૈન ધર્મના અનુયાયી બની જતા. તેમના પોતાના જ એક શિષ્ય અને સાથી ગોશાલકે તેમની સામે બંડ ઉઠાવ્યું હતું અને 'આજીવક' નામનો સંપ્રદાય સ્થાપિત કર્યો હતો. આ ગોશાલકે તેમને અનેક ઉપદ્રવો કર્યા હતા. પણ ગમે તેટલા પ્રબળ વાવાઝોડાથી મેરૂ પર્વત વિકંપિત થતો જ નથી. તેઓ તો નિડરપણે અને સમભાવપૂર્વક ધર્મ માર્ગનો ઉપદેશ આપતા જ રહ્યા અને અહિંસા ધર્મની આંટીઘુંટીઓ લોકોને સમજાવતા રહ્યા.

બોંતેર વર્ષની ઉમ્મરે આજથી ૨૪૬૬ વર્ષ પહેલાં પાવાપુરી નગરીમાં ઉપદેશામૃત વરસાવતાં વરસાવતાં ભગવાન મહાવીરે પોતાના વિનશ્વર દેહનો ત્યાગ કર્યો અને નિર્વાણપદને પ્રાપ્ત કર્યું. આ મંગળકારી મહાપુરૂષે ભારતવર્ષમાં શ્રમણ સંસ્કૃતિનો પ્રવાહ વહેતો કર્યો, જે આજ સુધી અખંડિત વહેતો રહ્યો છે અને અનેક જીવોને પાવન કરી રહ્યો છે. આપણે પણ એ પતિતપાવન જાહ્નવીસ્રોતના પુનિત સ્પર્શથી આપણા જીવનને પવિત્ર બનાવીએ અને આત્મોન્નતિના સ્વર્ગ તરફ પગલાં ભરવા માંડીએ!

પરમાનંદ

તારે માટે!

તારે માટે રખડી રખડી કૈંક મેં સ્થાન જોયાં,
તારી શોધે મુજ જીવનનાં કૈંક મેં વર્ષ ખોયાં!
પૂછ્યા તારા ખબર સઘળા પાન્થને ઘાઇ ઘાઇ,
તું તો બેઠો મુજ ભવનના માળિયામાં લપાઇ!

પ્રસ્થાનમાંથી ઉધૃત. હરિહર ભટ્ટ.

આશ્વિન માસ.

આપણું વર્ષ બાર માસમાં વહેંચાયલું છે અને પ્રત્યેક માસની ચોક્કસ વિશેષતા હોય છે. કોઇ મહીનામાં ધાર્મિક પર્વો વિશેષ હોય તો કોઇ મહીનામાં આનંદના પર્વોની વિશેષ ગોઠવણ હોય. કોઇ મહીનામાં ગુજરાતી પર્વ શરૂ થતું હોય તો કોઇ મહીનાથી શાલિવાહનના શકનો પ્રારંભ થતો હોય. કોઇ મહીનાથી ઠંડી, કોઇથી ગરમી કે કોઇથી વર્ષાનો પ્રારંભ થતો હોય. કોઇ મહીનો કોઇ ધર્મપ્રણેતાના જન્મદિવસથી વિશિષ્ટ બનતો હોય તો કોઇ મહીનાની શોભા કોઇ રાષ્ટ્રનેતાની જયન્તીથી વધતી હોય. શ્રીમદ્ ભગવદ્ગીતામાં **मासानां मार्गशीर्षोऽहम्।** એમ કહીને માગશર મહીનાને વિશેષ વર્ણવ્યો છે, પણ 'માસ' અને 'માર્ગશીર્ષ' વચ્ચે અનુપ્રાસવિશેષ હોવા ઉપરાંત અને આજના શબ્દમાં સાધારણ રીતે માગશર અને ક્રીસ્મસનો સુયોગ જળવાય છે એ સિવાય માગશર મહીનાની બીજી કોઇ વિશેષતા ધ્યાન ઉપર આવતી નથી. ઋતુઓમાં વસન્ત મોટી એ ન્યાયે ફાગણ માસનો મહિમા વધે છે. પણ હોળી આસપાસના બે પાંચ દિવસો બાદ કરતાં ફાગણ માસમાં બીજી કોઇ વિશિષ્ટ દિવસો આવતા નથી. આપણા દેશમાં ગ્રીષ્મ સૌથી વધારે કંટાળો આપે તેવી ઋતુ છે અને તેના મહીનાઓ પણ ખાસ કોઇ વિશેષતા વિનાના લાગે છે. આગળ ચાલતાં શ્રાવણ માસ આવે છે. તેના પ્રારંભથી તે અન્ત સુધી એટલાં બધાં ધાર્મિક પર્વો આવે છે કે એ દૃષ્ટિએ શ્રાવણ માસ અસામાન્ય બને છે. શ્રાવણ માસના પહેલા સોમવારથી અથવા તો નાગપંચમીથી ધાર્મિક પર્વોની શરૂઆત થાય છે. પૂર્ણિમા-બળેવ ખાસ કરી બ્રાહ્મણોનું પર્વ છતાં બીજી રીતે સર્વસામાન્ય પર્વ બની ગયું છે અને સમુદ્રતટવાસીઓ તો તેને ખાસ મહત્ત્વ આપે છે. આવી જ રીતે ગોકુળ અષ્ટમી ખાસ કરીને વૈષ્ણવોનું-વિષ્ણુના ઉપાસકોનું-પર્વ ગણાય છતાં શ્રી કૃષ્ણ આખી હિંદુ જનતાના અધિદેવતા હોઇને ગોકુળ અષ્ટમી આખું હિંદુસ્થાન ઉજવતું આવ્યું છે. શ્રાવણના અન્તમાં જૈનોના પર્યુષણ પર્વનો આરંભ થાય છે અને તપ અને ભક્તિનાં આન્દોલનો વડે ચોતરફનું વાતાવરણ પ્રોત્સાહિત બને છે.

આવી જ રીતે આગળ ચાલતાં આશ્વિન માસ આવે છે. શ્રાવણ માસમાં ધાર્મિક પર્વો અને ધાર્મિક ઉત્સવોની બહુલતા છે; આશ્વિન માસમાં સામાજિક પર્વો અને સામાજિક ઉત્સવોની બહુલતા છે. શ્રાવણ માસ સાંપ્રદાયિક પર્વો અને ઉત્સવો દ્વારા ભૂતકાળની જડ વધારે મજબુત કરે છે; આશ્વિન માસ વર્તમાન ઉપર આપણને ઉતારી દીવાળીના પર્વો દ્વારા આપણને ભવિષ્ય કાળ તરફ દોરી જાય છે. શ્રાવણ ભક્તિ અને તપપ્રધાન છે; આશ્વિન આનંદ અને રસપ્રધાન છે. શ્રાવણની ધાર્મિકતા આજે ઓસરતી ચાલી છે, આશ્વિનની ઉત્સવમયતા ઉભરાતી જાય છે.

આશ્વિન માસનો પ્રારંભ નવરાત્ર ઉત્સવથી થાય છે. વર્ષાનું જોર ખલાસ થયું હોય છે; અને આકાશ સ્વચ્છ અને નિર્મળ બનેલું હોય છે. છુટાં છવાયાં સફેદ વાદળાંઓ આકાશની નીલિમાને વધારે ભવ્ય અને મોહક બનાવે છે નદી નાળાનાં ડોળાં પાણી નિર્મળ બને છે અને પશુ, પંખી તેમજ પ્રવાસીજનોને કોઇ જુદા જ માધુર્ય અને શીતળતાનો અનુભવ કરાવે છે. પૃથ્વી પ્રસન્ન હોય છે અને લોકોમાં સ્વાસ્થ્ય અને આગામી વર્ષને લગતી નવી આશાઓનો

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૨)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

અકટોબર ૩૧ ૧૯૪૦

ઉલ્લાસ કે ઉન્માદ !

(ગતાંકથી ચાલુ.)

મરણ પ્રસંગમાં ભોજન અને રડાકુટ સિવાય બીજી કંઇ ગંભીરતા આજના આપણા સમાજે માની હોય તેમ અત્યારના આચાર ઉપરથી તો નથી લાગતું. વૈરાગ્ય દશા પોષવાનો અને ભોજનના સંભારંભથી સંગઠ્ઠીત થવાનો કદાચ પૂર્વે ખ્યાલ હશે. આજે તો ઉન્માદના ચિન્હ તરીકે લૂખી આંખે રડવાનું અને ખાવાનું કામ બધાં કરે છે. એટલે તે પ્રસંગ નીકળી જતાં સમાજે કંઇ ખોવાનું રહેતું નથી.

મરણની પાછળના પ્રસંગોમાં થતા ઉન્માદના ચાળાથી મરનારના આત્માને શાન્તિ મળે, તેનું નામ પ્રજાની યાદીમાં તાજું રહે અને ભવિષ્યના બાળકોમાં પ્રેરણા પ્રગટાવે તેવું સ્મરણાત્મક કાર્ય આજે કંઇ પણ થતું નથી. પાછળનાં તંગી અનુભવે અને પ્રજાને કંઇ પણ ઉપયોગી વસ્તુ મળે નહિ તેવી રીતે થતાં કાર્ય શા માટે ન અટકાવવાં ?

ધાર્મિક ઉત્સવો–આ પ્રસંગે પણ ઉન્માદ દશા જ આપણે આપણા સમાજમાં અનુભવીએ છીએ. પરિણામે ધાર્મિક ક્રિયા, તપાદિ કરીને આત્મશુદ્ધિ કરવા નીકળનાર વ્યક્તિ આત્મભાન ભૂલી જાને ત્યજવા જેવી વસ્તુ હાથમાં લઇ બેસે છે. ધર્મના નામે થતી નાણાંની, શક્તિની અને સમયની બરબાદીને કારણે સદીઓ થયા સમાજ ઉપયોગી સાધનો અને સંસ્થાઓથી વંચિત રહ્યો છે. તપ કરવાથી માંડીને સામાન્ય ધર્મની ક્રિયાઓ, ઉત્સવો, અને ઉજવણીઓમાં નર્યો ઉન્માદ જ દેખાય છે. આવા ગંભીર પ્રસંગમાં આંતરબાહ્ય શુધ્ધિ અને શાન્તિની અનિવાર્ય આવશ્યકતા છે. આવા પ્રસંગે પ્રજાના મોવડીઓએ ગંભીરપણે સમાજની જરૂરિયાત અને ભાવિની ગોઠવણનો વિચાર કરવો ઘટે. તેને બદલે દેશકાળનો, સમાજના સંજોગનો, અનિવાર્ય જરૂરિયાતનો અને સંસ્કાર કે સંસ્કૃતિ ટકાવી રાખે તેવા માર્ગનો ખ્યાલ કર્યા વિના પ્રજાના ભાગલા પાડી નાંખે અને સામાન્ય વિવેકબુધ્ધિ સ્વીકારી પણ ન શકે તેવી ક્રિયાઓ પાછળ પ્રજાના દ્રવ્યનો, શક્તિનો અને સમયનો વ્યય કરી નાંખવામાં આવે છે. આને ઉન્માદ દશા જ કહેવીને ?

દેશોદ્ધારના કાર્યોમાં પ્રજા ઉન્માદને વશ ન થાય અને ઉલ્લાસમય જાગૃત દશામાં રહે તો જરા પણ અશાન્તિ ઉપજ્યા વિના કાર્ય સિદ્ધ થાય; ઉત્સાહ જગાવવા દેખાવો અને ગાંડપણ કરવામાં આવે છે એ દલીલ સાચી નથી. ઉત્સાહ અને ઉલ્લાસને બદલે અવશ્ય ઉન્માદ જન્મે છે અને કાર્યસિદ્ધિ દૂર ભાગે છે. શાંતિમય રહીનેજ કરેલું કામ જગતને શાન્તિનો પાઠ આપી સ્વતોલાને જગાડશે. આ કારણેજ મહાત્મા મહાત્મા છે અને જગતને વંદ્ય છે.

ઉત્સવો ઉન્માદ ભૂલીને થઇ શકે છે. દરેક સમાજે અમુક અમુક વખતે લોકજીવન જીવતું રાખવા અને સ્નેહબંધન મજબૂત કરવા સરેળતાથી પાર પાડી શકાય અને સર્વ કોઇ શક્તિ અનુસાર કશી અગવડ ભોગવ્યા વિના માણી શકે તેવા ઉત્સવો ગોઠવવા જરૂરના છે.

આશ્રમમાં થયેલાં લગ્નોની વાતો તો આપણે નવજીવનના પાનાં પર પુલકિત હૃદયે લખાયેલી વાંચી છે. ડોકટર સુમંત મહેતા અને મનુભાઇ મહેતા જેવાં શ્રીમંત કુટુંબોમાં આત્મોલ્લાસ પ્રગટે તેવી રીતે સાદાઇથી ૪૦ રૂપિયામાં કરેલા લગ્નની મીઠી વાતો ગુજરાતે સાંભળી છે. તો અનુસરવામાં કયાં મુશ્કેલી છે ?

આપણે જેટલી વધુ ધમાલ કરીએ છીએ, જેટલા વધુ ઉન્મત બનીએ છીએ તેટલો આનંદ અને ગંભીરતા ઓછી કરીએ છીએ. આ કારણે જ સમાજે પ્રેમતત્વ ગુમાવ્યું છે, મિત્રાચારી અને આનંદ ગુમાવ્યા છે અને આપ્તજન મટાડી ધીમે ધીમે આકૃતજન બનાવ્યા છે.

આ બધા ઉન્માદનું પરિણામ એ આવે છે કે આપણે જીવન શું ? જીવનનો હેતુ શું ? તે સમજી શકતા નથી. જીવન ભોગવી જાણતા નથી અને વ્યવહારની વિચિત્ર આંટીઘુંટીમાંથી છૂટી મુકત જીવન માણી શકતા નથી. જ્યારે જીવન ન જાણીએ ત્યારે મરણને મીઠું તો કેવી રીતે બનાવી શકીએ ! જીવનને આવરી રહેલો નિરર્થક વ્યવહારનો બોજો ન હોત–ઉન્માદ ન હોત-તો હું શું હોત ? મારૂં જીવન શું હોત ? એવો પ્રશ્ન જો દરેક વ્યકિત પોતાની જાતને પૂછે તો આપોઆપ અંધ દ્રષ્ટિ ખુલે.

દરેક કાર્યની પાછળ કંઇ હેતુઓ હમેશા રહેલા જ હોય છે અને તે કરનારથી માંડીને વિશ્વના અન્ય માનવી સુધી તેની શુભ કે અશુભ અસર થાય છે જ. એક વ્યકિત પોતાના અમુક કાર્યથી જાતે સશકત બનેને, તેની આસપાસના ઉપયોગી બને, સમાજ અને રાષ્ટ્રમાં પ્રાણ પૂરનારી બને અને તે રીતે માનવકુળમાં એક ઉપયોગી તત્વ બની રહે–આટલો જ હેતુ દરેક સાંસારિક કાર્યનો હોવો જોઇએ. આજે તો તદ્દન ઉલટું જ નીરખીએ છીએ. દાખલા તરીકે એક વ્યવહારિક પ્રસંગ ઉકેલીને તેના બોજાથી તે દુઃખી થાય છે અને આસપાસના કે તેને પનારે પડેલાને દુઃખી કરે છે અને બીજાને ભાર રૂપ બને છે. સુખ માટે મથનાર ઉલ્લાસ પ્રેરક તત્વો ખોઇ નાંખી ઉન્માદને કારણે દુઃખી થાય છે, ત્યારે જ તેને શ્રીમદ રાજચંદ્ર કહે છે તે સમજાય છે કે–

'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.'

આપણું અત્યારનું સુખ આ જાતનું છે એ શંકા વગરની વાત છે.

સંસારને સુખરૂપ બનાવવો હોય તો ઉન્માદ તજી જીવનમાં ઉલ્લાસ લાવ્યે જ છૂટકો છે. જગત આખું દુઃખ જ ચાહે છે એમ તો નથી, પણ સુખ પ્રત્યે પણ એટલી બધી સુસ્તી સમાજ આવી છે–અને ચાલુ જીવનમાં અનુકરણ એટલું બધું પેસી ગયું છે કે જ્યાં સુધી ડાહ્યા માણસો ઉન્માદ દશાના માર્ગો તજી ઉલ્લાસપોષક તત્વો દાખલ કરીને પહેલ નહિ કરે, માર્ગદર્શક નહિ બને ત્યાં સુધી સામાન્ય સમાજ તો જુની ઘરેડમાં જ ઘસડાવાનો અને દુઃખી થઇ દુઃખી કરવાનો જ છે.

× × ×

સમાજ ! હવે સુસ્તી તજી આંખ ખોલ અને ઉઠ ! તારો ઉન્માદ વધુ વખત ચાલુ રહેશે તો તારૂં જીવનનાવડું કયા ખરાબે ચડીને ભાંગશે તે કહેવાતું નથી. આજે વિશ્વભરમાં વમળો ઉઠયા છે. ક્રાન્તિ ભાવિના ગર્ભમાં પોષાઇ રહી છે અને અજબ ગડમથલ અને પરિવર્તનના યુગમાં હમેશાં બને છે તેમ બેકારી અને

અથડામણ જ આવવાનાં છે. જેટલો બોજો–જેટલો ઉન્માદ–ઓછો હશે અને આંખ અને અક્કલ સાબુત હશે તેટલો જ બચાવ છે. માટે જ્યાંથી બને ત્યાંથી તારી શક્તિનો, સાધનનો, દ્રવ્યનો અને જીવનનો વ્યર્થ વ્યય અટકાવી કાળના પ્રબળ ધસારા સામે ટક્કર ઝીલવા તૈયાર થા! કારણ કે હજી મુસાફરી લાંબી છે અને સર્વ-ભક્ષી કાળ બેકારી, અવ્યવસ્થા, આંધાધુંધી અને ઉન્માદનાં પૂર સમેત કોળિયો કરી જવા જેસથી ધસતો આવે છે.

સબળ હશે તે જીવશે. નિર્બળને મર્યે જ છૂટકો છે!!!

સમાપ્ત. **વ્રજલાલ ધ. મેઘાણી.**

સામયિક સ્ફુરણ

વિચિત્ર ગૌરવકથા.

'જૈન યુગ'ના તા. ૧૬-૯-૪૦ અંકમાં અગ્રલેખમાં નીચેનો ફકરો ખાસ ધ્યાન ખેંચે છે:—

"પૂર્વકાળના જૈનો તરફ મીટ માંડશું તો જણાશે કે તેઓ કલમ પણ વાપરી શકતા અને તલવાર બેલી શકતા. અહિંસાધર્મનું ચુસ્તપણે પાલન પણ કરી શકતા અને સમરાંગણમાં શત્રુ સામે સૈન્યને પણ દોરી શકતા. તેથી જ ઉદાહરણ લાભે છે કે:—

"આબુ મંત્રીએ યુદ્ધની આગલી સાંજે હાથીની અંબાડીપર બેસી પ્રતિક્રમણ પણ કર્યું અને બીજે દિને પ્રભાતે સમરભૂમિમાં શૌર્ય દાખવી વિજય પ્રાપ્ત પણ કર્યો."

આજનો ગાંધીયુગ કે જ્યારે અહિંસાના પ્રશ્ન ઉપર આટલી બધી ચર્ચા ચાલી રહી છે અને જ્યારે અહિંસાધર્મીને કોઇ પણ સામાજિક કે રાજકીય અન્યાયનો સામનો કરવાનો પ્રસંગ આવે તો કેવા પ્રકારનો સામનો અહિંસા ધર્મને સંગત હોઇ શકે એ સંબંધમાં આંટલી બધી છણાવટ થઇ રહી છે તે પહેલાં કદાચ ઉપરનું લખાણ જૈન સમાજના ગૌરવના સમર્થનમાં લખાયું છે એવા ખ્યાલ નીચે કોઇનું ખાસ ધ્યાન ન ખેંચત. પણ આજે આવી અભિમાન કથાઓ જરાક ઝીણવટભરી તપાસ માંગે છે.

પ્રથમ તો અમારા ભૂતકાળના જૈનો મોટા રાજાઓ હતા; મોટા લડવૈયાઓ અને સેનાધિપતિઓ હતા અને મોટા શત્રુ-સૈન્યોનો સંહાર કરી દિગ્વિજય સાધી શકતા હતા આવી અભિમાન-કથાઓ આજના જૈનોની સામાન્યતઃ ડરપોક વૃત્તિને ભયમુક્તિની ઉતેજના આપવા ખાતર તેમ જ બીજા લોકો માફક અમારા જૈનો પણ બહાદુર હતા એ બાબત સામાન્ય જનતાના ધ્યાન ઉપર લાવવા ખાતર આગળ ધરવામાં આવે એમાં જરાપણ બોટું નથી. પણ આ પ્રકારની બહાદુરી અને દિગ્વિજયને જૈન-ધર્મની અહિંસા સાથે કશો પણ સંબંધ નહોતો એ આપણે બરોબર સમજી લેવાની જરૂર છે. જૈન સમાજમાં આજે પણ કદાચ શુરવીર લડવૈયાઓ નહિ હોય, પણ દેશના અર્થકારણમાં મોટી ઉથલ પાથલ કરતા મોટા મોટા વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ અને સટ્ટાધીશો અસ્તિત્વ ધરાવે જ છે અને જૈન સમાજના સર્વ સામાન્ય ગૌરવનો વિષય બને છે. પણ જૈનોની આ પાર્થિવ મહત્તાને અહિંસા ધર્મના પાલન સાથે કશો પણ મહત્વનો સંબંધ છે એમ વસ્તુસ્થિતિ સમજનાર કદિ પણ કહી નહિ શકે.

બીજું ઉપરના અવતરણમાં આબુ મંત્રીએ યુધ્ધના આગલા દિવસની સાંજે હાથીની અંબાડી ઉપર બેસી પ્રતિક્રમણ કર્યું એ કથા કલ્પનામાં કદાચ સુંદર લાગતી હશે, પણ પ્રતિક્રમણ સ્થિર આસન ઉપર જ બેસીને કરવું એવો ધર્મવિધિ સુવિદિત છે અને પ્રતિક્રમણ ધ્યાનની સ્થિરતા માંગે છે અને એ સ્થિરતા હાથીની અંબાડી ઉપર સંભવતી નથી. એમ છતાં ઉપરની કથામાં પ્રતિક્રમણ ક્રિયાનું હાથીની અંબાડી સાથે અનૈસર્ગિક લગ્ન કરવામાં આવ્યું છે એ ભારે કઢંગુ લાગે છે.

પણ સૌથી વધારે કઢંગી વાત તો આગલે દિવસે સાંજે પ્રતિક્રમણની ક્રિયા અને બીજે દિવસે શત્રુ સૈન્યનો સંહાર અને વિજયની પ્રાપ્તિને લગતી છે. **मित्ति मे सव्व भूएसु वैरं मज्झं न केणइ** । એ ભાવના જેના કેન્દ્રસ્થાને છે એવી પ્રતિક્રમણ ક્રિયા કાં તો બોટી હતી અથવા તો બીજા દિવસનો શત્રુ સૈન્યનો પરાજય અસંભવિત હતો. પણ અહિં તો બન્ને બાબત જોડી દેવામાં આવી છે અને એમાં જૈન સમાજને ગૌરવ લેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

આજે એવા કેટલાય માણસો આપણા જોવા જાણવામાં આવે છે કે જેઓ સવારમાં દોઢ બે કલાક પૂજાપાઠમાં એક સરખી નિયમિતતાથી ગાળતા હોય છે અને પછી પેઢી ઉપર જઇને અનેક પ્રકારનાં કાળાં ધોળા કરીને પુષ્કળ દ્રવ્ય કમાતા હોય છે. સવારની પાઠપૂજા અને બપોરનાં કાળાં ધોળાં વચ્ચે આવા માણસોને જરા પણ વિરોધ દેખાતો નથી. આવી જ રીતે આગલી સાંજનું પ્રતિક્રમણ અને બીજા દિવસનું કેવળ હિંસક યુદ્ધ બન્ને સંભવે છે. કારણ કે કહેવાતી ધાર્મિક ક્રિયા આવા માણસોના જીવનમાં કેવળ ટેવનો વિષય બની ગયેલ હોય છે. તે ક્રિયાને તેના ચાલુ જીવન સાથે બીજો કોઇ જીવન્ત સંબંધ રહ્યો હોતો નથી. પણ એટલું સમજી લેવાની જરૂર છે જ કે આવી ધાર્મિકતા અને આવી શુરવીરતા આજે ખાસ અભિમાન કે ગૌરવનો વિષય બની શકતી નથી.

ચોરોને ફરીને નિમંત્રણ

મુંબઇમાં સેન્ડહર્સ્ટ રોડના મંદિર તરીકે ઓળખાતા પ્રાર્થનાસમાજ પાસે આવેલા જૈન મંદિરમાં કેટલાક સમય ઉપર ચોરી થઇ હતી અને મંદિરમાં જે કાંઇ સોના ચાંદીના આકારમાં કિંમતી દ્રવ્ય હતું તે સર્વની-મૂર્તિ ઉપરનાં ચક્ષુટી-લાંની આશરે તેરસો રૂપીઆની કીંમતના માલની-ચોરી થઇ હતી. મંદિરની ચોરીનો આ પહેલો બનાવ નથી. પણ આવા ઉત્તરોત્તર બનતા બનાવોથી જૈન સમાજે જે બોધ લેવો જોઇએ તે ધ્યાનમાં લેવાનું જૈન સમાજને હજુ સુઝતું જ નથી. આ વાતના પુરાવા રૂપે એ જ મંદિરના સંબંધમાં બીજા સમાચાર એ આપવાના છે કે ઉપર જણાવેલ ચોરીના બનાવ બન્યાને લગભગ દોઢ બે માસ પસાર થયા બાદ મુખ્ય મૂર્તિ માટે તૈયાર કરવામાં આવેલ આશરે દશ બાર હજારની કીંમતનો હીરા જડેલો જડાવ મુગટ ચઢાવવાનો સમારંભ-ઉત્સવ કરવામાં આવ્યો હતો. તે મુગટને સુરક્ષિત રાખવા માટે કેટલીક ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે એમ કહેવાય છે પણ કહેવંત છે કે શાહુકારને બે આંખ અને ચોરોને ચાર આંખ. આ રીતે તટસ્થ રીતે જોનાર તો એમજ કહેવાના કે આ કિંમતી મુગટનો ચડાવો ચોરોને જ ફરીને નિમંત્રણ આપી રહેલ છે.

દરેક ધર્મની સાધારણ રીતે બે મુખ્ય સંસ્થાઓ હોય છે. એક મઠ અને બીજું મંદિર. જૈનસમાજ પણ અનેક મઠો અથવા તો ઉપાશ્રયો કે સ્થાનકો અને મંદિરો ધરાવે છે. જૈનસમાજનાં ઉપાશ્રયોની એક વિશેષતા છે. એ ઉપાશ્રયમાં એવી કશી કીંમતી વસ્તુ હોતી નથી કે જેથી કોઇ પણ માણસને ઉપાશ્રયમાં જતાં ચોરી કરવાની વૃત્તિ સરખી ઉદ્ભવે. આ રીતે જૈનોના ઉપાશ્રયો ચોકીદારો વિના પણ ચોરોથી સદા નિર્ભય હોય છે. જૈન

મંદિરની બાબતમાં આથી ઉલટું હોય છે. તેના રક્ષણની અનેકવિધ વ્યવસ્થા હોવા છતાં તેના માથે હમેશાં ચોરીનો ભય રહેલો જ હોય છે અને ચોરીના બનાવો બન્યા જ કરે છે. આપણા ઉપાશ્રયો માફક આપણાં મંદિરોને આપણે સર્વ પ્રકારે નિર્ભય બનાવી ન શકીએ? શું સોના ચાંદીની આંગીઓ અને હીરા માણેકના મુગટો જૈન મૂર્તિપૂજાના એવાં અપરિહાર્ય અંગો છે કે એના વિના મંદિરોને ચાલી જ ન શકે? સર્વત્યાગી ભગવાનની મૂર્તિને આ વિડંબનામાંથી મુક્ત કરી ન જ શકાય? મંદિરમાં દ્રવ્ય ખરચવું હોય તો તેના અનેક રસ્તાઓ છે. મંદિરમાં સુન્દર ચિત્રકામ કરાવો; કોતરકામ કરાવો; મંદિર માટે વધારે ભવ્ય ઇમારતો બાંધો; પણ મંદિરમાં કે મૂર્તિ ઉપર એવી કશી વસ્તુ હોવી ન જોઇએ કે જે ચોરી કે લુટફાટ કરવાની વૃત્તિને જરા પણ ઉત્તેજન આપે. વીતરાગ પ્રભુનું પ્રતિનિધિત્વ ધરાવવાનો જે સંસ્થા દાવો ધરાવે છે તે સંસ્થાનું આન્તર બાહ્ય સ્વરૂપ એવું હોવું જોઇએ કે તેના વાતાવરણમાંથી સૌ કોઇને જૈન ધર્મના મૂળમાં રહેલા ત્યાગ, સાદાઇ અને સંયમની સહજ પ્રેરણા મળી રહે. જૈન મંદિરનું વિશિષ્ટ લક્ષણ અભંગદ્વાર કહેવામાં આવે છે. પણ આ અભંગદ્વાર પણ આજે નથી સમય પુરતું રહ્યું કે નથી માણસ જાત પુરતું રહ્યું. જૈન મંદિરો અમુક જ સમય ઉઘાડા રાખી શકાય છે. બાકી તો તેના દરવાજે તાળાં અને ચોકીદારો ગોઠવાયલાં હોય છે. માણસોમાં પણ આજે ભેદ કરવામાં આવે છે. અનેક વર્ગોને પૂજનનો અધિકાર હોતો નથી. અસ્પૃશ્ય ગણાતા વર્ગોને દર્શન માટે આવે તો તેમને દર્શન કરવા દેવામાં આવે એ હજુ જરા પણ સંભવિત નથી. આજે એક શ્રીમાનની કોઠી અને જૈન મંદિરમાં સરવાળે બહુ તફાવત રહ્યો નથી. **પરમાનંદ.**

(પૃષ્ઠ ૧૧૯ થી ચાલુ)

ઉદ્‌ગમ થઇ રહેલો હોય છે. પૃથ્વીપટ ઉપરના પ્રદેશો પ્રવાસયોગ્ય બને છે અને સ્વચ્છ આકાશમાં ટમટમતા તારાઓથી સુશોભિત બનેલી અને ચંદ્રકળાની ઉત્તરોત્તર વૃદ્ધિવડે પ્રકાશિત બનતી જતી રાત્રી જનતાને ઘરની બહાર નીકળવાની પ્રેરણા અને આમંત્રણ આપી રહી હોય છે.

નવરાત્રનું પર્વ આમ તો જગજ્જનની મહાશક્તિની ઉપાસનાનું પર્વ ગણાય છે અને તે કારણે તેની આસપાસ ચોફકસ પ્રકારની ધાર્મિકતા અને સાંપ્રદાયિકતાનું વાતાવરણ વીંટળાયલું રહે છે. પણ આજે ખાસ કરીને મુંબઇ, ગુજરાત, કાઠિયાવાડમાં નવરાત્ર મહોત્સવના અંગઉપાંગોમાંથી આ ધાર્મિકતા કે સાંપ્રદાયિકતાનું તત્ત્વ સરતું જાય છે અને સામાજિક આનંદઉત્સવનું તત્વ પુરાતું જાય છે. નવરાત્ર સાથે એક બાજુ દેવીપૂજન જોડાયલી છે તો બીજી બાજુએ નારીવૃંદોના ગરબાઓ આ દિવસોમાં ગાજી ઉઠે છે. આ દિવસોમાં સ્ત્રીસમાજનો ઉલ્લાસ અને આનંદ કોઇ અજબ પ્રકારનો દેખાય છે. કોઇ પણ મોટા શહેરના રાજમાર્ગ ઉપર સ્ત્રીઓનાં ટોળે ટોળાં એક સ્થળથી બીજા સ્થળે વિચરતાં અને લ્હાણીની ચીજો લેતાં, દેતાં કે દેખાડતાં નજરે પડે છે. મુંબઇ અમદાવાદ કે સુરતમાં આ પર્વ દરમિયાન માત્ર સ્ત્રીઓ જ મ્હાલે છે એમ નથી. પુરૂષો પણ એ આનંદ અને ઉલ્લાસમાં ભાગ પડાવતા દેખાય છે. કેટલાંક સ્થળોએ નવ દિવસનો ભરચક કાર્યક્રમ ગોઠવવામાં આવે છે અને તેમાં સ્ત્રી પુરૂષો કુમાર કુમારિકાઓ-સૌ કોઇ ખૂબ રસથી ભાગ લેતા હોય છે. મનુષ્યસ્વભાવ જ ઉત્સવપ્રિય છે અને એ ઉત્સવની મસ્તીમાં નાના મોટાના-સ્ત્રી પુરૂષના-ભેદો ભુલી જવાય છે. નવરાત્રના અંતે વિજયાદશમી કાંઇ ઓછા મહત્ત્વનું પર્વ નથી. આસો માસ દરમિયાન નિશાળો તેમજ કોલેજનું પ્રથમ સત્ર પુરું થાય છે અને બીજું સત્ર શરૂ થતાં પહેલાંની પખવાડીઆ વીશ દિવસની રજા પડેલી હોય છે. વિદ્યાર્થીઓના-શિક્ષણ સંસ્થાઓના-વિવિધ પ્રકારના રસસંમેલનો-કોન્સર્ટો-પણ આજ મહીનામાં રજુ થાય છે. લોકજીવનમાં સંગીત અને નૃત્યની-ગીત અને ગાનની-કોઇ જુદી જ હેલી આવે છે. બાળકો ગાય છે અને મોટાંઓ ડોલે છે; બ્હેનો ગરબાઓ ગાય છે અને ઝીલે છે અને પુરૂષો એકાગ્ર બનીને સાંભળે છે અને આવકારે છે. આપણે ત્યાં વસંતોત્સવ હજુ માત્ર વાણી અને કલ્પનામાં જ રહેલો છે; પણ શરદુત્સવ તો આપણા જીવનની વસ્તુ બની ગઇ છે.

શરત્પૂર્ણિમાએ કોઇ જુદાં જ રસનાં પૂર ઉભરાય છે. જ્યાં જુઓ ત્યાં લોકો-સ્ત્રીઓ અને પુરૂષો-મિત્રો અને બ્હેનપણીઓ-નગર બહાર નીકળી પડે છે અને કોઇ સમુદ્ર કિનારે તો કોઇ નદીના કાંઠે, કોઇ વન ઉપવનમાં તો કોઇ પાસે આવેલી ટેકરી ઉપર એમ સૌ કોઇ ચાંદની મહાલવા નીકળી પડે છે. ભૂતકાળની તો બહુ ખબર નથી, પણ વચગાળે ચંદ્રિકાની મહત્તા આપણે વિસરી ગયા હતા. બહાર જ્યારે પૂર્ણ ચંદ્ર ધવલ અને શીતળ પ્રકાશ વરસાવી રહ્યો હોય-પૃથ્વીના વિશાળ પટને રૂપેરી રંગે રંગી રહ્યો હોય-ભૂમિતળના સમવિષમ ભાગોની અસમતા ટાળીને સમસ્ત પ્રદેશને કોઇ જુદી જ મનોહરતા અર્પી રહ્યો હોય-ત્યારે આપણા લોકો બહાર નજર કરવાની પણ પરવા ન કરતા અને રાત્રીના નવ કે દશ વાગે કે શ્યામવર્ણીને નિદ્રાનું શરણ સ્વીકારી લેતા આજે ચંદ્રજ્યોતનું સૌન્દર્ય અને મહત્ત્વ લોકમાનસ વધારે ને વધારે સમજતું અને ઝીલતું થયું છે. પૂર્ણિમા અને અમાવાસ્યાનો ભેદ લોકો વધારે સમજવા લાગ્યા છે. લોકો આજે પ્રકાશોન્મુખ બન્યા છે અને તેજકિરણોને ઝીલતાં શિખ્યા છે. આ રીતે શરત્પૂર્ણિમા આજે તો જનતાના એક અપૂર્વ ઉત્સવનું નિમિત્ત બની રહેલ છે.

તે પાછળ આવે છે દીવાળી. દીવાળી તો ગરીબ અને પૈસાદાર-ભણેલા અને અભણ-આખી આમજનતાનું એક મહાન ઉત્સવપર્વ છે. દીવાળીમાં ઘેર ઘેર મિષ્ટાન્નો થાય છે અને જાત જાતનાં સુંદર વસ્ત્રો અને આભૂષણો ખરીદાય છે. ફટાકડા ફોડીને બાળકો મલકાય છે; દીપમાળો પ્રગટાવીને મોટેરાંઓ આનંદ માને છે. વિદાય થતું વર્ષ ગયું અને આખા વર્ષનાં સુખ દુઃખ-નફો તોટો-આધિ વ્યાધિ અને ઉપાધિ સૌ કોઇ તેમાં સમાઈ ગયાં. આજે એ સર્વ ઉપર પડદો પડે છે. લોકો એ સર્વ ભુલી જાય છે. થયું તે થયું; ગયું તે ગયું. હવે તેને શું સંભારવું અને શું રડવું? નવી આશાઓ પ્રગટે છે; અને નવી કલ્પનાઓ જાગે છે. લોકો આવતા વર્ષને આવકારે છે અને ઉગમતા પ્રભાતને આદર આપે છે. જુનાં ખાતાં ખલાસ થાય છે; નવા ખાતાં શરૂ થાય છે. સૌ કોઇ સુન્દર વસ્ત્રોમાં સજ્જ થઇને શેરીએ અને ચૌટે નીકળે છે અને એકમેકને પ્રેમ અને આદરપૂર્વક સન્માને છે. રડતા બાળકને કહેવામાં આવે છે કે આજે દીવાળી છે રડાય નહિ; કટુભાષી પણ આજે મિષ્ટભાષી બને છે. અને કુરૂપ માણસ પણ આજે સુરૂપ દેખાય છે. બાર બાર મહિનાના કચરા આજે સાફ કરવામાં આવે છે અને સૌ કોઇ આજે પોતાનું આંગણું અજવાળે છે. મંદિરોમાં ઘંટા વાગે છે અને ચોતરફ દીપશિખાઓ પ્રગટે છે. આનંદો! આનંદો! આજે સૌ કોઇ એકમેકનું શ્રેય અને ઐશ્વર્ય ઇચ્છો અને સર્વત્ર નિરામયતાની પ્રાર્થના કરો!

આમ નૂતન વર્ષના આંગણે ઉભા રાખતા-'સાલ મુબારક' ને નોતરતા-આશ્વિન માસનો ઉત્સવમહિમા તો જેટલો ગાઇએ તેટલો ઓછો છે. આશ્વિન માસ ખરેખર અપૂર્વ અને અસામાન્ય છે. **પરમાનંદ**

અર્ણવોનું આમંત્રણ

(ગતાંકથી ચાલુ)

સમુદ્ર અથવા સાગર જેવો પરિચિત શબ્દ છોડી અર્ણવ શબ્દ મેં પસંદ કર્યો એ કેવળ આમંત્રણ સાથેના અનુપ્રાસના લોભ ખાતર નહિ. અર્ણવ શબ્દ પાછળ ઉંચા ઉંચા મોજાઓનું અખંડ તાંડવ સૂચિત છે. તોફાન, અસ્વસ્થતા, અશાન્તિ, વેગ, પ્રવાહ અને દરેક જાતનાં બંધન પ્રત્યેનો અમર્ષ એ બધા ભાવ અર્ણવ શબ્દમાં આવી જાય છે. અર્ણવ શબ્દનો ધાત્વર્થ અને એનું ઉચ્ચારણ બન્ને એ ભાવમાં મદદ કરે છે અને તેથી જ ઘણી વાર વેદમાં અર્ણવ શબ્દ સમુદ્રના વિશેષણ તરીકે વપરાય છે ખાસ કરીને વેદના વિખ્યાત અઘમર્ષણ સૂત્રમાં જે અર્ણવ–સમુદ્ર–નો ઉલ્લેખ છે તે એની ભવ્યતા સૂચવે છે.

આવા અર્ણવનો સંદેશો આજની દુનિયા આગળ રજુ કરવાની શક્તિ મને પ્રાપ્ત થાય એટલા માટે વૈદિક દેવતા સાગર-સમ્રાટ વરૂણને હું નમન કરું છું.

જ્યાં રસ્તો નથી ત્યાં રસ્તો પાડનાર વરૂણ દેવ છે. પ્રભંજનના તાંડવથી જ્યારે રણમાં રેતીનાં મોજાંઓ ઉછળે છે ત્યારે મુસાફરોને દિશાદર્શન કરી આપનાર વરૂણ જ છે. અને અનંત આકાશમાં પોતાની પાંખોની શક્તિ અજમાવનાર ત્રિખંડના યાત્રી પક્ષિઓને વ્યોમમાર્ગ બતાવી આપનાર વરૂણ જ છે. અને વેદકાળનાં ભુજ્યુથી માંડીને ગઇ કાલે જ જેને મુંબ ઉગી છે એવા ખલાસી સુધી દરેકને સમુદ્રનો રસ્તો બતાવનાર પણ વરૂણ જ છે. નવાં નવાં અજ્ઞાત ક્ષેત્રોમાં પ્રવેશ કરી, નવા નવા રસ્તા પાડનાર યમરાજ હો, કે અગસ્તિ હો, એમને હિંમત અને પ્રેરણા આપનાર દીક્ષાગુરૂ વરૂણ જ છે.

વરૂણ જેમ યાત્રીઓનો ભોમિયો છે તેમ મનુષ્ય જાતિ માટે એ ન્યાય અને વ્યવસ્થાનો દેવ છે. ઋતમ્ અને સત્યમ્નો સાક્ષાત્કાર એને પૂર્ણપણે થયેલો હોવાથી એ દરેક આત્માને સત્યને રસ્તે જવાની પ્રેરણા આપે છે. ન્યાય પ્રમાણે ચાલવામાં જે સૌન્દર્ય છે, સમાધાન છે અને જે અંતિમ સફળતા છે, તે વરૂણ પાસેથી જાણી લેવી. અને જો કોઇ લોભી, અદૂરદૃષ્ટિ માનવી વરૂણની એ ન્યાયનિષ્ઠાનો અનાદર કરે તો વરૂણ એને જલોદરથી પીડે છે જેથી માનવી સમજી શકે કે લોભનાં ફળ કોઇ કાળે રૂડાં નથી હોતાં.

એવા એ વરૂણની કૃપા હશે તો અર્ણવનો સંદેશો હું આપને સંભળાવી શકીશ અને અર્ણવનું આમંત્રણ આપ સૌના હૈયા સુધી પહોંચાડી શકીશ.

જેમ પરમમંગલ, કલ્યાણકારી, સદાશિવ પોતે સોંઘા ન થઇ જાય એટલા માટે રૂદ્રરૂપ ધારણ કરે છે, તેવી જ રીતે રત્નાકર સમુદ્ર પણ અટ્ટહાસ્ય કરતાં મોજાંઓથી બીકણ માણસને દૂર રાખે છે. સુંવાળી વનસ્પતિ અને ઘરરખા મનુષ્યો પોતાના કિનારા ઉપર સ્થિર ન થઇ જાય, એટલા માટે ભરતિ ઓટ ચલાવી એ બધાને સમજાવે છે કે આટલું અન્તર તમારે રાખ્યે જ છૂટકો.

સમુદ્રને તીરે ઉભા રહી જ્યારે મોજાંઓને આવતા અને જતાં જોઉં છું, અમાસ અને પૂર્ણિમાની ભરતિઓ આવતી અને જતી જોઉં છું ત્યારે બુદ્ધિ સવાલ કરે છે કે આ નિરર્થક આવાગમન શા માટે છે? આ પ્રગતિ અને પરાગતિનું શું પ્રયોજન હશે? બુદ્ધિ જ્યારે કશો જવાબ આપી ન શકી ત્યારે હૈયું બોલી ઉઠ્યું 'આટલું ન સમજી શકો? તમારા શ્વાસોચ્છ્વાસથી તમારી છાતી જેમ ફૂલે છે અને બેસે છે, તેમજ આ વિરાટ-સાગર શ્વાસ લે છે એના આ ધબકારા છે; એનો એ ઉભળકો છે. જમીન ઉપર માણસે જે પાપ અને ઉત્પાત ચલાવ્યા છે તેને ક્ષમા કરવાની શક્તિ આણવા માટે મહાસાગરને આટલો હૃદયનો વ્યાયામ કરવો પડે છે.

જે મોજાંઓ દુર્બળ લોકોને ધમકાવીને દૂર રાખે છે, એ જ મોજાંઓ વિક્રમના રસિયાઓને સ્નેહાળ આમંત્રણ આપે છે કે "ચાલો આ સ્થિર જમીન ઉપર શું ઉભા છો? ઉભા ઉભા કટાઇ જશો! લ્યો એક વહાણ, થાઓ એના ઉપર સવાર, અને ચાલો પવનનો પ્રાણ જ્યાં દોરતો જાય ત્યાં. અમે બધા છીએ તો સાગરનાં બાળક, પણ અમારો શિક્ષાગુરૂ છે પવન. એ જેમ નચાવે, તેમ અમે નાચીએ છીએ. તમે પણ એ જ વ્રત લ્યો, અને ચાલો અમારી સાથે." જે હૈયામાં ઉમંગ હોય તે આવું આમંત્રણ પાછું ઠેલી ન શકે.

નાનપણમાં સિંદબાદની વાર્તા તમે નથી વાંચી? સિંદબાદ પાસે અઢળક ધન હતું, વાડી વજીફા બધું હતું. પોતાના વ્હાલથી એનું જીવન ભરી દેનાર સગાંવ્હાલાં પણ એની આસપાસ હતાં છતાં સમુદ્ર જ્યારે ઘૂઘવે ત્યારે એનાથી ઘરમાં રહેવાતું ન હતું. મોજાંઓનું પારણું છોડી પલંગ ઉપર પોઢે તે પામર ગણાય. હૈયું કહે 'ચાલો.' સિંદબાદ સમુદ્રની યાત્રાએ ગયો, ત્યાં અનેક રીતે હેરાન થયો. મીઠા કરતાં કડવા અનુભવો એને વધારે થયા એટલે સહીસલામત પાછા આવતાં એણે સોગંદ ખાધા કે સમુદ્ર-યાત્રાનું ફરી નામ ન લઉં.

પણ અંતે એ માનવીસંકલ્પ. એ સંકલ્પને સમ્રાટ વરૂણનો થોડો જ આશીર્વાદ હતો? થોડા દિવસ ગયા અને ગૃહસ્થી જીવન એને અલૂણું લાગવા માંડ્યું. રાત્રે એ ઉંઘે પણ એને ઉંઘ ન આવે, મોજાંઓ એની સાથે વાતો કર્યા જ કરે. ઉત્તર રાત્રીએ સહેજ ઉંઘનું ઝોકું આવી જાય તો ત્યાં સ્વપ્નામાં પણ મોજાંઓ જ ઉછળે અને પોતાની આંગળીઓ હલાવી હલાવી એને બોલાવતા જાય. કયાં સુધી એ પોતાની જીદ પકડી રાખે? એ અન્યમના હોય અને સહેજ ફરવા નીકળે તો એના પગ બગીચાનો રસ્તો છોડી દઇ સમુદ્રની ધોળી અને ચળકતી રેતી તરફ જ જાય. અંતે એણે સારાં સારાં વહાણો ખરીદ્યાં, મજબૂત હૈયાવાળા ખલાસીઓને નોકરીમાં રાખ્યા, જાત જાતનો માલ સાથે લીધો અને 'જય દરીયા પીર' કહીને વહાણો હંકાર્યાં,

આ તો થઈ કાલ્પનિક સિંદબાદની વાત. પણ આપણે ત્યાં સિંહપુત્ર વિજય તો ઐતિહાસિક પુરૂષ હતો. બાપ એને કશે જવા ન દે. એણે ઘણી આજીજી કરી, પણ એમાં એ ફાવ્યો નહિ. અંતે એણે અકળાઇને એવાં તો તોફાનો ચલાવ્યાં કે પ્રજા ત્રાસી ગઇ અને રાજા પાસે જઇને કહેવા લાગી કે 'રાજા, કાં તો તારા દીકરાને દેશવટો આપ, નહિ તો અમે તારો દેશ છોડીને બહારવટે જઇએ છીએ.' પિતાએ મોટાં મોટાં વહાણો આણ્યાં. એમાં પોતાના દીકરાને અને એના તોફાની સાથીઓને બેસાડી દીધા અને કહ્યું "હવે જ્યાં જવાય ત્યાં જાઓ, પણ પાછું મોઢું નહિ બતાવતા." તેઓ ચાલ્યા. કાઠિયાવાડનો કિનારો એમણે છોડ્યો, ભૃગુકચ્છ છોડ્યું; સોપારા છોડ્યું; દ્વારકા છોડ્યું; છેક મંગલાપુરી સુધી પહોંચ્યા. ત્યાં પણ તેઓ રહી ન શક્યા એટલે હિંમતપૂર્વક આગળ વધી તામ્રદ્વીપમાં જઇ વસ્યા, અને ત્યાંના રાજા થયા. વિજયના પિતાએ પોતાના દીકરાને પાછા આવવાની મનાઈ કરી હતી, પણ એની પાછળ પાછળ કોઇ જાય નહિ એવું ફરમાન તો કાઢ્યું ન હતું. એટલે અનેક દરિયાશૂરો વિજયને

રસ્તે જઈ નવો નવો વિજય મેળવવા લાગ્યા. જતાં જતાં એ મહાબળીઓ જાવા અને બાલીદ્વીપ સુધી ગયા. ત્યાંની સમૃદ્ધિ, ત્યાંની આબોહવા અને ત્યાંનું પ્રાકૃતિક સૌન્દર્ય જોયા પછી પાછા આવવાનું મન જ કોણ કરે ? પછી તો ઘોઘાનો વર આખો પશ્ચિમ કિનારો ઓળંગી, લંકાની લાડીને પરણે એ લગભગ નિયમ થઈ પડ્યો.

આ બાજુ બંગાળના નદીપુત્રો નદીમુખેન સમુદ્રમાં પ્રવેશ કરવા લાગ્યા. જે બંદરથી ઉપડી તામ્રદ્વીપ જવાતું, તે બંદરનું નામ તેમણે તામ્રદિપ્તિ પાડ્યું. આમ તામ્રદ્વીપ-લંકામાં બંગાળીઓ અને ગુજરાતીઓ ભેગા થયા. મદ્રાસ તરફના દ્રવિણો તો ત્યાં કયારના પહોંચી ગયા હતા. આ રીતે અર્ણવોના આમંત્રણથી લંકામાં પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ભારત એક થયું.

બુદ્ધ ભગવાને નિર્વાણનો રસ્તો શોધી કાઢ્યો અને પોતાના શિષ્યોને આદેશ આપ્યો કે "આ અષ્ટાંગિક ધર્મતત્ત્વનો દશે દિશ ફેલાવો કરો !" એમણે પોતે ઉત્તર ભારતમાં ચાલીસ વર્ષ સુધી પ્રચારકાર્ય કર્યું. આસેતુહિમાચલ પોતાનું રાજ ફેલાવ્યા પછી સમ્રાટ અશોકને દિગ્વિજય છોડી ધર્મવિજય કરવાનું સુઝયું. ધર્મવિજય એટલે ધર્મને નામે દેશદેશાંતરની પ્રજાને જીતી, ગુલામ કરી, એમને વટલાવવાનું કામ નહિ, પણ લોકોને કલ્યાણનો માર્ગ બતાવી પોતાનું જીવન કૃતાર્થ કરવાનો અષ્ટાંગિક માર્ગ બતાવવો. જે બુધ્ધ ભગવાન પોતે અકુતોભય થઈને જંગલોમાં ફરતા, તેમના સાહસિક શિષ્યો અર્ણવનું આમંત્રણ સાંભળી દેશદેશાંતરમાં જવા લાગ્યા. કેટલાક પૂર્વ તરફ ગયા, કેટલાક પશ્ચિમ તરફ. આજે પણ પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને કિનારે એ સાધુઓનાં થાણાંઓ પહાડમાં કોરેલાં જડે છે. સોપારા, કાન્હેરી, ધારાપુરી વગેરે સ્થળો બૌદ્ધ મિશનરીઓની પરદેશ યાત્રાનાં સૂચક છે. ખંડગિરિ અને ઉદયગિરિની ગુફાઓ પણ એ જ સાક્ષી પૂરે છે.

આજ બૌદ્ધધર્મી પ્રચારકો પાસેથી પ્રેરણા લઈ, પ્રાચીનકાળના ખ્રીસ્તીઓ પણ અર્ણવ માર્ગે ચાલ્યા અને એમણે અનેક દેશોમાં ભગવદ્‌ભક્ત બ્રહ્મચારી ઈશુનો સંદેશો ફેલાવ્યો.

જેઓ સ્વાર્થવશ સમુદ્રયાત્રા કરે છે, તેમને પણ અર્ણવ સહાય તો આપે છે. પણ વરુણ કહે છે 'સ્વાર્થી લોકોને મારી અટક છે. એમને મારો નિષેધ છે. પણ જેઓ ધર્મપ્રચારને અર્થે નીકળશે, તેમને તો મારા આશીર્વાદ જ છે. પછી એ મહિન્દ અને સંઘમિત્તા હોય કે સ્વામી વિવેકાનંદ હોય, સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર હોય કે એનો ગુરુ ઇગ્નેશિઅસ લોયોલા હોય."

હવે અર્ણવની મદદ લેતા સ્વાર્થી લોકોના હાલ તપાસીએ. મકરાનીઓ બલુચિસ્તાનના દક્ષિણે રહી, પશ્ચિમ સાગરનો કિનારો ખેડતા. એટલે હિંદુસ્તાનનો વેપાર તેમના જ હાથમાં હતો અને ઋતુનપૂર્વક તેઓ તે પોતાના જ કબજામાં રાખતા. એટલે એક વરુણપુત્રને થયું કે આપણે સીધો રસ્તો શોધી કાઢવો જોઇએ. વરુણે એને કહ્યું કે અમુક મહિનામાં અરબસ્તાનથી તંબોરું વહાણ તમે ભરદરિયે હંકારો તો સીધા કેલીકટ તરફ આવી પહોંચશો. એક બે મહિના તમે હિંદુસ્થાનમાં વેપાર કરીને પાછા જવા તૈયાર થાઓ એટલે હું તમને મારા પવન ઉલટા ચલાવી, આવ્યા એજ રસ્તે પાછા સ્વદેશ પહોંચાડીશ. આ વાત ઇ. સ. ૫૦ પૂર્વેની છે.

દૂર દૂર પશ્ચિમે પ્રાચીન કાળમાં વાઇકિંગ કરીને ચાંચીયા લોકો રહેતા હતા. વરુણના એ વ્હાલા હતા. ગ્રીનલૅંડ, આઇસલૅંડ, બ્રિટન અને સ્કૅન્ડીનેવીઆ વચ્ચેના ઠંડા અને તોફાની સમુદ્રને તેઓ ખેડતા. તેમના જ વંશજો તે આજના અંગ્રેજો છે. નોર્વે, બ્રિટન, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગાલ એ દરીયાને કિનારે વસતા રાષ્ટ્રોએ વારા ફરતી દરિયો ખેડ્યો. એ બધાને હિંદુસ્તાન આવવું હતું. વચમાં પૂર્વ તરફ મુસલમાની રાજ્યો હતાં. એમને વટાવી, અથવા ટાળી, હિંદુસ્થાનનો રસ્તો શોધવો હતો. બધાએ વરુણદેવની ઉપાસના શરૂ કરી અને અર્ણવને રસ્તે ચાલ્યા. કોઇ ગયા ઉત્તર ધ્રુવ તરફ, કોઇ ગયા અમેરિકા તરફ. કેટલાકોએ આફ્રિકાની અવળી પ્રદક્ષિણા કરી અને અંતે બધા હિંદુસ્તાન પહોંચ્યા ખરા. સમુદ્ર એટલે લક્ષ્મીનો પિતા. એને જે ખેડે એ લક્ષ્મીનો કૃપાપાત્ર થવાનો જ. એ બધાઓએ નવા નવા દેશ જીત્યા, ધન દૌલત ભેગી કરી, પણ વરુણ દેવનું ન્યાયશાસન તેઓ ભૂલ્યા. વરુણ દેવ ન્યાયનો દેવ છે. એની પાસે ધીરજ પણ છે અને પુણ્યપ્રકોપ પણ છે. જ્યારે એણે જોયું કે મેં એમને સમુદ્રનું રાજ્ય આપ્યું, પણ એ લોકોએ રાજાને શોભે એવો ન્યાય ધર્મ ન પાળ્યો ત્યારે વરુણ રાજાએ પોતાનો આશીર્વાદ પાછો ખેંચી લીધો અને બધાને જળોદરની સજા કરી. હવે એ રાષ્ટ્રો હિંદુસ્થાન અને આફ્રિકા બન્ને ખંડમાંથી જે કાંઇ સંપત્તિ મેળવી હતી તે અંદર અંદર લડવા માટે વાપરવા લાગ્યા છે અને પોતાના પ્રાણ સાથે એ બધી સંપત્તિ જળના ઉદરમાં પહોંચાડી દે છે. સમુદ્રયાન હોય કે આકાશયાન હોય, અંતે એણે સમુદ્રના જળના ઉદરમાં પહોંચવાનું જ છે. હવે વરુણરાજા કોપ્યો છે. સાગરની સેવા લેનારાઓમાં જે સાત્ત્વિકતા ન હોય તો તેઓ દુનિયામાં ઉત્પાત મચાવનારા છે એની એને ખાત્રી થઇ ગઇ છે. અત્યાર સુધી એણે વિજ્ઞાનશાસ્ત્રીઓને તેમજ જ્યોતિષશાસ્ત્રીઓને, વિદ્યાર્થીઓને તેમજ લોકસેવકોને દરિયાની મુસાફરીની પ્રેરણા આપી. હવે એ હિંદુસ્થાનને એક નવી જ પ્રેરણા આપવા માંગે છે. હિંદુસ્તાન આગલ એક નવું મિશન ખોલવા માંગે છે. આપણે એ સાંભળવા તૈયાર છીએ ?

પશ્ચિમ સમુદ્ર કિનારે આપણે વસીએ છીએ. દિવસ રાત્ર પશ્ચિમ સાગરનું * આમંત્રણ સાંભળીએ છીએ. અત્યાર સુધી આપણે બહેરા હતા. એ સંદેશો આપણે કાને પડતો ન હતો. હવે એ સ્થિતિ રહી નથી. યુરોપની મહા પ્રજાઓએ આપણા પર રાજ્ય જમાવી આપણને મોહિનીમાં નાંખ્યા હતા. હવે એ મોહિની ઉતરી છે. હવે આપણાં કાન ખુલ્યાં છે. દુનિયાના નકશા તરફ આપણે નવી આંખે જોવા લાગ્યા છીએ. મહાસાગરો ભૂમિખંડોને તોડતા નથી પણ જોડે છે એ આપણે હવે સમજતા થયા છીએ. આફ્રિકાનો આખો પૂર્વ કિનારો અને કલકત્તાથી માંડીને સિંગાપુર અને આલ્બની (ઑસ્ટ્રેલિયા) સુધીનો પૂર્વ તરફનો પશ્ચિમ કિનારો આપણને આમંત્રણ આપે છે કે 'ઇશ્વરે તમને જે જ્ઞાન, ચારિત્ર્ય અને વૈભવ આપ્યો હોય, તેનો લાભ અહિંની કોમોને આપો. જાવા છે, બાલી છે, ઓસ્ટ્રલેશિઆ છે, ટાસમાનિઆ છે અને પ્રશાન્ત મહાસાગરના અસંખ્ય ટાપુઓ છે. એ બધા અર્ણવની વાણીથી આપણને બોલાવે છે. એ બધે ઠેકાણે સાગરના પ્રેર્યા અનેક મિશનરીઓ ગયા હતા, પણ બધે તેઓ પોતાની સાથે શરાબ લઇ ગયા, ઉચ્ચ નીચ ભાવ લઇ ગયા, ઇશુખ્રિસ્તને ભૂલી જઇ એમનું બાઇબલ લઇ ગયા. અને એ બાઇબલની ઓથે એમણે પોતપોતાના દેશનો વેપાર ચલાવ્યો. અર્ણવ એમને લઇ ગયો, પણ વરુણ એમના પર નારાજ થયો

*આપણા આ પાડોસીને આપણે અરબી સમુદ્ર તરીકે ઓળખીએ છીએ એ વિચિત્ર છે. વિલાયતથી આવતા ગોરાઓ એને 'અરબી સમુદ્ર' ભલે કહે. આપણે એ મુંબઇ સમુદ્ર છે અથવા પશ્ચિમસાગર છે. એ જ નામ આપણે ચલાવવું જોઇએ.

છે. આપણે ભારતવાસીઓ પ્રાચીન કાળમાં ચીન તરફ ગયા, યવન દેશ ગ્રીસ તરફ ગયા, જાવા અને બાલી તરફ ગયા. આપણે '**सर्वे सन्तु निरामयाः ।**' વાળી સંસ્કૃતિનો વિસ્તાર કર્યો, પણ આપણે તે તે દેશોએ આપણાં સામ્રાજ્યો સ્થાપવાની દુર્બુદ્ધિ ન સેવી. બીજાઓના પ્રમાણમાં આપણા હાથ સાફ છે એટલે વરૂણનો આદેશ થયો છે–અર્જુન આપણને આમંત્રે છે અને કહે છે "બીજાઓ વિજયપતાકા લઇને ચાલ્યા; તમે અહિંસા-ધર્મની અભયપતાકા લઇને ઉપડો અને જ્યાં જાઓ ત્યાં સેવાની સુવાસ ફેલાવો. શોષણ માટે નહિ, પણ પછાતોના પોષણ માટે અને શિક્ષણ માટે ચાલો. આફ્રિકાના શાલીગ્રામ વર્ણના તમારા ભાંડુઓ તમને બોલાવે છે. પૂર્વ તરફના સુવર્ણ વર્ણના તમારા ભાંડુઓ તમારી રાહ જુએ છે. એ બધાની સેવાએ ઉપડો અને બધાને કહો કે અહિંસા એ જ પરમ ધર્મ છે. ઉચ્ચનીચ ભાવ, અભિમાન, અહંકાર, આવી હીન વૃત્તિઓને આ ધર્મમાં સ્થાન ન હોય. ભોગ અને ઐશ્વર્ય એ બન્ને જીવનના કાટ છે. સંયમ અને સેવા, ત્યાગ અને બલિદાન, એજ જીવનની કૃતાર્થતા છે. એ ધર્મ જેઓ સમજ્યા હોય, તેઓ બધા ઉપડો! પૂર્વસાગર અને પશ્ચિમ સાગર વચ્ચે હજાર હજાર માઇલનો કિનારો તૈયાર કરી હિંદુસ્તાનને હિંદી મહાસાગરમાં જે સ્થાન અપાયું છે તે સમુદ્રવિમુખ થવાને માટે નથી. એ તો અહિંસાના વિશ્વધર્મનો પરિચય આખા વિશ્વને કરાવવા માટે છે."

યુરોપના મહાયુદ્ધને અંતે દુનિયાનું રૂપ જેમ ફરવાનું હશે તેમ ફરશે, પણ અસંખ્ય ભારતીઓ અર્જુનનું આમંત્રણ સાંભળી વરૂણ પાસેથી દીક્ષા લઇ દેશદેશાંતરમાં ફેલાશે એ વિષે શંકા નથી. હું સાગરના પૃષ્ટ ઉપર એમનાં વહાણો ડોલતાં જોઉ છું. એમની અભયપતાકાઓ આકાશમાં ફરકતી જોઉ છું અને મારૂં હૈયું ઉછળે છે. અર્જુનનું આમંત્રણ હું જાતે સ્વીકારી ન શકું તોયે યુવાન હૈયાઓ સુધી એને પહોંચાડી શકું છું એ જ ધન્યતા છે. વરૂણરાજાને નમન હજો ! ! !

સમાપ્ત

કાકા કાલેલકર

યુદ્ધનો આરંભ ઘરમાંથી.

ઘણી વાર માણસને જ્યારે રોગ આવે છે, જ્યારે તેના અનેક કારણોની શોધમાં આપણે પડીએ છીએ; અને રાતોના ઉજાગરા, અતિશ્રમ, અનિયમિત કે અપથ્ય એવો ખોરાક, બદ-હજમી વગેરે કારણોમાંથી કોઇને કોઇ કારણો મળી આવે છે. આમ તપાસ કરતાં મોટામાં મોટા રોગની શરૂઆત આપણને ઘણી નાની અને નજીવી માલુમ પડે છે; પણ રોગ થયા પછી એ નાની અને નજીવી લાગતી શરૂઆત પ્રત્યેની આપણી બેદર-કારી આપણને સાલે છે. આવડી નાની ભૂલ અને તેનું જ આવડું પરિણામ? એવું દુખદ આશ્ચર્ય દુનિયામાં આવા પ્રસંગોએ કોને નથી થતું? કરાંચી અને સક્કર આગળ માઇલ દોઢ માઇ-લથી વધુ વિશાળ પટવાળી મદમસ્ત સિંધુનું જે મુળ જોઇએ તો હિમાલયનું જ કોઇ નાનકડું ઝરણુંજ માલુમ પડશે. એ ઝરણુંજ જોનાર જો સક્કર આગળની સિંધુ જુએ તો તેને હિમાલયમાંથી નીકળતા ઝરણાનુંજ આ વિરાટ સ્વરૂપ હશે એમ ભાગ્યેજ ખ્યાલ આવે, છતાં વાસ્તવિક હકિકત ખોટી ઠરતી નથી.

આજ દ્રષ્ટિએ યુરોપમાં અત્યારે ચાલતી ભીષણ યાદવા-સ્થળીના મૂળની તપાસ કરીએ તો? કોઇ કહે છે કે વર્સેલ્સના કરારનું આ પરિણામ આવ્યું, કોઇ કહેશે પ્રજાસંઘની નિર્બળ નીતિનું આ પરિણામ છે. તો કોઇને આ માટે બ્રિટન અને બીજા દેશોની શાહીવાદી નીતિ જવાબદાર લાગશે. કોઇ વાદ-પારંગત રસિયો આ યુદ્ધના કારણોની તપાસમાં નાઝીવાદ, ફેસી-સ્ટવાદ અને સમાજવાદના આખા ઇતિહાસમાં આપણને લઇ જવા પ્રયત્ન કરશે. આમ અનેકવિધ કારણોની હારમાળા આપણી સમક્ષ રજુ થશે; પરંતુ વાસ્તવમાં વિચારીએ તો આ બધાં કહેવાતાં કારણો એ યુદ્ધરૂપી મહારોગના કારણો નથી. પણ ચિહ્નો છે એમ કહી શકાય. અલ્પ જીવનની ટુંકી દૃષ્ટિથી આ પ્રશ્નને ન જોતાં સળંગ માનવજીવનના લાંબા અનુભવોની દૃષ્ટિએ જોઇએ તો આપણને લાગે છે કે યુદ્ધનો રોગ એ માનવ જાતનો જુનો રોગ છે. વર્સેલ્સના કરાર નહોતા ત્યારે પણ મહાયુદ્ધો ખેલાયાં છે; એક પૃથ્વી રૂપી માતાના સંતાનો અરસપરસ જાનવરોથી પણ વધુ બુરી રીતે લડ્યા છે; અને બાંધવને દુશ્મન નામે પુકારીને તેના લોહીથી પોતાની પ્યાસ બુઝાવી છે. માનવ જાતના હૈયામાં એવો કયો અણબુઝાયેલો અગ્નિ છે કે જેમાંથી વિશ્વસંહારના દાવાનળો અવાર નવાર ફાટ્યા કરે છે? એવું કયું અનર્થકારી મૂળ છે કે જેમાંથી દ્વેષનો, હિંસાનો, રક્તપાતનો દાવાનળ સૈકાંઓ થયાં નિરંતર સળગ્યાજ કરે છે? કોઇ બુદ્ધ, મહાવીર, ઇસુખ્રિસ્ત કે ગાંધીની શિતળ પ્રેમદૃષ્ટિ પણ જેને બુઝવી નથી શકતી એવા આ હુતાશનનું મૂળ કયાં છે?

ઉપર છલ્લી દ્રષ્ટિએ લાગે કે આ યુદ્ધ હિટલરે સળગાવ્યું, કૈસરે સળગાવ્યું અથવા તો બીજી કોઇ જવાબદાર રાજદ્વારી વ્યકિતનું નામ દઇને છૂટી જવાની લોકોને ટેવ હોય છે અને આ માનવસંહાર માટે સામાન્ય માણસોની કાંઇ જવાબદારી નથી એવો સંતોષ માની લેવામાં આવે છે. ત્યારે ખરેખર શું જવાબદારીનો ટોપલો હિટલર કે કોઇ એક રાજદ્વારી ઉપર નાખી શકાય? જરા વિચાર કરતાં લાગશે કે યુદ્ધ માટે જવાબદાર ગણાતી વ્યકિતઓ તો માત્ર નિમિત્ત હોય છે. પ્રજા અને જન-સમાજમાં રહેલાં વ્યાપક હિંસા, દ્વેષ, ક્રોધ વગેરે તત્વો આ વ્યકિતઓ દ્વારા વ્યકત થાય છે. જેમ વીજળીનો પ્રવાહ સર્વત્ર ચાલુ હોય છે, પણ તેને વ્યકત કરવા માટે બટન જોઇએ છે, સ્વરના આંદોલનો હવામાં સર્વત્ર હોય છે, પણ તેને ઝીલવા અને વ્યકત કરવા માટે રેડીયો જોઇએ છે, તેમ માનવ સમાજમાં કુટુંબોમાં અને વ્યકિતઓમાં રહેલી વ્યાપક હિંસા યુદ્ધના અકરમાત દ્વારા ફાટી નીકળે છે અને આખા શરીરના લોહીનો બગાડ જેમ ગુમડાં વાટે રસીના રૂપમાં ઝર્યા કરે છે તેમ આપણા સૌમાં રહેલી હિંસા યુદ્ધના ભીષણ સ્વરૂપે પ્રગટ થાય છે; અને વખતો વખત માનવજાત ઉન્માદની અવસ્થામાં આત્મઘાતને પંથે પળે છે.

માનવજાતના આત્મઘાતના આ મહારોગને અટકાવવા માટે અવારનવાર ઘણા ઉપચારો સૂચવવામાં આવે છે. કોઇ કહે છે કે જગતમાં શસ્ત્રસંન્યાસ સ્થાપો, કોઇ કહે છે કે સર્વત્ર સમાજ-વાદ સ્થાપો એટલે યુદ્ધનો અંત આવશે. કોઇ વળી યુદ્ધદ્વારા યુદ્ધના નાશની પણ હિમાયત કરે છે. જો રોગ માત્ર ઉપર-છલ્લો હોત તો આ બાહ્ય મલમપટ્ટી કે ઉપચારોથી આરામ થઇ જાત. દુનિયાએ આ ઉપાયો અજમાવી જોયા, પણ પરિણામ કાંઇ આશાસ્પદ જોયું નથી. સમાજવાદ સ્થાપવામાં પણ કટ્ટર સમાજવાદીઓ ગણાતા સ્ટેલીન અને ટ્રોટસ્કી જીવસટોસટથી લડ્યા હતા. આમ વિચાર કરતાં જણાય છે કે રોગનું મૂળ આવા બાહ્ય ઉપચારો પહોંચી ન શકે તેટલું ઉંડુ અને ઝીણું છે અને આ મૂળ શોધતાં શોધતાં આપણે એક રાષ્ટ્રના બીજા રાષ્ટ્ર પ્રત્યેના વ્યવહારથી શરૂ કરીને એક સમાજનો બીજા સમાજ પ્રત્યેનો વ્યવહાર અને એક વ્યકિતનો બીજી વ્યકિત પ્રત્યેનો

વ્યવહાર તપાસીએ તો જણાશે કે યુધ્ધનું સાચું મૂળ તો આપણા ઘરમાં છે. તેની શરૂઆત વ્યક્તિના વ્યવહારથી થાય છે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિને છેતરીને જીવી શકે છે, બીજાની કાંધ ઉપર બેસીને તાગડધીન્તા કરી શકે છે અથવા બીજાના શોષણ ઉપર પોતાના ઐશ્વર્યના મિનારા બાંધી શકે છે એમ જ્યાં શિખવવામાં આવે છે ત્યાં યુધ્ધના બીજની શરૂઆત થાય છે. પોતાને માટે એક કાયદો અને બીજાને માટે બીજો કાયદો એ ધોરણે જ્યાં આચરણ થાય છે, ત્યાં યુદ્ધના બીજ રોપાય છે. હુશિયારી કે ચાલાકીનો અર્થ અન્યના ભોગે પોતાનું હિત સાધવાની કુશળતા એમ જ્યાં થાય છે, ત્યાં યુધ્ધના બીજ રોપાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના વ્યવહારમાં રોજના જીવનમાં જે હિંસા કે અન્યાય થાય છે, તે પ્રચંડ સ્વરૂપે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના વ્યવહારમાં પ્રગટ થાય છે; ત્યારે આપણે તેને યુદ્ધના મહાસંહાર રૂપે ભાળીએ છીએ અને આ સંહારને પ્રેમની શિતળ અમીવૃષ્ટિ દ્વારા નહિ પણ આપણો સૌની અંદર રહેલા હિંસા અને દ્વેષના તણખાને મિટાવ્યા વગર તેને બુઝવવા દોડીએ છીએ; પણ તે બુઝવાને બદલે વધુ પ્રજ્વલિત થાય છે. કેમકે સળગતા ભડકાના પાસે આપણે હૈયામાં સ્પીરીટનો કુંપ લઇને જઇએ છીએ.

આમ જ્યાં સુધી યુદ્ધના મૂળને ઓલવવાનું આપણને નહિ શિખવવામાં આવે, વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના વ્યવહારનું ધોરણ બદલવાનું નહિ શિખવવામાં આવે ત્યાં સુધી યુધ્ધનો અંત કદી આવવાનો નથી. કેમકે યુધ્ધના રોગના જંતુઓ આપણા ઘરમાં પડયા હોય છે. એટલે વખતોવખત સંહારનો પ્લેગ તેમાંથી ફાટી નીકળે છે. એક વ્યક્તિ તરફથી બીજી વ્યક્તિને થતો નાનકડો અન્યાય એ યુદ્ધનું બીજ રોપે છે. આ અન્યાયની પરંપરામાં જીવનારા માણસોએ એવી સમાજરચના ઉભી કરી છે કે જેમાં યુધ્ધ અનિવાર્ય બને. એટલે નવી સમાજરચના કરવી હશે કે જેમાં યુદ્ધ ન હોય, હિંસા ન હોય તો માનવ માનવ પ્રત્યેના વ્યવહારનું આખું ધોરણ બદલવું પડશે.

આ કાંઇ મોટી ફીલ્સુફી કે નીતિની દુષ્કર વાત નથી; પણ એકને એક બે જેવી વ્યવહારૂ વાત છે; જેને પરમાર્થ કહેવામાં આવે છે તેમાં ઉચ્ચતમ સ્વાર્થ સધાય છે; જે સ્વાર્થ અન્યનું અહિત કરતાં શિખવે તેમાં આખરે સ્વાર્થ નથી સરતો, પણ સ્વનાશની પ્રાપ્તિ થાય છે. આ બાબત માત્ર સંતવાણી નથી પણ નક્કર અને વ્યવહારૂ સત્ય છે. લોકો જ્યારે જ્યારે સંસ્કૃતિની હલકી પાયરી ઉપર હોય છે ત્યારે ત્યારે સુકૃત્ય કરવા માટે તેમના મનને પોરસ ચડાવવો પડે છે, બીજાને મદદ કરવામાં તેઓ મહા પારમાર્થિક અને લોકહિતકારી કામ કરી રહ્યા છે એવી શાબ્દિક મોટાઇ તેમને આપવી પડે છે. પણ ખરી હકીકત એ છે કે બીજાને મદદ કરવામાં માણસ પોતાનેજ મદદ કરે છે; પોતેજ ફાયદો મેળવે છે. ઉંચામાં ઉંચી ફીલ્સુફી, નીતિશાસ્ત્ર અને ઉચ્ચત્તમ વ્યવહાર બધા એ જ વસ્તુ શિખવે છે.

આજ સુધી જેને આદર્શની વાત ગણવામાં આવતી હતી તે હવે વ્યવહારસિદ્ધ થઇ ચુકી છે કે જે સરકાર કેળવણી પાછળ પૂરતો ખર્ચ નથી કરતી તેને પોલીસ અને જેલોનો ખર્ચ વધે છે. જે મ્યુનીસીપાલીટી શહેરીઓની સુખ સગવડ અને સફાઇ પાછળ ખર્ચ કરવામાં કંજુસાઇ કરે છે તેને હોસ્પીટલો પાછળ વધુ નાણાં ખર્ચવા પડે છે. જર્મની અને બ્રિટનની આજે જે પ્રચંડ શકિતઓ પરસ્પર સંહારમાં રોકાયેલી છે, એ શકિતઓ સહકારથી ઇચ્છે તો આખા જગતમાં નંદનવન ઉભું કરી શકે. યુદ્ધમાં એક પક્ષ વિજેતા થઇને પણ જે સુખ સગવડ પોતાની પ્રજાને ન આપી શકે તે સુખ સગવડો બન્ને પ્રજાના સહકારથી ઉભી થઇ શકે. સંહારમાં વપરાતી શકિતઓનો જો રચનાત્મક કાર્યમાં ઉપયોગ થાય તો આખા જગતની શકલ બદલી જાય. અર્થશાસ્ત્રીઓ કહે છે કે યુદ્ધમાં ખર્ચાતા દ્રવ્ય અને શકિતને જો બીજે માર્ગે વાળવામાં આવે તો દુનિયાના એકે એક માણસને ઉધાનવાળું ઘર મળી શકે, પણ આ નવરચના કરવાને ઉદ્યુકત થાય એવું માનસ કયાં ? યુદ્ધમાં જે ગુણ ન હોય તે હોજમાં કયાંથી આવે ? વ્યકિત વ્યકિત વચ્ચેના વ્યવહારનું ધોરણ બદલવામાં આવે તોજ યુધ્ધનો આખરી વિનાશ થાય. આ નવીન માનસ કેળવવાનું સારામાં સારું ક્ષેત્ર ઘર સિવાય બીજું કયું હોઇ શકે ? યુદ્ધનો આરંભ જેમ ઘરમાંથી થાય છે, તેમ તેનો અંત પણ ઘરમાંથી થઇ શકશે.

જગન્નાથ દેસાઇ.

હિંદનો હૈયાઠારણ.

એ...ભારતનો એ જોગી ઝુકે
સાગર કાંઠે, સાબર પાળે એ....
જીવન નૈયા ઝુલાવતો (૨)

એ...આલમનો એ અવધૂત યોગી
ભારત કાજે ભેખ સાધી
માત કાજે મૃત્યુ માગી એ...
માનવ હૈયા ડોલાવતો (૨)

એ...બજાવી એણે બાંસરી
ભારતીનાં દર્દ ભરી
હિંદ મૈયાનું હાર્દ પૂરી એ...
કલિયુગનો કૃષ્ણ એ (૨)

એ....એક એના દિવ્ય બોલે, એક એના સ્વર્ગીય સ્વરે,
હીંદીઓએ ભર ઉંઘ ત્યાગી, આત્મસમર્પણનાં યોગ સાધી,

એ...આઝાદી યજ્ઞે ખપી ગયા, જેલના મહેલ માણી ગયા.

એ...દયા ક્ષમાનો અવતાર ગાંધી, સત્ય અહિંસાનો સરદાર ગાંધી,
ત્યકતોનો તારણહાર ગાંધી, પતિતોનો પાવનકાર ગાંધી,

એ....અછૂત અનાથોનાં નાથ, એ દીન દલિતોનાં પ્રાણ એ.

એ ..પૂતળીબાઇનો દૂધદિપક, કર્મા ગાંધીનો કુલ દિપક,
'હિંદનો હૈયા ઠારણ' ગાંધી, પાંત્રીસ કોટિનો તારણ ગાંધી,

એ...આ યુગનો અવતારી, એ વિશ્વનો વિશ્વવંદ્ય એ.

એ...ગુજરાતનું એ ગૌરવ ગાંધી, સૌરાષ્ટ્રનો શિરતાજ ગાંધી,
ચેતનનો ચિનગાર ગાંધી, ભારતનું એ ભાગ્ય ગાંધી,

એ... સુદામાપુરીનો સંત એ, મનુકુલનો મહંત એ.

એ...જોગીડા તહારા ભેખ ભવ્ય, યોગીડા તહારા આદર્શ દિવ્ય.
યુગ યુગ જીવી યુગ અજવાળી, વિશ્વબંધુત્વનાં અમૃત પાઇ,

એ...હો સદા જીવંત તું, 'બંધુ' દિલે મૂર્તિમંત તું.
એ....એજ અમારી ઝંખના !
એ...એજ અમારી વંદના !

બંધુમતી મેઘાણી.

વર્ષની આખરે.

સમય ચક્રમાં આજ સુધી અનેક વર્ષો જુના થઇને યાદીમાંથી ભૂસાયાં છે. અનેક વર્ષોને નવા કલ્પી, વરસ આખરે જુના જાણી આપણે વિસર્યા છીએ. સેંકડો વર્ષો થયાં પ્રજાએાએ અરસપરસ આશીર્વચન ઉચ્ચારી, મુબારકબાદી આપી, આબાદી અને ઉન્નતિ ઇચ્છી છે. છતાં દર વર્ષની આખરે હતા તેવાને તેવા બલ્કે તેથીએ હીન દશામાં દેખાયા છીએ ! ત્યારે શું આશીર્વચનો ખોટાં સમજવાં કે આપનારા ખોટા ? લક્ષ્મીપૂજન અને શારદાપૂજન સેંકડો વર્ષો થયાં કરાય છે, છતાં લક્ષ્મીજીનાં રૂસણાં કેમ અટકતાં નથી ? શા માટે આશીર્વાદ પામેલા હજારો માનવીઓ નાદારીની કોર્ટમાં અને દીવાળીઆના લીસ્ટમાં દેખાય છે ! શા માટે દેશભરમાં ગરીબી હૃદયદ્રાવક થઇ પડી છે ? શા માટે પ્રજાનો મોટો ભાગ રોટલાના સાંસા ભોગવી રહ્યો છે ? શારદાપૂજન કરવા છતાં પ્રજામાં જૂઠ વ્યવહાર, અસત્ય વાતો અને જૂઠાણામય જીવનદશા કેમ ચાલી રહી છે ?

અસંખ્ય દીવાઓની રોશનીએ આંખને આંજી નાંખવા ઉપરાંત બીજી કઇ રોશની આપણા સમાજ જીવનમાં, રાષ્ટ્ર જીવનમાં, ધાર્મિક જીવનમાં અરે ! માનવ જીવનમાં આણી ? આપણા દિલની આંધી કેટલી દૂર થઇ ? કરોડ અવાજ કરતા ફટાકડાએ પૈસા ખોવરાવી, કાનના પડદા ફોડવા ઉપરાંત રાષ્ટ્રની, સમાજની કે ધર્મની સાચી દિશામાં આપણને કદિ પ્રેર્યા ખરા ? જેવા આપણા હૃદયવિહોણા ભાવ, ભાવવિહોણા પર્વો તેવાજ આશીર્વાદ અને ફળ ?

નૂતન વર્ષે આપણા જીવનમાં કેટલી નૂતનતા આવી ? કેટલી નૂતન ભાવના જીવનમાં સંગ્રહિત થઇ ? કેટલી નૂતન કાર્યદિશા રાષ્ટ્રિય પ્રાણમાં દાખલ કરી તેનું સરવૈયું કેટલાએ કાઢ્યું ? કેટલાએ વર્ષની આખરે નૂતનતા લાવવા નિશ્ચયો કર્યા ? જે દિવસે કંઇ પણ નૂતનતા (નવીન સર્જન) ન આવે તે દિવસને નૂતન દિવસ કેમ કહેવો ? જે દિવસે આત્માના અંધારા વમાઇ ન જાય અને તેજના અંબાર ન પ્રકટે તે દિવસને દીપાવલીનો દિવસ કેમ કહેવો ? જે દિવસે સમાજના, રાષ્ટ્રના દિ' ન વળે (દિપલટો ન થાય) તેને દિવાળી એટલે દિ વાળવાંવાળી કેમ કહેવી ? જે દિવસે બધું પ્રકાશિત થઇ સ્પષ્ટ થઇ જવું જોઇએ, જે દિવસે વર્ષ આખાના વેપારના, કાર્યના સરવૈયા કાઢી નફાતોટાના આંકડા મંડાઇ-ભવિષ્યમાં તોટાથી બચવાના માર્ગનું શોધન થવું જોઇએ, તેને બદલે બધું ભીને ભીનું સંકેલાયા કરે અને દિવાળા જ દેવાયા કરે તેને પાવનકારી, જ્યોતિકારી દીપાવલી કેમ કહીએ ? સમયના વહેનની દરેકે દરેક પળ શું નૂતન નથી ? છતાં અમુક પળને જ નૂતન કહીએ છઇએ તેનું કારણ જીવનની નૂતનતા ઉપરથી જ ! જો આ નૂતનતા ન આવે તો જુનાં અને નવાં, અંધારા અને પ્રકાશ, દિવાળાં અને દિવાળીમાં શો ભેદ ? ભારત કહેજે ! બસો વર્ષમાં તેં આ ભેદ કદિ પ્રમાણ્યો છે ? ભારતના વ્યાપારી ! તેં સાચી લક્ષ્મી અને શારદા પૂજન કરી છે ?

સમાજ ! આજ સુધી તો ભૂલ્યો. હવે ચોકખા આંકડા માંડ ! અને જ્યાં ભૂલ હોય ત્યાં સુધારવાના મનસુબા કર !

તારા ગૃહજીવનમાં, સાંસારિક જીવનમાં, નરનારીના જીવનમાં, જ્યાં જ્યાં અંધારૂં છે તે કાઢવા સાચો પ્રકાશ સમાજમાં લાવ એટલે સમાજની સાચી દીવાળી થશે. વ્યાપારી ! તારી લક્ષ્મી અને શારદાની પૂજા હવે વગર સમજ્યે ન કર ! આજ સુધીમાં તેં ભારતનું સાચું દ્રવ્ય કેટલું વધાર્યું કે ઘટાડ્યું તેનો હિસાબ કર ! ભારતની તંગીમાં તારો કેટલો હાથ છે તે વિચાર અને સાચી સમજના દિવા આત્મામાં પ્રગટાવી ભારતમાં સાચી સમૃધ્ધિનો ચળકાટ ભર એટલે તારી દિવાળી સફળ થઇ જાણ ! અધિકારીઓ અને ધનિકો ! જરા ઉંડા ઉતરીને જોજો કે દેશનું સાચું દ્રવ્ય "માનવજીવન" ઘડવામાં કે ફોડવામાં તમે કેટલા કારણભૂત છો ? કેટલાં જીવનધન તમારે હાથે નીચોવાઇ રહેલાં છે ? કેટલાની લોહીની લક્ષ્મી આજે તમે અભડાવી છે અને કેટલાનું જીવનધન તમારા હાથે, તમારા કારણે તવાઇ રહેલું છે અને કેટલા વિકાસ અટક્યા છે તે સૌ તપાસી તમારા આત્માને પ્રકાશિત થવા દો એટલે તમારી લક્ષ્મી અને શારદાની પૂજા સાચી ફળશે !

ભારત સમસ્તનું સરવૈયું ભયંકર ખોટ અને દીવાળું જ દેખાડે છે. ભારતનું ધન, ધાન્ય, જનમાલ, પશુ અને પક્ષી રૂપી ધન અને નૈતિક પરમ ધન આજે કેટલું નાશ પામ્યું છે તે ભારતવાસીઓના જીવન ઉપરથી સ્પષ્ટ દેખાય છે. આપણી નીતિ અને સાચાઇનો ધ્વંસ કર્યા હવે અજ્ઞાન્યો છે ! ભારતનાં અન્ને પૂજન ખોટાં હતાં. હવે ભારત સાચી લક્ષ્મીની અને શારદાની પૂજા કરે એટલે કુદરતનાં તેને આશીર્વચન છે.

ભારત ! હવે સાચી દિવાળી અને સાચું નૂતન વર્ષ ઉજવ એટલે ભારતીય સ્વરાજ તહારૂં પોતાનું છે. બાકી આશીર્વાદ લેનારની જ્યાં સુધી ખોટાઇ હશે ત્યાં સુધી આશિષ શી ? અને તેનાં ફળ શાં ? કારણ કે "અમે આશિષ શું દઇએ, ફળે છે કર્મ જ્યાં તારાં ?" જ્યાં તહારા પોતાનાં જ કર્મ ફળવાનાં છે ત્યાં અમે શું આશીર્વાદ આપીએ ! તને તારાં પોતાનાં જ આશિષ હો ! **વ્રજલાલ ધ. મેઘાણી.**

સંઘનું સાર્વજનિક પુસ્તકાલય તથા વાંચનાલય.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પુસ્તકાલયને આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો ભેટ મળ્યાં છે.

૧૩૩૬ તા. ૩૦-૬-૪૦ ના 'પ્રબુધ્ધ જૈન'માં પ્રગટ થયેલા લીસ્ટ મુજબ

૧	શ્રી. વેલચંદ ઉમેદચંદ વકીલ	તરફથી
૧	,, હરિલાલ દ્વારકાદાસ સંઘવી	,,
૫૭	,, પ્રવીણચંદ્ર હેમચંદ	,,
૫	,, ચંદુલાલ ટી. શાહ	,,
૩૨	,, કેશવલાલ નગીનદાસ	,,
૫	,, પદ્મશી ઘેલાભાઇ	,,
૭૫	,, અમીચંદ ખેમચંદ શાહ	,,
૯	,, રમણલાલ ચંદુલાલ શાહ	,,
૨૬	,, ચીમનલાલ પી. શાહ	,,
૩૦	,, દુર્લભજી ઉમેદચંદ પરીખ	,,
૩	,, શાંતિલાલ એમ ઝવેરી	,,
૯	,, પંડિત ખેચરદાસ જીવરાજ દોશી	,,
૨	,, ગીરધરભાઇ જેસિંગભાઇ	,,
૧	,, રતનશી વીરચંદ લાલન	,,
૩	,, સુરત સાહિત્ય ફંડ	,,
૧૨	,, દીપચંદ કેસરીચંદ	,,
૩	,, હીરાલાલ સ્વરૂપચંદ નાનાવટી	,,
૨૫	,, શાંતિલાલ બી. ઝવેરી	,,

૧૬૩૫ કુલ ભેટ પુસ્તકો

ઉપર મુજબ પુસ્તકો આપનારાઓનો આભાર માનવામાં આવે છે. વાંચનાલયનો ચાલુ લાભ સરેરાશ ૪૫થી ૫૦ માણસો લે છે અને તે સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.

અમીચંદ ખેમચંદ શાહ
મંત્રી, પુસ્તકાલય વાંચનાલય.

નિત્યજીવનમાં અહિંસા

એક વેપારીનો અનુભવ

જો આપણે હરહમેશ દરેક બાબતમાં અંતરએાજ કરવાનો નિશ્ચય કરીએ તો જોઇશું કે આપણે વારંવાર અહિંસાના નિયમનો ભંગ કરીએ છીએ. તેથી જો સાવધ થઇએ અને આપણી જાત ઉપર ચોકી કરતાં શીખીએ તો એમાંથી અત્યંત સુખ અને સમાધાનની પ્રાપ્તિ થાય. મનમાં ચડી આવતા ગુસ્સાને શમાવી દેનાર મીઠાશભર્યા જવાબની જરૂર ડગલે ને પગલે ઊભી થાય છે, પણ આપણે ભાગ્યેજ તે સમજી શકીએ છીએ. થોડીક ગમ ખાતાં, થોડીક સબુરી રાખતાં શીખીએ તો કડવા બોલથી કે ટાણો મારવાથી ભભૂકી ઊઠનારા ક્રોધાગ્નિને આપણે સહેજે શાંત કરી શકીએ. મારા પર એક તીખો કાગળ આવ્યો છે, તેનો તેવોજ તીખો જવાબ દેવાનું મને મન થઇ આવે છે. પણ હું ગમ ખાઇને બે દિવસ ખામોશીમાં કાઢી નાખું છું. પછી મને એનો કશો જવાબ મોકલવાની વૃત્તિ જ રહેતી નથી. આથી હું પાર વિનાના પ્રહારો અને પ્રતિપ્રહારોમાંથી ઊગરી જાઉં છું.

એક વેપારી ભાઇ જે સત્યાગ્રહી હોવાનો કે જેલ જઇ આવ્યાનો દાવો નથી કરતા, પણ 'હરિજનબંધુ' કાળજીપૂર્વક વાંચનારા છે, તેઓએ પોતાના જીવનમાંનો એક નાનકડો પ્રસંગ મને લખી મોકલ્યો છે તે આપણ દરેકને માટે બોધપ્રદ છે. હું તે અહીં ટૂંકાવીને આપું છું. તેઓ કહે છે:

"એક સવારે મારો નાનો ભાઇ જે અહીંનો અજાણ્યો છે તે સ્ટેશને ઉતરીને ટાંગામાં મારે ત્યાં આવ્યો. ટાંગાવાળાને શું ભાડું આપવાનું છે એમ એને પૂછતાં તેણે કહ્યું કે ૧૪ આના ઠરાવ્યા છે. આ સાંભળી હું સારી પેઠે તપી ઉઠ્યો અને પેલા ટાંગાવાળાને કહ્યું, 'આમ જ તમે અજાણ્યા ઉતારૂઓને ઠગો છો. આઠ આના ભાડું આપવાનો ધારો છે. તને એક પૈસો પણ વધુ નહિ મળે.' ટાંગાવાળો કહે, 'એ જોડે મારે નિસ્બત નથી. આમની સાથે ચૌદ આના ઠર્યા છે, એમણે કબૂલ્યા છે.' આથી મને વધુ ગુસ્સો ચડ્યો. અમારી વચ્ચે ખૂબ જ બોલાચાલી થઇ, અને અંતે મેં એને દસ આના આપવા કહ્યું. દસ આના મ્યુનિસિપાલિટીએ ઠરાવેલ દર મુજબનું ભાડું હતું. પણ પૈસો એકનો બે થાય નહિ. પછી તો મેં એને પોલીસ ચોકી ઉપર લઇ જવાની ધમકી આપી. એ કહે, 'મારે એવું કશું કરવું નથી. મારે તો મારી જોડે ઠર્યા મુજબ આના ચૌદ રોકડા જોઇએ. એક પાઇ ઓછી નહિ લઉં. મ્યુનિસિપાલિટીનો દર મારા મોઢા પર શેનો મારો છો? ધારો કે મેં છ આના ભાડે તમને સ્ટેશને પહોંચાડવાનું કબૂલ કર્યું હોય, અને સ્ટેશને પહોંચ્યા પછી હું મ્યુનિસિપલ દર મુજબનું ૧૦ આના ભાડું લેવા તમારી જોડે તકરાર કરવા લાગું તો તમે મને દસ આના આપશો કે? એવી રીતે મ્યુનિસિપલ દરથી જરાય ઓછું નહિ લઉં એવી તકરાર સ્ટેશને પહોંચીને મારાથી તમારી જોડે કરાશે કે?' આ દલીલ મને નિરુત્તર કરનારી હતી. મારી પાસે એનો જવાબ નહોતો પણ ગુસ્સાથી હું આંધળો થયો હતો, અને એક ભાડૂતી ટાંગાવાળો મને આમ મ્હાત કરી જાય એ વાતનું મને બહુ વસમું લાગ્યું.

મારો નાનો ભાઇ અંતે વચ્ચે પડ્યો. મને કહે, 'ટાંગાવાળા જોડે ચૌદ આના મેં ઠરાવ્યા હતા. તેથી તેટલું ભાડું માંગવાનો તેને હક છે. એની જોડે મ્યુનિસિપલ દરની વાત કરવામાં સાર નથી. મેં કહ્યું, 'તું ચૂપ બેસ.' પણ આવા ખોટા હકની વાત ઉપર હું વખત બરબાદ કરવા તૈયાર હતો તેટલો પેસો ટાંગાવાળો તૈયાર નહોતો, એટલે કલાકેક આમ ગરમ તકરાર કર્યા પછી તેણે દસ આના લીધા અને મને ગાળો ભાંડતો રસ્તે પડ્યો.

પણ મારો ભાઇ આ બનાવથી બહુ દુઃખી થયો. જ્યારે એણે જોયું કે મારો ગુસ્સો ઉતરી ગયો હતો અને હું પાછો શાંત થયો હતો ત્યારે તેણે પેલી વાત ફરી મારી આગળ કાઢી, અને મને પૂછ્યું: 'પેલા ટાંગાવાળાની સાવ સચોટ દલીલ કબૂલ રાખવામાં તમને કેમ આટલી હરકત લાગી?' મારી અક્કલ પણ હવે પૂરી ઠેકાણે આવી હતી, નર્યા અભિમાન અને ઉચ્ચતાના ઘમંડને વશ થઇને અંતરરિપુ ક્રોધનો શિકાર થઇ પડ્યાને સારૂ મને ભારે ગ્લાનિ ઉપજી. પેલા ટાંગાવાળાને બોળી કાઢવો અને તેને તેના ચાર આના ચૂકવવા એવો મેં નિશ્ચય કર્યો. ઘણા દહાડા લગી મેં એને શોધ્યો પણ એ ન જડ્યો. પણ એક દિવસ અને તેનો ભેટો થઇ ગયો. મેં તેને મારી દુકાને આવવા કહ્યું. પેસો આનાકાની કરવા લાગ્યો. તેને થયું હશે કે તે દહાડાની તકરાર બાબત વળી કયાંક વઢવા કરવાનો હશે. પણ મેં એને કહ્યું કે 'તે દિવસના મારા એવકૂફીભર્યા દુર્વર્તનનું પ્રાયશ્ચિતજ મારે તો કરવું છે.' મે પાવલી એના હાથમાં મૂકી અને તેની માફી માંગી. પેલાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એણે સહેજ આનાકાની સાથે પાવલી લીધી અને કૃતજ્ઞતાભર્યા હૃદયે આનંદપૂર્વક ચાલ્યો ગયો. દિવસો થયાં પશ્ચાતાપ મારા કાળજાને કોરી રહ્યો હતો તે આમ શમ્યો અને હું શાંત થયો. તે દહાડે સાચે મારે હાથે ગંભીર દિલસાદોષ થયો હતો. ન્યાયની વાત કરવા હું રાજી નહોતો, એટલુંજ નહિ પણ પેલા ટાંગાવાળાને માટે મારા મનમાં તિરસ્કાર ઉપજ્યો હતો. હું એને હલકા વર્ગનો અને પોતાને ઊંચા વર્ગનો માણસ ગણતો હતો. આ મારી વૃત્તિ માટે મને અત્યંત શરમ ઊપજી અને હું આશા રાખું છું કે ઇશ્વર હજુ મારામાં જે કંઇ ઊંચનીચભાવ રહ્યો હોય તે કાઢી નાખે"

('હરિજનબંધુ'માંથી.) **મહાદેવ હરિભાઇ દેસાઇ**

કોણ કેટલું સાચું?

આપણા વહેવાર જગતમાં સત્ય કેટલા પ્રમાણમાં જળવાય છે તે નીચે આપેલા જુદા જુદા વ્યવસાયીઓનાં વચનો પરથી જણાશે:-

દરજી: સોમવારે તમારો કોટ ચોક્કસ મળી જશે.
બસવાળો: પાંચ મિનીટમાં જ ઉપડશે, વાર નથી.
લેખકનો મિત્ર: તમારી વાર્તા મને ખૂબજ ગમી.
યજમાન: આવો આવો! ખૂબ આનંદ થયો.
પરોણો: રહેવા દોને, હમણાંજ ચા પીને આવ્યો છું.
દુકાનદાર: આ ભાવે બીજે કયાંય મળે તો કહેજો.
સંપાદક: આવતા અંકમાં તમારો લેખ નક્કી આવશે.
કારકુન: મારે સ્મશાને જવાનું હોવાથી રજા જોઇએ છે.
પતિ: ઑફિસમાં ખૂબ કામ હોવાથી મોડું થઇ ગયું.
ડૉક્ટર: ચિન્તા ન કરો, બધું મટી જશે.
વાળંદ (સલૂનવાળો): બેસો બેસો, બે મિનીટજ.
લેખક: લખવાની ફુરસદ જ હાલ મળતી નથી.
બાળો: બા, મેં એ મોસંબી જોઇજ નોહતી.
શેઠ: વેપાર ધંધામાં અત્યારે કમાણીજ કયાં છે?
રીપોર્ટર: પાંચ હજારની લોકમેદની એકઠી મળી હતી.
નેતા: આગામી લડત માટે તૈયાર રહો.
જ્યોતિષી: આ મહિનો જ વાંકો છે; પછીના ગ્રહ સારા છે.
સભાપતિ: માર્‌ં ભાષણ આપે શાન્તિપૂર્વક અને રસથી સાંભળ્યું છે તે બદલ.– ('કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત.)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૪

મુંબઇ : ૧૫ નવેમ્બર ૧૯૪૦ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૨

મુંબઈ; એક મહાકાવ્ય.

થોડા સમય પહેલાં કવિવર ન્હાનાલાલ દલપતરામે 'કુરુક્ષેત્ર' ઉપર એક મહાકાવ્ય રચવાનો પ્રારંભ કરેલો તે પુરું થયું તે પ્રસંગે કવિશ્રીને અભિનંદન આપવા માટે મુંબઇના ઉપનગરવાસીઓ સાન્તાક્રુઝમાં એકત્ર થયેલા. આ પ્રસંગે કવિવર ન્હાનાલાલે 'મુંબઇ; એક મહાકાવ્ય' એ વિષય ઉપર મુંબઇની મહત્તા ગાતું અને સમજાવતું એક કલ્પનાપ્રચુર પ્રવચન કરેલું. તેમાંનો અન્તિમ વિભાગ નીચે અવતરિત કરવામાં આવે છે—તંત્રી.

બૃહત્ મુંબઇ જગતૂનગરીઓનું મહાકાવ્ય છે.

કાઠિયાવાડના મધ્યદેશમાં રામોદ કરીને એક ન્હાનકડું ગામડું છે. કલાપીના સાળાનું એ ગામ. આટકોટ અને ગોંડળની વચ્ચે. જૂનાગઢથી સરધારના પ્રાચીન માર્ગમાં, કાઠિયાવાડના લગભગ નાભિચક્રસ્થાને એ વસેલું છે. બાવીશેક વર્ષ પૂર્વે ત્હાંના શાળાનિરીક્ષણને અર્થે મ્હારે ત્હાં જવાનું થયું હતું. એકેક દિવસનો સ્વારીમુકામ હતો. ઓફીસકામથી પરવારી એકદા ત્હાં સહાંજને પહોર સીમમાં ફરવાને ગયો. ભરેલાં ખેતરોને ને ખેડુતના શ્રમફળને કલાકેક નિરખીનિહાળીને સાયંકાળે પાછો ગામને પાદરે આવ્યો. એવી નીરવ શમશમાકાર શાન્તિના સાયંકાળ જીંદગીમાં કયારેક જ અનુભવાય છે. પાદર ઝાડનાં ઝુંડ ન હતાં, પણ છૂટાં છૂટાં વેરાયેલાં વૃક્ષોની આછી ઘટા સારી હતી. ને પ્રધાનભાવે ત્યહાં શું અનુભવ્યું ? નિર્બિડ શમશમાકાર શાન્તિ; સાગરતળની કો અદ્વૈતક શાન્તિ; આકાશનાં ઉંડાણોમાં પથરાયેલી અખંડ શાન્તિ; **સર્વાંગ શાન્તિ.** વાયુ થંભી ગયો હતો. વૃક્ષઘટાની છાયાઓ થડકરતી ઢોળાતી. સાયંકાળે સીમમાંથી વળતા કોક ધોરીની યે કંઠઘંટડી એ ગાઢ નીંદરતી શાંતિને જગાડતી ન હતી. પાંદડુયે ફરકતું નહિ. ગગન જેવું વાતાવરણ સ્થિર હતું. આભની દિવાલો દુર્ગદિવાલો સમી ઉભી હતી. પૂર્વની પાળેથી ગામની ઉપર પૂર્ણિમાનો પૂર્ણચંદ્રમા અણરવ પગલે આભની અટારીયે ચ્હડતો હતો. પણ હજી ગાજવાળાં સન્ધ્યાનાં હતાં, શાન્તિ સમી શાન્તિ હતી; જાણે શાન્તિનો સાગર ઢોળાણો હોય ને ! સિંહલદ્વીપમાં અશોકવનનાં ઘણીઢોળાઈ જતાં ઝાડીઝુંડાના છાયાઢગલાઓમાં એકદા એવી ગાઢ શાન્તિ અનુભવી હતી. ફરી વારકી એ શાન્તિ કાઠિયાવાડના નાભિચક્રમાં અનુભવી. ઊંડી ખીણમાં જાણે પડેલા એ ગામડાને જોઇને Contrast–વિરોધભાવે સહસા ત્હાં મુંબઇમાંનો સાયંકાળ એટલે એન્ડસ્ટેન્ડ, ક્વીન્સ રોડ, ચોપાટીનો ઉછળતો માનવસાગર, માહલલાંબી મોટરોની અલગાર, ભૂંગળાઓના ભોંકાર. બધી ધમાલ; જાણે જીવતીજાગતી સિનેમાચિત્રમાંની દોડધામ. ધમાલ, ધમાલ, ને ધમાલ. સૌરાષ્ટ્રના નાભિચક્રમાં વીશેક વર્ષો ઉપર ત્હારે સહસા એક અન્તરદ્ગાર ઉઠ્યો હતો કે આ રામોદ ઉપર ઉગે છે એનો એ જ ચન્દ્રમા, આજે અને અત્યારે, મુંબઇનગરી ઉપર ઉગતો હશે કે ?

અડધાઅડધા ફલાકે લોકલ ગાડીઓના ન્હાનકડા ધરતીકમ્પો, વીજળીટ્રામની ટ્રમટ્રમતી ઘંટડીઓ, બસોના ને બેમાળી બસોના ને મોટરોના ભુંગળાભોંકાર; મુંબઇના અતિધમાલીયા અને અતિપ્રવૃત્તિમય જીવનના વાયુઘેરાડે ચ્હડેલાં નરનાર ! કયારેકે એમ થયું છે ખરૂં કે ગામડાંમાંની જડસમાધિ સમી અડધેરિક શાન્તિમયતા મુંબઇનગરીમાં ઢોળાય, અને મુંબઇનગરીની અતિપ્રવૃત્તિમયતા અડધેરિક ગામડાંઓમાં ઢોળાય, તો ગામડાંનું તેમજ મુંબઇનગરીનું અન્તેયનું કલ્યાણ થાય ? એક મહાપ્રેમક કરીને શહેરો અને ગામડાંઓ નિજનિજની પ્રવૃત્તિઓ ને નિવૃત્તિઓ ચ્હેંચી લે તો બન્ને સમૃદ્ધિશાળી થાય.

મુંબઇનગરીને પછી જ્યારે જ્યારે જોઉં છું ત્યારે એ સૌરાષ્ટ્રના નાભિચક્રમાંનું રામોદ સાંભરે છે, રામોદમાંનો સાયંકાળ સાંભરે છે, રામોદમાથેનો ચન્દ્રોદય સાંભરે છે, એ ચન્દ્રપ્રશ્ન સાંભરે છે.

મ્હારો ભગવાન તો પાંચ હજાર વર્ષો પૂર્વ કહી ગયો છે કે પ્રવૃત્તિમાં નિવૃત્તિ ને નિવૃત્તિમાં પ્રવૃત્તિ

यः पश्यति स पश्यति.

હા; કુરુક્ષેત્રમાં શાન્તિની પાંખો પથરાતી; પણ તે રાત્રિ પડતી ત્હારે ત્હારે. રાત્રિઓ પડે છે ત્હારે ત્હારે મુંબઇનગરી ફરતી યે શાન્તિની પાંખો પથરાય છે.

હા; બૃહત્ મુંબઇ એક મહાકાવ્ય છે.

એ ખરૂં છે કે ગામડાંમાં પ્રકૃતિભંડાર છે, શહેરોમા સંસ્કૃતિ ભંડાર છે: ને માનવતાને તો પ્રકૃતિ ને સંસ્કૃતિ બે પાંખો છે. યુનિવ્હર્સિટિ, હાઇકોર્ટ, સેક્રેટરિયેટ, વડી પોસ્ટ ઓફિસ, ખંડખંડ સાથે વાતો કરતાં તાર ટેલીફ્રોન રેડિયો, ૫૦–૬૦ આગગાડીઓ પ્રતિદિન ભરતું ઠાલવતું દોડાવતું ગોરીબંદર, ગાયકવાડ મહારાજના અડધઝાઝેરા રાજ્ય જેવડી મ્યુનિસિપાલિટિ; વીજળી ને વરાળ રાંધે, પંખા નાંખે, મનુકુળની સેવા કરે; છાપખાનાંઓ જ્ઞાનભંડાર ઢોળે ને દેશદેશના સમાચાર સહવારે લોકચરણે ઠાલવે: એ સહુ શહેરમાં છે એ ખરૂં. ગામડાં દેશને જમાડે છે, શહેરો દેશને ઢાંકે છે. સંસ્કૃતિ શહેરમાં છે પ્રકૃતિ ગામડાંમાં છે. વ્રજમાં વનલીલા છે, મથુરામાં રાજવૈભવ છે. માનવતાને કોના વિના ચાલશે ? સંસ્કૃતિના કે પ્રકૃતિના વિના ? માનવવંશ એકપંખાળો નથી. કૃષ્ણજીવનમાં અન્તેયનો સમન્વય છે: વ્રજની વનલીલાનો ને સાગરતટની સુવર્ણદ્વારિકાનો.

ગામડાં અને શહેરોનો, પ્રકૃતિ અને સંસ્કૃતિનો, ઓક્સફર્ડ અને લંડનનો, કાશી અને હસ્તિનાપુરનો મહાસમન્વય સાધી આપે એ સંસારશાસ્ત્રી યશમુગટને પામે.

ચિઠ્ઠીનો નિર્ણય ?

ધર્મનિષ્ઠ અને જવાબદાર માણસને ઘણી વાર અમુક સવાલનો ચોકસ નિર્ણય કરવો મુસ્કેલ થઇ પડે છે. કોઇ કોઇ વખતે નિર્ણય કરવાની વસ્તુ પોતાના જીવન કરતાં પણ વધારે મહત્ત્વની જણાય છે. એવે વખતે "મારા જેવા અલ્પ શક્તિવાળા પ્રાકૃત માણસના નિર્ણય પર આટલી મહાન વસ્તુનો આધાર ઇશ્વરે શા માટે રાખ્યો હશે?" એવી અકળામણ પણ માણસને થઇ આવે એ સંભવે.

પોતાની મતિ જ્યાં નથી ચાલતી ત્યાં પોતાના કરતાં શ્રેષ્ઠ વિભૂતિની સલાહ લેવા માણસ પ્રેરાય એ સ્વાભાવિક અને યોગ્ય છે. શ્રેષ્ઠ બુદ્ધિમત્તા અને નિષ્પક્ષપાતી હૃદય જ્યાં હોય ત્યાં અનેક લોકો સલાહ પૂછવા દોડવાના જ. એવા આર્ય લોકો સલાહ આપતી વખતે કાં તો પોતાનો અધિકારયુકત ચુકાદો સ્પષ્ટ શબ્દમાં આપી દઇ શાન્ત થાય છે અથવા તેમનામાં જો શિક્ષકવૃત્તિ હોય તો પોતે નિર્ણય આપે તેની સાથે પોતે સાધક બાધક જે વિચારો કર્યા હોય તે પણ બધા કહી દે છે. કોકવાર બંને બાજુના વિચાર રજુ કરી અંતે નિર્ણય આપવાની તેઓ ના પણ પાડે. આવા આર્ય પુરૂષો કંઇ શબ્દકોષની પેઠે હમેશ આપણી પાસે નથી હોતા. ગમે તેવી પણ પોતાની જ બુદ્ધિ વાપરીને માણસને ઘણીવાર નિર્ણય કરવો પડે છે.

નિર્ણય કરતી વખતે કોકવાર નહારી દુવિધા સામે આવી ખડી રહે છે. નિર્ણયમાં બે પક્ષ કોકવાર એવા ઉભા થાય છે કે બંને તરફ મન સરખું જ ઢળી પડે છે. દલીલો બંને બાજુની સરખી, લાભહાનિ સરખાં, પ્રત્યક્ષ અપ્રત્યક્ષ પરિણામ સરખાં મહત્વનાં--એવું જ્યારે જણાય છે ત્યારે લાચાર થઇ માણસ ચિઠ્ઠીઓ નાખવાનો ઇલાજ અજમાવે છે. આ ઇલાજ માણસની બુધ્ધિને, મહત્તાને અને એની ઇશ્વરનિષ્ઠાને નથી છાજતો એવું મારૂં માનવું છે.

બુદ્ધિનો કાંટો સાવ સમસમાન થાય, સાવ મધ્યસ્થ રહે એમ જવલ્લે જ બને છે. પણ તેટલા માટે બુધ્ધિશૂન્ય, અકસ્માતમૂલક ચિઠ્ઠીઓને શરણ જવું એ યોગ્ય નથી. માણસને અમુક પરિસ્થિતિમાં ચોક્કસ નિર્ણય કરતાં આવડવું જ જોઇએ. ઉંડો વિચાર કરી ચોક્કસ અભિપ્રાય પર આવવા માટે બુદ્ધિની એકાગ્રતા અને નિર્ણય કરવાની હિંમત એ બંનેની જરૂર હોય છે. ઘણા લોકોના ધ્યાનમાં એ નથી આવતું કે વિચાર કરવામાં પણ ઉદ્યોગની આવશ્યકતા હોય છે. કેટલાક લોકો વિચાર કરવામાં પણ આળસુ હોય છે. જેમ પરદેશી તૈયાર માલ સહેજે મળે છે એટલા ખાતર જ માણસ તે લઇ લે છે, તેમ વિચાર કરવાના કંટાળાથી ગમે તે રીતે ગમે તેનો અભિપ્રાય ઉછીનો લઇને માણસ ચલાવવા પ્રેરાય છે.

નિર્ણયની જવાબદારી લેવાની હિંમત ન કરનાર માણસ પણ બીજાને અને બીજો ન મળે તો ચિઠ્ઠીને શરણ જાય છે. વિચાર કરવાનું આળસ અને જવાબદારીમાંથી ઓછાવત્તા છટકવાની દાનત બંને અધર્મી છે. શ્રદ્ધા, ભક્તિ અથવા નમ્રતા એ દૈવી ગુણો સાથે એનો ગોટાળો કરવો યોગ્ય નથી. ચિઠ્ઠીને શરણ જતાં માણસ ઇશ્વરને શરણ નથી જતો, પણ અકસ્માતને શરણ જાય છે. દૈવ અને અકસ્માત એક જ વસ્તુ છે. બંને અદૃષ્ટ હોય છે. જેનું કારણ દૃષ્ટ નથી તે અ-કસ્માત્.

માની લઇએ કે બુદ્ધિનો કાંટો સાવ તટસ્થ છે અને એક યા બીજી બાજુ નિર્ણય તો કર્યે જ છૂટકો. એવે વખતે માણસે હૃદયનું શરણ લેવું જોઇએ. **हृदयेन हि सत्यं जानाति** । નિર્ણયશક્તિ, હિંમત, જવાબદારી અને સ્વાતંત્ર્ય હૃદયમાં જ પ્રતિષ્ઠિત છે અને હૃદય કદિ તટસ્થ ન રહી શકે.

सतां हि संदेहपदेषु वस्तुषु
प्रमाणमन्तःकरण प्रवृत्तयः ।

પ્રસંગ ગમે તેટલો ગંભીર અને મહત્ત્વનો હોય, માણસે તેટલા ઉંચા ઉડવું જ જોઇએ. હૃદય ઉપર વિશ્વાસ રાખી પ્રસંગ જેટલો મોટો તેટલા મોટા થવું જ જોઇએ.

ચિઠ્ઠીઓ સામે અમારી મુખ્ય દલીલ એ છે કે તે માણસને એની જવાબદારીમાંથી મુકત કરી એને નાસ્તિક, નામર્દ બનાવે છે. ચિઠ્ઠી નાખીને માણસ પગલું ભરે એને માટે જવાબદાર કોણ? સમાજ આગળ તો એ પોતેજ જવાબદાર છે. પણ પણ મનમાં તો એ દૈવને શરણ ગયેલો છે. મન આગળ એ પોતે જવાબદાર નથી. એવી સ્થિતિમાં આધ્યાત્મિક દૃષ્ટિએ એના એના નિર્ણયની કિંમત શૂન્ય કરતાં ઓછી છે. એટલે અંશે એનું માનવી જીવન એળે ગયું.

એક દલીલ એવી છે કે ઇશ્વરની દુનિયામાં અકસ્માત જેવી વસ્તુ છે જ નહિ; દરેક વસ્તુને કાર્યકારણભાવ છે અને તેથી ચિઠ્ઠી નીકળવામાં અથવા ઉછાળેલો ઢબ્બુ પડવામાં ઇશ્વરની મરજી પ્રગટ થાય જ છે. આ દલીલ પ્રથમ દર્શને વજુદવાળી દેખાય છે, પણ તે ભ્રમ છે. દુનિયામાં અકસ્માત નથી એ ખરૂં; એક એક ઘટના કાર્યકારણ સંબધથી સંકળાયેલી છે એ પણ ખરૂં; પણ તેટલા માટે આપણે ખોટા ખ્યાલથી ગમે તેવા કાર્યકારણનાં સંબંધ બાંધીએ એ કેમ ચાલે? મારી વાત માનીશ તો તું ડાહ્યો, નહિ તો ગાંડો એમ આપણે કોઇને કહીએ તો પણ જેમ એ માણસનું ડહાપણ કે ગાંડપણ એના કલ્યાણરાપણામાં નથી આવી જતું; જેની જીભ નાકની અણીને ન પહોંચે તેને માબાપ વહાલાં નથી એમ બાળકોને આપણે કહીએ તો તે પરથી જેમ છોકરાંની લાગણીની પારખ થતી નથી; આજે મારા મિત્રનો કાગળ આવે તો તે જીવે છે, નહિ તો તે મરી ગયો છે, એવો નિર્ણય કરી બેસનાર માણસના સંકલ્પ ઉપર જેમ મિત્રની આવરદા અવલંબી નથી રહેતી, તેમ જ ચિઠ્ઠી નાખવામાં ડહાપણ અથવા શુધ્ધ નિર્ણય આવી શકતો નથી. માણસ શરાબ પીને ધર્મબુધ્ધિ અથવા બીકણપણું મારી નાખે એમાં જેટલું ડહાપણ કે બહાદુરી છે તેટલું જ ડહાપણ અને ઇશ્વરનિષ્ઠા ચિઠ્ઠીઓ નાખીને મનનો સંશય અથવા દુવિધા મારવામાં છે.

હાં રે જુગ જાગે, રે ! જુગ જાગે.

મુંબઇનું મહાકાવ્ય બોલે છે કે જુગ જાગે છે. સાંભળો છો ?

રામોદ્ એટલે આત્માની આરામગાહ; મુંબઇ એટલે જીવનનો જય.

કાળની ખંજરીના ઝણકાર
ઝીલજો, ભવરણનાં રમનાર !

બૃહત્ મુંબઇનગરી એક મહાન ચલચિત્ર છે, મહાકાવ્ય છે, યુગમહિમા છે. એ મહાકાવ્ય આજ મહાકાવ્યને ઓળખે છે.

યુગ ઉઘડો નયનનમાં, હરિ ત્હારે,
યુગ ઉઘડો નયનનમાં.

શ્રી હરિની નિમેષોન્મિષમાં યુગયુગાન્તરનો મહામોજ ઉઘડે છે. હરિની આંખડી ઉઘડી છે, જુગ જાગે છે.

હાં રે જુગ જાગે, રે ! જુગ જાગે;
હાં રે નવવસન્ત કેરી વાંસલડી વાગે:
રે ! જુગ જાગે.
હાં રે જુગ જાગે રે ! જુગ જાગે.

એક વાર એક સજ્જને અમુક પ્રસંગે નિર્ણય ન કરી શકવાથી ચિઠ્ઠીઓ નાખી. ચિઠ્ઠીનો જવાબ એ જ ઈશ્વરની પ્રેરણા એમ માનવાનો એમનો રિવાજ હતો. ચિઠ્ઠીનો જવાબ મળ્યો. તે નિર્ણય પ્રમાણે ચાલવાની તૈયારી કરી, એટલામાં એક મુરબ્બીનો કાગળ આવ્યો. એમાં આવેલી વિગતો અને સલાહ પ્રમાણે ચિઠ્ઠીથી કરેલો નિર્ણય ફેરવવો પડયો!! અહીં એમ કહેવામાં આવે કે ''કલાક પહેલાં ચિઠ્ઠીનો નિર્ણય બરાબર હતો; હવે વધુ વિગતો ને સલાહ મળી ગઇ છે, એટલે ત્રિકાળદર્શી સર્વજ્ઞ ઈશ્વરે પહેલો નિર્ણય રદ કર્યો છે.' તો તે કહેવું હાસ્યાસ્પદ જ ગણાય.

કેટલાક એમ માને છે કે દ્રવ્ય એમ ને એમ ઉછાળીએ તો ભૌતિકશાસ્ત્રના નિયમ પ્રમાણે એ ગુલાંટો ખાઇને અચૂક શાસ્ત્રસિદ્ધ રીતે જ ઉંધો કે ચત્તો જમીન પર પડવાનો. ઉછાળવામાં આવેલી મૂળ પ્રેરણા, હવાનો વેગ વગેરે ચોકસ કારણોને પરિણામે અમુક જ બાજુ ઉપર પડવાની. અનિશ્ચિતપણું મુખ્યત્વે દ્રવ્ય ઉછાળતી વખતે વપરાયેલી શક્તિનું માપ અને દિશા એમાં જ રહે છે. પણ જ્યારે વિશેષ સંકલ્પપૂર્ણ શરણાગત થઇને માણસ દ્રવ્ય ઉછાળે છે ત્યારે કંઇક દૈવી શક્તિ વચમાં પડીને આંગળીને વિશેષ પ્રેરણા આપે છે. ભોળા લોકોને પોતાની વાત માનવી જ છે. એટલે બુધ્ધિ પર અત્યાચાર કરી આવી દલીલો કરવાનું સુઝે છે. બે ભાઇઓને અમુક ગામ જવું છે. બન્ને સાથે જાય તો જ બને એમ છે. એમાંથી એક જણ જાય એ કામનું નથી. એવે પ્રસંગે બન્ને જણા એકબીજાને કહ્યા વગર સ્વતંત્ર રીતે પોતપોતાની ઓરડીમાં જાય છે અને ઈશ્વરને શરણ જઇ ચિઠ્ઠી નાખે છે અને પૂછે છે કે જવું કે ન જવું? એકને જવાબ મળે છે કે જવું અને બીજાને મળે છે કે ન જવું. હવે પેલી દૈવી કે રાક્ષસી ગૂઢ શક્તિ ક્યાં ગઇ? ભોળા લોકો જવાબ આપશે કે 'ઈશ્વરે ઇરાદાપૂર્વક તેમને મૂંઝવણમાં નાખ્યા હતા; ઈશ્વર ઇચ્છતો હતો કે બંને ભેગા થઇને એક જ ચિઠ્ઠી નાખે ને પોતાનો નિર્ણય મેળવે' '**स्थितस्य गतिश्चिन्तनीया**' એટલે ગમે તે વસ્તુને દલીલના ટાંટિયા ઉપર ઉભી કરી શકાય. પણ આવી દલીલો બુદ્ધિ અને આસ્તિકતાનું દેવાળું સૂચવે છે. પોતાના હૃદય પર વિશ્વાસ ન રાખીને ઈશ્વર ઉપર વિશ્વાસ ન જ કેળવી શકાય. મુહૂર્ત વિચાર કરી અને સમય ન હોય તો પળવાર બુધ્ધિ અને હૃદય યોગયુક્ત કરી નિશ્ચય મેળવવો અને તે પ્રમાણે **सुखदुःखे समे कृत्वा** આચરણ કરવું, અને જાણવું કે સાચું ફળ બાહ્ય વસ્તુમાં નથી, પણ હૃદયના વિકાસમાં અને બુધ્ધિના વાપરમાં છે; એમાં જ મનુષ્યજીવનનું સાર્થક છે.

ચિઠ્ઠી નાખવાનો ઉપયોગ નથી જ એમ નથી. જ્યાં બન્ને પક્ષ અથવા કોટિ સરખાં જ મહત્વ વિનાનાં હોય, અને કંઇક નિર્ણય તો આપવાનો જ હોય, અને કોઇ એક પક્ષનો ચુકાદો બીજો સ્વીકારે નહિ, ત્યારે ચિઠ્ઠી નખાય. દાખલા તરીકે રમતમાં કયો પક્ષ પહેલી શરૂઆત કરે એ નક્કી કરવા માટે ચિઠ્ઠી નખાય કે દ્રવ્ય ઉછાળાય, એટલે પક્ષપાતનો વહેમ ન આવે અને રમત શરૂ થાય. બે સરખી ચોપડીમાં એકનું પૂઠું લાલ છે અને બીજીનું લીલું છે. બે છોકરા એમાં પસંદગી કરી શકતા નથી અને કાંઇ પણ નિર્ણય પર આવવા માગતા નથી. એવે વખતે કોઇ પણ માણસ આંખ મીચીને બે ચોપડીઓ હાથમાં લે, અને છોકરાઓને આંખ મીચીને પોતાની પાસે ચોપડીઓ લઇ આવવાનું કહે અને એ રીતે ચોપડીઓ વહેંચાય એ બરાબર છે. રંગ સાથે ચોપડીને લેવા દેવા કશી નથી અને છોકરાઓનો ઝઘડો પત્યો. પણ જ્યાં નિર્ણયને જરા પણ મહત્વ છે ત્યાં બુધ્ધિ અને હૃદય વાપરવાં અને જેનો અધિકાર હોય તેણે જ જવાબદારીપૂર્વક નિર્ણય કરવો એમાં મનુષ્યજીવનની મહત્તા, અને બુધ્ધિદાયક અંતર્યામી પ્રત્યેની નિષ્ઠા રહેલી છે.

કાકા કાલેલકર.

કેટલાક સમાચાર અને નોંધ.

ગાંધી જયન્તી અને ખાદી વેચાણ.

અખિલ ભારત ચરખા સંઘની મુંબઇ શાખા તરફથી બહાર પડેલા નિવેદન મુજબ ગાંધી જયન્તી દરમિયાન મુંબઇમાં ખાદી હુંડીનું વેચાણ રૂા. ૧૧૫૦૦૦ નું અને રોકડેથી ખાદીનું વેચાણ રૂા. ૬૮૫૫૪-૯-૬ નું એટલે કુલ વેચાણ રૂા. ૧૮૩૫૫૪-૯-૬ નું થયું છે. ગયે જ વર્ષે આ પ્રસંગે ખાદી હુંડીનું રૂા. ૮૦૦૦૦ નું અને રોકડેથી ખાદીનું રૂા. ૫૬૦૪૪-૮-૬ નું એટલે કે કુલ વેચાણ રૂા. ૧૩૬૦૪૪-૮-૬ નું થયું હતું. આ રીતે આ વર્ષે ખાદી હુંડી તેમજ ખાદીનું વેચાણ બહુ સારા પ્રમાણમાં વધ્યું છે એ ખરેખર સંતોષજનક અને પ્રોત્સાહક છે.

સંઘદ્વારા ખાદી હુંડી વેચાણ:—શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ગાંધી જયન્તી દરમિયાન ખાદી હુંડી વેચવાનું કાર્ય માથે લીધેલું તેના પરિણામે કુલ રૂા. ૩૦૦૭ ની ખાદી હુંડીનું વેચાણ થયું હતું. જુદા જુદા સભ્યોએ કરેલા વેચાણની વિગત નીચે મુજબ છે.

૬૦૦ સૌ. જસુમતી મનુભાઇ કાપડીઆ
૪૨૫ શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણી
૪૧૦ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ
૩૮૭ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ
૩૨૫ સૌ વેણીબ્હેન વિનયચંદ કાપડીઆ
૨૨૫ શ્રી. ચંદુલાલ વર્ધમાન
૧૮૫ શ્રી તારાચંદ લક્ષ્મીચંદ ઝોહારી
૧૬૩ શ્રી. રતિલાલ ચીમનલાલ ઝોહારી
૧૦૫ સૌ. વિજ્યા પરમાનંદ કાપડીઆ
૭૫ શ્રી. રમણલાલ ચંદુલાલ
૨૫ સૌ. મણિબ્હેન અમીચંદ શાહ
૨૫ શ્રી. વલ્લભદાસ પ્રભુચંદ મહેતા
૨૫ શ્રી. નાનચંદ શામજી
૨૫ શ્રી. હુકમચંદ શાહ

———

રૂા. ૩૦૦૦

ગયે વર્ષે સંઘના સભ્યો તરફથી રૂા. ૨૦૦૦ લગભગની ખાદી હુંડી વેચવામાં આવી હતી તેના પ્રમાણમાં આ વર્ષનું વેચાણ વધારે સંતોષજનક છે.

મફત ઔષધાલયનું ઉદ્‌ઘાટન :—

તા. ૨૪-૧૦-૪૦ ના રોજ ગોધાવી મુકામે સ્વ. ત્રીભોવનદાસ છગનલાલના પુણ્યસ્મરણમાં તેમના પુત્ર શ્રી. દલસુખભાઇ ત્રીભોવનદાસે ઉપસ્થિત કરેલ મફત ઔષધાલયનું ઉદ્‌ઘાટન મુંબઇની શેરબજારના જાણીતા દલાલ શ્રી. ગીરધરલાલ જેસંગભાઇ ઝવેરીને ના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ તેમ જ મુંબઇથી સારી સંખ્યામાં આવેલા મહેમાનોએ હાજરી આપી હતી. આવા પરોપકારી કાર્ય માટે શ્રી દલસુખભાઇને ધન્યવાદ ઘટે છે.

શ્રી. છોટાલાલ ત્રીકમદાસ પારેખ-પ્રમુખસ્થાને

ડીસેંબર માસમાં નિગાળા ખાતે ભરાનાર જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશનના પ્રમુખસ્થાને અમદાવાદવાળા શ્રી. છોટાલાલ ત્રીકમદાસ પારેખ નિયુકત થયા છે. તે માટે તેમને અભિનન્દન ઘટે છે. શ્રી. છોટાલાલભાઇ મૂળ વીરમગામના અને વીરમગામમાં જ તેમણે શરૂઆતનાં કેટલાંક વર્ષો વકીલાત કરેલી, પણ હાલ કેટલાક સમયથી તેઓ અમદાવાદમાં વકીલાત કરે છે. વીરમગામની

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૫)

સચ્ચસ્સ આણાએ ઉવટ્ઠિએ મેહાવી મારં તરતિ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વદેદ્વાક્યમ્

નવેમ્બર ૧૫ ૧૯૪૦

નૂતન વર્ષ પ્રવેશ

વિક્રમ સંવત્ ૧૯૯૬ પસાર થયું અને વિક્રમ સંવત ૧૯૯૭ માં આપણે પ્રવેશ કર્યો. સાધારણ રીતે એક વર્ષ પુરું થતાં એ આખા વર્ષની ચિન્તાઓ તેમજ ઉપાધિઓ ભૂતકાળને ભળાવીને આપણે નવા વર્ષમાં હળવે હૈયે અને અવનવી આશાઓ સાથે પ્રવેશ કરીએ છીએ. પણ આજનો નૂતન વર્ષ પ્રવેશ એવો સરળ અને સુખદ નથી. બાર મહિના વહેલાં પણ આજનું યુરોપીય યુદ્ધ ચાલતું જ હતું, પણ આ બાર મહિનાના ગાળાએ આખી દુનિયાની પરિસ્થિતિમાં ભારે ફેરફાર કરી નાખ્યો છે. બાર મહિના પહેલાં માત્ર પોલાંડ જીતાયું હતું અને એક બાજુ જર્મન સેના અને બીજી બાજુ અંગ્રેજ અને ફ્રેંચ સેના ફ્રાન્સ અને જર્મનીની સરહદ ઉપર એકમેકને જોયા કરતી નિશ્ચેષ્ટ ઉભી હતી. આજે એક બાજુ રશીઆએ ફીન્લેન્ડ તેમજ બાલ્ટીક દેશો પોતામાં ભેળવી દીધા છે અને બીજી બાજુએ જર્મનીએ ડેન્માર્ક, નોર્વે, બેલ્જીયમ, હોલાન્ડ, ફ્રાન્સ અને રોમાનીઆ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. ઇટાલી પણ સમયનો લાભ લેવા માટે પાછળથી લડાઇમાં જોડાયું છે અને અને આફ્રીકામાં આવેલ બ્રીટીશ સોમાલીલેન્ડ પચાવી પડેલ છે અને ઇજીપ્ત, ગ્રીસ વગેરે અને બીજા દેશો ઉપર તેનું આક્રમણ ચાલુ છે. ઇંગ્લાન્ડના જર્મની ઉપર અને જર્મનીના ઇંગ્લાન્ડ ઉપર હવાઇ હુમલાઓ ચાલુ જ છે. ફ્રાન્સ અંગ્રેજોને તદ્દન પ્રતિકુળ નહિ તો સાનુકુળ તો રહ્યું જ નથી અને તેને ઇંગ્લાન્ડ સામે રીતસર લડાઇમા ઉતારવાની જર્મની તરફથી ભારે ખટપટ ચાલી રહી હોય એમ લાગે છે. જાપાન, જર્મની અને ઇટાલી વચ્ચે નવા કોલકરારો થયા છે. જાપાન ફ્રેન્ચ ઇન્ડો ચાઇનાને ગળી જવાની પૂરી તજવીજમાં હોય એમ લાગે છે. ચીન સાથેનો જાપાનનો વિગ્રહ તો ચાલુ જ છે. અમેરિકાનો ઇંગ્લાંડને મોટો ટેકો અને સાથ છે અને તેથી જ જાપાન આગળ વધતાં અને લડાઇ જાહેર કરતાં અટકયું હોય એમ લાગે છે. વચમાં જર્મનીના હવાઇ વિમાનોનો ઇંગ્લાંડ ઉપર ખૂબ જોસભેર હુમલો ચાલી રહ્યો હતો; પણ તે હવે નબળો પડયો લાગે છે અને આજે લડાઇનું મધ્યબિંદુ ભૂમધ્ય સમુદ્ર બનતું લાગે છે અને મધ્ય પૂર્વના દેશો–ઇજીપ્ત, ટર્કી, પેલેસ્ટાઇન સીરીયા વગેરે દેશો તરફ ખસતું દેખાય છે.

હિંદી રાજકારણની પરિસ્થિતિ પણ વધારે ને વધારે બગડી છે. વડી કારોબારી સભા વિસ્તારવાની અને સલાહકાર મંડળ સ્થાપવાની સરકારી જાહેરાત બાદ અંગ્રેજ સરકાર સાથે દેશના રાજકારણી પક્ષોની કાંઇ ને કાંઇ સમાધાની થઇ જશે એવી આશા સેવાતી હતી; પણ કોંગ્રેસે તે સામે મુકેલી દરખાસ્તો સરકારે સ્વીકારી નહિ, મોસ્લેમ લીગ સાથે પણ સરકારની કશી સમજુતી થઇ શકી નહિ. સંપૂર્ણ સ્વાતંત્ર્યની મોટી વાત બાજુએ મુકીને આજ ચાલી રહેલ લડાઇમાં જે સિધ્ધાન્ત કે વ્યવહારની દૃષ્ટિએ ન માનતા હોય તેમને તે સંબંધમાં પોતાના વિચારો રજુ કરવાની પુરી છૂટ હોવી જોઇએ–આવા વાણી–સ્વાતંત્ર્યના હકકની માંગણી કોંગ્રેસની વતી ગાંધીજીએ વાઇસરોય સમક્ષ રજુ કરી એ પણ સ્વીકારવામાં ન આવી અને પરિણામે આજે વાણીસ્વાતંત્ર્યના મુદ્દા ઉપર વ્યકિતગત સત્યાગ્રહના આકારમાં કોંગ્રેસની લડતની શરૂઆત થઇ ગઇ છે. આ સત્યાગ્રહની શરૂઆત કરનાર શ્રી વિનોબા ભાવે પકડાયા છે અને તેમને ત્રણ માસની સખ્ત સજા કરવામાં આવી છે. હરિજન, હરિજનબંધુ તથા હરિજન સેવક ઉપર સરકારી પ્રતિબંધ મુકાતાં એ ત્રણે સાપ્તાહિકો ગાંધીજીએ બંધ કર્યાં છે. બેસતા વર્ષે જ હિંદી જનતાના લાડકવાયા પનોતા પુત્ર પંડિત જવાહિરલાલ નેહરૂને પકડવામાં આવ્યા છે અને તેમને ચાર વર્ષની સખ્ત મજુરીની સજા ફરમાવવામાં આવી છે. ગાંધીજી આમરણાન્ત ઉપવાસ ઉપર જતાં જતાં અટકયા છે છતાં એ ભય તો સામેનો સામે ઉભો છે. આમ એક બનાવની પાછળ બીજો એમ ઉત્તરોત્તર વધારે અને વધારે ગંભીર બનાવો બનવાની અને એ રીતે હિંદી રાજકારણનો પ્રશ્ન ખૂબ ઉગ્ર બનવાની સંભાવના દેખાય છે. કાળના ગર્ભમાં શું છે તેની કોઇને ખબર પડતી નથી. પણ ગઇ કાલ કરતાં આવતી કાલ વધારે ભયાનક અને ચિન્તાપ્રદ બનતી જાય છે. એક પછી એક નવા ઉલ્કાપાત જાગતા જાય છે. નબળા દેશો ઉપર સબળી રાજસત્તાઓ ભુખ્યા વરૂની માફક આજે ઉતરી પડી છે અને જેના હાથમાં જે આવ્યું તે હોઇયાં કરવાની જ તજવીજમાં સર્વ કોઇ નિમગ્ન દેખાય છે. આપણા દેશમાં એક તો સરકાર સાથેનો અસહકાર અને બીજું પાકીસ્તાનના આકારમાં વધતી જતી કોમી ઝેર–વેરની ભૂતાવળ આપણને કયાં લઇ જશે અને કયા ખડક સાથે અથડાવી મારશે તેની કશી સુઝ પડતી નથી. માનવીએ માનવતા ગુમાવી છે; દુનિયામાં દાનવોની પાશવી લીલા આજે વિસ્તરી રહી છે. આજે ચોતરફ નાશ અને ભાંગ–ફોડ જ દેખાય છે. ઘુંધ્યા મતિના માનવીઓ વિજ્ઞાને આપેલા શકિતવિસ્તાર વડે પોતાનો જ સંહાર વેગ રહ્યા છે. કામ, ક્રોધ અને લોભનું જ આજે ચોતરફ સામ્રાજ્ય જામી રહેલું છે. આવી ભીષણ પરિસ્થિતિ વચ્ચે–ભારે હૈયે અને ચિન્તા–વિહ્વલ ચિત્તે–અનેક ભયસ્થાનો સામે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે કવિવર ટાગોરનું નીચે આપેલ પ્રાર્થના–કાવ્ય જેનું શ્રી. મહાદેવ હરિભાઇ દેસાઇએ ભાષાન્તર કર્યું છે તેમાં દર્શાવેલા ભાવો સાથે એકચિત્ત બનીને આપણે પણ ગાઇએ અને પ્રાર્થીએ કે :–

જીવન જ્યાં સુકાઇ જાય,
કરૂણા વર્ષન્તા આવો!
માધુરી માત્ર છુપાઈ જાય,
ગીત સુધા ઝરન્તા આવો!
કર્મનાં જ્યારે કાળાં વાદળ
ગરજી ગગડી ઢાંકે સહુ સ્થળ,
હૃદય આંગણે હે નીરવ નાથ!
પ્રશાન્ત પગલે આવો!
મોટું મન જ્યારે નાનું થઇ
ખૂણે ભરાય તાળું દઇ,
તાળું તોડી હે ઉદાર નાથ!
વાજંતા ગાજંતા આવો!
કામ ક્રોધનાં આકરાં તોફાન
આંધળા કરી ભૂલાવે ભાન,
હે સદા જાગંત, પાપ ધ્રુવંત!
વીજળી ચમકંતા આવો!

ચિતોડગઢ અને કેશરિયાજી.

ઘણા સમયથી વીરભૂમી મેવાડમાં આવેલ ચિતોડગઢ, કેશરીયાજી વિગેરે સ્થળો જોવાની અને યાત્રા કરવાની ઇચ્છાથી અમો ચાર જણની મંડળી બોમ્બે સેન્ટ્રલથી મેલમાં વડોદરા થઇ પોહ ફાટતાં જ રતલામ પહોંચી ત્યાં તો ચીતોડની ગાડી તૈયાર જ હતી એટલે રતલામ જોવાની લાલચમાં ન પડતાં બપોરના ચિતોડ પહોંચ્યા. સરકારી ધર્મશાળામાં સામાન મુકી ગઢ તરફ ઉપડયા.

ચિતોડગઢ.

રતલામ ને અજમેરની વચમાં ચિતોડગઢ જંકશન સ્ટેશન છે. ત્યાંથી એક ગાડી મેવાડ રાજ્યની વર્તમાન રાજધાની ઉદેપુર, નાથદ્વારા, કાંકરોલી તરફ જાય છે ત્યારે બીજી ગાડી અજમેર–રતલામ વચ્ચે દોડે છે. સ્ટેશન પર વેટીંગ રૂમ ને સરકારી ધર્મશાળા પણ છે ને ધર્મશાળાથી થોડે છેટે ગોરાઓ ને સરકારી મહેમાનો માટે એક બંગલો છે.

સ્ટેશને ઉતરી ગઢ તરફ જતાં ગામના પાદરે જ 'ગંભીરા' નામની નદી આવે છે. તેના ઉપરનો પહેલો પૂલ ઇ. સ. ૧૩૦૦ માં અલાઉદ્દીન ખીલજીએ ચીતોડ પર ચડાઇ કરી ત્યારે બંધાયેલો. પાછળથી તેનું અનેકવાર સમારકામ થયેલું. ચાલુ ચોમાસામાં આવેલ પુરના લીધે પૂલ જોખમાવાથી સમારકામ ચાલુ જ હતું. છતાં વાહન વહેવાર ખુલ્લો હતો.

ગઢની તળેટીમાં આવેલ ચીતોડ ગામની લગભગ બે હજાર માણસની વસ્તી છે. તેના બજારમાં થઇને જ ચીતોડગઢની પહેલી પોળ 'પાડન પોળ' પાસે આવી પહોચતાં સરકારી કચેરીમાં વગર દામે તેમજ વગર મુસ્કેલીએ પાસ કઢાવી પોળમાં દાખલ થઇ શકાય છે. આપણે પોળમાં દાખલ થઇએ તે પહેલાં આ ગઢને ભૌગોલિક દૃષ્ટિએ સમજી લઇએ.

રાજપુતાનાના મુખ્ય ધામ અજમેરની દક્ષિણે ૧૨૦ માઇલ ને ઉદેપુરની પૂર્વે ૭૨ માઇલ પર આ ગઢ આવેલો છે. એની ઉંચાઈ દરીયાઇ સપાટીથી ૧૮૫૦ ફીટ છે. તેની લંબાઈ ઉત્તર દક્ષિણ ૪ માઇલ અને પુર્વ પશ્ચિમ પહોળાઇ ૧ માઇલ લગભગ છે. ૧૯૩૧ ની વસ્તીગણત્રી મુજબ ત્યાં ૧૨૮૩ માણસોની વસ્તી છે. એનો ઘેરાવો ૭ માઇલનો છે. જલાશયોની સંખ્યા ૮૦ લગભગ છે તેમાં ૨૦ જલાશયોમાં કાયમી પાણી રહે છે.

'પાડન પોળ' ની બહાર એક મોટા ચબુતરા ઉપર 'બાબજી રાવત'નો પાળીયો છે. સોળમી સદીમાં ગુજરાતનો બાદશાહ બાહાદુરશાહ ચઢી આવ્યો ત્યારે સ્વદેશની રક્ષામાટે શત્રુસૈન્ય સામે વીરતાથી લડતાં લડતાં આજ સ્થળે આ રાવત સરદાર શહીદ થયેલા.

પાડનપોળમાં દાખલ થતાંજ પોલીસ થાણાને પાસ દેખાડી આગળ વધી શકાય છે. આગળ વધતાં ડાબી બાજુ મજબુત દીવાલ ને જમણી બાજુ ડુંગર ઉપરની મજબુત દીવાલની વચમાં સીધી સડકે જવું પડે છે. આ રસ્તો લગભગ ૧૪ ફીટ પહોળો છે. ડાબી બાજુની દીવાલ કરતાં જમણી બાજુની દીવાલ ૩૦ ફીટ ઉંચી જણાય છે. આ દીવાલના સાત દરવાજા વટાવીને જ ટેક ઉપર જઇ શકાય છે.

બીજો દરવાજો 'ભૈરાંપોળના' નામે ઓળખાય છે. ઇ. સ. ૧૫૩૭ માં બાદશાહ અકબરે ચઢાઇ કરી ત્યારે માતૃભૂમિની રક્ષાખાતર ખાંડાના ખેલ ખેલતાં આજ સ્થળે ભૈરાંદાસ સોલંકી પડેલા. તેથી આ દરવાજાનું નામ 'ભૈરાંપોળ' પડયું છે. આ પોળ તુટી પડવાથી સંવત ૧૯૪૯ માં રાજ્યતરફથી તદ્દન નવો દરવાજો બંધાવવામાં આવ્યો છે. ભૈરાંપોળથી થોડેક આગળ વધતાં આરસની બે છત્રીઓ આવે છે. પહેલી ચાર સ્થંભની ને બીજી છ સ્થંભની, પહેલી કલાજીની ને બીજી બદનોરના ઠાકોર વીરવર જયમલજીની.

આ જયમલજી ને કલાજી વિષે એવી કથા છે કે જ્યારે બાદશાહ અકબરે ચીતોડને ઘેરો ઘાલ્યો અને શીશોદીયા કુળકલંક કાયર ઉદયસિંહ ચિતોડ છોડી પલાયન થઇ ગયો ત્યારે વહાલા વતનની રક્ષા ખાતર સાગર જેવા શત્રુ સૈન્ય સામે વીરતા ભરેલો સામનો કરી તેઓ બન્ને દેશખાતર ખપી ગયેલા.

ભૈરાંપોળ પછી ઉત્તરોત્તર હનુમાનપોળ, ગણેશપોળ, જોડાલા પોળ, અને લક્ષ્મણ પોળમાં થઇને રામપોળ નામના છેલ્લા દરવાજા પાસે અમે પહોંચ્યા. રામપોળમાં પેસતાંજ કેલવાડાના ઠાકોર 'પત્તાજી' નું સ્મારક આવે છે. બાદશાહ અકબરે ચિતોડને ઘેરો ઘાલ્યો. બીકણ ઉદયસિંહ નાસી છુટયો. વાઘસિંહ કલાજી, અને જયમલ જેવા વીરો કામ આવી ગયા, ત્યારે જેના હાથે ભીંડળ પણ છુટયાં નહોતાં તેવા સોળ વર્ષના બાળ પત્તાને ૮૦૦૦ રજપુત સેના સહિત વિશાળ શત્રુસેના સામે આ પોળ પાસેજ મુકાબલો કરી શત્રુસેનાને હંફાવતો અને અનેક સૈનિકોનો સંહાર કરતો જોઇને અકબર જેવા બાદશાહે ધીરજ ગુમાવી, અને એક મદોન્મત્ત ગજરાજને ચક્રચુર બનાવી પત્તાપર છોડયો. આખરે પત્તાજી અને ગજરાજની વચમાં સંગ્રામ જામ્યો. ગજરાજ ખૂબ ઘવાયો છતાં આખરે માતૃભૂમિની રક્ષા કરતાં 'પત્તાજી' સ્વર્ગે સીધાવ્યા. આવા વીરત્વને આગે તો અબુલફજલને કહેવું પડયું કે "હિંદુઓ સ્વદેશની રક્ષા અર્થે અલૌકિક વીરત્વ દર્શાવી શકે છે, તે ચિતોડના ઘેરામાં સિધ્ધ થયું."

જયમલ તથા પત્તાના વીરત્વથી મુગ્ધ થઇ બાદશાહ અકબરે આગ્રાના કીલ્લાના સિંહદ્વારની બન્ને બાજુએ હાથીઓ કોરાવી તે ઉપર આ વીરોના બાવલાં કરાવી મુકયાં હતાં, જે પાછળથી શાહજહાંને દીલ્લીના સિંહદ્વારે ગોઠવ્યાં હતાં. આ અંગે અકબરના મૃત્યુ પછી ચોવીસ વર્ષ બાદ બનાવેલા રાસમાં કવિ રૂષભદાસ કહે છે.

"જયમલ પત્તાના ગુણ મન ધરે, બે હાથી પથ્થરના કરે;
જયમલ પત્તા બેસાર્યા તાંહિ, એસા શૂર નહિ જગમાંય."

રામપોળથી આગળ વધી આપો ગઢ ને તેની અંદરના મહેલો, મંદિરો, જલાશયો, કીર્તિ સ્થંભો, વિગેરે જોવાલાયક સ્થળો પાછળ ઓછામાં ઓછા દશબાર કલાક ગાળીએ ત્યારે જ જોઇ શકાય. આ સર્વમાં ખાસ નોંધ લેવાલાયક નીચેનાં સ્થળો છે.

ભામાશાની હવેલી–આલા કાબરા નામના વૈશ્યની હવેલીની બાજુમાં પ્રાતઃસ્મરણીય ભામાશાહની હવેલી તદ્દન ખંડેર હાલતમાં ઉભી છે.

શૃંગારચોકી–રાણા કુંભાના ખજાનચી ભંડારી બેલાએ આ ભવ્ય જૈન મંદિર બનાવેલું, ખંડેર અવસ્થામાં છે, થાંભલાપર પ્રતિષ્ઠાનો લેખ છે.

સાત વીસ દેવરીયાં–આ જૈન મંદિર અગીયારમી શતાબ્દિમાં બગરવાલ જૈને બંધાવેલું તેનું સમારકામ ચાલુ છે.

જૈન મંદિર-ગૌમુખ કુંડની બાજુમાં નાનકડું મંદિર છે, એક ઉભી મૂર્તિ અને બે બેઠી મૂર્તિઓ છે.

મહાવીર સ્વામીનું મંદિર–જૈન કીર્તિસ્થંભની બાજુમાં ભવ્ય દેવાલય છે. પંદરમી શતાબ્દિમાં ઓસવાળ મહાજન ગુણરાજે જીર્ણોદ્ધાર કરેલો. હાલ જીર્ણ અવસ્થામાં પડયું છે.

જૈન મંદિર–પ્રાચીન છે, મરામત કરાવી સુધરાવ્યું છે. શ્રી મહાવીર સ્વામી, શ્રી શાન્તિનાથ, શ્રી અજિતનાથ, ને સુમતિનાથની મૂર્તિઓ છે, સેવાપૂજા ચાલુ છે.

જય સ્તંભ–મહારાણા કુંભાએ પોતે સાધેલા વિજયના સ્મારક તરીકે નવ માળનો ૧૨૦ ફીટ ઉંચાઇનો બંધાવેલો. તે પુરો થતાં દશ વર્ષ લાગેલાં. આખો સ્તંભ કોતરકામથી ભરેલો છે. જર્જરિત થતાં રાજ્ય તરફથી મરામત કરાવીને તેને મૂળ સ્થિતિમાં મૂકવામાં આવ્યો છે.

જૈન કીર્તિ સ્તંભ–ચૌદમી શતાબ્દિમાં જૈન સંપ્રદાયના 'જીજા' નામના જૈને બંધાવેલો. કોતરકામ સુંદર છે. રાજ્યતરફથી મરામત કરાવી અસલ સ્થિતિમાં મૂકવામાં આવ્યો છે

કાલિકા મંદિર–શિખરબંધ મોટું મંદિર છે. રાજ્યતરફથી સમારકામ કરી સાચવવામાં આવ્યું છે.

નીલકંઠ મહાદેવનું મંદિર–સુરજપોળ પાસે આ મંદિર છે. રાજ્યતરફથી અખંડ જ્યોત રહે છે.

તુલજામાતા મંદિર–સોળમી શતાબ્દિમાં બંધાયું. રાજ્યતરફથી મરામત કરાવી રક્ષવામાં આવ્યું છે.

દેવરા મંદિર–રાણા સાંગાએ બંધાવ્યું. મૂર્તિ દેવનારાયણની છે, રાજ્યે મરામત કરાવી સાચવ્યું છે.

મોકલજીનું મંદિર–આ મંદિરમાં બે લેખો છે. ૧૨૦૭ નો ને ૧૪૮૫ નો. મોકલજીએ જીર્ણોદ્ધાર કરાવ્યો. રાજ્ય તરફથી સમારકામ ચાલે છે.

કુંભસ્વામિકા મંદિર–રાણા કુંભાએ ૧૫૦૫ માં વિષ્ણુના બાર અવતારનું ભવ્યમંદિર બનાવ્યું. આને મીરાંબાઇનું મંદિર પણ કહે છે.

કુંભા મહેલ–રાણા કુંભાએ બંધાવેલો. ૧૯૩૬ માં રાજ્યતરફથી સમરાવવામાં આવ્યો છે. આ એજ મહેલ છે કે જેમાં ઉદયસિંહના રક્ષણખાતર ધાત્રી કુલરત્ન 'પન્ના' એ પોતાના પુત્રની કતલ કરાવેલી.

ફતેહ પ્રકાશ–રાણા ફતેસિંહે ૧૦ લાખના ખર્ચે બંધાવી દેશી ઢબથી શણગાર્યો છે.

જયમલજીનો મહેલ–જુનો ને પુરાણો છે. તેનું સમારકામ કરવા વર્તમાન બદનોરના ઠાકોરે રાણાપા સેથી મંજુરી મેળવી છે.

પત્તાજીનો મહેલ–જયમલજીની હવેલીની બાજુમાં જુનો પુરાણો મહેલ છે. તેમાંનુ ચિત્રકામ સરસ છે અને મેવાડી રીતરીવાજો તથા પહેરવેશ વિગેરેની ઝાંખી કરાવે છે.

પદ્મિની મહેલ–તળાવની વચમાં છે. તુટફુટ થવાથી ૧૯૩૭ માં સમારકામ કરવામાં આવ્યો છે.

ગુરૂમુખકુંડ–આ જલાશય ભવ્ય, સુંદર ને જોવા જેવું છે. આમાં ચાર કુંડ છે. ઉંચેથી ગૌમુખમાંથી પડતા પાણીનું દૃશ્ય મોહક છે. આ સિવાય હાથીકુંડ, કાંતણવાવ, સુર્યકુંડ. ચતરંગમોરીનુ તળાવ, વિગેરે નહાનાં મહોટાં ૮૦ જળાશયો છે.

તોપખાનું–એક મોટા ગોદામ જેવા ઓરડામાં અનેક પુરાણી તોપોનો સંગ્રહ છે. તેમાં 'દુશ્મન ભંજન' ને 'રાજપ્રાણ' લગભગ વીસ ફુટ લાંબી તોપો જોતાં ભારતની કળા કારીગરીનો ખ્યાલ આવે છે.

ચિતોડગઢની રચના અને તેની બાંધણી જોતાં તો ભલા ભલા હજનેરો પણ ઘડીભર વિચારમુગ્ધ બની જાય છે. આ ભવ્ય કીલ્લો નીરખીને જ એક કવિએ કહ્યું છે–

'ગઢમાં ગઢ ચિંતોડ ઓર સબ ગઢૈયાં'

તમે જ્યારે આ સ્થળે ફરો ત્યારે ડગલે ને પગલે એજ વિચાર આવ્યા કરે કે આ એજ વીરભૂમી છે કે જેનાં સંતાનોએ આઝાદી માટે ભોગ આપવામાં, ત્યાગ કરવામાં ને વીરતાથી ઝુઝવામાં કશીએ ઉણપ રાખી નથી અને હારવાના પ્રસંગે શરણે નહિ જતાં અનેક વીરોએ કેસરીયાં કરીને અને વીરાંગનાઓએ 'જૌહર વ્રત' આદરીને દેહનાં બલીદાન દીધાં છે પણ ગુલામી સ્વીકારી નથી. એટલે જ એ તીર્થભોમ બની છે. એટલે જ તેનાં આવાં યશોગાન ગવાય છે કે :–

જેમાં સ્વમાનધન પ્રાતઃસ્મરણીય મહારાણા પ્રતાપનું અવતરણ થયું કે જેણે માતૃભૂમી અને ધર્મની રક્ષા માટે અકબર જેવા મહાપ્રતાપી બાદશાહ સાથે જીવનપર્યન્ત યુદ્ધ ચાલુ રાખી અનેક સંકટો ને દુઃખો સહન કર્યાં છતાં અંત સુધી પરાધીનતા ન જ સ્વીકારી–

જેની હજારો રમણીઓ સ્વદેશની આપત્તિ સમયે પ્રિય પતિને કે વહાલા પુત્રને પકડી રાખી હાથવેાય ન કરતાં તેમને પ્રોત્સાહિત કરીને રણક્ષેત્રમાં મોકલતી તેમ પોતે પણ રણમેદાનમાં શત્રુસંહારમાં સહાય કરતી–

જેની સ્વામીભક્ત ધાત્રી કુલદીપક પન્નાએ બાળ ઉદયસિંહની રક્ષા માટે પોતાની નજર સામે પોતાના વહાલામાં વહાલા પુત્રના જલ્લાદની તલવારે ટુકડા થવા દીધા–

જ્યારે જીતવાની આશા ન રહેતી ત્યારે જ્યાં વસતા રાજપુતો કેસરીયા વસ્ત્ર ધારણ કરી સ્વદેશ રક્ષા ખાતર પ્રાણાર્પણ કરતા–જે જાતિ સાહસમાં અપૂર્વ લેખાતી હોય, જે જાતિનું આત્મસન્માન જવલંત રહેતું હોય અને જે જાતિ પોતાની સ્વાધીનતાની રક્ષા અર્થે દ્રઢ સંકલ્પ નભાવી શકતી હોય તેજ જાતિ આવા પ્રાણાર્પણનાં વ્રત લઇ શકે ને નીભાવી શકે–

જ્યાંના વીરપુરૂષોની રમણીઓ પરાધીનપણે જીવવા કરતાં મરણને વધારે વહાલું ગણે છે, આઝાદી માટે હથિયાર ઉંચકવામાં પણ પાછી પાની કરતી નથી, તમામ ભોગ આપવા ખડે પગે ઉભી જ હોય છે, છતાં જ્યારે આઝાદી ભયમાં આવી પડે છે ત્યારે ગુલામ બનવા કરતાં પુત્ર, પિતા, પતિ, કે કોઇની પણ ચિંતા રાખ્યા વિના 'જૌહરવ્રત' લઇ અગ્નિકુંડમાં કુદી પડે છે પણ પરાધીનતા સ્વીકારતી નથી–

જ્યાંની રાજમાતા કરૂણાવતીએ સેનાધિપતિનું કાર્ય બજાવતાં ગુજરાતના સુલતાન બહાદુરશાહને હેરાન પરેશાન કર્યો હતો છતાં જ્યારે વિજયની આશા ન જ રહી ત્યારે તેર હજાર વહુ બેટીઓ સાથે જૌહરવ્રત આદરી અગ્નિ પ્રવેશ કર્યો હતો–

જ્યાંની પરમ હરિભક્ત નારીરત્ન મીરાંબાઇએ પ્રભુભક્તિની પરીક્ષામાં હળાહળ ઝેર પી લીધું હતું–

જ્યાંના દેશભક્ત મંત્રી ભામાશાએ દેશની રક્ષા માટે મહારાણા પ્રતાપને આપત્તિકાળમાં પોતાની તમામ મીલ્કત અર્પણ કરી દેશભક્તિનો અપૂર્વ પરિચય કરાવ્યો હતો–

આવી વીરભૂમીનું દર્શન જેનું અહોભાગ્ય હોય તે જ પામે. એ દર્શન મન્દ્રોની મન્દતા દૂર કરે છે અને નિર્વીર્યને પ્રાણવાન બનાવે છે; શૌર્યને પ્રેરે છે અને વીરતાને ઉત્તેજે છે; આઝાદીની તમન્ના પ્રજ્જ્વલિત કરે છે અને માતૃભૂમીની રક્ષા ખાતર સર્વસ્વના બલિદાનમાં જ જીવનની સાર્થકતા–ધન્યતા–રહેલી છે એવો સંદેશ આપે છે.

(અપૂર્ણ) **અમીચંદ.**

કિંમત દોઢ આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૪

મુંબઇ : ૩૦ નવેમ્બર ૧૯૪૦ શનીવાર.

લવાજમ
રૂપિયા ૨

સન્ત ફ્રાન્સિસ.

જીવન.

મન લાગો મેરો યાર ફકીરીમેં.
જો સુખ પાવો નામ ભજનમેં,
સો સુખ નાહીં અમીરીમેં.—મન.
ભલા બુરા સબકો સુનિ લીજે,
કર ગુજરાન ગરીબીમેં.—મન.
પ્રેમ નગર મેં રહનિ હમારી,
ભલી બનિ આઇ સબુરીમેં.—મન.
હાથમેં કુંડી, બગલમેં સોટા,
ચારોં દિસિ જાગીરીમેં.—મન.

ઇ. સ. બારમી શતાબ્દિના અંતમાં યુરોપનું વાતાવરણ અતિશય, મલીન અને વિકૃત થઇ ગયું હતું. ઇશુના અનુયાયીઓનો આખો રાહ લગભગ અવળા માર્ગે હતો, એટલું જ નહિ પણ તેના ઉપદેશના પ્રચારકો હોવાનો દાવો કરનારા પાદરીઓ અને ધર્માધિકારીઓ અનેક પ્રકારના વ્યસનોના ભોગ થઇ પડયા હતા. ધર્મ અને નીતિનાં બંધન શિથિલ થયાં હતાં. આવા વિષમ સમયે કેમ જાણે ધર્મના પુનરૂત્થાન માટે દેહ ધાર્યો ન હોય તેમ ફ્રાન્સિસે ઇટલીના એક પરગણામાં જન્મ લીધો.

ફ્રાન્સિસના પિતાને કાપડની દુકાન હતી અને તેની આર્થિક સ્થિતિ પ્રમાણમાં સારી હોવાના કારણે એ સમયના વિલાસ માણવાની ફ્રાન્સિસને પુરી અનુકૂળતા હતી. તેના મિત્રો સ્વચ્છંદી પ્રકૃતિના હોઇ નાચગાનના જલસામાં જીવનનું સર્વસ્વ સમજતા. જે વૃત્તિઓ અને વસ્તુઓમાં જગતના સામાન્ય માણસો સુખ અને શાન્તિ કલ્પે છે તેમાં સાચું સુખ કે સાચી શાન્તિ નથી એવું ભાન મૂળથી જ ફ્રાન્સિસને હતું. તેની આ સમ્યક્ દૃષ્ટિના કારણે તેનો અને તેના મિત્રોનો મેળ જામતો નહિ. વિનાશના માર્ગે ધસડી જતો વિલાસ ફ્રાન્સિસને ખૂંચતો. તેની બધી વિચારણા સાચા સુખ-સત્યની સાધના અર્થે હતી એટલે આત્મોન્નતિને બાધક અને ઘાતક જગતની પામર અને પાંગળી પ્રવૃત્તિઓ વિષે તે ઉદાસીન હતો. આ ઉદાસીનતાનું અંતિમ પરિણામ સમય જતાં તેના ગૃહત્યાગમાં અને દરિદ્રસેવાની દીક્ષામાં આવ્યું.

ફ્રાન્સિસના 'હૃદય'ની કસોટીનો પ્રથમ પ્રસંગ તેના વેપારી જીવનમાં ઉભો થયો. ફ્રાન્સિસ દુકાને આવેલા ઘરાક સાથે સોદો ઉતારવાની ધમાલમાં હતો. આ સમયે ભિક્ષા માગવા આવેલા યાચકને તરછોડવામાં આવ્યો. સ્વાર્થ આગળ પરમાર્થ વૃત્તિનો ભોગ અપાયો. સોદાનું કાર્ય સમાપ્ત થયા પછી ફ્રાન્સિસનું દિલ ડંખવા લાગ્યું. દ્રવ્યના લોભે સાચી કમાણી કરવાની તક તેણે જવા દીધી. પોતાથી જે અયોગ્ય વર્તન થવું ન જોઇએ તે થયું તેના માટે તેને દુઃખ થવા લાગ્યું. તેના હૃદયની અશાન્તિએ તે યાચકને શોધી કાઢવાની તેને પ્રેરણા આપી અને જ્યારે તેણે તે ભિખારીને શોધી કાઢી થોડી ઘણી આર્થિક સહાય કરી ત્યારે જ તેને શાંતિ વળી. આંગણે આવેલા યાચકને નિરાશ કરવો એ મહાન પાતક છે એમ સમજવા છતાં તેની અવગણના થાય એ ફ્રાન્સિસને મન ભારે અધર્મ હતો.

ગરીબોને છૂટથી દાન આપતાં આપતાં તેના હૃદયમાં એક નવી જ ભાવના જન્મી. અનિવાર્ય જરૂરિયાતના પ્રસંગે ભિક્ષા માગવામાં શરમ કે સંકોચ શા માટે? આ વિચારણાને આચરણમાં ઉતારવા–તેને અનુરૂપ વૃત્તિ કેળવવા–માટે ફ્રાન્સિસે એક ભિખારી પાસેથી ચિંથરેહાલ કપડાં ઉછીનાં લઇ ભિખારીઓના ટોળામાં ભળી સહર્ષ ભિક્ષા સ્વીકારેલી. ગરીબીની ગહનતા નહિ સમજવાના કારણે ગરીબ માણસ પોતાની કંગાળ દશા માટે અફસોસ કરે છે અને દુઃખી બને છે; પણ ફ્રાન્સિસે સ્વેચ્છાએ ગરીબીને પોતાના જીવનમાં અપનાવી હતી અને એથી જ એને એનું દુઃખ ન હતું. અજ્ઞાનને લીધે ગરીબને ગરીબી ખૂંચે છે. ફ્રાન્સિસની વિવેકદૃષ્ટિ જાગૃત હતી અને તેના લીધે ભિક્ષાવૃત્તિમાં તેણે ગૌરવ માન્યું અને જે દિવસે તેણે ભિક્ષા સ્વીકારી તે દિવસને જીવનનો અમૂલ્ય અવસર તે ગણી શકયો.

પણ ફ્રાન્સિસની સેવાવૃત્તિ–પ્રેમ ભાવનાની કસોટી કરનારો કપરો પ્રસંગ તે પછી ઉભો થયો. એક સમયે ફ્રાન્સિસ કામ પ્રસંગે બહારગામ જતો હતો. માર્ગમાં તેને રક્તપિત્તના રોગથી પીડાતો એક માણસ મળ્યો. રક્તપિત્તનો રોગ એટલો બધો ભયંકર અને ચેપી મનાય છે કે તેનું નામ માત્ર સૂગ ઉત્પન્ન કરવા માટે પૂરતું છે, ફ્રાન્સિસને પણ કાંઇક લગભગ એવું જ થયું અને એ દરદીની ઉપેક્ષા કરી તે આગળ ચાલવા લાગ્યો; પણ તેના પગ ખંચકાયા. ફ્રાન્સિસના હૃદયમાં રહેલી સાત્વિક વૃત્તિઓ બળવાન બની. રક્તપિત્ત ગમે તેવો ચેપી અને ભયંકર રોગ હોય પણ રોગીની અવગણના ઇશુમય જીવન જીવવાની ઇચ્છા સેવનારથી કેમ થાય? સેવાનું વ્રત લેનાર કસોટીમાં કાચો નિવડે તો તે વ્રતનો અર્થ શું? ક્રિયાશૂન્ય વ્રત એ જગતને આંજવાનો દંભ છે. ફ્રાન્સિસ આવો દંભી ન હતો. ઇશુના ઉપદેશને અક્ષરશઃ જીવનમાં ઉતારવાના તેના મનોરથ હતા. તેને પોતાનું કર્તવ્ય સમજાયું, તે પાછો ફર્યો, રોગીને ભેટયો, આશ્વાસન આપ્યું અને થોડું દાન કર્યું. આ બધું ક્ષણિક આવેશનું પરિણામ ન હતું પણ તેના જીવનમર્મ સાથે જોડાયલું એક તત્વ હતું અને તે સિદ્ધ કરવા તેણે આવા દર્દીઓની હસ્પિતાલની મુલાકાત લીધી અને દરેક દર્દીને આશ્વાસન આપ્યું.

બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને ઇશુનું શરણ એ ફ્રાન્સિસના મુખ્ય સિદ્ધાંતો હતા એટલે સંસારની દિવાલોમાં જકડાયેલા રહેવાનું કે મોજશોખમાં રાચવાનું તેને શાનું ગમે? ફ્રાન્સિસનો પિતા દુનિયાદારી માણસ હતો એટલે જગતના વ્યવહાર વિલાસમાં ફ્રાન્સિસ પૈસા વાપરે તે તેને પાલવે, પણ ગરિબોમાં દ્રવ્યનો 'અપવ્યય' થાય તે તેનાથી કેમ સહન થઇ શકે? અપવ્યય કયો અને સદુપયોગ કયો એ સમજવા જેટલી અથવા તો સમજવા છતાં તેનો વિરોધ નહિ કરવા જેટલી વિવેકબુદ્ધિ કે વ્યવહારદૃષ્ટિ તેનામાં ન હતી. આવા પ્રકારના દૃષ્ટિભેદના કારણે પિતા પુત્ર વચ્ચે અથડામણના પ્રસંગો અવારનવાર ઉભા થતા અને સમય જતાં આ પ્રસંગો એટલા બધા વિષમ થતા ગયા કે છેવટે ફ્રાન્સિસને ગૃહત્યાગ કરવો પડ્યો.

ફ્રાન્સિસના ગામમાં આવેલું સંત ડેમીઅલનું દેવળ ખંડેર જેવું થઇ ગયું હતું. આ દેવળની મરામતનો આદેશ ઇશુ તરફથી ફ્રાન્સિસને સંભળાયો. આ આદેશ એજ ફ્રાન્સિસના સંન્યસ્તનો પાયો. દેવળની મરામત માટે દ્રવ્ય તો જોઇએ અને દ્રવ્ય કયાંથી લાવવું એ એક પ્રશ્ન હતો. ફ્રાન્સિસને પૂરો વિશ્વાસ હતો કે પિતા એક પાઇ પણ આપે તેમ નથી, એટલે ફ્રાન્સિસે ઘરમાંથી થોડી ચોરી કરી. દેવળનો પાદરી ફ્રાન્સિસની સ્થિતિથી અજાણ ન હતો, એટલે બાપ દીકરાની તકરારવાળા પૈસા સ્વીકારવાની તેણે ના પાડી. ફ્રાન્સિસ આ પૈસાને શું કરે એટલે દેવળની બારીમાં એ પૈસા નાંખી તે ભાગી ગયો. શરૂઆતમાં ફ્રાન્સિસ પિતાના ભયથી સંતાતો ફરવા લાગ્યો પણ ઇશુના દાસને આવું ડરપોકપણું ન શોભે એમ સમજી તે ચિંથરેહાલ દશામાં પોતાને ઘેર ગયો આવી દશા જોતાં જ તેના પિતા ચિડાયા અને તેને એક કોટડીમાં પૂરી દીધો. આ બંધનમાંથી તેની માતાએ દયા લાવી પિતાની ગેરહાજરીમાં છોડી મૂકયો. ફ્રાન્સિસ છૂટકારો પામતાં સીધો દેવળમાં જ દોડયો. બહારથી પાછા આવતાં ફ્રાન્સિસના પિતાએ જ્યારે બધી હકીકત જાણી ત્યારે તે બહુ જ ગુસ્સે થયા અને એ ગુસ્સામાં જ દેવળમાં જઇ પુત્રને ફરમાન કર્યું કે તેણે વતન છોડી તરત જ ચાલ્યા જવું. ફ્રાન્સિસે હતાશ ન થતાં તરત જ જવાબ આપ્યો કે 'હું ઇશુનો દાસ છું અને તેના સિવાય હું કોઇનો હુકમ માનવાનો નથી.' પિતાએ આવા ઉદ્ધત જવાબની આશા રાખી ન હતી. તેમનો ક્રોધ ખૂબ જ વધી ગયો અને કટાક્ષ કર્યો કે એક બાજુ પૈસા તફડાવવા અને બીજી બાજુ ધર્મનો આવો દાવો! આ કટાક્ષથી ફ્રાન્સિસે બારીમાં પડેલા પૈસા પિતાને હવાલે કર્યા.

પણ આ વસ્તુસ્થિતિ આટલેથી જ ન અટકી. ફ્રાન્સિસ વિરૂદ્ધ જાત જાતની ફરિયાદો પાદરી પાસે ચાલુ આવ્યા જ કરતી હતી એટલે પાદરીએ ફ્રાન્સિસને કહ્યું કે તારા પિતાની બધી મિલકત તું તેમને સોંપી દે. ફ્રાન્સિસે તરત જ આ ફરમાનનો અમલ કર્યો અને પિતાની છેલ્લી મિલકત–પોતાનાં પહેરેલાં કપડાં –ઉતારી આપી દિગંબર થઇ જાહેર કર્યું કે આજથી ફ્રાન્સિસ ઇશુનો પુત્ર છે. આ દૃશ્યની પાદરી ઉપર ભારે છાપ પડી અને એ પાદરીએ જ તેને પહેરવાને વસ્ત્ર આપ્યાં.

ફ્રાન્સિસનો માર્ગ હવે સાફ થઇ ગયો. તેની પ્રવૃત્તિને રૂંધનાર કોઇ ન હતું એટલે દેવળની મરામતનો પ્રશ્ન તે વિચારવા લાગ્યો. દેવળની મરામત માટે જોઇતાં સાધન અને સામગ્રી તેણે ભિક્ષાથી મેળવી લીધાં અને જાતમજુરીથી ભારે શ્રમ લઇ તેણે સંત ડેમીઅલના જીર્ણ દેવળની તેમજ તેવાં જ બીજાં દેવળોની મરામત કરી. ઇશુ તરફથી મળેલા આદેશનો અમલ પોતાથી થઇ શકયો એટલે ફ્રાન્સિસને શાન્તિ અને સંતોષ થયો.

ફ્રાન્સિસના નિષ્કામ સેવાજીવનમાંથી તેનો સંઘ ઉભો થયો. તેની પરોપકારી પ્રવૃત્તિઓએ એક ધનિક મિત્રને તેની તરફ આકર્ષ્યો. આ ધનિકે પોતાની બધી મુડી ગરીબોમાં વહેંચી દીધી. એક પાદરી પણ પોતાની સત્તા છોડી તેમની સાથે જોડાયો. આ ત્રણ જણાથી સંઘની સ્થાપના થઇ. કોઇ પણ વસ્તુનો પરિગ્રહ ન કરવો એ તેમનો મુખ્ય નિયમ હતો. અપરિગ્રહના વ્રતમાં સર્વસ્વ છે એવી તેમની માન્યતા હતી. પરિગ્રહ એજ દરેક પાપ અને પ્રપંચનું મૂળ છે. પરિગ્રહી માણસનો પુરૂષાર્થ જાણે અજાણે અવળા માર્ગે જ હોય છે; પરિગ્રહ જ રાગદ્વેષને પોષે છે તેમ જ દારૂણમાં દારૂણ યુદ્ધને જન્મ આપે છે. પરિગ્રહ જ આસુરી સત્તાનો પાયો છે એવી તેની દૃઢ માન્યતા હતી અને એટલા જ માટે તેણે બધા ગુણોના સારરૂપ અપરિગ્રહને જીવનમાં અને પાછળથી સંઘના નિયમોમાં મુખ્ય સ્થાન આપ્યું હતું. અપરિગ્રહીને પ્રલોભનો પાડી નથી શકતાં. અપરિગ્રહીને કોઇ પણ પ્રકારની બહેરખાની કે રક્ષણની અપેક્ષા રહેતી નથી. અપરિગ્રહીને જગતનું કોઇ બંધન મૂંઝવી શકતું નથી અને એટલે જ તે આત્મકલ્યાણના પંથે સુગમતાથી આગળ ધપી શકે છે. આવી તેમની સમજણ હતી એટલે જ્યાં જ્યાં તેઓ જતા ત્યાં ત્યાં તેઓ રોગીઓની સેવા કરતા, ઇશુના રાજ્યની યાદ આપતા અને મજૂરી કરી પેટ પુરતી ભિક્ષા મેળવી લેતા. આવી સેવા અને પવિત્ર પ્રચારકાર્યથી ફ્રાન્સિસનો સંઘ વધતો ચાલ્યો.

ખ્રિસ્તી ધર્મ અને સમાજ એ સમયે અસ્તવ્યસ્ત હતાં. આ બધું વ્યવસ્થિત કરવાનો આશય ફ્રાન્સિસના સંઘનો હતો. આ આશય પાર પાડવા માટે પ્રચાર કાર્યની ખાસ આવશ્યકતા હતી અને ધાર્મિક પ્રચાર કાર્ય પોપની સંમતિ વિના હાથ ધરવામાં આવે તો અનેક પ્રકારની અગવડો ઉભી થાય. એ સમયના કાર્ડીનલો ઇશુના સિધ્ધાંતો ચુસ્ત રીતે પાળતા ન હતા એટલે પોતાના રાજ્યથી અલગ સ્વતંત્ર રાજ્ય સ્થપાય અને તે પણ ઉચ્ચ કોટિનું તે તેમને ન રૂચે એ સ્વાભાવિક હતું. આમ છતાંયે અનેક પ્રકારની દલીલો અને સમજાવટથી ફ્રાન્સિસે જોઇતી અનુમતિ મેળવી લીધી. પ્રચાર કાર્ય દરમિયાન પણ ફ્રાન્સિસ જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં ધર્માધિકારીઓનો વિરોધ નહિ કરતાં તેમના તરફ માન અને વિનય દાખવતો. આથી કોઇ પણ વખતે તેમની વચ્ચે કડવાશ કે અથડામણ થતી નહિ.

પ્રથમ ઉલ્લેખ કરી ગયા તેમ બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને ઇશુનું શરણ એ તેમના સંઘના મુખ્ય નિયમ હતા. આ બંધારણની મર્યાદામાં રહીને જ તેઓ પોતાનું કાર્ય કરતા હતા. ધનિકોને તેઓ કહેતા કે તમને સોંપવામાં આવેલું દ્રવ્ય એ તમારી સ્વતંત્ર માલેકીની નહિ પણ અનામત વસ્તુ છે અને તેથી તેનો ઉપયોગ સ્વાર્થ માટે નહિ પણ પરમાર્થ માટે થવો ઘટે. આત્મકલ્યાણનો એ જ ખરો માર્ગ છે. સેવા, મજુરી અને મજુરી ન મળે તો ભિક્ષાથી પેટ ભરવું એ તેમનો ક્રમ હતો. કોઇ પણ પ્રકારની મજુરીમાં શરમ સમજવી નહિ અને પાપ કે નહાના મોટા ગુન્હાઓનો જાહેર એકરાર કરવો આ તેમનો આખર ધર્મ હતો. શરમ અને સંકોચ કે માન અપમાનની ભાવનાને તેમના સંઘમાં સ્થાન ન હતું. વાસનાઓને વશ થઇ કલ્યાણકારી પ્રવૃત્તિઓમાંથી પાછા પડવાનો પ્રસંગ ન આવે એ શિક્ષા અહોનિશ વિચારવામાં આવતી. સેવા અને પ્રચારકાર્ય પાછળ આ પ્રકારની કર્તવ્યબુદ્ધિ હતી.

ફ્રાન્સિસ સ્ત્રીઓ સાથે નહિ જેવો જ પરિચય રાખતો; પણ પાછળથી તેને આ નિયમ ઢીલો મૂકવો પડયો હતો. ક્લેર નામની

એક અમીર કન્યા લગભગ ફ્રાન્સિસના જેવાજ સ્વભાવની હતી. ક્લેરનો આત્મા જાગૃત હતો એટલે વિભાવિક પ્રવૃત્તિઓ તેને અનુકૂળ ન હતી. આથી તેણે ગૃહત્યાગ કર્યો અને ફ્રાન્સિસના સંઘ સાથે સંકળાએલા સ્ત્રીસંઘની સ્થાપના કરી. ક્લેરના ગૃહત્યાગ પછી તેની બ્હેન અને બીજી સ્ત્રીઓ પણ આ સંઘમાં સામેલ થઇ. આ સ્ત્રીઓ પણ સંઘના મુખ્ય નિયમો અને બંધારણની મર્યાદામાં રહીને સ્વતંત્ર રીતે કામ કરતી હતી. ફ્રાન્સિસના અંતિમ જીવન પ્રસંગે જ્યારે ફ્રાન્સિસ હતાશ બન્યો હતો ત્યારે તેને આશ્વાસન અને પ્રેરણા આપનાર આ બ્હેનો જ હતી.

ધર્મના પ્રચારકોમાં સામાન્યપણે જે દોષ જોવામાં આવે છે તેનાથી ફ્રાન્સિસ પણ પર ન હતો. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર સર્વત્ર કરવાનો મોહ તેને હતો જ. પોતાના ધર્મ સિવાય બીજા ધર્મો નાસ્તિક છે એ તેની માન્યતા હતી. ધર્મના પ્રચાર કરવાની ઘેલછાના પરિણામે ક્રૂસેડીયે લડાઇઓ થવા પામી છે એ શોધવા જવું પડે તેમ નથી. ફ્રાન્સિસમાં પણ આવી જ ઘેલછા હતી, જો કે તેની કાર્યપદ્ધતિમાં થોડો ભેદ હતો. અન્ય ધર્મના અનુયાયીઓનો હૃદયપલટો દયાથી અને પ્રેમથી કરાવવાના સિધ્ધાંતમાં તે માનતો. ફ્રાન્સિસની પ્રેમભાવના અને અહિંસાવૃત્તિ ઘણી જ બળવાન હતી. એમ કહેવાય છે કે તેનામાં અહિંસાનો વિકાસ એટલો બધો હતો કે તેના પ્રભાવથી હિંસક પ્રાણીઓ પણ તેની સમક્ષ નમ્ર બની જતાં હતાં. ધર્મના પ્રચાર અર્થે જુદા જુદા સ્થળોએ પ્રતિનિધિઓને મોકલવામાં આવ્યા હતા અને ફ્રાન્સિસને પણ એક સુલતાનને સમજાવવાનું કાર્ય સોંપાયું હતું. આ કાર્યમાં તેને સફળતા મળી ન હતી.

આગળ કહેવામાં આવ્યું છે તેમ ફ્રાન્સિસનો સંઘ વધતો જતો હતો અને એ આખાયે સંઘની જવાબદારી તેના એકલાના માથે જ હતી. એક જ વ્યક્તિના ઉપર આખો સંઘ આધાર રાખતો હોય છે ત્યારે અમુક અંશે તે સંઘ પાંગળો પણ બને છે અને મૂળ વ્યક્તિની ગેરહાજરીમાં અમુક ત્રુટિઓ આવતી જાય છે. ફ્રાન્સિસના સંઘ માટે પણ એમ જ બન્યું. ઇજીપ્તના મુસલમાનોને ઉપદેશ આપવા ફ્રાન્સિસ ગયો ત્યારે તેના સંઘમાં શિથિલતા અને સત્તાનો મોહ દાખલ થયાં. પાછા ફર્યા પછી જ્યારે ફ્રાન્સિસે સંઘનું વાતાવરણ જોયું ત્યારે તેને ભારે દુઃખ થયું અને તે હતાશ બની ગયો. ચોતરફ અપરિગ્રહનો ભંગ થતો જોઇ તેને લાગ્યું કે મારો સંઘ મોટો ન થયો હોત તો સારું. શું કરવું તેની તેને સૂઝ પડી નહિ. તેની મુંઝવણ અને વિમાસણ વધતી ગઇ. આ વિમાસણ અને વિચારણાની ગડમથલમાં તેને અવાજ આવ્યો કે બધી જંજાળ છોડી આત્મોધ્ધાર કર. તેને જ્ઞાન થયું કે પવિત્ર જીવન–તપોમય જીવન–એજ તેનું કાર્યક્ષેત્ર છે. આ અવાજ સાંભળ્યા પછી તે વધારે અને વધારે એકાંત શોધવા લાગ્યો. એક શાન્ત ગુફામાં તેણે વાસ કર્યો. ઇશુના જીવનમંત્રોનું રટણ કરતાં કરતાં, ઇશુના જેવી જ શારીરિક વેદનાઓનો અનુભવ કરતાં તેણે ઇશુનો સાક્ષાત્કાર કર્યો અને પોતે ઇશુમય બન્યો

ફ્રાન્સિસની વેદનાઓ વધતી જતી હતી. આંખનું તેજ જતું રહ્યું. તેનું દર્દ અસહ્ય બનતું હતું ત્યાં તેને અવાજ આવ્યો કે 'આ દુઃખને સુખ માન–આ રીતે તું વધારે અને વધારે મારી નજીક આવે છે એટલે એ દૃષ્ટિએ આ બધાં દુઃખનો તું વિચાર કર.' આ અવાજ પછી જ તેને સાચી શાંતિ સાંપડી.

ફ્રાન્સિસના અંતિમ ઉપદેશનો સાર એ હતો કે મજુરીનો મહિમા સમજી જાતમહેનત કરવી અને છતાંયે કોઇ સંજોગોમાં

(અનુસંધાન પૃષ્ટ ૧૪૮ જુઓ)

સમય ધર્મ

કાળનાં ગતિમાન ચક્રો સાથે માનવ–જીવન પણ ગતિશીલ રહે છે. સમયના પરિવર્તન સાથે માનવોની રહેણી–કરણી–પોષાક રીતરીવાજો આદિમાં પણ પરિવર્તનનાં પૂર આવ્યા કરે છે. એક સમયે ઉપયોગી ગણાતી વસ્તુઓ બીજે સમયે નિરૂપયોગી થઇ પડે છે. એક સમયે અગત્યના ગણાતા રીત રીવાજો બીજે સમયે નિરર્થક ભાસે છે. દરેક માનવી સમયની સાથે પોતાના જીવનક્રમનો સુમેલ સાધતો રહે છે. આપણા વડિલો જે જાતની રહેણી–કરણી કે પોષાક રાખતા તેવો જ પોષાક કે રહેણીકરણી રાખવાનો આપણે આગ્રહ નથી રાખતા; સમયાનુસાર ઇચ્છિત ફેરફાર કરી લઇએ છીએ. એકજ જાતના જીવનક્રમથી માનવો કંટાળી જાય છે એટલે હંમેશા નવીનતાને શોધી અપનાવ્યે જાય છે. આપણે ઇચ્છા મુજબ કોઇ પણ પ્રકારની વેષ–ભૂષા ધારણ કરી શકીએ છીએ. અમુક જાતનાં વસ્ત્રો અને અમુક દુકાનેથી જ ખરીદેલાં હોવા જોઇએ એવો કોઇ નિયમ આપણને બાંધી શકતો નથી. જીવનની સામાન્ય બાબતોમાં ઇચ્છિત ફેરફારો કરવા આપણે સંપૂર્ણ સ્વતંત્ર છીએ. દિલ ચાહે તે દેશની રહેણી–કરણી અને પોષાક આપણે અપનાવી શકીએ છીએ. માત્ર જેમાં કંઇ ફેરફાર–નવીનતા–ઉમેરી ન શકીએ એવી કોઇ વસ્તુ હોય તો આપણા ધાર્મિક રીતરીવાજો છે. ધાર્મિક રીતરીવાજોને નથી સમય–ધર્મ સ્પર્શતો કે નથી એમાં નવીન ઉન્નત-ઉદાર ભાવનાઓ ઉમેરાતી.

આપણે ત્યાં ચોમાસામાં પ્રતિવર્ષ મુનિમહારાજો સૂત્રો વાંચે છે. અનેક જાતની ધાર્મિક ક્રિયાઓ થાય છે. છતાં આપણે જોઇએ છીએ કે એ બધું આપણને સ્પર્શ્યા વિના જ ચાલ્યું જાય છે. પચ્ચાસ વર્ષ સુધી સાંભળવા છતાં, ધાર્મિક ક્રિયાઓ કરવા છતાં આપણી વૃત્તિઓમાં એ જ કષાયો ભરેલા રહે છે કે જે પચ્ચાસ વર્ષ પૂર્વે હતા. એ જ સંસાર પ્રત્યેની આસક્તિ કાયમ હોય છે. આપણે કદિ આપણા જીવનને તપાસતા નથી. કારણ જાણવાની દરકાર પણ કરતા નથી. માત્ર સાંભળવાને ખાતર સાંભળીએ છીએ. અને તે પણ જો પુણ્યનું આકર્ષણ ન હોત તો સાંભળવા જાત કે નહિ તે શંકાસ્પદ છે. નર્કનો ભય અને સ્વર્ગનું આકર્ષણ રાખવામાં આવ્યું ન હોત તો આપણે ધાર્મિક ક્રિયાઓ કરત કે નહિ એ વિચારવા યોગ્ય છે. ઉત્તમ ગ્રંથો સાંભળવા છતાં, અમૂલ્ય શબ્દો શ્રવણ કરવા છતાં શાથી આપણા હૃદય સોંસરવા નથી ઉતરતા એ શબ્દો અને ગ્રંથો? કોઇ વ્યક્તિ ઘરમાં બેસી કોઈ પર્વતનું વર્ણન કરે કે જેને એણે જોયો નથી. તેનું એ ગમે તેટલું સુંદર વર્ણન કરે, છતાં સાંભળનારાપર જોઇતી અસર થતી જ નથી. એના શબ્દો જુસ્સાભર્યા હોવા છતાં એમાં અનુભવની ઉષ્મા ન હોવાથી એ શ્રોતાઓનાં હૃદય સુધી પહોંચી શકતા નથી. જ્યારે બીજી વ્યકિત કે જેણે પર્વતને જોયો છે, ત્યાં વસવાટ કર્યો છે; એ જ્યારે પર્વતનું વર્ણન કરે છે ત્યારે થોડા શબ્દોમાં સાંભળનારાને તે વ્યક્તિ પર્વતનો આબેહુબ ખ્યાલ આપી શકે છે. તેવી જ રીતે જે સૂત્રો, જે ગ્રંથો એના રચનારાઓએ જે પરમોચ્ચ ભૂમિકા પર બેસીને રચ્યા છે તે ભૂમિકા પર પહોંચ્યા સિવાય–એ શબ્દોનો સ્વયં અનુભવ લીધા સિવાય–એનું રહસ્ય અન્યના દિલ પર ઉતારવું અશકય છે. અનુભવગમ્ય બે શબ્દો સાંભળનારાને ઘણું ઘણું સમજાવી જાએ છે, જ્યારે છટાભર્યા શબ્દો સાંભળનારાના હૃદયને બદલે કાન સુધી જ જઇ શકે છે. જેમણે જાતે અનુભવનાં અમી પીધાં છે એવી મહાન વ્યકિતઓ જ

(અનુસંધાન પૃષ્ટ ૧૪૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

નવેમ્બર ૩૦ ૧૯૪૦

આપણા ધર્મગ્રંથોને ટીકાની જરૂર.

આપણા દેશમાં ધર્મગ્રંથો બે પ્રકારના હોય છે. એક દાર્શનિક કે ચિન્તનપ્રધાન અને બીજા કર્મકાંડના કે આચાર-પ્રધાન. દાર્શનિક ગ્રંથોમાં તત્ત્વચર્ચા કરેલી હોય છે. આ દૃશ્યમાન જગતમાં સત્ય શું છે એની તેમાં ચર્ચા હોય છે અને આચાર ગ્રંથોમાં એ સત્યને કેવી રીતે પામવું એની ચર્ચા હોય છે. આ બન્ને મળીને ધર્મનું સ્વરૂપ ઘડાય છે. એમાંથી એક જ હોય ત્યાં સુધી આપણે તેને ધર્મ ન કહીએ.

અત્યારે પશ્ચિમમાં દાર્શનિક ગ્રંથો અને આચારના ગ્રંથો બન્ને એક બીજાથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. તેનું એક કારણ જીવનની આધુનિક દૃષ્ટિ છે. અત્યારનું વિજ્ઞાન, જીવનનું પૃથક્કરણ કરી તેના જુદા જુદા અંશો કે ખંડો કરી તેનો અભ્યાસ કરવા ઇચ્છે છે. તેમજ એ પણ કહેવું જોઇએ કે દર્શનશાસ્ત્રને પણ આચારનો વિચાર કરવાનો અવકાશ નથી. એની ઇષ્ટાનિષ્ટતા ઉપર વિચાર કરવાનું આ સ્થાન નથી; પણ આપણા ધર્મ સંબંધી વિચાર કરતાં આપણે એટલું સમજવું જોઇએ કે આપણી દૃષ્ટિએ દર્શન અને આચારનો સમન્વય થવો ઘટે છે અને એ બન્નેથી જ ધર્મનું સ્વરૂપ ઘડાય છે.

મારે કહેવાનું એ છે કે આ બન્ને પ્રકારના ગ્રંથો ઉપર ટીકા થવાની જરૂર છે. આમાં દાર્શનિક ગ્રંથોની ટીકા કરવાની પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવતી આપણે જોઇએ છીએ. મને વધારે પરિચિત ભગવદ્ગીતાનો દાખલો આપી મારી વાત સ્પષ્ટ કરું. ભગવદ્ગીતા ઉપર શ્રી શંકરાચાર્યે ભાષ્ય લખીને કેવલાદ્વૈતના વેદાન્તમતનું પ્રતિપાદન કર્યું. તેમાં તેમણે પોતાના સમયના પ્રતિપક્ષીઓના મતનું ખંડન કરેલું હોય. પણ શંકરાચાર્યના અવસાન બાદ, તેમના પ્રતિપક્ષીઓ પાછા કેવલાદ્વૈતની વિરુદ્ધ લખે. તેનો જવાબ આપવા પછી શાંકર ભાષ્ય ઉપર ટીકાઓ લખાય. આવી પરંપરાઓ આજ સુધી ચાલતી આ વેલી છે. આ પ્રકારની છેલ્લી ટીકા ગુજરાતીમાં સદ્‌ગત મણિભાઇ નભુભાઇની ગણાય. તેમાં વિશેષ એ છે કે તેમણે ભગવદ્ગીતાની ટીકામાં પાશ્ચાત્ય ફિલસુફોના મતોની ચર્ચા પણ કરેલી છે. મારે આ સંબંધમાં એ જ કહેવાનું છે કે આપણે દાર્શનિક ચર્ચામાં પશ્ચિમના મતોની પણ ચર્ચા કરવી જોઇએ. પશ્ચિમની દાર્શનિક ચર્ચાનું સૌથી પ્રબળ લક્ષણ એ છે કે તેઓ વેગવન્ત વધતા જતા વિજ્ઞાનનો પૂરો લાભ લે છે. આપણી દાર્શનિક ચર્ચા પણ જ્યાં સુધી પશ્ચિમના વિજ્ઞાન અને તત્ત્વચર્ચાથી અજ્ઞાન રહે ત્યાં સુધી તે આધુનિક પરીક્ષકને કે અભ્યાસીને સંતોષ આપી શકશે નહિ. આવી ચર્ચાનો સારામાં સારો નમુનો લોકમાન્ય ટિળકના 'ગીતા રહસ્ય'નો છે. તેમાં તેમણે શંકરના મતથી જુદા પડી ગીતાનો મુખ્ય ઉપદેશ કર્મયોગનો છે, સંન્યાસનો નથી એમ બતાવેલું છે. ચર્ચામાં તેમણે માત્ર પૌરસ્ત્ય જ નહિ પણ પાશ્ચાત્ય દર્શનકારોના અભિપ્રાયોની પણ પરીક્ષા કરી છે. આપણા દાર્શનિક ગ્રંથોની ટીકા માટે આપણે હવે આ પ્રણાલી અનુસરવી જોઇએ.

આપણામાં ચિંતનાત્મક કે તત્ત્વચર્ચાના ગ્રંથોની ટીકાઓ થઈ છે, પણ આચારગ્રંથોની ટીકા નથી જ થઈ એમ કહીએ તો ચાલે. અલબત્ત અવારનવાર આચારશિથિલ પડતા સંઘોમાં એવા આચાર્યો થયા છે કે જેમણે આચારની ફરી શુદ્ધિ કરી હોય, અને સંન્યાસીઓને વધારે તપઃશુદ્ધ કર્યા હોય. પણ હું માત્ર એ પ્રકારના સંન્યાસીઓની રહેણીકરણીના આચારની જ વાત નથી કરતો. એ કરતાં સ્મૃતિઓએ આચારનો વધારે વિશાળ અર્થ કર્યો છે અને બદલાતા જમાના પ્રમાણે આચારનાં નવાં નવાં રૂપો સર્જ્યાં છે. પણ આચારનો એથી પણ વધારે વિશાળ અર્થ કરવાની જરૂર છે. ધર્મને જો આપણે ખરેખર જીવનના સર્વ દેશોપર વ્યાપક ગણતા હોઇએ, તો જીવનના દરેક પ્રશ્નને ધર્મદૃષ્ટિએ જોવો જોઇએ. અને એ રીતે આચારની ચર્ચા કરવી જોઇએ. એ કામ અત્યારે તો માત્ર મહાત્માજી કરે છે. તેમના ધર્મના બે મુખ્ય સિદ્ધાન્તો સત્યાગ્રહ અને અહિંસા—એ બન્નેની દૃષ્ટિએ તેઓ જીવનના બધા પ્રશ્નો જુએ છે. કૌટુંબિક, સામાજિક, રાજ્યપ્રકરણી, બધા પ્રશ્નોનો નિર્ણય તેઓ ધર્મદૃષ્ટિએ કરે છે. અને એ જ સાચી દૃષ્ટિ છે. આપણે ત્યાં આ દૃષ્ટિએ લગભગ કશું નથી થયું એમ કહીએ તો ચાલે.

આપણે હિંદુઓ ધર્મદૃષ્ટિમાં ઉદાર અને સહિષ્ણુ છીએ, છતાં મને આપણામાં કેટલીક સંકુચિતતા જણાય છે. અંગ્રેજી રાજ્યની શરૂઆતમાં પાશ્ચાત્ય વિચારકો આપણા ધર્મને વખાણે તેનો આપણને મોહ લાગ્યો. એ સાથે જ આપણા ધર્મની રક્ષાની આપણને એટલી બધી બીક લાગી કે આપણા પોતાના માણસો આપણી ટીકા કરે તે આપણે સહન ન કરી શકીએ. કેટલેક અંશે આપણી પરાધીનતાનું આ સ્વાભાવિક પરિણામ હતું. પણ હવે આપણે તેનાથી પર જવું જોઇએ. આપણે આપણા દેશભાઇઓ અને ખાસ કરીને તો આપણા ધર્મભાઇઓની ટીકાને અવકાશ આપવો જોઇએ. આમ આપણે કરતા નથી તેથી આપણને ઘણી હાનિ થયેલી છે. હું એક જ દાખલો આપું. બ્રાહ્મણ ધર્મીઓએ ચમત્કારને કાઢી નાંખીને કૃષ્ણચરિત્ર તૈયાર કર્યું છે. બુદ્ધચરિત્ર પણ આધુનિક દૃષ્ટિને ગ્રાહ્ય થાય એવા રૂપમાં મળી આવે છે. પણ મહાવીર ચરિત્ર એવા રૂપમાં મળતું નથી. એ કામ કોઇ પરદેશીને હાથે થશે તો સારું નહિ થાય. કોઇ જૈનધર્મીએ જ એ કરવું જોઇએ. એમ કરી શકે એવા વિચારકો કે લેખકો જૈનોમાં નથી એમ હું નથી માનતો. છતાં એ કામ થયું નથી અને થતું નથી તેનું કારણ જૈનોની અસહનતા છે એમ હું માનું છું. આથી હાનિ તો ખરા ધર્મતત્ત્વને જ થાય છે. જેમ નદી વેગથી શુદ્ધ થાય છે તેમ ધર્મતત્ત્વ પણ ટીકાના પ્રવાહથી શુદ્ધ થાય છે. આપણું ચિંતન-દર્શન અને આચાર બન્નેને આપણે ખુલ્લી હવામાં રાખી, વહેતાં કરી શુદ્ધ કરવાં જોઇએ.*

રામનારાયણ વિ. પાઠક.

*તા. ૩૦-૯-૪૦ ના રોજ મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનની ટૂંકી નોંધ.

કેટલાક સમાચાર અને નોંધ.

છેલ્લું પખવાડીયું એટલા બધા બનાવોથી ભરેલું છે કે કયા બનાવની નોંધ લેવી અને કયા બનાવની નોંધ ન લેવી એ સંક્ષિપ્ત મર્યાદાવાળા આ પત્રમાં લખનારને જરા મુંઝવણ ઉત્પન્ન કરે તેવું છે.

યુરોપીય જંગ–યુરોપીય જંગ એનો એ ચાલ્યા કરે છે. પરસ્પર વિમાની આક્રમણો અને જનમાલની ખુવારી એ હવે સામાન્ય બનાવ બની ગયો છે. શિયાળો શરૂ થવા છતાં વિમાની હીલચાલો હજુ અટકી નથી. ઇટાલીએ ગ્રીસ ઉપર ચઢાઇ તો કરી છે, પણ તેનો ગ્રીસ બરોબર સામનો કરી રહેલ હોય અને ઇટાલીને આગળ વધવાને બદલે પાછું હઠવું પડયું હોય એમ તે બાજુએથી આવતા સમાચારો ઉપરથી લાગે છે. જર્મની હાલ બાલ્કન રાજ્યો ઉપર સર્વત્ર એક હથ્થુ સત્તા જમાવવા પાછળ અને એ રીતે તુર્કીને દબાવીને પોતાને અનુકૂળ બનાવવા પાછળ ખૂબ રોકાયલું હોય એમ જણાય છે. જાપાન ઇન્ડો-ચાઇના ઉપર પોતાની સત્તા વિસ્તારી રહ્યું છે અને સીયામ ઉપર કરડી નજર કરી રહ્યું છે. ઇંગ્લંડના પ્રતિનિધિ લોર્ડ લોથીઅને ન્યુયોર્ક પહોંચતાં છાપાઓમાં એક એવી મતલબનું નિવેદન કરેલું જાહેર થયેલું કે 'ગ્રીટનનાં નાણાકીય સાધનોનો અન્ત આવવો શરૂ થઇ ગયો છે.' આ નિવેદનમાં પાછળથી સુધારણા કરવામાં આવી હતી પણ તાત્કાલિક આ નિવેદનની ચાલુ બજારો ઉપર બહુ માઠી અસર થઇ હતી. આજે પાછો એમાં કાંઇક સુધારો થયો દેખાય છે.

દેશમાં સત્યાગ્રહનાં મંડાણ–શ્રી. વિનોબા ભાવેની નમ્ર શરૂઆતથી દેશમાં વાણીસ્વાતંત્ર્યના પ્રશ્ન ઉપર સત્યાગ્રહનાં મંડાણ થયેલાં. વિનોબા ભાવેને ત્રણ માસની શિક્ષા થઇ પછી કેટલાય દિવસો સુધી કશું બનતું ન લાગ્યું અને બધું ઠંડું પડતું હોય એમ ભાસ્યું. એવામાં પંડિત જવાહિરલાલ નહેરૂને સરકારે પકડયા અને તેમને ચાર વર્ષની સખ્ત મજુરીની સજા ફરમાવી. ત્યારથી સત્યાગ્રહના આન્દોલને ભારે મજબુત જોર પકડયું છે. શ્રી. અચ્યુત પટવર્ધન ગયા; સરદાર વલ્લભભાઇ પટેલ તથા મોરારજી દેસાઇ, બાળા સાહેબ ખેર તથા બાંદરેકર, મણિબહેન પટેલ તથા કુસુમબહેન કાનુગા, કમળાબહેન સંઘવી, નિર્મળાબહેન દેસાઇ, દેવયાની દેસાઇ એમ એક પછી એક મોટાં તથા નાનાં પકડાઇ રહ્યાં છે અને કોઇ એમને એમ અનિશ્ચિત મુદત માટે જેલવાસી બન્યા છે તો કોઇ ન્યાયખાતા તરફથી મુદતી શિક્ષા પામ્યા છે. મધ્ય પ્રાન્તના મુખ્ય પ્રધાન પંડિત રવિશંકર શુકલ તેમજ સયુકત પ્રાન્તના મુખ્ય પ્રધાન પંડિત ગોવિંદ વલ્લભ પન્ત પણ પરહેજ થયા છે. સહવારે છાપું આવે છે અને કોઇને કોઇ, નજીકના કે દૂરના, સાધારણ કે અસાધારણ, બહેનો અને ભાઇઓને હીંદી સંરક્ષણ ધારાના ભોગ બનેલા વાંચીએ છીએ. આ બધું શેના માટે ? યુધ્ધના સંબંધમાં પોતાનો પ્રમાણિક અભિપ્રાય જાહેરમાં વ્યકત કરવા માટે. આખો વ્યૂહ મહાત્મા ગાંધીજીની દોરવણી નીચે ચાલી રહ્યો છે. તેમની સૂચના અને આજ્ઞા મુજબ કોઇ લડાઇ વિરૂદ્ધ ભાષણ કરે છે. તો કોઇ આ સંબંધે ચોક્કસ ઘડાયેલા બે ત્રણ વાકયોની ઉદ્ઘોષણા કરે છે. જે કોઇ સત્યાગ્રહ શરૂ કરવાનું હોય તે આગળથી જીલ્લા કલેકટરને નોટીસ આપે છે. કેટલાકને નોટીસમાં જણાવ્યા મુજબ ભાષણ આપવાની કે યુધ્ધ વિરૂદ્ધની ઉદ્ઘોષણા તક મળે છે તો કેટલાકને એ પહેલાં જ પોલીસ એમને એમ પકડે છે. આજે જે કોઇએ કોંગ્રેસના નામે માનપાન અને પ્રતિષ્ઠા મેળવી હોય તેને જવાબ અને બદલો આપવાની તક ઉભી થઇ છે. તે જવાબ એટલો જ ગૌરવપ્રદ અપાઇ રહ્યો હોય એમ આજે જે કાંઇ બની રહ્યું છે તે ઉપરથી કોઇને પણ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી.

શ્રી. પોપટલાલ શાહ પણ ગિરફતાર—પૂના મ્યુનીસીપાલીટીના ભાજી પ્રમુખ, રાષ્ટ્રીય મહાસભાના એક જાણીતા કાર્યકર અને મહારાષ્ટ્રી જૈન સમાજના એક સુવિખ્યાત આગેવાન શ્રી. પોપટલાલ રામચંદ શાહ પણ આ સત્યાગ્રહમાં જોડાયા છે અને યુધ્ધ વિરૂધ્ધ ભાષણ કરવા બદલ એક વર્ષની શિક્ષા પામેલ છે. દેશ ખાતર અવાર નવાર જેલયાત્રા સ્વીકારનાર શ્રી. પોપટલાલ શાહને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો શ્રી. મણિલાલ જેમલ શેઠ અને શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ પણ બહુજ થોડા સમયમાં સત્યાગ્રહમાં સામેલ થનાર છે. આઝાદીના જંગમાં કોઇ પણ કાળે જૈન સમાજે સારો ફાળો આપ્યો છે અને આ સમયે પણ વાણીસ્વાતંત્ર્યના હકકને હાંસલ કરવામાં પાછી પાની નહિ કરે એવી આશા રાખવામાં આવે છે.

વધારાનું સરકારી બજેટ–યુરોપીય વિગ્રહના વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે હિંદી બજનચીએ વડી ધારાસભામાં ચાર કરોડનું વધારાનું બજેટ રજુ કર્યું હતું. ધારાસભામાં ચુંટાયેલા કોંગ્રેસના સભ્યો કેટલાય સમયથી ધારાસભાની ચર્ચામાં અને કાર્યવાહીમાં ભાગ લેતા નહોતા. તેથી એ ધારાસભા પાસે પ્રસ્તુત બજેટ મંજુર કરાવવું સરકાર માટે રમત વાત હતી. પણ કમનસીબે આ વખતે સરકારની ગણુતરી ઉંધી વળી ગઇ, કોંગ્રેસના સભ્યોને આ બજેટની ચર્ચામાં ભાગ લેવાની રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિએ આજ્ઞા કરી. વિરોધ પક્ષના આગેવાન શ્રી. ભુલાભાઇ દેસાઇએ આખી સરકારી રાજનીતિને સ્પષ્ટ અને સત્ય આકારમાં રજુ કરતું એક ભારે ભવ્ય અને નિડરતાભર્યું ભાષણ કર્યું અને દુનિયાને ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું કે આજે જે ચાલી રહ્યું છે તેમાં પ્રજાનો બીલકુલ સાથ નથી. મોસ્લેમ લીગના સભ્યો શ્રી. ઝીણાની આગેવાની નીચે તટસ્થ રહ્યા એમ છતાં વધારાનું બજેટ બહુમતીએ ઉડી ગયું. રાજકારણની દૃષ્ટિએ આ એક અતિ મહત્વનો બનાવ બની ગયો.

વાઇસરાય અને હિંદી પ્રધાનનાં ભાષણો—એજ અરસામાં બન્ને વડી ધારાસભાઓના સંયુકત સંમેલન સમક્ષ નામદાર વાઇસરાયે દીલ્હીમાં અને પાર્લામેન્ટ સમક્ષ હિંદી પ્રધાને લંડનમાં એક ભાષણ કર્યું. વાઇસરોયે પોતાના ભાષણમાં આજના વિગ્રહમાં સરકારને પ્રજા કેટલો સાથ આપી રહી છે અને સરકાર દેશના રક્ષણની તૈયારી સંબંધમાં શું શું કરી રહી છે તેનો સવિસ્તર ચિતાર આપ્યો છે અને સાથે સાથે આગેવાન દેશનેતાઓ અને રાજકારણી પક્ષોના પુરતા સહકારના અભાવે પોતાની કારોબારી સભાને વિસ્તારવાની અને સલાહકાર મંડળ ઉભું કરવાની યોજના પડતી મુકયાની જાહેરાત કરી છે. હિંદી પ્રધાનના ભાષણમાં એની એજ શાહીવાદી તુમાખી અને વસ્તુસ્થિતિને ગ્રહણ કરવાની–સમજવાની તથા સ્વીકારવાની–દરદ્દાપૂર્વક અનિચ્છા જોવામાં આવે છે. 'એકતા સાધો. યોગ્યતા મેળવો. હાલ તો લડાઇમાં બને તેટલી મદદ કરો. આગળ ઉપર તમે બધા મળજો અને તમારી પરિસ્થિતિનો પુરો વિચાર કરી તમને ગમે તેવું બંધારણ ઘડીને લાવજો. અમારી હિંદુસ્થાનના અનેક સ્થાપિત હકકો અને પક્ષો પ્રત્યેની જવાબદારીઓને બાધ ન આવે એવું જે કાંઇ હશે તે સ્વીકારવામાં વાંધો નહિ આવે. એકત્ર બની શકતા નથી અને સ્વરાજ્ય–સંપૂર્ણ સ્વાતંત્ર્ય–માંગો છો આવી ગાંડી વાતો કોણ સાંભળવાનું હતું. ?' આ તેમના ભાષ-

ણનો સાર. પંડિત જવાહિરલાલને કરવામાં આવેલી જાલીમ સજાના સંબંધમાં તેમનું કથન આઘાત ઉપર અપમાનનો ઉમેરો કરનારૂં હતું. તેમના કહેવા મુજબ જવાહિરલાલને શિક્ષા વધારે પડતી ક્રૂરભાવવામાં આવી છે એ બરોબર છે પણ ન્યાયના કાર્યમાં તેઓ કેમ દખલ કરી શકે ? અને એમ છતાં પણ જો પંડિતજીને શિક્ષા આકરી લાગતી હોય તો તેઓ જરૂર અપીલ કરી શકે છે ? અને વળી તેઓ પુછે છે કે પંડિત જવાહિરલાલને જેલમાં જવાથી શું મોટો ફરક પડવાનો છે ? ત્યાં પણ તેમને એજ પુસ્તકો, એજ લખવા વગેરેની સગવડ, એજ છાપાઓ તેમ જ ખાવા પીવા તેમજ સહવાસની સગવડો મળશે. માત્ર છુટા રહીને લડાઇ વિરૂદ્ધ ઝુમઝરાડા પાડી શકે છે તેટલું તેમનાથી બની નહિ શકે. સંપૂર્ણ સ્વાતંત્ર્યને ચાહનારો અને માણનારો અંગ્રેજ અન્ય પ્રજા ઉપર વર્ષો સુધી શાસન ચલાવવાની ટેવ પડતાં કેવા વિકૃત માનસવાળો બની જાય છે તેનો હિંદી પ્રધાનના વકતવ્ય ઉપરથી સરસ ખ્યાલ આવી શકે તેમ છે.

ગુમાસ્તા ધારો-કોંગ્રેસ વહીવટ દરમિયાન પસાર થયેલા ગુમાસ્તા ધારાનો અમલ નવેંબર માસની પંદરમી તારીખથી મુંબઇ, અમદાવાદ, પુના, સોલાપુર અને હુબ્બલી ખાતે શરૂ થયો છે. આ ધારા સામે કંઇ કાળથી ગુમાસ્તા અને નોકરો પાસેથી જેટલું લઇ શકાય તેટલું કામ લેવાને ટેવાયલા શેઠો, મેનેજરો અને માલીકોના વિરોધ સુરો સંભળાઈ રહ્યા છે. પણ ન્યાય, નીતિ અને માનવતાની દૃષ્ટિએ આ કાયદો ખરેખર આવકારપાત્ર છે. આ પ્રકારનો કાયદો પહેલવહેલો જ હોવાથી તેમાં અનેક ત્રુટિઓ હોવાનો અને ધંધો ચલાવનારાઓની વ્યાજબી અગવડોનું યોગ્ય નિરાકરણ નહિ હોવાનો સંભવ છે. અનુભવથી તેમજ યોગ્ય રજુઆતથી આ ત્રુટિઓ તેમજ અગવડો દૂર કરી શકાય તેમ છે. પણ સિદ્ધાન્ત તેમજ વ્યવહારની દૃષ્ટિએ આ કાયદાના અમલને બને તેટલું ઉત્તેજન આપવું એ સૌ કોઈ સહૃદય શેઠીઆઓ કે માલીકોનું પરમ કર્તવ્ય છે. આમ કરવામાં ગુમાસ્તાઓ કે નોકરો ઉપર કોઇ ઉપકાર કરતું નથી; પણ જે રાહત તેમના વ્યાજબી હકની વસ્તુ છે તે તેમને મળી છે અને આજ સુધી ચાલી રહેલા એક મહાન અન્યાયતંત્રને દૂર કરવાનો પ્રયત્ન શરૂ થયો છે જે ખરેખર આનંદજનક છે.

જૈન સમાજમાં પ્રથમ એમ. આર. સી. પી. પાલણપુરનિવાસી શ્રી કીર્તિલાલ મલુકચંદ ભણશાળી મેડીકલ લાઇનમાં સૌથી અગત્યની ગણાતી લંડન યુનીવર્સીટીની એમ. આર. સી. પી. ની પદવી પ્રાપ્ત કરીને થોડા સમય પહેલાં હિંદુસ્થાન પાછા ફર્યા છે. તેમની ઉજ્જવલ કારકીર્દી માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેઓ એક નિષ્ણાત ડાકટર તરીકે ખૂબ નામ કાઢે અને જનસમાજને સારી સેવા આપે એમ આપણે જરૂર ઇચ્છીએ.

શ્રી. લોકપાલ શેઠ આઈ. સી. એસ.—અમદાવાદનિવાસી શ્રી. લોકપાલ લાલભાઇ શેઠ ઇન્ડીઅન સીવીલ સર્વીસની પરીક્ષા પસાર કરીને હિંદુસ્થાન આવ્યા છે અને તેમની બેલગામ ખાતે હાલ નિમણુક થઈ છે. જૈન સમાજમાં આજ સુધી ત્રણ કે ચાર આઇ. સી. એસ. થયા છે તેમાં ભાઇ લોકપાલનો યશસ્વી વધારો થાય છે. તેમનાં પત્ની શ્રી. ચંદ્રાબહેને પણ લંડન યુનીવર્સીટીની બી. એસ. સી. ની પરીક્ષા પસાર કરી છે. તેઓ ઉભયને જૈન સમાજના ધન્યવાદ છે. ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં જૈન યુવાનો અગ્ર સ્થાન ધરાવતા થાય એમાં જ જૈન સમાજનું સાચું ગૌરવ રહેલું છે.

(અનુસંધાન પૃષ્ટ ૧૪૮ જુઓ)

મારો ભાઈ

[શ્રીમતી કૃષ્ણા હઠીસીંગે પંડિત જવાહિરલાલ નહેરૂને આજથી બરોબર બાર માસ પહેલાં ચીન તરફ વિદાય આપતાં અનુભવેલી ગમગીનીભરી છાયાની પ્રસ્તાવના સાથે ભૂતકાળના કેટલાંક સ્મરણોને તાજાં કરતો નીચેનો લેખ લખેલો અને તે 'જન્મભુમિ' તા. ૧૪-૧૧-૩૯ ના પત્રમાં પ્રગટ થયેલો. પ્રસ્તુત લેખના અન્ત ભાગમાં પ્રશ્ન છે કે 'બધાય પ્રકારના ભયનો સામનો કરવા માટે આપણી પાસેથી કોણ જણે એ કયારે ઉપડી જશે ? કોને ખબર ? ' આ પ્રશ્નનો ઉત્તર આપતા હોય તેમ પંડિત જવાહરલાલ 'બધાય પ્રકારના ભયનો સામનો કરવાને' લાંબા સમય માટે ત્યારે આપણી વચ્ચેથી અદૃષ્ય થયા છે અને એ ભાઇને ભાવભરી વિદાય આપીને ભારે હૈયે શ્રીમતી કૃષ્ણા હઠીસીંગ પાછાં ફરેલ છે. આ ગમગીની માત્ર જવાહિરલાલનાં બહેનની નથી, પણ આખી પ્રજાની છે. તેમના વિના માત્ર આનંદભવન સુનું નથી, પણ આખો દેશ સુનો છે. આ પ્રસંગે પ્રસ્તુત લેખનું પુનઃ પ્રકાશન વિશેષ પ્રકારે સમયોચિત બને છે. પરમાનંદ.]

જવાહરને લઇને ચીન જવા ઉપડેલું વિમાન જેમ જેમ વધારે દૂર જતું ગયું તેમ તેમ એ વધારે ઝાંખું લાગવા માંડયું પછી હું વિમાનઘરમાંથી નીકળીને ભારે હૈયે મોટર સમીપ આવી પહોંચી વિમાનઘરથી ઘરે આવવાનો રસ્તો લાંબો હતો. આનંદવિહોણી થઇને હું મોટરના પાછળના ભાગમાં બેઠી હતી અને મારા વિચારો ભૂતકાળમાં ભ્રમણ કરવા લાગ્યા.

હું એકદમ નાની હતી અને સૌથી પહેલી જ વાર મારા ભાઇને મળી હતી એ દિવસોનું મને એકદમ સ્મરણ થઇ આવ્યું.

હું જન્મી ત્યારે તે ઇંગ્લાંડ હતા અને એકાદવાર રજામાં તે આવી ગયા હતા; પરંતુ તે વખતે હું એટલી બધી નાની હતી કે મને તેમનું કાંઇ જ સ્મરણ ન હતું. મને પોતાને મારા ભાઇનું જે સ્મરણ થાય છે તે તો ૧૯૬૨ નું કે જ્યારે તેઓ સ્વદેશ આવ્યા હતા. અમારા પરિચયના પ્રથમના થોડાક માસ કાંઇ સુખદ કહી શકાય એવા ન હતા. મારા ટટ્ટુ ઉપર હું સવારી કરૂં, તેને કુદકા મરાવું, કે બે પગે ચલાવું-આવું આવું બધું હું કરૂં એમ જવાહર ઇચ્છતા હતા. મારે માટે ઘણી ઘણી સુંદર ઢીંગલીઓ અને બીજી ચીજો તે લઇ આવ્યા હતા. છતાંય આ ભાઇ મને ગમતો ન હતો. તે પાછો ઇંગ્લાંડ જાય તો સારૂં ! એમ પણ હું ઘણી વાર ઇચ્છતી. વળી આનું એક બીજું પણ કારણ હતું.

એ દિવસોમાં મારી તો કોઇ દરકાર જ કરતું નહોતું. જે હોય તે ભાઈ ભાઈ કર્યા કરતું હતું એટલે પણ મને તેની અદેખાઇ આવી ગઇ હતી. એટલે હું અતડી ને અતડી રહેવા લાગી. પરિણામે ભાઇ મારાથી અજાણ્યા જ રહ્યા.

આમ એક પછી એક વર્ષો વીતી ગયાં. હું બાર કે તેર વર્ષની થઇ હઇશ. તે વેળા જવાહરે મને ગણીત શીખવવાને જણાવ્યું. એ વિચાર મને ઘણો ગમ્યો તો નહિં, પરંતુ મારાથી ના પાડી ન શકાઇ. અમારો પહેલો પાઠ ભારે સફળ થઈ ગયો. મને પોતાને પણ ઘણો આનંદ મળ્યો કારણ કે તે ઘણી જ સારી રીતે શીખવતા હતા.

એથી મને ભણવાનો શોખ લાગ્યો અને થોડાક દિવસ બધું ઠીક ઠીક ચાલ્યા કર્યું. પણ એક દીવસ એમાં વચકો પડી ગયો ! તે મારી સાથે ચીઢાઇ ગયા અને મારા ચોપડા પણ ફગાવી દીધા. હું સ્તબ્ધ થઇ ગઇ. બેજ સેકંડ પછી તેમણે મારી ક્ષમા માગી. પરંતુ જે થવાનું હતું તે થઇ ગયું. મારા લોહીનું પાણી થઇ ગયું હતું. તે દિવસથી અમારા પઠન-પાઠનનો અંત આવ્યો તે આજ દીન સુધી ફરી શરૂ કરવાને મને કોઇ સમજાવી શકયું નથી.

છેક ૧૯૨૧ માં હું મારા ભાઇને કાંઇક વધારે સારી રીતે પીછાની શકી. અસહકારની ચળવળને એ વધારે આભારી હતું.

તે વેળા બધીયે અંગ્રેજી શાળાઓનો બહિષ્કાર પોકારાયો હતો. એટલે મારે અંગ્રેજી શાળા છોડીને ઘરેજ અભ્યાસ કરવાનો હતો. આમ હું ઘરમાંજ રહેતી એટલે કુદરતી રીતેજ જવાહરને વધારે વાર જોતી અને મળતી અને તે રીતે મને તેમની વધારે સારી પીછાન થઇ.

અત્યાર સુધી સુવ્યવસ્થિત અને નિયમિત રીતે ચાલતું જીવન અચોક્કસ અને સતત પરિવર્તન પામતું બની ગયું હતું. મારા પિતા અને ભાઇ વારંવાર જેલમાં જતા હોવાથી ઘરમાં પણ નિયમિત જીવન અશક્ય બની ગયું હતું. નિયમિત અભ્યાસ પણ શક્ય નહોતો. જુદી જુદી જેલોમાં મારા બાપુને તેમજ જવાહરને મળવા માટે હું બાની સાથે જતી. એ મુલાકાતોની હું રાહ જોયા કરતી. પહેલાં પહેલાં તો તેઓને જેલમાં જોવાના વિચારથીજ કમકમાટી ઉપજતી હતી. પછી તો એથી ટેવાતી ગઇ. મારે માટે એ દિવસો સુવર્ણમય હતા. એ સમય દરમિયાન હું જવાહરને પ્રશંસતા શીખી; જવાહર પ્રત્યે મારામાં વીરની પૂજ્ય-ભાવના ઉત્પન્ન થઇ. મારા બાપુ માટે તો મારામાં એ ભાવના હતી જ. પરંતુ જવાહર માટે મને કદી એવો વિચાર આવ્યો જ નહોતો. ધીમે ધીમે જવાહર પ્રત્યેના માનમાં ઘણો જ વધારો થતો ગયો અને હું જવાહરની શોખીન બનવા લાગી.

પણ મારા ભાઇને મેં ખરેખરા પિછાન્યા તો ૧૯૨૬માં. મારા ભાભી અને ભત્રીજી સાથે તે જીનેવામાં એક નાના ફ્લેટમાં રહેતા હતા અને હું તેઓની સાથે રહેવાને ગઇ હતી. થોડી જ જગ્યામાં એકમેકના ગાઢ સંસર્ગમાં રહેવાને પરિણામે અમે મિત્રો અને સાથી બની ગયા. સાથી તરિકે જવાહર ઘણા જ આનંદી છે. હંમેશા ઉત્સાહ અને જોમથી ભરેલા. પરિચારક તરિકે જવા-હર ભારે સફળતા પામ્યા છે. તેમનામાં અખૂટ ધૈર્ય છે, અસા-ધારણ નમ્રતા છે, ખૂબ ખૂબ સમજશક્તિ છે. માંદા માણસની માવજતમાં આ બધા મહત્ત્વના ગુણોની અનિવાર્ય જરૂર છે. દિવસો સુધી જ નહિં-વર્ષો સુધી તેમણે આ રીતે મારાં ભાભીની અને માતાની સુશ્રુષા કરી છે અને એ દરમિયાન કદિ તેમણે મિજાજ ગુમાવ્યો નથી કે કદિ ધીરજ પણ ખોઇ નથી.

ઘર બહારનાં જીવનનો તેમને ભારે શોખ છે. દરેક પ્રકા-રની રમતગમતનો તેમને શોખ છે. શિયાળાની રમતો તો તેમને ખૂબ જ ગમે છે. સ્વીટ્ઝર્લેંડમાં કલાકો સુધી સ્કેટીંગ કે સ્કાઇ-ગમાં તેઓ સમય ગાળતા.

અને જવાહરમાં એક મોટો દોષ છે. પ્રત્યેક જણ પોતાનું કાર્ય સારી રીતે અને કુશળતાપૂર્વક કરે એમ એ ઇચ્છે છે. પછી એ કાર્ય રમતગમત હોય કે બીજું કાંઇ હોય અને કોઇ વાત શીખવામાં જો વાર લાગે તો તે ચીડાઇ જાય છે. મારા ભાઇની નજરે અકુશળતા એ અક્ષમ્ય અપરાધ છે. તે સખત રીતે કામ લે છે અને તેમાં જરાય છુટછાટ નીભાવી લેતા નથી.

અમે સ્વીટ્ઝર્લેંડ હતા તે દરમિયાન મને એક વાર એમનો કડવો અનુભવ થઇ ગયો હતો. મને સ્કાઇંગ શીખ-વવાની તેમની ઇચ્છા હતી. પરંતુ એ શિક્ષણનો પ્રથમ પાઠ શરૂ કરવાને માટે અમે જે દિવસ શરૂ કર્યો તે બહુ સારો ન હતો. છેલ્લા બેએક દિવસથી બરફ બરાબર પડયું ન હતું અને જે બરફ જમીન પર પડયું હતું તે પણ સખત થઇ ગયું હતું; એટલે તેના પરથી લપસી પડાતું હતું. દરેકવાર હું ઉભી થાઉં અને પડી જાઉં-સરકી જાઉં. એમાં થોડો મારો દોષ પણ હતો અને થોડો સરકણી સપાટીનો પણ હતો. બે દિવસ પછી પણ મેં ભાગ્યેજ કાંઇ પ્રગતિ કરી હતી. મારા પગ ઘણુંજ અસ્થિર રહ્યા હતાં. થોડાક ડગલાં ચાલતાંજ હું સરી પડતી.

આથી જવાહર છેડાઇ પડયા. તેમણે બધીય ધીરજ ગુમાવી દીધી "જા ! સો વર્ષે પણ તું શીખવાની નથી !" મને પણ એથી ઘણું લાગી આવ્યું. એક સ્વીસ મિત્રને મેં શિખવવા જણાવ્યું અને તેણે એમ કર્યું. હું ઠીક ઠીક પ્રમાણમાં શીખી પણ ગઇ. ત્રણજ દીવસ પછી, હું સારી રીતે સ્કાંઇગ કરતી હતી. અને તે પણ મારા ભાઇની રોષભરી આગાહી છતાં !

અજાણ્યે પણ કોઇને દુઃખ દેવાઇ જાય તેથી તેમના કરતાં બીજા કોઇને વધારે પશ્ચાત્તાપ થતો નથી. કોઇને પણ દુઃખ ઉપજાવવું એ તેમના સ્વભાવમાં જ નથી. અને છતાં, તેમણે ઘણોજ સંયમ રાખવા છતાં જવાહરનો મિજાજ એ તેમની મોટામાં મોટી નબળાઇ છે.

તેમને સૌથી ઉત્તમ અને સુખદ પરિસ્થિતિમાં જોવા હોય તો તેમને નાનાં બાળકો સાથે જોવા. નાનાં બાળકો તેમને ઘણાંજ પ્યારાં છે અને બાળકોને પણ જવાહર ઘણુંજ ગમે છે. ગમે તેવા કામમાં રોકાયેલા હોય તો પણ, ઘરમાં જો બાળકો હોય તો તેની સાથે રમવાનો સમય જવાહર અવશ્ય કાઢે છે.

જવાહરલાલ ગમે ત્યાં હોય જેલમાં હોય કે જેલ બહાર હોય, હિંદમાં હોય કે હિંદ બહાર હોય, કુટુંબની કે મિત્રોની જયતીઓ કે સંવત્સરીઓને તે કદિ ભુલતાં નથી. કોઇએ પણ ધાર્યું ન હોય એવે સમયે મુબ્બાં તેમનો તાર, પત્ર કે ભેટ આવીજ પડયાં હોય.

મોટાભાઇ તરીકે તેમણે કદી મારા પર કે મારાં બ્હેન પર શાસન કર્યું નથી અમને બન્નેને જવાહર 'મોટા ભાઇ' કરતાં વ્હાલા મિત્ર અને સાથી જ વધારે લાગ્યા છે. તેમના વ્હાલ અને વાત્સલ્યે અમને જવાહર ઘણુંજ પ્યારા બન્યા છે અને એટલા જ અમૂલ્ય પણ બન્યા છે. જરૂર પડે ત્યારે અમને સહાય કરવા કે માર્ગ દર્શાવવા જવાહર હમેશાં તત્પર હોય છે એ અમે જાણીએ છીએ.

અમારા પર કે કુટુંબના બીજા કોઇ ઉપર પણ તેમના વિચારો કે સલાહ જબરીથી લાદવાનો તેમનો સ્વભાવ નથી. પણ સહાય માગી હોય તો તે આપવાને તે સદાય તત્પર રહે છે. ગમે તે વાતમાં તેમનો વિશ્વાસ વિના ભયે રાખી શકાશે. પોતે માનવતા સમજે છે એટલે કોઇને પણ સમજવાની કે ક્ષમા આપવાની તે કદિ પણ ના પાડશે નહિ.

તે ચીન જઇ રહ્યા હતા. પ્રત્યેક પળે તેમનું વિમાન તેમને દૂર ને દૂર લઇ જતું હતું. તે સલામત પાછા આવશે કે કેમ ? વગર બંદુકે તે પાછા આવશેને ? સાહસ અને ભય જ્યાં હોય ત્યાં હમેશા એ શા માટે ઝંપલાવતાં હશે ? મને આશ્ચર્ય થતું. પણ એનો જવાબ સ્પષ્ટ જ હતો જો તે એમ ન કરે તો તે અમારો ભાઇ જવાહર જ નહિ.

આખરે એ લાંબા રસ્તાનો પણ અંત આવ્યો. અમે આનંદ-ભુવન આવી પહોંચ્યા. તે નિર્જન બની ગયું હતું. અમારું એ જુનું અને વ્હાલું ઘર હતું. પરંતુ જવાહર વિના તે દીવસે આનંદ ભુવન સુનું હતું.

× × × ×

પ્રવાસ ટુંકાવીને તે પાછા આપણી વચ્ચે આવી પહોંચ્યા છે. ચીન જવાનું તેમનું સ્વપ્ન હતું કારણ કે પ્રાચીન ભૂમિના દર્શન કરવાનો તેમને શોખ હતો. એ શોખને કેટલેક અંશે તેઓ પુરો કરી શકયા છે. એ પણ ઠીકજ થયું. નવી આશા, નવો ઉત્સાહ, અને નિશ્ચય લઇને તે પાછા ફર્યા છે અને આપણી વચ્ચે તે સલામત પાછા આવ્યા છે એ ભારે રાહતની વાત છે. કોણ જાણે કેટલા સમય માટે એ હશે ! એ શાન્ત રહે એવો જીવડો નથી ! અધાય પ્રકારના ભયનો સામનો કરવા માટે આપણી પાસેથી કોણ જાણે એ કયારે ઉપડી જશે. કોને ખબર ! **'જન્મભુમિ'ના સૌજન્યથી**

સમય ધર્મ

(પૃષ્ઠ ૧૪૧ થી ચાલુ)

માર્ગદર્શક બની શકે છે. એવી વ્યક્તિ પછી ગમે તે ધર્મની કે કોમની હોય છતાં બધાને માર્ગ બતાવવા તત્પર હોય છે. પણ આપણે ધર્મની બાબતમાં કોઇ પણ વ્યક્તિના પુસ્તક પર જ્યાં સુધી આપણા ધર્મની મહોર ન હોય ત્યાં સુધી તે ન ખરીદવાનો આગ્રહ રાખીએ છીએ. સત્યને બદલે મત-પંથને જ સર્વ કંઇ માની બેસીએ છીએ. સારા માલને બદલે પ્રતિષ્ઠાપાત્ર દુકાનનો જ આગ્રહ રાખીએ છીએ. કોઇ દુકાને સારો માલ ન હોય તો આપણે જ્યાંથી સારો માલ મળે ત્યાંથી જ ખરીદીએ છીએ. પણ ગમે તેવો માલ લઇ લેતા નથી. પણ ધર્મના બાબતમાં તો આપણે આપણા ધર્મની મહોરનો સંપૂર્ણ આગ્રહ રાખીએ છીએ. કોઇ પરધર્મના સત્પુરૂષ પાસે સત્ય સમજવાથી કંઇ આપણો ધર્મ જતો નથી રહેતો. ઉલટું સ્વધર્મને આપણે વિશેષ સમજતા બનીએ છીએ. જો સ્વધર્મનો જ સત્યને બદલે આગ્રહ રાખવામાં આવ્યો હોત તો બ્રાહ્મણ કુળમાં જન્મેલા જૈન ગણધરો બની જ ન શકત. એ મહાન આત્માઓ તો સત્યના પુજારી હતા, મત-પંથના વાડાના નહિ. જ્યારે એક બાળક અણસમજુ હોય છે ત્યારે તેના માબાપ સૂચના કરે છે કે અમુક દુકાનેથી જ માલ લાવજે; કારણ કે દુકાનદાર એમનો પરિચિત છે એટલે બાળકને સારો માલ મળશે. પણ જ્યારે બાળક ઉમ્મરલાયક બને છે ત્યારે તેને માત્ર માલ લાવવાની જ સૂચના કરે છે, દુકાનની નહિ.

દરેક વ્યક્તિના માનસનું બંધારણ જુદી જાતનું હોય છે. કોઇને કંઇ ગમે છે તો કોઇને કંઇ. જેને જે વસ્તુમાં રસ હોય તે દ્વારા જ એનો વિકાસ સાધી શકાય છે. કોઇને ભજન કરવામાં આનંદ આવતો હોય તો કોઇને જ્ઞાનચર્ચામાં, તો કોઇને એકાંતમાં મૌનપણે આત્મમંથન કરવામાં આનંદ જણાતો હોય. સૌ પોતાના ધર્મિષ્ઠ માર્ગે ચાલી પોતાનું કલ્યાણ કરી શકે છે. તેને માટે એવો આગ્રહ ન હોવો જોઇએ કે અમુક ક્રિયાઓ જ કરવી જોઇએ. એવો આગ્રહ માત્ર મત-પંથના મમત્વ સિવાય કંઇ નથી. અમારા બાપ-દાદાઓ ગાડામાં મુસાફરી કરતાં માટે અમારે પણ ટ્રેન, મોટર કે એરોપ્લેનની સગવડ હોવા છતાં ગાડામાં જવું એવો આગ્રહ રાખનારા આપણને મૂર્ખ જણાય છે. તેમ અમુક જાતના જ ક્રિયાકાંડો કરવા, અમુક વ્યક્તિઓને જ ગુરૂ માનવી એ પણ નરી જડતા છે; એમાં વિવેક નથી. સમયાનુસાર એ રીવાજોમાં પણ ઉદારતા દાખલ કરી એમાં નવીન તત્વ ઉમેરી સદા એકધારૂં આકર્ષણ કાયમ રાખવું એ રીવાજોના ચાલકોનું કામ છે. પોતાને ત્યાં સર્વોત્તમ વસ્તુઓ મળતી હોય ત્યારે કોઇ બહાર લેવા નથી જતા. શાથી આજનો બુદ્ધિમાન વર્ગ ધાર્મિક બાબતોમાં રસ નથી લેતો ? બુધ્ધિની કસોટીએ ચડાવ્યા સિવાય કોઇ પણ વસ્તુને બુદ્ધિમાન વર્ગ સ્વીકારતો નથી. પરાણે લાદેલું સત્ય સ્વીકારવા એ તૈયાર નથી. મિથ્યાત્વનો બાઉ સાચા સત્યશોધકને રોકતો નથી. એ પોતાને જોઇતી વસ્તુ જ્યાંથી મળે ત્યાંથી મેળવી લે છે. એમને જોઇતી વસ્તુ ઘરઆંગણે મળતી હોય તો શા માટે એ બહાર લેવા જાય ?

જે સમયે જે કાર્ય ઉચિત હોય તે જ સૌ કરે છે. વિવાહપ્રસંગે તેને લગતી ક્રિયાઓ થાય છે અને મરણ પ્રસંગે તેને યોગ્ય. એક વખત જ્યારે આ દેશ ધનધાન્યથી સમૃધ્ધ હતો, સૌ કોઇ ખાધે પીધે સુખી હતા, જૈનોની સંખ્યા વિશાળ હતી ત્યારે તે સમયે ધર્મ ભાવનાવાળા શ્રીમંતો તે સમયના કળાના વિકાસના નમુનારૂપ મંદિરો બંધાવી પોતાના ધર્મપ્રેમનું સ્મારક રચતા. પણ આજે જ્યારે જ્યાંથી ભવિષ્યની જૈન પ્રજા તૈયાર થવાની છે એ શાળાઓ અને સંસ્થાઓના ચાલકો પૈસા માટે દોડાદોડ કરતા હોય, અનેક યુવાનો જ્યારે પૈસાને અભાવે કેળવણી લેતાં અટકી પડતા હોય, જ્યારે આવતી કાલે શું ખાશું તેની ફિકરમાં અનેક શોષાતા હતા, જ્યારે દિન પ્રતિદિન જૈનોની વસ્તીમાં ઘટાડો થતો હોય ત્યારે નવાં નવાં મંદિરો અને તીર્થસ્થાનો બંધાવવા એ વિચારવિહીનતા જ કહેવાય. ઘરમાં રહેનારા તો થોડા હોય તેને માટે કોઇ વિશાળ ગૃહો બંધાવે એ કેટલું હાસ્યજનક લાગે. સૌ કોઇ એમજ કહે કે આ બધું કોને માટે કરે છે ? આજે જ્યારે અનેક સ્થળે અનેક મંદિરો માત્ર જૈનોની વસ્તીને અભાવે પગારદાર માણસોદ્વારાજ નિભાવાય છે, ત્યાં નવાં મંદિરોની જરૂર કોઇને જણાય ખરી ? નવાં મંદિરો બાંધતાં પહેલાં તો આપણે ભગવાન મહાવીરનો સંદેશો જગતને ખુણે ખુણે પહોંચાડી નવા જૈનો બનાવવા જોઇએ. અને પછી જ એ વધતી જતી સંખ્યા માટે નવીન મંદિરો બાંધવા જરૂર વ્યાજબી ગણાય. અત્યારે કેળવણીની સંસ્થાના સંચાલકો કોઇ શ્રીમંતની પાસેથી પૈસા લેવા એને પોતાની સંસ્થા જોવા લઇ આવે છે. એ શ્રીમંતને રીઝવવા વિદ્યાર્થીઓ પાસેથી પ્રયોગો કરાવે છે. વિદ્યાર્થીઓ સમજે છે કે અમુક શેઠને માટે આ મેળાવડો ગોઠવવામાં આવ્યો છે. એમના પ્રયોગોથી ખુશ થઇ શેઠશ્રી પ્રમુખપદેથી સંસ્થાને થોડી ઘણી મદદ કરે છે. આ કેટલું દુઃખદ છે ? પૈસાને ખાતર કેટલી ખુશામત ? અને તે પણ શિક્ષણને માટે ? વિદ્યાર્થીઓના કુમળા માનસપર પૈસાની ભારે અનિષ્ટ અસર સદાને માટે રહી જાય છે. કશી પણ લાલચથી ન આકર્ષાતા, પોતાના વ્યક્તિત્વને અડગ રાખનાર આદર્શજનો બનવાને બદલે એ દીન માનસના બની જાય છે. શ્રીમંતાઇ અને સત્તા આગળ એમના શીર ઝુકી પડે છે. એટલે ધીર-વીર અને ગંભીર યુવાનો બનવાને બદલે શ્રીમંતાઇ અને સત્તાથી અંજાઇ જતા નિર્માલ્ય છોકરા બની જાય છે. જૈન-પ્રજાના માનસમાંથી વીરત્વ કેમ નામુદ થતું જાય છે ? એનો આપણે કદી વિચાર કરતા નથી. બધી વાત નાખતીથી કરી નાખનારૂં માનસ આપણામાં કયાંથી આવે છે એ વિષે આપણે કદી ખ્યાલ પણ કરતા નથી. વિજયી યોદ્ધા જેવો અણનમ આજનો જૈન કેમ જણાતો નથી ? મંદિરો બાંધવાથી કે સંઘો કાઢવાથી ધર્મના સિધ્ધાંતોનો પ્રચાર કે પ્રભાવ વધતો નથી. આપણો ધર્મ સર્વશ્રેષ્ઠ અને સંપૂર્ણ હોવાનો આજે આપણે દાવો કરીએ છીએ. પણ એ શ્રેષ્ઠત્વ આપણે બીજાઓને જણાવવા કદી પ્રયત્ન કર્યો છે ? આજે જૈન ધર્મને જગતનો સર્વ સાધારણ વર્ગ કેટલો ઓળખે છે ? એક ઝવેરી પાસે ગમે તેવું અમૂલ્ય રત્ન હોય પણ જ્યાં સુધી એ બજારમાં એ રત્ન બતાવે નહિ ત્યાં સુધી બીજા એની કિમ્મત કેવી રીતે જાણે ? આપણો ધર્મ ગમે તેટલો ઉન્નત હોવા છતાં જ્યાં સુધી આપણે બીજાઓને એની મહત્તા સમજાવી ન શકીએ ત્યાં સુધી એ ધર્મ ફકત આપણા પુરતોજ શ્રેષ્ઠ રહે છે. ભગવાન મહાવીરનો સંદેશ જગતને ખુણે ખુણે પહોંચાડવાને બદલે આજે આપણે મંદિરો, સંઘો અને તપોની ઉજવણીના ચક્કરમાં ફરી આત્માનો અને ધર્મનો મહાન ઉત્કર્ષ સાધીએ છીએ એમ માની બેઠા છીએ. વ્યક્તિગત કીર્તિ માટે ફાંફાં મારતા ફરીએ છીએ ત્યાં ધર્મ કોને યાદ આવે ? ભગવાન મહાવીરને કે એમના અપૂર્વ સિદ્ધાંતોને જગત ઓળખે કે ન ઓળખે એની સાથે આપણે કશી લેવા દેવા ન હોય તેમ આપણે એમના તરફ બેદરકાર છીએ. સ્થળે સ્થળે ભગવાન મહાવીરનાં સ્મારકો રચવાને બદલે પોતાનાં સ્મારકો સરજીએ છીએ. જે સમાજ સમયધર્મને ઓળખવાને કે અનુસરવાને બદલે માત્ર ભૂતકાળની ભવ્યતા પર રાચ્યા કરે તે કદી કોઇ પણ જાતની પ્રગતિ સાધી શકતો નથી.

સરલા સુમતિચંદ્ર શાહ

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું આગામી અધિવેશન.

કેટલાક પ્રાસ્તાવિક વિચારો.

(માલેગાંવવાસી શ્રી. બાલચંદ હીરાચંદે ઉપરના વિષય ઉપર એક લેખ 'પ્રબુદ્ધ જૈન'માં પ્રગટ કરવા માટે મોકલેલો. આખો લેખ બહુ લાંબો હતો અને પ્રસ્તુત કોન્ફરન્સના પૂર્વ ઇતિહાસની કેટલીક વિગતો તેમાં ચર્ચવામાં આવી હતી. 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકો પર્વાપર સંબંધની જાણ સિવાય એ વિગતો યથસાવકાશે ગ્રહણ કરી શકે નહિ એમ સમજીને એ ભાગ છોડી દેવામાં આવ્યો છે અને બાકીનો ભાગ કોન્ફરન્સ જેવી કોઇ પણ પ્રવૃત્તિના કાર્યકર્તાઓ માટે તેમજ સામાન્ય વાચકો માટે ઉપયોગી હોઇને નીચે પ્રગટ કરવામાં આવે છે.—તં.મી.)

શ્રીમંતો વગર પૈસાનો પ્રશ્ન કેમ ઉકેલાય?

જુન્નર કોન્ફરન્સ ભરવાને વખતે અમુક અસંતુષ્ટ લોકોએ શ્રીમાનો આગળ જઇ કહ્યું કે 'તમારું માન ઘવાયું છે. તમને પૂછ્યા વિના કોન્ફરન્સને આમંત્રણ આપ્યું છે ત્યારે તમો તેમાં સામેલ થશો નહિં.' બીજા પણ વિચિત્ર પ્રયોગો કરી શ્રીમાનોની તિજોરીનાં મોંતાળાં તેઓએ બંધ કરાવ્યા. પરંતુ એક માણસ પાસેથી હજાર રૂપીયા મેળવવા કરતાં હજાર માણસો પાસેથી તેટલા જ રૂપીયા મેળવવા એથી કાર્ય વધુ બળવાન થાય છે એ અનુભવ જાણતા હોવાથી કાર્યકરોએ મધ્યમ વર્ગ ઉપરજ આધાર રાખ્યો હતો. અને તેથીજ કાર્ય કેટલું સારૂં કરતાં આવડ્યું તે નજર સામે છે. એ વિચાર આપણા કાર્યકર્તાઓએ ધ્યાનમાં રાખવાનો છે. કાર્યકર્તાઓ માને છે કે પૈસા મળશે તો ગમે તેમ આપણે ચલાવશું પણ એ અનુભવ કાર્યસાધક થતો નથી. બહુજનસમાજનો સહકાર એ મુખ્ય વસ્તુ હોવી જોઇએ અને કાર્ય સિદ્ધ થયા પછીજ શ્રીમાનોનો સહકાર મેળવવામાં આવે તો તે ઉપયોગી થઇ પડે છે. શ્રીમાનોને મુખ્યત્વે કરી ફુરસદ હોતી નથી. તેમના જ શબ્દોમાં કહીએ તો તેમને 'મરવાની પણ ફુરસદ નથી.' તેઓનું પોતાનું બધું કાર્ય નિર્વિઘ્ને ચાલે છે. તેમના હાથે દોષ થાય તો પણ કોઇ તેમને પૂછનાર નથી. સામાન્ય જનતા માટે તેમને પ્રેમ અને સહાનુભૂતિ હોય એ વાત અશક્ય છે. કોઇ તેમાં અપવાદ હોય તો તેમાં આશ્ચર્ય નથી. એવા અપવાદો જરૂર છે. પણ તેમની પરિસ્થિતિ લોકસેવા કરવા જેવી હોય તો જ એ બની શકે. આવા સંયોગો મળી જવા એ સમાજનું ભાગ્ય હોય. માટે જ બધો આધાર શ્રીમંતો ઉપર રાખી રાહ જોતાં બેસી રહેવું પાલવે તેમ નથી. બની શકે તો અમુક શ્રીમાનો કોન્ફરન્સ તરફ સુગ ધરાવતા હોય અને અમારા વિના ચાલવાનું જ નથી એમ માની બેઠેલા હોય તો તેમને દૂરથી જ નમન કરી કાર્ય ચાલુ રાખવાની જરૂર છે. અમુક શેઠ ન આવ્યા તો કેમ થશે એવી ઝંખના ખોટી છે. આપણુને બધાનો સહકાર જોઇએ છે. પણ એ મળે ત્યાં સુધી થોભી જવાનો ઉદ્દેશ શો? રાજકીય બાબતોમાં ઘણા તડા પડેલા જણાય છે. ત્યાં બહુમતીની શક્તિ ઉપર ભાર મૂકી મક્કમ રીતે આપણે આગળ વધીએ છીએ. તેમજ સામાજિક બાબતોમાં આગળ વધવાની જરૂર છે. કોન્ફરન્સમાં લોકો આવશે પણ અમુક દેદિપ્યમાન અને શોભીતો વર્ગ નહિં આવે તો કોન્ફરન્સ સાવ લુખી જણાશે એ માન્યતા હવે છોડવી જ પડશે. સામાન્ય જનતા ઉપર જ આધાર રાખી કાર્ય થયાથી જ જનતાનો સહકાર મક્કમ થશે. વિઘ્નોને માટે આપણે તો તૈયાર જ રહેવું જોઇએ. મતલબ હવે ક્રાન્તિનો વખત નજીક આવતો જાય છે. જુની રીતો અને જુની કલ્પનાઓ જીર્ણ થઇ ગઇ છે, તે છોડયે જ છુટકો છે.

નિરાડંબરી કોન્ફરન્સની આવશ્યકતા.

કોન્ફરન્સ ભભકાબાજ થવી જોઇએ–દેખાવો ભવ્ય થવા જ જોઇએ–એ બાબત ઉપર આપણે ફરી વિચાર કરવો જોઇએ. લગ્ન વગેરે પ્રસંગો સાદાઇથી થાય તે આપણે ઇચ્છીએ છીએ તેમ ધર્મ ઉત્સવો અને ધર્મ પ્રદર્શનો પાછળ દર વરસે આપણે શક્તિ બહાર જઇને ખર્ચ કરીએ છીએ અને મુખ્ય વસ્તુ કરતાં ઔપચારિક અને અનાવશ્યક વસ્તુ તરફ વધુ લક્ષ આપી આપણે દર વરસે લાખોનું પાણી કરીએ છીએ અને તેમાં ધાર્મિક ભાવના હોવાથી આપણાથી બોલી શકાય જ નહિં એમ મોઢે હુચા દેવાય છે અને અમુક બડેખાંની ધુન માટે અનિચ્છનીય ખર્ચ કરીએ છીએ. આ વસ્તુઓનો ખરા અંતઃકરણથી નિષેધ થવો જોઇએ. ત્યારે કોન્ફરન્સનું અધિવેશન પણ નિરાડંબરી થાય એ ઇચ્છવા જોગ છે. તે માટે કાર્યકર્તાઓને વિચાર કરવાની આવશ્યકતા છે. જેમ બને તેમ સાદાઇ અને નિરાડંબરપણું જ ઉચિત છે. આમ કરવાથી ભારે બંપકો જોવા માટે આવનારાઓની સંખ્યા ઘટશે પણ તેમાં ખોટું શું છે? કાર્યકરો થોડા હશે અને ખરા દિલથી પ્રચાર કાર્ય કરવા ધારશે તો આખા દેશમાં કાર્યપ્રવાહ ચાલુ રાખી શકાશે. દરેક પ્રાંતમાં થોડાક કાર્યકર્તાઓનો ઉત્સાહ વધે એવી સગવડ કરી આપવાથી એકધારૂં કાર્ય ચાલુ થઇ શકશે. વળી એક ભાગના કાર્યકર્તાઓ અન્ય ભાગમાં ઉપયોગી થઇ પડશે. અને તેથી અખંડ કાર્ય ચાલુ રહી શકશે.

પ્રમુખની ચુંટણીનું ધોરણ.

પ્રમુખની ચુંટણીમાં મુખ્યત્વે કરી કાર્યકરની વરણી થવી જોઇએ. શ્રીમંત કાર્યકર મળે તો સોનામાં સુગંધ સાંપડે પણ તેમ ન હોય તો એકાદ સેવાભાવી કોમસેવકને ચુંટવો એ વધારે આવકારદાયક નીવડશે. શ્રીમંતો માટે અમોને જરાએ વિરોધ નથી. પણ મુખ્ય વસ્તુ ધ્યાનમાં લેવાની છે તે એ છે કે કોન્ફરન્સનું કાર્ય સતત, અબાધિત અને વેગપૂર્વક ચાલુ રહેવું જોઇએ. બીજું અધિવેશન ભરાતાં પહેલાં આખા દેશભરમાં પ્રમુખ ફરે અને દરેક કેન્દ્રમાં કામ શરૂ કરી દે અને તેની પ્રગતિ ઉપર દેખરેખ રાખે એ ઇચ્છાજોગ છે. એક વખત ખુરશી શોભાવીને પછી કોન્ફરન્સ માટે જરાએ દરકાર રાખવી નહીં એ પદ્ધતિ તદ્દન ઘાતક નીવડી છે. પ્રમુખના કાર્યને મદદ કરવા માટે અનુકુળ વાતાવરણ પેદા કરી શકાય અને દેશના દરેક વિભાગમાં જાગૃતિ અને સહાનુભૂતિ ઉત્પન્ન થાય એવા આંદોલનો કરવા જોઇએ. હાલમાં કર્તવ્યનું સૂચન નહિં હોવાને લીધે કોન્ફરન્સના આમંત્રણો વગેરે બીજી કંકોત્રીઓની પેઠે અભરાઇએ ચઢી જાય છે. એ આપત્તિ ટાળવી હોય અને પ્રાંતિક મંત્રીઓને કાર્યદક્ષ કરવા હોય તો મક્કમ વિચારના અને સેવાભાવી કાર્યકર પ્રમુખની ચુંટણી એ મુખ્ય વસ્તુ સમજવી જોઇએ. હાલમાં કોઇ પણ પ્રમુખ થવાને અચકાય છે એનું મુખ્ય કારણ કાર્યની દિશાનું સૂચન નથી. કોન્ફરન્સ માટે કોઇને પ્રેમ નથી એ મુખ્ય વસ્તુ નથી; પણ આપણે અપ્રિય થઇ પડીશું એ ખોટી ભીતિને વશ થવાને લીધે બધાઓ અચકાય છે. એક વખત બધા ચક્રો સુંદર રીતે ચલાયમાન થશે તો મારી ખાત્રી છે કે પ્રમુખ માટેના ઉમેદવારોમાંથી ચુંટણી કરવી પડશે. એ ભાગ્યનો દિવસ જલ્દિ આવે એજ આપણ સર્વની અન્તરની ઇચ્છા હોવી જોઇએ.

માલેગાંવ. **બાલચંદ હીરાચંદ.**

કેટલાક સમાચાર અને નોંધ.

(પૃષ્ટ ૧૪૪ થી ચાલુ)

નાણાવટી ફેમીલી ચેરીટી ફંડ.

સદ્‌ગત ચંદુભાઇ પોતાના અવસાન પહેલાં કેળવણી, ઉદ્યોગ, બેકારી નિવારણ વગેરે સમાજસેવા અને પરોપકારના કાર્યોમાં વાપરવા માટે બે લાખ રૂપીઆ જુદા કાઢી ગયા છે. આ આખી રકમ અનામત રાખી તેનું વ્યાજ ઉપર જણાવેલા કોઇ પણ સત્કાર્યમાં વાપરવું એવી યોજના છે. આ ફંડની વ્યવસ્થા નાણાવટી કુટુંબના પ્રતિનિધિઓ કરશે અને વિશેષમાં આ ફંડ સંબંધે એવી સંભાવના કરવામાં આવી છે કે નાણાવટી કુટુંબમાંથી પણ કોઇ પણ વ્યક્તિને સારી ચેરીટી કરવાનું મન થાય તો તેણે આ ફંડમાં જ વધારો કરવો અને એ રીતે આ ફંડ પુષ્ટ થતુ રહે અને તેનો વિશેષ અને વિશેષ લાભ સમાજને મળતો રહે. આ ફંડની આવકનો ઉપયોગ કોઇ પણ નાતજાતનો ભેદ રાખ્યા સિવાય કરવાનો છે. પહેલાં પગલાં તરીકે સ્વ. ચંદુભાઇની સંમતિથી આ ફંડમાંથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂ. ૧૦૦૦૦ ની રકમ અમુક શરતોએ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. આવી અસાધારણ ઉદાર સખાવત માટે સદ્‌ગત ચંદુભાઇની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તેમણે જીવી પણ જાણ્યું; મરી પણ જાણ્યું. આજના શ્રીમન્તો આ દૃષ્ટાન્તનું જરૂર અનુકરણ કરે અને પોતાની શ્રીમન્તાઇને સાર્થક બનાવે.



સ્વ. ચંદુલાલ નાણાવટી

અઠ્ઠાઇનું ઉદ્યાપન.

પર્યુષણ પર્વની આરાધનામાં તપને મુખ્ય સ્થાન છે. પર્યુષણ આવે ત્યારે જૈન સ્ત્રીઓ તેમજ પુરૂષો સાધારણ રીતે કાંઇ ને કાંઇ તપ કરવાને પ્રેરાય છે કોઇ એકાસણાં કરે તો કોઇ ઉપવાસ કરે. કોઇ છઠ્ઠ એટલે એક સાથે બે ઉપવાસ કરે તો કોઇ અઠ્ઠમ એટલે એક સાથે ત્રણ ઉપવાસ કરે. આ રીતે કેટલાક પર્યુષણના આઠે દિવસના એક સાથે આઠ ઉપવાસ એટલે કે અઠ્ઠાઇ કરે છે તો કોઇ તપસ્વી ભાઇ કે બહેન પર્યુષણના છેલ્લા દિવસે પુરા થાય એ રીતે સળંગ એક માસ, દોઢ માસ કે બે માસના ઉપવાસ કરે છે. અઠ્ઠાઇ અથવા તો એથી વધારે ઉપવાસની પ્રતિજ્ઞા-પચ્ચખ્ખાણ-સફળતાપૂર્વક સમાપ્ત થયે વ્રત પૂર્ણાહુતિને યથાશકિત ઉજવવાની પ્રથા આપણામાં કેટલાય કાળથી ચાલુ છે. આ પ્રથા મુજબ જેને ત્યાં આવી તપપૂર્ણાહુતિ થઇ હોય તેના તરફથી પોતપોતાની શકિત મુજબ વરઘોડો કાઢવામાં આવે છે, પૂજા ભણાવવામાં આવે છે તેમજ સ્વામિવાત્સલ્ય કરવામાં આવે છે. આ ઉદ્યાપન પાછળ એક જ દિવસમાં હજાર બે હજાર કે તેથી વધારે રકમનો પણ ખર્ચ કરવામાં આવે છે. સમાજ સુખી અને સમૃધ્ધ હોય ત્યારે આવી ઉદ્યાપનપ્રથા અનુચિત કે વાંધા પડતી નથી લાગતી. પણ સમાજની બદલાયલી પરિસ્થિતિમાં તેમજ તે અનુસાર દાનના બદલાવા જોઇતા પ્રવાહોની દૃષ્ટિએ આવો એક જ દિવસમાં હજાર બે હજાર જેટલી રકમનો ધુમાડો અર્થ વિનાનો-અનુચિત-લાગે છે. આમ છતાં પ્રચલિત રૂઢિ સામે થઇને નવા રસ્તે ચાલવાની હિંમત આપણા કેળવાયલા ગણાતા બંધુઓ દાખવતા નથી એ આપણને શરમાવનારૂં છે. આવો જ એક બનાવ તાજેતરમાં એક સ્નેહીને ત્યાં બનેલો અને તેમણે પોતાની પત્નીએ કરેલ અઠ્ઠાઇનું જુની રીતિ પ્રમાણે ઉદ્યાપન કરેલું, જે જોઇ તેમજ જાણીને મને આશ્ચર્ય તેમજ ગ્લાનિ થયેલાં. આની સામે સાધારણ રીતે પછાત ગણાતી કચ્છી કોમના એક બંધુ શ્રી. ખીમજી ઘેલાભાઇ ખોનાના પત્નીએ અઠ્ઠાઇ કરેલી. તેના ઉદ્યાપન નિમિત્તે વરઘોડા, પૂજા અને જમણવાર પાછળ પૈસો ખરચીને વાહવાહ કહેરાવવાના મોહને વશ ન થતાં તે ભાઇએ પ્રસ્તુત પ્રસંગના નિમિત્તે પાઠશાળા અને સાધન વિનાના વિદ્યાર્થીઓને પુસ્તકો અને અભ્યાસનાં સાધનો પુરાં પાડવા માટે રૂા. ૧૦૦૭ ની રકમ ભેટ આપીને એક નવો જ અને સૌ કોઇને અનુકરણ યોગ્ય દાખલો બેસાડયો. આ માટે શ્રી. ખીમજી ઘેલાભાઇ ખોનાને જૈન સમાજની પ્રશંસા અને અભિનન્દન ઘટે છે. શ્રધ્ધાપૂર્વક જેનાથી જેટલો થઇ શકે તેટલો તપ ભલે કરે; કોઇ પણ મહાન વ્રત સફળતાપૂર્વક પાર પડયા બદલ તેનું વ્રતધારી ભલે ઉદ્યાપન કરે. પણ તે ઉદ્યાપનની પ્રથા તો જરૂર બદલાવી જ જોઇએ. તે ઉદ્યાપન ક્ષણિક આનંદ, મજા અને વાહવાહ બોલાવનારૂં ન બનતાં સમાજનું કાંઇક સ્થાયી કલ્યાણ કરનારૂં બનવું જોઇએ એટલો જ આપણો આગ્રહ છે.

પરમાનંદ

સન્ત ફ્રાન્સિસ.

(પૃષ્ટ ૧૪૧ થી ચાલુ)

મજુરી ન મળે તો ભિક્ષાથી જીવનનિર્વાહ કરવો. પોપના સંરક્ષણ નીચે જડ થઇ પડયા રહેવું નહિ અને જ્યાં પોતાના ઉપદેશની આવશ્યકતા ન જણાય ત્યાં ઉભા રહેવું નહિ.

પોતાની છેવટની પળો આવી પહોંચી એટલે ફ્રાન્સિસે પોતાનું રચેલું 'સવિતા સ્તોત્ર' ગવરાવ્યું અને પછી બીજું ભજન 'બંધનમાંથી આ આત્માને મુકત કર અને ઓ પ્રભુ! આ આત્માને તારી સાથે જોડી દે' એ ગવરાવ્યું. પરમ પદની પ્રાપ્તિ અર્થે મૃત્યુ એ જીવનની આવશ્યક અંતિમ સ્થિતિ છે એમ સમજી તેને વધાવી લેતાં સૌને આશિષ અને આશ્વાસન આપતાં તેણે પ્રાણ છોડયા.

ફ્રાન્સિસના અવસાન પછી બે વર્ષે પોપે તેને સંતની પદવી આપી અને તેના સ્મારક તરીકે મોટું દેવળ બંધાવ્યું. આજે એ દેવળ સંત ફ્રાન્સિસના દેવળ તરિકે ઓળખાય છે.

સંત ફ્રાન્સિસના જીવન વિષે શ્રી. મહાદેવભાઇએ એક પુસ્તિકા લખી છે. એ પુસ્તિકામાં કાકાસાહેબ કાલેલકરે લખેલી પ્રસ્તાવના ખાસ મનનીય છે એટલે એ આખીયે પ્રસ્તાવના પ્રગટ કરતાં પહેલાં ફ્રાન્સિસનો જીવન પરિચય આપવો આવશ્યક ગણાય. આ જીવન એ પુસ્તિકાના આધારે જ ટુંકાણમાં તારવી કાઢવામાં આવ્યું છે.

મોહનલાલ તળશીભાઈ શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત દોઢ આનો શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૨૪

મુંબઇ : ૧૫ ડીસેમ્બર ૧૯૪૦ રવિવાર.

લવાજમ
રૂપિયા ૨

સન્ત ફ્રાન્સિસ.

મનન.

त्यागः एव हि सर्वेषाम्, मोक्षसाधनमुत्तमम् ।

(આગલા અંકમાં સન્ત ફ્રાન્સિસની જીવનકથા પ્રગટ કરવામાં આવી હતી તેના અનુસંધાનમાં નવજીવન પ્રકાશન મંદિર તરફથી 'સન્ત ફ્રાન્સિસ' નામની પુસ્તિકાના ઉપોદ્ઘાતરૂપે કાકા સાહેબ કાલેલકરે લખેલો મનનલેખ ખાસ કરીને જૈન સમાજ માટે અતિ ઉપયોગી વિચાર-સામગ્રીથી ભરેલો હોઇને અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.)

એક મોટા કાપડિયાનો દીકરો, રંગીલો લડવૈયો સિપાહી, અને બધું છોડી, પ્રભુને નામે ભિખારી સંન્યાસી કેમ બન્યો, અને માણસ કે પશુપક્ષી બધાં પર પ્રેમ કરી, ત્યજાયેલાંઓને અપનાવી, પતિત સમાજમાં ધર્મતેજ કેમ પાછું આણી શક્યો, એની આ ટૂંકી કથા છે. આ ભગવદ્ભક્ત સંન્યાસી આપણા દેશનો નથી અથવા આપણા ધર્મનો નથી એ વસ્તુ તરફ ધ્યાન સરખું જતું નથી. પૂર્વ શું અને પશ્ચિમ શું, બધે ધાર્મિકતા તો એક જ વસ્તુ છે. આજે યુરોપનો જીવનપ્રવાહ આપણા તરફના જીવનપ્રવાહથી જુદો પડે છે, એ ઉપરથી એમ માનવાનું કારણ નથી કે હંમેશ એમ જ હતું. યુરોપમાં જે ફેરફાર થયો છે તે આ બસો વર્ષની અંદરનો જ છે. તે પહેલાંની યુરોપની ધર્મભાવના અને આપણી ધર્મભાવના વચ્ચે ઘણું સામ્ય હતું. આપણે તો જાણીએ છીએ કે બધા પ્રતિષ્ઠિત ધર્મો એક જ ધાર્મિકતાની જુદી જુદી શાખાઓ છે. કોઈ મહાવૃક્ષની મોટી મોટી શાખાઓ ભલે ભિન્ન ભિન્ન દિશાએ જતી દેખાય, પણ એ બધી શાખાઓમાં જીવનરસ તો એક જ હોય છે; એ બધી શાખાઓ એક જ પ્રકાશની ઉપાસના કરે છે, અને એ બધાનું જીવનકાર્ય પણ એક જ હોય છે. આ સૃષ્ટિની રચના જ એવી છે કે કોઇ પણ બે વસ્તુમાં અમુક સરખાપણું પણ હોય છે અને અમુક ભેદ પણ હોય છે. ભેદ તરફ તરત ધ્યાન જાય છે, અનેક વાર ભેદ કડે છે; અને તેથી એ ભેદ જ સત્યરૂપ જણાય છે, એ ભેદ જ વસ્તુનું પરમ રહસ્ય મનાય છે. પણ ખરેખર એવું નથી. આપણને જુદાં પાડનાર તત્ત્વો કરતાં આપણને એકઠાં આણનાર—એક બનાવનાર—તત્ત્વો વધારે સૂક્ષ્મ, વધારે સમર્થ, અને વધારે સ્થાયી હોય છે.

એક જમાનો હતો કે જ્યારે ભિન્નધર્મી લોકો માંહોમાંહે લડતા અને ધર્મને નામે જ ધાર્મિકતાનો દ્રોહ કરતા હતા. સમ્રાટની જેમ ઇચ્છા હોય છે કે ચક્રવર્તી તો હું એકલો જ હોઉં, બધા જ મારી આણ સ્વીકારે; તેવી જ રીતે દરેક ધર્મસમાજને થતું કે, પોતાનો જ ધર્મ [illegible] બધાએ એનો સ્વીકાર કરવો જોઇએ, અને [illegible] સહુને સ્વીકારે તો ઠીક, નહિ તો જબરદસ્તીથી પણ પોતાનો ધર્મ બધાને ગળે બાંધવો જ જોઈ એ.

બીજા કેટલાક ધર્મસમાજોનું ધર્માભિમાન બીજી રીતે વ્યક્ત થતું. 'અમારો ધર્મ એ અમારો ગરાસ છે. એ બીજા કોઇને નહિ આપીએ. અમારા સમાજમાં પારકાને આવવા નહિ દઇએ, અમારો લાભ અમે જ ભોગવીશું.'

આવી રીતે સુગાળવા અને ચેપી એવા બે જાતના ધર્મો દુનિયામાં ફેલાયા. હિંદુ, યાહુદી અને ફારસી, આ ધર્મો એક કોટિના; જ્યારે બૌદ્ધ, ઇસ્લામ અને વિશ્વાસી ધર્મ બીજી કોટીના છે. સુગાળવા ધર્મો દિગ્વિજય કરવા નીકળતા નથી એ ખરું; પણ એટલા ખાતર દુનિયા સાથે તેમણે સમાધાન કેળવ્યું છે એમ ન કહી શકાય. આ બધા ધર્મો અંદર અંદર આજ સુધી લડયા છે. અંદર અંદર લડીને એમણે અધાર્મિકતાનું જ વાતાવરણ ફેલાવ્યું છે. આજે પ્રસંગ એવો આવ્યો છે કે, બધા ધર્મોએ આપસમાંનો ભેદ, દ્વેષ અને ડંખ ભૂલી જઇ, આખી દુનિયા ઉપર મહાપૂરની પેઠે ફેલાતી અધાર્મિકતા સામે, મહાયુદ્ધ ચલાવવું જોઇએ.

અને એમાં પણ બે વસ્તુ ભૂલ્યે પાલવે એમ નથી પહેલી એ કે, અધાર્મિક ગણાતા પક્ષમાં ઉંડે જોતાં અસંખ્ય લોકો એવા છે કે જેઓ ઉપર ઉપરથી ધર્મવિરોધી લાગે, પણ હૃદયમાં ધાર્મિકતામાં તરબોળ થયેલા હોય છે; ફકત ભાષામાં ફરક, બોલવાના અને વર્તવાના પ્રકારનો જ ફરક. અને ધાર્મિક ગણાતા લોકો પણ જો સ્વસ્થપણે આત્મ-પરીક્ષણ કરશે તો જોશે કે, પોતાના ટોળામાં એવા અસંખ્ય લોકો છે કે જેઓ ધાર્મિકતા કેવળ ઓઢીને જ બેઠા છે; અંદરખાનેથી અનેક જાતની ગંદકી અને નાસ્તિકતા જાણ્યે અજાણ્યે સંઘરી રહ્યા છે. ખરા ધાર્મિક અને ખરા અધાર્મિકને જુદા જુદા પાડવા એ લગભગ અશકય છે, કેમ કે દરેક હૃદયમાં એ બન્ને વૃત્તિઓ ઓછાવત્તા પ્રમાણમાં રહેલી જ છે.

તેથી, ભકતોએ અને યોગીઓએ, સાધુઓએ અને ઋષિઓએ સૂચવ્યું છે કે, પોતપોતાનું યુદ્ધ પોતાના હૃદયની અંદર જ લડી લેવું. પોતાના હૃદયમાં જે અધાર્મિકતા ઉપર વિજય મેળવ્યો

તો આખી દુનિયા વતી આપણે ધર્મયુદ્ધ જીત્યું કહેવાય. બુદ્ધ ભગવાન કે ઇશુ ખ્રિસ્ત જેવાના આ આંતરિક યુદ્ધનાં અદ્‌ભુત વર્ણનો આપણે અહર્નિશ વાંચીએ છીએ. પણ એવું યુદ્ધ તો દરેક સત્પુરૂષને લડવું પડયું છે. તુકારામે કહ્યું છે :

रात्री दिवस आह्मां युद्धाचा प्रसंग ।
अंतर्बाह्य जग आणि मन ॥

जीवाही आगोज पडती आघात ।
येऊनियां नित्य नित्य वारूं ॥

સન્ત ફ્રાન્સિસ એવો જ એક લડવૈયો હતો. જાણે તુકારામનો જ એક પૂર્વાવતાર. નાનપણમાં એ ભલે રંગીલો ફાંકડો હોય. પણ એનામાં ગરીબો પ્રત્યે દયા પ્રથમથી જ હતી. શત્રુ મારીને વિજયી થવાની હોંશ એણે ભલે જુવાનીમાં સેવી હોય. પણ જીવનની કૃતકૃત્યતા મેળવવા માટે બીજે જ વિજય મેળવવાની જરૂર છે એ એણે તરત જોઇ લીધું

દરેક સાધુને એની ઉપરતિને માટે નોખું નોખું કારણ મળે છે. તુકારામની ઉપરતિનું કારણ વેહવો પડેલો દુષ્કાળ હોય. તુલસીદાસને એની અત્યંત વિષયવૃત્તિને મળેલો આઘાત એ હોય. સંત ફ્રાન્સિસને ધનવાન અને દરિદ્રી એ બે વર્ગ વચ્ચેના તફાવતને કારણે ઉપરતિ થઇ લાગે છે. રામકૃષ્ણ પરમહંસની પેઠે એણે જોયું કે, ધન અને ધાર્મિકતા એ બેનો મેળ ખાય નહિ.

સંપત્તિ અને ધાર્મિકતાનો મેળ કેમ બેસાડવો એ જગજૂનો સવાલ છે. કેટલાક કહે છે, 'સંપત્તિનો આત્યંતિક ત્યાગ એ જ આવશ્યક છે.' બીજા કહે છે, 'ધનમાં દોષ નથી, દોષ તો ધનલોભમાં છે. સમાજના હિતને અર્થે, કેવળ ટ્રસ્ટી તરીકે, ધન રાખો અને વાપરો તો તેમાં કશું ખોટું નથી.' એક વાર માંડવાળની શરૂઆત થઇ એટલે એના અનેક પ્રકારો ચાલવાના જ. સંત ફ્રાન્સિસ તો '**मूले कुठारः**' એ પદ્ધતિનો હિમાયતી હતો. આપણે ત્યાંનું વચન છે :

धर्मार्थं यस्य वित्तेहा वरं तस्य निरीहता ।
प्रक्षालनाद्धि पंकस्य दूरात् अस्पर्शनं वरम् ॥

કાદવમાં હાથ બોળી ધોવા બેસવા કરતાં એને અડીએ જ નહિ તો શું ખોટું ? ધનમાં સગવડ ભલે રહેલી હોય, પણ કોઇનું ખરૂં કલ્યાણ કરવાની શક્તિ રહેલી નથી. માટે, ધન વાટે મનુષ્યજાતની સેવા કરવાનો લોભ છોડી દઇ, એના વગર ચલાવતાં શીખવું જોઇએ અને શિખવાડવું જોઇએ. ધર્મસેવાને નામે કે કાજે ધન ભેગું કરી, પોતાની જાતને જોખમમાં ન નંખાય. એક અપરિગ્રહ અસંખ્ય દોષોને દૂર કરે છે, એમ સંત ફ્રાન્સિસ હંમેશાં કહેતા. બુદ્ધ ભગવાન રાજપાટ, સત્તાસંપત્તિ છોડીને ગરીબાઇને વર્યા. ફ્રાન્સિસ અને એના શિષ્યો પણ પોતાનું ધન ગરીબોને દઇ, પોતે ભિક્ષા માગવા નીકળતા, અને કહેતા 'અમે ગરીબ તો છીએ. પણ ગરીબી અમને સાલતી નથી. પેલા બિચારાઓને ગરીબી સાલે છે. અમે તો ઇશ્વરકૃપાથી ગરીબીને વરેલા છીએ.'

સંત ફ્રાન્સિસને જેમ અપરિગ્રહનો સાક્ષાત્કાર થયો, તેમ બ્રહ્મચર્યનો પણ સ્વાભાવિક રીતે થયો. સંત ફ્રાન્સિસને નવું ધર્મતત્ત્વ દુનિયા આગળ રજૂ કરવું ન હતું. જૂનાં અને બધાંનાં જાણીતાં ધર્મતત્ત્વોનો ફરી અમલ કરવા માટે આત્મશુદ્ધિ અને સમાજશુદ્ધિ તેને કરવી હતી. તેથી, એણે તો શુદ્ધ ધાર્મિક જીવન માટે જે જે તત્ત્વોની આવશ્યકતા છે તે તે તત્ત્વોનો ખૂબ આગ્રહ રાખ્યો. ધર્મના કામમાં મોળાશ પોસાય નહિ. ધર્મ એ વીરોનું લહાણું છે. જબરદસ્ત ધમણ પૂરજોશથી ચલાવી હોય તો જ ભઠ્ઠીમાં 'ધોળી ઉષ્ણતા' ટકાવી શકાય, અને લોઢું પણ ઓગાળી શકાય, એ તે જાણતો હતો.

અપરિગ્રહ, બ્રહ્મચર્ય, તપનો આગ્રહ; એની સાથે વિશ્વપ્રેમ સહેજે આવી જાય છે. ફ્રાન્સિસને પશુપક્ષી, વાઘવરૂ, રોગીદુષ્ટ, બધાં જ વહાલાં હતાં. અભિમાન ટાળવા માટે એણે નમ્રતા કેળવવાનો ખાસ પ્રયત્ન કર્યો. પોતાના દોષોનો જાહેર રીતે એકરાર કરી, જાતને કજેત કરવામાં એણે મણા ન રાખી. પણ નમ્રતા ધરાદાપૂર્વક કેળવવા જતાં અનેક મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. એણે સંઘો સ્થાપ્યા, પણ એનું મુખીપણું પોતાની પાસે ન રાખ્યું. પરિણામે, જ્યારે સંઘમાં મતભેદ, શિથિલતા અને સડો પેઠાં ત્યારે ફ્રાન્સિસ સારી પેઠે મૂંઝાયો અને અકળાયો. અંતે પ્રભુએ એને નિરાગ્રહનો પાઠ ભણાવ્યો ત્યારે જ એને શાંતિ વળી

સંત ફ્રાન્સિસની મોટામાં મોટી શક્તિ એની ઇશ્વર ઉપરની અનન્ય નિષ્ઠા હતી. ખરો ઇશ્વરનિષ્ઠ માણસ તંત્રનિષ્ઠા ન સાચવી શકે,–પછી ભલેને તે ધર્મતંત્ર જ કાં ને હોય. સંત ફ્રાન્સિસને પોતાને અધિકારને અડવું ન હતું. પોપની સત્તા વિષે એના મનમાં સદ્‌ભાવ હતો. સંઘ સ્થાપવા જતાં એને પોપની સત્તા સ્વીકારવી પડી. પરિણામે, એના સંઘનો પ્રચાર ઝપાટાબંધ થયો; પણ એમાં મલિનતા પણ ટૂંક મુદ્દતમાં પેસી ગઇ. સંઘ એ માનવી સંસ્થા છે. એમાં બધા માનવી દોષો આવવાના જ, અને સંઘસ્થાપન કરતાંની સાથે માનવી–મર્યાદાઓ પણ સ્વીકાર્યે જ છૂટકો. જીવન કૃતકૃત્ય કરવું હોય તો ધર્મતત્ત્વોનું પાલન ઉગ્રપણે કર્યે જ છૂટકો. પણ એટલું ઉગ્ર પાલન કેટલા કરી શકે છે ? સામાન્ય પ્રજા તો, ધર્મવીરોને પોતાની નિષ્ઠા અર્પણ કરી, એની પાસેથી સહેલો હળવો ધર્મ યાચે છે. આમાંથી જ શ્રાવક વર્ગ ઉત્પન્ન થાય છે. ભિક્ષુ અને શ્રાવક એવા ભેદ પાડયા વગર છૂટકો રહેતો નથી. જે ધર્મમાં ભિક્ષુની ઉગ્રતા નથી તે ધર્મ સાવ મોળા નીવડે છે. ભિક્ષુનો વર્ગ સ્થાપ્યો એટલે ધર્મતેજ સોળે કળાએ પ્રગટ કરનારા કેટલાક લોકો ધર્મસમાજમાં પાકવાના. અને જેમ પર્વતના શિખર તળે પહોળી તળેટી પથરાયેલી હોય છે, તેમ ભિક્ષુ વર્ગની આસપાસ શ્રાવકોનો બહોળો પણ મોળો વર્ગ રહેવાનો જ. એને તરછોડી ન શકાય. ભિક્ષુઓ ધર્મયુક્ત અને અપરિગ્રહી, અને શ્રાવકો જિજ્ઞાસુ પણ પરિગ્રહી. એટલે, બન્ને વચ્ચે અન્યોન્યાશ્રય જામવાનો જ. ભિક્ષુઓ જો ભિક્ષા પર જ નભે તો એમણે શ્રાવક વર્ગને વધાર્યે જ છૂટકો; કેમ કે બધા જ ભિક્ષુઓ થાય તો ભિક્ષા કયાંથી મળે ? પણ તત્ત્વનિષ્ઠ ભિક્ષુએ ધ્રુજવું તો જોઇએ જ કે બધા પોતાની પેઠે ભિક્ષુઓ જ થાય.

આ મુશ્કેલીનો તાત્ત્વિક વિચાર કરતાં સહેજે પ્રતીતિ થાય છે કે, અપરિગ્રહ એ ધર્મતત્ત્વ છે, ભિક્ષા નથી. ભિક્ષા ઉપર નભવાનો ઉપદેશ સાર્વત્રિક ન થઇ શકે. ભિક્ષા ઉપર નભનાર માણસમાં આળસ પેસે છે, માણસ નિસ્તેજ થાય છે, ઓશિયાળો બને છે, અને અંતે દંભ કેળવે છે. એ ભિક્ષાના દોષો પણ સ્પષ્ટ છે. સંત ફ્રાન્સિસે પોતાના સંઘમાં સારો નિયમ રાખ્યો હતો કે, દરેક જણે શારીરિક મજૂરી કરવી જ જોઇએ. મજૂરીને અંતે પેટ પૂરતું જ મહેનતાણું સ્વીકારવું, અને તેટલુંયે ન મળે તો ભિક્ષા માંગીને પૂરું કરવું, એવો એનો નિયમ હતો. સમા-

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૭ જુઓ)

સાચું કોણ ?

એ એક મહિના પહેલાંની જ વાત છે. આખે રસ્તે યુરોપિયન સૈનિકોનાં ટોળાં ને ટોળાં ઉભરાતાં હતાં. કોઇ ગાડીમાં, કોઇ ટેકસીમાં, કોઇ બસમાં–બાકી રસ્તા ઉપર તો સેંકડો સૈનિકો જ્યાં જુઓ ત્યાં નજરે પડતા હતા. જાણે કોઇ મહાન ઉત્સવ ઉજવતા હોય તેવી આનંદની લહરિ તેમાંના દરેકેદરેકના ચહેરા ઉપર તરવરતી દેખાઇ આવતી હતી. તેની પાછળ કદાચ કોઇ કોઇ જગ્યાએ મૃત્યુઘેરો વિષાદ ય છુપાઇ રહ્યો હશે–કોણ જાણે ? પણ તેને જોઇ લેવાની નહોતી જોનારને ફુરસદ, નહોતી એ બતાવવાની એમાંના એકે સૈનિકને પરવા.

વિચારોમાં દટાયેલો હું પ્રાર્થનાસમાજ આગળથી ચાલ્યો જતો હતો. મુંબઇ જોવાને આ સૈનિકો ઉમટ્યા હતા અને તેમને જોવાને મુંબઇ આખું ઉમટ્યું હતું તે કશાનું મને જ્ઞાન નહોતું. હું તો મારી ધૂનમાં ચાલ્યો જતો હતો. ત્યાં ઓચિંતા જ એ હાસ્યમાં જ જીવનસર્વસ્વ ભર્યું હોય એવું એક હાસ્ય સંભળાયું. મેં ચમકીને ઊંચે જોયું, આજુબાજુ જોયું અને ત્યારે જ મને એ સૈનિકોનાં ટોળાં અને એમનો આનંદ, નવો દેશ, નવો વેશ, નવાં લોકો જોતાં તેમની આંખોમાં ભરાયેલું કુતૂહલભર્યું વિસ્મય અને તેમની લાપરવાહી અને ફનાગીરી જોતાં લોકોની આંખોમાં ભરાયેલો વિસ્મયભર્યો ભય, બધું હું જોઇ શક્યો.

એક પળમાં હું મારા વિચારોને ભૂલી ગયો, મારી નાની દુનિયા અને તેનાં શોકકારુણ્યભર્યાં અનેકાનેક નાટકોને ભૂલી ગયો. આ સૈનિકો, ભરી ભરી જુવાનીથી મસ્ત તેમના ચહેરા, નિશ્ચિત મોતના માર્ગે તેમને ધસડી જનાર યુધ્ધ, એ યુધ્ધની પોકળ ઘોષણાઓ, યુદ્ધપ્રણેતાઓની સ્વાર્થબાજી, સૈનિકોની માતાઓ, બહેનો, પ્રિયતમાઓ, હજારો અવનવીન વસ્તુઓથી અને વિચારોથી મારું ચિત્તતંત્ર પળવારમાં ભરાઇ ગયું.

કયાં કયાંથી આવતા હશે આ લોકો ? યુદ્ધમાં તો જય છે પણ શા માટે આ યુધ્ધ લડાઇ રહ્યું છે તેનો કશો ખ્યાલ એ લોકોને હશે ? જો હોય તો એ બધી મોટી મોટી વાતો પાછળનાં દંભ એ લોકો દેખી નહિ શકતા હોય ? જો ન હોય તો તો માત્ર પગાર માટે રોટી માટે જ જાન ધરી દેતા હશે દુશ્મનની સંગીનો સામે, બોમ્બો સામે, ઝેરી વાયુઓ સામે ? એ બધું તો ક્રીક. પેટ માટે તો હરહમેશ લાખ લાખ માણસો પોતાનો જાન વેડફી નાખે છે; પણ આ લોકો માત્ર પેટ માટે જ બીજાઓની કતલ કરવા પણ નીકળ્યા હશે ? માણસ માણસને મારે, વધારે ઉત્સાહથી, વધારે નિર્દયતાથી, વધારે સફાઇથી, એટલા ખાતર આ લોકોને માનચાંદ મળતા હશે ? એમની વાહવાહ થતી હશે ? એમને વીર પુરુષો ગણવામાં આવતા હશે ?

કોઇ આદર્શ માટે માણસ મરે એ પણ સમજાય, મારે એ પણ સમજાય. પણ આ યુદ્ધમાં તે કયો એવો આદર્શ હતો ? જે કૈં દંભ આદર્શના બહાના નીચે શરૂ શરૂમાં સેવાયો હતો એ પણ હવે તો ઉઘાડો પડી ગયો હતો. છતાં હરહમેશ આ અને આના જેવા લાખો જુવાનીઆઓ શા માટે એવા યુદ્ધની પાછળ પોતાના અને પારકાઓના જીવનની હોળી કરવા નીકળી પડતા હશે ?

વિચારો મગજમાંથી ધસમસાટ કરતા હતા, ચારે બાજુથી મગજને ઘેરી લેતા હતા–નદીમાં પૂર આવે અને આજુબાજુના પ્રદેશને પણ ચારે બાજુથી તેનાં પાણી ઘેરી લે તેમ. ગમે એમ હતું પણ તેમનામાં જીવનને કુરબાન કરી દેવાની તો તાકાત હતી ? તે યે કેટલામાં હોય છે ? મારા જેવા અનેક માણસો માત્ર વિચાર કર્યે રાખે તેમાં શું વળે ? આખરે તો જાન આપ્યા વિના કયું કાર્ય સરી શકે એમ છે ? ને માત્ર વિચારો કર્યાથી શું વળે ?

પણ.....પણ આ આવી રીતે આવી મોંઘામૂલી લાખો જીંદગીઓ વેડફી નખાય ? જાણે હા પાડતો હોય તેમ એક સૈનિક દારૂની બાટલી મોંએ લગાવી જોનારની સામે આંખમીંચકારતો હતો તેના ઉપર મારી નજર પડી.

આ લોકો આ પળમાં જ જીવે છે–આ પળ માટે જ જીવે છે. મને વિચાર આવ્યો. "તું અને તારા આદર્શો, તારી દુનિયા અને તારી આવતી કાલ મને એ બધાની શી પડી છે ? મારે માટે તો આજ જ સત્ય છે, આજ જ પરમ સૌંદર્ય છે, આજે મારી પાસે શરાબ છે, સુંદરી છે, યૌવન છે, યૌવનની મસ્તી છે. બીજું શું જોઇએ ? તમે તમારે વિચારો કર્યા કરો, અમે તો આ માણી જિંદગાની." આવા કૈંક વિચારો એના મગજમાં નહિ રમતા હોય ?

સાચું કોણ ? એ કે હું ? વિચારોનો અંત નહોતો આવતો. બધા જો આજનો જ વિચાર કરે, પળમાં જ અને પળ માટે જ જીવે તો જગત કયાં જઇને ઉભું રહે ? ગમે તે હોય, હું ભલે સાચો ન હોઉં તો યે એ તો સાચો નહોતો જ.

છતાં–છતાં ત્યાંથી ચાલી જતાં મનને થયું કે આની આ લાપરવાહી અને બેફિકરાઇનો અંશ પણ મારામાં અને મારા જેવા અનેક હિંદુસ્તાનીઓમાં હોય તો એ શું ધિક્કારવાયોગ્ય નહોતું ?

ગુલાબદાસ બ્રોકર.

શ્રી અરવિંદ અને યુદ્ધ.

(હિંદી 'સર્વોદય'ના નવેંબરના અંકમાં શ્રી. કિશોરલાલ મશરૂવાળાનો 'મહાત્માઓમેં મતભેદ' નામે એક લેખ પ્રસિદ્ધ થયો છે. તેનું ગુજરાતી ભાષાંતર અમદાવાદના 'પ્રજાબંધુ'ના તા. ૨૪-૧૧-૪૦ ના અંકમાં છપાયું છે. મૂળ લેખ વાંચી એક મિત્રે કિશોરલાલભાઇને બે સવાલો પૂછ્યા હતા. ૧. શ્રી. અરવિંદની લડાઇમાં મદદ કરવા પાછળ રહેલી વિચારસરણી શું હશે ? ૨. કૃષ્ણ, ભીષ્મ અને વિદુર મહાભારતના યુદ્ધમાં જુદી જુદી રીતે વર્ત્યા તેનો ખુલાસો શું થઇ શકે ? આ સવાલોના જવાબરૂપે લખાયેલો તેમનો કાગળ તેમની સંમતિથી નીચે છાપ્યો છે.—તંત્રી.)

શ્રી. અરવિંદે યુદ્ધમાં મદદ કરી તે માટે તેમના પ્રત્યેનો આદર ઓછો થવા ન દેશો.

વાત એ છે કે જગતમાં પેગંબરો અને જ્ઞાનીઓમાં હિંસા-અહિંસા વિષે એક જાતનો મતભેદ અસલથી જ ચાલી આવેલો છે. બુદ્ધ, મહાવીર, ગાંધી જેવા એકાંતિક અહિંસા સ્વીકારે છે, ધર્મ તો અહિંસા જ. નબળાઇને લીધે ભલે માણસ તેનો પૂરો અમલ ન કરી શકે અને ઓછોવત્તો મર્યાદામાં હિંસાનો યે આશ્રય લે, પણ તે હિંસાને ધર્મ ન બતાવાય.

બીજા જેમાં રામ, કૃષ્ણ, જરથોસ્ત, મહંમદ વગેરે કદાચ ગણાવી શકાય તેઓ માને છે કે દુષ્ટને દંડ દેવો તે પણ સારા મનુષ્યનો મહત્ત્વનો ધર્મ છે. પાપીના નાશ માટે ભગવાન અવતાર લે છે એવું ગીતાવાકય છે. ત્યાં પાપીનો વધ સજ્જનોનું કર્તવ્ય માન્યું છે અને તે સંતોના રક્ષણ જેટલું જ મહત્ત્વનું ગણ્યું છે. આથી ઉપરના સર્વે પેગંબરોનાં ચરિત્રોમાં યુદ્ધોમાં ભાગ લીધાનો ઉલ્લેખ છે. એટલે તેમની દૃષ્ટિએ અહિંસા-વૃત્તિ જેવી જ ન્યાય વૃત્તિ પણ મહત્ત્વનો ગુણ છે અને જ્યાં ન્યાય માટે હિંસાનો આશ્રય અનિવાર્ય હોય ત્યાં તે કરવાનો ધર્મ છે.

સચ્ચસ્સ આણાએ ઉવટ્ઠિએ મેહાવી મારં તરતિ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતં વવેદ્વાક્યમ્

ડીસેમ્બર ૧૫ ૧૯૪૦

નિંગાળા અધિવેશન

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સનું પંદરમું અધિવેશન કાઠિયાવાડમાં આવેલ નિંગાળા નામના એક નાના સરખા ગામડામાં ચાલુ માસની ૨૫, ૨૬ તથા ૨૭ તારીખના રોજ મળનાર છે. આ કૉન્ફરન્સનું પહેલું અધિવેશન જયપુર પાસે આવેલા ફલોધી તીર્થમાં આજથી લગભગ તેત્રીશ વર્ષ પહેલા મળેલું. એટલે આ સંસ્થા પાછળ તેત્રીશ વર્ષ જેટલો લાંબો ઇતિહાસ રહેલો છે. એક વખત આ સંસ્થાના અધિવેશન પુરા ભભકામાં મળતા અને હજારોની સંખ્યામાં સ્ત્રી પુરુષો તેમાં હાજરી આપતા. એ પૂર્વકાળની જાહોજલાલી આજે નથી. છેલ્લું અધિવેશન મુંબઇ ખાતે આજથી છ વર્ષ પહેલાં મળેલું. છ વર્ષ જેટલા લાંબા ગાળે હવેનું અધિવેશન મળે છે એ જ કૉન્ફરન્સ જેવી સંસ્થાની ઉત્તરોત્તર થતી જતી અવનતિ સૂચવવા માટે પૂરતું છે. આ અવનતિ શા માટે? આવી ઉપયોગી ગણાતી સંસ્થા પ્રત્યે જૈન સમાજની આવી ઉદાસીનતા કેમ?

આનાં બે કારણો હોઇ શકે કાં તો જૈન સમાજ એટલો રાષ્ટ્ર ભાવનાથી ઓતપ્રોત થઇ ગયો છે કે તેને આવી સાંપ્રદાયિક અને જૈન સમાજના એક વિભાગની સંસ્થામાં હવે રસ રહ્યો નથી. ખરેખર આજ વસ્તુસ્થિતિ હોય તો તે તો જરૂર આવકાર દાયક ગણાય. પણ એ સદ્‌ભાગ્ય કેવળ વૈશ્યવૃત્તિ પ્રધાન જૈન સમાજનું કયાંથી હોય? કૉન્ફરન્સની આવી શોચનીય દશા બનવાનાં તો બીજાં જ કારણો છે. તે કારણોને એક બાજુએ કૉન્ફરન્સની આજ સુધીની નિશ્ચેતન કાર્યવાહી સાથે અને બીજી બાજુએ સ્થાપિત હક્કો ધરાવતા વર્ગો–સાધુઓ અને શ્રીમાનો–ના ઉત્તરોત્તર વધતા જતા વિરોધો સાથે સંબંધ છે. કૉન્ફરન્સની જાહોજલાલીનો સમય એ હતો કે જ્યારે એ પ્રકારનાં અનેક અન્ય કોમી સંમેલનો પણ મોટા આડંબર સાથે મળતાં, તે તે કોમના માણસો તે તરફ ખૂબ આકર્ષાતા, શ્રીમાનોને લાવીને પ્રમુખસ્થાને બેસાડવામાં આવતા અને ઢગલાબંધ ભાષણો થતાં, બે પાંચ લાખની સખાવતો જાહેર થતી અને બે કે ત્રણ દિવસનો જ જલસો મહાન સંતોષપૂર્વક ખતમ કરીને સૌ કોઇ પોતપોતાને ઘેર વિદાય થતું. ત્યાર પછી બીજું અધિવેશન મળે તે દરમિયાન–એક કે બે વર્ષના ગાળામાં–કશો પણ કાર્યક્રમ રાખવામાં આવતો નહિ અથવા તો કદાપિ એવો કોઇ કાર્યક્રમ નક્કી કરવામાં આવતો તો તેનો કોઇ અમલ કરતું નહિ. વળી પાછું બીજું અધિવેશન મળતું. એનાં જ એ જ પ્રમુખસન્માનનાં સરઘસો અને દબદબાભર્યા જલસાઓ–એની એ જ ભાષણબાજી અને શબ્દોની તકરારો અને પાછળ કશું કાર્ય કે પરિણામ મળે જ નહિ. આવા જલસાઓની પરંપરા લાંબો વખત ચાલી શકે જ નહિ. જેવી દશા અન્ય કોમી સંમેલનોની થઇ તેવી જ દશા જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની થઇ. લોકોનો મોહ ઓછો થયો; અધિવેશનમાં ભાગ લેનારની સંખ્યા ઘટતી ગઇ; ધીમે ધીમે કૉન્ફરન્સ એ જાણે કે મુંબઇની એક જાહેર જૈન સંસ્થા હોય એ દશા કૉન્ફરન્સની થઇ બેઠી.

કૉન્ફરન્સની વર્તમાન સ્થિતિ નિપજવાનાં બીજાં પણ કારણો છે. કૉન્ફરન્સ તો લોકોની સંસ્થા. તેમાં તો સામાન્યમાં સામાન્ય માણસ પણ ભાગ લઇ શકે અને પોતાનો અવાજ રજુ કરી શકે. તેમાં કોઇને ગમે અને કોઇને ન ગમે એવા અનેક સવાલો આવી શકે; તેમાં આણંદજી કલ્યાણજી પેઢીનો હિસાબ પ્રગટ કરવાનો પ્રશ્ન પણ આવી શકે અને અયોગ્ય દીક્ષા બંધ કરવાની વાત પણ આવી શકે; વિધવા–વિવાહનો પ્રશ્ન પણ ચર્ચાય અને દેવદ્રવ્યના સદુપયોગની વાત પણ આવે. આ વાત સ્થિતિચુસ્ત વર્ગોને–પછી તે પેઢી દર પેઢી સત્તા ભોગવતા આવતા શેઠીઆઓ હોય કે સાધુઓ હોય–આવા વર્ગોને કેમ પરવડે? તેથી તેમણે તો કૉન્ફરન્સ સામે ચોતરફ ઝેરી પ્રચાર વિપુલ પ્રમાણમાં અને સત્ય અસત્યની કશી પણ પરવા રાખ્યા સિવાય શરૂ કર્યો અને ગામેગામ અને શહેરે શહેર ઝેર અને વિરોધનાં બીજ રોપી દીધાં. પરિણામે કૉન્ફરન્સ જ અનેક સ્થળોએ ઝગડાનું નિમિત્ત બની ગઇ. આ સર્વ વિરોધનો કૉન્ફરન્સ પુરો સામનો કરી શકી હોત અને પોતાનું સ્વામિત્વ અને જડ સમાજમાં બરોબર સ્થાપિત કરી શકી હોત જો કૉન્ફરન્સ સામેના આવા ઉગ્ર વિરોધને પહોંચી વળે અને સમાજમાં અખંડ અને એકધારી સેવા વડે પુરો વિશ્વાસ ઉત્પન્ન કરી શકે એવા કાર્યકર્તાઓ કૉન્ફરન્સને મળ્યા હોત તો, પણ આ બાબતમાં કૉન્ફરન્સ આજસુધી દરિદ્ર જ રહી છે. કૉન્ફરન્સને આજ સુધી જે કાર્યકર્તાઓ મળ્યા છે તેમની નિષ્ઠા સંબંધે કશું કહેવા પણું જેવું જ નહિ, પણ કમનશીબે તેઓ મોટે ભાગે માત્ર મુંબઇ–નિવાસીઓ હતા અને અનેક વ્યવસાયો, ઉપાધિઓ અને જવાબદારીઓથી તેમનું ચાલુ જીવન ભરેલું હતું. એટલે કૉન્ફરન્સ ખાતર દિવસોના દિવસો કાઢી સ્થળે સ્થળે ભટકે, કૉન્ફરન્સનો પ્રચાર કરે અને સ્થળ સ્થળના જૈન સમાજનો પરિચય સાધીને તેમની અગવડોમાં રાહત આપે અને સુખ સગવડમાં વધારો કરે એ તેમના માટે શક્ય જ નહોતું. પરિણામ આજની કૉન્ફરન્સની નિષ્કિંચન અને લગભગ અનુયાયીવિહોણી દશા.

આ તો ભૂતકાળની વાત થઇ. ભૂતકાળને સંભાર્યે કે વર્તમાનને રડ્યે ભવિષ્ય કદિ સુધરવાનું નથી. આવી શીર્ણવિશીર્ણ

મેં લેખ લખ્યા પછી જે સાંભળ્યું છે તે પરથી એમ જણાય છે કે શ્રી. અરવિંદ એમ માને છે કે આજે નાઝીવાદ રૂપે જગતમાં મનુષ્ય જાતિ પર ભયંકર અધર્મ ઉત્પન્ન થયો છે. તેનો જે રીતે બને તે રીતે નાશ કરવો જ જોઇએ. આ માન્યતાથી પ્રેરાઇને તેમણે સરકારને મદદ કરવાની પોતાની ફરજ માની જણાય છે. વળી જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી, તેઓ લીલાવાદને સ્વીકારે છે, તેઓ આત્યંતિક અહિંસામાં માનતા નથી.

વિદુર સંત પુરુષ હતા. પણ ક્ષત્રિય, એટલે લડવૈયા નહોતા. તેમણે શાંતિ સ્થાપવા ઘણા પ્રયત્નો કર્યા. પણ નિષ્ફળ થતાં યાત્રાએ ચાલ્યા ગયા,–એટલે કહો કે ઉદાસીન રહ્યા.

ભીષ્મ કૌરવ–રાજ્યના રક્ષક જેવા હતા. સિંહાસનારૂઢ (de facto) રાજા પ્રત્યે બીજા શર્તે વફાદારીમાં તે માનતા હતા તેથી જ્યારે લડાઇનો દુર્યોધન રાજાએ નિશ્ચય જ કર્યો, ત્યારે તેને જ પડખે ઊભા રહ્યા.–એટલે કહો કે દુઃખથી પણ રાજાના અન્યાયને ટેકો આપ્યો.

કૃષ્ણ સ્વતંત્ર હતા, એમને પાંડવો તરફ ન્યાય છે જાણી તેમનો પક્ષ રાખ્યો. **કિશોરલાલ ઘ. મશરૂવાળા.**

બનેલી કૉન્ફરન્સની સંસ્થા પોતાનું પંદરમું અધિવેશન નિંગાળા ખાતે ભરે છે. આ અધિવેશનની વિશેષતા બે પ્રકારે છે. એક તો આજ સુધીનાં અધિવેશનો મોટાં શહેરમાં જ ભરાતાં. આ અધિવેશન એક ગામડાંની ભાગોળે ભરાય છે. એટલે આગળના ભભકાનું અને આડંબરનું પુનરાવર્તન આજે અહિં અશકય બની જાય છે. બીજું આજ સુધીનાં અધિવેશનોમાં એકાદ અપવાદ સિવાય મોટે ભાગે શ્રીમાન પ્રમુખો ચુંટાતા, તેમનાં ભાષણો બીજા કોઇ લખી આપતા અને અધિવેશનનું સંચાલન ઘણુંખરૂં બાજુએ બેઠેલા મહામંત્રીઓ કરતા. આ અધિવેશન માટે સામાન્ય જનતામાંના અને સાધારણ સ્થિતિના એક ગૃહસ્થને પ્રમુખ તરીકે ચુંટવામાં આવેલ છે. આ પ્રમુખ શ્રીમાન નથી, વિદ્વાન તરીકે પંકાયલા નથી. તેઓ એક વ્યવહારદક્ષ અને કાર્યનિષ્ટ સજ્જન છે. આ બે નવા સંયોગો કૉન્ફરન્સને સજીવ અને પ્રાણવાન બનાવવામાં કેટલા મદદરૂપ બને છે તે જોવાનું છે.

આ કૉન્ફરન્સ એક અવાસ્તવિક બંધારણ ઉપર રચાયલી છે. કૉન્ફરન્સની મૂળ કલ્પના એવી હતી કે દરેક ગામના અને શહેરના સંઘો પ્રતિનિધિઓ ચુંટીને મોકલે અને તેવા પ્રતિનિધિઓની બનેલી કૉન્ફરન્સ જૈન સમાજના વિવિધ પ્રશ્નો ચર્ચે અને પ્રગતિપોષક વિવિધ પ્રવૃત્તિઓ ચલાવે. ગામગામના સંઘો અને કૉન્ફરન્સ વચ્ચે આવો સંબંધ ખરેખર સ્થાપિત થઇ શક્યો હોત તો આ કૉન્ફરન્સ આખા હિંદુસ્થાનના જૈન સમાજની સાચી પ્રતિનિધિ થઇ શકી હોત અને તેનું પ્રભુત્વ અને વર્ચસ્વ સર્વ સંઘસમુદાય ઉપર બહુ જ સારી રીતે સ્થાપિત થઇ શકયું હોત. ખરેખર એ કલ્પના મુજબ કૉન્ફરન્સનું ઘડતર અને વિકાસ થયેલ હોત તો પરિણામો પણ નિઃસંદેહ એટલાં જ ભવ્ય આવત. પણ એ કલ્પના અને સ્વપ્ન કદિ મૂર્ત સ્વરૂપ પામ્યાં જ નહિ. આજે તો ભાગ્યે જ એવા કોઈ સંઘો છે કે જે એકત્ર મળીને પોતાના પ્રતિનિધિઓ મોકલી શકે તેમ હોય. વળી જે સંસ્થાઓ તેમ જ સંઘો પણ પ્રતિનિધિઓ મોકલવાનો આજે હકક ધરાવે છે તેના માથે કૉન્ફરન્સના ઠરાવોને અમલમાં મૂકવાની કશી જવાબદારી છે જ નહિ. આમ ચુંટણી કરનાર બીનજવાબદાર અને ચુંટાયલા પ્રતિનિધિઓ પણ બીનજવાબદાર. આવા પ્રતિનિધિઓની બનેલી કૉન્ફરન્સ સમાજ ઉપર શું પ્રભુત્વ પાડી શકે એ વિચારણીય પ્રશ્ન છે. સંઘોમાં આજે એટલા બધા અભેદ્ય વિચારપક્ષો છે કે તેને કૉન્ફરન્સના છત્ર નીચે સંગઠ્ઠિત કરવા એ આશા આકાશકુસુમવત્ છે. આ કારણને લીધે કૉન્ફરન્સનું આખું બંધારણ મૌલિક પરિવર્તનની અપેક્ષા રાખે છે અને સંઘના એકમના સ્થાને સ્થળે સ્થળે કૉન્ફરન્સની સમિતિઓના એકમ ઉભા કરવાં અને તે સમિતિઓની કૉન્ફરન્સ બનાવવી–આવી રચના આવશ્યક છે એટલું જ નહિ પણ વ્યવહારૂ છે.

આમ આ પ્રકારની પુનરૂરચનાને જ્યારે હું વ્યવહારૂ કહું છું ત્યારે પ્રશ્ન એવી રીતનો ઉપસ્થિત થાય છે કે આવી સમિતિઓ સારા પ્રમાણમાં ઉભી થવી શકય છે ખરી? આનો જવાબ નવી રચનાને અનુસરી કાર્ય કરનારાઓ આપણી પાસે છે કે નહિ અને ન હોય તો ઉભા કરી શકીએ તેમ છે કે નહિ એ પ્રશ્નના ઉત્તર ઉપર અવલંબે છે. જો જરૂરી કાર્યકર્તાઓ હોય અથવા તો ઉભા કરી શકાય તેમ હોય તો દરેક અગત્યના ગામ કે શહેરમાં સમિતિઓ ઉભી કરવી એમાં મોટી મુશ્કેલી કે અશકયતા જેવું છે જ નહિ. તેથી આ કૉન્ફરન્સ સામે ખરી રીતે બે પ્રશ્નો આવીને ઉભા રહે છે. મૃતપ્રાય બનેલી અને અવાસ્તવિક બંધારણ રચનામાં ઘુંચાયલી કૉન્ફરન્સને આજની પરિસ્થિતિને અનુરૂપ નવું બંધારણ આપવું અને એ બંધારણમાં રહેલી યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે યોગ્ય કાર્યકરો મેળવવા. આ બે પ્રશ્નના યોગ્ય નિકાલ ઉપર જ આખી કૉન્ફરન્સના અસ્તિત્વનો અને ભાવી આયુષ્યનો આધાર રહેલો છે.

આ વખતે કેળવણી પ્રચાર અને બેકારી નિવારણ–એ બે જ પ્રશ્નો ચર્ચવા–આવી મર્યાદા નીચે પ્રસ્તુત અધિવેશન ભરવામાં આવે છે. કેળવણી પ્રચારની દિશાએ તો કૉન્ફરન્સની કેળવણી પ્રચારની એક યોજના આજે અમલમાં આવી રહી છે તેને કેમ વધારવી અને વિસ્તારવી એ એક અગત્યનો પ્રશ્ન વિચારવાનો રહેશે. આ ઉપરાંત જૈન સમાજ હસ્તક ચાલતી શિક્ષણ સંસ્થાઓ, છાત્રાલયો વગેરેને લગતી માહીતીઓનો સંગ્રહ કરવાનો ઠરાવ કરવામાં આવે તેમજ ભિન્નભિન્ન સંસ્થાઓનું એકીકરણ કરવાની કોઇ યોજના વિચારવામાં આવે તો તે પણ જરૂર ઉપયોગી થાય. બેકારી સંબંધે પણ જૈનો હસ્તક ચાલતી અનેક સંસ્થાઓ, પેઢીઓ, ઓફીસો તેમજ કારખાનાઓમાં જૈનોને સારા પ્રમાણમાં કઈ રીતે ગોઠવી શકાય તે દિશાએ કોઇ વ્યવહારૂ યોજના વિચારી શકાય તો તે જરૂર લાભપ્રદ બને.

આ જાતની વિષયમર્યાદા પાછળ કોઇ મતભેદવાળા કે તકરારી પ્રશ્નો આ અધિવેશનમાં ન લાવવા એવો હેતુ રહેલો છે. આવી વિષયમર્યાદા આ અધિવેશન પૂરતી યોગ્ય છે. કારણકે એ સિવાય લાંબા સમયથી ઘોરણે પડેલું અધિવેશન કાર્ય પાર પાડવાનું અને તે તરફ સંખ્યાબંધ ભાઇ બહેનોને આકર્ષવાનું હાલના સંયોગોમાં શકય નહોતું. પણ આ વિષયમર્યાદા પાછળ અમુક વર્ગની એક પ્રકારની ભીરૂતા પણ છુપાયલી છે. આવી કૉન્ફરન્સમાં તકરારી કે મતભેદવાળા વિષયો કે પ્રશ્નો લાવવા જ નહિ કે જેથી પક્ષાપક્ષી થાય. આવી તકરાર કે મતભેદની ભડક સામાન્ય જનતાના પ્રતિનિધિત્વવાળી સંસ્થાને શોભે જ નહિ. જૈન સમાજને સ્પર્શતા સર્વ કોઇ પ્રશ્નોની ખુલ્લા દિલની ચર્ચા અને નિર્ણયને આ સંસ્થાની કાર્યવાહીમાં સંપૂર્ણ અવકાશ હોવો જ જોઇએ. દૂધનો દાઝેલો છાશ ફુંકીને પીએ તેમ સામાજિક ઘર્ષણ કે ખળભળાટથી બીધેલા માણસો મતભેદ અને વિચારભેદથી ભડકીને ભાગે છે. આવી ભડક પ્રગતિની મોટામાં મોટી શત્રુ છે. વિચારોની અથડામણો અને પ્રચલિત રૂઢિઓની સ્વતંત્ર સમાલોચના સિવાય પ્રગતિની શકયતા છે જ નહિ. આજની વિષયમર્યાદાને કાયમી કરવામાં આવશે તો કૉન્ફરન્સ કેવળ પ્રત્યાઘાતી સંસ્થા બની જશે એ અધિવેશનમાં ભાગ લેનારા પ્રતિનિધિઓ ન ભુલે.

એક એવો વિચાર પ્રચલિત થઇ રહ્યો છે કે આજ સુધી કૉન્ફરન્સ કેવળ વિચાર પ્રચારક સંસ્થા હતી. હવે કૉન્ફરન્સને અમલી કાર્ય કરનારી સંસ્થા બનાવવી જોઇએ. આ એકાન્ત વિચાર યોગ્ય નથી. કૉન્ફરન્સની પ્રવૃત્તિ દ્વિમુખી હોવી જોઇએ. કેવળ વિચારપ્રચારની પ્રવૃત્તિ કૉન્ફરન્સને શબ્દોની સાહમારીનું સ્થાનક બનાવી દેશે. મતભેદના પ્રશ્નોથી દૂર રહીને કેવળ અમલી કાર્ય કરવાની વૃત્તિ કૉન્ફરન્સને જડ, સ્થિતિચુસ્ત અને પ્રગતિવિરોધી બનાવી દેશે. સમાજના અને દેશના સમયે સમયે ઉપસ્થિત થતા પ્રશ્નો સંબંધે પોતપોતાના સમાજવર્તુળને સાચી દોરવણી આપવી અને સાથે સાથે કોમની સક્રિય પ્રવૃત્તિઓ વડે બને તેટલી સેવા કરવી–આ બન્ને બાબતો કૉન્ફરન્સે સંભાળવાની રહે છે.

આવાં કોમી સંમેલનો અને પ્રવૃત્તિઓ રાષ્ટ્રહિતને વિસારી દઇને અથવા તો તેને નુકસાન પહોંચે એ રીતે કોમના કલ્યાણના

કેટલાક સમાચાર અને નોંધ.

સત્યાગ્રહીઓની ધરપકડ અને શિક્ષા.

આજકાલના છાપાઓનો સમાચારવિભાગ મોટા ભાગે આ ખબરો આપવામાંજ રોકાય છે. મુંબઇના રાષ્ટ્રીય મહાસભાના ઘણા ખરા આગેવાનો પકડાઇ ગયા છે. મુંબઇ સરકારની પદ્ધતિ જુદા જ પ્રકારની છે. જે કોઇ સત્યાગ્રહ કરવાની નોટીસ આપે છે તેને સવારના વહેલાં પકડી જવામાં આવે છે અને તેના ઉપર કશું પણ કામ ચલાવવાને બદલે હિંદી રક્ષા કાનુનની ચોકકસ કલમ નીચે તેમને અટકમાં લઇ જવામાં આવે છે. આ રીતે શ્રી ભુલાભાઇ દેસાઇ, સરોજીની નાયડુ, નગીનદાસ માસ્તર, એસ. કે. પાટીલ, ભવાનજી અરજણ ખીમજી, કનૈયાલાલ માણેકલાલ મુનશી, હંસા મહેતા, મંગળદાસ પકવાસા, ઝીણાભાઇ જોશી, ડો. ગીલ્ડર, લીલાવતી મુનશી, મણિલાલ જેમલ શેઠ વિગેરે અનેક જાણીતા રાષ્ટ્રીય મહાસભાના કાર્યકરો આજે કાં તો યરવડા જેલમાં અથવા નાસીક જેલમાં પરહેજ થઇ રહ્યા છે. પંજાબના એક સત્યાગ્રહીના રૂા. ૬૦૦૦) દંડ કરવામાં આવ્યા છે તો અન્ય સત્યાગ્રહીને એક આનાનો દંડ ફરમાવવામાં આવ્યો છે. અન્ય પ્રાન્તના ઘણા ખરા મુખ્ય માણસો આજે જેલવાસી બની ગયા છે અને બાકી રહેલાઓ પણ આઠ પંદર દિવસમાં એ જ માર્ગે જવા માટે તૈયાર થઇને બેઠા છે.


શ્રી. શાન્તિલાલ શાહને સજા

શ્રી. શાન્તિલાલ હરજીવન શાહને તા. ૪-૧૨-૪૦ ના રોજ નવ માસની સજા ફરમાવવામાં આવી છે. શાન્તિલાલ શાહ મુંબઇ જૈન યુવક સંઘના એક સભ્ય છે. તેઓ મુંબઇની ધારાસભાના પાર્લામેન્ટરી બોર્ડના સેક્રેટરી હતા અને જન્મભૂમિ અને પ્રવાસી જેના હસ્તક ચાલે છે તે પીપલ સ્ટેટ્સ લીમીટેડના મેનેજીંગ ડિરેકટર હતા. સેવાપરાયણતા અને નમ્રતા, નિરભિમાનીપણુ અને પ્રસન્નતા, વ્યવહારદક્ષતા અને સમયસૂચકતા—આવા તેમના વિશિષ્ટ ગુણોને લીધે અનેક કાર્યકર્તાઓમાં તેમનું સ્થાન આજે અજોડ બન્યું છે. તેમને જેલવાસ સ્વીકારવા બદલ અનેક અભિનન્દન ઘટે છે.

શ્રી. મણિલાલ જેમલ શેઠને શુભ વિદાય



શાન્તિલાલ શાહ.



મણીલાલ જે. શેઠ.

તા. ૪-૧૨-૪૦ ના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી મણિલાલ જેમલ શેઠને સત્યાગ્રહ કરીને જેલ જવાના પ્રસંગે શુભ વિદાય આપવા માટે સંઘની કચેરીમાં એક જાહેર સભા બોલાવવામાં આવી હતી અને તેમનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. તેમને પણ સરકાર બીજે દિવસે સવારે મળસ્કામાં ઉપાડી ગઇ અને કશું કામ ચલાવ્યા સિવાય તેમને નાસીક જેલમાં પુરી દીધા. શ્રી મણિલાલ જેમલ શેઠ એટલે એક સાચો-સેવક. તદ્દન સાધારણ સ્થિતિના અને બહુ જ સામાન્ય ભણતર પામેલા—માત્ર સેવાની તપસ્યા વડે જ ઉંચે આવ્યા અને આટલી ખ્યાતિ પામ્યા. તેમની ધગશ—તેમની તમન્ના—આજે કયાંય જોવા નહિ મળે તેમને હસવાની કે આનંદ કરવાની કદિ ફુરસદ જ ન હોય. અખંડ કામ કરવાની જ તેમને ધુન. એ કામ કોમનું હોય કે રાષ્ટ્રનું હોય, જૈન સ્વયંસેવક મંડળનું હોય કે ગુમાસ્તા પરિષદનું હોય. તેઓ પણ જૈન યુવક સંઘના સભ્ય છે અને વચગાળે સંઘના મંત્રી હતા. નિંગાળા અધિવેશનનું કામ તેમણે જ માથે ઉપાડયું હતું અને આજે તેઓ જેલમાં જાય છે છતાં એવી રચના કરી ગયા છે કે અધિવેશન ભરવામાં જરા પણ અડચણ આવે તેમ નથી. તેમને પણ આ મંગળ પ્રસંગે સૌ કોઇનાં અભિનન્દન ઘટે છે.

લોર્ડ લોથીયનનું અકાળ અવસાન

ગ્રેટ બ્રીટનના અમેરિકા ખાતાના પ્રતિનિધિ લોર્ડ લોથીયનના અવસાન સમાચાર ગ્લાનિ ઉપજાવે છે. તે એક સમર્થ રાજકારણી પુરૂષ હતા અને આ વિગ્રહના સમયમાં અમેરિકાને એટલે કે યુનાઇટેડ સ્ટેટસને અંગ્રેજો પ્રત્યે એકસરખું અનુકુળ બનાવવાનું ભગીરથ કાર્ય તેમની જ કુશળતાને આભારી હતું. ગ્રેટ બ્રીટને એક મોટો રાજસેવક ગુમાવ્યો છે. તેની ખોટ જલ્દિથી પુરાવી મુશ્કેલ છે.

પરમાનંદ

નામે ચલાવવાની વૃત્તિ વેગ કરી બેસે એવું આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભારે જોખમ રહેલું છે. દરેક કોમને કેટલાક અંગત પ્રશ્નો હોય જ છે અને તેના ઉકેલ માટે આવાં કોમી સંમેલનોની ચોકકસ ઉપયોગીતા છે. પણ એ પ્રશ્નો બાદ કરતાં રાષ્ટ્રીય ભાવનાની દૃષ્ટિએ—સ્વરાજ સાધનાની દૃષ્ટિએ—આજે આપણા અંગત તેમ જ સામાજિક જીવનમાં જે મહત્વના ફેરફારો કરવાની ખાસ જરૂર ઉભી થઇ છે તે ફેરફારો પોતપોતાના વર્તુલમાં કેવી રીતે નિપજાવવા એ ધ્યેય ઉપર જ અચુક ધ્યાન રાખીને આવાં કોમી સંમેલનો ચલાવવાં જોઇએ અને તો જ આવાં કોમી સંમેલનો રાષ્ટ્રકલ્યાણના સાચા પૂરક બની શકે. આ ઉપર જણાવેલું જોખમ અને અન્તિમ ધ્યેયને કોમી સંમેલનના કાર્યકર્તાઓએ હરપળે ધ્યાન ઉપર રાખવા ઘટે છે. જે કોમી સંસ્થા આ બાબતની ઉપેક્ષા કરશે તે સંસ્થા પરિણામે દેશની ભારે દ્રોહી બનવાની જ છે. આજની મોસ્લેમ લીગ આ કથનનો મોટામાં મોટો પુરાવો છે.

જૈન સમાજના એક વિભાગની કોન્ફરન્સના અધિવેશનની આટલી લાંબી સમાલોચના શા માટે એમ જરૂર કોઇને પ્રશ્ન થશે; પણ જે આજની વસ્તુસ્થિતિ વિચારશે તેને લાગ્યા વિના નહિ રહે કે આપણું જીવન હજુ અનેક પ્રકારની વિભાગી પ્રવૃતિઓ સાથે સંકળાયલું છે. વળી વિશાળ દૃષ્ટિવાળા કાર્યકર્તાઓ આવી વિભાગી અને કોમી પ્રવૃત્તિઓમાંથી પણ સાર્વજનિક ઉત્કર્ષને પોષક અનેક ઇષ્ટ પરિણામો નિપજાવી શકે તેમ છે. આવા ખ્યાલથી આટલું લાંબું વિવરણ કરવું યોગ્ય ધાર્યું છે.

નિંગાળા ખાતે ભરાતું સંમેલન આજ સુધીમાં ભરાયલાં કોમી અને સાંપ્રદાયિક સંમેલનોથી જુદી ભાત પાડે અને પ્રસુપ્ત જૈન સમાજને જાગૃત કરે તથા સાચી દોરવણી આપે એવી આપણે સૌ શુભેચ્છા અને આશા ચિન્તવીએ.

પરમાનંદ

પ્રગતિ અને અહિંસા.

મનુષ્ય પરિવર્તનશીલ છે. પરિવર્તિની સંસારમાં કોઇ વસ્તુ સ્થિર છે નહિં-સ્થિર રહી શકે નહિં. પ્રાણી માત્રમાં ગતિ છે. કાં તો તે આગળ જાય છે કે કાં તો પાછળ. 'આગળ' કે 'પાછળ'ની વ્યાખ્યા બાંધવી ધારીએ તેટલી સહેલી નથી. અમુક સ્થિતિ અમુક વ્યકિત કે સંઘને પ્રગતિમાન લાગતી હોય ત્યારે તે જ સ્થિતિ અન્યને પ્રત્યાઘાતી જણાતી હોય. બન્નેનાં દૃષ્ટિકોણ જૂદા હોય, બંનેનાં ક્ષેત્ર નિરાળાં હોય, અસ્તુ. પણ એટલું તો નિર્વિવાદ છે કે માનવી કહેવાઈ જતાં પાણીની પેઠે નિશ્ચલ રહી શકતો નથી. નિશ્ચલતા એ અધોગતિનું પહેલું પગથિયું છે. તો પછી પ્રગતિ એટલે શું? તે વિષે સામાન્યતઃ શા મત છે તે આપણે જોઇએ.

દુનિયા આગળ વધે છે કે કેમ તે પ્રશ્ન ઉપર પણ ત્રણ ખાસ મતો તરી આવે છે. હિંદુ શાસ્ત્રો પ્રમાણે આ કળિયુગ છે. સત્યયુગ ગયો. તે મત પ્રમાણે દિન પ્રતિદિન માનવ-જાત પાપી, દુષ્ટ, અધમ થતી જાય છે. રામસીતાનો સમય-વેદોનો સમય-તે સુવર્ણયુગ હતો. બીજો મત ગ્રીક ફિલસુફોનો. પ્લેટો એમ માનતો હતો કે માનવ-જાતની પ્રગતિ હમેશા વર્તુલાકારમાં હોય છે. માનવી પ્રસ્થાન કરે છે, પ્રગતિ સાધે છે, તેની ટોચે પહોંચે છે, અને કોઇ અકથ્ય પણ અદમ્ય ભૂલના પરિણામે પ્રગતિ-પદથી ભ્રષ્ટ થઈ અધોગતિને પામે છે. આમ તે પરંપરા ચાલ્યા કરે છે આ વિચાર મનુસ્મૃતિમાં આવતા યુગાન્ત પ્રલયકાળ સાથે સામ્ય ધરાવે છે. ગાડાનાં ચક્રની માફક આ ઘટમાળ ચાલી જાય છે. ત્રીજો મત છે આધુનિક વૈજ્ઞાનિકોનો. ડાર્વિન વગેરે તત્વચિન્તકોની શોધથી પ્રેરાઇને આ વિચારકો એમ કહે છે કે પ્રગતિ ખાડા-ટેકરાવાળી પણ એક સ્થિર લીંટી છે. પહેલાં અંધકાર હતો અને હવે દિવસે-દિવસે વિશ્વ પ્રગતિને પંથે વિચરી રહ્યું છે. તેમ તેઓનું કહેવું છે. વચ્ચે અત્યારની ભયંકર લડાઇ જેવો કોઇ ખાડો આવી જાય, પણ તેથી પ્રગતિના મૂળ તાત્વિક સ્વરૂપને બાધ આવતો નથી તેમ તેઓનું માનવું છે.

ગમે તેમ હોય, પણ જ્યારે એટલું નક્કી છે કે મનુષ્ય પરિવર્તનશીલ તેમજ પ્રયત્નશીલ છે તો તેના પ્રયત્નનું ધ્યેય શું? સાંસારિક સુખોના વલખાં મારવાં-તે પ્રયત્નની અહિં ગણત્રી થતી નથી. ખાવું, પીવું અને મોજમઝા કરી પતંગિયાની માફક બળી મરવું-અદૃશ્ય થઇ જવું તે જીવનનું ધ્યેય બની શકે નહિં. તે પ્રગતિનું ચિહ્ન નથી. તે વિચાર સાંકડો, છીછરો અને વ્યકિતગત છે; જ્યારે જુદા જુદા ધર્મોએ અમુક માર્ગનો નિર્દેશ કર્યો છે તે મોક્ષ છે-નિર્વાણ છે. મનુષ્યે પ્રયત્ન કરવાનો-પોતાના ક્ષણિક ઐહિક સુખ માટે નહિં, પણ પારમાર્થિક સુખ-શાંતિ માટે. "સંસાર શું સરસો રહે ને મન મારી પાસ" "To be in the world and yet not of it."—

સંસારમાં રહીને, પણ તેના કાવાદાવા તથા જુઠાણાંથી અલિપ્ત રહીને, પોતાનું મન પ્રભુમાં પરોવવું-આ એક ધ્યેય મનાયું. ઠીક છે. પણ મનુષ્યે જો પ્રયત્ન જ કરવો હોય અને તે માત્ર પોતાના આત્માના ઉદ્ધાર માટે નહિં પણ સમસ્ત જનકલ્યાણ માટે, તો તે જનકલ્યાણ શેમાં રહેલું છે? મનુજ-પ્રગતિનાં શાં ચિહ્ન છે? વિશ્વ ઉપર સ્વાતંત્ર્ય, શાન્તિ, સમાનતા અને પ્રેમ વિશેષ ફેલાય તેમાં જ વિશ્વની પ્રગતિ રહેલી છે, તેમાં જ નિયાનું કલ્યાણ છે, મનુજ પ્રયત્નની સાર્થકતા છે.

તો તે પ્રગતિ કેમ સાધવી? અનેક જવાબ છે, અનેક ઓ છે. યુવાનો કહેશે કે સમાજની આર્થિક ઘટમાળ ફેરવો. આર્થિક અસમાનતા દૂર થતાં, કેટલાંય અનિષ્ટો આપોઆપ દૂર થશે.—આ એક જવાબ. મુત્સદ્દીઓ કહેશે કે રાજકીય સત્તા મેળવ્યાથી ઉપલી પ્રગતિ સાધી શકાશે. જાણે કે કહેવાતા સ્વતંત્ર દેશોમાં કે અન્યત્ર રાજકીય સત્તા હાથમાં લેવાથી આ પૃથ્વી કેમ સ્વર્ગ બની જતી ન હોય?

કોઇ લોકશાસનની વાત કરશે તો કોઇ સરમુખત્યાર પધ્ધતિની વાત કરશે. આ પધ્ધતિથી વિશ્વ અત્યારે કેવી પ્રગતિ સાધી રહ્યું છે, તે આપણે બધાં અનુભવીએ છીએ. ધ્યેયની સિદ્ધિ માટે કોઇ જ્ઞાનની આવશ્યકતા બતાવશે તો કોઇ ભક્તિની. સાચી કેળવણી આપવાથી અજ્ઞાન તિમિર છેદાશે અને જ્ઞાનની મશાલ સાથે મનુષ્ય સાધ્ય તરફ આગેકુચ કરશે. વળી કોઇ એમ પણ કહેશે કે અત્યારના ઉલ્કાપાતો તથા અનિષ્ટોનું કારણ અત્યારની 'પ્રજા'નું ધર્મ તરફ દુર્લક્ષ્ય છે. ધર્મ તરફ લોકોનું વિશેષ ધ્યાન જતાં, પાપો ઓછાં થશે. આ બધા ઉપાયો અમુક અંશે સાચા છે, અમુક અંશે ખોટા છે. કારણ-કાર્યની સંકલનાથી આપણે પરિચિત છીએ. કારણ વગર કાર્ય સંભવે નહિં. મનુષ્યોના વ્યવહારમાં કોઈ એક જ કારણ હોય તેમ બને નહિં. અનેક કારણોને લીધે અમુક કાર્ય કે પરિસ્થિત સંભવે. તો આ રોગ માટે કોઇ એક દવા પૂરતી નથી. માત્ર જ્ઞાનથી કે માત્ર ભક્તિથી સર્વદેશીય પ્રગતિ સાધી શકાય નહિં. કેળવણીનું સ્વરૂપ કે પદ્ધતિ બદલાવવાથી કે આર્થિક અસંગતતા દૂર કર્યાથી સમાજનાં બધાં અનિષ્ટો નાશ પામે તેમ માનવું તે ભૂલભરેલ છે. એક દવાથી સર્વ રોગ નાશ નહિં પામે અસ્તુ.

પણ આપણે પ્રગતિ કોને કહીશું? પ્રગતિનું સ્વરૂપ નક્કી થતાં તેની પ્રાપ્તિના માર્ગની થોડી ઘણી ઝાંખી આપણને સ્વાભાવિક થશે. પ્રગતિ એટલે વિલાસનાં સાધનોની પ્રચુરતા? શું પ્રગતિ એટલે ઐહિક સુખની પરાકાષ્ટા? પ્રગતિ એટલે આધુનિક શોધખોળો? શું પ્રગતિ એટલે આધિભૌતિક સંપત્તિ? અનેક મનુષ્યો આ યુગને પ્રગતિનો યુગ કહે છે, અને તેમ કહેવાનું મુખ્ય કારણ એ કે ગાડાં ગયાં અને વિમાનો આવ્યાં; સાધનો વધ્યાં અને અંતરો ઘટયાં; વિલાસ વધ્યા અને સુખશાંતિ ગયાં! આધિભૌતિક સાધનો સાથે પ્રગતિ જે સાધ્ય છે તેનું આત્મીયત્વ સમજવાથી આ કરૂણ ભૂલ થતી હોય તેમ લાગે છે. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. વિશેષ જ્ઞાન-વિશેષ શોધખોળો સામે વાંધો કોઇને હોઈ શકે નહિં. પણ તે સાધનો કેવી રીતે વપરાય છે-તે ઉપર તેમની સાર્થકતાનો ઘણો આધાર રહે છે સંસ્કૃતિ દિવસે દિવસે સરળ મટી જઇને, વિશેષ જટિલ બને છે. તે પરત્વે પણ કદાચ વાંધો ન હોય. પણ સાધનને સાધ્ય તો કેમ મનાય? સાધ્ય શાંતિ છે, ન્યાય છે, પ્રેમ છે, પ્રગતિ છે. આ શોધખોળોથી તે પ્રગતિ સધાઇ છે? ઇ. સ. ૧૯૧૪-૧૮ નો મહાવિગ્રહ તથા અત્યારનો મહાવિગ્રહ આપણને આંચકો પમાડે છે-વિચારવમળમાં ધકેલે છે. આ સાધનો મનુષ્યની શાંતિમાં કેટલે અંશે ઉપયોગી થયાં તે આપણે વિચારવું રહ્યું.

પ્રગતિ એટલે સાધનોની ભવ્યતા નહિં. પ્રગતિ એટલે સાધનોની વિશાળતા પણ નહિં. પ્રગતિ એટલે સમભાવની ખીલવણી "Real Progress is progress in Charity."

માનવ-બાલકો એક જ પિતાનાં સંતાન છે અને એક બીજા તરફ અનુકંપા, આર્દ્રતા કે આદર વધે-તે જ વાસ્તવિક પ્રગતિ છે. આ પ્રગતિ સાધવામાં જે સાધનો-જ્ઞાન, ભક્તિ કે વિજ્ઞાનની શોધખોળો-ઉપયોગી છે તે સ્વીકાર્ય છે; અન્ય ત્યાજ્ય છે. પણ આવી પ્રગતિને અનુલક્ષીને સમાજ કે વ્યકિત 'પાપ' કે ક્રુરતા આચરે તો તે નિંદાય છે. પણ કોઇ એક રાજ્યસત્તા અનેક જુલ્મો કરે તો

તે સાંખી લેવાય છે. સરમુખત્યારો ખોટા આદર્શના પથ્થરો ઉપર પોતાની પ્રજ્ઞાનું સત્યાનાશ કાઢી રહ્યા છે. તે પ્રજ્ઞા ગભરાટને લીધે સહન કરી લ્યે. પણ આ જાતની હિંસાથી પ્રગતિ-Progress in Charity-સધાય છે? મનુષ્યોમાં સમભાવ વધે છે? સમાજના અનિષ્ટો શું કાયમ માટે દૂર થાય છે? અહિં અન્ય પ્રશ્ન ઉપસ્થિત થાય છે. સાધ્ય અને સાધનનો સંબંધ-Relation of Means to ends. એક એવી ભ્રમિત વિચારશ્રેણિ હતી કે કાર્ય સારૂં હોય તો કારણની મનુષ્યે પરવા કરવી નહિં. અર્થાત્ સાધ્ય શુભ હોય તો તે સાધવા માટે અશુભ સાધનોનો ઉપયોગ મનુષ્ય કે સમાજે કરવો પડે તો તેમાં કશી હરકત નહિં? આ વિનાશાત્મક-હિંસાત્મક-વિચારે અનેક અનર્થો નીપજાવ્યાં છે. આપણે પ્રગતિ સાધવી છે, હૃદયની કોમળતા કેળવવી છે, પ્રાણી માત્રને સમાન દૃષ્ટિથી નિહાળવું છે-અને તે બધું હિંસાના રસ્તે!! તે બની જ કેમ શકે? અન્ન તેવો ઓડકાર. ગંધાતા અન્નમાંથી સુગંધી ઓડકાર સંભવતો નથી.' "Tit for Tat," "**शठं प्रति शाठ्यम्**" આ વાક્યોનો બહોળો પ્રચાર કરતાં પહેલાં પ્રગતિ-વાંચ્છુ વ્યક્તિએ ઘણું વિચારવું રહ્યું. તે શાંતિનો પંથ નથી, તે અધોગામી માર્ગ છે. અધોગામી છે એટલે સહેલો છે, તેમાં પ્રયત્ન નથી. વીરોની અહિંસામાં પ્રયત્ન છે, સંયમ છે, ધૈર્ય છે, ઉદારતા છે, આધ્યાત્મિક ઉત્કર્ષ છે. કુટુંબમાં, સમાજમાં કે દેશમાં પ્રેમ-સ્વભાવ જેટલું કાયમી તથા સરસ કાર્ય કરે છે, તેટલું દ્વેષ કે હિંસા કરી શકતાં નથી.

હિંસા હિંસાને ઉત્પન્ન કરે છે. મદ, મોહ, ઇર્ષ્યા કે લોભથી-આ અનિષ્ટ સાધનોથી-કોઇએ પોતાની કે સમાજની પ્રગતિ સાધી હોય તેવું સ્મરણમાં નથી. વિજેતાની હિંસાનો ચળકાટ થોડો વખત દેખાય, પણ વીજળીના ઝબુકાની પેઠે તે ચળકાટ ક્ષણિક-અલ્પજીવી છે. સત્તાનું સુખ થોડો સમય દેખાય, પણ તે સુખાભાસ મૃગજળ જેવો છે. અહિં એક એવી દલીલ કરવામાં આવે છે કે અહિંસાવાદ મનુષ્યસ્વભાવને વીસરી જાય છે. અહિંસાને રસ્તે મનુષ્યને સુધરતાં કે સમજતાં અનિષ્ટોને દૂર કરતાં ઘણો સમય લાગશે. હિંસાના એક ધડાકાથી તોફાની મનુષ્ય શાંત બનશે અને સામાજિક, રાજકિય કે આર્થિક અનિષ્ટો પળવારમાં નષ્ટ થશે આમ કહેનાર બે ભૂલો કરે છે-(૧) મનુષ્ય સ્વભાવને અન્યાય અને (૨) સમગ્ર ઇતિહાસનું અજ્ઞાન. માનવસ્વભાવ પાપી છે અને તે ઠોકર સિવાય સુધરી શકે તેમ નથી-તેમ કહેવું તે અજાણતું છે. મનુષ્યમાં સત્વ, રજસ્ અને તમસ્:-એમ ત્રણ તત્ત્વો છે. ત્યારે મનુષ્યને માત્ર તિમિરથી ભરેલ ચીતરવો-તે ઠીક નથી. ફ્રેંચ્યાનાંઓનો ઇતિહાસ, માનસ શાસ્ત્રીઓના અનુભવો કંઇક જૂદું જ કહે છે. માનવ સ્વભાવ બદલે છે અને અહિંસાથી-પ્રેમથી તે મારા માટે બદલે છે.

બીજુ વિપ્લવથી-હિંસાથી સર્વે અનિષ્ટો નાશ પામે છે-આમ કહેવું તે પણ યથાર્થ નથી. ફ્રાંસની ક્રાંતિનો દાખલો લ્યો. જેટલી ઉતાવળ, જેટલી હિંસા તેટલી વિશેષ પીડા. તે વિપ્લવ પછી ફ્રાંસને ઘણું વેઠવું પડ્યું. લોકોનું અજ્ઞાન, આવેશનો ઉભરો, લશ્કરી સત્તા, નેપોલિયનની સરમુખત્યારી, ખુનખાર લડાઇઓ અને વિગ્રહની અનેક યાતનાઓ. Aldous Huxley ખરૂં કહે છે કે "The more vioelnce, The less revolution." હિંસાથી પ્રતિહિંસા જન્મે છે, વહેમ-ક્રોધ વધી જતાં બીજી લડાઇની ભૂમિકા તૈયાર થાય છે. આમ હિંસાની પરંપરા શરૂ થાય છે. વિગ્રહ પછી પણ પ્રેમનો-અહિંસાનો ઉપયોગ-બહુ મોડું ન થાય તે પહેલાં-જો થાય છે તો હિંસાની સાંકળનો એક મણકો તૂટે છે. અસ્તુ.

રાજકીય પ્રદેશમાંથી હવે આવીએ સામાજિક ક્ષેત્રમાં. સમાજમાં કેટલાય સુધારાની આવશ્યકતા છે-તે તો નિર્વિવાદ છે. હિંદુ સમાજનાં વહેણ ડહોળાઇ ગયાં છે. સમાજનાં નીર શુદ્ધ બનવાં જોઇએ યુવકો ઝડપી સુધારા માટે થનથની રહ્યા હોય તે સહજ છે. 'થાહોમ કરીને પડો, કૃતેહ છે આગે' એ સૂત્ર વીર નર્મદનું તેમનો મંત્ર ભલે હોય. પણ આ ક્ષેત્રમાં જેટલી હિંસા-બળજોરી-થશે તેટલી પ્રગતિ વિલંબાશે તે વિસરવું ન જોઇએ. અહિંસા-જ્ઞાન-કેળવણી અને પ્રેમપૂર્વક સમજાવટ-ની અસર આ સામાજિક કે ધાર્મિક ક્ષેત્રમાં પણ શુભ અને કાયમી થશે તેમ મારૂં માનવું છે. એકાદ વ્યકિત Iconoclast પ્રણાલિકા-ભંજક નીકળે, પણ સમસ્ત સમાજ તે વીરની ગતિએ ચાલી શકતો નથી. એ તો દલપતરામની માફક "સજ્જનો, સમજાવો, ધીમે ધીમે સુધારાનો સાર" શાંતિથી પ્રેમથી, અહિંસાથી કામ કરવું રહ્યું. ભૂત, વર્તમાન તથા ભાવીની એક સાંકળ છે. ભાવી રચવાનું છે વર્તમાનમાં, પણ ભૂત તે સર્વનો આધાર છે. ભૂતકાળનાં શુભ તત્ત્વો લઇ, વર્તમાનનાં શુભ તત્ત્વો સાથે તેમનો સમન્વય કરી શકીએ તો જ ભવ્ય ભાવી રચી શકીએ. સમન્વય શું પ્રગતિ નથી? It is progress in understanding. બીજુ સાધારણ સમાજ રૂઢિપૂજક હોય છે. સુધારકો તેમને સમજાવશે, જ્ઞાન-જ્યોત તેમની આગળ ધરશે, સહિષ્ણુતા રાખશે. અહિંસાના રસ્તે જશે, તો જરૂર તે સ્થિતિચુસ્ત સમાજને પોતાની સાથે આગળ લઇ શકશે. તે પ્રગતિ છે, વ્યક્તિની અને સમાજની સમભાવની ખીલવણી છે.

ભારતવર્ષ તો અહિંસાની પાઠશાળા છે. શ્રી રામ, કૃષ્ણ શંકરાચાર્ય, બુધ્ધ, મહાવીર સ્વામી, વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી કે કવિવર ટાગોરના ભારતવર્ષને પ્રગતિના પાઠ પઢાવવાના હોય નહિં. ભારતીય સંસ્કૃતિ એટલે સમભાવની સંસ્કૃતિ-સમન્વયની સંસ્કૃતિ. માંદાઓની શુશ્રુષા કરવી, દરિદ્રનારાયણોને સહાય કરવી, નિરક્ષરોને અક્ષર-જ્ઞાન આપવું-તે અહિંસાનું ક્ષેત્ર છે. સંયમ, ધૈર્ય, શાંતિ, સત્ય, જ્ઞાન, પ્રેમ તે અહિંસાવાદીના ગુણ છે. અહિંસા શક્તિશાળીની છે તે વિસરતા નહિં. અહિંસા બાહ્યાચાર નથી; તે તો આત્મિક ગુણ છે.

આ પ્રકારની અહિંસાની સાર્થકતા માટે રીચર્ડ ગ્રેગે પોતાના "The power of non-violence" નામના પુસ્તકમાં સચોટ લખ્યું છે; મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનમાં તેમજ દેશમાં અહિંસાની સાર્થકતા સાધી તે આપણે જાણીએ છીએ. જૈન યુવક આ અહિંસાથી સંસારના અનેક ઝંઝાવાતો પર વિજય મેળવી પ્રગતિ-Progress in charity સાધે એજ અભિલાષા.* **મનુભાઇ પી. વૈદ્ય.**

* ગયા વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલું વ્યાખ્યાન.

(પૃષ્ઠ ૧૫૮ થી ચાલુ)

કે ઠેસ વાગી જ છે; એટલે વળી તે સીધે માર્ગે ચડી જાય છે. તેથી સત્યની આરાધના એ ભકિત છે, ને ભકિત તે 'શીરતાણું સાદું' છે; અથવા તે હરિનો માર્ગ હોઇ તેમાં કાયરતાને સ્થાન નથી. તેમાં હાર જેવું કંઇ છે જ નહિ. એ 'મરીને જીવવાનો મંત્ર' છે.

આ પ્રસંગે હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ, રામચંદ્ર ઇમામ હસનહુસેન, ખ્રિસ્તી સંતો વગેરેના દૃષ્ટાન્તો વિચારી જવાં જોઇએ. આ રટણ સહુ, નાના તેમજ મોટાં સ્ત્રી પુરૂષ ચાલતાં, બેસતાં, ખાતાં પીતાં, રમતાં બધું કરતાં કર્યા જ કરે, ને તે કરતાં કરતાં નિર્દોષ નિદ્રા લેતાં થઇ જાય તો કેવું સારૂં! એ સત્યરૂપ પરમેશ્વર મારે સારૂ રત્નચિંતામણિ નીવડેલ છે; આપણુ બધાંને સારૂ નીવડો!!!

મહાત્મા ગાંધીજી.

સન્ત ફ્રાન્સિસ.

(પૃષ્ઠ ૧૫૦ થી ચાલુ)

જમાં જ્યાં સુધી અસમાનતા અને અન્યાય છે ત્યાં સુધી, આખા દિવસની મજૂરીને અંતે, બે ટંક પેટ ભરીને ખાવા જેટલું માણસને મળી રહેશે એવી ખાતરી ન અપાય. દુનિયાના વિનિમયમાં જ્યાં સુધી અન્યાય રહેલો છે, ત્યાં સુધી આ મુશ્કેલી રહેવાની જ. એ મુશ્કેલી દૂર કરવાનું કામ સંતોનું નથી, પણ સમાજધુરીણોનું છે. અંગ ભરીને કામ કરે તેને પેટભર ખાવાનું અને આંખભર ઉંઘવાનું મળવું જ જોઇએ. એમ ન થાય ત્યાં સુધી સાધુઓને માટે મજૂરી અને ભિક્ષા બંનેનો આશ્રય લેવાનો રહેશે જેમને ધર્મની પડી નથી એવી કેટલીક રખડેલ કોમો ભિક્ષા, મજૂરી કારીગરી, ધીરધાર, અને ચોરી, બધાનું એક સામટું પાલન કરે છે એવું જોવામાં આવે છે. સાધુઓ એમાંથી કેવળ બે જ માર્ગોનું અવલંબન કરી શકે છે. એથી બહાર જાય તો ઇશ્વરને ભૂલી જવાય.

સંત ફ્રાન્સિસને ધર્મવચન પ્રમાણે પોતાના જીવનમાં ફેરફાર કરવા હતા; જ્યારે આસપાસના લોકોને પોતાને પોષાય એવું જીવન ચલાવવા માટે ધર્મવચનના અર્થમાં ફેરફાર કરવો હતો. સંત ફ્રાન્સિસની નિષ્ઠા ઇશુ ખ્રિસ્તના જીવન અને આદેશ ઉપર સોએ સો ટકા હતી. ઇશુ ખ્રિસ્તના એકેએક વચનનો સીધો સ્પષ્ટ અર્થ લઇ તે પ્રમાણે તે ચાલતો. વ્યવહાર આડે આવે તો વ્યવહારે નમતું આપવું જોઇએ, નહિ કે સદ્‌ગુરુનાં વચને. આ ઉગ્રતા ધર્માધિકારીઓમાં ક્યાંથી હોય? એથી એમની સાથે મુશ્કેલીઓ ઉત્પન્ન થતી. પણ સંત ફ્રાન્સિસે પોતાની પાસે અધિકાર સરખો ન રાખ્યો એટલું જ નહિ, પણ ધર્માધિકારીઓના દોષો જોવાની પણ એણે ના પાડી. તેથી ધર્મતંત્ર સાથે લડવામાં એને પોતાની શક્તિ વાપરવી ન પડી. આત્મશુદ્ધિ, પ્રાણીપ્રેમ, રુગ્ણસેવા અને રોગનિવારણ, એ જ એનું મુખ્ય કાર્ય હતું. લોકોમાં ઇશ્વરનિષ્ઠા આવી જાય તો બાકી બધું એની મેળે સરખું થઇ જશે, એવો એનો વિશ્વાસ હતો. અને ઇશ્વરનિષ્ઠા માટે મન અને ઇંદ્રિયો પર વિજય મેળવવો જ જોઇએ, એટલું એને સ્પષ્ટ થયું હતું.

આમ ધર્મપ્રચાર કરતાં એણે પોતાના શ્રાવકોને જે સૂચનાઓ આપી હતી એમાંથી બે સૂચનાની અસર સમાજનું સ્વરૂપ ફેરવવામાં જ થઇ. પોતાના શ્રાવકોએ શસ્ત્રધારણ નહિ કરવું એવો એનો આદેશ હતો. શ્રાવકોએ પોપ માગે તે ઉપરાંત બીજે ક્યાંય સોગન ન ખાવા જોઇએ, એવો પણ એનો એક આદેશ હતો. સંત ફ્રાન્સિસના જમાનામાં આખા યુરોપમાં સરંજામ પદ્ધતિ (Feudal System) હતી. એમાં દરેક વ્યક્તિને કોઇ ને કોઇ સરદાર પ્રત્યે સોગન ખાવા પડતા અને એના વતી વફાદારીથી લડવું પડતું. સંત ફ્રાન્સિસે જોયું કે આ સોગનથી સમાજમાં ક્ષુદ્ર સંગઠનો પેદા થાય છે અને નકામા વિગ્રહો ચાલતા રહે છે. સંકુચિત સંગઠનને પરિણામે ધર્મની વ્યાપકતા નષ્ટ થાય છે અને માનવતા ઝાંખી પડે છે.

સંત ફ્રાન્સિસ જેવા ધાર્મિક પુરુષોની અલૌકિક સમાજસેવા જોઇ આજનો જમાનો પૂછે છે, 'શું આ બધું કરવા માટે ઇશ્વરનિષ્ઠા અને ઇશ્વરનો સાક્ષાત્કાર જરૂરનાં જ છે?' આનો જવાબ હજી 'ના' માં આપાયો નથી. માનવપ્રાણીએ જ્યાં જ્યાં અલૌકિક સામર્થ્ય બતાવ્યું છે, અલૌકિક નિષ્ઠા બતાવી છે, અડગ શાંતિ અને અખૂટ ધીરજ બતાવી છે, ત્યાં ત્યાં એ ઇશ્વરનિષ્ઠાના આધાર ઉપર જ પ્રગટ થવા પામી છે, એ અત્યાર સુધી સર્વ કાળનો અને સર્વ દેશનો નિરપવાદ અનુભવ છે. સાધુસંતોએ પોતે પોતાના સાક્ષાત્કારને આધારે પોતાના અનેક અનુયાયીઓને સમાજસેવાના માર્ગમાં દોરવાનો પ્રયત્ન કર્યો છે. પણ અનેક કેસોમાં અનુભવ થયો છે કે, પરાયી મૂડી લાંબે સુધી પહોંચતી નથી. **पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः।** બાળકોને ખાવાને દ્રાક્ષ જોઇએ છે, પણ બારણે એના વેલાનાં મૂળિયાં સહન નથી થતાં.

૨

આજથી બરાબર સાત વરસ ઉપર યુરોપે સંત ફ્રાન્સિસની ૭૦૦ મી પુણ્યતિથિ ઊજવી હતી. એ પ્રસંગે ચારે કોર ફ્રાન્સિસની જીવનસાધના અને જીવનકાર્યનું અધ્યયન થયું હતું. એ પ્રસંગે સંત ફ્રાન્સિસ ઉપરના અનેક ગ્રંથો વાંચી એનું નવનીત મહાદેવભાઇએ નવજીવનના વાચકોને બારેક લેખોમાં આપ્યું હતું. જગતના મહાન સંતો એ કેવળ તે તે ધર્મનો કે દેશનો વારસો નથી. આપણામાં સાચી ધર્મનિષ્ઠા હોય તો આપણે બધા સંતોનું સગપણ સહેજે જોઇ શકીશું. ફ્રાન્સિસનું ચરિત્ર વાંચી જેમ ભાવનાશીલ ખ્રિસ્તી વધારે સાચો ખ્રિસ્તી બને છે, તે જ પ્રમાણે એ ચરિત્ર વાંચી દરેક સત્યરથ હિંદુ વધારે સાચો હિંદુ બનશે; અને દરેક મુસલમાન પણ, સુલતાન મલેક-ઉલ-કામિલની પેઠે જ, ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યા વગર. ફ્રાન્સિસની ધાર્મિકતાની કદર કરી શકશે. મહાદેવભાઇના ભક્ત હૃદયે આ સંતકથા તારવેલી હોવાથી, એમાં અથથી ઇતિ સુધી ધાર્મિકતાની સુવાસ કાયમ રહેલી છે. સંત ફ્રાન્સિસનો ઉપદેશ મહાદેવભાઇના શબ્દોમાં અહીં રજૂ કરી આ સંતજીવનનું મનન પૂરું કરીએ.

"સંત ફ્રાન્સિસ ધનને નરકમાં લઇ જનારી માયા સમાન માનતો. બીજાના ધનનો તેને દ્વેષ નહોતો. સંસારીઓને પણ તે, ધન ઇશ્વરે આપેલી અનામત છે એમ ગણી, બીજાની સેવાર્થે જ વાપરવાની સલાહ આપતો. પણ પોતાને અને પોતાના સંઘને તો એ ધનની અનામત રાખવાની જવાબદારીમાંથી પણ ઇશ્વરે મુક્ત કર્યા છે, એમ તે વારંવાર સમજાવતો." એનું પ્રખ્યાત વચન છે. "સંસારનાં બધાં પ્રલોભનો અપરિગ્રહ વૃત્તિ આગળ ટકી જ ન શકે."

* * *

પોતાના શિષ્યોને ઉપદેશ કરતાં એણે કહેલું :

"ઇશ્વરે આપણને આપણો ઉધ્ધાર કરવા નથી ઉત્પન્ન કર્યા. પણ લોકોનો ઉધ્ધાર કરવા ઉત્પન્ન કર્યા છે. આપણે અભણ છીએ, આપણે નાનકડા નજીવા છીએ, એવી લાગણીથી હતાશ થશો નહિ. ઇશ્વરનું કાર્ય સૌ કોઇ કરી શકે. આપણે તો લોકોને પશ્ચાતાપ કરી સન્માર્ગે જવાનું જ કહેવાનું છે, તેમાં શી મોટી વાત છે? આપણે કયાં કોઇને ભારે પડવું છે? અને આપણું કોઇ ન સાંભળે તો શી હરકત? એમાં આપણું સાંભળવાપણું છે પણ કયાં? હું તો ખાતરી આપું છું કે આપણને જ્યાં ત્યાં આવકાર મળશે, ઘણા માણસો આપણા ભેગા થશે અને આપણું કુટુંબ વધશે."

* * *

"સંઘમાં દાખલ થનાર દરેકે જાડામાં જાડાં ગરીબમાં ગરીબને મળે એવાં કપડાં પહેરવાં, કારણ ઝીણાં કપડાં તો રાજારજવાડાને શોભે. સંઘમાં દાખલ થનારે સત્તાની ગંધને પણ પાસે ન આવવા દેવી. જે વધારેમાં વધારે નમ્ર અને

અને વધારેમાં વધારે મજૂરી અને સેવા કરે તે મોટામાં મોટો. પોતાનો જે જે ધંધો નિસર્ગપ્રાપ્ત હોય તે તે ધંધો કરવો અને તેમાંથી રોટી મેળવવી. પરસેવો પાડ્યા વિના મેળવેલી રોટી હરામ ગણવી. સેવાને બદલે ભિક્ષા મળે તો પેટપૂરતી ભિક્ષા સ્વીકારવી, પણ કુટીપ્રદામ સરખું દામ ગાંઠે ન બાંધવું. ગર્હ્યમાં ગર્હ્ય માણસનો, અંત્યજ જેવા ગણાતાનો, સંસર્ગ કરવો અને તેને આશ્વાસન દેવું. સેવા કરવી તે મૂંગી કરવી. કોઇની સામે વિરોધની વરાળ સુધ્ધાં ન કાઢવી. 'સલામત રહો' કહીને સેવાર્થે જ્યાં ત્યાં હાજર થવું. અને કોઇ તરછોડે તો શાંતિથી વિદાય લેવી. જ્યાં ત્યાં પ્રભુના આદેશનો પ્રચાર કરવો, પોતાના પાપની કબૂલાત કરવી, અને તેમ કરીને પ્રાયશ્ચિત કરતાં શીખવવું."

* * *

"નમ્રતા કદી ન ભૂલજો, વ્યર્થ વચન ન બોલજો, વ્યર્થ આચરણ ન કરજો. બહાર પ્રવાસ કરતાં છતાં આશ્રમમાં જ રહેતા હો તેમ રહેજો. આ શરીર છે તે આપણો આશ્રમ છે, અને શરીરમાં જે આત્મા છે તે પરિવ્રાજક છે. એ પરિવ્રાજકે સદા પ્રાર્થના કરીને, ઈશ્વર-પ્રણિધાનથી, એ આશ્રમને પવિત્ર રાખવો જોઇએ. આત્મા પોતાના આશ્રમમાં શાંતિ ન મેળવે તો બાહ્ય આશ્રમ બાંધીને શાંતિ ક્યાં પામશું?"

* * *

"મેં મારા હાથે કામ કર્યું છે અને જીવીશ ત્યાં સુધી કરીશ. અને હું ઇચ્છું છું કે બીજા સૌ ભિક્ષુકો એ હાથ-મહેનત ન છોડે. જેને કોઇ પ્રમાણિક ધંધો ન આવડતો હોય તે શીખી લે,—તેમાંથી ધન મેળવવાને નહિ, પણ તેને જોઇને બીજા શીખે તે માટે, બીજા આળસુ ન બને તે માટે. મજૂરી કર્યા છતાં સમાજ મજૂરી ન આપે તો ઇશ્વરના ભંડારમાંથી માગી લેજો—ઘેર ઘેર ભિક્ષા માગજો."

* * *

"જેટલી અમલમાં મૂકી હોય તેટલી જ વિદ્યા છે, જેમ ધર્મીનો ધર્માચાર જ તેની ખરી પ્રાર્થના છે. ભીડને સમયે અને લડતને સમયે જે માણસ પુસ્તકજ્ઞાન ઉપર આધાર રાખશે તે માણસ હાથ ઘસવાનો છે."

* * *

'ભાઇ, હું તો એક પુસ્તકને જાણું છું. તે પુસ્તકમાં જે લખેલું છે તે પ્રમાણે વર્તવાને સહુને કહું છું. તમારે એક તો ગરીબ કહેવડાવવું છે અને વળી મોટા પંડિત ને રાજા બનીને જગતમાં વિચરવું છે! મને તો એ ઢગલો પુસ્તકો ન જોઇએ—એ માત્ર બાઇબલ હોય તો. પણ મારે શું? તમારે કરવું હોય તેમ કરો. માત્ર મારી રજા ન માંગો."

* * *

"હે પ્રભુ! જો અધિકાર આપવો હોય તો એક જ અધિકાર આપ: મનુષ્યની પાસે એક પણ અધિકાર મેળવવાની જરૂર ન રહે એ અધિકાર આપ"

* * *

"મને તો ઇશ્વરને જે ગમે તે બહુ ગમે."

અંતકાળે સંત ફ્રાન્સિસ બોલ્યો:

"હવે મારાં કપડાં ઉતારી લો અને મને ધરતી પર સુવાડો. ઇશ્વર સિવાય મારું કશું જ નથી. મેં મારું કર્તવ્ય કર્યું. ઇશ્વર તમને તમારું બતાવો."

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સત્ય.

આપણી સંસ્થાનું મૂળ જ સત્યના આગ્રહમાં રહ્યું છે. તેથી સત્યને પહેલું લઉં છું.

'સત્ય' શબ્દ સત્માંથી છે. સત્ એટલે હોવું. સત્ય તે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઇ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે એમ કહેવાં કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે. આપણું રાજ્યકર્તા વિના, સરદાર વિના ચાલતું નથી. તેથી પરમેશ્વર નામ વધારે પ્રચલિત છે અને રહેવાનું. પણ વિચાર કરતાં તો 'સત્' કે 'સત્ય' એ જ ખરું નામ છે ને એ જ પૂર્ણ અર્થ સૂચવનારું છે.

અને જ્યાં સત્ય છે ત્યાં જ્ઞાન-શુધ્ધ જ્ઞાન-છે જ. જ્યાં સત્ય નથી ત્યાં શુધ્ધ જ્ઞાન ન જ સંભવે. તેથી ઇશ્વર નામની સાથે ચિત્ એટલે જ્ઞાન શબ્દ યોજાયો છે. અને જ્યાં સત્ય જ્ઞાન છે ત્યાં આનંદ જ હોય, શોક હોય જ નહિ. અને સત્ય શાશ્વત છે તેથી આનંદ પણ શાશ્વત હોય. આથી જ ઇશ્વરને આપણે 'સચ્ચિદાનંદ' નામે ઓળખીએ છીએ.

આ સત્યની આરાધનાને ખાતર જ આપણી હસ્તી. તેને જ કારણે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ. તેને જ કારણે આપણે પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ લઇએ. આમ કરતાં શીખીએ તો આપણને બીજા બધા નિયમો સહેજે હાથ આવે, ને તેમનું પાલન પણ સહેલું થઇ પડે. સત્ય વિના કોઇ પણ નિયમનું શુદ્ધ પાલન અશક્ય છે.

સામાન્ય રીતે સત્ય એટલે સત્ય બોલવું એટલું જ આપણે સમજીએ છીએ. પણ આપણે વિશાળ અર્થમાં સત્ય શબ્દ યોજ્યો છે. વિચારમાં, વાણીમાં ને આચારમાં સત્ય એનું સત્ય. આ સત્ય સંપૂર્ણપણે સમજનારને જગતમાં બીજું કંઇ જાણવાપણું નથી રહેતું. કેમકે જ્ઞાન માત્ર તેમાં સમાયેલું છે એમ આપણે ઉપર જોયું. તેમાં જે ન સમાય તે સત્ય નથી, જ્ઞાન નથી; પછી તેમાં ખરો આનંદ તો હોય જ ક્યાંથી? આ કસોટી વાપરતાં શીખી જઇએ તો આપણને તુરત ખબર પડે કે કઇ પ્રવૃત્તિ કરવા યોગ્ય છે, કઇ ત્યાજ્ય છે; શું જોવા યોગ્ય છે, શું નથી.

પણ સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુરૂપ છે તે કેમ જડે? તેનો જવાબ ભગવાને આપ્યો છે: અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યની જ તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિષે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. આમ છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરશું, તેથી ગભરાવાનું કશું કારણ નથી. જ્યાં શુધ્ધ પ્રયત્ન છે ત્યાં નોખાં જણાતાં બધાં સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. પરમેશ્વર પણ કયાં પ્રત્યેક મનુષ્યને નોખો નથી જણાતો? છતાં તે એક જ છે, એમ આપણે જાણીએ છીએ. પણ સત્ય નામ જ પરમેશ્વરનું છે, તેથી જેને જે સત્ય ભાસે તે પ્રમાણે વર્તે તેમાં દોષ નથી એટલું જ નહિ પણ તેજ કર્તવ્ય છે. પછી તેમ કરવામાં ભૂલ હશે તો પણ સુધરી જવાની છે જ. કેમકે સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય, એટલે પોતે દુઃખ સહન કરવાનું હોય, તેની પાછળ મરવાનું હોય, એટલે તેમાં સ્વાર્થની તો ગંધ સરખીયે ન હોય. આવી નિઃસ્વાર્થ શોધ કરતાં આજ લગી કોઈ આડે માર્ગે છેવટ લગી ગયું નથી. આડે જણ

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૬ જુઓ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

કિંમત બે આના શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૨
અંક : ૧૭

મુંબઇ : ૩૧ ડીસેમ્બર ૧૯૪૦ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

મજૂરીની સાચી કિંમત.

[અમદાવાદ ખાતે તા. ૪-૧૨-૪૦ ના રોજ 'મજૂર દિન'ની ઉજવણી અંગે પ્રમુખસ્થાનેથી શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળાએ આપેલું પ્રેરક ભાષણ.]

મહેનતુ બહેનો ને ભાઇઓ,

આજે તમારા ૨૩મા જન્મદિવસ માટે તમને અભિનંદન આપવાં જોઇએ અને તે આપું છું. સાથે સાથે જે પરિસ્થિતિમાં આપણે ભેગા થયા છીએ અને જેને લીધે મારા જેવા અદના માણસને પ્રમુખ થઇ બેસવું પડે છે તેનો પણ ઉલ્લેખ કરવો જોઇએ. આ સ્થાન માટે હું લાયક નથી. આવા મોટા કામ માટે જેઓ લાયક છે તેઓ જેલમાં છે. અહીં તો સરદાર શોભે, બેર સાહેબ શોભે, શ્રી. મોરારજીભાઇ શોભે પણ તે બધા તો જેલમાં ગયા છે. શા માટે ગયા છે તે તમે જાણો છો. તે ઉપરાંત મજૂરોની સેવા કરવામાં જેમણે આખું જીવન અર્પણ કરેલું છે તે ત્રણ સેવકો શ્રી. શંકરલાલભાઇ, પૂ. અનસૂયાબહેન અને ભાઇ ગુલઝારીલાલ માંદગીને લીધે આપણી પાસે નથી. એમની ગેરહાજરીથી મને, તમને અને બધાને દિલગીરી ઉપજે છે છતાં કામ તો કરવાં જ રહ્યાં.

જન્મદિવસ

ચોથી ડિસેમ્બર એ તમારો-મજૂર ચળવળનો જન્મદિવસ છે. બુદ્ધ ભગવાન કયારે જન્મ્યા તે કોઇ જાણતું નથી, પણ તેઓ ગમે ત્યારે જન્મ્યા હોય છતાં તેમનો જન્મદિવસ તો ઉજવવો જ જોઇએ. એટલે જે દિવસે તેમને જ્ઞાન થયું-વૈશાખ સુદ ૧૫-તે જન્મદિવસ ગણાયો. ૩૬ વર્ષની ઉંમરે બુદ્ધ ભગવાનને જ્ઞાન થયું અને તે દિવસ જન્મદિવસ તરીકે ઊજવાય છે. માણસ આ દુનિયામાં કયારે જન્મે છે તે મોટા લોકોને ઘેર દીપણામાં નોંધાય છે પણ મજૂરોને ત્યાં થોડું જ નોંધેલું હોય છે ? જે દિવસે મજૂરો જાગૃત થયા, તેમને તેમની શક્તિનું ભાન થયું તે તેમનો જન્મદિવસ. તેથી આ દિવસ ઉજવાય છે અને તે સાર્થક પણ છે. ૨૩ વર્ષ થયાં એટલે મજૂરવર્ગ ઠીક જુવાનીમાં આવી ગયો કહેવાય. ૨૩ વર્ષનો જન્મદિવસ ઉજવવાની તક મળી તે માટે આનંદ માનીએ. આજે સવારે તમે તમારા ઉત્સાહથી-બીજાના પ્રશ્નારા વિના પોતે જ શહેરના જુદા જુદા મહોલ્લાઓમાં આ ઉત્સવ ઉજવ્યો તે બહુ આનંદની વાત છે.

મજૂર ભાઇઓ પ્રત્યે પૂ. મહાત્માજીનો સંદેશો

કિશોરલાલભાઇનું ત્યાં આવવું મારા આવવા સમાન માનું છું. જ્યારથી તમારા સંબંધમાં હું આવ્યો છું ત્યારથી મેં તમને સમજાવવાની કોશિશ કરી છે કે તમારી મુક્તિ તમારા હાથમાં જ છે. **મજૂરીની કિંમત, તેટલી જ મજૂરીની નાણાંની કિંમત કરતાં બહુ વધારે છે.** મજૂરીની કિંમતમાં તમારી ઇચ્છા પ્રમાણે તમે વધઘટ કરી શકો છો પણ જ્યારે તમે વટાવો ત્યારે તેની કિંમત તો અંકાઇ ગઇ. આ વાત તમને ઝીણવટથી કિશોરલાલભાઇ સમજાવશે.

આપના આશીર્વાદ.

મજૂરીની સાચી કિંમત

હવે આજના ખાસ વિષય પર આવું. પૂજ્ય ગાંધીજીએ તેમના સંદેશામાં જે વાક્ય લખ્યું છે તેનો વિસ્તારથી અર્થ સમજાવવાની તેમણે મને આજ્ઞા કરી છે અને તે આજ્ઞાનું મારે પાલન કરવું છે. વાક્ય ટૂંકું છે, ભાષા કાંઇક અટપટી લાગે છે, પણ થોડોક વિચાર કરતાં જણાશે કે પૂ. ગાંધીજીએ થોડામાં મોટી વાત લખી છે. એમણે લખ્યું છે કે "તમારી મુક્તિ તમારા હાથમાં છે. મજૂરીની કિંમત તેટલી જ મજૂરીની નાણાંની કિંમત કરતાં બહુ વધારે છે" એટલે શું ? એક દાખલાથી એ સમજી શકો. ધારો કે સાબરમતી નદીમાં પૂર આવેલું છે, જ્યાં પૂલ નથી અને હોડી પણ ચાલતી નથી. ત્યારે કેટલાક તારાનું કામ કરે છે અને સામે પાર પહોંચાડે છે. ઘણાં ગામડાંઓમાં આવી વ્યવસ્થા હોય છે એના બદલામાં તારાને પૈસો બે પૈસા આપવામાં આવે છે પણ જો તે પાંચ રૂપિયા માગે તો તે તમે આપશો ? તમે કહેશો કે ભાઇ બે પૈસા લે, આનો લે, પાંચ રૂપિયા તો બહુ કહેવાય. તે કહેશે-તમને સહીસલામત પહોંચાડયા, વહેણમાં તમને તણાવા ન દીધા, વમળમાંથી બચાવ્યા તેની કિંમત શું બે પૈસા ? તો આપણે કહીએ કે તેની કિંમત તો થઇ શકે જ નહિ જીવનની કિંમત પાંચ રૂપિયાના કરતાં ઘણી વધારે છે-તારા કામની કિંમત પાંચ રૂપીયા નથી. તું મારો પ્રાણદાતા-તારણહાર થયો તે જ સાચી કિંમત છે. પણ જો તેના મહેનતાણાનો વિચાર કરીએ તો જુદી રીતે કિંમત આંકવી જોઇએ.

મહેતાણું અને મજૂરીની કિંમત

એ પ્રમાણે મજૂરો કામ કરે છે તેનું જે મહેનતાણું એક રૂપિયો, બે રૂપિયા કે દશ રૂપિયા અપાય છે તે તેની મજૂરીની કિંમત નથી. મહેનત મારફતે તે પોતાનું જે રીતે જીવન ઉન્નત કરે છે, તે સમાજની સેવા કરે છે તે એની કિંમત. હિંદમાતાને તમે ઢાંકો છો તેની કિંમત ચૂકવી શકાય નહિ. તેની પાંચ દશ

(અનુસંધાન પૃષ્ટ ૧૬૯ જુઓ)

કેળવણીપ્રચાર, બેકારીનિવારણ અને ઐક્યપ્રતિષ્ઠા.

(શ્રી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સના નિંગાળા ખાતે તા. ૨૫-૧૨-૪૦ ના રોજ એકત્ર થયેલ અધિવેશનના પ્રમુખ શ્રી. છોટાલાલ ત્રીકમલાલ પારેખના ભાષણનો ઉપયોગી વિભાગ નીચે આપવામાં આવે છે. તંત્રી.)

કૉન્ફરન્સની ઉત્પત્તિ અને ભૂતકાળ

આ કૉન્ફરન્સની ઉત્પત્તિ ઇ. સ. ૧૯૦૨ માં એટલે આજથી ૩૮ વર્ષ પહેલાં થયેલી છે. આ કૉન્ફરન્સનું પ્રથમ અધિવેશન મારવાડમાં ફલોધી તીર્થ ખાતે આ કૉન્ફરન્સના પિતા સમાન લેખાતા શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાની રાહબરી નીચે ભરવામાં આવેલું. ત્યાર બાદ ઉત્તરોત્તર વધારે ને વધારે ભવ્ય અધિવેશનો ભિન્ન ભિન્ન સ્થળે ભરાયાં અને તેમાં તે વખતના આગેવાન શેઠીઆઓ તેમજ વિદ્વાનો સારા પ્રમાણમાં ભાગ લેતા. આ સંસ્થા શરૂઆતનાં વર્ષોમાં સારા પ્રમાણમાં ફાલી ફુલી છે અને જૈન સમાજમાં સારું સ્થાન મેળવ્યું છે. અધિવેશન પ્રસંગે પ્રતિનિધિઓ તેમ જ પ્રેક્ષકો સારી સંખ્યામાં હાજર થતા તેમ જ મોટી મોટી રકમની સખાવતો જાહેર કરવામાં આવતી. આમ એક વખત આ કૉન્ફરન્સની સંસ્થાનું આખા જૈન સમાજ ઉપર સારું પ્રભુત્વ હતું અને સમાજને પણ આ સંસ્થા ખૂબ ઉપયોગી સેવા આપતી.

કૉન્ફરન્સની આજની પરિસ્થિતિ

આજે એ સ્થિતિ રહી નથી. આજે કૉન્ફરન્સ વિષે લોકોનો ઉત્સાહ અતિ મન્દ દિસે છે. કેટલાક સ્થળોએ કૉન્ફરન્સના પ્રશ્ન ઉપર પક્ષો પડી ગયા છે. કૉન્ફરન્સનાં અધિવેશનો બહુ જ લાંબા ગાળે ભરાય છે. આ અધિવેશનો ભરવા માટે બહુ જ ઓછાં સ્થળો ઉત્સુક જોવામાં આવે છે. આજે મુંબઇની કાર્યવાહી સમિતિ મુંબઇમાં અવાર નવાર મળે છે અને કૉન્ફરન્સને જીવતી રાખે છે. તેની ચાલુ પ્રવૃત્તિઓમાં પણ એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાઓ અને કેળવણી પ્રચાર સમિતિ તરફથી કેટલાંક કેન્દ્રોને કેળવણીના પ્રચાર માટે અપાતી મદદો અને ગ્રાહકોની પુરતી સંખ્યાના અભાવે મોટી ખોટ આપતું 'જૈન યુગ' જેવું એક સાધારણ પાક્ષિક પત્ર સિવાય બીજું કશું વિશેષ જોવામાં આવતું નથી. આવી સ્થિતિએ પહોંચવાના કારણોની વિગતમાં હું ઉતરવા નથી માંગતો કારણ કે એવી દોષવહેંચણી વિનાકારણની ચર્ચા અને તકરાર ઉભી કરે એવો ભય રહે છે. પણ આજે આ સ્થિતિ છે. હવે આપણે શું કરવું? આ સંસ્થાને આપણે ચલાવવી છે કે બંધ કરવાની છે? આ સંસ્થામાં સમાજને પ્રગતિના માર્ગે લઇ જવા માટે કશી ઉપયોગીતા રહી છે કે નહિ? સમાજને આ સંસ્થાની જરૂર છે કે નહિ? આ બધા પ્રશ્નોનો નીકાલ લાવવા આજે આપણે આટલા લાંબા ગાળે એકત્ર થયા છીએ.



પારેખ છોટાલાલ ત્રીકમલાલ વકીલ

કૉન્ફરન્સની અનેકવિધ ઉપયોગીતાઓ

ધાર્મિક, સામાજીક અને શિક્ષણ આદિ સંબંધી પ્રશ્નોનો વિચાર કરનારી અને તેને જૂની ઢબે અમલમાં મૂકનારી સ્થાનિક સંસ્થાઓ હતી. છતાં નવીન રાજતંત્ર અને નવીન યુગને પરિણામે નવેસરથી ઉભા થતા પ્રશ્નો વિચારવા અને સામાન્ય લોકમત કેળવવા તથા જૂની સંસ્થાઓમાં આવશ્યક નવું વિચાર બળ મેળવવાના હેતુથી કૉન્ફરન્સની સ્થાપના થયેલી અને તે જરૂરીયાત હજુ જેવીને તેવી જ છે એટલું જ નહીં પણ વધારે છે. વળી કૉન્ફરન્સની હસ્તી બીજી રીતે પણ જરૂરી છે. કેમકે તેમાં પ્રાન્ત, જ્ઞાતિ, ભાષા, ગચ્છ અને તેવા બીજા કશા ભેદને અવકાશ ન હોવાથી મૂર્તિપૂજક માત્ર મળી શકે છે. કૉન્ફરન્સ સિવાય આખા શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને ગમે તે પ્રશ્ન પરત્વે એકત્ર મળવાની તક આપે એવી કોઇ બીજી સંસ્થા હસ્તીમાં ન હતી અને નથી. કૉન્ફરન્સની હસ્તી જૂના તથા નવા બળોના જરૂરી મિશ્રણની પ્રતીકરૂપ હોવાથી એના વિષે અનાદર, ઉપેક્ષા કે વિરોધ ધારણ કરવો કોઇપણ જૈનને માટે યોગ્ય નથી. આમ તર્કને આગળ રાખીને વિચારીએ તો સૌકોઇ કબુલ કરશે કે આવડો મોટો જૈન સમાજ અને તેના અનેક અંગત પ્રશ્નો-આવા સમાજના પ્રતિનિધિઓ અવારનવાર મળે અને જૈન સમાજને લાગુ પડતા પ્રશ્નોનો યોગ્ય વિચાર કરે, તે સંબંધમાં જરૂરી યોજનાઓ ઘડીને તેનો અમલ કરે એ જેટલું ઇષ્ટ છે તેટલું જ આવશ્યક છે.

પણ આટલા તર્ક કે વિચારથી કોઇ સંસ્થા પ્રાણવાન બની શકતી નથી. એ માટે તો એ સંસ્થાના કાર્યને આગળ ધપાવવા માટે સમય તેમ જ શક્તિનો પુરો ભોગ આપતા સમાજના વિશ્વાસપાત્ર કાર્યકર્તાઓ જોઇએ. આપણી મોટામાં મોટી ખુટિ અહિંજ છે. આપણને સ્થાનિક કાર્યકર્તાઓ મળી શકે છે, પણ કૉન્ફરન્સનો ગામેગામ પ્રચાર કરવા માટે માત્ર એક જ કામને વરેલા કાર્યકર્તાઓનો આપણે ત્યાં અભાવ છે. આવા કાર્યકર્તાઓ મેળવવાની સંભાવના રાખી શકાતી હોય તો આ સંસ્થાને જીવતી રાખવાનો અર્થ છે; નહિ તો જે છે તેની તે સ્થિતિમાં આ સંસ્થા ચાલ્યા કરે તેનો મારી દૃષ્ટિએ મને બહુ અર્થ દેખાતો નથી. કૉન્ફરન્સની માત્ર બુદ્ધિથી સ્વીકારાયેલી ઉપયોગીતા એક વસ્તુ છે; તેને ગતિમાન અને પ્રાણવાન કરે તેવા કાર્યકર્તાઓ મેળવવા બીજી જ વસ્તુ છે. આજે આપણે નિંગાળા જેવા એકાન્ત શાન્ત સ્થળે ઘણા લાંબા વખતે એકત્ર થયા છીએ. આજે આપણી સામે કોઇ તકરારી પ્રશ્ન કે વિષય નથી. આ કૉન્ફરન્સમાં સૌ કોઇ સરળતાથી ભાગ લઇ શકે તે માટે આ કૉન્ફરન્સમાં ચર્ચવાના વિષયોની પણ મર્યાદા બાંધવામાં આવી છે. આજે એકત્ર થયેલા ભાઇ બહેનો કોઇ એક જ પક્ષના કે વર્ગના છે એમ માનવાને કારણ નથી. આજે આપણે સૌ નિખાલસપણે ચર્ચા કરીએ; આજે આપણે સંસ્થાની કંગાલ સ્થિતિ કબુલ કરીએ; આજે આપણા પૂર્વગ્રહોને આપણે બાજુએ મુકીએ, આપણે જ્યાંથી ભૂલ્યા ત્યાંથી ફરીને ગણીએ; આપણી શક્તિ મર્યાદા વિષે પણ આત્મવંચના ન કરીએ; આપણી સંસ્થાની જીવનદોરી લંબાવવી કે નહિ અને તેને પ્રાણવાન બનાવવી કે નહિ તેનો વિચાર કરીએ. એક બાબતનો નિશ્ચય કરીએ કે આજની રગશીઆ ગાડા જેવી કૉન્ફરન્સની સંસ્થાનો અન્ત આવવો જ જોઇએ. કાં તો બંધ કરીએ: કાં તો ત્વરિત ગતિએ આગળ ચલાવીએ.

બંધારણનો પ્રશ્ન

આ વિચાર કરતાં આપણી સંસ્થાના બંધારણનો પ્રશ્ન પણ સામે આવીને ઉભો રહેશે. એ બંધારણ કાળજીનું છે. તે બંધારણની આખી રચના સંઘને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે. આજે કેટલા સંઘો પોતપોતાના પ્રતિનિધિઓ ચુંટીને મોકલે છે? વળી આ સંઘો કોન્ફરન્સના કરેલા ઠરાવોનો અમલ કરવાને બંધાયલા છે ખરા! આ સંઘો રીતસર ચુંટીને પ્રતિનિધિઓ ન મોકલતા હોય તો તેમના સ્થાને બીજી કોઇ રચના કરવાની જરૂર છે કે નહિ? આવી કોઇ નવી રચવા સ્વીકારવામાં આવે તો તેનો અમલ કરવા માટે શું અને કેવો પ્રબંધ થઇ શકે તેમ છે? આ કોન્ફરન્સના અસ્તિત્વ અને આયુષ્ય સાથે નિકટ સંબંધ ધરાવતી આવી અનેક બાબતોનો આજે આપ સર્વ પ્રતિનિધિઓએ નિર્ણય કરવાનો છે. મારા ભાગે જે કાંઇ જવાબદારી આવશે તેને પહોંચી વળવાને હું તૈયાર છું, પણ એક પ્રમુખથી કોઇ સંસ્થા પ્રાણવાન બની શકતી નથી. તે માટે તો આપ સર્વનો પુરો સહકાર જોઇએ. એ આપવા આપ સર્વ તૈયાર છો? આપ ફ્રેગટની હા પાડો એ હું જરા પણ નથી માંગતો. એ કરતાં આપણી આજની કમજોરી કબુલ કરીએ અને આ સંસ્થાને હાલ તુરત બંધ કરવાનો નિર્ણય કરીએ એ વધારે ઇચ્છવા યોગ્ય છે. એવા નિર્ણયથી હું નારાજ નહિં થાઉં. અહિં એકમેકને ખોટો સધિયારો આપીએ અને અહિંથી છુટા પડતાં તમે તમારે ઘેર અને હું મારે ઘેર એ સ્થિતિ કરતાં સંસ્થાનું પ્રામાણિક વિસર્જન વધારે આવકારદાયક છે. આવા વિસર્જનથી હું જરા પણ નાખુશ થઇશ એમ આપ ન માનશો. કારણ કે એવા વિસર્જનમાંથી પણ ઘણી વાર કોઇ પ્રાણવાન સંસ્થા ઉભી થાય છે એવો મારો અનુભવ છે.

કેળવણીનો પ્રશ્ન: કેળવણી પ્રચાર સમિતિ

આપણા અધિવેશન સમક્ષ ત્રણ બાબતો મુખ્યપણે ચર્ચવાની છે તેમાંથી બંધારણનો પ્રશ્ન આપણે વિચાર્યો. હવે કેળવણી પ્રચારનો પ્રશ્ન વિચારીએ. આ સંબંધમાં કોન્ફરન્સની કાર્યવાહક સમિતિ તરફથી એક યોજનાનો અમલ થઇ રહ્યો છે અને તે યોજનાએ પોતાના મર્યાદિત પ્રદેશમાં સારૂં અને સ્તુતિપાત્ર કામ કર્યું હોય એમ તેના વૃત્તાન્ત ઉપરથી માલુમ પડે છે. આ યોજના શ્રીમાન કાન્તિલાલ ઇશ્વરલાલની રૂ. ૨૫૦૦૦) ની ઉદાર સખાવત ઉપર ઉભી કરવામાં આવી હતી. આ રકમ હવે લગભગ ખલાસ થવા આવી છે અને તેથી જો વિશેષ સહાયતા ન મળે તો ચાલુ વર્ષ સાથે એ યોજના બંધ કરવી પડે તેમ લાગે છે. જૈન કોમના શ્રીમાનોનું આ બાબત તરફ હું ખાસ ધ્યાન ખેંચવાની રજા લઉં છું. આજે એ કેળવણી પ્રચાર સમિતિ તરફથી પચ્ચાસ સ્થાનિક સમિતિઓ ઉભી કરવામાં આવી છે. તેમાં પચ્ચીસ સમિતિઓ પુરા વેગથી કાર્ય કરી રહી છે અને પ્રસ્તુત યોજનાનો પુરો લાભ ઉઠાવી રહી છે. આ યોજનાના વિસ્તાર પાછળ કોન્ફરન્સનો પણ વ્યાપક પ્રચાર સમાયલો છે.

શિક્ષણ સંસ્થાઓનો માહીતીસંગ્રહ

આ ઉપરાંત કેળવણીની દિશાએ બીજું ઘણું કરવા યોગ્ય છે અને થઇ શકે તેમ છે. આપણે ત્યાં કેળવણીની અનેક સંસ્થાઓ કામ કરી રહી છે. કેટલીક સંસ્થાઓ વિદ્યાર્થીઓને કેવળ રહેવા ખાવાની સગવડો આપે છે, કેટલીક માત્ર શિક્ષણ પ્રદાનનું કાર્ય કરે છે, જ્યારે એવી પણ કેટલીક માત્ર સંસ્થાઓ છે જે બન્ને કાર્ય કરે છે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રમાં ભણતા વિદ્યાર્થીઓને મદદ આપવા માટે કેટલીક શિષ્યવૃત્તિઓનાં ફંડો પણ પડેલાં છે. આ બધાંની વિગતવાર માહીતી આપતું પત્રક કોન્ફરન્સ તૈયાર કરાવે એટલું જ નહિ પણ આ બધી સંસ્થાઓને કેન્દ્રિત કરે એવું કોઇ તંત્ર ઉભું કરવામાં આવે તો તેથી કોમની બહુ ઉપયોગી સેવા થઇ શકે તેમ છે.

ઔદ્યોગિક શિક્ષણ

આપણી સામે ઔદ્યોગિક શિક્ષણનો પ્રશ્ન અણ ઉકેલ્યો પડેલો છે. આપણી કોમનો મુખ્ય વ્યવસાય વ્યાપાર છે. આપણી કોમના અનેક શ્રીમાનો હસ્તક અનેક કારખાનાઓ, મીલો તેમજ ફેકટરીઓ ચાલે છે પણ તે પાછળ આપણી દૃષ્ટિ વ્યાપારની છે. તે કારખાનાઓ ચલાવનાર બીજા જ કોઇ હોય છે. તેમાં મજુરી કરનાર પણ જૈનેતરો હોય છે. એનો અર્થ એ થયો કે ઉદ્યોગ શિક્ષણની બાબતમાં આપણે તદ્દન પછાત છીએ. આ બાબત આપણે ખૂબ વિચારવા જેવી છે. કાળ બદલાતો ચાલે છે. વ્યાપારનું સ્થાન ઉદ્યોગ લઇ રહેલ છે અને મેતાનું સ્થાન મજુર લઇ રહેલ છે. વ્યાપારી અને મેતાનો જીવનકલહ વધારેને વધારે કષ્ટમય બનતો જાય છે; યંત્રસંચાલક અને મજુરનો રોટલો સહીસલામત છે. આપણી પ્રજાને હવે ઉદ્યોગ અને હાથમજુરી તરફ વાળવાની ખાસ જરૂર છે. આ દિશાએ વર્ધાયોજના ખાસ વિચારવા જેવી છે. વહેલું મોડું દેશના સમગ્ર શિક્ષણને તે દિશા તરફ વળ્યા સિવાય છુટકો નથી. આપણા શ્રીમાનો આ ધોરણ ઉપર નવી નવી શિક્ષણ સંસ્થાઓ ઉભી કરવાને ઉદ્યુકત બને તો જૈન સમાજને તેમજ આખા દેશને કેટલો લાભ થાય?

ધાર્મિક શિક્ષણ

ધાર્મિક શિક્ષણ ખાસ આજે શોચનીય સ્થિતિમાં પડેલું છે. તે વિષયમાં જનતાનો રસ ઘટતો જાય છે. ધર્મસાહિત્ય આપણો અમૂલ્ય ખજાનો છે. કેટલાંય વર્ષો પહેલાં એક વખત કાશીમાં યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા આ ક્ષેત્રમાં સારૂં કામ કરતી હતી. આજે એવી કોઇ સંસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. પ્રાચીન માગધી તેમજ સંસ્કૃત ભાષા તેમજ સાહિત્યના અધ્યયનને ઉત્તેજન આપવાની ખાસ જરૂર છે. અમદાવાદ કે એવા કોઇ મધ્યવર્તી સ્થળે આવી કોઇ સંસ્થા ઉભી થઈ ન શકે?

ખરી કેળવણી કઈ?

જૈન ધર્મની સંસ્કૃતિનું મૂળ અહિંસા, સંયમ અને તપ છે. આ સંસ્કૃતિને વફાદાર રહેનારી કેળવણી એ જ ખરી કેળવણી છે તે સિવાય પશ્ચિમની ઉછીની લીધેલી કેળવણી પધ્ધતિથી આપણો કદિ ઉધ્ધાર થવાનો નથી. વિવેક વગરના અનુકરણથી મનુષ્યમાં રહેલ સહજ શક્તિનો વિકાસ થતો નથી પણ નાશ થાય છે. આજે કેળવણી અને કળાના નામે આપણી ખોટી હાજતો અને વિલાસિતાનું પોષણ થાય છે અને તેથી આત્માનો અધઃપાત થાય છે. તે કેળવણી કે કળા નથી પણ તેનો આભાસ માત્ર છે.

બેકારી-આગળની સ્થિતિ

આપણી જૈન પ્રજા વ્યાપારી પ્રજા છે. જુના કાળથી માંડીને હિંદુસ્થાનનો મોટો વ્યાપાર જૈનોના હાથમાં હતો. વ્યાપાર અર્થે જૈન વ્યાપારીઓ વહાણો ભરીને પરદેશ જતા અને અઢળક સંપત્તિ આ દેશમાં લઇ આવતા. નાના મોટા ગામોમાં વસતી જૈન પ્રજા મોટા ભાગે ખેડુતોને અને બીજાઓને નાણાં ધીરવાનું કામ કરતી હતી અને મોટા શહેરોમાં શરાફોનું કામકાજ કરતી હતી.

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૪ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतं वदेद्वाक्यम्

ડીસેમ્બર ૩૧ ૧૯૪૦

આપણી પાંજરાપોળો અને ગૌશાળાઓ.

આપણી પાંજરાપોળો અને ગૌશાળાઓની હાલની પરિસ્થિતિની ચર્ચા કરવા માટે અને તેમાં થવા જોઇતા સુધારાઓની વિચારણા કરવા માટે સાબરમતી આશ્રમમાં સ્વામી આનંદના પ્રમુખપણા નીચે નવેંબર માસની ૩૦ મી તારીખે ભિન્ન ભિન્ન સ્થળોની પાંજરાપોળો અને ગૌશાળાઓના પ્રતિનિધિઓનું એક સમેલન ભરવામાં આવ્યું હતું. આ સંમેલનના પ્રયોજકોએ એક માસ પહેલાં શ્રી. પાંજરાપોળના વ્યાવસ્થાપકો, ટ્રસ્ટીઓ, શુભ ચિન્તકો જોગ એક નિવેદન બહાર પાડયું હતું. આ નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે :–

"આપ સૌ જાણો છો કે કાઠિયાવાડ તથા ગુજરાતમાં લાંબા વખતથી પાંજરાપોળો ચાલે છે, જેમાં ખાસ કરીને માંદાં અને અશકત જાનવરો–ગાયો, વાછડાવાછડી વગેરે–રાખવામાં આવે છે, અને તેવાં જાનવરો ચાલી આવતી રૂઢિ પ્રમાણે પોતાનું આયુષ્ય પૂરૂં કરે છે. બલકે તેમાંથી એક પણ જાનવર સારૂં થઇ લોકોને ઉપયોગી થતુ નથી.

વરસો પહેલાં કદાચ પાંજરાપોળો માટે આ ધોરણ ઉપયોગી હશે; પણ હવે તેમાં સુધારાની ખાસ આવશ્યકતા જણાય છે. કારણ કે પાંજરાપોળોમાં જે ગાયો આવે છે તે હવે એટલી ઊતરેલી ઓલાદની આવે છે કે તેઓ દૂધ આપી શકતી નથી, તેમ જ બીજી કોઇ રીતે ખેડુતોને કે પ્રજાને ઉપયોગી થઇ શકતી નથી. આજે બધી પાંજરાપોળો પોતાની ચરવાની જગ્યામાં ઢોરોને મોકલી તેનું આયુષ્ય પૂરૂં થાય ત્યાં સુધી નભાવે છે. અસલના વખતમાં પાંજરાપોળોનાં ઢોરો પાલિતાણા પાસે છાપરિયાળી મોકલવામાં આવતાં હતાં. ત્યાં તેઓ રખડીરઝળી આયુષ્ય પૂરૂં કરતાં હતાં. ત્યાર બાદ સાયલા દરબાર તેવાં જાનવરો લેતા હતા અને ઉપયોગી જાનવરોનું વેચાણ કરતા. બાકીનાંની હાલત શી થતી તે જાણવામાં નથી. આવી રીતે કાઠિયાવાડની ગીરની ગાયો જે દશ શેર અધમણ દૂધ કરતી તે ઓલાદનો રફતે રફતે નાશ થઇ ગયો. આવી બળવાન ઓલાદની ગાયોના નાશથી સારા સાંઢ, વાછડાવાછડી અને બળદો પણ મેળવવાં મુસ્કેલ થઇ ગયાં છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ દૂધ વગરની ગાયને નભાવી શકતા નથી. આથી ઘણી જગ્યાએ ગાયને બદલે ભેંશ આવી ગઇ છે. આમ ગૌધનનો નાશ થતો ગયો અને થતો જાય છે. પાંજરાપોળો દર વરસે હજારો રૂપિયા ખર્ચે છે, પણ તેનું તંત્ર જૂની પદ્ધતિથી ચાલતું હોવાથી તેનું પરિણામ સારૂં આવી શકયું નથી. હવે વખત તેમાં સુધારો માગે છે. આજે નાશિક પાંજરાપોળ, કુંડલા ગૌશાળા, મહુવા પાંજરાપોળ, મુંબઇ પાંજરાપોળ, કાંદીવલી ગૌશાળા તેમ જ મુલુન્દની ગૌશાળામાં આવા સુધારાઓ કરી સારી જાતની ગાયની ઓલાદ કેમ થાય તેમ જ લોકો તેવાં જાનવરો કેમ પાળતા થાય તે માટે પ્રયત્ન થઇ રહ્યા છે. તો આપ પણ આપની પાંજરાપોળમાં આવા સુધારા કરવા માટે શું ઇચ્છો છો અને તેવા સુધારા ઇચ્છવાયોગ્ય છે કે નહિ તે વિષે તમારો અભિપ્રાય જણાવશો.

ગઇ સાલ ભયંકર દુષ્કાળને અંગે હજારો ગાયોનો નાશ થઇ ગયો છે, અને જે થોડી ઘણી ગાયો બાકી છે તે પણ જો તેની ઓલાદના સુધારા ઉપર ધ્યાન આપવામાં નહિ આવે તો લોકો પાળી શકશે નહિ. આવી સ્થિતિમાં સમસ્ત ગૌધનનો નાશ થશે અને ખેતીવાડી કે જે દેશની ખરી દોલત છે તે સારા બળદને અભાવે વેડફાઇ જશે. આપણાં બાળકો જે ગાયના દૂધથી પુષ્ટ અને તેજસ્વી થાય છે તેની પણ શી સ્થિતિ થશે તે ડાહ્યા માણસોએ વિચારવા જેવો પ્રશ્ન છે.

આ બધાં કારણોસર આપને આ નિવેદનથી વિનંતિ કરવાની કે, આસો માસમાં અથવા કારતકના પહેલા અઠવાડિયામાં કોઇ યોગ્ય ગામમાં પાંજરાપોળ તથા ગૌશાળાના વ્યવસ્થાપકોનું એક સંમેલન બોલાવવા અમે ઇચ્છીએ છીએ

સામાન્ય રીતે આ સંમેલનમાં નીચેની બાબતો હાથ ધરવામાં આવશે :

૧. ગૌઉછેર માટે કેવા પ્રયત્નો કરવા.

૨. સારા સાંઢ રાખવાની જરૂર.

૩. પાંજરાપોળ સાથે સારી ઓલાદનાં વાછડાવાછડી થઇ શકે તેવો એક ગૌઉછેર વિભાગ રાખવો.

૪. પાંજરાપોળો — ગૌશાળા — પાસે લીલો ચારો ઉગાડવા માટે જમીનની આવશ્યકતા.

૫ ખાતર કરવાની યોજના.

૬. પાંજરાપોળોના સહકારથી કાઠિયાવાડની ગૌશાળાઓ માટે એક ઢોરઉછેરના નિષ્ણાતની નિમણૂક.

૭. ચારથી પાંચ પાંજરાપોળો વચ્ચે ઢોરઉછેરના જાણકારની નિમણૂક, તેમ જ જાનવરોના રોગ તેમ જ દવા જાણનાર પશુચિકિત્સકની પસંદગી માટે વિચાર કરવો.

૮. પાંજરાપોળો હજારો રૂપિયા ખરચે છે છતાં પણ આંતરિક વ્યવસ્થા બરાબર હોતી નથી તો તે કેવી રીતે સારી થઇ શકે તે બાબતની મંત્રણા.

૯. કાઠિયાવાડના રાજવીઓ પાસે ગોચરની માગણી કરવી તથા તે મેળવવા પ્રયાસ કરવો.

૧૦ પાંજરાપોળમાં ચાલતા ઢોર બચાવવાના કામની વિગત મેળવી તેમાં સુધારો કરવો."

આ નિવેદન અને નિમંત્રણને માન આપીને પ્રસ્તુત સંમેલનમાં ૫૪ સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. ગોસેવા સંઘના મંત્રી અને સાબરમતી આશ્રમ ગૌશાળાના સંચાલક શ્રી. નરહરિભાઇ પરીખ પણ આ સંમેલનમાં હાજર હતા અને તેમણે પોતાના અનુભવ અને જ્ઞાનનો સંમેલનને ખૂબ લાભ આપ્યો હતો. સંમેલનના પ્રમુખ સ્વામી આનંદે પોતાના ભાષણમાં ગોપાલનના પ્રશ્નને લગતી સુંદર મીમાંસા કરી હતી અને પોતાની વિલક્ષણ શૈલિવડે જુદી જુદી પાંજરાપોળોના કાર્યવાહકોને તેમજ દેશી રાજ્યના રાજવીઓને આ મહત્વના કાર્યમાં સાથ આપવા માટે વિનંતિ કરી હતી. તેમજ આ સંબંધમાં અનેક રચનાત્મક સૂચનાઓ રજુ કરી હતી.

પ્રસ્તુત સંમેલનમાં ઉપરના નિવેદનમાં જણાવેલા બધા મુદ્દાઓ ઉપર સારી રીતે ચર્ચા કરવામાં આવી હતી. ગોપાલનના કાર્યમાં નિષ્ણાત ભાઇઓએ આ વિષયની શાસ્ત્રીય તેમ જ આર્થિક બાજુ રજુ કરી હતી. જ્યારે પાંજરાપોળના વ્યવસ્થાપકોએ એ વસ્તુનો સ્વીકાર કરતાં પાંજરાપોળોના મૂળ ઉદ્દેશો તથા પ્રચલિત

લોકમતનો વિચાર કરીને આપણે પગલાં ભરવા જોઇએ એ બાબત તરફ સંમેલનનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આટલી વાત તો સૌ કોઇએ સ્વીકારી હતી કે દુધાળાં ઢોર સારી સ્થિતિમાં રાખવા માટે આપણી પાસે પુરતાં સાધન સગવડો નથી, આપણે આ સંબંધમાં જોઇએ તેવી કાળજી પણ રાખતા નથી અને એને પરિણામે આજે પાંજરાપોળો તથા ગોસેવા-સંસ્થાઓ ઉપર પોતે પાળી શકે તે કરતાં વધારે ઢોરનો બોજો પડે છે તથા તેમને તંગ હાલતમાં રહેવું પડે છે-આ વસ્તુ સ્થિતિનો સત્વર સુધારો કરવો જ જોઇએ. આ સંમેલને પ્રસ્તુત પ્રશ્નની અનેક બાજુઓની વિગતવાર ચર્ચા કરીને નીચે મુજબ ઠરાવો કર્યા હતા.

ઠરાવ ૧

કાઠિયાવાડ, કચ્છ તથા ગુજરાતની પાંજરાપોળો તથા ગોસેવાસંસ્થાઓનું ગોવંશસુધારણાની દૃષ્ટિએ સંગઠન કરવાના હેતુથી એક મહાગુજરાત ગોસેવા મંડળ નામની મધ્યવર્તી સંસ્થા સ્થાપવાનું ઠરાવવામાં આવે છે, તથા આ સંમેલનમાં મંજૂર કરવામાં આવેલા મંડળના ઉદ્દેશો, પાંજરાપોળો અને બીજી ગોસેવા-સંસ્થાઓને માન્ય કરવાની શરતો તથા મંડળની સદસ્યતાનું ધોરણ એને પાયા તરીકે રાખીને મંડળનું બંધારણ ઘડવા, તથા મંડળના સભ્યો નોંધી મંડળને ચાલના આપવા નીચેની એક સંસ્થાપક સમિતિ નીમવામાં આવે છે :

૧. સ્વામી આનંદ
૨. શ્રી. જેઠાલાલ રામજી, માંગરોળ
૩. ,, પુરૂષોત્તમ ન જોશી, ભાવનગર
૪. ,, જેઠાલાલ પ્રાગજી, જુનાગઢ
૫. ,, હરખચંદ મોતીચંદ, ચોરવાડ
૬. ,, જગજીવનદાસ ના. મહેતા, અમરેલી
૭. ,, શા. મણિલાલ દામોદરદાસ, પેટલાદ
૮. ,, અમૃતલાલ મોહનલાલ ઝવેરી, અમદાવાદ
૯. ,, માણેકલાલ અમૂલખરાય મહેતા વાંકાનેર
૧૦. ,, નરહરિ ડા. પરીખ, સાબરમતી

ઉપર જણાવેલી સંસ્થાપક સમિતિએ પોતાનું કામ ૧૯૪૧ ના માર્ચની આખર સુધીમાં પૂરું કરીને જે સંસ્થાઓ તથા વ્યક્તિઓ સભ્ય તરીકે મંડળમાં જોડાયાં હોય તેમની સભા એપ્રિલ માસ દરમ્યાન બોલાવી મંડળનું બંધારણ પસાર કરાવવું.

ઠરાવ ૨

સંસ્થાપક સમિતિના કામકાજ માટે એપ્રિલ આખર સુધીનું નીચે પ્રમાણેનું અંદાજપત્ર મંજૂર કરવામાં આવે છે.

મદદનીશ મંત્રીનો પગાર પાંચ માસનો	રૂ. ૬૦×૫=૩૦૦
ટપાલ, સ્ટેશનરી, છપામણી, પ્રવાસ વગેરે ખર્ચ	૩૦૦
	૬૦૦

સ્થાપવા ધારેલા મધ્યવર્તી મંડળના ઉદ્દેશો, એ મંડળ સાથે જોડાવા ઇચ્છતી સંસ્થાઓ માટે માન્યતાના નિયમો તથા સંસ્થાની સદસ્યતાનું ધોરણ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યાં હતાં:

મંડળના ઉદ્દેશો.

૧. કાઠિયાવાડ, કચ્છ તથા ગુજરાતની પાંજરાપોળો તેમ જ ખાનગી તથા સાર્વજનિક ગૌશાળાઓનું સંગઠન ગોવંશસુધારણાના હેતુ રાખીને કરવું.

૨. ગાયની ઓલાદ સુધરે એ હેતુથી તેની વંશવૃદ્ધિ સારા જાતવાન સાંઢ મારફત જ થાય અને નબળા અને બાંગરા સાંઢ મારફત થતી અટકે તે માટે સંગીન પ્રચાર અને પ્રયત્નો કરવા.

૩. ગોપાલનની શાસ્ત્રીય તાલીમ આપવાની વ્યવસ્થા કરીને જાણકાર ગોસેવકો તૈયાર કરવા અને ગોસેવા-સંસ્થાઓ આવા તાલીમ લીધેલા ગોસેવકોને રોકે એવી તજવીજ કરવી.

૪. ગોપાલન કરનારી વ્યક્તિઓ તેમ જ કોમો પાસેનું ગોધન સુધરે એવા ઉપાયો યોજવા.

માન્યતાની શરતો.

જે પાંજરાપોળો તથા ગોસેવા-સંસ્થાઓ નીચેની શરતો માન્ય રાખે તેમને આ સંસ્થા માન્યતા આપે અને તેમના કામમાં વખતોવખત સલાહ-સૂચના તથા દોરવણી આપે.

૧. દરેક પાંજરાપોળે ગોસંવર્ધનના હેતુથી ગોશાળા વિભાગ જુદો પાડવો જોઇએ. એ વિભાગમાં ગાય અને તેના વંશ સિવાય બીજાં પશુ ન રાખવાં જોઇએ. અને તેમાં ગોવંશસુધારણાનું કામ સુધરેલી ઢબે કરવું જોઇએ. એ સિવાયની નબળી ગાયો તથા બીજાં તમામ જનવરોનો વિભાગ જુદો પાડી તેની અલગ ગોઠવણ કરવી જોઇએ.

૨. પોતાનાં જનવરને જોઇતા ચરણ, ઘાસ તથા લીલા ચારા માટે પૂરતી જમીન દરેક સંસ્થાએ રાખવી જોઇએ અથવા મેળવવા તજવીજ કરવી જોઇએ.

૩. નક્કી કરેલા એકસરખા નમૂનાનાં પત્રકો રાખવાં જોઇએ.

૪ સારા જાતવાન સાંઢ ઉછેરવા પ્રયત્ન કરવો જોઇએ.

૫. બોડાં તથા અશક્ત ઢોર વિભાગમાં વંશવૃદ્ધિ થતી સદંતર અટકાવવી જોઇએ.

૬ પોતાની આવકના પ્રમાણમાં સારી રીતે પાળી શકાય એટલાં ઢોરની સંખ્યા નક્કી કરીને તેથી વધુ સંખ્યામાં ઢોર ન રાખવાનું ધોરણ બને ત્યાં સુધી જાળવવું.

૭. ગોવંશને બગડતો અટકાવવાના હેતુથી બાંગરા ખૂંટિયાથી ઓલાદ થતી બંધ કરવા માટે ગોધલા કરવાનો સિધ્ધાંત માન્ય રાખી તેને માટે સુધરેલી ઢબે ગોધલા કરવાનો પ્રયત્ન કરવો.

૮. પોતાના કબજાનાં મૃત જનવરોના અવશેષોનો દેશની સંપત્તિની દૃષ્ટિએ સદુપયોગ થાય એ હેતુથી એ વસ્તુઓના ઉદ્યોગો ખીલવવા પ્રયત્ન કરવો, અથવા એ ખીલવનારાં સેવાભાવી મંડળોને યોગ્ય સહાય કરવી.

૯. દરેક માન્ય પાંજરાપોળે પોતાના ખર્ચનો અર્ધો ટકો વાર્ષિક લવાજમ આપવું જોઇએ; પણ કોઇ પણ પાંજરાપોળના વાર્ષિક લવાજમની રકમ રૂા. ૨૫ કરતાં ઓછી નહિ અને રૂા. ૧૦૦ કરતાં વધુ નહિ હોય.

મંડળના સભાસદોના વર્ગ તથા લવાજમ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યાં હતાં:

આશ્રયદાતા : એકી વખતે રૂા. ૧,૦૦૦ અથવા તેથી વધુ રકમ આપનાર.

દાતા : એકી વખતે રૂા. ૫૦૦ અથવા તેથી વધુ રકમ આપનાર.

આજીવન સભ્ય : એકી વખતે રૂા. ૧૦૦ અથવા તેથી વધુ રકમ આપનાર.

સભ્ય : વાર્ષિક રૂા. ૫ દર વર્ષે અગાઉથી આપનાર.

આજની પાંજરાપોળો સાથે જૈન સમાજનો સૌથી વધારે નિકટ સંબંધ છે અને તે સંસ્થાઓ જેવી છે તેવી ચલાવવામાં દ્રવ્યનો સૌથી મોટો ફાળો જૈનો આપે છે તે કારણે જ પ્રસ્તુત સંમેલનનો આટલો વિગતવાર અહેવાલ આપવો જરૂરી ધાર્યો છે અને એ કારણને લીધે જ આવતા અંકોમાં બે કે ત્રણ હફ્તે સ્વામી આનંદનું પ્રમુખ તરીકેનું લાંબું છતાં અનેક દૃષ્ટિએ ઉદ્બોધક વ્યાખ્યાન પ્રગટ કરવાની ધારણા છે. જૈન સમાજ આ પ્રશ્નની અનેક અટપટી બાજુઓ બરોબર ધ્યાનમાં ઉતારે અને આજની કેવળ નિર્જીવ અને ભારરૂપ પાંજરાપોળોને સજીવ અને સમાજને ખરેખર ઉપયોગી સંસ્થાઓ બનાવવા માટે કરવી જોઇતી સુધારણાઓમાં જોઇતો સાથ આપવામાં પાછીપાની ન કરે એવી આગ્રહભરી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ.**

કેળવણીપ્રચાર, બેકારીનિવારણ અને ઐક્યપ્રતિષ્ઠા.

(પૃષ્ઠ ૧૬૧ થી ચાલુ)

આજની પરિસ્થિતિ

હવે હાલની સ્થિતિનો વિચાર કરીએ તો માલુમ પડે છે કે આપણો ઘણો ખરો વ્યાપાર બીજાઓના હાથમાં ગયો છે અને દિવસે દિવસે આપણી પ્રજાની બેકારી વધતી જાય છે. ગામડાંઓના જે જૈન વ્યાપારીઓ મહાજન અને પ્રતિષ્ઠિત શાહુકાર ગણાતા હતા તેઓ આજે નિર્ધન અને કંગાળ હાલતમાં આવી ગયા છે. ગામડાંઓનો ધંધો ભાંગી પડયો છે અને તેથી બેકારોની સંખ્યા વધી ગઇ છે. હું વીસથી પચ્ચીશ હજારની વસ્તીવાળા એક ગામનો વતની છું અને તાલુકામાં જ મોટે ભાગે મેં વકીલાત કરી છે. ઉપર વર્ણવેલી સ્થિતિ માત્ર કાલ્પનિક નથી પણ મારા અનુભવની છે.

દક્ષિણ ખેડુતરાહત કાયદો

દક્ષિણ ખેડુતરાહતનો કાયદો જે પહેલાં માત્ર મુંબઇ ઇલાકાના દક્ષિણ વિભાગને જ લાગુ પડતો હતો તે સને ૧૯૦૫ ની સાલથી ઉત્તર વિભાગને લાગુ પાડવામાં આવ્યો છે અને તેથી વ્યાપારીઓને ખૂબ નુકશાન વેઠવું પડયું છે અને ધીરધારનો ધંધો કમી થતો ગયો છે. તેમાં વળી છેલ્લાં દશ વર્ષથી તો અનિયમિત અને ઓછા વરસાદને લીધે ખેતીનો પાક ઘણો ઓછો ઉતરે છે અને તેથી ખેડુતોની સ્થિતિ બગડેલ છે અને તેના પરિણામે લેણુદારોની સ્થિતિ પણ ઘણી જ બગડેલી છે. વળી વ્યાપારમાં પણ કંઇ કસ રહ્યો નથી. મોટી મોટી દેશી અને પરદેશી પેઢીઓએ નાના વ્યાપારીઓનો વ્યાપાર ભાંગી નાખ્યો છે. આજે અનેક ધંધાઓ પાયમાલ થયા છે. અને ખર્ચો ઘટવા જોઇએ તે હાલના જમાનાની અસરના લીધે ઘટી શકયા નથી. આનું પરિણામ બહુ દુઃખદ આવ્યું છે. નાનાં ગામડાંઓના જન વ્યાપારીઓ ભાંગી ગયા છે અને મોટા ગામના વ્યાપારીઓને કાંઇક ધંધો રહ્યો છે તો તેની સાથે જ્યાં ત્યાં સટ્ટો ચાલુ થઇ ગયો છે. આનું પરિણામ વધારે ને વધારે પાયમાલીમાં આવી રહ્યું છે.

જૈન ભાઇઓની વસ્તીનો મોટો ભાગ ગરીબ સ્થિતિનો છે અને તેમની સ્થિતિ એ જ જૈન સમાજની સ્થિતિની સાચી પારાશીશી છે. અમદાવાદ, સુરત, મુંબઇ કે કલકત્તા જેવા શહેરોમાં જે ધનિક જૈનો વસે છે તે વસ્તીના પ્રમાણમાં ગણ્યા ગાંઠયા છે અને તેમનાથી જૈનોની સ્થિતિનો ખ્યાલ કરવો તે ભુલભર્યો છે. વળી આજે અશિક્ષિત માફક શિક્ષિત બેકારોની સંખ્યા પણ મોટી છે અને તેમનો પ્રશ્ન પણ ભારે મુંઝવનારો છે.

આ બેકારી બીજી કોમોમાં પણ વ્યાપેલી છે એ ખરૂ પણ આપણી કોમ એકલી વ્યાપારી કોમ. શારીરિક મહેનત મજુરી તરફ આપણું મૂળથી દુર્લક્ષ્ય છે અને આપણી રહેણી કરણી બીજી કરતાં વધારે ખર્ચાળ છે તેથી આપણી કોમના ભાઇઓ બેકારીના વધારે ભોગ થઇ પડયા છે. માટે દેશની સર્વસામાન્ય સ્થિતિ ઉપરાંત આપણી કોમની આ વિશેષ હકીકત બેકારી ટાળવાના બળવત્તર ઉપાયો માંગી રહેલ છે.

બેકારી નિવારણના ઉપાયો

બેકારીનિવારણ માટે કોઇને કોઇ વ્યવહારૂ પગલાં લેવાની જરૂર છે. ફકત ફરાવો કર્યે કશો સુધારો થવાનો નથી. આ દિશાએ જૈન મીલમાલેકો કે મોટી પેઢીવાળાઓ અથવા તો એવા લોકો કે જેમના ધંધાઓમાં બીજાઓને રાખવાનો અવકાશ હોય તેવા જૈન ગૃહસ્થોનું લીસ્ટ તૈયાર કરવું જોઇએ અને તે સર્વના ઉપર બને તેટલા જૈનોને ગોઠવવાનું દબાણ લાવવું જોઇએ. ગામડામાં ચાલી શકે તેવા તેમજ વિધવા તથા અસહાય બહેનો રોકાઇ શકે અને બે પૈસા કમાઇ શકે તેવા ગૃહઉદ્યોગોની સ્થળે સ્થળે સ્થાપના કરવી જોઇએ. આ ઉપરાંત જે બેકાર ભાઇઓને આપણે કામ મેળવી આપી ન શકીએ તેમના જીવનની ઓછામાં ઓછી જરૂરિયાત–અન્ન અને વસ્ત્ર-પુરા પડે એવો કોઇ પ્રબંધ પણ થવો જોઇએ. બેકારીનો પ્રશ્ન ભારે વિકટ છે અને તેને દેશની પરાધીનતા સાથે બહુ ગાઢ સંબંધ છે તેથી તે પ્રશ્નનો સંગીન અને સાચો નીકાલ લાવવો આજે અશકય છે. એમ છતાં પણ એ દિશાએ બને તેટલી રાહત આપવી એ આપણા સર્વનો ધર્મ છે.

દાનની દિશા બદલો

આ કેળવણીપ્રચાર કે બેકારીનિવારણની દિશાએ ફરાવો કે યોજનાઓ આપણને બહુ દૂર લઇ જઇ શકે તેમ નથી. તે બન્ને બાબતમાં આખરે તો દ્રવ્યની જ જરૂર છે અને તે માટે ધનવાનોએ આગળ આવવાની જરૂર છે. જૈન ધનવાનો પોતાની દાનવૃત્તિ માટે જગમશહુર છે, પણ આજે દાનના પ્રવાહો બદલાવવાની જરૂર છે. હાલની પરિસ્થિતિ બરાબર ધ્યાનમાં લઇ સમાજનું કલ્યાણ વિશેષ કેમ સધાય અને દાનના સાત ક્ષેત્રો પૈકી કયા ક્ષેત્રોને દાનની વિશેષ જરૂરિયાત છે તેનો ખ્યાલ કરીને તે ક્ષેત્રોમાં દાનનો પ્રવાહ વાળવો જરૂરી અને ઉપયોગી છે. આજે જૈન સમાજનો અનેક રીતે હ્રાસ થઇ રહ્યો છે. સંખ્યા ઘટતી જાય છે; આર્થિક પરિસ્થિતિ બગડતી જાય છે ! કેળવણીમાં પણ સારી રીતે પછાત છે. એ સમાજ ક્ષીણ થશે તો ભવ્ય જિનાલયોને કોણ સાચવશે ? અને જ્ઞાનભંડારોનો કોણ ઉપયોગ કરશે ? માટે આજે તો અન્ય દાનક્ષેત્રોને ગૌણ બનાવીને શ્રાવક અને શ્રાવિકાઓની સ્થિતિ સુધારવા પાછળ જ સર્વ દાન પ્રવાહોનું એકીકરણ થવાની જરૂર છે પારસી પંચાયત ફંડની યોજના એક નાની સરખી પારસી કોમને કેટલી બધી આશીર્વાદરૂપ બનેલ છે. શું આપણે ત્યાં આવું મોટું ફંડ ઉભું થઇ ન શકે કે જે કોમની કેળવણીની જરૂરિયાતોને બરોબર પહોંચી વળે અને વધતી જતી બેકારીમાં પણ રાહત આપી શકે ? જુની દૃષ્ટિ અને ઘરેડવાળાં દાનવીર સાધર્મીભાઇઓને આ બાબતનો યોગ્ય વિચાર કરવા મારી આગ્રહપૂર્વક વિનંતિ છે.

આપણી પક્ષાપક્ષી અને મતભેદો

આજે આપણો જૈન સમાજ પક્ષાપક્ષી અને મતભેદોથી છિન્નભિન્ન થઇ રહ્યો છે. વિચારભેદ જો પ્રામાણિક અને તન્દુરસ્ત હોય તો તે વડે સમાજ આગળ વધે છે. પણ આપણા મતભેદો એકાએક મનભેદ ઉત્પન્ન કરી બેસે છે. આપણામાં અન્ય વિચાર ધરાવનારાઓ માટે સહિષ્ણુતા નથી, ઉદારતા નથી. આપણામાં દીર્ઘદર્શી, પ્રતિભાશાળી, ઉદાર ચિત્ત અને સમાજનું શ્રેય યાને સેવા કરવાની ધગશ અને ચીવટવાળા આગેવાનોની ખામી છે. હું કોઇ પણ પક્ષનો માણસ નથી અને કોઇ પણ પક્ષને દોષ દેવા ઇચ્છતો નથી. ફકત આજની સ્થિતિનું મને લાગે છે તેવું નિરૂપણ કરવાનો મારો ઉદ્દેશ છે. મને લાગે છે કે આપણામાં વાસ્તવિક વિચારણા કરવા માટે જોઇતું જ્ઞાન અને મધ્યસ્થ વૃત્તિ નહિ હોવાના કારણે સર્વનો ઉદ્દેશ સમાજનું કલ્યાણ કરવાનો હોવા છતાં તે ઉદ્દેશ અસિધ્ધ જ રહે છે અને જ્યારે બીજા સમાજો પોતાની હસ્તી અને ઉત્કર્ષ માટે સંગઠ્ઠન સાધે છે અને પોતાનું કામ આગળ ચલાવે છે ત્યારે આપણે વિપરીત પ્રમાણમાં

ભોગ બનીને અંદર અંદર પક્ષાપક્ષી અને કલહો ઉત્પન્ન કરીએ છીએ અને પાછા પડીએ છીએ. આ સ્થિતિ ભારે દુઃખ ઉપજાવે તેવી છે. આ યુગ સંગઠ્ઠનનો છે. સંગઠ્ઠન વિનાનો સમાજ ગમે તેટલો સુસંપન્ન અને સમૃદ્ધ હોય તો પણ આજના તીવ્ર સ્થિતિકલહ સામે ટકી શકતો નથી. આ બાબત ધ્યાનમાં લઈને આપણા પક્ષ ભેદની દીવાલો જમીનદોસ્ત કરીને સર્વ સંમત એવા કોઇ કાર્યક્રમ ઉપર આપણે એકત્ર થવું જોએઇ. શું એ આપણે કરી ન શકીએ ?

સમાજમાં દેખાતા ત્રણ વર્ગો

આપણા સમાજના વિચારપક્ષોનો આપણે બારીકાઇથી વિચાર કરીશું તો આપણને આપણો સમાજ ત્રણ વર્ગોમાં વહેંચાયલો માલુમ પડશે (૧) સ્થિતિચુસ્ત વર્ગ (૨) ઉદાસીન વર્ગ (૩) સુધારક વર્ગ. આ વર્ગોની કૉન્ફરન્સ ઉપર પણ બહુ ગંભીર અસર પડી છે. એક બીજા વર્ગ વચ્ચેનો અણગમો અને કેટલેક અંશે વિરોધની લાગણીને લીધે અને એકબીજાની ખેંચાતાણીને લીધે આ કૉન્ફરન્સની સંસ્થા સમાજને ઉપયોગી તથા જરૂરી સંસ્થા હોવા છતાં સમાજની જોઇતી સેવા બજાવી શકી નથી અને આજની શોચનીય સ્થિતિએ પહોંચેલ છે. આ વસ્તુસ્થિતિ સુધારવા માટે દરેક વર્ગે મારા નમ્ર વિચાર પ્રમાણે કેવી દૃષ્ટિ રાખવી જોઇએ તેની ચર્ચા અહિં અસ્થાને નહિ ગણાય.

કષાય ભાવ અટકાવો

પ્રથમ તો દરેક વર્ગે સમાજના કલ્યાણને પોતાના લક્ષ્યસ્થાને સ્થાપવું જોઇએ અને જાહેર પ્રવૃત્તિમાં અંગત રાગદ્વેષને જરા પણ સ્થાન આપવું ન જોઇએ. વળી અન્ય વર્ગની દૃષ્ટિને મધ્યસ્થ ભાવે ખુલ્લા અને ઉદાર મનથી સમજવા પ્રયત્ન કરવો જોઇએ. આમ કરવા છતાં એક વિચાર ઉપર આવી ન શકાય તો એક બીજા માટે ભેદભાવ ઉભો થવા દેવો ન જોઇએ અને જે જે બાબતમાં મળતાપણું હોય તે તે બાબતમાં એકમેક સાથે મળીને કામ કરવાની ટેવ કેળવવી જોઇએ. આમ કરવાથી આપસ-આપસમાં પ્રેમ વધે છે અને સમાજની પ્રગતિ સધાય છે. વિચારભેદને અંગે જે કષાયવૃદ્ધિ થાય છે તે અટકાવવાની ખાસ જરૂર છે. સર્વ અનર્થનું મૂળ કષાયોની વૃદ્ધિ છે, તે અટકાવવા માટે મધ્યસ્થ વૃત્તિ, પરમત સહિષ્ણુતા અને ભિન્ન વિચાર ધરાવનાર વ્યક્તિ કે પ્રશ્ન પ્રત્યે આદરભાવ કેળવવાની ખાસ આવશ્યકતા છે.

સ્થિતિચુસ્ત વર્ગ પ્રત્યે

જુના અને સ્થિતિચુસ્ત ભાઇઓને મારી એ વિનંતિ કે આપણા શાસ્ત્રમાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે વર્તવાનું કહેલ છે તે તેમણે ધ્યાનમાં રાખવું જોઇએ. વળી સપ્તભંગીમાં કહ્યું છે તેમ એક જ વસ્તુ જુદી જુદી દૃષ્ટિથી જોતાં જુદી જુદી લાગે છે પણ ખરી રીતે તે વસ્તુ જુદી હોતી નથી પણ તે વસ્તુને જોવાની દૃષ્ટિ જુદી હોય છે એજ રીતે એક જ પ્રશ્નનું સ્વરૂપ અને નિરાકરણ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી વિચારનાર માટે જુદું જુદું આવે એ સ્વાભાવિક છે એમ તેમણે વિચારતાં અને એ રીતે સમભાવ કેળવતાં શિખવું જોઇએ અને વિચારફેરથી ભડકવાની આદતથી મુકત બનવું જોઇએ.

સુધારક વર્ગ પ્રત્યે

સુધારક ભાઇઓને મારી એ વિનંતિ છે કે તેમણે બહુ ઝડપથી અને મનસ્વી રીતે વિચારો કરવાને બદલે સમ્યક્ પ્રકારે અને શાન્તિથી વિચારો કરવા જોઇએ અને સમાજને હજુ ખૂબ તૈયાર કરવાનો છે એ લક્ષ્યમાં રાખવું જોઇએ અને એ રીતે કામ કરવું જોઇએ. કેવળ વિચારોથી સમાજને લાભ થતો નથી, પણ તે સાથે કાંઇ કામ પણ થવું જોઇએ. દરેક પ્રશ્નનો એકાન્ત-પણે વિચાર કરવો ન જોઇએ પણ બધી બાજુથી તે વિચારાવો જોઇએ. લોકો બુદ્ધિપૂર્વક વિચાર કરતા થાય એ ઇચ્છવા યોગ્ય છે પણ લોકોમાં ધર્મશ્રદ્ધાની જે જડ છે તેના પાયા હચમચાવી નાંખવાથી લાભ નથી પણ નુકસાન છે એ બાબત ધ્યાનમાં રાખીને વાસ્તવિક સમજ સાથે યોગ્ય ક્રિયાઓ કરીને છાપ પાડવી જોઇએ.

ઉદાસીન વર્ગ પ્રત્યે

ઉદાસીનતા સેવનારા ભાઇઓને ઉદાસીનતાનો ત્યાગ કરીને, સમાજ સેવાના કાર્યોમાં જોડાવા અને ઉપર જણાવેલ બે વર્ગોની વચ્ચે ઉભા રહીને પોતાની મધ્યસ્થ દૃષ્ટિથી દરેક બાબતનો ઉકેલ લાવીને સમાજનું નાવ આગળ ચલાવવાનો હું આગ્રહ કરું છું.

સંગઠ્ઠન અને એકતા એટલે જ કૉન્ફરન્સ

ઉપર જણાવેલ સંગઠ્ઠન સાધનારી અને ભિન્ન ભિન્ન પક્ષોનું સમાધાન કરીને એકત્ર કરવાની અને કોઇપણ રચનાત્મક કાર્યક્રમમાં જોડવાની શકયતા કોઇ પણ સંસ્થામાં હોય તો કૉન્ફરન્સમાં છે. કારણ કે કૉન્ફરન્સ કોઇ એક વર્ગની કે કોઇ એક પક્ષની સંસ્થા નથી. તેનું હંમેશનું વલણ મધ્યસ્થનું છે અને રહેવાનું. મતભેદના વિષયો બહુ જ થોડા છે; સમાજસેવાની ભૂમિકા બહુ વિશાળ છે. જૈનસમાજની શિક્ષણ વિષયક અને આર્થિક પરિસ્થિતિમાં બને તેટલો સુધારો અને પ્રગતિ થવી જ જોઇએ એ વિષે એમત છે જ નહિ. આપણાં મંદિરો અને આપણી ધર્મશાળાઓ—આપણા ઉપાશ્રયો અને આપણા જ્ઞાન-ભંડારો—આ આપણી સર્વની સર્વસામાન્ય મીલ્કત છે અને તે આપણુ સર્વેએ સાથે મળીને સંભાળવાની છે. છાત્રાલયો ઉભાં કરવાં, શિક્ષણ સંસ્થાઓ ખોલવી, ઉદ્યોગાલયો ઉઘાડવાં, શિષ્ય-વૃત્તિઓ સ્થાપવી, વિધવા બહેનોને આધાર આપવો, નિરાશ્રિતોને આશ્રય દેવો, બેકારોને ઠેકાણે પાડવા—આ બધું કરવામાં કયો મતભેદ આડો આવે તેમ છે ? ભૂતકાળના પૂર્વગ્રહોને વિસારીને આ બધું વિચારવાને—આપણી વર્તમાન સ્થિતિ સુધારવાને—અન્ય કોમોની હરોળમાં આપણું પ્રતિષ્ઠિત સ્થાન જાળવવાને—રાજકારણ તેમજ અન્ય ક્ષેત્રોમાં આપણું પ્રભુત્વ જમાવવાને—આપણે શું એકત્ર થઇ ન શકીએ ? આ પ્રશ્નનો નિર્ણય અહિં હાજર રહેલા પ્રતિનિધિઓએ જ માત્ર નહિ પણ આખા જૈનસમાજે કરવાનો છે.

આખા જૈન સમાજનું સંમેલન

આ પ્રસંગે મારી નજર સામે અનેક બાબતો આવીને ઉભી રહે છે. આ આપણું સંમેલન તો જૈન સમાજના માત્ર એક જ વિભાગનું છે. આખા જૈન સમાજનું સંમેલન હજુ સુધી શકય બની શકયું નથી. વળી જ્યારે આપણા એક વિભાગમાં જ પુરું સંગઠ્ઠન આજે નથી તો ત્રણ શરીકાઓના સંગઠ્ઠનની આશા રાખવી એ જો કે ઇચ્છનીય તો છે પણ બહુ વ્યવહારૂ લાગતી નથી. આખા સમાજનું સમેલન શકય કરવાને માટે પ્રથમ તો એક વિભાગે બીજા વિભાગ સાથે ઝઘડા કરતા અટકવું જોઇએ. અને જે પ્રશ્નોમાં એકત્ર થવામાં ખાસ અડચણો ન હોય તેમાં એકત્ર થવું જોઇએ. અને એ રીતે એકત્ર થતાં સારૂં પરિણામ આવવાની આશા રાખી શકાય. સર્વ શરીકાવાળાઓએ સંકુચિત મનોદશામાંથી મુકત થવું જોઇએ. પણ તેમ થતું નથી એ ભારે ખેદની વાત છે.

રાષ્ટ્રીય રચનાત્મક કાર્યક્રમ

વળી આવા સંમેલને ૨ાત્ર કોમની જ વાતો કરીને સંતોષ માનવો ન જોઇએ. આપણે એક મોટા રાષ્ટ્રના અંગભૂત અવયવ છીએ. આજે રાષ્ટ્રમાં અનેક દિશાએ પુનર્વિધાન ચાલી રહ્યું છે. ખાદી, સ્વદેશી, અસ્પૃશ્યતાનિવારણ, મદ્યનિષેધ, કોમી એકતા- આ બધાં આજનાં રચનાત્મક કાર્યક્રમનાં મહત્વનાં અંગો છે. જગદ્વંદ્ય મહાત્મા ગાંધીજી આજે જગતભરમાં અહિંસાનો અહાલેક જગાવી રહ્યા છે આ બધા કાર્યમાં આપણે શું ફાળો આપી શકીએ તેમ છીએ તે આપણે વિચારવાનું છે. તે કાર્ય જેટલું રાષ્ટ્રીય મહાસભાનું છે તેટલું જ આપણું છે. આવી કોમી પ્રવૃત્તિને કેવળ કોમીભાવનાના ખાડામાં દટાઇ જતી બચાવવા આપણે ઇચ્છતા હોઇએ તો જેટલો ભાર આપણે આપણા અંગત પ્રશ્નો ઉપર મુકીએ તેટલો જ ભાર આપણે અખિલ રાષ્ટ્રના રચનાત્મક કાર્ય ઉપર મુકવો જોઇએ. દેશની સ્વતંત્રતા સિવાય ખરી સામાજીક કે ધાર્મિક સ્વતંત્રતા સંભવતી નથી.

આજની દેશની તેમજ દુનિયાની પરિસ્થિતિ

આજે દેશમાં વાણીસ્વાતંત્ર્યના પ્રશ્ન ઉપર સત્યાગ્રહની લડતનાં મંડાણ મંડાઈ ચુકયાં છે અને દેશના એક પછી એક આગેવાન નેતાઓ જેલની દીવાલો પાછળ પુરાતા જાય છે. આ રીતે આખા દેશનું વાતાવરણ ખૂબ તંગ બનતું જાય છે. વળી યુરોપમાં ચાલી રહેલો વિગ્રહ ચોતરફ પોતાની વિષમય જ્વાળાઓ ફેલાવી રહ્યો છે અને માણસોનો મગતરા માફક ઘોર સંહાર કરી રહ્યો છે. આ જ્વાળા આ દેશ ઉપર કયારે ફેલાશે અને આ વિગ્રહનું પરિણામ કેવું આવશે તે કોઇ કહી શકતું નથી. આજે આપણે કોઇ મોટી ઉથલપાથલના યુગમાં બેઠા છીએ. આ પ્રકારની માનસિક અસ્વસ્થતા નીચે આપણે એકત્ર થયા છીએ. આ આખી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને જૈન સમાજનું શ્રેય સધાય એવો કોઇ નિશ્ચિત કર્તવ્ય માર્ગ આપણે નિર્ણીત કરી શકીએ તો આપણું અહિં મળવું સાર્થક થયું લેખાશે.

નિંગાળા અધિવેશનના ઠરાવો.

[નિંગાળા ખાતે મળેલા શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના પંદરમા અધિવેશનમાં અગત્યના ઠરાવો નીચે મુજબ કરવામાં આવ્યા હતા. તંત્રી.]

શ્રી. મણિલાલ જેમલ શેઠ તથા અન્ય બન્ધુઓને ધન્યવાદ

(ક) શ્રી. મણિલાલ જેમલ શેઠ જેમણે ચાલુ અધિવેશન ભરવાને અંગે અખંડ પ્રયાસ કર્યો હતો તેમણે દેશની હાકલ થતાં રાષ્ટ્રીય સેવાભાવ લક્ષમાં રાખી, જેલનિવાસ સ્વીકાર્યો તે તેમના ત્યાગને માટે આ જૈન કોન્ફરન્સ તેમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપે છે અને તેમની સેવાની નોંધ હર્ષપૂર્વક લે છે.

(ખ) એ જ પ્રમાણે દેશની હાકલ પડતા શ્રીયુત પોપટલાલ રામચંદ શાહ અને બીજા જૈન બન્ધુઓએ જેલનિવાસ સ્વીકાર્યો છે તેમને આ અધિવેશન ધન્યવાદ આપે છે.

કેળવણી પ્રચારની યોજના

કાર્યવાહક સમિતિએ અમલમાં મૂકેલી કેળવણી પ્રચારની યોજનાના આજ સુધીના કાર્યને આ કોન્ફરન્સ આવકારે છે. તે યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે શેઠ કાંતિલાલ ઇશ્વરલાલે રૂપિયા પચીસ હજારની રકમ કોન્ફરન્સને આપી તે માટે તેમને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે. વિશેષ ફંડના અભાવે આ યોજના થોડા સમયમાં બંધ કરવાની સ્થિતિ ઉભી થઇ છે તે નિવારવા માટે અને એ યોજનાને કાયમ રાખવા માટે જૈન શ્રીમાનોને આ યોજનામાં બને તેટલો આર્થિક સહકાર આપવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરે છે અને સ્થાનિક સમિતિએ આ યોજના ચાલુ રાખવી એવો ઠરાવ કરવામાં આવે છે.

કેળવણી અંગે માહિતી

જૈન સમાજમાં આજે કેળવણીના પ્રદેશમાં શી શી પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને કઇ કઇ સંસ્થાઓ કામ કરી રહી છે, તે પ્રત્યેકનું બંધારણ કયા પ્રકારનું છે, કયા કયા પ્રકારની શિષ્યવૃત્તિઓ તેમજ અન્ય પ્રકારની મદદો અપાઇ રહી છે એ સંબંધમાં એક વિસ્તૃત યાદી તૈયાર કરવાની અને કેળવણી સંબંધમાં એક માહિતીકેન્દ્ર એક વર્ષની અંદર ઉભું કરવાની સ્થાનિક સમિતિને આ કોન્ફરન્સ ભલામણ કરે છે; અને આ જ પ્રકારના ધાર્મિક શિક્ષણને લગતી સંસ્થાઓ અને અન્ય શિક્ષણ પ્રવૃત્તિઓની વિસ્તૃત યાદી તૈયાર કરવાનું શ્રી જૈન એજ્યુકેશન બોર્ડને સોંપવામાં આવે છે.

ધાર્મિક શિક્ષણ અને એજ્યુકેશન બોર્ડ

ધાર્મિક શિક્ષણનો ક્રમ આપણી જૈન એજ્યુકેશન બોર્ડે ગોઠવ્યો છે તેનો લાભ ઉત્તરોત્તર સારો લેવાતો જાય છે એ તરફ સંતોષ બતાવતાં હજુ પણ એના વિકાસમાં જે કાંઇ અગવડો નડતી હોય તે દૂર કરી ધાર્મિક અભ્યાસનો વિસ્તાર ખૂબ વધે અને પ્રત્યેક પાઠશાળા અને સભા એના ધોરણ પ્રમાણે કામ ચલાવે અને તે માટે કાર્ય કરતી સંસ્થાઓ એક મતે કાર્ય આગળ ધપાવે એવી ગોઠવણ કરવાની જરૂરિયાત આ કોન્ફરન્સ સ્વીકારે છે અને પ્રત્યેક બાળક કે બાલિકા ધર્મનો અભ્યાસ કરી શકે તે માટે પ્રેરણાત્મક રચના કરવાની જૈન એજ્યુકેશન બોર્ડને ભલામણ કરે છે, અને તેને આ પ્રયાસમાં સર્વ શકિત કેન્દ્રિત કરવા માટે તથા આ પ્રકારનું કાર્ય કરનાર અન્ય સંસ્થાઓને તેમાં સહકાર આપવા આગ્રહ કરે છે.

જૈન શાસ્ત્રીય શિક્ષણ

આ કોન્ફરન્સ બનારસના ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજમાં જૈન શાસ્ત્રની પરીક્ષા દાખલ કરવા બદલ તેના વ્યવસ્થાપકો અને સયુકત પ્રાન્તના સરકારી કેળવણીખાતા પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરે છે અને તે સાથેજ તે સંયુકત પ્રાન્ત સરકારનું ધ્યાન ખેંચે છે કે તેણે ઉકત કોલેજમાં એક જૈન શાસ્ત્રીય શિક્ષણ આપનાર યોગ્ય અધ્યાપકની નીમણુક કરવી કેમકે ભારતીય શાસ્ત્ર સમૃદ્ધિમાં જૈનપરંપરાનો ખાસ મહત્વનો ભાગ છે. તેથી જ્યાં બીજી બધી શાસ્ત્રીય પરંપરાઓના શિક્ષણ માટેની પુરી જોગવાઇ હોય ત્યાં જૈન શાસ્ત્રીય શિક્ષણ લેવા આવનાર વાસ્તે કશી જોગવાય ન હોય એ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ (બનારસ) જેવી પ્રાચીન અને સર્વત્ર પ્રસિદ્ધ સંસ્થા માટે ઉણપ ગણાય અને સંસ્કૃતિ તેમજ ઇતિહાસમાં અગત્યતા ધરાવનાર જૈન સાહિત્ય પ્રત્યે બેદરકારી પણ ગણાય.

જૈન શાસ્ત્રીય શિક્ષણ

આ કોન્ફરન્સનો એવો પાકો મત છે કે જેમ બીજા ક્ષેત્રોમાં તેમ શાસ્ત્રીય ક્ષેત્રોમાં પણ જૈન પરંપરાએ આ યુગના વિકસિત માનસ સાથે પૂર્ણપણે મેળ ખાય તેવું અને ઉચ્ચ વિદ્યાધામોમાં પોતાનું પ્રતિનિધિત્વ કરી શકે તેવું માનસ ધરાવનારી વ્યકિતઓ તૈયાર કરવાની જરૂર છે. તેથી આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે જૈનશાસ્ત્રનું ઉચ્ચતર અને ઉચ્ચત્તમ શિક્ષણ આપવા-અપાવવાની ઘટતી સમર્થ એવી બધી સગવડ કરવી. તે

માટે થોડા પણ અધિકારી ઉમેદવારો (જેમાં મુખ્યપણે સંસ્કૃત શિક્ષણ લીધેલ પંડિતો અને મુખ્યપણે કોલેજનું શિક્ષણ લીધેલ સ્નાતકોનો સમાવેશ થાય છે) ને પસંદ કરવા અને તેને વિદ્યાભ્યાસ માટે જરૂરી એવી બધી સગવડ પુરી પાડવી.

આ વસ્તુને લગતી વિગતવાર વિચારણા કરી યોજના ઘડી કાઢવા તેમ જ તેને અમલમાં મૂકવા અને તે માટે જરૂરી એવી નાણાની જોગવાઇ કરવા વાસ્તે આ કોન્ફરન્સ નીચે લખેલ સભ્યોની એક સમિતિ પોતાની સંખ્યા ૧૧ મેમ્બરો રાખવાની સત્તા સાથે નીમે છે.

૧ શ્રી. છોટાલાલ ત્રિકમલાલ પારેખ–અમદાવાદ.
૨ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ મુંબઇ.
૩ શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.–મુંબઇ.
૪ શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી–મુંબઇ.
૫ શ્રી. મેઘજી સોજપાળ–મુંબઇ

સામાન્ય શિક્ષણ વિસ્તાર.

કેળવણીના પ્રશ્નોને અંગે નીચેની બાબતો તરફ આ કોન્ફરન્સ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચે છે.

(૧) પ્રાથમિક શિક્ષણ.

આપણા સમાજમાં એક પણ બાળક કે બાલિકા પ્રાથમિક શિક્ષણ પામ્યા સિવાય ન રહે એટલું જ નહિ પણ મોટી ઉમ્મરના સ્ત્રી-પુરૂષોમાં પણ કોઇ નિરક્ષર ન હોય એ સ્થિતિને પહોંચી વળવા માટે ચોરફ યોજનાઓ જેવી કે પ્રૌઢ શિક્ષણના વર્ગો, બાળમંદિરો અને રાત્રિશાળાઓ–થવાની ખાસ જરૂર છે.

(૨) ઔદ્યોગિક વૈજ્ઞાનિક અને વ્યાપારી શિક્ષણ.

આજે માત્ર આર્ટસ્ કોલેજમાં વિદ્યાર્થીઓની ભરતી થઇ રહી છે તેને બદલે હવે ઔદ્યોગિક, વૈજ્ઞાનિક તથા વ્યાપારી કેળવણી ઉપર વધારે ભાર મૂકવાની અને તે દિશા તરફ વિદ્યાર્થીઓને સારા પ્રમાણમાં વાળવાની ખાસ જરૂર છે એમ આ કોન્ફરન્સ ઇચ્છે છે અને આપણી શિક્ષણ સંસ્થાઓને વાણિજ્યશાળા વહેલામાં વહેલી તકે શરૂ કરવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

(૩) સ્ત્રી શિક્ષણ.

હજુ આપણે સ્ત્રી શિક્ષણમાં પછાત છીએ અને ઉચ્ચ શિક્ષણ લેતી જૈન કન્યાઓની સંખ્યા ઓછી છે. એ બાબત લક્ષમાં રાખીને જૈન કન્યાઓને આ દિશાએ બને તેટલું પ્રોત્સાહન આપવા જૈન સમાજને અને ખાસ કરીને દરેકે દરેક છાત્રવૃત્તિ આપતા જૈન ફંડોને ભલામણ કરવામાં આવે છે.

(૪) છાત્રાલયો.

આજે શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની જરૂરિયાતના પ્રમાણમાં છાત્રાલયોની સંખ્યા અને સગવડ ઘણી જ ઓછી છે અને વિદ્યાર્થીનીઓ માટે તો આવા પ્રકારની કશી પણ સગવડ નથી. તો તે દિશાએ હજુ ખૂબ પ્રગતિ કરવાની અને સ્થળે સ્થળે છાત્રાલયો ઉઘાડવાની જરૂરિયાત છે એમ આ કોન્ફરન્સ જાહેર કરે છે અને તાત્કાલિક ગ્રામ જનતાની દૃષ્ટિએ કોઇએક ગામમાં ગ્રામ છાત્રાલય ઉઘાડવા માટે સંસ્થાઓ અને સમાજને અપીલ કરે છે.

(૫) સ્વતંત્ર શિક્ષણ સંસ્થા

આપણી જૈન વ્યાપારી કોમને બંધબેસતી થાય તેવી વ્યાપારી, ધાર્મિક અને ઔદ્યોગિક કેળવણી સારી રીતે થાય તે માટે વર્ધા યોજનાને ધ્યાનમાં રાખીને સ્વતંત્ર શિક્ષણ સંસ્થાની યોજના આ કોન્ફરન્સ સ્વીકારે છે અને તે મુજબ પ્રયત્ન કરવા દરેક જૈન ભાઇને ભલામણ કરે છે,

અને

છાત્રાલયો અને શિક્ષણ સંસ્થાઓ ઉભી કરવામાં અત્યાર સુધી જે જે મુનિવર્યોએ ઉપદેશ દ્વારા અને જે જે બંધુઓએ ધનદ્વારા અને કાર્યદ્વારા સહાય આપી છે તેમને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે અને તેઓ પોતાનો એ ભાવ ચાલુ રાખે એવી આગ્રહપૂર્ણ વિનંતિ કરે છે.

અર્ધમાગધી શિક્ષણનો પ્રચાર

૧ આર્ય ભાષાના વિકાસનો ઇતિહાસ જાણવા માટે અર્ધમાગધી અગત્યની ભાષા છે. તેમજ ભારતવર્ષનાં આર્ય દર્શનોમાં મહત્વના ગણાતા જૈન દર્શનને સમજવા માટે પણ અર્ધમાગધી એક આવશ્યક ભાષા છે. તેથી જ મુંબઇ યુનીવરસીટીએ પોતાના અભ્યાસક્રમમાં ઉચ્ચમાં ઉચ્ચ વર્ગો સુધી અર્ધમાગધીને દાખલ કરી છે. એ માટે તેમ જ જે જૈન કે અજૈન સંસ્થાઓએ પોતાના અભ્યાસક્રમમાં અર્ધમાગધી ભાષાને અપનાવી છે તે માટે તે સર્વ પ્રત્યે આ કોન્ફરન્સ આભારની લાગણી પ્રદર્શિત કરે છે. તેમજ સંયુકત પ્રાંત, બંગાળ અને પંજાબ વગેરે પ્રાંતની યુનીવરસીટીઓને મુંબઇની યુનીવરસીટીની જેમ અર્ધમાગધીને સ્થાન આપવા ખાસ ભલામણ કરે છે અને જે કોલેજોમાં અર્ધમાગધીના અભ્યાસની વ્યવસ્થા ન હોય ત્યાં ત્યાં તેની વ્યવસ્થા કરવા કોલેજના પ્રીન્સીપાલોને આ કોન્ફરન્સ વિનંતિ કરે છે.

૨ આપણા જૈન વિદ્યાર્થીઓ દ્વિતીય ભાષા તરીકે અર્ધમાગધી લઇને ભણે એમ આ કોન્ફરન્સ ઇચ્છે છે અને જૈનોના દાનદ્વારા ચાલતી હાઇસ્કુલો તેમ જ કોલેજોમાં પણ અર્ધમાગધીને અવશ્ય સ્થાન હોવું જોઇએ એમ આ કોન્ફરન્સ માને છે. માટે તમામ જૈન દાનવીરોને પોતાના દાનથી ચાલતી હાઇસ્કુલો અને કોલેજોમાં અર્ધમાગધીને સ્થાયી સ્થાન આપવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

૩ અર્ધમાગધી ભાષાનો બહોળો ફેલાવો થાય તે માટે આ કોન્ફરન્સ જૈન દાનવીરોને તેમજ જૈન ધર્મની બીજી માતબર સંસ્થાઓને વિનંતિ કરે છે કે તેઓએ યોગ્ય સ્કોલરશીપો યોજવી અને અર્ધમાગધીનો અભ્યાસ કરતા જૈન તેમ જ જૈનેતર વિદ્યાર્થીઓને મળે તેવી વ્યવસ્થા કરવી તેમ જ અર્ધમાગધીના વિદ્યાર્થીઓને સરળતા પડે તે માટે અભ્યાસક્રમમાં ચાલતાં પુસ્તકો શુદ્ધ અને સસ્તા ભાવે પ્રગટ કરવા આ કોન્ફરન્સ જૈન સાહિત્યની પ્રકાશન સંસ્થાઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપરના ઠરાવને વેગ આપવા માટે આ કોન્ફરન્સ સ્થાયી સમિતિને ભલામણ કરે છે.

બેકારી નીવારણ.

બેકારી નિવારણને માટે નીચેની બાબતો ઉપર આ કોન્ફરન્સ જૈન સમાજનું ધ્યાન ખેંચે છે:—

(૧) સ્થાયી સમિતિના આશ્રય નીચે એક એવી બેકારી નિવારણ મધ્યવર્તી સંસ્થા (Central Bureau) ઉભી કરવી, જ્યાં નોકરી રહેવા ઇચ્છનાર અને નોકરી રાખવા ઇચ્છનારની સંપૂર્ણ વિગતવાર નોંધો રાખવામાં આવે અને બન્નેનો સહયોગ મેળવી આપવાની ગોઠવણ કરી આપવામાં આવે.

(૨) જે જૈન ગૃહસ્થો હસ્તક મોટાં કારખાનાંઓ, પેઢીઓ કે ઑફિસો ચાલતાં હોય તેની એક યાદી સ્થાયી સમિતિએ તૈયાર કરાવવી અને તેઓ મારફત બને તેટલા જૈનોને ગોઠવવાની હીલચાલ સ્થાયી સમિતિએ હાથ ધરવી.

(૩) આજે ગૃહઉદ્યોગ અને ગ્રામ્યઉદ્યોગને બને તેટલું ઉત્તેજન આપવાની ખાસ જરૂર છે. અને આ દિશાએ યોગ્ય ફંડ મળેથી કૉન્ફરન્સની સ્થાયી સમિતિને ઘટતી યોજનાઓ કરવાની ભલામણ કરવામાં આવે છે.

જૈન બૅંક.

જૈન બૅંકની જે યોજના ગત અધિવેશનમાં મંજુર કરવામાં આવી છે તે તરફ જૈન સમાજનું ધ્યાન ખેંચવામાં આવે છે અને તે અંગે ઘટતું કરવા સ્થાયી સમિતિને ભલામણ કરવામાં આવે છે.

પંચાયત ફંડ.

આ કૉન્ફરન્સ પારસી પંચાયત ફંડ જેવું એક વિશાળ અને સર્વસામાન્ય જૈન પંચાયત ફંડ ઉભું કરવાની જરૂરિયાત સ્વીકારે છે. તે ફંડનો ઉપયોગ વ્યવહારિક તેમજ ધાર્મિક કેળવણીનો પ્રચાર, બેકારી નિવારણ તેમજ નિરાશ્રિત ભાઇ બહેનોને બનતી મદદ વિગેરે સામાજિક કાર્યોમાં કરવો અને તે ફંડનો વહીવટ ફંડમાં નાણાં ભરનારાઓ કરે.

ચાલુ પ્રચારકાર્ય તથા ઐક્ય સાધનો.

કૉન્ફરન્સનું પ્રચારકાર્ય સતત્ ચાલુ રાખે અને ઐક્ય સાધનાને મદદકર્તા થઇ શકે એવા સાત ગૃહસ્થોની એક સમિતિ ચુંટવાની સત્તા પ્રમુખશ્રીને આપવામાં આવે છે. એ સમિતિએ આખા હિંદમાં વખતોવખત પ્રવાસ કરી કૉન્ફરન્સનું પ્રચારકાર્ય અને ઐક્યનું કાર્ય કરવું.

આ ઉપરાંત બંધારણને લગતા તેમજ ઔપચારિક કેટલાક ઠરાવો કરવામાં આવ્યા હતા.

નિંગાળા અધિવેશનના સુકાનીઓ.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિ. કૉન્ફરન્સના નિંગાળા મુકામે મળેલા પંદરમાં અધિવેશનને સફળતા પ્રાપ્ત કરાવનાર સુકાનીઓ કોણ છે તેની ઝાંખી અત્રે રજુ કરવી અસ્થાને નથી.

નિંગાળા અધિવેશનની આંતરિક સુવ્યવસ્થા તથા પ્રચાર કરનાર ભાઇઓ સંબંધેની હકીકત બીજી વખત નિર્દેશ કરીશ. અત્રે તો માત્ર અધિવેશન વખતે બેઠકને સફળ બનાવવા માટે જે નાયકોએ સુંદર ફાળો આપ્યો છે એમના પુરતા જ મ્હારા વિચારો રજુ કરીશ.

કાર્યનાયકોમાં પ્રથમ પંક્તિએ શ્રીયુત ભગવાનદાસ હરખચંદ શાહનું નામ યાદ આવે એ સ્વભાવિક છે. લક્ષાધિપતિ શ્રીમંત વૈભવશાળી હોવા છતાં નમ્રતા, સાદાઇ, મિલનસાર સ્વભાવ અને અધિવેશનમાં ભાગ લેવા આવનાર નહાના–મ્હોટા સર્વ ભાઇઓ સાથેના સમાન વ્યવહારે મ્હારા ઉપર ઉંડી છાપ પાડી છે.

અધિવેશનના ખરા સુકાની શ્રીયુત છોટાલાલભાઇ પારેખ પ્રમુખ સાહેબ. પ્રારંભથી જ એમની મિષ્ટ ભાષા અને ઉદાર ભાવનાઓએ પધારેલા બંધુઓના મન જીતી લીધા હતા. વ્યવહારદક્ષતા, તથા બુદ્ધિચાતુર્ય વડે તેઓશ્રીએ એક પણ બાબત મત લેવા સુધી ન જવા દેતાં–છતાં સૌને આનંદ અને સંતોષ આપી–અધિવેશનને યશસ્વી બનાવવામાં મહાન્ ફાળો આપ્યો, આ કૉન્ફરન્સના અદ્યાપિ પર્યન્તના ઇતિહાસમાં પ્રમુખશ્રીની કાર્યદક્ષતા યાદ રહી જાય તેવી નિવડી. ઉક્ત બે નાયકોના શિરે અધિવેશનની સફળતાનો કીર્તિકળશ ઢળે છે.

વિષય વિચારિણી સમિતિમાં મહારાષ્ટ્રના આગેવાન બંધુ શ્રી. મોતીલાલ વીરચંદે પ્રમુખશ્રીને પ્રચાર અને ઐક્ય માટે સાત સભ્યોની એક સમિતિ નીમવાની સત્તા આપનાર ઠરાવ ઠાવકી ચતુરાઇથી એક સુત્સદ્દીને છાજે એ રીતે રજુ કર્યો. મુંબઇના પ્રતિનિધિઓએ આ પ્રસંગે વાપરેલ કુનેહ અને ડહાપણ ખરે જ પ્રસંશનીય અને ધન્યવાદને પાત્ર નિવડી. ઠરાવમાં અંતર્ગત આશયને સ્પષ્ટ રજુ ન કરવાથી ચર્ચા ખૂબ વધી–એ કલાક તેમાં પસાર થયા. કોઇને પણ શંકાના વમળમાં ન રાખવા સભાએ ઇચ્છા પ્રદર્શિત કરી. છેવટે સ્વાગતાધ્યક્ષ શ્રી. ભગવાનદાસ હરખચંદ શાહ અને શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇએ મુંબઇની સ્થિતિ સ્પષ્ટ કરી કોઇ પણ પ્રકારે કૉન્ફરન્સ દેવીની પ્રગતિ મુંબઇવાળા ભાઇઓ અને સૌ કોઇ ઇચ્છે છે એની વિગતો મક્કમપણે રજુ કરી. સભા ખુલ્લા દિલની વાતો સાંભળવા વિચારવા જ આતુર જણાઇ. શ્રી. મોતીલાલ વીરચંદને પોતાનો ઠરાવ બધા સ્પષ્ટપણે સમજી શકે તેવી રીતે પુનઃ રજુ કરવો પડ્યો. સમિતિએ તેને વધાવી લઇ પસાર કર્યો જેના ટેકામાં શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆએ ઠરાવમાં રહેલ મહત્વ અને જવાબદારી પ્રત્યે અને કૉન્ફરંસની હાલની નબળાઇ અંગે કેટલીક વિગતો રજુ કરી પ્રમુખશ્રીને ઐક્યની બાબતમાં ચારે બાજુનો ખૂબ જ વિચાર કરવા વિનંતિ કરી હતી. એક પક્ષ આવતાં બીજા પક્ષને અન્યાય ન થાય અને તેને નિકલી જવા જેવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થઇ જાય એની સંભાળ રાખવા સમયસરની ચેતવણી આપવામાં પરમાનંદભાઇએ કમાલ કરી. પ્રમુખશ્રીએ પરમાનંદભાઇની વિનવણી અને સુચના બરાબર ધ્યાનમાં રાખવાની ઇચ્છા વ્યક્ત કરી અને સાથે સાથે જણાવ્યું કે 'પ્રમુખ પણ એક મનુષ્ય છે-પ્રમાણિક ભૂલ મનુષ્ય કરી બેસે છે, હું તો તમોએ નિમેલ પ્રમુખ છું પ્રમુખની મહત્તા વધારવાનું કામ તમારું છે એ સમજવાની વિનંતિ કરું છું.' પ્રમુખશ્રીની આટલી નમ્રતા કોને ન આકર્ષે ? તેઓશ્રીની વિષયવિચારિણી સમિતિમાં ઠરાવોની ઝીણવટથી સમજાવવાની શક્તિ, સુધારા લાવનાર પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વલણ અને પરસ્પર સૌને સાથે રાખીને કામ કરવાની ભાવના (ફરજિયાતથી કામ લેવાની અનિચ્છા) ખરે જ પ્રસંશા અને માન ઉપજાવે તેવી બાબતો હતી. અત્યાર પર્યન્તના કેટલાક પ્રમુખો તો પોતાના એડવાઇઝર અરે હિઝ માસ્ટર્સ વોઇસ પ્રમાણે જ ચાલનારા આવ્યા અને તેથી કેટલીક વખતે કઢંગી સ્થિતિ ઉત્પન્ન થતી, પરંતુ આ અધિવેશનના પ્રમુખશ્રી માટે સૌ એકમતે-એકી અવાજે સંતોષ વ્યક્ત કરવાની સાથે નિષ્પ્રાણ થયેલી કૉન્ફરન્સને પ્રાણ-પુરનાર નવજીવન અર્પનાર વ્યક્તિ તરીકે ઓળખાવતા હતા અને સ્વાગત સમિતિના કાર્યવાહકોને ધન્યવાદ અર્પતા હતા. હું પણ આમાં મ્હારો સૂર પુરાવું અને પ્રમુખ મહાશય ઉપર રાખેલી આશાઓ ઘણે ઘણે અંશે તુરત ફળિત થાય એવી ભાવના વ્યક્ત કરું છું

મણિલાલ મોકમચંદ શાહ.

મજૂરીની સાચી કિંમત

(મુખપૃષ્ટથી ચાલુ)

રૂપિયાથી કિંમત આંકી શકાવાની નથી. મહેનતાણાની કિંમતમાં તમારી ઇચ્છા પ્રમાણે તમે વધઘટ કરી શકો છો. દાખલા તરીકે દશ રૂપિયા. પણ જો તે કિંમતને તમે તમારી કિંમત માનવા માંડો તો તમે તમારી-તમારા મહેનતુ જીવનની કિંમત દશ રૂપિયા જ કરી નાખી. પણ પૂ. ગાંધીજી કહે છે કે તે કિંમત બરાબર નથી. મહેનતાણા તરીકે આપણું આરોગ્ય-કુટુંબીઓનું આરોગ્ય જળવાય અને સો વર્ષ સુધી કામ કરવાની આપણી શક્તિ ટકી રહે તે માટે જેટલા અન્ન-પાણીની, કપડાંલત્તાની, જ્ઞાનની, ઘરની જરૂર રહે તેટલું મળે તો તે માટે ઇશ્વરનો આભાર માનવો રહ્યો. એટલું નથી મળતું ત્યાંસુધી તે મેળવવા પ્રયત્ન કરવો રહ્યો. પણ મહેનતાણું પૂરી કિંમત કદી ચૂકવી શકે જ નહિ એ બરાબર સમજી લેવું જોઇએ.

જગતનો કાયદો મહેનત છે, આરામ નથી

કેટલાક મજૂરો માટે એમ જણાવે છે કે દરેક મજૂરને મોટર જોઇએ, બંગલો જોઇએ, તેમાં બગીચા જોઇએ, માત્ર બે કલાકનું કામ હોવું જોઇએ, પછી રેડિયો જોઇએ, ટેલીફોન જોઇએ વગેરે. આપણે આનો વિચાર કરવાનો છે. આ આદર્શ જગતને-સમાજને પાલવશે ખરો? તે રસ્તે માનવહિત રહેલું છે કે કેમ તે જોવા જેવું છે. આ ખુરશી પર બેઠેલાઓની સાથે તમારી સરખામણી કરો. તેઓ સુખી જણાય છે-તેમના છોકરાઓ કોલેજમાં જાય છે-સીનેમા જુએ છે-કેટલાકને ત્યાં દરેક માટે જુદી મોટર હોય છે. એ રીતે જોતાં તેમનું જીવન સુખવાળું અને વિલાસી છે. પણ સુખ અને વિલાસ એક ચીજ નથી. એવી કલ્પના કરવામાં આવે છે કે બે કલાકના શ્રમથી જોઇતી બધી ચીજો મળે. એક બંધ ઓરડામાં માણસ બેસી રહે. તેમાં એવી ગોઠવણ હોય કે તાપ ન વાય, ગરમી ન લાગે અને ચોકખી હવા મળી રહે. બટન દબાવો એટલે ગરમ પાણી, ઠંડું પાણી આવે, નહાવાનો ઓરડો તૈયાર થાય, ચા આવે, ખાવાનું આવે, સંગીત પણ સંભળાય. (આવા જીવનની કલ્પના કરી) પણ માણસમાં જ્યારે આળસ આવે છે ત્યારે એવું થાય છે કે બટન દબાવતાં પણ આળસ આવે છે. પાસે પડેલી વસ્તુ માટે તેને નોકર બોલાવવો પડે છે. આ ખુરશી જીવન. મહેનતુ માણસને લાગે કે આ ગુલામી શું? તેને તે તરફ તિરસ્કાર થાય. બટન દબાવ્યું ને ચા આવી, પણ એ ચા બનાવનાર કોઇકે તો હશેને? તેને તો મહેનત કરવી પડી હશેને? સંગીતના રેડિયાનું બટન દબાવ્યું અને ગીત સંભળાયું; પણ પેલે નાકે કોઇને અવાજ કાઢી ગાવું પડતું હશેને? મહેનત સિવાય કશું ચાલતું નથી. જગતનો કાયદો મહેનત છે, આરામ નથી. વાવવું તો માણસને જ પડે છે. મહેનત જેવું માણસ માટે રહે જ નહિ એ બને તેમ નથી. એ તો પુરાણના કલ્પવૃક્ષના જેવી વાત થઇ. પણ સુખના આદર્શની એ કલ્પના કેટલી ખોટી છે તે પણ તેમાં જણાવ્યું છે. કારણ કે પુરાણકારે સાથે જ કથામાં કહી દીધું કે ત્યાં પહોંચ્યા પછી કુહાડીની ઇચ્છા થઇ આવે છે, અને તે ગરદન પર પડી પ્રાણ કાઢી નાંખે છે. આજના યુરોપના જીવનમાં આ વાત આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. કલમ વધાર્યો, વિજ્ઞાનના બળમાં વધારો કર્યો, કલમના જોરથી બોંબ પેદા કર્યા, વિમાન થયાં. હવે તે એક બીજાનો નાશ કરે છે. એ બરબાદીમાં લક્ષાધિપતિઓ સાથે ગરીબોનો પણ નાશ થાય છે. એ સ્થિતિમાં મહેનતુ અને બગર મહેનતુના શા હાલ થાય તે વિચારીએ.

ઇશ્વરી બક્ષિસ

જગતમાં જે આફત છે તે અહીં હિંદમાં આવે તો શું થાય? તમે મહેનત કરનારાઓ ગામડાંઓમાં જઇ ખેતી કરવા મંડી પડશો અને પેટ ભરી શકશો પણ ખુરશીમાં બેસનારાઓનું શું? તેમણે બેંકમાં જમે કરાવ્યા હશે તે નોટોનાં કાગળિયાં બીડી વાળવામાંયે કામ લાગવાનાં નથી. આ કાલ્પનિક વાત નથી. એક શેઠ પોતાના કુટુંબીઓ સાથે હરદ્વારની યાત્રાએ ગયેલા. ભોગજોગે રસ્તામાં બ્રાહ્મણ રસોઇઓ માંદો પડયો. સ્ત્રીઓને ચૂલો સળગાવતાં આવડે નહિ. એ બિચારાને છતે પૈસે બીજા પાસે આજીજી કરી ખીચડી પકાવડાવવી પડી. મહેનત ન કરનારની સ્થિતિ આવી ગુલામ જેવી થાય છે. મહેનત કરી જીવવાની તાકાત એ ઇશ્વરી બક્ષિસ છે. એ તમને મળી છે. એ તમારી સાચી કિંમત છે. પરમેશ્વર પાસે આપણી એજ પ્રાર્થના હોઇ શકે.

આપણી માંગણી શું હોઇ શકે?

માલિક પાસે પણ આપણી એજ માગણી હોઇ શકે કે તમારી મિલોમાં અમે ઢગલાબંધ કાપડ પેદા કરીએ છીએ અને અમે તેમાં ઘસાઇ જઇએ છીએ, તો અમારું જીવન ઘસાઇ ન જાય અને સો વર્ષ સુધી જીવીએ અને મહેનત મજૂરી કરી શકીએ એટલું મહેનતાણું મળે એથી વધારે અમારે જોઇતું નથી અને વધુ ન મળે તો તે મેળવવાની મહેનત કરનારને પરવા નથી. મજૂરની સાચી કિંમત એ તેનું બાહુબળ છે. આળસથી તમારી શક્તિ જશે-તેથી કેવળ માલિકનું નહિ પણ તમારું નુકસાન થશે. ગામડામાં પુરસદ પુષ્કળ છે પણ લોકો આખો વખત પત્તાં રમે છે, આંકફરકના જુગાર રમે છે અને હાડકાં હરામ થઇ ગયાં છે. મહેનત થતી નથી. આથી શરીરમાં શક્તિ હોવા છતાં જડતા આવી છે-બુદ્ધિ જડ બની ગઇ છે અને સાચી કારીગીરી તેમને સૂઝતી નથી તેથી તેઓ દુઃખી થાય છે.

છોકરીઓને ભણાવજો

શ્રી. ખંડુભાઇએ બીજી એક વાત કહી છે તે તરફ તમારું ધ્યાન ખેંચું છું. તમે સ્ત્રીઓ માટે તમારા જેટલું કરતા નથી. છોકરીઓને તમે નિશાળે મોકલતા નથી. છોકરાઓ ભણશે અને છોકરીઓ અભણ રહેશે તો તેમનું જોડું સુખી નહિ થાય. તે માટે તમારે ઉજળિયાત લોકોના દુઃખોમાંથી ધડો લેવો જોઇએ. છોકરા કે છોકરી બંનેને ભણાવી ન શકો તો સારી વાત એ છે કે છોકરીને ભણાવો. આ વાતથી તમને આશ્ચર્ય લાગશે, પણ આજ સાચી વાત છે. છોકરી ભણશે તો વગર કહે તે ભાઇ-ભાંડુઓ, પોતાનાં છોકરાં અને ધણીને ભણાવશે અને તેમને જ્ઞાન આપશે. પણ છોકરાથી આ નહિ બને. તમારા સંસારમાં ધણી-ધણિયાણી બંને સરખાં છે. બંનેમાં સરખી આવડત છે. જ્ઞાન વિનાનાં માણસ આંધળાં ગણાય છે. હવે જો છોકરીને જ્ઞાન રૂપી આંખો આપો તો દેખતી રહી આંધળા ધણીને દોરશે. દેખતો ધણી આંધળી સ્ત્રીને મદદ નહિ કરે, તેને મૂકીને બીજી લાવવાનો વિચાર કરશે. દેખતી સ્ત્રીમાં દયા હોય છે. આથી સ્ત્રી જાતિને દેખતી રાખવી એ જરૂરનું છે. એટલે છોકરીઓ અભણ રહેશે એ નહિ ચાલે. અહીંઆં હું મજૂર બહેનોને જોતો નથી મિલોમાં તો હજારો કામ કરતી હશે. તેમને તમારે આવી સભાઓમાં લાવવી જોઇએ અને જ્ઞાનનો લાભ લેવા દેવો જોઇએ.

ગાંધીજીના માર્ગે વ્યાજબી હકો મળશે

શ્રી ખંડુભાઇએ પંચની પ્રથાની વાત કરી છે. પંચની પ્રથા પૂ. ગાંધીજીની ઘણી મહેનતે અને માલિકોના ડહાપણે

સ્વીકારાઇ હતી. પણ તે હવે તૂટી પડી છે. એને લીધે મજૂરોના કરતાં માલિકોને વધુ નુકશાન થશે એવો મારો નમ્ર અભિપ્રાય છે. તમને પૂ. ગાંધીજીએ અહિંસાનો પાઠ શીખવ્યો છે. તમે તેને વળગી રહેશો તો માલિકોને પંચની પ્રથા પાછી સ્વીકારવી પડશે. તેમ નહિ થાય ત્યાંસુધી તેનાં માઠાં પરિણામો માલિકોને ભોગવવાં પડશે. તમે તમારા બાહુબળની કિંમત સમજો. માલિકો ગમે તે મહેનતાણું આપે પણ તમે મિલોમાં કામ કરવાની ના પાડો તો માલિકોની દશા બૂરી થવાની છે. દશ રૂપિયા રોજ આપવાનું કહે તોયે તમે કહેશો કે અમારે મજૂરી નથી કરવી, અમે ઘેર ચરખો જઇને ચલાવીશું. તમારા બધાનો સંપ હશે તો માલિકો શું કરશે? તેમને મિલ ચલાવવી હશે તો હીટલર કરે છે તે પ્રમાણે તમારા પર ગોળીબાર કરશે અથવા તમે ગાંડા થશો અને રશિયામાં થયું તેમ થશે. પૂ. ગાંધીજી પંચની વાત કરે છે તે મજૂર માલિકના ઝઘડા પૂરતી નથી પણ તે પ્રથા દુનિયાના બધા ઝઘડા માટે છે. પૂ. ગાંધીજી હીટલરને કહે છે અને સરકારને ય કહે છે કે તમારા ઝઘડા બોંબથી પતાવવા શા માટે પ્રયત્ન કરો છો? તેથી તો બને મરશો. પંચનો માર્ગ લ્યો. તેઓ આ નથી કરતા તેનાં પરિણામ આપણે જોઇએ છીએ. બીજા મહાજનો જેઓ હડતાલો અને તોફાનમાં માને છે તેમને તે માર્ગથી જેવી વીતી છે તેવી તમને વીતી નથી, કારણ તમે અહિંસા અને સત્યાગ્રહમાં માનો છો. બીજાઓ ન માને તો પણ તમે ધીરજ ન છોડતા. પૂ. ગાંધીજીને માર્ગે ચાલતાં તમને તમારા વ્યાજબી હકો મળવાના છે એવી શ્રદ્ધા રાખજો.

રચનાત્મક કાર્યક્રમને અપનાવજો

જગતમાં આજે મોટી લડાઇ ચાલી રહેલી છે. તેમાં ઇંગ્લેન્ડ અને જર્મની બે પક્ષકારો છે. ઇંગ્લેન્ડને કારણે હિંદને તેમાં સામેલ કર્યું છે. આપણને પૂછવામાં નથી આવ્યું. અંગ્રેજો આપણા પર રાજ ચલાવે છે તેથી જબરદસ્તીથી આપણને લડાઇમાં ખેંચ્યા છે. પૂ ગાંધીજી બધું અહિંસાથી પતાવવા કહે છે પણ સરકાર માનતી નથી તેથી સત્યાગ્રહ ઉત્પન્ન થયો છે. મોટા મોટા નેતાઓ જેલમાં ગયા છે અને પૂ. ગાંધીજીને પણ સરકાર જેલમાં પૂરે. તેઓ તમારી પાસેથી જે અપેક્ષા રાખે છે તે તમે જાણી લ્યો. જેલમાં તો બે પાંચ લાખ જશે પણ પાછળ તો કરોડો રહેવાના છે. જેમને જેલમાં નથી જવું તેઓ પણ સત્યાગ્રહની લડતને મદદ કરી શકે છે. તમે પણ કરી શકો છો, તમે ખાદીને અપનાવો, રેંટિયા ચલાવો. મિલમાં તમે ભલે કામ કરો પણ જ્યારે મિલ ચાલી જશે ત્યારે રેંટિયો અને હાથશાળ જ તમારા સાચા મિત્રો થશે. તમે ભલે મિલો ચલાવો પણ એ કામ કરતાં કરતાં તમારા ફાજલ સમયમાં રેંટિયો ચલાવતા રહેજો. મિલનું કાપડ બનાવો છો તેથી તે પહેરવું જ જોઇએ એવું કાંઇ નથી. તમે ખાદી પહેરજો ગાંધી સપ્તાહમાં ૬૦,૦૦૦ ની ખાદી મજૂરોમાં ખપી છે એ જાણી હું રાજી થયો છું. તમે હજુ વધુ ખાદી વાપરો એવી પૂ. ગાંધીજી અપેક્ષા રાખે છે

હિંદુ-મુસલમાનના ઝઘડા બિલકુલ ભૂલી જજો અને દિલમાંથી ઉંચનીચ અને છૂત અછૂતનો ભાવ કાઢી નાખજો આ શુભ દિવસે તમને ફરીથી અભિનંદન આપું છું.

'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોને

ફેડરેશનના નિંગાળા અધિવેશન અંગે અમારે તેમજ બીજા ભાઇઓને ડીસેંબરની આખર સુધી નિંગાળા રોકાઇ રહેવું પડયું હોઇ 'પ્રબુધ્ધ જૈન'નો આ અંક એક સપ્તાહ વિલંબ થવા માટે દરગુજર કરવા વિનંતિ છે આગામી અંક નિયમિત તા. ૧૫ મી જાન્યુઆરીએ પ્રકાશિત થશે. તંત્રી, **પ્રબુદ્ધ જૈન.**

જીંદગી.

આખી આલમનો અજાણ યાત્રી એને
માવડીની એક ઓળખાણ રે.....
જીંદગી દૂધે ભરી રે.
બોળા બાપાપનાં ખૂંદવાને વળી
ખૂંદવા ધરતીના ચોક રે.....
જીંદગી ખેલે ભરી રે.
ખેલનભર્યા આ જીવને રે કાંઇ
ઉજળા ભાવીની આશ રે.....
જીંદગી આશે ભરી રે.
ભાવીનો ભય ગણકારે નહિં રે એ તો
વહેતા જીવનમાં મસ્ત રે.....
જીંદગી મોજે ભરી રે.
વિત્યાં જીવનને વિસરે હૈયું
આવતાંના ઉચાટ રે.....
જીંદગી દરદે ભરી રે.
આયુનાં સત્વ એમ ઓસરે
ખૂટા મણાંના રોગ રે.....
જીંદગી સ્મૃતિએ ભરી રે
જવાં ને આવવાં અટલ નિયમ એતો
જન્મ મરણનાં જોગ રે.....
જીંદગી સાચી—જુદી રે
અંતિમ સત્ય બંધુ જગત જુનાં એ
અનુભવનાં એંધાણ રે.....
જીંદગી માણી લેવી રે
જીવનનાં મદ નહિં મૃત્યુનાં ભય નહિ
આ આદીનો અવતાર રે.....
જીંદગી 'મોહન' માણે રે

બંધુમતી મેઘાણી.

બુધ્ધિજીવીનું આત્મનિરીક્ષણ

[મન્દાક્રાન્તા]

આ સંસારે બહુ વખત મેં સાંભળ્યાં મર્દ ગાણાં,
બાંધ્યાં છોડયાં અધિક વસમાં શૌર્યભીનાં ઉખાણાં;
ક્રાન્તિ કેરા ધ્રુતિવૃત પઢયો, વારતા વિપ્લવોની,
શબ્દે શબ્દે ભભક ભરતી વીરનાં સ્વાર્પણોની.
મારાં તો યે હૃદય મનની હીનતા ના હણાઇ,
તૈયારી ના જરીય બલિ થાવા તણી રે! જણાઇ.
હોમાવાની પળ પ્રગટતાં બુદ્ધિએ ખોડ ન્યાળી,
શબ્દો-ઘેરી ફિલસુરી વણી, રાજનીતિ ઉખાણી.
મારાથી તો અધિકતર આ દુઃખ:-દારિદ્રય-ઘેલાં,
આદર્શોની અણસમજ, અજ્ઞાનતામાં ફસેલાં;
સ્થૈર્યે ધૈર્યે કદમ ભરતાં નિશ્ચયે કાર્યમગ્ન,
હોમાતાં યે હસિત વદને લેશ થાતા ન ભગ્ન.
આ બુદ્ધિથી બચવું ભલું એથી અબુદ્ધિ સવાઇ,
ઝીલી લેવી જુલમ ઝડીઓ વીરની એ વડાઇ.

'પ્રસ્થાન'ના સૌજન્યથી **રામપ્રસાદ શુકલ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨